
# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૬)



વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામી



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ



પરમાગમ શ્રી સમયસાર
(ગાથા ૧૦૯-૧૫૦ શ્લોક ૬૩-૧૦૨) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૮મી વારના પ્રવચનો
(પ્રવચન નંબર ૧૮૦-૨૧૨)

ॐ

परमात्मने नमः।

# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૬)

શ્રી કુંદકુંદાચાર્યદેવ-રચિત શ્રી સમયસાર પરમાગમ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૮મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન
(ગાથા-૧૦૯ થી ૧૪૯, શ્લોક-૬૩ થી ૧૦૨,
પ્રવચન-૧૮૦ થી ૨૧૨)


પ્રસ્તુતકર્તા :
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ
સંપર્ક : ૯૭૨૨૮૩૩૧૪૩

વિક્રમ સંવંત
૨૦૭૬

વીર સંવંત
૨૫૪૬

ઈ. સન
૨૦૧૯


**પ્રકાશન તિથિ**

શ્રી કુંદકુંદાચાર્યદેવનો આચાર્યપદવી દિન
માગશર વદ-૮, તા.૧૯-૧૨-૨૦૧૯

**પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશનાર્થે આવેલ દાનરાશિ**

| | |
|---|---|
| શ્રીમતી મણીબેન રતનશી શાહ, વિદિશા | ૫૦,૦૦૦/- |
| શ્રીમતી બીનાબેન ચેતનભાઈ મહેતા | |
| શ્રી ચેતનભાઈ ચંદુલાલ મહેતા, રાજકોટ | ૧૧,૦૦૦/- |

ટાઈપ સેટિંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧


ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે
જૈનજગતમાં પ્રસિદ્ધ છે;
જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે;
અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ શ્રી સમયસાર ૧૮મી વખતના આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ૩૩ પ્રવચનનાં
સંકલનરૂપ આ 'ભાગવત શાસ્ત્ર' ભાગ–૬ અર્પણ કરતાં
અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

– પ્રસ્તુતકર્તા

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ-શાસ્ત્ર છે, જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજસ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર શ્રી સમયસારજીની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન-ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ થયો હતો, મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો, જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા, પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું, તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ-તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય

થયો કે જેમણે આ ઊભય આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ અને સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. તેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રી જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ-પ્રદાયક પ્રવચનગંગા દ્વારા પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની વિરોધીઓના વિરોધનો પણ નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી 'વિરોધીઓ પણ ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું, 'અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.'

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :

- સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
- સમયસાર તો સિદ્ધાંત-શિરોમણિ અદ્વિતીય અજોડચક્ષુ ને આંધળાની આંખ છે.
- સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘશસ્ત્ર છે.
- સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું ગજબનું શાસ્ત્ર બની ગયું! જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ! ધન્ય કાળ !
- સમયસારની એક-એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક-એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં-ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
- સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે!

- સમયસારના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
- સમયસાર તો ભરતક્ષેત્રમાં પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર-શાસ્ત્ર કહેવાય.
- સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
- સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે-અમૃત વહેવરાવ્યા છે.
- સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.
- સમયસારની મૂળભૂત એક-એક ગાથામાં ગજબ ગંભીરતા! પાર ન પડે એવી ચીજ છે. એક-એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.
- સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ-ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે, જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે, ધર્મનો ધોધ એવો ધર્મી છે, ધ્રુવ પ્રવાહ છે, જ્ઞાનની ધારા છે, ત્રણલોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે, વાસ્તવિક વસ્તુ છે, સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય-વાડો-ગચ્છ નથી. વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ—શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેમની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે—એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક-એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેમને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું

દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય! પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો ને બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે, પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ, તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિ તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની ૨૯ થી ૬૮ ગાથા તથા તેના ૨૮ થી ૪૫ શ્લોકો પીઠિકારૂપે છે. તેના ઉપર થયેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૮મી વખતના સળંગ પ્રવચનો નં.૬૯ થી ૧૧૪ આ **''ભાગવત શાસ્ત્ર'' ભાગ-૩માં** અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ, કોઈવાર બે વર્ષ, કોઈવાર અઢી વર્ષ તેમ ૪૫ વર્ષમાં ૧૯ વખત જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ-જેમ જ્ઞાનીની જ્ઞાન-સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ-તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા-નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં-જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી

સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી પ્રશમભાઈ મોદી, સોનગઢ દ્વારા પૂર્ણ થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે, છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે, તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિઅપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના આચાર્યોના ગૂઢભાવોને ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત-અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ, તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

આ પુસ્તક : www.vitragvani.com પર તથા atmadhrm.com પર મૂકેલ છે.

લી.

**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**

**સોનગઢ**



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદ્દષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્દવસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કહાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક'

ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિય'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી

સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ.

૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા

ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ,

ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ

દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની

તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્‌સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા

કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાદીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર

મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૧૮૦ | ૦૯–૦૯–૧૯૭૬ | ગાથા–૧૦૯ થી ૧૧૨ | ૦૦૧ |
| ૧૮૧ | ૧૦–૦૯–૧૯૭૬ | ગાથા–૧૦૯ થી ૧૧૨ | ૦૧૪ |
| ૧૮૨ | ૧૧–૦૯–૧૯૭૬ | ગાથા–૧૦૮ થી ૧૧૫ | ૦૨૮ |
| ૧૮૩ | ૧૨–૦૯–૧૯૭૬ | ગાથા–૧૧૬ થી ૧૨૦, કળશ–૬૩ | ૦૪૨ |
| ૧૮૪ | ૧૩–૦૯–૧૯૭૬ | ગાથા–૧૨૧ થી ૧૨૫, કળશ–૬૪ | ૦૫૭ |
| ૧૮૫ | ૧૪–૦૯–૧૯૭૬ | ગાથા–૧૨૧ થી ૧૨૭, કળશ–૬૫ | ૦૭૩ |
| ૧૮૬ | ૧૫–૦૯–૧૯૭૬ | ગાથા–૧૨૭ થી ૧૨૯ | ૦૮૭ |
| ૧૮૭ | ૧૬–૦૯–૧૯૭૬ | ગાથા–૧૩૦–૧૩૧, કળશ–૬૭ | ૧૦૧ |
| ૧૮૮ | ૧૭–૦૯–૧૯૭૬ | ગાથા–૧૩૦ થી ૧૩૬, કળશ–૬૮ | ૧૧૫ |
| ૧૮૯ | ૧૮–૦૯–૧૯૭૬ | ગાથા–૧૩૨ થી ૧૪૦ | ૧૨૯ |
| ૧૯૦ | ૦૩–૧૦–૧૯૭૬ | ગાથા–૧૪૧–૧૪૨ | ૧૪૫ |
| ૧૯૧ | ૦૪–૧૦–૧૯૭૬ | ગાથા–૧૪૨, કળશ–૬૯ થી ૭૧ | ૧૫૭ |
| ૧૯૨ | ૦૫–૧૦–૧૯૭૬ | કળશ–૭૧ થી ૭૬ | ૧૬૯ |
| ૧૯૩ | ૦૬–૧૦–૧૯૭૬ | કળશ–૭૭ થી ૮૦ | ૧૮૨ |
| ૧૯૪ | ૦૭–૧૦–૧૯૭૬ | કળશ–૮૧ થી ૮૫ | ૧૯૫ |
| ૧૯૫ | ૦૮–૧૦–૧૯૭૬ | કળશ –૮૬ થી ૮૯ | ૨૦૬ |
| ૧૯૬ | ૦૯–૧૦–૧૯૭૬ | કળશ–૮૯–૯૦ | ૨૧૮ |
| ૧૯૭ | ૧૦–૧૦–૧૯૭૬ | કળશ–૯૦–૯૧, ગાથા–૧૪૩ | ૨૩૦ |
| ૧૯૮ | ૧૧–૧૦–૧૯૭૬ | ગાથા–૧૪૩ | ૨૪૨ |
| ૧૯૯ | ૧૦–૧૦–૧૯૭૬ | ગાથા–૧૪૪, કળશ–૯૨ | ૨૫૩ |
| ૨૦૦ | ૧૧–૧૦–૧૯૭૬ | ગાથા–૧૪૪ | ૨૬૫ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૧ | ૧૪–૧૦–૧૯૭૬ | ગાથા–૧૪૪ | ૨૭૭ |
| ૨૦૨ | ૧૫–૧૦–૧૯૭૬ | ગાથા–૧૪૪, કળશ–૯૩ | ૨૮૯ |
| ૨૦૩ | ૧૬–૧૦–૧૯૭૬ | કળશ–૯૩–૯૪ | ૩૦૧ |
| ૨૦૪ | ૧૭–૧૦–૧૯૭૬ | કળશ–૯૪ થી ૯૬ | ૩૧૩ |
| ૨૦૫ | ૧૮–૧૦–૧૯૭૬ | કળશ–૯૬–૯૭ | ૩૨૭ |
| ૨૦૬ | ૧૯–૧૦–૧૯૭૬ | કળશ–૯૮–૯૯ | ૩૪૦ |
| ૨૦૭ | ૨૦–૧૦–૧૯૭૬ | કળશ–૯૯–૧૦૦ | ૩૫૪ |
| ૨૦૮ | ૨૧–૧૦–૧૯૭૬ | કળશ–૧૦૦–૧૦૧ | ૩૬૭ |
| ૨૦૯ | ૨૨–૧૦–૧૯૭૬ | ગાથા–૧૪૫ | ૩૮૧ |
| ૨૧૦ | ૨૩–૧૦–૧૯૭૬ | કળશ–૧૦૨, ગાથા–૧૪૬ | ૩૯૫ |
| ૨૧૧ | ૨૪–૧૦–૧૯૭૬ | કળશ–૧૦૨ | ૪૦૯ |
| ૨૧૨ | ૨૫–૧૦–૧૯૭૬ | ગાથા–૧૪૮–૧૪૯ | ૪૨૦ |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# ભાગવત શાસ્ત્ર

(ભાગ–૬)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
સમયસાર ગ્રંથ ઉપરના ૧૮મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)

**ભાદરવા વદ-૧, ગુરુવાર, તા. ૦૯-૯-૧૯૭૬,**
**ગાથા-૧૦૯ થી ૧૧૨**
**પ્રવચન નં. ૧૮૦**

સમયસાર. ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨. ટીકા. સૂક્ષ્મ વિષય છે થોડો, ધીરેથી (સમજવો). આ લોકો રહી ગયા ભાવનગરવાળા. એનું ... આવ્યું હતું. શરૂઆતથી આ સમજવા જેવી ચીજ હતી. અહીં આવવું હોય તો એણે પા કલાક, અડધા કલાક પહેલા આવવું જોઈએ ને. ટીકા. ધ્યાન રાખજો, આ વસ્તુ તદ્દન બીજી જાતની છે. આહા..હા..!

**‘ખરેખર પુદ્ગલકર્મનો,...’** અર્થાત્ નવા જે પુદ્ગલકર્મ બંધાય છે એનું **‘પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે;...’** વર્તમાન પુદ્ગલદ્રવ્ય જે છે એ નવા પુદ્ગલકર્મનો બંધ કરે છે. સમજાણું કાંઈ? સહેજ લક્ષ તો એમ આવ્યું હતું પહેલાથી-કે જેને જ્ઞાન છે એવું લક્ષ થયું છે પણ હજી મિથ્યાત્વ ટળ્યું નથી. ભાઈ! એને તેર ગુણસ્થાન છે એ નવા કર્મને બાંધે છે, આત્મા નહિ. બહુ ઝીણી વાત છે, ભગવાન! આહા..હા..! તે પણ આત્મા કોનો? અજ્ઞાનીનો. પણ જેને થોડું લક્ષ થયું છે એમ કહેવું છે જરી પહેલેથી. સમજાણું કાંઈ? લક્ષ છે હજી મિથ્યાત્વ ટળ્યું નથી. એ પહેલેથી કહ્યું હતું. પહેલા વ્યાખ્યાનમાં એ કહ્યું હતું.

ભગવાન આત્મા જ્ઞાન ચૈતન્યસ્વરૂપ છે એમ અવ્યક્તપણે લક્ષમાં આવ્યું. તો કહે છે કે એને જે નવા કર્મ બંધાય છે એ બંધનમાં કારણ કોણ? વર્તમાન નવા કર્મના બંધનમાં કારણ કોણ? આત્મા તો છે નહિ. આત્મા તો જ્ઞાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન તો જ્ઞાનસ્વરૂપી ચૈતન્યબિંબ છે. એ નવા કર્મ બંધનમાં કારણ કેમ થાય? આહા..હા..! થોડી સૂક્ષ્મ વાત છે.

પહેલી એક લીટીનો અર્થ ચાલે છે. પહેલી પંક્તિ. '**ખરેખર પુદ્‌ગલકર્મનો,...**' નવા કર્મ બંધાય છે એમાં '**પુદ્‌ગલદ્રવ્ય જ...**' વર્તમાન પુદ્‌ગલદ્રવ્યની પર્યાય '**જ એક કર્તા છે;...**' સાંભળો! નવા જે કર્મ બંધાય છે એમાં વર્તમાન પુદ્‌ગલકર્મ એનો કર્તા છે. એક સામાન્ય વાત કરી. હવે વિશેષ કરે છે. '**તેના વિશેષો—**' પુદ્‌ગલકર્મ જે કહ્યું એ કર્તા. એનું વિશેષ. સામાન્યપણે પુદ્‌ગલ કર્તા કહ્યું. એનું વિશેષ '**મિથ્યાત્વ,...**' વિપરીત માન્યતા. '**અવિરતિ, કષાય અને યોગ...**' એ પુદ્‌ગલકર્મના ચાર ભેદ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

નવા કર્મ જે બંધાય છે એમાં પુદ્‌ગલદ્રવ્ય એ કર્તા. આત્મા નહિ. હવે એ પુદ્‌ગલ કર્તા જે કહ્યું એ પુદ્‌ગલનો કર્તા પુદ્‌ગલ, તો એ પુદ્‌ગલ સામાન્ય વાત કરી. એનો વિશેષ ભેદ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ અને કષાય. સમજાણું કાંઈ? '**મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ...**' એ જડ નહિ. ચૈતન્યની પર્યાય જે આ ચાર છે એને અહીંયાં પુદ્‌ગલ કહેવામાં આવ્યું છે. આહા..હા..! ચીમનભાઈ! ઝીણી વાત છે થોડી. ઓલું ... કરતા કીધું આ લ્યો એકવાર. આહા..હા..! આ તો વ્યાખ્યાન ઘણીવાર થઈ ગયા છે.

વસ્તુ ભગવાન ચૈતન્યજ્યોત જે દ્રવ્યસ્વભાવ એ તો બંધનું કારણ છે જ નહિ. સમજાણું કાંઈ? પણ બંધનું કારણ પુદ્‌ગલદ્રવ્ય છે. પુદ્‌ગલદ્રવ્યના ચાર પ્રકાર. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. એ ચારના તેર પ્રકાર. આહા..હા..! છે? '**સામાન્ય હેતુઓ હોવાથી ચાર કર્તા છે; તેઓ જ ભેદરૂપ કરવામાં આવતા (અર્થાત્ તેમના જ ભેદ પાડવામાં આવતાં), મિથ્યાદષ્ટિથી માંડીને સયોગકેવળી સુધીના તેર કર્તા છે.**' આહા..હા..! મિથ્યાત્વથી લઈને તેરમા ગુણસ્થાન સુધી સયોગીદશા એને અહીંયાં પુદ્‌ગલદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહા..હા..! એ ગુણસ્થાન પુદ્‌ગલદ્રવ્ય છે. આહા..હા..! ઝીણી વાત, બાપુ! આ સમયસારનું રહસ્ય અત્યારે તો બહુ ગુપ્ત થઈ ગયું. બહારમાં બહારની આ ક્રિયા કરો, વ્રત પાળો, તપ કરો. હવે એ તો કર્યા અનંત વાર. ધૂળેય નથી.

આ ભગવાન આત્મા શું ચીજ છે? કે એ વસ્તુ તો જ્ઞાયકસ્વરૂપ જ્ઞાનરસ. 'શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' આહા..હા..! એ શુદ્ધ ચેતના સિંધુ એવો પોતાનો દ્રવ્યસ્વભાવ એ તો બંધનું કારણ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? તો નવા કર્મમાં કારણ કોણ? કે વર્તમાન પુદ્‌ગલકર્મ નવા કર્મનું કારણ. એ પુદ્‌ગલદ્રવ્ય શું? એના વિશેષ શું? કે મિથ્યાત્વ, અવિરતિ,

કષાય અને યોગ એ પુદ્ગલદ્રવ્યના વિશેષ છે. છે આ જીવની પર્યાય. સમજાણું કાંઈ? ગંભીર વિષય છે ભાઈ! કીધું, આ માણસ ઝાઝા છે તો થોડું (સમજે તો ખરા) શું છે. આહા..હા..!

'**વિશેષો—મિથ્યાત્વ,...**' વિપરીત શ્રદ્ધા એને અહીંયાં પુદ્ગલદ્રવ્ય કહેવામાં આવ્યું છે. અને અવિરતિભાવ એને પણ અહીંયાં પુદ્ગલ કહેવામાં આવ્યું છે. ચૈતન્યથી વિપરીત માટે પુદ્ગલ. આહા..હા..! સમજાણું કાંઈ? '**કષાય,...**' પુણ્ય-પાપના ભાવ જે કષાય છે એને અહીંયાં પુદ્ગલદ્રવ્યના ભેદ કહ્યા છે. એ પુદ્ગલ દ્રવ્ય છે. આહા..હા..! '**અને યોગ...**' જે કંપન્ન છે, આત્મપ્રદેશનું કંપન્ન છે એને અહીંયાં પુદ્ગલદ્રવ્ય કહ્યું. એ પુદ્ગલદ્રવ્યના વિશેષ કહીને ચાર ભાગ પાડ્યા. અરે..! આવી વ્યાખ્યા! હવે આવું ક્યાં માણસને સમવજવા નવરાશ છે? ધંધા આડે ફૂરસદ ન મળે અને કલાક જાય તો આ કરો... આ કરો... આ કરો. એમાં કુગુરુ લૂંટી લે. શ્રીમદ્ કહે છે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે.

એને તો જ્ઞાન હતું. એકાવતારી થઈ ગયા. એક ભવતારી. ગૃહસ્થાશ્રમમાં હતા. સ્ત્રી, કુટુંબ, પરિવાર હતો, લાખોનો ઝવેરાતનો ધંધો હતો પણ આત્મજ્ઞાન હતું. નાની ઉંમરમાં આત્માનુભવ થઈ ગયો. આહા..હા..! એ કહેતા હતા... શું કહ્યું પહેલા? ૨૯ વ્યાખ્યાન છે. લોકો માંડ માંડ નિંદ્રામાં છ-સાત કલાક કાઢે, ભોગમાં એક-બે કલાક કાઢે, ખાવા-પીવામાં બે કલાક કાઢે, વેપાર-ધંધામાં છ-આઠ કલાક કાઢે, એમાંથી એકાદ કલાક બચે ને જાય સાંભળવા, તો કુગુરુ એ કલાકને લૂંટી લે છે. શ્રીમદ્દે કહ્યું છે. કેમકે એવી વાત કરે કે રાગ કરો, પુણ્ય કરો, દયા કરો, વ્રત પાળો એનાથી તમને ધર્મ થશે. એ લૂંટી લીધો કલાકને. સમજાણું કાંઈ?

શ્રીમદ્ રાજચંદ્રની ક્ષયોપશમ શક્તિ ઘણી હતી. એ સમયે તો હિન્દુસ્તાનમાં એમ જ લાગે છે એના જેવો કોઈ પુરુષ નહોતો. ક્ષયોપશમ એટલો હતો. જ્ઞાનનો વિકાસ ઘણો. નાની ઉંમરમાં હોં! આહા..હા..! કહેતા હતા કે અરે..રે..! આ ભગવાન આત્માનો માર્ગ... એ આપણે ૧૦૭માં આવ્યું ને? સવારે આવ્યું હતું ૧૦૭. વ્યવહારધર્મની કામના પણ સમકિતીને નથી. આહા..હા..! વ્રત ને ભક્તિ ને પૂજાના ભાવ એ બધો વ્યવહાર પુણ્ય છે. એની કામના સમકિતીને હોતી નથી. કારણ કે એ બંધનું કારણ છે. એને અહીં પુદ્ગલ કહ્યા. આહા..હા..! એય.. શેઠ!

જૂના જે ભાવ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ પુદ્ગલના ભેદ છે, જીવના નહિ. અને એ ચારના ભેદ તેર. ગુણસ્થાન મિથ્યાત્વ (આદિ) તેર. વરસાદ આવ્યો. પા કલાક, અડધા કલાક પહેલા આવવું જોઈએ ને. આ કેવી રીત! હવે ત્યાં બેસી જાવ, જ્યાં હોય ત્યાં. આની કોર ન આવવું. બસ, બસ. શશીભાઈ! ત્યાં બેસી જાવ હવે. અહીં સૌનું લક્ષ જાય, પાછો વખત જાય છે. ખરો વખત ગયો. પા કલાક મોડા થયા. ખરી વ્યાખ્યા ગઈ. આહા..હા..! પહેલા આવવું જોઈએને, પા કલાક કે અડધા કલાક પહેલા. અહીં વેપાર છે કાંઈ? આત્માની વાત છે, ભગવાન! અહીં તો ધર્મની વાત છે. આહા..હા..! એને માટે

તો... રેલમાં જાવું હોય અઢી વાગે રેલ હોય તો બે વાગે હાજર થાય. એય.. કૈલાસચંદજી! ખરુ કે નહિ ભાઈ? અઢી વાગ્યાની રેલ હોય તો બે વાગે હાજર થાય. રેલ કાંઈ એના માટે ખોટી થાય? આહા..હા..!

કહે છે કે ચાર ભેદના તેર ભેદ. મિથ્યાત્વ ગુણસ્થાનથી માંડીને તેરમું ગુણસ્થાન સયોગી (કેવળી). એને અહીંયાં પુદ્‌ગલના પ્રકાર કહેવામાં આવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તેર ભેદ '**સયોગકેવળી સુધીના તેર કર્તા છે.**' આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! આ શૈલી. શૈલી તો જુઓ સમયસારની! '**હવે, જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી...**' આહા..હા..! મિથ્યાશ્રદ્ધા, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ... છે? એ પુદ્‌ગલ કર્મનો વિપાક છે. જડ કર્મનું ફળ છે. તેથી અચેતન '**અત્યંત અચેતન...**' અત્યંત અચેતન (છે). આહા..હા..! ગજબ વાત છે! સમજાણું કાંઈ?

દેવ-ગુરુ-શાસ્ત્રની, કુદેવ-કુગુરની શ્રદ્ધા એ શ્રદ્ધા અથવા સત્‌દેવ-ગુરુની શ્રદ્ધા એ બધું પુદ્‌ગલ છે એમ કહે છે અહીં તો. ઝીણી વાત છે, ભગવાન! આહા..હા..! સમજાણું કાંઈ? એ '**પુદ્‌ગલકર્મના વિપાકના...**' પ્રભુ તો આનંદકંદ છે એનો વિપાક તો શાંતિ અને આનંદ હોય. આહા..હા..! એ કર્મના ખેતરનો પાક છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષ પરિણામ... ઓહો..હો..! વ્રત, અપવાસ, તપ આદિ કરવાનો જે વિકલ્પ રાગ છે એને તો અહીંયાં પુદ્‌ગલકર્મના ભાવ કહેવામાં આવ્યા. કેમકે એમાં અચેતનપણું છે. એમાં ચૈતન્યમૂર્તિ ભગવાન એની પર્યાયનું કિરણ એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધીમે ધીમેથી તો કહીએ છીએ બાપુ! આ કાંઈ એકદમ... ઓલો પ્રોફેસર તમારો.. મેટ્રીકનો પ્રોફેસર કલાક આમ આમ કરીને વયો જાય. કોઈ સમજે કે ન સમજે. આપણે ભાઈ નહિ? આ મેટ્રીકના પ્રોફેસર આવે ને એક કલાક બોલી જાય. આ એવી વાત નથી. આ તો ભગવાન પ્રોફેસર છે ત્રિલોકના નાથ. આહા..હા..! એને ત્યાં તો પેંથીએ પેંથીએ પાડીને વાત કરે છે. દોરે-દોરે નથી કહેતા?

ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! આહા..હા..! તું તો જ્ઞાયકભાવ છેને પ્રભુ! ચૈતન્યરસ કંદ છે આત્મા. આહા..હા..! અને એમાં મિથ્યાત્વભાવ થયો એ ચૈતન્યના સ્વભાવથી વિરુદ્ધ એ અચેતન છે. અરે..! એમાં પુણ્ય-પાપના ભાવ થયા, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ અચેતન પુદ્‌ગલ છે. આહા..હા..! ગજબ વાત છે! સમજાણું કાંઈ? આહા..હા..!

'**પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે...**' આહા..હા..! વિપરીત શ્રદ્ધા અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુદ્‌ગલ છે અને પુદ્‌ગલના ચાર ભેદ છે અને ચારના ભેદ તેર છે અને તેર એ અચેતન છે. ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ ચૈતન્ય સૂર્ય,

એનો એ ભેદ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? થોડું થોડું સમજવું ભાઈ! આ તો... એઈ..! પોપટભાઈ! કોઈ દિ' સાંભળ્યું પણ નથી ત્યાં. આહા..હા..! શું કહે છે શાંતિથી પ્રભુ સાંભળવું.

પ્રભુ! એમ કહે છે, એક બાજુ એમ કહે કે એક દ્રવ્ય વ્યાપ્યવ્યાપક થઈને પોતાની પર્યાયમાં વ્યાપે. દ્રવ્ય છે એ વ્યાપક થઈને પર્યાયમાં વ્યાપે, પરમાં નહિ. એ તો ભિન્નતાની વાત થઈ. હવે અહીંયાં તો બીજી વાત કરે છે. આહા..હા..! એ પુદ્‌ગલકર્મનો વિપાક જે તેર ભેદ છે એ વ્યાપક થઈને નવી કર્મની પર્યાયને વ્યાપ્ય કરીને એનો એ કર્તા છે. સમજાણું કાંઈ? થોડું થોડું સમજવું, પ્રભુ! માર્ગ તો એવો સૂક્ષ્મ છે. આહા..હા..!

કહે છે કે આમ લ્યો તો એક આત્મા જે છે એ વ્યાપક થાય તો પોતાની પર્યાયમાં વ્યાપક થાય. વિકારી કે અવિકારી. પરનું વ્યાપ્ય અને વ્યાપક આત્મામાં હોય નહિ. અર્થાત્ પરનું કાર્ય અને આત્મા કર્તા એવી કોઈ ચીજ હોય નહિ. એ વાત ત્યાં રાખી. હવે અહીંયાં તો એનાથી વિશેષ આગળ જઈને... આહા..હા..! ચૈતન્યસ્વભાવ પરમાત્મસ્વરૂપ એમાં જે મિથ્યાશ્રદ્ધા થાય છે એ... આહા..હા..! અને પુણ્યના ભાવ થાય છે એ કષાય છે. એ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, વ્રત આદિ ભાવ છે એ પુદ્‌ગલના પ્રકાર છે. કેમકે એ અચેતન છે, અત્યંત અચેતન છે. આહા..હા..! ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, એના કિરણનો એમાં અભાવ છે. સમજાણું કાંઈ? આ ઘરે સમયસાર પડ્યું હોય વાંચતા પણ નથી શેઠ. એ.. શેઠ! શોભાલાલજી! શોભાલલજી વાંચે ત્યાં ઓલા કાનપુર જતા ત્યારે. આ ભાઈની સાથે નહિ? અમરચંદજી સાથે. કાનપુર જતા હશે કે નહિ હવે? કાનપુર જાવ છો કે નહિ તમે? ત્યાં વાંચતા નહિ? અમરચંદજી સાથે વાંચતા. હાર્ટએટેક આવ્યો છેને. આહા..હા..! આ ભાવ ઘણો ગૂઢ છે.

અહીં તો કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તું ચૈતન્યબિંબ પ્રભુ, જ્ઞાયકભાવ એ આત્મા એ પુણ્ય-પાપના ભાવરૂપે થાય તો જડ થઈ જાય. એ છઠ્ઠી ગાથામાં આવ્યું છે. આહા..હા..! ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યબિંબ, ચૈતન્યસૂર્ય એ જો દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ અને હિંસા, જૂઠું, ચોરીના અશુભભાવ એ બે ભાવ જે આત્મા જ્ઞાયક છે એમાં થાય તો એ બેય ભાવ અચેતન છે તો આત્મા જડ થઈ જાય. આહા..હા..! એ અહીં વાત વિશેષ કરી. કૌંસમાં લખ્યું છેને ભાઈએ પંડિતજીએ. અચેતન. ન્યાય છે. પ્રભુ જ્ઞાનસ્વરૂપ પ્રકાશનો પુંજ સૂર્ય એ કોલસાની કણીમાં કેમ જાય? કોલસો સમજ્યા? કોલસો કહે છેને. કોયલા. આહા..હા..!

સૂર્યના પ્રકાશનો પિંડ પ્રભુ એ કોલસાની કણીમાં કેમ જાય? આહા..હા..! એમ ભગવાન ચૈતન્યપ્રકાશની મૂર્તિ પ્રભુ એ રાગ જે થયો એ અચેતન છે, એ જ્ઞાયકસ્વભાવનો અંશ એમાં ક્યાં છે? તેથી રાગ અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને પુદ્‌ગલ કહ્યા. પુદ્‌ગલનો ભેદ કહ્યો. અત્યંત અચેતન કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? સાધારણ મગજવાળાને તો આ શું કહે છે? એવું છે બાપુ! આ તો અંદર મગજને કેળવવું પડે એવું છે. આ રોટલી

કરે તો લોટને કેળવે છે કે નહિ? શું કહે છે? આટા—લોટ. આમ ને આમ ન કરે. કેળવે તો રોટલી થાય. રોટલામાં પણ એમ હોય છે. રોટલો હોય છેને બાજરાનો. એને પણ જરી કેળવે. પછી થાબડે અને ગોળ ચક્કર થાય ને તાવડીમાં નાખે. આ તો બધું જોયું છેને. આ તો અમે પહેલા કરતા હતા શરૂઆતમાં તો. પાલેજ. આહા..હા..!

કહે છે કે '**અત્યંત અચેતન છે...**' અહીં વજન છે ભાઈ! આહા..હા..! અમારે તલકચંદભાઈ હતા એક ધીરૂભાઈના ભાઈ લાઠી. તેરમું ગુણસ્થાન તારું નહિ એમ ભગવાન કહે છે. હતા ને તલકચંદભાઈ? ધીરૂભાઈ આવ્યા હતા ને જાડા. એમના મોટા ભાઈ હતા તલકચંદભાઈ. તેરમું ગુણસ્થાન તારું નહિ. આહા..હા..! આ તો તેર ગુણસ્થાન તારા નહિ. આહા..હા..! ભગવાન! તું તો અખંડાનંદ પ્રભુ ચૈતન્યમૂર્તિ છોને નાથ! આહા..હા..! એમાં અચેતનનો ભેદ તારામાં કેમ હોય? એ તો પુદ્‌ગલનો ભેદ છે. આહા..હા..! ગજબ વાત! આચાર્યોની આ શૈલી.

પાંચમે ગુણસ્થાને અને છઠ્ઠે ગુણસ્થાને જે મુનિના વ્રત છે બાર, પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ આહા..હા..! એ તો કહે છે કે એ તો પુદ્‌ગલ છે. પ્રભુ! તને ખબર નથી. એ તો અત્યંત અચેતન છે. ભગવાન ચૈતન્યની જ્યોતમાં એ અંશ ક્યાં એમાં આવ્યો છે? આહા..હા...! એ તો અંધકાર છે. ભગવાન ચૈતન્યપ્રકાશસ્વરૂપ છે, તો એ પુણ્યના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ તો અચેતન છે, એ પુદ્‌ગલના ભેદ છે. તારી ચીજ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલી આવી હતી તો ૧૦૮ ગાથા. રાજાને એ. મેં કીધું, આ જરી સાંભળે તો ખરા. આહા..હા..! શું સંતોએ કામ કર્યું છેને! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય. આ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. એ મુનિ. લખે છેને. પહેલા મુનિ છે. વચ્ચે કુંદકુંદાચાર્ય છે અને આ પદ્મપ્રભુ છે નિયમસારની ટીકા કરનારા. આહા..હા..! આનંદકંદ ટીકા લખતા હતા એ વખતે આ લખ્યું. તો કહે છે કે એ ક્રિયા પણ મારી નથી, એ તો જડની છે. એમાં વિકલ્પ ઉઠ્યો એ પણ જડ પુદ્‌ગલ છે મારો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**અત્યંત અચેતન છે એવા તેર કર્તાઓ...**' આહા..હા..! મિથ્યાત્વ, રાગ-દ્વેષ-કષાય-યોગ એ તેર કર્તા નવા કર્મબંધનમાં તેર કર્તા છે. '**એવા આ તેર કર્તાઓ જ...**' હવે ખુબી છે દેખો..! '**કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્‌ગલકર્મને જો કરે તો ભલે કરે;...**' આહા..હા..! ગજબ વાત છે, નાથ! એ વિકારી ભાવ છે એને વ્યાપક કહ્યો અને નવી કર્મની પર્યાય એનું વ્યાપ્ય કહ્યું. સમજાણું કાંઈ? સમજાય એટલું સમજો બાપુ! આ તો વીતરાગમાર્ગ છે.

જે મિથ્યાત્વના પરિણામ અને દયા, દાન, વ્રતના પરિણામ અને હિંસા, જૂઠું, ચોરીના ભાવ એને પુદ્‌ગલની જાત કહીને પુદ્‌ગલના પ્રકાર કહ્યા, એ ચૈતન્યની જાત નહિ. આહા..હા..! અને એ ચાર પુદ્‌ગલના ભેદ અને ચારના ભેદ તેર. એ તેર કર્તા થઈને વ્યાપ્યવ્યાપકભાવથી

કરે તો કરો. એમાં જીવને શું આવ્યું? સમજાણું કાંઈ? ફરીને લઈએ છીએ, હોં! એક-બે વાર, ત્રણવાર કહીએ છીએ. એકવાર કહીને છોડી નથી દેતા. આહા..હા..!

ભગવાન! આહા...! આ તો ધર્મસભા છે. દિવ્યધ્વનિ સાંભળવાનો આ કાળ છે. આહા..હા..! ભગવાનની વાણી છે, બાપા! આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! કહે છે. શું કહે છે? એક તો એ તેર ગુણસ્થાનના ભેદને પુદ્‌ગલના ભેદ કહ્યા, એને અત્યંત અચેતન કહ્યા અને એ અચેતન પુદ્‌ગલ વ્યાપક થઈને એટલે પ્રસરીને નવા કર્મની વ્યાપ્ય અવસ્થા કરે તો કરો. એય..! ભગવાન ત્રિલોકનો નાથ ચૈતન્યમૂર્તિ એને ક્યાં સંબંધ છે એની સાથે? આહા..હા..! સમજાણું કાંઈ? નવી વાત છે, હોં! આહા..હા..!

અહીંયાં કહે છે કે ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યરસ જ્ઞાયકભાવ એ વસ્તુ. એના ભેદ પડવા તેર ગુણસ્થાન એ તો પુદ્‌ગલના ભેદ છે. એ અચેતન છે. એ અચેતન છે એ નવા કર્મને વ્યાપક થઈને વ્યાપ્યને કરે તો કરો. જૂના ભાવને વ્યાપક કહ્યા અને નવા કર્મ બંધાય તે એની વ્યાપ્ય અવસ્થા કહી. આહા..હા..! એ મિથ્યાત્વ, અવિરતિ, રાગાદિને વ્યાપક. વ્યાપક નામ પ્રસરનારા અને નવા કર્મ બંધાય છે એ એનું વ્યાપ્ય થયું—એનું કાર્ય થયું. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'આ તેર કર્તાઓ જ...'** પાછો એમ શબ્દ છે, જુઓ! એકાંત કહે છે. વળી એમ નહિ કથંચિત્ આમ છે. આહા..હા..! તેર ગુણસ્થાનના ભેદ પુણ્યના ભાવ એ તેર ગુણસ્થાનમાં આવી ગયા એ નવા કર્મને કરે તો કરો. આહા..હા..! સમજાણું કાંઈ? એ **'તેર કર્તાઓ જ કેવળ....'** તેર કર્તાઓ જ કેવળ વ્યાપ્ય નામ નવી અવસ્થાનું વ્યાપ્યપણું અને જૂની અવસ્થા પુદ્‌ગલના પર્યાય કહ્યા એ વ્યાપક, એ **'વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ...'** કાંઈ પણ થોડો કાળ કરે તો કરો એમ કહે છે. એય..! ચંદુભાઈ! આહા..હા..! જ્ઞાયકભાવ ચૈતન્યરસ પ્રભુ.. ભાવનગરવાળા આવ્યા ખરા પણ એનો વખત વયો ગયો નકામો. મૂળથી શરૂઆતથી ન સમજાણું ને. અને અહીં આવવું હોય તો પા કલાક, અડધા કલાક પહેલા મોખ લેવો જોઈએ. એમને એમ અહીં આવે ને.. આજ ખરી વાત હતી, એવી ચીજ હતી શરૂઆતમાં. એ શરૂઆતની વાત તો ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે **'આ તેર કર્તાઓ જ કેવળ...'** એમ પાછું. નવા કર્મ બંધાય છે એમાં વ્યાપક થઈને વ્યાપ્ય થાય. ભગવાન વ્યાપક ક્યાં અને ભગવાનની પર્યાય વ્યાપ્ય ક્યાં થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તેમાં જીવને શું આવ્યું...'** આહા..હા..! ભગવાન તો પરમેશ્વર શક્તિસ્વરૂપ છેને. સવારે આવ્યું હતું. કેવળજ્ઞાન અને કેવળદર્શન શક્તિરૂપે તો પરમેશ્વર છે. એ શક્તિરૂપ જે ભગવાન જીવ એની પર્યાયમાં આ ભેદ થયો એ પુદ્‌ગલનો ભેદ છે, આત્મામાં ક્યાં થયા? આત્માના ભેદમાં તો આનંદ અને શાંતિ પડી છે એ ભેદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ..ભાઈ! આવી વાત છે.

પહેલા તો એમ કહ્યું કે પુદ્‌ગલદ્રવ્યનો પુદ્‌ગલ દ્રવ્ય જ કર્તા. નવા પુદ્‌ગલદ્રવ્યનો જૂના પુદ્‌ગલદ્રવ્ય કર્તા. એ જૂના પુદ્‌ગલદ્રવ્ય શું? કે તેર ગુણસ્થાન. એ તેર ગુણસ્થાન જૂના પુદ્‌ગલ છે એ નવા પુદ્‌ગલની પર્યાય કરે તો કરો. હું તો પુદ્‌ગલમાં આવ્યો જ નથી ને. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કહીને સિદ્ધ કરવું છે કે જ્ઞાયક જ્ઞાયક તો જ્ઞાયકપણે જ રહ્યો છે. એ ચૌદ ગુણસ્થાનમાં આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ છે ભાઈ! એ જાણીને કાઢ્યું હતું. આ બધા ભેગા થયા છેને. ઘણા ગામના ભેગા થયા છે. ભાવનગર ને રાજકોટ ને વડિયા ને લાઠી ને ગઢડા ને... અરે.. ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! આહા..હા..! તારી ચૈતન્ય ચીજ સિંધુ ચૈતન્યનો સિંધુ પ્રભુ છે. આહા..હા..! એ નવા કર્મ બંધાય એમાં ચૈતન્યસિંધુ કારણ નથી. છે? આહા..હા..!

ત્યાં આગળ અમે હતા ને મુંબઈ. તો દરિયાને કાંઠે મકાન હતું. આમોદવાળા શેઠ રમણિકભાઈ. પાંચ કરોડ રૂપિયા બે ભાઈઓ વચ્ચે. અહીંયા વિનંતી કરવા આવ્યા હતા. મહારાજ! ત્યાં મારા મકાનમાં રહેજો. એ મકાન જ ૭૦ લાખનું એક છે. એ આરસપહાણનું એક મકાન ૭૦ લાખનું. ધૂળ. પણ માણસ નરમ. કુણા હોં, નરમ માણસ. જેમ આ શેઠ નરમ છેને એમ નરમ માણસ. એને પૈસાનું કાંઈ ઓલું નહિ. પછી એકવાર મેં કહ્યું, ભાઈ! આમ દરિયો દેખાય ને, નજીક દરિયો. આ તે કાંઈ નજર ન પડે ક્યાંય. અંત. ઓહો..હો..! કીધું, એક એક બિંદુએ અસંખ્ય જીવ. પાણી છેને પાણી. એક બિંદુમાં અસંખ્ય જીવ. એવા ને એવા. આહા..હા..! અરે..રે..! પ્રભુ! આ જીવ ત્યાંથી નીકળીને ક્યારે મનુષ્ય થાય? અને આ વાણી સાંભળવાનો યોગ ક્યારે મળે પ્રભુ? આહા..હા..!

મારે તો બીજું કહેવું હતું. ત્યાં આગળ સેંકડો બગલા ધોળા ઉપર ફરે. મચ્છ માટે. આ બગલા. બગલા સમજો છો? બગલા કહે છે. રમણીકભાઈને કીધું, આ બગલા જાય ક્યાં સુધી? ક્યાંય ઝાડ તો છે નહિ. ૨૦ માઈલ સુધી જાય. ઉપર ને ઉપર ને ઉપર. માછલી ખાવા માટે. આહા..હા..! ૨૦ માઈલ, ૧૦ ગાવ, ૧૦ કોષ ચાલ્યા જાય અને પાછા ૧૦ કોષ આવે. ઓલા માછલા પકડવા માટે. ઉપર ક્યાંક હોય તો જાય ને પકડે. નહિતર અંદરમાં તો ગરી શકે નહિ. આહા..હા..! અરેરે..! આ બગલાનો પંચેન્દ્રિય અવતાર અને આ માછલી ખાઈને મરીને નરકમાં જાવું. આહા..હા..! એની ગતિ નરક જ છે. અરેરે..! આ મનુષ્યપણું મળ્યું એની કિંમત નહિ જગતને. એમાં આત્માને માટે આ મનુષ્યપણું મળ્યું, ભવનો અભાવ કરવાની આ ચીજ છે. આ ભવ ભવના અભાવ માટે ભવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રીમદ્ લખે છે એકમાં. શ્રીમદ્ પોતે લખે છે. આહા..હા..! અનંત ભવને એક ભવમાં અભાવ કરવાનું આ ટાણું છે પ્રભુ! તારો ટાઈમ છે. આહા..હા..! આ સંસારસમુદ્રનું કારણ કર્મનું આ પુદ્‌ગલ પર્યાય છે કહે છે. પ્રભુ! તું ચૈતન્યનૂરના તેજનું પુર છેને પ્રભુ! આહા..હા..! એમાં આ મિથ્યાત્વાદિ તેર ગુણસ્થાન તો પુદ્‌ગલના કહેવામાં આવ્યા. ભગવાન આત્માના

નહિ. અને એ પુદ્ગલ, એ પરિણામ, એ અચેતન નવા કર્મમાં વ્યાપક થઈને એ વિકાર વ્યાપક થઈને નવી કર્મની પર્યાયનું વ્યાપ્ય કરે તો કરો. આહા..હા..! એય..! આ કદી સાંભળ્યું પણ નથી આવી વાત. ધૂળમાં પૈસા... મારી નાખ્યા. આહા..હા..!

કહ્યું હતું ને એ? કહ્યું નહોતુ પહેલું? 'લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો,...' પ્રભુ! એ લક્ષ્મી વધી કરોડ, બે કરોડ, પાંચ, પચાસ કરોડ. લક્ષ્મી અને અધિકાર વધ્યો. લાખ રૂપિયા, બે લાખનો (પગાર) મહિનાનો. મોટા ગવર્નરને. 'લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું?' તને શું વધ્યું? તને શું મળ્યું? 'શું કુટુંબ કે પરિવારથી...' કુટુંબ વધ્યા. પાંચસો, અમારા કુટુંબમાં હજાર માણસ, પાંચસો-હજાર માણસ એમ. કુટુંબ અને પરિવારથી શું વધ્યું?

વધવાપણું સંસારનું અને નરદેહને હારી જવો.
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો.
અરેરે..! એક પણ વિચાર ક્ષણ તમને ન હવો.

એમ લખ્યું છે. આહા..! એક ક્ષણ પણ વિચાર ન આવ્યો? અરે..! આ શું છે? ક્યાં જાવું મારે? આ શું થાય છે અને એનું ફળ શું છે? તો કહે છે કે વિકારના ગુણ જે તેર ગુણસ્થાન એનું વ્યાપ્ય નવું કર્મ. વ્યાપ્ય નામ કાર્ય, વ્યાપ્ય નામ પર્યાય અને આ વ્યાપક. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેમાં જીવને શું આવ્યું? (કાંઈ જ નહિ.)'** આહા..હા..! ભગવાન તો જ્ઞાનરસ પ્રભુ ચૈતન્ય ધ્રુવ છેને. આહા..હા..! **'અહીં આ તર્ક છે કે 'પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો)...''** શું કહે છે? શિષ્ય હવે તર્ક કરે છે. શિષ્ય તર્ક કરે છે. પ્રભુ! પણ એ મિથ્યાત્વ, રાગ, દ્વેષ, જે દયા-દાન-વ્રતના ભાવ એનો ભોક્તા થયો. જીવ ભોગવે છે એને. સમજાણું કાંઈ? શિષ્ય શું પ્રશ્ન કરે છે? કે જે પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ થયો એને તો આત્મા ભોગવે છે. તો આત્મા ભોગવે છે તો એનો કર્તા કેમ ન થાય? ભોક્તા છે તો કર્તા નથી. એમ. ભોક્તા છે ને તો કર્તા નથી. એમ છે નહિ. સાંભળ તો ખરો. એ હરખ-શોકને **'(ભોગવતો) જીવ પોતે જ મિથ્યાદષ્ટિ થઈને...'** એમ છે? ભોક્તા સિદ્ધ કરીને કર્તા સિદ્ધ કરવો છે. શિષ્યને હોં! આહા..હા..! બહુ ગંભીર ગાથા છે આ. સમયસાર એટલે દિવ્યધ્વનિ. આહા..હા..!

શિષ્ય તર્ક કરે છે કે **'પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો)...'** આત્મા છે. શું જડ ભોગવે એને? મિથ્યાત્વભાવ થયો, કષાયભાવ થયો, પુણ્યભાવ થયો એને જીવ ભોગવે છે, એ જડ ભોગવે છે? શિષ્ય કહે છે. **'જીવ પોતે જ મિથ્યાદષ્ટિ થઈને પુદ્ગલકર્મને કરે છે.'** ભોક્તા છે તો સ્વયં કર્તા છે. એમ શિષ્ય કહે છે. સમજાણું કાંઈ? જીવ રાગનો ભોક્તા છે કે નહિ? દુઃખનું વેદન જીવને છે કે જડને છે? એમ કહે છે. શું કહ્યું સમજાણું? એને જીવ કર્તા સિદ્ધ કરવું છે. જીવ છે એ રાગને ભોગવે છે. પુણ્ય-પાપના ભાવને જીવ

ભોગવે છે. તો પછી કર્તા જીવ કેમ નહિ? તમે પુદ્ગલકર્તા એનો કહો છો. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં શિષ્યનો તર્ક છે હોં! '**પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો)...**' ભોગવે છે તો ઈ. આહા..હા..! એ હરખ-શોકનો ભોક્તા તો જીવ છે. જડ નથી ભોગવતું. એમ શિષ્યનો પ્રશ્ન છે. '**જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્ગલકર્મને કરે છે.**' ભોક્તા છે તો સ્વયં જડનો કર્તા છે. નવા કર્મનો. આહા..હા..! '**(તેનું સમાધાન :-)**' સાંભળો. દરબાર! આ વાત જુદી—ભિન્ન છે. કોઈ દિ' સાંભળી નથી એવી છે. ઝીણી વાત છે, બાપુ! આહા..હા..!

'**આ તર્ક ખરેખર અવિવેક છે,...**' શું કહે છે ગુરુ? તુ કહે છે કે રાગ અને રાગનો ભાવ અને હરખ-શોક આત્મા ભોગવે છે તો પછી આત્મા પોતે જીવ કર્તા કેમ નથી? એનો ભોક્તા છે તો કર્તા કેમ નથી? તારો અવિવેક છે. સાંભળ! સાંભળ! આહા..હા..! '**કારણ કે ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી...**' આહા..હા..! આત્મા વિકારનો ભાવક અને ભાવ્ય એનો ભોક્તા આત્મા એનો તો અભાવ છે. વિકારનો આત્મા ભોક્તા અને એનો આત્મા ભાવક એમ છે નહિ. આહા..હા..!

એક બાજુ કહે કે સમ્યગ્દૃષ્ટિને ધર્માત્માને પણ જેટલો રાગ આવે છે એટલું એને દુઃખ થાય છે. ૪૭ નય, પ્રવચનસાર. આહા..! અને જેટલો રાગ થાય છે એનો કર્તા પણ આત્મા છે. પરિણમનની અપેક્ષાએ હોં! કરવાલાયક છે એમ નહિ. પરિણમન તો એનું જીવનું છે માટે કર્તા એ અને ભોક્તા પણ આત્મા છે. એ તો પર્યાયનું જ્ઞાન કરાવ્યું, પણ જ્યાં દૃષ્ટિ અને દ્રવ્યનો વિષય ચાલે છે ત્યાં રાગનો ભોક્તા આત્મા છે નહિ. એ તો જ્ઞાન કરાવ્યું. સમ્યગ્દર્શન સાથે જે જ્ઞાન થયું એ જ્ઞાન જાણે છે કે આ રાગનું પરિણમન મારું છે એટલો કર્તા અને એટલું દુઃખ મારામાં છે. દુઃખ પણ છે. સમજાણું કાંઈ?

એમાં આવ્યું ને? 'ચિન્મૂર્તિ દગધારી કી મોહે રીતિ લગત હૈ અટાપટી.' નરકનું દુઃખ ભોગવે છતાં અંતરમાં સુખ ભોગવે. આહા..હા..! હમણા ગાયું હતું નહિ ભાઈએ? હિંમતભાઈએ ગાયું હતું નહિ ઓલામાં? આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મી શ્રેણીક રાજા નરકમાં છે. બાહ્યથી જરી રાગનું દુઃખ છે, પણ અંદરમાં તો આનંદનો સુખનો ભોક્તા એ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે રાગનો ભોક્તા આત્મા છે નહિ. ચૈતન્ય ભગવાન જ્ઞાયકસ્વભાવ વિકારને કેમ ભોગવે? એ તો આનંદનો ભોક્તા છે. સમજાણું કાંઈ? આરે..! આવી વાતું ઝીણી હવે. એ કરતાં વ્રત પાળો અને અપવાસ કરો એ સહેલુંસટ હતું લ્યો. અરે.. ભગવાન! એ તો ક્રિયા રાગ છેને, બાપા! અહીં તો રાગને પુદ્ગલ કહેવામાં આવ્યું છે, અચેતન કહેવામાં આવ્યો છે.

એ પ્રશ્ન કર્યો હતો મને જયપુરમાં. મનોહરલાલજી વર્ણી છેને? ગણેશપ્રસાદના શિષ્ય છે. મનોહરલાલજી વર્ણી. વર્ણીના શિષ્ય છે. .... બેસે છે. આવ્યા. બે દિવસ સાથે રહ્યા. બે

પ્રશ્ન કર્યા. મહારાજ! પુણ્ય-પાપના ભાવને પુદ્‌ગલ કેમ કહ્યા? વર્ણી છે. અભ્યાસ છે પણ જરી.. અત્યારે તો વિરોધ થઈ ગયો છે. ભીંડમાં અહીંનો બહુ વિરોધ કર્યો. એ વખતે તો બે દિવસ બરાબર સાંભળ્યું. કીધું જુઓ ભાઈ! એ પુણ્ય-પાપને પુદ્‌ગલ કેમ કહ્યા? પોતાની ચીજ નથી, પોતાના સ્વભાવમાંથી ઉત્પન્ન નથી થતા. એ તો વિભાવ છે. વિભાવ છે તો નિમિત્તને આધીન ઉત્પન્ન થાય છે માટે પુદ્‌ગલ કહેવામાં આવ્યા છે. એક પ્રશ્ન એ કર્યો.

બીજો પ્રશ્ન એ કર્યો હતો, મહારાજ! આપના તરફથી ઉદ્દેશિકનો ખુલાસો થઈ જાય તો બહુ સારુ. ઉદ્દેશિક. શું ઉદ્દેશિક? આહાર ઉદ્દેશિક. એમ કે આ ચોકા કરીને લે છે એને ઉદ્દેશિક ન કહેવાય. કેમકે ચોકા તો ગૃહસ્થ કરે છે. સાધું ક્યાં કહે છે? માટે ઉદ્દેશિકનો ખુલાસો થઈ જાય કે ચોકા બનાવે એ ઉદ્દેશિક નહિ. અરે.. ભગવાન! બાપુ! ભગવાનના વિરહમાં આવી વાત ચાલે. મેં તો કીધું, અત્યારે ક્ષુલ્લક જે છે એને માટે બનાવેલ ભોજન લે છે અમે તો એને દ્રવ્યલિંગી ક્ષુલ્લક તરીકે પણ જોતા નથી. એક ક્ષુલ્લક હતા. માર્ગ આવો છે, ભગવાન! પરમાત્માના વિરહ પડ્યા. એમાં પરમાત્માથી વિરુદ્ધ કહેવું. એ ચોકા કરીને બનાવે છે એ ઉદ્દેશિક છે. એને માટે બનાવ્યું અને વાપરે છે તો નવ કોટીમાં કોટી તૂટી જાય છે. વ્યવહાર મુનિપણું પણ રહેતું નથી. વ્યવહાર હોં! નિશ્ચય તો અત્યારે છે જ ક્યાં. આહા..! એય..! જયપુરમાં વાત થઈ હતી ભાઈના મકાનમાં. પુનમચંદ ગોદિકા. ભાઈ! જાણો છોને? પુનમચંદ ગોદિકા છે. કરોડપતિ છે. અત્યારે તો પૈસા ડબલ થઈ ગયા લંડનમાં. ૭૦ લાખ, ૮૦ લાખના ડબલ થઈ ગયા. એની પાસે પન્ના છે. એ પન્નામાંથી પૈસા (થઈ ગયા).

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂળ-ધૂળ. મને બતાવ્યા હતા. ઘરમાં બે પન્ના છે મારી પાસે. એમાંથી અનેક લાખો ઊપજાવીશું. ૨૦-૨૫-૫૦ લાખ. એની પરીક્ષા છે એની પાસે. મગજ કંઈક છે આ જાતનો. અને એ પુણ્યને લઈને થાય એમાં કાંઈ ધૂળેય નથી. એને સાફ કરનારો મુસલમાન છે એને માસિકના ત્રણ હજાર આપે છે. એ મુસલમાન આવ્યો અમારી પાસે. મહારાજ! હું અહીં કામ કરું છું. મહિનાના ત્રણ હજાર આપે છે. બહાર જાઉં તો મને પાંચ હજાર મળે, પણ હવે મેં શેઠનું કામ કર્યું છે, અનાજ ખાધું છે. એટલે અહીં કામ કરું છું. મુસલમાન હતો. મહિને ત્રણ હજાર સાફ કરવાના. બરાબર સાફ કરે તો લાખ ઊપજી જાય અને બરાબર સાફ ન હોય તો દસ હજાર ઊપજે. અરેરે..! કીધું, આ ચીજ નહિ, બાપા! મણિરતન ભગવાન અહીં છે. એની પરીક્ષા કરો નાથ! એ ચૈતન્યરતન હીરો છે. એમાં ગુણસ્થાનનો મેલ પણ નથી. આહા..હા..! અહીં તો મેલને, ગુણસ્થાનને અચેતન (કહ્યું છે) પ્રભુ! આહા..હા..!

કેવળીનું તેરમું ગુણસ્થાન અચેતન. ઉદયભાવ છેને એ. આહા..હા..! ભગવાન એ ગુણસ્થાન છે એ બંધનું કારણ છે. તો ગુણસ્થાનને અહીંયાં પુદ્‌ગલની જાત કહી અને એ પુદ્‌ગલ છે એ વ્યાપક થઈને નવા કર્મની વ્યાપ્ય અવસ્થા પુદ્‌ગલ વ્યાપક થઈને નવા કર્મની વ્યાપ્ય અવસ્થા

કરે છે. ખરેખર એક દ્રવ્યનું બીજા દ્રવ્યમાં વ્યાપ્યવ્યાપકપણું હોતું નથી. એ તો વસ્તુની સિદ્ધિ કરવા માટે. હવે અહીં તો સ્વભાવ સિદ્ધ કરવો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આત્મા વ્યાપક થઈને કર્મની પર્યાય વ્યાપ્ય ત્રણ કાળમાં કરે નહિ. એ વ્યાપક થઈને અજ્ઞાનભાવે રાગની પર્યાય કરે. પણ કર્મની પર્યાય કે પરદ્રવ્યની પર્યાય વ્યાપક થઈને વ્યાપ્ય કરે એ ત્રણકાળમાં બને નહિ. એ તો એની પર્યાયની સ્વતંત્રતા સિદ્ધ કરવા, પરથી ભિન્ન કરવા માટે. હવે અહીંયાં તો એકલા સ્વભાવને (સિદ્ધ કરવો છે). આત્મા વ્યાપક અને રાગ વ્યાપ્ય એ છોડી દ્યો. આહા..હા..! આત્મા વ્યાપક થઈને નિર્મળ વીતરાગી પર્યાયનું વ્યાપ્ય કરે છે અને આ તેર ગુણસ્થાન છે એ પુદ્‌ગલ છે. એ વ્યાપક થઈને નવા કર્મની પર્યાયને બંધન એ કરે છે, હું નહિ. એય..! સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ વાત છેને!

શિષ્યનો પ્રશ્ન હતો કે પ્રભુ! આપે તો પુણ્ય-પાપ, દયા-દાન-વ્રતના પરિણામને તો પુદ્‌ગલ કહ્યા, પણ પ્રભુ! ભોગવે છે તો જીવ. ભોગવે છે તો કર્તા પણ જીવ છે એમ કહો ને. તને ખબર નથી, પ્રભુ! તને અવિવેક છે. શું કહ્યું? '**અવિવેક છે. કારણ કે ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી...**' વિકારભાવ એની ભોગવવાની ચીજ અને આત્મા ભોગવે એનો અભાવ છે. સ્વભાવમાં એનો અભાવ છે. આહા..હા..!

જે પુણ્યના ભાવ થયા કે પાપના થયા એ ભાવ્ય છે અને આત્મા ભાવક ભોગવનાર છે એનો તો અભાવ છે. આહા..હા..! સ્વભાવમાં એનો અભાવ છે. એ હરખ-શોક ભાવ્યને ભોગવનારો આત્મા એનો અભાવ છે. તું કહે છે કે ભોગવનાર છે માટે એ ભોગવનાર કર્તા છે એ વાત જ અવિવેક છે. આહા..હા..! સમજાણું કાંઈ? આખી ગાથાઓ ઝીણી છે. શિષ્યને પ્રશ્ન એ થયો કે ભોગવે છે જીવ. રાગ-દ્વેષને ભોગવે છે કોણ? કે જીવ ભોગવે છે. તો પછી જીવને કર્તા કહો, ભોગવે એ કર્તા. અરે..! સાંભળ તો ખરો. એ દુઃખનો ભોક્તા આત્મા છે જ નહિ. એ દુઃખને ભોગવાનાર ભાવ્ય અને આત્મા ભાવક એનો આત્મામાં અભાવ છે. સમજાણું કાંઈ? આરે.. આરે..! પરનો કર્તા તો નથી, જડનો. જડનો ભોક્તા નથી, પણ પોતાના વિકારનો કર્તા નથી અને વિકારને ભોગવનાર ભગવાન આત્મા નહિ. આહા..હા..! ચૈતન્યબિંબ આનંદરસ છે એ દુઃખને કેમ ભોગવે? આહા..હા..! સમજાણું કાંઈ?

'(**તેનું સમાધાન :—**) **આ તર્ક ખરેખર અવિવેક છે, કારણ કે ભાવ્યભાવકભાવ...**' વિકારીભાવ ભાવ્ય ભોગવવા લાયક અને આત્મા ભાવક એ બે વચ્ચે ભાવનો અભાવ છે. ચાર ભાવ પડ્યા છે. ભાવ્યભાવકભાવનો અભાવ. હવે ચારેયનો અર્થ શું? કે વિકારીભાવ એ ભાવ્ય નામ ભોગવવાલાયક અને આત્મા ભાવક ભોગવવારો એવો જે ભાવ એનો અભાવ છે. ચાર બોલ. ભાવ્ય, ભાવક, ભાવનો અભાવ. આ તો સંતોની વાણીક છે બાપા! દિગંબર મુનિ. આહા..હા..! કાળજા કોતરી નાખે એવી છે. પ્રભુ! તું સાંભળ તો ખરો. એ વિકારીભાવ જે સુખ-દુઃખની કલ્પના એ ભોગવવા લાયક અને આત્મા ભોક્તા, એ ભાવ્ય, ભોગવવા

લાયક આત્મા ભાવક ભોગવનાર એવા ભાવનો જીવમાં અભાવ છે. આહા..હા..! પ્રવીણભાઈ! આહા..હા..! એય..!

**શ્રોતા :—** ... દુઃખરૂપ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દુઃખને ભોગવે એ આત્મા નહિ. આત્મા તો આનંદનો ભોક્તા હોય. આહા..હા..! એનો ભોક્તા હોય તો ત્રિકાળ ભોગવવું જ પડે. ત્રિકાળી ચીજ છે અને એનો ભોક્તા હોય તો એણે ત્રિકાળ કાયમ ભોગવવું જ પડે. રાગથી ભિન્ન થઈને આનંદનો ભોક્તા તો કદી એ થાય નહિ. આહા..હા..! ગિરધરભાઈ! આહા..હા..! આજે ખામણાનો દિવસ છેને.

પ્રભુ! તું આનંદનો કંદ છોને નાથ! આહા..હા..! પ્રભુ! તું જ્ઞાયકરસનો સૂર્ય છો, શાંતિનો સૂર્ય છો. આહા..હા..! સ્વભાવનો સાગર, ગુણનું ગોદામ. એ સોળ બોલ આવ્યા છે હમણાં. આ તો અહીં સાંભળી ગયો છેને કોઈ. છોકરાએ સોળ બોલ લખ્યા છે. ગુણનું ગોદામ, શક્તિનો સંગ્રહાલય, સ્વભાવનો સાગર, જ્ઞેયનો જ્ઞાતા, પ્રમેયનો પ્રમાતા એવા એવા સોળ બોલ લીધા છે. એક પત્ર આવ્યો છે. પછી અમારે ભાઈ અહીં છેને. વયા ગયા એ? વયા ગયા ભાઈ. સુરેશ-સુરેશ. આ સાંભળીને પછી એણે ઘણા ઉતાર્યા છે. સુરેશ છેને એક રસિકભાઈનો. રસિકભાઈ છેને. તમારો ભત્રીજો. એણે ઉતાર્યા છે આ. છે આનો અભ્યાસ. આહા..હા..!

તું તો પ્રભુ શાંતિનો સાગર છે, એમાં દુઃખ ક્યાંથી આવ્યું? એમ કહે છે. સમજાણું કાંઈ? દુઃખને ભોગવનાર આત્મા નથી, એને આત્મા કહેતા નથી. આહા..હા..! અલિંગગ્રહણમાં છે ભાઈ એક. અલિંગગ્રહણ છેને. ભગવાન આત્મા દુઃખને ભોગવનાર, ઈન્દ્રિયના વિષયને ભોગવનાર નથી. બારમો બોલ છે. બારમો બોલ છે. અલિંગગ્રહણના ૨૦ બોલ છે. એમાં ૧૨મો બોલ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ઈન્દ્રિયના વિષયનો ભોક્તા છે નહિ. આહા..હા..! એ તો વ્યાખ્યાન ઘણા થઈ ગયા છે જ્ઞેય-જ્ઞાયકના. ૧૭૨ ગાથા પ્રવચનસારની. એના ૨૦ બોલ છે. એક અલિંગગ્રહણ ૬ અક્ષરના ૨૦ બોલ. ઘણા દિવસ વ્યાખ્યાન થયા છે. એમાં ૧૨મો બોલ છે એ.

ભગવાન આત્માનો ઉપયોગ કર્મને ગ્રહે નહિ એવો ઉપયોગ છે. અને આત્મા દુઃખનો, ઈન્દ્રિયનો ભોક્તા છે જ નહિ. ઈન્દ્રિયનો ભોક્તા આત્મા છે નહિ. આત્મા આનંદનો ભોક્તા છે, ઈન્દ્રિયનો ભોક્તા નથી. આહા..હા..! અલિંગગ્રહણ. એ વાત અહીં સિદ્ધ કરી. વિકારનો ભોક્તા આત્મા નથી. વિકાર તો જડ છે, ચૈતન્ય નહિ. એને ચૈતન્ય કેવી રીતે ભોગવે? આહા..હા..! ભોક્તા પણ નથી.

**'તો પછી પુદ્‌ગલકર્મનો કર્તા કેમ હોય?'** ગુરુ કહે છે. **'માટે એમ ફલિત થયું કે—જે પુદ્‌ગલદ્રવ્યમય ચાર સામાન્યપ્રતત્યયોના ભેદરૂપ તેર વિશેષપ્રત્યયો કે જેઓ**

ગુણ શબ્દથી કહેવામાં આવે છે તેઓ જ કેવળ કર્મોને કરે છે, તેથી જીવ પુદ્‌ગલકર્મોનો અકર્તા છે,...' લ્યો! તેર ગુણસ્થાન કરે. ભગવાન આત્મા અકર્તા છે. વિશેષ વ્યાખ્યા છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૨, શુક્રવાર, તા. ૧૦-૯-૧૯૭૬, ગાથા-૧૦૯થી ૧૧૨, પ્રવચન નં. ૧૮૧

સમયસાર. ૧૦૯થી ૧૧૨. અહીં આવ્યું છે જુઓ! '**પુદ્‌ગલદ્રવ્યમય મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી,...**' છે? શું કહે છે? જુઓ ફરીને થોડું. ટીકા છેને શરૂઆત? '**ખરેખર પુદ્‌ગલકર્મનો, પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે;...**' આ એનું સ્પષ્ટીકરણ છે. પહેલી લીટી છે ને ટીકાની? પહેલી પંક્તિ. '**ખરેખર પુદ્‌ગલકર્મનો,...**' નવા પુદ્‌ગલ બંધાય છે એ. એનો '**પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે;...**' આહા..હા..! છે? પહેલી લીટી ટીકાની. ૧૦૯, ૧૦, ૧૧, ૧૨ ગાથા. એનું આ બધું વિવેચન છે.

ત્યાં કહ્યું કે નવા કર્મ જે બંધાય છે એમાં પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે. કેમકે પુદ્‌ગલદ્રવ્યનો જે ભાવ છે મિથ્યાત્વાદિ એ પુદ્‌ગલના ચાર ભેદ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. આહા..હા..! સમજાણું કાંઈ? એ પહેલા અધિકારમાં જ આવી ગયું છે. ૨૯ બોલ છેને ભાઈ ૨૯. એમાં ૧૨મો બોલ. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ પ્રત્યયો છે આસ્રવો. એ જીવથી ભિન્ન છે. અનુભૂતિથી ભિન્ન છે. ૧૨મો બોલ છે. કોઈ દિ' વાંચ્યું ન હોય આમાં. એય.. કૈલાસચંદજી! જુઓ અંદર.

૫૦થી ૫૫ ગાથા. ૧૦૦મું પાનું છે. એ બાજુ ૯૮મું પાનું. ૧૨મો બોલ. ૧૧ પછી. ૯૮ પાનું છે. હિન્દી છે? હિન્દી ને? હિન્દીમાં ફેર હશે. ૯૮ પાનું હિન્દી. નવામાં ફેર હશે થોડો. ગુજરાતીમાં ૧૦૬ પાનું, ૧૨મો બોલ. ૧૧ બોલ પછી. '**મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ જેમનાં લક્ષણ છે એવા જે પ્રત્યયો તે બધાય જીવને નથી...**' આ એ વાત ચાલે છે. આહા...! શું કહે છે? ઝીણી વાત. ભાઈ, અત્યારે એ ચાલતી નથી. બહારની પ્રવૃત્તિની આડે આ તત્ત્વ શું છે?

અહીં તો કહે છે કે મિથ્યાત્વભાવ.. સમજાણું કાંઈ? એના ઉપર ઈ છે—'**યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ મોહ...**' એટલે મિથ્યાત્વ '**તે બધોય જીવને નથી...**' એ ૧૧મો બોલ છે. ૧૨ ઉપર ૧૧ છે. ઉપર ન્યાંને ન્યાં છે. '**જે યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ (અપ્રાપ્તિરૂપ)...**' મોહ મિથ્યાત્વ. વાસ્તવિક તત્ત્વથી વિરુદ્ધ ભાવ જે મિથ્યાત્વ '**મોહ છે તે બધોય જીવને નથી...**' આહા..હા..! '**કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી**

**(પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.'** મૂળ તો કહેવું છે શું? અહીંયાં પુદ્ગલદ્રવ્ય નવા પુદ્ગલનો કર્તા એમ કહીને પુદ્ગલદ્રવ્યના ચાર ભેદ (કહ્યા). મિથ્યાત્વ, અવિરતિ, કષાય (અને યોગ). એના ૧૩ ભેદ. એ ૧૩ ભેદ નવા કર્મનું કારણ છે. આત્મા નથી. તો એ આત્માની દૃષ્ટિ કરાવવા... આહા..હા..! સમ્યગ્દર્શન અનુભૂતિ કરાવવા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની અનુભૂતિ, એ તરફનો અનુભવ કરવાથી ૧૩ બોલ ભિન્ન રહી જાય છે. મિથ્યાત્વ પણ ભિન્ન રહી જાય છે એમ કહે છે. આહા..હા..! આવી વાત ક્યાં? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાનો સમ્યગ્દર્શનનો વિષય, પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન અભેદ ધ્રુવ, એની અનુભૂતિ કરવાથી એ તરફનો આશ્રય કરીને અનુભવ કરવાથી જે આ ચાર બોલ છે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ પુદ્ગલના ચાર પ્રકાર અને તેના તેર પ્રકાર. તેર પ્રકારથી ભગવાનની અનુભૂતિ ભિન્ન છે. અરે..! આ શું કહે છે? આજે પ્રશ્ન આવ્યો છે એક મોટો ભાઈ ઓલાપણેથી. મણિપુર, મણિપુર છેને કો'ક. મણિપુર નહિ આ મલૂકચંદભાઈના..

**શ્રોતા :-** આસામ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આસામની ઓલી કોર મણિપુર. એક એનો પ્રશ્ન આવ્યો છે. એમ કે આ વૃત્તિ હોય છે એ નિઃશલ્યો વૃત્તિ કહ્યું છે. સાંભળ્યું છે કે નહિ? તત્ત્વાર્થસૂત્રમાં આવે છેને. તત્ત્વાર્થસૂત્ર છેને. નિઃશલ્યો વૃત્તિ કહ્યું તો શું શ્રાવક પણ નિઃશલ્ય હોય છે? અને મુનિ પણ નિઃશલ્ય હોય છે મુનિ વ્રતી? તો નિઃશલ્ય કોને કહે છે? એવો પ્રશ્ન આવ્યો છે.

મિથ્યાત્વ, નિદાન અને માયા ત્રણ શલ્ય છે. સમજાણું કાંઈ? ત્રણ શલ્યથી રહિત થાય એને વ્રત આવે છે. જેને મિથ્યાત્વનું શલ્ય છે હજી કે પુણ્યથી ધર્મ થાય છે, વ્યવહાર આસ્રવ કરતા કરતા કલ્યાણ થાય એવું મિથ્યાત્વનું શલ્ય છે ઈ. અને માયા શલ્ય છે કપટ. જેવી ચીજ છે એને એમ ન માનીને એનાથી વિપરીત માને છે એ કપટ-માયા છે. આહા..હા..! પોતાને છેતરે છે. અને નિદાન. હું જે કાંઈ કરું છું એનું અનુકૂળ ફળ બહારમાં આવવું જોઈએ. એ નિદાન. એ ત્રણ બોલ રહિત થાય તો વ્રતધારી થઈ શકે. શેઠ! આવ્યું છે કાલે. એ ઓલામાં આવ્યું છે. આજ પત્ર આવ્યો છેને આ. એમાં આવ્યું છે. આ છેને આત્મધર્મ. મણિનગરનું આવ્યું છે. એમ કે ભાઈએ પ્રશ્ન પૂછ્યા હતા ને મુંબઈ? એ બધા આવ્યા છે. બહુ સારું લખ્યું છે. એમ કે આપની લાકડી ફરે તો પૈસા થાય છે એમ લોકો માને છે. એ ખુલાસો મુંબઈ કરી દીધો હતો. કીધું, આ લાકડી-ફાકડી કાંઈ છે નહિ. એ તો એને આ સાંભળવાથી, પરમસત્ય છે, સાંભળવાથી મહિનો, બે મહિના, ચાર-છ મહિના, બાર મહિના સાંભળે તો સાંભળવામાં શુભભાવ થાય છે. એનો પૂર્વના પુણ્ય સાથે મેળ થઈ જાય તો આ ભવમાં પણ ઉદય આવી જાય. એ કોઈ લાકડીથી નથી. એના શુભભાવથી થાય છે. એવો પ્રશ્ન છેને. લખ્યું છે એણે. આ બહુ સારું કહ્યું. ઈન્ટર્વ્યૂ. ઈન્ટર્વ્યૂમાં વાત કરતા. ઈન્ટર્વ્યૂ એટલે? ખુલાસો. એવો શબ્દ વાપર્યો ઈન્ટર્વ્યૂ. આપણને કાંઈ અંગ્રેજી આવડે નહિ.

એમ કે આ બહુ સારું લખ્યું છે. એણે પ્રશ્ન કર્યો હતો. ટ્રસ્ટ ઉપર પત્ર આવ્યો હતો.

ત્રણ મિથ્યાત્વનું શલ્ય ન હોય એને વ્રત હોય છે? અને મિથ્યાત્વનું શલ્ય ન હોય એને સાચું શ્રાવકપણું આવે છે? હા. શલ્ય ન હોય એને સાચું આવે છે. જેને મિથ્યાત્વનું શલ્ય છે એ વ્રતધારી હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? નિઃશલ્યો વૃત્તિ. હવે મિથ્યાત્વ શલ્ય શું છે એની તો ખબર નથી અને થઈ ગયા વ્રતી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એક જણો કહેતો હતો. એક ગુણભદ્ર શ્રાવક હતા ને? કુરાવડ ને? ક્યાંના? કુરાવડ. નહિ? બ્રહ્મચારી હતા, સાત પડિમા. પછી એણે અહીંનું બહુ સાંભળ્યું હતું. એણે પડિમા લીધી. (ઈ કહે), મારી પાસે પડિમા આવી નહિ. પડિમા શું છે એ દશા મારામાં તો આવી નહિ. આ શું તમે આપ્યું? પચ્ચખાણ આપ્યા સાત પડિમાના. પણ પડિમા શું છે? સમ્યગ્દર્શન થયા વિના અંતરની પડિમાની શાંતિની પરિણતિ કેમ થાય? સમજાણું કાંઈ? મારી પાસે તો આવી નહિ. તમે જાણો છો? એ ગુણભદ્ર હતા. ગુણભદ્ર ને? ગુણધરલાલ. કુરાવડના ગુણધરલાલ. અહીં આવતા હતા. બ્રહ્મચારી. સાત પડિમા. પડિમા-બડિમા અમારી પાસે આવી નહિ. અમે લઈ તો લીધી છે. ત્યાં આવી હતી. આહા..હા..! ભવ્યસાગરનું આમાં નાખ્યું છે. ભવ્યસાગર. આહા..હા..!

અહીં શું કહે છે ૧૧મા બોલમાં? કે વિપરીત માન્યતા જે છે મિથ્યાત્વ એને અહીંયા મોહ કહ્યું. પરમાં સાવધાની થાય છેને? તો રાગ પુણ્યક્રિયા છે, આસ્રવભાવ છે એનાથી ધર્મ થાશે, એનાથી કલ્યાણ થાશે એવું જે મિથ્યાત્વશલ્ય છે એને અહીંયા મોહ કહેવામાં આવ્યો છે. તો ભગવાન આત્મા મિથ્યાશ્રદ્ધાથી વિપરીત સ્વરૂપ છે એનું. એ તો અખંડાનંદ પ્રભુ ચૈતન્ય અનુભૂતિ કરવાથી મિથ્યાત્વાદિ દૂર રહી જાય છે, અંદર આવતા નથી. અને એ મિથ્યાત્વને અજીવ કહેવામાં આવ્યું છે. આહા..હા..! અને પંચ મહાવ્રતના પરિણામને પણ અજીવ કહેવામાં આવ્યા છે. અજીવ કહ્યું ને? અંદર આવ્યું છે. શુભ પરિણામ આવ્યા છે. કેટલામો બોલ છે? પાછળ છે. વિશુદ્ધ. ૧૮મો બોલ છે.

**'સ્વ-પરના એકપણાનો અધ્યાસ હોય ત્યારે વિશુદ્ધ ચૈત્યપરિણામથી જુદાપણું...'** શુભભાવ છેને. કેટલામો બોલ આવ્યા? સંકલ્પ. ૨૬. આહા..હા..! વિશુદ્ધિસ્થાન લ્યો એ. **'કષાયના વિપાકનું મંદપણું...'** ૨૫ પછી છે. **'કષાયના વિપાકનું મંદપણું...'** મંદ રાગ, શુભભાવ એ **'જેમનું લક્ષણ છે એવાં જે વિશુદ્ધિસ્થાનો તે બંધાય જીવને નથી...'** આહા..હા..! એમાં બોલ છેને. કહ્યું છે. એમાં ૨૬મો બોલ છે. આહા..હા..! ૧૧મો બોલ, ૧૨મો બોલ અને આ ૨૬મો બોલ. આહા..હા..! શું કહ્યું? વિપરીત શ્રદ્ધા છે એ મિથ્યાત્વ છે, એ મોહ છે. એનાથી ભગવાન આત્મા ભિન્ન છે. કેમકે મોહભાવ છે એ અજીવ છે. અજીવથી જીવ ભિન્ન છે. આહા..હા..! પોતાની અનુભૂતિ કરવાથી એ ભગવાન મોહાદિથી

ભિન્ન થઈ જાય છે. જ્યારે મોહાદિથી ભિન્ન થાય ત્યારે એને અનુભવ અને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! પછી ચાર બોલ લીધા. આ વિશુદ્ધભાવ મહાવ્રતના. મંદ કષાયરૂપ ભાવ છે એ અજીવ છે. આહા..હા..! છે?

'**જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી** (પોતાની) **અનુભૂતિથી ભિન્ન છે.**' આહા..હા..! શુદ્ધ ચૈતન્ય પરમાત્મસ્વરૂપ, એનો અનુભવ સ્વસન્મુખ થઈને કરવાથી મિથ્યાત્વનો ભાવ અજીવ છે એ અજીવ જીવથી ભિન્ન થઈ જાય છે. અજીવથી જીવ ભિન્ન થઈ જાય છે. આહા..હા..! અરે..! આ વાત! સમજાણું કાંઈ? એ વિશુદ્ધનું કહ્યું. અહીંયાં કહ્યું કે '**તત્ત્વની અપ્રતિપત્તિરૂપ મોહ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી** (પોતાની) **અનુભૂતિથી ભિન્ન છે.**' પછી ૧૨માં કહ્યું '**મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ જેમનાં લક્ષણ છે એવા જે પ્રત્યયો તે બધાય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી અનુભૂતિથી ભિન્ન છે.**' એ વાત અહીંયા કહી કર્તાકર્મમાં. સમજાણું કાંઈ? શું છે આ? .. મણિપુરમાં રહેતા હતા ને તમે? નહિ? પહેલા. ત્યાં થઈને આવ્યા હતા. હિંમતભાઈ ને એ બધા. જંગલમાં ચાલી ચાલીને આવ્યા છ-છ ગાવ. ત્યાં તકરાર હતી ને મોટી. આહા...!

અહીં કહે છે કે '**મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ બંધના સામાન્ય હેતુઓ હોવાથી ચાર કર્તા છે;...**' અને એના તેર ભેદ છે. આહા..હા..! મિથ્યાત્વથી માંડીને સયોગી ગુણસ્થાન તેર એ જીવનું સ્વરૂપ નહિ. એ અજીવનું સ્વરૂપ છે. આહા..હા..! ૫૦થી ૫૫ ગાથામાં છે. ૨૯ બોલ છેને. ૨૯ બોલનો ઉકરડો એમ કહેતા હતા. અમારા નારાયણભાઈ હતા ને. આહા..હા..! ૫૦થી ૫૫ ગાથા એની ટીકામાં એ. એ બોલ અહીંયા લીધા છે. અહીંયા આવ્યું છે, જુઓ!

અહીં એવો તર્ક છે કે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય એના ભેદ ૧૩, એનો જો આત્મા કર્તા નથી તો અમારો પ્રશ્ન છે કે '**પુદ્‌ગલમય મિથ્યાત્વાદિને વેદતો** (ભોગવતો) **જીવ પોતે જ મિથ્યાદષ્ટિ થઈને...**' આહા..હા..! મિથ્યાત્વને ભોગવનાર તો આત્મા છે. તો પછી કર્તા કેમ નહિ? પુણ્યભાવ છે રાગની મંદતા એનો આત્મા કર્તા નથી. એ મંદભાવ છે એ નવા પુદ્‌ગલનો કર્તા છે. ત્યારે કહે છે કે જો પુદ્‌ગલનો આત્મા કર્તા નથી તો એ મંદભાવને તો આત્મા ભોગવે છે, રાગની મંદતા તો આત્મા ભોગવે છે. તો આત્મા ભોગવે છે તો એ કર્તા કેમ નથી? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાણું કાંઈ?

તો એ ઉત્તર આપ્યો કે '(**તેનું સમાધાન :—**) **આ તર્ક ખરેખર અવિવેક છે,...**' છેને બીજો પેરેગ્રાફ? આપણે ચાલતો. '**ખરેખર અવિવેક છે,...**' ભગવાન રાગને ભોગવતો જ નથી. આહા..હા..! ઝીણી વાત બાપુ બહુ. 'કારણ કે **ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી આત્મા નિશ્ચયથી પુદ્‌ગલદ્રવ્ય મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી,...**' એ

કાલે આવી ગયું. કાલે અહીં સુધી આવ્યું હતું.

**'તો પછી પુદ્ગલકર્મનો કર્તા કેમ હોય?'** ગુરુએ કહ્યું. જ્યારે મિથ્યાત્વ અને રાગનો ભોક્તા આત્મા નથી. અજીવનો ભોક્તા જીવ કેમ હોય? તો પછી પુદ્ગલકર્મનો જ્યારે ભોક્તા નથી તો પછી કર્તા ક્યાંથી થયો? એમ કહે છે. ઝીણી વાત ભારે ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? **'માટે એમ ફલિત થયું કે—જેથી પુદ્ગલદ્રવ્યમય ચાર સામાન્યપ્રત્યયો...'** જે ત્યાં ૧૨મા બોલમાં કહ્યું એ. **'પુદ્ગલદ્રવ્યમય ચાર સામાન્યપ્રત્યયોના ભેદરૂપ તેર વિશેષપ્રત્યયો...'** એટલે આસ્રવ. એ બધા આસ્રવ છે. **'કે જેઓ ગુણ શબ્દથી કહેવામાં આવે છે (અર્થાત્ જેમનું નામ ગુણસ્થાન છે)...'** તેરને ગુણસ્થાન કહે છે.

મેડી ઉપર ચડવાની સીઢી હોય છેને સીઢી? પગથિયા. એમ ચૌદ ગુણસ્થાન પગથિયા છે. આ આત્માનો સ્વભાવ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સીઢી-સીઢી. આહા..હા..! એ સીઢી તેર ગુણસ્થાન પુદ્ગલની ચીજ છે, પ્રભુ! તારી ચીજ નહિ. જો તારી હોય તો તારાથી જુદી કેમ પડે? તારો જ્ઞાન અને આનંદસ્વભાવ તારાથી કદી જુદો પડે છે? તેર ગુણસ્થાન મિથ્યાત્વ, અવિરતિ, કષાય, રાગ મંદ એ બધા પુદ્ગલ છે. કેમકે તારી ચીજ નહિ. આહા..હા..! તારાથી એ જુદા પડી જાય છે. માર્ગ ભારે ભાઈ! આહા..હા..!

**શ્રોતા :—** રોજ આપ નવું-નવું કહો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નવું નવું તો એનું સ્પષ્ટીકરણ છે. સ્પષ્ટીકરણ કર્યા વિના સમજાય નહિ. એય..! પોપટભાઈ! લ્યો કહેતા હતા ધીરૂભાઈ. ફાવાભાઈ નહિ? બુદ્ધિ સાધારણ. આ એમના દીકરા મનહર. નહિ? સૂરત. ૬૦ લાખ રૂપિયા એની પાસે અત્યારે છે. સાધારણ હતા ફાવાભાઈ તો. બુદ્ધિ સાધારણ. આની પાસે બુદ્ધિ સાધારણ. પણ પુણ્યને લઈને. પૈસા મળવા એ કાંઈ બુદ્ધિનું કામ નથી. બુદ્ધિના બારદાન હોય, બારદાન સમજ્યા? એ કરોડો પેદા કરે છે. આહા..હા..!

હમણાં ભાઈએ કહ્યું હતુંને? ચીમનભાઈના શેઠ છે. પાટણના ને? વૈષ્ણવ. ૨૫ કરોડ. એમાં ભાઈને નોકરી છે. ચીમનભાઈને. વૈષ્ણવ છે. માણસ નરમ છે. એણે આ વાત સાંભળી.. ઓહો..! શું કહ્યું? કોઈ પાસે નથી. વૈષ્ણવ છે. ૨૫ કરોડ. આ વિષય જગતમાં ક્યાંય નથી. એમ કહેતા હતા. એમાં નોકર છે. આહા..હા..! મધ્યસ્થથી તો જોવે. મધ્યસ્થથી જોવું જોઈએ. પૂર્વનો આગ્રહ છોડીને શું સત્ય છે એ જોવું. એણે સત્યનું શરણ લેવું છેને.

અહીં કહે છે કે **'સામાન્યપ્રત્યયોના ભેદરૂપ તેર વિશેષપ્રત્યયો કે જેઓ ગુણ શબ્દ કહેવામાં આવે છે તેઓ જ કેવળ કર્મોને કરે છે,...'** આહા..હા..! નવા કર્મના બંધનું કારણ તો એ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય તેર ગુણસ્થાન છે. આહા..હા..! એનાથી તો જીવ ભિન્ન છે, તારી ચીજ એનાથી ભિન્ન છે. એ બતાવવા આ વાત કરી છે. જે બંધનું કારણ છે એ તારી ચીજ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? તારી ચીજ તો બંધના

કારણથી તારો સ્વભાવ તો અબંધસ્વરૂપ છે. એ કહ્યું ને ૧૫મી ગાથામાં? ભાઈ! ૧૫મી ગાથા. તારું સ્વરૂપ તો અબદ્ધસ્પૃષ્ટ છે. આહા..હા..! જેણે આત્માનું અબંધસ્વરૂપ જાણ્યું અને સામાન્ય સ્વરૂપને જાણ્યું એણે આખું જૈનશાસન જાણ્યું. એ ૧૫મી ગાથામાં છે. એ ૧૫મી ગાથા છે એમાં. 'पस्सदि जिणसासणं सव्वं'

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।**
**अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।**

એ ૧૪મી. અને

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।**

એ ૧૫મી ગાથા. બધા ક્યાં દેખે? કોઈને અભ્યાસ નહિ. આહા..હા..!

ત્યાં કહે છે કે ભગવાન આત્મા... આ તેર બોલ જે બંધનું કારણ છે એનાથી ભિન્ન અબંધ છે. આહા..હા..! રાગ બંધનું કારણ છે, વ્રતાદિ ભાવ બંધનું કારણ છે. એનાથી ભગવાન અબંધ ભિન્ન છે. ૧૫મી ગાથા. એ અબંધસ્વરૂપને જે અનુભવે એણે જૈનશાસન જોયું. કેમકે જૈનશાસન વીતરાગી પર્યાય છે, તો ત્રિકાળી અબદ્ધસ્પૃષ્ટનો અનુભવ થવાથી વીતરાગી પર્યાય પ્રગટ થાય છે એને જૈનશાસન કહેવામાં આવે છે. આહા..હા..! રાગપર્યાયને જૈનશાસન નથી કહેતા. આહા..હા..! વીતરાગમાર્ગ છેને. રાગ આવે છે, હોય પણ એ જૈનશાસન નથી. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એકલો અનાકુળ આનંદરસકંદ એ અબદ્ધસ્વરૂપ છે. પર્યાયમાં રાગ અને કર્મનો નિમિત્ત સંબંધ છે. સ્વરૂપમાં સંબંધ છે જ નહિ. આહા..હા..! તો અબદ્ધસ્વરૂપ કહો કે મુક્તસ્વરૂપ કહો, રાગના સંબંધ વિનાની અબદ્ધ ચીજ આત્મા છે. અબદ્ધ એ નાસ્તિથી કહ્યું. અસ્તિથી કહો તો મુક્તસ્વરૂપ છે એ તો. આહા..હા..! એવો મુક્તસ્વરૂપ ભગવાન આત્મા એની જેણે પરથી ભિન્ન થઈને અનુભૂતિ કરી એ અનુભૂતિ જૈનશાસન છે. એ આત્માને જેણે જાણ્યો એણે આખું જૈનશાસન જાણ્યું. આહા..હા..! એ વિના શાસ્ત્રના ભણતર-ફણતર કરીને મરી ગયો, એમાં કાંઈ છે નહિ કહે છે. સમજાણું કાંઈ? ચારેય અનુયોગ—આ ચરણાનુયોગ ને કરણાનુયોગ. હવે અનંતવાર કર્યું સાંભળને. એમાં છે શું? એ તો રાગ છે. સમજાણું કાંઈ?

પોતાના આનંદના નાથના સ્વરૂપની અનુભૂતિ કરે છે એ અનુભૂતિ જૈનશાસનનો સાર છે, એ જૈનશાસન છે. આ શું ભાષા! કહો, શેઠ!

**શ્રોતા :-** .. માન્યતા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખોટી—જૂઠી માન્યતા. પોતાએ કરવા પડે. એ નિશાળમાં ચાલતું હતું અમારે. નિશાળમાં અત્યારે તો તમારે જુદું હશે. એ વખતે ડાબલી લઈ જાય ડાબલી. પાણીનું પોતું. કપડાનું પોતુ હોય ને. એટલે લખાવ્યું હોય. પોતું ફેરવી દ્યો. ફરી લખો. કોરી પાટી. કારણ કે એ વખતે ચોપડી બહુ નહોતીને. ૬૦-૭૦ વર્ષ પહેલા. સ્લેટ ઉપર લખતા

હતા. લખાઈ ગયું હોય પછી બીજું લખાવવું હોય તો કહે પોતું ફેરવી દે. પોતું કહેવાય એ. કપડાનો ટૂકડો હોય ને લીલો-લીલો—ભીનો. એમ પૂર્વની માન્યતા ઉપર પોતું ફેરવી દ્યો પહેલા. સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ એવો છે, ભાઈ! કોરી પાટી કરી નાખ.

**'ગુણ શબ્દથી કહેવામાં આવે છે તેઓ જ કેવળ કર્મોને કરે છે,...'** તેઓ જ કેવળ કર્મોને કરે છે. આત્મા દ્રવ્યસ્વભાવ બિલકુલ નહિ. આહા..હા..! જેને જીવ કહીએ અને જીવ સ્વભાવ કહીએ એ તો બંધનો કર્તા બિલકુલ નથી. આહા..હા..! કેમકે એ તો અબંધસ્વરૂપ છે. આહા..હા..! અને અબંધ સ્વરૂપના આશ્રયે અબંધ પરિણામ નામ મોક્ષના માર્ગના પરિણામ ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેથી જીવ પુદ્ગલકર્મોનો અકર્તા છે, ગુણો જ તેમના ર્તા છે;...'** તેર ગુણસ્થાન. **'અને તે ગુણો તો પુદ્ગલદ્રવ્ય જ છે;...'** લ્યો એ ખુલાસો કર્યો જુઓ પહેલા. પહેલા ટીકા હતી ને? **'ખરેખર પુદ્ગલકર્મનો, પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે;...'** એનો આ સરવાળો લીધો. **'અને તે ગુણો તો પુદ્ગલદ્રવ્ય જ છે; તેથી એમ ઠર્યું કે પુદ્ગલકર્મનો પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે.'** પહેલી લીટીનો સરવાળો કરીને આ લીધું. આહા..હા..! ભારે માર્ગ બાપા!

**'તેથી એમ ઠર્યું કે પુદ્ગલકર્મનો...'** નવા બંધનો જૂના તેર ગુણસ્થાન **'જ એક કર્તા છે.'** ભગવાન દ્રવ્યસ્વભાવ એનો કર્તા નથી. આહા..હા..! એ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરાવવા નવા બંધના તેર કારણ કહ્યા એનાથી ભગવાન ભિન્ન છે એમ અનુભવ કર. આહા..હા..! તો તને સમ્યગ્દર્શન થશે. હજી સમ્યગ્દર્શન હોં! આહા..હા..! સમજાણું કાંઈ? તેર ગુણસ્થાન એ દશા બંધનું કારણ હોવાથી તારી ચીજ નથી. એ તેર ગુણસ્થાનને તો અજીવ કહ્યા છે, મૂર્ત કહ્યા છે. સમજાણું કાંઈ? ૬૮ ગાથામાં કહ્યું કે જવમાંથી જવ થાય છે. જવ છેને જવ? જવમાંથી જવ થાય. જવમાંથી ચોખા થાય? જવમાંથી જવ થાય. એમ પુદ્ગલમાંથી પુદ્ગલ થાય છે. તેર ગુણસ્થાન પુદ્ગલમાંથી થયા છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

છઠ્ઠે ગુણસ્થાને સાચા સંતને, અનુભવી સંતને વ્રતનો વિકલ્પ આવે છે એને પણ અજીવ કહ્યો છે અને એ પણ બંધનું કારણ કહ્યું છે. આહા..હા..! જેની દૃષ્ટિ હજી પુણ્ય-પાપ ઉપર પડી છે મિથ્યાત્વની એની તો વાત શું કરવી? એના તો વ્રતાદિના પરિણામ મિથ્યાત્વસહિત બંધનું કારણ છે. પણ જેની દૃષ્ટિ પુણ્ય-પાપના પરિણામથી ખસીને અરે..! તેર ગુણસ્થાનના બંધના કારણથી ખસીને અબંધ જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ પડી, અનુભવ થયો એને પછી બંધ કારણથી ભગવાન ભિન્ન દેખાય છે. આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન છે. હજી એનું નામ ચોથું ગુણસ્થાન છે. એ નિઃશલ્યો વૃત્તિ. એ શલ્ય જેને ગયું છે અને વસ્તુમાં સ્થિરતા અંદર આનંદની થઈ છે એ વૃત્તિ કહેવામાં આવે છે. બાકી બધા શલ્ય છે અને અજ્ઞાની

છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- શાસ્ત્રમાં પ્રત્યયોને...**' પ્રત્યયો એટલે આસ્રવ. આપણે ચાલે છે એ. ભાવાર્થ છેને? '**શાસ્ત્રમાં પ્રત્યયો...**' એટલે આસ્રવ. પહેલા કહ્યા હતા બારમા બોલમાં. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ પ્રત્યય. પ્રત્યય એટલે આસ્રવ, આસ્રવ એટલે નવા કર્મના આવરણનું કારણ.

જેમ વહાણ હોય છેને વહાણ? જહાજ. એમાં છિદ્ર હોય તો પાણી આવે છે. એમ ભગવાન આત્મામાં પુણ્ય અને પાપના ભાવ, મિથ્યાત્વભાવ છે એ નવા કર્મનું કારણ છે. આસ્રવ—છિદ્ર છે એ. આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ પણ વહાણમાં છિદ્ર છે. એ છિદ્રથી—આસ્રવથી તો કર્મ આવે છે. ધર્મ નહિ. આહા..હા..! કઠણ વાત. ચોર્યાસીના અવતારમાં દુઃખી... દુઃખી.. દુઃખી (છે). મુનિવ્રત પણ અનંતવાર પાળ્યા પણ મિથ્યાત્વ ટાળ્યું નહિ. પંચ મહાવ્રત, હજારો રાણીનો ત્યાગ કર્યો અને એને માટે ભોજન બનાવે તો એ પ્રાણ જાય તોપણ ન લે એવી વ્યવહાર ક્રિયા એવી કરી, પણ એ રાગની ક્રિયાથી મારી ચીજ ભિન્ન છે એવું આત્મજ્ઞાન કર્યું નહિ. જે કરવાનું હતું એ કર્યું નહિ અને નહોતું કરવાનું એ કર્યું. સમજાણું કાંઈ?

એ કહ્યું ને છ ઢાળામાં? નહિ? પંડિતજી! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ આત્મા રાગની ક્રિયાથી પર ભિન્ન છે એવું પોતાના આત્માનું જ્ઞાન, દૃષ્ટિ અને અનુભવ ન કર્યો તો થોથા રહ્યા, ચાર ગતિ ઊભી રહી. નવમી ગ્રૈવેયક ગયો પણ ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને, તિર્યંચ થઈને નરકમાં જશે. આહા..હા..! સમજાણું કાંઈ? અને જેણે આત્મજ્ઞાન કર્યું,.. ભલે ચારિત્ર ન હોય.

શ્રેણિક રાજાની વાત ન કરી? શ્રેણિક રાજા રાજમાં હતા. હજારો રાજાઓ ચામર ઢાળતા હતા. હીરાના સિંહાસન. આ હીરાના, લાકડીના નહિ. હીરાના સિંહાસને ચામર ઢાળતા હતા. ક્ષાયિક સમકિતી હતા. આહા..હા..! એનું સમિકત એવું હતું કે સિદ્ધપદમાં જ સમકિત ચાલ્યું જશે. સિદ્ધપદમાં લઈ જશે. સમજાણું કાંઈ? એવા રાજમાં હોવા છતાં, હજારો રાણીના સમુદાયમાં રહેવા છતાં રાગ હતો ચારિત્રદોષ હતો, પણ એ ચારિત્રદોષથી રહિત મારી ચીજ છે એવી અંતરમાં પ્રતીતિ, અનુભવ, સમ્યગ્દર્શન થયું, અનંત જન્મ-મરણ છેદી નાખ્યા. બે ભવ રહ્યા. અહીંથી નીકળીને નરકમાં ગયા. એક ભવ ઈ. ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. આ બે ભવ.

નરકમાં અત્યારે છે. અઢી હજાર વર્ષ ગયા. સાડી ૮૧ રહ્યા. રત્નપ્રભા નામની પહેલી નરક છે. જેમાં જઘન્ય ઓછામાં ઓછી દસ હજારની સ્થિતિ છે, વિશેષમાં વિશેષ એક સાગરની સ્થિતિ છે. એની સ્થિતિ તો ૮૪ હજાર વર્ષની છે. આહા..હા..! નરકમાં છે. સમકિતી છે. ત્યાં પણ સમયે સમયે તીર્થંકરગોત્ર બાંધે છે. કેમકે તીર્થંકર ગોત્ર જ્યારે બંધાય ત્યારથી નિરંતર

બંધાય છે. જ્યારે આઠમું ગુણસ્થાન ભવિષ્યમાં થશે ત્યાં સુધી બાંધશે. આહા..હા..! ત્યાંથી નીકળીને માતાના પેટમાં આવશે. ત્રણ જ્ઞાનના ધણી. આહા..હા..! પેટથી ભિન્ન છે પણ રાગથી ભિન્નનો અનુભવ પેટમાં છે. સમજાણું કાંઈ? હું પેટમાં નહિ, હું રાગમાં નહિ. આહા..હા..! હું તો જ્ઞાયકસ્વરૂપ, ચિદાનંદ સ્વરૂપ છું એમાં હું છું. ત્યાંથી નીકળીને સવા નવ મહિને જ્યારે જન્મ થશે ત્યારે ઈન્દ્રો આવશે. આસન ચળશે. જન્મ થશે ત્યારે આસન ચળે. ઈન્દ્રોને ખબર પડશે કે ઓહો..! કાંઈક ફેર છે. ઉપયોગ મૂકો. ભગવાનનો જન્મ થયો. નીચે ઊતરીને, સિંહાસનથી ઊતરીને ઈન્દ્ર વંદન કરે છે. પ્રભુ! ધન્ય અવતાર! ધન્ય જન્મ! તમારા જન્મથી ચૌદ રાજલોકમાં જરી ક્ષણિક શાતાવેદનીય થઈ જાય છે. આહા..હા..! જેને નરકમાંથી નીકળ્યા, જેઓ તીર્થંકર (તરીકે) અહીં જન્મ થયો તો ચૌદ બ્રહ્માંડમાં નારકીમાં પણ ક્ષણિક શાતા થઈ જાય છે. સુખની શાતા હોં. ઓલું સુખ આત્માના આનંદનું નહિ. એ તો એક સમયે આત્માનું આનંદનું સુખ હોય તો જન્મ-મરણ મટી જાય. સમજાણું કાંઈ? દુનિયાને અને તીર્થંકરપ્રકૃતિને અને ત્રણ લોકને સંબંધ છે. તીર્થંકર પ્રકૃતિનો ઉદય તો હજી તેરમે ગુણસ્થાને થશે. પણ અહીંયાં તીર્થંકર તરીકે જ્યારે જન્મશે.. અરે..! ગર્ભમાં આવે છે તો લોકોને ક્ષણિક શાતા થઈ જાય. ગર્ભમાં આવે છે. ગર્ભમાં આવશે ને. લોકમાં શાતા થઈ જાય. ઓહો..હો..! પછી જન્મ થશે ત્યારે ક્ષણિક શાતા થશે. પછી દીક્ષા લેશે ત્યારે શાતા થશે આખા લોકમાં. પછી કેવળજ્ઞાન અને પછી મુક્તિ. પાંચ કલ્યાણક છેને. આહા..હા..! એ પ્રતાપ છે સમ્યગ્દર્શનનો. બાપુ! સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર ન મળે અને આ બધું આ લઈ લ્યો આ લીધા ને આ દીધા. આહા..હા..!

એ અહીં કહે છે, '**શાસ્ત્રમાં પ્રત્યયો...**' નામ આસ્રવો. મિથ્યાત્વ અને રાગાદિ શુભાદિ ભાવો એ '**બંધના કર્તા કહેવામાં આવ્યા છે.**' છે? શબ્દમાં અર્થ શું છે એને સમજવો. એકલું વાંચન કરે શબ્દો, શબ્દો... પણ ભાવ શું છે એની ખબર નથી. ભાઈએ કહ્યું હતું સવારે. નહિ? કૈલાસચંદજીએ. શબ્દ બોલી જાય પણ અર્થ સમજે નહિ. સવારે ભાઈએ કહ્યું હતું. આહા..હા..! સાકર શબ્દ છે પણ સાકર શબ્દમાં સાકર છે? અને સાકરમાં સાકર શબ્દ છે? અને સાકર શબ્દમાં સાકર છે? સાકર શબ્દમાં સાકર ક્યાંથી આવી? સાકર તો ભિન્ન છે. એમ શાસ્ત્ર શબ્દમાં આત્મા ક્યાં આવ્યો? આહા..હા..! આત્મા તો ભિન્ન છે. આહા..હા..!

**શ્રોતા :-** ... થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પોતાથી થાય છે ત્યારે નિમિત્તથી થયું એમ કહેવામાં આવે છે. એમ છે ભાઈ! શાસ્ત્ર સાંભળવાથી જ્ઞાન નથી થતું. એ તો પહેલા આવી ગયું છે પરમાત્મપ્રકાશમાં. દિવ્યધ્વનિથી પણ આત્મજ્ઞાન નથી થતું. વેદ અને શાસ્ત્ર એમ બે શબ્દ પડ્યા છે. સમજાણું કાંઈ? ૨૩મી ગાથા. ૨૩-૨૩. પરમાત્મપ્રકાશ સવારે ચાલે છેને, ઈ. જુઓ! આહા..હા..!

'**કેવલીકી દિવ્યવાણીસે મહામુનિયોંકે વચનોંસે ઇંદ્રિય ઔર મનસે ભી જો શુદ્ધાત્મા જાના નહીં જાતા હૈ.**' આહા..હા..! ૨૩ ગાથા છે. ૨૩. ૨ અને ૩. સમજાણું કાંઈ? અને એ ૩૬ છે. ત્યાં. જેણે પુણ્ય પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ ઉપાદેય માન્યા એને આત્મા હેય છે. અને જેણે ભગવાન આત્માને (ઉપાદેય) માન્યો એને પુણ્ય પરિણામ હેય છે. સમજાણું કાંઈ? એ ૩૬મી ગાથા છે. .. એમાં નવી વાત કરી છે. આહા..હા..! આત્મા હેય છે. અજ્ઞાનીને આત્મા હેય છે અને જ્ઞાનીને રાગ હેય છે. આહા..હા..! હેય સમજ્યા? છોડવાલાયક. અજ્ઞાનીને આત્મા છોડવાલાયક છે, રાગ આદરણીય છે. જ્ઞાનીને આત્મા આદરવાલાયક છે, રાગ છોડવા લાયક છે. આ દિશા ફેર છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. એ ભાષા એમાં છે. ગૂઢ છે, પણ આ તો ગંભીર છોડી દીધી છે. ટીકા લીધી છે. આત્મા હેય અજ્ઞાનીને છે. હેય નામ પ્રભુને છોડી દીધો. જેણે પુણ્ય પરિણામ, દયા-દાન-વ્રત પરિણામને ઠીક માન્યા, એને ઉપાદેય માન્યા એને ભગવાન ત્રણ લોકનો નાથ રાગથી ભિન્ન એને એણે હેય માન્યો. આહા..હા..! એ છોડવાલાયક થયો. એમ થયું. આહા..હા..! ધર્મીને ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ ઉપાદેય ગ્રહણ કરવાલાયક થયો. એને વ્યવહાર રત્નત્રયનો રાગ પણ હેય છે. સમજાણું કાંઈ? જેણે વ્યવહારરત્નત્રયના રાગને ઉપાદેય માન્યો એને આત્મા હેય છે અને જેણે આત્માને ઉપાદેય માન્યો એને વ્યવહારરત્નત્રય હેય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ગુણસ્થાન પણ વિશેષ પ્રત્યયો જ છે...**' આપણે ચાલે છે એમાં. '**શાસ્ત્રમાં પ્રત્યયો...**' નામ આસ્રવોને '**બંધના કર્તા કહેવામાં આવ્યા છે.**' આસ્રવ શબ્દે મિથ્યાત્વ રાગ-દ્વેષ પરિણામ, અવ્રત પરિણામ, કષાય પરિણામ, શુભભાવ એ બધા આસ્રવ છે. એ '**ગુણસ્થાન પણ વિશેષ પ્રત્યયો જ...**' આસ્રવ જ છે. એ તેર ગુણસ્થાન વિશેષ પ્રકારના આસ્રવ જ છે. '**તેથી એ ગુણસ્થાનો બંધના કર્તા છે. અર્થાત્ પુદ્ગલકર્મના કર્તા છે.**' આહા..હા..! નવા કર્મનો કર્તા તો એ છે.

'**વળી મિથ્યાત્વાદિ સામાન્ય પ્રત્યયો કે ગુણસ્થાનરૂપ વિશેષ પ્રત્યયો અચેતન પુદ્ગલદ્રવ્યમય જ છે,...**' આહા..હા..! અરે..! એકાંત થઈ જાય છે. સાંભળ તો ખરો. નિશ્ચયથી રાગાદિ ભાવ અચેતન પુગદ્લદ્રવ્યમય જ છે. આહા..હા..! પુદ્ગલદ્રવ્ય છે એમ પણ ન કહ્યું. પુદ્ગલદ્રવ્યમય. અભેદ કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુભભાવ વ્રતના, દયા, દાન, ભક્તિનો ભાવ એ પુદ્ગલદ્રવ્યમય જ છે અને એ અચેતન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ને એમ વાંચી જાય પણ ભાવ શું છે એ સમજે નહિ તો એ શું વાંચ્યું?

અમારે પહેલા નિશાળમાં આવતું હતું. ૬૦-૭૦ વર્ષ પહેલા. દલપતરામ. 'વાંચે પણ નહિ

કરે વિચાર એ સમજે નહિ સઘળો સાર.' એવું આવતું હતું. ચોપડીમાં આવતું હતું. ભણતા હતા ને ત્યારે. ૭૦ વર્ષ પહેલાની વાત છે. ૭૦ શું આ તો ૭૫ વર્ષ પહેલાની. બાર વર્ષની ઉંમર ને તે દિ'. 'વાંચે પણ નહિ કરે વિચાર...' વાંચે પણ વિચાર કરે નહિ. 'એ સમજે નહિ સઘળો સાર.' સાર એ સમજે નહિ. કહો, સમજાણું કાંઈ? એ દોલતરામ કહેતા હતા. કવિ હતા. એ મળ્યા નથી પણ એમના દીકરા મળ્યા હતા. અહીં મળ્યા હતા.

**શ્રોતા :-** નાનાલાલભાઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નાનાલાલભાઈ. અહીં. એને ૬૦ વર્ષ થયા ને તો આ દયાનંદ સરસ્વતી છેને એમાં ઉજવણી કરી હતી અને એક મોટા ભાઈ હતા દલપતભાઈના મોટા દીકરા એ વઢવાણ. વઢવાણ નથી? તમારા દરિયાપરીમાં આવતા હતા. આવતા હતા ત્યાં. .... ત્યાં વ્યાખ્યાનમાં આવતા હતા મોટા અને આ નાનો દીકરો નાનાલાલભાઈ અહીં આવ્યા હતા. દલપતરામ તો... અમારી નાની ઉંમર, એ તો વૃદ્ધ. એના દીકરાને જોયા છે. વ્યાખ્યાનમાં આવતા હતા. એ કવિ-બવિ શું?

બનારસીદાસે કહ્યું છે, કે કુકવિ સ્ત્રીના વખાણ કરે કે આમ છે. કેળના ગર્ભ જેવું આમ છે, મોઢું ચંદ્રમાં જેવું છે. લખ્યું છે સમયસાર નાટકમાં. ઈ તમને આપ્યું છેને. કુકવિ એવા વખાણ કરે. સુકવિ ભગવાન આત્માના આનંદની રચના કરે. કુકવિ-સુકવિની વાત છે સમયસાર નાટકમાં. આહા..હા..! કેળના ગર્ભ જેવું આ છે, સ્ત્રીનું મુખ ચંદ્રમા જેવું છે. ધૂળેય નથી હવે. હાડકા છે આ તો. ચામડી જરી આ ઉપરની લીપણ છે. કાઢી નાખે તો ખબર પડે કે થૂંકે નહિ એવી ચીજ છે. આ ચામડી. શેરડી હોય છેને? ગન્ના-ગન્ના. શેરડીની છાલ કાઢી નાખો તો એવું ધોળું દેખાય અંદર. એમ આની છાલ કાઢો તો શું છે? થૂંકે નહિ એવી ચીજ છે. હાડકા, માંસ ને લોહી. આહા..હા..!

એક બાઈનું ભાઈ થઈ હતું એવું. ગઢડામાં. નાનચંદભાઈ હતાને? નાનચંદભાઈ. ગૃહસ્થ મોટા હતા. કંપનીનું શું કહેવાય? ગ્યાસનું. ગ્યાસતેલ. એનું એને ઓલું હતું. એજન્ટ. મોટા એજન્ટ. ઘણા પૈસાવાળા. અત્યારે છે ને. એ બધા છેને એના દીકરાઓ છેને. ઘણા પૈસાવાળા ૨૦-૨૦, ૨૫ લાખ બધા પાસે. એની મા હતા અને એ નાનચંદભાઈની વહુ. એક ફેરી ભીખા માટે ગયા હતા. આ બધા ટૂકડા થઈ ગયેલા. સડી ગયેલું આમ. પૈસાવાળા. ઘણા લાખો રૂપિયા ત્યાં શું કરે? એક ફેરી તો મને બતાવ્યું. એમ કે મહારાજની કાંઈક નજર પડે તો ઠીક રહે. લોકોને એવી આશા છેને. આ બધું ખવાઈ ગયું. ટૂકડા. હોઠેય નહિ ને કાંઈ નહિ. આહા..હા..! શીરો કે હલવો કરી દે. મોઢામાં નાખે. આહા..હા..! એ દશા જોઈ હતી ભીક્ષા લેવા જતા. કપડું બાંધતા હતા. પણ મને જોવા માટે, મહારાજ જોવે તો... આહા..હા..! ઊંડા ઊંડા ઘા વાગી ગયેલા. ચામડી તો બિલકુલ નહિ. લોહી દેખાય. ટૂકડા અંદર નીકળી ગયેલા. માંસ-હાડકા એકલા. આહા..હા..! બાઈ તો બહુ ખાનદાન, બિચારી

નરમ હતી. પાપનો ઉદય ત્યાં.. આ શરીર છે. એ શરીરની સાથે ભોગ લેવા, આવા જડ સાથે. શરીરનો ભોગ નથી. શરીર પ્રત્યે લક્ષ જઈને 'ઠીક છે' એવા રાગનો ભોગ છે એને. શરીર તો જડ છે. આહા..હા..!

અહીં કહે છે કે પ્રભુ તો રાગથી ભિન્ન છે, આત્માનો ભોગ લે છે એ. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મી જીવ રાગથી ભિન્ન, શરીરથી ભિન્ન, પોતાના આનંદનો ભોગ લે છે, આનંદનો અનુભવ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે.. ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું.' આ નાની ઉંમરની વાત છે. બાર વર્ષની ઉંમર હતી ને. અમારા માના મોસાળમાં એક બ્રાહ્મણ હતા. નોકર હતા. સવારમાં ન્હાય. નાહીને કપડા પહેરેને.. પહેરતા પહેરતા આમ બોલતા હતા. આ તો પોણો સો વર્ષ પહેલાની વાત છે. 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે, ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે.' ધર્મી જીવે તો આત્માનો અનુભવ કરવો. આહા..હા..! એય.. ગીરધરભાઈ! તે દિ' તો બાળક (હતા), નાની ઉંમર. આ શું કહે છે કાંઈ સમજાય નહિ. મામા-મામા કહીએ. બ્રાહ્મણ હતા. પણ અમારી માના મોસાળના ગામના હતા એટલે. મૂળજીમામા શું બોલો છો? એ કાંઈ ખબર નહિ. એને પણ ખબર નહિ.

વાત તો એ કે ધર્મીજીવને તો... આહા..હા..! એ રાગના વિકલ્પથી પણ ભિન્ન પ્રભુ એ અનુભવીને એટલું આનંદમાં રહેવું, એ આનંદની દશામાં રહેવું એણે. 'ભજવા પરિબ્રહ્મ..' પરિબ્રહ્મ-પરમ બ્રહ્મ આત્મા, એનું ભજન કરવું સ્થિરતા આનંદ દ્વારા. બીજું કાંઈ ન કરવું રે. એને કાંઈ છે નહિ બીજું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અલિંગગ્રહણમાં કહ્યું છેને? બારમો બોલ નહિ? ભાઈને યાદ બહુ છે હોં! ભાઈ બોલે છે. ચંદુભાઈ. મેં કીધું, બારમો બોલ. બહુ યાદ રહ્યું. ચંદુભાઈ ડોક્ટર. ઘણું યાદ રહે. નહિતર મોટું દવાખાનું છે. બે ભાઈઓ છે. પોતે પેદાશ છે. પચાસ હજારની પેદાશ છે. કોક તો લાખની કહેતા હતા. મોટું દવાખાનું છે. એ તો અહીં આવે છે. કાલે આવ્યા હતા ને. કહ્યું, આત્મા ઈન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. કહે, હા બારમાં. કીધું, યાદ ઘણું! મગજ બહુ છે એનું. વાંચન પણ ઘણું છે એનું. અને બીજો પ્રવિણભાઈ બહુ હુશિયાર. વાંચન કરે તો લોકો ખુશી ખુશી થઈ જાય. રાજકોટ જેવા મોટા શહેરમાં. આ બાજુ છે, પ્રવિણભાઈ છે એ સર્જન છે. નાકના ને એના. ઠીક છે. સર્જન તો આ. અજ્ઞાનને કાપી નાખવું અને ચૈતન્યને જગાડવો એ અહીં સર્જન છે. સમજાણું કાંઈ? તો એ કહે છે.

એ કહે છે, ગુણસ્થાન બંધના કર્તા છે. '**પ્રત્યયો અચેતન પુદ્ગલદ્રવ્યમય જ છે,...**' આહા..હા..! એ વ્રતના, ભક્તિના ભાવ જે છે એ કહે છે કે અત્યંત અચેતન પુદ્ગલમય છે. પ્રભુ! જગતને સાંભળવું કઠણ પડે. પોતાના ચૈતન્ય આનંદની જાતમાં એ છે નહિ. આહા..હા..! એ '**વિશેષ પ્રત્યયો અચેતન પુદ્ગલદ્રવ્યમય જ છે, તેથી એમ સિદ્ધ**

**થયું કે પુદ્ગલદ્રવ્ય જ પુદ્ગલકર્મનું કર્તા છે; જીવ કર્તા નથી.**' ભગવાન આત્મા નહિ. આહા..હા..! જીવ તો જ્ઞાયકસ્વરૂપ અબંધ ચૈતન્યમૂર્તિ છે. એ કેમ બંધનો કર્તા થાય? આહા..હા..! એ તો મુક્તસ્વરૂપ છે. આહા..હા..!

'**જીવને પુદ્ગલકર્મનો કર્તા માનવો તે અજ્ઞાન છે.**' તેર ગુણસ્થાનનો કર્તા માનવો એ અજ્ઞાન છે. એય..! આહા..હા..! બહુ ઝીણું, બાપુ! માર્ગ તો એવો છે પ્રભુનો. આહા..હા..! એ શુભરાગ છે, વ્રતનો, તપનો, અપવાસનો, ભક્તિનો, દાનનો એ રાગ પણ અચેતન પુદ્ગલમય જ છે. એ આત્માનું કાર્ય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન તો ચૈતન્યસ્વરૂપ છે. ચૈતન્યસ્વભાવ એ રાગાદિ પુણ્યભાવ એ સ્વભાવ વિભાવને કેમ કરે? આહા..હા..! કેમ કે વિભાવ પુદ્ગલ અત્યંત અચેતન પુદ્ગલમય જ છે. છે? પ્રત્યય એટલે આસ્રવો. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ, પુણ્ય-પાપભાવ બધા. એ '**અચેતન પુદ્ગલદ્રવ્યમય જ છે, તેથી એમ સિદ્ધ થયું કે પુદ્ગલદ્રવ્ય જ પુદ્ગલકર્મનું કર્તા છે; જીવ કર્તા નથી. જીવને પુદ્ગલકર્મનો કર્તા માનવો તે અજ્ઞાન છે.**' મિથ્યાત્વ છે. આહા..હા..! એ ગાથા પૂરી થઈ લ્યો.

હવે ઓલી આપણે મૂકી દીધી હતી ને. ૧૦૮ મૂકી દીધી હતી ને. એ મૂકી દીધી હતી. ૧૦૮.

जह राया ववहारा दोसगुणुप्पादगो त्ति आलविदो।
तह जीवो ववहारा दव्वगुणुप्पादगो भणिदो।।१०८।।

૧૦૮ બાકી હતી આપણે. કાલે તો મોટો દિવસ હતો ને એટલે માણસ બહુ હતા. બધા પંડિતો હતા એ બધા. ચંદુભાઈ, પ્રવિણભાઈ. ખીમચંદભાઈનું ભાઈ સાંભળ્યું? ત્યાં કાંઈક ઓલું થઈ ગયું. પક્ષઘાતની અસર થઈ ગઈ. હવે તો સારું છે. આ ખીમચંદભાઈ નહોતા બેસતા? વાંચવા ગયા છેને? મંગળભાઈ કહેતા હતા. પક્ષઘાત જેવું મોઢામાં થોડું (થયું છે). .. થઈ ગયું. પણ પછી મટી ગયું. આ જડની (દશા). પક્ષઘાત સમજો છો? લકવાની અસર થઈ ગઈ હતી. હવે સારું છે. મટી ગયું છે. આ શરીરની જડ દશા. આહા..હા..! અને એની દશાનો જે સમય છે તે સમયે દશા થાય જ. કોઈની રોકી રખાય નહિ, ટાળી ટળે નહિ. આહા..હા..! એક ક્ષણમાં આ ભાઈને નહિ ભાઈ? પ્રભુભાઈને. ઘીયા. કરોડપતિ મોટા ગૃહસ્થ. ભાઈ આવ્યા હતા ને? ભાઈના નાનાભાઈ. રતિભાઈ મોટાભાઈ. એ વાત કરતા હતા આમ બધાની સાથે રાત્રે. આમ જ્યાં ઊભા થયા તો પક્ષઘાત.

**શ્રોતા** :- હાર્ટ ફેઈલ થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના. ના. પક્ષઘાત. એમના પિતાજી છે. એમના નાનાભાઈ આવ્યા હતા. બધા હતા. એકદમ અસાધ્ય થઈ ગયા. પછી તો અહીંથી અમે ગયા હતા. સ્થિતિ એવી થઈ ગઈ અને બહુ માણસ. પ્રેમી હતા. અમે ગયા હતા ત્યાં. અસાધ્ય હતા, અસાધ્ય.

પણ પછી વળી એક પા કલાક મંગળિક સંભળાવ્યું. ૩૬ કલાકથી અસાધ્ય હતા. મંગળિક જ્યાં સંભળાવ્યું, પાંચ મિનિટ થઈ થોડી. ત્યાં ચંદુભાઈ આવ્યા હતા. એય.. પ્રભુભાઈ! મહારાજ સોનગઢથી આવ્યા છે. એમ કહ્યું ને એકદમ જાગૃત થઈ ગયા. કોણ જાણે. ૩૬ કલાકથી અસાધ્ય. લાલભાઈ બેઠા હતા, લાલચંદભાઈ. ઓહો..! અડધું અંગ (ખોટું). આમ હાથ કર્યો. આહા..હા..! પા કલાક રહ્યા. પછી અસાધ્ય થઈ ગયા. ત્યાંથી સાંજે અહીં આવવાનું હતું તો પાંચ હજાર રૂપિયા એને જ્ઞાન ખાતે નાખવા હતા. નોટ હાથમાં આપી. પાંચ હજારની નોટ. આહા..હા..! શું જડની દશા! એ જડ ઉપર ભરોસો રાખે છે કે ઠીક રહેશે. આહા..હા..! ઠીક તો નિરોગ અવસ્થા તો તારી અંદર છે. આહા..હા..!

એ તો શેઠને ખબર છેને બહુ. ઘણીવાર એવો કફ આવી જાય પછી હેં.. હેં.. થઈ જાય અને ત્યાં બેસી રહે. શરીરની દશા છેને ભાઈ! અને એ સમયે જે પર્યાય.. સિદ્ધાંત તો એમ કહે છે પરમાત્મા કે છ દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની તે તેનો જન્મક્ષણ છે. એ ઉત્પત્તિનો કાળ જ એનો છે. એ આઘોપાછો ન થાય, નિમિત્તથી ન થાય, દ્રવ્ય-ગુણથી ન થાય. આહા..હા..! ગજબ વાત છે! પરમાત્માનો એ પોકાર છે. જે અનંત દ્રવ્ય છે. જે સમયે જેની જે પર્યાય જે થવાની છે તે થશે. આઘીપાછી નહિ. એ એનો જન્મક્ષણ છે, ઉત્પત્તિનો કાળ છે. આહા..હા..! શરીર ફરી જાય, .. થઈ જાય, આમ થઈ જાય. આહા..હા..!

પ્રભુ તો અખંડાનંદ પ્રભુ છેને. એમાં પક્ષઘાત ક્યાંથી થાય? પક્ષઘાત જડમાં થયો. પક્ષઘાત તો ત્યારે થાય છે કે જ્યારે પોતાના આનંદના નાથની સંભાળ કરી તો મિથ્યાત્વનો પક્ષઘાત થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! એક પક્ષનો નાશ કર્યો. ભગવાનનો પક્ષ સબળ થઈ ગયો. આહા..હા..! હું તો જ્ઞાયક ચૈતન્ય પ્રભુ છું. મારી ચીજમાં રાગ પણ નથી અને હું અલ્પજ્ઞ પણ નથી. હું તો પૂર્ણાનંદ સ્વરૂપ છું એવી દૃષ્ટિ થઈ અને સ્વભાવનો પક્ષ કર્યો તો મિથ્યાત્વના પક્ષનો નાશ થઈ ગયો. સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

નીચે હરિગીત.

**ગુણદોષઉત્પાદક કહ્યો જ્યમ ભૂપને વ્યવહારથી,**
**ત્યમ દ્રવ્યગુણઉત્પન્નકર્તા જીવ કહ્યો વ્યવહારથી. ૧૦૮.**

આહા..હા..!

'**ટીકા :—જેમ પ્રજાના ગુણદોષોને અને પ્રજાને વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે સ્વભાવથી જ...**' શું કહે છે? પ્રજા છે ને પ્રજા? એમની અવગુણદશા કે ગુણદશા એ પોતાથી થાય છે પ્રજાથી. પણ લોકોમાં એમ કહેવામાં આવે છે કે જેવો રાજા તેવી પ્રજા. બોલવામાં આવે છે. એ દૃષ્ટાંત કર્મ ઉપર લગાવશે. વિશેષ કહેશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૩, શનિવાર, તા. ૧૧-૯-૧૯૭૬, ગાથા-૧૦૮ થી ૧૧૫, શ્લોક-૬૩, પ્રવચન નં. ૧૮૨

'**તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં—જોકે તે ગુણદોષોને અને રાજાને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે...**' બધી ભાષા શાસ્ત્રીય છેને. શું કહે છે? ફરીને. '**જેમ પ્રજાના ગુણદોષોને...**' પ્રજાના ગુણ અને અવગુણની દશામાં '**વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે...**' પ્રજાના ગુણ અને દોષ એ વ્યાપ્ય નામ કાર્ય છે અને પ્રજા એની વ્યાપક નામ કર્તા છે. બરાબર છે? '**પ્રજાને વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે...**' પ્રજા એના ગુણદોષની પર્યાયમાં વ્યાપ્ય થઈને એટલે કાર્ય (થાય છે). કર્તા એની પ્રજા છે. આહા..હા..! પ્રજાની પર્યાય જે ગુણદોષ છે એ વ્યાપ્ય છે અને પ્રજા એની વ્યાપક છે. તો વ્યાપ્યવ્યાપકભાવ પ્રજાની સાથે થાય છે. સમજાણું કાંઈ?

'**(પ્રજાના પોતાના ભાવથી જ) તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં—**' એ પ્રજાની પર્યાયમાં સ્વભાવથી ગુણદોષની ઉત્પત્તિ થતાં '**જોકે તે ગુણદોષોને અને રાજાને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે...**' રાજા વ્યાપક કર્તા અને પ્રજાના ગુણદોષની પર્યાય એનું વ્યાપ્ય—કાર્ય એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! કર્તાકર્મ સિદ્ધ કરે છે. આહા..હા..! '**તોપણ—તેમનો ઉત્પાદક રાજા છે એવો ઉપચાર કરવામાં આવે છે;...**' પ્રજાના ગુણદોષનો ઉત્પાદક (રાજા છે એમ કહેવામાં આવે છે). રાજા એવી પ્રજા એમ કહે છેને? જેવો રાજા એવી પ્રજા. એ તો ઉપચારથી કથન છે. ખરેખર એમ છે નહિ. ગુણદોષને ઉત્પન્ન કરનારી તો પ્રજા છે. વ્યાપ્યવ્યપાક વ્યાપક કર્તા થઈને પ્રજા પોતાના ગુણદોષને કરે છે. રાજા એમાં વ્યાપ્યવ્યાપક થઈને એ પર્યાયને કરે એમ તો છે નહિ. છતાં એમ કહેવામાં આવે છે કે રાજા તેવી પ્રજા. એ તો ઉપચારથી કથન છે, વ્યવહારથી કથન છે. આહા..હા..! છે?

'**તેવી રીતે...**' આ તો દૃષ્ટાંત થયું. '**પુદ્‌ગલદ્રવ્યના ગુણદોષોને...**' નવા જે કર્મ બંધાય છે એમાં ગુણદોષ શબ્દે શાતાવેદનીય, યશોકીર્તિ આદિ બંધાય, સમજાણું કાંઈ? કે તીર્થંકરગોત્રની પ્રકૃતિ બંધાય. આહા..હા..! એ પ્રકૃતિના પરિણામ જે છે એ પ્રકૃતિનું કાર્ય છે. અને પ્રકૃતિ એની વ્યાપક છે. આહા..હા..! જુઓ કેટલી સ્વતંત્ર ચીજ છે! '**પુદ્‌ગલદ્રવ્યના ગુણદોષો...**' ગુણ શબ્દે શાતાવેદનીય કે યશોકીર્તિ કે ઉચ્ચ આયુષ્ય, સ્વર્ગ-મનુષ્યનું આયુષ્ય જે પ્રકૃતિમાં બંધાય છે અને દોષમાં અશાતાવેદનીય, નરકનું આયુષ્ય, અપયશકીર્તિ વગેરે એવા દોષ નામ પ્રકૃતિના પરિણામ '**પુદ્‌ગલદ્રવ્યને વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે સ્વ-ભાવથી જ તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં—**' પરમાણુની પર્યાયમાં એ ગુણદોષની ઉત્પત્તિ થાય છે.

આહા..હા..!

પુદ્‌ગલની પર્યાય તીર્થંકરગોત્ર બંધાય તો કહે છે પુદ્‌ગલની પર્યાયથી થઈ છે. એ પુદ્‌ગલની પર્યાય વ્યાપ્ય છે અને પુદ્‌ગલ એમાં વ્યાપક છે. આત્મા એનો કર્તા છે (એમ નથી). આહા..હા..! છતાં જેમ રાજા જેવી પ્રજા ઉપચારથી કહેવામાં આવે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે કે આત્માએ કર્મ બાંધ્યા. એ તો વ્યવહારથી કથન અસત્યભૂતાર્થનયથી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..!

જેવો ભાવ જીવ કરે એ પ્રમાણે પ્રકૃતિ પરમાણુની બંધાય છતાં એ પ્રકૃતિના પરિણામનો કર્તા એ પ્રકૃતિના પરમાણુ છે. આહા..હા..! એ પ્રકૃતિની પર્યાયનો કર્તા પ્રકૃતિ છે, આત્મા નહિ. આહા..હા..! કર્મ બંધન થાય એ પર્યાયનો કર્તા આત્મા નહિ. સમજાણું કાંઈ? જેને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ હોય તો અંદર પ્રકૃતિમાં પુણ્ય બંધન થાય છે શાતાવેદનીય આદિ. અને અવગુણ થાય છે, જે સત્યનો વિરોધ કરે છે તો અંદર દર્શનમોહનીય આદિ, અપયશકીર્તિ આદિ પરમાણુમાં પડે છે. તો એ પરમાણુના પરિણામ પરમાણુ કરે છે. આત્મા કર્તા નથી. આહા..હા..! એટલી સ્વતંત્રતા પોતાના પરિણામ વખતે એ બંધાય, પણ એના પરમાણુની પર્યાય પોતાથી થાય છે. આહા..હા..! હું બહારના કાર્ય કરું. .. આ તમારા લાદી કામ કરે, લોઢાના કામ કરે. એય.. આ લોઢાના અને આ લાદીના. લોઢાનો ધંધો છેને. લોહા-લોહા. આને ઝવેરાતનો ધંધો છે. હીરા-માણેક. ઝવેરી છે. હમણા એ જયપુરને? જયપુરની રાણી પાસે હતા ને ચાર કરોડ? ચાર કરોડનો. તો સરકારે એને ... તો ચાર કરોડ રૂપિયાની મિલકત નીકળી. રાણી પાસે. જયપુરની રાણી. એમાંથી એને એક લાખ મળ્યા. એક લાખ સરકાર તરફથી. વિશેષ છે કે નહિ (એ જાણવા માટે).

**શ્રોતા :-** બુદ્ધિનો પ્રભાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બુદ્ધિનો પ્રભાવ ધૂળેય નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો નિમિત્તનૈમિત્તિક સંબંધ એવો છે. વિશેષ ત્યાં અબજ, બે અબજનો માલ નથી ને એમાં? એ તપાસ કરવા વચ્ચે રાખ્યા. સમજાણું કાંઈ? પણ એ ઝવેરાતની પર્યાય છે એ તો ઝવેરાતથી થઈ છે. એનાથી પૈસા મળે છે ઈ એનાથી નહિ. આહા..હા..! એ પર્યાયનો કર્તા આત્મા ઝવેરી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઝવેરીને તો અશુભ પાપનો ભાવ થયો. પાપનો ભાવ છેને? કમાવા માટે અશુભભાવ હતો. તો અશુભભાવથી અંદરમાં પ્રકૃતિ બંધાણી એ પાપની પ્રકૃતિ પોતાથી પરિણતિ બંધાણી છે એમ કહે છે. આહા..હા..! એય..! એવી વાત છે, બાપુ!

સમય સમયના પરમાણુ અને આત્માની જે પર્યાય પોતાથી થાય છે એમાં બીજાનો અધિકાર છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પરની હું દયા પાળી શકું છું તો પરનું કામ પોતે

કર્તા અને પરની દયાનું કર્મ એનું કાર્ય એમ હોઈ શકે નહિ. આહા..હા..! એનો ભાવ કરે. અજ્ઞાની દયાનો ભાવ છે એ રાગ મારો છે એમ અજ્ઞાની માને. આહા..હા..! જ્ઞાનીને તો એ રાગ મારો છે એમ નથી. રાગ ભિન્ન ચીજ છે, મારી ચીજ નથી. દયાનો ભાવ થયો એ મારી ચીજ નથી. આહા..હા..! એ હવે આવશે. ૧૩, ૧૪, ૧૫ ગાથા. સમજાણું કાંઈ? ચાર ગાથા તો વંચાઈ ગઈ છેને. ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨.

**'જોકે તે ગુણદોષોને અને રાજાને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે...'** જ્ઞાનાવરણાદિ પ્રકૃતિ બંધાય છે એમાં શાતા-અશાતાનો ગુણદોષ પડે એમાં આત્માના વ્યાપ્યવ્યાપકનો અભાવ છે. આત્મા વ્યાપક થઈને એ પરિણતિ થાય છે એમ છે નહિ. આહા..હા..! આવી ગંભીર ચીજ! **'તોપણ-તેમનો ઉત્પાદક જીવ છે એવો ઉપચાર કરવામાં આવે છે.'** જીવે કર્મ બાંધ્યા એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ખરેખર કર્મની પ્રકૃતિ કર્મથી બંધાણી છે. આહા..હા..! બહુ સૂક્ષ્મ.

ખુબી તો એ કે જેવો અહીંયાં તીર્થંકર ભાવ થયો, તીર્થંકરપણાનો ભાવ એ શુભભાવ થયો. હવે એ સમયે પરમાણુ, એવા જ પરમાણુ તીર્થંકરપ્રકૃતિપણે પરિણમે એ સમયે પોતાથી એ પરમાણુ પરિણમે છે. આહા..હા..! અને એ સમયમાં એ પરમાણુની પર્યાય એમ થવાની હતી, જન્મક્ષણ એનો એ હતો. આહા..હા..! શું કહ્યું? તીર્થંકરપ્રકૃતિનો શુભભાવ આવ્યો. સમકિતીને હોય છેને. અજ્ઞાનીને તો હોતો જ નથી. એ શુભભાવ આવ્યો એને જ્ઞાની પોતાનો માનતા નથી. છતાં એ શુભભાવ નિમિત્ત અને તીર્થંકરગોત્ર જે પર્યાયનો બંધ પડ્યો ૧૪૮ પ્રકૃતિમાં ૧૪૮મી પ્રકૃતિ છે. સમજાણું કાંઈ? ૧૪૮માં આમ પછી દાનાદિ છે, પણ એ નામ કર્મની ૯૩ પ્રકૃતિમાં છેલ્લી પ્રકૃતિ છે. આહા..હા..! એ પરમાણુને કેમ ખબર પડી કે એણે ભાવ કર્યો છે તો અહીં તિર્થંકરપ્રકૃતિનું પરિણમન થાય? આહા..હા..! કેટલી સ્વતંત્રતા દેખો! પરમાણુને ખબર નથી પણ એવા જ પરમાણુ પોતાની પર્યાયમાં તીર્થંકરગોત્રની પર્યાયપણે પરિણમે એ પોતાથી પરિણમે છે. બહુ ઝીણું. સમજાણું કાંઈ? એમાં તીર્થંકરગોત્રનો.. શોડષકારણ ભાવના આવે છે ને. 'શોડષકારણ ભાવના ભાયે...' તીર્થંકરગોત્ર. આવે છે, ગોખે પણ ખબર નથી. આહા..હા..! શું કહે છે?

અહીંયા એક પ્રાણી સમ્યગ્દૃષ્ટિ છે. પોતાના જ્ઞાનમાં ભાન છે કે મહાવ્રતના પરિણામ એ મારા નહિ. છતાં મહાવ્રતના પરિણામ નિમિત્ત અને સામે શાતાવેદનીય આદિનો બંધ પડે એ પોતાની પ્રકૃતિના પરમાણુથી બંધ પડે છે. તો એ પ્રકૃતિના પરમાણુને એવી તો ખબર નથી કે આ શુભભાવ છે તો મારે આમ બંધાવું. ઈ ખબરનું શું કામ છે? આહા..હા..! પરમાણુનો એ સમયનો પર્યાયનો સ્વભાવ કે શાતાવેદનીયપણે બંધાય એ પોતાને કારણે છે, પરને કારણે છે નહિ. આહા..હા..! બહુ ઝીણું. સમજાણું કાંઈ?

એક માણસે ક્રોધ કર્યો. ક્રોધ કર્યો તો સામે ચારિત્રમોહનીયના પરમાણુ ક્રોધપણે પરિણમવું

એ પરમાણુ પરિણમે છે. આ ક્રોધ કર્યો છે એ પરમાણુને ખબર નથી. પણ પરમાણુમાં એ સમયની જડ પર્યાય ક્રોધપણે પરિણમે એવો સ્વભાવ છે. આહા..હા..! બહુ ઝીણું બાપા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઠણ નહિ. અભ્યાસ નથી, કોઈ દિ' સાંભળ્યું નથી. ધંધા આડે નવરાશ ક્યાં છે? કહો, શેઠ! બૈરા-બૈરા આવ્યા છેને. તેથી આ હિન્દીનું ઓલું કરતા હતા. કે હિન્દી કરો, હિન્દી કરો. કૈલાસચંદજી છે એની સાથે બૈરા પણ ઘરેથી આવ્યા હતા. હિન્દીનું કહેતા હતા ને.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. બૈરાને તો બહુ ગુજરાતી સમજાય નહિ. શેઠના ઘરેથી આવ્યા છે. આહા..હા..!

ભગવાન એમ કહે છે પરમાત્મા કે અજ્ઞાનીએ રાગના પરિણામ કર્યા. જ્ઞાનીને રાગ થાય પણ એ રાગનો જ્ઞાતા છે. સ્વામી નથી. અજ્ઞાની રાગનો સ્વામી થઈને રાગ કરે છે તો રાગની પર્યાય એનું કાર્ય અને આત્મા એનો કર્તા. એટલું. તો રાગ અને આત્મા વચ્ચે વ્યાપ્યવ્યાપક છે. આત્મા વ્યાપક કર્તા અને રાગની પર્યાય કાર્ય. પણ એ સમયે જે રાગના નિમિત્તે અશાતાદિ બંધ પડે છે એ અશાતાની પરિણતિ જે છે એનો કર્તા આત્મા નહિ. એ રાગ એનો કર્તા નથી. આહા..હા..! ગજબ વાત! એ પરમાણુમાં એ સમયમાં એવી પર્યાય થવાની લાયકાતવાળા પરમાણુ પરિણમન કરે છે. ગજબ વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ બહુ ઝીણો બાપુ. લોકો બહારથી માનીને બેઠા અને અજૈનને જૈન તરીકે માનીને બેઠા છે. આહા..હા..! અમે કર્મ બાંધ્યા, અમે જે કર્મ બાંધ્યા હતા એ અમારે ભોગવવા પડે. એ બધી વાત જ ખોટી છે. તેં તો કર્યો હતો રાગ અને રાગનો ભોક્તા તું છો. બસ. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મ તારાથી બંધાણા નથી અને કર્મનો ભોક્તા તું થતો નથી. એ તો જડની પર્યાય છે. આહા..હા..! ભારે ભાઈ! ... ઓહો..હો..!

પ્રજાની ગુણદોષની પર્યાયનો કર્તા રાજા નથી. પ્રજા પોતાની પર્યાયમાં ગુણદોષની ઉત્પત્તિને કરનાર એ છે. છતાં રાજા એવી પ્રજા એ જેમ ઉપચારથી કહેવામાં આવે છે એમ આત્માએ કર્મ બાંધ્યા એ ઉપચાર વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! હવે અંદરની પ્રકૃતિને એ બાંધે નહિ, એનો કર્તા નહિ, હવે એ બહારના કામનો કર્તા... આહા..હા..! એ સિદ્ધાંત અહીં કહે છે કે અંતરમાં જેવો ભાવ કરે, પુણ્ય-પાપનો ભાવ, એવું જ કર્મબંધન થાય. પણ એ બંધનનો કર્તા પુણ્ય-પાપ ભાવ નથી, જીવ નથી. તો પછી અંતરમાં જે કર્મપ્રકૃતિ એના કારણે બંધાય એનો કર્તા આત્મા નહિ. તો આ બહારની ક્રિયા શરીરની, વાણીની, .. આહા..હા..! સમજાણું કાંઈ?

રમકડા છે ને તમારે રમકડાં. દાખલો ઘરનો આપીએ તો ઠીક. એ રમકડા આમ આમ

છે. આમ ફરે છેને હાથમાં. તો એ પર્યાયનો કર્તા રમકડાં છે. એ પર્યાયનો કર્તા આંગળી પણ નહિ અને બીજો જીવ પણ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એક રમકડું એવું આવ્યું છે. એ રકમડાની ગતિ જે ક્રિયા આમ થાય છે એ ક્રિયાનો કર્તા એ રમકડાના પરમાણુ છે. એની આંગળી પણ નહિ, બીજા આત્માએ આમ ઉપાડ્યું માટે એનો કર્તા છે એમ પણ નથી. આહા..હા..! ભિન્ન ભિન્ન પદાર્થની પર્યાય ભિન્ન ભિન્ન કરનારો એને બીજો શું કરે? એ વાત સર્વજ્ઞ પરમેશ્વરમાં છે. બીજામાં એ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? **'એવો ઉપચાર કરવામાં આવે છે.'**

**'ભાવાર્થ :—જગતમાં કહેવાય છે કે જેવો રાજા તેવી પ્રજા.'** ભાવાર્થ છેને? **'આમ કહીને પ્રજાના ગુણદોષનો ઉત્પન્ન કરનાર રાજાને કહેવામાં આવે છે. એવી જ રીતે પુદ્ગલદ્રવ્યના ગુણદોષનો ઉત્પન્ન કરનાર જીવને કહેવામાં આવે છે. પરમાર્થદષ્ટિએ જોતાં એ સત્ય નથી, ઉપચાર છે.'** વ્યવહાર છે. એ ગાથા પૂરી થઈ લ્યો. કળશ છે થોડો. છે ને કળશ? ૬૩.

**'શ્લોકાર્થ :— 'यदि पुद्गलकर्म जीवः न एव करोति' જો પુદ્ગલકર્મને જીવ કરતો નથી તો તેને કોણ કરે છે? એવી આશંકા કરીને,...'** આશંકાનો અર્થ સમજવાની જિજ્ઞાસા. શંકા નહિ. એ કળશ છેને કળશ? આ બાજુ છે કળશ. ભાવાર્થ પછી. **'જો પુદ્ગલકર્મને જીવ કરતો નથી તો તેને કોણ કરે છે? એવી આશંકા...'** આશંકાનો અર્થ? **'अभिशङ्कया'** શંકા નહિ. આપ કહો છો એ ખોટું છે એમ નહિ. પણ મને સમજાણું નહિ માટે આશંકા કહેવામાં આવે છે. શંકા એને કહીએ કે તમે કહો છો એ વાત ખોટી છે અને આશંકા એને કહીએ તમે કહો છે એ મને સમજાણું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એને આશંકા કહીએ. એ આશંકા અહીંયા છે. આહા..હા..!

**'હવે તીવ્ર વેગવાળા મોહનો (કર્તાકર્મપણાના અજ્ઞાનનો) નાશ કરવા માટે,...'** કર્મની પર્યાયનો કર્તા આત્મા નથી એવા મિથ્યાત્વનો નાશ કરવા માટે કહે છે. **'પુદ્ગલકર્મનો કર્તા કોણ છે તે કહીએ છીએ; તે (હે જ્ઞાનના ઈચ્છક પુરુષો!) તમે સાંભળો.'** એ વાત આપણે આવી ગઈ છે. તેર ગુણસ્થાન કર્મનો કર્તા છે, આત્મા નહિ. એ ચાર ગાથા આવી ગઈને? ૧૦૯, ૧૧૦.

૧૧૩ થી ૧૧૫. બહુ સરસ વાત છે હવે. છે ને ૧૧૩, ૧૧૪ અને ૧૧૫.

जह जीवस्स अणण्णुवओगो कहो वि तह जदि अणण्णो।
जीवस्साजीवस्स य एवमणण्णत्तमावण्णं।।११३।।
एवमिह जो दु जीवो सो चेव दु णियमदो तहाऽजीवो।
अयमेयत्ते दोसो पच्चयणोकम्मकम्माणं।।११४।।

अह दे अण्णो कोहो अण्णुवओगप्पगो हवदि चेदा।
जह कोहो तह पच्चय कम्मं णोकम्ममवि अण्णं।।११५।।

નીચે હરિગીત છે.

**ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,**
**તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો. ૧૧૩.**
**તો જગતમાં જે જીવ તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;**
**નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ. ૧૧૪.**
**જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,**
**તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે. ૧૧૫.**

બહુ સરસ વાત છે. ભાષા ગૂઢ છે.

ટીકા છેને? '**ટીકા :— જેમ...**' શું છે ટીકા? '**જેમ જીવના...**' એ શબ્દ પડ્યો રહ્યો. છે કે નહિ? '**જેમ જીવના...**' છે? '**ઉપયોગમયપણાને લીધે...**' ભગવાન આત્મા તો ઉપયોગ જાણવું-દેખવું સ્વભાવ છે. સમજાણું કાંઈ? છે ટીકા? ૧૧૩, ૧૧૪, ૧૧૫. વચ્ચે ચાર ગાથા તો આવી ગઈ પરમ દિ'. એકમ એકમ. મહેમાન હતા ને.

'**જેમ જીવના ઉપયોગમયપણાને...**' ભાષા દેખો! એ તો જાણવા-દેખવામય સ્વરૂપ આત્મા તો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઉપયોગસ્વરૂપ ન કહ્યું, ઉપયોગમયપણું. જેમ ઉષ્ણ અને અગ્નિ છે એમ ભગવાન આત્મા અને જાણવા-દેખવાનો ઉપયોગ એક છે. આહા..હા..! જાણવા-દેખવામય આત્મા છે. એ '**જીવથી ઉપયોગ અનન્ય છે...**' જેમ અગ્નિ અને ઉષ્ણતા અનન્ય છે, એકમેક છે, અભિન્ન છે. એમ આત્મા અને જાણન... જાણન... જાણન.. દેખન સ્વભાવ એ અભિન્ન એક છે. આત્મા અને જ્ઞાનદર્શન ઉપયોગ એક છે. છે?

'**તેમ જડ ક્રોધ પણ અનન્ય જ છે એવી જો પ્રતિપત્તિ કરવામાં આવે,...**' આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! આત્મા જાણન-દેખનમય અનન્ય છે, એમ વિકારી પરિણામ હોય, ચાહે તો દયા, દાન, ભક્તિ, વ્રત, તપના વિકલ્પ છે એને અહીંયાં ક્રોધ કહ્યો છે. કેમકે આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. આહા..હા..! જેમ જાણવા-દેખવાના ઉપયોગમય પ્રભુ છે, એમ જો રાગમય હોય તો રાગ તો અચેતન છે તો જીવ અજીવ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ ગાથા. શરીર જડ તો પછી કહેશે. આ તો અંદરમાં શુભભાવ ઉત્પન્ન થાય છે કે અશુભભાવ જે થાય છે... એ આત્મા તો ઉપયોગમય છે, જાણન-દેખન સ્વભાવમય છે. આહા..હા..! સવારે આવ્યું નહિ? બહુ (સરસ). ત્રણ ગાથા આવી હતી સવારે.

શુદ્ધદ્રવ્યાર્થિકનયથી... આવ્યું હતું? ભગવાન શુદ્ધદ્રવ્યથી જુઓ તો અંદર શુદ્ધદ્રવ્યાર્થિકનયથી... આહા..હા..! ..થી ઘડો ઘટ ઘટ છે. આહા..હા..! ભગવાન આત્મા અમૂર્ત પદાર્થ છે,

જ્ઞાયકસ્વભાવ છે, વીતરાગભાવરૂપ છે, સદા આનંદરૂપ છે, અદ્વિતીય અતીન્દ્રિય સુખરૂપ છે, અમૃતથી તૃપ્ત તૃપ્ત છે. આટલા વિશેષણ આવ્યા હતા. આહા..હા..! સવારે આવ્યું હતું ને? એવા ભગવાન તો ઉપયોગથી અનન્ય છે. જાણવા-દેખવાથી અભિન્ન આત્મા છે. જેમ જાણવા-દેખવાથી અભિન્ન છે એમ રાગ જે ભાવ છે ક્રોધ, એ એકમેક હોય તો ક્રોધ અને રાગ તો અચેતન જડ છે. આહા..હા..! એ તેર ગુણસ્થાન જડ કહ્યા હતા ને.

શુભભાવ છે—દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ શુભભાવ છે એ રાગ છે. એ રાગ અચેતન છે. કેમકે રાગમાં જ્ઞાનસ્વરૂપનું કિરણ નથી આવ્યું. અચેતન છે, જડ છે. આહા..હા..! જેમ આ શરીર જડ છે એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળું છે. એમ રાગ જડ છે એમાં જ્ઞાનનો અભાવ છે. વર્ણ, ગંધ, રસનો અભાવ છે અને જ્ઞાનનો અભાવ છે. અરે..! સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ જે રાગ છે એ, જેમ આત્મા જ્ઞાનદર્શન અનન્યમય છે એમ, આત્મા રાગથી અનન્યમય થાય તો રાગ જડ છે તો આત્મા ચૈતન્ય છે એ જડ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો હજી વ્યવહાર પંચ મહાવ્રતના પરિણામને અમે ધર્મ કરીએ છીએ એમ માને છે.

અહીં તો કહે છે કે એ પંચ મહાવ્રતના પરિણામ રાગ છે, આસ્રવ છે. એ આત્મા જેમ પોતાના જાણનસ્વભાવથી અભિન્ન છે એમ રાગથી જો અભિન્ન થઈ જાય તો રાગ અચેતન છે, જીવ ચેતન અચેતન થઈ જાય. આહા..હા..! આ સૂક્ષ્મ વાત છે, ભાઈ! અમેરિકા-ફમેરિકામાં આ કાંઈ મળ્યું નહિ હોય ત્યાં. બધા હેરાન થઈને છોકરાઓ દસ-દસ હજાર પેદા કરે એમાં ધૂળમાં શું છે હવે ત્યાં? આહા..હા..!

અહીં તો પરમાત્મા ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવ ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે એમ કહેતા હતા, પ્રભુ! તું તો જ્ઞાનદર્શન ઉપયોગમય છો ને. એ જ્ઞાનદર્શન ઉપયોગમયથી તો તું અભિન્ન છો. જેમ અગ્નિ અને ઉષ્ણતા અભિન્ન છે એમ અગ્નિ ઉપર જે રાખ હોય છેને? છારી-છારી. અગ્નિ ઉપર જરી રાખ. એ રાખ એની થઈ જાય તો રાગ તો અચેતન છે અને અગ્નિ ચેતન છે, જાગૃત છે. તો બે એક થઈ જાય. એમ ભગવાન આત્મા... આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! ચૈતન્યસ્વરૂપ જાણન-દેખન સ્વભાવમય એ દયા, દાન, વ્રતનો ભાવ વિકલ્પ જે છે એ આત્મા જેમ જ્ઞાનમય અભિન્ન છે, એમ રાગ જો અભિન્ન હોય તો રાગ એનું કાર્ય થાય અને આત્મા કર્તા થાય તો આત્મા ચૈતન્ય છે, રાગ જડ છે એનો કર્તા થાય તો ચૈતન્ય જડ થઈ જાય છે. આકરી વાત ભાઈ! સમજાણું કાંઈ? શરીર, વાણી તો એક કોર રહી ગયા ધૂળ બહાર. એ પછી કહેશે. આહા..હા..!

અહીંયા ક્રોધ કેમ લીધું છે? કે સ્વભાવ જે જાણન-દેખન ત્રિકાળી અમૃતસ્વરૂપ ભગવાન,, જેને રાગનો પ્રેમ છે, એ વ્યવહારરત્નત્રય મહાવ્રતાદિના રાગનો પ્રેમ છે એને સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. કૈલાસચંદજી! ઝીણી વાત છે. આહા..હા..! દ્વેષ અરોચકભાવ. આ આનંદઘનજીનું

વચન છે. એ આ. ભગવાન ચિદાનંદ પ્રભુ, એનો પ્રેમ છોડીને જેણે દયા, દાન, વ્રતના પરિણામ આ રાગ છે એનો પ્રેમ કર્યો તો એને સ્વભાવનો દ્વેષ થયો. સ્વભાવ પ્રત્યે ક્રોધ થયો. ભારે વાતું બાપુ આવી તો. આહા..હા..! ક્રોધ કેમ કહ્યું?

ભગવાન ચૈતન્ય પ્રભુ આવ્યું ને? '**જીવના ઉપયોગમયપણાને લીધે...**' એ તો જાણન-દેખન જેનો ત્રિકાળી સ્વભાવ છે. એ કારણે '**જીવથી ઉપયોગ અનન્ય...**' અભિન્ન છે. જાણવા-દેખવાનો ભાવ જીવથી, આત્માથી અભિન્ન છે. '**તેમ જડ ક્રોધ પણ અનન્ય જ છે...**' એ વિકારના પરિણામ અને આત્મા એક છે, અનન્ય છે તો એનાથી જુદો ન હોય '**એવી જો પ્રતિપત્તિ કરવામાં આવે,...**' નીચે છે. '**પ્રતીતિ; પ્રતિપાદન.**' કહેવામાં આવે છે. આહા..હા..!

'**તો ચિદ્રૂપના...**' આહા..હા..! '**અને જડના અનન્યપણાને લીધે જીવને ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે.**' બહુ સૂક્ષ્મ ભગવાન! આહા..હા..! ચૈતન્યસૂર્ય એ તો જાણન-દેખન સ્વભાવનો સૂર્ય છે. ભગવાન તો જ્ઞાયક સૂર્ય છે. એમાં જેમ જ્ઞાયકસ્વભાવ આત્માથી અનન્ય છે, જુદો નથી એમ રાગ અને પુણ્યના પરિણામ પણ આત્માથી અનન્ય હોય, જુદા ન હોય તો એ રાગના પરિણામ અચેતન છે, તો ચેતન અચેતન થઈ જાય. આહા..હા..! ભગવાનજીભાઈ! આવી વાતું છે. માથા ફોડે આખો દિ'. રળવાના ઓલામાં રોકાય એમાં આ કે દિ' સાંભળે? આહા..હા..!

ફરીને હોં! એકની એક વાત બે-ત્રણવાર કહીએ છીએ. એકદમ છોડી નથી દેતા. જેમ ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકભાવ જાણન-દેખન ઉપયોગભાવ એ ભાવ અને આત્મા અનન્ય છે. એ ભાવ અનેરો અને ભાવવાન અનેરો એવી ચીજ નથી. જેમ સાકરની મીઠાશ અને સાકર અનન્ય છે. મીઠાશ અને સાકર એકમેક છે, ભિન્ન નથી. એમ ઉપરનો મેલ છે. આ સાકર ધોતા નથી? ધોવે છેને? દૂધ નાખીને નહિ? સાફ કરે છે. અમારે બૂરું કહે છે. સાકરને બુરુ. બુરુ એટલે માખણ. ભાષા બુરુ કહે છે. બુરુ કહે છે. એ બુરુ નહિ, સારું હોય છે. જગતની ભાષા ઊંધી. સાકરને દૂધ નાખીને સાફ કરે છેને તો મેલ જુદો પડી જાય છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જુદો પડી જાય છે. કેમકે એ સાકરની ચીજ નથી. એમ ભગવાન સાકર આનંદનો કંદ પ્રભુ એ અનન્ય ઉપયોગમય. દયા, દાન, વ્રતના પરિણામ એના નથી. આહા..હા..! એ તો મેલ છે. તો હવે આ શરીર ને બાયડી-છોકરા ક્યાં એના થઈ ગયા? ગરી ગયા? એ તો દૂર રહી ગયા. આહા..હા..! બહુ ગાથા ઊંચી છે. ઓહો..!

ભગવાન જ્ઞાનમય છે. એ તો ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨ માં આવી ગયું કે પુદ્ગલદ્રવ્યનો પુદ્ગલ જ કર્તા છે. નવા કર્મ બંધાય છે એમાં જૂના ભાવ જે વિકારી છે, તેર ગુણસ્થાન, એને પુદ્ગલ જ કહ્યા. વિકારભાવને પુદ્ગલ જ કહ્યા. તો પુદ્ગલ બંધાવામાં પુદ્ગલ કારણ

છે. આત્મા નહિ. એમ આત્મા જેમ પોતાનો જ્ઞાન ઉપયોગમય છે એમ, બંધનું કારણ જે રાગ એ રાગમય જો આત્મા થઈ જાય તો રાગ અચેતન છે, ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય છે. તો ચેતન અચેતન થઈ જાય. આહા..હા..! સમજાય છે?

રાગ છે, ચાહે તો મહાવ્રતનો હોય કે ચાહે તો ભક્તિનો હોય, ભગવાનના સ્મરણનો હોય. એ તો શુભરાગ છે. આહા..હા..! કહે છે કે રાગ તો અંધકારમય છે. એમાં જ્ઞાનસ્વરૂપનો કોઈ ભાગ નથી, કિરણ નથી. આહા..હા..! ભગવાન આત્મા પોતાના જાણનસ્વભાવથી અભિન્ન છે. એ જાણનસ્વભાવ અને સ્વભાવવાન કોઈ જુદી ચીજ નથી. એમ રાગભાવ, જેમ સ્વભાવથી સ્વભાવવાન અભિન્ન છે, એમ રાગભાવથી જો આત્મા અભિન્ન હોય તો રાગ તો અચેતન છે. આહા..હા..! તો આત્મા ચેતન છોડીને અચેતન થઈ જાય. તો રાગનો કર્તા આત્મા છે નહિ. આહા..હા..! એ સિદ્ધ કરવું છે. આહા..હા..! બહુ ઝીણું બાપુ. સમજાણું કાંઈ? આહા..હા..!

આ શરીર, વાણી, મન જડ તો બહાર રહી ગયા. એ ઉપર ઉપર લોટે છે. ચૈતન્યના પ્રવેશમાં એનો પ્રવેશ નથી. પણ પુણ્ય-પાપના ભાવ પણ ઉપર લોટે છે, ચૈતન્યમાં પ્રવેશ નથી એમ કહે છે. આહા..હા..! જેમ પાણીનો પિંડ હોય પાણી. એમાં તેલ તેલ. તેલનું ટીપું મૂકે તો એ અંદર પ્રવેશ કરતું નથી. ઉપર રહે છે. તેલ. ઉપર રહે છે. અંદર પ્રવેશતું નથી. કેમકે પ્રવેશ કરવાનો સ્વભાવ જ નથી તેલનો. એમ ભગવાન આત્મા જ્ઞાન અને દર્શનના પ્રકાશમય પ્રભુ, એમાં રાગનો વિકલ્પ ચીકાશ છે એ અંદરમાં પ્રવેશ નથી કરી શકતો. આવી વાત છે. લોકો તો આ કરો... આ કરો... આ કરો... મારી નાખ્યા જગતને. આ કરો, દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો. અરે.. પ્રભુ! સાંભળ તો ખરો નાથ! એ વિકલ્પ છે એ તારું કાર્ય હોય તો ચેતન અચેતન થઈ જાય. આહા..હા..! છે ગાથા? વાંચન કઠણ છે. વાંચ્યું છે કોઈ દિ' ક્યાં તમે ત્યાં? ચોપડા ફેરવે ઓલા પૈસાના. વાંચન જોઈએ ને, ભગવાન! થોડું વાંચે કે આ શું કહે છે?

અમારા માસ્તર હતા ને નિશાળમાં. એને બૈરા નહોતા. .. યાદ નથી. બૈરા નહોતા તો રાંધતા પોતે. સારા સારા જે છોકરા હોય ને એને બોલાવે એ વખતે. એ રાંધતા રાંધતા .. પણ કહેતા, તમે વાંચીને આવજો. વાંચીને આવ્યા પછી હું શું કહું છું એની તમને ખબર પડશે કે આ અર્થમાં ફેર શું છે. એ ભૂલી ગયા માસ્તર હતા ત્યાં કણબીવાડમાં. છોકરા હુશિયાર હોય ને બે-ત્રણ એને બોલાવે. એટલે એને રાંધતા રાંધતા વાતચીત કરે. બૈરા નહોતા ને એ રાંધતા હતા પોતે. રાંધતા હતા સમજ્યાને? રસોઈ કરતા હતા. રસોઈ કરતા હતા. એ વખતે કલાક, પોણો કલાક નવરાશ હોય ને, ત્યારે વાત કરતા જાય. કહે વાંચીને આવજો. આ પાઠ વાંચીને આવજો. પછી તમે વાંચતાં શું અર્થ સમજ્યા અને હું શું અર્થ કરું છું એનો તમને ખ્યાલ આવશે. સમજાણું કાંઈ? વાંચતી વખતે ખ્યાલ ન હોય એનો ખ્યાલ

કરાવે છે કે વાંચીને તમે શું સમજ્યા? આ પાઠ વાંચ્યો લ્યો. પણ એમાં શું સમજ્યા તમે? આહા..હા..!

૭૨ ગાથામાં તો (કહે છે), ચાહે તો શુભભાવ હોય કે અશુભ હોય, બેયને આસ્રવ કહ્યા અને અશુચિ કહ્યા છે. અશુચિ મેલ. ભગવાન પવિત્રનો પિંડ પ્રભુ છે. આહા..હા..! અને પુણ્ય અને પાપને ત્યાં જડ કહ્યા. ૭૨ ગાથામાં આવી ગયું. જડ કહ્યા. કેમકે એ બીજા દ્વારા જણાય છે. પોતાથી એ જાણતા નથી. પણ બીજા જ્ઞાન વડે એ જણાય છે. એ કારણે એ શુભભાવ જે વ્રતાદિના છે એ પણ અચેતન અને દુઃખ જડ છે. ભગવાન ચૈતન્યમૂર્તિ છે. ત્રીજો બોલ. શુભભાવ છે એ દુઃખરૂપ છે. આહા..હા..! શુભ અને અશુભ બેય છે. પણ અહીં તો વધારે શુભનો પ્રેમ-રસ ગરી ગયો છે ને અંદર. શુભભાવ જે છે એ દુઃખરૂપ છે. ભગવાન આત્મા આનંદરૂપ છે. એવા ત્રણ બોલ લીધા છે ૭૨ ગાથામાં. સમજાણું કાંઈ? આહા..હા..!

આત્મા આનંદ જ્ઞાનમય પ્રભુ, તો કહે છે કે આત્મા એ તો ચૈતન્યપ્રકાશના નૂરનું પૂર છે. આહા..હા..! પાણીનું પૂર જેમ આવે છેને. ઘોડાપુર સમજો છો? આટલું ઊંચું પાણી. દસ-દસ ફૂટ ઉપર આવ્યું હોય. અમે તો નાના છોકરા હતા. અમારે ત્યાં નદી છે કાળુભાર. રમતા ત્યાં. ઉપરથી પાણી ઘોડાપુર આવે. આટલું ઊંચું પાણી. કેમકે નદી-નાળા એકઠા થઈને એકદમ પુર આવે. છોકરાઓને પોકાર કરે માણસો. એય.. નીકળી જાવ, ઘોડાપુર આવે છે. ઘોડાપુર નામ એટલું ઊંચું પાણી. એકદમ આટલું આટલું દળ ચાલ્યું આવે. એને ઘોડાપુર કહે છે. હમણાં કોઈકે નાખ્યો છે હોં! ઘોડાપુર શબ્દ નાખ્યો છે. ઓલા છોકરાએ નાખ્યો છે. સોળ બોલ નાખ્યા ત્યાં. અહીં શબ્દ આવ્યોને.

એમ ભગવાન આત્મા જ્ઞાનના પ્રકાશનું ઘોડાપુર છે. આહા..હા..! એને ખબર ક્યાં છે? અને રાગાદિ જે પરિણામ છે એ તો અચેતન જડ છે. એ ચૈતન્યના પૂરની ચીજ નથી. આહા..હા..! નવ તત્ત્વ છે. આસ્રવતત્ત્વ ભિન્ન છે, જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. નવ છેને? આહા..હા..! ખબર નથી પણ એ વાતની. શું ભાવ છે અને હું શું છું? આહા..હા..!

કહે છે કે એ ઉપયોગ જેમ આત્મા જાણનદેખનસ્વરૂપ ભગવાન આત્મા છે એમ જો આત્મા રાગમય થઈ જાય તો રાગ તો અચેતન છે. છે? **'એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થઈ જાય.'** જીવ અજીવ થઈ જાય તો જીવનો લોપ થઈ જાય. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર છે. જે આત્મા જોયો એ તો સર્વજ્ઞસ્વભાવી આત્મા છે. એકલા જ્ઞાનનો પુંજ છે. જ્ઞાનનું પૂર, જ્ઞાનનું નુર, જ્ઞાનનું તેજ, તેજનું પૂર છે. આહા..હા..! એ જ્ઞાનનો સ્વભાવ અને સ્વભાવવાન બે એક છે. એમ દયા, દાન, વ્રતાદિના પરિણામ જે શુભ છે એ અચેતન છે. એમાં જ્ઞાન નથી. એ અચેતન છે એ ચેતનના જો થઈ જાય તો ચેતન અજીવ થઈ જાય, તો ચેતનનો નાશ થઈ જાય. આહા..હા..! સમજાણું

કાંઈ? છે? આહા..હા..!

**'ચિદ્રૂપના અને જડના અનન્યપણાને લીધે જીવને ઉપયોગમયપણાની માફક...'** જાણન-દેખન ભગવાન આત્માનો સ્વભાવ છે જ્ઞાતા-દૃષ્ટા એની જેમ **'જડ ક્રોધમયપણું પણ આવી પડે.'** તો વિકારમય આત્મા થઈ જશે. આહા..હા..! એનું કર્મ—કાર્ય જો હોય તો એ તો જડ થઈ જશે. આહા..હા..! એમ કહે છે અહીંયા. કર્તાકર્મ છે ને? સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે ભાઈ. ધર્મ ચીજ જિનેન્દ્રદેવ, જિનવરદેવની ધર્મ ચીજ કોઈ અલૌકિક સૂક્ષ્મ છે. આહા..હા..! બહારથી આ કર્યું, જાત્રા કરી, ભક્તિ કરી, પૂજા કરી, વ્રત કર્યા એ ધર્મ, એ છે જ નહિ. એ તો શુભરાગ છે. અને શુભરાગને આત્માનું કર્તવ્ય માને, મારું કાર્ય છે તો એ જડ છે અને આત્મા ચૈતન્ય છે, તો ચૈતન્ય જડ થઈ જાય. આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! એવી વાત છે. નવ તત્ત્વ છે કે નહિ?—જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. આસ્રવ જે પુણ્ય-પાપભાવ છે એ તો આસ્રવ છે. એ જીવતત્ત્વ છે? તો જીવતત્ત્વ જે જ્ઞાનમય છે એ જો આસ્રવનો થઈ જાય તો આત્માનો અભાવ થઈ જાય. તો ચેતનદ્રવ્યનો લોપ થઈ જાય. આહા..હા..! શેઠ સમજાય છે? આ વાત સમજવા જેવી છે. અનંત કાળ ચાલ્યો ગયો. આહા..હા..!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર સીમંધર સ્વામી ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. ત્યાં કુંદકુંદાચાર્ય ગયા હતા આઠ દિન. કુંદકુંદાચાર્ય દિગંબર સંત સંવત્ ૪૯. બે હજાર વર્ષ પહેલા ત્યાં ગયા હતા. આઠ દિન રહ્યા હતા અને ભગવાનની દિવ્યધ્વનિ આઠ દિવસ સાંભળી. ચર્ચા-વાર્તા (કરી). શ્રુતકેવળી મુનિ સંત હતા. ભાવલિંગી આત્મધ્યાની આત્માના રસમાં (લીન) એની સાથે ચર્ચા કરીને આવ્યા અને આ શાસ્ત્ર બનાવ્યા. આહા..હા..! આ સમયસાર, પ્રવચનસાર, નિયમસાર એ સંતોની વાણી, દિવ્યધ્વનિની વાણી છે. આહા..હા..! જગતને સાંભળવી પણ મુશ્કેલ પડે ભાઈ. આહા..હા..!

કહે છે, **'એ રીતે...'** પહેલાં તો આ લીધું કે ચૈતન્ય ભગવાન જે આત્મા જ્ઞાયકસ્વરૂપ છે એ તો જાણન-દેખન ઉપયોગસ્વરૂપ છે અને જાણવા-દેખવાથી તો ભગવાન આત્મા અભિન્ન છે. આ આત્મા આ ભગવાન હોં! એ ભગવાન ભગવાનની પાસે રહ્યા. અહીં તો આત્માને ભગવાન તરીકે જ બોલાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જાગ રે જાગ નાથ! તારી ચીજ તો ભગવાનસ્વરૂપ છેને પ્રભુ! આહા..હા..! એની મા પારણામાં ઝુલાવે છેને બાળકને. તો એ ગીત ગાય છેને. મારો દીકરો ડાહ્યો છે ને આમ છે. તો ઓલો સૂઈ જાય. ગાળ્યું દેશે તો નહિ સૂવે. જોજો કોઈ દિવસ. ગાળ દેશો તો નહિ સૂવે. વખાણ કરશો તો સૂઈ જશે. આહા..હા..! એમ આ ભગવાન... જ્યારે એની મા એને સુવડાવવા માટે ગાણા ગાય છે, ભગવાન આત્મા તીર્થંકર ત્રિલોકનાથ એને જગાડવા માટે કહે છે, ભગવાન ત્રણલોકનો નાથ તું છો. રાગનો પણ કર્તા તું નથી એવી તારી ચીજ છે. જાગ રે જાગ નાથ, સુવું

ન પાલવે હવે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, પ્રભુ! આહા..હા..! ભારે ગાથા આવી છે હોં!

જેમ પોતાનું જ્ઞાનસ્વરૂપ છે, જાણન-દેખન ઉપયોગ છે, એમ જો રાગ પોતાનો થઈ જાય તો '**ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે.**' ક્રોધ એટલે વિકાર. વિકારમયપણું આવી પડે. ત્રીજી લીટી છે. આ તો ત્રણ લીટીમાંથી નીકળવું કઠણ પડે એવી ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**એમ થતાં તો જે જીવ તે જ અજીવ ઠરે,—**' રાગ, પુણ્ય-પાપના ભાવનો કર્તા આત્મા થઈ જાય તો રાગ અને આત્મા એક થઈ જાય તો રાગ અચેતન છે એમ આત્મા અચેતન થઈ જાય '**એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થાય.**' ચૈતન્યનો નાશ થઈ જશે. આહા..હા..!

ભગવાન જાણન ઉપયોગ છે એ રાગનો કર્તા થાય તો જાણન ઉપયોગનો નાશ થઈ જશે. આહા..હા..! આ તે વાત. એ રાગનો કર્તા નથી. એ તો રાગ થાય છે એને જાણનાર છે. રાગનું જ્ઞાનમાં નિમિત્ત થવું. એ જ્ઞાનનો—જાણનારનો કર્તા આત્મા છે. સ્વનું જ્ઞાન અને રાગનું જ્ઞાન એ સ્વપરપ્રકાશ જ્ઞાનની પર્યાયનો આત્મા કર્તા છે, એ પર્યાય એનું કાર્ય છે, રાગ એનું કાર્ય છે નહિ. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! આવો અધિકાર દિગંબર સંત સિવાય ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? એના વાડામાં પડ્યા છે એને પણ ખબર ન મળે. આહા..હા..! આજે લખ્યું છે બિચારાએ ઓલામાં, હોં! એ આવ્યું છે. શ્રમણ નામનું માસિક નીકળે છે. કાશીમાંથી. એમાં લખ્યું છે. અહીં નથી. નહિ? આહા..હા..! આગમ નથી છપાણું?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ. અમે ગયા હતા ને ત્યાં. કાશીમાં એમનું જે મકાન હતું ત્યાં ગયા હતા. અહીં ગુરુ-શિષ્ય આવ્યા હતા. સ્થાનકવાસી સાધુ. પછી આ શોધકમાં પડ્યા ને એ છોડી દીધું. એણે લખ્યું છે. જુઓ.

આગમપથ. આગમપથ સમજ્યા? કલકત્તાથી નીકળ્યું છે. દિલ્હીથી. તમારા દિલ્હીથી લ્યો. અહીં તો બહુ ખબર નથી. વિશેષાંક. સંપાદક-પ્રકાશક-વિનીતકુમાર જૈન. જૈન સંસારમાં આધ્યાત્મિક સંતોમાં તથા અધ્યાત્મવાણીની પુરસ્કર્તાઓમાં શ્રી કાનજીસ્વામીનું સ્થાન સર્વોપરી છે. મોહનલાલ મહેતા છે કોક. ડોક્ટર મોહનલાલ મહેતા અને સહસંપાદક-હરિહરસિંહ અને જમનાલાલ જૈન. એમ છે કોઈક. દિલ્હી. દિલ્હીથી નીકળે છે? કલકત્તા નહિ? આપણે ગયા હતા ક્યાં? બનારસ. હા. બનારસમાં છે આ. આ બનારસનું છે. બનારસ આપણે ગયા હતા. એને ઘરે ગયા હતા. એ વ્યાખ્યાનમાં આવ્યા હતા.

'જૈન સંસારમાં આધ્યાત્મિક સંતોમાં તથા અધ્યાત્મ વાણીમાં પુરસ્કર્તાઓમાં કાનજીસ્વામીનું સ્થાન સર્વોપરી છે. ભગવાન કુંદકુંદની નિશ્ચય આત્મસત્તાપ્રધાન અધ્યાત્મવાણીનો રસાસ્વાદ આજના યુગમાં કાનજીસ્વામીને કારણે એ સંભવ થઈ શક્યું છે. આપની ૮૭મી જયંતિ નિમિત્તે

આગમપથમાં અમારો આ વિશેષાંક પ્રકાશિત કરીને સમાજ સમક્ષ એની અનેક વિશેષતાઓનું ઉદ્‌ઘાટન કર્યું છે. અનેક પ્રકારના મતવાદીઓના બડંબરો.' એટલે શું?

**શ્રોતા :-** આડંબર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આડંબર. ભાષા એવી છે જરી.

'મતવાદીઓના બડંબર અને તોફાનો વચ્ચે કાનજીસ્વામીનું વ્યક્તિત્વ અનુકૂળ-પ્રતિકૂળ બધાને અભિભૂત કરી રહ્યો છે.' અનુકૂળવાળાને સમજવાનું છે અને પ્રતિકૂળવાળા પણ અભિભૂત થઈ જાય છે. 'અને તે અચલ સ્થિર છે. એ તો પોતાની સ્થિતિમાં દઢ સ્થિર છે.' આખી દુનિયા માનો ન માનો. એમ લખ્યું છે. 'અલ્પ..' એ પછી એણે વિનોદના વખાણ કર્યા છે. થોડા સાધને આવું કાઢ્યું હતું બહુ ઠીક. આજ આવ્યું.

અહીં કહે છે... આહા..હા..! વ્યવહાર જેને કહીએ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને મહાવ્રતાદિ બાર વ્રતના ભાવ એ બધો શુભભાવ છે. એ શુભભાવ રાગ છે. ભગવાન આત્મા ઉપયોગ જ્ઞાનમય ઉપયોગમય છે એ જો રાગનો કર્તા થઈ જાય અને રાગથી અનન્ય થઈ જાય તો ચૈતન્યપણું ખોઈ બેસે અને અચેતન થઈ જાય. બીજી વાત એવી કહે છે કે રાગ એનું કાર્ય હોય અને આત્મા કર્તા હોય તો બે એક થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ વાત કરી છે. આહા..હા..! આવી વાત અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ આ એની ટીકા છે. મૂળ શ્લોક ભગવાન કુંદકુંદાચાર્યના છે. ટીકા એની છે. લખે છે ને જુઓ અંદર.

**'એવી પ્રતિપત્તિમાં પણ આ જ દોષ આવે છે.' 'આ પ્રમાણે પ્રત્યય,...'** પ્રત્યય એટલે આસ્રવ. છે? પ્રત્યય ને? મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ એ પ્રત્યય આસ્રવ છે. જેમ રાગ પોતાનો થઈ જાય તો આત્મા જડ થઈ જાય. એમ પ્રત્યય જો આત્માના થઈ જાય તો આત્મા જડ થઈ જાય. આહા..હા..! પ્રત્યય એ આવી ગયું છે. **'નોકર્મ,...'** આ શરીર. શરીરની ક્રિયા પોતાની થઈ જાય તો આત્મા જડ થઈ જાય. સમજાણું કાંઈ? આહા..હા..! આ શરીર હાલે છે, ચાલે છે એ જડની ક્રિયા છે. એ જડની ક્રિયા આત્માનું કાર્ય થઈ જાય તો આત્મા જડ થઈ જાય. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! નોકર્મ છેને?

**'અને કર્મ...'** આઠ કર્મ. પુણ્ય-પાપના ભાવ મિથ્યાત્વ, અવિરિત આદિ એ આસ્રવ કહ્યા. શરીર, વાણી, કર્મ આઠ કર્મ. આહા..હા..! તેઓ **'જીવથી અનન્ય છે...'** કોઈ એમ માની લે કે જેમ રાગ અને આત્મા એક છે એમ આસ્રવ, શરીર અને કર્મ આત્મા એક છે **'એવી પ્રતિપત્તિમાં પણ આ જ દોષ આવે છે.'** એ જ દોષ આવે છે કે આત્મા જડ થઈ જાય, ચૈતન્યનો નાશ થાય છે. આહા..હા..! ભગવાન આત્મા તો જ્ઞાતા-દૃષ્ટા છે. એ પુણ્ય-પાપનો પણ જ્ઞાતા-દૃષ્ટા, શરીરનો જ્ઞાતા-દૃષ્ટા, વાણીનો જ્ઞાતા-દૃષ્ટા, કર્મનો જ્ઞાતા-દૃષ્ટા, નોકર્મ

આ બધી ચીજો બહારની છે એનો તો આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. જ્ઞાતા-દૃષ્ટા પરનો થતો નથી અને પર ચીજ એની થતી નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**હવે જો આ દોષના ભયથી એમ સ્વીકારવામાં આવે કે ઉપયોગાત્મક જીવ અન્ય જ છે...**' જાણન-દેખન ભગવાન અન્ય છે '**અને જડસ્વભાવ ક્રોધ અન્ય જ છે,...**' આહા..હા..! એ શુભ-અશુભભાવને તો અહીંયાં જડ કહ્યા. કેમકે ચૈતન્ય જ્ઞાનસૂર્યની એ ચીજ ક્યાં છે? જેમ જ્ઞાનસૂર્યનું કિરણ તો સફેદ હોય છે અને કોલસો હોય એ સૂર્યની ચીજ છે? એમ આત્માની જ્ઞાનપર્યાય, જ્ઞાતા-દૃષ્ટાની પર્યાય એ તો આત્મા છે. એમાં રાગાદિ અંધકાર ઉઠ્યો, આહા..હા..! કોલસાની કણી ઉઠી એવી ચીજ આત્મા નથી. ભારે ભગવાન! આ વાત બહુ અત્યારે લોપ થઈ ગઈ. બસ! બહારની પ્રવૃત્તિ કરો અને આ કરો. એમાં મરી ગયો કરી કરીને. ચૈતન્ય અંદર કોણ છે? એ તો જ્ઞાનનો પિંડ પ્રભુ છે, એ તો જ્ઞાનનો સાગર છે. આહા..હા..! અનંત અનંત જ્ઞાનાદિ ગુણનું ગોદામ પ્રભુ છે. આહા..હા..! એ તો શક્તિઓનો સાગર છે, સ્વભાવનો સાગર અને શક્તિનો સંગ્રહાલય, અનંત શક્તિનું સંગ્રહનું સ્થાન ભગવાન છે. ક્રોધનું સ્થાન ભગવાન આત્મા નથી. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંદર શક્તિઓનો પિંડ પડ્યો છે. ભગવાન દરિયો ઉછળે છે અંદરથી. આહા..હા..! અમૃતનો સાગર ન કહ્યું. અમૃતથી તૃપ્ત તૃપ્ત જ છે આત્મા. આહા..હા..! ચૈતન્ય ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ સ્વરૂપ એ તો અમૃતસ્વરૂપ, આનંદરૂપ...આહા..! અદ્વિતીય અતીન્દ્રિય સુખરૂપ, વીરાગરૂપ. એ તો વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા અત્યારે છે. આહા..હા..! એને રાગવાળો માનવો અને રાગનું કર્તવ્ય માનવું એ તો જડ થાય છે એમ કહે છે. આહા..હા..! ભારે વાત, બાપુ! આહા..હા..! છે?

'**જડસ્વભાવ ક્રોધ અન્ય જ છે, તો જેમ ઉપયોગાત્મક જીવથી જડસ્વભાવ ક્રોધ અન્ય છે તેમ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ અન્ય જ છે...**' એમ આસ્રવ, મિથ્યાત્વ, કષાય, યોગ, યોગનું કંપન્ન... આહા..હા..! અને શરીર અને કર્મ અન્ય જ છે. '**કારણ કે તેમના જડસ્વભાવપણામાં તફાવત નથી...**' આહા..હા..! શરીર જડ છે, વાણી જડ છે, કર્મ જડ છે. એમ પુણ્ય-પાપના ભાવ પણ જડ છે. આહા..હા..! ગજબ વાત છે. વ્યવહારથી નિશ્ચય થાય, વ્યવહારથી નિશ્ચય થાય આ પોકાર જગતનો. એ અંધકારથી પ્રકાશ થાય. સમજાણું કાંઈ? વ્યવહાર કરો... વ્યવહાર કરો... વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થઈ જશે. અંધકાર કરો, અંધકાર કરતા કરતા પ્રકાશ થઈ જશે. ઝીણું છે. ભગવાન બહુ ઝીણું બાપા! ભાઈ! તારા હિતની વાત છે હોં. આહા..હા..! અનાદિથી કાળથી તું વિકારમાં ડૂબી ગયો છે. વિકારનું કાર્ય મારું અને હું કર્તા. એ કર્તાકર્મ અભિન્ન થઈ ગયું. વ્યાપ્ય વિકાર અને વ્યાપક આત્મા, એ તો એક થઈ ગયા.

શ્રોતા :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જુદો પાડે. જુદો જ છે એની ખબર નથી એમ કહે છે. એ જ્ઞાયક વ્યાપક થઈને વિકારની વ્યાપ્ય દશા કરે એ ચીજમાં નથી. એ તો રાગ થાય છે એનું જ્ઞાન કરે અને જ્ઞાનની પર્યાયનો કર્તા આત્મા છે, પણ રાગનો કર્તા આત્મા નથી. આહા..હા..!

'**(અર્થાત્ જેમ ક્રોધ જડ છે તેમ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ જડ છે). આ રીતે જીવને અને પ્રત્યયને એકપણું નથી.**' જીવ અને આસ્રવમાં એકપણું છે નહિ. મિથ્યાત્વ હોય, અવ્રતભાવ હોય, સમજાણું કાંઈ? એ બધો કષાયભાવ અને ભગવાન ભિન્ન છે. એવી દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એ સિવાય રાગનો કર્તા થાય તો મિથ્યાત્વભાવ થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ-૪, રવિવાર, તા. ૧૨-૯-૧૯૭૬, ગાથા-૧૧૬ થી ૧૨૦, શ્લોક-૬૩, પ્રવચન નં. ૧૮૩

.. જેવો એ વિકારભાવ કરે છે અજ્ઞાની એ પ્રકારનું સામે કર્મ બંધન થાય છે એ સમયે. તો એ સમયે કર્મબંધન થાય છે એ કર્મ પુદ્‌ગલની પર્યાયના પરિણમનથી થાય છે. આત્માએ વિકાર કર્યો માટે એનાથી પરિણમન થયું એમ છે નહિ. આહા..હા..! બહુ સૂક્ષ્મ. એ વાત કહે છે.

'**હવે સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ પુદ્‌ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ કરે છે (અર્થાત્ સાંખ્યમતી પ્રકૃતિ-પુરુષને...**' કર્મ અને આત્મા બેને '**બેને અપરિણામી માને છે તેને સમજાવે છે ) :—**' ગાથા.

जीवे णसयं बद्धं ण सयं परिणमदि कम्मभावेण।
जदि पोग्गलदव्वमिणं अप्परिणामी तदा होदि।।११६।।
कम्मइयवग्गणासु य अपरिणमंतीसु कम्मभावेण।
संसारस्स अभावो पसज्जेदे संखसमओ वा।।११७।।
जीवो परिणामयदे पोग्गलदव्वाणि कम्मभावेण।
ते सयमपरिणमंते कहं णु परिणामयदि चेदा।।११८।।
अह सयमेव हि परिणमदि कम्मभावेण पोग्गलं दव्वं।
जीवो परिणामयदे कम्मं कम्मत्तमिदि मिच्छा।।११९।।

णियमा कम्मपरिणदं कम्मं चिय होदि पोग्गलं दव्वं।
तह तं णाणावरणाइपरिणदं मुणसु तधेव।।१२०।।

નીચે હરિગીત.

**જીવમાં સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં કર્મભાવે પરિણમે,**
**તો એવું પુદ્‌ગલદ્રવ્ય આ પરિણમનહીન બને અરે! ૧૧૬.**
**જો વર્ગણા કાર્મણ તણી નહિ કર્મભાવે પરિણમે,**
**સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૧૭.**
**જો કર્મભાવે પરિણમાવે જીવ પુદ્‌ગલદ્રવ્યને,**
**કયમ જીવ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૧૮.**
**સ્વયમેવ પુદ્‌ગલદ્રવ્ય વળી જો કર્મભાવે પરિણમે,**
**જીવ પરિણમાવે કર્મને કર્મત્વમાં-મિથ્યા બને. ૧૧૯.**
**પુદ્‌ગલદરવ જે કર્મપરિણત, નિશ્ચયે કર્મ જ બને;**
**જ્ઞાનાવરણઈત્યાદિપરિણચ, તે જ જાણો તેહને. ૧૨૦.**

એ કુંદકુંદાચાર્યની ગાથા. એનું હરિગીત. એની ટીકા.

'**ટીકા :—જો પુદ્‌ગલદ્રવ્ય જીવમાં સ્વયં નહિ બંધાયું થકું...**' આહા..હા..! ઘણી સૂક્ષ્મતા છે. જીવ પુણ્ય-પાપના ભાવ રચે એ સ્વતંત્ર છે. પુણ્ય-પાપના ભાવ પણ કર્મની અપેક્ષાએ કરે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ વિકારપણે જો જીવ પરિણમે છે એ પોતાના ષટ્‌કારકની ક્રિયાથી પરિણમે છે. આહા..હા..! શું કહ્યું એ? કે વિકાર પરિણામનો કર્તા પરિણામ, વિકારનું કાર્ય વિકાર, વિકારનું કરણ સાધન વિકાર, વિકાર કરીને પોતામાં રાખે, પોતાથી થયો અને પોતાના આધારે થયો. સમજાણું કાંઈ? જેમ એ વિકારી પર્યાય જીવની પોતાના ષટ્‌કારકથી થાય છે, એમ કર્મ એ વખતે બંધાય છે એની પર્યાય પણ ષટ્‌કારકથી–પોતાથી પરિણમે છે. આહા..હા..! આવી વાત. સમજાણું કાંઈ? એ કહે છે. જુઓ!

'**જો પુદ્‌ગલદ્રવ્ય જીવમાં સ્વયં નહિ બંધાયું થકું...**' કર્મરૂપે પરિણમન થઈને જીવની સાથે કર્મ પોતાથી ન બંધાય તો '**કર્મભાવે સ્વયમેવ ન પરિણમે,...**' જે કર્મભાવથી સ્વયમેવ કર્મ ન પરિણમે '**તો તે અપરિણામી જ ઠરે.**' તો તે કર્મ છે એ બદલવાની પર્યાયવાળો ન રહ્યો. પરિણામ બદલવાનો એનો સ્વભાવ છે એ તો ન રહ્યો. અપરિણામી કૂટસ્થ રહ્યો. '**એમ થતાં, સંસારનો અભાવ થાય.**' કારણ કે કર્મરૂપ પર્યાય ન હોય તો નિમિત્તમાં ન હોય તો જીવને સંસાર જ નથી. સમજાણું કાંઈ?

કર્મના પુદ્‌ગલ પોતાથી કર્મરૂપે પરિણમવાની પર્યાય ન હોય તો જીવમાં નિમિત્તપણું કર્મનું છે તો વિકાર પણ નથી અને સંસાર પણ નથી. આહા..હા..! ઝીણી વાત છે આ. સમજાણું કાંઈ?

**'(કારણ કે પુદ્‌ગલદ્રવ્ય કર્મરૂપે ન પરિણમે તો જીવ કર્મરહિત ઠરે;...'** તો કર્મરહિત આત્મા સિદ્ધ કહેવામાં આવે. સંસાર તો રહ્યો નહિ. **'તો પછી સંસાર કોનો?) અહીં જો એમ તર્ક કરવામાં આવે કે 'જીવ પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે...''** શું કહે છે જરી? જીવ રાગ-દ્વેષ કરે છે એ કર્મનું બંધન કરે છે, કર્મની પર્યાય એ કરે છે. સમજાણું કાંઈ? એમ કોઈ તર્ક કરે. (જેટલા) પ્રમાણમાં રાગ અને દ્વેષ કર્યો એટલા પ્રમાણમાં સામે કર્મની પર્યાય રાગ-દ્વેષે કરી. સમજાણું કાંઈ? હવે પ્રશ્ન છે. **'તેથી સંસારનો અભાવ થતો નથી,...'** અજ્ઞાનીનો પ્રશ્ન છે.

**'તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છે :— શું જીવ સ્વયં અપરિણમતા પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે...'** છે? આહા..હા..! કર્મરૂપે પુદ્‌ગલ પરિણમતા નથી એને જીવે પરિણમાવ્યા? સમજાણું કાંઈ? જેમ કે વિકલ્પ થયો કે હું આંગળીથી રોટલીના ટૂકડા કરું. તો કહે છે કે આંગળી પોતાથી પરિણમી છે કે તારી ઇચ્છાથી પરિણમી છે? આહા..હા..! કેમકે જો એ તારાથી ન પરિણમી હોય તો એ એને કારણે પરિણમી છે. આંગળી એને કારણે એમ થઈ છે. તારી ઇચ્છાથી થઈ નથી. આહા..હા..! એનો સ્વભાવ થયો. દેખો!

**'શું જીવ સ્વયં અપરિણમતા પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે...'** જે પુદ્‌ગલ નથી પરિણમતા એને જીવ પરિણમાવે? આહા..હા..! લોજિકથી તો વાત કરે છે ન્યાયથી. **'કે સ્વયં પરિણમતાને?'** કાં એ કર્મ પોતે સ્વયં પરિણમે છે એને પરિણમાવે કે નહિ પરિણમતાને પરિણમાવે? આહા..હા..! સમજાણું કાંઈ?

માટીમાંથી ઘડો થાય છે. તો કહે છે કે ઘડાનું પરિણમન માટીથી થયું છે અને એ પરિણમન પોતાથી નહી થઈને કુંભારથી થયું હોય તો પોતાના પરિણમનના કાળે પરિણમતો નથી અને કુંભારે પરિણમાવ્યો? સમજાણું કાંઈ? ઘડાની પર્યાય કુંભારે પરિણમાવી? એ કુંભારે પરિણમાવ્યો ઘડારૂપે. તો એનો પરિણમન સ્વભાવ હતો કે નહિ? પરિણમન સ્વભાવ નહોતો તો એને કેવી રીતે પરિણમાવ્યો? અને પોતાનો પરિણમન સ્વભાવ છે તો બીજાની અપેક્ષા એને છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે ઇચ્છા થઈ કે જીભને હલાવું. આ હલે છેને જીભ? તો કહે છે કે એ પરિણમે છે એને જીવે પરિણમાવી કે નથી પરિણમતી એને પરિણમાવી? કે જો પરિણમતી ન હોય તો બીજાથી પરિણમી શકે નહિ અને પોતાથી પરિણમતી હોય તો બીજાની અપેક્ષા છે નહિ. લોજિકથી તો વાત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ કર્મ છે એમાં જો પરિણમવાની શક્તિ ન હોય તો આત્મા એને પરિણમાવે છે? જો શક્તિ ન હોય તો બીજો કેમ પરિણમાવે? અને પોતાની શક્તિથી પરિણમે છે તો એને બીજાની અપેક્ષા છે નહિ. આહા..હા..! ઓ..હો..હો..!

એમ આંખ થાય છેને આમ. તો કહે છે કે જીવે આંખ આમ કરી? તો પરિણમન એનું છે કે જીવે પરિણમન કરાવ્યું? અને એનાથી પરિણમન થાય છે તો જીવે કર્યું શું એમાં? અને પોતાથી પરિણમે નહિ તો બીજો એને કેમ પરિણમાવી શકે? આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાત છે. એની ક્રિયા એ આત્માની નહિ એમ કહે છે. આહા..હા..! કર્મબંધનની ક્રિયા આત્માની નહિ, તો વળી આ શરીરની ક્રિયા, વાણીની ક્રિયા એ આત્માની.. એ તો એના પરિણમનથી ભાષા થાય છે. શરીર પણ એના પરિણમનની પર્યાયથી શરીર ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

નહિતર તો એની પર્યાયપણે પરિણમવાનો એનો ભાવ ન હોય તો બીજો કેમ પરિણમાવી શકે? અને એનો પરિણમવાનો ભાવ છે, પરિણમે છે તો એમાં બીજાની અપેક્ષા ક્યાં છે? આહા..હા..! ગજબ વાત છે! સમજાણું કાંઈ? એ પ્રશ્ન બહુ ચાલ્યો હતો ત્યાં વર્ણીજી પાસે. (સંવત) ૨૦૧૩ની સાલ. પોતામાં જે વિકાર થાય છે એમાં કર્મની અપેક્ષા નથી. પોતામાં વિકાર પોતાના ષટ્કારકથી પરિણમે છે. પંચાસ્તિકાયની ૬૨ કહી હતી. વીસ પંથીની મેડી ઉપર ઉતર્યા હતા ને. તો નીચે રૂમમાં એ ચર્ચા ચાલી હતી. બધા હતા. હિંમતભાઈ, રામજીભાઈ, ફૂલચંદજી બધા પંડિત ઘણા હતા.

કહ્યું કે વિકાર જે થાય છે—મિથ્યા શ્રદ્ધા, રાગ, દ્વેષ, પુણ્ય-પાપ, વિષય, વાસના. એ પર્યાય આત્માના ષટ્કારકથી પોતાથી થાય છે. એમાં કર્મના કારકની અપેક્ષા છે નહિ. એ વાત એને ન બેઠી. એ વાત ચાલતી જ નહોતી. કહે નહિ, એમ નથી. કર્મ છે તો વિકાર થાય છે. મોટી ગબડબ ચાલતી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તમે તો બેઠા હતા, સાંભળતા હતા. ક્યાં ભાન તમને હતું ત્યાં એ વખતે? એય.. શેઠ! નહિ? બેઠા હતા કે નહિ? આ પણ બેઠા હતા, શોભાલાલજી પણ બેઠા હતા. એ રૂપમાં નહિ વીસપંથીમાં. મેડી ઉપર અમે ઉતર્યા હતા અને નીચે રૂમમાં. ફૂલચંદજીએ કહ્યું, સ્વામીજી કહે છે કે વિકાર પોતાથી નિશ્ચયથી થાય છે. પર કર્મની અપેક્ષા એમાં છે જ નહિ. પરિણમવાની શક્તિથી પરિણમે છે એમાં પરની અપેક્ષા શું? અને પરિણમનની શક્તિ ન હોય તો બીજો પરિણમાવી શકે એવી તાકાત નથી. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! સમય સમયનો વિકાર પોતાની પર્યાય પોતાના ષટ્કારક—કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન છ કારકથી થાય છે. અને કર્મની પર્યાય જે થાય છે એ પર્યાયનું પરિણમન પણ પોતાના ષટ્કારકથી થાય છે. આહા..હા..! રાગ-દ્વેષ કર્યો તો કર્મ પરિણમ્યું એમ છે નહિ. આહા..હા..! ડોક્ટર! ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

જુઓ! આ પાનું આમ થયું. કહે છે કે આમ થવાની એની તાકાતથી થયું છે કે આંગળીથી થયું છે? જો એમાં એવી તાકાત ન હોય તો બીજું દ્રવ્ય એને તાકાત આપી શકે નહિ.

અને પોતાની તાકાતથી થયું હોય તો આંગળીની અપેક્ષા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે. સમય સમયની પ્રત્યેક દ્રવ્યની પર્યાય તે તે કાળે પોતાથી થાય છે એ સિદ્ધ કરવું છે. પરથી નહિ. આહા..હા..!

અહીંયાં કહે છે કે કર્મરૂપ પરિણમન થાય છે એ તો અજીવની પર્યાય છે. અજીવ એ રૂપે પરિણમ્યું છે તો એની શક્તિથી પરિણમ્યું છે? કે તારાથી પરિણમ્યું છે? કે એની શક્તિથી નહિ, મારાથી. પોતાની પરિણમવાની શક્તિ ન હોય તો બીજો પરિણમાવી શકે નહિ. અને પોતાની પરિણમવાની શક્તિ હોય તો બીજાની અપેક્ષા એમાં છે નહિ. આહા..હા..! આવી વાત હવે, આમાં નવરાશ ક્યાં? દયા પાળવી, વ્રત કરવા અને ભક્તિ કરવી. સહેલું સટ જીંદગી ચાલી જાય. મરી જાય અને ચાર ગતિમાં રખડે. આ તત્ત્વ જીવ અને અજીવ બે ભિન્ન અને જીવની પર્યાય અજીવ ન કરે અને અજીવની પર્યાય જીવ ન કરે. હોય એક સમયે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

પાણીમાં માખી હોય માખી. પાણી નીકળી જાય.. તો કહે છે કે આંગળી જે આમ થઈ એ તારીથી ઈચ્છા થઈ? તેં કરી? એનામાં એવી પરિણમવાની શક્તિ ન હોય તો તું શું કરી શકે? અને (એમ પરિણમવાની શક્તિ એનામાં છે તો તારી) અપેક્ષા ક્યાં છે એને? આહા..હા..! સમજાણું કાંઈ? બંધ અધિકારમાં કહ્યું ને કે હું પરને જીવાડી શકું છું. તો કહ્યું, સાંભળ. બંધ અધિકારમાં છે. એના આયુષ્યની સ્થિતિ હતી એટલે જીવે છે કે તેં જીવવાનો આધાર આપ્યો? તેં એને આયુષ્ય આપ્યું કે જેથી તેં જીવાડ્યો? અને એના આયુષ્યથી જીવે છે તો તેં જીવાડ્યો ક્યાંથી? સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો અંતરની વાત કરીને બહારની સાથે વાત મેળવે છે. એ આવ્યું ને? જ્યારે ક્રોધ પોતાથી થાય છે, પરથી નહિ. તો એ ક્રોધ નિશ્ચયથી પોતાનું કાર્ય નથી. સમજાણું કાંઈ? જ્ઞાનીનું એ રાગ કાર્ય નથી. વિકારી કાર્ય હોં! આહા..હા..! અહીં તો અજ્ઞાનીનું વિકારી કાર્ય સિદ્ધ કરીને એ સમયે કર્મબંધ થાય છે તો એને કારણે કર્મને કારણે પરિણમન થાય છે. અહીંયા વિકાર કર્યો તેથી બંધન થયું એમ છે નહિ. આહા..હા..!

જ્ઞાનીને રાગ થાય છે. એ થાય છે એમ કહેવું એ વ્યવહાર છે. જ્ઞાનીને તો રાગસંબંધી જ્ઞાન થાય છે. પોતાનું જ્ઞાન અને રાગસંબંધી જ્ઞાન એ જ્ઞાનીને થાય છે. સમજાણું કાંઈ? હવે એ જ્ઞાન જે સ્વપરપ્રકાશક થાય છે એ રાગથી જ્ઞાન એમ થયું? રાગથી જ્ઞાન એમ થયું તો પોતાના પરિણમનની શક્તિથી પરિણમ્યું છે કે રાગથી પરિણમ્યું છે? અને પોતાથી પરિણમ્યું હોય તો રાગની અપેક્ષા નથી ત્યાં. આહા..હા..! પોતાના પરિણમનની શક્તિ છે સ્વપરપ્રકાશકપણે (પરિણમવાની) તો એને રાગની અપેક્ષા નથી. અને પોતાથી ન પરિણમતી હોય તો રાગ પરિણમાવી શકે એવી તાકાત છે નહિ રાગમાં. આહા..હા..!

એ કહે છે જુઓ! **'શું જીવ સ્વયં અપરિણમતા પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે...'**

છે? જે કર્મ નથી પરિણમતા એને જીવ પરિણમાવે છે? **'કે સ્વયં પરિણમતાને?'** સ્વયં પરિણમે છે એને પરિણમાવે છે? **'પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ;...'** પોતાથી પરિણમન ન હોય તો બીજો પરિણમાવી શકે એમ ત્રણ કાળમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ ચશ્મા છે જુઓ! તો કહે છે, અહીંયાં છે એ અહીં આવ્યા. તો એની પરિણતીની પર્યાયથી ત્યાં આવ્યા છે કે તારી આંગળીથી આવ્યા છે?

**શ્રોતા :-** તો ઊડીને આવ્યા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઊડીને આવ્યા એને કારણે. પોતાના પરિણમનથી જો ન થાય તો આંગળી ક્યાંથી પરિણમાવે અને પોતાથી પરિણમે છે તો બીજાની અપેક્ષા છે નહિ. આહા..હા..! આવું છે. દુનિયાથી પાગલ જેવી વાત છે. આહા..હા..! આખો દિ' વેપાર-ધંધા કરે અને આ કર્યા ને આ કર્યા ને આ કર્યા. ભગવાનજીભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ ધંધો કરે? જડની પર્યાય આત્મા કરે? એ તો અહીં ચાલે છે. જડની પર્યાયની પરિણમવાની એની શક્તિ છે તો પરિણમે છે? કે તારે કારણે પરિણમે છે? જો એને કારણે પરિણમે છે તો એને તારી અપેક્ષા ક્યાં છે? અને ન પરિણમી શકે તો એને બીજો શું દઈ શકે? સમજાણું કાંઈ? આહા..હા..! એ તો કહે છે. અંદરની વાત કરે છે આ તો. હજી બહારની તો સ્થુળ છે.

ભગવાન આત્મા રાગ કર્યો, દ્વેષ કર્યો, વિષયવાસના (થઈ). તો એ સમયે ચારિત્રમોહની પ્રકૃતિ જડથી પોતાથી પર્યાયપણે પરિણમે છે. કહે છે કે પોતામાં પરિણમનની પર્યાયનો કાળ છે તો પરિણમે છે? કે રાગે એને પરિણમાવી? તો જે પોતામાં પરિણમે નહિ એને બીજો પરિણમાવી શકે નહિ અને પોતાથી પરિણમે છે તો રાગની અપેક્ષા છે નહિ. આહા..હા..! ઘણી તત્ત્વની ભિન્નતા. આમ બોલે કે જીવ તે અજીવ નહિ અને અજીવ તે જીવ નહિ. અને પછી અજીવની પર્યાય હું કરી શકું. એ તો અજીવ અને જીવ એક થઈ ગયા. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ સૂક્ષ્મ વાત ભાઈ!

આ વકીલ કોર્ટમાં દલીલ કરે ને દલીલ? કહે છે કે દલીલની પરમાણુની પર્યાય પરિણમે છે એને પરિણમાવી કે નથી પરિણમતી એને જીવે પરિણમાવી? કે એ દલીલની પર્યાય પરમાણુપણે પરિણમે છે એને મેં પરિણમાવી. તો પરિણમે છે એને બીજાની અપેક્ષા છે નહિ. જીવની અપેક્ષા એને નથી. અને નથી પરિણમતો તો બીજો એને પરિણમન કરાવે એવી પણ તાકાત છે નહિ. આહા..હા..!

આ લખાય છે. તો કહે છે કે એ સમયમાં એ પરમાણુની અક્ષરરૂપે પરિણમવાની પર્યાય થઈ એનાથી થઈ છે કે તારા હાથથી અને તારા ભાવથી થઈ છે? કે જો અક્ષરરૂપની પર્યાયમાં પરિણમવાની શક્તિ ન હોય તો હાથ અને આત્મા એને પરિણમાવી શકે નહિ. અને એને

કારણે અક્ષરની પર્યાય પરિણમે છે તો બીજાની અપેક્ષા એને છે નહિ. આહા..હા..! આ માણસ હોયને ડાહ્યા હુશિયાર બહુ. તો કહે, મારા અક્ષર બહુ આમ.. શું કહેવાય એ? મોતીના દાણા જેવા અક્ષર પડે છે. નામું લખે ને નામું. ધૂળેય લખે નહિ. સાંભળ તો ખરો. આહા..હા..! એ અનંત પરમાણુનો એક અક્ષર. એ અનંત પરમાણુ અક્ષરપણે પરિણમ્યા છે તો અક્ષર થયો છે, તારી કલમથી અને તારાથી થયો નથી. જો એ અક્ષરરૂપે પરિણમવાની શક્તિ ન હોય તો બીજો એને શક્તિ આપી શકે? અને પોતાથી પરિણમવાની શક્તિ હોય તો બીજાની અપેક્ષા રહે? આહા..હા..! બહુ ઝીણું બાપુ! જૈન વીતરાગમાર્ગ.

**શ્રોતા :-** અભિમાન ગળી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભિમાન. આ હું કરું.. હું કરું જ્યાં ત્યાં. અમે હુશિયાર છીએ અને અમે જગતની વ્યવસ્થા કરવામાં હુશિયાર છે. વ્યવસ્થા. જડની વ્યવસ્થા, વિશેષ અવસ્થા, પરમાણુની વ્યવસ્થા વિશેષ અવસ્થા એનાથી થાય છે એમાં તું શું કરે? આહા..હા..! વ્યવસ્થા થવાની અવસ્થાની પર્યાય છે તો થાય છે કે તારાથી વ્યવસ્થા થઈ? સમજાણું કાંઈ? વ્યવસ્થિત બેસી જાવ બધા. બધાને પીરસીએ છીએ. પીરસીએ કહે છે ને? આ લાડુ-બાડુ ભોજનમાં. હારમાં બેસી જાવ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! ઈ વાત અહીં કહે છે. જે હારમાં બેસી ગયો એ પર્યાય જડની થઈ કે તારાથી થઈ? આહા..હા..! અને વાસણમાં લાડવા આવ્યા એ લાડવાના પરિણમનથી આવ્યા છે કે તારી ઈચ્છાથી આવ્યા છે? પોતાની પરિણતિથી લાડવા આવ્યા હોય તો તેં કર્યું શું? અને પોતાની પરિણતિથી ન આવે તો તું પરિણતિ કરાવી શકે કઈ રીતે? આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું કહે છે?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની મેળાએ થઈ ગયું. રામજીભાઈએ કર્યું નથી. આ વજુભાઈનું રામજીભાઈ વજુભાઈનું નામ આપે છે. ઈજનેર ઈજનેર આપણે. છેને? વજુભાઈ ક્યાં ગયા? એ બેઠા ઓલી કોર. પરમાણુની પુદ્ગલની પર્યાય થવાના કાળે એ પરમાણુનું પરિણમન એમ થયું છે. ઈજનેરથી નહિ, કડિયાથી નહિ, મશીનથી નહિ. આ અક્ષર લખ્યા છે મશીનથી એ વાત સાચી નથી એમ કહે છે. ગજબ વાત છે, બાપા!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુનિયાને સમજાવવું હોય તો શું કહે? સમજાણું કાંઈ?

એ એક એક અક્ષર અનંત પરમાણુનો પિંડ છે. તો એ અનંત પરમાણુનું પર્યાયપણે

પરિણમવું એ એની તાકાતથી પરિણમ્યા છે. મશીનથી નહિ. ઓહો..હો..! તમારે મશીન છે ને શેના એ? શું કહેવાય એ? જોડા. શેના કીધા? પ્લાસ્ટિક પ્લાસ્ટિક. છે ને, ત્યાં ગયા હતા, અમે જોયું હતું. પ્લાસ્ટિકના જોડા. એ પ્લાસ્ટિકના પરમાણુ એ જોડાપણે.. જોડા સમજ્યાને? જુતા. જોડાપણે પરિણમે છે એ પોતાથી જોડાપણે પરિણમ્યા છે કે બીજાથી? જો પોતાથી પરિણમ્યા ન હોય તો બીજો પરિણમાવી શકે નહિ અને પોતાથી પરિણમે છે તો બીજાની અપેક્ષા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ વીતરાગનો માર્ગ દુનિયાને કઠણ, બાપા! ઉજ્જૈનમાં અમે ગયા હતા ને. મોટો સંચો હતો અઢી કરોડનો. વિનોદ મીલ. ઉજ્જૈન-ઉજ્જૈન. ક્યાં ગયા? છેને ઉજ્જૈનવાળા? વિનોદ મીલ છેને? એ શેઠ લઈ ગયા હતા. લાલચંદશેઠ ત્યાં ગયા હતા ને. પગલા કરવા લઈ ગયા હતા. એક માણસ ઊભો હોય બસ. એમાં રૂ નાખે રૂ. કપડું થઈને નિકળી જાય. બસ! એ ક્યાંક તૂટી ગયું હોય તો માણસ દોરો સાંધે. બસ! એટલું. બીજું કાંઈ કરે નહિ. જેવું અહીંયા રૂ નાખ્યું રૂ તો કપડું થઈને બહાર નિકળે. આહા..હા..! એ કપડું સંચાથી બન્યું નથી. આહા..હા..! માણસે તો બનાવ્યું નથી. સમજાણું કાંઈ? વિનોદ મીલ છેને. લાલચંદ શેઠ. અઢી કરોડનો સંચો. ત્યાં ગયા હતા. એના મકાનમાં ઉતર્યા હતા. પણ એને ભ્રમણાનો પાર નહિ. જોડે અમે હતા ત્યાં બ્રાહ્મણ પાસે મંત્ર જપાવતા હતા, બ્રાહ્મણ પાસે. અરે.. કીધું આ ક્યાં? મંત્ર જપાવે. શેઠિયાઓને ભ્રમણાનો પાર ન મળે. બહારથી પૈસાવાળા કહેવાય. આહા..હા..! અને જૈન કહેવાય.

અરે..! જૈન કેવા? જૈન તો એને કહેવામાં આવે છે કે જડની અનંત પરમાણુની જે સમયે જે પર્યાય થાય છે એ મારાથી નથી થતી અને મારી પર્યાય જે થાય છે એ પરથી નહિ અને એનાથી રાગાદિ થાય છે એ પણ મારી ચીજ નથી. હું તો જ્ઞાતા-દૃષ્ટા છું એવો ભાવ હોય એને જૈન કહેવામાં આવે છે. બાકી બધા અજૈન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** પરીક્ષા લેતા કેટલા પાસ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરીક્ષા લેતા પાસ થાય કો'ક. આહા..હા..! આ શ્લોક તો બહુ ઊંચો! પહેલા જડની વાત આવશે. પછી પાંચ શ્લોકમાં જીવની વાત કરશે.

'**પ્રથમ, સ્વયં અપરિણમતાને...**' જો પરમાણુ કર્મપણે ન પરિણમતા હોય તો '**પર વડે પરિણમાવી શકાય નહિ.**' સમજાણું કાંઈ? '**કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ (પોતાથી જ) ન હોય...**' પોતામાં પર્યાય પરિણમવાની શક્તિ '**ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ.**' આહા..હા..! બીજું દ્રવ્ય ન કરી શકે. '**(માટે પ્રથમ પક્ષ અસત્ય છે.) અને સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય;...**' આહા..હા..! સમય સમયની પર્યાય પોતાથી થાય છે એને બીજાની અપેક્ષા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

પરમાગમના પરમાણુના સ્કંધ પુદ્‌ગલ પોતાની પર્યાયથી આમ ઊભો થઈ ગયું છે. બીજાએ કર્યું છે એ વાત તદ્દન જૂઠી છે. મોટર પેટ્રોલથી ચાલે એ વાત ખોટી છે. મોટરમાં ચાલવાની શક્તિ ન હોય તો મોટર ચલાવી શકે એમ પણ નથી. અને પોતાથી ચાલી શકતી હોય તો પેટ્રોલની એને જરૂર નથી. અરે.. અરે..! ગાંડા કહે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ છે. નવું.. આત્મા તો અનાદિનો છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ વાત સાંભળવી પડશે નવાને. માનવી પડશે અને યથાર્થ આ જ છે. આહા..હા..! ગજબ વાત બાપુ!

ભગવાન તો ભેદજ્ઞાન બતાવે છે. પરની પર્યાય તારાથી નહિ, તારી પર્યાય પરથી નહિ. એ સમયે એમ કેમ કહ્યું? કે જેમ જ્ઞાનાવરણીયની પર્યાય જ્ઞાનાવરણીયપણે થઈ. અહીંયાં દોષ કર્યો હતો. તો એમ ત્યાં કેમ થઈ? કેમ થઈ શું? એનો એ સમયનો એ પરિણમનનો કાળ હતો માટે ત્યાં થઈ છે. આહા..હા..! એણે જ્ઞાનાવરણીય બાંધવાનો ભાવ કર્યો માટે જ્ઞાનાવરણીયપણે પરિણમવું પડ્યું એમ છે નહિ. આહા..હા..! ગજબ વાત છે બાપુ! 'જડ અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન.' એક આત્મા બીજા આત્માની પર્યાયને કરે... આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે આ શબ્દ છે એ કાને પડે છે તો ત્યાં જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે? તો જ્ઞાનની પર્યાય શબ્દથી ઉત્પન્ન થઈ કે એને કારણે જ્ઞાનની પર્યાયને કારણે જ્ઞાન પર્યાય ઉત્પન્ન થઈ? જો પોતાથી ઉત્પન્ન ન થાય તો શબ્દ કરે શું? અને પોતાથી ઉત્પન્ન થાય છે તો શબ્દનું કામ શું છે? આહા..હા..! એય..! આવી વાત છે, ભાઈ! નવા અને જૂના બધાએ આ જાણવું પડશે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભડકે તો શું થયું? આહા..હા..! આ ગાથાઓ જ ઊંચી છે. આહા..હા..!

**'સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની...'** સ્વયં બદલાતો હોય એને બીજા બદલાવનારની '**અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.**' આહા..હા..! વાહ રે વાહ!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રોટલા-રોટલી બહેન-દીકરી કરતી નથી. બહેન-દીકરી જ ક્યાં છે? આત્મા આત્મા છે, શરીર શરીર છે, જડ છે. રોટલી રોટલી છે. રોટલી કરે છેને? રોટલા-રોટલા. તો કહે છે કે આમ હાથથી રોટલા થાય છે એમ ત્રણ કાળમાં નથી. એ પરમાણુની

પર્યાય એમાં પરિણમવાની શક્તિ છે માટે પરિણમ્યા છે. એ આંગળીથી પરિણમે તો એ પરિણમવામાં બીજા દ્રવ્યની જરૂર ક્યાં છે? અને ન પરિણમે તો બીજો પરિણમાવી કેમ શકે? આહા..હા..!

**શ્રોતા :-** નિમિત્ત તો પછી ઊડી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્ત ઊડી ગયું. નિમિત્તની વ્યાખ્યા છે. નિમિત્ત હોય, પણ એનાથી પરમાં થાય છે એમ છે નહિ. એ વાત કરે છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તનું કાર્ય નિમિત્તમાં રહ્યું. કુંભારનું કાર્ય કુંભારમાં રહ્યું. કુંભારે ઘડો બનાવ્યો નથી ત્રણ કાળમાં. ઘડો કુંભાર બનાવે તો કુંભારનો સ્વભાવ એમાં ઘૂસી જાય. સમજાણું કાંઈ? એ વાત આવી ગઈ છે, પહેલા આવી ગઈ છે. ૧૦૪ ગાથા. માટીમય ઘટકર્મ માટીથી થયું છે એમાં કુંભારે શું નાખ્યું? પોતાનું દ્રવ્ય નાખ્યું? પોતાની પર્યાય નાખી કે જેથી ઘડો થયો? આહા..હા..! અરેરે..! ભારે વાતું બાપુ!

એમ કપડા વણે છેને કપડા વણે છે. વણે છેને તાણા-વાણાથી. તો કહે છે કે કપડા વણવાની પર્યાયના કાળમાં એના પરિણમનથી કપડું થયું છે કે વણકરના કારણે કપડું આમ થયું છે? કે વણકરના કારણે. પરિણમવાની શક્તિ નથી તો બીજો પરિણમાવી શકે? અને પોતાની પરિણમનની શક્તિ છે તો એમાં બીજાની અપેક્ષા ક્યાં છે? આહા..હા..! આ જ વાત હતી ૨૦૧૩ની સાલમાં. પોતાનો વિચાર કરવામાં પરની કર્મની અપેક્ષા છે નહિ. પણ એ કદી સાંભળ્યું નથી. હિન્દુસ્તાનમાં એ વાત હતી જ નહિ. સમજાણું કાંઈ?

એ તો બિચારા કહેતા હતા એ. કોણ? દેવકીનંદન. ઈંદોરના દેવકીનંદન પંડિત. એને બતાવ્યું જ્યારે સર્વવિશુદ્ધ (અધિકારમાંથી) ક્રમનિયમિત. ઓહો..હો..! ક્રમે ક્રમે જે સમયે જે પર્યાય જ્યાં થાય છે એ પોતાથી થાય છે. કર્મ.. અલૌકિક વાત છે! ઓહો..હો..! અમે તો બધા પંડિત લોકો બધા પંડિતો, સાધુ અને પંડિતો બધા, નિમિત્તથી થાય એમ વાંચ્યું છે અમે. કહેતા હતા બિચારા. આવી વાત અમે સાંભળી નથી તો શું કરીએ અમે? અહીંયાં આવ્યા હતા. શેઠની સાથે આવ્યા હતા. શેઠ આવ્યા હતા ને? હુકમચંદજી. હુકમીચંદની સાથે આવ્યા હતા. દેવકીનંદન, જીવનધર, બંસીધરજી. બંસીધર ઈંદોરવાળા નહોતા? ગુજરી ગયા. એ બધા આવ્યા હતા ને ત્રણ વાર. આવ્યા હતા ને, શેઠ ત્રણ વાર આવ્યા. એક વાર પાંચની સાલમાં આવ્યા હતા, પછી ઉદ્‌ઘાટનમાં અને પછી શીલાન્યાસ વખતે આવ્યા હતા. આ મકાન છેને? શું નામ એનું? પ્રવચન હોલ. એના શીલાન્યાસમાં આવ્યા હતા અને પછી એના ઉદ્‌ઘાટનમાં આવ્યા હતા. ત્રણ વાર આવ્યા હતા. રાજકુમાર એકવાર આવ્યા હતા. એના દીકરા છે ને ઈ એકવાર આવ્યા હતા. એ તો જુવાન માણસ.

જ્યારે અમે પહેલી વાર ગયા ત્યારે બહુ સારું બોલતા હતા. મહારાજ કહે છે કે નિશ્ચયથી

થાય તો વ્યવહાર કરવાનું ક્યાં આવ્યું? વ્યવહાર હોય છે વચ્ચે આવે છે. વ્યવહાર કરવો એ કહેતા નથી એ બરાબર કહે છે. એમ કહેતા હતા. પહેલા હોં! પહેલા (સંવત) ૨૦૧૩ની સાલ. પણ પછી પરિચય નહિ (એટલે એમ કહેવા લાગ્યા) નહિ, નહિ. પૂજા, ભક્તિથી કાંઈક થાય છે તો કરો. ભગવાન! સાંભળ તો ખરો. પૂજા-ભક્તિનો ભાવ છે એ તો શુભ છે. આહા..હા..! સ્વાહા. ગાય છે નહિ? ... સ્વાહા. એમ બોલે છેને? એ ભાષાની પર્યાય આત્મા કરે છે? ભાષાની પર્યાય થવાની શક્તિ એની નથી? અને ચોખા આમ નાખે છે તો પોતાથી ચોખા આમ પડે છે? પોતાની પર્યાયને કારણે ચોખા સ્વાહામાં આવી જાય છે. આહા..હા..! અરે..! આવી વાત.

ભિન્ન ભિન્ન તત્ત્વમાં ભિન્ન તત્ત્વ બીજા તત્ત્વનું કરે શું? એ તો ભગવાનનો સ્વતંત્રતાનો ઢંઢેરો પીટ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત સાધારણ લાગે. (પણ) સાધારણ નથી. એક પરમાણુની બીજા પરમાણુથી.. સમજાણું કાંઈ? આ આંગળી છેને આ આંગળી, તો આ આંગળી ઉપર આ આંગળી રહી છે એમ નથી. એ આંગળીના પરમાણુ ત્યાં પોતાના આધારે રહ્યા છે. આ ઘોડીને આધારે આ પુસ્તક રહ્યું નથી એમ કહે છે. એ પરમાણુમાં અધિકરણ પોતાના આધારે રહેવાની શક્તિ છે. આરે..આરે..! આહા..હા..! સમજાણું કાંઈ?

લોઢાની નાખે છેને? શું કહે છે? કૈંચી. એ દાખલો આપ્યો હતો શેઠ હતા ત્યારે. આ કેંચી છે એ કેંચી ભીંતને આધારે રહી છે એમ છે નહિ અને કેંચીને આધારે ઉપરનું શું કહેવાય? છાપરું. ઈ એને આધારે રહ્યું છે એમ નથી. શેઠ આવ્યા હતા ને જ્યારે. હુકમીચંદ. એને અમારા ઉપર પ્રેમ બહુ હતો. નિર્ણય નહોતો. નિર્ણય નહોતો પણ પ્રેમ હતો. સ્વામીજી કાંઈક કહે છે બીજું. પંડિતોએ સમજવું પડશે. એમ કહેતા હતા. ત્રણ વાર આવ્યા હતા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, લખ્યું છે. એ કહેતા હતા. એક મળશે, પુરુષ મળશે. ઈ કહેતા હતા મને ખાનગીમાં. જન્માક્ષરમાં લખ્યું છે એવો યોગ થઈ ગયો. એક પુરુષ મળશે તમારી દૃષ્ટિ ફરી જશે ત્યાં. ત્યાં તમને સત્ય મળશે. એમ કહેતા હતા. પણ પછી વિશેષ નિર્ણય નહિ. પછી તો શરીર પણ એવું થઈ ગયું. ખાટલામાં સૂતા હતા બસ. ૨૦૧૩ની સાલમાં ગયા હતા. સૂતા સૂતા વ્યાખ્યાનમાં ગાડી લાવ્યા હતા. સૂતા હતા અને વ્યાખ્યાન સાંભળતા હતા. આ જડની પર્યાય કેવી ક્યાં થાય? શું આત્માને આધીન છે? આહા..હા..! ડોક્ટર તો મટાડી શકે કે નહિ? આ રહ્યા ડોક્ટર સર્જન. આ ડોક્ટર રહ્યા. આ જામનગરના, આ રાજકોટના. ધૂળેય કરે નહિ. ડોક્ટર કોણ? ડોક્ટર કોને કહેવા?

**શ્રોતા :-** પોતે ડોક્ટર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મરી જાય છે ડૉક્ટર ને. આહા..હા..! એ હિંમતલાલ નહિ? હેમંતકુમાર, ભાવનગર. ડોક્ટર હતા. ભાવનગરના બધા ડોક્ટરના ... બે વાર આવ્યા હતા. અહીં આવી

ગયા છે બિચારા. કોઈનું ઓપરેશન કરતા હતા. મને કાંઈક થાય છે. એ ઓપરેશન પડ્યું રહ્યું. ખુરશીએ બેઠા, ગુજરી ગયા. સર્જન મોટો હેમંતકુમાર. પટણી હતા ને? પ્રભાશંકર પટણી એના સાળાના દીકરા. આહા..હા..! ક્ષણમાં દેહ છૂટી ગયો ત્યાં ને ત્યાં. જે પર્યાય જ્યાં થાય છે એને રોકે કોણ? કરે કોણ? રોકે કોણ? ટાળે કોણ? આહા..હા..! પ્રભુ! તું તો જ્ઞાનસ્વરૂપ છેને નાથ! જે હોય તેને જાણનારો છે. હોય તેને કરનારો નહિ. આહા..હા..! એવી દૃષ્ટિ થયા વિના અમે આખી દુકાનની વ્યવસ્થા કરીએ છીએ, આમ કરીએ છીએ ને આમ કરીએ છીએ. આહા..!

એ કહ્યું અહીં. '**સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય;...**' ઓહો..હો..! '**કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.**' છે? '**(માટે બીજો પક્ષ પણ અસત્ય છે.)**' શું અસત્ય છે? બે પક્ષ ક્યા કહ્યા? કે વસ્તુ છે એ પોતાથી પરિણમે છે એને આત્મા પરિણમાવે? કે નથી પરિણમતી તેને પરિણમાવે? કે પરિણમતીને પરિણમાવે. પરિણમે છે એને પરિણમવામાં પરની અપેક્ષા છે નહિ. અને અપરિણમતાને પરિણમાવે તો પરની શક્તિ એમાં દઈ શકે નહિ, તો એ પણ પરિણમાવી શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે ભાઈ! અમે દયા પાળીએ. સમજાણું કાંઈ? મંદિર બનાવીએ અને એમાં પૈસા આપે. પાંચ-દસ લાખ રૂપિયા ખર્ચે. જાણે ધર્મધુરંધર થઈ ગયા! એ ધૂળેય નથી એમ કહે છે. પૈસા તારા ક્યાં છે તો તેં દીધા? મકાન મંદિર બન્યું એ તો પરમાણુ પુદ્ગલથી બન્યું છે, તારાથી ક્યાં બન્યું છે? આહા..હા..!

**શ્રોતા :-** ...પાયો નાખ્યો હતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આનો પાયો હતો ને? નહિ?

**શ્રોતા :-** પ્રેરણા થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રેરણા-ફેરણા કાંઈ નહિ એ કહે છે. પ્રેરણા કોની? પ્રેરણા પર્યાય પરમાં પેસે છે? આમાં કહ્યું હતું ને? ૨૧ હજાર આપેલા ભગવાનજીભાઈએ. ૨૧ હજાર દઈને આ મકાનનો શીલાન્યાસ કર્યો હતો. પછી તો એ વખતે પાંચ લાખનું, દસ લાખનું પછી કરતાં કરતાં ૨૬ લાખનું થઈ ગયું. મોંઘ છેને. મોંઘવારી વધી ગઈ. બનવાના કાળે બને એને કોણ બનાવે? અને બનવાનો કાળ ન હોય અને બીજો બનાવે એમ પણ નથી, બનવાનું છે તો બન્યું એમાં પરની અપેક્ષા ક્યાં છે? આહા..હા..! ભારે કામ બાપા! ગુલાબચંદભાઈ આવી વાત છે. સ્વામીનારાયણમાં તો કાંઈ વાતેય ન મળે. એમના બાપ સ્વામીનારાયણમાં હતા. આહા..હા..! ગાથા બહુ અલૌકિક છે!

'**તેથી પુદ્ગલદ્રવ્ય પરિણમનસ્વભાવવાળું સ્વયમેવ હો.**' ઈ શું કહે છે? કે પરમાણુ એ સમયે એ રીતે પરિણમવાનો સ્વભાવ સ્વયમેવ હો. જ્ઞાનાવરણીયપણે પરિણમવાનો સ્વભાવ પુદ્ગલનો સ્વભાવ પોતાથી હો. દર્શનાવરણીયની પર્યાયપણે પરિણમે છે તો પોતાથી પરિણમે

છે. પરની અપેક્ષા આત્માએ રાગ કર્યો માટે પરિણમે એમ છે નહિ. એ પ્રશ્ન ઉઠ્યો હતો (સંવત) ૨૦૦૬ની સાલમાં. રાજકોટ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતાથી થઈ છે. પોતાથી એ સમયની પર્યાય થાય છે. આહા..હા..! સમય સમયની પર્યાય જડ અને ચૈતન્ય...

૧૦૨ ગાથામાં આવ્યું છે, પ્રવચનસાર. ભગાવનની દિવ્યધ્વનિનો સાર. છએ દ્રવ્ય છે એની સમયની પર્યાય જે ક્ષણે ઉત્પન્ન થાય છે તે ક્ષણ એનો કાળ છે. પરને કારણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૦૨ ગાથા છે, પ્રવચનસાર. જન્મક્ષણ. ઉત્પત્તિનો એ કાળ છે. પરમાણુમાં જ્ઞાનાવરણીયની ઉત્પત્તિનો કાળ છે તો ઉત્પત્તિ થાય છે. આત્માથી નહિ. બીજા પરમાણુ કેમ એ રૂપે પરિણમ્યા નહિ? કારણ કે એ પરિણમનના કાળે પરિણમ્યા છે. આહા..હા..!

**'જેમ ઘડારૂપે પરિણમેલી...'** જુઓ દાખલો આપ્યો. **'જેમ ઘડારૂપ પરિણમેલી માટી જ પોતે ઘડો છે...'** શું કહ્યું? **'ઘડારૂપ પરિણમેલી માટી જ પોતે ઘટ છે...'** કુંભાર નહિ. આહા..હા..! ઓલા કહે, માટી લાખ વર્ષ રહે. કુંભાર વિના ઘડો થાય? અહીં કહે છે કે માટીનો ઘડો થવાનો કાળ છે તો માટીથી થાય છે. કુંભારથી નહિ, નહિ ને અનંત વાર નહિ. આહા..હા..! છે કે નહિ?

**'ઘડારૂપે પરિણમેલી માટી જ પોતે ઘડો છે...'** આહા..હા..! શું ભાષા કરી છે? ઘડારૂપે થવાની પર્યાયવાળી માટી જ પોતે ઘડો છે. માટી જ ઘડો છે. ઘડાની પર્યાય થવાનો એ માટીનો કાળ હતો. જન્મક્ષણના ઉત્પત્તિમાં ઘડાની પર્યાયમાં, માટી ઘડાની પર્યાયરૂપે ઉત્પન્ન થવાનો એ કાળ હતો માટે ઘડો થયો છે. કુંભારથી ઘડો ત્રણ કાળમાં થયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ સ્ત્રીઓ બહુ ડાહી હોય ને કેટલીક. એનો હાથ હળવો બહુ છે. એના હાથે જે રસોઈ થાય છે એ બહુ સારી થાય છે. એમ કહે છે. માણસ વાતું કરે. એનો હાથ બહુ હળવો છે. હળવો છે એમ કહે છે આપણે. તમારી ભાષા હશે કાંઈક.

**શ્રોતા :-** હલકા હાથ હૈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હલકો હાથ છે તો બધી રસોઈ ભજીયા બનાવો, પુડલા બનાવો બધું એના હાથે સારું થાય છે. એવું સાંભળ્યું છે. ધૂળેય નથી અહીં કહે છે. સમજાણું કાંઈ?

એ સેવ બનાવે છે ને સેવ? સેવ કહે છે? પાટીયા ઉપર. ખાટલો હોય ને ખાટલો? પાટીયા ઉપર વણે. ઘઉંનો લોટ હોય એની પાતળી પાતળી સેવ બનાવે. પછી સૂકવે. એ હુશિયાર હોય એને આવડે આમ. નહિતર જાડી-પાતળી થઈ જાય. અહીં કહે છે કે ખોટી વાત છે. એ સરખી ઉતરવી જોઈએ. નહિતર કાંઈક દબાઈ જાય તો પાતળી થઈ જાય અને

ક્યાંક દબાય નહિ તો જાડી થઈ જાય. તો સરખી રીતે દબાણ અંદર હોય તો એ સેવની પર્યાય ઘઉંથી... એ બને છે ઘઉંની પર્યાયથી થાય છે. લોટથી થાય છે. સ્ત્રીના હાથથી થઈ નથી એમ કહે છે અહીંયાં. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! મરી ગયો અભિમાન કરીને. મેં કર્યું મેં કર્યું જ્યાં ત્યાં. મેં પુસ્તક બનાવ્યા, આમ મેં બનાવ્યું, આટલા શિષ્યો મેં બનાવ્યા, આટલા પૈસા મેં ઉઘરાવ્યા. ઉઘરાવ્યા સમજ્યા? શું કહે છે? ચંદો કરાવ્યો. પાંચ-પાંચ હજાર, દસ-દસ હજાર લઈને મેં પાંચ લાખ કર્યા જૈનતીર્થ ફંડમાં. કોણ કરે છે? સાંભળ તો ખરો પ્રભુ! એ તો મિથ્યા અભિમાન અજ્ઞાન છે. આહા..હા..! ગજબ કામ નાથ!

'**ઘડારૂપે પરિણમેલી માટી જ...**' આહા..હા..! ઘડારૂપે પરિણમ્યું કોણ? માટી કે કુંભાર? એમ સેવપણે પરિણમ્યું કોણ? એ ઘઉંનો લોટ. બાઈ પરિણમી નથી. આહા..હા..! અને લાકડાને આધારે થાય છે એમ પણ નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! હાથથી નહિ, નીચે લાકડીથી થઈ છે એમ પણ નથી. આહા..હા..! આ લોટ છેને? રોટલી કરતા પહેલા કેળવે છે કે નહિ? લોટમાં પાણી નાખીને આમને આમ રોટલી સરખી ન બને. કહે છે કે હાથથી એ પર્યાય નથી થઈ. એમાં એમ થવાની પર્યાયની તાકાતથી થાય છે. હાથથી ન થાય. કેમકે પોતાથી થાય છે એમાં બીજાની અપેક્ષા શું? અને જો પોતામાં શક્તિ ન હોય તો બીજો શક્તિ દઈ કેમ શકે? આહા..હા..! આવી વાતું છે.

એક જણો કહેતો હતો કે લ્યો, આ મોરપીંછી પડી છે. એની મેળે ઉઠશે? અરે..! સાંભળ તો ખરો. એ સમયની ઊંચું થવાની પર્યાયનું પરિણમન ન હોય તો બીજો શું કરી શકે? આકાશ છે આકાશ. તો એનો ટૂકડો લઈને કોઈ ઊંચું કરી શકે? એનો સ્વભાવ છે? એનો તો સ્વભાવ છે. શું કહ્યું એ? મોરપીંછી. એ પ્રશ્ન આવ્યો હતો સાધુ તરફથી. લ્યો, મોરપીંછી પડી છે. અરે.. સાંભળ તો ખરો પ્રભુ! તને ખબર નથી. એ મોરપીંછીની ક્રિયાવર્તી શક્તિ છે તો એનો થવાનો કાળ પોતાથી પરિણમી છે. આંગળીથી પરિણમી હોય તો પોતાનું પરિણમન ન થતું હોય તો બીજો કેવી રીતે પરિણમાવી શકે? અને પોતાથી પરિણમતી હોય તો એમાં બીજાની અપેક્ષા છે ક્યાં? આહા..હા..! જગતથી ઊંધું છે બાપા! જગત ઊંધું છે એનાથી ઊંધું છે. જગત ઊંધું છેને?

માટીનો ઘડો હોય છેને ઘડો. એક ઊંધો હોય તો એની ઉપર બધા ઊંધા જ રહે. સવળો ન રહી શકે. એમ જેની દૃષ્ટિ વિપરીત છે એના તર્ક બધા ઊંધા જ હોય છે. આમ ન કર્યું હોય તો એને કારણે થઈ જાય? ઘઉં આમ પડ્યા છે. સંચામાં આવે તો લોટ થાય છે કે એ વિના લોટ થઈ જાય? અરે..! સાંભળ તો ખરો. એ ઘઉંની પર્યાય લોટરૂપે.. આટા કહે છેને? લોટ. લોટરૂપે થવાની પર્યાયના કાળમાં લોટ થાય છે. મશીનથી નહિ.

આહા..હા..! ભિન્ન ભિન્ન પદાર્થ (છે). બીજી પર્યાયનો બીજો પદાર્થ,... પરમાણુ અનંત છે કે નહિ? બીજા અનંત પદાર્થ બીજા અનંત પદાર્થની પર્યાય કેમ કરે? આહા..હા..! બહુ આકરી વાતું. શેઠ કહે છે, નવાને આકરું પડે. પણ વસ્તુ જ આ છે. સાંભળવાની ચીજ (આ છે). ભેદ પરથી આત્મા... એ આત્મા પરમાણુની પર્યાયને કરી શકે નહિ. અંદરથી બળખો નીકળે નહિ? તો આત્મા ખોંખારો કરે છે માટે બળખો નીકળે છે એમ નથી એમ કહે છે.

મરી ગયો બિચારો. એ ભાવનગર દરબાર પોતે ભાવસિંહજી. ભાવસિંહજી દરબાર. ડોક્ટર આવ્યા. કુંવર નાના હતા. કૃષ્ણકુમાર. ખબર છે ને. આવ્યા હતા ને આપણે અહીં વ્યાખ્યાનમાં. બે વાર આવ્યા હતા. કૃષ્ણકુમાર. એ પણ ગુજરી ગયા અને એનો દીકરો છે. એ ભાવસિંહજીની છેલ્લી વ્યાધિ એ આમ બળખા નીકળે. બળખો સમજ્યાને? કફ અહીં પકડાય. ડોક્ટરને કહે, એય..! ડોક્ટર આ નાના કુંવર છે. એની મા મરી ગઈ છે અને હું.. આ કાંઈક બળખો કાઢો. ડોક્ટર કહે કે આ બળખો કાઢો એટલે બીજો બળખો આવશે. પછી એમ ડોક્ટર કહે, ફલાણાનું કામ છે. એમ કરીને મોટા ડોક્ટરનું કામ છે, ફલાણાનું છે એમ કરીને... કોણ બળખો કાઢે? બસ, એ બળખો આવ્યો શ્વાસ બંધ થઈ ગયો. ચાલ્યા ગયા. એ તો નરકમાં જવાના. બહુ અધર્મ કરતા હતા. દીપડા-દીપડા સમજ્યા? હરણ મારતા હતા. આહા..હા..! એકવાર તો એવું કાંઈક થયું. પારેવા પારેવા હોય ને? પારેવા. પારેવા કહે છેને? કબુતર. એને મારીને હાર પહેરાવ્યો. એવી ક્રૂર પ્રકૃતિ. એ વખતે તો પચ્ચીસ લાખ. અત્યારે એક કરોડનો. પણ ક્રૂર પરિણામ. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માળા પહેરી હતી. એકવાર અહીં ઢસા આવ્યા હતા. તો પારેવા-કબુતરને મારીને.. એવી એવી વૃત્તિ એની. મહાજન લોકો ગયા. કહે, હમણા આવશે.. મહાજન કહે. આહા..હા..! આવી વૃત્તિ. આવી અનંત વાર કરી પ્રભુ! આહા..હા..! જ્યાં સુધી મિથ્યાશ્રદ્ધા છે ત્યાં સુધી એવા અનંત અવતાર કરે છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

'**ઘડારૂપે પરિણમેલી માટી...**' શું કહે છે? માટી ઘડારૂપે પરિણમે છે. કુંભારે ઘડારૂપે પરિણમાવી એમ છે નહિ. આહા..હા..! ભારે સિદ્ધાંત, ગજબ સિદ્ધાંત છે. '**ઘડારૂપે પરિણમેલી માટી...**' રોટલીરૂપ પરિણમતો લોટ. સમજાણું કાંઈ? એને સ્ત્રી શું કરે? કહે છે. આહા..હા..! એય.. શેઠ! શું કહે છે?

**શ્રોતા :-** થોડું તો માન રાખો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાખીએ છીએ ને અજ્ઞાનીનું. અજ્ઞાનીનું પદ છે એને, બિરૂદ છે. આહા..હા..! ભગવાન! તેં વિપરીત માન્યું તો અજ્ઞાની મૂઢ છો. મિથ્યાદૃષ્ટિ છે મિથ્યાદૃષ્ટિ. ચાહે તો સાધુ થઈને, નગ્ન થઈને આમ માને તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ભાષા જુઓ!

'**ઘડારૂપે પરિણમેલી માટી જ પોતે ઘડો છે...**' ભાષા તો ઓહો..હો..! જે રૂપે

પદાર્થ પરિણમે છે તે રૂપે પદાર્થ છે. એ પરરૂપે થતો નથી અને પરથી થતો નથી. આહા..હા..! **'તેમ, જડ સ્વભાવવાળા જ્ઞાનાવરણાદિકર્મરૂપે પરિણમેલું પુદ્‌ગલદ્રવ્ય જ પોતે જ્ઞાનાવરણાદિકર્મ છે.'** આહા..હા..! છે? **'ઘડારૂપે પરિણમેલી માટી જ પોતે ઘડો છે તેમ, જડ સ્વભાવવાળા જ્ઞાનાવરણાદિકર્મરૂપે પરિણમેલું પુદ્‌ગલદ્રવ્ય જ પોતે જ્ઞાનાવરણાદિકર્મ છે.'** આત્મા નહિ. આત્મા એને પરિણમાવતો નથી. **'આ રીતે પુદ્‌ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું.'** લ્યો! સમય સમયની પર્યાય પોતાથી પુદ્‌ગલમાં થાય છે એ વાત સિદ્ધ કરી. પરથી થતી નથી. વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**ભાદરવા વદ-૫, સોમવાર, તા. ૧૩-૯-૧૯૭૬,**
**ગાથા-૧૨૧ થી ૧૨૫, શ્લોક-૬૪, પ્રવચન નં. ૧૮૪**

આ સમયસાર. કળશ-૬૪.

(उपजाति)

स्थितेत्यविघ्ना खलु पुद्‌गलस्य
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यमात्मनस्तस्य स एव कर्ता।।६४।।

નીચે.

**'શ્લોકાર્થ :—આ રીતે પુદ્‌ગલદ્રવ્યની સ્વભાવભૂત પરિણમનશક્તિ નિર્વિઘ્ન સિદ્ધ થઈ.'** શું કહે છે? કે જીવ જ્યારે રાગ-દ્વેષ કરે છે તે સમયે પરમાણુ પુદ્‌ગલ પોતાની પર્યાયથી કર્મરૂપે થાય છે. એમાં પરિણમન શક્તિ છે. પરિણમન શક્તિ તો છે તો કહે છે કે ભલે પરિણમન હોય. પણ એ સમયે એવી જ પર્યાય કેમ થઈ? સમજાણું કાંઈ? તો કહે છે કે વિકાર પરિણામ એ નિમિત્ત છે. નિમિત્ત એટલે અનુકૂળ. અનુકૂળ. નદી ચાલી જાતી હોય અને બે કાંઠા હોય. તો એ કાંઠા છે માટે નદી ચાલે છે એમ નથી. કાંઠા હો, નદી તો પોતાથી ચાલે છે. એમ આત્માએ પુણ્ય-પાપ કર્યા તો એ નવા કર્મને નિમિત્ત છે. પણ નવા કર્મ જે બંધાય છે એ પોતાથી બંધાય છે. વિકાર છે તો નિમિત્તથી ત્યાં કાંઈ થયું એમ નથી. બહુ સૂક્ષ્મ વાત. અત્યારે લોકોને કઠણ પડી ગયું.

એ સમયે જે શાતા આદિના પરિણામ થયા, અનુકંપા આદિ એ જ સમયે શાતાવેદનીયના

પરમાણુ પોતાની પર્યાયની યોગ્યતાથી શાતાવેદનીયપણે બંધાય છે. તો એ પરિણામને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત નામ અનુકૂળ. અને જે પ્રકૃતિ બંધાય છે એને અનુરૂપ કહેવામાં આવે છે. આહા..હા..! એ ૮૬ ગાથામાં આવી ગયું છે. સમયસાર ૮૬. સમજાણું કાંઈ? જે ઘડો થાય છે એમાં કુંભાર નિમિત્ત છે, અનુકૂળ છે પણ એનાથી ઘડો બને છે એમ નથી. અને કુંભાર જે છે એ નિમિત્ત છે તો ઘડો જે થયો એ નિમિત્તને લક્ષે.. એને તો લક્ષ છે નહિ પણ નિમિત્તના આશ્રયે થયો તો એને નૈમિત્તિક અનુરૂપ કહેવામાં આવે છે. નિમિત્તને અનુકૂળ અને નૈમિત્તિકને અનુરૂપ. આરે.. આરે..! ભાષા! એ ૮૬ ગાથામાં આવી ગયું છે. સમજાણું કાંઈ?

જેમ ઘડો બને છે એ તો માટીનું પરિણમન થઈને બને છે. કુંભાર નિમિત્ત છે. તો નિમિત્ત છે એને અનુકૂળ કહેવામાં આવે છે અને ઘડો થયો એ અનુરૂપ થયો. નિમિત્તને અનુરૂપ થયો, પણ છતાં એ નિમિત્તથી થયો નથી. સમજાણું કાંઈ?

આ લાકડી જુઓ આમ ઊંચી થઈ. તો એમાં આંગળી અનુકુળ નિમિત્ત છે. પણ એ નિમિત્તથી ઊંચી થઈ નથી. એ નિમિત્તને અનુરૂપ એ દશા છે. આંગળી નિમિત્ત છે અનુકૂળ અને આમ ઊંચી થઈ એ અનુરૂપ છે. એ અનુરૂપની પર્યાય આંગળીથી થઈ નથી. નિમિત્ત છે, કરી નથી. આ વાત કોઈ દિ' સાંભળી નથી. મોટો ઝઘડો.

૨૦૭૧ની સાલથી અમારે આ ઝઘડો ચાલે છે. હવે ગાથા આવશે. ૭૧-૭૧. ૬૨ વર્ષ થયા. અમે તો પહેલેથી કહેતા હતા. ગુરુએ નહોતું કહ્યું. પણ અમે તો શાસ્ત્ર વાંચતા હતા. અમને તો અંદર એવું બેઠું હતું કે આત્મામાં વિકાર પોતાથી થાય છે, કર્મથી નહિ. ૭૧ની સાલ ભાઈ! તમારો જન્મ પણ નહિ હોય ત્યારે. ૬૨ વર્ષ થયા ને. ૭૧. ૭૦માં દીક્ષા હતી. પછી ૭૧માં ભગવતી અમે વાંચતા હતા. શ્વેતાંબર શાસ્ત્ર છે. એક ભગવતીસૂત્ર છે એના સોળ હજાર શ્લોક છે અને સવા લાખ સંસ્કૃત ટીકા છે. એ તો આખું શાસ્ત્ર અમે વાંચ્યું હતું. વાંચતા હતા એમાં અંદર એમ આવ્યું કે આ લોકો કહે છે કે કર્મથી વિકાર થાય છે, કર્મથી વિકાર થાય છે. અહીં તો ના પાડે છે કે પોતાથી વિકાર થાય છે. કર્મ નિમિત્ત હો, અનુકૂળ હો. પણ અનુકૂળથી વિકાર અનુરૂપ થયો, એનાથી થયો, અનુરૂપ છે, નિમિત્તને અનુરૂપ છે પણ નિમિત્તે વિકાર કરાવ્યો એમ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** અંદરની વાત છે એ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવતીસૂત્રમાંથી નીકળી હતી. એનું શતક ત્રીજું છે. એનું શતક છે. અમે પહેલા વાંચતા હતા ને. ચાર મહિના અપવાસ કરતા હતા. કેટલા? એક ટંક ખાવાનું અને બીજે દિવસે અપવાસ. પાણી વિનાના હોં! પાણી નહિ. તે દિ' તો જુવાન શરીર હતું ને. ૨૫ વર્ષની ઉંમર. ચારે મહિના. પાણીની તંગી હતી. વરસાદ બહુ ઓછો થયો

હતો. એ કારણે પછી ત્રણ .. કરતા હતા. એક દિવસ એક ટંક ખાવાનું અને બીજે દિવસે આખો દિવસ ઉપવાસ. એમ ચાર માસ. નિવૃત્તિ ઘણી. શાસ્ત્ર વાંચતા હતા. વાંચતા વાંચતા એ ભગવતીસૂત્રમાં આવ્યું. સંશય વિકાર પોતાથી થાય છે એમ આવ્યું. .... એવો શબ્દ આવ્યો. જે કાંઈ મિથ્યાત્વ થાય છે એ પોતાના પુરુષાર્થથી, પોતાના બળથી, પોતાની વીર્યશક્તિથી થાય છે એમ આવ્યું. ગુરુએ નહોતું કહ્યું. પછી તો સંપ્રદાયમાં વાત મૂકી. ગુરુ તો ભદ્રિક હતા. એમણે નિષેધ ન કર્યો. પણ બીજા એક શેઠ હતા, દામોદર શેઠ. દામનગર છે. દસ લાખ તે દિ' હોં. ૬૦-૭૦ વર્ષ પહેલા. આ વાત ક્યાંથી કાઢી? આવી તો કોઈ દિ' અમે સાંભળી નથી. અને અમારા ગુરુએ અમને કહી નથી. આ તો વગર દોરીનો પડાઈ ઉડે છે. પડાઈ સમજ્યા? પતંગ. વગર દોરની પડાઈ ઉડે છે. એમ કે અમારા ગુરુએ કહ્યું નથી ને આ કાઢ્યું ક્યાંથી? પછી તો ત્યાં થોડો ખળભળાટ થયો. પછી શ્વેતાંબરમાં ખળભળાટ થયો. પછી જ્યારે દિગંબરમાં આવ્યા તો દિગંબરમાં ખળભળાટ થઈ ગયો. આહા..હા..!

**શ્રોતા :-** તમે જ્યાં ગયા ત્યાં ખળભળાટ થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેમકે એ દૃષ્ટિ હતી નહિ. દેવચંદજી કહેતા હતા ને બિચારા. ઓલા કેવા? દેવકીનંદન. દેવકીનંદન ઇંદોરના પંડિત હતા, મોટા પંડિત હતા. એણે અહીંનું સાંભળીને કહ્યું, બધા પંડિતો અમારા સાધુ, પંડિત, વ્યવહાર બધો અમારો નિમિત્ત આધીનનો અભ્યાસ છે. આ અભ્યાસ અમારી પાસે નથી. એમ કહેતા હતા બિચારા. વાત તો એમ હતી. અહીંયાં ઈ કહે છે કે જ્યારે આત્મામાં વિકાર થયો, નવું કર્મ બંધાણું એમાં એ વિકાર નિમિત્ત અનુકૂળ છે અને નિમિત્તને અનુરૂપ પરમાણુમાં જ્ઞાનાવરણીય આદિ જે બંધાય એ અનુરૂપ છે. પણ એ પરમાણુની પર્યાયનો કર્તા અનુકૂળ એ ચીજ નથી. રાગાદિ અનુકૂળ છે પણ અનુકૂળ પરિણમાવતું નથી. એ પરિણમનાર તો પોતાની પુદ્ગલની પર્યાયથી પરિણમ્યું અને પુદ્ગલ કર્તા અને પરિણમન એનું કાર્ય છે. એ અહીંયાં કહે છે.

**'નિર્વિઘ્ન સિદ્ધ થઈ.' 'સ્વભાવભૂત પરિણમનશક્તિ નિર્વિઘ્ન સિદ્ધ થઈ. એમ સિદ્ધ થતાં, પુદ્ગલદ્રવ્ય પોતાના જે ભાવને કરે છે...'** જુઓ! પુદ્ગલદ્રવ્ય પોતાના જે ભાવ નામ પર્યાયને કરે છે એનો પુદ્ગલદ્રવ્ય જ કર્તા છે. આકરી વાત. જેવો અહીંયાં ભાવ થાય, હિંસાનો ભાવ થયો તો એ પ્રમાણે હિંસાના ભાવમાં અંદર અશાતાવેદનીય પરમાણુ બંધાય. અશાતાવેદનીય. એ પરમાણુમાં અશાતાવેદનીયપણે પરિણમવાના સ્વકાળથી બંધાણા છે. અહીંયાં (હિંસાનો) ભાવ થયો માટે બંધાણા એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? (હિંસાનો) ભાવ બંધાવામાં નિમિત્ત અનુકૂળ છે અને નિમિત્તથી સામે ચીજ છે એ અનુરૂપ છે. પણ અનુરૂપમાં નિમિત્ત કાંઈ કરે છે, પરને બનાવે છે, રાખે છે એમ વાત છે નહિ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય સ્વતંત્રપણે પરિણમન કરે છે સમયે સમયે. એવી વાત છે

ભાઈ!

ભાવાર્થ. ભાવાર્થ છેને? 'સર્વ દ્રવ્યો...' જુઓ! હવે '**સર્વ દ્રવ્યો પરિણમનસ્વભાવવાળાં છે...**' બદલવાના સ્વભાવવાળા હોવાથી, પલટવાના સ્વભાવવાળા હોવાથી. '**તેથી પોતપોતાના ભાવને પોતે જ કર્તા છે.**' આહા..હા..! '**પુદ્‌ગલદ્રવ્ય પણ પોતાના જે ભાવને કરે છે તેનો પોતે જ કર્તા છે.**'

હવે જીવ ઉપર જરી વિશેષ લેવું છે. આપણે જીવ ઉપર વાંધા છે. ગાથા જીવની છે. ૧૨૧. ગાથા પણ બોલીએ પહેલી હોં!

**ण सयं बद्धो कम्मे सयं परिणमदि कोहमादीहिं।**
**जदि एस तुज्झ जीवो अप्परिणामी तदा होदी।।१२१।।**

બહુ ગાથા ઊંચી છે.

**अपरिणमंतम्हि सयं जीवे कोहीदएहिं भावेहि।**
**संसारस्स अभावो पसज्जदे संखसमओ वा।।१२२।।**

અર્થ સમજાશે હોં! અત્યારે નહિ સમજાય. અભ્યાસ નથીને લોકોને.

**पोग्गलकम्मं कोहो जीवं परिणामएदि कोहत्तं।**
**तं सयमपरिणमंतं कहं णु परिणामयदि कोहो।।१२३।।**
**अह सयमप्पा परिणमदि कोहभावेण एस दे बुद्धी।**
**कोहो परिणामयदे जीवं कोहत्तमिदि मिच्छा।।१२४।।**
**कोहवजुत्तो कोहो माणुवुजुत्तो य माणमेदावा।**
**माउवजुत्ते माया लोहुवजुत्त हवदि लोहो।।१२५।।**

નીચે હરિગીત.

**કર્મે સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં ક્રોધભાવે પરિણમે,**
**તો જીવ આ તુજ મત વિષે પરિણમનહીન બને અરે! ૧૨૧.**
**ક્રોધાદિભાવે જો સ્વયં નહિ જીવ પોતે પરિણમે,**
**સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૨૨.**
**જો ક્રોધ-પુદ્‌ગલકર્મ-જીવને પરિણમાવે ક્રોધમાં,**
**ક્યમ ક્રોધ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૨૩.**
**અથવા સ્વયં જીવ ક્રોધભાવે પરિણમે-તુજ બુદ્ધિ છે,**
**તો ક્રોધ જીવને પરિણમાવે ક્રોધમાં-મિથ્યા બને. ૧૨૪.**
**ક્રોધોપયોગી ક્રોધ, જીવ માનોપયોગી માન છે,**
**માયોપયુત માયા અને લોભોપયુત લોભ જ બને. ૧૨૫.**

ટીકા. બહુ સારી ગાથા આવી છે આ. ટીકા છેને?

‘**ટીકા :- જો જીવ કર્મમાં સ્વયં નહિ બંધાયો થકો...**’ આહા..હા..! ‘**ક્રોધાદિભાવે સ્વયમેવ ન પરિણમે...**’ ક્રોધ શબ્દે વિકાર. ક્રોધ, માન, માયા, લોભ, દયા, દાન, વ્રતાદિના વિકલ્પ જે છે એ ‘**જીવ કર્મમાં સ્વયં નહિ બંધાયો થકો...**’ પોતાના વિકારભાવમાં ‘**સ્વયમેવ ન પરિણમે...**’ પોતાથી વિકારભાવે ન પરિણમે ‘**તો તે ખરેખર અપરિણામી જ ઠરે.**’ તો બદલવાલાયક નથી એમ સિદ્ધ થશે. બદલવાલાયક છે એ વાત સિદ્ધ નહિ થાય. શું કહ્યું એ?

‘**સ્વયમેવ ન પરિણમે...**’ જો વિકારરૂપે. વિકાર—મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષ, દયા-દાન આદિ વિકલ્પ છે એ રૂપે ‘**સ્વયમેવ ન પરિણમે તો તે ખરેખર અપરિણામી જ ઠરે.**’ નહિ બદલવાવાળો ઠરશે. અપરિણામી. બદલવાવાળો સિદ્ધ ન થયો. સમજાણું કાંઈ? આહા..હા..! આ વાત ત્યાં થઈ હતી. કહ્યુંને? (સંવત) ૨૦૧૩ની સાલ. વર્ણીજી સાથે. ન બેઠી એ લોકોને. પછી અહીં ભાઈ આવ્યા હતા. ઇંદોરવાળા બંસીધરજી. એ પછી અહીં રહ્યા હતા. વાત તો સાચી છે. પણ પાછા ત્યાં જાય એટલે (ફરી જાય). ૬૦-૬૦ વર્ષના અભ્યાસ અને ખોટા પડે. મોટી ચર્ચા થઈ હતી વર્ણીજી સાથે.

પ્રશ્ન થયો કે વિકાર કેમ થાય છે? બધા હતા. અમારે હિંમતભાઈ હતા, ભાઈ હતા. શેઠ પણ હતા. પણ શેઠને ન્યાં ખબર કે દિ’ હતી? ભાઈ પણ હતા અમારા નાના શેઠ. એ વાત ચાલતી નહોતીને. અને સાંભળી ન હોય તો ન સમજાય. એવી વાત છે. આહા..હા..! તો પ્રશ્ન થયો કે વિકાર જે આત્મામાં થાય છે એ કર્મથી થાય છે કે પોતાથી થાય છે? આ પ્રશ્ન ઉઠ્યો. ફૂલચંદજી બેઠા હતા. પંડિત છેને. કૈલાસચંદજી. કૈલાસચંદજી પંડિત. તમારા નામવાળા છે. કૈલાસચંદજી હતા. બીજા પણ હતા. ઝાઝા માણસ હતા. આખો ઓરડો ભરેલો.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાત પડિમાવાળા. કોણ? હશે કો’ક ઘણા માણસ હ તા. ૧૩ની સાલ. ૧૯ વર્ષ થયા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ મનોહરલાલજી વર્ણી. એનું નામ મનોહરલાલજી નહિ. મેરુચંદજી. હા. હા. મેરુચંદ. જગાધરીના. જગાધરી છેને? એ આઠ પડિમા. વાત સાચી. મેરુચંદજી. સુમેરચંદજી. ભૂલી ગયા નામ. સુમેરચંદજીએ કહ્યું હતું. અહીં આવ્યા હતા. અહીં રહ્યા હતા સુમેરચંદજી અને એ નામ કોણ? બીજા સુમેરચંદજીની સાથે દુલીચંદજી. દુલીચંદજીએ તો કહ્યું પણ ભાઈ... છોટાલાલજી. છોટાલાલજી હતા, દુલીચંદજી હતા, સુમેરચંદજી હતા અહીંયાં. પહેલા હોં.

આ પ્રશ્ન ચાલ્યો. એણે તો કહ્યું સુમેરચંદજીએ કે આવો નિર્ધાર વર્ણીજી પાસે નથી. તમે આવો નિર્ધાર કરો છો કે વિકાર પોતાથી થાય છે, પરથી નહિ. સુમેરચંદજીએ અહીંયાં

કહ્યું. અહીંયાં ભાઈ હતા તમે? અહીં કહ્યું. પછી ત્યાં અમે ગયા ત્યારે એ સામા આવ્યા મોટરમાં લેવા. બહાર-બહાર. પછી અંદર ગયા અને આ પ્રશ્ન ઉઠ્યો. કે વિકાર છે એ કેમ થાય છે? ત્યાં તો પહેલા એટલો પ્રશ્ન થયો કે વિકાર કેમ થાય છે? તો કહે, પ્રતિબદ્ધ કર્મ ટળે તો થાય. એમ પહેલો પ્રશ્ન આવ્યો. એ ખોટી વાત. બીજો પ્રશ્ન કર્યો. વિકાર ક્રમબદ્ધ થાય છે કે નહિ? એક પછી એક. ના. ક્રમબદ્ધ નહિ. એક પછી એક થાય છે પણ એક પછી આ જ હોય એમ નહિ. બે. ત્રીજો પ્રશ્ન કર્યો. સર્વજ્ઞ છે કે નહિ? કીધું. સર્વજ્ઞ છે? ... સર્વજ્ઞએ જોયું છે તો જે સમયે જ્યાં છે ત્યાં થાય છે. તો કહે, સર્વજ્ઞ સર્વજ્ઞનું જાણે. એવો ઉત્તર આપ્યો. એ વાત હતી નહિ એટલે લોકોને બિચારાને... બિલકુલ ખોટી વાત છે.

વિકાર પોતાથી થાય છે. કર્મ ખસે તો ટળે એમ છે નહિ. પોતાના પુરુષાર્થથી થાય છે અને પોતાના પુરુષાર્થથી વિકાર ટળે છે. બીજી ચીજ નિમિત્તમાત્ર અનુકૂળ હો, પણ એનાથી કંઈ ટળે છે અને એનાથી બંધાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એ અહીં કહે છે જુઓ!

**'જીવ કર્મમાં સ્વયં નહિ બંધાયો થકો...'** કર્મની સાથે સ્વયં વિકાર કર્મના નિમિત્તરૂપે ન બંધાતા હોય, **'સ્વયમેવ ન પરિણમે તો તે ખરેખર અપરિણામી જ ઠરે.'** ફૂલચંદજીએ નક્કી કર્યું હોં એકદમ. મગજવાળો માણસ. પંડિત ફૂલચંદજી. સ્વામીજી કહે છે કે વિકાર નિશ્ચયથી... નિશ્ચયથી આ શબ્દ લઈને હોં. થાય છે એમ નહિ. નિશ્ચયથી પોતાથી થાય છે. પરકારકની અપેક્ષા છે નહિ. દેખો સંસ્કૃત ટીકા, કીધું. ૬૨ ગાથા પંચાસ્તિકાય. આહા..હા..! પોતાથી વિકાર થાય છે, કર્મથી નહિ. બિલકુલ નહિ. કર્મ હો, નિમિત્ત કહો, અનુકૂળ કહો, પણ એનાથી વિકાર થાય છે એમ છે નહિ. એય.. શેઠ! પણ એ તમને ક્યાં યાદ હતું ત્યાં એ બધું એ વખતે. સાંભળતા હતા ખરા. શેઠ સાંભળતા હતા. આ ચીજ જ બીજી બાપા હોં. આ તો પૂર્વના સંસ્કાર હતા એટલે અંદરથી આવી હતી. આહા..હા..! અરેરે..! ભગવાન પાસે હતા ભાઈ! પણ આ વસ્તુ એવી થઈ ગઈ. આહા..હા..!

**'જીવ કર્મમાં સ્વયં નહિ બંધાયો થકો ક્રોધાદિભાવે સ્વયમેવ ન પરિણમે...'** ક્રોધ શબ્દે માન, માયા, લોભ આદિ **'તો તે ખરેખર અપરિણામી જ ઠરે.'** તો આત્મા બદલતો નથી એમ સિદ્ધ થશે. સમજાણું કાંઈ? **'એમ થતાં સંસારનો અભાવ થાય.'** વિકાર પોતામાં ન થાય તો સંસારનો અભાવ થશે એ તો. વિકાર જો પર્યાયમાં પોતાથી ન હોય, વિકારરહિત હોય તો તો સિદ્ધ થઈ ગયો. એ તો મોક્ષ થઈ ગયો. સંસાર સિદ્ધ નહિ થાય. સંસાર ઊડી જશે. સમજાણું કાંઈ? સંસાર શબ્દે સ્ત્રી, કુટુંબ, પરિવાર એ સંસાર નહિ. એ તો પરચીજ છે. સંસાર તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ એ સંસાર છે. સમજાણું કાંઈ? જો આત્મા પોતાથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષાદિ રૂપે પરિણમે નહિ તો સંસારનો અભાવ થઈ ગયો. આત્મામાં સંસાર છે જ નહિ પર્યાયમાં એમ સિદ્ધ થયું. ન્યાય સમજાય

છે? વાણિયાને વેપારના ધંધા એમાં આવા ન્યાય ક્યાં શીખે? વકીલો તો હજી ન્યાય શીખે. આહા..હા..! કહે છે.. બહુ ગાથા ઊંચી છે. ઓહો..હો..!

**'એમ થતાં સંસારનો અભાવ થાય. અહીં જો એમ તર્ક કરવામાં આવે કે પુદ્ગલકર્મ જે ક્રોધાદિક તે જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે...'** શું કહે છે? એક એક શબ્દનો અર્થ સમજવો. કે વિકાર આત્મામાં થાય છે એ આત્મા નથી કરતો. જે જડ ક્રોધ છે એ વિકાર કરાવે છે. પોપટભાઈ! આહા..હા..! આ ગાથા સારી આવી ..ભાઈ! આહા..હા..! અહીં તો કહે છે કે **'અહીં જો એમ તર્ક કરવામાં આવે કે પુદ્ગલકર્મ જે ક્રોધાદિક...'** છે. એ જડ કર્મ જે છે જડ કર્મ. એ જીવને વિકારભાવરૂપ પરિણમાવે છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીએ તર્ક કર્યો કે વિકાર પોતાથી નથી થયો, એ પરથી થાય છે. કોનાથી? કે જે કર્મ જડ છે... છે? પુદ્ગલકર્મ જડ છે જે કર્મ ક્રોધાદિ, માન જડ છે એ **'જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે...'** આહા..હા..! કહો, શેઠ! આ બધું વાંચીને સમજવું પડશે હવે બધું મૂકીને થોડું. અહીંથી જાવું છે, દેહ છોડીને જાવું છે. ન્યાં ક્યાં કોઈ નથી તમારે ડાલચંદજી ને શોભાલાલ. ભાઈ! ત્યાં કોઈ છે? એકલા જવાનું છે. આહા..હા..! જેવી દૃષ્ટિ હશે તેવી રહેશે ત્યાં. આહા..હા..! એ મકાન અને એ પૈસા ને કોઈ સાથે એક કણ પણ ન આવે. અને સંબંધ છે ક્યાં પરની સાથે? માને છે. માને તો મૂઢ ગમે તે માને પાગલ. સમજાણું કાંઈ?

એ દૃષ્ટાંત આપ્યો છે ને મોક્ષમાર્ગ પ્રકાશકમાં. એક પાગલ હતો. નદી નદી હોય ને નદી? નદી કહે છે? નદીને કાંઠે જઈને બેઠો એ. પત્થર એક હતો ત્યાં બેઠો પાગલ. પહેલા તો આ રેલ નહોતી ને. હાથી ઉપર રાજા નીકળ્યો. હાથી, રાણી, લશ્કર. તો એ દસ સાડા દસ થયા હશે. નદીનું પાણી હોય ને, ત્યાં ભોજન કરવા ઉતર્યા. ભોજન સાથે હોય અથવા ત્યાં બનાવે. એ તો રાજા છે મોટા. પણ પાણી ચાલતું હોય એટલે માણસ પાંચસો, હજાર, બે હજાર ત્યાં નદીને કાંઠે ઉતર્યા. ઉતર્યા એટલે ઓલો પાગલ કહે, આ મારા માણસ આવ્યા. સમજાણું કાંઈ? શું કહ્યું? ઓલો પાગલ માણસ આવ્યો હતો એ ત્યાં પત્થર ઉપર બેઠો હતો. એમાં રાજા આવ્યો. હાથી ને બધા (આવ્યા). આહા..! આ અમારા માણસ આવ્યા. અમારા માણસ આવ્યા. એમ ઘરમાં આવ્યા તો બાયડી આવી, છોકરા આવ્યા તો અમારા માણસ આવ્યા. ક્યાં તારા હતા પાગલ. હજી તો બીજી વાત છે.

એ બેઠો હતો પત્થર ઉપર. આવ્યા. ઉતર્યા. બે વાગ્યા સુધી ઓલા આહાર-પાણી કરે ને, ભોજન કરે. એક કલાક-બે કલાક. બે વાગે ચાલ્યા માંડ્યા. તો ગાંડો કહે, કેમ જાવ છો? એય..! કેમ જાવ છો મને પૂછ્યા વિના? ઓલા કહે, આ ગાંડો લાગે છે. અમે ક્યાં તારા માટે આવ્યા હતા? અમારી મુદત થઈ ગઈ. અમે ભોજન કરી લીધું. કલાક નીંદર કરી લીધી. હવે જઈએ છીએ. કેમ જાવ છો? કોઈ અમને પૂછતું નથી. એવો દાખલો આપ્યો છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં.

એમ આત્મા જે કુટુંબમાં, ઘરમાં આવે છે એ પાગલ જ્યાં બીજી બાયડી આવી, છોકરા આવ્યા, કુટુંબ આવ્યું ત્યાં આ મારા.. મારા.. મરવા ટાણે અરે..! પણ હું છું ને તું મરી જાય છે? બરાબર છે? આવું તોફાન છે. હસમુખ આવ્યો ને ફલાણો આવ્યો ને ઢીંકણો આવ્યો. એક પછી એક. આ કહે કે મારો દીકરો, મારું .. ક્યાં દીકરો? આત્મા અને પરમાણુ તો પર છે. તારી ચીજ ક્યાં છે? અને તારે કારણે ક્યાં આવ્યો છે. એના કર્મની યોગ્યતાથી ત્યાં આવ્યો છે. સમજાણું કાંઈ? મુદ્દત પૂરી થશે એટલે ચાલ્યો જશે. ઓલાની જેમ મુદત થઈ બે વાગ્યા તો લશ્કર ઉપડ્યું. ઓલો રોવા માંડ્યો. રાડે રાડ કરવા માંડ્યો. અરે..! તમે ક્યાં જાવ છો? રાણીને કહે ક્યાં જાવ છો? છોકરાઓ પણ કે દિ' તારા રાણી અને છોકરા હતા. અમે તો અમારે ખાતર અહીં આવ્યા. ખાઈને મુદત થઈ તો ચાલ્યા જઈએ. એમ પાગલ જે કુળમાં જન્મ્યો. આહા..હા..! ત્યાં આગળ મકાન થયા, પૈસા થયા, બાયડી થઈ, છોકરા થયા એની મુદત થી. આ મારા માણસ આવ્યા. મુદત પૂરી થઈ ને જાય. અરે! પણ ક્યાં જાય છે? હું છું ને. પણ કે દિ' તારા હતા અમે? અમારી મુદત પૂરી થઈ તો અમે જઈએ છીએ. પોપટભાઈ! કહો, ભગવાનજીભાઈ! આવું ઊંધું ચાલે છે. એ બધા કરોડોપતિ માણસ છે. આહા..હા..! ધૂળેય નથી, બાપા!

અહીં કહે છે કે જ્યારે જીવ જો વિકારપણે ન પરિણમે અને જડ જો વિકારપણે એને પરિણમાવે. છેને? '**પુદ્ગલકર્મ જે ક્રોધાદિક...**' એ ક્રોધાદિક કોણ? પુદ્ગલકર્મ જડ. '**તે જીવને ક્રોધાદિ...**' એટલે પુણ્ય-પાપના ભાવપણે પરિણમાવે '**તેથી સંસારનો અભાવ થતો નથી.**' શિષ્યે તર્ક કર્યો. '**તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છે :**' સાંભળ! તું કહે છે કે જડ ક્રોધ જે કર્મનો ઉદય છે એ આત્માને વિકાર કરાવે છે. આત્મા વિકારપણે પરિણમતો નથી પણ બીજો કરાવે છે. એમ જો હોય તો અમે તને પૂછીએ છીએ બે પક્ષ લઈને. અહીં તો વકીલાતની પેઠે ન્યાય આપ્યો છે.

આ પ્રકારે કહેવામાં આવે છે. નિરાકરણ. '**પુદ્ગલકર્મ ક્રોધાદિક છે તે સ્વયં અપરિણમતા જીવને ક્રોધાદિભાવે પરિણમાવે...**' છે? આ પ્રશ્ન એક. જડ જે કર્મ છે એ આત્મા વિકારરૂપે નથી પરિણમતો એને પરિણમાવે છે? કાંતિભાઈ! આહા..હા..! '**જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે તેથી સંસારનો અભાવ થતો નથી, તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છે :—પુદ્ગલકર્મ...**' જડ જે છે. જડકર્મ ક્રોધ, માન, ચારિત્રમોહના કર્મ જડ. '**તે સ્વયં અપરિણમતા જીવને...**' જીવ પરિણમતો નથી અને અપરિણમતા જીવને વિકાર કરાવે છે? છે? '**અપરિણમતા જીવને ક્રોધાદિભાવે પરિણમાવે કે સ્વયં પરિણમતાને?**' કે આત્મા સ્વયં પરિણમે છે એને પરિણમાવે છે? બે પ્રશ્ન થયા.

શિષ્યે કહ્યું કે જડકર્મ છે એ આત્માને વિકારપણે પરિણમાવે છે. તો ગુરુ કહે છે કે અમારા બે પ્રશ્ન છે તને. કે જો આત્મા જડ કર્મથી વિકારરૂપે પરિણમે તો એ નહિ પરિણમતાને

પરિણમાવે છે? કે પરિણમે છે તેને પરિણમાવે છે? સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી આચાર્યોએ, સંતોએ કરુણા કરીને દિગંબર મુનિઓ વનમાં રહેનારા. આ તો વનવાસી સંત છે. આ વનશાસ્ત્ર છે. વનમાં બનેલું છે. જંગલમાં. આહા..હા..! ત્યાં છેને ભરૂચ પાસે? સોજીત્રા. નહિ? અંકલેશ્વર નહિ ઓલું .. ઓલું? સજોત. જૂનું દિગંબરનું મંદિર છે. પ્રતિમા બે હજાર વર્ષ પહેલાની જૂની છે. અમે તો ગયા હતા ને. બધું જોયું છે. ત્યાં આજુબાજુમાં એટલા તાડપત્રો છે તાડપત્રો. હજારો તાડપત્રો. મુનિઓ ત્યાં રહેતા હતા. અને ત્યાં તાડપત્રમાં લખતા હતા. અત્યારે ત્યાં છે. ભરૂચ પાસે સજોત-સજોત. ગયા છીએ ને અમે બે વાર ગયા હતા. જેટલા જાત્રાના સ્થાન છે હિન્દુસ્તાનમાં ત્યાં લગભગ તો બધે ઠેકાણે ગયા છીએ. બધું જોયું છે. ત્યાં હજારો તાડપત્ર છે નર્મદા નદીને કાંઠે. નર્મદા નદીમાં તો મોટા વહાણ ચાલે છે. વહાણ છે. નર્મદા છે ભરૂચને કાંઠે. મોટો પુલ છે. હજારો તાડ. ત્યાં મુનિ રહેતા હતા. તો એ તાડપત્ર પડ્યા હોય ને નીચે એમાં લખતા હતા. તે દિ' ક્યાં કાગળને એ હતા. એ ત્યાં બને છે. ષટ્ખંડાગમ ત્યાં બન્યું છે. ષટ્ખંડાગમ છેને અત્યારે? આ ષટ્ખંડાગમ અંકલેશ્વરની પાસે ત્યાં બન્યા છે. ષટ્ખંડાગમ છેને? આપણે ૪૦ પુસ્તક અહીંયા છે. જય ધવલ, ધવલ, મહાધવલ. ૪૦ પુસ્તક છેને? અહીંયાં તો બધા છેને. થોડા બાકી છે હજી. થોડા છાપવાના હજી બાકી છે. એ ત્યાં લખ્યા છે તાડપત્રમાં. મુનિ જંગલમાં રહેતા. એ તો મહા.. આહા..હા..! વિકલ્પ આવ્યો તો લખી નાખ્યું. લખવાની ક્રિયા તો જડની થઈ. વિકલ્પ આવ્યો એના જ્ઞાતા રહેતા હતા. આહા..હા..!

અહીંયાં કહે છે કે આત્મા વિકારપણે પરિણમે છે એ ક્રોધ (રૂપે) નહિ પરિણમતાને પરિણમાવે છે કે પરિણમતાને પરિણમાવે છે? ન્યાય સમજાય છે? આ લોજિકથી તો વાત કરે છે. આહા..હા..! '**પુદ્ગલકર્મ ક્રોધાદિક...**' પુદ્ગલકર્મ ક્રોધાદિક શું? જડ. જડકર્મ જે છેને, મોહનીય કર્મ જડ, માટી, ધૂળ, પુદ્ગલ એ ક્રોધાદિક છે. '**તે સ્વયં અપરિણમતા...**' જીવનું પરિણમન નથી અને '**જીવને ક્રોધાદિભાવે પરિણમાવે કે...**' જીવ પરિણમતો નથી એને ક્રોધ જડ પરિણમાવે છે કે સ્વયં પરિણમતાને (પરિણમાવે છે)?

'**પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ;...**' આહા..હા..! પોતાથી પરિણમે નહિ એને બીજો પરિણમાવે એવી તાકાત ત્રણ કાળમાં હોઈ શકે નહિ. જુઓ! '**સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ; કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ.**' પોતામાં પરિણમવાની શક્તિ ન હોય અને બીજો પરિણમાવે એવી શક્તિ ત્રણ કાળમાં હોતી નથી. સમજાણું કાંઈ? એમાં તો હજાર લીધું છેને? કળશટીકા. હજાર પરની શક્તિથી આત્મા (પરિણમે એમ) ત્રણ કાળમાં બને નહિ. પોતાની પરિણમવાની શક્તિથી પરિણમે છે. જડકર્મ પરિણમાવે છે? તો નહિ પરિણમતાને પરિણમાવે છે? તો નહિ પરિણમતાને બીજો પરિણમાવે એવું ત્રણ કાળમાં

બને નહિ.

હવે પરિણમતાને પરિણમાવે છે? પોતાથી પરિણમે એને બીજો પરિણમાવે એ ક્યાંથી આવ્યું? આહા..હા..! આચાર્યે કામ કર્યા ગજબ કર્યા છે! આ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. હજાર વર્ષ પહેલા થયા. હજાર વર્ષ પહેલા દિગંબર સંત એ ચાલતા સિદ્ધ! આહા..હા..! મુનિવર તે ધન્યદશા! આહા..હા..! 'નમો લોએ સવ્વ સાહુણં.' નહિ એ નહિ આ તો 'નમો લોએ સવ્વ આઈરિયાણં.' આચાર્ય હતા ને. આ મુનિ હતા. નિયમસારની ટીકા કરનારા મુનિ હતા. એ 'નમો લોએ સવ્વસાહુણં'માં આવે. એ નમો લોએ સવ્વ આઈરિયાણંમાં આવે. આહા..હા..! જેને ગણધર પણ નમસ્કાર કરે. આહા..હા..! ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં કરવાની તાકાતવાળા તીર્થંકરના દિવાન—વજીર. આહા..હા..! એ પણ ધન્ય મુનિ તારા ચરણમાં મારા નમસ્કાર. બાપા એ ચીજ કેવી હશે! આહા..હા..! સમજાણું કાંઈ? આ એની ટીકા છે.

**'સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ; કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ.'** ભાઈ! એમાં દૃષ્ટાંત આપ્યો છે. એ ઘણીવાર કહીએ છીએ. સ્ફટિકનો આપ્યો છે. સ્ફટિક છેને? એ અહીં લાલ, લીલા ફૂલ મૂકે તો સ્ફટિક લાલ, લીલારૂપે પોતાની શક્તિથી પરિણમે છે. જો પરથી થાય તો લાકડા નીચે મૂકે નહિ લાલ, પીળા ફૂલ. લાકડામાં એવી શક્તિ નથી. દૃષ્ટાંત આપ્યું છે ટીકામાં. સ્ફટિક જે છે એ લાલ, પીળા ફૂલ હોય નજીકમાં તો એ પરિણમે છે એ પોતાથી પરિણમે છે. લાલ ફૂલને કારણે નહિ. એ સ્ફટિકની યોગ્યતા એવી છે. લાકડાનો દૃષ્ટાંત આપ્યો છે, ભાઈ! લાકડીનો. લાકડી છે તો મૂકો અહીંયા લાલ ફૂલ. નહિ થાય. કેમકે એની યોગ્યતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આચાર્યે તો કમાલ કરી નાખી છે! આહા..હા..!

બીજું દૃષ્ટાંત અમે આપીએ છીએને. દિવાસળી છેને દિવાસળી. દિવાસળી. બીડી પીવે છે. અહીંયાં ઊનું થાય અને અહીં ઊનું નથી થતું. બે-ત્રણ તસુ ઊનું (થાય). અને લોઢું હોય દસ હાથનું. ચાર તસુ અગ્નિમાં રહે તો આખું ગરમ થઈ જાય. એ લોઢાની યોગ્યતા એવી છે. લાકડીની યોગ્યતા એવી નથી. લાકડી તો જેટલી બળે એટલામાં ઊનું થાય, આ બાજુ ઊનું ન થાય. નહિતર તો પકડી ન શકે. અને લોઢાનો સ્વભાવ.. દસ હાથ લાંબો હોય, ચાર તસુ અગ્નિમાં રહ્યો હોય તો પકડી ન શકાય. બધામાં અગ્નિ વ્યાપી જાય. એ લોઢાની યોગ્યતા છે. સમજાણું કાંઈ? અગ્નિને કારણે નહિ. આહા..હા..! એમ જો આત્મા વિકારપણે પોતાથી પરિણમે છે તો બીજો એને પરિણમાવે એવી કોઈ શક્તિ છે નહિ. આહા..હા..! કર્મની તાકાત નથી કે આત્માને વિકારપણે પરિણમાવે. નહિ પરિણમતાને પરિણમાવી દે. આહા..હા..! વાત તો સમજાય એવી છે, ભગવાન!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત છે. એમ ચાલે છે હોં! એ અમારે સ્થાનકવાસીમાં તો એમ ચાલે. આર્જિકાઓ બોલે ને 'કર્મે વાળ્યો આડો અંક...' 'કર્મે રાજા કર્મે રંક કર્મે વાળ્યો આડો અંક.' કાંઈ સમજે નહિ, બિચારા વેશ લઈને બેઠા. તત્ત્વની દૃષ્ટિની હજી ખબર ન મળે. આહા..હા..! અહીં એ કહે છે. મહાગાથાઓ છે. કૈલાસચંદજી બરાબર યોગમાં આવ્યા છો. અમારા બહેનને લઈને આવ્યા છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો જ્યારે લાયકાત હોય તો આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

એ તકરાર, બધા પંડિતો સાથે આ તકરાર છે, કે નિમિત્તથી થાય છે અને વ્યવહારથી નિશ્ચય થાય છે અને ક્રમબદ્ધ નહિ. આ પાંચ પ્રશ્ન છે સોનગઢ સામે. અત્યારે આજે પણ આવ્યું દેવેન્દ્ર કો'ક છેને શાસ્ત્રી. ડોક્ટર છે દેવેન્દ્ર. આજે ગયા છે ત્યાં મુંબઈ. આજે પણ આવ્યું. પહેલાં પણ આવ્યું હતું જૈનગેજેટમાં. આજે જૈનસંદેશમાં આવ્યું છે. ક્રમબદ્ધ શાસ્ત્રમાં છે જ નહિ. ક્રમબદ્ધ શાસ્ત્રમાં છે જ નહિ. હવે ક્રમબદ્ધની ખબર પણ નથી. સર્વવિશુદ્ધ અધિકારમાં ક્રમનિયમિત (શબ્દ પડ્યો છે). સમજાણું કાંઈ? સમયસાર છેને. જુઓ! એ દેવકીનંદનને બતાવ્યું તો દેવકીનંદનને તો એમ થઈ ગયું ઓહો..હો..! આ વાત! ૩૦૮-૩૦૯. ૩૦૮-૯ ગાથા છેને. આવ્યું લ્યો.

જુઓ. એ ગાથા છે ૩૦૮, ૯, ૧૦. આ ક્રમબદ્ધનું સમજવાનો આધાર આપીએ છીએ. હિન્દી ૪૩૮ પાનું અમારે છે. ૩૦૮, ૧૦, ૧૧ ગાથા. એની ટીકા. એની ટીકા છે. ૩૦૩ હિન્દી? ૩૦૮, ૯, ૧૦, ૧૧ ગાથા. એની ટીકા. છે ટીકા? ચાર ગાથા. એની ટીકા. ટીકા લ્યો. એની ટીકા છે. જુઓ! '**પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે,...**' એ પાઠ છે હોં અંદરમાં. '**तावत्क्रमनियमित**' સંસ્કૃત ટીકા છે. એ દેવકીનંદને બતાવ્યું હતું. ઘણું વાંચ્યું હતું. આ બતાવ્યું ને એને... આ..હા..! સાધુ આગમચક્ષુ હોય છે. એમ બિચારા બોલ્યા. જુઓ! કીધું '**क्रमनियमित**' શબ્દ પડ્યો છે. સંસ્કૃત. ક્રમ અને નિયમિત. એકલું ક્રમ પણ નહિ. ક્રમે પણ નિયમત જે પર્યાય થવાની છે તે રીતે જ થશે. આહા..હા..! આઘીપાછી નહિ. એ સંસ્કૃતમાં છે અંદર. સંસ્કૃત ટીકા છેને. સંસ્કૃત ટીકા છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ. '**जीवो हि तावत्क्रमनियमित**' ક્રમે અને નિશ્ચયથી '**परिणामैरुत्पद्यमानो जीव एव,...**' પોતાના પરિણામથી પરિણામ ક્રમમાં ઉત્પન્ન થાય છે એ જીવ જ છે. જીવના પરિણામ છે. આહા..હા..! આવ્યું? ભાઈને આવ્યું? આ તો આધાર સમજાવવા માટે દીધો. ઓલા લોકો કહે ક્રમ નથી. અરે..! તમને ખબર નથી. ક્રમબદ્ધ

શબ્દ શાસ્ત્રમાં છે નહિ. પાછું લખે છે એમ છેલ્લે કે મારા કરતાં સ્વામીજીને જ્ઞાન ઘણું છે. મને એટલું જ્ઞાન નથી. એમ લખે પાછું. આજે આવ્યું છે.

**શ્રોતા :-** માને નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માને નહિ. આહા..હા..! અરે.. ભગવાન! આ તો શાસ્ત્રના આધારસહિત વાત છે, ભાઈ! આ કાંઈ અદ્ધરની કલ્પનાની વાત નથી. આહા..હા..! છે?

'**પ્રથમ તો જીવ ક્રમબદ્ધ...**' ક્રમનિયમિત. ક્રમે જે થવાની પર્યાય તે ક્રમસર થાય છે. '**પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી;...**' એટલે કે વિકારપણે પરિણમે છે એ અજીવ નહિ. એ પરિણમે છે એ પરિણામ જીવનું છે અને જીવ છે. '**એવી રીતે અજીવ પણ...**' જડ પણ. કર્મ, શરીરાદિ '**ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે,...**' આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ચોખ્ખા ભાગલા કર્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભિન્ને ભિન્ન તત્ત્વ છે. અને ભાગલા તો છે પણ ક્રમબદ્ધના ભાગલા છે અહીંયાં તો. જે સમયે જે ક્રમમાં પર્યાય થવાની તે પર્યાય થશે. આઘીપાછી નહિ. જેમ હાર છે ને હાર મોતીનો. તો જ્યાં જ્યાં જે જે મોતી છે તે મોતી ત્યાં છે, આઘાપાછા નથી. એમ દ્રવ્યમાં જે સમયે જે પર્યાય થવાની તે જ પર્યાય થશે. આઘી-પાછી નહિ. આહા..હા..! ઝીણી વાત છે. બહુ સૂક્ષ્મ વાત. એ તો હિન્દુસ્તાનમાં ચાલતી નથી. એટલે લોકોને જરી લાગ્યું બિચારાને. એકાંત છે. સાંભળ્યું નથી, સાંભળ્યું નથી. બાપુ! તારા ભાવની વસ્તુસ્થિતિ (એમ જ છે). આહા..હા..!

જીવમાં પણ વિકારનો કાળ હોય ક્રમબદ્ધમાં તો પોતાથી પરિણમન થાય છે. અને સમ્યગ્દર્શનની પરિણતિ પણ પોતાથી થાય છે. કર્મનો અભાવ છે અને કર્મનો અભાવ થયો એટલે અહીંયા સમ્યગ્દર્શનની પર્યાય થઈ એમ છે નહિ. સમજાણું કાંઈ? પછી તો એનો વિસ્તાર છે બહુ. આ તો ઘણીવાર ચાલી ગયું છેને. ૧૭ વાર થઈ ગયું. વ્યાખ્યાન તો ૧૭ વાર (ચાલી ગયું), આ ૧૮મી વાર છે. એ આવશે.

અહીંયાં કહ્યું.. આહા..! જીવ જ્યારે પોતાના પરિણામ વિકાર કરે છે તો કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. અનુકૂળ કહેવામાં આવે છે. અને વિકારી પરિણામ થયા એ અનુરૂપ છે. નિમિત્તને અનુરૂપ અહીંયાં વિકાર થયો છે, પણ નિમિત્તથી થયા છે એમ છે નહિ. આહા..હા..! જડ ક્રોધ આત્માને વિકારપણે પરિણમાવે એમ ત્રણ કાળમાં બનતું નથી. લોકો કહે છે ને કર્મનો ઉદય આવે તો વિકારપણે પરિણમવું જ પડે. એવું વળી એક જણો કહેતો હતો. કર્મનો ઉદય આવે એ તો નિમિત્ત થઈને આવે છે એટલે એણે કરવું પડે. નોકર્મ બહાર છે એ તો નિમિત્ત નથી. પછી આરોપ કરીને નિમિત્ત છે. અને કર્મનો ઉદય આવે તો નિમિત્ત થઈને આવે છે એટલે વિકાર કરવો જ પડે. તદ્દન મિથ્યાદષ્ટિનું જોર છે તદ્દન. 'કર્મ બિચારે

કૌન ભૂલ મેરી અધિકાઈ.' એ તો ભક્તિમાં આવે છે. સમજાણું કાંઈ? હજી વ્યવહાર તત્ત્વની ખબરું ન મળે એને નિશ્ચય અનુભવ તો ક્યાં (હોય)? ચાલતો અધિકાર. છે?

'**પુદ્‌ગલકર્મ ક્રોધાદિક છે તે સ્વયં અપરિણમતા જીવને ક્રોધાદિભાવે પરિણમાવે...**' જીવને જડ ક્રોધ પરિણમાવે છે '**કે સ્વયં પરિણમતાને? પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ;...**' વિકારપણે જીવ ન પરિણમતો હોય તો બીજો પરિણમાવી શકે એમ ત્રણ કાળમાં નથી. કર્મનો ઉદય જીવને વિકારપણે પરિણમાવે એમ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એક વાત.

'**કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ.**' આહા..હા..! '**અને સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય;...**' આહા..હા..! સ્વયં વિકારરૂપે આત્મા થતો હોય તો નિમિત્તને કારણે પરિણમે છે એમ છે નહિ. આહા..હા..! આ પત્રોમાં એ આવે છે. એકાંત છે રે એકાંત છે. બસ! નિશ્ચયથી પોતાથી થાય છે અને કર્મથી નહિ. બે નય છે. પણ બે નયનો અર્થ શું? કર્મ બીજું છે એવું જ્ઞાન કરાવવાની વાત છે. પણ કર્મથી વિકાર થાય છે (એમ નથી). મોટી ચર્ચા થઈ ગઈ. આહા..હા..! બધા પંડિતોની વચ્ચે. વળી જગમોહનલાલજી એમ નાખે કે વ્યવહાર કરતાં કરતાં કોઈને નિશ્ચય પણ થાય છે. જૂઠ છે. બધાને નહિ. સિદ્ધાંત તો રહ્યો નહિ. કેમ કે એ પડિમા લઈને બેઠા છે. બે પડિમા છે એને. તો કરવું શું? વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એમ સ્થાપે તો ત્યાં સંતોષ થાય.

**શ્રોતા** :- .. નિયમ ક્યાં રહ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિયમ ક્યાં રહ્યો? અરે.. ભગવાન!

જેમ પોતાના વિકારપણે પરિણમવાના કાળમાં કર્મ નિમિત્ત છે, અનુકૂળ છે પણ એ પરિણમાવતું નથી. એમ વ્યવહાર છે. સમકિતીને પણ વ્યવહાર છે. સમ્યગ્દર્શન થયું તો વ્યવહારથી થયું નથી. થયું તો પોતાના આશ્રયથી. પણ પછી પણ વ્યવહાર છે. સમકિતીને, મુનિને વ્યવહાર આવે છે. આવે છે પણ જાણવાલાયક છે, આદરવાલાયક નથી. આહા..હા..! અને વ્યવહારથી નિશ્ચય થાય છે એમ નહિ. જેમ નિમિત્તથી પરમાં નથી થતું એમ વ્યવહારથી નિશ્ચય થતો નથી. વ્યવહાર છે ખરી ચીજ. આહા..હા..! બહુ ફેરફાર થઈ ગયો છે. એટલે લોકોને એકાંત લાગે, એકાંત લાગે. આહા..હા..! અને ઓલાએ તો ત્યાં સુધી લલિતપુરમાં (કહ્યું). આવું સોનગઢના માનનારાઓ છે એના માથા ફોડીને જંજીરથી કાપી નાખવા. અરે.. ભગવાન! એમ ન હોય બાપુ! એટલો બધો દ્વેષ! તમને ન બેસે તો શાંતિ રાખો. ધીમેથી સમજો કે આ શું કહે છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે કર્મ નિમિત્ત છે એ પરિણમનારો વિકારરૂપે ન પરિણમે એને પરિણમાવે? શું પોતાની શક્તિ વિના બીજો એને શક્તિ આપી શકે? અને પોતાથી પરિણમે છે તો નિમિત્ત

પરિણમાવે છે એમ રહ્યું ક્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? મોટી જંજીર. પછી એ પ્રશ્ન ત્યાં લાવ્યા હતા કલકત્તા. શાહુજી પાસે. વર્ણીજી પાસેથી લાવ્યા હતા મોટું લખાણ. અમે ઉઠીને ગયા હતા ને ત્યાં કલકત્તા. ગજરાજજીને ત્યાં આહાર કરતા હતા. ગજરાજજી છે ને? લાડનૂવાળા. ગજરાજજી નહિ? ત્રણ ભાઈ નહિ? મોટાનું નામ શું? ગજરાજીનો દીકરો. આ તો મોટા ભાઈ. તુલારામ. મોટા તુલારામ, નાના ભાઈ વચ્છરાજજી અને વચ્છરાજજીથી નાના ગજરાજજી. ત્રણે અહીં આવ્યા હતા ને ત્રણે આવ્યા હતા. બધા આવ્યા હતા. આહા..હા..! તો એ ત્યાં કહેતા હતા કે.. પત્ર લાવ્યા હતા. શું કહેવાય તમારે? ઈસરીથી વર્ણીજીનો.

તમે એમ કહ્યું કે વિકાર પોતાથી થાય છે. તો વિકાર સ્વભાવ થઈ જાય. કર્મથી થાય તો વિકાર છે. જવાબ ત્યાં આપી દીધો છે. શેઠ હોય તો અમારે શું છે? શાહુજી બિચારા નરમ માણસ છે. નિર્ણય કરવાનો વખત નહિ. દુનિયાની ઉપાધિ આગળ, મોટો ઉપાધિવાળો મોટો. ઘણી ઉપાધિ. આહા..હા..!

અહીં કહે છે કે વિકાર પોતાથી થાય છે તો બીજાથી થવાનું કારણ રહ્યું નહિ. પોતાથી વિકાર થાય તો બીજો પરિણમાવે એમ રહ્યું નહિ. પોતે પરિણમતો નથી અને બીજો પરિણમાવે એવી શક્તિ છે નહિ. કોઈ દ્રવ્યની એવી શક્તિ બીજાને દે એમ છે નહિ. ત્રણ કાળમાં નિમિત્ત પરિણમાવી શકે નહિ. એમ કહે છે. નિમિત્ત હો, વસ્તુ છે. એમ વ્યવહાર હો, વ્યવહાર છે. પણ વ્યવહારથી નિશ્ચય થાય છે એમ ત્રણ કાળમાં નથી. અને નિમિત્ત હોય, નિમિત્ત પરિણમીને પરનું કાર્ય કરે છે એમ ત્રણ કાળમાં નથી. કુંભાર હો, પણ કુંભાર ઘડો કરે છે એમ ત્રણ કાળમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બધું વિચારીને નિર્ણય કરવો પડશે શેઠ! એમને એમ ચાલે છે આ ગોટા. ભગવાનનું સત્ છે ત્રિલોકનાથનું. આહા..હા..!

સર્વજ્ઞ પરમાત્મા. સર્વજ્ઞ કહે છે તો સર્વજ્ઞે તો ત્રણ કાળ ત્રણ લોક જોયા છે. તો જે સમયે જ્યાં થાય છે એ જ્ઞાને નથી જોયું? સમજાણું કાંઈ? સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષામાં કહ્યું છે કે સર્વજ્ઞે તો ત્રણ કાળ ત્રણ લોક જોયા છે. તો સર્વજ્ઞે જોયું એવું ત્યાં થાય છે પોતાની પર્યાય. જ્યાં ક્રમસર થાય છે ત્યાં જ થાય છે. સમજાણું કાંઈ? અનાદિઅનંત પર્યાય જે સમયે જ્યાં છે એ તો સર્વજ્ઞે જોઈ છે કે આ સમયે આ થાય છે. તો એમાં ફેરફાર થાય છે? આહા..હા..! એવી વાત છે. સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષામાં છે કે ભગવાને દીઠું એમ ત્યાં સમયે સમયે થશે. એમાં શંકા કરે એ મિથ્યાદષ્ટિ છે. એમ લીધું છે. સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા. અહીં નથી ને ઈ. નહિ હોય. સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા નથી. આ દ્રવ્યસંગ્રહ છે. આ..હા..! બધા વ્યાખ્યાન થઈ ગયા છે. આખા પુસ્તક ઉપર વ્યાખ્યાન થઈ ગયા છે. આહા..હા..!

અહીં કહે છે કે.. અહીં શું પ્રશ્ન ચાલે છે? કે જીવ જે આત્મા છે એ સ્વયં વિકારરૂપે ન પરિણમે તો વિકારપણે ન પરિણમે તો કર્મની સાથે એનો સંબંધ ન રહ્યો. તો વિકારરહિત થયો, તો સિદ્ધ થઈ ગયો એ તો. સંસાર તો રહ્યો નહિ. તો સંસાર વિકારદશા છે એ

સંસાર છે. તો એ સંસાર પોતાથી પરિણમે છે તો એ સંસાર છે. એ કર્મથી થાય તો સંસાર તો અહીંયા રહ્યો નહિ. અને અહીં સંસારરૂપે પરિણમે છે તો કર્મ બીજાને પરિણમાવે એવી શક્તિ છે નહિ. આહા..હા..! કેટલા ન્યાય લોજિકથી તો વાત ચાલે છે. વકિલાતની પેઠે લોજિકથી (વાત) છે અહીંયાં. આહા..હા..! અને એવો નિર્ણય પર્યાયની સ્વતંત્રતાનો જેને નથી એને દ્રવ્યની દૃષ્ટિ કદી થતી નથી. સમજાણું કાંઈ? એક સમયની દરેક દ્રવ્યની પર્યાય તે તે કાળે સ્વતંત્ર છે એવી સ્વતંત્રતાની શ્રદ્ધા જેને નથી, એને પર્યાયરહિત દ્રવ્ય ત્રિકાળ છે એ તરફ એની દૃષ્ટિ જશે નહિ અને એને પ્રતીતિ થશે નહિ. સમજાણું કાંઈ? શું કહ્યું એ?

ફરીને. કોણે કહ્યું ફરીને? બરાબર છે. પર્યાય છે ને સ્વતંત્ર, જે સમયે થવાની છે તે સ્વતંત્ર પોતાથી થાય છે. પોતે કર્તા અને પોતાનું કાર્ય છે. પરનું નહિ. તો એટલી પર્યાયની સ્વતંત્રતા જેને એક સમયની બેસે નહિ એને પર્યાય સિવાયનું આખું દ્રવ્ય સ્વતંત્ર છે એ વાત નહિ બેસે. એક પર્યાય ન માને તો દ્રવ્ય ક્યાંથી માને ઈ? આહા..હા..! ઝીણી વાત ભાઈ! થોડો ફેર લાગે પણ ફેર ઘણો છે. સમજાણું કાંઈ? એ કહ્યું અહીંયા.

**'અને સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.'** આહા..હા..! વિકારપણે પરિણમવામાં પરની શક્તિની અપેક્ષા એને નથી. આ તો ૬૨ ગાથા જેવું આવ્યું ભાઈ! પરકારકની અપેક્ષા નહિ એ રીતે આવ્યું. આહા..હા..! ગજબ વાત છેને! ૬૨ ગાથા કહી હતી ત્યાં ઈસરી. વર્ણીજી પાસે અને ભાઈ બંસીધરજી (હતા). એ તો અભિન્ન વાત છે. પણ અભિન્નો અર્થ શું? કર્તાકર્મ પોતાથી છે પરથી નહિ એમ અભિન્નનો અર્થ છે. પછી અહીં આવ્યા હતા. સંગ એવ છેને? સંગ એવ. લોકો બધા એમ કહે કે કર્મના સંગથી થાય છે. ત્યારે આ કહે કે સંગ એવ. આત્મા સંગ કરે છે તો વિકાર થાય છે. એ શબ્દ છે, એક કળશમાં છે. આપણે આમાં કળશમાં છે. સમયસારમાં છે. સંગ એવ. પરનો સંગ કરે છે તો વિકાર થાય છે, પરથી વિકાર થાય છે એમ વાત નથી. સમજાણું કાંઈ? દુષ્ટનો સંગ કર્યો તો દુષ્ટ પરિણામ પોતાથી થયા છે. દુષ્ટના સંગથી થયા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નાલાયક નાદાન માણસ હોય એનો સંગ કરે તો જે વિપરીત ભાવ થયા એ સંગને કારણે નથી થયા, પોતાથી થયા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો આ મહાસિદ્ધાંત છે કે દરેક પદાર્થની જે પર્યાય થાય છે એમાં સામી બીજી ચીજને નિમિત્ત કહો અને એને અનુકૂળ કહો અને આ સામી જે પર્યાય થઈ એને નૈમિત્તિક અનુરૂપ કહો, પણ એ નિમિત્તથી થઈ એમ નહિ. આહા..હા..! એ તો ઉપાદાન થઈ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનદર્શનમાં તો ઓલા ઈશ્વરકર્તા માને છેને અન્ય લોકો એ ઈશ્વરકર્તામાં માને. આ કહે કર્મ કર્તા અમારો. જડ કર્તા અમારો. કૈલાસચંદજી! એ કહે કે

ઈશ્વરકર્તા અમારો. તો ઈશ્વર તો બિચારો જીવ છે. આ કહે કે અમારા કર્મ અમને હેરાન કરે.. આહા..હા..! એ તો આવ્યું છેને?

કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.
અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતી પાઈ.

અગ્નિ ઉપર ઘણ પડે છે. કેમ? કે અગ્નિએ લોઢાનો સંગ કર્યો. લોઢામાં પેસી તો ઘણ પડ્યા. એમ આત્માએ કર્મનો સંગ કર્યો પોતાથી તો વિકાર થયો તો ઘણ પડે છે તો દુઃખ થાય એને. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈએ ગાળ દીધી અને અહીં ક્રોધ થયો એમ નથી. એ પોતાથી થયો છે. અહીં તો કર્મથી થતું નથી પછી નોકર્મથી ક્રોધ થાય એમ તો બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'કારણ કે **વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. (આ રીતે બન્ને પક્ષ અસત્ય છે.)**' કયા બે પક્ષ? કે જો આત્મા વિકારપણે ન પરિણમે અને પર પરિણમાવે તો એવી શક્તિ છે નહિ. અને પોતાથી પરિણમે છે તો પરની અપેક્ષા છે નહિ. કહો, સમજાણું કાંઈ? ડાલચંદજીનો જે રાગ થાય છે એ ડાલચંદજીથી નહિ એમ કહે છે. પોતાથી રાગ થયો તો એને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! એના દીકરાનું નામ છે. આવે છે. આહા..હા..!

એમ હોવાથી... જુઓ! છે? '**તેથી જીવ પરિણમનસ્વભાવવાળો સ્વયમેવ હો.**' વિકારપણે બદલવાનો સ્વભાવ પોતાથી સ્વયમેવ. સ્વય-એવ. સ્વયં-એવ. પોતાથી નિશ્ચય. આહા..હા..! સ્વયં-એવ. સ્વયં-પોતાથી નિશ્ચય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જેમ ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો મંત્રસાધક પોતે ગરુડ છે...**' આહા..હા..! શું કહે છે? '**ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો મંત્રસાધક...**' ગરુડ થઈ ગયો પર્યાયમાં-લક્ષમાં. આહા..હા..! '**તેમ, અજ્ઞાનસ્વભાવવાળા ક્રોધાદિરૂપે જેનો ઉપયોગ...**' જોયું! '**અજ્ઞાનસ્વભાવવાળા ક્રોધાદિરૂપે જેનો ઉપયોગ...**' ક્રોધ, માન, માયા, લોભ છે એ અજ્ઞાનસ્વભાવ છે એ પર્યાયનો. જડથી નહિ. અને અજ્ઞાનીના ક્રોધ, માન માયા છે. જ્ઞાનીના નહિ. આહા..હા..! એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ-૬, મંગળવાર, તા. ૧૪-૯-૧૯૭૬,**
**ગાથા-૧૨૧ થી ૧૨૭, શ્લોક-૬૫, પ્રવચન નં. ૧૮૫**

આ સમયસાર. ૧૨૧થી ૧૨૫ ગાથાનું છેલ્લું ચાલે છે ને. છેલ્લે છે.

'**જીવ પરિણમનસ્વભાવવાળો સ્વયમેવ હો.**' છેને? ત્રીજી. નીચેથી ત્રીજી લીટી. હિન્દી. શું કહે છે? કે આત્મા પોતાના સ્વભાવને છોડીને વિકારરૂપ પરિણમો કે સ્વભાવરૂપ પરિણમો. પણ એ પરિણમન પોતાનું છે. પરથી થતું નથી. સમજાણું કાંઈ? સ્વભાવને છોડીને શુભ-અશુભપણે પરિણમે એ પણ પોતાથી પરિણમે છે અજ્ઞાની. અને શુદ્ધપણે પરિણમો એ પણ પોતાનો શુદ્ધભાવ-શુભભાવને છોડીને. શુભથી નિશ્ચય થાય છે એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. અત્યારે આ મોટી ગડબડ છે. નિશ્ચયથી નિશ્ચય થાય છે એ એકાંત છે. વ્યવહારથી નિશ્ચય થાય એ અનેકાંત છે એમ કહે છે. મૂળ ભૂલ અનાદિની.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તમે તો સાંભળ્યું છે. બહુ સાંભળ્યું છે ત્યાં. આહા...! એ વાત અહીંયાં કહે છે.

'**જેમ ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો મંત્રસાધક પોતે ગરુડ છે...**' શું કહે છે? ગરુડનો મંત્રસાધક જીવ હોય ને તો એને એમ થઈ જાય કે હું ગરુડ છું. ધ્યાનમાં ગરુડ છું એમ થઈ જાય. આહા..હા..! '**તેમ, અજ્ઞાનસ્વભાવવાળા...**' પોતાના સ્વભાવની દૃષ્ટિ જેને નથી એ અજ્ઞાનપણે પુણ્ય-પાપના વ્યવહારપણે પરિણમે છે એ '**ક્રોધાદિરૂપે જેનો ઉપયોગ પરિણમ્યો છે એવો જીવ જ પોતે ક્રોધાદિ છે.**' આહા..હા..! વ્યવહાર જે આ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પરિણામ છે એ રૂપે જે પરિણમે છે એ અજ્ઞાની પોતાને કારણે પરની અપેક્ષા વિના વિકારરૂપે પરિણમે છે. આહા..હા..!

**શ્રોતા :-** પરની અપેક્ષા વિના એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કર્મની અપેક્ષા નહિ એમ. વિકારપણે થવું એમાં કર્મની અપેક્ષા નથી.

**શ્રોતા :-** તો સ્વભાવ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ વાતમાં વાંધો છે ને બધાને. મોટી વાત. અત્યારના બધા પંડિતો અને બધા એ ... જાહેર કરે છે કે એ વ્યવહાર જે અમે કરીએ છીએ એ વ્યવહારથી નિશ્ચય થાય. મોટી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! કેમ કે જે વ્યવહાર છે એ પરના લક્ષે અને આશ્રયે થાય છે. તો પર તરફ એનું લક્ષ છે. અને પર તરફના લક્ષથી સ્વનું લક્ષ થાય

છે એમ ત્રણ કાળમાં બને નહિ. આ મોટી મૂળમાં ભૂલ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પોતાનો સ્વભાવ રાગથી રહિત, વ્યવહારથી રહિત આત્મા છે. એવી દૃષ્ટિ થતાં વ્યવહારની અપેક્ષા નિશ્ચય અનુભવમાં છે નહિ. સમ્યગ્દર્શન થવામાં પોતાના સ્વભાવના આશ્રયમાં પરનો આશ્રય ત્યાં થતો નથી. વ્યવહારનો આશ્રય નથી. આહા..હા..! એ કહે છે. અજ્ઞાની તો વિકારને પોતાનો માનીને પોતાપણે પરિણમે છે. સમજાણું કાંઈ? **'આ રીતે જીવનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું.'** વિશેષ જ્ઞાનીની વાત પછી કહેશે.

**'ભાવાર્થ :- જીવ પરિણામસ્વભાવ છે. જ્યારે પોતાનો ઉપયોગ...'** ક્રોધ કેમ લીધો? કે પોતાનો સ્વભાવ જે જ્ઞાતા-દૃષ્ટા છે એને રાગરૂપે પરિણમવું એ ક્રોધ છે. આહા..હા..! પોતાના સ્વભાવ પ્રત્યે એને દ્વેષ છે. ઝીણી વાત બહુ, બાપુ! આહા..હા..! આ વ્યવહાર-વ્યવહાર કરે છે ને પંચ મહાવ્રતના અને ફલાણા-ઢીકણા. વ્યવહાર શ્રદ્ધા છે, વ્યવહાર જ્ઞાન છે અને વ્યવહાર અમારે રાગ છે, એ વ્યવહારરત્નત્રય છે. એ અમને ભગવાન પાસેથી ત્રણ રત્ન મળ્યા. ખોટી વાત છે. સમજાણું કાંઈ?

વ્યવહાર હોય છે, પણ એની દશા પર તરફ છે. તો પરાશ્રય વ્યવહાર જે છે એ રાગનું પરિણમન કરનારા જીવ પોતે ઉપયોગરૂપે પરિણમે છે. રાગના-દ્વેષના ઉપયોગરૂપે એ પરિણમે છે. આહા..હા..! એ અજ્ઞાનીની વાત છે. ચાહે તો અગિયાર અંગ ભણ્યો હોય. અગિયાર અંગ ભણ્યો એમાં ઘણી વાત આવે છે. એક એક આચારાંગમાં ૧૮ હજાર પદ અને એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એટલું બધું વાંચી રહે કેટલા સમયે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાંચવાની ક્યાં વાત છે? એ તો ઉઘાડ થઈ જાય એટલો. નવ પૂર્વની લબ્ધિનો ઉઘાડ થઈ જાય એમાં શું? મિથ્યાદૃષ્ટિ હોય, રાગની મંદતાથી નવ પૂર્વનું જ્ઞાન થઈ જાય છે. પણ છે અજ્ઞાન. સમજાણું કાંઈ? કેમ કે એ પુણ્યના, દયા, દાન, વ્રતના ભાવ છે એની રુચિ છૂટતી નથી અને રુચિ છૂટ્યા વિના સ્વભાવની રુચિ થતી નથી. આહા..હા..!

**શ્રોતા :-** કેમ છૂટતી નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મિથ્યાત્વભાવનું જોર છે ઊંધી દૃષ્ટિનું. કર્મથી છૂટતી નથી એમ નથી. વિપરીત માન્યતાનું જોર છે તો ઊલટી દૃષ્ટિ થાય છે. આહા..હા..! અંદર ઊંડે-ઊંડે શલ્ય છે. એ ભલે નિશ્ચયની વાત કરે એ લોકો. સોનગઢવાળા એમ કહે છે પણ વ્યવહારથી થાય એમ ન માને તો એકાંત થઈ જાય. એમ કહે છે. ખબર છે અમને તો ખબર છે. બધા કહે છે. અત્યારે નથી કહેતા. અમને તો ૪૨ વર્ષ અહીંયાં થયા. સમજાણું કાંઈ?

હજી જેવો વ્યવહાર જોઈએ એવો તો અત્યારે વ્યવહાર પણ નથી. પણ વ્યવહાર યથાર્થ હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા. સમજાણું કાંઈ? એમાં એ લખ્યું છે, ભાઈ! ઓલું સત્તા સ્વરૂપમાં કહ્યું હતું ને? તો દેવેન્દ્રજીએ વાંચ્યું. અહીંના પુસ્તક હવે બધા ઘણા વાંચે છે. વાંચી વાંચીને

હવે કોપી કરીને વાત કરે છે થોડી-થોડી. નહિતર આ વાત હતી ક્યાં? નિજરસના આનંદની વાત જ ક્યાં હતી? આ ક્રિયા કરો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ કરો એ ધર્મ. થઈ રહ્યું. એય..! પોપટભાઈ! આ એમ કરતા હતા બધાય. અમે પણ એમ કરતા હતા દુકાન ઉપર. અમે નાની ઉંમરમાં દુકાનમાં, ઘરની દુકાન. તો સાંજે કરીએ પડિક્કમણા. પણ આ પર્યુષણમાં હોં! સ્થાનકવાસીના આઠ દિ' સાંજે પડિક્કમણું (કરીએ). આઠ દિ'માં ચાર અપવાસ. પાણી વિના હોં! પણ દુકાને બેસીએ એટલે ગરમી લાગી જાય એટલે.. નહિતર તો ૬૫ની સાલથી આહાર-પાણીનો ત્યાગ છે. દુકાન ઉપર. પણ એકવાર એવી તૃષા લાગી ને તો ખાનગી પાણી પી આવ્યા અંદર. પાણી હોં. ગોળો હોય ને ગોળો? શું કહે છે પાણીનું? મટકા-મટકા. અમારે બે દુકાન હતી ને. બીજી દુકાનમાં અંદર જઈને (પાણી પી લીધું). એવી ગરમી હતી અને દુકાન ઉપર ત્રણ પહોર, ચાર પહોર બેસવું પડે થડે. અને કોમળ શરીર પહેલેથી. આ તો ૮૭ થયા. તે દિ' તો ૨૨ વર્ષની ઉંમર. ૨૨ વર્ષ. એક વાર ભૂલ થઈ ગઈ. પછી તો એ.. ભાઈ, મેં એકવાર પાણી પીધું હતું. રાતે તો અમે પાણી નથી લેતા. બિલકુલ નહિ. પણ આજે એવી તૃષા લાગી તો મેં પાણી પી લીધું. ત્યાં કોણ પૂછનાર છે... સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એવો વ્યવહાર હોય, શુભભાવ, પંચ મહાવ્રતાદિ પણ એ વ્યવહાર તો નિશ્ચયનું કારણ છે. મોટું શલ્ય છે. કેમકે જે વ્યવહાર પંચ મહાવ્રત, પાંચ સમિતિ-ગુપ્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ પરાશ્રય છે. લક્ષ પરમાં છે. એની દિશા પર ઉપર છે. દશાની દિશા પર ઉપર છે. દશા જે રાગની છે, વ્યવહારની એ દશાની દિશા પર ઉપર છે અને આત્માની નિર્મળ સમ્યગ્દર્શનની દશા સ્વ (તરફ છે). આહા..હા..! થોડા ફેરમાં ઘણો ફેર લાગે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અહીં કહેશે. '**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—**' પાછળ ૧૨૬માં આવશે. શ્લોક-શ્લોક. ૬૫મો શ્લોક.

(उपजाति)

स्थितेति जीवस्य निरन्तराया
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यं स्वस्य तस्यैव भवेत्स कर्ता।।६५।।

'**શ્લોકાર્થ :- આ રીતે જીવની સ્વભાવભૂત પરિણમનશક્તિ નિર્વિઘ્ન સિદ્ધ થઈ.**' કર્મથી વિકારરૂપે પરિણમે એમ છે નહિ. આહા..હા..! પોતાને કારણે વિકાર પરિણમે છે. શુભરાગ અને અશુભરાગરૂપે. શુભરાગ કે અશુભરાગ બેય વિકાર છે. આહા..હા..! એ પોતાથી પરિણમે છે એવી '**નિર્વિઘ્ન સિદ્ધ થઈ. એ સિદ્ધ થતાં, જીવ પોતાના જે ભાવને કરે છે**

તેનો તે કર્તા થાય છે.’ પુણ્યભાવ હોય તો પુણ્યનો કર્તા થાય, અશુભભાવ હોય તો અશુભનો કર્તા છે. આહા..હા..!

**‘ભાવાર્થ :- જીવ પણ પરિણામી છે; તેથી પોતે જે ભાવરૂપે પરિણમે છે તેનો કર્તા થાય છે.’**

હવે ૧૨૬. **‘જ્ઞાની જ્ઞાનમય ભાવનો અને અજ્ઞાની અજ્ઞાનમય ભાવનો કર્તા છે એમ હવે કહે છે :—’** બહુ સારી વાત છે. ૧૨૬.

**जं कुणदि भावमादा कत्ता सो होदितस्स कम्मस्स।**
**णाणिस्स सणाणमओ अण्णाणमओ अणाणिस्स।।१२६।।**

નીચે હરિગીત.

**જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;**
**તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬.**

કર્મ શબ્દે જડ નહિ હોં અહીંયાં. પુણ્ય-પાપભાવ કે શુભભાવ કર્મ હો...

**‘ટીકા :—આ રીતે આ આત્મા સ્વયમેવ પરિણામસ્વભાવવાળો છે...’** પોતાથી બદલવાની પરિણતિની શક્તિવાળો છે. બીજાથી પરિણમે-બદલે એમ વાત છે નહિ. **‘તોપણ...’** એમ હોવા છતાં પણ **‘પોતાના જે ભાવને કરે છે તે ભાવનો જ—કર્મપણાને પામેલાનો-કર્તા તે થાય છે...’** પોતાનો જે શુભાશુભભાવ કે શુદ્ધભાવ એ રૂપે કરે એ ભાવનો કર્તા થાય છે. શું કહ્યું સમજાણું? કે આત્મા બદલવાનો સ્વભાવ પોતાથી થાય છે એ કારણે આત્મા શુભ કે અશુભભાવપણે પરિણમે તો એનો કર્તા થાય છે. અને શુભાશુભભાવ પોતાનું કર્મ-કાર્ય થાય છે. જ્ઞાની ધર્મીજીવ પોતાના જ્ઞાનસ્વભાવરૂપે પરિણમે છે. શુભાશુભપણે નહિ. તો એ જ્ઞાનપણે પરિણમે તો જ્ઞાનનો કર્તા પરિણામ આત્મા અને જ્ઞાન પરિણામ સમ્યગ્દર્શન આદિ થયા એ કર્મ આત્માનું. આવી વાતું બધી. છેલ્લી છે હોં, એક થોડું નથી મૂક્યું. પાછળ છે. જુઓ!

**‘પોતાના જે ભાવને કરે છે...’** એનો અર્થ કે શુભ-અશુભ કે શુદ્ધ **‘જે ભાવને કરે છે તે ભાવનો જ—કર્મ..’** કર્મ નામ કાર્ય. એ કાર્યપણે પામે છે. આહા..હા..! છે? **‘કર્તા તે થાય છે. (અર્થાત્ તે ભાવ આત્માનું કર્મ છે...’** કર્મ એટલે કાર્ય. **‘અને આત્મા તેનો કર્તા છે).’** હવે એનું સ્પષ્ટીકરણ કરે છે. એ સામાન્ય વાત કરી. **‘તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે...’** આહા..હા..! સમ્યગ્દષ્ટિને એ વ્યવહારરત્નત્રયના પરિણામ એનું કાર્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં મોટી ગડબડ છે. વ્યવહારથી ન થાય તો એકાંત થઈ જાય એમ બધા કહે છે. બધાની ખબર છે. એય..! તમે તો સાંભળ્યું નહિ હોય. છે? હવે નથી. તે દિ’ તો... એ તો છે. માર્ગ બાપા આ. ઓહો..હો..! આ તો અલૌકિક માર્ગ છે, પ્રભુ! આહા..હા..!

'તે ભાવ...' ક્યો ભાવ? કે પોતાના પુણ્ય-પાપના ભાવની રુચિ છોડીને વ્યવહારરત્નત્રયનો શુભભાવ એની રુચિ છોડીને પોતાના આનંદની રુચિ કરી તો આનંદનું પરિણન થયું. એ આનંદનું પરિણમન એનું કાર્ય છે અને આત્મા એનો કર્તા છે. ધીરેથી સમજવું બાપુ! માર્ગ એવો છે. હવે તો ઓલા ભાઈ વાતું કરવા માંડ્યા છે. ઓલા અમરચંદ. સ્થાનકવાસી છે ને? રાજગૃહી. આજે લેખ મોટો આવ્યો છે. ... શું કહેવાય એ છાપે છેને? ફોટો ને એ બધું છે. બધા વાત આત્માની કરવા માંડ્યા હવે. પણ વાત એ કે આ કરીએ છીએ એમાંથી નિશ્ચય થશે. સમજાણું કાંઈ? આહા..હા..! આ પણ આખી વાત લીધી. આખી વાત લીધી. ૨૪ તીર્થંકરની બધી વાત કરી. એમાં એમ લીધું વ્યવહાર એકાંત છે એમ ન લેવું. વ્યવહારથી થાય. ૨૮મા બોલમાં છે અધ્યાત્મમાં. લખ્યું છે. .. હોં. અમે તો દસ-દસ હજાર શ્લોક વાંચતા હતા એક દિવસમાં. એક દિવસમાં! બહુ વાંચતા હતા. આખી જિંદગીમાં કરોડો શ્લોક (વાંચ્યા છે). ... ક્યાંક છે.

અને અહીં યદ્યપિ .. આ તો આપણે આવ્યું હતું ભાઈ! આ .. સૂત્ર છેને પહેલા આવી ગયું છે. પહેલા વાંચી લીધું. પહેલા આવ્યું હતું. ... મળ્યું હતું ને એમાં પણ વિપરીત હતું. શ્વેતાંબર.. બધાને મેળવી દીધા. દિગંબર સિવાય કોઈની સાથે મેળ થતો નથી. એવી વાત છે. કોઈ પક્ષની વાત નથી. વસ્તુની સ્થિતિ એવી છે. બધાને સારુ લગાડવું કે તમારું પણ સાચું અને અમારું પણ સાચું. એ પણ ... પાછળ છેને અધ્યાત્મના બોલમાં છે. આ જ્ઞાનમતિ છેને ત્યાં મળ્યા હતા, કહ્યું હતું, માતા! સમ્યગ્દર્શન કોઈ જુદી ચીજ છે એમ કહ્યું હતું. 'વ્યવહાર વિના નિશ્ચય યદ્યપિ નિશ્ચય એકાંત... વ્યવહાર વિના ઉત્પન્ન ન હોય, છતાં વ્યવહાર મટાડે છે.' આહા..હા..! વ્યવહાર વિના ઉત્પન્ન ન થાય પણ છતાં વ્યવહાર મટાડવો પડે. ગોટો છે બહુ. આહા..હા..! બધાની વાત છે. એમાં ક્યાં એને માટે.

**શ્રોતા :-** આત્મા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્માને વ્યવહાર તો રાગ છે. રાગને આશ્રયે હોય તો એમ કે અનેકાંત કહેવામાં આવે છે. નિશ્ચયથી હોય અને વ્યવહારથી પણ હોય તો અનેકાંત છે.

**શ્રોતા :-** નિશ્ચયથી થાય અને વ્યવહારથી ન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારથી ન હોય. અરે..! મોટી ગડબડ. મૂળમાં ગડબડ આ તો. આહા..હા..!

સમ્યગ્દર્શન તો પોતાનો આત્મા આનંદસ્વરૂપ છે એનો આશ્રય લઈને વ્યવહારનો આશ્રય છોડીને, નિમિત્તનું અવલંબન છોડીને, અંતરના અવલંબનમાં જાય તો નિશ્ચય સમ્યગ્દર્શન થાય છે. ચોથું ગુણસ્થાન ત્યારે થાય હજી તો. પાંચમું ગુણસ્થાન પણ રહી ગયું, છઠ્ઠું પછી. ભાઈ! એવી વાતું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે...**' એટલા શબ્દમાં શું છે? 'તે

ભાવ...' ક્યા ભાવ? કે '**પોતાના જે ભાવને કરે છે તે ભાવનો જ—કર્મપણાને પામેલાનો—કર્તા થાય છે. તે ભાવ...**' ધર્મીજીવનું શુદ્ધ પરિણમન થાય છે. આહા..હા..! વ્યવહાર આવે છે પણ એનો જાણનાર રહે છે. એ ૧૨મી ગાથામાં છેને. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ૧૨મી ગાથામાં છે. આવે, રાગ આવે પણ એનો આશ્રય નથી લેતા. અને એનાથી નિશ્ચય થાય એમ જ્ઞાની નથી માનતા. આહા..હા..! સમજાણું કાંઈ? અમરચંદભાઈને રુચિ બહુ છે. હરિચંદભાઈ! હરિચંદભાઈને? અમરચંદભાઈને રુચિ બહુ. એટલી અવસ્થા છે પણ એને બહુ ઉત્સાહ છે. અંતર નિશ્ચયની વાત સમજવામાં બહુ ઉત્સાહ. જરી આ થઈ ગયું. શરીરને ઠીક નથી. એ ગદગદ થઈ જાય. અમરચંદભાઈ અહીં બેસતા. ચૌદશને દિવસે થયું સવારમાં. શરીર છે, માટી જડ છે. શું અવસ્થા થાય એ કાંઈ આપણા હાથમાં છે? આહા..હા..! સારા સંસ્કાર બહુ સારા છે એને. અને બપોરે આવે. જ્યારે સારી વાત આવે ને તો બપોરે આવે અભિનંદન (કરવા). ઓહો..હો..! મહારાજ! આ વાત ભારે આવી. બાપુ! આ તો આત્માની વાત છે, ભાઈ!

અંદર સ્વરૂપ ભગવાન આત્મા એ વ્યવહારના વિકલ્પથી રહિત પ્રભુ છે. એમ કહે છે. ... અને ઉપાધિ-ઉપાધિ. પણ ઉપાધિથી ભલે નિશ્ચય થાય એમ કહે છે. એમ કહે કે રાગાદિ ઉપાધિ છે એ સ્વભાવ નથી. પણ પાછા કહે કે વ્યવહારથી નિશ્ચય થાય છે. વળી ઉપાધિથી નિરુપાધિ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ અહીં કહે છે.

જ્ઞાની, સમકિતી '**તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય...**' તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય (છે). કર્તા જે જ્ઞાની એ પોતાના શુદ્ધ પરિણમનનો કર્તા છે. એ વ્યવહારરત્નત્રયનો કર્તા સમકિતી જ્ઞાની નથી. સમજાણું કાંઈ? '**તે ભાવ...**' જીવ પોતાના પરિણમનરૂપ ભાવને કરે એટલું સામાન્ય. હવે '**તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે...**' આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એનો આશ્રય થતાં જ્ઞાનમય, સમકિતમય, ચારિત્રમય આનંદમય પરિણમન જ્ઞાનીનું હોય છે. એ આનંદમય પરિણામનો એ આત્મા કર્તા અને આનંદ પરિણામ એનું કાર્ય. આહા..હા..! ધર્મી કર્તા વ્યવહારનો અને વ્યવહાર એનું કાર્ય એમ છે નહિ. આહા..હા..! મૂળચંદભાઈ! આ બધું નક્કી કરવું. અરે.. શેઠ! બધો આમ ને આમ વખત ગાળ્યો. આ નક્કી કરવું પડશે. દેહ છોડીને જાવું છે ક્યાંક. આ કહે છે આ તો .. હવે ૫૦-૫૦, ૬૦ તો નીકળી ગયા કેટલાકને. તો એટલું તો પાછા રહેવાના નથી. બરાબર છે ભાઈ? ૬૦ નીકળ્યા, ૬૦ રહેવાના છે? આહા..હા..! તો એ ચીજ શું છે એનું સમ્યક્ ન થયું, યથાર્થ શ્રદ્ધા ન કરી તો પછી પરિભ્રમણ કરવાની દશા રહેશે ભાઈ! આહા..હા..! સાધુ થયો. કહ્યું ને... 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' પંચ મહાવ્રત એટલા ચોખ્ખા પાળ્યા. અત્યારે તો એ સ્થિતિ છે નહિ. કેમકે એને માટે આહાર ચોકા કરીને દે છે. એ તો અઠ્યાવીશ મૂળગુણ વ્યવહારના પણ ઠેકાણા નથી. એને માટે નિર્દોષ ક્યાંથી મળે? એને માટે બનાવવા પડે. પાણી-

આહાર. અમારે શેઠ કહે છે કે શું મરી જાય ત્યારે એ? શેઠ! કાંઈક કહેતા હતા ને. અમારે શેઠિયા .. ગામમાં આવે ત્યારે ભૂખ્યા રાખવા એને? એમ શેઠ કહેતા હતા.

પણ ભાઈ! માર્ગ એવો છે નહિ. માર્ગ એવો નથી, પ્રભુ! આહા..હા..! જે એને માટે બનાવે છે અને એને ધર્મી માનીને દે છે તો મિથ્યાત્વનું પાપ લાગે છે. એવી વાત છે, બાપુ! શું થાય? આહા..હા..! ઊંધી શ્રદ્ધા છે એની. એને માટે બનાવે છે અને એને ખબર છે કે મારા માટે બનાવ્યું છે. એટલી તૈયારી ક્યાંથી કરી? બે આદમી છે અને ત્રણ આદમી છે અને આ પાણી અધમણ ગરમ કર્યા છે કૂવામાંથી ખેંચીને. ખેંચીને? દાળ, ભાત, શાક, આમરસ, કેરીનો રસ કાઢે, મોસંબીના પાણી. તો એ દેનારને ખબર છે કે આ પાપ મેં કર્યું અને આ લે છે. તો એ સાધુ નહિ, ધર્મી નહિ. છતાં એને ધર્મી માનીને દેવું... આહા..હા..! ઝીણી વાત, બાપુ! આ તો વીતરાગ માર્ગ છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બોલે છે જૂઠું પાછું. એ બધા જૂઠું બોલે. બનાવ્યા એના માટે. તિષ્ઠ... તિષ્ઠ... તિષ્ઠ... એ ... મન શુદ્ધ, વચન શુદ્ધ, કાય શુદ્ધ, આહાર શુદ્ધ. ત્રણેય જૂઠું. એય..! આ શેઠ પણ જૂઠું બોલતા હતા. શું કરે? ભાઈ બાપુ! માર્ગ પ્રભુનો... આહા..હા..!

અહીં તો સમકિતી જ્ઞાની હોય એનું કાર્ય શું? એ શુભરાગ પણ એનું કાર્ય નથી. આવ્યું ને? '**તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય...**' જ્ઞાનમય, આનંદમય, શાંત અવિકારી શુદ્ધ ઉપયોગમય જ્ઞાનીના પરિણામ છે. આહા..હા..! ભલે ઉપયોગ ન હોય તો શુદ્ધ પરિણતિ છે. સમજાણું કાંઈ? '**તે ભાવ...**' જીવે જે ભાવ કર્યા એ ભાવનો જીવ કર્તા અને એ ભાવ એનું કાર્ય એટલી સામાન્ય વાત કરી પહેલાં. હવે એનું સ્પષ્ટીકરણ કરે છે.

'**તે ભાવ જ્ઞાનીને...**' સમ્યગ્દૃષ્ટિને '**જ્ઞાનમય જ છે...**' જ્ઞાનમય જ એમ કહ્યું જુઓ. એકલા જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ એના જ્ઞાનીના હોય છે. આહા..હા..! 'જ' કહ્યું જુઓ! '**જ્ઞાનમય જ...**' સ્વરૂપમય જ, શાંતિમય જ, આનંદમય જ છે. આહા..હા..! ભાઈ! આ તો શાસ્ત્ર છે. આ કાંઈ કથા નથી. આ તો એક એક શબ્દમાં ગંભીરતા પડી છે. '**કારણ કે તેને...**' હવે કારણ આપે છે. ધર્મીજીવનો જ્ઞાનમય જ ભાવ છે. જાણવું, દેખવું હોય, વ્યવહાર આવે, પણ એનો પણ જાણવા-દેખવાનો ભાવ રહે છે. કરવાનો ભાવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે.. ભાઈ! આવો જન્મ-મરણ રહિતનો ઉપાય એ અલૌકિક છે. એક સાધારણ વાત હોય તો અનંતકાળમાં કેમ ન થઈ? અનંતકાળ થયો, નવમી ગ્રૈવેયક અનંત પુદ્ગલપરાવર્તન કર્યું. નવમી ગ્રૈવેયક. આ ડોકના-ગ્રિવાના સ્થાને આ ચૌદ બ્રહ્માંડ છે ઊભા પુરુષના આકારે છે આ ચૌદ બ્રહ્માંડ. ભગવાને દીઠું. એવી ગ્રીવા. ગ્રીવા છે ત્યાં નવ ગ્રૈવેયક છે. જેને થોડી સ્થિતિ ૨૨ સાગરની છે અને પૂરી સ્થિતિ ૩૧ સાગરની છે. ૩૧ સાગરોપમ. એક સાગરમાં

દસ ક્રોડાક્રોડી પલ્યોપમ અને એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. એવા ૩૧ સાગરોપમના... ઝીણી વાત બાપા! અનંત પુદ્ગલપરાવર્તન કર્યા. અનંત ભવ, અનંત પુદ્ગલપરાવર્તન. તો ત્યાં કોણ જાય? દ્રવ્યલિંગી સાધુ હોય એ જાય. સમકિતી જાય, પણ મિથ્યાદષ્ટિપણે ત્યાં અનંતભવ કર્યા. નગ્ન મુનિ દિગંબર અઠ્યાવીશ મૂળગુણ બરાબર ચોખ્ખા પાળે. સમજાણું કાંઈ? એના માટે ચોકા બનાવે પ્રાણ જાય તોપણ ન લે. એવી શુક્લલેશ્યાની ક્રિયા, શુભભાવની ક્રિયા કરી. અત્યારે તો એવું હોતું નથી. એવી ક્રિયા કરે. અનંત પુદ્ગલપરાવર્તન કર્યા નવમી ગ્રૈવેયકના. પુદ્ગલ પરાવર્તન સમજ્યા? એક વાર, બે વાર, ત્રણ વાર એવા અનંત વાર ત્યાં પુદ્ગલપરાવર્તન કર્યું. આહા..હા..!

એમ નરકમાં પણ ૩૨ સાગર મિથ્યાદષ્ટિ નથી જતા. જો ૩૧ ઉપર જાય તો સમકિતી થાય. નવ ગ્રૈવેયક છે ને? અનુત્તરમાં. અનુત્તર વિમાન પાંચ છે અને નવ અનુદિશ છે. નવ અનુદિશ અને પાંચ અનુત્તરમાં. ત્યાં તો આત્મજ્ઞાની જ્ઞાનભાવનો કર્તા જીવ એને રાગ રહ્યો એનો બંધ થઈને ત્યાં જાય છે. અને મિથ્યાદષ્ટિ મહાક્રિયાકાંડ જબર ક્લેશ, પંચ મહાવ્રતના પરિણામ એટલા નિર્મળ, નિરતિચાર. પણ એ ક્રિયાકાંડના પરિણામની રુચિ, રાગની રુચિ અને રાગથી મને લાભ થાય એવી દૃષ્ટિથી નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. આહા..હા..! પણ 'આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો. મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' છ ઢાળા આ તો પાઠશાળામાં ભણવામાં આવે છે. નિશાળ એ પાઠશાળા કહેવાય ને? શું કહેવાય તમારે? જૈનશાળા પાઠશાળા. આપણે સ્થાનકવાસીમાં જૈનશાળા કહે છે. આહા..હા..!

એ જ્ઞાનીનો.. કેમ કે એનાથી સમ્યક્ પ્રકારથી સ્વ-પરના વિવેકથી ભિન્ન આત્માની ખ્યાતિ. આહા..હા..! જ્ઞાનીને સ્વ હું આનંદમૂર્તિ છું. સ્વપર છેને બે? સ્વ અને પર. હું આનંદસ્વરૂપ છું અને રાગાદિ વિકાર સ્વરૂપ છે. એવા વિવેકથી સર્વ પરદ્રવ્ય પરાવર્તનથી ભિન્ન. આહા..હા..! એ વ્યવહારરત્નત્રયનો રાગ પણ પરદ્રવ્ય નિશ્ચયથી છે. છે? '**(સર્વ પરદ્રવ્યભાવોથી) ભિન્ન આત્માની ખ્યાતિ...**' આત્માની પ્રસિદ્ધિ '**અત્યંત ઓઉદય પામી છે.**' આહા..હા..! ગાથા તે ગાથા છેને.

'**ભિન્ન આત્માની ખ્યાતિ...**' સ્વપર વિવેક. '**(સર્વ પરદ્રવ્યભાવોથી)...**' વિવેક નામ ભિન્ન. આહા..હા..! દેહની ક્રિયાથી ભિન્ન, વાણીથી ભિન્ન અને દયા, દાન, વ્રતના વિકલ્પથી પણ ક્રિયા ભિન્ન. આહા..હા..! એવા આત્માનો વિવેક જેને પ્રગટ્યો છે એ ખ્યાતિ. ભિન્ન આત્માની પ્રસિદ્ધિ. જુઓ આવ્યું. આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. આ અમૃતચંદ્રાચાર્યની ટીકા છેને આ બધી. આ બધી ટીકાનું (નામ) આત્મખ્યાતિ આત્મપ્રસિદ્ધિ છે. આહા..હા..!

'**તે ભાવ જ્ઞાનીને...**' સમકિતીને, મુનિને એ બધા જ્ઞાની છેને? '**જ્ઞાનમય જ છે...**' એને તો જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ જ જ્ઞાનીને છે. '**કારણ કે તેને સમ્યક્ પ્રકારે...**' સાચા પ્રકારથી. ધારણામાં રાખ્યા એમ નહિ. રાગ .. આ તો અંદર સાચા પ્રકારથી રાગથી ભિન્ન

આત્મા થઈ ગયો છે. સમ્યક્ પ્રકારથી લીધું ને? આહા..હા..! સત્ય પ્રકારથી, સ્વપરના વિવેકથી '**(સર્વ પરદ્રવ્યભાવોથી) ભિન્ન આત્માની ખ્યાતિ...**' ભગવાન આત્મા જાણનાર-દેખનાર છે એવા પરિણામની પ્રસિદ્ધિ જ્ઞાનીને થઈ ગઈ છે. હું તો જ્ઞાનની પર્યાયનો કર્તા છું અને જ્ઞાનની પર્યાય મારું કાર્ય છે. ક્યુ જ્ઞાન? પોતાના સ્વભાવની સન્મુખ થઈને જ્ઞાન થયું એ. શાસ્ત્રજ્ઞાન એ પણ નહિ. એ તો પરનું જ્ઞાન છે, એ પરલક્ષી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ખ્યાતિ અત્યંત ઉદય પામી છે.**' આહા..હા..! એ વ્યવહારરત્નત્રયનો ભાવ હોવા છતાં સમકિતીને એનાથી ભિન્ન આત્મખ્યાતિ પ્રગટી છે. આહા..હા..! છે? '**ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી છે.**' આહા..હા..! હું તો જ્ઞાતા-દૃષ્ટા સચ્ચિદાનંદ પ્રભુ છું. એવા રાગથી વ્યવહારથી ભિન્ન પોતાની ખ્યાતિ ઉદય અત્યંત પ્રગટ થઈ ગઈ છે. આહા..હા..! ટીકા તે ટીકા છે. આહા..હા..! આવી ટીકા ભરતમાં.. અમૃતચંદ્રાચાર્ય મહારાજે ગજબ કામ કર્યું! કુંદકુંદાચાર્યે તીર્થંકર જેવા પંચમ આરામાં કામ કર્યા છે. આ એમના વજીર-દિવાન તરીકે કામ કર્યા છે. એવી વાત છે, નાથ! એક એક શબ્દમાં કેટલી ગંભીરતા! આહા..હા..!

જુઓ. '**જ્ઞાનીને જ્ઞાનમય જ...**' એમ નહિ કે કથંચિત્ જ્ઞાનમય અને કથંચિત્ રાગમય. આહા..હા..! સમજાણું કાંઈ? તો અનેકાંત થાય. એમ નહિ. જ્ઞાનમય જ છે, રાગમય નહિ. એ અનેકાંત છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! આહા..હા..! એ અમરચંદમાં આવ્યું છે બધું. ત્યાં છે ને રાજગૃહીમાં. ઘણા પૈસા છે. એક છેને ભાઈ ઓલો કરોડપતિ. છેલશંકર. છેલશંકર. છે ને. દુર્લભજી. દુર્લભજી ઝવેરીનો દીકરો. એક ફેરી મળ્યા હતા દુલભજી તો અમે ત્યાં ગયા હતા. (સંવત) ૧૯૬૮માં. ૬૯માં ચોમાસુ હતું શિવલાલજીનું મોરબી. ૬૯. ૭૦માં એક ૧ ઓછો. સંસારમાં હતા ને અમે. દીક્ષા લેવાનો ભાવ હતો પણ બધું જોયું હતું હિન્દુસ્તાનમાં. મારવાડી મહાવીર સાધુ કેવા છે. પછી દીક્ષા લીધી.

તો એ ત્યાં ૬૯નું ચોમાસું હતું .. હતા મારવાડી. બહુ પ્રસિદ્ધ હતા. એના માટે મકાન બનાવ્યા હોય ત્યાં ઉતરે નહિ. કોઈનું મકાન જોધપુરમાં હતું. જોધપુર છેને મારવાડ? ત્યાં ચોમાસુ હતું. અમે ગયા હતા. આઠ દિ' રહ્યા હતા ત્યાં. સમજાણું કાંઈ? એ વખતે એ ક્રિયા એવી કરતા હતા. પ્રશ્ન એ વખતે પણ કરતા હતા કે સાધુ માટે મકાન બનાવેલું વાપરે તો શું? એ પ્રશ્ન કર્યો હતો ૬૯માં જોધપુર. કીધું, નહિ. સાધુ માટે બનાવેલ વાપરે તો એ સાધુ નહિ. આહા..હા..! અને સાધુ માટે ભોજન લઈને બનાવે એ સાધુ નહિ. મકાન બનાવે ને વાપરે તો સાધુ નહિ તો વળી ભોજન બનાવે એ લે તો સાધુ નહિ. આહા..હા..!

જ્ઞાનીને તો જ્ઞાનમય, સમકિતીને તો જ્ઞાનમય ભાવ થાય છે. આહાર લેવાનો વિકલ્પ છે એનું જ્ઞાન થાય છે. વિકલ્પનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છે? '**આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી છે.**' અત્યંત પ્રગટ થઈ. ઉદય નામ પ્રગટ. આહા..હા..!

સમ્યગ્દષ્ટિને અને મુનિને, સાચા સંતને આત્માનો આનંદ અને જ્ઞાનની પર્યાય પ્રગટ, રાગથી ભિન્ન પ્રગટ થઈ છે. આહા..હા..! એ પર્યાયનો કર્તા જ્ઞાની છે. રાગનો કર્તા જ્ઞાની છે નહિ. રાગને જાણનાર પોતામાં રહીને, જેવો રાગ ઉત્પન્ન થાય છે, એ પ્રકારનું જ્ઞાન પોતાથી પોતામાં થાય છે. રાગને કારણે પણ નહિ. આહા..હા..! શું કહ્યું સમજાણું?

**'જ્ઞાનીને જ્ઞાનમય જ...'** કહ્યા. જ્ઞાનમયની વ્યાખ્યા ચાલે છે કે પોતાના સ્વરૂપનું જ્ઞાન પણ પરિણમનમાં થયું અને જે પ્રકારનો રાગ થાય છે એનો પણ પોતામાં પોતાને કારણે જ્ઞાનમય ભાવ ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત બાપુ! વીતરાગમાર્ગ. કારણ કે તેને **'આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી છે.'** આહા..હા..! એક વાત કરી જ્ઞાનીની.

હવે અજ્ઞાની. **'અને તે ભાવ અજ્ઞાનીને તો...'** આહા..હા..! છે? **'અજ્ઞાનમય જ છે...'** કારણ કે રાગનો કર્તા થઈને રાગમાં તન્મય થઈ જાય છે. એ અજ્ઞાનમય છે. રાગનો કર્તા અજ્ઞાનમય છે. કેમકે રાગ અજ્ઞાન છે. કારણ કે રાગમાં જ્ઞાનનો કણ નથી. ચૈતન્યસ્વરૂપ જ્ઞાનની કણી રાગમાં નથી વ્યવહારરત્નત્રયમાં. એ કારણે રાગને અજ્ઞાન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કર્તાકર્મ અધિકાર છે. આહા..હા..!

**'તે ભાવ અજ્ઞાનીને તો...'** ક્યા ભાવ? પહેલા કહ્યા હતા ને કે **'આ આત્મા સ્વયમેવ પરિણામસ્વભાવવાળો છે તોપણ પોતાના જે ભાવને કરે છે તે ભાવનો જ—કર્મપણાને પામેલાનો—કર્તા તે થાય છે...'** **'તે ભાવ અજ્ઞાનીને તો અજ્ઞાનમય જ છે...'** આહા..હા..! એ શુભભાવનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? શુભભાવ એ મારું કાર્ય અને શુભભાવ હું કરવાલાયક છું. આહા..હા..! વ્યવહારરત્નત્રયભાવ એ શુભરાગ છે. એ રાગનો હું કર્તા છું અને રાગ મારું કાર્ય છે એમ **'અજ્ઞાનીને તો અજ્ઞાનમય જ છે...'** આહા..હા..! ઝીણી વાત છે બહુ બાપુ.

**'કારણ કે...'** પાછું સિદ્ધ કરે છે કે કેમ અજ્ઞાનમય છે? **'તને સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે...'** હું જ્ઞાનમય છું અને રાગ વિકાર છે એનું ભેદજ્ઞાન વિવેક એને છે નહિ. આહા..હા..! અને જેને ભેદજ્ઞાન કરવું છે તો રાગથી ભિન્ન થઈને થાય છે કે રાગની સાથે થાય છે? આહા..હા..! વ્યવહારથી નિશ્ચય થાય એ તો રહ્યું નહિ. વ્યવહારથી લક્ષ છોડીને પોતાના સ્વભાવ ઉપર લક્ષ જાય તો રાગથી ભિન્ન થઈ ગયો. રાગને સાથે લઈને ભેદજ્ઞાન કર્યું એમ છે નહિ. વ્યવહારથી નિશ્ચય થાય એ તો રહ્યું નહિ ત્યાં. આહા..હા..!

**'અજ્ઞાનીને તો અજ્ઞાનમય જ છે...'** અજ્ઞાનમય જ. એકાંત. રાગનો કર્તા થાય છે તો અજ્ઞાનમય જ છે. કથંચિત્ જ્ઞાનમય અને કથંચિત્ અજ્ઞાનમય એમ નથી. આહા..હા..! અગિયાર અંગનું જ્ઞાન થાય, નવ પૂર્વની લબ્ધિનું જ્ઞાન હોય પણ રાગનો કર્તા છે, રાગથી ભિન્ન પડીને પોતાનો અનુભવ કર્યો નહિ અને વ્યવહારથી નિશ્ચય થાય છે એવું શલ્ય ન

નીકળ્યું. તો એ અજ્ઞાનમય ભાવમાં રાગનો એ કર્તા અજ્ઞાની થાય છે. આહા..હા..!

'**કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે...**' સ્વ આત્મા આનંદ અને જ્ઞાન અને રાગ એ વિકાર અને દુઃખ એ બેનું ભેદજ્ઞાન નહિ થવાથી '**ભિન્ન આત્માની ખ્યાતિ...**' રાગથી ભિન્ન ભગવાનની પ્રસિદ્ધિ આત્માની. એ '**અત્યંત અસ્ત થઈ ગઈ છે.**' આથમી ગઈ છે. આહા..હા..! આવી વાત છે. જ્ઞાનીને અત્યંત જ્ઞાતા પ્રતીતિ થઈ આત્માની. અજ્ઞાનીને અત્યંત અસ્ત થઈ ગઈ છે. જે વિકલ્પ રાગ છે પંચ મહાવ્રતનો, સમિતિ, ગુપ્તિનો વ્યવહારનો એ રાગ મારો છે અને એનાથી મને લાભ થાય એવી દૃષ્ટિ છે તો એનો અજ્ઞાનમય ભાવ સ્વપરનો વિવેક નહિ હોવાથી અજ્ઞાનમય ભાવ જ થાય છે. એની આત્મખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ છે. આહા..હા..! આથમી ગઈ છે. આથમી સમજ્યાને? આ સૂર્ય અસ્ત થાય છે. સૂર્ય અસ્ત થાય છે ને આથમી જાય. ઢંકાઈ ગયો, અસ્ત થઈ ગયો. આ સૂર્ય ઊગે ત્યારે ઊગે, આથમે ત્યારે અસ્ત થયો એમ કહે છે અમારે કાઠિયાવાડમાં. તો એમ કહે અસ્ત થઈ ગયો. એમ ભગવાન આત્મા અજ્ઞાની રાગનો, પુણ્યનો, દયા, દાન, વ્રત, ભક્તિનો કર્તા થાય છે એનાથી—રાગથી ભિન્ન આત્માની ખ્યાતિ આથમી ગઈ છે, અસ્ત થઈ ગઈ. આહા..હા..! ૧૨૬ ગાથા. સમજાણું કાંઈ?

'**તેને સમ્યક્ પ્રકારે...**' સમ્યક્ કેમ લીધું? કે આમ તો જ્ઞાનમય તો ધારણા વાંચનમાં કરી હતી કે રાગ ઉપાધિ છે, મારું સ્વરૂપ ભિન્ન છે. ભાષા તો આવી હતી. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાની સ્વરૂપના રસનો સ્વાદિયો છે. એવી ભાષા આવી હતી. પણ ભિન્ન નહોતું કર્યું. રાગના પ્રેમમાં પરથી ભિન્ન આત્માને નિહાળ્યો નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! '**સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે...**' વિવેક નામ ભેદ—જુદાઈ. '**ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ છે.**' આહા..હા..! એક ગાથામાં તો બેનો ખુલાસો કરી દીધો.

હવે અહીંયાં નિશ્ચયથી જો ધર્મ.. અને વ્યવહારથી ન થાય તો એકાંત થઈ જાય. એનો તો નિષેધ થઈ ગયો. કેમકે રાગ વ્યવહાર છે, એનાથી તો ભિન્ન પડે છે તો ભિન્ન ભેદજ્ઞાન થાય છે. એનાથી જુદો પડે છે તો એની સાથે રહીને વ્યવહારથી નિશ્ચય થાય એમ તો રહ્યું નહિ. આહા..હા..! એ સાધન કહ્યું છે એ તો આરોપથી સાધન કહ્યું છે. યથાર્થ સાધન તો રાગથી ભિન્ન કરવું એ સાધન છે. પ્રજ્ઞાછીણી. કહ્યું છેને ત્યાં સર્વવિશુદ્ધ અધિકારમાં. પ્રજ્ઞાછીણી. કરવત હોય છેને કરવત નહિ? બે ભાગ કરે. એમ પ્રજ્ઞાછીણીથી બે ટૂકડા થઈ જાય છે. વિકલ્પ રાગ અને ભગવાન ભિન્ન પ્રજ્ઞાછીણીથી ભિન્ન થઈ જાય છે. જ્ઞાનની અંતર નિર્મળ દશા અંદર ઢળી તો રાગ ભિન્ન થઈ જાય છે. આહા..હા..! મોક્ષ અધિકારમાં આવે છે. ૧૮૧ કળશ છે. ૧૮૧ કળશ છે. આ તો ૨૯૪ છે. છેને એમાં છે. આ તો ૧૮મી વાર વંચાય છે. ૧૭ વાર તો વંચાઈ ગયું છે અક્ષરે અક્ષર હોં. સભામાં. ૧૭-૧૭. ૧૦

અને ૭ હોં. ૭૦ નહિ. ૧૦ અને ૭ વાર, ૧૭ વાર તો બધા શબ્દોથી શબ્દ કરતા ૧૭ વાર સભામાં વંચાઈ ગયું. આ ૧૮મી વાર ચાલે છે. અહીં સુધી આવ્યા છે હજી. ૧૨૬ ગાથા સુધી આવ્યા છે. સમજાણું કાંઈ? સાડા ત્રણ મહિના તો બહાર રહ્યા ને. ત્યારે તો આ વાંચન બંધ હોય. ૩૮ ગાથા વાંચી હતી પહેલી. ૩૮. પછી આ સાડા ત્રણ મહિના થયા અહીંયાં. બે દિવસ બંધ છે. તો ૧૨૬ ગાથા થઈ. જેઠ સુદ છઠે આવ્યા. આ ભાદરવા છઠ સાડા ત્રણ મહિના થયા. અહીંયાં આવ્યા છે. જેઠ સુદ છઠથી વરસાદ આવતો હતો. બહાર બે દિવસથી બહુ વરસાદ છે. અહીં છ દિવસમાં સાડી પચ્ચીસ ઈંચ છે. સાડી પચ્ચીસ. આખા ચોમાસાના.. ધોધમાર આવ્યું હતું. મોટર ચાલે નહિ એટલું પાણી. આઠમે સુદ આઠમ. વરસાદ આવ્યો છઠથી. આખા હિન્દુસ્તાનમાં હોં. એટલામાં. .. વરસાદ. સાડા ત્રણ મહિનામાં આ એટલી ગાથા થઈ. ૧૨૬.

**શ્રોતા :-** ગયા .. પૂરુ નહિ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ .. પહેલાં આટલું બધું પૂરું ક્યાંથી થાય? .. પણ ફાગણ, ચૈત્ર શું છે? વૈશાખ સુદ બીજ .. છેને ઘાટકોપર? બધા આવવાના છે. અમારે પાલેજની માંગણી છે. મંદિર બનાવ્યું ને ૧૩ની સાલમાં. અમે જ્યાં રહેતા હતા ત્યાં નવ વર્ષ દુકાને. ત્યાં મંદિર બનાવ્યું છે ૪૫ હજારનું. એ વખતે હોં. ૧૩ની સાલ. તો એ છોકરાઓની માગણી છે ચાર-છ દિ' તો આપો અમને. મુંબઈ જતા ત્યાં રોકાય. જ્યાં.. તે થશે. એ તો એક... સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ... વિચાર તો આવે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિચાર આવે ઓલા માંગણી કરી તો ના પાડી અત્યારે.. નહિ લઈએ. જામનગરવાળા આવ્યા ને. આહા..હા..!

'**ભાવાર્થ :- જ્ઞાનીને તો સ્વપરનું ભેદજ્ઞાન થયું છે...**' આહા..હા..! એ રાગ ભગવાન આત્માનું ભિન્નપણાનું જ્ઞાન જ્ઞાનીને થયું છે. રાગથી લાભ થાય છે એવી દૃષ્ટિ છૂટી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જ્ઞાનીને તો સ્વપરનું ભેદજ્ઞાન થયું છે...**' સ્વ નામ જ્ઞાતા-દૃષ્ટા અને પર નામ રાગ. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનો રાગ, એનાથી જ્ઞાનીને ભેદજ્ઞાન થઈ ગયું છે. આહા..હા..!

'**જ્ઞાનીને તો સ્વપરનું ભેદજ્ઞાન થયું છે તેથી તેને પોતાના જ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે;...**' આહા..હા..! પોતાનો જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..! જ્ઞાનમય એમ શબ્દ છેને? આત્માનું જ, ભાવનું, '**જ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે;...**' આહા..હા..! ધર્મી તો જ્ઞાતા-દૃષ્ટાના જ પરિણામનો કર્તા છે એ તો. આહા..હા..! એ વ્યવહારરત્નત્રયનો કર્તા એ છે નહિ. આહા..હા..!

'**અને અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નથી...**' રાગ અને નિશ્ચય સ્વભાવ બેની ભિન્નતાનું

ભાન છે નહિ. આહા..હા..! '**અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નથી તેથી તેને અજ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે.**' બસ. એને તો રાગનું જ કર્તૃત્વ છે. એમ માને છે કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. આહા..હા..! ઝીણી વાત, બાપુ! જન્મ-મરણનો અંત લાવવાની વાત. આહા..હા..! એ કોઈ શાસ્ત્રના ભણતરથી આવડી જાય એવી ચીજ નથી એ. કહ્યું ને અહીંયાં પરમાત્મપ્રકાશમાં—દિવ્યધ્વનિથી પણ આત્માનું જ્ઞાન થતું નથી. આહા..હા..! ત્રણ લોકનો નાથ દિવ્યધ્વનિ કરે અને સાંભળે પણ એનાથી એને આત્મજ્ઞાન નથી થતું. કેમકે પર તરફનું લક્ષ છે તો હજી પરસત્તાવલંબી જ્ઞાન છે એ. આહા..હા..! એ પરસત્તાવલંબી જ્ઞાન પણ બંધનું કારણ છે. જુઓ! સ્વસત્તાવલંબી જ્ઞાન અબંધનું કારણ છે. આહા..હા..!

પરમાર્થ વચનિકામાં આવે છે. સમજાણું કાંઈ? પરમાર્થવચનિકા છે નહિ? મોક્ષમાર્ગ પ્રકાશકમાં. બનારસીદાસ. બનારસીદાસનું એ લોકો તો... બહુ ભેદજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ અલ્પકાળમાં મોક્ષ જવાના. ભલે ગૃહસ્થાશ્રમમાં હતા પણ આત્મજ્ઞાન અને ... ઘણો હતો. સમજાણું કાંઈ? એણે લખ્યું છે. જેટલું પરલક્ષી જ્ઞાન થાય છે દિવ્યધ્વનિથી, વાંચનથી એ બધું પરાલંબી-પરસત્તાવલંબી જ્ઞાન છે. સમજાણું કાંઈ? જોવું છે? .. માં લખ્યું છે. લ્યો એ જ આવ્યું. પરમાર્થ વચનિકા. શું કાઢવાનું છે?

'**પરંતુ વિશેષ એટલું કે (એ સર્વ આત્મામાં) કોઈ પ્રકારનું જ્ઞાન એવું ન હોય કે પરસત્તાવલંબનશીલ બની મોક્ષમાર્ગ સાક્ષાત્ કહે!**' આહા..હા..! છે? '**કેમકે અવસ્થા (દશા)ના પ્રમાણમાં પરસત્તાવલંબક છે (પણ તેને તે મોક્ષમાર્ગ કહેતો નથી)...**' આહા..હા..! '**તે આત્મા પરસત્તાવલંબી જ્ઞાનને પરમાર્થતા કહેતો નથી.**' અને '**જે જ્ઞાન હોય તે સ્વસત્તાવલંબનશીલ હોય તેનું નામ જ્ઞાન.**' પોતાના આત્માના આનંદને આશ્રયે, જ્ઞાનને આશ્રયે જ્ઞાન પ્રગટે એ સ્વસત્તાવલંબી જ્ઞાન. જેટલું પરથી પ્રગટે એ પરસત્તાવલંબી જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરમાર્થ વચનિકા બનારસીદાસની છે. બનારસી વિલાસ છે પુસ્તક. બનારસી વિલાસ.

**શ્રોતા :-** આચાર્ય સિવાય કોઈનું માનવું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પ્રશ્ન જયપુરમાં ઉઠ્યો હતો એ.

**શ્રોતા :-** નિયમસારની ટીકા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન માનવી. ઓલો રતનચંદજી કહે. પણ બધા .. ચાહે તો પંડિત હોય કે ચાહે તો મુનિ પણ જ્ઞાની હોય એ બધાનું માનવું. ગમે તે હોય. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કહ્યું જુઓ! અને પાછળ લખ્યું છે. આહા..હા..!

'**આ ચિઠ્ઠી સાંભળશે ખરો, પરંતુ સમજશે નહિ.**' અજ્ઞાની. '**આ વચનિકા જેમ છે તેમ-(યથાયોગ્ય)-સુમતિપ્રમાણ કેવળીવચનાનુસાર છે.**' કેવળીના વચન અનુસાર આમ લખ્યું તે કહીએ છીએ. એમ કહે છે. જ્યારે અમે જોયું હતું પહેલાં (સંવત) ૧૯૯૨ની સાલમાં.

કીધું આ વાત ગુપ્ત રહી ગઈ. છપાવો બહાર. પછી છપાવી. ત્રણ બોલ છે. પરમાર્થ વચનિકા, ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠી અને રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ત્રણ છે. જેટલું પરલક્ષી જ્ઞાન થાય છે... વીતરાગની વાણી સાંભળીને જે જ્ઞાન થયું એ પણ પરસત્તાવલંબી જ્ઞાન છે, એ સ્વસત્તાવલંબી મોક્ષનો માર્ગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ચેતનજી! આહા..હા..! પરમાં જાણે .. જાણે જ્ઞાન થઈ ગયું. સાંભળ તો ખરો. એ તો પરવસ્તુ છે. એ તો અનંતવાર કર્યું. શાસ્ત્રનું ભણતર કરીને, વાંચન કરીને. આહા..હા..! છે? એમ છે.

ઔદયિક તો જરી બહુ ઝીણી વાત છે. '**તે ઔદયિકભાવનો જ્ઞાતા, તમાશગીર છે...**' રાગ આવે છે એનો જાણનાર રહે છે એમ કહે છે. રાગ થાય છે પણ એનો જાણનાર છે. રાગનો કર્તા થતો નથી. આહા..હા..! બહુ પરમાર્થ વચનિકા. વચ્ચે વ્યાખ્યાન થઈ ગયા. અધ્યાત્મ સંદેશ પુસ્તક બન્યું છે. ઘણા પુસ્તક બન્યા. એ ૧૨૬ થઈ.

'**જ્ઞાનમય ભાવથી શું થાય છે અને અજ્ઞાનમય ભાવથી શું થાય છે તે હવે કહે છે :—**' એ તો કર્તૃત્વ બતાવ્યું છે. પરમાં એને શું થાય?

૧૨૭.

**अणणाणमओ भावोअणाणिणो कुणदि तेण कम्माणि।**
**णाणमओ णाणिस्स दु ण कुणदि तम्हा दु कम्माणि।।१२७।।**

નીચે.

**અજ્ઞાનમય અજ્ઞાનીનો, તેથી કરે તે કર્મને;**
**પણ જ્ઞાનમય છે જ્ઞાનીનો, તેથી કરે નહિ કર્મને. ૧૨૭.**

આહા..હા..! એકલા મંત્રો છે.

'**ટીકા :- અજ્ઞાનીને,...**' એટલે મિથ્યાદષ્ટિને. '**સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે...**' છે? સત્ય પ્રકારે, સાચા પ્રકારથી, અંતરમાંથી '**સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે...**' સ્વ નામ આત્મા જ્ઞાતા અને પર નામ રાગ. આસ્રવ જે વિકલ્પ છે આસ્રવતત્ત્વ, બેનો '**વિવેક નહિ હોવાને લીધે ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ...**' અસ્ત થઈ ગઈ. '**હોવાથી, અજ્ઞાનમય ભાવ જ હોય છે,...**' આહા..હા..! એને તો અજ્ઞાનમય ભાવ જ થાય છે. આહા..હા..!

'**અને તે હોતાં (હોવાથી), સ્વપરના એકત્વના અધ્યાસને લીધે જ્ઞાનમાત્ર એવા પોતામાંથી ભ્રષ્ટ થયેલો,...**' આહા..હા..! '**સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...**' છે? આહા..હા..! એની અંદરમાં સૂક્ષ્મ વાત છે ભાઈ! રાગનો કણ પણ હોય અને આત્મા ભગવાન નિર્મળ સ્વભાવ પિંડ છે એના બેનું ભેદજ્ઞાન નહિ હોવાથી અને '**સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...**' જ્ઞાનસ્વરૂપ અને રાગના એકત્વના અધ્યાસથી.. આહા..હા..! '**અધ્યાસને લીધે...**' એ અજ્ઞાનીનો અનાદિનો જ અભ્યાસ છે કહે છે. આહા..હા..! રાગથી થાય છે, રાગથી

થાય છે એવો અભ્યાસ અનાદિનો અજ્ઞાનીનો છે.

**'જ્ઞાનમાત્ર એવા પોતામાંથી...'** ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! એવા **'(આત્મસ્વરૂપમાંથી) ભ્રષ્ટ થયેલો, પર એવા રાગદ્વેષ સાથે એક થઈને...'** એ પુણ્યાદિ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી એક થઈને **'જેને અહંકાર પ્રવર્ત્યો છે...'** આહા..હા..! મેં રાગ કર્યો, મેં રાગ કર્યો, રાગ મારું કર્તવ્ય છે, વ્યવહારરત્નત્રયનું મારું કામ છે એવો અહંકાર અજ્ઞાનીને છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અંતર રાગનો અહંકાર છે, રાગ મારું કર્તવ્ય છે તો ત્યાં અહંપણું આવ્યું. રાગથી ભિન્ન જ્ઞાનપણાનું અહં-દઢતા ન આવી. પોતાના જ્ઞાનસ્વભાવથી તો ભ્રષ્ટ થયો. સમજાણું કાંઈ?

નિજમાંથી જ્ઞાનમાત્ર એવા નિજ. ભગવાન તો જ્ઞાતાદષ્ટા જ્ઞાનનો પિંડ પ્રભુ, એ **'પોતામાંથી ભ્રષ્ટ થયેલો, પર એવા રાગદ્વેષ સાથે એક થઈને જેને અહંકાર પ્રવર્ત્યો છે એવો પોતે આ હું ખરેખર રાગી છું,...'** આહા..હા..! હું તો રાગને કરનારો છું. અજ્ઞાની એમ માને છે. **'દ્વેષી છું (અર્થાત્ આ હું રાગ કરું છું, દ્વેષ કરું છું) એમ (માનતો થકો) રાગી અને દ્વેષી થાય છે;...'** આહા..હા..! **'તેથી અજ્ઞાનમય ભાવને લીધે અજ્ઞાની પોતાને પર એવા રાગદ્વેષરૂપ કરતો થકો કર્મોને કરે છે.'** વિકારીભાવનો અજ્ઞાની કર્તા છે. એનાથી નવા કર્મ બંધાય છે. મિથ્યાત્વના બંધાય છે.

---

## ભાદરવા વદ-૭, બુધવાર, તા. ૧૫-૯-૧૯૭૬, ગાથા-૧૨૭ થી ૧૨૯, શ્લોક-૬૬, પ્રવચન નં. ૧૮૬

આ સમયસાર. ૧૨૭-ગાથા. બીજો પેરેગ્રાફ છે. ધર્મીને શું હોય છે અને ધર્મ કેમ થાય છે એ વાત ચાલે છે. **'જ્ઞાનીને તો,...'** જ્ઞાની કહો કે ધર્મી કહો. જેણે પોતાનું સ્વરૂપ પુણ્ય-પાપના વિકલ્પથી પણ ભિન્ન જાણ્યું છે અને હું તો જ્ઞાનસ્વરૂપ જ આત્મા ત્રિકાળ છું એવો અંતરમાં અનુભવ થયો છે એ જ્ઞાનીને શું થાય છે? એ કહે છે. આહા..હા..! આવો ધર્મ. દેહની ક્રિયા પણ નહિ પણ અંદર વ્યવહારરત્નત્રનો વિકલ્પ ઉઠે છે રાગ એનાથી ભિન્ન ચૈતન્ય છે. કેમકે એ રાગ આસ્રવ તત્ત્વ છે અને આત્મા જ્ઞાયકતત્ત્વ છે. આહા..હા..! એનાથી ભિન્ન થઈને રાગથી અંતરમાં ભિન્ન થઈને સ્વભાવની સાથે અભેદ થઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે એનું નામ ધર્મ છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા ઠીક ચાલે છે હવે આ કૈલાસચંદજી માંડ માંડ રહ્યા છે કોક

દિ'. અને અમારે આ શેઠ પણ બે જણા. ઘરે બૈરા છે હજી? અહીંયાં છે બૈરા હજી? ગયા નથી ને? ગયા? ગયા? છે. છે. ઠીક સાંભળે. ગુજરાતીમાં આવે એટલું સ્પષ્ટ તો હિન્દીમાં ન આવે. અમારે કૈલાસચંદજી આદિ કેટલા દિવસથી રહ્યા છે ને. આહા..હા..! શું કહે છે?

કે ધર્મીને ધર્મ કેમ થાય? ભાઈનો પ્રશ્ન હતો એ. એ સુકનજીના ભાઈ આવ્યા છે ને. ..જી નહિ આપણા બ્રહ્મચારી. એના ભાઈ. મૂળ સ્થાનકવાસી છે. એ સુકનરાજજી તો બહુ હુશિયાર છે. નાની ઉંમરમાં બ્રહ્મચર્ય લઈ લીધું. એક નાની દીકરી છે. નાની ઉંમર છે. બ્રહ્મચર્ય લઈ લીધું જાવજીવનું. અભ્યાસ ઘણો છે. એના ભાઈ આવ્યા છે. તો ત્યાં ચર્ચા ચાલે, પણ ચર્ચા સંપ્રદાયમાં તો આ વાત બેસે નહિ. કેમ કૈલાસચંદજી? અહીં પૂછતા હતા આજે બપોરે આવ્યા. કે ધર્મ કેમ થાય? મેં કીધું વ્યાખ્યાન સાંભળો. સવારમાં આવી ગયું.

ધર્મ એમ થાય કે શરીર, વાણી, મનથી તો હું ભિન્ન છું. ભિન્ન નામ જુદું. પણ વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, .. ભાઈ! 'દાન શીલ તપ ભાવ ધર્મના ચાર પ્રકાર.' શ્વેતાંબરમાં બહુ આવે છે. ખબર છે. સમજાણું કાંઈ? દાન એટલે કોઈને દાન દેવું, શરીરથી બ્રહ્મચર્ય પાળવું એમ. અપવાસ આદિ તપ કરવા અને શુભભાવ કરવો એ ધર્મ. એ ચારેય ધર્મ નથી. ચારેયભાવમાં શુભરાગ છે. મંદરાગ. એ રાગ એ ધર્મ નથી અને ધર્મનું કારણ પણ નથી. આહા..હા..!

અહીંયાં કહે છે કે જ્ઞાનીને રાગથી ભિન્ન...આહા..હા..! મારી ચૈતન્ય ચીજ અખંડાનંદ પ્રભુ હું વિકલ્પથી, રાગથી ભિન્ન છું. રાગના કારણથી હું ભિન્ન છું એમ નથી. કે રાગ થયો તો હું ભિન્ન થઈ ગયો, વ્યવહારથી નિશ્ચય થયો એમ નથી. આહા..હા..! રાગની ઉપરથી લક્ષ છોડીને પોતાની ચીજ જો જ્ઞાયકસ્વરૂપ, આનંદસ્વરૂપ છે એ તરફ દૃષ્ટિનો જુકાવ હોવાથી ભેદજ્ઞાન થાય છે. રાગથી ભેદજ્ઞાન થાય છે. એ ભેદજ્ઞાનને અહીંયાં ધર્મ અને સમકિત કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ દાન શીલ તપ અને ભાવનો જે શુભભાવ છે એ પણ રાગ છે. આહા..હા..! શ્વેતાંબરમાં તો એ ચાલે છે બધું.

'ધર્મના ચાર પ્રકાર દાન, શીલ, તપ, ભાવના.' અને સ્થાનકવાસીમાં તો તપ અને ત્યાગ. અપવાસ આદિ કરે એ તપ છે અને બહારનું છોડે અને સંયમ લીધું. બેય જૂઠી વાત છે. આહા..હા..! એ અંદરમાં તપ અને ત્યાગનો વિકલ્પ જે છે એ પણ રાગ છે. ઝીણી વાત છે. એનાથી પણ ભિન્ન હું ચૈતન્ય વસ્તુ છે કે નહિ? અને ત્રિકાળી છે કે નહિ? તો ત્રિકાળી છે તો એનો સ્વભાવ ત્રિકાળ છે કે નહિ? જેમ અગ્નિ ઉષ્ણમય છે એમ ભગવાન આત્મા તો આનંદ અને જ્ઞાનમય છે. આહા..હા..! દુનિયા કેમ માને ન માને એ તો સ્વતંત્ર જીવ છે. કોઈ વિરોધ કરે. કરે એ તો એમાં કાંઈ.. વિરોધ કરવાની વાત નથી. કોઈ પ્રત્યે દ્વેષ કરવાની વાત નથી. એ પણ ભગવાન આત્મા છે. સમયની ભૂલ છે. એ ભૂલ કાઢી નાખશે એ પણ. સમજાણું કાંઈ? આત્મા તરીકે તો સાધર્મી જીવ છે. જેવો એનો આત્મા એવો

આ આત્મા એવો છે. ભૂલ એકકોર રાખો. આહા..હા..! બહુ ઝીણી વાત પ્રભુ. એક સમયની ભૂલ. ત્રિકાળી આનંદનો નાથ ભગવાન.

અનાદિની સંસાર સંસરણં. ત્રિકાળ શુદ્ધ સ્વરૂપથી હઠીને રાગની એકતાબુદ્ધિ એક સમયની મિથ્યાત્વની ભૂલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પર્યાયબુદ્ધિને કારણે રાગ મારો છે અને હું રાગનો કર્તા છું એ બુદ્ધિને કારણે મિથ્યાત્વની ભૂલ કરે છે. મિથ્યા નામ જૂઠી માન્યતા. હું રાગથી ભિન્ન સત્યસ્વરૂપ છું. એવી માન્યતા છોડીને રાગથી મને લાભ થાય એ વ્યવહાર કરતા કરતા મને નિશ્ચય થશે એ મિથ્યાત્વનું શલ્ય છે. આહા..હા..! વસ્તુ અનાદિથી એમ કરી. તીર્થંકરના જીવે પણ એમ કર્યું હતું પહેલાં. એ તો ભૂલ હોય ત્યારે તો શું કરે? આહા..હા..! એ ભૂલની દશા સ્થિતિ એક સમયની છે. એમ જ્યારે જણાય છે તો રાગથી હું ભિન્ન છું. ત્રિકાળી હું ચીજ છું. આ ભૂલ તો એક સમયની છે. રાગ-દ્વેષાદિ થાય છે એ તો એક સમયમાં થાય છે. જ્યારે રાગ થાય છે તો દ્વેષ નથી, દ્વેષ હોય તો રાગ નહિ. એક સમયમાં એક દોષ થાય છે. રાગ, દ્વેષ, વિષય, વાસના, મિથ્યાશ્રદ્ધા. આહા..હા..! એમ સમય સમય પલટીને અનંતકાળ ગયો. પણ ભૂલ તો એક સમયની છે. અને ત્રિકાળ સમય જે સ્વસમય પરમાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એની દૃષ્ટિ કરતા, એનો આશ્રય કરતા, એમાં એકાગ્ર થતાં, એ ભૂલનો નાશ થાય છે. મૂળ તો મિથ્યાત્વ એ ભૂલ છે. સમજાણું કાંઈ? વિપરીત માન્યતા એ જ અનંત સંસારની ભૂલ છે. આ તો પોતાના માટેની વાત છે. કાંઈ બીજાની નહિ. બીજા બીજાનું જાણે. એના આત્માને શું? સમજાણું? એ જવાબદારી તો બીજાની છે. જે પરિણામ ઊલટું કરે છે એ પરિણામનું ફળ તો એને ભોગવવાનું છે. અને તે પણ દુઃખ ભોગવવું એ કાંઈ લોકોને એમાં એનો તિરસ્કાર કેમ કરાય? એ દુઃખ ભોગવશે પ્રભુ. આહા..હા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે કે '**જ્ઞાનીને તો, સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે...**' દેખો લ્યો. સ્વ નામ હું જ્ઞાયક ચૈતન્ય છું અને પર નામ એ વિકલ્પ રાગાદિથી હું ભિન્ન છું. આહા..હા..! બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા આમાં. એય..! આહા..હા..! ભાઈ એ પરચીજ સ્વતંત્ર જગતની છે. એ આત્મા દ્રવ્ય છે, શરીર પરમાણુ છે એ તો પરદ્રવ્ય છે એની સાથે સંબંધ શું છે? અહીંયાં તો રાગની સાથે સંબંધ માનવો... સંબંધ. મારા આત્મામાં રાગ મારો છે એમ માનવું એ મિથ્યાત્વ અને અજ્ઞાનભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અજ્ઞાન જેનું નીકળી ગયું છે. આહા..હા..!

'**જ્ઞાનીને તો, સમ્યક્ પ્રકારે...**' સાચા પ્રકારે, સત્ય પ્રકારથી અંદર સ્વપરના ભેદજ્ઞાન દ્વારા. વિવેક એટલે ભેદજ્ઞાન. અનાદિ અણઅભ્યાસને એટલે લોકોને સમજવું કઠણ પડે, પણ વસ્તુ તો આ છે. આ સમજ્યે છૂટકો. એ વિના જન્મ-મરણ મટશે નહિ, બાપુ! આહા..હા..! '**સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક...**' આહા..હા..! હું તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છું અને આ

દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ પણ રાગ એ પણ મારી ચીજ નથી. આહા..હા..! એવા '**વિવેક વડે ભિન્ન આત્માની ખ્યાતિ...**' લ્યો દેખો. રાગથી ભિન્ન આત્માની ખ્યાતિ નામ પ્રસિદ્ધિ '**અત્યંત ઉદય પામી હોવાથી,...**' આહા..હા..! સમજાણું કાંઈ? આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. આ બધી સંસ્કૃત ટીકા છે ને એનું નામ આત્મખ્યાતિ. આત્માની પ્રસિદ્ધિ. હું જ્ઞાયક ચિદાનંદ છું રાગથી ભિન્ન એવી આ ટીકા છે. એ આત્મખ્યાતિ બતાવવા માટે વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ બધી ટીકા છે ને ઉપર અમૃતચંદ્રાચાર્યની આ સંસ્કૃત ટીકા. એ બધી ટીકાનું નામ આત્મખ્યાતિ છે. એ શબ્દ અહીં નાખ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! આત્માની ખ્યાતિ. આહા..હા..! પ્રસિદ્ધ થઈ.

રાગથી ભિન્ન પોતાના આત્માનું ભેદજ્ઞાન કરવાથી જે રાગની પ્રસિદ્ધિ એકતાબુદ્ધિમાં હતી એ ભિન્ન કરવાથી ભગવાન આત્માની પ્રસિદ્ધિ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? '**અત્યંત ઉદય પામી હોવાથી,...**' એમ. એ પણ અત્યંત પ્રગટ રાગનો કણ પણ મારી ચીજ નથી. આહા..હા..! હું પૂર્ણાનંદનો નાથ પોતાની પર્યાયમાં પ્રસિદ્ધ થયો. સમજાણું કાંઈ? આહા..હા..! '**અત્યંત ઉદય પામી હોવાથી, જ્ઞાનમય ભાવ જ હોય છે,...**' આહા..હા..! ધર્મીને તો જ્ઞાનમય એટલે આ આત્મા જ્ઞાન હોં. જ્ઞાન એટલે શાસ્ત્રના જ્ઞાન એ જ્ઞાન નહિ. આ આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ છે એ જ્ઞાનમય જ્ઞાનીનો ભાવ હોય છે. રાગ હોય, પણ રાગનો પણ એ સમયે પોતાના જ્ઞાનથી જ્ઞાતા થાય છે. આહા..હા..! અજ્ઞાની રાગનો કર્તા થાય છે, જ્ઞાની રાગથી પોતાના સ્વભાવથી જ્ઞાતા થાય છે. આહા..હા..! આવી વાત છે.

'**જ્ઞાનમય ભાવ જ હોય છે,...**' ભાષા દેખો! એને રાગ થાય છે ને વ્યવહાર આવે, આર્તધ્યાન થાય છે, રૌદ્રધ્યાન પણ થાય છે જ્ઞાનીને. એ થાય એનું જ્ઞાન થાય છે. એ સમયે જે રૌદ્ર ધ્યાન થયું, રાગાદિ થયું એ જ સમયે રાગનું જ્ઞાન પોતાના જ્ઞાનની સાથે થાય છે. પોતાના જ્ઞાનની સાથે રાગનું જ્ઞાન પણ પોતાથી થાય છે. રાગ થયો તો રાગનું અવલંબન લઈને જ્ઞાનની ઉત્પત્તિ થાય છે એમ છે નહિ, ઝીણી વાત, બાપુ! સમજાણું કાંઈ? આહા..હા..!

એવું '**જ્ઞાનમય...**' ભાષા છે જોયું! આત્મા જ્ઞાનસ્વરૂપ છે ને સ્વરૂપ? તો જ્ઞાનસ્વરૂપ છે તો '**જ્ઞાનમય ભાવ જ હોય છે,...**' આહા..હા..! આત્માને જાણવો અને રાગાદિને જાણવા એવા જ્ઞાનમય ભાવ થાય છે. આહા..હા..! બહુ ઝીણું. આનું નામ ધર્મ. આત્માનો સ્વભાવ જ્ઞાયક ચૈતન્ય જ્યોત છે. એવું રાગથી ભિન્ન થઈને જ્યાં સ્વપરનું જ્ઞાન થયું તો એ સમયે જે રાગ આવે, જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી રાગ આવે છે, પણ રાગની સાથે એ સમયે જ્ઞાન પ્રગટે છે. રાગ આવે છે તો એ સમયે રાગસંબંધી જ્ઞાન આત્મામાં ઉત્પન્ન થાય છે. આહા..હા..! આ શું કહે છે? પોતાનો આત્મા ચૈતન્યસ્વરૂપ જ્ઞાનમૂર્તિ ચૈતન્ય પ્રતિમા છે. એવું અંતરમાં રાગથી ભિન્ન થઈને આત્માના જ્ઞાનનું ભાન થયું એ જ્ઞાનના ભાનમાં

રાગ આવે, પણ રાગનો કર્તા એ જ્ઞાન નથી થતું. એ જ્ઞાન પોતામાં રહીને જ્ઞાન રાગને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! પોતામાં રહીને પોતાનું જ્ઞાન થાય છે એ સાથે રાગ-દ્વેષ, વાસના થઈ એ પ્રમાણે જ્ઞાન અહીંયાં પોતાની સાથે ઉત્પન્ન થાય છે. રાગથી અહીંયાં જ્ઞાન પ્રગટ્યું એમ પણ નથી. સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ બાપુ! ધર્મ બહુ ઝીણો વીતરાગમાર્ગ. આહા..હા..!

સર્વજ્ઞ સ્વભાવી આત્મા એવા રાગની મુખ્યતાથી ભિન્ન થઈને સર્વજ્ઞ સ્વભાવી આત્મા એવું ભાન થયું એ જ સમયે જ્ઞાનમય ભાવ થાય છે. અર્થાત્ એને રાગ આવે, વિષય-વાસના પણ થાય છે જ્યાં સુધી ચારિત્ર ન હોય તો. અંતર રમણતા. ચારિત્ર એટલે અંદર રમણતા. પણ જ્ઞાનીને એ વાસનાનું જ્ઞાન એ સમયે થાય છે. આહા..હા..! એ વાસનાને કારણે નહિ. પોતામાં સ્વપરપ્રકાશકનું કારણે પોતાનું જ્ઞાન અને પરનું જ્ઞાન પોતાથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે?

'**જ્ઞાનમય ભાવ જ હોય છે,...**' જ્ઞાતા-દૃષ્ટા ને શ્રદ્ધાને પરિણતિ આદિ શુદ્ધ એ પોતાને જ્ઞાનમય છે, રાગમય નહિ. આહા..હા..! આવો માર્ગ છે. '**અને તે હોતાં, સ્વપરના નાનાત્વના વિજ્ઞાનને લીધે...**' હું જ્ઞાનસ્વરૂપ છું અને રાગવિકારસ્વરૂપ ભિન્ન છે એવી ભિન્નતાને લીધે... છે? '**સ્વપરના નાનાત્વના વિજ્ઞાનને લીધે...**' આ પણ વિજ્ઞાન થયું. આહા..હા..! આ લોકો અત્યારે વિજ્ઞાન-વિજ્ઞાન કરે છે ને લૌકિકનું? એ વિજ્ઞાન નથી એ તો બધું અજ્ઞાન છે. આ તો .. ભણાવે છે છોકરાને વિજ્ઞાન આવું છે. સાયન્સ. ધૂળેય નથી ત્યાં જ્ઞાન. અજ્ઞાની છે મૂઢ. આ વિજ્ઞાન છે. આહા..હા..!

દેખો! રાગથી ભિન્ન થવાને લીધે, વિજ્ઞાનને લીધે. છે? '**જ્ઞાનમાત્ર એવા પોતામાં સુનિવિષ્ટ...**' આહા..હા..! હું તો જાણક-દેખન સ્વભાવ સ્વરૂપ છું. એવું '**જ્ઞાનમાત્ર એવા પોતામાં સુનિવિષ્ટ (સમ્યક્ પ્રકારે સ્થિતિ) થયેલો,...**' આહા..હા..! '**પર એવા રાગદ્વેષથી પૃથગ્ભૂતપણાને (ભિન્નપણાને) લીધે...**' રાગ અને પુણ્યાદિના વિકલ્પથી જુદાને કારણે '**નિજરસથી જ જેને અહંકાર નિવૃત્ત થયો છે...**' આહા..હા..! આત્માના આનંદના રસથી જ રાગ મારો છે એવો અહંકાર છૂટી ગયો છે. આહા..હા..! ભગવાન આનંદના શાંતરસના કારણે રાગનું અહંપણું છૂટી ગયું છે. ભારે વાતું આવી છે.

'**સુનિવિષ્ટ થયેલો,...**' '**નિજરસથી જ જેને અહંકાર નિવૃત્ત થયો છે...**' આનંદના સ્વાદની આગળ રાગના ભિન્નપણાથી રાગ હું એવી દૃષ્ટિ છૂટી ગઈ છે. એવો અહંકાર છૂટી ગયો છે. આહા..હા..! જુઓ તો માર્ગ! '**એવો પોતે ખરેખર કેવળ જાણે જ છે,...**' એવો પોતે ખરેખર ધર્મી માત્ર જાણે જ છે. જાણવું એ જ એનું કાર્ય છે, બસ. રાગ અને વિકારની ક્રિયા એ એનું કાર્ય નથી. તો પછી બહારના ધંધા આદિનું કાર્ય તો એનું ક્યાંથી થયા?

**'રાગી અને દ્વેષી થતો નથી...'** છે? એ રાગી નામ પુણ્યનો કરનારો હું એમ ધર્મીને નથી હોતું. આહા..હા..! ભારે આકરું કામ ગજબનું. **'રાગી અને દ્વેષી થતો નથી (અર્થાત્ રાગ અને દ્વેષ કરતો નથી);...'** વ્રતાદિનો વિકલ્પ આવે પણ એનો કર્તા નથી. આહા..હા..! એનો તો જ્ઞાતા છે. સર્વજ્ઞ પરમાત્માની ધર્મની પદ્ધતિ તો આ છે. આહા..હા..! જૈનમાં જન્મ્યા પણ જૈન શું કહે છે એની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાનમય ભાવને લીધે જ્ઞાની પોતાને...'** આહા..હા..! **'પર એવા રાગદ્વેષરૂપ નહિ કરતો થકો...'** રાગાદિને પોતાનો નહિ માનતો થકો એટલે રાગને નહિ કરતો થકો.. આહા..હા..! **'કર્મોને કરતો નથી.'** દેખો એને નવા કર્મ બંધાતા નથી. **'કર્મોને કરતો નથી.'** નવા કર્મમાં નિમિત્ત પણ નથી થતો. આહા..હા..!

**'ભાવાર્થ :—આ આત્માને ક્રોધાદિક...'** ક્રોધ, માન એ દ્વેષના ભેદ છે, માયા અને લોભ એ રાગના ભેદ. રાગ અને દ્વેષ છે ને? મોહ એક પ્રકાર. એના બે ભેદ રાગ અને દ્વેષ અને એના બે પ્રકાર ચાર. રાગમાં માયા અને લોભ, દ્વેષમાં ક્રોધ અને માન. આહા..હા..! સમજાણું કાંઈ? માયા, કપટ અને લોભ બે .. છે. અને ક્રોધ અને માન બે મળીને દ્વેષ થાય છે. આહા..હા..! સામાન્ય શબ્દે મોહ. મોહના બે ભેદ—રાગ અને દ્વેષ. રાગના બે ભેદ માયા અને લોભ રાગ. ક્રોધ અને માન-દ્વેષ. આહા..હા..! એ લીધું છે જુઓ. ક્રોધ. ક્રોધાદિ છે ને? ક્રોધ, માન, રાગ, દ્વેષ.

**'મોહનીય કર્મની પ્રકૃતિનો ઉદય આવતાં, પોતાના ઉપયોગમાં તેનો રાગદ્વેષરૂપ મલિન સ્વાદ આવે છે.'** આહા..હા..! આમાં પણ .. જેવો ઉદય છે ... ભાઈ! શું કહ્યું એ? જેટલા પ્રમાણમાં .. જ્ઞાન ઉપયોગમાં આવ્યો છે એમ. પોતાની યોગ્યતા પ્રમાણે ત્યાં આગળ ભલે તીવ્ર હોય પોતાની યોગ્યતા પ્રમાણે રાગ-દ્વેષ.. એના ઉપયોગમય... ભાઈ સમજાય છે? .. ઝીણી વાત છે. ભાષા એમ છે જુઓ! **'કર્મની પ્રકૃતિનો ઉદય આવતાં, પોતાના ઉપયોગમાં તેનો રાગદ્વેષરૂપ મલિન સ્વાદ આવે છે.'** ઉપચારથી તો એમ કહે કે જેવો ઉદય આવ્યો એવો અહીં રાગદ્વેષ થાય છે. એમ નથી. સમજાણું કાંઈ?

અહીં તો ઉદયના પ્રસંગે એને રાગ-દ્વેષ થાય એટલી વાત સિદ્ધ કરવી છે. પણ જે ઉદય જે પ્રકારે આવ્યો એ જ પ્રકારે રાગ-દ્વેષ થાય છે. પોતાની યોગ્યતા પ્રમાણે અંદર રાગ-દ્વેષ થાય છે. અહીં તો બીજું કહેવું છે કે જેવો ઉદય છે એવો ઉપયોગમાં પૂરેપૂરો સ્વાદ આવે છે જ્ઞાનમાં. એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં અર્થ કરવાનો મોટો વિરોધ છે. શું કહે છે? આઠ કર્મ જડ છે. ... ઉદય આવે.. તો કહે છે જેટલા પ્રમાણે ઉદયનો અનુભાગ થયો એટલા જ ઉપયોગમાં સ્વાદરૂપે દેખાય એમ નહિ. શું કહ્યું સમજાણું?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો તો પછી થઈ રહે. પોતાની યોગ્યતા પ્રમાણે ત્યાં આગળ

ઉપયોગમાં સ્વાદ દેખ્યો એને અજ્ઞાની પોતાનો માને છે. સમજાણું કાંઈ? આકરી વાત છે. આહા..હા..!

**'ઉદય આવતાં,...'** કર્મની પ્રકૃતિ એ તો જડ. હવે જ્ઞાનમય ભાવ થાય છે. છે ને? **'જ્ઞાનમય ભાવ જ હોયછે, અને તે હોતાં, સ્વપરના નાનાત્વના વિજ્ઞાનને લીધે જ્ઞાનમાત્ર એવા પોતામાં સુનિવિષ્ટ થયેલો, પર એવા રાગદ્વેષથી પૃથગ્ભૂતપણાને (ભિન્નપણાને) લીધે નિજરસથી જ જેને અહંકાર નિવૃત્ત થયો છે...'** આહા..હા..! **'એવો પોતે ખરેખર કેવળ જાણે જ છે, રાગી અને દ્વેષી થતો નથી...'** આહા..હા..! ભારે વાત. રાગ-દ્વેષનું જ્ઞાન થાય છે. રાગ-દ્વેષ પણ પોતાની યોગ્યતા પ્રમાણે ઉપયોગમાં-ખ્યાલમાં જણાય છે. છતાં જ્ઞાની રાગ-દ્વેષ છે એ મારા નથી. જેટલી યોગ્યતાથી આવ્યો એ પણ મારો નથી. આહા..હા..! કાંતિભાઈ! સમજાય છે આમાં? પ્લેનના ઉપરી હતા એ. આ શાંતિભાઈ છે ને. પંદરસો નો પગાર હતો માસિક. છોડી દીધી. બ્રહ્મચારી છે. બાળબ્રહ્મચારી છે. લાખોપતિ છે. પહેલેથી બ્રહ્મચર્ય થઈ ગયું. રહી ગયા. રહી ગયા. છે લાખોપતિ. .. ભણ્યા બહુ. કન્યા પણ સાધારણ ઘરની આવી તો પિતાજી કહે નહિ. આહા..હા..! મોટા ગૃહસ્થ છે. એ .. કરવા આવી આખા ઘરની. તો એણે ના પાડી કે અત્યારે નહિ. એમ કરતા કરતા રહી ગયા. બે વર્ષ.. પંદરસોનો પગાર પ્લેનમાં હતો. પ્લેન છે ને. હા એ. મુંબઈ હતા. માસિક પંદરસો. લાખો પતિ છે છોડી દીધું. આજિવિકા છે. સમજાણું કાંઈ? પૈસા ક્યાં ધૂળ હવે એની પાસે છે ક્યાં એના?

એ તો કહેતા હતા. મલુપચંદજી ગયા? ભાઈ કહેતા હતા એ પૂનમચંદ. એના દિકરા મલુપચંદ અહીં નહોતા બેસતા? જાડાને એવા. એના મોટા દિકરા છે સ્વીત્ઝરલેન્ડમાં. એને એક જ દિકરી છે. એની પાસે ચાર કરોડ રૂપિયા છે. ચાર કરોડ. એનો નાનો દિકરો છે એને .. ૨૫-૨૫.. મોટા મકાન. પૂનમચંદ. પૈસા એની પાસે પાંચ કરોડ છે. એકવાર એવી વાત નીકળી કાંઈક ખબર નહિ ને કેમ બોલવું? અમે બેઠા હતા. કહે અમારા પિતાજીએ પૈસાનો સ્વાદ ક્યાં લીધો છે? એની પાસે પૈસા નહોતા. પિતાજી પાસે ૨૫-૩૦ હજાર એટલા. અને આની પાસે પાંચ કરોડ મોટા. એમ બોલી ગયા મુંબઈ. એમ કે અમારા બાપને પૈસા ક્યાં એટલા હતા તે સ્વાદ આવે? તમારા બાપને એટલા પૈસા હતા? એમ બોલી ગયા પૂનમચંદ. ભોળા માણસ બિચારા. મોટો હુશિયાર છે સ્વીત્ઝરલેન્ડ. અરે.. પણ આમ ન બોલાય. બાપ બેઠા છે. કહે બાપને પૈસાનો રસ ક્યાં છે? એની પાસે ક્યાં પૈસા હતા? માટે એને સ્વાદ નથી. તો એને કેમ કામ કરવું એની ક્યાં ખબર છે? અમારે સારું. ધૂળેય નથી સાંભળને હવે. મૂર્ખાઈના કાંઈ કામ જુદા હોય છે?

**શ્રોતા :-** ગાડીમાં હવા ખાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય નથી. છે તો મોટી લાખ, સવા લાખની મોટર. ચમકીલા

શું કહેવાય આ? કંપા. એ મોટું છે. મોટા મકાન બનાવ્યા છે ઘણા લાખના નવા. ઘણા લાખના. ધૂળેય નથી આ શું કહેવાય દર્દ છે એને બ્લડપ્રેશરનું. બ્લડપ્રેશર. આમ.. થઈ જાય. આહા..હા..! ૫૦ વર્ષ થયા હશે નહિ? ૫૦ વર્ષ થયા હશે. તમારાથી નાના છે પૂનમચંદ.આને ૫૨ થયા. નાના છે. આહા..હા..!

અરે.. ભાઈ! પૈસા ક્યાં? અહીં તો કહે છે કે રાગ જે દયા, દાન અને વ્રતના વિકલ્પ ઉઠે એ પણ મારા છે તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. એ અહીં એકવાર ભોજન દેવા આવ્યા હતા. ભોજન એના તરફથી હતું. એ વખતે એને બ્લડપ્રેશર થયું. આમ કરતો કરતો આવ્યો હતો ત્યાં આહાર દેવા. કેમ શું છે? બ્લડપ્રેશર થઈ ગયું છે. આ લોહી... ભાઈ! હવે ધૂળમાં ધૂળની ચીજ તો એને કારણે થાય છે એમાં તારા પૈસા શું કરે? આહા..હા..!

**શ્રોતા :-** ... કાંઈ બધાને લાગુ પડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધાને. આ ભાઈને આ થયું નહિ બિચારા જુઓને આ. હવે ગીરધરભાઈ તો કાલે બેઠા હતા. સવારે વ્યાખ્યાનમાં આવ્યા હતા. મારી પાસે આવ્યા. શેઠિયાઓ છે અને પૈસાવાળા છે. મોટી આબરૂવાળા છે કાર્યકર્તા. પણ હવે નરમ પડી ગયા આ સાંભળીને હવે. હવે ધૂળમાંય કાંઈ નથી સાંભળને. કરને આ. જરા અહીં રહે છે બૈરાને. હવે એ બપોરે આવ્યા આમ કરીને. અહીં કાંઈક થાય છે. હું ચેક કરવા જાવ છું ડોક્ટર પાસે. અહીં બેસતા હતા. બહુ હમણા બિચારાને દરદ છે. પણ જો તો ખરા ભાઈ સત્ય શું છે? જ્ઞાન તો કરો પહેલાં, પછી અનુભવ થાય. પણ જ્ઞાન જ જૂઠું છે એનો અનુભવ ક્યાંથી થાય? આહા..હા..! હાર્ટએટેક આવ્યો. તાર આવ્યો આજે. આહા..હા..! હોસ્પિટલમાં લઈ ગયા. આમાં શું ધૂળમાંય... આહા..હા..!

અહીં કહે છે રાગી અને દ્વેષી ધર્મી નથી થતો. આહા..હા..! આ ભક્તિ આદિના પરિણામ વ્યવહાર આદિ કરે છે ને? કરતા નથી એ જાણે છે. એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? અજ્ઞાનીને જ્યાં ત્યાં રાગ આવે એનો કર્તા થાય છે. આ દૃષ્ટિફેર છે. સમજાણું કાંઈ? આહા..હા..! આજે એક લખાણ આવ્યું છે બહુ. છે તો અહિંસાનું. જૈન ગેજેટમાં? જૈન ગેજેટમાં. આલોચના કરાવી છે. એ વાંચવા જેવી છે હોં. શિક્ષકને આ, કારીગરને આ, ફલાણાને આ, શેઠિયાને આ, નોકરને આ, બધા એવા કરીને એની આલોચના કરી એના પાપની. બહુ સારું લખ્યું છે. આમાં હશે. આમા હશે. અહિંસા છે ને આ? અહિંસા.. પાપ કરે મારા અભિમાન. એ બહુ સરસ લીધું છે. એક એક ૨૦-૨૫ નામ લીધા છે. એમાં જ છે ઘણું કરીને. આહા..હા..!

વેપારી આમ પાપ કરે છે, ફલાણા આમ પાપ કરે છે, એમ ભિન્ન-ભિન્ન જાતના. હે પ્રભુ! હવે ... એમ કહ્યું. નામ છે. આલોચના કરી છે આલોચના. ઘણું કરીને આમાં જ હશે. હમણા એમાં જ વાંચ્યું હતું.

ધર્મી રાગી અને દ્વેષી નથી થતો. '**તેથી જ્ઞાનમયભાવને લીધે જ્ઞાની પોતાને પર**

**એવા રાગદ્વેષરૂપ નહિ કરતો થતો કર્મોને કરતો નથી.**' લ્યો એ તો ભાવાર્થ આવ્યા ને. '**અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નહિ હોવાથી તે એમ માને છે કે આ રાગદ્વેષરૂપ મલિન ઉપયોગ છે તે જ મારું સ્વરૂપ છે—**' આહા..હા..! જ્ઞાનના ઉપયોગમાં રાગદ્વેષનું જ્ઞાનનું ભાન થાય છે, પણ અજ્ઞાની રાગ-દ્વેષ મારા છે એમ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**આ રાગદ્વેષરૂપ મલિન ઉપયોગ છે તે જ મારું સ્વરૂપ છે—તે જ હું છું. આમ રાગદ્વેષમાં અહંબુદ્ધિ કરતો અજ્ઞાની પોતાને રાગીદ્વેષી કરે છે;...**' બહુ ઝીણી વાત. આહા..હા..! ગૃહસ્થાશ્રમમાં સમકિતી હોય, છ ખંડનું રાજ હોય. આહા..હા..! અને રાગ અને દ્વેષના પરિણામ આવે, પણ દૃષ્ટિ જ્ઞાયક ચૈતન્ય ઉપર છે. હું તો જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય છું. એનાથી એ રાગના જ્ઞાતા રહે છે, રાગનો કર્તા થતો નથી. અજ્ઞાની ક્ષણે ને પણે રાગની ક્રિયા મારી છે, મારી છે, રાગ હું કરું છું. મારી ક્રિયા છે એમ અજ્ઞાની માને છે. એટલો ફેર છે લ્યો. દિશાફેરે દશાફેર છે.

પાછળ જ હતું ક્યાંક. છે? લાવો અહીં. ઘણા બોલ છે. હા એ. 'આત્મા સુધાર કે અપની આલોચના. પંડિત ફુલચંદ પુષ્પેન્દુ, કમલકુમાર શાસ્ત્રી.' મુનિ. મુનિ કેમ આલોચના કરે છે. 'મેં તથાકથિત મહાવ્રતી હું તો ભી મેરી પરકે સાથ એકત્વબુદ્ધિ બની હુઈ હૈ. અથવા મેં આત્મવલોકન કરતા હૂં હૈ વીતરાગદેવ યહ મારી ભૂલ છે હું .. કરું છું.' પછી ભટ્ટારક. એક પછી એક. 'મૈને અપની મહંતતાકી પ્રતિષ્ઠા કે લિયે જૈન ધર્મમેં ક્રિયાકાંડકો મુખ્યતા દે કર ઉસકે મહત્વકો વિકૃત કિયા ઉસકા મુજે પશ્ચાતાપ હૈ.' ભટ્ટારક. પ્રતિષ્ઠાચાર. દરેક.

'હે જિનેશ્વર વિવિધ વિધિવિધાનો દ્વારા પ્રાણપ્રતિષ્ઠા મૈંને કરાઈ ઈસલિયે નિષ્પા.. ઉસમેં મેરા કોઈ .. નહિ થા. મૈંને અપને ચૈતન્યકી પ્રાણપ્રતિષ્ઠા કભી નહીં કી. ઈસકાભી મેં પ્રાયશ્ચિત કરતા હું.' પછી પંડિત-પુજારી. 'હે ભગવંત ધર્મકે નામપર જો મૈંને યહાં મિથ્યાત્વ ઔર .. ખોલકર ભોલીભાલી જનતાકે સાથ વિશ્વાસ ઘાત કિયા હૈ ઉસકી મૈં આલોચના કરતા હું.' પંડિત-પૂજારી. પ્રવચનકાર. હવે પ્રવચનકાર. 'રાગવિલાસ દ્વારા મૈંને સદૈવ સામાન્ય જનતા કો મૂર્ખ બનાનેકી કોશિષ કી હૈ, ઉપદેશ કો સ્વયં મૈને અપને જીવનમેં કભી નહીં ઉતારા. મેરા અપરાધ મિથ્યાત્વ હો.' એવા એવા ૨૫-૩૦ બોલ છે.

પછી શ્રોતા. 'શ્રોતા બનકર મૈં સદૈવ સોતા હી રહા. શ્રોતા બનકર મૈં સોતા હી રહા. કભીભી આત્મજાગૃતિ નહીં કી ઈસ દોષકી મૈં અંતઃકરણસે આલોચના કરતા હું.' શ્રોતા. બ્રહ્મચારી. હવે બ્રહ્મચારી. 'વ્રત, સંયમ, નિયમ કે નામ પર મૈંને પાખંડવાદ ફેલાયા હૈ, વાસના અભી ભી મેરા પિછા નહીં છોડતી. અતઃ મૈં અપને દુષ્કૃત્ય કી નિંદા કરતા હું.' એવા-એવા ૨૫-૩૦ બોલ છે. બહુ સરસ છે. આહા..હા..! એક એક વ્યક્તિ. પછી શેઠિયાની લેશે, પછી નોકરની, શિક્ષકની બધાની. આહા..હા..! બહુ સારી છે. રાત્રે રાખજો વાંચવાનું.

શેઠિયાનું લીધું છે. શેઠિયા બધા આમ આમ કરે. બધાની પછી આલોચના. એ રાતે વાંચશું. ઘણું છે ધાર્મિક. બહુ છે. રાત્રે વાંચવા જેવું છે. આહા..હા..!

**'જ્ઞાનીને ભેદજ્ઞાન હોવાથી તે એમ જાણે છે કે જ્ઞાનમાત્ર શુદ્ધ ઉપયોગ છે તે જ મારું સ્વરૂપ છે—'** આહા..હા..! હું તો શુદ્ધ ઉપયોગ શુભ-અશુભ નહિ. શુભ ઉપયોગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભ અને હિંસા, જૂઠું, ચોરી આદિ એ અશુભ એ બેય ઉપયોગ હું નહિ. આહા..હા..! હું તો રાગથી રહિત શુદ્ધ ઉપયોગસ્વરૂપ હું છું. આહા..હા..! વાત કદી સાંભળી ન હોય જેણે એને આ. હવે અત્યારે તો એમ કહે છે કે શુદ્ધ ઉપયોગ છે જ નહિ. અત્યારે એમ કહે છે પત્રમાં. અરે.. ભગવાન! શુદ્ધ ઉપયોગ નહિ તો ધર્મ પણ નહિ. સમજાણું કાંઈ? એ કહે છે.

**'જ્ઞાનીને ભેદજ્ઞાન હોવાથી તે એમ જાણે છે કે જ્ઞાનમાત્ર શુદ્ધ ઉપયોગ છે તે જ મારું સ્વરૂપ છે—'** હું તો જાણનાર-દેખનાર મારો સ્વભાવ એ હું છું. **'તે જ હું છું; રાગદ્વેષ છે તે કર્મનો રસ છે—'** રાગ-દ્વેષ તો કર્મ પુદ્‌ગલ કર્મનો ભાવ છે, મારો ભાવ નહિ. આહા..હા..! એ મારું સ્વરૂપ નથી. **'આમ રાગદ્વેષમાં અહંબુદ્ધિ નહિ કરતો જ્ઞાની પોતાને રાગીદ્વેષી કરતો નથી, કેવળ જ્ઞાતા જ રહે છે;...'** આહા..હા..! સમજાણું કાંઈ? **'તેથી તે કર્મોને કરતો નથી. આ પ્રમાણે જ્ઞાનમય ભાવથી કર્મબંધ થતો નથી.'** લ્યો.

કળશ. ૬૬ છે ને? ૬૬ કળશ. શિષ્ય પ્રશ્ન કરે છે.

**'શ્લોકાર્થ :—અહીં પ્રશ્ન છે કે જ્ઞાનીને કેમ જ્ઞાનમય જ ભાવ હોય...'** ધર્મીને એકલા આત્મસ્વભાવનું જ જ્ઞાન થાય છે. આહા..હા..! ધર્મીને તો એકલું જ્ઞાન એટલે આત્મા, એ જ્ઞાન આત્માનું જ જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'અને અન્ય (અર્થાત્ અજ્ઞાનમય) ન હોય? વળી અજ્ઞાનીને કેમ સર્વ ભાવ અજ્ઞાનમય જ હોય અને અન્ય (અર્થાત્ જ્ઞાનમય) ન હોય?'** એને શુદ્ધ ઉપયોગ ધર્મ કેમ નથી થતો? એવો પ્રશ્ન છે.

**'આ જ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા કહે છે :—'**

૧૨૮-૧૨૯.

णाणमया भावाओ णाणमओ चेव जायदे भावो।
जम्हा तम्हा णाणिस्ससव्वे भावा हु णाणमया।।१२८।।
अण्णाणमया भावा अण्णाणो चेव जायदे भावो।
जम्हा तम्हा भावा अण्णाणमया अणाणिस्स।।१२९।।

હરિગીત.

**વળી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનભાવ જ ઊપજે,**
**તે કારણે જ્ઞાની તણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે; ૧૨૮.**
**અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનભાવ ઊપજે,**
**તે કારણે અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવો બને, ૧૨૯.**

આહા..હા..!

'**ટીકા :—ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી...**' એટલે જેને એ રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ મારા છે અને હું કરું છું એવું જે અજ્ઞાની માને છે. આહા..હા..!એ અજ્ઞાનીને '**જે કોઈ પણ ભાવ થાય છે તે સઘળોય અજ્ઞાનમયપણાને...**' હોય છે. અજ્ઞાનમય રાગની એકતાનો ભાવ એને થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાસ્તવ નામ '**ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી...**' એટલે વ્યવહારનો જે વિકલ્પ છે એને પોતાનો માને છે, એવા અજ્ઞાની એના બધા અજ્ઞાનમય ભાવ હોય છે. બધાય અજ્ઞાનમયભાવ. ચાહે તો ભગવાનની ભક્તિમાં બેઠા હોય તોપણ રાગથી એકતાબુદ્ધિ છે તો અજ્ઞાનમયભાવ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અજ્ઞાનમય ભાવમાંથી...**' અજ્ઞાન શબ્દે રાગની એકતાબુદ્ધિવાળા પ્રાણી એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે શાસ્ત્રનું જ્ઞાન નહિ ને એમ નહિ અહીંયાં. શાસ્ત્રનું જ્ઞાન તો અગ્યાર અંગના કરોડો અબજો શ્લોકો કંઠસ્થ હોય. આહા..હા..! પણ એ પરલક્ષી જ્ઞાન અને રાગને પોતાના માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ઝીણું બહુ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાંચન કરે તો એમાં આ જ્ઞાન મારું છે પરના લક્ષવાળું. તો એ મિથ્યાદૃષ્ટિ છે. વાંચનકાર છે. .. જાય છે વધારે નહિ. ..ને ઇંદોર પાસે .. ગૃહસ્થ માણસ. ત્યાં ૫૦ લાખ રૂપિયા છે. હીરાલાલ માણેક બહુ સારા માણસ છે. ત્યાં ગયા હતા. અહીં આવ્યા હતા. બધા આવ્યા હતા. .. કાયમ આવે છે. એ ત્યાં વાંચવા જાય છે. એય..! ઇંદોરથી .. આવે છે ને માણેકચંદભાઈ અને હીરાલાલ. હીરાલાલ પિતાજી માણેકચંદના. અમે ગયા હતા. મોટું .. ગામ નાનું અને પૈસા બહુ. .. નાનું ગામ. પૈસા ઘણા મકાન મોટા. શાંત માણસ, નરમ માણસ. નરમ. સાંભળવા બહુ આવે છે બૈરા બધા. આહા..હા..! આ વાત ક્યાં છે?

એકવાર તો એવું બન્યું એના ઘરે. એના પિતાજી નહોતા. છોકરો હતો છોકરો. તો સરકાર તરફથી કાંઈક તપાસ કરવા આવે ને? તપાસ કરવા આવ્યા. પૈસા એની પાસે છે એ વાત તો બહાર પડી ગઈ ઘણી વાત. ૫૦ લાખ કરોડ. તો એવું થયું એની પાસે માલ કેટલાય લાખનો પડ્યો હતો અને ચોવીસ કલાક કે એટલા કલાક સુધી પોલીસે તપાસ કરી. હાથ કાંઈ ન આવ્યું. એટલી તપાસ.. સમજ્યાને અંદર પૈસા દિવાલમાં. છોકરો બિચારો મુંઝાઈ

ગયો. અમારા પિતાજી નથી. કાંઈ હાથ ન આવ્યું. ગમે તે પોલીસ આવે કે. છોકરા પછી કહે અમારે પહેલા દર્શન મહારાજના કરવાના પછી .. એ પહેલા આવ્યા હતા. કે એવું અમારે ત્યાં બન્યું છે. આપના પ્રતાપથી... એમ માનતા હતા. બહુ પૈસાવાળા છે. ત્રણ-ત્રણ ચાર-ચાર લાખનું અનાજ પડ્યું હોય, તલ પડ્યા હોય. મોટા મોટા. પણ કુદરતે એને કાંઈ મૂળ હાથ જ ન આવ્યું પોલીસને. આહા..હા..! એ કુદરતે પુણ્યનો યોગ હોય છે ને તો એમ બને. પણ એ છોકરાને એવો રસ થઈ ગયો. આહા..હા..! અમને જો પકડ્યા? અમારી પાસે મકાન ઘણા છે. આખા મકાનના મકાન ભર્યા હોય માલના. પણ હાથ જ એને કાંઈ ન આવ્યું. જોઈ શક્યા જ નહિ એ પોલીસ. ચોવીસ કલાક રહ્યા નહિ કાંઈક? ચોવીસ કલાક સાંભળ્યું છે. ચોવીસ કલાક. .. પોલીસ. એ તો પૂર્વના પુણ્યનો યોગ હોય છે. જાય નહિ કાંઈ. ક્યાં જાય. આહા..હા..!

અહીં કહે છે '**ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય...**' કોઈપણ ભાવ હોય, ભક્તિનો હોય, પૂજાનો હોય, દયાનો હોય, વ્રતનો હોય... આહા..હા..! '**તે સઘળોય અજ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો થકો...**' આહા..હા..! ગજબ વાત છે. જે કોઈ દયા, દાન, વ્રતના વિકલ્પની એકતાબુદ્ધિ જેને છે એ અજ્ઞાની. એ અજ્ઞાનીને પ્રત્યેક ભાવ અજ્ઞાનમય હોય છે. ચાહે તો ભક્તિ હોય, ચાહે તો વ્રત હોય ને ચાહે તો ઉપદેશ દેતા હોય. જે ભાવ રાગ છે એને પોતાનો માને અને રાગથી લાભ થાય એમ માને તો એ બધા અજ્ઞાનભાવમાં અજ્ઞાનભાવ જ ઊપજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે બહુ આ.

'**ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય તે સઘળોય અજ્ઞાનમપણાને નહિ ઉલ્લંઘતો થકો...**' અજ્ઞાનને ઉલ્લંઘતો નથી. અજ્ઞાનમય છે બધા. આહા..હા..! દૃષ્ટિમાં મિથ્યાત્વ છે. રાગથી લાભ થાય છે અને રાગની ક્રિયા મારી એવી દૃષ્ટિ વિપરીત અજ્ઞાનીની. તો દરેક અજ્ઞાનમાં અજ્ઞાનનો જ ભાવ થાય છે એને. ચાહે તો ભક્તિનો ભાવ હોય, પુણ્યનો હોય, દયા-દાનનો ભાવ થાય, વ્રતનો ભાવ એ બધો અજ્ઞાનમય ભાવ છે. આહા..હા..! આ કાંઈ વાતું ભારે. માથુ ફરી જાય એવું છે.

પાંચ-પાંચ લાખ, દસ દસ લાખનું મંદિર બનાવે અને સારી સ્તુતિ કરે, પણ કહે છે કે રાગની એકતાબુદ્ધિવાળા અજ્ઞાની એને દરેક સમયે અજ્ઞાનભાવ જ ઉત્પન્ન થાય છે. અજ્ઞાનમાંથી અજ્ઞાનભાવ જ ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નહિ ઉલ્લંઘતો થકો અજ્ઞાનમય જ હોય છે, તેથી અજ્ઞાનીના ભાવો બધાય અજ્ઞાનમય હોય છે.**' અજ્ઞાનીના પ્રત્યેક ભાવ ચાહે તો વ્રતના, દયાના, દાનના, અપવાસના એ દરેક ભાવ અજ્ઞાનમય છે. આહા..હા..! મહાસિદ્ધાંત. જેમાં જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા રાગથી નિરાળો નિર્મળાનંદ પ્રભુ, એવી દૃષ્ટિ જ્યાં ન થઈ તો એની ક્ષણે ક્ષણે પ્રત્યેક સમયે

રાગની એકતાનો અજ્ઞાનમય ભાવ થાય છે. ભિન્નતાનું ભાન જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અજ્ઞાનીના ભાવો બધાય અજ્ઞાનમય હોય છે.**' આહા..હા..! અજ્ઞાનમય એટલે એ શાસ્ત્રનું જ્ઞાન કરે તોપણ રાગની એકતાબુદ્ધિવાળાને બધોય અજ્ઞાનભાવ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે ભાઈ આ શ્લોકોની. જેટલી દૃષ્ટિમાં સ્વભાવ ચૈતન્ય ભગવાન આત્મા આવ્યો નથી અને પર્યાયબુદ્ધિમાં રાગમાં, વિકલ્પમાં એકતાબુદ્ધિ છે એ અજ્ઞાનીને તો બધા ભાવ જે કોઈ શુભ-અશુભ થાય એ બધા અજ્ઞાનમય ભાવ છે. આહા..હા..!

કોઈપણ ભાવ બહારના હોય, રાગનું કે બહારનું જ્ઞાન એ બધી બહિર્વસ્તુ છે. બહિર્વસ્તુને પોતાની માની છે તો એ અજ્ઞાનમયભાવે એને ક્ષણે ક્ષણે જ્ઞાન જ ઊપજે છે. આહા..હા..!

'**અને જ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય છે...**' આહા..હા..! હું તો જ્ઞાનસ્વરૂપ સમકિતદર્શન સ્વરૂપ, આનંદસ્વરૂપ એવું જે જ્ઞાન અંતરમાં થયું છે એ જ્ઞાનીને '**જ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય છે...**' આહા..હા..! અરે.. એને વિષય-વાસનાનો ભાવ હોય તોપણ એને ત્યાં જ્ઞાન ઉત્પન્ન થાય છે. આહા..હા..! નબળાઈને લીધે ભાવ થયો એ જ સમયે એનું જ્ઞાતાપણું એમાં આવે છે. જ્ઞાનમયભાવ થાય છે એમ કહે છે. આહા..હા..! રાગમય નહિ. આહા..હા..! કેમકે રાગ છે એ આસ્રવ છે અને ભગવાન આત્મા તો જ્ઞાયકસ્વરૂપ છે. ચૈતન્યબિંબ છે, સર્વજ્ઞબિંબ છે. તો એમાં જેણે રાગને ભિન્ન માન્યો એ ક્ષણે ક્ષણે ભલે એને રાગ થાય, અરે.. લડાઈનો ભાવ પણ આવે સમકિતીને ચક્રવર્તીને. છતા એ સમયે લડાઈના ભાવનો પણ જ્ઞાતા છે. એય..! આહા..હા..! કેમકે દૃષ્ટિ સ્વભાવ ઉપર છે. એ કારણે જે રાગ થયો એનું પણ જ્ઞાન થાય છે. તો એને જ્ઞાનમય ભાવ બધા થાય છે. આહા..હા..! ભારે આકરું કામ.

'**અજ્ઞાનીને...**' પહેલા આવ્યું છે. '**તેથી જ્ઞાનીના ભાવો બધાય જ્ઞાનમય હોય છે.**' આહા..હા..! '**તે સઘળોય જ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો થકો...**' છે ને? આહા..હા..! પાંચમા ગુણસ્થાન સુધી તો રૌદ્રધ્યાન પણ છે. કહે છે કે એ રૌદ્રધ્યાન જે થયું એ સમયે એનું જ્ઞાન પણ પોતાથી થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? અમરચંદભાઈના બહુ .. થઈ ગયા. બહુ રસ છે. એને .. .. થઈ ગયો ને. ડોક્ટરે ના પાડી કે હમણા બે મહિના પથારીથી નીચે નહિ ઉતરતા. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા કહેતા હતા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છ સપ્તાહ. દોઢ મહિનો ભાઈ. આહા..હા..! કેદમાં. ત્યાં જંગલમાં. આહા..હા..! દેહની એ સ્થિતિ.

**'જ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો થકો જ્ઞાનમય જ હોય છે, તેથી જ્ઞાનીના ભાવો બધાય જ્ઞાનમય હોય છે.'**

હવે **'ભાવાર્થ :- જ્ઞાનીનું પરિણમન અજ્ઞાનીના પરિણમન કરતાં જુદી જ જાતનું છે.'** ધર્મીજીવનું રાગથી ભિન્ન થઈને પોતાના સ્વરૂપનું આત્મજ્ઞાન કર્યું છે તો એ જ્ઞાનીના બધા પરિણામ પરથી... છે ને? **'અજ્ઞાનીના પરિણમન કરતાં જુદી જ જાતનું છે અજ્ઞાનીનું પરિણમન અજ્ઞાનમય છે, જ્ઞાનીનું જ્ઞાનમય છે; તેથી...'** આહા..હા..! **'અજ્ઞાનીના ક્રોધ, માન, વ્રત, તપ ઈત્યાદિ સર્વ ભાવો અજ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી અજ્ઞાનમય જ છે...'** આહા..હા..!

**'અજ્ઞાનીના ક્રોધ, માન, વ્રત, તપ...'** અપવાસ આદિ **'સર્વ ભાવો અજ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી...'** એમાં એકત્વબુદ્ધિ પડી છે સદા. આહા..હા..! આકરું બહુ લાગે. વ્રત ને તપ એ તો શુભભાવ છે. વ્રત અને તપ તો શુભભાવ છે. આહા..હા..! એ **'સર્વ ભાવો અજ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી અજ્ઞાનમય જ છે અને જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી...'** આહા..હા..! જેને પોતાને આનંદનું જ્ઞાન, પ્રભુનું જ્ઞાન થયું એને રાગાદિ હોય તોપણ રાગનું જ્ઞાન થાય છે. આહા..હા..! એ રાગના જ્ઞાનનો કર્તા જ્ઞાની છે. રાગનો કર્તા નથી.

અજ્ઞાની વ્રત અને તપ કરે છે એ રાગ, એ રાગનો કર્તા છે તો એનો રાગમય, અજ્ઞાનમય સ્વભાવ છે. આહા..હા..! દૃષ્ટિ એવી સૃષ્ટિ. એમ નથી કહેતા? દૃષ્ટિ એવી સૃષ્ટિ. અજ્ઞાનીની રાગની દૃષ્ટિ છે તો સૃષ્ટિ રાગમય, અજ્ઞાનમય ઉત્પન્ન થાય છે. દૃષ્ટિ એવી સૃષ્ટિ. ધર્મીની રાગથી ભિન્નની દૃષ્ટિ છે તો જ્ઞાનપર્યાયની સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. રાગની નહિ, રાગ નહિ. આહા..હા..! બહુ ઝીણું ભાઈ! સંપ્રદાયમાં તો આ ભારે આકરું પડે. એથી લોકો સોનગઢને નામે એમ કહે છે. ભાઈ સોનગઢની નહિ આ વાત તો ભગવાનની છે કે સોનગઢની છે? કુંદકુંદ, અમૃતચંદ્રાચાર્ય તો એ કહે છે. સમજાણું કાંઈ?

વ્રત અને તપ ભાવ પણ અજ્ઞાનીને અજ્ઞાનજાતિના છે બધા. આહા..હા..! એ મહિના-મહિનાના અપવાસ કરે, બાળબ્રહ્મચર્ય પાળે, આખું બાળબ્રહ્મચારી. એ પણ વિકલ્પ છે, રાગ છે. આહા..હા..! અજ્ઞાનીને તો બધા અજ્ઞાનમયભાવ ઉત્પન્ન થાય છે. એ બાળબ્રહ્મચારી હોય તો વિકલ્પને પોતાના માને તો અજ્ઞાનભાવ છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ-૮, ગુરુવાર, તા. ૧૬-૯-૧૯૭૬,**
**ગાથા-૧૩૦-૧૩૧, શ્લોક-૬૭, પ્રવચન નં. ૧૮૭**

૬૭ કળશ છે.

(अनुष्टुभ्)
ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवन्ति हि।
सर्वोऽप्यज्ञाननिर्वृत्ता भवन्त्यज्ञानिनस्तु ते।।६७।।

નીચે અર્થ.

ધર્મીને અર્થાત્ જેને વિકલ્પ રાગથી આત્મા ભિન્ન છે એવો જ્ઞાન અનુભવ થયો છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદ્‌ઘન એ રાગના વિકલ્પથી ભિન્ન એ રાગ આસ્રવ છે, આત્મા જ્ઞાયક છે. એવી ભેદજ્ઞાન દૃષ્ટિ થઈ ગઈ છે એવા '**જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનથી નીપજેલા (–રચાયેલા) હોય છે...**' આહા..હા..! એનો તો જ્ઞાનમય જ ભાવ હોય છે. જાણવું, દેખવું, શ્રદ્ધવું, .., શાંતિ એ પરિણામ થાય છે. સમજાણું કાંઈ? રાગ કે પુણ્ય, દયા, દાનનો વિકલ્પ એને હોતો નથી. હોય છે તો એના જાણનાર રહે છે એમ કહે છે. કર્તા નથી થતો. આહા..હા..! વાત ભારે ઝીણી બાપુ.

'**સર્વ ભાવો...**' જુઓ! ચાહે તો હિંસા, જૂઠું, ચોરીનો વિકલ્પ આવ્યો, તોપણ એનો જ્ઞાતા છે. કેમકે દૃષ્ટિ સ્વભાવ ઉપર છે અને વિકાર તો ક્ષણિક છે. અને ત્રિકાળ સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી જ્ઞાનીનો પ્રત્યેક ભાવ જ્ઞાનમય, આનંદમય, શાંતમય, ધર્મમય હોય છે. આહા..હા..! આવી વાત છે. દૃષ્ટાંત આપશે. '**સર્વ ભાવો જ્ઞાનથી નીપજેલા (–રચાયેલા) હોય છે અને અજ્ઞાનીના...**' આહા..હા..! જેને એ રાગ વિકલ્પ જે છે વ્યવહારરત્નત્રયનો, શાસ્ત્રનું જ્ઞાન, પંચમહાવ્રતના પરિણામ અને નવ તત્ત્વની ભેદ શ્રદ્ધા એ બધો રાગ છે. એ રાગ પોતાનો છે એમ જેણે માન્યું છે એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે.

'**અજ્ઞાનીના સર્વ ભાવો અજ્ઞાનથી નીપજેલા (–રચાયેલા) હોય છે.**' બસ એની રચના સર્વ અજ્ઞાનમય હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સિદ્ધાંત કહ્યો, હવે દૃષ્ટાંત આપીને એ વાત સિદ્ધ કરે છે.

'**હવે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છે :—**' છે ને? ૧૩૦ અને ૧૩૧ ગાથા.

कणयमया भावादो जायंते कुंडलादओ भावा।
अयमयया भावादो जह जायंते दु कडयादी।।१३०।।

अण्णाणमया भावा अणाणिणो बहुविहा वि जायंते।
णाणिस्स दु णाणमया सव्वे भावा तहा होंति।।१३१।।

આહા..હા..! આવી વાત ક્યાં છે? બીજાની સાથે મેળ કરે. આહા..હા..!

'ટીકા :- જેવી રીતે પુદ્ગલ...' ટીકા. બહુ જ મર્મની ગાથા છે.

**શ્રોતા** :- હરિગીત.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હરિગીત. હા.

**જ્યમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઊપજે,**
**પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે; ૧૩૦.**
**ત્યમ ભાવ બહુવિધ ઊપજે અજ્ઞાનમય અજ્ઞાનીને,**
**પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧.**

આહા..હા..!

'**ટીકા :—જેવી રીતે પુદ્ગલ સ્વયં પરિણામસ્વભાવવાળું હોવા છતાં,...**' આ દૃષ્ટાંત આપે છે. આ પુદ્ગલ છે ને? શરીર, વાણી, મન, આહાર એ બધા. એ '**પરિણામસ્વભાવવાળું હોવા છતાં, કારણ જેવા કાર્યો થતાં હોવાથી, સુવર્ણમય ભાવમાંથી સુવર્ણજાતિને નહિ ઉલ્લંઘતા એવા...**' સોનામાંથી.. ઝવેરાત શું કહે છે દાગીના. ઝેવર. સોનામાંથી સોનાના જ દાગીના બને. લોઢામાંથી .. લોઢાનો. સોનામાંથી લોઢાનો ખુરપો બને? આહા..હા..! ભારે દૃષ્ટાંત! લોઢા એય.. લોઢા. આ લોઢાના વેપારી છે. હવે લોઢાનું પછી આવશે.

'**સુવર્ણમય ભાવમાંથી,...**' ભાષા તો જુઓ. સુવર્ણ ભાવમાંથી એમ નહિ. '**સુવર્ણમય ભાવમાંથી,...**' સોનું. '**સુવર્ણમય ભાવમાંથી, સુવર્ણજાતિને નહિ ઉલ્લંઘતા એવા સુવર્ણમય કુંડળ આદિ ભાવો જ થાય...**' એમાંથી તો કુંડળ આદિની પર્યાય થાય છે. '**પરંતુ લોખંડમય કડાં આદિ ભાવો ન થાય,...**' એમાંથી લોઢાના કડા બનતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અને લોખંડમય ભાવમાંથી, લોખંડજાતિને નહિ ઉલ્લંઘતા એવા લોખંડમય કડાં આદિ ભાવો જ થાય...**' કડા આદિ. લોઢાના કડાં. '**પરંતુ સુવર્ણમય કુંડળ આદિ ભાવો ન થાય;...**' લોઢામાંથી સુવર્ણ આદિની પર્યાય થાય છે? આહા..હા..! પહેલા દૃષ્ટાંત સમજવું પડશે. કે સોનામાંથી પુદ્ગલ પર્યાયનો બદલવાનો સ્વભાવ હોવા છતાં, સોનું બદલતા સોનાની પર્યાયવાળું દ્રવ્ય થાય છે. એમાંથી લોઢાની પર્યાય થાય... લોઢાના કડા આદિ હોય એમ બને નહિ. અને લોઢામાંથી તો લોઢામય જ કડા આદિ થાય છે. એમાંથી સુવર્ણ કુંડળ આદિ ભાવ નથી થતાં. પહેલાં દૃષ્ટાંત છે. સમજાણું કાંઈ?

'તેવી રીતે...' એ દૃષ્ટાંતનો સિદ્ધાંત. **'જીવ સ્વયં પરિણામસ્વભાવવાળો હોવા છતાં,...'** ભગવાન આત્મા જીવ જે છે એ બદલવાનો સ્વભાવ હોવાથી **'કારણ જેવાં જ કાર્યો થતાં હોવાથી,...'** કારણ જેવું કાર્ય છે. આહા..હા..! **'અજ્ઞાનીને—કે જે પોતે અજ્ઞાનમય ભાવ છે...'** આહા..હા..! એને તો રાગની એકતાબુદ્ધિમાં રાગનો ભાવ અજ્ઞાનમય થાય છે. આહા..હા..! અજ્ઞાનીને તો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ મને છે એ લાભદાયક છે, હું એનો કર્તા છું અને એ મારી ચીજ છે એમ માનીને અજ્ઞાનીને તો અજ્ઞાન નામ રાગ અને વિકારભાવ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

લોઢામાંથી લોઢાના કડા આદિ થાય છે. એમ અજ્ઞાનમયભાવમાંથી રાગાદિ અજ્ઞાનમયભાવ થાય છે. આહા..હા..! અને રાગની એકતાબુદ્ધિમાં પડ્યો છે. એણે માન્યું છે કે રાગની ક્રિયા છે એ મારી ક્રિયા છે અને એનાથી મને લાભ થાય છે. એમ અજ્ઞાનીને તર્ક ઉઠે છે એ પણ અજ્ઞાનમય તર્ક ઉઠે છે. સમજાણું કાંઈ? સિદ્ધાંતને સિદ્ધ કરવામાં પણ એને કુતર્ક નીકળે છે. આહા..હા..!

**'તેવી રીતે જીવ સ્વયં પરિણામસ્વભાવવાળો હોવા છતાં,...'** બદલનારો હોવા છતાં **'કારણ જેવાં જ કાર્યો થતાં હોવાથી,...'** આહા..હા..! જવમાંથી જવ થાય છે. કે જવમાંથી ઘઉં થાય છે? એ દૃષ્ટાંત ૬૮ ગાથામાં આવી ગયું. પહેલી ૬૮ ગાથામાં. જવમાંથી જવ થાય છે, ઘઉંમાંથી ઘઉ થાય છે, મગમાંથી મગ થાય છે. પણ મગમાંથી ઘઉં થાય, એમ બનતું નથી. કેમકે કારણ જેવું કાર્ય થાય છે. એમ અજ્ઞાનીનું કારણ અજ્ઞાન છે... આહા..હા..! ત્રિકાળ જ્ઞાયક ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ ન હોવાથી, રાગનો વિકલ્પ જે દયા, દાન, વ્રતાદિનો છે એમાં બુદ્ધિ હોવાથી એ અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાન-રાગ જ ઉત્પન્ન થાય છે. બસ. કદી શાંતિ અને સમ્યગ્દર્શન એમાંથી ઉત્પન્ન થતું નથી. આહા..હા..! ભારે સાંભળવું ભારે કઠણ. કહો, કૈલાસચંદજી! આ ૬૦ વર્ષમાં આ બધું નવું છે આ. અમારા બહેનનો ભાવ હતો ને એટલે કોઈ રીતે સાંભળવાનો.. બાને બિચારાને પ્રેમ છે ને. આ તો તમે રોકતા હતા નહિ પહેલાં? ખબર છે ને. નથી જાણતા. એ છૂટ પછી આપી. જયપુર છે ને. જયપુરના છે. જયપુર. ખબર છે. ન સમજાય ત્યાં... આહા..હા..!

શું ભગવાન કુંદકુંદાચાર્ય નિર્ગ્રંથ મુનિ. નિર્ગ્રંથનો અર્થ જેને રાગ જે વિકલ્પ છે એની અંદરથી નીકળી ગયો. રાગની એકતાબુદ્ધિમાં રાગની ગ્રંથી પડી છે અજ્ઞાનીને. રાગની એકતાબુદ્ધિમાં રાગની ગ્રંથી મિથ્યાત્વની પડી છે. આહા..હા..! અને રાગને પૃથક્ કરવાથી નિર્ગ્રંથદશા મુનિને થાય છે. અરે.. સમકિતી પણ એટલા નિર્ગ્રંથ છે. આહા..હા..! રાગથી ભિન્ન થયો. ચાહે તો શુભભાવ હોય, વ્રત, નિયમ, તપનો પણ એ રાગ આસ્રવ છે. એનાથી નવતત્ત્વમાંથી ભિન્ન થઈને અંદર આત્મા જ્ઞાયક છે એવો અનુભવ થયો તો ત્રિકાળી સ્વરૂપ તો જ્ઞાયકસ્વભાવ છે. તો એ રાગમાંથી નીકળીને એ નિર્ગ્રંથ સમ્યગ્દૃષ્ટિ એ અપેક્ષાએ નિર્ગ્રંથ

છે. સમજાણું કાંઈ?

એ બીજું પણ આવે છે આપણે હોં અહીં. શ્રીમદ્‌નો દાખલો આપ્યો હતો, પણ આમાં પણ આવે છે ક્યાંક. આમાં. આમ તો બીજામાં આવ્યો હતો ને ઓલામાં.. આજે આવ્યો હતો એક કાગળ. કે બધા આત્માને સરખા માનો છો. બધા આત્મા ભગવાનસ્વરૂપ છે. પર્યાયમાં ભૂલ છે એ જેણે કાઢી નાખી છે તો એ પરની ભૂલ પણ નથી જોતાં. ભૂલ છે એ જાણે છે, પણ એ ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા છે... આહા..હા..! સમજાણું કાંઈ? એ સામાયિકમાં આવ્યું હતું ને. યોગસારમાં નહિ? સર્વ આત્માને.. યોગસારમાં આવ્યું હતું. જ્ઞાનમય છે. એ. સર્વ જીવ છે જ્ઞાનમય. આહા..હા..! આવ્યું હતું. સામાયિકમાં આવ્યું. આજે પણ આવ્યું. યોગસારમાં આવ્યું. અને શ્રીમદ્દે પણ કહ્યું કે 'સર્વ જીવ છે સિદ્ધસમ' અને આમાં 'સર્વ જીવ છે જ્ઞાનમય.' એમ કહ્યું.

ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂરમય આત્મા છે. એમાં વ્યવહાર રત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ પણ એમાં છે નહિ. આહા..હા..! એવા અજ્ઞાની એ રાગને જ પોતાનો માને છે તો રાગમય, અજ્ઞાનમય ભાવમાંથી તો અજ્ઞાનમય રાગાદિનો ભાવ ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વમાંથી મિથ્યાત્વનો ભાવ ઉત્પન્ન થાય છે. આહા..હા..! રાગ પોતાનો છે એમ માન્યું, રાગથી મને લાભ થાય છે, વ્યવહારથી નિશ્ચય થશે એવી દૃષ્ટિવાળા મિથ્યાદૃષ્ટિને બધો મિથ્યાત્વભાવ જ ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અજ્ઞાનીને—કે જે પોતે અજ્ઞાનમય ભાવ છે...**' પોતે અજ્ઞાનમયભાવ. કર્મને કારણે નહિ. સમજાણું કાંઈ? કોઈ કહે ભાઈ કર્મને કારણે એને અજ્ઞાન થાય છે. એ નહિ. કર્મ તો જડ છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' આહા..હા..! એ '**પોતે અજ્ઞાનમય ભાવ છે...**' એ શબ્દમાં સિદ્ધાંત પડેલો છે. '**અજ્ઞાનીને—કે જે પોતે અજ્ઞાનમય ભાવ છે...**' એ રાગની એકતાબુદ્ધિ સ્વયં અજ્ઞાનીથી-મિથ્યાદૃષ્ટિથી કરી છે. એમ કહે છે. આહા..હા..! કોઈ કર્મનો ઉદય આવ્યો અને એને મિથ્યાત્વ કરવું પડ્યું. એમ છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માને તો ભલે માને. માને એમ જ. આહા..હા..! એ નિમિત્તાધિન દૃષ્ટિ બધાની છે. એ માટે ઉપાદાન-નિમિત્તનું લીધું હતું સવારમાં. એ સ્વાધ્યાય. 'ઉપાદાન બલ જહાં તહાં નહિ નિમિત્તકે ભાવ... ઉપાદાન નિજગુણ જહાં તહાં નિમિત્ત પર હોય.' આહા..હા..! પાંચ ગાથામાં તો ગજબ. બનારસીદાસ. બનારસીવિલાસ પુસ્તક ગુમ રહી ગયું એટલે બહાર ન આવ્યું. અમે તો પહેલા જોયું જ્યારે ૯૨માં. ઓહો..! બહાર પાડો. ૯૨-૯૨. ૮ ને ૩૨, ૪૦ વર્ષ થયા. મકાનમાં રહેતા હતા જંગલમાં. ત્રણ વર્ષ ત્યાં રહ્યા. સ્ટાર ઓફ ઈન્ડિયા. હિન્દુસ્તાનનો ચમકતો સિતારો. એ મકાન .. હિન્દુસ્તાનમાં ચળકતો તારો. પછી હીરાભાઈએ લીધું હતું. ત્યાં ખાલી પડ્યું હતું. ત્યાં રહ્યા. સવા ત્રણ વર્ષ રહ્યા ને

ત્યાં જંગલના મકાનમાં. પછી ૯૪માં આ બન્યું. સ્વાધ્યાયમંદિર. આ તો બધું જંગલ હતું આખું. પાડા બેસતા હતા અહીં. ૯૪માં એક મહિનો મકાન.. પછી ૯૭માં આ બન્યું મંદિર. ૯૮માં એ બન્યું સમવસરણ. પછી ત્રીજી સાલમાં બન્યું આ પ્રવચન મંડપ. નવની સાલમાં બન્યું એ માનસ્તંભ. ત્રીજી સાલમાં એ બન્યું .. પછી આને તો બે વર્ષ થયા. ..ની સાલ. પછી મકાન થયું હતું એમાં. છે ને એ? પુસ્તક ભંડાર.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા .. રહે છે. અરે.. પ્રભુ એ થવાનું હતું તે થયું. કોઈથી બન્યું નથી. એવી વાત. હવે લોકોને એ આવ્યું છે. કાલે આવ્યું હતું. લલિતપુરનું. શ્યામસુંદર કોઈ પંડિત છે. પરને કર્તા ન માને, પરનો કર્તા માને એ જૈનધર્મ છે, પરને કર્તા ન માનવા એ જૈન નથી મિથ્યાદૃષ્ટિ અધર્મી છે. આહા..હા..! શેમાં આવ્યું હતું નહિ કાલે? ..સંદેશ. એમાં કાલે આવ્યું હતું. લીલતપુરનું બોલ્યા હતા. અરેરે.. ગજબ વાત છે.

અહીં તો પરમાત્મા એમ કહે છે કે રાગનો કર્તા થાય એ અજ્ઞાની છે. પરનો કર્તા તો થઈ શકે નહિ. કેમકે પરદ્રવ્ય સ્વતંત્ર છે એની પરિણતિ પર્યાય કરે સ્વતંત્ર. બીજું શું કરે? ત્યાં એ પર્યાય વિનાનું દ્રવ્ય રહે. પર્યાય કહો, કાર્ય કહો. કાર્ય વિનાનું દ્રવ્ય રહે? દરેક સમય કાર્ય—પર્યાય તો થાય. એમાં બીજો વચ્ચે શું કરે? આહા..હા..! એ તો બહુ સ્થૂળ છે. એ અત્યારે એમ કહ્યું પંડિતોએ. ગજબ કર્યા છે. હુકમીચંદજીને ભેગા થયા. શાહુજી પાસે. ભાવુભાઈને. દિલ્હીમાં ક્યાંક ભેગા થયા હતા. આહા..હા..!

અરે.. ભગવાન! કોઈ .. ન હોય તો .. હોય. કોઈ વસ્તુ પ્રત્યે દ્વેષ ન હોય. ગમે તે હોય. .. એનું તાત્ત્વિક જે એનું સત્ત્વ છે એના પ્રત્યે પ્રેમ જોઈએ. ભૂલ હોય તો ભલે, ભૂલ હોય તો શું થયું? એની સાથે પ્રેમ ન કરવો? દ્વેષ કરવો? દુશ્મન કરવા? એ વાત છે ને. સમજાણું કાંઈ? 'સત્ત્વેષુ મૈત્રી.' બધા ભગવાન સર્વ પ્રત્યે મૈત્રી હોવી જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે એને અજ્ઞાન '**અજ્ઞાનમય ભાવમાંથી, અજ્ઞાનજાતિને નહિ ઉલ્લંઘતા...**' આહા..હા..! એને મિથ્યાત્વનો જ ભાવ ઉત્પન્ન થાય છે એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** બેને બે ચાર કહે તો સાચું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેને બે ચાર કહે એ તો એનું ખોટું. કારણ કે બોલવાના કાર્યકારણમાં ફેર માને છે એ. આવે છે ને મોક્ષમાર્ગ પ્રકાશકમાં. કારણ, સ્વરૂપ, વિપર્યાસ, ભેદાભેદ વિપર્યાસ ત્રણ લીધા છે મોક્ષમાર્ગપ્રકાશકમાં. અજ્ઞાની ગમે તે બોલે એમાં ત્રણમાં ફેર હોય. મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું. કારણ વિપરીત, સ્વરૂપ વિપરીત, ભેદાભેદ વિપરીત. છે ને? ટોડરમલે તો ગજબ કામ કર્યા છે. ગૃહસ્થાશ્રમમાં હતા. જ્ઞાની છે ને. બહુ સરસ. એક એક વાતને ખોલી દીધી છે. બહુ સરસ. આહા..હા..! એજ પ્રશ્ન કર્યો હતો. એવો જ પ્રશ્ન છે હોં. ટોડરમલે.

આમાં મોક્ષમાર્ગપ્રકાશકમાં.

અહીં કહે છે અજ્ઞાની... આહા..હા..! હું જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ છું એવું જેને ભાન નથી અને રાગ મારી ચીજ છે, પુણ્ય મારી ચીજ છે... આહા..હા..! સવારમાં તો એ આવ્યું હતું યોગસારમાં. કે 'પાપ પાપકો સહુ કહે, પણ અનુભવી જન પુણ્ય કો પાપ કહે.' .. સમજાણું કાંઈ? સવારમાં સજ્ઝાય હતી. આહા..હા..! 'પાપ પાપકો સહુ કહે, પણ અનુભવી જીવ તો પુણ્યને પાપ કહે.' એ શુભભાવ એ પાપ છે. પોતાના શુદ્ધ ચૈતન્યમૂર્તિથી હટી જાય છે તો એવો ભાવ થાય છે. પણ એ પાપ છે. સમયસારમાં આવ્યું છે. પુણ્ય-પાપના અધિકારમાં ભાઈ નહિ? કે શુભભાવ એ પાપ છે. કેમકે પોતાના સ્વરૂપમાંથી હટી જાય છે, તો પ્રતીત થાય છે માટે પાપ છે. સંસ્કૃત વ્યાકરણમાં છે. એ પુણ્ય-પાપ. આહા..હા..! લોકોને કડક લાગે. પુણ્યની મીઠાશ છે ને. અને મીઠાશનું કારણ કે પુણ્યના ફળ જે મળે છે એની જેને મીઠાશ છે એના કારણની મીઠાશ છે. સમજાણું કાંઈ? પુણ્યના ફળ આ પૈસા, ધૂળ આદિ અનુકૂળતા, ઈન્દ્ર, ઈન્દ્રાણી, ધૂળને. એ બધા પુણ્યના ફળ. એમાં જેને મીઠાશ છે તો એના કારણમાં મીઠાશ છે. એનું કારણ તો પુણ્ય છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કારણ કહ્યું. આહા..હા..! આવી વાત.

**શ્રોતા** :- પોતે મહેનત કરીને પૈસા...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય મહેનત કરી નથી. હવે પાગલ જેવા બુદ્ધિના બારદાન પાંચ પાંચ લાખ પેદા કરે છે મહિને. બધા નથી જોયા અમે? અને બુદ્ધિના ખાં હોય ઘણા મહિને બે હજાર પેદા કરવામાં પરસેવો ઉતરતો હોય.

**શ્રોતા** :- જાતે મહેનત કરીને મેળવ્યા હોય..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મહેનત-ફહેનત ધૂળેય નથી. તમે મહેનત કરી હતી ત્યાં પચાસ હજાર પેદા કરીને? પછી આપ્યા સુમનને ભણવા માટે. છોકરાને ભણાવવા. એ તો પાપ કર્યું હતું પૂર્વના પુણ્યને લઈને પૈસા આવ્યા. એમાં શું છે? એય..! કોણે કીધું?

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય.. અસીલનો વેપાર કરે છે ને. નીતીસર કરતા હતા હોં. ખોટો કેસ લે નહિ. પણ એ બધો કેસનો ભાવ એ પાપ છે. અને પાપને લઈને મળે પૈસા ૧૦૦-૨૦૦ છેલ્લે પાંચ કલાકના ૨૦૦ લેતા હતા. છેલ્લી સ્થિતિ. ૩૦ વર્ષ પહેલા. પહેલા ૧૦૦ લેતા હતા. પાંચ કલાક કોર્ટમાં જાય ૧૧ થી ૫. ૨૦૦. એ તો પુણ્યના ફળ છે. ધૂળમાં ક્યાં ડહાપણના ફળ છે? એના કરતા તો બુદ્ધિવાળા બીજા ઘણા. ઓલો આપણો નહોતો ભાઈ આપણે રાજકોટમાં ઝવેરચંદ. એ પણ વકીલ હતો. કાંઈ ચાલતું નહોતું. ઝવેરચંદ હતા. અહીં આવતા બધા આવતા. એના દીકરા અહીં છે ને .. હોટલની. આહા..હા..!

અહીં કહે છે કે પ્રભુ એકવાર સાંભળતો ખરા. આહા..હા..! જેની બુદ્ધિમાં રાગની એકતાનું અજ્ઞાન છે. એ અજ્ઞાનમય ભાવ છે અને એને રાગની એકતાબુદ્ધિમાં મિથ્યાત્વભાવ જ ઉત્પન્ન થાય છે. ચાહે તો ભણે તો ચાહે તો શાસ્ત્ર વાંચે, બોલે. આહા..હા..! પણ એને તો મિથ્યાત્વનો જ ભાવ ઉદ્દ્ભવે છે. સમજાણું કાંઈ? આવી વાતું હવે. એ આપણે સવારમાં આવ્યું હતું શેઠ! 'પાપ પાપકો તો સહુ કહે પુણ્યકો અનુભવી પાપ કહે.' સમકિતી પાપ કહે. શુભરાગ એ ઘાતિકર્મ બંધાય એનાથી. શુભથી પુણ્ય તો બંધાય છે અઘાતિ, પણ શુભથી ઘાતિ બને છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મ બંધાય છે શુભથી. આહા..હા..! એ આવ્યું છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું છે. શુભભાવથી તો ઘાતિકર્મ બંધાય છે .. શું કહે છે? આહા..હા..!

અને કુંદકુંદાચાર્યે તો કહ્યું પુણ્ય અધિકારમાં જે પુણ્યભાવ સંસારમાં દાખલ કરે એને ભલું કેમ કહે? આહા..હા..! એવો પાઠ છે પુણ્ય-પાપ અધિકારમાં. સમજાણું કાંઈ? આવે છે, હોય છે પાપથી બચવા. વ્યવહાર આવે, પણ એ હિતકર છે એમ નથી.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાપ ન બંધાય. પુણ્ય મિથ્યાત્વ.. એ ઘાતિ ચારિત્ર મોહનીય બને છે એનાથી. એનાથી જ્ઞાનાવરણીય બંધાય છે, દર્શનાવરણીય બંધાય છે, અંતરાય બંધાય છે. આહા..હા..!

**શ્રોતા :-** અઘાતિમાં ફેર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અઘાતિમાં ફેર પડ્યો એ તો અઘાતિ તો સંયોગ છે. અઘાતિ તો સંયોગ બદલાય, પણ અંદર ઘાત કરે છે એ પુણ્ય બંધાય તો આ સંયોગ વળી ધૂળ મળે, બાયડી ઠીક મળે, રાજ મળે એવું મળે એ તો બહારનો સંયોગ આપે અઘાતિ. ઘાતિ તો અંદર ઘાત કરે છે. ઘાતિકર્મ તો પોતાની પર્યાયમાં ભાવ ઘાતિ આત્મા પહેલા કરે છે તો જડઘાતિને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! ઝીણી વાત છે, બાપુ! આહા..હા..! વીતરાગ માર્ગ છે ભાઈ આ તો સર્વજ્ઞ પરમેશ્વરનો. આ કોઈ.. એ વાત ક્યાંય છે જ નહિ. બીજા સાથે સમન્વય કરવા જાય છે કે આ ..માં આમ છે ને ઢીકણામાં આમ છે, વેદાંત ને બૌદ્ધને બધું સરખું. જૂઠી વાત છે.

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર એણે જે કહ્યું એ વાત ક્યાયં ત્રણ કાળમાં બીજે છે નહિ. પછી એને સંતોષ લાગે તો લાગો. એકાંત થઈ ગયો પક્ષ. સત્ય છે. સત્યનો આગ્રહ હોવો જોઈએ. એ સત્યાગ્રહી. ગાંધી નહોતા કહેતા. સત્યાગ્રહી કરતા હતા. ગાંધી નહિ સત્યાગ્રહી કરે છે. મરી .. સત્યાગ્રહ. એ સત્યાગ્રહી એ તો જૂઠો આગ્રહ. આ તો સત્ય. જ્ઞાનાનંદ સ્વભાવ મારી ચીજ, રાગ મારી ચીજ નહિ. એવા સત્યનો સમકિતીને દૃઢ આગ્રહ હોવો જોઈએ. આગ્રહ નામ દૃઢ નિશ્ચળ શ્રદ્ધા થવી જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..! ઈન્દ્ર

આવે તો ન ફરે. દુનિયા ઊલટી થઈ જાય તો શું છે એમાં? આહા..હા..!

‘**અજ્ઞાનમય ભાવ છે તેને—અજ્ઞાનમય ભાવમાંથી,...**’ જુઓ! ઘણા ભાવ લીધા ને. બહુ વચન છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, રાગાદિ ઘણા ભાવો ‘**અજ્ઞાનજાતિને નહિ ઉલ્લંઘતા એવા અનેક પ્રકારના અજ્ઞાનમય ભાવો જ થાય પરંતુ જ્ઞાનમય ભાવો ન થાય,...**’ આહા..હા..! અજ્ઞાનીને કદી જ્ઞાનભાવ થતો નથી. એ શાસ્ત્રનું જ્ઞાન એ એનું અજ્ઞાન છે. આહા..હા..! અંતરમાં દૃષ્ટિ કરવી એ કરવાનું. એ વાંચનકાર છે. ભાઈ! એ વાંચનની ભાષા પણ મારી નહિ. આહા..હા..! હું વાંચન કરી શકું એ ભાષા તો જડની છે. આહા..હા..! .. અજીવ તત્ત્વ છે અને અંદર વિકલ્પ ઉઠે છે એ આસ્રવ તત્ત્વ છે. એમ પણ નથી. આહા..હા..! શરત તો જુઓ જવાબદારી! આહા..હા..!

‘**જ્ઞાનમય ભાવો ન થાય,...**’ આહા..હા..! જેમ દૃષ્ટાંત આપ્યું છે ને? જેમ સોનામાંથી સુવર્ણજાતિનું ઝવેરાત બને છે. દાગીના. લોઢામાંથી નથી બનતા. એમ અજ્ઞાનીના તો બધા અજ્ઞાનમય ભાવ થાય છે. ચાહે તો નવ પૂર્વની લબ્ધિ થઈ જાય. આહા..હા..! પણ મિથ્યાત્વ છે અંદરમાં રાગની એકતાબુદ્ધિ રાગથી લાભ છે, રાગ મારી ચીજ છે એમ માનનારાને તો બધા અજ્ઞાનમયભાવ થાય છે. જ્ઞાનમય બિલકુલનહિ. આવ્યું? આ અનેકાંત કર્યું. ‘**અજ્ઞાનમય ભાવો જ થાય પરંતુ જ્ઞાનમય ભાવો ન થાય,...**’ આ અનેકાંત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

‘**અને જ્ઞાનીને—**’ ધર્મીને, સમ્યગ્દૃષ્ટિને ‘**કે જે પોતે જ્ઞાનમય ભાવ છે...**’ એ તો જાણવું-દેખવું મારી પર્યાય છે બીજી કોઈ મારી ચીજ નથી. આહા..હા..! ‘**કે જે પોતે જ્ઞાનમય ભાવ છે તેને—જ્ઞાનમય ભાવમાંથી, જ્ઞાનની જાતિને નહિ ઉલ્લંઘતા એવા...**’ આહા..હા..! ઋષભદેવ ભગવાન અષ્ટાપદ પર્વત ઉપર જ્યારે મોક્ષ પધાર્યા તો ભરત ગયા. ચક્રવર્તી. એ ભવે મોક્ષ જવાના છે. ભગવાન અષ્ટાપદ પર્વત ઉપર ગયા હતા ને છેલ્લે? ત્યાં મોક્ષ પધાર્યાને? તો ત્યાં ગયા. દેહ છૂટી ગયો તો આંસુની ધારા. ઈન્દ્ર આવ્યા. અરે.. ભરત! શું છે આ? તને ખબર નથી? આ ભવે તમારો છેલ્લો દેહ છે. ઈન્દ્ર ખબર છે. પણ એ રાગ આવ્યો. આહા..હા..! તો રાગને જાણનાર રહ્યા છે. સમજાણું કાંઈ? આમ .. શરીર પડ્યું છે. મોક્ષ પધારી ગયા. આહા..હા..! પ્રભુનો વિરહ પડ્યો. ભરતક્ષેત્રનો સૂર્ય આજે અસ્ત થઈ ગયો. બીજા તીર્થંકર તો પચાસ લાખ ક્રોડાક્રોડી સાગર અજીતનાથ છે. આહા..હા..!

ઈન્દ્ર આવ્યા શક્રેન્દ્ર ઉપરથી. બધા મિત્ર હતા ને એ તો ચક્રવર્તીના બધા એકાવતારી છે. એણે કહ્યું કે હે ભરત! અમારે તો હજી એક મનુષ્યભવ ધારણ કરીને મોક્ષ જવાનું છે. તારે તો આ દેહ છોડીને મોક્ષ જવાનું છે. ખબર છે પણ... એ રાગ આવ્યો એને જાણનારો રહે છે. આહા..હા..! રાગનો કર્તા થતો નથી. આહા..હા..!

**શ્રોતા** :- ભરત..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભરતને આંસુ આવ્યા. પિતાજી મોક્ષ પધાર્યા. સૂર્ય અસ્ત થઈ ગયો. સર્વજ્ઞ કેવળજ્ઞાની પરમાત્મા. છતાં એ આંસુના અને રાગના જ્ઞાતા રહે છે. ગજબ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સમયે પણ જ્ઞાનમય જ ભાવ છે. રાગમય ભાવ થયો જ નથી. આહા..હા..! અને અજ્ઞાની દયા પાળે, ભગવાનની ભક્તિ કરે એ સમયે પણ એને મિથ્યાત્વ અને રાગનું એકત્વબુદ્ધિનું અજ્ઞાન ઉત્પન્ન થાય છે. આહા..હા..!

જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. અજ્ઞાનીની દૃષ્ટિ રાગ ઉપર છે તો સૃષ્ટિ રાગની ઉત્પત્તિ થાય છે. ધર્મીની દૃષ્ટિ ત્રિકાળ સ્વભાવ પરમાત્મા આનંદનો કંદ પ્રભુ.. આહા..હા..! એ સ્વભાવની દૃષ્ટિમાંથી વિભાવ ક્ષણિક થાય છે એના એ જ્ઞાતા-દૃષ્ટા રહે છે. આહા..હા..! ભારે વાત બેસાડવી. લોકોને બહાર ક્રિયાકાંડમાં ઘૂસી ગયા બસ. અને ત્યાં એમ સંયમ. બાયડી-છોકરા છોડ્યા તો સંયમ થઈ ગયો. ધૂળેય સંયમ નથી સાંભળને. હિંસા-બિંસા પરની ન કરે તો સંયમ થઈ ગયો. અહિંસાનો વિકલ્પ છે એ પણ અસંયમ છે. આહા..હા..! કેમ પંડિતજી! ..ભાવ. અહિંસાનો રાગ ઉત્પન્ન થયો એ પણ હિંસા છે. આહા..હા..! પુરુષાર્થસિદ્ધિ ઉપાય છે અમૃતચંદ્રાચાર્યનું. સમજાણું કાંઈ? અમૃતચંદ્રાચાર્યનું.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બસ એ જિનાગમનું સંક્ષેપ છે. પરની દયા પાળવાનો ભાવ થયો એ પણ હિંસા છે એ જિનાગમનું સંક્ષેપ છે. આહા..હા..!

**શ્રોતા** :- મેરી ભાવના...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ ભાવના રાગ વિકારરહિતની ભાવના કરે. આવ્યું? ક્યાંથી આવ્યું? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. .. બીજી વાત છે. જુઓ આવ્યું. હમણા બોલ્યા હતા એ.

अप्रादुर्भावः खलु रागादीनां भवत्यहिंसेति।
तेषामेवोत्पत्तिर्हिंसेति जिनागमस्य संक्षेपः।।४४।।

એનો અર્થ. '**નિશ્ચયથી રાગાદિ ભાવોનું પ્રગટ ન થવું એ અહિંસા છે અને તે રાગાદિ ભાવોનું ઉત્પન્ન થવું તે હિંસા છે. એવો જૈન સિદ્ધાન્તનો સાર છે.**' ૪૪ ગાથા છે. અમૃતચંદ્રાચાર્યની ટીકા છે ને? એણે બનાવ્યું છે. આ તો વીતરાગમાર્ગ છે. રાગ થાય, હોય, પણ છે એ હિંસા. સ્વરૂપની હિંસા થાય છે. શાંતિ.. એ માર્ગ છે, બાપુ! કઠણ ભાઈ! આહા..હા..! અશુભ ટાળવા શુભભાવ આવે છે. પણ શુભભાવ લાભદાયક છે એમ નથી. કારણ કે શુભ એ પોતે રાગ છે અને રાગ એ આત્માની શાંતિમાં ઘા પડે છે અંદર છે. આહા..હા..! આ માર્ગ ભાઈ!

ઓલા લોકો નહિ અહિંસા ધર્મ છે. પણ કોની અહિંસા? પરની અહિંસા એ નહિ. પોતામાં રાગ ન કરવો એ અહિંસા. સમજાણું કાંઈ? વીતરાગનું તત્ત્વ બાપુ ઝીણું બહુ ભાઈ. ચાહે

શોડષકારણ ભાવના એ તો રાગ છે. એ ભાવના કરવી કે નહિ? એ અશુભ ટાળવા માટે આવે છે, પણ હિતકર છે એમ નથી. 'શોડષકારણ ભાવના ભાયે દસ તીર્થંકર...' બધું યાદ છે ને. અમારે અહીં બહુ બોલે ભાઈ. શ્રીચંદજી. ક્યાં ગયા શ્રીચંદજી? આવ્યા છે કે નહિ? ભાવનગર ગયા? અહીં પૂજારી હતા ને પહેલા એ? હવે છૂટી ગયા. શોડષકારણ ભાવના ભાયે. પણ એ ભાવના એ કોને? એ વિકલ્પ કોને થાય? એ સમકિતીને હોય છે. જે કોઈ રાગથી ધર્મ માને, રાગથી લાભ માને એને તીર્થંકરગોત્રનો વિકલ્પ હોતો જ નથી.

સમ્યગ્દૃષ્ટિ હોય, આત્મજ્ઞાની હોય, આત્માનો અનુભવ હોય એને એવો વિકલ્પ હોય. શ્રેણીકરાજા. શ્રેણિક રાજા મુનિ પાસે સમકિત પામ્યા. સમજાણું કાંઈ? આત્મજ્ઞાન. એ .. છે ને? મુનિ.. બૌદ્ધમતિ હતા બૌદ્ધમતિ. .. ચેલણા એની રાણી સમકિતી. રાણી સમકિતી આત્મજ્ઞાની હતી. એ તો આત્મા છે ને. તારા ગુરુ ઉપર મરેલો સર્પ નાખી આવ્યો છું. કાઢી નાખશે એ. સ્વામી નાથ! પ્રભુ! એમ ન કરે. મુનિ તો આત્માના આનંદમાં ઝુલનારા છે. એ ઉપસર્ગ કાઢી ન નાખે. હવે હાલ હાલ જાવ સ્વામી. બેય જાય છે. કરોડો કીડીઓ. મરેલો સર્પ હતો ને. આહા..હા..! કીડી બહુ .. સર્પ કાઢ્યો ચેલણાએ. જુઓ સ્વામી! એ તો આનંદમાં છે ને મુનિ તો. અતીન્દ્રિય આનંદમાં લીન છે. એને ઉપસર્ગ કાઢવો કે છોડવો એવો વિકલ્પ પણ નથી. આહા..હા..! હેં! એમ! એ તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે છે અંદરમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પ્રભુ મારી ભૂલ થઈ ગઈ. નાથ મને ઉગારો. મને સત્યનો ઉપદેશ આપો. ચેલણા . ઉપદેશ આપ્યો તો અંતરમાં ઉતરી ગયા. ત્યાં ને ત્યાં અંતરમાં ઉતરી ગયા. જેમ વીજળી પડે છે ત્રાંબાના.. આપણે રાખે છે ને ઓલા .. એમ અંદરમાં આનંદકંદમાં ઉતરી ગયા ફડાક દઈને. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં સમકિત પામ્યા. પછી ભગવાન પાસે ગયા. સમવસરણમાં શ્રેણિકરાજા ત્યાં આગળ તીર્થંકરગોત્રનો વિકલ્પ આવ્યો તો તીર્થંકરગોત્ર બંધાણું. આવતી ચોવીસીમાં પહેલાં તીર્થંકર થશે. નરકમાંથી નીકળીને. આહા..હા..! પદ્મનાભ તીર્થંકર થશે. જેના જન્મ ગર્ભમાં આવતા ઈન્દ્ર-ઈન્દ્રાણી જેનો મહોત્સવ કરશે. આહા..હા..! સમ્યગ્દર્શનનો પ્રતાપ એ બધો છે. સમ્યગ્દર્શન શું ચીજ છે એ લોકોને ખબર નથી. સમજાણું કાંઈ?

જેને જન્મ ટાણે જન્મશે. શ્રેણીક રાજા. ઓહોહો..! ઈન્દ્ર અને ઈન્દ્રાણી આવશે. નમો રત્નકુખ ધારિણી. હે માતા! આવા રત્નને કુખમાં રાખનારી માતા પહેલા નમસ્કાર તને. એ તો ત્રણ લોકો નાથ છે એની તો વાત શું કરવી? 'માતા જતન કરીને રાખજો એને...' ઈન્દ્ર કહે છે ઈન્દ્ર. એકાવતારી છે. આહા..હા..! 'તમ પુત્ર અમ આધાર રે. માતા જતન કરીને રાખજો એને તમ પુત્ર અમ આધાર રે...' આહા..હા..! એકાવતારી શક્રેન્દ્ર છે. એકભવે મોક્ષ જવાના. એવો વિકલ્પ આવ્યો. આહા..હા..! તીર્થંકરનું રક્ષણ કરજો, મા! આહા..હા..! ધર્મીને તો માતા-પિતા, નાની છે એ દીકરી છે, વચ્ચે જેવી બહેન છે અને મોટી છે એ

બધા માતાઓ છે. સમજાણું કાંઈ? આહા..હા..! મોટી હોય તો માતા છે. સરખી હોય તો બહેન હોય છે. નાની હોય તો દીકરી છે.

માતા! આહા..હા..! ઈન્દ્ર કહે છે હોં. દેવ રાખ્યા છે. રક્ષા માટે રાખ્યા છે ત્યાં અને ભોજન બોજન ત્યાંથી આપે છે. આહા..હા..! કપડા-દાગીના સ્વર્ગમાંથી આવે છે. પણ હજી ચારિત્ર નહોતું. પણ સમ્યગ્દર્શન પામ્યા એ તો જન્મ-મરણનો અંત લાવશે. આહા..હા..! એ ચીજ શું છે એની લોકોને કિંમત નથી. આહા..હા..! બહારમાં ત્યાગ કર્યા ને આ કર્યા ને સંયમ ને વ્રત પાળ્યા એવી કિંમત જગતને. આહા..હા..! કહો, મૂળચંદભાઈ!

જ્ઞાનીને તો જ્ઞાનમય જ ભાવ થાય છે. એ વખતે વિકલ્પ આવ્યો એનો પણ જ્ઞાતા છે આત્મા. આહા..હા..! અરે.. માતાના પેટમાં સવા નવ મહિના તીર્થંકરનો જીવ રહે છે તોપણ ત્યાં રાગનો જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..! ગજબ વાત છે. રાગ આવે તો એનો જ્ઞાતા-દૃષ્ટા છે. જ્ઞાનીને તો જ્ઞાનમય ભાવ હોય છે. ગજબ વાત છે, પ્રભુ! માતાના પેટમાં તીર્થંકરનો જીવ. ઉંધે મસ્તકે આમ છે. અંદરમાં આનંદનો નાથ જાગી ગયો છે. સમ્યગ્દર્શન થયું છે. આહા..હા..! તો એ વિકલ્પ અને શરીરની જે ક્રિયા અંદરમાં પડી છે એ બધાનો એ જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..! અને અજ્ઞાની પરની દયા પાળે છે એવા .. ન મરે, પણ એની બુદ્ધિ રાગ ઉપર છે અને રાગ મારું કર્તવ્ય છે તો મિથ્યાદૃષ્ટિને ત્યાં મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. આહા..હા..! આવી વાત છે, બાપુ! સમજાણું કાંઈ? એ દૃષ્ટાંત આપ્યું ને સોનાનું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઢીલું બીલું કાળ માટે કીધું નહોતું પહેલું? શું કહ્યું સમજ્યા? કાળ હલકો છે તો થોડું ઢીલું કરો. સ્પષ્ટ કરાવે છે. કહ્યું હતું ને એ. કે શીરો બને છે હલવો. એ લોટ સાકર અને ઘી. ત્રણમાં થોડો ફેરફાર કરી દ્યો ઘીને ઠેકાણે પેશાબ સાકરને ઠેકાણે કાદવ.

**શ્રોતા :-** ઘીને બદલે તેલ પણ વાપરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તેલ પણ વાપરે છે એમાં શું? સાધારણ માણસ હોય એ તેલનો શીરો કરે. પણ તેલ ને. તેલને ઠેકાણે પાણી નાખે તો શીરો થાય? આ ગરીબ માણસ હોય છે ને. .. અમે જોયા છે. બિચારા પાસે ઘી ન હોય તો તેલનો શીરો કરે. તેલો શીરો એમાં શું થયું? પણ તેલને બદલે કોઈ પેશાબ ને પાણી નાખે તો શીરો થાય? કાળ ફેર છે ને? કાળ ફેર છે તો શું થયું? વસ્તુમાં ફેર પડે છે? સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ છે પ્રભુનો. બાપુ તારો માર્ગ એ છે, પ્રભુ તું પ્રભુ છો ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! આ તો હિન્દી ચાલે છે અહીંયાં હો. પણ તમારે તો હિન્દી સમજાય ત્યાં. ચાલે કે નહિ? આફ્રિકા. આફ્રિકાથી આવ્યા છે. પહેલાં તો અહીં બહુ આવતા. હવે ઘૂસી ગયા પૈસામાં ત્યાં. એય..! તમારા ભાઈ થાય નહિ કાકાના દીકરા. પહેલા તો અહીં

બહુ પ્રેમ કરતા. ત્યાં ઘૂસી ગયા. પૈસા દુકાન અને ધંધો.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નહિ. એ તમારો કહેતો નહિ વકીલ કોક? પૈસા બહુ મીઠા લાગે છે. શુક્લ બેરિસ્ટર હતો એક. રાજકોટમાં ખબર છે ને. એ કહે પૈસા .. લાગે. પૈસા તો જડ છે, ધૂળ છે. ધૂળમાં મીઠાશ છે? તું રાગ કરે છે એમાં તને મીઠાશ દેખાય છે. રાગ તો જડ છે. જડમાં મીઠાશ છે? આહા..હા..! ભગવાન આનંદના નાથમાં મીઠાશ છે. આહા..હા..! રાગથી અને શરીરથી ભિન્ન થઈને આત્માનું જ્ઞાન થાય એમાં મીઠાશ છે. ત્યાં આનંદનો સ્વાદ છે. આહા..હા..! કે જે આનંદના સ્વાદ આગળ ભોગની વાસના થાય છે જ્ઞાનીને, સમકિતીને ચારિત્ર ન હોય એને. પણ દુઃખરૂપ લાગે છે. દુઃખ લાગે. અરેરે..! આ શું? અમારી નબળાઈને કારણે આ ભાવ થયો. સહન ન થયું તો આ જોડાઈ ગયા અહીંયાં. પણ દુઃખ દેખે છે જ્ઞાની અને અજ્ઞાની એમાં મીઠાશ દેખે છે. આ ફેર દૃષ્ટિમાં ફેર છે આટલો. કહો, ભગવાનજીભાઈ! આહા..હા..!

**‘જ્ઞાનીને—કે જે પોતે જ્ઞાનમય ભાવ છે તેને—જ્ઞાનમય ભાવમાંથી, જ્ઞાનની જાતિને નહિ ઉલ્લંઘતા એવા...’** દેખો! આહા..હા..! **‘સર્વ જ્ઞાનમય ભાવો જ થાય...’** સમસ્ત જ્ઞાનમય ભાવ થાય છે. એની ટીકામાં તો બહુ કહ્યું છે બધું. ટીકા છે ને આ. કળશટીકા. એમ કે આ બધા ભાવનું જ્ઞાન જ છે. એ જ્ઞાનનું જ કાર્ય છે એમ. કાર્ય તો રાગ છે. પણ એને જાણવું એ જ્ઞાનનું કાર્ય જ્ઞાનીનું છે. રાગ નહિ... રાગ નહિ... આહા..હા..! સમજાણું કાંઈ? કેટલામો શ્લોક છે? આ શ્લોક છે ને. ૬૮-૬૮.

**‘સમ્યગ્દૃષ્ટિનો જે કોઈ પરિણામ હોય છે તે જ્ઞાનમય શુદ્ધત્વજાતિરૂપ હોય છે,...’ ‘સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે... ’** આહા..હા..! **‘જેટલા પરિણામ શુભોપયોગરૂપ અથવા અશુભોપયોગરૂપ છે તે બધા મિથ્યાદૃષ્ટિને અશુદ્ધત્વથી નીપજ્યા છે, વિદ્યમાન છે. ભાવાર્થ આમ છે કે—સમ્યગ્દૃષ્ટિ જીવની અને મિથ્યાદૃષ્ટિ જીવની ક્રિયા તો એકસરખી છે, ક્રિયાસંબંધી વિષય-કષાય પણ એકસરખા છે, ક્રિયાસંબંધી વિષય-કષાય પણ એકસરખા છે, પરન્તુ દ્રવ્યનો પરિણમનભેદ છે.’** આહા..હા..! બહારની ક્રિયા તો એકસરખી દેખાય. પણ અંદરમાં ભેદ દૃષ્ટિમાં ફેર છે. સમજાણું કાંઈ?

**‘સઘળાય પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે,...’** દેખો ભાષા જરી ઓલી છે હોં. કે **‘જે કોઈ પરિણામ બુદ્ધિપૂર્વક અનુભવરૂપ છે અથવા વિચારરૂપ છે...’** સમ્યગ્દૃષ્ટિને. **‘અથવા વ્રતક્રિયારૂપ છે અથવા ભોગાભિલાષરૂપ છે અથવા ચારિત્રમોહના ઉદયે ક્રોધ, માન, લોભરૂપ છે તે સઘળાય પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે,...’** એમ લીધું છે. ખરેખર તો એનો જ્ઞાતા છે. આહા..હા..! આ શ્લોક છે. બહુસરસ આ રાજમલ ટીકા છે આ. એણે બનાવ્યું છે. સમયસાર નાટક આવ્યું ને? એ આમાંથી બનાવ્યું છે. સમયસાર

નાટક. બનારસીદાસ છે. 'રાજમલ જૈન ધર્મકા મર્મી.' પોતે લખ્યું છે એમાં છે. આહા..હા..! બહુ ટીકા. આપણે વ્યાખ્યાન ચાલી ગયા. બધાના વ્યાખ્યાન થઈ ગયા એક એકના. અને આના વ્યાખ્યા આપણે બહુ ત્યાં વાંચતા હતા. પ્રવિણભાઈ ડોક્ટર આવ્યા હતા ને. આમ બેઠા હતા. એણે વ્યાખ્યાન આના બહુ કર્યા, રાજકોટમાં. બહુ હુશિયાર સર્જન છે. પણ આ એટલી વ્યાખ્યા કરે છે કે લોકો ખુશ થઈ જાય છે. આ બાજુ બેઠા હતા. એ ડોક્ટર ચંદુભાઈ આ બાજુ બેઠતા. આ બહુ વાંચતા હતા. રાજમલની ટીકા છે. આ કળશટીકા છે.

**'જ્ઞાનીને—કે જે પોતે જ્ઞામય ભાવ છે...'** એમ કહે છે. આહા..હા..! અશુભભાવ છે એ પણ જ્ઞાનમય છે કેમકે એનો જ્ઞાતા છે. આહા..હા..! અજ્ઞાનીના શુભભાવ પણ અજ્ઞાનમય છે. આહા..હા..! દૃષ્ટિ રાગની .. વ્યવહાર-નિશ્ચયનું કારણ છે એમ માન્યું છે ને. મિથ્યાત્વનું શલ્ય પડ્યું છે. તો મિથ્યાત્વના .. શુભભાવ પણ મિથ્યાત્વ થઈ જાય છે. આહા..હા..! આવું માણસને બહુ આકરું પડે. એય..! મુલચંદભાઈ! આ જૂની રૂઢિના માણસ છે. **'પરંતુ અજ્ઞાનમય ભાવો ન થાય.'** જ્ઞાનીને અજ્ઞાનમયભાવ નથી થતા. આહા..હા..!

**'ભાવાર્થ :— જેવું કારણ હોય તેવું જ કાર્ય થાય છે એ ન્યાયે જેમ લોખંડમાંથી લોખંડમય કડાં વગેરે વસ્તુઓ થાય છે અને સુવર્ણમાંથી સુવર્ણમય આભૂષણો થાય છે,...'** આભૂષણો થાય છે એમ કહ્યું. **'તેમ અજ્ઞાની પોતે અજ્ઞાનમય ભાવ હોવાથી...'** અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય ભાવ જ થાય છે. આહા..હા..! ચાહે તો દયાનો ભાવ, દાનનો, વ્રતનો, તપનો બધા અજ્ઞાનમય અજ્ઞાનીના છે. કારણ કે એનાથી લાભ માને છે તો અજ્ઞાનમય બધા ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેમ અજ્ઞાની પોતે અજ્ઞાનમય ભાવ હોવાથી તેને (અજ્ઞાનમય ભાવમાંથી)...'** ભાવાર્થ છે ને? **'અજ્ઞાનમય ભાવો જ થાય છે...'** આહા..હા..! હવે જરી વાત લે છે. અવિરતિ, સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ અવિરતિ ગૃહસ્થાશ્રમમાં હોય, હજારો રાણી હોય, હજારો રાજા ચામર ઢાળતા હોય એવું રાજ હોય **'જોકે ચારિત્રમોહના ઉદયે ક્રોધાદિક ભાવો પ્રવર્તે છે.'** સમકિતીને ક્રોધ આવે છે જરી. આહા..હા..! છે ને? ત્યાં હજી..

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા ઠીક હા. અજ્ઞાનીને સ્વયં અજ્ઞાનમય હોવાથી...

**'અજ્ઞાનીને શુભાશુભ ભાવોમાં આત્મબુદ્ધિ હોવાથી તેના સર્વ ભાવો અજ્ઞાનમય જ છે.'** લ્યો! હા એ લીટી રહી ગઈ. **'અજ્ઞાનીને શુભાશુભ ભાવોમાં આત્મબુદ્ધિ...'** આહા..હા..! એ શુભભાવ મને ધર્મ છે અને શુભભાવથી મને સંયમ છે. એવી **'આત્મબુદ્ધિ હોવાથી તેના સર્વ ભાવો અજ્ઞાનમય જ છે.'** આહા..હા..! ભારે ગાથા. આજે ભાઈ આવવાના હતા ન આવ્યા. લાલભાઈ. પંદર દિ' પછી આવશે. કાગળ આવ્યો. લાલચંદભાઈ છે ને. બહુ મુંબઈના બહુ સરસ આત્માર્થી. મુંબઈમાં ઘણો પ્રચાર કાલબાદેવી .. આ દસ

દિવસ વ્યાખ્યાન. પહેલા રોજ વાંચતા હતા. હવે જરી...

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આજે આવવાના હતા. આજે સાંભળ્યું હતું. પણ આજે પત્ર આવ્યો બાબુભાઈનો. એક મકાનમાં રહે છે ને. બંગલો છે ને એ. નીચે રહે છે લાલભાઈ અને ઉપર એ રહે છે. અમે ભોજન કરવા ગયા હતા ત્યાં. એનો તાર આવ્યો છે. પંદર દિવસ પછી આવશે. લાલનો. એના પિતાજીને નિવૃત્તિ ઘણી.

'**અજ્ઞાનીને શુભાશુભ ભાવોમાં...**' આહા..હા..! '**આત્મબુદ્ધિ હોવાથી...**' એ રાગ હું છું. આહા..હા..! અને રાગથી મને લાભ થશે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેના સર્વ ભાવો અજ્ઞાનમય જ છે.**' આહા..હા..! '**અવિરતિ સમ્યગ્દૃષ્ટિ (-જ્ઞાની) ને જોકે ચારિત્રમોહના ઉદયે ક્રોધાદિક ભાવો પ્રવર્તે છે તોપણ તેને તે ભાવોમાં આત્મબુદ્ધિ નથી,...**' આહા..હા..! ફેર છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને તો એ રાગમાં આત્મબુદ્ધિ છે. જ્ઞાનીને રાગ ક્રોધ, માન, માયા આદિ રહે પણ એમાં આત્મબુદ્ધિ નથી. આહા..હા..!

'**તે તેમને પરના નિમિત્તથી થયેલી ઉપાધિ માને છે.**' દેખો! એ ઉપાધિ છે રાગાદિ આવે છે અને જાણે છે. એ મારી ચીજ નથી. પરના નિમિત્તથી હોં. ભાવ તો પોતાનો પોતાથી છે. '**તેને ક્રોધાદિક કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે—**' આહા..હા..! એ દૃષ્ટાંત નહોતું આપ્યું એકફેરી. .. વસા ગયા ગાતા હતા એ. જામનગરમાં એક .. હતા વિશાશ્રીમાળી. એને એક દીકરો હતો. એના ઉપર બહુ પ્રેમ. એનો કાયમનો ખોરાક ચુરમાનો. રોટલી-રોટલા નહિ. ચુરમાનો ખોરાક. ચુરમુ સમજ્યાને? લાડુ. કાયમ ચુરમું. હવે એકનો એક છોકરો મરી ગયો. ગયા બાળવા. બાળીને આવ્યા. ભાઈ કહે રોટલી બનાવો ભાઈ રોટલો બનાવો. સગાવ્હાલા ભેગા થયા. ભાઈ તમે રોટલી ખાશો તો મરી જશો. તમે એ ખોરાક નથી કોઈ દિ' લેતા. રોટલી-રોટલાનો ખોરાક જ તમારો નથી. ચુરમાનો ખોરાક હોં. આહા..હા..! સગાવ્હાલા ભેગા થઈને સગાસંબંધીએ બનાવ્યું ચુરમું. પચ્ચીસ વર્ષનો બાળીને આવે છે ઘરે અને રોવે છે આંખમાંથી આંસુની ધારા. એ થાળીમાં ચુરમું નાખ્યું. આંસુની ધારા અને ચુરમુ ખાય બાપા! એને પ્રેમ હશે? એમ ધર્મીને રાગ માટે... આહા..હા..! ખેદ છે એને. એના ઉપર પ્રેમ નથી. સમજાણું કાંઈ? આ બન્યું છે હોં. અપસરા પાસે. જામનગર અપાસરા પાસે વસા હતા વિશાશ્રીમાળી. એ ચુરમુ જ ખાય લોટનું. રોટલી-રોટલો, દાળ-ભાત નહિ.

**શ્રોતા :–** ... બન્યું છે આ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા બન્યું છે આ તો. બન્યું છે ને. જામનગર બન્યું છે. એ આપણો ઓલો નહોતો ગાતો અહીંયાં? એક ડોસા ગાતા હતા. એ એના કુટુંબી એ વસા છે વસા. એ ગયા. એ આવ્યા હતા કાલે. અહીં નહોતા ગાતા ઉભા થઈને ગાતા હતા. એના કુટુંબી હતા વસા. એ ચુરમુ ખાય છે તો પ્રેમ છે? એમ જ્ઞાનીને રાગ આવે છે એમાં

પ્રેમ નથી. આહા..હા..! ખેદ... ખેદ... ખેદ... આહા..હા..! ચાહે તો શુભ હો કે ચાહે તો અશુભ હોય. સમજાણું કાંઈ?

'**તેને ક્રોધાદિક કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે—**' આહા..હા..! અલ્પ બંધ હોય છે, પણ એ અલ્પબંધની વ્યાખ્યા ન કરે ખરી જાય છે. '**આગામી એવો બંધ કરતાં નથી કે જેથી સંસારનું ભ્રમણ વધે;...**' અલ્પસ્થિતિ. આહા..હા..! કેમકે રાગ ઉપર પ્રેમ નહિ. શુભરાગ ઉપર પ્રેમ નહિ. આહા..હા..! ત્રણ લોકનો નાથ જ્ઞાતાસ્વભાવથી ભરેલો સ્વભાવ. ત્રિકાળી સ્વભાવમાં એક ક્ષણનો વિકાર એનો પ્રેમ નથી તો કેમ થાય? આહા..હા..! સમજાણું કાંઈ? અને ક્રોધાદિ ખરી જાય છે. '**જેથી સંસારનું ભ્રમણ વધે; કારણ કે (જ્ઞાની) પોતે ઉદ્યમી થઈને ક્રોધાદિભાવરૂપે પરિણમતો નથી અને જોકે ઉદયની બળજોરીથી પરિણમે છે...**' એની વ્યાખ્યા નીચે કરશે. બળજોરીથીનો અર્થ પોતાની નબળાઈને કારણે ભાવકર્મ આવે, પણ જાણે છે કે મારી ચીજ નથી. રાગને ભિન્ન કરીને પોતાનું જ્ઞાન કરે છે. ઝીણી વાત બહુ બાપુ! આહા..હા..!

'**તોપણ જ્ઞાતાપણું ચૂકીનું...**' જ્ઞાતા-દૃષ્ટાનું ઉલ્લંઘન નહિ કરતા '**પરિણમતો નથી;...**' જ્ઞાની. '**જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં જ વર્તે છે...**' આહા..હા..! રાગમાં સ્વામી નથી '**તેથી તે ક્રોધાદિભાવોનો અન્ય જ્ઞેયોની માફક જ્ઞાતા જ છે, કર્તા નથી. આ રીતે જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનમય જ છે.**' વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ-૯, શુક્રવાર, તા. ૧૭-૯-૧૯૭૬, ગાથા-૧૩૦ થી ૧૩૬, શ્લોક-૬૮, પ્રવચન નં. ૧૮૮

ભાવાર્થ ચાલ્યો થોડો. છેલ્લી લીટી છે ને. ફરીને લઈએ.

'**અજ્ઞાનીને શુભાશુભ ભાવોમાં આત્મબુદ્ધિ હોવાથી તેના સર્વ ભાવો અજ્ઞાનમય જ છે.**' એ લીટી છેને ઉપર? પછી '**અવિરત સમ્યગ્દૃષ્ટિ...**' ૩૧ ગાથા. ૧૩૧ ગાથાનો ભાવાર્થ છે. છે? '**અજ્ઞાનીને શુભાશુભ ભાવોમાં...**' શું કહે છે? કે શુભ ને અશુભભાવ જેટલા છે એ બધા બંધના કારણ છે. છતાં અજ્ઞાનીને આત્મબુદ્ધિ હોવાથી. આ મારો ભાવ છે અને મને લાભ કરે છે. એવો મિથ્યાદૃષ્ટિના '**સર્વ ભાવો અજ્ઞાનમય જ છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો એ વ્યવહાર વ્રતાદિના ભાવ એ બધા શુભ છે. અને એમાં આત્મબુદ્ધિ છે કે આ મારી ચીજ છે અને મારું કર્તવ્ય છે. આહા..હા..! તો એ બધા અજ્ઞાનમય ભાવ

છે.

નીચે. **'અવિરત સમ્યગ્દષ્ટિને...'** ચોથે ગુણસ્થાને **'જોકે ચારિત્રમોહના ઉદયે ક્રોધાદિક ભાવો પ્રવર્તે છે...'** જ્ઞાનીને પણ ક્રોધ, માન આદિ રાગ આવે, રુચિથી નહિ. નબળાઈથી. છે નીચે? નીચે નોટ છે એમાં નહિ હોય. ત્યાં નોટ છે. ભાઈ! ધર્મીને પણ ક્રોધ, માન, માયા, લોભ થોડો આવે **'તોપણ તેને તે ભાવોમાં આત્મબુદ્ધિ નથી,...'** ધર્મીને એ રાગમાં આત્મબુદ્ધિ નથી. એ મારી ચીજ છે અને મને લાભ કરશે એવી બુદ્ધિ જ્ઞાનીને હોતી નથી. આહા..હા..! અજ્ઞાનીની એ શુભભાવમાં બુદ્ધિ એ આત્મબુદ્ધિ છે. એ મારું કર્તવ્ય છે અને મને લાભ થશે. સમજાણું કાંઈ?

**'તે તેમને પરના નિમિત્તથી થયેલી ઉપાધિ માને છે.'** આહા..હા..! કર્મના નિમિત્તને આશ્રયે પોતાની નબળાઈથી પુણ્ય-પાપ ભાવ થાય છે પણ એ ઉપાધિ માને છે. **'તેને ક્રોધાદિક કર્મો ઉદયમાં આવી ખરી જાય છે—'** આહા..હા..! જ્ઞાનીને કર્મનો ઉદય તો આવે છે અને એમાં થોડી અસ્થિરતાને કારણે જોડાઈ જાય છે. પણ ખરેખર તો એ કર્મો ઉદયમાં આવી ખરી જાય છે. કેમકે એનું સ્વામીપણું નથી. આહા..હા..!

**'આગામી એવો બંધ કરતો નથી કે જેથી સંસારનું ભ્રમણ વધે;...'** પરિભ્રમણ વધે એવો બંધ જ્ઞાનીને થતો નથી. **'કારણ કે (જ્ઞાની) પોતે ઉદ્યમી થઈને ક્રોધાદિભાવરૂપે પરિણમતો નથી...'** પુરુષાર્થથી કરવાલાયક છે એવા પુરુષાર્થથી વિકારપણે પરિણમતા નથી. આહા..હા..! .. વાતું ભારે ભાઈ! આહા..હા..! **'જોકે ઉદ્યમની બળજોરીથી પરિણમે છે...'** એનો ખુલાસો નીચે કરશે. કર્મના ઉદયમાં જોડાણથી પોતાની નબળાઈને કારણે પરિણમે છે **'તોપણ જ્ઞાતાપણું ચૂકીને પરિણમતો નથી;...'** આહા..હા..! હું તો જાણનાર-દેખનાર છું એ છોડીને રાગમાં પરિણમતો નથી. જ્ઞાતા-દૃષ્ટા થઈને રાગમાં પરિણમે છે પણ જાણન-દેખનમાં હું જ્ઞાતા-દૃષ્ટા છું. આવી વાતું હવે. સમજાણું કાંઈ?

ધર્મીને પણ શુભભાવ આવે. ભક્તિનો, પૂજાનો, દયા-દાનનો આવે છે. પણ એ આવે છે એમાં આત્મબુદ્ધિ નથી. આહા..હા..! એ મારી ચીજ છે અને મને લાભદાયક છે એવી બુદ્ધિ નથી. આહા..હા..!

**'જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં જ વર્તે છે...'** જુઓ છે? આહા..હા..! ધર્મીનું તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ જ્ઞાન હોં. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જ્ઞાન સર્વજ્ઞ સ્વભાવ એ જ્ઞાની તો પોતાના જ્ઞાનપણે પરિણમે છે. એ જ્ઞાનનું ઉલ્લંઘન કરીને પરિણમતા નથી. ત્યાં જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં જ વર્તે છે. આહા..હા..! રાગાદિમાં ધર્મીને સ્વામિત્વ નથી. સમજાણું કાંઈ? જ્ઞાનીને અશુભરાગ પણ થાય છે. પણ સ્વામિપણુ નથી. એ મારી ચીજ નથી. મને ઉપાધિ-દુઃખ છે એમ માને છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ વાત છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઉદય કહ્યું ને. એનો અર્થ ચાલે છે ને આ. નીચે અર્થ છે ને. નીચે અર્થ છે એનો. ચાલે છે ને. ચાલવા માટે તો લીધી છે વાત. નીચે છે ને.

'**જ્ઞાતાપણું ચૂકીને...**' હિન્દીમાં છે? ગુજરાતીમાં નથી? આમાં તો છે હિન્દીમાં. '**જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાન...**' સ્વરૂપ હું જાણન-દેખન છું. એ જાણન-દેખનમાં સ્વામીપણું વર્તે છે. આહા..હા..! શુભરાગ કે અશુભરાગમાં ધણીપતું નહિ. પોતાની ચીજ છે એમ નથી. આહા..હા..! આ લગ્નપ્રસંગ હોય છે ને. લગ્ન. લગ્ન કહે છે ને વિવાહ. છોકરાના લગ્ન હોય, પોતે સાધારણ હોય પણ મોટા શેઠિયા સાથે પ્રેમ હોય તો પાંચ-દસ હજારના દાગીના. દાગીનાને શું કહે છે? ઝેવર. લઈ આવે વરઘોડે ચડે ને. ઘોડા ઉપર. એય..! આવા શેઠિયા પાસે લઈ આવે પાંચ-દસ હજારનો એનો ભાઈ બંધ હોય. હોય ગરીબ સાધારણ. દસ હજારનો દાગીનો, ભાઈ અમારે વરઘોડો ત્રણ દિ' ચડાવોને. .. ચડે ને પછી નાખે. પણ એ કાંઈ મારું છે એમ માને? એ તો ત્રણ દિવસની ચીજ છે. સોંપી દેવાના છે. સમજાણું કાંઈ? આ વરઘોડો નહિ.

**શ્રોતા :–** .. માટે કામમાં આવ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કામમાં ક્યાં? એ તો ગૃહસ્થ માણસના મિત્ર હતા તો ગૃહસ્થ પાસેથી લઈ આવ્યા. કે ગૃહસ્થ પાસે લાખ, બબ્બે લાખના ઝવેરાત પડી જાય.. સમજાણું કાંઈ? સમજાણું નહિ? આ તો ભાષા સાદી છે તોપણ સમજાતું નથી? આહા..હા..! છોકરો વરઘોડે ચડે છે. વરઘોડે નથી સમજતા? શાદિ હોય પછી ઘોડે બેસે છે અને ફેરવે ને ગામમાં. મિત્ર સાધારણ હોય તો તમારા જેવા શેઠિયા પાસેથી દસ હજારનો દાગીનો લઈ આવે. હાર-બાર નાખીને. પણ એ પહેરે છે, વરઘોડે ચડે છે પણ માને છે કે આ મારી ચીજ નથી. ત્રણ દિવસ પછી ભગવાનદાસની છે તો આપી દેશે. આવું બને છે ને ભાઈ! બને છે ને. અમે તો ઘણીવાર જોયું છે. શેઠિયા હોય એની પાસેથી લઈ આવે. ભાઈ આ ત્રણ દિ' છે ત્રણ દિ'. એક, બે, ત્રણ. વરઘોડો ચડે ગામમાં એટલે. આ ભાઈને .. નથી. કેવા ભાગચંદજી. ભાગચંદજી સોની. જોયું છે ને અહીં સવારમાં. ભાગચંદ સોની. એને એ જાતનો રસ જ પહેલેથી છે. એ કપડા-બપડા પહેરી લે અને પછી નાખે હાર.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પહેરે છે ને. અમે તો એને ઘરે રહ્યા હતા ને. બધું જોયું છે. એ તો ગૃહસ્થ હતા. એક એક પાસે લાખ-લાખ. છ દિકરા હોય કે ચાર દિકરા હોય તો એક એક વહુ પાસે બબ્બે કરોડ રૂપિયા હોય તો લાખ-લાખના દાગીના હોય એની પાસે. મિત્ર હોય તો કહે ભાઈ મને ત્રણ દિવસ દેજો. વાપરે. ધ્યાન રાખે. પણ માને શું? કૈલાસચંદજીની ચીજ છે મારે ત્રણ દિવસ પછી દેવાની છે. એમ જ્ઞાનીને... આહા..હા..! રાગ નબળાઈને

કારણે આવે છે. પણ એનો સ્વામી નથી થતો. ઠીક છે? આહા..હા..! સમજાણું કાંઈ?

'**તોપણ જ્ઞાતાપણું ચૂકીને પરિણમતો નથી; જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં જ વર્તે છે તેથી તે ક્રોધાદિભાવોનો અન્ય જ્ઞેયોની માફક...**' દેખો. જેમ શરીર, વાણી અને પરપદાર્થ જેમ જ્ઞેય છે, જાણવાલાયક જ્ઞાનીને, એમ '**ક્રોધાદિકભાવોનો અન્ય જ્ઞેયોની માફક જ્ઞાતા જ છે, કર્તા નથી.**' આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરતા નથી. પરિણમે છે એટલું. કરવાલાયક છે એમ કરતો નથી. પરિણમન છે એ અપેક્ષાએ કરે છે પણ કરવાલાયક છે એ અપેક્ષાએ કર્તા નથી. ઝીણી વાત. આહા..હા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન શું ચીજ છે લોકોને ખબર નહિ કાંઈ? બસ આ કરો, આ કરો, આ વ્રત કરો, તપ કરો ને અપવાસ કરો. આહા..હા..! જાત્રા કરો, ભક્તિ કરો, બે-પાંચ લાખ ખર્ચો, મંદિર બનાવો, તો એમાં ધર્મ છે એમ માને છે. ધૂળેય નથી એમાં સાંભળને. એ તો શુભભાવ છે. બંધનું કારણ છે. અજ્ઞાનીને પોતાનો ભાવ માનીને કરે છે. જ્ઞાનીને પરનું છે એમ માનીને જાણે છે. એવી વાત ભારે ઝીણી.

**શ્રોતા :-** મોટું અંતર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોટુ અંતર ઉગમણું-આથમણું છે. આહા..હા..!

આ ધાયમાતા હોય છે કે નહિ? કૈલાસચંદજી ધાયમાતા સમજો છો? ધવરાવે છે. એને દિકરાની પેઠે ધવરાવે છે, અંદર શું માને છે? મારો દીકરો નથી. કમાશે તો મને આપશે. એમ નથી. મારો પચાસ કે પોણો સોનો પગાર છે એ દે છે. સમજાણું કાંઈ? ધાયમાતા. એ બધા દૃષ્ટાંત સિદ્ધાંતમાં છે. સમયસાર નાટકમાં, સમયસાર બધામાં. આહા..હા..! વેશ્યા લ્યો એક. દૃષ્ટાંત છે. પરપુરુષ પાસેથી પૈસા લે છે, વિષય આદિ આપે, પણ અંદરમાં એમ માને કે આ મારો ધણી નથી. આહા..હા..! આ તો પૈસા પૂરતો એક કલાક માટે છે. ચાલ્યા જાવ. સમજાણું કાંઈ? એમ ધર્મીને પોતાના જ્ઞાનસ્વરૂપનો અનુભવ છે. હું તો જ્ઞાતા-દૃષ્ટા ત્રિકાળ આત્મા છું. એમાં રાગાદિ આવે એનો જ્ઞાતા-દૃષ્ટા રહે છે. પોતાનો માનીને રાગરૂપે પરિણમતો નથી. એ પરજ્ઞેય છે. એમ રાગ પરજ્ઞેય તરીકે જાણીને જ્ઞાતા રહે છે. આહા..હા..! સ્વજ્ઞેય નથી. સ્વજ્ઞેય તો જ્ઞાન અને આનંદ છે. પોતાનું સ્વરૂપ સ્વજ્ઞેય જ્ઞાનમાં જાણવા લાયક, એ તો આનંદ અને જ્ઞાયકસ્વરૂપ આત્મા સ્વજ્ઞેય છે. એ સિવાય રાગાદિ, શરીરાદિ, પર આદિ બધા પરજ્ઞેય છે. જેમ પરજ્ઞેય જાણે છે એમ રાગને પરજ્ઞેય તરીકે જાણે છે. આહા..હા..! શરતું ભારે આકરી. ચંદુભાઈ! ભગવાનજીભાઈ! આવી વાતું છે. ખુલાસો કરશે હોં.

'**કર્તા નથી. આ રીતે પાનીના સર્વ ભાવો જ્ઞાનમય જ છે.**' આહા..હા..! ગમે તે ભાવ હોય, વિષય-વાસના હોય, પણ જ્ઞાની તો તરીકે એને જ્ઞેય તરીકે જાણીને એનાથી પૃથક્ પોતાનું જ્ઞાન કરે છે. આહા..હા..! નીચે ખુલાસો. ઉદયની બળજોરી છે ને એનો ખુલાસો.

'સમ્યગ્દષ્ટિની રુચિ સર્વદા શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે હોય છે.' આહા..હા..! ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એકલો ઉજ્વળ પવિત્ર ગુણનો પિંડ પ્રભુ. એની ઉપર રુચિ રહે છે સદા. આહા..હા..! સમજાણું કાંઈ?

'એને કદી રાગદ્વેષાદિભાવોની રુચિ નથી થતી.' રુચિ નથી થતી. રુચિ સમજો છો? પોષાણ નથી થતું કે મને પોષાય છે. ઠીક છે એમ નથી. આવે છે નબળાઈથી. પણ પોસાણ નથી. જેમ વેપારી હોય છે વેપારી. માલ લેવા જાય તો ત્યાં બાજરના ચાર રૂપિયા મણ. અત્યારે મોંઘુ છે. આ તો પહેલાની વાત છે. ચાર રૂપિયા મણ મળતું હોય તો જાણે કે ત્યાં આપણે જાશું તો પાંચ રૂપિયે મણ વેચાશે. તો એ માલ પોસાતો કહેવાય. પણ અહીં માલ ચાર રૂપિયે આપે અને ત્યાં વેચતા સાડા ત્રણ મળે એ પોસાય? એમ જ્ઞાનીને.. આહા..હા..! પોતાના સ્વભાવનું ભાન પોસણ છે. એમાં રાગ પોસાણ નથી, રુચિ નથી. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! બાપુ આવી વાતું છે ભાઈ! આહા..હા..! વીતરાગ માર્ગ. આહા..હા..!

આવે છે ને દાખલો. નોકર કામ કરે શેઠના. શેઠનો દીકરો પરણતો હોય. પરણતો સમજ્યા? વિવાહ હોય. નોકર કામ કરે શેઠનું. આમ છે અમારે દેવું પડે. કોઈ પૈસા લઈ ગયા હોય, પચાસ હજાર, દસ હજાર. કે ભાઈ આ ક્ષણે લાવો. અમારે પણ વ્યાજ ભરવું પડે છે. એમ બોલે અમારે પણ. પણ એ વાત બધી શેઠની હોય. કેમ ભાઈ કૈલાસચંદજી! બોલે તો એમ જ. રાણપુરમાં ભાઈ હતા. શેઠને કાંઈ નહિ. એ નોકર જ બધું કરે. નોકર કામ કરે અને જો શેઠ બેઠા હોય તો એ બોલે બંધ રહો, ચાલ્યા જાવ અહીંથી. શેઠ ચાલ્યા જાવ અહીંથી. તમને ખબર ન પડે. એ શેઠ માને કે એ કરશે. તમને નહિ ખબર પડે. તમે જ્યાં ત્યાં વચ્ચે બોલ્યા કરશો. ચાલ્યા જાવ ઘરે. રાણપુરમાં બન્યું હતું એવું. દેરાવાસી હતા. નાત તો દશા કે વિશા ખબર નહિ પણ દેરાવાસી. એ માણસ નોકર બરાબર કામ બરાબર લે. એક પાય પણ હરામ લે નહિ. અને નોકરને જે પૈસા મળે સો-બસ્સો એટલા બસ. એથી વિશેષ નહિ. એ શેઠ આવે ને વાતચીતમાં પણ ગડબડ કરે થોડીક. બોલશો નહિ શેઠ તમારું કામ નહિ. એ શેઠ ઉતરીને વયા જાય ઘરે. ઓલો નોકર બરાબર નમકહલાલ. નમકહલાલ. નમક હરામ નહિ. નમકહરામ કહે છે ને. આહા..હા..!

એમ અહીંયાં જ્ઞાનીને... આહા..હા..! દાખલો સમયસારમાં છે. કોઈના લગ્ન હોય તો કામ કરે માણસ એ ધણીપતે કરે આમ. આ મારું કામ છે. મુંબઈમાં લ્યો આઠ વાગે પૈસા ભરે, આઠ વાગ્યા પહેલાં. તો આજની તારીખમાં લખાય. આઠ વાગ્યા પછી આવે તો કાલની તારીખમાં લખાય. મૂળચંદભાઈ! ખબર છે? મુંબઈ. તો ઓલો દસ વાગે આવે. ભાઈ એક કલાક મોડું થઈ ગયું પણ આજની તારીખમાં ભરો. નહિ. નોકર એમ કહે હોં. અમારે પણ આઠ વાગ્યા પહેલાં ભરવા પડે છે. એક કલાક મોડા આવ્યા હોય તો કાલની તારીખમાં જાય. અમારે પણ એમ કરવું પડે. નોકર એમ કહે. છે?

એમ અહીંયાં જ્ઞાનીને... આહા..હા..! હું તો આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ છું. રાગ આવે એ મારી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મારું કર્તવ્ય નથી, મારી ચીજ નથી, હું એનો સ્વામી નથી. આહા..હા..! ભારે ઝીણી વાત, બાપુ! કહો, સુજાનમલજી! આહા..હા..! ભગવાનના માર્ગમાં તો લીલાલહેર જ હોય ને. આહા..હા..!

'સમ્યગ્દૃષ્ટિની રુચિ સર્વદા...' દેખો સર્વદા. 'શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે હોય છે. એને કદી રાગ-દ્વેષની રુચિ નથી હોતી.' એને રાગદ્વેષાદિ ભાવ થાય છે. 'એ ભાવ યદ્યપિ એની પોતાની નિર્મળતાથી અને પોતાના અપરાધથી થાય છે.' કાંઈ કર્મથી થાય છે એમ નથી. સમજાણું કાંઈ? અપરાધ છે અપરાધ. 'તોપણ તે રુચિપૂર્વક નથી હોતા.' રુચિ નથી એને. રાગની રુચિ નહિ. રુચિ તો શુદ્ધ આત્મા પ્રત્યેની રુચિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ઓ છોકરો રોતો હોય ને. નાનો છોકરું. તો એનો બાપ એમ કહે ભાઈ! મા હમણા કામમાં છે. એમ કહે. એની વહુ હોય તોપણ એમ કહે બા હમણા કામમાં છે એમ ઓલા છોકરાને સમજાવે. ખબર છે? મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે. એ દાખલો આવે છે. એ ધણી એમ કહે, બેટા બા હમણા કામમાં છે. રસોઈ કરે છે. બા પણ કોની? અંદર તો સમજે છે કે એની છે. મારી ક્યાં છે? સમજાણું કાંઈ? બોલે છે. બોલે છે અમને તો બધી ખબર છે ને.

સાકરની તો બધી બહુ લાંબી વાત છે. એમના મિત્ર એક હતા સાકરચંદભાઈ. શ્વેતાંબરના આણંદજીની પેઢીમાં છસ્સોનો પગાર. તે દિ' હોં. ૩૦ વર્ષ પહેલા. એનો દિકરો આવ્યો હતો હમણા. .. એ પણ અહીં આવતો નથી. એ સ્થાનવાસીમાં. એ આવતા પછી એની સ્ત્રી નવી હતી. તો એ મરી ગઈ. છસ્સો-આઠસોનો પગાર હતો. તે દિ' હોં. ૮૯-૯૦ સાલ. પછી એમ કહે.. એ બા! એ બા! એમ કરતા હતા. ભાઈને ખબર છે. એ બા! ક્યાં ગઈ તું? સાચવતી બહુ એને. નવી હતી સાચવતી બહુ. એટલે મરી ગયા પછી એને એટલું .. એ બા તારા વિના હું દુઃખી છું બા. એમ બોલે ૬૦૦-૮૦૦નો પગાર. ગાંડાઈનો પાર હોય કાંઈ? પાગલપણું છે ને. આહા..હા..! આંખે આંધળો થઈ ગયો. આંધળો થઈ ગયો. ગૃહસ્થ હતા લાખોપતિ. છોકરી હુશિયાર, ભણેલા છોકરા. હમણા છોકરો નહોતો આવ્યો. મોટો પગારદાર છે ત્યાં. પણ ઓલા રસ એટલો ને બા-બા કરે. મરી ગયા પછી. અરે.. પણ કરો છો તમે આ? વ્યાખ્યાનમાં આવતો હતો. આ તે શું કરો છો? બાયડીને બા કહીને.

એમ જ્ઞાનીને રાગ આવે પણ એ બા-બા જેમ કરે છે એમ આ કહે કે મારી બા નહિ. એ તો છોકરાની છે. એમ રાગ મારો નથી એ તો કર્મની ઉપાધિ છે. આહા..હા..! એવું છે. સાકરચંદભાઈને નહિ જોયા હોય તમે. જોયા હતા. એ કલ્યાણજીની પેઢી છે ને અમદાવાદમાં. કેવી પેઢી કહેવાય? આણંદજી-કલ્યાણજી પેઢી મોટી પેઢી અમદાવાદમાં. એમાં નોકર હતા.

અહીં કહે છે 'કર્મની બળજોરીથી થતા ભાવ કહેવામાં આવે છે. રુચિપૂર્વક નથી હોતા

એ કારણે ભાવોને કર્મની બળજોરીથી .. કહેવામાં આવે છે.' કાલે ચુરમાનું દૃષ્ટાંત નહોતું આપ્યું? જામનગરનો. દિકરો એકને એક. પણ હંમેશા લાડુ ખાય. રોટલી-રોટલા કાંઈ નહિ. વર્ષોના વર્ષો. અહીં આપણે બેઠો હતો એનો કુટુંબી. વસા-વસા. વિશાશ્રીમાળી વસા જામનગરનો છે. એ મરી ગયો છોકરો અને લાવ્યા ભાઈ ઘરે. રોવે.. રોવે.. રોવે.. રોટલી બનાવો ભાઈ, રોટલો બનાવો. રોટલી. એનો બાપ તો એમ કહે ને બિચારો. સગાવ્હાલા ભેગા થયા. બાપુ! તમે રોટલી ખાશો તો મરી જશો. તમને નહિ પચે. ચુક આવશે તરત. વર્ષોથી ચુરમા સિવાય આપે બીજું કાંઈ ખાધું નથી. આહા..હા..! એ ચુરમુ ખાય છે એને રોટલો અને ચુરમુ બે સરખા છે. આંસુની ધારા હોં. જુવાન છોકરાને બાળી આવ્યા સ્મશાનમાં. દાળ ને ચુરમુ ખાય. આહા..હા..! એમ જ્ઞાનીને રાગ થાય પણ રસ છે નહિ. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! અજ્ઞાનીને તો એ શુભક્રિયા છે એ મારી ક્રિયા અને મને લાભદાયક છે. એવી રુચિ છે એને. સમજાણું કાંઈ? એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે 'પોતાની નિર્બળતાને કારણે આવે, કર્મની .. એમ એમાં નહિ સમજવું કે જડદ્રવ્ય કર્મ આત્માને ઉપર લેશમાત્ર પણ જોર કરે.' જડકર્મ આત્મા ઉપર જોર કેમ કરી શકે? આહા..હા..! એ તો ઉદયની બળજોરી એ તો નિમિત્તથી કહેવામાં આવે છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ...' નથી આવતું? ભક્તિમાં આવે છે. જડનું શું છે? મારી ભૂલથી મને રાગ થાય છે. સમજાણું કાંઈ? 'પરંતુ એમ સમજવું કે વિકારીભાવ થતાં પણ સમ્યગ્દૃષ્ટિ મહાત્માની...' સમ્યગ્દૃષ્ટિ મહાત્માની. આહા..હા..! 'શુદ્ધાત્મ દ્રવ્યરુચિમાં કિંચિત્ પણ કમી નથી.' આહા..હા..! શુદ્ધાત્માની રુચિ જે થઈ એમાં કમી છે નહિ. રાગ આવે, આહા..હા..! સમજાણું કાંઈ?

'માત્ર ચારિત્ર સંબંધ આદિ નિર્બળતા છે.' સ્થિરતા ચારિત્ર અંદર નહિ. અંદર રમણતા જે જોઈએ એ નહિ. 'એવો આશય બતાવવા માટે આમ કહ્યું છે. જ્યાં જ્યાં કર્મની બળજોરનું લખાણ હોય...' કર્મની જબરદસ્તી હોય, કર્મનું જોર ઈત્યાદિ કથન હોવે ત્યાં ત્યાં એવો આશય સમજવો. સમજાણું કાંઈ? એ આપણે પંડિતજીએ ખુલાસો કર્યો છે. એણે બનાવવું છે ને હિન્દીમાં. હિંમતભાઈએ.

હવે શ્લોક-૬૮.

(अनुष्टुभ्)

अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाम्।
द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम्।।६८।।

'**શ્લોકાર્થ :- અજ્ઞાની (પોતાના) અજ્ઞાનમય ભાવોની ભૂમિકામાં...**' રાગની રુચિમાં અજ્ઞાની પડ્યો છે. આહા..હા..! વીતરાગ સ્વભાવની રુચિ નથી. પોતાનો સ્વભાવ તો વીતરાગ, ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય પ્રભુ એની રુચિનો ભાવ અને રાગની રુચિ અજ્ઞાનથી છે.

એ **'અજ્ઞાનમય ભાવોની ભૂમિકામાં વ્યાપીને...'** 'द्रव्यकर्मनिमित्तानां भावनाम्' **'(આગામી) દ્રવ્યકર્મનાં નિમિત્ત જે (અજ્ઞાનાદિક) ભાવો તેમના હેતુપણાને પામે છે...'** આહા..હા..! સમજાણું કાંઈ? જૂના કર્મ જે છે એમાં અજ્ઞાની નવો વિકાર કરીને એને નિમિત્ત બનાવે છે. નવા બંધનમાં. આહા..હા..! **'ભાવો તેમના હેતુપણાને પામે છે (અર્થાત્ દ્રવ્યકર્મનાં નિમિત્તરૂપ ભાવોનો હેતુ બને છે).'** બહુ કર્તાકર્મની વ્યાખ્યા.

**'આ જ અર્થ પાંચ ગાથાઓથી કહે છે :—'**

अण्णाणस्सस उदओ जीवाणं अतध्रउवलद्धी।
मिच्छत्तस्स दु उदओ जीवस्स असद्दहाणत्त।।१३२।।
उदओ असंजमस्स दु जं जीवाणंहवेइ अविरमणं।
जोदु कलुसोवओगो जीवाणं सो कसाउदओ।।१३३।।
तं जाण जोगउदयं जो जीवाणं तु चिट्ठउच्छाहो।
सोहणमसोहणं वा कायव्वो विरदिभावो वा।।१३४।।
एदेसु हेदुभूदेसु कम्मइयवग्गणागदं जं तु।
परिणमदे अट्ठविहं ज्ञाज्ञावरणादिभावेहिं।।१३५।।
तं खलु जीवणिबद्धं कम्मइयवग्गणागदं जइया।
तइया दु होदि हेदु जीवो परिणामभावाणं।।१३६।।

બહુ અટપટી ગાથા. નીચે હરિગીત.

**અજ્ઞાન તત્વ તણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,**
**અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો; ૧૩૨.**
**જીવને અવિરતભાવ જે, તે ઉદય અણસંયમ તણો,**
**જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો; ૧૩૩.**
**શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિની ચેષ્ટા તણો**
**ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪.**
**આ હેતુભૂત જયાં થાય, ત્યાં કાર્મણવરગણારૂપ જે,**
**તે અષ્ટવિધ જ્ઞાનાવરણઈત્યાદિભાવે પરિણમે; ૧૩૫.**
**કાર્મણવરગણારૂપ તે જયાં જીવનિબદ્ધબને ખરે,**
**આત્માય જીવપરિણામભાવોનો તદા હેતુ બને. ૧૩૬.**

આહા..હા..! અટપટી વાત છે બધી.

**'ટીકા :—તત્ત્વના અજ્ઞાનરૂપે (અર્થાત્ વસ્તુસ્વરૂપની અન્યથા ઉપલબ્ધિરૂપે) જ્ઞાનમાં સ્વાદરૂપ થતો (-સ્વાદમાં આવતો) અજ્ઞાનનો ઉદય છે.'** આહા..હા..! પુદ્‌ગલ પુદ્‌ગલ ઉદયમાં આવે છે ને. એ સ્વાદ આવે છે પણ એ પુદ્‌ગલ જડનો સ્વાદ છે. પોતાનો

નહિ. સમજાણું કાંઈ? પછી માને છે અંદરમાં. પણ અજ્ઞાનીને આવે એ અજ્ઞાન પરના કારણે. '**જ્ઞાનમાં સ્વાદરૂપ થતો અજ્ઞાનનો ઉદય છે. મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગના ઉદયો—કે જેઓ (નવાં) કર્મના હેતુઓ છે તેઓ—તે મય અર્થાત્ અજ્ઞાનમય ચાર ભાવો છે.**' પૂર્વનો ઉદય કર્મ. સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગના ઉદયો-કે જેઓ (નવાં) કર્મના હેતુઓ છે તેઓ—તે મય અર્થાત્ અજ્ઞાનમય ચાર ભાવા છે. તત્ત્વના અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો મિથ્યાત્વનો ઉદય છે;...**' આહા..હા..! મિથ્યાત્વનો ઉદય છે એ આત્મામાં વિકાર પોતાથી થાય છે એમાં પૂર્વનું કર્મ નિમિત્ત કહેવામાં આવે છે. '**તત્ત્વના અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો...**' આહા..હા..! એ શુભભાવની પ્રેમ-રુચિ છે એ તત્ત્વ શ્રદ્ધાનનો સ્વાદ ઊલટો છે. સમજાણું કાંઈ? છે પુદ્ગલ જડનો. અને એને કારણે નવું બંધન થાય છે. પણ પુદ્ગલના ઉદયમાં પોતાનું જોડાણ થાય એ નવા કર્મબંધમાં નિમિત્ત થાય છે. અટપટી વાત છે.

અહીંયાં તો એમ કહે છે કે પૂર્વનું જે કર્મ છે ને મિથ્યાત્વ, અવિરતિ આદિ એ નવા બંધમાં કારણ છે. કોને? જે વચ્ચે મિથ્યાત્વ અજ્ઞાન કરે છે એને. સમજાણું કાંઈ? પૂર્વ કર્મનો ઉદય છે જડ એમાં ઉદય આવ્યો એ નવા કર્મમાં નિમિત્ત છે. એ પૂર્વનું કર્મ નવા બંધમાં. પણ એ નવા બંધમાં ઉદય એ છે તો વચ્ચે મિથ્યાત્વાદિ કરે છે એને નવા કર્મમાં નિમિત્ત કહેવામાં આવે છે. એનો ઉદય નવા કર્મમાં નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! શેઠ! આ તો સૂક્ષ્મ માર્ગ બાપુ વીતરાગનો. સર્વજ્ઞનો માર્ગ લોકોને મળ્યો નથી. આહા..હા..!

આ છે ને પુસ્તક શ્રમણસુત. જોયું આજે ફરીને પહેલું વાંચ્યું હતું. ગડબડ બધી. સમન્વય. સમન્વય શેનો સમન્વય? કોની સાથે? ઝેરનો અમૃત સાથે સમન્વય? એટલો સમન્વય ખરો કે એ પણ છે અને આ પણ છે એટલું. છે એટલું. સાચું છે એમ નહિ. આહા..હા..! પુસ્તક આવ્યું છે ને. આજે જોયું ચિહ્ન કરેલા છે. પહેલા વાંચ્યું છે. ઘણી ગાથા તો આપણે નિયમસારની, સમયસારની, પ્રવચનસારની એ ગાથાઓ છે. બાકી શ્વેતાંબરની વચમાં. શ્વેતાંબર છે એ બાપુ જો ભાઈ એના શાસ્ત્રો છે ભગવાનના કહેલા નથી. ભાઈ આમ છે શું કરવું? એ તો કલ્પિત બનાવ્યા છે. કાંતિભાઈ! તમારે ત્યાં ચાલે છે નાઈરોબીમાં. આફ્રિકા. અહીંનું વાંચન ચાલે છે. અત્યારે તો લંડનમાં વાંચન ચાલે છે. ભાઈએ કહ્યું. એના બે દીકરા લંડનમાં છે. તો ત્યાં વાંચન ચાલે છે. પણ આ વાંચન કરે. શું કરે? એને કાંઈ વિસ્તારથી આવડે નહિ. પરિચય બહુ ન હોય. લખ્યું હોય એ વાંચે. તમારા મહાજન છે ને ત્યાં. લંડનમાં પંદર હજાર વસ્તી. પંદર હજાર ત્યાં ગયા છે. લંડનમાં, આફ્રિકામાં નાઈરોબીમાં. બિચારા રળવા માટે ગયા. અને પછી રયત સાથે મેળ નહિ. રયત કહે કે અહીંના હો તો રહેવું પડે. અહીંના ન હોય તો નીકળી જાવ. દરેકને પોતાના દેશનો આગ્રહ હોય છે ને. આહા..હા..!

અહીં કહે છે, અજ્ઞાનપણે જે કર્મનો ઉદય આવે એ નવા બંધનું કારણ છે. મિથ્યાદર્શનનો ઉદય, અવ્રતનો ઉદય એ નવા બંધમાં કારણ છે. પણ કોને? જે નવા મિથ્યાત્વ, રાગ-દ્વેષ કરે છે એને જૂના કર્મ નવા બંધમાં કારણ છે. નવા કર્મ નથી કરતા એને જૂના કર્મ નિર્જરી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓ. '**સ્વાદરૂપ થતો મિથ્યાત્વનો ઉદય છે; અવિરમણરૂપે** (અત્યાગભાવરૂપે) **જ્ઞાનમાં સ્વાદરૂપ થતો અસંયમનો ઉદય છે; કલુષ** (મલિન) **ઉપયોગરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો કષાયનો ઉદય છે; શુભાશુભ પ્રવૃત્તિ...**' શુભમાં પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિ. એ શુભભાવમાં કરે ને દયાનો, વ્રતનો, ધ્યાન કરે સંયમ કહેવાય લોકામાં. શુભની પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિ એ પણ એક વિકારભાવ છે. યોગ-યોગ છે. શુભયોગ. છે? '**શુભાશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિના વ્યાપારરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો યોગનો ઉદય છે.**' યોગ છે એ તો. આહા..હા..!

**શ્રોતા :-** કર્મનો ઉદય લેવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કર્મનો ઉદય લેવો બધોય.

અહીં તો સિદ્ધ કરવું છે ને કે કર્મનો ઉદય છે એ નવા બંધનું કારણ છે. કોને? કે જે ઉદયમાં જોડાય છે અને મિથ્યાત્વ અજ્ઞાન કરે છે એને. નહિતર જ્ઞાનીને જૂનો ઉદય છે એ સ્વામીપણે નથી થતા તો ખરી જાય છે. આહા..હા..! આવી વાત છે. આહા..હા..! અને એ તો ટીકામાં પણ છે. કે જૂના કર્મ ઉદયમાત્રથી બંધાય તો કદી આત્માની મુક્તિ થતી નથી. કર્મના ઉદયમાત્રથી બંધ થાય એમ હોતું જ નથી. પણ અહીં તો એ સિદ્ધ કરવું છે કે વિકારભાવ બધા કર્મભાવ છે જડના. અને એનાથી અહીંયાં ભાવ છે એ પોતાને કારણે થાય છે. અને જડકર્મ છે એ નવાબંધમાં કારણ છે. કોને? કે જે મિથ્યાત્વાદિ નવા કરે છે એ સમયે મિથ્યાત્વ કર્મનો ઉદય અને એ સમયે પોતાનો મિથ્યાત્વાદિનો ભાવ કરનારો અને એ જ સમયે નવા કર્મમાં મિથ્યાત્વાદિ નિમિત્ત થાય છે. એક સમયમાં ત્રણ વાત છે. આવી વાતું.

આ ગાથા અટપટી છે. કર્મનો ઉદય પણ છે એક સમયમાં દર્શનમોહ આદિના. અને એ સમયે નવા કર્મ બંધાય એ સમયે અને એ સમયે અજ્ઞાની જીવ મિથ્યાત્વાદિ કરે છે તો જૂના કર્મબંધમાં નિમિત્ત કહેવામાં આવે છે. તો મિથ્યાત્વ ન કરે તો જૂના કર્મ છે તો ઉદય ખરી જાય છે. આહા..હા..! આવું અટપટું છે. '**આ પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિના ઉદયો હેતુભૂત થતાં...**' આહા..હા..! દેખો. એ જૂના કર્મની ભાઈ વાત કરી. એ '**પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિના ઉદયો હેતુભૂત થતાં જે કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિભાવે આઠ પ્રકારે સ્વયમેવ પરિણમે છે,...**' એ પૂર્વનો ઉદય છે તો નવું કર્મ પરિણમે છે એમ નથી. નવા કર્મ પણ પોતાના પરિણમનથી પરિણમે છે. આહા..હા..! બહુ સ્વતંત્રતા

સિદ્ધ કરે છે.

પૂર્વનો ઉદય આવ્યો એ સ્વતંત્ર અને નવા બંધ થાય એ પણ પરમાણુ સ્વતંત્ર. પણ કોને? જૂના કર્મમાં જે જોડાય છે. મિથ્યા શ્રદ્ધા કરે છે કે રાગ મારી ચીજ છે એવો મિથ્યાદૃષ્ટિનો ભાવ નવા કર્મમાં નિમિત્ત થાય છે. ત્યારે જૂના કર્મને નવા બંધનમાં નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પ્રેમચંદભાઈ! આ ઝીણી વાત છે. જૂના કર્મ પણ સ્વતંત્ર, નવા બંધાય એ પણ સ્વતંત્ર અને વચ્ચે રાગ-દ્વેષ અને અજ્ઞાન કરે એ જીવ પણ સ્વતંત્ર. આહા..હા..! સમજાણું કાંઈ? સમયસાર છે ભાઈ આ તો ગંભીર ચીજ. ભગવાન કુંદકુંદાચાર્ય આહા..હા..! જેણે તીર્થંકર જેવા કામ કર્યા. પંચમ આરામાં અમૃત ચંદ્રાચાર્ય ટીકાકાર. એના ગણધર કુંદકુંદાચાર્ય. આહા..હા..!

શ્રીમદ્દે પણ કુંદકુંદાચાર્યને વંદન કર્યા નહિ? હે કુંદકુંદાદિ આચાર્યો તમારા વચનો મને આત્મસ્વરૂપમાં હેતુભૂત થયા છે. તમને ભક્તિથી નમસ્કાર. શ્રીમદ્ રાજચંદ્ર. આહા..હા..! આ .. ગુજરાતી છે હિન્દી? ગુજરાતી? રાજબોધ પુસ્તક આપણે. ગુજરાતી છે. એ તો સમજશે ગુજરાતી આ ભાઈ. કૈલાસચંદજી જરી અભ્યાસ કરશે. એક પુસ્તક આપજો. શ્રીમદ્ રાજચંદ્રનું પુસ્તક છે રાજબોધ. પડ્યું છે. યાદ આવી ગયું. એ તો ધીમે ધીમે વાંચવું ગુજરાતી. આહા..હા..! શું કહે છે સાંભળો.

જૂના કર્મ પુદ્ગલ છે. મિથ્યાત્વ, ચારિત્રમોહ, યોગ એ શરીરના નામકર્મ એ બધી જડની પર્યાય છે. એ જડની પર્યાય નવા કર્મમમાં નિમિત્ત થાય છે. કોને? કે જડકર્મ નિમિત્ત નવા બંધાય કોને? કે જે વર્તમાનમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કરે છે એને જૂના કર્મ પરમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, પંડિતજી! આહા..હા..! જૂના કર્મ એ સ્વતંત્ર તે સમયે ઉદયમાં આવ્યા છે, નવા કર્મ પણ સ્વતંત્ર પરમાણુપણે, કર્મપણે પરિણમે છે અને વચ્ચે અજ્ઞાની મિથ્યાત્વભાવ પણ સ્વતંત્રપણે કરે છે. એ ઉદય આવ્યો તો મિથ્યાત્વ કરવું પડે એમ છે નહિ. આહા..હા..! પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ કરે તો ઉદય આવ્યો એ ખરી જાય. નવા બંધનમાં હેતુ હોઈ શકે નહિ. આહા..હા..! એ પણ શુદ્ધ આત્મા પવિત્ર પિંડ પ્રભુ.

'નિર્વિકલ્પ રસ પીજીએ.' આહા..હા..! રાગરહિત સ્વરૂપ ભગવાન આત્માનું. એ અતીન્દ્રિય આનંદના સ્વાદનો અનુભવ કરે તો જૂના કર્મ એ નવામાં બંધનું કારણ ન થાય. પણ જૂના કર્મમમાં જોડાઈ જાય છે પોતાનો મિથ્યાત્વ રાગ-દ્વેષ કરીને, તો જૂના કર્મ નવાને બંધ થાય છે ત્યારે આત્માના રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ એને નિમિત્ત થાય છે. નવાને એ નિમિત્ત થાય છે. જૂના એને બંધમાં નિમિત્ત પણ નવા બંધમાં વિકારીભાવ એને નિમિત્ત ત્યારે પૂર્વનું નિમિત્ત બંધમાં કારણ એમ કહેવામાં આવે છે. અટપટું ભારે ભાઈ! વીતરાગમાર્ગ તો આહા..હા..!

શ્રોતા :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ એમ નથી એમ કહે છે. આહા..હા..! કર્મ ઉદયમાં આવે તો એની પર્યાય જડની છે. અને નવામાં બંધન છે. પણ કોને? વર્તમાનમાં જે રુચિ રાગની અને પ્રેમની કરે મિથ્યાદૃષ્ટિ એને નવા કર્મ બંધાય એમાં એના પરિણામ નિમિત્ત છે. ત્યારે જૂના કર્મ નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! આવું છે જરી.

વીતરાગમાર્ગ બાપા આ તો સર્વજ્ઞ બાદશાહ. આહા..હા..! એમાં પણ દિગંબર એટલે નાગાબાદશાહથી આઘા. નાગા છે ને મુનિ. આહા..હા..! અંતર નાગા અને બહાર નાગા. બાદશાહથી આઘા. એને બાદશાહની પણ પડી નથી. આહા..હા..! 'જંગલ વસાવ્યું રે જોગીએ.' જંગલમાં પડ્યા. આનંદની લહેરમાં. આહા..હા..! એવો વિકલ્પ આવ્યો તો શાસ્ત્ર રચાઈ ગયું. એની પણ પડી નથી. આહા..હા..! એ મુનિને વિકલ્પ આવ્યો અને શાસ્ત્ર રચે છે, લોકોને ખ્યાલ હતો તો એ જ્યાં લખતા ત્યાં ને ત્યાં છોડી દે. કોણ લઈ જાય ત્યાં. તાડપત્ર ઉપર. ત્યાં છોડી દે. ગૃહસ્થ આવીને એટલામાં મહારાજ છે અને લખે છે. એને ખ્યાલ હોય. આ તો .. પરિગ્રહ કોણ રાખે ત્યાં? તાડપત્ર જંગલમાંથી લઈને, સળી લે સળી કઠણ. બે-ચાર પાંચ બની જાય મૂકી દે અને ચાલ્યા જાય. પાછળથી ગૃહસ્થ આવે કે અહીં આ પડ્યું છે. એ લઈ લે. એ રીતે આ સમયસાર બન્યું છે. આહા..હા..!

સાધુ એટલે અપ્રમત્તદશામાં ઝુલે જ્યાં. ઘડીમાં પ્રમત્ત, ઘડીકમાં અપ્રમત્ત. હજારોવાર. આહા..હા..! લખતા લખતા પણ એને અપ્રમત્તદશા આવી જાય છે. આનંદની દશા. ચાલતા-ચાલતા. સૂતા-સૂતા. સૂતામાં જરી પોણી સેકેન્ડની અંદર નિંદ્રા લે. તરત જાગૃત થઈ જાય છે આનંદમાં. મુનિદશા ભાઈ પરમેશ્વર પદ છે. આહા..હા..! કેવળજ્ઞાનના પુત્ર છે એ. સર્વજ્ઞના પુત્ર છે એમ સિદ્ધાંત છે. ગૌતમને કહ્યું છે ને ભાઈ! સર્વજ્ઞના પુત્ર છે એ ગૌતમ. એમ લખ્યું શાસ્ત્રમાં. ગૌતમસ્વામી સર્વજ્ઞના પુત્ર છે. આહા..હા..! એને વારસો મળ્યો છે. સમજાણું કાંઈ? એમ મુનિઓ સર્વજ્ઞના પુત્ર છે. આહા..હા..! સર્વજ્ઞપણું લેવાની તૈયારી થઈ ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અંતર આનંદની લીનતા જામી ગઈ છે અંદર.

કહે છે કે એને કર્મનો ઉદય આવ્યો એણે પોતાની સ્વતંત્રતાથી યોગનો ભાવ થયો તો જૂના કર્મ નવાને બંધ કહેવામાં આવે છે જો આ ભાવ એને નિમિત્ત હોય તો. સમજાણું કાંઈ? આવું અટપટું છે.

'**તે કાર્મણવર્ગણાવગત પુદ્‌ગલદ્રવ્ય જ્યારે જીવમાં નિબદ્ધ થાય...**' જુઓ! '**ત્યારે જીવ સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...**' અજ્ઞાનીને એ સ્વયમેવ. એ કર્મનો ઉદય આવ્યો માટે નહિ. '**સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ અને રાગ વિકારસ્વરૂપ બેની એકતાબુદ્ધિ અજ્ઞાનીને છે. આહા..હા..! આ પુસ્તક રાખીને ઘરે પડ્યું હોય તો વાંચતા નથી શેઠ. પૈસા ફેરવ્યા કરે. સમજતા નથી બરાબર. પહેલા આ કેટલીવાર તો અહીં આવી ગયું. દૃષ્ટિમાં ખ્યાલ લેવો

જોઈએને એણે? આહા..હા..!

'**તે કાર્મણવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્યારે જીવમાં નિબદ્ધ થાય...**' ભાષા કેવી છે! જૂના કર્મને કારણે નવા કર્મ જે આવે છે એ સમયે '**સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...**' અજ્ઞાનીને. રાગ મારી ચીજ છે એવું મિથ્યાદૃષ્ટિ માને છે એ '**અધ્યાસને લીધે તત્ત્વ-અશ્રદ્ધાન આદિ પોતાના અજ્ઞાનમય પરિણામભાવોનો હેતુ થાય છે.**' આહા..હા..! નવા કર્મને હેતુ થાય છે એમ ન લીધું ભાઈ! શું કહ્યું? અજ્ઞાની રાગ પુણ્યના શુભભાવ આવ્યા તો એ મારા છે અને મારું કર્તવ્ય છે અને મને લાભ થશે એવા મિથ્યાત્વભાવ સેવે છે. સમજાણું કાંઈ?

'**સ્વપરના એકત્વના અધ્યાસને લીધે તત્ત્વ-અશ્રધ્ધાન આદિ પોતાના...**' તત્ત્વની અશ્રદ્ધાન મિથ્યા શ્રદ્ધા એ પોતાને કારણે કરે છે. કર્મનો ઉદય માટે કરે છે અને નવો બંધ પડે છે માટે કરવું પડે છે એમ છે નહિ. આહા..હા..! વાત એમ કહેવી છે કે વિકારી પોતાની ચીજ નથી. એને કારણે જડના નિમિત્તમાં વિકાર થાય છે. પણ પોતાનો સ્વભાવ નથી. એ કારણે કહ્યું કે જડનો ઉદય કર્મ આવ્યો, નવી કાર્મણવર્ગણા થઈ તો વચ્ચે જીવ પોતાના મિથ્યાત્વ અને રાગ-દ્વેષમાં હેતુ થાય છે, નવા બંધમાં હેતુ થાય એમ પણ નહિ. આહા..હા..! આ ગાથા અલૌકિક છે. આહા..હા..!

ભગવાન શુદ્ધ ચૈતન્યઘન આત્મા એને કર્મનો ઉદય આવ્યો, એ ઉદય નવા પુદ્ગલ.. એ કહ્યું ને દેખો! '**તે કાર્મણવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્યારે જીવમાં નિબદ્ધ થાય...**' નવા કર્મ બને છે. '**ત્યારે જીવ સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...**' એ અજ્ઞાની પોતાને કારણે રાગની એકતાબુદ્ધિ કરે છે. આહા..હા..! ગળે વળગ્યો છે અજ્ઞાનીને શુભભાવ. શુભભાવ એ અજ્ઞાનભાવ છે, રાગ નથી, આત્માનો સ્વભાવ નથી. આહા..હા..!

તો '**અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...**' સ્વ આત્મા જ્ઞાયક અને રાગ પર બેના એકત્વનો અભ્યાસ છે અજ્ઞાનીને. આહા..હા..! આવું ઝીણો માર્ગ ભાઈ! સમ્યગ્દર્શનનો માર્ગ અલૌકિક છે. લોકોને સાંભળવા ન મળે એ કે દિ' કાર્ય કરે અને જીંદગી ચાલી જાય છે. આહા..હા..! અજ્ઞાની સ્વયમેવ અજ્ઞાનને લીધે '**સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...**' સ્વપરનો અધ્યાસ થઈ ગયો અનાદિથી. આહા..હા..! રાગ વિભાવ છે શુભ, સ્વભાવ ત્રિકાળ છે. ત્રિકાળી શુદ્ધ ચૈતન્યની સાથે ક્ષણિક વિકારને પોતાનો માનીને અજ્ઞાની નવા કર્મમાં નિમિત્ત થાય છે. ત્યારે જૂના કર્મ નવામાં નિમિત્ત કહેવામાં આવે છે. ...ચંદભાઈને બિચારાને સાંભળવાનું ઘણું .. આવી વાત હોય તો બહુ ઉલ્લાસ કરે. .. છે. અત્યારે .. થઈ જાય જુઓને. કાલે ઓલા આપણે અહીં ભાઈ હતા એને ગીરધરભાઈ. કાલે વળી એક કાપડીયાને ઘરે ઓલું થયું. આપણે ત્યાં ભાવનગર છે ને જયંતિભાઈ કાપડીયા. એને ચાર દિકરા તો અમેરિકામાં છે. બે દિકરા અહીં છે. કાગળ કાલે આવ્યો છે. અમારા પિતાજી ગુજરી ગયા હાર્ટફેઈલમાં.

સોમવારે. હાર્ટફેઈલ. અમે આહાર દેવા ત્યાં આવવાના છીએ. એ ચિઠ્ઠી. આહા..હા..! કાંઈ ધર્મ નહિ. કોઈક વખતે અહીં આવે. બાકી દુકાન કાપડની. બહુ સારી ચાલતી હતી. છોકરા હુશિયાર ચાર તો અમેરિકામાં.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અમેરિકામાં? આપણને કાંઈ ખબર ન મળે. એ કોણ લાવ્યું છે? પોતે લાવ્યા. એણે આપ્યું છે. આહા..હા..! અમેરિકામાં .. વાપરતા હશે. અમને તો ખબર નહિ. કોઈ કહે તો. આહા..હા..! એક ઓલું લાવ્યા છે ભાઈ આવ્યા હતા. આપણે ..ભાઈ લુહાણા. એનો દિકરો છે ત્યાં અમેરિકામાં. ક્યાં અમેરિકા કે બીજું કાંઈક. આફ્રિકામાં ક્યાક. તો એ આવ્યો હશે અહીં ન આવી શક્યો. એના બાપને મોકલ્યા. એક સુતરની ઓઢવાનું શું કહેવાય? પછેડી. સુતરની પછેડી છે. પણ બહુ ઊંચી. એનો બાપ દેવા આવ્યો. પોપટભાઈ લુહાણા-લુહાણા. પ્રેમ બહુ છે. કાયમ વ્યાખ્યાનમાં આવે ને. એનો દીકરો આવ્યો કહે બાપુજી તમે જાવ મહારાજને મળવા. આ મારી .. છે. સુતરની ઓલી છે આ ૩૦૦ રૂપિયાની એક. આપણે તો કદી .. મહારાજ! મને દિકરાએ મોકલ્યો છે. તમારે લેવી પડશે. ભાઈ અમે આવી ક્યાં? અમે તો આવું પહેરી-ઓઢીએ છીએ. એક .. દીધી છે. દેવા આવ્યા હતા. પોપટભાઈ દેવા આવ્યા હતા. અમેરિકામાંથી એનો છોકરો આવ્યો હશે દેશમાં તો લેતો આવ્યો હશે. સુતરની ભાઈ પણ એવી.. જિંદગીમાં જોઈ નહોતી. શું છે આ? પછેડી છે. સુતરની. ૩૦૦ રૂપિયાની એક. સુતરની પછેડી. શું કહે છે? પછેડી નથી કહેતા? ચાદર. ચાદર ભાઈ કહે. સુતરની. એકલું સુતર. પણ જુદી જાત આખી. આપણે તો જિંદગીમાં જોયું નહોતું. એના બાપ દેવા આવ્યા હતા અહીંયાં. કહે છોકરો લાવ્યો છે પરદેશમાંથી. પિતાજી આપ મહારાજ પાસે જાવ અને આ ભેટ આપો. શું કહ્યું?

**શ્રોતા :-** મોંઘી બહુ. કિંમત ઘણી ઊંચી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહુ કિંમત. એક ચાદર ૩૦૦ રૂપિયાની. મોંઘી. જુઓને ઊંચી ચીજ છે. ચીજ ઊંચી. જિંદગીમાં જોઈ નથી એવી. એકલી રૂ-રૂ. રૂમાંથી કાઢી કાઢીને બનાવી છે. ત્યાં એ લોકોનું હશે કાંઈક. કોઈ બીજો દેશ કીધું આફ્રિકા.

અહીંયાં કહે છે કે ઓહોહો..! ભગવાન આત્મા આહા..હા..! કર્મનો ઉદય આવે એ જડની દશા. એ ઉદય નવા કર્મમમાં નિમિત્ત છે. ક્યારે? કે જડના ઉદયના કાળે આત્મા રાગની એકતાબુદ્ધિના અધ્યાસે મિથ્યાત્વને સેવે એને જૂનું કર્મ નવામાં બંધન છે અને પોતાનું પરિણામ પણ નવામાં નિમિત્ત છે. ઉપાદાન તો પોતાથી કર્મ નવા બંધાય છે એ પોતાને કારણે. આહા..હા..! સમજાણું કાંઈ?

લ્યો '**અધ્યાસને લીધે...**' છે ને? '**સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...**' અધ્યાસ એટલે અભ્યાસ. '**તત્ત્વ-અશ્રદ્ધાન આદિ પોતાના અજ્ઞાનમય...**' એ

અરૂપીભાવ પોતાનો. એવા 'પરિણામભાવોનો હેતુ થાય છે.' આહા..હા..! નવાનો હેતુ એમ ન કહ્યું, પણ આવા એને નવા કર્મ બંધાય છે એમાં જૂના કર્મ નિમિત્ત છે. કોને? જે અજ્ઞાની રાગની એકતાબુદ્ધિ કરે એને. એના એ પરિણામ નવામાં નિમિત્ત છે તો જૂના કર્મ નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! ઝીણી વાત છે થોડી. બહુ શાંતિ જોઈએ ભાઈ આમાં.

એમ કેમ કહ્યું કે વિકાર પોતાનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? વિકાર પોતાનો સ્વભાવ નથી. એ કારણે કહ્યું કે જૂના કર્મ નવામાં નિમિત્ત છે, પણ કોને? કે સ્વભાવ પોતાનો નથી એવા વિભાવરૂપ પરિણમે છે એને. આહા..હા..! વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૧૦, શનિવાર, તા. ૧૮-૯-૧૯૭૬, ગાથા-૧૩૨ થી ૧૪૦, પ્રવચન નં. ૧૮૯

પાંચ. ૧૩૧ થી ૧૩૬.

'ભાવાર્થ :- **અજ્ઞાનભાવના ભેદરૂપ જે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના ઉદયો...**' પૂર્વના કર્મનો ઉદય '**તે પુદ્‌ગલના પરિણામ છે.**' સમજાણું કાંઈ? '**અને તેમનો સ્વાદ અતત્ત્વશ્રદ્ધાનાદિરૂપે જ્ઞાનમાં આવે છે.**' જ્ઞાન ઉપયોગમાં અતત્ત્વ શ્રદ્ધાન આદિ આવે છે પણ પોતાનો ભાવ નથી એ. '**તે ઉદયો નિમિત્તભૂત થતાં,...**' એ પૂર્વના કર્મનો ઉદય જડ જે આ ચાર બોલ. એના નહિ હોવાથી '**કાર્મણવર્ગણારૂપ નવાં પુદ્‌ગલો સ્વયમેવ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમે છે...**' આ કર્મનો મોટો ઝઘડો છે અત્યારે. લોકો તો એમ કહે છે એ કર્મને લઈને કર્મ આવ્યા એટલે આત્માને વિકાર કરવો પડે. કર્મ અને આત્મા બે ભેગા થઈને વિકાર કરે, એમ કહે છે. જૂઠી વાત છે. એ વાતથી બહુ.. સમજાય છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે એ ખબર છે ને બધી. અહીં તો.. સાધુ આવ્યા હતા એ એમ કહેતા હતા. અમે નગ્ન થયા છીએ પણ કર્મ ખસે તો ધર્મ થાયને અંદર એ વિના કેમ થાય? એમ કહેતા હતા. ત્રણેય સંપ્રદાયમાં. સ્થાનકવાસી, શ્વેતાંબર અને દિગંબર. કર્મને લઈને થાય... કર્મને લઈને થાય.. બસ.

અહીં કહે છે કે કર્મનો ઉદય હોય અને એનાથી નવા કર્મ બંધાવામાં જૂના કર્મ નમિત્ત

કહેવામાં આવે છે. પણ ક્યારે? જીવની સાથે નવા કર્મ બંધાય છે. **'અને તે સમયે જીવ પણ સ્વયમેવ પોતાના અજ્ઞાનભાવથી...'** જીવ પોતાના અજ્ઞાનભાવથી ઉપયોગમય જે રાગાદિ દેખાય છે એ અજ્ઞાનભાવથી પોતાના માની પરિણમે છે. આહા..હા..! ઝીણું બહુ. હિન્દીમાં આવ્યું? હિન્દીમાં શું કહ્યું?

**'નવાં પુદ્‌ગલો સ્વયમેવ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમે છે અને જીવ સાથે બંધાય છે;...'** નવા કર્મ નવા આત્માની સાથે બંધાય છે. જૂના કર્મનું નિમિત્ત હોવાથી. ૧૩૧ થી ૧૩૬ ભાવાર્થ. છે? છે કે નહિ? ૧૩૨ છે. ફરીને. **'ભાવાર્થ :—અજ્ઞાનભાવના ભેદરૂપ...'** પુદ્‌ગલના હોં. **'મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના ઉદયો તે પુદ્‌ગલના પરિણામ છે...'** જૂના કર્મનો ઉદય. **'અને તેમનો સ્વાદ અતત્ત્વશ્રદ્ધાનાદિરૂપે જ્ઞાનમાં આવે છે.'** જ્ઞાનમાં એ અતત્ત્વ એવા પુદ્‌ગલના પરિણામનું જ્ઞાન થાય છે. તો અજ્ઞાની એમ માને છે કે એ રાગાદિ મારી ચીજ છે.

**'તે ઉદયો નિમિત્તભૂત થતાં, કાર્મણવર્ગણારૂપ નવાં પુદ્‌ગલો સ્વયમેવ...'** પોતાને કારણે જ્ઞાનાવરણાદિ કર્મ પરિણમે છે. આહા..હા..! **'અને જીવ સાથે બંધાય છે; અને તે સમયે જીવ પણ સ્વયમેવ પોતાના અજ્ઞાનભાવથી અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમે છે...'** એ જીવના વિકારીભાવ. આહા..હા..! મિથ્યાત્વભાવ, રાગભાવ, કષાયભાવ, પ્રમાદભાવ એ રૂપે **'અજ્ઞાનભાવથી અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમે છે...'** સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પુદ્‌ગલના પરિણામ પૂર્વના. એ નવા બંધમાં નિમિત્ત. નવા બંધના કાળે આત્મા મિથ્યાત્વાદિ પરિણમે છે તો નવા બંધમાં એ નિમિત્ત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મોટી ચર્ચા થઈ છે અમારે ૭૧ની સાલથી. મોટી ચર્ચા સંપ્રદાયમાં. પછી સ્થાનકવાસીમાં ચર્ચા ચાલી, પછી શ્વેતાંબરમાં ચાલી હવે દિગંબરમાં આવી પછી. તો દિગંબરમાં એમ માને છે બધા. એ રતનચંદજી તો બધા .. ચોખ્ખા. રતનલાલજી છે ને મુખત્યાર. એ કર્મથી વિકાર થાય છે. વર્ણીજી પાસે ચર્ચા થઈ તો વર્ણીજીએ પણ એમ કહ્યું. ૧૯ વર્ષ પહેલાં. કહે કર્મથી વિકાર થાય. બિલકુલ નહિ. વિકાર પોતાથી થાય છે, પોતાના ઉલટા પુરુષાર્થથી અને સૂલટાથી ટળે છે. આ બધા શેઠિયા બેઠા હતા. પણ ભાન ક્યાં શેઠિયાને. સાંભળી લે. જય નારાયણ માથે કહે. વિચાર કરવાનો અવકાશ ક્યાં હતો એય.. શેઠ! આ એમ કહે છે. અમારે તો પહેલેથી પરીક્ષા કરી. સમજાણું કાંઈ? કહ્યું ને? ૬૮ની સાલ ૬૮.

જ્યારે અમારે દીક્ષા લેવાની હતી ત્યારે.. અમારા ગુરુ હતા સંપ્રદાયના બહુ શાંત, વૈરાગી, કષાય મંદ, જુઓ તો શ્વેતાંબર સાધુને પણ એકવાર એમ થઈ જાય. ઓહો..હો..! આવા

સાધુ. ગંભીર, શાંત. દૃષ્ટિ મિથ્યાત્વ. પણ બહારની ક્રિયા એને માટે પાણીનો બિંદુ બનાવે તો ન લે, પ્રાણ જાય તોપણ ન લે. અમારે માટે બનાવ્યું છે? બિલકુલ (ખપે) નહિ. એવી બહુ સખત ક્રિયા. અમને એવી નહોતી ખબર કે સાધુ માટે મકાન બનાવે અને મકાન વાપરે તો એ સાધુ નહિ. એવું અમે કદી સાંભળ્યું નહોતું. પહેલા વહેલા દુકાનથી આવ્યા. દીક્ષા લેવા. ત્રણ મહિના રહ્યા ગુરુ પાસે. પછી વચ્ચે બોટાદ આવ્યા. પાળિયાદ હતા. વચ્ચે ત્યાં આવ્યા તો એક ગુલાબચંદ સાધુ હતા. ગુલાબચંદભાઈ રાજકોટના. .. એણે દીક્ષા લીધી હતી. તમારા બાપની જેમ. તમારા બાપ .. હતા ને. હિંમતભાઈના બાપ. .. હતા. બહેનના પિતાજી. એ .. હતા. વૃદ્ધાવસ્થા. વૈરાગી બહુ. દૃષ્ટિ ખોટી. પણ એને એમ કહ્યું મને કે અપાસરા જેને માટે બનાવ્યા એ જો વાપરે તો એ સાધુ નહિ. આ વાત તો કદી સાંભળી નથી. ચાલો ભાઈ પૂછવા. પછી ગાડા જોડીને પાંચ કોષ હતા. પાળિયાદથી બોટાદ. સાથે ઘણા માણસો હતો. ગયા. તો એણે જવાબ આપ્યો કે જાણે કે આ તો અપાસરા તો વાપરીએ છીએ. હવે શું કરવું? ભાઈ અમે વાપરીએ છીએ તો એનાથી અમને દોષ લાગે એમ નથી. કીધું એમ નથી. વાપરે એ દોષ છે ચોખ્ખો. સો દોષમાં ચોખ્ખો દોષ છે. એ સાધુ નહિ. અઢાર બોલે સાધુ.. શ્વેતાંબરમાં. ... જોઈએ. .. બધું કંઠસ્થ હતું એ વખતે. ૬૮ની સાલમાં કંઠસ્થ કર્યું હતું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું કહે છે?

**શ્રોતા :-** ... પાટલા છે પણ ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા બધાય. .. બધાય બનાવે લે બધા. અમારે એ ભાઈ કૈલાસચંદજી બેસવું હજી કઠણ પડે છે ઉદ્દેશિકને એ. ખબર છે. પણ હળવે હળવે બેઠસે હળવે હલવે. આ તો અમારો પહેલેથી પ્રશ્ન છે. ૬૮ની સાલથી. કેટલા વર્ષ થયા? ૬૪ વર્ષ થયા. ગુરુે પૂછ્યું પછી મેં. આપણને ખબર નહિ. આ કહે છે કે ભાઈ એક મહારાજ કહે છે કે અપાસરા જેને માટે બનાવ્યા એ વાપરે એ સાધુ નહિ. એણે જવાબ આપ્યો. એ .. રાણપરમાં. કે ભાઈ તમારા ભાઈ છે ખુશાલભાઈ. મોટા ભાઈ છે ને. એણે તમારા માટે મકાન બનાવ્યા હોય તમે વાપરો તો એમાં શું? વાપરે એ જ પાપ છે કીધું. ઉદ્‌ગમન દોષ છે. સો પ્રકારના પાપ છે એમાં. સમજાણું કાંઈ?

કોઈપણ વસ્તુ એને માટે બનાવી અને લે એ સાધુ છે નહિ. ભ્રષ્ટ છે. પછી એણે જરી એમ કે આ દીક્ષા લે છે અને હું ચોખ્ખું કહીશ તો દીક્ષા નહિ લે. દીક્ષા .. પછી એવી ચોખવટ ન કરી પણ પછી મેં તો દુકાન છોડી દીધી હતી ને. તો પછી દીક્ષા લઈ લ્યો કીધું. સમજાણું કાંઈ? પછી અમને પાઠ બતાવ્યો. દસવૈકાલિકનું આઠમું અધ્યયન છે. કંઠસ્થ હતું ને. એ વખતે કંઠસ્થ કર્યું હતું. .. ૬૮ની સાલમાં. જુઓ જે કોઈ જેને માટે બનાવ્યું

હોય એ લે તો અનુમોદન કરે છે. નવ કોટી તૂટે છે. એને ત્યાગની નવ કોટી રહેતી નથી. એય..! દશવૈકાલિકનું આઠમું અધ્યયન છે. અહીં તો ઘણા વખતથી પરિચય હતો ને. વાંચતા હતા ને સ્વતંત્ર હતા. આહા..હા..!

તો અહીં કહે છે કે એ વિકારનો પ્રશ્ન ૭૧માં ઉઠ્યો. આ પ્રશ્ન ૬૮માં ઉઠ્યો સદોષ આહારપાણીનો. ૭૧માં એ પ્રશ્ન ઉઠ્યો કર્મથી વિકાર થાય. બિલકુલ જૂઠ વાત છે કીધું. વિકાર પોતાથી થાય છે. હમણાં આવશે. અહીંયાં તો એટલું લે છે. '**એ રીતે પોતાના અજ્ઞાનમય ભાવોનું કારણ પોતે જ થાય છે.**' મિથ્યાદૃષ્ટિ પોતાની વિપરીત શ્રદ્ધા અને રાગ-દ્વેષનો કર્તા સ્વયં થાય છે. કર્મને કારણે નહિ. છે સ્વયમેવ? '**પોતે જ થાય છે.**' કર્મ છે તો આ વિકાર કરવો પડ્યો એમ છે નહિ. એ આવશે હવે.

'**મિથ્યાત્વાદિનો ઉદય થવો,...**' જૂના કર્મ. '**નવાં પુદ્‌ગલોનું કર્મરૂપે પરિણમવું તથા બંધાવું, અને જીવનું પોતાના અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમવું—એ ત્રણેય એક સમયે જ થાય છે;...**' શું કહે છે? બહુ .. આહા..હા..! જૂના કર્મનું ઉદય થવું અને નવા કર્મનું એ જ સમયે બંધાવું અને એ જ સમયે અજ્ઞાનીને રાગદ્વેષ એને નિમિત્ત થાય એ જ સમયે રાગદ્વેષ આત્મા પોતે કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોને પડી એટલી બધી? જે માથે કહે જય નારાયણ.

અમારે શેઠ કહે છે શોભાલાલજી. કે પંડિતો કહેતા હતા એ માનતા હતા. એ તો મહા શેઠિયા છે. શેઠ! વાત સાચી. પણ વિચાર કરે. વાત સાચી. આહા..હા..! આ તો વીતરાગમાર્ગ ભાઈ! જેમાં સદોષનો કણ પણ ન કરી શકે. વીતરાગમાર્ગ છે. આહા..હા..! દોષને દોષ કબુલે નહિ તો તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? દોષ હોય, પણ દોષને ન માને અને લાભ છે એ મિથ્યાત્વ છે, વિપરીત માન્યતા છે, બાપુ! એ પ્રશ્ન તો અમે મારવાડમાં ગયા હતા ૬૯ની સાલમાં જોધપુર. મારવાડ છે જોધપુર. શિવલાલજીનું ચોમાસું હતું. મારવાડ છે શિવલાલજી સ્થાનકવાસી. તો એ લોકો અપાસરામાં ન ઉતરે. કોઈનું ખાલી મકાન હતું.. શિવલાલજી અહીં ચોમાસુ રહી ગયા હતા. રાજકોટ, મોરબી. ત્યાં પણ હું ગયો હતો. એ દીક્ષા નહોતી લીધી.. ત્યાં પ્રશ્ન કર્યો હતો જોધપુર. કે સાધુ માટે આહાર-પાણી આદિ બનાવે અને મકાન બનાવે એ લે તો શું? કે દોષ છે. સાધુ નહિ. ઓહો..! વાત સાચી કીધું.

**શ્રોતા :-** મકાન તો બંધાઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મકાન બની ગયું પણ કોને માટે બનાવ્યું? બનાવ્યું. એને માટે બનાવ્યું. નહિ, (ઉપયોગ) ન કરી શકે સાધુ. એને માટે બનાવ્યા હોય એ વાપરી ન શકે. જેમ આહાર-પાણી એને માટે બનાવ્યા એ લઈ ન શકે. બંધ અધિકારમાં આવ્યું સમયસારમાં.

આધાકર્મી એને કહીએ કે કરવું અને કરાવ્યું હોય અને ઉદ્દેશિક. પણ ઉદ્દેશિક એને કહીએ કરાવ્યું ન હોય, પણ એને માટે બનાવ્યું એ લે તો એ ઉદ્દેશિક છે. આધાકર્મી નથી. બેમાં

ફેર છે. આધાકર્મી અને ઉદ્દેશિક બેમાં ફેર છે. દોષ બેય છે. મોટી આ ચર્ચા થઈ હતી. આ તો અમારે ૬૯ની સાલથી. આહારનું કહ્યું હોય કે કરો કે એની પાસે કરાવ્યું હોય તો આધાકર્મી કહેવાય. આધાકર્મી. બે દોષ છે. એક આધાકર્મી અને એક ઉદ્દેશિક. અને એને માટે કર્યા હોય અને પોતે કરાવ્યો ન હોય અને લે તો એ ઉદ્દેશિક છે. મોટી ચર્ચા છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ હોય? બધા જતા ને અમારે હીરાજી મહારાજને. ગામડામાં જતા હતા. ત્યાં દસબાર ઘર હોય તો પહેલા તો નવ વાગે, સાડા નવ વાગે ગામમાં જાય. ગામ બહાર બેસે. ટાઈમ થઈ જાય, લોટ બંધાઈ જાય. દાળ-ભાત બની ગયા. રોટલી તૈયાર કરતા હોય ત્યારે ગામમાં જાય. જઈને તરત જે બે રોટલી કરતા હોય. ભાત-દાળ તો તૈયાર થઈ ગયા હોય, રોટલી કરતા હોય તો એટલું લઈ લે. પછી બપોરે વ્યાખ્યાન કરે. હીરાજી મહારાજને એ બધા. બહુ સરળ હતા ભદ્રીક. પણ દૃષ્ટિ મિથ્યાત્વ. વસ્તુ તો આ ક્યાં હતી? પછી બપોરે જાય. જે કોઈ સાધુ માટે.. કારણ કે પાછા આવે ને. વર્ષે-બે વર્ષે આવે તો લઈ લે. કોઈ સાધુ માટે બનાવશે તો ગર્ભમાં.. ગર્ભમાં મરી જાય જો સાધુ માટે બનાવે તો. બહુ કડક હતા.

**શ્રોતા :—** પહેલામાં પહેલો એ ઉપદેશ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોટો ઉપદેશ એનો. હીરાજી મહારાજનો પહેલો ઉપદેશ. ગામડામાં જાય તો એ જ ઉપદેશ કરે. એના માટે કરેલું બિલકુલ લે નહિ. બિલકુલ નહિ. સખત. વસ્ત્ર કોઈ વેચાતુ લાવીને દે તો બિલકુલ નહિ. સમજ્યા? બદામ-પિસ્તા .. શું કહે? વૈક્રિયક. .. નિર્દોષ હોય તો લે નહિતર નહિ. બહુ સખત ક્રિયા. કેટલા દિવસ તો ઉના પાણી વિના ચલાવે. નિર્દોષ પાણી ન મળે. એની માટે બનાવ્યા સિવાયનું ન મળે. મઠ્ઠો વાપરે. છાશ. છાશ અને રોટલી બસ. દાળ પણ નહિ અને ભાત પણ નહિ અને પાણી પણ નહિ. એ તો અમે પણ એવું કર્યું હતું ને. ઘણા વર્ષ સુધી કર્યું. એ તો રાગની મંદક્રિયા છે. એ કોઈ ધર્મ નથી. સમજાણું કાંઈ? નિર્દોષ લેવાનો ભાવ પણ શુભ છે. એ કાંઈ ધર્મ નથી. પરતરફનું લક્ષ છે ને. એષણા સમિતિ ને એષણા સમિતિ. પાંચ સમિતિ છે. ઈર્યા, ભાષા, એષણા, એ એષણામાં નિર્દોષ ગોતે એ. સદોષ હોય તો એ એષણા નહિ. એષણા સમિતિનો ભંગ થઈ ગયો. સમજાણું કાંઈ? એ તો બહુ ચર્ચા થઈ હતી. આ ચર્ચા ૭૧માં થઈ હતી.

અહીં કહે છે આચાર્ય કે કર્મના ઉદય સ્વતંત્ર છે નવું બંધન એ સ્વતંત્ર છે અને આત્મા વિકાર કરે એ પોતાથી સ્વતંત્ર છે. કર્મનો ઉદય આવ્યો તો વિકાર કર્યો એમ પણ નથી અને વિકાર કર્યો તો પુદ્ગલને પરિણમવું પડ્યું બંધનમાં. એમ પણ નહિ. પુદ્ગલ સ્વયં પોતાથી પરિણમે છે. ઝીણી વાત બહુ ભારે.

**શ્રોતા :-** સ્વતંત્ર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધું સ્વતંત્ર છે. આહા..હા..! હવે આવશે વિશેષ. જુઓ!

‘**એ ત્રણેય એક સમયે જ થાય છે; સૌ સ્વતંત્રપણે પોતાની મેળે જ પરિણમે છે, કોઈ કોઈને પરિણમાવતું નથી.**’ કર્મ આત્માને વિકાર કરાવતો નથી. હવે એ વાત આવશે લ્યો. ૧૩૭-૩૮.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું કહે છે?

**શ્રોતા :-** જૂની માન્યતા છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જૂની માન્યતા છે ને બધામાં છે. શ્વેતાંબરમાં તો એમ છે વિશેષ જાણકાર હોય અને એને માટે બનાવ્યા લે તો પાપ માને છે. આપણે પણ આવે છે.

૧૩૭-૧૩૮ ‘**જીવથી જુદું જ પુદ્ગલદ્રવ્યનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છે :—**’ શું કહે છે? પુદ્ગલ જે નવા બને એ એને કારણે છે. જીવે રાગ-દ્વેષ કર્યો તો બંધન થયું એમ છે નહિ. ભારે વાત! છે? ૧૩૭-૧૩૮. ‘**એમ હવે પ્રતિપાદન કરે છે...**’ છે? ૧૩૭-૧૩૮ ઉપર. ‘**જીવથી જુદું જ પુદ્ગલદ્રવ્યનું પરિણામ છે એ હવે પ્રતિપાદન કરે છે :—**’ અર્થાત્ જીવે રાગ-દ્વેષ કર્યો તો પુદ્ગલના પરિણમન થયું એમ નથી. જીવે રાગ-દ્વેષ પોતે સ્વતંત્ર કર્યો, બે મળીને નહિ અને કર્મનું પરિણમન સ્વતંત્ર છે. જીવ અને પુદ્ગલ બે મળીને કર્મનું પરિણમન થયું એમ પણ નહિ. આવી વાતું છે. જુઓ!

**जइ जीवेण सह च्चिय पोग्गलदव्वस्स कम्मपरिणामो।**
**एवं पोग्गलजीवा हु दो वि कम्मत्तमावण्णा।।१३७।।**
**एक्कस्स दु परिणामो पोग्गलदव्वस्स कम्मभावेण।**
**ता जीवभावहेदूहिं वीणा कम्मस्स परिणामो।।१३८।।**

નીચે હરિગીત.

**જો કર્મરૂપ પરિણામ, જીવ ભેળા જ, પુદ્ગલના બને,**
**તો જીવ ને પુદ્ગલ ઉભય પણ કર્મપણું પામે અરે! ૧૩૭.**
**પણ કર્મભાવે પરિણમન છે એક પુદ્ગલદ્રવ્યને,**
**જીવ ભાવહેતુથી અલગ, તેથી, કર્મના પરિણામ છે. ૧૩૮.**

ટીકા. જરી શાંતિથી સમજવું. ઝીણી વાત છે ભાઈ! આ તો ગંભીર વાત છે.

છે ટીકા? ‘**ટીકા :—જો પુદ્ગલદ્રવ્યને, કર્મપરિણામના નિમિત્તભૂત...**’ નવા કર્મ જે પોતાથી બંધાય છે એમાં નિમિત્તભૂત ‘**રાગાદિ-અજ્ઞાનપરિણામે પરિણમેલા જીવની સાથે જ...**’ રાગાદિ-અજ્ઞાનપરિણામે પરિણમેલા જીવની સાથે જ ‘**(અર્થાત્ બન્ને ભેગાં મળીને જ)...**’ શું કહે છે? જીવે રાગ-દ્વેષ કર્યો અને કર્મ બંધનમાં પરિણમન કર્મથી થયું તો બે રાગ-દ્વેષ અને કર્મનું પરિણમન, બે મળીને કર્મના પરિણામ થયા એમ છે નહિ. આવી

વાત છે. અરે.. ભાઈ આ તો વીતરાગમાર્ગ છે ને. આહા..હા..!

ફરીને. '**જો પુદ્‌ગલદ્રવ્યને, કર્મપરિણામના...**' નવા જે પુદ્‌ગલ પરિણમન કર્મ બને છે ને? એ ત્યાં સુધી અહીં લેવું. '**પુદ્‌ગલદ્રવ્યને, કર્મપરિણામ...**' નવા બંધાય એ. એના '**નિમિત્તભૂત એવા રાગાદિ-અજ્ઞાનપરિણામે...**' એના નિમિત્તભૂત અજ્ઞાન રાગ-દ્વેષના પરિણામ '**જીવની સાથે જ...**' એટલે પુદ્‌ગલ દ્રવ્યનું પરિણમન રાગ અને જીવ પુદ્‌ગલ .. બે મળીને થાય છે. બે મળીને થાય છે.

'**કર્મરૂપ પરિણામ થાય છે—એમ વિતર્ક કરવામાં આવે તો,...**' જૂઠ છે. કર્મના પરિણમન નવા બંધાય એમાં વિકારરૂપ પરિણામ થયા અને કર્મ બે મળીને કર્મના પરિણમન થાય એમ છે નહિ. જીવે વિકાર કર્યો અને કર્મ પરિણમન કર્મથી થયું તો એ કર્મ પરિણામ કર્મથી થયા એણે રાગ કર્યો તો રાગથી પણ થયું અને પુદ્‌ગલથી પણ થયું એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**એમ વિતર્ક કરવામાં આવે તો, જેમ ભેળા થયેલાં હળદર અને ફટકડી બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે તેમ, પુદ્‌ગલદ્રવ્ય અને જીવ બન્નેને કર્મરૂપ પરિણામ આવી પડે.**' જીવ અને પુદ્‌ગલના પરિણામ બેથી પુદ્‌ગલના પરિણામ થાય એવી આપત્તિ આવી પડે. બેથી છે નહિ. પુદ્‌ગલના પરિણામ પુદ્‌ગલથી છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેમ ફટકડી અને હળદર બે મળીને લાલ રંગ થાય છે એમ નવા કર્મમાં પોતાથી બંધાય અને રાગ-દ્વેષની સાથે પણ એ કર્મપરિણામ થયા. એ રાગ-દ્વેષ થયો તો એને (કર્મને કારણે) કરવું પડ્યું એમ છે નહિ. આવી વાતું હવે. કહો, પ્રેમચંદભાઈ!

નવા કર્મ બંધાય એ સ્વયમેવ પોતાના પરિણામથી બંધાય છે. પણ અહીં કહે છે કે નવા બંધાય અને અહીં રાગ-દ્વેષ થયો બે મળીને નવું પરિણામન થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? જૂના કર્મ અને રાગ-દ્વેષ બે મળીને જૂના.. આ જૂનાની વાત નથી આ નવાની વાત છે આ તો. આ તો નવાની બંધની વાત છે ને. '**પુદ્‌ગલદ્રવ્યને, કર્મપરિણાના નિમિત્તભૂત...**' નવા બંધાય એવી વાત છે. '**એવા રાગાદિ-અજ્ઞાનપરિણામે પરિણમેલા જીવની સાથે જ કર્મરૂપ પરિણામ થાય છે—એમ વિતર્ક કરવામાં આવે તો, જેમ ભેળાં થયેલાં હળદર અને ફટકડી બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે તેમ, પુદ્‌ગલદ્રવ્ય અને જીવ બન્નેને કર્મરૂપ પરિણામ આવી પડે.**' આત્મા પણ પુદ્‌ગલ પરિણામ કરે અને પુદ્‌ગલ પરિણામ પુદ્‌ગલ પરિણામ કરે બે મળીને થાય એમ છે નહિ.

જુઓ આ દૃષ્ટાંત. આ આંગળી છે ને આંગળી? આંગળીના એવા પરિણામ પુદ્‌ગલના છે. અંદર વિકલ્પ આવ્યો કે આંગળી ચલાવું તો વિકલ્પથી અને આંગળથી બે મળીને આંગળી હલી એમ છે નહિ. વિકલ્પ ભિન્ન છે, આ પર્યાય પુદ્‌ગલની ભિન્ન છે. તો પુદ્‌ગલની પર્યાયથી થયું અને રાગ થયો તો રાગ અને આ પર્યાય બે મળીને એવી પર્યાય થઈ એમ છે નહિ.

મુળચંદભાઈ! આવી વાતું. સમજાય છે કે નહિ? આ બધા વેપારીને એની એ વાતું આખો દિ' હોય. તર્ક નવા ન હોય. આ ભાવ ને આ ભાવ ને આ ભાવ. એ જ કીધા કરે. નવું કાંઈ નહિ. અને વકિલાતને નવું નવું કરવું પડે દરરજો. પોપટભાઈ! આ લાદીનો આ ભાવ અને ફલાણું એટલું ગોખી રાખ્યું હોય અને પછી કીધે રાખે. આહા..હા..!

સાંભળો. અહીંયાં ભગવાન આચાર્ય એમ કહે છે કે નવા પુદ્‌ગલ જે બને છે એ પોતાના સ્વયમેવ પરિણામથી બને છે. જીવે રાગ કર્યો, જીવના રાગ પરિણામ અને પુદ્‌ગલના પરિણામ બેય મળીને પુદ્‌ગલના પરિણામ થયા એમ છે નહિ. સમજાણું કે નહિ? એય.. શેઠ! પહેલા ખ્યાલમાં તો આવે, પછી માનેને ભાઈ! આહા..હા..! આ દૃષ્ટાંત દીધું નહિ? આ જડ છે પરમાણુ, તો પરમાણુની એવી ગતિ થઈ, તો એ ગતિ પરમાણુએ પણ કરી અને એણે ઈચ્છા કરી એણે પણ એ ગતિ કરાવી. બે મળીને એમ થતું નથી. સમજાણું કાંઈ?

આ લાકડી જુઓ. આ લાકડી આમ ચાલે એ પરિણામ પુદ્‌ગલના જડના. એણે પણ કરી અને આંગળી મળી તો આંગળી અને એને બેયે મળીને પુદ્‌ગલના પરિણામ કર્યા એમ છે નહિ. આહા..હા..! જરી સૂક્ષ્મ વાત છે, ભગવાન! આહા..હા..! આ તો ત્રણ લોકના નાથ, સમય સમયની સ્વતંત્રતા. કોઈની સાથે કોઈને સંબંધ છે જ નહિ. આહા..હા..! ઓલી વાત પછી આવશે હોં. કે કર્મ અને આત્મા મળીને વિકાર કરે એ પછી આવશે. અહીં તો આત્મા અને કર્મ બે મળીને કર્મના પરિણામ થાય. એ વાત અહીંયાં ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેથી જીવનું રાગાદિ-અજ્ઞાનપરિણામ કે જે કર્મનું નિમિત્ત છે તેનાથી જુદું જ...'** છે. પુદ્‌ગલ નવા કર્મ પરિણમન થયું એ જીવનો રાગ એનાથી ભિન્ન છે. એ જીવનો રાગ અને કર્મના પરિણમન બે મળીને કર્મના પરિણામ થયા એમ છે નહિ. એય.. સુજાનમલજી! આહા..હા..! જુઓ. આ પાનું આમ થયું. તો કહે છે કે એ પુદ્‌ગલ પરમાણુની પર્યાય આમ થઈ. તો એમાં આંગળી આવી માટે થઈ, આંગળી મળી અને એ પરિણામ એમ થયા એમ છે નહિ. આંગળી આમ થઈ એ તો એના પરિણામમાં થયું. અને આંગળીના પરિણામ અને અના પરિણામ બે મળીને હલી એમ પણ નથી. સમજાણું કાંઈ? એય.. હિંમતભાઈ!

અમારે એક કહેતા હતા. હીરાચંદ માસ્તર હતા. હીરાચંદ માસ્તર હતાને એ કહેતાં કે અમે માસ્તર બધા શું કહેવાય ભાઈ? પંતુ કહેવાઈએ. કેમ? કે અમારે જે શીખવું એની એ ભાષા બોલાય. નવા તર્ક તો હોય નહિ અમારે. રતિભાઈના બાપ હતા. હમણા ત્યાં ગયા છે મુંબઈ. એ કહે અમે પંતુ કહેવાઈએ માસ્તરો. કારણ કે અમારે તો ભાષા શીખે એ કહેવાની. નવું કોઈ તર્કથી ન્યાય કરવો એવું તો હોય નહિ કાંઈ. આનો આ ભાવ, આનો આ ભાવ જે કહી દીધો હોય એ કીધા કરીએ. એ લાવે તો એ પૈસા.. એમાં કાંઈ નવા તર્ક ન હોય.

અહીંયાં તો ત્રણ લોકનો નાથ સમય સમયના નવા તર્કથી સિદ્ધ કરે છે. આહા..હા..!

કે કર્મ જે બંધાય એ કર્મની પર્યાય પરિણમન થયું એ પુદ્ગલથી થયું છે. રાગ અને દ્વેષ અને કર્મના પરિણામ બે મળીને કર્મના પરિણામ થયા એમ છે નહિ. આહા..હા..!

'**ભાવાર્થ :- જો પુદ્ગલદ્રવ્ય અને જીવ ભેળાં થઈને કર્મરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો...**' છે? '**પુદ્ગલદ્રવ્ય...**' એટલે નવા પરિણમન પુદ્ગલનાં. અને સાથે જીવદ્રવ્ય '**ભેળા થઈને કર્મરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો બન્નેને કર્મરૂપે પરિણામ ઠરે.**' તો જડના પરિણામ જીવે કર્યા અને જડે પણ કર્યા એમ થઈ જાય. '**પરંતુ જીવ તો જડ કર્મરૂપે કદી પરિણમી શકતો નથી;...**' હવે આ વાંચે એની મેળાએ સમજે શું? એક જણો કહેતો હતો પંદર દિ'માં વાંચી ગયો હું સમયસાર. બહુ સારી વાત છે કીધું. તમે બહુ વખાણ કરો છો કે સમયસાર ભારે ઊંચી ચીજ. અંગ્રેજીના ભણતરવાળો ક, કા, એ, બી, સી એવા શબ્દ વાંચી જાય પણ એનો ભાવ મેળવી શકે નહિ. આહા..હા..!

બાપુ! આ તો વીતરાગની વાણી છે. કેવળજ્ઞાનના કેડાયતો સંતો જગત પાસે જાહેર કરે છે. ભગવાન! સાંભળતો ખરો કે કર્મ જે સમયે બને એ કર્મના પરિણામ સ્વયં પુદ્ગલ કરે છે. એ કર્મના પરિણમનમાં આત્મા રાગ-દ્વેષ કર્યો, રાગ-દ્વેષે કર્મ પરિણામ કર્યા અને કર્મે કર્મપરિણામ કર્યા બે મળીને એમ બનતું નથી. આહા..હા..! એ કર્મપરિણામ જે થયા એ વિકારી પરિણામથી ભિન્ન થયા અને પરિણમન થયું, વિકારી પરિણામ એનાથી ભિન્ન છે. બે મળીને કર્મરૂપ બંધન થાય છે એમ છે નહિ. આહા..હા..! આવી વાત છે. આ તો હિન્દી ચાલે છે. ગુજરાતી ચાલે તો ભારે મુશ્કેલ પડે.

'**પુદ્ગલદ્રવ્યથી જુદું જ જીવનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છે :- —**' લ્યો એ. છે ને? ૧૩૯-૧૪૦.

जीवस्स दु कम्मेण य सह परिणामा हु होंति रागादी।
एवं जीवो कम्मं च दोवि रागादिमावण्णा।।१३९।।
एक्कस्स दु परिणामो जायदि जीवस्स रागमादीहिं।
ता कम्मोदयहेदूहिं विणा जीवस्स परिणामो।।१४०।।

નીચે હરિગીત.

**જીવનાં, કરમ ભેળા જ, જો પરિણામ રાગાદિક બને,**
**તો કર્મ ને જીવ ઉભય પણ રાગાદિપણું પામે અરેહ ૧૩૯.**
**પણ પરિણમન રાગાદિરૂપ તો થાય છે જીવ એકને,**
**તેથી જ કર્મોદયનિમિત્તથી અલગ જીવપરિણામ છે. ૧૪૦.**

આહા..હા..! હવે આમાં જીવ માટે આવ્યું.

'**ટીકા :—જો જીવને,...**' ટીકા છે? '**રાગાદિ-અજ્ઞાનપરિણામના નિમિત્તભૂત...**' જીવ રાગ-દ્વેષ અને અજ્ઞાનભાવ કરે છે એમાં જૂના કર્મ નિમિત્તભૂત. જૂના કર્મ. પહેલાં જે

આવ્યું હતું એ નવા કર્મ બને છે એમાં કર્મે પણ પરિણમન કર્યા બંધના અને રાગ-દ્વેષ મળીને કર્યા એ પુદ્‌ગલના પરિણામ નવા બંધની વાત હતી. હવે અહીંયાં આત્માને જૂના કર્મ નિમિત્ત છે અને અહીંયાં રાગ-દ્વેષ અજ્ઞાની કરે છે તો એ રાગદ્વેષ કર્મમમાં નિમિત્ત છે તો એણે પણ રાગ-દ્વેષ કર્યો અને આત્માએ પણ રાગ-દ્વેષ કર્યો એમ બે મળીને રાગ-દ્વેષ થતો નથી.

જેમ ઓલા પુદ્‌ગલ નવા બંધનમાં પુદ્‌ગલ સ્વતંત્ર પરિણમન કરીને બને છે એમાં જીવે રાગ-દ્વેષ કર્યો બે મળીને પુદ્‌ગલના પરિણામ થાય એમ છે નહિ. અહીંયાં એમ કહે છે કે જીવના, પૂર્વના કર્મના ઉદય, પરિણમન થયું, એની સાથે અહીં રાગ-દ્વેષ કર્યો તો રાગ-દ્વેષે કર્મ પણ કર્યો, ઉદયે રાગ-દ્વેષ કરાવ્યા અને જીવે પણ રાગ-દ્વેષ કર્યા, બે મળીને રાગ-દ્વેષ કરે એમ બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મોટી તકરાર અત્યારે આ છે. સાધુઓ પણ એમ કહે છે. આ સુખસાગરની વાત આવી હતી. ધર્મસાગરમાંથી જુદા પડ્યા ને સુખસાગર છે ને. ખબર છે ને બધી ખબર છે. અહીં શાંતિસાગર આવી ગયા. ૨૪ કલાક રહ્યા ૯૭ની સાથે. આહા..હા..! એ આવે બધા વ્યાખ્યાનમાં બેઠતા. એ જ કહેતા હતા એ. રામજીભાઈને ખબર છે બધી. .. નગ્નપણું થયું એ. પણ કર્મ છૂટ્યા વિના શું કરે? એમ બોલતા હતા. એ તત્ત્વ ભિન્ન ચીજ. એમાં કાંઈ ન મળે. અહીં ભાષણ આપ્યું સ્વાધ્યાય મંદિરમાં. ૯૭ના પોષ માસ. ૧૯૯૭.

**શ્રોતા :-** શિવસાગરની સાથે આવ્યા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના શિવસાગર નહિ. એકલા એ. એક અને બીજા નવા સાધુ થયા. પાલીતાણામાં દીક્ષા દીધી. ૯૭માં. એ બે આવ્યા હતા. શિવસાગર નહોતા. નવા છે. નામ ભૂલી ગયા. ત્યાં નહોતા તમે ત્યાં? ભાઈ નહોતા. તમે પણ નહોતા. એ સાધુ થયા હતા ત્યાં. પાલિતાણા દીક્ષા આપી હતી નવી. નવા અને બે આવ્યા હતા. સાથે સંત હતા. સાથે સંત હતા. અહીં ભાષણ કર્યું હતું. ભાઈ! અમે કપડા તો છોડી દીધા પણ કર્મ છૂટ્યા વિના કેવી રીતે ત્યાગ થાય? એમ કહેતા હતા. માણસ ભદ્રીક હતા હોં. .. એવા નહોતા. કષાય મંદ હતો. પણ આ વસ્તુ નહોતી તો કરે શું?

અને એક પ્રશ્ન એવો કર્યો કે સાધુ પણ ૩૨ વાર દ્રવ્યચારિત્ર આવે તો ભાવચારિત્ર આવે. બહુ પ્રશ્ન થયા. મહારાજ! એમ નથી. ૩૨ વાર દ્રવ્યચારિત્ર અને ભાવચારિત્ર તો અનંતવાર આવ્યા. ગોમ્મટસારમાં ૩૨ તો ભાવચારિત્રની વાત છે. ૩૨વાર ભાવચારિત્ર આવે તો મોક્ષ થયા વિના રહે નહિ. એ ચર્ચા થઈ હતી. ૯૭માં ચર્ચા થઈ હતી. ૨૪ કલાક રહ્યા હતા. પોષ વદ ૧૪. અપવાસ હતો. એટલે યાદ રહી ગયું. નહિતર યાદ શેનું રહે? આવું હોય તો એ યાદ રહી જાય. એ કારણે યાદ રહી જાય. બરાબર પોષ વદ ચૌદશ હતી. ચૌદશના અપવાસ કરતા ને. એટલે અપવાસ યાદ. તેરશને દિવસે આવ્યા હતા અને ચૌદશે બપોરે ચાલ્યા ગયા અહીંથી. અપવાસ હતો. ૯૭ પોષ વદ તેરશ-ચૌદશ. તેરશે આવ્યા

ચૌદશે ગયા. નરમ માણસ હો. કષાય મંદ. માથે .. ફલાણું એમ નહિ, નરમ માણસ પણ આ નહિ. એ સંપ્રદાયમાં નથી. આહા..હા..!

અહીં એ કહે છે જુઓ! '**જો જીવને, રાગાદિ-અજ્ઞાનપરિણામના...**' અજ્ઞાન પરિણામ છે ને રાગ-દ્વેષાદિ અજ્ઞાન પરિણામ છે. એ કાંઈ ધર્મ પરિણામ નથી. આહા..હા..! ક્યાં તમારો છોકરો ગયો છે ભાઈ! અમૃભાઈ! અહીં છે? આવ્યો છે? નહિ? આવ્યો છે. પાછળ બેસે છે પાછળ. શું કહે છે સાંભળો શાંતિથી. કે જીવને રાગ અને દ્વેષ અને મિથ્યાત્વ પરિણામ જીવ કરે છે તો '**નિમિત્તભૂત એવું જે ઉદયમાં આવેલું...**' પૂર્વના નિમિત્ત જે ઉદય આવ્યો એ '**પુદ્ગલકર્મ તેની સાથે જ...**' પુદ્ગલ કર્મ અને આત્મા રાગ '**(અર્થાત્ બન્ને ભેગાં મળીને જ), રાગાદિ-અજ્ઞાનપરિણામ થાય છે—**' એમ છે નહિ. આહા..હા..!

પહેલાં એ વાત આવી હતી કે જેમ અજ્ઞાની રાગ-દ્વેષ કરે છે તો પુદ્ગલના નવા કર્મ બંધ થાય છે. પણ પુદ્ગલના બંધમાં પુદ્ગલ સ્વતંત્ર બંધરૂપ પરિણમન કરે છે અને રાગ-દ્વેષ કર્યો માટે રાગ-દ્વેષ અને એને કર્મના પરિણામ થયા બે મળીને કર્મના પરિણામ થયા એમ પણ નહિ. હવે અહીંયાં આ બાજુ લે છે કે જીવમાં રાગ-દ્વેષ થાય છે તો પુદ્ગલના કર્મ થયા એમાં પણ રાગ-દ્વેષ કર્યા અને જીવે પણ રાગ-દ્વેષ કર્યા. બે મળીને રાગ-દ્વેષ કર્યા એમ પણ નથી. આહા..હા..! કર્મ ભિન્ન છે. જીવે પોતાથી સ્વતંત્ર રાગ-દ્વેષ કર્યા છે. કર્મથી નહિ.

**શ્રોતા :-** તો તો સ્વભાવ થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ એને એ ખબર હતી ને વાતની. તે દિ' વર્ણીજી સાથે વાત થઈ હતી. વર્ણીજી કહેતા સ્વભાવ જાય, સ્વભાવ છે પર્યાયનો કીધું. ફુલચંદજી. બહુ સારા પંડિતો બેઠા હતા. ત્યાં ગયા. સ્વામીજી એમ કહે છે કે વિકાર પોતાથી ષટ્કારક પરિણમન કર્તાકર્મ પર્યાયની થઈને પોતાથી થાય છે. પરના કારકની અપેક્ષા નહિ. એ અહીં કહે છે.

જીવ રાગ-દ્વેષ કરે છે તો પૂર્વના નિમિત્ત પણ રાગ-દ્વેષ કરાવે એને અને આત્મા પણ રાગ-દ્વેષ કરે. બે મળીને રાગ-દ્વેષ કરે એમ બનતું નથી. આહા..હા..! આ તો સમયસાર. દિવ્યધ્વનનો સાર છે. પ્રવચનસાર. દિવ્યધ્વનિ. આહા..હા..! આ ઓલું લખ્યું છે ને કાલે નહિ આવ્યું? શ્રમણસુતમાં. એમ કે ભગવાનની વાણી તો આવી છે કે અનંમાં ભાગે નીકળે, તો કોની વાણી સાચી? કોની ખોટી કહેવી? આહા..હા..! અરે.. પ્રભુ! જે આવ્યું છે એ પરમસત્ય છે. પરમસત્ય છે. દિગંબર સંતોએ સર્વજ્ઞની વાણી રચી છે તે પરમસત્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સંદેહને સ્થાન નથી. આહા..હા..! પાખંડી ૩૬૪ પાખંડ ભગવાન તો કહ્યા જૂઠા છે. એને સ્વરૂપની દૃષ્ટિની ખબર નથી. ૩૬૩ પાખંડ ચાલે છે. એને ખોટા ઠરાવ્યા છે. તો તમારું પણ સાચું અને અમારું પણ સાચું એમ નથી ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જીવને, રાગાદિ-**' પુણ્ય-પાપના ભાવ એ અજ્ઞાનપરિણામ છે. એને '**નિમિત્તભૂત એવું જે ઉદયમાં આવેલું...**' છે. જૂના હો. પહેલા હતા એ નવા કર્મની સાથે વાત હતી. આ હવે જૂના કર્મની વાત છે. હોય. અહીંયાં કહે છે કે જીવ પોતાથી વિકાર કરે અને કર્મ પણ વિકાર કરાવે, જૂના કર્મ આત્માને વિકાર કરાવે અને પોતે કરે. બે મળીને વિકાર કરે એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જીવને, રાગાદિ-**' એટલે પુણ્ય-પાપભાવ આદિ '**અજ્ઞાનપરિણામના નિમિત્તભૂત એવું જે ઉદયમાં...**' જૂના કર્મ. એ '**પુદ્‌ગલકર્મ તેની સાથે જ (અર્થાત્ બન્ને ભેગાં મળીને જ),...**' કર્મ જૂના અને રાગ-દ્વેષ કરનારા જીવ બે અકત્રીત થઈને રાગ-દ્વેષ કરે છે '**રાગાદિ-અજ્ઞાનપરિણામ થાય છે—એમ વિતર્ક કરવામાં આવે તો, જેમ ભેળાં થયેલાં ફટકડી અને હળદર બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે તેમ, જીવ અને પુદ્‌ગલકર્મ બન્નેને રાગાદિ-અજ્ઞાનપરિણામ આવી પડે.**' રાગાદિ પરિણામ જીવ પણ કરે અને કર્મ પણ કરે. એમ બનતું નથી. કર્મ તો જડ છે. આહા..હા..! 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' એ તો છે સામે ભિન્ન.. આહા..હા..! જૂના કર્મ આવ્યા તો વિકાર કરવો પડે એવી ચીજ નથી. એમ કહે છે. જૂના કર્મ પોતાથી ઉદયમાં આવ્યા છે, જીવ પોતાથી રાગ-દ્વેષ કરે છે, બસ. આહા..હા..! ભારે વાતું ભાઈ! આ ઉપાદા-નિમિત્તના ઝઘડા મોટા.

'**જીવ અને પુદ્‌ગલકર્મ બન્નેને રાગાદિ-અજ્ઞાનપરિણામ આવી પડે.**' તો કર્મ પણ રાગ-દ્વેષ કરે અને જીવ પણ રાગ-દ્વેષ કરે. બે મળીને. એમ બનતું નથી. સમજાણું કાંઈ? આ તો ન્યાયનો વિષય છે, ભાઈ! આહા..હા..! પ્રત્યેક પદાર્થ સ્વતંત્ર છે. કર્મ પણ પોતાના પરિણામમાં સ્વતંત્ર છે અને જીવ પણ પોતાના રાગ-દ્વેષ કરવામાં સ્વતંત્ર છે. પરના કર્મનો ઉદય આવ્યો તો વિકાર કરવો પડ્યો એમ પણ નથી અને વિકાર જીવે કર્યો તો પુદ્‌ગલને બંધન કરવું પડે એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. એ કરતા દયા પાળો, વ્રત પાળો ધર્મ. ધૂળેય નથી સાંભળને હવે. એ તત્ત્વની વાતની ખબર વિના તને. એય..! અનંતવાર કર્યા નવમી ગ્રૈવેયક. આહા..હા..!

'**જેમ ભેળાં થયેલાં પટકડી અને હળદર...**' ફટકડી સફેદ હોય, હળદર પીળી હોય બે મળીને લાલ રંગ થાય છે. એમ કર્મ અને આત્મા બે મળીને વિકાર કરે તો બેનો રાગ થાય, જીવનો પણ રાગ-દ્વેષ, કર્મનો રાગ-દ્વેષ એમ બનતું નથી. આહા..હા..! અંદર છે, પાઠ છે. આહા..હા..! '**પરંતુ જીવને એકને જ રાગાદિ-અજ્ઞાનપરિણામ તો થાય છે;...**' દેખો. કર્મ અને રાગ-દ્વેષ કરીને બે મળીને રાગ-દ્વેષ થાય એમ છે નહિ. આહા..હા..! કર્મનો ઉદય ભિન્ન જડની પર્યાય છે. રાગ પણ ચૈતન્યની વિકારી પર્યાય છે. તો કર્મના ઉદયે મળીને રાગ-દ્વેષના પરિણામ કર્યા જીવે એમ છે નહિ. આહા..હા..!

'**તેથી પુદ્‌ગલકર્મનો ઉદય કે જે રાગાદિપરિણામને નિમિત્ત છે...**' જૂના કર્મ વિકાર

થવામાં નિમિત્ત છે. **'તેનાથી જુદું જ જીવનું પરિણામ છે.'** પણ એ કર્મના ઉદયના નિમિત્તે જીવના પરિણામ ભિન્ન છે. આહા..હા..! ભારે વાત ભાઈ! આવી અટપટી વાતું. જીવ પોતે વિકાર કરે છે કર્મથી નહિ એમ સિદ્ધ કરવું છે અને કર્મ પોતાથી પરિણમે છે જીવના રાગ-દ્વેષથી નહિ. આહા..હા..! પ્રત્યેક પરમાણુ પોતાની પર્યાય કરે છે એમાં બીજાની જરૂર શું? આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક જ દોષ પોતાથી છે. કર્મના ઉદયે રાગ-દ્વેષે કરાવ્યા અને જીવે રાગ-દ્વેષ કર્યા બે મળીને રાગ-દ્વેષ કર્યા એમ છે નહિ. ફટકડી અને હળદર બે મળીને લાલરંગ થયો એમ કર્મના ઉદય અને રાગ-દ્વેષ બે મળીને રાગ-દ્વેષ થયા એમ છે નહિ. આવી વાતું. હવે ઘરે વાંચે તો આમાં શું સમજે? એ વાંચે તો ખબર પડે કે મેં આમ વાંચ્યું હતું અને એનો અર્થ આમ થાય. એ તો પહેલા દૃષ્ટાંત આપ્યો હતો ને માસ્તરનો.

અમારા માસ્તર એવા હતા. છોકરાઓ. હુશિયાર હોય એને કહે છે. સાધારણ છોકરા નહિ. બે-ચાર છોકરાને બોલાવે. આ પાઠ વાંચીને આવજો. અમે એનો અર્થ કરીશું. માસ્તર હતા. બૈરા નહોતા. રસોઈ કરે અને પછી અમારી સાથે વાત કરતા જાય. તમે વાંચીને આવ્યા છો? હવે એનો અર્થ કરુ છું હું. કે આવું તમને સમજાણું? ના ભાઈ એવું તો અમને નહોતા સમજ્યા. અમે તો બીજી રીતે સમજ્યા હતા. પણ ઓલો વાંચીને આવે તો એને ખબર પડે હું બીજું સમજું અને માસ્તર બીજો અર્થ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ઉપરથી સિદ્ધાંત આ લેવો છે. કે જ્યારે જીવ રાગ-દ્વેષ કરે છે તો એ સમયે નવા પુદ્‌ગલ પરિણમે છે તો પુદ્‌ગલ પરિણમનમાં રાગ-દ્વેષ પણ પુદ્‌ગલને પરિણમાવે અને પુદ્‌ગલ પણ .. પરિણમાવે એમ છે નહિ. એક વાત. પહેલી વાત. હવે આ બીજી વાત. પુદ્‌ગલ કર્મનો ઉદય થયો તે પુદ્‌ગલના પરિણામ છે. અને અહીં જીવ રાગ-દ્વેષ કરે એ જીવના ભાવ છે. અને રાગ-દ્વેષ જીવ પણ કરે અને પુદ્‌ગલના કર્મના ઉદય બેય મળીને રાગ-દ્વેષ કરે એમ છે નહિ. આહા..હા..! કેટલી સ્પષ્ટતા વાત કરી છે. ઓલા તો કહે નહિ કર્મના નિમિત્ત છે તો વિકાર થાય છે. નિમિત્ત છે તો વિકાર થાય. અત્યારે એ જ કરે છે. આવે છે ને આમાં શું કહેવાય? માસિક પત્રો. એ આવે છે બધામાં. આહા..હા..! .. સમાધાન એમાં આ નાખે.

ભગવાન! આત્મા સ્વયં પોતાથી વિકાર કરે છે. કર્મનું નિમિત્ત હોય, પણ નિમિત્તથી વિકાર થયો એમ નથી. કેમકે બે મળીને વિકાર થયો, જેમ ફટકડી અને હળદર મળીને લાલ રંગ થયો એમ કર્મ અને વિકાર બે મળીને વિકાર થયો એમ છે નહિ. આહા..હા..! શબ્દ તો સમજાય એવા છે ભાઈ. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે-ચાર-પાંચ વાર પછી આવે. આહા..હા..!

આ લાકડીનું દૃષ્ટાંત આપ્યું ને. લાકડી પોતાથી પરિણમે છે આમ. એ આંગળી એને પરિણમાવે અને એ પણ પરિણમે બે મળીને આમ પરિણમે એમ છે નહિ. સમજાણું કાંઈ? એમ આંગળી આમ પરિણમે તો આંગળી પોતાના પરિણામ અને પર પણ એ આંગળીના પરિણામ કરે બે મળીને આમ થતું નથી. આ પરિણામ બેથી નહિ, આ પરિણામ બેથી નહિ. એમ કર્મના નવા બંધનના પરિણામમાં સ્વતંત્ર પુદ્‌ગલ પરિણામ કરે છે. રાગ-દ્વેષ પણ કરાવે પુદ્‌ગલ પરિણામ અને પુદ્‌ગલ પણ બંધ કરાવે એમ છે નહિ.

હવે બીજી વાત. કર્મનો જે ઉદય છે એ વિકાર પણ કરાવે અને જીવ પણ વિકાર કરે બે મળીને વિકાર કરે એમ છે નહિ. આહા..હા..! આ ચીજ તો ભાઈ ગંભીર છે. વસ્તુનું સ્વરૂપ એ છે. એક એક સમયની પર્યાય સ્વતંત્ર પોતાથી છે, પરથી નહિ. પરની પર્યાય એનાથી છે આત્માથી નહિ. આત્માનો વિકાર પોતાથી છે પરથી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા વાત તો છે. અમારે .. શેઠ આવે છે ઘણીવાર. વહેલા આવે છે. પછી પાછળથી મજુરી કરે. સમજાણું કાંઈ? થોડી મજુરી ત્યાં કરે મોટા ઓલા મોભ હોય ને મોભ? .. ખીલા ઘણા છે. .. હોય ને લાકડી. દરેક લાકડીમાં .. ખીલા પડે. દરેકમાં. એ લાકડી આમ હોય એને એક જ ખીલો. અને મોભને બધામાં ખીલા. એમ મોટા પુરુષને બધા મમતાના ખીલા પડે. આહા..હા..! આ તો દૃષ્ટાંત છે ને.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ડાહ્યા તમે એક મોઢા આગળ બે જણા છો. પછી .. આ જાગ્યા તમારે છોકરાઓ ડાલચંદજીના. એ બધાને એ પ્રમાણે છે.

**શ્રોતા :-**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો બધાનો દાખલો આપ્યો છે. એકનો ક્યાં આપ્યો છે. આ તો દાખલો આપ્યો છે. આહા..હા..!

આમાં તો સ્વતંત્ર આત્મા વિકાર કરે છે, સ્વયં પોતાથી વિકાર કરે. કોઈ એમ કહે કર્મ છે તો વિકાર થયો તો એ વાતનો નિષેધ કરે છે. કર્મ કર્મમાં રહ્યો, વિકાર, વિકાર પોતાથી થયો છે. આ ચર્ચા મોટી થઈ હતી. મોટી ચર્ચા. તે દિ' હતા કે નહિ ભાઈ! આ ચર્ચા વર્ણીજી સાથે. હતા ત્યાં. ૧૯ વર્ષ ૧૩ની સાલ. એ ફુલચંદજીએ કહ્યું. ફુલચંદજીને મગજ બહુ, ધર્મનો અભ્યાસ ઘણો ઊંચો. ફુલચંદજીને. એમાં જે જાગ્યો એક. હુકમચંદજી. ક્ષયોપશમ નિર્મળ ઘણો. નહિતર ૩૯ વર્ષ થયા. .. ક્ષયોપશમ ઘણો. છતાં નરમ માણસ. યથાર્થ છે. સમજાણું કાંઈ?

જીવ વિકાર કરે તો કર્મ છે તો વિકાર કરે. આ તત્ત્વ છે તો આ તત્ત્વ હોય એમ

છે? કર્મ એ અજીવ તત્ત્વ છે, તો અજીવ તત્ત્વ છે તો અહીંયાં આસ્રવ તત્ત્વ થાય છે? એ તો ભિન્ન છે. આસ્રવ તત્ત્વ પુણ્ય-પાપનું એ પોતાથી છે કર્મનો ઉદય એનાથી છે. કર્મનો ઉદય જડ છે અને પુણ્ય-પાપના ભાવ આસ્રવ છે. તો અજીવ અને આસ્રવ બે મળીને આસ્રવ થયા છે? સમજાણું કાંઈ? આહા..હા..! નવ તત્ત્વની ભિન્નતા કરે છે. એક અંશ પણ જો બીજામાં મેળવે તો નવ તત્ત્વનો નાશ થઈ જાય છે. જડનો અંશ વિકારને કરાવે તો અંશ અહીં બદલ્યો. અને આત્મા રાગ કર્યો તો કર્મનું પરિણમન કરે, રાગને કારણે ત્યાં કરે તો બે અંશ એક થઈ ગયા. એમ છે નહિ. આહા..હા..! આવી વાતું હવે.

જેને હજી ભિન્ન તત્ત્વની ખબર નહિ એમાં આત્મા જ્ઞાયકસ્વરૂપ એ દૃષ્ટિ ક્યાંથી થાય? આહા..હા..! પર્યાય પણ વિકાર પોતાથી એવી સ્વતંત્રતાની પર્યાયની સ્વતંત્રતાની જેને ખબર નથી એને પર્યાયની પાછળ ભગવાન જ્ઞાયક પિંડ પ્રભુ દ્રવ્ય સ્વભાવ પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત અને દ્રવ્યની અપેક્ષાએ વ્યક્ત. આહા..હા..! એવી પ્રતીતિ ક્યાંથી થાય? સમજાણું કાંઈ? ભાષા તો સાદી આવે છે પણ પકડવાનું પોતે છે. કોઈ પકડાવી દે એમ છે?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ ગુરુ બતાવે? ત્રણલોકોનો નાથ કહે છે અમારી વાણીથી તને જ્ઞાન નથી થતું. આહા..હા..! સમજાણું કાંઈ?

એ તો કહે છે કે '**પુદ્‌ગલકર્મનો ઉદય કે જે જીવના રાગાદિ-અજ્ઞાનપરિણામનું નિમિત્ત છે તેનાથી જુદું જ જીવનું પરિણામ છે.**' જીવના વિકારી પરિણામ તો કર્મના ઉદયથી ભિન્ન જીવના પરિણામ છે. એના ઉદયે વિકાર થયો એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જો જીવ અને પુદ્‌ગલકર્મ ભેળાં થઈને રાગાદિરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો બન્નેને રાગાદિરૂપ પરિણામ ઠરે.**' લ્યો એ ચોખવટ કરી. કર્મનો ઉદય જૂનો હોં. અને આત્માના રાગ-દ્વેષ '**ભેળાં થઈને રાગાદિરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો બન્નેને રાગાદિરૂપ પરિણામ ઠરે.**' તો કર્મને પણ રાગાદિપરિણામ ઠરે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરંતુ પુદ્‌ગલકર્મ તો રાગાદિરૂપે કદી પરિણમી શકતું નથી;...**' કર્મનો ઉદય છે એ જીવના રાગાદિપણે પરિણમતા નથી. આહા..હા..! છે? આહા..હા..! '**તેથી પુદ્‌ગલકર્મનો ઉદય કે જે રાગાદિપરિણામને નિમિત્ત છે...**' નિમિત્ત છે પણ એનાથી રાગ-દ્વેષ થતો નથી. એમ કહે છે. આહા..હા..! આ નિમિત્ત અને નિમિત્તને કર્તા માને છે એ મોટી ભૂલ છે. સમજાણું કાંઈ? નિમિત્ત હોય, પણ નિમિત્તથી અહીંયાં રાગ-દ્વેષ થાય એમ નથી. એ ચીજ છે ને જુદી. જુદી ચીજ છે. હોય, નિમિત્ત છે. તે સમયે નિમિત્ત નથી. દરેક સમયની પર્યાય પોતાથી થાય છે ત્યારે નિમિત્ત તો સામે હોય જ છે. તો નિમિત્ત એની પર્યાય કરે, પરની, પોતાની પર્યાય કરે એ પરની ક્યાંથી કરે? આહા..હા..!

અનંત પુદ્‌ગલ છે, અનંત આત્મા છે. અરે.. એક એક આત્મામાં અનંતગુણ છે. એક ગુણની પોતાની પર્યાય ગુણ પોતે પરિણમે છે તો બીજા ગુણને કારણે પણ નહિ, તો વળી કર્મને કારણે અંદર વિકાર થાય એમ ક્યાંથી આવ્યું? આહા..હા..!

**શ્રોતા** :- ... પોતે બાંધેલા છે ને એટલે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બાંધેલા એ તો જડ છે, જડની પર્યાય છે. કર્મ છે એ તો જડની પર્યાય છે, જડમાં છે. આત્મામાં નથી. એ જૂના કર્મનો ઉદય એ તો જડની પર્યાય છે. અને આત્મા વિકાર કરે એ તો ચૈતન્યની ચૈતન્યાભાસ અને જીવ વિકારી પર્યાય છે. તો ઉદય અને વિકાર બે મળીને વિકાર થયો એમ નથી. ફટકડી અને હળદર મળીને લાલ રંગ થાય એમ છે નહિ. આહા..હા..! માંગીલાલજી! આવી વાત છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા એ તો ઠીક. એની યોગ્યતા હોય તો એ આવે છે. આહા..હા..!

પુદ્‌ગલ કર્મના જૂના કર્મ હોં આ. '**કે જે રાગાદિપરિણામને નિમિત્ત છે...**' પહેલામાં હતા નવા કર્મની વાત. અને આ છે જૂના કર્મની વાત. બેમાં ફેર છે. નવા કર્મ બંધાય એની પર્યાયના પરિણમનથી, એમાં રાગ-દ્વેષ નિમિત્ત હોય, પણ રાગ-દ્વેષ અને કર્મના પરિણામ બે મળીને કર્મના પરિણામ થયા છે એમ છે નહિ. એ પહેલી ગાથાઓમાં. અને અહીંયાં કર્મનો ઉદય હોય, જીવના વિકારમાં નિમિત્ત હોય પણ કર્મનો ઉદય અને રાગ-દ્વેષ પરિણામ બે મળીને રાગ-દ્વેષ કરે એમ છે નહિ. આહા..હા..!

આ લોકમાં નથી કહેતા? બે જણાને ક્લેશ હોય ને તો એ બેયનો થોડો થોડો વાંક હશે. એમ કહે છે કે નહિ? એમ કહે છે. એમ પણ નથી એમ કહે છે અહીં તો. આપણે કહે છે. એ બેયમાં થોડો થોડો બેયને વાંક હશે. એ હથેળીથી અવાજ નથી પડતો. અવાજ તો અવાજને કારણે પડે છે. હથેળીથી નહિ. વચ્ચે ત્યાં પુદ્‌ગલ છે ને એનો અવાજ થાય છે. આનો નહિ. આહા..હા..!

'**તેનાથી જુદું જ જીવનું પરિણામ છે.**' આહા..હા..!

''**આત્માનાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે કે અબદ્ધસ્પૃષ્ટ છે'—તે હવે નયવિભાગથી કહે છે :—**' એ વાત વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ-૧૧, રવિવાર, તા. ૦૩-૧૦-૧૯૭૬,**
**ગાથા-૧૪૧-૧૪૨, પ્રવચન નં. ૧૯૦**

સમયસાર. ૧૪૧ ગાથા.

''**આત્માનાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે કે અબદ્ધસ્પૃષ્ટ છે'—તે હવે નયવિભાગથી કહે છે :—**' ૧૪૧ ગાથા.

> **जीवे कम्मं बद्धं पुट्ठं चेदि ववहारणयभणिदं।**
> **सुद्धणयस्स दु जीवे अबद्धपुट्ठं हवदि कम्मं।।१४१।।**
> **છે કર્મ જીવમાં બદ્ધસ્પૃષ્ટ-કથિત નય વ્યવહારનું;**
> **પણ બદ્ધસ્પૃષ્ટ ન કર્મ જીવમાં-કથન છે નય શુદ્ધનું. ૧૪૧.**

'ટીકા :- **જીવના અને પુદ્‌ગલકર્મના એકબંધપર્યાયપણાથી જોતાં...**' જુઓ કર્તાકર્મનો અધિકાર છે આ. સૂક્ષ્મ છે. વાસ્તવિક તત્ત્વ પામવાની શું ચીજ હોય છે એ બતાવે છે. જીવ જે જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા અને પુદ્‌ગલ કર્મ જે અજીવ જડ એ એકબંધપર્યાયપણાથી. બેને વર્તમાન દૃષ્ટિથી જોતાં એક બંધ અવસ્થાથી જોતાં કર્મના નિમિત્તના સંબંધની બંધ પર્યાયથી જોતાં '**તેમને તે કાળે...**' તેમને તે કાળે. '**ભિન્નતાનો અભાવ હોવાથી...**' જીવને કર્મના નિમિત્તનો સંબંધ છે એ પર્યાયથી જોતાં તેનો સંબંધ નથી. એમ નથી. પર્યાયથી જોતાં સંબંધ નથી એમ નથી. બહુ ઝીણી વાત છે.

ભગવાન જ્ઞાનસૂર્ય ચૈતન્ય અને કર્મના જડની નિમિત્ત અવસ્થા એ નિમિત્તની બંધ અવસ્થાથી જોઈએ તો વ્યવહારથી તે કાળે બેનો ભિન્નતાનો અભાવ જ છે તેથી '**જીવમાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે...**' જીવને બંધ પર્યાયની અપેક્ષાથી જોતાં બદ્ધસ્પૃષ્ટ છે એવો વ્યવહારનયનો એક પક્ષ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જીવના અને પુદ્‌ગલકર્મના અનેકદ્રવ્યપણાથી...**' ઓલા બેમાં એક બંધપર્યાયથી જોતાં ભિન્નતાનો અભાવ છે, પણ જીવના અને પુદ્‌ગલના અનેક દ્રવ્યપણાથી જોતાં... જીવદ્રવ્ય ભિન્ન છે, કર્મદ્રવ્ય ભિન્ન છે.એને જોતાં '**તેમને અત્યંત ભિન્નતા હોવાથી...**' ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા અને કર્મ જડ બેને ભિન્નતાનો, બે એક નથી. ભિન્નતા છે બેમાં. '**અત્યંત ભિન્નતા હોવાથી જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે એવો નિશ્ચયનયનો પક્ષ છે.**' પાઠમાં શુદ્ધનય કીધી છે. સમજાય છે? પાઠમાં શુદ્ધનય. વ્યવહારનય અને શુદ્ધનય એમ કહ્યું છે. એટલે કે આત્મા અને કર્મના બંધની નિમિત્તની પર્યાયદૃષ્ટિથી જોઈએ તો તેનો વ્યવહારનયથી ભિન્નતાનો બેમાં અભાવ છે. પણ અનેક દ્રવ્યપણાથી જોઈએ, જીવદ્રવ્ય અને કર્મ પુદ્‌ગલદ્રવ્ય

બેને અનેક દ્રવ્ય ભિન્ન દ્રવ્યથી જોઈએ, અનેક એટલે ભિન્ન. આહા..હા..!

અનેક દ્રવ્યપણાથી જોઈએ તો અત્યંત ભિન્નતા હોવાથી. કર્મ અને ભગવાન આત્મામાં અત્યંત જુદાઈ છે. એ અબદ્ધસ્પૃષ્ટ છે. ભગવાન આત્મા કર્મના સંબંધના બંધના સંબંધ વિનાનો છે. આવું ઝીણું છે ભાઈ! આ લોકો તો કહે છે ને વ્યવહારથી થાય, વ્યવહારથી થાય. એને તો ક્યાંય ઉડાડી દીધું. અહીં તો હજી આત્મા વસ્તુ છે અને કર્મનો પરમાણુનો નિમિત્ત સંબંધ છે એ બંધના સંબંધની પર્યાયથી જોઈએ તો બેની ભિન્નતા વ્યવહારનયથી છે નહિ. સમજાય છે કાંઈ?

પણ '**અનેકદ્રવ્યપણાથી જોતાં...**' વસ્તુ આત્મા અને કર્મ ભિન્ન દ્રવ્ય એમ અનેક દ્રવ્યપણાથી એટલે ભિન્ન દ્રવ્યપણાથી જોઈએ તો આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. એને કર્મનો સંબંધ છે નહિ. આવી વાત છે. અહીં તો કહે છે કે બેય નિશ્ચયનયનો એ પક્ષ છે. અબદ્ધસ્પૃષ્ટ છે એ પણ એક વિકલ્પ ઉઠે છે કે હું અબદ્ધસ્પૃષ્ટ છું. એ પણ.. અહીં તો આગળ કહેશે કે વ્યવહારનો તો નિષેધ કરતા આવ્યા છીએ, પણ અહીં તો હવે નિશ્ચયનયનો પક્ષ પણ નિષેધ કરવા માટે છે. આહા..હા..! નિશ્ચયનયનો અપક્ષ અહીંયાં વિકલ્પના પક્ષની નય છે.

તદ્દન આ વાત 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' એ બીજી ચીજ. એ તો વસ્તુ જે અખંડ જ્ઞાયકભાવ છે એને આશ્રયે જ નિર્વાણ અને મુક્તિ થાય છે. એ નિશ્ચયનય એટલે ત્યાં વિકલ્પ નહિ. સમજાય છે કાંઈ? વસ્તુનો આશ્રય લેતાં જે મુક્તિ થાય તે નિશ્ચનયાશ્રય થઈ એમ કહેવામાં આવે છે. અહીંયાં જે છે એ તો બેયના વિકલ્પની વ્યાખ્યા છે. કેમકે શરૂઆત વિચાર કરનારને ભગવાન આત્મા વસ્તુ છે ચિદ્દ્ઘન, આનંદદળ, સ્વસ્વરૂપ સમ્યક્ અનુભવગમ્ય, સમ્યગ્જ્ઞાનમય સ્વભાવ વસ્તુ છે અને પુદ્ગલ છે એ જડ અજીવ વસ્તુ છે. બેની ભિન્નતાના દ્રવ્યથી, અનેક દ્રવ્યથી જોઈએ તો ભગવાન આત્મા અબદ્ધસ્પૃષ્ટ નથી. પોપટભાઈ! અત્યારે તો બદ્ધસ્પૃષ્ટ નથી એટલું વિકલ્પ છે અત્યારે તો. સમજાણું કાંઈ?

આટલા વિચારમાં આવ્યો છે ત્યાં સુધી એને વિકલ્પ છે એમ કહેવું છે અને ત્યાં સુધી એ વિકલ્પનો કર્તા થાય છે ત્યાં સુધી તે મિથ્યાદષ્ટિ છે. દેવીલાલજી! આવી વસ્તુ છે. આહા..હા..! એ એવો નિશ્ચયનયનો એટલે શુદ્ધનયનો, શુદ્ધનય નામ પરની જેમાં અપેક્ષા નથી, એકલો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ અબદ્ધસ્પૃષ્ટ છે એવો એ શુદ્ધનયનો અભેદનયનો નિશ્ચયનયનો એક પક્ષ છે. વિકલ્પ છે. આહા..હા..!

'**તેથી શું?**' હવે કહે છે એથી શું? આટલા સુધી આવ્યો તેથી શું? અંતરમાં કર્મના સંબંધસહિત છે એનો તો નિષેધ કરતા આવ્યા છીએ. પણ આ તો બે નયને સાથે લેવી છે એટલે વ્યવહાર લીધો ભેગો. પણ અહીંયાં તો ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય ઘન અમૃતનો સાગર દરિયો પ્રભુ, એ દ્રવ્યસ્વભાવથી જોઈએ તો એને કર્મના નિમિત્તના સંબંધનો અભાવ છે. એવો પણ એક વિકલ્પ ઉઠે છે એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ઝીણી

વાત ભાઈ! એ વિકલ્પની સાથે આ જ્ઞાનસ્વરૂપ તન્મય નથી. અબદ્ધસ્પૃષ્ટ છું એવી એક વૃત્તિ સૂક્ષ્મ ઉઠી અંદર એ પણ એક રાગનો કણ છે. એ રાગનો કણની સાથે સ્વરૂપ તન્મય છે નહિ. આહા..હા..! તન્મય એટલે તેરૂપે નથી આત્મા. આહા..હા..!

એથી કહે છે કે બે પક્ષ છે એથી શું? એથી આત્માને લાભ શો થયો? એમ કહે છે. સમજાણું કાંઈ? અબદ્ધસ્પૃષ્ટ છે એવા વિકલ્પમાં આવ્યો એથી શું? એથી એને આત્મપ્રાપ્તિ ક્યાં છે એમાં? એમ કહે છે. આહા..હા..! આ તો હજી રાડું પાડે વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય. ભગવાન! એમ નથી. પ્રભુ તને દુઃખ લાગે પણ એ વસ્તુ એમ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! એ ચૈતન્ય સાગર ભગવાન એ કર્મના સંબંધના નિમિત્તની અપેક્ષા વિનાનો, પર્યાયના સંબંધ વિનાનો એકલો જ્ઞાયકભાવ છે એવો જે અંદર વૃત્તિ ઉઠે, વિકલ્પ ઉઠે છે એથી શું? કહે છે. ત્યાં સુધી આવ્યો એથી આત્મા ક્યાં છે એમાં? આહા..હા..! ત્યાં સુધી એને સમ્યગ્દર્શન ક્યાં છે? એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

એમ ત્યાં સુધી તો એ વિકલ્પ છે, અબદ્ધસ્પૃષ્ટ છું, એવો વિકલ્પ છે એ રાગનો કણ, કષાયનો કણ છે. અને કષાયનો કણ છે.. આહા..હા..! એ દુઃખરૂપ છે. અને કષાયના કણનો કર્તવ્ય મારું છે અને હું કર્તા છું એ અભિપ્રાય મિથ્યા છે. આહા..હા..! આવી વાત. કેમકે એ ભગવાનસ્વરૂપ જે ચૈતન્યદ્રવ્ય સ્વભાવ એ કોઈ ચાહે તો નિશ્ચયનો અબદ્ધસ્પૃષ્ટનો વિકલ્પ છે એ વિકલ્પની સાથે એ વસ્તુ તન્મય છે જ નહિ. ભગવાન તો પોતાના સ્વભાવથી તન્મય છે અંદર. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વસ્તુ લોકોને બિચારાને એવું લાગે એ વ્યવહારનો લોપ કરી નાખે છે, નિશ્ચયાભાસ છે એમ કહે છે. અરે.. બાપા! ભગવાન તને... રાગ છે ભાઈ તને એ તો બહુ સ્થૂળ રાગ છે. અહીં તો અબદ્ધસ્પૃષ્ટ સુધી આવ્યો. બદ્ધસ્પૃષ્ટનો તો નિષેધ કરતા જ આવ્યા છીએ વ્યવહારનયે તો, પણ અંદરમાં હવે આ લક્ષમાં આ અબદ્ધસ્પૃષ્ટ છે, વસ્તુ ભિન્ન છે. કર્મથી વસ્તુ ભિન્ન છે એવો પણ એક વિકલ્પ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એથી શું? આચાર્ય કહે છે. અમૃતચંદ્રાચાર્ય મહારાજ એમ છે?

'ततः किम्—' ત્યાં સુધી આવ્યો એથી આત્માને લાભ શો થયો? આહા..હા..! કહો, દેવીલાલજી! આવી વાત છે. હવે ઓલો વ્યવહાર કરે છે માટે ત્યાં સુધી આવ્યો એ માટે લાભ થાય એની તો વાત ક્યાંય ગઈ. ફક્ત વિચારધારામાં વસ્તુ અખંડાનંદ પ્રભુ અબદ્ધ છે. એવી અબદ્ધ છે એવી વૃત્તિનું ઉત્થાન થાય છે એ વૃત્તિ, એ કર્તા અને આત્મા એનું કર્મ ત્યાં સુધી તો તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

આચાર્ય મહારાજ કહે છે.. આહા..હા..! એમાં પ્રભુનો લાભ ક્યાં મળ્યો એને? આત્મા ક્યાં મળ્યો? એમ કહે છે. અબદ્ધસ્પૃષ્ટની વૃત્તિમાં ઊભો છે. છે તો અબદ્ધસ્પૃષ્ટ હો. ૧૪મી ૧૫મી ગાથામાં એમ આવ્યું ને? કે 'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।' એ અબદ્ધસ્પૃષ્ટ છે એ વિકલ્પ વિનાની ચીજની વાત છે ત્યાં. સમજાય છે કાંઈ? 'जो पस्सदि

**अप्पाणं**' જે કોઈ ભગવાન આત્માને દેખે. કેવો? અબદ્ધસ્પૃષ્ટ. રાગ અને કર્મના સંબંધના સ્પર્શ વિનાનો છે. એકલું મુક્તસ્વરૂપ છે. એવા મુક્તસ્વરૂપની દૃષ્ટિ અંતર થઈ એને જૈનશાસન કહેવામાં આવે છે. આહા..હા..! એ વાતને એકકોર રાખીને અહીં તો અબદ્ધસ્પૃષ્ટ છે એવી વૃત્તિના વિકલ્પમાં ઉભો છે એવી વાત લે છે અહીં. સમજાણું કાંઈ? આહા..હા..! ત્રિલોકનાથ જિનવરદેવ ગણધરો અને ઈન્દ્રોની વચમાં આ વાત કરે છે. દિવ્યધ્વનિમાં આ વાત આવી છે. આહા..હા..!

ભગવાન! ..માં કહ્યું હતું સવારમાં. ચોર્યાસીના ઉત્પન્ન થાય એનાથી રહિત એનો સ્વભાવ છે. આહા..હા..! ચોર્યાસીની યોનિમાં ઉત્પન્ન થાય એવો એનો સ્વભાવ જ નથી. સમજાય છે કાંઈ? એનો સ્વભાવ તો ભગવાન યોનિમાં નહિ ઉત્પન્ન થવું એવો સ્વભાવભાવ તે ભગવાન આત્મા છે. પણ અહીં તો કહે છે કે એવો છે એવો વિકલ્પ ઉઠાવે છે. આહા..હા..! રાજા થયા પહેલાં રાજા છું, રાજા થાવ છું, રાજા છું એમ થાય ને એને ગાદીએ બેસે એટલે. હવે રાજા હું છું. રાજા છું. વિકલ્પ છે એ રાજા ક્યાં છે? એમ અહીંયાં અબદ્ધસ્પૃષ્ટ છું. આહા..હા..! ત્યાં સુધી આવ્યો. વ્યવહારનો સંબંધ નથી. મને કર્મના નિમિત્તનો સંબંધ જ નથી. આહા..હા..! હું એક અબદ્ધસ્પૃષ્ટ ચીજ છું, પરથી બંધાયેલા અને પરથી સ્પર્શ્યા વિનાની મારી ચીજ છે એટલે આંગણે આવીને આવો જે વિકલ્પ ઉઠે છે ત્યાં સુધી તને આત્મજ્ઞાન નથી. આ આવો માર્ગ છે, ભાઈ! લોકોને એવું લાગે છે ને કે આ બધો વ્યવહાર ઉથાપે છે. પણ વ્યવહાર છે પણ વ્યવહારથી રહિત છે એ. સમજાય છે કાંઈ? ચાહે જેટલા વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા મહાવ્રતાદિ એ બધો રાગ છે એ તો વિકલ્પ છે. એના સહિત છું એ તો વ્યવહારનયનો વિષય થયો. અભૂતાર્થનયનો વિષય થયો. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે હું અબદ્ધસ્પૃષ્ટ છું એવો ભૂતાર્થનયનો પણ વિકલ્પ જે છે. શુદ્ધનય કહો, નિશ્ચયનય કહો, ભૂતાર્થ છે. આહા..હા..! અબદ્ધસ્પૃષ્ટ છું એ નિશ્ચયનયનો પક્ષ છે. પક્ષ છે હજી. વિકલ્પ છે. એ શુદ્ધનયનો પક્ષ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ ત્રિકાળ ભૂતાર્થ છું, અબદ્ધસ્પૃષ્ટ છું, છતો પદાર્થ ત્રિકાળી મારો સ્વભાવ ભિન્ન છે પરથી એવો પણ જે વિકલ્પ નામ રાગની વૃત્તિ સૂક્ષ્મ ઉઠે છે, જે અંતરંગમાં આવી વૃત્તિ ઉઠે છે એ વૃત્તિ પણ બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેથી શું?**' અમૃતચંદ્રાચાર્ય એમ કહે છે. અહીં સુધી આવ્યો તેથી શું? એમાં ક્યાં ભગવાન મળ્યો તને? આત્માનો ભેટો એમાં થયો નહિ. આહા..હા..! '**જે આત્મા તે બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે...**' આહા..હા..! માખણ છે એકલું આજ તો. '**તે બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે,...**' તે આત્મા છે. આહા..હા..! '**—એમ હવે ગાથામાં કહે છે :—**' લ્યો. ૧૪૨.

**कम्मं बद्धमबद्धं जीवे एवं तु जाण णयपक्खं।**
**पक्खादिक्कंतो पुण भण्णदि जो सो समयसारो।।१४२।।**

આમાંથી કોઈ પ્રશ્ન એમ ઉઠાવે કે અબદ્ધસ્પૃષ્ટ છું એ વિકલ્પ છે તો એથી કાંઈક ચીજ બીજી હશે અંદર. એમ કહે છે. જો એ નયનો પક્ષ છોડ એટલે એ એવો છે એમ પણ નહિ. એમ નહિ. છે તો એવો. પણ એનો વિકલ્પ ઉઠાવે છે તે ખોટો છે એમ કહેવું છે. એટલે અબદ્ધસ્પૃષ્ટ છું અને બદ્ધસ્પૃષ્ટ નથી અને અબદ્ધસ્પૃષ્ટ છું એવો જે વિકલ્પ ઓળંગી જાય એટલે કાંઈક બીજું નીકળશે અંદરથી. એમ નથી. સમજાણું કાંઈ? કહે છે કેટલાક. જુઓ આ તો નિશ્ચયનયના પક્ષને છોડાવે છે એટલે કાંઈક વસ્તુ બીજી છે અંદર. બીજી નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! અનંતકાળના સંસારની દશા, તેમાં ભગવાન તન્મયપણે છે જ નહિ. આહા..હા..! એ ઉદયભાવ છે એ વિકલ્પ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ અબદ્ધસ્વરૂપ એટલે મુક્તસ્વરૂપ. સ્વરૂપ મુક્તસ્વરૂપ જ છે એ અર્થમાં. પણ મુક્તસ્વરૂપ છું એવો જે વિકલ્પ ઉઠે છે. આહા..હા..! ત્યાં સુધી તને શું લાભ છે કહે છે. પોપટભાઈ! આવી વાતું છે. આહા..હા..!

**છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;**
**પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયસાર સાર' છે. ૧૪૨.**

'ટીકા :—'**જીવમાં કર્મ બદ્ધ છે' એવો જે વિકલ્પ...**' રાગ '**તથા 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવો જે વિકલ્પ તે બન્ને નયપક્ષ છે.**' તે જ્ઞાનના અંશમાં વિકલ્પના પક્ષમાં ઊભો છે. આહા..હા..! સ્વરૂપમાં ગયો નથી. પક્ષાતિક્રાંત છે તેમાં ગયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**જે તે નયપક્ષને અતિક્રમે છે (—ઓળંગી જાય છે, છોડે છે),...**' આહા..હા..! '**તે જ સકળ વિકલ્પને અતિક્રમ્યો થતો...**' બધી વૃત્તિઓને રાગને છોડતો થકો. આહા..હા..! '**પોતે નિર્વિકલ્પ...**' ભગવાન આત્મા. સ્વયં પોતે એટલે સ્વયં નિર્વિકલ્પ છે એ તો. એ વિકલ્પની લાગણી વિનાની ચીજ છે, નિર્વિકલ્પ ચીજ છે.

'**એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને...**' આહા..હા..! ભેદ પણ નહિ જ્યાં. એક વિજ્ઞાનઘન સ્વભાવ. શિયાળાના ઊંચા ઘી હોય છે ને. માગશર મહિનાના ઘીને ઊંચા કહેવાય. શિયાળાના હોય ને જાડાના દિવસમાં. એવું ઘી પહેલા હતું. અત્યારે તો એ બધું ગડબડ થઈ ગઈ. પહેલા એ ઘી હતું એમાં તાવેથો-ખૂરપો પેસે નહિ. આંગળી તો શેની પેસે? એવા હતા. એમ આ ભગવાન વિજ્ઞાનઘન સ્વરૂપ છે. આહા..હા..! જેમાં અબદ્ધસ્પૃષ્ટ છું એવા વિકલ્પનો પ્રવેશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પોતે નિર્વિકલ્પ, એક વિજ્ઞાનઘન...**' જોયું! એક વિજ્ઞાનઘન. વળી આ દ્રવ્ય અને પર્યાય બેય નહિ. આહા..હા..! એકલો વિજ્ઞાનઘન સ્વરૂપ પ્રભુ, '**ઘનસ્વભાવરૂપ થઈને...**'

ભાષા દેખો. ઓલો વિકલ્પરૂપ થઈને હતો એ પક્ષ છોડીને વિજ્ઞાનઘન સ્વભાવરૂપ થઈને આહા..હા..! **'સાક્ષાત્ સમયસાર થાય છે.'** સાક્ષાત્ આત્મા જેવો છે તેવો પ્રાપ્ત થાય છે. અરે.. આવી વાત છે. હવે ઓલાને તો તકરાર કેટલી. વ્યવહારની જ છે હજી તો લોકોને. આ દયા પાળે, વ્રત કરવા, અપવાસ કરવા, ભગવાનની કરતા એમ કરતા કરતા પામશે. કોઈ વ્યવહાર કરતા કરતા કોઈ પામશે.

અહીં તો કહે છે કે એ વ્યવહાર કરતા તો પામશે એ તો છે જ નહિ, પણ અંદરમાં અબદ્ધસ્પૃષ્ટ છું, નિશ્ચયથી શુદ્ધ મુક્ત છું, એવો રાગના પક્ષથી પણ આત્મા સમકિત પામશે નહિ. આહા..હા..! આવો દિગંબર શાસ્ત્રમાં આ વાત છે હોં બીજે ક્યાંય છે નહિ એવી. આહા..હા..! દિગંબર એટલે અનાદિ સનાતન વસ્તુ. જૈન પરમેશ્વરનું વાસ્તવિક તત્ત્વ તે અનાદિ તે તત્ત્વ આ છે. આહા..હા..! નાગા બાવા બાદશાહથી આઘા. સમાજમાં કેમ થશે? સમતોલ રહેશે કે નહિ? આ સ્થિતિ સમાજ માનશે કે નહિ? એની જેને દરકાર નથી. વસ્તુ આ છે, બાપા! ભાઈ! તું અંદર આનંદનો નાથ છો ને. એમાં અબદ્ધસ્પૃષ્ટ છું એવા વિકલ્પને સ્પર્શતો નથી એ ચીજ છે. આહા..હા..! ઉદયભાવને કર્મ પરિણામિક સાથે સ્પર્શતો નથી એમ કહે છે. આહા..હા..! ઉદય તો નવો થયો છે વિકલ્પ ત્યાં. ઓલો તો પરમસ્વભાવભાવ પડ્યો છે આખો. સમજાય છે કાંઈ? આહા..હા..! આવી વાત છે.

**'સકળ વિકલ્પને અતિક્રમ્યો થતો...'** ઉપદેશની શૈલીમાં તો શું આવે? એનો અર્થ કે અંતર દૃષ્ટિમાં જતાં વિકલ્પ બધા છૂટી જાય છે. પણ વિકલ્પને છોડતો થકો એમ ઉપદેશ છે. નહિતર આ વિકલ્પ છે માટે છોડું છું એમ કરવા જાય તો પણ વિકલ્પ છે. આહા..હા..! કુંદકુંદાચાર્યે તો કેટલું કહ્યું છે ભાવપાહુડમાં. હે મુનિ! દ્રવ્યલિંગ ધારણ કર્યું તે પણ એથી શું થયું? આહા..હા..! પંચમહાવ્રત ને પાંચ સમિતિ ને અઠ્યાવીશ મૂળગુણ એ તો બધો રાગ છે એ આત્મામાં તો છે નહિ. તો છે નહિ એનાથી કેમ પમાય એ?

અહીંયાં તો અંતરમાં જતાં સૂક્ષ્મ પક્ષ રહી જાય છે, આ આત્મા પૂર્ણાનંદ અખંડ અભેદ પરમાત્મા છું એવો જે વિકલ્પ. આહા..હા..! પરમાત્મા છું, પરમેશ્વર છું, પ્રભુ છું. એવો વિકલ્પ પણ તને નુકસાન કર્તા છે. આ તો ગુજરાતી ચાલે છે હવે. સવા બે મહિના ચાલ્યું હિન્દી. સવારે થોડુંક ચાલ્યું હતું. આ તો ગુજરાતી મૂક્યું છે. કોકે ગુજરાતી મૂક્યું અહીં. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને...'** ભાષા છે. એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને, ઓલો વિકલ્પરૂપ થઈને એ તો વિભાવરૂપ થયો હતો. આહા..હા..! **'સાક્ષાત્ સમયસાર થાય છે.'** એટલે જેવો પરમાત્મસ્વરૂપ છે એવો અનુભવમાં આવે છે. આહા..હા..! એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહીએ. **'(વિશેષ સમજાવવામાં આવે છે કે)—જે 'જીવમાં કર્મ બદ્ધ છે' એમ વિકલ્પ કરે છે તે 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો**

**હોવા છતાં...'** કર્મબદ્ધ છે એવા પક્ષમાં રહેલો કર્મથી અબદ્ધ છે એવા વિકલ્પને છોડે છે પણ આ પક્ષમાં ઊભો છે એમ કહે છે. આહા..હા..! ભગવાન આત્માને નિમિત્તનો સંબંધ છે, એવો એક વિકલ્પ છે એ અબદ્ધસ્પૃષ્ટના વિકલ્પને છોડે છે. પણ એક સમયે બે કઈ રીતે હોય? એમ કહે છે. અબદ્ધસ્પૃષ્ટનો વિકલ્પ તે ટાણે છે નહિ. આહા..હા..! આવું સ્વરૂપ ઝીણું ને લોકોને પછી બિચારાને એવું લાગે. કે સોનગઢવાળાએ આમ. પણ આ ભગવાન કહે છે કે આ સોનગઢ કહે છે? આ શું છે? આ દિગંબર સંતોના તો શાસ્ત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જે જીવમાં કર્મ બદ્ધ છે એવો વિકલ્પ કરે છે...'** વિકલ્પ એટલે વૃત્તિ રાગ. **'તે જીવમાં કર્મ અબદ્ધ છે એવા એક પક્ષને અતિક્રમતો...'** આ પક્ષમાં ઊભો છે તો ઓલા પક્ષને છોડે છે એમ કહે છે. **'છતાં વિકલ્પને અતિક્રમતો નથી;...'** આહા..હા..! **'અને જે જીવમાં કર્મ અભદ્ધ છે...'** પરદ્રવ્યનો મારે સંબંધ નથી, અબદ્ધ છું એવો વિકલ્પ કરે છે **'તે પણ જીવમાં કર્મ બદ્ધ છે એવા એક પક્ષને અતિક્રમતો...'** ક્રમબદ્ધ છે એવા પક્ષને એ છોડે છે. પણ અબદ્ધ છું એવા પક્ષને ગ્રહણ કરે છે. અરે.. આવી વાતું આ. વાણિયા વેપારમાં હોય એ કૂટતા આખો દિ' હવે આમાં આવી ઝીણી વાતું. એય.. પોપટભાઈ! આહા..હા..! જે ધંધો કરતા હોય એની એ વાતું આખો દિ' હોય એને બીજું શું ત્યાં. આત્માનું લોઢું, .. આ પૈસા ને ઢીંકણું. હવે આ તો તદ્દ્ન વાત બીજી છે. આહા..હા..!

ભાઈ! તું પ્રભુ અંદર છો ને. તારું સ્વરૂપ જ પરમાત્મસ્વરૂપ છે. પરમાત્મસ્વરૂપ છું એવો વિકલ્પ પણ જેમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**''જીવમાં કર્મ અબદ્ધ છે'...'** એટલે કે કર્મનો સંબંધ દ્રવ્યસ્વભાવમાં છે નહિ. વસ્તુ વસ્તુ છે એને કર્મનો સંબંધ છે નહિ એવો એક વિકલ્પ ઉઠાવે છે એ કર્મબદ્ધ છે એવા વિકલ્પને છોડે છે પણ આ વિકલ્પને છોડતો નથી. આહા..હા..! ભારે ભાઈ આવો માર્ગ! ગાથા ઝીણી છે અને ઊંચી છેને. ચૈતન્ય હીરલો ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એને આવો છું એવા વિકલ્પ પણ વિઘ્ન કરે છે કહે છે. આહા..હા..! છે એમાં વળી આવો છું એમ શું? એમ કહે છે. આહા..હા..! એવા અબદ્ધસ્પૃષ્ટને વિકલ્પ કરતો થકો બદ્ધસ્પૃષ્ટના વિકલ્પને છોડે છે. પણ આ વિકલ્પને છોડતો નથી. આહા..હા..!

**'વિકલ્પને અતિક્રમતો નથી; વળી જે જીવમાં કર્મ બદ્ધ છે અને અબદ્ધ પણ છે...'** એક સાથે વાત લીધી. પાઠમાં બે જ બોલ હતા હવે ત્રણ બોલ ત્રીજો લીધો. કે કર્મ બદ્ધ છે એવા વિકલ્પ કરનાર અબદ્ધ છે એ વિકલ્પને છોડે છે અને ક્રમબદ્ધ નથી એવા કર્મ બદ્ધના વિકલ્પને છોડે છે, પણ અબદ્ધના વિકલ્પમાં ઊભો છે. **'વળી જે જીવમાં કર્મ બદ્ધ છે અને અબદ્ધ પણ છે...'** કર્મના સંબંધસિહત પણ છું, કર્મરહિત પણ છું

એ બેય વિકલ્પ પાછો કરે છે. **'એમ વિકલ્પ કરે છે...'** આહા..હા..!

**'તે બન્ને પક્ષને નહિ અતિક્રમતો થકો,...'** પહેલું એમ કહ્યું હતું ભગવાન આત્માને કર્મનો સંબંધ છે એવા વિકલ્પવાળો અબદ્ધ સ્પૃષ્ટના વિકલ્પને છોડે છે. અને અબદ્ધસ્પૃષ્ટના વિકલ્પવાળો બદ્ધસ્પૃષ્ટના વિકલ્પને છોડે છે અને ત્રીજો બદ્ધસ્પૃષ્ટ છું અને અબદ્ધસ્પૃષ્ટ છું એ બેય વિકલ્પમાં ઊભો છે એ એકેય વિકલ્પને છોડતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું. ઝીણી પડે માણસને.

બાપુ! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, અનુભવમાં આવ્યા તારા વ્રત અને તપ એ બધા ક્યાં? વિકલ્પના નિરર્થક છે, સંસાર ખાતુ છે એ તો બધું. આહા..હા..! અબદ્ધસ્પૃષ્ટ છું એવો એક વિકલ્પ અથવા બદ્ધસ્પૃષ્ટ છું એવો વિકલ્પ એ સંસાર છે. કે જે સ્વરૂપમાં જેનો અભાવ છે. એવા બદ્ધસ્પૃષ્ટના વિકલ્પને છોડતો નથી **'તે બન્ને પક્ષને નહિ અતિક્રમતો થકો, વિકલ્પને અતિક્રમતો નથી.'** આહા..હા..! આવું ઝીણું. વ્રત પાળવા અને વ્રત કરવા, ઢીંકણું કરવું એ તો ક્યાંય રહી ગયું. પણ આ તો વસ્તુ આવી છે એવો જે વિકલ્પ ઉઠે એ પણ નુકસાનકારક છે કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

સર્વજ્ઞનો માર્ગ બાપુ.. આહા..હા..! સર્વજ્ઞનો ધર્મ સુશરણ જાણી.. આવે છે ને શ્રીમદ્‌માં? શ્રીમદ્ રાજચંદ્રમાં આવે છે. 'સર્વજ્ઞનો ધર્મ સુશરણ જાણી આરાધ આરાધ પ્રભાવ આણી અનાથ એકાંત સનાથ થાશે એના વિના કોઈ ન બાંય થાશે. અનાથ એકાંત સનાથ થાશે...' આહા..હા..! અબદ્ધસ્પૃષ્ટના વિકલ્પ અને બદ્ધસ્પૃષ્ટના વિકલ્પને છોડ પ્રભુ. એ સર્વજ્ઞનો માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સમસ્ત નયપક્ષને અતિક્રમે છે તે જ સમસ્ત વિકલ્પને અતિક્રમે છે;...'** અહીં નયપક્ષની વાત છે હોં. નિશ્ચયનયને આશ્રયે મુક્તિ થાય ત્યાં પક્ષ નથી. એટલે કોઈ એમ જ કહે કે નિશ્ચયનય પણ એક પક્ષ છે એ આ ઠેકાણે પક્ષની વાત લીધી છે. બાકી નિશ્ચયનયના વસ્તુ જ પોતે શુદ્ધનય ભૂતાર્થ શુદ્ધનય જ છે એ. **'भूदत्थमस्सिदो खलु'** આવ્યું ને ઓલામાં? **'ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।'** ભૂતાર્થ વસ્તુ છે એ શુદ્ધનય છે એ તો વસ્તુ વિકલ્પની વાત ત્યાં નથી. સમજાણું કાંઈ?

૧૧મી ગાથામાં કહ્યું ને? **'भूदत्थो देसिदो दु सुद्धणओ।'** એ પક્ષ નહિ. એ વિકલ્પના પક્ષની વાત નથી ત્યાં. એ તો ભૂતાર્થ વસ્તુ છે તે જ શુદ્ધનય છે એવો અનુભવ થયો એને સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને અહીં છે એ તો નયના પક્ષના વિકલ્પની વાત છે. એટલે કોઈ એમ જ કહે કે નિશ્ચયનો તમે આશ્રય લેવા જાવ તોપણ એક વિકલ્પ છે એમ નથી. એથી કાંઈક બીજી ચીજ હશે. નિશ્ચયથી અબદ્ધસ્પૃષ્ટ છે પણ એનો પક્ષ છોડ, પક્ષ છોડ એટલે કાંઈ બીજી ચીજ અંદર હશે એમ નથી. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવ્યું છે આ જ આવ્યું છે.

ઘણાં કહે છે ને કે એ તો અનંતમા ભાગમાં આવ્યું. પણ આવ્યું છે એ સત્ય જ આવ્યું છે. એનાથી વિરૂદ્ધ બધું અસત્ય છે. સર્વજ્ઞની વાણીમાં જે કહ્યું એ સિવાય જેટલા પાખંડો માર્ગ છે ૩૬૩ પાખંડ બધા વિરોધ છે. એમ નહિ કે એમાં પણ કાંઈક છે, એમાં કાંઈક હશે. કારણ કે અનંત ધર્મવાળું તત્ત્વ છે અને એમાં કોઈ આવું પણ તત્ત્વ વાણીમાં રહી ગયું છે. વાણીમાં પૂરું ન કહેવાણું તો આવું કાંઈક રહી ગયું હશે. એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાને જે અબદ્ધ સ્પૃષ્ટ કહ્યો એ વસ્તુ એમ જ છે. હવે એનું બહુ સ્પષ્ટીકરણ અને ઘણો જ વિસ્તાર થવો જોઈએ એ ન થઈ શકે, પણ વસ્તુ સામાન્ય જે કીધી છે તે એવી જ છે.

એ '**નયપક્ષને અતિક્રમે છે તે જ સમસ્ત વિકલ્પને અતિક્રમે છે;...**' લ્યો! અબદ્ધસ્પૃષ્ટ એવું માન્યું છે એને એ છોડતો નથી. અબદ્ધ સ્પૃષ્ટ છે એવો વિકલ્પ છે એને એ છોડે છે. આહા..હા..! '**જે સમસ્ત વિકલ્પને અતિક્રમે છે તે જ સમયસારને પ્રાપ્ત કરે છે—**' તે જ આત્માને '**અનુભવે છે.**' કારણ કે જ્યાં વિકલ્પનું કર્તવ્ય છે ત્યાં આત્મા પ્રાપ્ત થતો નથી. આહા..હા..!

વિકલ્પનું લક્ષ છોડી અને એકા.. અભેદ ભૂતાર્થ વસ્તુ છે તેની દૃષ્ટિ કરતાં આત્મા જેવો છે તેવો પ્રાપ્ત થાય છે. એ સિવાય બીજી કોઈ રીત અને ઉપાય છે નહિ. વ્યવહારથી થાશે અને આનાથી થાશે ને ઢીંકણાથી થાશે એ બધું વસ્તુમાં છે જ નહિ. અબદ્ધ સ્પૃષ્ટના વિકલ્પથી પ્રાપ્ત નહિ થાય એવો આત્મા છે એને વળી વ્યવહારથી પ્રાપ્ત થાય.. આહા..હા..! સમજાણું કાંઈ? પછી આ ઝઘડા કરે, તોફાન કરે બાપા ભાઈ! એને એમ થઈ જાય કે આવું હોય ત્યારે સમ્યગ્દર્શન અને એ વિના અમે બધું કરીએ છીએ એનું કાંઈ નહિ? અમે કાંઈ આગળ વધીએ છીએ શક્તિ પ્રમાણે આગળ. ક્યાં વધે ભાઈ! રાગની ક્રિયામાં વધ્યા એ ક્યાં વધ્યા છે? આહા..હા..! આકરું લાગે, દુઃખ લાગે. એને એમ થઈ જાય કે અમારી સભામાં પછી સમાજમાં અપમાન થાય અમારું કે તમે સમ્યગ્દૃષ્ટિ નથી. આવું છે બાપુ! એ કાંઈ દુઃખ ન થાય. પ્રભુ તને દુઃખ થતું હોય તો ક્ષમા કરજે. પણ માર્ગ તો પ્રભુ આવો છે. દેવીલાલજી! બાપુ! તું ભગવાન છો, ભાઈ! તને દુઃખ થાય એવી વાત કોઈને ગોઠે કોઈને હોઈ શકે નહિ. પણ વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં. આહા..હા..!

હું મુક્તસ્વરૂપ છું, હું પરમાત્મસ્વરૂપ છું, હું ઈશ્વર બ્રહ્મસ્વરૂપ પૂર્ણ છું, એવી વૃત્તિના ઉત્થાનથી પણ નુકસાનકારક છે. આહા..હા..! વ્યવહારરત્નત્રયની વાતું તો શું કરવી? એ તો શુભરાગ જ છે. સમજાણું કાંઈ? આ શાસ્ત્ર બોલે છે ને શું બોલે છે? એ કહે સોનગઢવાળા આમ કહે છે. પણ બાપુ એમ રહેવા દે, ભાઈ! આહા..હા..! સોનગઢથી છપાણું છે ને આ પુસ્તક? છપાણું પણ..

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ હિન્દી અહીંથી છપાણા છે ને. એમાં શું છે. એ તો વીતરાગની વાણી છે. વીતરાગની વાણી કોતરાયેલી હતી.

**'સમયસારને પ્રાપ્ત કરે છે—'** વળી ક્યો સમયસાર હશે? દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત, વિકલ્પથી રહિત એવો પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એને દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે, પ્રાપ્તની પ્રાપ્તિ થઈ છે એને. જે પ્રાપ્ત હતો, છે એની પ્રાપ્તિ થઈ. આહા..હા..! આવી વાતું ક્યાં છે બાપા! ભાઈ આ તો તારા માર્ગમાં, તારા હિતની જ છે બાપુ આ તો આપણા આત્માના હિતની વાત છે. આપણો એટલે આત્મા બધા. બધા ભગવાન છે ને ભાઈ! ભગવાન આત્માના હિતની વાત છે આ તો. સમજાણું કાંઈ?

આ નિશ્ચયની વાતું કરે તો એને નહિ એ એકાંત છે એમ કહે એને? અરે.. આહા..હા..! 'તોયે અરે ભવચક્રનો આટો નહિ એકેય ટળ્યો.' આવો મનુષ્યભવ મહાપુણ્યને લઈને મળ્યો, જેને નિગોદના જીવને ત્રસ્ત થવું મુશ્કેલ છે, બાપા! આહા..હા..! ઈયળ થવું પણ નિગોદના, નિત્યનિગોદના જીવને દુર્લભ છે. આહા..હા..! એવા સ્થાનમાં તું આવ્યો હવે ક્ષયોપશમમાં આવ પંચેન્દ્રિય. ત્રણ લોકના નાથની વાણી તને કાને પડે. આહા..હા..! આટલો સંબંધ થયો, હવે એ સંબંધને તોડ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છેલ્લામાં છેલ્લો આ .. એવી વાત છે.

ભગવાન આત્મા નિર્વિકલ્પ આનંદસ્વરૂપ છે. મહાપ્રભુ છે એ તો ચૈતન્યમહાપ્રભુ છે. પ્રભુતામાં પામરતા ક્યાંથી હોય? આહા..હા..! ભગવાન તરીકે તો બોલાવે છે પ્રભુ. ભગવાન આત્મા, ભાઈ! આહા..હા..! ચોર્યાસીના અવતરવાને યોગ્ય જ નથી તું. તું તો પરમાત્મપદની પ્રાપ્તિને માટે યોગ્ય છો. આહા..હા..! સમજાણું કાંઈ? એ સ્વર્ગમાં સર્વાર્થસિદ્ધમાં ઊપજવું એ પણ તારી યોગ્યતા નથી એમાં. આહા..હા..! સ્વભાવ તારો નથી. કોઈપણ ભવ કરવો અને ભવનો ભાવ એ તારો સ્વભાવ જ નથી. ભવ અને ભવના ભાવરહિત છો ને પ્રભુ! એને વિકલ્પથી છોડીને પ્રાપ્ત કર. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આવી વાતું છે આ. આ પૈસા-પૈસા હોળી બહારની મારી નાખ્યા જગતને. આહા..હા..! સ્મશાનના ઓલા કેવા ફોસ્ફરસના આકર્ષણ. હાડકામાં ફોસ્ફરસ હોય છે ને એમ બહારની ચીજના આકર્ષણમાં રોકાઈ ગયો એ. એ તો રોકાઈ ગયો પણ આ તો હવે કહે અબદ્ધસ્પૃષ્ટ એવા વિકલ્પમાં રોકાણો તોપણ અટકી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? એકવાર શ્રદ્ધામાં હા તો પાડ. એ વિકલ્પરહિત વસ્તુ છે તેની પ્રાપ્તિ તેનું નામ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર ને વ્રત કોઈ દિ' સાચા હોઈ શકે નહિ. આહા..હા..! બહુ વાત લીધી.

**'સમયસારને પ્રાપ્ત કરે છે—'** આહા..હા..! **'समस्तं विकल्पमतिक्रामति स एव**

समयसारं विन्दति।' એ આત્માને જાણે છે કે આ આત્મા જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ છે એવું જાણે છે, અનુભવે છે. એનું નામ આત્મજ્ઞાન અને આત્મદર્શન કહેવામાં આવે છે. અહીંથી ધર્મની શરૂઆત થાય છે. સમજાણું કાંઈ? બહુ સરસ. ૧૪૨.

'**ભાવાર્થ :—જીવ કર્મથી 'બંધાયો છે'**...' કહો, તારાચંદજી! સમજાય છે કે નહિ? આ તો ભાષા ગુજરાતી આવી ને એટલે. એ તો પરિચય નથી. કૈલાસચંદજીને. ભાઈ તો વારંવાર આવે છે. આહા..હા..! માલ લેવા આવે ત્યારે આવી જાય અહીંયાં. આહા..હા..! '**જીવ કર્મથી 'બંધાયો છે'**...' ભાવાર્થ. '**તથા 'નથી બંધાયો'—એ બન્ને નયપક્ષ છે.**' જ્ઞાનના અંશમાં રાગના પક્ષમાં જોડાયેલો છે. આહા..હા..! જ્ઞાનને જુદું પાડ્યું નથી. સમજાણું કાંઈ?

'**તેમાંથી કોઈએ બંધપક્ષ પકડ્યો, તેણે વિકલ્પ જ ગ્રહણ કર્યો;**...' એનો તો નિષેધ કરતા આવ્યા છીએ એમ કહેશે આગળ. વ્યવહારનો. '**કોઈએ અબંધપક્ષ પકડ્યો,**...' હવે અહીંયાં આવ્યું. આહા..હા..! '**અબંધપક્ષ પકડ્યો, તેણે પણ વિકલ્પ જ ગ્રહણ કર્યો;**...' એણે પણ રાગને ગ્રહણ કર્યો છે. આહા..હા..! ભગવાનને ગ્રહણ નથી કર્યો એણે. '**અને કોઈએ અબંધપક્ષ પકડ્યો, તેણે પણ વિકલ્પ જ ગ્રહણ કર્યો; અને કોઈએ બન્ને પક્ષ પકડ્યા,**...' ત્રણ વાત આવી હતી ને. પાઠમાં બે છે, ટીકામાં ત્રણ આપી.

'**કોઈએ બન્ને પક્ષ પકડ્યા,**...' ભાઈ બંધ પણ છે અને અબંધ પણ છે. સ્યાદ્વાદ માર્ગ છે. ભગવાનનો માર્ગ અનેકાંત છે. અનેકાંત તે કઈ રીતે? બાપુ! એમાં સ્વભાવ હોય એની અપેક્ષાએ મૂક્યું. બદ્ધ અબદ્ધ વિકલ્પ એનો સ્વભાવ છે? સમજાણું કાંઈ? એ તો આત્મા જ્ઞાન તે આત્મા, આત્મા તે જ્ઞાન અને સુખ છે. એમ નથી આવતું? પ્રવચનસાર. એમ અનેકાંત કહ્યું. જ્ઞાન તે આત્મા. અને આત્મા તે જ્ઞાન અને આત્મા તે દર્શન, આત્મા તે આનંદ. આત્મા તે એકલો જ્ઞાન એમ નથી એમ કહે છે. પ્રવચનસારમાં આવે છે. જ્ઞાન તે આત્મા. વિકલ્પ નહિ. અને આત્મા તે જ્ઞાન, આત્મા તે સુખ, આત્મા તે દર્શન, આત્મા તે શાંતિ. એકલો આત્મા જ્ઞાન જ છે એમ નહિ. જ્ઞાન તે આત્મા. પણ આત્મા તે જ્ઞાન-દર્શન-આનંદ અનંતગુણવાળો છે. આહા..હા..!

'**તેણે પણ પક્ષરૂપ વિકલ્પનું જ ગ્રહણ કર્યું.**' બંને ગ્રહણ કર્યું એણે. '**પરંતુ એવા વિકલ્પોને છોડી જે કોઈ પણ પક્ષ ન પકડે**...' આહા..હા..! સમ્યગ્જ્ઞાન દિપીકામાં નહિ? ચિત્ર આપ્યું છે જૂનામાં. નવામાં કાઢી નાખ્યું છે. જૂનામાં ચિત્ર. પૂર્વવાળો કહે અહીં છે. પશ્ચિમવાળો કહે અહીં છે, ઉત્તરવાળો કહે અહીં છે. ચારેકોરમાં હાથ આમ રાખીને. જૂનામાં છે. આ નવામાં નથી. એ તો જ્યાં છે ત્યાં છે. ઓલો કહે કે અહીં છે અને ઓલો કહે અહીં છે. એમ નહિ જ્યાં છે ત્યાં છે. આહા..હા..! પૂર્વવાળો કહે પશ્ચિમમાં છે, પશ્ચિમવાળો કહે પૂર્વમાં છે, ઉત્તરવાળો કહે દક્ષિણમાં છે, દક્ષિણવાળો કહે ઉત્તરમાં છે. એ તો જ્યાં

છે ત્યાં છે. આહા..હા..!

હસ્તાંગુલી નહિ? સમ્યગ્જ્ઞાનદિપીકામાં લીધું છે. આવે છે ને. હવે એમાંથી આ તકરાર કાઢી. અરેરે. ભગવાન! ત્યાં તો એકમદ જ્ઞાનસ્વભાવનું જોર બતાવવું છે. ત્યાં તો એ સુધી કહ્યું છે કે સૂર્યના પ્રકાશમાં કોઈ કુશીલ સેવે, કોઈ પાપ કરે, કોઈ પુણ્ય કરે, કોઈ .. એમાં સૂર્યને શું છે? સૂર્યના પ્રકાશને શું છે? એ તો પ્રકાશે છે. ફક્ત છે એને. એમ ભગવાન આત્મા જ્ઞાનના પ્રકાશમાં કોઈ વિકલ્પમાં રાગાદિ હોય, વિષયાદિ હોય પણ એને શું છે? એ તો રાગને જાણનારો જ પોતે છે. રાગવાળો નથી પણ રાગને જાણનારો છે એ. એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. એ જ્ઞાનસ્વરૂપમાં રાગનું અડવું છે ક્યાં? આહા..હા..! છે ને એમાં એ? સમ્યગ્જ્ઞાનદિપીકામાં છે. બહુ સરસ વાત લીધી છે. શીતલપ્રસાદે વખાણ કર્યા છે. હવે આ નિંદા કરવા લાગ્યા છે. એ સોનગઢનું છે કહે એ સોનગઢનું છે. ભાઈ! સોનગઢનું નથી. દિગંબર શાસ્ત્ર છે એ. દિગંબર બ્રહ્મચારી ક્ષુલ્લક. આત્મજ્ઞાની હતા. આહા..હા..! એને જગતને સ્વભાવની સ્થિતિ માટે ઘણા ઘણા દૃષ્ટાંતો આપ્યા છે. ઘણાં દૃષ્ટાંતો આપ્યા છે. એમાં એક દાખલો આપ્યો એક. અને તે પણ દાખલાનો એક અંશ લેવો જોઈએ. એમ આવે છે ને ભાઈ? દૃષ્ટાંત છે એનો એક અંશ લેવો જોઈએ. જે કહેવાનો આશય છે તે. આહા..હા..!

કહેવાનો આશય ત્યાં એ છે કે રાગાદિ હોય, છતાં એને કાંઈ બહારમાં અનો વ્યભિચાર બહાર ન આવે દોષ. એમ જેને જ્ઞાયકસ્વભાવ માથે છે. આહા..હા..! .. ઉપર જ્ઞાયક ચૈતન્યમૂર્તિ જેને દૃષ્ટિમાં આવ્યો છે એને કોઈ પર્યાયમાં રાગાદિ હોય, તો એમ પણ કહી દીધું શાસ્ત્રે જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ. હવે એની ટીકા કરે તો? ભોગ નિર્જરાનો હેતુ? એ ખોટું. કઈ અપેક્ષાએ કહ્યું? ભાઈ! એને આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપનો જ્યાં અનુભવ થયો, હવે એને જરી રાગાદિ કોઈ કમજોરીથી આવે પણ એ ખરેખર તો એ ખરવા આવે છે.

જ્ઞાનીના વિકલ્પો બધા જ્ઞાનમય છે એમ કીધું છે ત્યાં. વિકલ્પ જ્ઞાનમય નથી પણ વિકલ્પમાં જ્ઞાન કરે છે ને. વિકલ્પ છે તે જાતનું ત્યાં જ્ઞાન પોતાથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે પ્રકારનો વિકલ્પ હો, તે જ પ્રકારના જ્ઞાનમાં સ્વપર પ્રકાશક જાણવાની દશા પ્રગટ થાય છે. એવું જ એનું સ્વરૂપ છે. આહા..હા..! જીલવું કઠણ. બહારનું ઓલું આગમ પદ્ધતિનો વ્યવહાર સુગમ છે એમ આવ્યું હતું ને? દેવીલાલજી! પરમાર્થ વચનિકા. આગમપદ્ધતિનો વ્યવહાર સુગમ છે, અધ્યાત્મનો વ્યવહાર પણ કઠણ મુશ્કેલ છે. અધ્યાત્મનો વ્યવહાર નામ શુદ્ધ પરિણતિ. આહા..હા..! આ રાગની ક્રિયા સહેલી લાગે. એનાથી થાશે આગળ. એમાં સંતોષ મનાવે. આહા..હા..!

**'પરંતુ એવા વિકલ્પોને છોડી જે કોઈ પણ પક્ષ ન પકડે તે જ શુદ્ધ પદાર્થનું સ્વરૂપ જાણી...'** લ્યો! શુદ્ધપદાર્થનું સ્વરૂપ જાણી હોં. શુદ્ધ સ્વરૂપ છે તેનું જ્ઞાન થયું અંદર. **'તે-રૂપ સમયસારને—શુદ્ધાત્માને—પામે છે.'** લ્યો! આહા..હા..! **'નયપક્ષ પકડવો તે**

રાગ છે,...' ખુલાસો કર્યો. અબદ્ધસ્પૃષ્ટ છું એવું પકડવું પણ એક રાગ છે. '**તેથી સમસ્ત નયપક્ષને છોડવાથી વીતરાગ સમયસાર થવાય છે.**' આહા..હા..! વિકલ્પને છોડતા વીતરાગ થવાય છે અને એ વીતરાગસ્વરૂપ એ છે આત્મા. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો સુદ-૧૨, સોમવાર, તા. ૦૪-૧૦-૧૯૭૬, ગાથા-૧૪૨, કળશ-૬૯ થી ૭૧, પ્રવચન નં. ૧૯૧

સમયસાર. કર્તા-કર્મ અધિકાર. અહીંયાં આવ્યું છે. ૧૪૨ ગાથા થઈને? ભાવાર્થ પૂરો થયો.

'હવે, '**જો આમ છે તો નયપક્ષના ત્યાગની ભાવનાને ખરેખર કોણ ન નચાવે?**'' એટલે શું? કે આત્મા વસ્તુ તરીકે અબદ્ધ છે. અને બંધપર્યાયની અપેક્ષાએ બંધ વ્યવહારનય કહેવામાં આવે છે. બેય પક્ષને છોડી દઈને પોતાના સ્વભાવની નિર્વિકલ્પ દૃષ્ટિ કરીને અનુભવવો એ નયપક્ષના ત્યાગની ભાવના છે. સમજાય છે કાંઈ? તારાચંદજી! આહી આવો આંહી. આ બાજુ જગ્યા છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે ભાઈ! આ માર્ગ એવો છે કે એ જ્ઞાનસ્વરૂપ સૂર્ય છે. આત્મા તો ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે. એમાં રાગની સાથે એણે પર્યાયમાં તન્મય નથી. એ જ્ઞાનસ્વભાવ દ્રવ્ય સાથે તન્મય છે. સ્વભાવવાન સાથે સ્વભાવ તન્મય છે. સ્વભાવ વસ્તુ જે છે, હું અબદ્ધ છું કે બદ્ધ એવો જે વિકલ્પ રાગ એની સાથે એ વસ્તુ તન્મય નથી. તારાચંદજી! આવી વાત લીધી. આહા..હા..! લોકોને શું આકરું પડે માણસને. બીજું શું થાય ભાઈ! વસ્તુસ્થિતિ આવી છે ત્યાં. ચૈતન્યસૂર્ય જે છે... આહા..હા..! આ સૂર્યના પ્રકાશમાં ગમે તે પ્રાણી ગમે તે ક્રિયાકાંડ કરતો હોય તો એ પ્રકાશ સૂર્યને શું છે? આહા..હા..! એનો એને ડાઘ પણ નથી અને એનો એને લાભ પણ નથી. આહા..હા..! એમ ચૈતન્યસૂર્ય વસ્તુ છે. એક સમયની પર્યાયમાં રાગ છે એ વાતને ગૌણ કરી નાખે. અભૂતાર્થ કર્યો. એમ.

વસ્તુ જે છે ચૈતન્યસ્વભાવ જ્ઞાયકજ્યોત અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તો રાગ છે એને તો એ સંબંધ છે જ નહિ. પણ એને એના સંબંધીનો હું આવો છું અને આવો નથી એવો જે વિકલ્પ રાગનો એ પણ નયનો પક્ષ છે, એ સ્વભાવની દૃષ્ટિ નથી ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નયપક્ષના ત્યાગની ભાવનાને...**' એટલે વસ્તુસ્વભાવ ચૈતન્યમૂર્તિ અસ્તિતત્ત્વ મહાપદાર્થ

ચૈતન્ય ભગવાન, એને હું અબદ્ધ છું અને બદ્ધ છું એવા વિકલ્પના ત્યાગની ભાવના કોણ કરે છે? એમ કહે છે. છે? **'ત્યાગની ભાવનાને ખરેખર કોણ ન નચાવે?'** એટલે કોણ કરે છે? આહા..હા..! **'એમ કહીને શ્રીમાન્ અમૃતચંદ્રાચાર્ય નયપક્ષના ત્યાગની ભાવનાનાં ૨૩ કળશરૂપ કાવ્યો કહે છે :—'** ૬૯.

(उपेन्द्रवज्रा)

य एव मुक्त्वा नयपक्षपातं
स्वरूपगुप्ता निवसन्ति नित्यम्।
विकल्पजालच्युतशान्तचित्ता-
स्त एव साक्षादमृतं पिबन्ति।।६९।।

**'શ્લોકાર્થ :— જેઓ...' 'नयपक्षपातं मुक्त्वा' 'નયપક્ષપાતને છોડી...'** દે છે. એટલે કે હું અબદ્ધ છું ને શુદ્ધ છું ને એક છું ને અભેદ છું, પૂર્ણ શુદ્ધ છું એવી જે વૃત્તિ વિકલ્પ ઊઠે છે એને જે છોડી દે છે. આહા..હા..! આનો ત્યાગ. વિકલ્પનો ત્યાગ. આહા..હા..! બાહ્યચીજનો ત્યાગ-ગ્રહણ તો સ્વરૂપમાં છે નહિ. આહા..હા..! માર્ગ બહુ અલૌકિક છે, બાપુ! અને જેના ફળ પણ અમૃતનો અનુભવ... આહા..હા..! એમાં ક્યાં પક્ષપાતને લક્ષ છે?

સહરાનપુરની વાત આવી છે છાપામાં. એમ કે ત્યાં એવું બોલાણું છે, સામા પક્ષથી, આપણા પક્ષથી. એમ કે નિમિત્ત મુર્દાબાદ, ઉપાદાન જિંદાબાદ. એમ ન હોય. એ એણે લખ્યું છે. હવે એ કોણે કહ્યું છે કે નહિ ખબર નહિ. એનો અર્થ શું પણ? નિમિત્ત છે. સ્વની અપેક્ષાએ એ નથી. સ્વની અપેક્ષાએ એ અસત્ છે. પણ એની અપેક્ષાએ એ સત્ છે. એ સત્ છે માટે અંદર નિમિત્તથી કાર્ય થાય છે. એમ નથી. આ વાત છે અંદર. હવે એ જગતને આકરી પડે છે. આહા..હા..! શું થાય ભાઈ! અનંતકાળનો રજળ્યો-રખડ્યો. એની ચીજની ખબર ન મળે અને એ ચીજના ખબર વિના જે કાંઈ વ્રત ને તપ ને જપ ને દાન ને પૂજા આદિ થાય એ બધા વૃથા સંસાર ખાતે છે. આવી વાત છે. સમજાય છે કાંઈ?

એ અહીં તો નયપક્ષને છોડી દેવો એ વસ્તુનું સ્વરૂપ છે. પરને છોડવું અને ત્યાગ એ તો આત્મામાં છે નહિ. આહા..હા..! ઝીણી વાતું ભાઈ! જેનાથી ભગવાન પ્રાપ્ત થાય એ તો વિકલ્પરહિત પ્રાપ્ત થાય. કે હું અબદ્ધ છું અને શુદ્ધ છું એવા વિકલ્પથી પ્રાપ્ત થાય એવી ચીજ નથી. કેમકે એ વિકલ્પ એના સ્વરૂપમાં નથી. આહા..હા..! એવો એણે પહેલો નિર્ણય તો કરવો પડશે ને. પક્ષપાત છોડી દઈને. આહા..હા..! અરે.. ચોર્યાસીના અવતારમાં એ નિગોદમાં તો એક શ્વાસમાં તો ૧૮ ભવ કરે બાપુ એ શું હશે? એ શું હશે? આહા..હા..! એક શ્વાસ એટલામાં તો નિગોદના જીવો અનંતા એક શરીરમાં અનંતા ૧૮ ભવ કરે. અરેરે..! આ શું છે બાપુ! અરે.. એને કોની સામું જોવાનું ભાઈ! આવો જે દુઃખના અક્ષરના અનંતમાં ભાગની

પર્યાય રહી ગઈ. પર્યાય હોં. વસ્તુ તો વસ્તુ છે આખી. નિગોદના જીવ શક્કરકંદ, કંદમૂળ, આ લીલફુગ, કાય, થોકડાના થોકડા દેખાય. એના એક જીવને ૧૮ ભવ એક શ્વાસમાં કરે બાપુ એ શું હશે? એ અસ્તિત્વ કેટલો દુઃખી છે એ? સમજાય છે કાંઈ? એ દુઃખથી મુક્ત થવાનો ઉપાય તો આ છે. કેમકે એ દુઃખ અને દુઃખથી મુક્ત થવું એ બેયનો જાણનાર ચૈતન્ય છે. આહા..હા..! વિકલ્પ થાય એનો એ જાણનાર છે અને છૂટે છે એનો એ જાણનાર છે. આહા..હા..!

એથી કહે છે કે '**નયપક્ષપાતને છોડી...**' દઈ. ભાષા તો શું કહેવાય? એ સ્વદૃષ્ટિમાં જાય છે એટલે નયપક્ષપાત છૂટી જાય છે. ત્યારે એટલે કથનમાં તો એ જ આવે ને. આહા..હા..! ચૈતન્યબિંબ પ્રભુ પરમાત્મસ્વરૂપ. એની જ્યાં પર્યાયમાં દૃષ્ટિ ત્યાં જાય છે ત્યાં વિકલ્પ છૂટી જાય છે. એને વિકલ્પ છોડે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! અરે.. આમાં વાદવિવાદને ક્યાં પક્ષ સંબંધ છે ભાઈ! આહા..હા..!

ઘાણીમાં તલ પીલે એમ પીલાઈ ગયો પ્રભુ તું રાગમાં. આનંદના નાથને રાગમાં પીલી નાખ્યો છે તે. એ કર્મે પીલ્યો છે એમ નથી અહીં તો. આહા..હા..! વસ્તુ ભગવાન ચૈતન્ય સૂર્ય આનંદની મૂર્તિ પ્રભુ, પરમાત્માએ પોતે નિજસ્વરૂપ છે એને વિકલ્પના પક્ષમાં રગદોળી નાખ્યો એણે. જેમ હાથીના પગે... આહા..હા..! ટોડરમલને હાથીના પગમાં. હાથી પગ મૂકતા જરી અચકાતો હતો. રાજાએ હુકમ કર્યો. આહા..હા..! ટોડરમલ કહે છે અરે.. હાથી! રાજે હુકમ કર્યો છે ને તું શું કરવા ડરે છે? આહા..હા..! મૂક પગ. મૂક્યોને આમ જ્યાં થયું તો દેહ છૂટી ગયો. જુઓ એવે કાળે પણ આવા ટોડરમલ જેવાની આવી દશા! એ તો કેવો કાળ હતો! આ તો ૩૦૦ વર્ષ પહેલાની વાત છે. ૨૫૦ વર્ષ. આહા..હા..! અરે.. કોઈ જૈનમાં નહોતું? અરે.. ઇન્દ્રો આદિ સમકિતી પક્ષપાતમાં નહોતા? હો તે શું છે? એ સ્થિતિ થવી હોય ત્યાં કોણ આદર કરે? આહા..હા..! એ દેહ છૂટી ગયો એમાં. હવે એ પીડા એને તો જ્ઞાન સ્વરૂપનું ભાન છે. સમજાણું કાંઈ? એથી પીડા એને હતી નહિ અંદર. દેહ છૂટી ગયો ફટ દઈને. આહા..હા..!

અહીં કહે છે કે જે નયપક્ષમાં ઊભો છે એ નયપક્ષ એ રાગ છે. આહા..હા..! વ્રત ને તપ ને જપ ને દાન ને દયા ને વ્રત, તપ એ તો રાગ છે. આહા..હા..! પણ અહીંયાં હું એક ચૈતન્યસ્વરૂપ છે એવું પૂર્ણસ્વરૂપ પવિત્રતાનો જાગતી જ્યોત પિંડ છું. એવો જે વિકલ્પ ઉઠ્યો. આહા..હા..! એ પણ શાંતિને પીડે છે. આવી વાત છે, બાપુ! આહા..હા..! ભગવાન તું પણ ભગવાન છો ભાઈ! અરેરે..!

અહીંયાં તો અહીં સુધી વાત લઈ જાય છે. પ્રભુ તું આવો છો એવી વિકલ્પદશા એ પણ દુઃખદાયક છે. આહા..હા..! ભાઈ! તારે.. આહા..હા..! ભવના ચક્રનો અંત લાવવાનો આ કાળ છે ને પ્રભુ તારે? એમ કહે છે. આ ભવ અનંતભવના અભાવને માટે છે. આ

ભવ ભવમાં રમવા માટે નથી. આહા..હા..! એ અહીંયાં આચાર્ય મહારાજ કહે છે '**જેઓ નયપક્ષપાતને છોડી...**' દીધ છે. એટલે છોડતા શું થયું? સ્વરૂપમાં ગુપ્ત થયો. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન પૂર્ણસ્વરૂપ તેમાં ગુપ્ત થયો. વિકલ્પથી જ્યાં બહાર નીકળતો હતો. આહા..હા..! અને એ વિકલ્પને પોતાનો માનતો હતો એ તો બહિર્આત્મા છે. બહિર્આત્મા. સ્વરૂપમાં નથી તેને પોતાનો માનવો એ બહિર્આત્મા છે. એ વિકલ્પને છોડીને સ્વરૂપમાં ગુપ્ત થાય છે. આહા..હા..! સ્વરૂપ જે સહજાનંદ સ્વભાવ સ્વરૂપ સમ્યગ્જ્ઞાન વસ્તુ તેના સન્મુખ થઈને તેમાં ગુપ્ત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(પોતાના) સ્વરૂપમાં...**' સ્વસ્વરૂપ તો છે ને? '**स्वरुपगुप्ताः**' '**स्वरुपगुप्ताः**' સ્વરૂપ પોતાનું જે જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ એ '**સ્વરૂપમાં ગુપ્ત થઈને સદા રહે છે...**' આહા..હા..! એ સ્વરૂપમાં રહે છે પક્ષપાત છોડી દઈને. છે? ૬૯ શ્લોક ૬૯ શ્લોક.

'**તેઓ જ, જેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત શાંત થયું છે...**' આહા..હા..! અરે.. ભગવાન આમાં વાદવિવાદને હા-નાને ક્યાં પક્ષપાત ને સંબંધ છે? આહા..હા..! '**જેમનું ચિત્ત...**' એટલે જ્ઞાન '**વિકલ્પજાળથી રહિત શાંત થયું છે...**' વિકલ્પ હતો એ તો અશાંતિ હતી. આહા..હા..! હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ પૂર્ણ છું એવો વિકલ્પ પણ અશાંતિ હતી. એને છોડીને જે સ્વરૂપગુપ્ત થયો તે '**વિકલ્પજાળથી રહિત શાંત...**' આહા..હા..! શાંત રસનો સાગર ભગવાન, એમાં શાંતપણે ઠર્યો. આહા..હા..! જુઓ આ ક્રિયા સમકિતની. આહા..હા..! એનું એને જ્ઞાન પણ સાચું ન હોય એ ક્યાં અંતરથી જાય? આહા..હા..!

'**શાંત થયું છે એવા થયા થકા,...**' '**विकल्पजालच्युतशान्तचित्ताः**' અશાંતિથી છૂટીને શાંત ચિત્ત થયું. આહા..હા..! '**साक्षात् अमृतं पिबन्ति**' અમૃતસ્વરૂપ તો છે ભગવાન, પણ અંતરમાં વિકલ્પ છોડીને એકાગ્ર થાય ત્યારે અમૃતને અનુભવે છે. પર્યાયમાં અમૃતને, આનંદને અનુભવે છે. આહા..હા..! આનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ધર્મ છે. કહો, પોપટભાઈ! ક્યાં સુધી એને જાવું છે? ભાઈ! તું રખડતો, રઝળતો પરિભ્રમણ કરતો કરતો આવ્યો છો અહીંયાં હવે. હવે તારે જાવું છે અંદરમાં ભાઈ! આહા..હા..! જ્યાં તારું સ્વરૂપ છે, જ્યાં તું છો, જ્યાં તું છો. આહા..હા..! તું, યહ, એ અને આ એવા વિકલ્પને પણ જ્યાં અવકાશ નથી. આહા..હા..! ચાર બોલ છે ને સમ્યગ્જ્ઞાનદિપીકામાં. તું, યહ, આ, તે એવો વિકલ્પ પણ ક્યાં છે? આહા..હા..! અને એ વિકલ્પથી પ્રાપ્ત થાય એવી ચીજ નથી. કેમકે વસ્તુ નિર્વિકલ્પ આનંદકંદ છે. જ્ઞાનસૂર્ય, જ્ઞાનનો કંદ છે, આનંદનો કંદ છે. આહા..હા..! એ આનંદનો મીઠો મહેરામણ.. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો મીઠો મહેરામણ આત્મા છે. એમાં ડૂબકી મારવી છે કહે. આહા..હા..! આનું નામ સમ્યગ્દર્શનની ક્રિયા. એ એનું નાન સ્વસંવેદન જ્ઞાન અને એનું નામ સ્વરૂપાચરણ ચારિત્ર. આહા..હા..!

એવા '**સાક્ષાત્ અમૃતને...**' સાક્ષાત્ કેમ કહ્યું? કે ભગવાન પોતે અમૃત અતીન્દ્રિય આનંદનો

પિંડ છે. એમાં એકાગ્ર થતાં અમૃતનો અનુભવ થાય છે. ઓલો જે રાગનો અનુભવ દુઃખનો હતો વિકલ્પમાં. એનાથી રહિત થતાં આનંદનો અનુભવ થાય છે. આહા..હા..! **'સાક્ષાત્ અમૃતને પીએ છે.'** એટલે કે પ્રત્યક્ષ... આહા..હા..! આવી વાત! લોકોને એવું લાગ્યુંને આ બધું આવ્યું એટલે લોકોને એવું લાગે જાણે નિશ્ચયાભાસ છે. એ આગમ વિરોધ છે. અરે..! ભગવાન! બાપુ! ભાઈ તને ખબર નથી. આગમને તો વીતરાગતા કહેવી છે. વીતરાગ સ્વભાવવાળો ભગવાન વીતરાગસ્વભાવનું વર્ણન કરે છે. તો વીતરાગતા ક્યારે થાય? પરતરફના પક્ષપાતનો વિકલ્પ પણ છોડી દે. આહા..હા..! એ જ્ઞાતા-દૃષ્ટામાં ઊંડે સમાય ત્યારે એને અમૃતનો અનુભવ થાય છે. એનું નામ ધર્મ અને સમકિત છે. આહા..હા..! અને આવું સમ્યગ્દર્શન ન હોય અને પછી વ્રત ને તપ ને આ બધા કરે એ બધા રણમાં પોક મૂકવા જેવી વાત છે. બાપુ! એ તો બધી રાગની ક્રિયાઓ ભાઈ! એ સંસાર સમુદ્ર છે. આ ચૈતન્ય સિંધુ આનંદનો સમુદ્ર છે પ્રભુ. આહા..હા..! ભાષા તો જુઓ! આહા..હા..! જુઓ સંતોની શૈલી. સુગમ કરીને પંથ બતાવ્યો છે. ભગવાન! જ્યાં તું છો ત્યાં જા ને. જ્યાં નથી ત્યા પરિભ્રમણ વિકલ્પમાં કરે છે, પ્રભુ! આહા..હા..!

**'સાક્ષાત્ અમૃતને પીએ છે.'** છે ને? પીએ છે એટલે અનુભવે છે. એ રાગને પીતો એ આ નિર્વિકલ્પને પીવે છે એમ કહે છે. આહા..હા..! એને હજી આ વાતની શ્રદ્ધા અને જ્ઞાનની ખબર નથી એ અંદરમાં ક્યાં જાય ભાઈ! એ સત્નો સ્વીકાર શી રીતે કરે? આહા..હા..! સમજાણું કાંઈ? પણ આવું કરવામાં કાંઈક સાધન હશે કે નહિ? એમ કહે છે. કે પાધરું થાય? એ જ કહે છે. રાગથી ભિન્ન પડવું એ એનું સાધન છે. રાગ સાધન નહિ. કહ્યું ને વિકલ્પથી છૂટવું. રાગથી-વિકલ્પથી છૂટવું એ સાધન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાવાર્થ. એકદમ સાર આવી ગયો આમાં. સાક્ષાત્ અમૃત. વીતરાગધારા વહે કહે છે. આહા..હા..! હું અબદ્ધ છું ને એક છું એવો જે વિકલ્પ છૂટતાં અબદ્ધને એકની પરિણતિ નિર્મળ થતાં એ અમૃતને અનુભવે છે. આહા..હા..! જે અમૃતના અનુભવ આગળ સમકિત દૃષ્ટિને ઈન્દ્રના ઈન્દ્રાસનો અને હજારો ઈન્દ્રાણી, કરોડો ઈન્દ્રાણીના જેને ક્ષુધા-તૃષા લાગે તો અમૃત ઝરે કંઠમાંથી. એવાના ભોગ પણ જેને સડેલા તરણા જેવા લાગે. આહા..હા..! એવા અમૃતને પીવે છે એને ધર્મ થાય છે. આવી વાત છે. લોકોને લાગે પ્રભુ બીજું શું થાય? વ્યવહારવાળાને વ્યવહાર કરીએ તો થાય. વ્યવહાર સાધન છે ને નિશ્ચય સાધ્ય છે એવું આવે છે પંચાસ્તિકાયમાં. ભાઈ! એ તો જ્ઞાન કરાવ્યું છે ભાઈ! વ્યવહાર રાગ છે, એ સાધન છે એમ કહ્યું તે રાગથી ભિન્ન પાડીને જે સાધન કહ્યું એ સાધનનો નિમિત્તમાં આરોપ આપ્યો છે. આહા..હા..! ખરેખર એ સાધન છે નહિ. જે જે સાધન તે તે ત્યાં બાધક છે. આવે છે સમયસાર નાટકમાં આવે છે. આહા..હા..!

**'ભાવાર્થ :- જ્યાં સુધી કાંઈ પણ પક્ષપાત રહે છે...'** પક્ષપાતનો અર્થ હું જૈન

છું અને પરમેશ્વરે કહ્યું તે સત્ય છે. એમ વાત નથી આ. એ તો એમ જ છે. પણ આવો છું એવો વિકલ્પનો પક્ષપાત રહે છે એ વાત છે. સમજાણું કાંઈ? એક જણા વળી એવી વ્યાખ્યા કરતા. ગોંડલમાં હતા ને ભાઈ એક. ક્યાં નામ? ભૂલી ગયા. કેવા? .. ભાઈને? ..ભાઈ. એની દીકરી અહીં રહેતી. 'દર્શનમોહ વ્યતીત થયો તજ્યો બોધ જે.' કોઈપણ દર્શનનો વિકલ્પ છોડી દેવો. આ દર્શન સાચું અને આ સાચું એમ પણ નહિ. દર્શનમોહ વ્યતીત.. એવો અર્થ કરે છે. એમ નથી. ત્યાં તો દર્શનમોહ એટલે વિકલ્પની જાળમાં જે એકત્વ થાય છે એને છોડી દીધું છે. વસ્તુ તો વસ્તુ છે. જૈન પરમેશ્વરે કીધી તે જ વસ્તુ છે. બીજી કોઈ વસ્તુ નીકળશે વિકલ્પ વિનાની એમ નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી આવ્યું એ બધું વિસ્તાર. વિસ્તાર રહી ગયો છે. મૂળ તત્ત્વ નથી રહી ગયું. આહા..હા..! મૂળનું સામાન્યપણું તો યથાર્થપણે કહ્યું છે. બહુ વિસ્તાર. એની વાતું. આહા..હા..! એક વસ્તુ ને એના અનંતગુણ અને એની અનંતી પર્યાય એક સમયમાં. અનંતગુણની અનંતી પર્યાય, એક પર્યાયમાં અનંતા વિભાગ પ્રતિચ્છેદ. આહા..હા..! એક સમયની પર્યાય અનંતા કેવળીને જાણે. એક સમયની પર્યાય અનંતા કેવળીને એ પર્યાયની કેટલી મહત્તા અને કિંમત છે! એટલો બધો વિસ્તાર (આવી ગયો છે). વાણીમાં ઘણું ન આવે, પણ એનું મૂળરૂપ આવે. સમજાય છે કાંઈ? આહા..હા..! આ તો બહારની હોશું છોડે તો કામ થાય એવું છે ભાઈ! બહારના હરખમાં. હું આવો શુદ્ધ છું, અબદ્ધ છું એવા હરખમાં રોકાણો તો એ દુઃખ છે કહે છે. આહા..હા..!

**'જ્યાં સુધી કાંઈ પણ પક્ષપાત રહે છે ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ મટતો નથી.'** દેખો! આહા..હા..! એ વ્રતને તપના વિકલ્પ તો ક્ષોભ છે. પણ હું શુદ્ધ છું, અબદ્ધ છું એવી જે લાગણીનો ભાવ એ ક્ષોભ છે. આહા..હા..! એ આકુળતા છે. ભગવાન આત્માનું એ સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? **'ક્ષોભ મટતો નથી. જ્યારે નયોનો સર્વ પક્ષપાત મટી જાય...'** નયોનો પક્ષપાત એટલે વિકલ્પ છે એ મટી જાય છે એમ.

**'ત્યારે વીતરાગદશા થઈને...'** ભાષા દેખો! વીતરાગદશા સમ્યગ્દર્શનના કાળમાં વીતરાગદશા છે એ. એમ નહિ વીતરાગદશા અગ્યારમે અને બારમે જાય ત્યારે થાય. સમજાણું કાંઈ? આહા..હા..! **'ત્યારે વીતરાગદશા થઈને...'** એટલે? હું શુદ્ધ છું અને એક અબદ્ધ છું એવી જે વિકલ્પ અને રાગની લાગણી, એને છોડીને વીતરાગદશા થાય. ઓલી રાગદશા હતી એ રાગને છોડી ત્યારે વીતરાગદશા થઈ. આહા..હા..! સમ્યગ્દર્શન એ વીતરાગદશા છે. સમજાણું કાંઈ? આહા..હા..! આકરું માણસને ઓલા વ્યવહારથી થાય અને નિમિત્તથી થાય એ લોકોને ભારે આકરું લાગે. ઘણા કાગળ આવ્યા છે આજે ઘણા. બાબુભાઈના. ભક્તિ પછી વાંચીશું. બાબુભાઈના છે ને બધા? પાટણી બેય ભેગા છે. આહા..હા..! એ તો બે

જણા ગયા હતા ને.

**'વીતરાગદશા થઈને સ્વરૂપની શ્રદ્ધા...'** સ્વરૂપની શ્રદ્ધા **'નિર્વિકલ્પ થાય છે,...'** શું કહ્યું એ? વાત સાંભળવા ન મળે એ બિચારા કે દિ' વિચારે ભાઈ! બાપુ આ તારી દયાના ભાવ છે. તારું જીવનજ્યોત જેટલું છે એટલું કબુલ કર ત્યારે તું જીવતી જ્યોત છો અંદર. મારી નાખ્યો તે. આહા..હા..! એનું જીવન જે અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર આવે છે ને? **'जीवो चरित्तदंसणणाणठिदो'** એમાંથી કાઢ્યું કે જીવતરશક્તિ. પહેલી શક્તિ કાઢીને ૪૭. જેમાં જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તા અને વીર્યપણું પૂર્ણ પડ્યું છે. આહા..હા..! એવા ચૈતન્ય જીવના પ્રાણ વડે જે જીવી રહ્યો, ટકી રહ્યો છે. એવા જીવતરની શક્તિને જીવે ધારી રાખી છે. એ શક્તિવાનને પકડતાં.. આહા..હા..! એને નિર્વિકલ્પ દશા થાય છે. એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણ છે. આહા..હા..! આવું આકરું પડે દેવીલાલજી! શું થાય ભાઈ! આહા..હા..! શરીર ને વાણી ને મનને પૈસા ને આબરૂ ને કીર્તિ ધમાલ મોટી. એને આકર્ષણમાં રોકાઈ ગયો. પરમાત્માનું આકર્ષણ એને ન થયું. આહા..હા..! એ જેને પરમાત્મસ્વરૂપ ભગવાન આત્માનું નિર્વિકલ્પપણે આકર્ષણ થયું.. આહા..હા..! એ સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય તેને. આનું નામ સમ્યગ્દર્શન.

સ્વરૂપની શ્રદ્ધા વિકલ્પ રાગ વિનાની નિર્વિકલ્પ શ્રદ્ધા થાય એને સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! હવે આ હજી ખબર ન મળે અને એ વિના. શું થાય ભાઈ! વ્યવહાર સાધન છે અને કરતા કરતા આગળ જવાશે અને વધશે. ભાઈ! એ શલ્ય છે મોટું. મિથ્યાશલ્યમાં રોકાઈ ગયો છે એ. આહા..હા..!

**'સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે...'** ત્રણ વાત કરી. નયનો પક્ષપાત મટી જાય છે એટલે વિકલ્પ છૂટી જાય છે, વીતરાગદશાનું અસ્તિત્વ થાય છે એથી સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે એટલે સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે. ઓલું રાગમાં જે પ્રવૃત્તિ હતી એ સ્વરૂપમાં છૂટીને પ્રવૃત્તિ થાય છે. કેટલું સ્પષ્ટ કર્યું છે! આહા..હા..! **'અને અતીન્દ્રિય સુખ અનુભવાય છે.'** આટલા બધા બોલ મૂક્યા લ્યો. નયનો પક્ષપાતનો વિકલ્પ છૂટી જાય છે ત્યારે ચિત્તનો ક્ષોભ મટી જાય છે ત્યારે શાંતિ વીતરાગદશાની ઉત્પત્તિ થાય છે ત્યારે સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે ત્યારે સ્વરૂપમાં પ્રવૃત્તિ વર્તે છે તેથી અતીન્દ્રિય સુખ અનુભવાય છે. આહા..હા..! આ નિશ્ચય આવું આકરું લાગે માણસને. બાબુભાઈ! વ્યવહાર કરીએ કાંઈક. આહા..હા..!

આગમની પદ્ધતિનો વ્યવહાર અનાદિથી કર્યો છે બાપુ સહેલો લાગે છે તને. પણ અધ્યાત્મનો વ્યવહાર આ શુદ્ધ પરિણતિ તે અધ્યાત્મનો વ્યવહાર છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એ **'અતીન્દ્રિય સુખ અનુભવાય છે.'** બહુ સરસ વાત. ટીકાકારે પણ સ્પષ્ટ .. કર્યું.

**'હવેના ૨૦ કળશમાં નયપક્ષને વિશેષ વર્ણવે છે અને કહે છે કે આવા સમસ્ત નયપક્ષોને જે છોડે છે તે તત્ત્વવેદી (તત્ત્વનો જાણનાર) સ્વરૂપને પામે છે :-**

–' અર્થ પાધરો લઈએ.

(उपजाति)

एकस्य बद्धो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७०।।

'શ્લોકાર્થ :—**જીવ કર્મથી બંધાયેલો છે એવો એક નયનો પક્ષ છે...**' વ્યવહારનો. '**અને જીવ કર્મથી બંધાયેલો નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.**' આહા..હા..! 'तत्त्ववेदी च्युतपक्षपात:' પણ તત્ત્વવને વેદનારો, અનુભવનારો તત્ત્વવેદી, સ્વરૂપનો જાણનાર, સ્વરૂપને જાણનાર-વેદનાર, અનુભવનાર... આહા..હા..! પક્ષપાતરહિત છે. બહુ ઝીણી વાતું.! ગાથા બહુ ઊંચી બધી આવે છે. આહા..હા..! જ્ઞાનમાં એ વાતને પક્ષપાત તો કરે. .. કે આ વસ્તુ આ છે. સમજાય છે કાંઈ? પછી વિકલ્પને છોડીને અનુભવવો એનું નામ આત્મધર્મ છે. આ આત્મધર્મની વાત ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'હોંશીલા મત હોંશ ન કીજે.' એક સ્તુતિ આવે છે, એક સજ્ઝાય આવે છે. સજ્ઝાયમાળા છે ને ચાર એમાં એક આ (આવે છે). દુકાન ઉપર બધી વાંચેલી ૬૫-૬૬ની સાલ. સંવત્ ૬૫-૬૬ હોં. ઘણા વર્ષ પહેલાં. એમાં એક આખી સજ્ઝાય આવે છે. 'હોંશીડા મત હોંશ ન કીજે.' હોંશીલા પરમાં હરખ ન કરીએ ભાઈ! આહા..હા..! બહારની સુંદરતાના વૈભવને દેખીને હોંશ ન કર, ભાઈ! અંદર સુંદરનાથ ભગવાન બિરાજે છે. એ સિદ્ધવીર્યથી પ્રભુ ત્યાં જાને. સમજાણું કાંઈ? આવો માર્ગ એટલે માણસ સાધારણને એવું લાગે કે આ તો એકાંત છે... એકાંત છે... નિશ્ચયથી જ પ્રાપ્ત થાય, વ્યવહારથી નહિ. એ જ અનેકાંત છે. એ અનેકાંત તે સમ્યક્ એકાંત છે. આહા..હા..!

તત્ત્વવેદી '**તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે...**' જ્ઞાનસ્વરૂપી ભગવાન તે જ્ઞાનસ્વરૂપ જ છે. આહા..હા..! વિકલ્પની વૃત્તિને છોડીને પક્ષપાત છોડી દઈને, અરે.. આઠ વર્ષની બાળીકા સમ્યગ્દર્શન પામે જ્યારે. આહા..હા..! અરે.. દેડકો હોય. આહા..હા..! દેડકો કહે છે. મેંઢક. એ પણ આત્મા છે ને. દેહ જડ તો માટી ધૂળ પર છે. આહા..હા..! ભગવાન આત્મા છે અંદર. એ દેડકો પણ સ્વરૂપમાં અંદર જાય છે ત્યારે એને આનંદ આવે છે. આહા..હા..!

'**(અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).**' આહા..હા..! અંતર પડ્યા વિના જ્ઞાનસ્વરૂપી પ્રભુ ચૈતન્યસૂર્ય. જ્ઞાન અને આનંદથી ઝળહળ જ્યોતિ ભગવાન ધર્મીને તે નિરંતર અનુભવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ચોથા ગુણસ્થાનની

વાત ચાલે છે આ. પાંચમું છઠ્ઠું તો ક્યાંય રહી ગયું. શું થાય પણ પ્રભુ! એવી વાત આવતા એને એમ લાગે કે આ તો અમારી તુચ્છતા અને નિંદા કરે છે એમ કહે, ભાઈ! નિંદા નથી. ભગવાન! તારી નિંદા હોય? પર્યાયમાં ભૂલ છે એનું જ્ઞાન કરાવે છે. આ તારા હિતની વાત છે ને નાથ! તને કેમ દુઃખ લાગે એમાં ભાઈ! આહા..હા..!

હે મિત્રો! એમ કહીને લખ્યું છે. સમ્યગ્જ્ઞાન દિપીકામાં આવે છે ને. હે સજ્જન! હે મિત્ર! એમ કહીને લખ્યું છે ત્યાં. આહા..હા..! હે સત્ જન, સત્ જન સત્સ્વરૂપ એવું તારું એ સત્જન તે તું છો. આહા..હા..! તારા સ્વરૂપમાં આનંદ છે ત્યાં જાને ભાઈ! આહા..હા..! એ જાણનારને જાણ, દેખનારને દેખ, દેખાય ચીજને ન દેખતા, દેખાય તેને દેખ. આહા..હા..! આવો માર્ગ છે. સાધારણ માણસને તો એવું લાગે કે આ.. આ તો નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચયની. નિશ્ચય એટલે સત્... સત્... સત્... સત્... સત્.. એમ. એને નિશ્ચય-નિશ્ચય સત્ એમ નહિ. નિશ્ચય-નિશ્ચય એટલે એકાંત નિશ્ચયની જેમ. આવો માર્ગ નહિ.. આવો માર્ગ નહિ...

'**ભાવાર્થ :—આ ગ્રંથમાં...**' જુઓ શું કહે છે હવે? ઓલા વ્યવહાર-નિશ્ચય બેયનો પક્ષ છોડાવ્યોને તો હવે કહે છે કે બેને અમે છોડાવ્યું એમ કહ્યું અહીં. પણ '**પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને...**' વ્યવહારને તો ગૌણ કરીને '**અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે.**' કહો, ૧૧મી ગાથાથી, ૬ ગાથાથી પર્યાયને ગૌણ કરીને, અભાવ કરીને નહિ. પર્યાયને પેટામાં રાખીને દ્રવ્યને મુખ્ય કરીને કથન કરવામાં પહેલેથી આવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' ભગવાન! તું અપ્રમત્ત અને પ્રમત્ત નથી. અપ્રમત્ત અને પ્રમત્ત તે દશાઓ તો શુભાશુભભાવ હોય એને હોય. શુભાશુભભાવ જ તારા સ્વરૂપમાં નથી. આહા..હા..!

જ્ઞાયકભાવ ચૈતન્યસ્વરૂપ તું છો. એમ પર્યાયને ગૌણ કરીને, અભાવ કરીને નહિ. દ્રવ્યને મુખ્ય કરીને અને પર્યાયને ગૌણ કરીને કથન કરતા આવ્યા એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ચૈતન્યના પરિણામ પરનિમિત્તથી અનેક થાય છે તે સર્વને પહેલેથી જ આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે...**' જોયું! આહા..હા..! જે રાગ-દ્વેષ વિકલ્પ થાય તેને ગૌણ કરતા આવ્યા છે કે એ આત્મામાં નથી. એ અભૂતાર્થ છે. આહા..હા..! તારો નાથ ભૂતાર્થ ભગવાન છે એમાં એ અભૂતાર્થ નથી. આહા..હા..! '**ચૈતન્યના પરિણામ પરનિમિત્તથી અનેક થાય છે...**' જુઓ પરનિમિત્તથી થાય છે એનો અર્થ? બીજી ચીજ છે તેને લક્ષે અનેક પરિણામ થાય છે એમ કહે છે. નિમિત્તથી થાય છે એનો અર્થ? નિમિત્તને લક્ષે અને વિકલ્પ ઉઠે છે. અનેક થાય છે. આમાં વાંધા ઉઠાવે બધા. જુઓ આ નિમિત્તથી થાય છે એમ કીધું છે કે નહિ? નિમિત્તથી થાય એનો અર્થ? નિમિત્ત છે માટે એનાથી થાય એમ

નહિ. પણ નિમિત્તને લક્ષે થાય માટે નિમિત્તથી થાય એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! અરેરે.. શું થાય? શાસ્ત્રને પોતાની દૃષ્ટિએ ખતવવા એને કહેવું છે એ દૃષ્ટિમાં ન લેતા, શાસ્ત્રને ઊંધી રીતે ખતવે શું થાય? આહા..હા..!

ખેતી પાકી ન હોય તો એના પછી શું કહેવાય આ? કરે બહારમાં ખળા-ખળા. ખળામાં અનાજ ક્યાંથી આવે ખેતી પાકી ન હોય તો? અનાજ પાક્યું ન હોય અને ખળા કરે ખળા. ક્યા ખળા પાકી વસ્તુ નથી ને. આહા..હા..! એમ અંદરમાં રાગરહિત પાક જ્યાં થયો ન હોય એને સરવાળે ખળે નિર્વિકલ્પમરણ કેમ થાય? આહા..હા..! પંડિતમરણ. આ દેહ તો છૂટવાનો છે. છૂટેલો જ છે. આહા..હા..! મૃતકલેવરમાં અમૃત સાગર મુંઝાઈ ગયો છે. આહા..હા..! મૂર્છાઈ ગયો છે. મૃતકકલેવર મડદું આ તો છે. અત્યારે હોં. આહા..હા..! અમૃતનો સાગર ભગવાન, એની વિશેષતા દેખીને મૂર્છાઈ ગયો છે. આહા..હા..! એના ચમત્કાર, નમણાઈ, ઉજળાઈ, વિશેષતા બહારની.. આહા..હા..! ભગવાન અમૃતનો સાગર મૃતકકલેવરમાં મૂર્છાઈ ગયો છે.

અહીં તો રાગ છે એ ખરેખર મૃતક છે. એ ચૈતન્યની જાત નથી, ચૈતન્યનો અભાવ છે, મડદું છે એ. આહા..હા..! એવા વિકલ્પની અથવા પર્યાયને તો ગૌણ કરતા જ આવ્યા છીએ. છે ને? **'ગૌણ કહેતા આવ્યા છે અને જીવને શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો છે.'** ભગવાન તો શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે. શુદ્ધ નામ પવિત્ર ભગવાનસ્વરૂપ છે એમ પહેલેથી કહેતા આવ્યા છીએ. સંસાર અને વિકલ્પ એમાં ગૌણ કરી દઈને, અરે.. એનો પર્યાય જે છે એને ગૌણ કરીને શુદ્ધ ચૈતન્ય વસ્તુને કહેતા આવ્યા છીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એ રીતે જીવ-પદાર્થને શુદ્ધ,...'** ભગવાન આત્માને શુદ્ધ, પૂર્ણ શુદ્ધ હોં. **'નિત્ય,...'** પર્યાયની વાત નથી અહીં તો પર્યાયને ગૌણ કરી નાખી છે. વસ્તુ જે છે ધ્રુવ એ શુદ્ધ છે, એ નિત્ય છે એ **'અભેદ ચૈતન્યમાત્ર...'** એકરૂપ ચૈતન્યમાત્ર **'સ્થાપીને...'** આહા..હા..! પર્યાયનો ભેદ પણ છોડાવી દઈને. પહેલેથી એમ કહેતા આવ્યા છીએ કહે છે.

**'અભેદ ચૈતન્યમાત્ર સ્થાપીને હવે કહે છે કે—આ શુદ્ધનયનો પણ પક્ષપાત (વિકલ્પ) કરશે તે પણ તે શુદ્ધ સ્વરૂપના સ્વાદને નહિ પામે.'** હવે આમ કહે છે. પર્યાયને અને રાગને ગૌણ કરતા આવ્યા છીએ અને શુદ્ધ ચૈતન્યમાત્ર શુદ્ધ નિત્યને કહેતા આવ્યા છીએ. પણ હવે એ શુદ્ધને નિત્યનો પણ પક્ષપાત વિકલ્પ કરશે એને પણ એ પ્રાપ્ત નહિ થાય એમ કહેવામાં હવે આવે છે. સમજાણું કાંઈ? આ તો સમયસાર છે. આહા..હા..!

આમ શરીર કેટલું સોનાની વીંટી જેવું હોય. ત્યાં હતાને ૯૦ની સાલમાં. પ્રેમચંદભાઈ કરીને હતા ત્યાં દેરાવાસી. મ્યુનિસીપાલિટીના સેક્રેટરી હતા. ૯૦ની સાલમાં રાજકોટ. પ્રેમચંદભાઈ કરીને હતા દેરાવાસી. પછી જાનમાં ગયેલા હશે ક્યાંક. ત્યાં જલેબીને બધું ઉડાવ્યું હશે. લાડવા અને જલેબી. એકદમ ડબલ ન્યુમોનિયા. શરીર જુઓ તો આમ સોનાની વીંટી જેવું, લઠ

જેવું. આહા..હા..! લોકો કહે ભાઈ મહારાજ છે ને ગામમાં. એ તો દેરાવાસી હતા. પણ અમારા ઉપર તો લોકોને મહારાજના દર્શન કરવા છે. આહા..હા..! એ આમ પડેલો હોય. સાધ્ય હોં. બાયડી માથે બેઠેલી તળાય ઉપર આમ. હવે આ જાય છે એટલે પૂછી લ્યો ઝટ. હવે જવા દેને તું શું કરવા આ બેઠી. પૂછી લેવું હવે આનું શું કરવું ને આનું શું કરવું? લૂંટારા છે કે નહિ બધા? એય..! આજીવિકાના ધુતારા ટોળી છે બધી. અરે.. પણ શું તમે આ કરો છો કીધું? સુતો હતો તળાઈમાં. ત્રણ દિવસ લગનમાં ક્યાંક. લગન સમજ્યાને વિવાહ. એમાં ખાધુ હશે જલેબીને બરફીને. એકદમ .. આંખમાંથી આંસુ ચાલ્યા જાય. એવું ને એવું શરીર. હજી કાંઈ થયું જ નહોતું. આ થયું એકદમ. મરવાની તૈયારી. આહા..હા..! આમ શ્વાસ લેતા શુળ ચડે શુળ. આ જુઓ દેહની દશા. મરતા થશે આવું. માટે છોડ એની દશા હવે. આહા..હા..!

એ વખતે એને સરકાર તરફથી રાવસાહેબનો ઈલ્કાબ આવ્યો. એ વખતે હું ત્યાં ઊભો હતો. મંગળિક સંભળાવતો. મંગળિક સંભળાવતો બિચારાને દુઃખ ઘણું એટલે આંખમાંથી આંસુ ચાલ્યા જાય. એવું ને એવું શરીર નિરોગી આમ લઠ જેવું. બાયડી પૂછતી હતી કે આનું શું કરવું? અરે.. પણ હવે શું કરો છો તમે આ. આ જાય છે એને બીજું સંભળાવોને કાંઈક. તમારું આ સ્વાર્થના સગા મારી નાખો છો તમે. એને કે આ પૈસાનું આ શું કરવું? આનું શું કરવું? દીકરીને કેટલું દેવું? ફલાણું આ. આ છોકરા ચાર છે એને વહેંચવું શી રીતે? અરે.. પણ હોળી આ સળગે છે. આ ચાલ્યો હવે. પણ લૂંટારાઓ મારા લૂંટે એ તો. એય.. લૂંટારાઓ છે હોં એ બધા. હસમુખભાઈને બધા. આહા..હા..! એ ભાઈનો દેહ છૂટી ગયો. મંગળિક સાંભળ્યું સાધારણ એટલે આંખમાંથી આંસુ ચાલ્યા જાય. ભીંસાભીસમાં. રૂપાળુ શરીર આમ લઠ જેવું.

આ પૂજાભાઈનો દીકરો ભાઈ નહિ? અમુલખ. એ ૯૦માં ગુજરી ગયો. પૂજાભાઈ નહિ નાનાલાલભાઈના કાકાના દીકરા છે. નવી પરણેલો અને એકદમ વ્યાધિ થઈ શરીરમાં. અમારું ચોમાસું. ત્રણેય ભાઈ ત્યાં. નાનાલાલભાઈ, બેચરભાઈ અને નાના મોહનભાઈ ત્રણેય. મોટું કુટુંબ. નવી પરણેલો બાઈ અને એમને એકદમ ઉપડ્યું આ બાજુ. બધું કુટુંબ ભેગું થયું. આખો ઓરડો ભરેલો. નાનાલાલનું આખું કુટુંબ. આહા..હા..! એની પીડા. એના હાથમાં રકેબી આપી. રકેબીમાં કાંઈક હશે. સફરજન કે એવું કાંઈક હશે. મહારાજને વોરાવો. પણ હાથમાં પકડાય જ નહિ આ. અને અંદરમાં પિડાનો પાર નહિ. હવે કરોડોપતિ ભાઈઓ ઊભા હતા. નાનાલાલભાઈ ને બેચરભાઈ ને મોહનભાઈ ને વહુરો બધી દિકરી. મોટું કળશી કુટુંબ ભેગું થયું. આહા..હા..! એકકોર આંખમાંથી આંસુ ચાલ્યા જાય. અરેરે.. આહા..હા..! આ સહન થાતું નથી, રહેવાતું નથી, સહન થાતું નથી. ક્યાં જાવું ભાઈ! એ દેહ છૂટી ગયો બહાર નીકળ્યા. અરે.. તારે શરણ પ્રભુ તું છો એની તો તને ખબર નથી અને બહારમાં

શરણ ગોતવા જાય છે. આ બધા સેવા ચાકરી કરશે, મોટા દીકરાઓ.. પછી મરતા વૃદ્ધાવસ્થામાં સેવા-ચાકરી કરે. આહા..હા..! ભગવાન! સેવા-ચાકરી કોની? જડની? એની પણ પર્યાય બીજો કરી શકે કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે કે એકવાર પ્રભુ તને શુદ્ધ તને બતાવ્યો ને? વ્યવહારને તો ગૌણ કરતા આવ્યા છીએ. આહા..હા..! પણ શુદ્ધને નિત્ય જે બતાવ્યો તને. આહા..હા..! એનો વિકલ્પ કરશે એને પક્ષપાત રહેશે કહે છે. '**શુદ્ધનયનો પણ પક્ષપાત (વિકલ્પ) કરશે તે પણ તે શુદ્ધ સ્વરૂપના સ્વાદને નહિ પામે.**' આહા..હા..! શું કહ્યું? અહીં વાત તો બેય લીધી સાથે નિશ્ચય અને વ્યવહારની. પણ કહે છે કે વ્યવહારને તો ગૌણ કરતા, નિષેધ કરતા અમે આવ્યા જ છીએ, પણ હવે અહીંયાં તો અમારે બે કહીને નિશ્ચયનો વિકલ્પ છોડાવ્યો છે. નિશ્ચયનો પણ જો વિકલ્પ રહેશે. હું શુદ્ધ છું, એક છું, અભેદ છું, આહા..હા..!

'**અશુદ્ધનયની તો વાત જ શી?**' આહા..હા..! '**શુદ્ધ, નિત્ય, અભેદ ચૈતન્યમાત્ર સ્થાપીને હવે કહે છે કે—આ શુદ્ધનયનો પણ પક્ષપાત (વિકલ્પ) કરશે તે પણ તે શુદ્ધ સ્વરૂપના સ્વાદને નહિ પામે.**' આહા..હા..! અશુદ્ધનયની તો વાત જ શી કરવી? કહે છે. આહા..હા..! હું રાગવાળો છું, પુણ્યવાળો છું, વ્યવહાર કરનારો છું એવી દૃષ્ટિવાળાની તો વાત જ શું કરવી કહે છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આવી વાતું છે. આવી વાત છે, બાપા! પ્રભુ તારી દયા કરને તું. તારી દયા કરને. તું જેવડો છો એવો માન તો તારી દયા કહેવાય. એનાથી ઓછી-અધિક માનતો એ દયા નહિ એ તો તે જીવને મારી નાખ્યો છે. આહા..હા..!

અહીં કહે છે કે વ્યવહારને તો અમે ગૌણ કરતા આવ્યા છીએ. ઓહો..! ટીકાકારે કેટલું સ્પષ્ટ કર્યું છે! પણ જે શુદ્ધ ને અભેદ નિત્ય કહેતા આવ્યા છીએ એનો પક્ષપાત કરશે એ પણ શુદ્ધસ્વરૂપને નહિ પામે. અશુદ્ધની વાત જ શી કરવી કહે છે. આહા..હા..! વ્યવહાર કરવો ને દયા, દાન, વ્રત કરવા ને ભક્તિ પૂજા કરવી અને એનાથી થાશે. એની વાત તો છે જ ક્યાં? એમ છે કે નહિ દેવીલાલજી! વ્યવહારથી થાય એ તો વાત જ ન રહી. '**અશુદ્ધનયની તો વાત જ શી કરવી?**' આવ્યું ને? આહા..હા..! માર્ગ એવો બાપા!

એ તારી જુવાની ઝોલા ખાય. એ વૃદ્ધાવસ્થા આવીને ઊભી રહે. જુવાનીમાં વૃદ્ધાવસ્થા આવી જાય છે. ૩૦ વર્ષની ઉંમર હોય ને ધોળાવાળ ને આમ મોઢું. આહા..હા..! બાપુ! એ ચીજ કાંઈ તારી નથી, એમાં તું નથી. તને તે ચીજ અડતી નથી. આહા..હા..! ફક્ત તું અડ્યો હોય તો વિકલ્પને અડ્યો અને એકત્વ કર્યું તે. એ માન્યું છે. એકત્વ થતો નથી. સમજાણું કાંઈ? એટલે કહે છે કે શુદ્ધનનયનો પક્ષ કરશે એને પણ સ્વાદ નહિ આવે તો ...

'**પણ જો કોઈ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે તો પક્ષનો રાગ નહિ મટે તેથી**

વીતરાગતા નહિ થાય. પક્ષપાતને છોડી ચિન્માત્ર સ્વરૂપ વિષે લીન થયે જ સમયસારને પમાય છે.' આત્માને ત્યારે પમાય છે. 'માટે શુદ્ધનયને જાણીને, તેનો પણ પક્ષપાત છોડી શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરી, સ્વરૂપ વિશે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી, વીતરાગ દશા પ્રાપ્ત કરવી યોગ્ય છે.' તે વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો સુદ-૧૩, મંગળવાર, તા. ૦૫-૧૦-૧૯૭૬, કળશ-૭૧ થી ૭૬, પ્રવચન નં. ૧૯૨

સમયસાર. કર્તા-કર્મ અધિકાર. ૭૧મો શ્લોક છે. ૭૧. નીચે અર્થ. પ્રભુ વાત ઘણી કર્તાકર્મની સૂક્ષ્મ છે.

(उपजाति)

एकस्य मूढो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७१।।

'**શ્લોકાર્થ :—જીવ મૂઢ (મોહી) છે...**' મોહસહિત છે, જીવ એ પણ એક વ્યવહારનયનો પક્ષ છે. ભગવાન આત્મા પરમપવિત્ર ચૈતન્યઘન એ મોહસહિત છે. અથવા રાગ અને દ્વેષના ભેદરૂપ મોહ, પરમા સાવધાની એરૂપે છે એ પર્યાયમાં છે. એ વ્યવહારનયનો પક્ષ છે. બીજો કહે '**જીવ મૂઢ (મોહી) નથી...**' ભગવાન આત્મા મોહ એમાં છે જ નહિ. વસ્તુનું સ્વરૂપ જે છે એમાં મોહ છે નહિ. એ નિશ્ચયનયનો એક પક્ષ છે. પણ એ બેય વિકલ્પ છે એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** બેય વિકલ્પ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ છે. આત્મા વસ્તુ.. કર્તાકર્મ અધિકાર છે ને? મોહ છે એ મારામાં છે એ એક વ્યવહારનયની અપેક્ષાએ છે. એનો તો નિષેધ કરતા આવ્યા છીએ પહેલેથી એ તો એમ કહે છે. એ તો આવી ગયું કાલે. હવે અહીંયાં તો આત્મા મોહ નથી, એ તો આનંદકંદ પ્રભુ શુદ્ધ ચિદાત્મા પવિત્રધામ એમાં મોહ નથી. મોહ નથી એવો જે પક્ષ વિકલ્પથી કરવો રાગ, એ પણ બંધનું કારણ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! વર્તમાનમાં તો આકરું પડે જગતને. હું મોહ નથી. એવો જે વિકલ્પ એ પુણ્ય છે. એ શુભભાવ છે.

એ મારું કર્તવ્ય છે એ મિથ્યાદષ્ટિ છે. કર્તાકર્મ અધિકાર છે ને? ઉપર છે ને કર્તાકર્મ. આહા..હા..! ભગવાન શુદ્ધ ચૈતન્યઘન સહજાત્મસ્વરૂપ એ મોહસહિત છે એ તો પક્ષ વ્યવહારનો. એનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ કહે છે. પણ મોહરહિત છે એ વસ્તુ એવી છે. પણ મોહરહિત છે એવો વિકલ્પ રાગ કરવો અને એ રાગનું કર્તવ્ય મારું એમ જાણવું. એનું નામ મિથ્યાત્વ છે. આહા..હા..! આવી વાત. ઝીણી વાત બાપુ! એ વસ્તુ જન્મ-મરણના રહિત થવાની રસ્તા જુદી જાતના. આ લોકો તો બહારથી આ કરો. હજી તો આ તો અંતરની વાત થઈ વિકલ્પ પણ આ તો બહારથી પૂજા, ભક્તિ, વ્રત, તપ કરો, કરતા તમને એમાંથી પુણ્યબંધથશે અને પુણ્યબંધને બળે તમારે ભવિષ્યમાં કર્મનો ક્ષય થશે. આવું તો અત્યારે પ્રરૂપણા કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ આજે આવ્યું છે આમાં? એ છે ને દિલ્હીથી નથી? સમ્યગ્જ્ઞાન દિપીકા નીકળે છે ને? સમ્યગ્જ્ઞાન. જ્ઞાનમતિ છે ને આ બધા. જંબુદ્વીપ કરે છે ને એમાં એમ આવ્યું છે કે આ પ્રમાણે પુણ્ય કરતા કરતા પુણ્યના બળે કર્મનો ક્ષય થશે ભવિષ્યમાં. શું થાય પણ હવે આ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પોતે બંધ છે. એમ આવ્યું છે હોં. ક્યાંક છે ખરું. કયે ઠેકાણે છે? ચિહ્ન કર્યું છે.

પ્રશ્ન છે : 'મંદિર બનવાને સે તો .. આરંભ હોતા હૈ. પ્રશ્ન.' 'ઉત્તર :- ઐસી બાત નહીં. જિનપ્રતિમા જિનમંદિર વસ્તીકા સ્વાધ્યાયભવન આદિ બનવાનેવાલોં કો મહાન સાતિશય પુણ્યકા બંધ હોતા હૈ. ઔર પરંપરા સે વે લોક ઈસ પુણ્યકે બલ સે કર્મોકા ભી નાશ કર દેતે હૈં.' એય..! ચારેય અનુયોગની વાત કરે છે પણ આવી વાત છે. સમજાય છે કાંઈ? દ્રવ્યાનુયોગમાં નાખે ત્યારે એમ નાખે કે શુદ્ધાત્માની પ્રાપ્તિતો ..થી થાય છે. ચરણાનુયોગમાં. આહા..હા..!

અહીં તો ત્યાં સુધી પરમાત્મા, કુંદકુંદાચાર્ય એ પરમાત્મા છે ને, મુનિ છે ને. કહે છે કે જીવ મોહી નથી. એ આત્મા પવિત્ર છે, પૂર્ણાનંદ સિદ્ધસ્વરૂપ જ છે, એમાં મોહ નથી. એ વાત સાચી છે. પણ મોહ નથી એવો જે વિકલ્પ ઉઠાવવો, પક્ષ કરવો એ રાગ છે. વ્યવહારના દયા, દાનની રાગની વાત તો ક્યાંય સ્થૂળ રહી ગઈ. આહા..હા..! પણ હું એક ચૈતન્યમૂર્તિ મોહરહિત છું એવો એક રાગના સંબંધનો વિકલ્પ ઉઠાવીને નિશ્ચયનયના પક્ષમાં ઊભા રહેવું એ પણ બંધનું કારણ છે. આહા..હા..!

'**એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે...**' જુઓ! ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે એ તો જ્ઞાન-જ્ઞાતા સૂર્ય એ ચૈતન્ય સૂર્ય છે. એવા '**જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.**' '**तत्त्ववेदी च्युतपक्षपात:**' પણ સમ્યગ્દષ્ટિ જીવ એ જ્ઞાનસ્વરૂપી ભગવાન તત્ત્વનો વેદનારો તે પક્ષપાતરહિત છે. એને હું મોહરહિત છું એવો વિકલ્પ પણ છે નહિ.

આહા..હા..! આવી વાત લોકોને કઠણ પડે. વસ્તુ તો આ છે. અનંત સર્વજ્ઞો સંતો, કુંદકુંદાચાર્ય મુનિઓ તો આ પોકાર કરે છે જગત પાસે. સમજાય છે કાંઈ?

હું એક મોહરહિત છું, પવિત્ર છું, સિદ્ધસ્વરૂપ છું. એવી જે વિકલ્પની વૃત્તિ ઉઠાવવી.. આહા..હા..! એ પણ બંધનું કારણ છે અને એ કર્મકર્તવ્ય મારું છે અને કર્તા હું એનો એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એ અનંત સંસારમાં રખડનારો છે એ જાતનો છે એ. ધન્નાલાલજી! આ પ્રજ્ઞાની જુદી વાત છે આ. આહા..હા..! એણે ચોર્યાસીના અવતારમાં અનંતભવ કરી કરીને મુનિ થયો અનંતવાર. દિગંબર મુનિ અનંતવારય અઠ્યાવીશ મુળગુણ પાળ્યા, પંચમહાવ્રત પાળ્યા, હજારો રાણી છોડી, રાજા તો રાણી છોડીને અરે.. પણ એ બધા પંચમહાવ્રતના પરિણામ અને એ બધા તો વિકલ્પ અને રાગ છે. આહા..હા..! એ રાગથી કલ્યાણ માન્યું એ મિથ્યાદૃષ્ટિ છે. એ તો સ્થૂળ વાત થઈ ગઈ. અહીં તો સૂક્ષ્મ લે છે.

હું એક આત્મા મોહરહિત છું. એ પંચમહાવ્રતના વિકલ્પ છે એનાથી પણ હું તો રહિત છું. આહા..હા..! એવો રહિત છે ખરો, પણ રહિત છું એવો એક વિકલ્પ રાગની વૃત્તિ ઉઠાવવી એ નયનો પક્ષ છે. એ બંધનું કારણ છે. આહા..હા..! એ જન્મ-જરા મરણની સંતતિને વધારનાર છે. જ્ઞાની એ બેય વિકલ્પના પક્ષને છોડી દઈને. આહા..હા..! તત્ત્વવેદી-તત્ત્વ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છે તેનો વેદનાર. ઓલો રાગ મારો છે, રાગ પક્ષ છે ત્યારે તો રાગનું વેદન હતું. સમજાય છે કાંઈ? આહા..હા..! આવી વાત!

'**તત્ત્વવેદી...**' તત્ત્વ એટલે ચૈતન્યસ્વરૂપ જે ભગવાન આત્મા એનો જે વેદનારો, અનુભવનારો એને સ્પર્શનારો એવો જે જીવ સમ્યગ્દૃષ્ટિ એ પક્ષપાતરહિત છે. એને હું મોહરહિત છું એવો વિકલ્પ પણ છે નહિ. રતનલાલજી! આવું આ રતન છે ચૈતન્યનું. આહા..હા..! લોકોને વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... એવો વળગ્યો છે ને ગળે. એ વ્યવહારનો તો નિષેધ કર્યો છે. પણ આત્મા નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યઘન છું એવો જે રાગનો વિકલ્પ ઉઠાવ્યો એનો પણ અહીંયાં નિષેધ કરી દીધો. આહા..હા..!

'**તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે...**' આહા..હા..! એ તો જ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાનસ્વરૂપને જ વેદે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જીવ એને ચૈતન્યસ્વરૂપ આત્મા, જ્ઞાનસ્વરૂપ, એને એ સન્મુખ થઈને વેદે છે. હું મૂઢ છું એવો વિકલ્પ તેને છોડી દે છે. આહા..હા..! '**ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે.**' જોયું! એ વિકલ્પવાળો નથી. રાગ એ હું નિશ્ચયથી શુદ્ધ ચૈતન્ય છું, અમૂઢ છું એવો પણ વિકલ્પવાળું એ સ્વરૂપ નથી. એથી ચિત્સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપમાં, જ્ઞાનસ્વરૂપમાં જ્ઞાનસ્વરૂપ થઈને વેદે છે. આહા..હા..! એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન કહેવાય છે. આવી વાત છે. આહા..હા..!

લોકોને એવું લાગે બહાર આવું કરો, આવું કરો, આવું કરો. દસ-દસ લાખના મંદિરો

બનાવો, ગજરથ કાઢો, લાખો માણસોના રથ નીકળે, પચાસ હજાર માણસ ચાલતું હોય એમાં હજાર હજાર માણસને આંતરે એક એક બેન્ડવાજા. બીજે હજારે બેન્ડવાજા. એવા પચાસ બેન્ડવાજા પચાસ હજારમાં. એટલી ધામધુમ લાગે. ભાઈ! એમાં કાંઈ ધર્મ નથી કહે છે. એ ક્રિયા તો પરની છે. એમાં કદાચિત શુભભાવ હોય જીવનો એ બંધનું કારણ છે. આહા..હા..! અહીં સુધી જાવું, તારાચંદજી! એ એક શ્લોક થયો.

બીજો શ્લોક-૭૨.

(उपजाति)

एकस्य रक्तो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७२।।

'**શ્લોકાર્થ :—જીવ રાગી છે...**' એક કહે છે કે ભાઈ જીવ રાગી છે. રાગ એનો સ્વભાવ છે. અને જીવ રાગવાળો છે. એ એક વ્યવહારનયનો પક્ષ છે. બીજો કહે છે કે જીવ રાગી નથી એ તો વીતરાગમૂર્તિ પ્રભુ છે. એ રાગ નથી. એના સ્વરૂપમાં રાગ નથી. એ નથી એવો જે વિકલ્પ ઉઠાવવો એ પણ રાગ બંધનું કારણ છે કહે છે. આહા..હા..! અરેપ્રભુ દેવીલાલજી! આવો માર્ગ છે ભાઈ!

'**જીવ રાગી નથી એવો બીજા નયનો પક્ષ છે;...**' વિકલ્પ છે, રાગ છે. '**આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે...**' આહા..હા..! એ વિકલ્પ હું અરાગી છું એવો જે વિકલ્પ જેને છોડી દઈને તત્ત્વનું જે સ્વરૂપ છે તેને વેદે છે. આહા..હા..! એટલે હું રાગી નથી એવો જે વિકલ્પ છે એને છોડી દઈ. એ વિકલ્પ છે એ દુઃખરૂપ છે. હું રાગી નથી એવી વિકલ્પવૃત્તિ પણ દુઃખરૂપ છે. આહા..હા..! એ દુઃખને, વૃત્તિને છોડી દઈ અને ભગવાન ચૈતન્ય તત્ત્વ જે આનંદસ્વરૂપ છે તેને વેદે એને અહીંયાં ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. આહા..હા..! છે કે નહિ એમાં એ? આ શાસ્ત્રનું છે કે નહિ? કેટલાક કહે સોનગઢનું છે. છપાણું છે સોનગઢમાં. પણ છપાણું પણ દૃષ્ટિ કોની છે?

**શ્રોતા :-** ગુજરાતી થયું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુજરાતી થયું છે. હિન્દી અહીંથી છપાણા છે. પાંચ-પાંચ હજાર પુસ્તક છપાણા છે. કેટલાય છપાણા છે. વધારે હશે. સમયસાર. ઘણા છપાણા છે. દિગંબર શાસ્ત્રો તો અહીં ઘણા છપાય છે. એ માયલું સમ્યગ્જ્ઞાન દિપીકા છપાણું છે. આહા..હા..!

એમાં પણ એણે એ વાત કરી છે બહુ સરસ. સમ્યગ્જ્ઞાનદિપીકામાં. કે ભાઈ આ આત્મા છે એ છ દ્રવ્યની વસ્તુ છે છ દ્રવ્ય એનાથી ભિન્ન ભગવાન આત્મા સાતમું થઈ જાય ત્યારે

સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! એ સમ્યગ્જ્ઞાન દિપીકાની દેન છે. છ દ્રવ્ય છે—અનંત આત્માઓ, અનંત રજકણો, અસંખ્ય કાણાળુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, છ વસ્તુ છે. સંખ્યાએ અનંત અને જાતિએ છ. એમાંથી હું એક આત્મા એ છ દ્રવ્યના વિકલ્પના પક્ષથી છૂટી હું તો ભિન્ન સપ્તમું આત્મા છું. આહા..હા..! આનંદના વેદનમાં એને સાતમો આત્મા છથી ભિન્ન લાગે છે. સમજાણું કાંઈ?

એવી ૪૯ ગાથા છે સમયસારની. કુંદકુંદાચાર્યની. એના છ બોલ છે અવ્યક્તના. એના પહેલા બોલનો અર્થ એવો કર્યો છે. સ્વતંત્ર અર્થ કર્યો છે. સમ્યગ્જ્ઞાન દિપીકાએ. આહા..હા..! છ દ્રવ્યસ્વરૂપ લોક, છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે. વ્યક્ત છે. તેનાથી જીવ ભિન્ન અવ્યક્ત છે. એવો પાઠ છે. છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે. ૪૯નો પહેલો બોલ, અવ્યક્તો પહેલો બોલ. સમજાણું કાંઈ? આહા..હા..! એકકોર રામ અને એકકોર ગામ. એકકોર ચૈતન્ય પ્રભુ સાતમો છે ભિન્ન છે અને એકકોર આખું ગામ છ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? માર્ગ એવો ભાઈ! એ માર્ગ લોકોને બહાર આવ્યો તે કઠે છે હવે. વ્યવહાર કરો, વ્યવહાર કરો. વ્યવહાર કરતા કરતા નિશ્ચય થશે. ઘણું જ મિથ્યાત્વ શલ્ય છે એ. મિથ્યાત્વશલ્ય છે એ અનાદિનું છે એ છે.

અહીં તો કહે છે કે '**જીવ રાગી નથી...**' વાત સાચી છે રાગી નથી. પણ રાગી નથી એવો વિકલ્પ ઉઠાવવો અંદર એ રાગ છે. ધર્મી જીવને '**ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે...**' એ તો તત્ત્વવેદી પક્ષપાતરહિત છે '**તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.**' બે બોલ થયા.

(ઉપજાતિ)

एकस्य दुष्टो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७३।।

ત્રીજો. '**શ્લોકાર્થ :—જીવ દ્વેષી છે...**' છે? ૭૩. અજ્ઞાની કહે છે રાગવાળો, દ્વેષવાળો જીવ છે, દ્વેષવાળો જીવ છે. પર્યાયમાં દ્વેષ છે એથી વ્યવહારનયવાળો એમ કહે છે કે દ્વેષી જીવ છે. એવો પણ એક વિકલ્પ, એનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ કહે છે. એ પહેલામાં આવી ગયું જુઓ. '**આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે.**' ભાવાર્થ. આહા..હા..!

**શ્રોતા :-** ... ગૌણ કરીને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગૌણ કરીને. વ્યવહારને તો ગૌણ કરીને જ કહેતા આવ્યા છીએ. હવે અહીં તો નિશ્ચયનો વિકલ્પ છે એને ઉઠાવી લેવો છે. આવી વાતું આકરી બહુ ભાઈ!

અરે.. ચોર્યાસીના અવતાર. નરક અને નિગોદના ભાઈ સાંભળ્યા, વિચારવામાં આવે તો એને ખબર પડે. ભવનો ભય લાગી જાય એને. આહા..હા..! એકલો... એકલો... એકલો... કોઈ સહાય નથી. એ રાગની એકતાબુદ્ધિમાં. ભલે આ રાગ હું નિશ્ચય છું એવો જે, અદ્વેષી છું એવો જે વિકલ્પ એના પક્ષમાં રહીને પણ એણે દુઃખને વેદ્યું છે. મુનિ થયો, ત્યાગી થયો, હજારો રાણી છોડી, પંચમહાવ્રત પાળ્યા, પણ એ તો રાગ છે, વિકલ્પ છે, એનાથી પણ અહીંયાં હું અદ્વેષી છું. આહા..હા..! છે તો એવો જ તે. છતાં અદ્વેષી છું એવો વિકલ્પ ઉઠાવવો રાગ એ દુઃખરૂપ છે. આહા..હા..!

**'બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.'** જ્ઞાનસ્વરૂપ તે જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિને વેદનમાં જ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાનસ્વરૂપ વેદાય છે. એને અદ્વેષી છું કે એવો જે વિકલ્પ પણ ત્યાં છૂટી જાય છે. એનાથી અદ્વેષી સ્વરૂપ વેદનમાં આવતું નથી. હું અદ્વેષી છું એવો જે વિકલ્પ એનાથી અદ્વેષી સ્વરૂપ વેદનમાં આવતું નથી. આહા..હા..! આવી વાતું એટલે માણસને નવું લાગે એને નવું લાગે. નવું નથી બાપુ આ અનાદિનો માર્ગ છે, ભાઈ! જૈન પરમેશ્વર અનંત તીર્થંકરો, અનંત સંતોએ ગણધરોના ટોળામાં અને ઈન્દ્રોના સમક્ષમાં પ્રભુ આમ કહેતા હતા. ભગવાન પણ તે કહી રહ્યા છે. મહાવિદેહમાં ત્રિલોકનાથ, ધર્મપિતા સીમંધર ભગવાન છે. આહા..હા..! એની દિવ્યધ્વનિમાં આવેલી વાત એ કુંદકુંદાચાર્ય ત્યાં ગયા અને આઠ દિ' રહ્યા, આવીને આ વાત કરી છે. ભગવાન આમ કહે છે. સમજાણું કાંઈ? અરેરે.. બહારના ઝઘડા ક્યાં આમાં રહ્યા ભાઈ! એ ૭૨ બોલ થયો. ૭૩ થયો ને દ્વેષીનો.

(ઉપજાતિ)

**एकस्य कर्ता न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७४।।**

૭૪-૭૪. **'શ્લોકાર્થ :- જીવ કર્તા છે...'** છે ભાઈ! શું કહે છે એ? એક પક્ષવાળો વ્યવહારપક્ષવાળો કહે છે કે જીવ રાગનો વ્યવહાર વિકલ્પ છે એનો કર્તા છે. આહા..હા..! જે વિકલ્પ ઉઠે છે રાગ શુભ એનો હું કર્તા છું. એવો વ્યવહારનયના વર્તમાનનયને જોનારો એનો એ પક્ષ છે. એ પણ રાગ છે. ઠીક! બીજો. **'જીવ કર્તા નથી...'** એ વિકલ્પ છે એનો કર્તા જીવ નથી. આહા..હા..! વિકલ્પ જે છે રાગ, આ તો અંદરમાં હું રાગનો કર્તા નથી. રાગ વિકલ્પ જે શુભભાવ છે એનો હું કર્તા નથી એ કર્તા નથી એ સ્વરૂપ બરાબર છે, પણ કર્તા નથી એવો જે વિકલ્પ ઉઠાવે છે એ દુઃખરૂપ છે. તારાચંદજી! આવી વાતું છે આ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરદ્રવ્યનો કર્તા તો છે જ નહિ. પણ અજ્ઞાનભાવે રાગ જે થાય દયા, દાન, વ્રત, ભક્તિ આદિ કે હું રાગી છું એ રાગનો કર્તા છું એવી બુદ્ધિ છે એ વ્યવહારનયના પક્ષની અજ્ઞાનબુદ્ધિ છે. અહીંયાંથી બીજો પક્ષ લે કે '**જીવ કર્તા નથી...**' કેમકે એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા સ્વભાવિક વસ્તુ છે, શુદ્ધચૈતન્યઘન એ વિભાવના રાગને કૃત્રિમને કેમ કરે? પન્નાલાલજી આ અલૌકિક બીજી વાતું છે આ. પૈસા-ફૈસાની વાતું નથી આ. આહા..હા..!

ભગવાન! આ તો ભગવાનના દરબારમાં જવાની વાતું છે. રાગનો હું કર્તા નથી. વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે એનો હું કર્તા નથી. એવો પણ એક વિકલ્પનો પક્ષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ એની મેળાએ વાંચે તો કાંઈ સમજાય એવું નથી પોપટભાઈ! ત્યાં પૈસામાં ઘૂંચાઈ ગયા હોય એમાં તે આ ક્યાં વાંચે તો સમજાય?

**શ્રોતા :-** અહીંયાં માંડ માંડ સમજાય ત્યાં ક્યાંથી સમજે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત સાચી. પોપટભાઈને ઓળખો છો? મોટા ગૃહસ્થ છે, બે કરોડરૂપિયા. દુનિયા કહે છે. ધૂળ-ધૂળ. બે કરોડ રૂપિયા એમ કહે છે પોપટભાઈને. છ છોકરા છે. આ એને હસમુખ આ બધું લાવ્યા છે ને. મશીન-મશીન આવ્યું છે ને. આ પોણા ચાર લાખ રૂપિયાનું. આ કોતર્યું છે ને એ મશીન એમના દીકરા લાવ્યા છે ઈટાલીથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દીકરા કેવા? આ તો.

અહીં તો રાગ એનો નથી તો વળી દીકરો ક્યાં એનો આવ્યો? હું એક, રાગનો કર્તા નથી એવો જે ભાવ, એવો જે વિકલ્પ પણ એનો નથી. સમજાય છે કાંઈ? બાપુ! એ જન્મ-મરણરહિત થવાનું સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે ભાઈ! અને એના વિના જન્મ-મરણરહિત થઈ શકશે નહિ, બાપુ! લોકો ભલે રાજી થઈ જાય અને લોકોને રાજી કરે. વ્યવહારથી આમ થાય. બાપુ એ અંદરમાં નહિ ચાલે ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**જીવ કર્તા નથી...**' શેનો? પરનો તો નહિ, પણ રાગ જે થાય છે અંદર એનો એ કર્તા નથી, વાત કર્તા નથી એ વાત સાચી છે. પણ કર્તા નથી એવી વૃત્તિ ઉઠાવવી અંદર, વિકલ્પ ઉઠાવવો એ દુઃખરૂપ છે. '**ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે...**' ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે ને. આહા..હા..! પ્રજ્ઞાસ્વરૂપ છે ને એ. જ્ઞાયકરસ સ્વરૂપ છે એ તો. એમાં આ કર્તા-અકર્તાનો વિકલ્પનો અભાવ કરી અને તત્ત્વ ચિતસ્વરૂપ છે તેને જાણવું-વેદવું એનું નામ આત્માની પ્રાપ્તિ અને ધર્મ કહેવાય છે. આહા..હા..! ભાષા તો સાદી છે પણ ભાવ તો જે છે એ છે. આહા..હા..! અને એ ભાવ કર્યા વિના એના જન્મમરણ નહિ મટે ભાઈ! ભવ મળશે કોઈ સ્વર્ગાદિ પણ એ ક્લેશ છે ત્યાં. સમજાય છે કાંઈ? આ કરોડોપતિ, અબજોપતિ બધા દુઃખી છે. એ પૈસા તરફનું લક્ષ છે એ રાગ છે, ક્લેશ છે. આહા..હા..! એમ સ્વર્ગમાં પણ પુણ્યના ફળ તરીકે જાય છે ત્યાં એ ક્લેશ છે. ભગવાનના

આનંદનો તેમાં અભાવ છે. આહા..હા..! દેવો પણ ક્લેશને-દુઃખને ભોગવે છે.

સ્વયં દેવસ્વરૂપ ભગવાન એને જાણ્યા વિના, એને અનુભવ્યા વિના દેવો પણ રાગ અને ક્લેશને વેદે છે. આહા..હા..! તો કહે છે કે જે ધર્મી છે એ બે પક્ષપાતથી રહિત છે. આહા..હા..! **'તત્ત્વવેદી પક્ષપાતરહિત છે નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.'** રાગનો કર્તા છું એ નહિ અને રાગનો અકર્તા છું એવો વિકલ્પ પણ નહિ ત્યાં. આહા..હા..! બહુ માખણ છે ભાઈ વાત. શું થાય? જે સ્વરૂપ હોય તે આવે. લોકો રાજી થાય અને લોકો ખુશી થાય એવી વાત આ નથી. આત્મા ખુશી થાય એવી વાત છે આ તો. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે આત્મા રાગનો કર્તા નથી એવો જે વિકલ્પ ઉઠાવવો, અંદરમાં ગયા વિના, બહારમાં રહીને. આહા..હા..! હું રાગનો કર્તા અને હવે એની આ પંડિતોની મોટી ચર્ચા લલીતપુરમાં કરી. કે પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર નથી. અરે.. પ્રભુ! શું કરે છે ભાઈ! આ હતા કે નહિ તમે? આ રમેશભાઈને માર્યા હતા ત્યાં. દેરાસરમાં. બોલ્યા હશે. બોલવું ન જોઈએ ખરેખર. બોલવું ન જોઈએ. વિરોધ કરવો ન જોઈએ. એને સામું જ ન જોવું જોઈએ. એ તો બિચારા એને જે બેઠું હોય એ કહે. વિરોધ કરવો અને એની સામે બોલવું એ ન્યાયનું નહિ. સમજાણું કાંઈ? માર્યા હતા ખુબ. વેદીમાં-દેરાસરમાં.

પંડિતો કહે કે કર્તા છે પરદ્રવ્યનો. પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર નથી. અરે.. પ્રભુ! શું કરે છો નાથ! ભગવાન! તને આ ન શોભે પ્રભુ! એ ભગવાન છે હોં. પરમાત્મા છે. એની વ્યવક્તિ પ્રત્યે દ્વેષ કરવા જેવો નહિ. રતનલાલજી! એ વ્યક્તિ પ્રત્યે.. પરમાત્મા છે, સાધર્મી છે. એનો આત્મા અને આ આત્મા એક જાત છે. પર્યાયમાં ભૂલ ભલે હોય એની વાત નથી અત્યારે. પણ જેણે... આહા..હા..! હું રાગનો અકર્તા છું એવી જે વિકલ્પની વૃત્તિ પણ જેણે છેદી છે એ તો આત્માને વેદે છે તો પરના આત્માને આત્મા તરીકે જાણે છે એ. ભગવાન છે આત્મા, સાધર્મી છે. વસ્તુ તરીકે સાધર્મી છે. રતનલાલજી! પર્યાય તરીકે.. આહા..હા..! કોઈ પ્રત્યે સત્વેષુ મૈત્રી. કોઈ પ્રાણી પ્રત્યે વિરોધ ન હોય, ભાઈ! વેર ન હોય. બધા આત્મા તત્ત્વેષુ મૈત્રી છે. મિત્ર છે આત્મા. આ દ્રવ્યસ્વભાવે. પર્યાયમાં ભૂલ છે તો જેણે ભૂલ કાઢી નાખે છે એ બીજાની ભૂલ શું કરવા જોવે? એ તો આત્મા ભગવાન છે એમ જોવે. ધન્નાલાલજી! આવી વાતું છે, ભગવાન! આહા..હા..!

અહીં તો પ્રભુ કહે છે કે એ રાગનો અકર્તા છું, વ્યવહારનો વિકલ્પનો એવો પણ વિકલ્પ છે ને પ્રભુ એ સંસાર છે. એ ઉદયભાવ છે. એ વિભાવભાવ છે. એ સંસારરૂપ છે. આહા..હા..! ભગવાન સંસારરૂપથી ભિન્ન છે. એવા અકર્તાબુદ્ધિના વિકલ્પથી છૂટીને. આહા..હા..! તત્ત્વવેદી, ચૈતન્ય તત્ત્વ જે ભગવાન એનો વેદનારો ધર્મી તે તો ચિત્સ્વરૂપ તે ચિતસ્વરૂપ જ છે. આહા..હા..! અધિકાર બહુ સારો આવી ગયો છે રતનલાલજી! બરાબર તમે આવ્યા છો. અધિકાર માખણ

આવ્યું છે. આહા..હા..! ૭૫. એ ૭૪ થઈ.

(उपजाति)

एकस्य भोक्ता न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७५।।

'**શ્લોકાર્થ :—જીવ ભોક્તા છે...**' એક માને છે કે રાગનો જીવ ભોક્તા છે. વિકલ્પ જે ઉઠે છે એનો ભોક્તા છે. એ વ્યવહારનયનો પક્ષ છે. વર્તમાનનયને જોનારાનો એ પક્ષ છે. એનો તો અમે નિષેધ જ કરતા આવ્યા છીએ કહે છે. આહા..હા..! '**એવો એક નયનો પક્ષ છે અને જીવ ભોક્તા નથી...**' આહા..હા..! ભગવાન આત્મા રાગનો ભોક્તા નથી. એ તો આનંદનો ભોક્તા છે, પ્રભુ! આહા..હા..! એ રાગનો ભોક્તા નથી. એવો જે વિકલ્પ-રાગ છે એ પણ દુઃખરૂપ છે. હવે આવી વાતું કઠણ પડે ને માણસને. બહાર તો આવી ગઈ સત્ય હતું એ. રતનલાલજી! આહા..હા..!

ભાઈ આ છે. તું પણ પ્રભુ છો ભગવાન! તારો વિરોધ ન કરાય ભાઈ! આત્માનો વિરોધ હોય નહિ. આહા..હા..! એક ક્ષણની ભૂલ છે એ ભગવાન ભૂલ ટાળીને ભગવાન થશે. એવી એનામાં તાકાત છે.

**શ્રોતા :-** જ્ઞાન અને અજ્ઞાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક સમયનું અજ્ઞાન. વસ્તુ તો ત્રિકાળ આનંદકંદ છે. એક સમયની ભૂલ હોં. અનાદિ અનંત પ્રભુ પોતે.. આહા..હા..! એમાં એક સમય, સેકન્ડનો અસંખ્યમો ભાગ. એક સમયની ભૂલ કે હું રાગનો ભોક્તા છું કે રાગનો ભોક્તા નથી એ વિકલ્પની એક સમયની ભૂલ છે. ત્રિકાળી ભગવાન આનંદનો નાથ પ્રભુ નિત્યાનંદ સહજાનંદ પ્રભુ સહજસ્વરૂપ સ્વભાવિક જે ધ્રુવસ્વરૂપ, સ્વભાવિક જે ધ્રુવસ્વરૂપ, સ્વભાવિક જે અખંડ અભેદ સ્વરૂપ એમાં તો હું ભોક્તા રાગનો નથી એવા વિકલ્પને પણ અવકાશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? દેવીલાલજી! આવું છે ભગવાન! ભાઈ!

મને તો એકવાર એવું થયું હતું. આવી સત્ય વાત કહેતા કોઈને દુઃખ થતું હોય તો પ્રભુ ક્ષમા કરજે. બે દિ' પહેલાં મેં એ કહ્યું હતું હો. નહિ? ચંદુભાઈને કહ્યું. પ્રભુ આ વાત આવી સત્ય છે. તને દુઃખ લાગતું હોય તો ક્ષમા કરજે બાપુ, તું ભગવાન છો. આ રાતે એકદમ વિચાર આવતા એવું થયું. અરે.. આવી સત્ય વાત કહેતા જેને બીજી વાત બેઠી છે એને આ અસત્ય લાગે અને એમ કે અરેરે.. અમે સાધુ છીએ અને એનો ..કાર થાય અને આ કહે છે કે સાધુ આવા ન હોય, એવું તને દુઃખ લાગે ભગવાન! એ દુઃખ લગાવવાનો ભાવ અમારો નથી પ્રભુ! ધન્નાલાલજી! ત્યાં સુધી થઈ ગયું હતું, પ્રભુ! ક્ષમા કરજે. આ

વાત અમે સત્યતા બહાર આવી છે અને એમાં .. લાગે તને તો ક્ષમા કરજે ભાઈ! અમે એમાં નથી. આહા..હા..! આવી વાત છે ભાઈ! કહો, શેઠ! આ શેઠ છે. આહા..હા..!

પ્રભુ! તું અકર્તા, રાગનો અકર્તા છો એવો વિકલ્પ તને શોભતો નથી કહે છે. આહા..હા..! અને જીવ રાગનો ભોક્તા છે અને ભોક્તા નથી એવો વિકલ્પ પણ પ્રભુ તને શોભતો નથી ને નાથ! આહા..હા..! તું નિર્લેપ અખંડાનંદનો નાથ પ્રભુ છો ને. ભગવાન એ રાગનો ભોક્તા નથી એવો જે વિકલ્પ પણ પ્રભુ તને ન શોભે. એ તારો શણગાર નહિ. એ તારી દશા નહિ. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિચારતા હતા. એમ વિકલ્પ નહિ. 'સર્વ જીવ છે સિદ્ધસમ જે સમજે તે થાય.' સમજે તે થાય. 'કર વિચાર તો...' વિચાર નામ જ્ઞાન એનું કર તો પમાય. વિકલ્પ કર તો પમાય એમ નથી કહ્યું ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! એમના ઘણા તત્ત્વો તો ઘણાં ઊંચા છે. એક આ બે તત્ત્વની જુદાઈ ન રહી પહેલી શ્વેતાંબરની અને દિગંબરની એટલી વાત અટકી ગઈ. છેલ્લે ખુલ્લી થઈ ગઈ. છેલ્લે તો ખુલ્લી કરી નાખી હતી. પણ એના પક્ષકારને એ વાત બેસવી કઠણ ભારે. જેમાં જે વાત બેઠી હોય એમાંથી છૂટવું, સંપ્રદાયમાંથી છૂટવું આકરી વાત ભારે. જેમાં ૫૦-૫૦, ૬૦ વર્ષ પોષાણો હોય, કુટુંબની પરંપરા જેમાં રસબોળ થઈ ગઈ હોય અનાદિથી. આહા..હા..! એને છોડવું, બાપુ! આહા..હા..! અરેરે.. જન્મ-મરણના દુઃખને સહન કરવું એને છોડવું પડશે બાપુ! જે સંપ્રદાયમાં જન્મ્યો તે જ સંપ્રદાય સાચો એમ માનીને સત્યને ન માન તો દુઃખી થઈશ ભાઈ! અને કોઈ દુઃખી થાય, અરે.. વિપરીત શ્રદ્ધાથી એ પ્રાણી દુઃખી થશે એનો રાજીપો કેમ હોય બાપુ! સમજાય છે કાંઈ? આહા..હા..!

અરે.. વિપરીત માન્યતા તે પ્રભુ. આહા..હા..! વર્તમાન દુઃખી અને ભવિષ્યમાં દુઃખી થશે. અરે.. એનો અનાદર કેમ કરાય પ્રભુ! તિરસ્કાર ન હોય, એની દયા હોય. પન્નાલાલજી! આવી વાતું છે બાપુ અહીં તો. આહા..હા..! કોઈપણ વિપરીત માન્યતાથી દુઃખી થાય એ કાંઈ રાજીપો છે? એ ખુશી થવા જેવું છે? આહા..હા..! શ્રીમદ્ તો કહે છે 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા.' રાગની ક્રિયામાં ધર્મ માનનારા અજ્ઞાનીઓ છે. કોઈ શુષ્કજ્ઞાનમાં, કોઈ જ્ઞાનની વાતું કરે પણ જ્ઞાનની શ્રદ્ધા કરતો નથી. શુષ્ક જ્ઞાનમાં કોઈ વર્તે મોહાવેશમાં. શુષ્ક જ્ઞાન તો અહીં જ્ઞાનમાં કહ્યું. 'કરુણા ઊપજે જોઈ. માને માર્ગ મોક્ષનો કરુણા ઊપજે જોઈ.' આહા..હા..! રાગની ક્રિયામાં ધર્મ માને એવા વ્યવહારીઓ અને એકલા જ્ઞાનના જાણપણા કરીને જ્ઞાનનું પરિણમન શ્રદ્ધા-જ્ઞાન ન કરે એને કહે છે કે 'કરુણા ઊપજે જોઈ. માર્ગ માને મોક્ષનો...' એમાં મોક્ષનો માર્ગ માને, ભાઈ!

જેમ પોતાને દુઃખ પ્રિય નથી એમ બીજાના દુઃખને ઠીક છે એ કેમ માને? સમજાય

છે? વિપરીત માન્યતાવાળો દુઃખી થાય, અને દુઃખના.. અરે.. બાપુ! એ કાંઈ ખુશી છે? દુઃખના ડુંગરમાં ગોથા ખાશે, બાપુ! એવા જીવની તો કરુણા જોઈએ. તિરસ્કાર ન જોઈએ. આહા..હા..! આવો માર્ગ પ્રભુ, આ ભોક્તાની વાત છે. એ ૭૫ થઈ.

(उपजाति)

एकस्य जीवो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७६।।

૭૬. એક કહે છે કે 'જીવ જીવ છે...' એ નિશ્ચયથી. છે? જીવ છે સચ્ચિદાનંદ પ્રભુ છે આત્મા. એ નિશ્ચયનો વિકલ્પનો પક્ષ છે. બીજો કહે છે કે **'જીવ જીવ નથી...'** પરની અપેક્ષાએ જીવ નથી. સ્વની અપેક્ષાએ છે. એ પરથી નથી. એ પણ એક વિકલ્પ છે કહે છે. આહા..હા..! ક્યાં લઈ ગયા છે! આહા..હા..!

સુતરનો દોરો નથી? સુતરનો દોરો કરે છે ને ૧૬૦ નંબરનો. સુતર. દોરો પાતળો. ૧૨૦ નંબરનો ૧૬૦ નંબરનો. આહા..હા..! બહુ પાતળો દોરો હોય. આ ઉજ્જૈનમાં મીલ નથી? વિનોદ મીલ. લાલચંદશેઠ ને શું કહેવાય એ? લાલચંદ એ લઈ ગયા હતા એક ફેરી પગલા કરવા. મહારાજ! અહીં પધારો-પધારો. પણ એ મીલમાં એક માણસ ઊભો હોય બસ. બાકી બધું મીલ એની મેળાએ ચાલે. એ સુતર નાખે એના દોરા થઈને, એના કપડા થઈ ક્યાંક જો આમ તૂટી જાય દોરો તો ઓલો માણસ ઊભો હોય એ આમ સાંધે બસ એટલું કરે. તૂટી જાય તો. તો સંચો બંધ થઈ જાય. એની મેળાએ બધું કપડું તૈયાર થઈને બહાર નીકળે છે. આહા..હા..! એક પણ જો દોરો તૂટે જરીક અંદર તો સંચો બંધ થઈ જાય. એમ અહીંયાં એકપણ વિકલ્પની વૃત્તિ જો રહેશે... આહા..હા..! ચૈતન્યસ્વરૂપનું તત્ત્વ યંત્ર હાથ નહિ આવે તને. સમજાણું કાંઈ?

એના મીલમાં લઈ ગયા હતા એકફેરી. શેઠ ગુજરી ગયા. એને પણ ભ્રમણા હતી ઘણી બ્રાહ્મણો પાસે જાપ કરાવતા. અમે જ્યાં ઉતર્યા હતા. એના મકાનમાં ઉતર્યા હતા ને. જ્યાં ઉતર્યા ત્યાં જોડે બ્રાહ્મણ. કીધું આ કરે છે શું આ લોકો. જાપ જપાવે છે. પણ એલા..! શેના જાપ આ? ઉતર્યા હતા ને અમે આ બાજુ મકાન. અને જોડે મકાન એ જાપ જપતા હતા. ભ્રમણા ઘણી હતી ભ્રમણા એને. આમ કરોડપતિ કહેવાય પણ અંદર ભ્રમણાનો પાર ન મળે. આહા..હા..!

અહીં કહે છે આ ભગવાન છે, જીવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એ છે તો એવો, પણ એ જીવ છે એવો જે વિકલ્પ ઉઠાવવો, વૃત્તિ ઉઠાવવી એ નિશ્ચયનયનો પક્ષ છે. એક નયનો પક્ષ જીવ નથી. પરની અપેક્ષાએ નથી. એ પણ એક વ્યવહારનો વિકલ્પ પક્ષ છે. આહા..હા..!

ક્યાં એને જાવું તે ક્યાં એ અટક્યો છે? આવી વાત છે. બીજા નયનો.

**'આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી...'** તત્ત્વ નામ ચિત્સ્વરૂપ જ્ઞાનમૂર્તિને વેદનાર. આહા..હા..! અંને હું જીવ છું અને જીવ નથી એવા વિકલ્પને એ છોડી દે છે. આવો માર્ગ છે. ભગવાનજીભાઈ! આ પૈસાવાળાને ભારે આકરું પડે. કાલે નહોતું આવ્યું પરમાત્મપ્રકાશમાં. ૬૦મી ગાથા. પૂર્વના પુણ્યને લઈને વૈભવ મળે, વૈભવથી મદ થાય. અમે આમ છીએ. અમે આવા છીએ. મદથી મતિ ભ્રષ્ટ થાય, મતિભ્રષ્ટથી પાપ થઈને નિગોદ નરકમાં ચાલ્યો જાય. આહા..હા..! પરમાત્મપ્રકાશની ૬૦મી ગાથા. બીજા અધિકારની. બે અધિકાર છે ને. પહેલામાં ૧૨૩ છે અને બીજામાં ૨૧૪ ગાથા છે. પરમાત્મપ્રકાશ સવારમાં વંચાય છે ને? આ સવારમાં હતા ને? પરમાત્મપ્રકાશમાં. આહા..હા..!

અહીં તો કહે છે, પ્રભુ આ ઓલા પુણ્યના વૈભવથી મદ ચડે અને મદથી મતિ ભ્રષ્ટ થઈને રખડશે કહે છે. પણ આ કહે છે કે પુણ્ય કરવાથી, પુણ્યના બળે કર્મનો ક્ષય થશે. આવા થાપા. જૈનને નામે બહુ ગજબ છે, બાપા! સમજાણું કાંઈ? એ તત્ત્વવેદી તો જીવ છે અને જીવ નથી બેયના વિકલ્પથી છૂટીને... આહા..હા..! **'ચિત્સ્વરૂપ તે ચિત્સ્વરૂપ જ છે.'** આહા..હા..! બહુ વાત! કર્તાકર્મ છે ને એટલે હું જીવ છું, જીવ છું... જીવ છું... આત્મા છું, સિદ્ધસ્વરૂપી છું, પૂર્ણાનંદ છું, એવો પણ વિકલ્પ જે છે વૃત્તિ ઉઠે છે રાગની એ પણ દુઃખદાયક છે. આહા..હા..! એને છોડીને તત્ત્વવેદી. તત્ત્વ ચૈતન્ય છે તેનું વેદન કરનાર, રાગનું વેદન છોડીને ભગવાન અરાગી આનંદના નાથનું વેદન કરતો તે બેય પક્ષપાતથી રહિત છે. આહા..હા..! હવે આવું ઝીણું પડે એટલે માણસને.. રતનલાલજી! ટીકા કરે. ભાઈ! એને શું થાય બેસે નહિ તો. ધક્કો લાગેને પોતાની માન્યતાને. એટલે થાય, થાય. ભાઈ!

પ્રભુ! આ દયાની વાત છે, નાથ! આપણી દયાની આ વાત છે. આપણી એટલે આત્મા. આત્માની આ દયાની વાત છે. કે એ જેવો છે તેવો એને વિકલ્પથી તેને જાણવો અને અનુભવવો એ જીવની એણે દયા કરી કહેવાય, પોતાની એણે દયા કરી, જેવડો અને જેવો છે, તેવડો તેને માનવો વિકલ્પથી રહિત એને એવો જીવતા જીવને એવો માન્યો એણે દયા કરી જીવની કે તું આવડો છો. પણ જેણે એવા જીવને રાગવાળો અને પુણ્યવાળો માન્યો એને જીવતી જ્યોત ચૈતન્યરાગથી ભિન્ન છે તેનો અનાદર કરીને જીવની હિંસા કરી એને પોતાની. આહા..હા..!

જેટલું અને જેવડું એનું સ્વરૂપ છે વિકલ્પ વિનાનું. નિર્વિકલ્પ ચૈતન્ય ઘન ધ્રુવ એવું ટકતું તત્ત્વ છે એ એટલા ટકતા તત્ત્વને એ રીતે ન માનતા એને રાગથી લાભ થાય અને રાગવાળો એમ માનવો એ આખા જીવનનો એણે સંહાર કર્યો છે. આવો હું નહિ. હું તો રાગવાળો એવું માન્યું એણે ચૈતન્યના તત્ત્વનો અનાદર કર્યો એટલે કે હિંસા કરી છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

કરોડપતિ, અબજપતિ હોય એને કોઈ ગરીબ કહે તો એને કરોડપતિનું સ્વરૂપ જે છે તેટલું જાણ્યું નહિ એણે. સમજાણું કાંઈ? આહા..હા..! આ શેઠિયા હતા ને શેઠિયા? દિપચંદજી શેઠિયા. સરદાર શહેર. એના મામા પાસે પૈસા ઘણા હતા. દસ કરોડ રૂપિયા. પછી કોઈએ એવું બહાર લખ્યું એના મકાન ઉપર કે આ શેઠની પાસે પૈસા નથી, એણે દિવાળુ કાઢ્યું છે કે એવું કાંઈક લખ્યું મકાન ઉપર. એટલે શેઠ કહે છે કે ભાઈ આ અહીં મારા દિવાલ ઉપર શું અંદર લખી જા ને. એથી કાંઈ હું છું એ વયો જઈશ? મારી પાસે જે.. તે દિ' દસ કરોડ હોં તે દિ'. અત્યારે તો પૈસા વધી ગયા. ભાવ વધી ગયા ને. પૈસા તો છે એટલી સંખ્યા પણ. અત્યારે ઘણા પૈસા દસ કરોડ એના મામા પાસે. અત્યારે તો ઘણા વધી ગયા. સોનું-સોનું ઘણું સંઘરેલું. પછી એને કહ્યું કે ભાઈ તું અહીં લખ. હું જે છું. મારી પાસે મૂડી છે એ મૂડીનો અભાવ કાંઈ તું લખ તો થઈ જાય એવું છે?

એમ ચૈતન્ય ભગવાન અનંત આનંદની મૂડીવાળો પ્રભુ! આહા..હા..! એને તું એમ માન કે હું રાગવાળો છું, શુદ્ધ ચૈતન્ય નહિ એથી એ શુદ્ધ ચૈતન્યનો નાશ થઈ જાય છે? તારી દૃષ્ટિમાં એનો નાશ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આવા ઉપદેશ. બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! જન્મમરણના ફેરા ચોર્યાસીના એક એક યોનીમાં અનંતવાર જન્મ્યો ભાઈ! તારા દુઃખને મરતા તારી મા રોઈ, એ રોવાના આંસુ ભેગા કરતો દરિયા ભરાય એટલી વાર મર્યો છો તું, દુઃખી થયો છો. અષ્ટપાહુડમાં છે આ. તારા મરણના દુઃખે તારી મા દુઃખી થઈ છે. તું ૨૫ વર્ષનો મરી ગયો, ઓલી માં ૫૦ વર્ષની એ દુઃખી થઈને રોવે છે. એ રોવાના આંસુના એટલા ભવ તે કર્યા છે કે એ આંસુના સ્વયંભુ રમણસમુદ્ર ભરાય. આહા..હા..! બાપુ તારા દુઃખને જોઈ શક્યા નથી એવા દુઃખ તે વેદ્યા છે હવે તારે કોની સામું જોવું છે? બાપુ! આહા..હા..! કોણ કેમ માને છે અને કોણ કેમ કહે છે એ તારે શું કામ છે, ભાઈ!

અહીં તો આચાર્ય એમ કહે છે કે જીવ છું એવો જે વિકલ્પ ઉઠે તે પણ દુઃખરૂપ છે. આહા..હા..! કારણ કે જ્ઞાનસ્વરૂપમાં એ વિકલ્પ છે ક્યાં એ? સમજાણું કાંઈ? આહા..હા..! આ રણજીતસિંહ ગુજરી ગયા ને ભાઈ! જામનગરના દરબાર રણજીતસિંહ. કરોડનો તાલુકો. એને કોઈ દીકરો નહોતો. ભાઈનો દીકરો. પછી એના ભાઈનો દીકરો અહીં નહોતો અને રણજીતસિંહ ગુજરી ગયા અહીં. તાર કર્યો તાર. બાપુજી ગુજરી ગયા છે આવો. એને તો ખબર પડી કે રાજ મને મળશે. ભાઈનો દીકરો હતો, પોતાને દીકરો નહોતો. જામનગર. કરોડનો તાલુકો. એટલે રસ્તામાં એકદમ વિમાનમાં આવ્યા. મુંબઈથી અમદાવાદ એકદમ. અને એમ જ થઈ ગયું હું રાજા... હું રાજા... હું રાજા... એ વિકલ્પ ઉઠ્યો. પણ જ્યારે રાજપણું મળ્યું ત્યારે એ વિકલ્પ છૂટી ગયો. એમ વિકલ્પમાં પહેલો હું પૂર્ણ શુદ્ધ છું, ચૈતન્ય છું, જીવ છું એમ વિકલ્પ હોય, પણ વિકલ્પ છૂટે ત્યારે રાજ મળે એવું છે. પન્નાલાલજી! આવી

વાતું છે બાપા અહીં તો. આહા..હા..! લ્યો ચાર થઈ ગયા? એ ૭૬ થઈ લ્યો. ૭૭ આવશે...
(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ-૧૪, બુધવાર, તા. ૦૬-૧૦-૧૯૭૬, કળશ-૭૭ થી ૮૦, પ્રવચન નં. ૧૯૩

(उपजाति)
एकस्य सूक्ष्मो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७७।।

સમયસાર. કર્તાકર્મ અધિકાર. ૭૭ કળશ છે. ૭૬ થઈ ગયા.

'**શ્લોકાર્થ :—જીવ સૂક્ષ્મ છે...**' એક નયનો પક્ષ એવો છે કે જીવ રાગાદિ વિકલ્પથી ભિન્ન તદ્દન ચૈતન્યસૂર્ય એ સૂક્ષ્મ છે. એવો એક વિકલ્પ. છે તો એવો. શરીર, રાગાદિથી ભિન્ન તદ્દન ચૈતન્યસૂર્ય એ રાગથી પણ એકરૂપ નથી. દયા, દાન, વ્રતના વિકલ્પ જે ઊઠે એનાથી પણ એ એકરૂપ નથી. એવો જે સૂક્ષ્મ છે. એ વાત સાચી. પણ એ સૂક્ષ્મ છું એવો એક વિકલ્પ ઉઠે રાગ એ છોડવા જેવો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! આવી વાત છે. કર્તાકર્મ છે ખરું ને? શરીર સાથે આત્મા એકપિંડરૂપ છે જ નહિ.

**શ્રોતા :-** નિશ્ચયે નથી, વ્યવહારે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારે કહેવામાં આવે છે નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી. વસ્તુ તરીકે શરીર અને આત્મા એક છે નહિ. જો શરીર અને આત્મા એક થઈ જાય તો આત્મા તો નિત્ય વસ્તુ છે. તો શરીરનો નાશ થાય નહિ, કારણ એક થઈ ગયો એટલે નિત્ય થઈ ગયું. ન્યાય સમજાય છે?

**શ્રોતા :-** જીવ નિત્ય છે અને શરીર અનિત્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરીર નિત્ય થઈ ગયું. જેમ શરીર અને આત્મા એક છે, એમ કહો તો આત્મા નિત્ય અવિનાશી અનાદિઅનંત છે. એ રીતે શરીર પણ નિત્ય થઈ ગયું, એકમેક થઈ ગયું એટલે. તો એમ છે નહિ. સમજાય છે કાંઈ? તેમ એ આત્મા લોકાલોક જગતની સાથે એકમેક હોય તો જેમ જગત આદિ દેખાય તેમ એકમેક હોય તો આત્મા પણ દેખાવો જોઈએ. ન્યાય સમજાય છે કાંઈ? એ ભગવાન સૂક્ષ્મ છે એ વાત બરાબર

છે પણ એનો વિકલ્પ ઉઠે છે એ નયનો પક્ષ છે. એ જ્ઞાનીએ એને છોડીને જ્ઞાનનું વેદન કરવું એમ કહેવા માગે છે. આહા..હા..!

**શ્રોતા :-** છેલ્લામાં છેલ્લી વાત..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પહેલામાં પહેલી જ વાત છે આ. આહા..હા..!

ભગવાન અંદર ચૈતન્ય જ્ઞાનસ્વભાવી અરૂપી, અવિનાશી વસ્તુ છે. એ અને આ શરીર જો બે અવિનાશીની આ શરીર એક થઈ જાય તો આપણ અવિનાશી થઈ જાય. આનો નાશ થાય નહિ કદી. સમજાય છે કાંઈ? અથવા જગત લોકાલોક અને જગત જે આખું છે એમાં જો આત્મા એકમેક હોય, તન્મય એકમેક હોય તો આ વસ્તુ જે દેખાય છે તેમ એ દેખાવી જોઈએ. ન્યાય સમજાય છે કાંઈ? વસ્તુ બીજી બાપા! અત્યારે ચાલે છે એનાથી લાઈન જુદી છે આ. એય.. રતનલાલજી! આહા..હા..! અંદર ચૈતન્ય ભગવાન, ચૈતન્ય રત્ન, ચૈતન્ય હીરો એ છે તો સૂક્ષ્મ. એટલે રાગ અને શરીરની સાથે એકમેક તન્મય થયો જ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..!

એ '**સૂક્ષ્મ છે એવો એક નયનો પક્ષ છે...**' બીજો કહે કે '**જીવ સૂક્ષ્મ નથી...**' એ સ્થૂળ છે એમ છે. રાગવાળો છે, કર્મવાળો છે ને માટે જીવ સ્થૂળ છે. એ વ્યવહારનયનો પક્ષ છે. રાગ અને શરીરના સંબંધવાળો છું એ વ્યવહારનયનો પક્ષ છે. એ તો કહેતા આવ્યા છે પહેલેથી. કે વ્યવહારનયનો પક્ષ તો અમે છોડતા આવ્યા છીએ પહેલેથી. પણ હવે તો અહીંયાં સાથે બે લીધા ભલે અમે, પણ સૂક્ષ્મ છે, ભિન્ન છે, રાગથી એકરૂપે નથી એવું સ્વરૂપ હોવા છતાં તેનો પક્ષ કરીને વિકલ્પ ઉઠાવે એનો હવે અમે નિષેધ કરવા માગીએ છીએ. આહા..હા..! આવી વાતું બાપુ આકરી ભાઈ! જગતને પચવી કઠણ બાપુ ભાઈ! માર્ગ આવો છે. આહા..હા..!

હજી તો આ સમ્યગ્દર્શનની વાત ચાલે છે. પ્રથમ ધર્મની ભૂમિકા. પ્રથમ ધર્મની ભૂમિકા. એમાં પણ હું સૂક્ષ્મ છું. છે તો એવો, ચૈતન્ય જ્યોત જ્ઞાનરસ. સર્વજ્ઞ સ્વભાવી વસ્તુ એ સૂક્ષ્મ જ છે. સ્થૂળ એવા રાગના, દયા, દાનના, વિકલ્પ કે હિંસાના વિકલ્પ સાથે ભગવાન એકમેક તન્મય એકમેક છે જ નહિ. માને ભલે. પણ એકમેક છે નહિ. એવો હું છું એવી પણ એક વૃત્તિ ઉઠાવવી વિકલ્પ એને નિશ્ચયનયનો પક્ષ કહેવામાં આવે છે. ભાઈ! દેવીલાલજી! આવું છે ભગવાન! આહા..હા..! તારી મહિમા શું કરવી ઘટે? આહા..હા..! સૂક્ષ્મ એવા વિકલ્પથી પણ તે જણાય એવો નથી એમ કહે છે. તો આ પછી વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય, પ્રભુ એ તો સ્થૂળતા, ઘણી વિપરીતતા. જગતને આકરું પડે ભાઈ! શું થાય? માર્ગ તો આ છે. અનંત સર્વજ્ઞો, અનંત તીર્થંકરો, અનંત સંતો તો આ જાહેર કરે છે. આહા..હા..!

તને એમ લાગે કે અરર..! અમારો માર્ગ તો આ ઉથાપે છે. સમજાય છે? આહા..હા..! એ તો કહ્યું હતું ને પ્રભુ ક્ષમા કરજે. માર્ગ તો આ છે. ભગવાન તું પરમાનંદનો નાથ છો

તો આવો ભાઈ! અમે તને રાગથી લાભ થાય એવી માન્યતાવાળાને હું સૂક્ષ્મ નિશ્ચયથી છું એવો વિકલ્પ પણ જ્યાં નુકસાનકારક છે, એનાથી પણ એ આત્મા વેદનમાં આવી શકતો નથી. તો એના વ્યવહારના આચરણ કરતા દયા, દાન, વ્રત, ભક્તિ, તપને એનાથી આત્મા જણાય, પ્રભુ! એ કલંક છે. એ સ્વરૂપ એવું નથી એનું. સમજાય છે કાંઈ? એને માન્યું હોય એને દુઃખ લાગે. બાપુ! ભગવાન! દુઃખ લાગે તો માફ કરજે. પણ વસ્તુ તો આવી છે. આહા..હા..! ત્યાં લગી આચાર્ય. એ તો પહેલી ભૂમિકા હોં. સમ્યગ્દર્શન. આહા..હા..! ચારિત્ર અને એ વાતું તો બાપુ કાંઈક બીજી જ છે. આહા..હા..!

એવા '**બે નયોના બે પક્ષપાત છે.**' છે ને? '**ચિત્સ્વરૂપ જીવ વિષે...**' એ તો ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે એમ કહે છે. એ તો ચૈતન્ય જ્યોત સૂર્ય, ચૈતન્યસૂર્ય. સ્વપરપ્રકાશના સ્વભાવના સામર્થ્યવાળું એ તો તત્ત્વ છે. સ્વપરને પોતાના પરને માને એવો એનો સ્વભાવ જ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! એ તો ચિત્સ્વરૂપ જીવ છે. જ્ઞાનસ્વરૂપ જીવ એમાં સૂક્ષ્મ છું કે સૂક્ષ્મ નથી એવા વિકલ્પ નામ રાગના અંશનો ત્યાં અવકાશ ક્યાં છે? તારાચંદજી! આવો માર્ગ છે, પ્રભુનો. દુનિમાંથી આકરું લાગે. શું થાય? માર્ગ તો આ છે. એ સિવાય સમ્યગ્દર્શન થશે નહિ. આહા..હા..! જ્ઞાન અને ચારિત્ર તો ક્યાંક રહી ગયા. ધન્નાલાલજી! બધા જુવાનિયાઓને આ બેસાડવું પડશે આ. રખડવા. કહો, રતનલાલજી! શેઠિયાઓને, જુવાનિયાઓને, બાપા! ભગવાન તું કોણ છો?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેઠિયાઓને તો મોઢા આગળ પહેલું નક્કી-પાકું કરવું પડશે. અગ્રેસરે તો. એય..! આહા..હા..!

એ '**બે નયોના બે પક્ષપાત છે.**' છે? '**तत्त्ववेदी च्युतपक्षपातः**' આહા..હા..! હું સૂક્ષ્મ છું એવો જે વિકલ્પ એને પણ એ છોડી દે છે. સમ્યગ્દષ્ટિ ચિત્સ્વરૂપ એવું તત્ત્વ, એને વેદનાર હું સૂક્ષ્મ વિકલ્પ જે છું એને પણ છોડી દે છે. છે? '**तत्त्ववेदी च्युतपक्षपातः**' એ વિકલ્પના પક્ષપાતને છોડી દે છે. આહા..હા..! '**જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.**' એ તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ કોઈ વિકલ્પ કે સારા લોકાલોક સાથે એકમેક છે જ નહિ. એ તો જગતનો પ્રકાશક પરમાત્મા. આહા..હા..!

એ કહે છે કે જ્યાં જ્યાં વિકલ્પ શરીર, વાણી એ બધું જણાય છે એ જાણનારમાં જણાય છે, એ જાણનારમાં જણાય છે કે આ બીજી ચીજ છે. પણ એ બીજી ચીજથી એકમેક નથી. પણ જેને એ રાગને જોવે છે. એને કહે છે કે રાગનો જાણનાર છો એને જોને. ચિત્સ્વરૂપ કીધું ને? સમજાય છે કાંઈ? તું રાગના વિકલ્પને જો છો, પણ એ રાગ તો અંધકાર છે. રાગ નથી જાણતું પોતાને, રાગ નથી જાણતું પરને, રાગ જણાય છે પરવડે. એટલે કે જ્ઞાનવડે રાગ જણાય છે. તો જે રાગને તું જો છો એને જાણનાર.. જ્યાં જ્યાં

રાગ ત્યાં ત્યાં જ્ઞાન, જ્યાં જ્યાં શરીર ત્યાં ત્યાં જ્ઞાન, એને જાણનારો .. તેને જાણ. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે, બાપુ! આહા..હા..!

એ '**ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.**' આહા..હા..! શું સંતોએ જગતને જાહેર કર્યું છે. દિગંબર સંતો કેવળજ્ઞાનીના કેડાયતો, કેવળજ્ઞાનને કેડે ચાલનારા. આહા..હા..! પ્રભુ! તારા ચિત્સ્વરૂપમાં એ પક્ષપાતને અવકાશ નથી કહે છે. આહા..હા..! ઓલો વ્યવહારનો તો અવકાશ છે નહિ, પણ હું આવો છું, સૂક્ષ્મ છું એવી વૃત્તિના ઉત્થાનને પણ જ્યાં અવકાશ નથી. આહા..હા..! એ ૭૭ થયો.

(उपजाति)

एकस्य हेतुर्न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७८।।

૭૮. '**શ્લોકાર્થ :—જીવ હેતુ (કારણ) છે...**' એક કહે છે કે આ રાગાદિ જે થાય છે એનો આત્મા કારણ છે. આહા..હા..! એ વ્યવહારનયના પક્ષવાળાનું કથન છે. આ તો અંતરની વાતું બાપુ! અનંતકાળમાં એણે એ ચીજને જાણી નથી. બધાને જાણ્યું પણ એ જાણનારના કાળમાં જાણનારો એનાથી જુદો છે. આહા..હા..! રાગ-દ્વેષ, વિકલ્પ, શરીર, વાણી, મન, લોક, અલોક ખ્યાલમાં જે આવે એ કાળે એને એ જોવે છે, પણ એને જાણનારો .. છે એને જોતો, એના અસ્તિત્વને જોતો નથી. આ જણાય છે એ અસ્તિત્વ છે એમ માને છે. આહા..હા..! ઓહો..!

હસમુખ છે એ જાણે છે અહીં કે હસમુખને જોવે છે પણ જાણનારો અહીં છે એને જોતો નથી. ઘરનો દાખલો ઠીક ને. આ તો દાખલો છે. બધાને માટે આ તો ઘરનો. આહા..હા..! આવી વાત છે. આ ચશ્મા છે એમ જાણે છે ને. એ ચશ્માને જોવે છે પણ ચશ્માને જાણનાર ભિન્ન છે એને જોતો નથી. આહા..હા..! એ અહીં કહે છે '**જીવ હેતુ (કારણ) છે...**' અજ્ઞાની એમ કહે છે. એ રાગ થાય ને, એ રાગનો ભગવાન કારણ છે. એ વ્યવહારનયનો પક્ષ છે. એને તો અમે નિષેધ કરતા આવ્યા છીએ, પણ અહીં તો બે વાત સાથે કરવી છે એથી વ્યવહાર-નિશ્ચય લઈએ છીએ. બાકી તો કહ્યું હતું ને પહેલાં? ભાવાર્થમાં કહી ગયા છે પહેલા. ઓલીકોર જુઓ. ઓલીકોર.

'**આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે.**' છે ને બાબુભાઈ! ભાવાર્થ. એ તો અહીં તો પણ વ્યવહારનો નિષેધ તો કરતા આવ્યા છીએ. પણ અહીં હવે બેની વાત કરવી છે એટલે વ્યવહાર સાથે

લીધો, પણ હવે તો અહીં નિશ્ચયનો નિષેધ કરવો છે. આહા..હા..! શું શૈલી! **'વ્યવહારનયને ગૌણ કરીને...'** પ્રથમથી જ શુદ્ધનયને મુખ્ય કથન કરવામાં આવ્યું છે. **'ચૈતન્યના પરિણામ પરનિમિત્તથી અનેક થાય છે તે સર્વને પહેલેથી જ આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે...'** અહીં તો શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો, **'નિત્ય, અભેદ ચૈતન્યમાત્ર સ્થાપીને હવે...'** એનો પક્ષપાત હવે છોડાવે છે. આહા..હા..! ભારે કામ બાપા! આહા..હા..!

**'જીવ હેતુ (કારણ) છે એવો એક નયનો પક્ષ છે...'** જીવ છે તો રાગ થાય છે. જીવ છે તો પુણ્ય-દયા, દાનના ભાવ થાય છે, માટે રાગ એ ભાવનો એ જીવ કારણ છે, એમ અજ્ઞાનીનો પક્ષ છે એક વ્યવહારનો. **'એક નયનો પક્ષ છે અને જીવ હેતુ (કારણ) નથી એવો બીજા નયનો પક્ષ છે;...'** એ રાગ અને પરનું કારણ આત્મા છે જ નહિ. સમજાય છે કાંઈ? એ નિશ્ચયનયનો પક્ષ છે કે હું રાગમાં કારણ નથી, શરીરમાં કારણ નથી, એવો જે વિકલ્પ ઉઠે છે એ નિશ્ચયનો પક્ષ છે, એને અહીં છોડાવી દીધો છે હવે. ઓલો વ્યવહારનો પક્ષ તો છોડાવા આવ્યા છીએ. આ તો બે સાથે વાત કરવી છે. આહા..હા..! ..ચંદજી! આવી વાતું છે બાપુ આકરી વાત ભાઈ હોં. એની સાથે મેળ કરવો કઠણ છે.

આનંદઘનજી કહે છે એકવાર કે ધર્મીના અભિપ્રાય સાથે લોકનો અભિપ્રાય જો મેળ ખાય તો એ ધર્મીનો અભિપ્રાય સાચો નથી. આનંદઘનજી એક વાત. શ્વેતાંબરમાં થઈ ગયા આનંદઘનજી. જ્ઞાનીનો અભિપ્રાય અને લોકનો અભિપ્રાય જો મેળ ખાય બે તો એ જ્ઞાનીનો અભિપ્રાય જ સાચો નથી. જ્ઞાનીનો અભિપ્રાય, દુનિયાનો અભિપ્રાય મેળ ન ખાય તો તે જ્ઞાનીનો અભિપ્રાય સાચો છે. એ તારાચંદજી! શ્વેતાંબર. આનંદઘન થઈ ગયા છે. ૩૦૦ વર્ષ પહેલા થઈ ગયા છે. આહા..હા..!

એમ અહીંયાં કહે છે કે ધર્મી જીવના અભિપ્રાય સાથે જગતના મેળવાળા અભિપ્રાય જો થાય તો એ અભિપ્રાય જ સાચો નથી. જ્ઞાનીના અભિપ્રાય સાથે દુનિયાનો અભિપ્રાય મેળ ન ખાય તો તે અભિપ્રાય સાચો છે. એય.. ન્યાય સમજાય છેને? આહા..હા..! આ બધા શેઠિયાઓને નક્કી કરવું પડશે. મોઢા આગળ મોટા શેઠ થઈને ફરે છે જ્યાં ત્યાં. કહો, ભગવાનજીભાઈ! એ મહાજનના શેઠ છે. આહા..હા..!

શું પ્રભુની કથની! સંતોની શૈલી તો જુઓ! જીવના જ્ઞાનપ્રવાહને ભિન્ન સિદ્ધ કરીને અનુભવ કરાવવા માટે આ વાત કરે છે. ભગવાન! તારો જ્ઞાનપ્રવાહ ધ્રુવ, આમ પ્રવાહ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ.... ચાલ્યો આવે એમ ને એમ. આહા..હા..! એને સાથે આ વિકલ્પને પણ સંબંધ નથી પ્રભુ! એ વિકલ્પ છે એ મારો છે એ માન્યતા તું ભલે કર, પણ એ વસ્તુ છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! વ્રત ને તપ ને દયા ને દાન આદિનો વિકલ્પ જે ઉઠે છે એ વિકલ્પની સાથે તારા સ્વરૂપને સંબંધ છે જ નહિ કાંઈ. અને એ વિકલ્પનું કારણ જ આત્મા નથી. સમજાય છે કાંઈ? આ નિશ્ચયનો પક્ષ. કહો, દાસ! આ વાત છે, ભાઈ!

**'જીવ હેતુ છે...'** બીજાન નિમિત્ત કારણ છે તો તેને લઈને પરમાં કાર્ય થાય છે. આ વાંધા છે ને. એ તો હમણા મોટો વિરોધ કર્યો હતો ને, નિમિત્તથી ન થાય એમ માનનારાઓ દિગંબર નથી. પ્રભુ... પ્રભુ... તું કર ભાઈ, બાપા! આહા..હા..! સમાજની શૈલીમાં માનશે ભાઈ પણ પ્રભુ માર્ગ આ નથી હોં. સમજાય છે કાંઈ? અહીં તો શું કહે છે? રાગનું એ કારણ છે એમ માને વ્યવહાર. છે ને? અને નિશ્ચય **'જીવ હેતુ (કારણ) નથી...'** આહા..હા..! ઓલો વ્યવહારવાળો કહે છે કારણ છે. એનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ પહેલેથી. કાંતિભાઈ! આવો માર્ગ છે હોં. તમારા ઝવેરાત કરતા જુદી જાત છે આ.

**શ્રોતા :-** વ્યવહાર.. બુદ્ધિ ઘણી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય બુદ્ધો ત્યાં કામ કરતો નથી. એના કરતા બુદ્ધિવાળા ઘણા હોય છે. પૈસા પેદા કરતા નથી અને પુણ્યને લઈને હોય છે ને? એનો ભાઈ ત્યાં છે ને હોકીંગ કેવો? હોંગકોંગ. એનો ભાઈ છે બહુ પૈસા પેદા કરે છે લાખો. એથી શું? એ તો પૂર્વના પુણ્યના રજકણો હોય છે એને આત્મા વિકલ્પ કરે એ પણ એની ચીજ નથી. તો વળી પૈસા પેદા કરવા એ ચીજ ક્યાં આવી પ્રભુ!

**શ્રોતા :-** ... વાત છે ગૃહસ્થની વાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે.. આ આત્માની વાત છે આ ગૃહસ્થ-ત્યાગીની વાત ક્યાં છે? આહા..હા..! ચક્રવર્તીને રાજ ભરતને હતું પણ એ તો રાગ અને શરીર મારું, રાગ હું છું નહિ. એમ અંદર રહેતા હતા. નાળિયેરમાં જેમ ગોટો છૂટો રહે. ગડગડીયું હોય ને. નાળિયેર. એમ જ્ઞાની એ કાચલીથી જુદું જેમ છે એમ રાગ અને પરથી જુદો જ્ઞાની હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, બાપા! દુનિયાને તો એવું લાગે સાંભળ્યું ન હોય.

**'જીવ હેતુ (કારણ) નથી...'** કહ્યું ને? જીવ હેતુ નથી. એ વ્યવહારરત્નત્રયનો રાગ એનો પણ આત્મા કારણ નથી. આહા..હા..! **'એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે...'** ભગવાન તો ચૈતન્યસૂર્ય એ તો જ્ઞાનથી વેદાય એવી ચીજ છે. એ વિકલ્પથી વેદાય એવી એ ચીજ છે નહિ. આહા..હા..! વેદાય કહો કે જણાય કહો કે અનુભવાય કહો. આહા..હા..! એ એની જે જ્ઞાનપર્યાય છે એ પર્યાયને અંતરમાં જોતા એ એનાથી જણાય એવું છે. એનો જે અંશ છે તેનાથી અંશી જણાય એવો છે. રાગાદિ એનો અંશ છે જ નહિ. આહા..હા..! એ આ માર્ગ લોપ થઈ ગયેલો. બાબુભાઈ! વાત એવી છે ભાઈ! શેઠિયાઓને જે ચાલતું હોય એમાં ને એમાં પ્રવાહમાં ચાલતું હોય. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને ક્યાં પડી હોય? એને બહાર આખો દિ' ધંધામાં રોકાવું પાપમાં, આનું આ ને આનું આ. એમાં નવરાશ ક્યાં છે? નવરાશ હોય તો ઓલા સંભળાવનાર જે કહેતા હોય બરાબર છે જાવ. રતનલાલજી! આહા..હા..! આ તો દૃષ્ટાંત છે. આહા..હા..!

ભગવાન! તું એ નિશ્ચયથી હું કારણ નથી રાગનું, નિમિત્તનું હું કારણ નથી. એવો જે વિકલ્પ છે એથી પણ આત્મા એમાં એકમેક નથી. તન્મય નથી એટલે એકમેક નથી. એનાથી જુદું ચિત્સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.**' જુઓ આ તો મોટો અત્યારે વાંધા ઊઠે છે. નિમિત્તથી થાય, જીવ નિમિત્ત છે. જીવ ઘડો કરી શકે, કુંભાર ઘડો કરી શકે. આહા..હા..! કુંદકુંદાચાર્ય કહે છે ભાઈ અમે તો દેખતા નથી કે માટીથી ઘડો થાય છે એમ તો દેખીએ છીએ. કુંભારથી થાય એમ અમે તો માનતા નથી, જાણતા નથી. હવે આ મોટો વાંધો ઉઠાવ્યો લોકોએ. નિમિત્તથી ન થાય. એ મોટું પાખંડ છે એમ કહે. વીતરાગમાર્ગ નથી. અરે.. પ્રભુ!

અહીં તો કહે છે કે '**જીવ હેતુ નથી...**' હેતુ છે એ વાતનો નિષેધ કરતા આવ્યા છીએ. ઉપર કહ્યું ને વ્યવહારનું? પણ જીવ કારણ નથી. રાગનું કારણ નથી, પરનું કારણ નથી. એવો જે વિકલ્પ છે તેને અમે છોડાવવા માગીએ છીએ હવે. અ આંગણે ઊભો આ વાત તું કર કે હું કોઈનું કારણ નથી, તો એ આંગણું છોડી દે હવે. આહા..હા..! એ ચિત્સ્વરૂપ ભગવાન છે ત્યાં જા. એને વેદ અને એને જાણ. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમજાણું કાંઈ? આ તો ભાષા તો સાદી છે. કાંઈ ન સમજાય એવું નથી. કેમ પન્નાલાલજી! આ કાંઈ કોઈ સંસ્કૃતને વ્યાકરણને.. આહા..હા..! સરળ સીધી ભાષા છે. આહા..હા..! એ ભાષામાં આત્મા નથી. એ ભાષાને જાણનારો પર્યાય ભાષાને જાણતો, ભાષાને જાણે છે પણ એ જાણનારને જાણવા જાતો નથી ત્યાં. આહા..હા..!

દરેક પર્યાય, દરેક ભાષા શરીર, વાણીના કાળમાં જ્ઞાન તો ત્યાં જ્ઞાનનું જ કામ કરે છે, પણ એ જ્ઞાન કરનાર છે એના ઉપર નજર ન પડતાં એ દેખાય છે એના ઉપર એની નજર પડે છે. અહીં એ કહેવું છે કે કારણ નથી એવો જે વિકલ્પ છે એના ઉપર એની નજર રહે છે. સમજાણું કાંઈ? પરવસ્તુનું કારણ જીવ નથી, છે એમ કહેનારો તો વ્યવહાર છે એ તો અમે નિષેધ કરતા આવ્યા છીએ. આહા..હા..!

એ કુંભારથી ઘડો થતો નથી. એમ તો અમે પહેલેથી કહેતા આવ્યા છીએ, પણ માટીથી ઘડો થાય એવો જે વિકલ્પ છે એને પણ અમે છોડાવવા માગીએ છીએ હવે. આહા..હા..! આવી વાતું છે. આવું સત્ય છે, બાપુ! નગ્નમુનિઓના નાગાબાદશાહથી આઘા એને દુનિયાની કાંઈ પડી નથી. સમાજ સમતોલ રહેશે કે નહિ, સમાજનો આમાં પક્ષપાત થઈ જશે કે નહિ. માર્ગ આ છે. માનો, ન માનો તમારી જવાબદારી તમારા ઉપર છે. આહા..હા..! કહો, રમેશચંદજી! હવે છોકરાઓ તૈયાર થયા છે કેટલાક જુઓ! આહા..હા..! ભાઈ! તું પહેલો નિર્ણય તો કર, નિર્ધાર તો કર નિર્ધાર. આહા..હા..! આ તો તારા હિતની વાત છે, પ્રભુ! આ કોઈ પક્ષની વાત સ્થાપન એમ નથી આ. ઓહો..હો..! શું આચાર્યોએ કામ કર્યા છે ને.

'**જીવ હેતુ છે...**' એ વ્યવહારનયના પક્ષવાળા, એનો તો નિષેધ કરતા આવ્યા છીએ

કહે છે. પણ '**જીવ હેતુ નથી...**' એવો એક પક્ષ છે, વિકલ્પ ઉઠે છે. આહા..હા..! એ પણ છોડીને એનો જાણનાર જે છે, વિકલ્પને કાળે વિકલ્પને જાણનારો છે એને જો. આવી જવાબદારી છે. આવી બધી સમકિતને માટે શરતું આવી છે. આહા..હા..! પાંચ-પચાસ લાખ પૈસા હોય કરોડ-બે કરોડ. એકલો કામ ન કરી શકે. તો કોઈક માણસને આપે કે પાંચ લાખ તમને આપીએ છીએ. કામ કરજો. એક ટકાનું વ્યાજ. હવે એક ટકાનું પહેલા આઠ આનાનું હતું. આઠ આનાનું વ્યાજ લઈશ હું, પાંચ લાખ તમને આપીશ ધંધો કરજો અને જે પેદાશ થાય એમાં અડધો ભાગ મારો. ઓલું વ્યાજ તો ખરું. આ બધી શરતું છે.

**શ્રોતા :-** મહિને-મહિને..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાછું ત્રીજી વાત થઈ એ પણ કહી દીધી. મહિને-મહિને ચોપડા તપાસવા આવીશ પાછો. પાછા ગોટા ન કરો તમે. હું તો નહિ વેપાર કરું પણ સારો માણસ રાખીને તને પાંચ આપીએ છીએ આઠ આનાના વ્યાજે. આઠ આના વ્યાજ લઈશ હું અને પેદા થાય એમાં અડધો ભાગ અને મહિને-મહિને ચોપડા તપાસવા આવીશ. આ ત્રણ શરતો.

એમ અહીં પરમાત્મા કહે છે એક શરતતો એ છે કે જીવ પરનું કારણ નથી, છે એ વાતનો તો અમે નિષેધ કરતા આવીએ છીએ. બીજી વાત કે કારણ નથી એવો જે વિકલ્પ છે એને અમે નિષેધ કરીએ છીએ. આહા..હા..! ત્રીજી શરત એ છે કે વિકલ્પરહિત જે આત્મા છે તેનું વેદન કર. આ તારા આત્માના વેપારનો ધંધો આ છે. સમજાય એવું છે. આ તમારા ઘરનો દાખલો જ આપીએ છીએ બધા પૈસાવાળાનો. આહા..હા..!

**શ્રોતા :-** આમાં નફો ચોખ્ખો ક્યાં આવ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નફો આવ્યો ને. રાગરહિત થયો એમાં નફો આવ્યો. રાગરહિત છું એવો જે વિકલ્પ છે એને છોડીને નફો આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પોતાની જે સ્વરૂપ લક્ષ્મી છે એને પહોંચી વળ્યો ત્યારે નફો કર્યો. આવો માર્ગ બહુ ઝીણો.

એ '**ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.**' એ તો જ્ઞાનસ્વરૂપ જ છે. એ વિકલ્પ ભલે તું માન કે કારણ નથી, પણ એવા વિકલ્પને જાણનારો તો વિકલ્પથી ભિન્ન જ રહ્યો છે. વિકલ્પની સાથે એક થયો નથી. એને તું જાણ બસ. આહા..હા..! એ તત્ત્વવેદી કહેવામાં આવે છે. ચૈતન્યજીવસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ તેને વેદનારો છે. વિકલ્પરહિત થઈ જીવના સ્વરૂપને વેદનારો છે. અને જે વિકલ્પસહિત છે એ વિકલ્પ નામ રાગને વેદનારો છે. એ તો સંસાર છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ શરીર રખાય નિરોગી, પાંચ, પચ્ચીસ લાખ, પચાસ કરોડ, બે કરોડ મળ્યા હોય, દીકરા ઠીક હોય, આબરૂ સારી હોય, બહારમાં જરીક પ્રસિદ્ધિ આવી ગઈ હોય, એમાં આ વાત બેસવી એને.. આહા..હા..! એ બધી મોટપને છોડી દે. રાગમાં રેલાઈ ગયો બાપા તું ભાઈ! એ રાગના વિકલ્પમાં ચકદાઈ ગયો તું નાથ. તારું વીતરાગીસ્વરૂપ છે. એ વિકલ્પ

કચરાઈ ગયો છો તું. આહા..હા..!

એને અહીં પરમાત્મા કહે છે, મુનિઓ કહે કે પરમાત્મા બધા એક જ વસ્તુ છે. આહા..હા..! મુનિઓ તો સર્વજ્ઞના કેડાયતો આડતિયા છે. સંતો કેવળીઓના આડતિયા છે. માલ ભગવાનનો છે. એ આડતિયા તરીકે કહે છે. માલ તો આ છે, બાપા! તને રુચે તો લે ભાઈ! સમજાણું કાંઈ? એ કેટલો થયો? ૭૮ થયો.

(उपजाति)

**एकस्य कार्यं न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७९।।**

૭૯. '**શ્લોકાર્થ :— જીવ કાર્ય છે...**' એક જીવનો પક્ષ છે કે વ્યવહારરત્નત્રય રાગ છે ને તેનાથી આત્મા પ્રાપ્ત થાય એવો આત્મા છે. '**જીવ કાર્ય છે...**' રાગનું. સમજાણું કાંઈ? એનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ કહે છે. એમ કે વ્યવહાર જે છે દયા, દાન, વ્રત, તપ આદિ એ રાગનું એ આત્મા કાર્ય છે, એનાથી આત્મા પ્રાપ્ત થાય છે. એવો એક વ્યવહારનયના અજ્ઞાનીઓનો પક્ષ છે. પણ એ વાત તો અમે પહેલેથી નિષેધ કરતા આવ્યા છીએ. હવે અમારે તો એનાથી આગળ લઈ જવું છે.

'**જીવ કાર્ય નથી એવો બીજા નયનો પક્ષ છે;...**' એ રાગનું જીવ કાર્ય જ નથી. જીવ તો સ્વતંત્ર સ્વભાવિક વસ્તુ છે. એને રાગ કરે, શુભભાવ હોય તો આત્મા પ્રાપ્ત થાય એવો તો નથી એ તો અમે પહેલા નિષેધ કરતા આવ્યા છીએ. આહા..હા..! શૈલી તો જુઓ! આનંદનો નાથ ભગવાન એ રાગનું કાર્ય નથી એવો જે વિકલ્પ છે એને પણ છોડી દે કહે છે. રાગનું કાર્ય છે એ વાતને તો છોડી દે પહેલેથી. આહા..હા..!

'**જીવ કાર્ય છે એવો એક નયનો પક્ષ છે...**' એનો તો નિષેધ કરતા આવ્યા છીએ. '**જીવ કાર્ય નથી...**' રાગનું કાર્ય નથી એવો પણ એક વિકલ્પ ઉઠે કે રાગનું કાર્ય નથી. રાગનું કાર્ય નથી. '**એવો બીજા નયનો પક્ષ છે;...**' નિશ્ચયનો પક્ષ છે એ. છે? સામે છે તમારી સામે ચોપડી તો પડી છે. નામા મેળવો ને. દિવાળીના નામા મેળવે છે કે નહિ તમારે ચોપડામાં? ઓલો કહે કે ભાઈ અમારા ચોપડામાં તો પાંચ હજાર નીકળે છે તમારા. ઓલો કહે કે મારા ચોપડામાં દસ હજાર નીકળે છે. જુઓ! પાંચ હજારની ક્યાંક ભૂલ છે. મેળવો નામા. એમ આ મેળવો કહે છે. આહા..હા..! સંતો વારસા મૂકી ગયા છે આ.

ભાઈ! તારે જોઈતું હોય તો માલ આ છે. એ '**જીવ કાર્ય નથી...**' આહા..હા..! એ વ્યવહાર રાગના પણ એ કાર્ય નથી. વાત સાચી છે. પણ એનો વિકલ્પ ઉઠે છે એનો અહીં નિષેધ કરાવ્યો છે. સમજાણું કાંઈ? આવો ધર્મ કઈ જાતનો? એ કરતા તો પૂજા કરો, ભક્તિ

કરો, મંદિર બનાવો, ગજરથ કાઢો, રથયાત્રા કાઢો મોટી.

**શ્રોતા :-** શાસ્ત્ર છપાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શાસ્ત્ર છપાવો એ પણ વિકલ્પ છે. આહા..હા..!

'**જીવ કાર્ય નથી...**' એ તો ભગવાન સ્વયં સિદ્ધ ચૈતન્ય વસ્તુ છે. એને વ્યવહારની અપેક્ષા નથી. કહ્યું છે ને નિયમસારમાં? પરમનિરપેક્ષ રત્નત્રય છે. નિશ્ચયરત્નત્રય પરમનિરપેક્ષે છે. જેને રાગની પણ અપેક્ષા નથી કે રાગ હતો માટે આ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? દુનિયાને બેસે ન બેસે એથી કાંઈ બીજી ચીજ ફરી જાય એવું નથી. ભલે પક્ષ ઘણા હોય, કરોડો-લાખો માનનારા હોય, ખોટું એથી કાંઈ સત્ય થઈ જાય છે એ? સત્યને સંખ્યાની જરૂર નથી, સત્યને સત્યની જરૂર છે. કે ઝાઝા માને તો એ સત્ય કહેવાય અને થોડા માને તો એ સત્ય કહેવાય એવું છે નહિ કાંઈ.

આ સત્ય તો કહે છે હું ભગવાન આત્મા કોઈનું કાર્ય નથી એટલે ઈશ્વરે મને કર્યો એવો તો નથી. આહા..હા..! પણ રાગથી મારું કાર્ય થાય એવો હું નથી. આહા..હા..! '**એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે...**' ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે કહે છે. એમાં આવો છું કે તેવો છું એવા વિકલ્પને અવકાશ ક્યાં છે એમ કહે છે. એ તો જ્ઞાનસ્વરૂપ છે એ વિકલ્પને કાળે પણ તેનો જાણ પોતે જાણનાર છે. વિકલ્પનો એકમેક વસ્તુ નથી. આહા..હા..! નિશ્ચયના પક્ષના વિકલ્પ સાથે પણ એકમેક નથી. આહા..હા..! તે વખતે પણ વિકલ્પને કાળે વિકલ્પને જાણનારો એનાથી જુદો તેને જોને. આહા..હા..! એમ કરીને દૃષ્ટિ અંદરમાં લઈ જાય છે. પર્યાયબુદ્ધિમાં જે વિકલ્પમાં ઊભો છે એ પર્યાયબુદ્ધિ છે. એને અંતરમાં દ્રવ્યબુદ્ધિમાં લઈ જાય છે. ભાઈ! વિકલ્પથી જુદો છે. આહા..હા..!

પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, સ્વચ્છતાનો એ સાગર છે. એને જોને. ત્યાં નજર કરને. તને નિધાન જણાશે. તારી નજરમાં નિધાન આવશે. રાગની નજરમાં તો વિકાર આવશે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું તો કેટલાકે તો જિંદગીમાં સાંભળ્યું પણ ન હોય. જીંદગીમાં. રતનલાલજી! એમ ને એમ ચાલે જાય. અને જે રીતે આ સમયો જાય છે બધા એ મૃત્યુની સમીપ જાય છે. મૃત્યુની સમીપ જાય છે. કારણ કે જે મુદત છે દેહ છૂટવાની એ તો નક્કી જ છે. તે જ કાળે છૂટશે એમાં આઘો-પાછો નહિ થાય. જેટલી મિનિટો-કાળ જાય એ બધું મૃત્યુની સમીપ જાય છે, દેહ છોડવાની સમીપ જાય છે, એને રાગ છોડવાના કાળમાં ન જોડે, અરે.. મૃત્યુ થઈ જશે. દેહ છૂટી જશે ભાઈ! કોઈ સાથે નહિ આવે. તને માનનારા કે આ સાચી વાત છે, વ્યવહારથી નિશ્ચય થાય. આ બધા ..માં રહીને હાથે નહિ આવે ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્ય ૧૪૨ શ્લોકની આ ટીકા છે આ બધી. આત્મખ્યાતિ છે

એ ટીકાનું નામ. આત્મપ્રસિદ્ધિ. આત્મખ્યાતિ એટલે આત્મપ્રસિદ્ધિ. આ ટીકાનું નામ જ એ છે કે વિકલ્પથી રહિત ભગવાન છે એ આત્મખ્યાતિ છે. એ ૭૮ થયું. ૭૯ થયું. ૭૯ થયું ને?

(उपजाति)

एकस्य भावो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८०।।

૮૦. '**જીવ ભાવ છે...**' એ કહે છે કે ભાઈ જીવ અસ્તિભાવ છે, સ્વભાવભાવ છે. એ વાત સાચી. પણ એ નિશ્ચયનયનો એક વિકલ્પ છે. આહા..હા..! ભાવસ્વરૂપ ભગવાન છે. સ્વભાવભાવસ્વરૂપ આત્મા છે. વાત સાચી. પણ એ સ્વભાવભાવ સ્વરૂપ છે એવી જે વિકલ્પવૃત્તિ ઉઠે છે એને અહીં છોડાવે છે. સમજાણું કાંઈ?

હારને જ્યારે લેતા હોય હાર. બે-ચાર-પાંચ લાખનો હાર હોય તો લે ત્યારે તેની કિંમત, એનો ભાવ બધું પૂછે. પણ પછી પહેરવા વખતે એ યાદ કરે? કે આટલા ભાવે લીધું હતું, ઢીકણાભાવે લીધું હતું, પહેરવા વખતે તો એની શોભા જોવે. એમ અહીં કહે છે... આહા..હા..! '**જીવ ભાવરૂપ છે...**' એ વાત બરાબર છે. પણ એ તો વિકલ્પને કાળે એવો ઉઠે છે ભાવ એમાં આત્માની શોભા નથી. એ વિકલ્પને છોડીને ભાવસ્વરૂપ છે તેને વેદવું, જાણવું એનું નામ આત્મા અને આત્મજ્ઞાન છે. તારાચંદજી! આવી વાતું સાંભળી પણ ન હોય ક્યાંય. આહા..હા..! માણસને એવું લાગે છે પછી સોનગઢનું આવું છે, સોનગઢનું આવું છે. બાપુ! સોનગનઢનું આવું છે. બાપુ! સોનગઢનું નથી આ તો ભગવાનનું છે. તમને મળ્યું નથી એટલે એમ લાગે કે આ નવો માર્ગ કાઢ્યો.

**શ્રોતા** :-

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ કહે આ શેઠિયા બહાર ફર્યા હશે તો એવા કહેનારા પણ મળ્યા હોય ને એને. બાપુ! નવો માર્ગ નથી બાપુ ભાઈ! આહા..હા..! માર્ગ તો અનાદિનો આ છે તે આ છે. અનંત કેવળીઓ, અનંત સંતો આ કહી રહ્યા છે, ભાઈ!

'**(જીવ ભાવરૂપ છે) એવો એક નયનો પક્ષ છે...**' આ નિશ્ચયની વાત છે. સ્વભાવભાવ-સ્વભાવભાવ. ચૈતન્ય સ્વભાવભાવ, આનંદસ્વભાવભાવ, શાંતિ સ્વભાવભાવ, ઈશ્વર સ્વભાવભાવ, ભાવવાન આત્માનો આ ભાવ છે આ. એ વાત સાચી છે. પણ એ ગોખવું અંદરમાં વિકલ્પથી કે આવો છું ને તેવો છું એ એક વિકલ્પ અને રાગનો પક્ષ છે. આહા..હા..!

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. વિકલ્પ છે એ તો. એનું ચિંતવન કરવું એ પણ વિકલ્પ છે. માર્ગ તો આવો છે, ભગવાન! બાપુ! તારી શું વાત કરવી? તું કોણ છો? કેવો છો? ક્યાં છો? ભાઈ! એ વાણીમાં ન આવે, વિકલ્પમાં ન જણાય. આહા..હા..! એવી ચીજની આ તો વાત ચાલે છે. આહા..હા..!

પરમાર્થ વચનિકામાં કહ્યું છે કે લોકોને આગમપદ્ધિતિનો વ્યવહાર સુગમ છે એટલે કરે છે લોકો. આગમપદ્ધતિનો આ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ. પણ અધ્યાત્મના વ્યવહારની પણ એને ખબર નથી. અધ્યાત્મનો વ્યવહાર એટલે? શુદ્ધ ચૈતન્યઘનની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એવી જે પર્યાય એ અધ્યાત્મનો વ્યવહાર છે. આહા..હા..! પરમાર્થ વચનિકામાં છે એ. આગમ પદ્ધતિ શાસ્ત્રનો વ્યવહાર છે ને એ કરવો લોકોને સુગમ છે. આ વ્રત કરવા, આ બ્રહ્મચર્ય પાળવું, દાન દેવા, પૂજા કરવી, મંદિરો બનાવવા, એવા ભાવ એને સુગમ છે, સહેલા છે. અનાદિથી કરી રહ્યો છે. પણ અધ્યાત્મનો વ્યવહાર પણ એને ખબર નથી. અધ્યાત્મનો વ્યવહાર એટલે? કે હું ભાવસ્વરૂપ છું એવો જે વિકલ્પ છે એ અધ્યાત્મનો વ્યવહાર નથી. આહા..હા..! આવી વાતું છે. અરે.. પરમાત્મા આમ કહી રહ્યા છે, બાપુ! એની પેઢીએ બેસીને બીજી વાતું કરવી. સમજાણું કાંઈ?

સત્યનો અનાદર થાય છે, ભાઈ! તને અશાતના થાય છે, તારી તને હોં. આહા..હા..! બહારમાં તો લોકો ખુશી થશે. આહા..હા..! કેવા વ્રત પાળે છે! કેવી તપસ્યાઓ કરે છે! કેવી નગ્નદશા! કેવા દ્રવ્યલિંગ ધારણ કર્યા છે એને! આહા..હા..! બાપુ એવું તો અનંતવાર કર્યું છે ભાઈ! એ કાંઈ મૂળચીજ નથી. આહા..હા..!

**'જીવ ભાવરૂપ છે...'** અસ્તિ છે, વસ્તુ છે, અરૂપી સ્વભાવભાવ પણ પદાર્થ છે. જેમ રજકણોરૂપી પદાર્થ છે, રૂપી-મૂર્ત આ વસ્તુ એમાં છે અરૂપી ભલે, એમાં વર્ણ, રસ, ગંધ છે નહિ છતાં એ વસ્તુ છે. અરૂપી પણ એ પદાર્થ છે. સ્વભાવભાવ છે. એ છે વાત સાચી પણ એનો વિકલ્પ કરવો કે હું આવો છું એ નિશ્ચયનયનો પક્ષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ મુંબઈમાં કુંબઈમાં આવું કાંઈ મળે એવું નથી ત્યાં. પૈસા મળે ત્યાં હીરાના. પૈસા પણ ક્યાં મળે છે એને. એની પાસે મમતા મળે છે. આ પૈસા મારા એવી મમતા. પૈસા ધૂળ છે અને જુદા રહે છે ત્યાં ક્યાં આવે છે અહીં? એ મને મળ્યા એવી મમતા એને મળે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અમેરિકામાં તો આવું ક્યાં છે કાંઈ. ઘણું રહી આવ્યા તમે દિકરા પાસે. અમેરિકામાં.

**શ્રોતા :-** નામ જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં ત્યાં હતું બાપા ત્યાં ક્યાં હતું? આહા..હા..! અરે.. આ હિન્દુસ્તાન આર્યક્ષેત્ર એ સૌરાષ્ટ્ર, ગુજરાત આદિ ત્યાં પણ આ વાત મોંઘી થઈ ગઈ બાપુ! અનાર્યદેશમાં તો છે જ ક્યાં? એ શબ્દ સાંભળવાને પણ ક્યાં મળે છે ત્યાં. આહા..હા..!

**'જીવ ભાવ છે એવો એક નયનો પક્ષ છે અને જીવ ભાવ નથી...'** પરથી અભાવસ્વરૂપ છે ને? સ્વથી ભાવસ્વરૂપ છે. ભગવાન આત્મા સ્વથી ભાવસ્વરૂપ છે, પણ પરથી તો અભાવસ્વરૂપ છે. આ આંગળી સ્વથી છે, પણ આ આંગળીથી તે અભાવ છે. આ આમાં નથી. એમ ભગવાન આત્માનો સ્વભાવભાવ છે એ પોતાથી છે અને પરથી રાગાદિથી તો એ અભાવસ્વરૂપ છે. ભગવાન આત્મા દયા, દાન, વ્રતનો વિકલ્પ જે છે એનાથી પણ એ તો અભાવસ્વરૂપ છે. આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે.. ભાગ્ય હોય એને તો મળે એવું છે કાને પડે એને. દેવીલાલજી! એવી વાત છે, બાપુ! આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભાવ સ્વરૂપ છે. પરથી સ્વભાવસ્વરૂપ છે.

રાગ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ હોય, શરીરથી માંડીને બધી ચીજથી તો અભાવસ્વરૂપ છે, સ્વથી છે અને પરથી નથી. આહા..હા..! પણ પરથી નથી એવો જે વિકલ્પ છે એ તો અમે છોડતા આવ્યા છીએ એમ કહે છે. પણ આ તો સ્વથી છે એવો જે વિકલ્પ છે તેને હવે છોડ તું. શ્રદ્ધા તો નક્કી કર, શ્રદ્ધામાં તો એ વિકલ્પ છોડવા જેવો છે. એનાથી લાભ થાય એવું નથી. આહા..હા..! શ્રદ્ધાના વીર્યમાં જોડ તો ખરી તું. સમજાય છે કાંઈ? દુનિયા માને ન માને, દુનિયા રાજી થાય, ન થાય એની સાથે કાંઈ સંબંધ છે નહિ, અને દુનિયા રાજી થઈને કરોડો રૂપિયા ખર્ચે. ઓહો..હો..! આ માર્ગની પ્રભાવના આપણે કરીએ. તો એથી આ ધર્મ શોભે. એની સાથે કાંઈ સંબંધ છે નહિ. આહા..હા..! છે?

**'જીવ ભાવ નથી...'** એટલે અભાવસ્વરૂપ છે. **'એવા બીજા નયનો પક્ષ છે;...'** એટલે વ્યવહારનયનો પક્ષ છે એ. એનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ. પણ ભાવસ્વરૂપ છે, અસ્તિસ્વરૂપ છે, ચૈતપદાર્થ છે, તત્ત્વ છે, અસ્તિ છે, મહાપ્રભુ છે એવા ભાવ, ભાવ તો એવો જ છે, એમાં અંતર ન જતાં, એને વિકલ્પથી એને એવું ગોખવું કે આવો છે... આવો છે... એ કહે છે, ભાઈ!

**શ્રોતા :-**...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનાથી .. ન થાય એમ કહે છે. આહા..હા..!

**'આમ ચિત્સ્વરૂપ જીવ વિષે...'** ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે કહે છે. એમાં ભાવસ્વરૂપ છું કે નથી એવો વિકલ્પ છે જ ક્યાં એમાં? આહા..હા..! એવા વિકલ્પથી એકમેક થયો છે કે દિ'? ત્રણ કાળ ત્રણ લોકમાં એ વિકલ્પથી તન્મય અને એકરૂપ નથી. આહા..હા..! એવો **'ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી...'** પણ એ પક્ષપાતના વિકલ્પને છોડીને ચૈતન્યનો જાણનાર **'च्युतपक्षपात:'** વિકલ્પથી ભ્રષ્ટ થઈ ગયો

છે એ, વિકલ્પથી ચ્યુત થઈ ગયો છે. આહા..હા..! 'તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.' એ જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપ જ વેદાય છે, જણાય છે. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ-૧૫, ગુરુવાર, તા. ૦૭-૧૦-૧૯૭૬, કળશ-૮૧ થી ૮૫, પ્રવચન નં. ૧૯૪

(उपजाति)

एकस्य चैको न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८१।।

સમજાય છે કાંઈ? 'જીવ એક નથી એવો બીજા નયનો પક્ષ છે;...' અનંતગુણ છે ને એના? અનેક છે. અહીં તો વિકલ્પનો પક્ષ લેવાની વાત છે. બાકી ૪૭ શક્તિમાં તો એ લીધું છે એક છે એવો પણ ગુણ છે, અનેક એવો પણ એનો ગુણ છે. શક્તિ. ભાઈ ૪૭ શક્તિમાં. એક છે એવો પણ એનો સ્વભાવ છે અનેક છે એવો પણ એનો સ્વભાવ છે. એ તો એક સ્વભાવ છે એનું વર્ણન કર્યું છે.

અહીં તો એમ કહે છે કે એક છે એવો જો પક્ષ વિકલ્પ ઉઠાવે તો એ નિશ્ચયનયના પક્ષમાં છે એ વસ્તુમાં નથી. આવી વાતું બધી. અને બીજી રીતે હે હું અનેક છું એ અનેક સ્વરૂપ છે એની શક્તિ, પણ અનેક છું એ વ્યવહાર છે, ભેદ પાડ્યો એણે. સમજાણું કાંઈ? આવી વાતું ભારે ઝીણી. હું અનેક છું એવો જે વિકલ્પ એ તો વ્યવહારનો પક્ષ છે. એને તો અમે છોડાવતા જ આવ્યા છીએ કહે છે. આહા..હા..! ભારે વાતું. એકકોર એક ને એને ગુણ કહેવાય, શક્તિ છે. પણ એક છે ને એક શક્તિ છે ને એ? એક નામની એક શક્તિ, અનેક નામની એક શક્તિ. એથી આમાં અનંતગુણરૂપ જે વસ્તુ એકરૂપ છે ત્રિકાળ એ એકરૂપ છે ખરી, પણ એકરૂપ છું એવી વૃત્તિ વિકલ્પ ઉઠાવવો રાગ, એને નિશ્ચયનયનો પક્ષ કહેવામાં આવે છે. અને હું અનેક છું, વસ્તુ શક્તિએ અનેક છે, અનેક એનો ગુણ પણ છે. આહા..હા..! આવી વાતું. છતાં અનેક છું એવો ભેદ પાડ્યો છે અહીં વ્યવહારવિકલ્પથી, એનો તો અમે

નિષેધ કરતા આવ્યા છીએ.

પણ વસ્તુ ભગવાન અનંતગુણનું ધામ એક છું એવી જે વિકલ્પવૃત્તિઓ એ દુઃખરૂપ છે. એ બંધનું કારણ છે. આહા..હા..! આવી વાત. એ છોડવા જેવું છે એમ કહે છે. એક વસ્તુ છે ભગવાન અનંતગુણનું રૂપ છે. એમાં એકગુણ એવો છે કે એકરૂપ છે એવો પણ એનો ગુણ છે, પણ એ એકગુણ છે. અને આત્મા અનેક છે, અનેક એટલે અનંતગુણ અને અનંતી પર્યાય છે ને? એ અપેક્ષાએ અનેકપણ એનો ગુણ છે એક, પણ એક ગુણ છે. સમજાય છે કાંઈ? તારાચંદજી! ઝીણી વાતું બહુ બાપુ! અત્યારે ચાલતા આ કરવા સમજવું કઠણ ભારે કઠણ જગતને. આહા..હા..!

એકકોર કહે કે વસ્તુ જે છે એ અનંતગુણનું ધામ એકરૂપ, રાગ વિનાની હોં. વિકલ્પ અને રાગ વિનાની ચીજ છે એ તો, જ્ઞાયકસૂર્ય છે એ ચૈતન્યસૂર્ય છે. એ સ્વને-પરને પ્રકાશના સ્વભાવવાળું તત્ત્વ છે અને તે એકરૂપ છે એમાં ભેદ નથી. એવો પણ એક ગુણ છે એનો, પણ એ એક ગુણ છે, અને અહીંયાં આખાને એકરૂપ કહેવું છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આવી વાતું છે. હું એકરૂપ છું, આખી ચીજ છે એને હું એકરૂપ છું એવો વિકલ્પ ઉઠે છે રાગ એ નિશ્ચયનયનો પક્ષ છે. એનો અહીંયાં નિષેધ કરીએ છીએ. આત્મા અનેક છે એવી શક્તિ છે, એ ગુણ છે, એનો સ્વભાવ છે. આહા..હા..! અને એ એકગુણ છે. અને આને એમ કહેવું કે અનેકગુણવાળો એ અનેક છે, એવો જે વિકલ્પ ઉઠાવવો. આહા..હા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ ઝીણો પડે. ભાઈ! તારા જન્મ-મરણના રહિત થવાના પંથ કોઈ અલૌકિક છે ભાઈ! દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. કેમકે સંસારથી રહિત થવું છે, એવો જે અભિપ્રાય અને સંસારના અભિપ્રાયવાળા સાથે મેળ કેમ ખાય? આહા..હા..! એ અનેક છે. ભાષા લીધી છે જ્ઞાનસ્વરૂપ. એની મુખ્યતાથી. એ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપ્રકાશનો પિંડ છે.

જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. એટલે? શાસ્ત્રનું જ્ઞાન એ અહીં જ્ઞાન નહિ. એનો જ્ઞાનસ્વભાવ જ જેમ સાકરનો મીઠો સ્વભાવ છે, અફીણનો કડવો સ્વભાવ છે, એમ ભગવાન આત્માનો એકલો જ્ઞાન જ સ્વભાવ છે. ચિત્સ્વભાવ છે. જ્ઞાનસ્વભાવ છે. એમાં બે ભેદના પક્ષો છોડવા જેવા છે. આહા..હા..! હું એક છું એવો જે વિકલ્પ પણ જ્યાં લાભદાયક નથી. આહા..હા..! ત્યાં એને વ્યવહાર, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, એનાથી નિશ્ચય થાય, ભગવાન! એ બહુ વિરોધ છે, ભાઈ! તને ન બેસે, કઠણ પડે પણ માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જિનવરદેવ ત્રિલોકનાથ જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક અનંતકેવળીઓ પણ જાણ્યા જેણે. એવી પર્યાયમાં વિકાસશક્તિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ એ શક્તિરૂપે સર્વજ્ઞ હતું એનું સ્વરૂપ જ ભગવાન આત્માનું સર્વજ્ઞ શક્તિ અને સર્વજ્ઞના સામર્થ્યવાળું જ એ તત્ત્વ છે. આહા..હા..! એને જેણે અંતરના ધ્યાન દ્વારા શક્તિની સ્ફુરણતાના સામર્થ્યમાંથી, પર્યાયમાં પણ સામર્થ્ય

જેણે પ્રગટ કર્યું, એવા જે જિનવરદેવ પરમેશ્વર એની વાણીમાં આ આવ્યું. સમજાણું કાંઈ? અરેરે..! ભરતક્ષેત્રમાં આપણે સમવસરણમાં નથી આવ્યું . મૂક્યું ને. અરેરે.. શું? સીમંધર નાથના વિરહ પડ્યા જગતમાં. સાક્ષાત્ બિરાજે છે, પ્રભુ! ઈન્દ્રો, ગણધરોની હાજરીમાં સમવસરણમાં દિવ્યધ્વનિ છૂટે છે, વર્તમાન બિરાજે છે. સમવસરણમાં આપણે સ્તુતિ આવે છે ને. એમાં આવ્યું છે. 'અરેરે સીમંધરનાથના વિરહા પડ્યા ભરતમાં...' એ તો વિરહ પરદ્રવ્યની અપેક્ષાએ વાત છે. પણ અહીંયાં એક છું એવા વિકલ્પમાં પણ સીમંધર, સીમ-મર્યાદાનો ધરનાર અનંતગુણનો નાથ, એનો વિરહ પડ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? બહારની વાતું તો ક્યાંય રહી ગઈ. આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બહારની છે ક્યાં પણ એ એમાં છે ક્યાં એવું. લોકાલોક છે એમાં જીવ ક્યાં છે? જીવ તો લોકાલોકનો જાણનાર તદ્દન જુદો છે. આહા..હા..! એ તો કહ્યું નહોતું સવારમાં. .. હતું કે નહિ? આ દેહ છે એની સાથે જે આ ભગવાન આત્મા એકમેક હોય તો તો આત્મા નિત્ય છે અને આનું પણ નિત્ય રહેવું, આનું પણ મરણ થાય નહિ. આહા..હા..! ભગવાન તો વજ્રમયમૂર્તિ ચૈતન્ય નિત્યાનંદ ભગવાન બિરાજે છે. એ નિત્યાનંદ પ્રભુ શરીરમાં જો એકરૂપ થાય તો આ તો નિત્ય થઈ જાય. તો જેમ નિત્યજ્ઞાનાનંદ સ્વભાવનો અભાવ ન થાય એમ આ શરીરનો પણ અભાવ ન થાય તો જો એકરૂપ થઈ જાય તો. આહા..હા..!

અથવા લોકાલોક આત્મા સિવાય વિકલ્પથી દયા, દાન, વ્રતના વિકલ્પથી માંડીને સારું જગત જેમાં અનંતા કેવળીઓ આવે જગતમાં. અનંતા તીર્થંકરો એટલે સંખ્યા.. તીર્થંકર, લાખો કેવળીઓ, અનંતા તીર્થંકરો, એવા લોકાલોકને જગતના જો આત્મા એકમેક હોય તો તો જગત દેખાય તેમ આત્મા દેખાવો જોઈએ. સમજાય છે કાંઈ? આ બધી ચીજની સાથે ભગવાન આત્મા એકમેક હોય, તન્મય હોય, તો તો આ ચીજ દેખાય છે એમ એ પણ દેખાવી જોઈએ. આહા..હા..! આવો માર્ગ ભારે! ..મલજી! ભગવાન તો વિકલ્પથી માંડીને આખું જગત કેવળજ્ઞાની આદિ પરમાત્માથી પણ ભગવાન તો જુદો છે આ. સમજાય છે કાંઈ? એને જુદા તરીકે એક છું એવો વિકલ્પ ઉઠાવવો એમાં પ્રભુનો વિરહ પડી જાય છે. દૂર રહી જાય છે આત્મા. સમજાણું કાંઈ? ભાઈ જગતને બેસે, ન બેસે એથી વસ્તુ બીજી ક્યાં થાય? લોકો આમ .. મૂકીને વ્યવહારથી, આનાથી આ થાય, વ્યવહાર કરતા થાય. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે એવું શાસ્ત્રમાં આવે. એ તો સાધન નિમિત્ત તરીકેનું જ્ઞાન કરાવ્યું. આહા..હા..! એક ગુણ છે ખરો. આત્મામાં એકપણાનો ગુણ જેમ જ્ઞાનગુણ છે એમ એકપણાનો ગુણ અનાદિ અનંત આત્મામાં છે. છતાં આખી ચીજ તે હું એક છું એવો જે વિકલ્પ ઉઠાવવો. આહા..હા..! એમાં પણ ભગવાનનો વિરહ પડી જાય છે. આત્મા એમાં દૂર રહી જાય છે.

આહા..હા..! સમજાણું કાંઈ?

અને અનેક છું. આચાર્યે ગજબ કામ કર્યા છે ને. પોતે આગળ કહે છે કે અનેક એનો ગુણ છે. પણ એ તો એક ગુણ છે એને ઠેકાણે એકરૂપમાં અનેક ભેદ પાડીને અનેક છું એવો જે વિકલ્પ ઉઠાવવો, એને પણ અહીંયાં વ્યવહારનયનો પક્ષ કહે છે. એ વ્યવહારનયના પક્ષનો તો પ્રથમથી નિષેધ કરતા આવ્યા છીએ, પણ હું એક છું એવો જે વિકલ્પ એ પણ છોડવા જેવો છે. આહા..હા..! પોપટભાઈ! આવી વાતું છે. એ હું એક છું એવા વિકલ્પમાં પકડાઈ ગયો છે પોપટ. એથી ઊડી શકતો નથી. નીકળી શકતો નથી એમાં. આહા..હા..! બીજી તો ક્યાં વાત કરવી? શરીર મારું, આ બાયડી મારી, છોકરા મારા, ગામ મારું, ક્ષેત્ર મારું, પૈસા મારા અરે.. પ્રભુ એ તો ક્યાંય ચીજ રહી ગઈને પ્રભુ! એ તો તારામાં ત્રણેય કાળમાં અભાવસ્વરૂપ છે ને. એ બધી ચીજોનો તો તારામાં અભાવસ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ વાત આવી ગઈ. ભાવ અને અભાવની. એમાં છે. જીવભાવ સ્વરૂપ છે, છે તો ભાવસ્વરૂપ જ. અનંત અંશ, ક્ષેત્ર નાનું છે એમ ન જુઓ. એ જોનારનો વિષય કેટલો છે? અનંત. એ અનંતને જાણવાની પર્યાય કેટલી છે? અનંત. એવી અનંત પર્યાયનો પિંડ તે ગુણ અને અનંતગુણનો પિંડ તે દ્રવ્ય. આહા..હા..! એને પણ કહે છે કે ભાવરૂપ છું એમ વિકલ્પ ઉઠાવવો એ નિશ્ચયનયનો પક્ષ છે. પક્ષમાં ઊભો છે. અંદરમાં જતો નથી. આહા..હા..! એ આ એક અને અનેકનું થયું.

'**બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી...**' એનો અર્થ શું કહ્યો? જે ચિત્સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ ભગવાન તત્ત્વ છે એનો વેદી એટલે કે વિકલ્પના પક્ષને છોડી દઈને ચૈતન્ય ભગવાન આનંદનો નાથ પ્રભુ એવું જે તત્ત્વ તેનો વેદનારો... આહા..હા..! એ '**પક્ષપાતરહિત છે...**' '**च्युतपक्षपातः**' આહા..હા..! હું એક છું, અનેક છું ના પક્ષની પાંખુ જેણે તોડી નાખી છે. આહા..હા..! જેમ પંખીને પાંખ તૂટતા પંખી ત્યાને ત્યાં રહે એમ જેણે એક ને અનેકની વૃત્તિઓ જેને તુટી છે એ સ્વરૂપમાં છે ત્યાં રહે. આવો ઉપદેશ અને આ વાત. માર્ગ એવો બાપુ જિનવરદેવનો. આહા..હા..! સમજાય છે કાંઈ?

એ '**તત્ત્વવેદી પક્ષપાતરહિત છે...**' એ બે વિકલ્પની પાંખુ જેણે તોડી નાખી છે. આહા..હા..! અને એ ચૈતન્ય તત્ત્વ જે વસ્તુ, વસ્તુતત્ત્વ છે એના એ વેદનારો છે, જાણનારો છે, અનુભવનારો છે. એને તો જ્ઞાનસ્વરૂપ તે ચિત્સ્વરૂપ તે ચિત્સ્વરૂપ જ છે. હું એક છું કે અનેક છું એવો એમાં વિકલ્પ છે નહિ. આહા..હા..! આવી વાતું ભાઈ! આહા..હા..! અમે અનેક દિકરાવાળા છીએ, અનેક પૈસાવાળા છીએ, અનેક મકાનવાળા છીએ, અનેક આબરૂવાળા છીએ, એ તો ક્યાંય ગયું. એ તો ધૂળેય નથી. એ તો મફતનો ભ્રમણા ભ્રમ ગરી ગયો તને. એ તો છે જ નહિ. પણ અનંતગુણનો પિંડ એ અનેક છે, અનેક છે, અનેક સ્વભાવ છે, પણ અનેક છે એવો જે ભેદ ઉઠાવવો. આહા..હા..! એનાથી તત્ત્વવેદી ભિન્ન

છે. જે બે પાંખી એ પક્ષની બે પાંખ જેણે તોડી નાખી છે એવો ચૈતન્ય ભગવાન આત્મા સમ્યગ્દર્શનમાં અંદર એકાગ્ર થતાં એ તત્ત્વનો વેદનાર છે, વિકલ્પનો વેદનાર એ છે નહિ. આહા..હા..! આવું સત્યસ્વરૂપ લોકોને બહાર આવતા ઓલા વ્યવહારના પક્ષકારને દુઃખ લાગે છે, ભાઈ! દુઃખ લાગે બાપુ પણ વસ્તુ એવી છે ખોટી. આહા..હા..!

જેને ત્યાં ઓલા રાગને કોઈપણ રીતે મોક્ષના સાધન તરીકે સિદ્ધ કરવું. આહા..હા..! સમજાણું કાંઈ? એમ છે નહિ. એ ૮૧ થયું. ૮૧ શ્લોક થયો.

(उपजाति)

एकस्य सान्तो न तथा परस्य<br>
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।<br>
यस्तत्त्ववेदी च्युतपक्षपात-<br>
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८२।।

૮૨. '**શ્લોકાર્થ :—જીવ સાંત (-અંત સહિત) છે...**' એક જીવની એવી કલ્પના છે કે આ તો સાંત છે એક સમયની દશા જેટલો અંતવાળો અંત આવી ગયો છે. એક સમયની અવસ્થા એક સમયપૂરતો છે. એ વ્યવહારનયનો પક્ષ અજ્ઞાનીનો છે. સમજાણું કાંઈ? અંતસહિત એટલે કે આ અવસ્થા છે એનો અંત આવી જાય છે. એટલો જ આત્મા છે. એવો વ્યવહારનયના... આ બૌદ્ધમત આદિ માનનારા છે ને એ ક્ષણ નહિ માને, એ ત્રિકાળી છે એ માને નહિ. એમ અજ્ઞાની પણ એક વસ્તુ ત્રિકાળીને પર્યાયબુદ્ધિમાં એક સમયની દશા દેખીને તે અંતવાળી છે એમ વ્યવહારનયના પક્ષનો વિકલ્પ છે એનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ. એમ કહે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવો એક નયનો પક્ષ છે અને જીવ સાંત નથી...**' એ તો અનાદિઅનંત છે. એ અંત શેના? આહા..હા..! છે... છે... છે... છે... ધ્રુવ છે... છે... છે... છે... એનો અંત છે નહિ. સમજાય છે કાંઈ? ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... પ્રવાહ. ધ્રુવનો પ્રવાહ એમ ને એમ ધ્રુવ અનાદિ છે, એમ ને એમ ધ્રુવ અનંતકાળ છે. એ વાત સાચી છે. પણ જીવ સાંત નથી અનંત છે એવો એક વિકલ્પ ઉઠાવવો... આહા..હા..! એના આંગણામાં ઊભા રહીને આવો છે એમ વિકલ્પ ઉઠાવવો એ અંદરમાં પ્રવેશમાં વિઘ્ન કરનાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઝવેરીની દુકાને આંગણે ઊભા ઊભા આ ઝવેરી છે, આ કરોડો રૂપિયાનું ઝવેર છે એ કાંઈ અંદર પ્રવેશ નહિ કરી શકે ત્યાં ને ત્યાં ઊભો રહેશે તો. એમ અનંત આનંદનું ધામ ભગવાન એમાં અનંતી શાંતિ અનાદિ અનંત પડી છે. જેનો અંત શો? છે એનો અંત શો છે એની શરૂઆત શી? આહા..હા..! ભગવાન આત્મા છે એની શરૂઆત શી? છે એનો અંત શો? આહા..હા..! એવો એક નિશ્ચયનયનો પક્ષ વિકલ્પ છે કહે છે. આહા..હા..! છે તો એ બરાબર છે. સમજાણું કાંઈ? કાંતિભાઈ! આવી વાતું છે. મુંબઈમાં તો બધો તમારે

હોળી જાગતી હોય ઝવેરાતની. આ ઝવેરાત આમ પડ્યું, આનું આ લીધું, આ દસ હજાર પેદા થયા, પચાસ હજાર પેદા થયા. ધૂળને... આહા..હા..! સ્મશાનના દિવા છે એ બધા.

આ મરતા ઓલો લાડવો નથી ચડાવતા? મરી ગયા પછી ચડાવે છે ને લાડવો? આહા..હા..! છે તમારે હિન્દુસ્તાનમાં નહિ? મરી ગયા પછી સ્મશાનમાં લાડવો ચડે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવું કાંઈક કહે છે ભાઈ. અમારે અહીં એમ કહે છે. અમુક દિવસ પછી ત્યાં ઘડો એક મૂકે, એનો લાડવો મૂકે.

**શ્રોતા :-** ... ખાવા માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં ખાય? ક્યાંય મરીને બિચારો વયો ગયો? અરે.. ક્યાંય ન મળે. એવું પાછું સાંભળ્યું હતું. એ પાછા આમ બે પગ રાખીને આમ કાઢે લાડવો. એવું કાંઈક સાંભળ્યું હતું. આપણે કાંઈ જોયું નથી. કોઈ દિ' સ્મશાનમાં ગયા નથી. કોઈ અહીંયાં મરી ગયું અને આભડવા આપણે ગયા નથી. જિંદગીમાં. પણ એમ કહે છે કોક એ લાડવો મૂકેને પછી બે પગ વચ્ચે હાથ આમ નાખે. એમ કાંઈક કહે છે. આહા..હા..!

અહીં તો ત્રણલોકનો નાથ પ્રભુ અંત વિનાની સ્થિત અનંત... અનંત... અનંત.. એનું. પર્યાય જેટલો એ નથી. એ તો ધ્રુવ અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... મોજુદ ચીજ જે છે એ તો મોજુદ... મોજુદ... મોજુદ... મોજુદ... મોજુદ.. એમ અનંતકાળ છે. એવો હોવા છતાં હું સાંત નથી. અનંત છું એવો એક વિકલ્પ છે એનો અહીં નિષેધ કરાવ્યો છે. આહા..હા..!

**'એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ...'** ભગવાન તો એ નિશ્ચયનો વિકલ્પ છે એ સ્વરૂપ જ નથી એનું એમ કહે છે. હું અંત વિનાનો છું એવો જે વિકલ્પ ઉઠ્યો એ પણ એનું સ્વરૂપ નથી. અને એ વિકલ્પમાં ચિતસ્વરૂપ એકસ્વરૂપ થયો જ નથી. એણે માન્યો હોય ભલે. માને ગમે તે રીતે. આહા..હા..! **'આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના પક્ષપાત છે. જે તત્ત્વવેદી...'** એટલે કે તત્ત્વ જે ચિત્સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એને આ વિકલ્પથી છૂટીને તત્ત્વનો વેદનાર, અનુભવનાર ભગવાન આનંદસ્વરૂપ આત્મા બાળ-ગોપાળમાં પરમાત્મા બિરાજે છે પૂર્ણ. અનંતા પરમાત્મા બધા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો પરમાત્મા તેને વિકલ્પથી રહિત કરી અને તત્ત્વને વેદે એટલે કે આત્માને અનુભવે એ ચિત્સ્વરૂપને અનુભવે છે. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..! આવું સહેલુંસટ કરીને બધું કાઢી જિંદગી તમે બધી. મોઢા આગળ જઈને આ કરો ને આ કરો ને આ પૂજા ભક્તિ આદિ. એમ કરતા થઈ જશે. એ સાંભળ્યું હતું કે નહિ? આહા..હા..!

**'તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.'** એ વિકલ્પ જ જ્યાં નથી. આહા..હા..! કેમકે વિકલ્પ વખતે પણ વિકલ્પનું જ્ઞાન કરનારો ચૈતન્ય વિકલ્પથી ભિન્ન છે.

આહા..હા..! સમજાણું કાંઈ? ભીંત ઉપર જે સફેદ ધોળ લગાવે એ ભીંતથી સફેદ ધોળ ભિન્ન છે. એમ જગતની ચીજોને જાણનારો જ્ઞાન, જગતથી તદ્દન જુદો અંદર છે. એ વિકલ્પમાં અને જગતમાં એકમેક થયેલો છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? **'જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.'** એ ૮૨ થઈ ૮૨. શ્લોકો બહુ ઊંચા આવ્યા છે આ. ભાઈ તો ગયા. રતનલાલજી.

(उपजाति)

एकस्य नित्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८३।।

**'જીવ નિત્ય છે એવો એક નયનો પક્ષ છે...'** છે? ૮૩ શ્લોક ૮૩. ૮૦ ને ૩. **'જીવ નિત્ય છે...'** ત્રિકાળ છે... ત્રિકાળ છે... એ ત્રિકાળ છે એ બરાબર છે, પણ નિત્ય છે એવી વૃત્તિ ઉઠાવવી વિકલ્પ, એ નિશ્ચયનયનો પક્ષ છે, એ પક્ષને તોડી નાખીને નિત્ય પ્રાપ્ત થાય છે. એ નિશ્ચયનયના વિકલ્પના પક્ષની પાંખ. આહા..હા..! **'નિત્ય છે એવો એક નયનો પક્ષ છે અને જીવ નિત્ય નથી એવો બીજો નયનો પક્ષ છે;...'** ક્ષણિક છે, નિત્ય નથી, એ નિત્ય નથી એ તો વ્યવહારનયનો પક્ષ છે. નિત્ય નથી એ તો વર્તમાન ક્ષણિકદશાના પક્ષવાળો વિકલ્પ છે. એ તો છોડાવતા આવ્યા છીએ કહે છે.

પણ અહીંયાં તો ભગવાન નિત્ય છે, એવું જે અંદર ચિંતવને, ગોખણ ને રટણ. આહા..હા..! એ પણ વિકલ્પ ચિંતવન દુઃખદાયક છે. કહો, દેવીલાલજી! આહા..હા..! હું નિત્ય છું, ત્રિકાળ છું, ધ્રુવ છું, છે તો એવો. પણ એનો વિકલ્પ છે, રાગ કરવો એનામાં ન જતાં એનાથી બહારનો વિકલ્પ ઉઠાવવો.. આહા..હા..! નિત્યમાં ન જતાં નિત્યનું વેદન કરવું જોઈએ પર્યાયમાં. એ પર્યાયમાં વેદન થવું નિર્વિકલ્પ એ ધર્મ છે. એને છોડીને વિકલ્પમાં ઊભા રહેવું. આહા..હા..! ગજબ વાત છે. એ કહે છે કે અધર્મ છે. આવી વાત છે. મીઠી ભાષાથી કહે છે. લોકોને આકરું લાગે. આહા..હા..! વ્યવહારને વિષ્ટા કહે છે ત્યાં આકરું લાગે. વ્યવહારને તો ઝેર કહ્યું છે. કે હું નિત્ય છું કે નિત્ય નથી એવો વિકલ્પ છે એ ઝેર છે.

અમૃતનો સાગર ભગવાન એમાં આ વિકલ્પ ઉઠાવવો એ અમૃતસાગરથી વિરૂદ્ધભાવ છે. બહુ આકરું કામ ભાઈ! ભાઈ આ તો અનંત જન્મ-મરણરહિત થવાની વાતું છે, બાપા! અને જેના ફળ 'સાદિ અનંત અનંત સમાધિ...' શરૂઆત મોક્ષનો થાય તે અનંતકાળ રહે, ભૂતકાળ કરતા અનંતગુણો રહે. આહા..હા..! અનંતગુણો કાળ રહે. ભાવ તો ભલે અનંત રહે. એવા બે પક્ષપાત છે.

**'तत्त्ववेदी च्युतपक्षपात:'** અંતરમાં જઈને અનુભવ કરનાર આત્મા એ બે પક્ષથી ચ્યુત

નામ ભ્રષ્ટ થઈ ગયો છે અને વિકલ્પમાં છે એ સ્વરૂપથી ભ્રષ્ટ છે, સ્વરૂપથી ચ્યુત છે. વિકલ્પમાં જે ઊભો છે કે હું આવો અને તેવો એ એક સ્વરૂપથી ચ્યુત છે અને સ્વરૂપમાં જાય છે તે વિકલ્પથી ચ્યુત છે. આહા..હા..! અરે.. એનું જ્ઞાન તો કરે, એ શું ચીજ છે? સમજાણું કાંઈ?

**'જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂ જ છે.'** આહા..હા..! કેટલું સમાડ્યું છે થોડામાં! ભગવાન તો જ્ઞાનસ્વરૂપ જ છે. તે જ્ઞાનસ્વરૂપ છે એમ કહેતા એ જાણનાર જ છે. આ વિકલ્પ છે તેનો એ જાણનાર છે. વિકલ્પમાં એ આવતો નથી. સમજાણું કાંઈ? વિકલ્પ છે એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે કે એમાં જ્ઞાનના અંશનો અભાવ છે, એ વિકલ્પ છે તે અંધકાર છે, ભગવાન અંધકારથી ભિન્ન છે, એવા તત્ત્વને વેદનારો વિકલ્પથી ભ્રષ્ટ છે. આહા..હા..!

લોકો એમ કહે કે આબાળ-ગોપાળ બિચારા સાધારણ હોય છે. પાપમાં પડ્યા એને આવી વાતું! બાપુ! એ વાતું બીજી તો અનંતવાર સાંભળી છે. એમ કે એને પાપ છોડાવીને પુણ્યમાં તો લાવો. એમ કહે છે. બાપુ એ તો અનંતવાર ગાળ્યા ભાઈ તને ખબર નથી. નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે તારા શુભભાવ નગ્નમુનિ, દિગંબરમુનિ હજારો રાણીનો ત્યાગ બબ્બે મહિનાના સંથારા, છ-છ મહિનાના અપવાસ, છ-છ મહિનાના અપવાસ, પણ એ વિકલ્પ છે એમાં એ રોકાઈ ગયેલો છે. સમજાણું કાંઈ? એનાથી એને આત્મજ્ઞાન ન પ્રાપ્ત થયું.

શુક્લલેશ્યા. શુક્લલેશ્યા એટલે ઉજળા પરિણામ, પણ એ બધા શુભ છે. શુક્લલેશ્યા એક એવી છે કે છઠ્ઠે સ્વર્ગમાં જાય અને એક શુક્લલેશ્યા એવી છે કે નવમી ગ્રૈવેયકે જાય. આહા..હા..! છતાં એ શુક્લલેશ્યા એને બંધનું કારણ છે. એ સમ્યગ્દર્શન પામવાને કારણ નથી. આહા..હા..! એ વિકલ્પથી ચ્યુત થવું તે સમ્યગ્દર્શનનું કારણ છે. સમજાણું કાંઈ? ૮૩ થઈ. ૮૩મો કળશ થયો.

(उपजाति)

एकस्य वाच्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८४।।

૮૪. **'શ્લોકાર્થ :—જીવ વાચ્ય (અર્થાત્ વચનથી કહી શકાય એવો) છે એવો એક નયનો પક્ષ છે...'** આમ તો આ ૪૭ નયમાં આવે છે. નામસ્થાપના દ્રવ્યભાવ. નામથી કહી શકાય છે. આવે છે. વ્યવહારથી વાત છે. વક્તવ્ય છે. તદ્દન અવ્યક્તવ્ય નથી એમ. કથંચિત્ વક્તવ્ય છે, કથંચિત્ અવ્યક્ત્વ છે. પણ અહીં તો કહે છે કે એ વચનથી કહી શકાય છે, એવો પણ એક વ્યવહારનયનો પક્ષ છે. આહા..હા..! ક્યાં ભગવાન અને ક્યાં વાણી!

વાણી તો જડ, રજકણો, માટી એને ભગવાન કહી શકાય વાણી દ્વારા એ તો વ્યવહારની વાતું છે કહે. સમજાણું કાંઈ?

વાણી છે એ તો જડના પરમાણુની પર્યાય છે. ભગવાન તો એનાથી ચૈતન્ય ભિન્ન જાત છે, વાણી છે તો અચેતન, અંધકાર જડ છે. પણ એનામાં સ્વપર કહેવાની તાકાત છે, સ્વપર જાણવાની તાકાત નથી. વાણીમાં સ્વ ને પરને કહેવાની તાકાત છે, પણ વાણી સ્વપરને જાણવાની તાકાત નથી. એ સ્વપરને જાણવાની તાકાત ભગવાનમાં છે. ભગવાન એટલે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વાચ્ય (અર્થાત્ વચનથી કહી શકાય એવો) છે...'** હવે એનો પણ તમે નિષેધ કરો. નામસ્થાપના નિક્ષેપમાં તો આવે છે કે વચનથી કહી શકાય. એવી એની યોગ્યતા છે. આવે છે ને. કઈ અપેક્ષાએ બાપુ! વક્તવ્ય કાંઈક આ આત્મા છે એવું કાંઈક લક્ષ જાય એવું વાણીમાં હોય છે એથી એમ કહેવામાં આવે છે. આહા..હા..! નામ સ્થાપના દ્રવ્ય ભાવ ચાર આવે છે ને. પ્રવચનસાર. ૪૭ નય. નામ નયે ભગવાન કહી શકાય છે એમ કહે છે ત્યાં લ્યો. એ અહીં કહે છે કે વ્યવહારે વચન દ્વારા કહી શકાય એમ છે. એવો એક વ્યવહારનયનો પક્ષ છે.

**'જીવ વાચ્ય (-વચનગોચર) નથી...'** વચનગમ્ય નથી, વચનગોચર નથી. વાણીને ક્યાં ખબર છે કે આ આત્મા અહીં છે. આહા..હા..! વાણી તો આ જડપરમાણુની દશા, એને ક્યાં ખબર છે કે હું કોણ છું? એની એને ક્યાં ખબર છે. વાણીને વાણીની ખબર નથી, વાણીને આ ચૈતન્ય છે એની ખબર નથી, વાણી ચૈતન્ય વડે જણાય એવી ચીજ છે. સમજાણું કાંઈ? પણ એમ વ્યવહારથી કહેવાય વક્તવ્ય વચન દ્વારા. નિશ્ચયથી વચન વ્યક્તથી કહી શકાય એને. આહા..હા..!

**'જીવ વાચ્ય (-વચનગોચર) નથી...'** આહા..હા..! આવો ઉપદેશ કેવો આ? જિનવરદેવ.. દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, મંદિર કરવા, પૂજા-ભક્તિ કરવી એ હોય, પણ એ બધો વિકલ્પ છે. એ રાગ છે. એ સમ્યગ્દષ્ટિને પણ સ્વરૂપમાં ન ઠરે તો એનો એવો ભાવ હોય, પણ છે એ બંધનું કારણ. સમજાણું કાંઈ? આહા..હા..! સંસારમાં ઊંડા ઊંડા ઉતરીને ઘૂંચી ગયા હોય એને આ વાત, શું કહે છે આ? વાણી, શરીર, બાહ્યની આ ભૂતાવળ બધી. ભૂતાવળ બધી. બાયડી, છોકરા, કુટુંબ, મકાન, વેપાર, ધંધામાં, નોકર, ચાકર, ગાદી-તકિયા. આહા..હા..!

**શ્રોતા :-** એ બધા સંયોગો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધી ભૂતાવળ છે. આહા..હા..! એમાં જેની ઘૂંચ ગરી ગયો છે. માન્યતાએ હોં. કે આ બધા મારા. આહા..હા..!

અહીં તો કહે છે, પ્રભુ! એ તો ક્યાંય રહી ગયા ભાઈ! એ તો એને કારણે આવ્યા,

એને કારણે ટક્યા, એને કારણે ચાલ્યા જશે. તારે ને એને કાંઈ સંબંધ નથી. પણ તારામાં આવો એક વિકલ્પ ઉઠાવ કે વચનથી કહી શકાય નહિ એવો હું. આહા..હા..! એવા વિકલ્પને અને તારે સંબંધ નથી એમ કહે છે. આહા..હા..! બે નયોના પક્ષપાતથી રહિત તત્ત્વ એવું છે. નિરંતર ચિત્સ્વરૂપ તે ચિત્સ્વરૂપ જ છે. આહા..હા..! એ ૮૪ થઈ.

(उपजाति)

एकस्य नाना न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव॥८५॥

૮૫. '**શ્લોકાર્થ :—જીવ નાનારૂપ છે...**' ઓલું એક-અનેક આવ્યું છે. અહીં અનેક નાનારૂપ છે. '**એવો એક નયનો પક્ષ છે અને જીવ નાનારૂપ નથી...**' એ તો એકરૂપ વસ્તુ, અનેક પ્રકારે નથી એ તો એક પ્રકારે વસ્તુ છે. આહા..હા..! સંતોએ જંગલમાં રહીને કરુણાબુદ્ધિથી આ શાસ્ત્રની રચના કરી છે. એને સાંભળવા પણ મળે નહિ આવી ચીજ, અરે એ જિંદગી શું કહેવાય? જિંદગી નકામી નિષ્ફળ ગઈ. આહા..હા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે તું અનેકરૂપ છે. નાના-નાનારૂપ. મનુષ્યગતિ ને દેવગતિ ને આ ફલાણું ને આ રૂપ ને આ રૂપ. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય ને ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય ને પંચેન્દ્રિય, દેવ ને નારકી ને મનુષ્ય ને પર્યાપ્ત અને અપર્યાપ્ત. આહા..હા..! એવા અનેકરૂપ છે એવો એક નયનો-વ્યવહારનયનો પક્ષ છે. એનો તો નિષેધ કરતા આવ્યા છીએ. જીવ અનેકરૂપ નથી. આહા..હા..! બીજા નયનો પક્ષ છે એ અનેકરૂપ નથી. દેવરૂપ નથી, નારકીરૂપ નથી, મનુષ્યરૂપ નથી, પર્યાપ્ત નથી, અપર્યાપ્ત નથી. આહા..હા..! એ સંજ્ઞી નથી, તે અસંજ્ઞી નથી. આહા..હા..! એવો જે અનેક પ્રકાર નથી, એવો બીજા નયનો પક્ષ છે. આહા..હા..! દિગંબર સંતોએ જંગલમાં રહીને અમૃતના સાગર બનાવ્યા છે બધા. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ એક પાધરું એક જ સ્વરૂપ અહીં તો દેવ છું ને નારકી છું. ઓલામાં એકરૂપ છું ત્રિકાળ. અને ભેદરૂપ અનેક છું એટલું. અને અહીં તો દેવ છું, નારકી છું, મનુષ્ય છું, પર્યાપ્ત છું, અપર્યાપ્ત છું, ધનાઢ્ય છું, મૂર્ખ છું, પંડિત છું. કહો, પંડિતજી! અનેક પ્રકાર. એ નથી એ તો એકરૂપ છે. જ્ઞાનસ્વરૂપ જ છે. આહા..હા..! બધામાં બધા કાળે, બધામાં બધા કાળે એકરૂપ જાણનારો જ રહે છે. બધામાં એ જાતો જ નથી. એ દેવરૂપ થયો જ નથી. આહા..હા..!

પંચાસ્તિકાયમાં આવે છે ને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ એ જીવ નથી. છ કાય તે જીવ નથી. એમ કીધું ત્યાં. આહા..હા..! એમાં એ જ્ઞાનસ્વરૂપ તે જીવ છે. એકેન્દ્રિય

ને બે ઇન્દ્રિય ને ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય, દેવ ને નારકીને એ જીવ નથી. એમાં જે જ્ઞાનસ્વરૂપ ભગવાન તે જીવ છે. આહા..હા..! એના ચૈતન્યના ચમત્કારની શી વાતું!

સેકરીને-સેકરીન કહેવાય છે ને શું કહેવાય આ સાકરને? સેક્રીન. થોડી હોય પણ મીઠાશ ઘણી. એને કાંઈ ઝાઝા પરમાણુ અને મોટું ક્ષેત્ર હોય તો મીઠાશ ઘણી એવું નથી એને. સાકરનો ગાંગડો મોટો હોય તો મીઠાશ થોડી. અને આટલી હોય.. એમ આ ભગવાન આત્મા શરીરથી નિરાળો, શરીર પ્રમાણે, પણ એનો સ્વભાવ બે હદ અનંત છે. સમજાણું કાંઈ? એ એકરૂપ છે. ત્રિકાળ આનંદનો નાથ સહજાનંદ પ્રભુ સહજ-આત્મસ્વરૂપ સહજાત્મસ્વરૂપ-સહજાત્મસ્વરૂપ, સ્વભાવિક આત્મસ્વરૂપ, સહજાત્મસ્વરૂપ, સ્વભાવિક વસ્તુસ્વરૂપ. એ અનેકરૂપ થયો જ નથી. અનેકરૂપમાં એ ગયો પણ નથી. આહા..હા..!

પ્રવચનસારની ૨૦૦મી ગાથામાં કહ્યું છે. પ્રવચનસાર. એ તો અનાદિ જ્ઞાયક છે એટલે જ્ઞાયક જ રહ્યો છે. એવો પાઠ છે. આહા..હા..! ભલે એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, નારકી ને પહેલી નારકીનો જીવ અને સાતમી નારકીનો જીવ. આહા..હા..! અંગુલ મચ્છનો જીવ અને હજાર યોજનનો મચ્છનો જીવ, શેઠિયાનો જીવ ને રાંકાનો જીવ એ બધી વસ્તુ એમ છે જ નહિ કહે છે. જીવ તો જ્ઞાનસ્વરૂપ તે જીવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! મોટો અમલદાર એક લાખ રૂપિયાની મહિને પેદાશ, મોટો અધ્યક્ષ ફલાણાનો, ઢીંકણાનો, શેઠિયો, પ્રમુખ, એ છે જ નહિ આત્મા.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય એટલે એ પર્યાય પણ એની નથી ખરેખર તો. એની પર્યાય વિકારી છે એ છે. આહા..હા..!

એ બેયના બે પક્ષપાત છે. એને છોડીને ભગવાન તત્ત્વવેદી નિજઘરમાં જાય છે, પરઘરમાં વિકલ્પમાં હતો તેને છોડે છે. આહા..હા..! ભજનમાં નથી આવતું? 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે.' ભજનમાં આવે છે. 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે.' અમે વાણિયા છીએ, અમે ઢેઢ છીએ, અમે હરિજન છીએ, અમે આર્ય ઉચ્ચકુળના છીએ, આ નીચકુળના છીએ. અમે સમૃદ્ધિવાળા છીએ, પુત્ર-પુત્રાદિના પરિવારવાળા છીએ. અમે ગરીબ છીએ બાપુ! અમારે કાંઈ એકલા કોઈ છે નહિ. એ બધી વાતું તું નહિ, ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન તો બેય પક્ષના વિકલ્પથી રહિત છે. એ વિકલ્પથી પણ જણાય એવો નથી એમ કહે છે. હું અનેકરૂપ નથી, વસ્તુસ્વરૂપ છું એવો જે વિકલ્પ છે, રાગ છે એનાથી જણાય એવો નથી. કેમકે રાગથી તન્મય એ જ્ઞાયક થયો જ નથી. જ્ઞાયક તો જ્ઞાયક ભાવે જ અનાદિ રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવી વાત. ઓલી બાજુ એવી વાત હોય આમ દેશની સેવા કરવી, ભૂખ્યાને આહાર દેવા, તૃષાને પાણી દેવા, રોગીઓને ઓષધ દેવા,

ચિકિત્સાલય બનાવો. ચિકિત્સાલય કહે છે ને? આ શું કહેવાય? ઔષધાલય ને ચિકિત્સાલય બનાવો. ૨૫ લાખ ખર્ચો. આમ કરો. એ બધું સારું લાગે એમાં.

જુઓને ત્યાં હમણા બને છે ને અહીં રાજગરી. અમરચંદ કરે છે. સ્થાનકવાસી સાધુ છે ને. કહો કેટલા રૂપિયા ખર્ચે છે. ઓલા પડ્યો છે ને અંદર ભાઈ! છેલશંકર અબજપતિ. જયપુરનો. છે મોરબીના. દુર્લભજી ઝવેરીનો દીકરો. કરોડ અબજપતિ, ૬૦-૭૦ કરોડ. આ બીજા મોટા ભાઈના છોકરા એની પાસે ૩૦-૪૦ કરોડ અબજ. જયપુર ગયા હતા એને ઘરે આવ્યા હતા, મહારાજ! મારે ત્યાં પગલા કરજો. ગયા હતા ત્યાં. બધા પૈસા ખર્ચે ત્યાં. અમરચંદજી. સ્થાનકવાસ મુહપતિ રાખીને બધું કરે છે આ બધું. ચિકિત્સાલય બનાવ્યું છે, આ બનાવ્યું. કેટલા ખર્ચ્યા. આ એમાં પાછું એમ માને કે અમે સારું કરીએ છીએ. આહા..હા..! અરે.. ભારે આકરું કામ હોં! એ વ્યક્તિનું કામ નહિ આ તો વસ્તુની સ્થિતિ છે. આહા..હા..! અરે.. નિશ્ચયના પક્ષમાં, વિકલ્પમાં આવવું એ પણ તારું સ્વરૂપ નહિ, એનો તું કર્તા નહિ. અહીં કર્તાકર્મ છે ને? હું એકરૂપ છું નાના નહિ. એવો જે વિકલ્પ છે એનો કર્તા થાય તે મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! એને ઠેકાણે એમ કે અમે આ મકાન બનાવીએ, આ બનાવીએ, આ બનાવીએ, આ બનાવીએ. અમે કરીએ છીએ. ભાઈ! એમાં તારો અધિકાર નથી. હું એક નિશ્ચયથી આનંદસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ, નિત્યાનંદનો નાથ છું એવો જે વિકલ્પ તેને કર્તા થઈને કર્મ કરે, અહીં કર્તા અધિકાર છે ને. એ વિકલ્પ મારું કર્તવ્ય છે અને હું કર્તા છું એ આત્મા નહિ. આહા..હા..! એ અણાત્મા તો થઈ ગયો. સમજાણું કાંઈ? એ ૮૫મો થયો ને? ૮૫ છે. **'તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.'** લ્યો બીજો આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો સુદ-૧૫, શુક્રવાર, તા. ૦૮-૧૦-૧૯૭૬, કળશ-૮૬ થી ૮૯, પ્રવચન નં. ૧૯૫

આ સમયસાર, કર્તાકર્મ અધિકાર. ૮૬ કળશ છે.

(उपजाति)

एकस्य चेत्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८६।।

**'શ્લોકાર્થ :- જીવ ચેત્ય (-ચેતાવાયોગ્ય) છે.'** એક નયનો પક્ષ છે કે આ આત્મા છે તે ચેતાવાયોગ્ય એટલે જણાવા અને દેખાવા યોગ્ય છે. તેનું સામાન્ય છે. ચેતાવાયોગ્ય છે. ચેતાવાયોગ્ય છે એ વાત બરાબર છે. કેમકે જગતની ચીજો જે છે એનાથી ભિન્ન ચેતાવાયોગ્ય જ આત્મા છે. સમજાય છે કાંઈ? વિકલ્પથી માંડીને આખું જગત, એનાથી જગદીશ ભગવાન ભિન્ન છે. સમજાય છે કાંઈ? એ રીતે ચેતાવાયોગ્ય છે આત્મા. પરને જાણે છે એ કાંઈ મૂળવસ્તુ નથી. જાણનારને જણાવો એવો ચેતાવાયોગ્ય વસ્તુનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? છતાં એ ચેતાવાયોગ્ય છે એવો એક નયનો પક્ષ વિકલ્પ જે ઊઠે કે હું ચેતાવાયોગ્ય છે, એમાં વિકલ્પ જે છે એ કાંઈ વસ્તુ નથી એની. વિકલ્પ ઊઠે કે હું આ ચેતાવાયોગ્ય છે. એ વસ્તુનો વિકલ્પ નથી અને ચેતાવાયોગ્ય વસ્તુ છે એ વિકલ્પથી એકરૂપ થઈ નથી. સમજાય છે કાંઈ? આવી વાત છે ઝીણી. છતાં ચેતાવાયોગ્ય છે, જણાવાયોગ્ય છે, ચેતના લેવી છે અહીં પહેલા. પછી એના ભેદ લેશે દર્શન અને જ્ઞાન. એકદમ સાર વસ્તુ છે.

એ ભગવાન આત્મા જ જણાવાલાયક છે. એ વાત સાચી. પણ એમાં વિકલ્પ લઈએ કે આ જણાવાયોગ્ય છે... જણાવાયોગ્ય છે. એવો જે વિકલ્પ છે એની સાથે જણાવાયોગ્ય ચીજ છે એ એકરૂપ નથી. એથી વિકલ્પ કરવા જેવો છે એમ કહેવું છે. છે નિશ્ચયનો વિકલ્પ.. આહા..હા..! પરનો કર્તા છે કે પરનો ભોક્તા છે એ વાત તો ક્યાંય નીકળી ગઈ. એમ રાગનો એ કર્તા છે કે અકર્તા છે એ વિકલ્પને પણ છોડી દીધો. અહીંયાં તો આત્મા વસ્તુ છે ચિદ્દ્ઘન, ચૈતન્યસૂર્ય સ્વભાવનો સાગર એ જ જણાવાલાયક, ચેતાવાલાયક છે. છતાં એ જણાવાલાયક છે એવો જે વિકલ્પ છે એ પક્ષ છે. સમજાણું કાંઈ?

**'જીવ ચેત્ય નથી એવો બીજા નયનો પક્ષ છે;...'** એ વ્યવહારનયનો પક્ષ થયો. જણાય એવો આત્મા નથી. આત્મા શી રીતે જણાય? આ બધું જણાય. પણ જાણનાર શી રીતે જણાય? એમ એક નયનો પક્ષ છે. આહા..હા..! વ્યવહારનો એ પક્ષ છે જણાવાયોગ્ય નથી. એ વ્યવહારનયના પક્ષનો તો નિષેધ કરતા આવ્યા છીએ કહે છે. એવી શૈલી છે. ત્યાં નયમાં તો ત્યાં સુધી આવે. ૪૭ નયમાં. ક્રિયાનયથી પણ જણાય છે. જ્ઞાનનયથી જણાય છે. વ્યવહારથી પણ પ્રાપ્ત થાય છે, નિશ્ચયથી પણ પ્રાપ્ત છે. એ તો જ્ઞાનની પર્યાયમાં એવા પ્રકાર એક સમયે એવી યોગ્યતા ગણવામાં આવી છે. એમ નહિ કે કોઈ નયનો કોઈ જીવને ક્રિયાથી પ્રાપ્ત થાય અને કોઈને જ્ઞાનથી પ્રાપ્ત થાય, કોઈને વ્યવહારથી પ્રાપ્ત થાય, કોઈને નિશ્ચયથી પ્રાપ્ત થાય. એમ નથી. એ તો એક સમયે એ જાતની યોગ્યતા અનંતની એક સાથે ગણીને જાણવાલાયક, જણાવા માટે વાત એ વાત કથન કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ત્યાં તો એમ કહ્યું છે વ્યવહારયનથી પણ જણાય, નિશ્ચયથી જણાય. ક્રિયાનયથી પણ પ્રાપ્ત થાય, જ્ઞાનનયથી પણ પ્રાપ્ત થાય. એય.. દેવીલાલજી! ભાઈ આવું કહ્યું છે ૪૭ નયમાં. એ તો એમ કહ્યું છે, પ્રભુ! કે એક સમયમાં એ યોગ્યતા ગણીને જે સમયે જ્ઞાનથી જણાય

તે સમયે ક્રિયાથી જણાય એવી એક યોગ્યતા ગણીને એક સાથે બે ધર્મ ગણ્યા છે. કોઈને ક્રિયાથી થાય અને કોઈને.. એમ નથી ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે, ભાઈ ઝીણી બહુ.

વસ્તુ પોતે ભગવાન આત્મા નિશ્ચયથી તો જગતથી જુદેશ્વર, જગત ઈશ્વર, જગતથી જગતેશ્વર જુદો છે તદ્દન. વિકલ્પથી માંડીને આખું લોકાલોક, એકકોર જ્ઞેય એકકોર ભગવાન જણાવાલાયક આત્મા. સમજાણું કાંઈ? આવી ચીજ આવી છે. એટલે અહીં કહે છે કે એ ચીજ ચેતાવાયોગ્ય છે એવો એક વિકલ્પ છે એનો નિષેધ કરાવા માગે છે અહીં તો. અને ચેતાવાયોગ્ય નથી એવો જે વ્યવહારનો વિકલ્પ એ તો નિષેધ કરતા આવ્યા જ છીએ કહે છે. સમજાણું આમાં કાંઈ? આવી વાતું ઝીણી. આહા..હા..! અરે.. ચોર્યાસીના અવતારમાં, અવતાર અને અવતારના કારણો એ ભગવાન ચૈતન્યસૂર્ય તન્મય એકમેક છે જ નહિ. સમજાણું કાંઈ? એ ચોર્યાસીના અવતાર અને એના કારણો, એનાથી ચૈતન્યસૂર્ય ભગવાન ચેતાવાયોગ્ય ભિન્ન .. છે. છતાં ચેતાવાયોગ્ય છે, એવો એક રાગનો વિકલ્પ છે એ છોડવાલાયક છે. ચેતાવાયોગ્ય છે એમાં વિકલ્પ કરવાલાયક છે એમ કહે છે. આહા..હા..! આવી વાતું ઝીણી એટલે માણસને... એ બેયના બે પક્ષપાત છે.

**'જે તત્ત્વવેદી...'** એટલે ચૈતન્યસૂર્ય જ્ઞાયકભાવ, તેનો વેદનાર, એનો અનુભવનાર સમ્યગ્દૃષ્ટિ... આહા..હા..! એ બે તત્ત્વપક્ષથી તો ચ્યુત છે. ચેતાવાયોગ્ય છે એવી વૃત્તિનું ઉત્થાન, એનાથી પણ એ તો રહિત છે. પક્ષપાત રહિત છે. આવો માર્ગ, શાંતિભાઈ! વસ્તુ જે ભગવાન આત્મા ચૈતન્ય આખું ચૈતન્યનો પિંડ છે. એ ચેતવાયોગ્ય જ છે. પર ચેતવાયોગ્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલામાં કહ્યું છે ને એક ઠેકાણે? સમ્યગ્જ્ઞાન દિપીકામા ક્યાંક આવ્યું છે. પરને જોવાને આંખ બંધ કરી દે અને સ્વને જોવાને સહસ્રસૂર્યની પેઠે નેત્રને ખોલી દે. આહા..હા..! કેમકે જે ચેતાવાયોગ્ય વસ્તુ છે એ પોતે જ ચેતનાર પોતાને ચેતે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એ આ બધા વિકલ્પો ને આ બધું બહારનું જગતનું આ ધંધા, પાણી, પત્થરના અને આ ઝવેરાતના. પત્થરના ભાઈને અને ઝવેરાતના તમારે બેયને. એ બધાનો પોતે કર્તા નથી, પણ તેનો જાણનાર છે એ પણ નથી. આહા..હા..! એનો જાણનાર તો સ્વપરપ્રકાશક એ પણ થઈ ગયો. એ વસ્તુનું સ્વરૂપ નથી. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ. નહિ. ઈન્દ્રિય દ્વારા નહિ. પોતામાં ચેતવાયોગ્ય અંદર અતીન્દ્રિય જ્ઞાન દ્વારા. એનો જે વિકલ્પ છે એ નિષેધ છે. એટલું અહીં કહેવું છે. અંદર અતીન્દ્રિય જ્ઞાન દ્વારા ચેતનાયોગ્ય છે, ચેતના છે, વસ્તુ ચેતના છે એ ચેતનાની પર્યાય દ્વારા તે જણાવાલાયક છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચૈતન્ય નહિ એ તો વ્યવહારવાળો કીધો. એ તો વ્યવહારનો પક્ષ ચેતવાલાયક નથી તે વ્યવહારનો પક્ષ જૂઠો તદ્દન. એનો તો નિષેધ કરતા આવ્યા છીએ કહે. સમજાણું કાંઈ? આત્મા કાંઈ જણાય, બાપુ! એ તો અરૂપી છે ને. માટે જણાય નહિ. એ તો અજ્ઞાની એમ કહે છે. એ પક્ષને તો છોડતા આવ્યા છીએ કહે છે. આહા..હા..!

અહીં તો ચેતના છે એનું સ્વરૂપ, ચેતન છે એનો ચેતનાસ્વભાવ, તેથી ચેતાવાયોગ્ય છે. આ બે ભેગું હો, જ્ઞાનદર્શન બે ભેગા ચેતના ભેગી લેવી છે. એવો જે વિકલ્પ ઉઠે છે, એની સાથે પણ એ ચેતવાલાયક વસ્તુ એકમેક એટલે તન્મય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ એવો છે બાપુ! આહા..હા..!

જ્ઞાન જ્ઞાનની સાથે તન્મય થતાં જ્ઞાનની પર્યાય જેની જે છે તેમાં એકત્વ થતાં એ ચેતાવાયોગ્ય છે... પણ વિકલ્પ જે છે ચેતાવાયોગ્ય છે જેમ ગોખે છે. એનો અહીંયાં નિષેધ છે. તારાચંદભાઈ! આવો માર્ગ બાપુ! બહારનો માર્ગ આ બધા પૈસા મેળવવા, નોકરીમાં બબ્બે હજારના પગાર, ધૂળધાણી છે બધું. આહા..હા..!

**શ્રોતા** :- એના વિના ચાલે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એના વિના જ ચાલે છે. સ્વદ્રવ્યે બીજા દ્રવ્યનો અભાવથી જ ચલવ્યું છે. શું કીધું એ? આ આંગળીએ આ આંગળી વિના જ ચલવ્યું છે. આ આંગળીમાં આ આંગળી છે અને આ આંગળીમાં એના વિના એ ટકી રહી છે. એમ ભગવાન આત્મા વિકલ્પ ને પરદ્રવ્યના અભાવસ્વરૂપે જ ટકી રહ્યો છે. આહા..હા..!

**શ્રોતા** :- સયોગીભાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સયોગીભાવ છે એ તો. કર્તા-કર્મમાં તો પહેલાં આવી ગયું. આ તો છેલ્લા શબ્દો છે. સંયોગીભાવ એનો સ્વભાવભાવ નથી. આહા..હા..! એમ જે નિમિત્ત છે સંયોગ એના સંગે ઉત્પન્ન થયેલો વિકલ્પ છે. એ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..!

જ્યાં જેમ નિમિત્ત વસ્તુ છે, દરેક દ્રવ્યની પર્યાયકાળે બીજી ચીજ છે, પણ એ નિમિત્તથી ત્યાં થતું નથી, નિમિત્ત કર્તા નથી ત્યાં. એ તો કબુલ્યું છે કાલે. જૈનસંદેશમાં. કે ભાઈ આ સોનગઢવાળા આમ કહે છે. નિમિત્તનો નિષેધ કરતા નથી, પણ નિમિત્તથી કર્તા છે એમ માનતા નથી. વાત એમ છે. એને વ્યવહાર નથી એમ નહિ. રાગ જગત-ઈશ્વર વ્યવહાર છે ખરો, પણ વ્યવહારથી નિશ્ચય થાય છે એમ નથી. આ વિકલ્પથી નિશ્ચય થાય છે એમ નથી અહીં તો કહે છે. એ વિકલ્પ પણ વ્યવહાર છે. આહા..હા..!

એને જ્ઞાનમાં તો એણે નક્કી કરવું પડશે ને પહેલું? કે બાપુ આ અનંતકાળથી રખડે છે. દુઃખના દરિયામાં પિલાઈ રહ્યો છે ભાઈ એને ખબર નથી. કેમકે સુખ થોડું જોયું નથી. તેથી સુખ વિનાની દશામાં દુઃખ છે એવી એને ખબર નથી. આહા..હા..! એ દુઃખમાં પિલાઈ રહ્યો છે, પ્રભુ. પુણ્ય અને પાપના ભાવ, વિકારીભાવ એ દુઃખમાં આર્તધ્યાનમાં પિલાઈ રહ્યો

છે. આહા..હા..! એ આર્તધ્યાન છે. પુણ્યભાવમાં એકાકાર એ આર્તધ્યાન છે. વિકલ્પમાં એકત્વતા તે આર્તધ્યાન છે, તે દુઃખદશા છે, પણ સુખ શું છે તેની ખબર નથી એથી આ દુઃખ છે એ એને લાગતું નથી. અમે સુખી છીએ.. સુખી છીએ.. ધૂળેય નથી, બાપા! ભાઈ તને સુખ.

શરીરમાં સોજા આવે એ નિરોગતા છે? શરીર તો .. થાય. આ મરી જાય પછી સાત-આઠ કલાક રહે તો શરીર ઓલું થઈ જાય મોટું. ભારે થઈ જાય, .. થઈ જાય. પોણા કલાક રાખે તો અસંખઅ? એમાં ઊપજે. દેહ. એ અંતર્મુહૂર્ત પછીના અસંખ્ય .. જીવો ઊપજે. આહા..હા..! એમાં બે-ચાર આઠ કલાક રહે ત્યાં તો થોકના થોક જીવ ઊપજે અંદર. મહાપાપ. અને શરીર ફુલી જાય. છ-આઠ કલાક રાખે તો શરીર ફુલી જાય, ભારે થઈ જાય. તો એ નિરોગતા છે? આહા..હા..!

એમ ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી ફુલાઈ ગયો છે એ દુઃખી છે. આ તો વિકલ્પનું દુઃખ ઠરાવવું છે ને અહીં તો. હું ચેતાવાયોગ્ય છું એવો એક વિકલ્પ પણ દુઃખરૂપ છે. ભાઈ! આહા..હા..! પ્રભુ તારે ક્યાં જાવું છે ભાઈ! તારા ઘરમાં તો એ વિકલ્પ છે નહિ. આહા..હા..! ત્રણ લોકના નાથ જિનવરદેવ એમ ફરમાવે છે, જિનેન્દ્ર! તું જિનેન્દ્ર છો. આહા..હા..! વીતરાગસ્વરૂપે ઈન્દ્ર છે તું. આહા..હા..! એમાં આ ચેતાવાયોગ્ય છે એવો જે વિકલ્પ છે એને પણ એમાં અવકાશ નથી. એનાથી તે જણાય એવો નથી. આહા..હા..! દુઃખથી સુખરૂપ દશા જણાય એવી નથી એમ કહે છે.

હું ચેતાવાયોગ્ય છું એવો જે વિકલ્પ છે એ દુઃખ છે, એ દુઃખથી સુખસ્વરૂપ જણાય એવો એ ભગવાન છે નહિ. એવો છે નહિ એવો જે વિકલ્પ એ પણ ..કરવા લાયક કીધો છે. આહા..હા..! દેવીલાલજી! ભગવંત તારું સ્વરૂપ તો અલૌકિક છે પ્રભુ, તારી મહિમા કેવળીએ પણ પૂરી કહી શક્યા નથી. આહા..હા..! તું ભલે શરીર પ્રમાણે હો, પણ તારું અંદર કદ અને દળ છે એ તો અનંત છે. આહા..હા..! એ તો એકલો ચૈતન્ય રસનો કંદ છે, ચૈતન્યસૂર્ય છે. આ સૂર્ય તો એવા અનંતા સૂર્ય જેના જ્ઞાનમાં જણાય એવો એ ચૈતન્યસૂર્ય છે. અરે.. લોકાલોક છે એથી અનંતગુણા અનંતગુણા લોકાલોક.. તોપણ તેના જ્ઞાનમાં તેને અડ્યા વિના અને એની અસ્તિ વિના પોતાના અસ્તિત્વમાં એને જાણવાનો સ્વભાવ છે. શાંતિભાઈ! આવી વાતું છે. ત્યાં મુંબઈમાં અને ત્યાં ..માં ત્યાં મળે એવું નથી ક્યાય. આહા..હા..!

કહે છે ચેતાવાયોગ્ય છે કેવડો? કે લોકાલોકને જાણવું એમ નહિ. જાણવાનો એનો સ્વભાવ છે. એથી અનંતલોકાલોકવત્ સહસ્રલક્ષ એમ કહ્યું છે સમ્યગ્જ્ઞાનદિપીકામાં ભાઈ! એમ લોકાલોક છે એ સહસ્રલક્ષ લોકાલોકવત્ એમ કહ્યું. પણ અનંત.. આહા..હા..! જેનો સ્વભાવ જાણવું પોતાથી પોતામાં. આહા..હા..! એના સ્વભાવના સામર્થ્યની શક્તિનું શું કહેવું? એવો ભગવાન ભગવંત સ્વરૂપ પ્રભુ. આહા..હા..!

શ્રોતા :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. વસ્તુસ્વભાવ છે બાપુ. અહીં કીધું ને, આંખ આટલી છે. અને જણાય છે ડુંગર ઉપર જુઓ તો કેટલું ક્ષેત્ર જણાય? એકફેરી ગીરનાર ઉપર જોતા નજર કરી. ગીરનાર ઉપર જઈએને ત્યાં. ડોળીમાં બેસીની. .. એટલું જ સામે જણાય છે? આટલું છે એટલું જણાય છે? આહા..હા..! એ આંખ વડે જણાતું નથી ત્યાં. જ્ઞાન વડે જણાય છે. આહા..હા..! એ આંખ આમ નજર કરે તો કેટલું દેખાય ગિરનાર ઉપરથી. ૨૦-૨૦ ગાવ અને ..દેખાય. ગીરનાર ઉપર આમ ચડે તો. ૨૦-૨૦ ગાવના ગામ નજર પડે બધા. શું છે આ? આંખ આવડી અને એનો જાણનાર એક એમાં જ્ઞાન જે છે એ આટલા બધાને જાણે. તો એ જાણે છે એમાં એને જાણે છે એ પણ હજી વ્યવહાર છે. આહા..હા..!

જેનો સ્વભાવ અનંત અનંત સૂર્યો અને અનંત અનંત જગત હોય, તોપણ તેના અસ્તિત્વને લઈને જાણે એમ નહિ. પોતાના અસ્તિત્વની શક્તિ જ એટલી છે. આહા..હા..! એ ચેતાવાયોગ્યની આ બધી વાત ચાલે છે. એય..! આહા..હા..! એ વીતરાગની વાણી તો જુઓ. એક શબ્દમાં કેટલું ભર્યું છે! આહા..હા..! બાપુ તું ક્યાં છો? કેવડો છો? તને તારા અસ્તિત્વની, તારા મોજુદગીની કેટલી શક્તિ એની તને ખબર નહિ. અને બીજાની શક્તિ ટાકવા ગયો. ટાકવા એટલે નિર્ણય કરવા ગયો. આહા..હા..!

પ્રભુ તું અનંત ચૈતન્ય સૂર્ય, અનંતા સૂર્યોને પ્રકાશનો પ્રકાશક, એ પણ વ્યવહાર છે. એ તો પોતે જ પ્રકાશકનું સ્વરૂપ એવું અનંત છે. આહા..હા..! એ નિર્વિકલ્પ જ્ઞાન દ્વારા ચેતવાયોગ્ય આખી વસ્તુ મહાપ્રભુ ચૈતન્ય છે. આહા..હા..! જીવને લોકોને આ બેસવું. પછી લોકો એમ કહે કે એ આ તો નિશ્ચયા, એકલું નિશ્ચય, એકલું નિશ્ચય. એકલું સત્ય. નિશ્ચય એટલે એકલું સત્ય. એય..! આહા..હા..!

એવો 'ચેત્ય (-ચેતાવાયોગ્ય) છે...' છે તો એવો. પણ અહીં વિકલ્પમાં એ નિષેધ કરાવે છે. ચેતાવાયોગ્ય નથી એવા જે અજ્ઞાનીઓનો પક્ષ છે એ તો છોડતા જ આવ્યા છીએ કહે છે. આહા..હા..! કોની એને હોંશ કરવી? એને કોને પોતાથી અજીત માનવો? આહા..હા..! એને બીજાને દેખીને, દેખાડીને કોની પાસેથી એને માન લેવું? દેખાવ કરીને માન લેવું છે એને? કે દેખવું છે એને અંદરનું? આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય કળશો કરીને અમૃત રેડ્યા છે. આહા..હા..! એ ૮૬ ગાથા થઈ. '**જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ...**' નિરંતર જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનસ્વરૂપ.. જ્ઞાનસ્વભાવ એ તત્ત્વ જ્ઞાનસ્વરૂપ જ છે. એમાં વિકલ્પ પણ છે નહિ. આહા..હા..!

હવે અહીં વિકલ્પથી પણ ન જણાય અને બીજે ઠેકાણે એમ કહે વ્યવહારથી જણાય એ કઈ અપેક્ષાએ વાત છે. એ તો વિરોધ થઈ ગયો. એ તો વ્યવહારનો વિકલ્પ જે હતો એનો ગયું, અને એ વખતે એની યોગ્યતામાં એમ જાણવામાં આવ્યું કે આ વિકલ્પ હતો

અને ગયો એથી એને એ યોગ્યતાએ ધર્મ ગણવામાં આવ્યો, પર્યાયનો એક ધર્મ ગણવામાં આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

પરમાત્મ બ્રહ્માંડનો બ્રહ્મસ્વરૂપ ભગવાન ભિન્ન, બ્રહ્માંડ ત્રણકાળ ત્રણલોક એનો જાણનાર બ્રહ્મ પ્રભુ ભિન્ન એ ચેતાવાયોગ્ય છે એવો વિકલ્પ પણ છોડી દે કહે છે. આહા..હા..! પહેલા એના જ્ઞાનમાં આવી સ્થિતિ છે એવો નિર્ધાર તો કરે. સમજાણું કાંઈ? એ ૮૬ થઈ. હવે એના ભેદ પાડે છે. ચેતના છે ને બે? એની સાથે દેખવું અને જાણવું બે ભાગ પાડ્યા. સમજાણું કાંઈ?

(उपजाति)

**एकस्य दृश्यो न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८७।।**

૮૭. '**શ્લોકાર્થ :—જીવ દશ્ય (-દેખાવાયોગ્ય) છે...**' એ ચેતાવાયોગ્ય છે ને એમાં જાણવું-દેખવું બે ભેગું હતું તો એને જુદું પાડ્યું. આહા..હા..! '**જીવ દશ્ય (-દેખાવાયોગ્ય) છે...**' એ વાત સાચી. જીવ દેખાવાયોગ્ય જ છે. પરદેખાવાયોગ્ય છે એ પ્રશ્ન નથી અહીં અત્યારે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા દશ્ય શક્તિથી દેખાવાલાયક છે. આહા..હા..! ત્યાં એમ લીધું હતું ને ભાઈ ૪૭ શક્તિ. જીવતરશક્તિ પછી ચિતિ પછી દશી પછી જ્ઞાન. એ આ વાત લીધી છે. શું કીધું?

ભગવાન આત્મામાં અનંતગુણ છે એટલે શક્તિ છે. શક્તિ છે એટલે સામર્થ્ય છે. એ સામર્થ્યમાં જીવતરશક્તિ પહેલી લીધી, પછી લીધી છે ચિતિ. આ ચેતન જે કીધું એ. આ ૮૬માં આવ્યું એ. પછી લીધી છે દશી અને પછી લીધી છે જ્ઞાન. એ દશી-જ્ઞાનના બે શ્લોક છે. ૪૭ શક્તિ. સમયસાર. આહા..હા..! ચારેકોરનું જુઓ તો. ઓહોહો..! એ ચૈતન્યસ્વભાવ એવો છે.

જીવ દેખાવાલાયક છે. ત્યાં ચિતિશક્તિનું પછી દશી અને પછી જ્ઞાન એમ લીધું છે. જીવતર, ચિતિ, દશી, જ્ઞાન પછી સુખ અને વીર્ય લીધું. ૪૭ શક્તિમાં. શક્તિ એટલે સામર્થ્ય, એનો ગુણ, એનો સ્વભાવ. આહા..હા..! આ લુખુ લાગે એવું છે કે આ તો વીતરાગમાર્ગ છે ને ભાઈ! આહા..હા..! વિકલ્પથી પણ હાથ ન આવે એ વાત લોકોને. વ્યવહારથી .. શાસ્ત્રમાં. વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય. પંચાસ્તિકાયમાં નથી કહ્યું? પંડિતજીએ નથી લખ્યું? સાધન-સાધન. પછી નીચે વળી ખુલાસો કર્યો. .. એમ કહે છે. એમ કે પાઠમાં હતું એને પાછું નીચે શું કહેવાય એ? ... અરે.. ભગવાન! સાંભળને પ્રભુ તને તારી મહિમા ગોઠતી નથી? આહા..હા..!

વ્યવહારને સાધન કહ્યું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે, ભાઈ! સમજાણું? સાધન તો અંદર રાગથી ભિન્ન પડવું પ્રજ્ઞાબ્રહ્મ સાધન એ સાધન છે. આહા..હા..! આવું છે આ વસ્તુ. એના જ્ઞાનમાં નિર્ણય તો કરે પ્રભુ પહેલો. એ આંગણામાં ઊભો રહીને પણ આવો આત્મા છે એમ નિર્ણય તો કરો. આહા..હા..! અહીંયાં પછી વિકલ્પ તોડીને પ્રવેશ અંદરમાં કરે એની વાત છે અહીં તો. આહા..હા..!

**'જીવ દશ્ય (દેખાવાયોગ્ય) છે એવો એક નયનો પક્ષ છે...'** આહા..હા..! નહિ. નહિ. અંતર દૃષ્ટિ અંતર દૃષ્ટિ. દર્શન ઉપયોગ દ્વારા દેખાવાયોગ્ય છે. .. નહિ. અહીં તો સાધકમાં .. છે. આહા..હા..! શાંતિથી સાંભળવું બાપા માર્ગ આ તો ત્રણલોકના નાથ જિનવર કેવળજ્ઞાની ઓહો..! એને શું કહેવું ભાઈ બાપુ! એ લોકો ભાષા સાધારણ માણસ માને અરિહંત-અરિહંત. પણ એ અરિહંત શું છે? આહા..હા..!

જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકની હયાતીથી જ્ઞાન થયું એમ પણ નથી. આહા..હા..! પોતાની હયાતીનો સ્વભાવ જ એવો છે, ત્રણકાળ ત્રણલોકને ન જાણતા એની પર્યાયને જાણતા લોકાલોક જણાય જાય છે. આહા..હા..! એવો ભગવાન ચૈતન્યસૂર્ય પ્રભુ, પ્રગટ પ્રસિદ્ધ થયેલો આત્મા. પ્રગટ પ્રસિદ્ધ થયેલો અરિહંતભગવાન. આહા..હા..! એની વાણીમાં આવ્યું એ આ વાણી સંતો કહે છે. દિગંબર સંતો ત્રણકાળના કેવળીઓ એને અનુસારે વાત કરે છે. એ વાત બીજે ક્યાંય છે નહિ. આહા..હા..! આકરું લાગે લોકોને. બિચારાને સૌને અત્યારે એવું થાય છે. ઓલામાં આવ્યું હતું સ્થાનકવાસી હોય, શ્વેતાંબર હોય, દિગંબર હોય કોઈને ભેદ ન પાડવો. બાપુ! કોઈ પ્રત્યે વેર ન કરવો. ભગવાન નાસ્તિક જીવ કોઈ હોય એના પ્રત્યે વિરોધ ન કરવો. વેર ન કરવો. પણ વસ્તુની સ્થિતિ છે એ તો જાણવી તો જોઈએ. આહા..હા..!

અહીંયાં કહે છે કે આ સંતો દિગંબર મુનિઓ જેને છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલે છે. આહા..હા..! એ દશા સંતોની હોય છે. જેને ક્ષણમાં આ લખતા લખતા પણ અંદર સાતમું આવી જાય છે. આહા..હા..! એ દશામાં આ લખાણા છે. આ પ્રભુ આ માર્ગ જુદા બાપુ! આહા..હા..! બીજાને એવું લાગે કે આ.. સાહિત્ય જ આ છે પ્રભુ! વીતરાગ જૈનદર્શનનું સાહિત્ય આ છે. આથી વિરૂદ્ધ કરે અને લખે ને માને એ કોઈ જૈન શ્રાવક નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સાતમામાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છઠ્ઠામાં આવે છે વિકલ્પ જરી લખતા લખથા છઠ્ઠું આવી જાય છે. મુનિદશા છે ને. આહા..હા..! પરમેશ્વરપદ. જેને ચાર જ્ઞાન અને ચૌદપૂર્વની રચના કરનાર ગણધર તીર્થંકરના વજીર, દિવાન એ પણ નમસ્કાર કરે જેને. આહા..હા..! નમો લોએ સવ્વસાહુણં. શાસ્ત્ર રચના કરતા એ પણ નમો લોએ સવ્વસાહુણં. આહા..હા..! સંત તારા

ચરણમાં મારો નમસ્કાર છે. અંતર્મુર્હૂતથી એ સાધુ.. હતા. મુનિથી અંતરદશામાં છઠ્ઠું-સાતમું આવ્યું અંતર્મુહૂર્તે. અને કરોડપૂર્વનો ગણધર હોય કેવળી ચાર જ્ઞાનનો ધણી, નમો લોએ સવ્વસાહુણં. હે નાથ! તારા ચરણમાં બાહ્યમાં નાના સાધુને વંદન નહિ કરીએ. પણ નમો લોએમાં તો તને વંદન કરીએ છીએ. આહા..હા..! કહો, રસીકભાઈ! આવો માર્ગ છે, બાપા! બહુ .. શું થાય?

એ સંતો આમ કહે છે. કે પ્રભુ તું દેખાવાયોગ્ય છે. તું જ દેખાવાયોગ્ય છો. સમજાણું કાંઈ? આહા..હા..! તે પરને દેખાવાના પ્રયત્ન તો અનંતકાળથી કર્યા, પણ દેખનારને દેખ્યો નહિ તે એને. આહા..હા..! એ પર્યાયને પલટો ન માર્યો આમ દેખવા માટે. આમ દેખે બધું આમ. શાંતિભાઈ! આવો માર્ગ છે. ક્યાં ગયા ચીમનભાઈ ક્યાં બેઠા? નથી આવ્યા? કેમ? ઠીક નહિ હોય. આહા..હા..!

ભગવાન અમૃતચંદ્રાચાર્ય સંત, મુનિ કહે છે, પ્રભુ! એકવાર સાંભળને. આહા..હા..! એ દેખાવાયોગ્ય છે એ વાત બરાબર છે. એ દેખાવાલાયક છે, પણ એ વિકલ્પ ઉઠાવવો કે આ દેખાવાલાયક છે એનો અમે નિષેધ કરીએ છીએ. સમજાય છે કે નહિ? ભાઈ! તમને કહું છું. આ ગુજરાતી ભાષા છે ને. પણ સાદી ભાષા છે. એમાં કાંઈ.. અમરચંદભાઈને તો બહુ પ્રિય છે ગુજરાતી. આહા..હા..!

'**જીવ દશ્ય નથી એવો બીજા નયનો પક્ષ છે;...**' દેકાવાલાયક ભગવાન અરૂપી છે એ કેમ દેખાવાલાયક હોય? એમ અજ્ઞાનીનો વ્યવહારનયનો પક્ષ છે. એ તો આચાર્ય કહે છે કે અમે પહેલેથી નિષેધ કરતા આવીએ છીએ. દેખાવાલાયક નથી એમ કહેનારા એનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ. પણ દેખાવાલાયક છે એવો જે વિકલ્પ છે તેનો અમે નિષેધ કરીએ છીએ હવે તો. આહા..હા..! સમજાણું કાંઈ? જેને આત્મા દેખવો હોય, જેને અનુભવવો હોય એને વિકલ્પ છોડીને અનુભવાય છે. આહા..હા..! આવો માર્ગ વીતરાગ. ક્યાંય છે નહિ. ગમે તેટલા પંથો બધા વેદાંત ને આત્માની બધી વાતું કરનારા પણ કલ્પના બધી કલ્પનાઓ. આ તો વસ્તુની સ્થિતિ આ છે. આહા..હા..! પ્રભુ તું એક દેખાવાલાયક છો હોં. પણ એવો વિકલ્પનો અમે નિષેધ કરીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી...**' યહ એટલે જે. તત્ત્વવેદી એટલે ચૈતન્ય તત્ત્વ જે જ્ઞાયકસ્વરૂપ, દશ્યસ્વરૂપ, દષ્ટાસ્વરૂપ, તેને દેખનારો, તેને વેદનારો... આહા..હા..! એ તત્ત્વ નામ ચૈતન્ય જે તત્ત્વ છે એને વેદનારો પક્ષપાતરહિત છે. નિશ્ચય અને વિકલ્પના પક્ષથી તે રહિત છે. આહા..હા..! એને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! આવી વાતું છે, દેવીલાલજી!

ઓલું ગામ કીધું એ દેવીલાલ છે કે શું કીધું? મુંબઈ પાસે નહિ આ શ્રીમદ્નું. દેવલાલી. ઠીક. એ ગામ છે. શ્રીમદ્નું ત્યાં.. ભક્તિપ્રધાન .. કરે. અહીં તો કહે છે કે પરની ભક્તિથી

તો સમજાય એવો નથી, પણ પોતાની ભક્તિનો હું શુદ્ધ પૂર્ણ અખંડ છું એવા વિકલ્પથી પણ સમજાય એવો નથી. આહા..હા..! અને જેને જાણ્યો એણે સંસારથી મુક્ત થઈ ગયો એ. વિકલ્પથી મુક્ત છે એ સારા સંસારથી મુક્ત થયો. આહા..હા..! દેખાવાલાયક છું એવું જે દેખ્યું એ સંસારનો લેપ રહ્યો નહિ એને. વિકલ્પનો લેપ રહ્યો નહિ એને. સમજાણું કાંઈ? એ તત્ત્વવેદી. '**ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.**' આહા..હા..! ભગવાન જ્ઞાનસૂર્ય એ તો ચૈતન્યસ્વરૂપ છે તે ચૈતન્ય સ્વરૂપ જ છે. દેખાવાયોગ્ય છે કે દેખાવાયોગ્ય નથી એવા વિકલ્પનો પણ ત્યાં અવકાશ નથી એવી એ ચીજ છે. આહા..હા..! એને અનુભવવો એ તત્ત્વનું વેદન કરનારો છે. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જિનવરદેવના આવા કથનો છે આવા. સમજાણું કાંઈ? એ ૮૭ થયું. ૮૭ થઈ ને?

(उपजाति)

एकस्य वेद्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८८।।

૮૮. '**શ્લોકાર્થ :— જીવ વેદ્ય** (-વેદાવાયોગ્ય, જણાવાયોગ્ય) **છે...**' ઓલામાં દશ્ય હતું ને, પેલામાં ચૈતન્ય હતું. એના બે ભાગ પાડ્યા દશ અને જ્ઞાન. ભગવાન આત્મા જણાવાયોગ્ય છે. એ વાત સાચી. એ જણાવાયોગ્ય છે. પણ એ વિકલ્પ છે એ જણાવાયોગ્ય છે એ એક નિશ્ચયનો પક્ષ છે અને પક્ષને તોડ્યા વિના પંછી ઉડી નહિ શકે. પાંખ તૂટશે તો ત્યાં ને ત્યાં ઠરશે. .. ત્યાં ઠરશે. એમ પક્ષ તૂટશે તો ત્યાં ઠરશે. આહા..હા..! તારાચંદજી! આવી વાતું છે. આહા..હા..!

ભગવાન આત્મા જણાવાયોગ્ય છે. '**એવો એક નયનો પક્ષ છે...**' અરેરે..! એ પક્ષને પણ છોડાવા માગે છે. આહા..હા..! વસ્તુમાં એ છું એવો પક્ષ ક્યાં છે? એ જણાવાયોગ્ય જ છે. એ વસ્તુનું સ્વરૂપ જ એ છે. અને જાણનારો એને જ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બીજો કહે છે કે '**જીવ વેદ્ય નથી...**' એ તો વ્યવહારનો પક્ષ. જણાવાયોગ્ય નથી. આત્મા જણાવાયોગ્ય હોય અરૂપી વસ્તુ? એમ અજ્ઞાનીનો વ્યવહારનયનો એક વિકલ્પ છે. એનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ એમ કહે છે. પણ જણાવાયોગ્ય છે એવો જે વિકલ્પ છે એનો નિષેધ કરીએ છીએ. આહા..હા..! આવો ઉપદેશ હવે.

એ લોકો દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા એ સહેલુંસટ હતું લ્યો. એ તો બધો રાગ છે, ભગવાન! તને ખબર નથી. એ તો બધી શુભરાગની વાતું છે. આહા..હા..! '**જણાવાયોગ્ય છે એવો એક નયનો પક્ષ છે અને જીવ વેદ્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ...**' ભગવાન આત્મા એ તો જ્ઞાનસ્વરૂપ જ છે.

એકલો ચૈતન્યપ્રકાશની મૂર્તિ છે. અરૂપી પણ વસ્તુ છે ને. અરૂપી એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. પણ વસ્તુ છે ને. ચિત્સ્વરૂપ પદાર્થ છે. આહા..હા..! આબાળ-ગોપાળમાં ભગવાન ભરેલો છે. આહા..હા..! આઠ વર્ષની બાળિકા પણ સમ્યગ્દર્શન પામે છે ત્યારે એ વિકલ્પ તૂટીને અંદરમાં પામે છે. આહા..હા..! શરીર ભલે સ્ત્રીનું એ આત્મા ક્યાં સ્ત્રી છે? કર્મ ભલે રહ્યા એ સ્ત્રી વેદના અંદર રહ્યા એ ક્યાં આત્મા છે? અને વૃત્તિ ઉઠે સ્ત્રી વેદની એ ક્યાં આત્મા છે? આહા..હા..!

ભગવાન આત્મા જણાવાયોગ્ય છે. એવા વિકલ્પનો પક્ષ છે, જણાવાયોગ્ય નથી એવા વ્યવહારનો પક્ષ એની વાત તો છોડી દે હવે. જણાવાયોગ્ય છે એવો જે વિકલ્પ છે એનાથી પણ જણાવાયોગ્ય નહિ જણાય. આહા..હા..! એ તો જ્ઞાનની પર્યાયથી જણાવાયોગ્ય થાશે. આહા..હા..! આવી વાત છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલો આ જણાવાયોગ્ય છે, પછી ઓલું જણાય પછી. એ સ્વપરપ્રકાશક સામર્થ્ય છે માટે. પહેલું જણાવાયોગ્ય આ છે. એ જણાવાયોગ્ય જાણ્યો, એની પર્યાયનું સામર્થ્ય, સ્વપરનું સામર્થ્ય છે, પણ એ જણાવાયોગ્ય જાણ્યો તેને. જેને જણાવાયોગ્ય જાણ્યો નથી એકલો પરને જાણ્યો એ તો એકાંત મિથ્યાત્વ છે. આહા..હા..! એકલો પરપ્રકાશક જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે. સમજાય છે કાંઈ? આહા..હા..! માર્ગ તો આવો બાપુ ઝીણો બહુ છે, ભાઈ! લોકોને બાહ્યથી મનાવ્યું છે ને એટલે આ વાત એને આવું સાહિત્ય ગોઠતું નથી એ લોકોને. આહા..હા..! પણ સ્વરૂપની શૈલી છે એ. આહા..હા..! પ્રભુ! વસ્તુ તો આ જિનવાણી આ છે આ.

**'બે નયોના બે પક્ષપાત છે જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.'** એકલો જ્ઞાતા તે જ્ઞાતા જ છે .. એવો અનુભવમાં આવવો, એને આત્મપ્રાપ્તિ થઈ એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આ સમ્યગ્દર્શન. અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, નવ તત્ત્વની શ્રદ્ધા કરો, સમ્યગ્દર્શન એ વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને કેટલાક એમ કહે છે કે સોનગઢવાળાએ સમ્યગ્દર્શનને મોંઘું કર્યું. કહો. બાપુ આ તો સ્વરૂપ જ આવું છે, પ્રભુ! ત્રણ લોકના નાથ આમ કહી રહ્યા છે ને. અરે.. પરમાત્મા વિરહ પડ્યા. ભગવાન સીમંધર પ્રભુ તો મહાવિદેહમાં બિરાજે છે. ચાર જ્ઞાન અને ચૌદપૂર્વના વિરહ પડ્યા, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન રહ્યા નહિ. એના ગોટા ઉઠાવ્યા. માર્ગ બાપુ એ નથી ભાઈ! આહા..હા..! આવું સ્વરૂપ છે, બાપુ! એ ૮૮ થઈ. ૮૮ કળશ.

(उपजाति)

एकस्य भातो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।

यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८९।।

‘શ્લોકાર્થ :—જીવ ‘ભાત’ (પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ) છે...’ એમ કહે છે. વાત સાચી. જીવ પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે એવો એનો ગુણ છે. સમજાણું કાંઈ? ૨૦ બોલ આવ્યા ને ૨૦ બોલ. ૧૭૨ ગાથા, પ્રવચનસાર. ૧૭૨ ગાથા. અલિંગગ્રહણ. અલિંગગ્રહણના ૨૦ બોલ. સમજાણું કાંઈ? એનો છઠ્ઠો બોલ. ૨૦ બોલ છે. ઇન્દ્રિયથી જણાય એવો નથી. ઇન્દ્રિયથી જાણનારો નથી. ઇન્દ્રિયથી પ્રત્યક્ષ થાય એવો નથી. બીજાઓ દ્વારા અનુમાનથી જણાય એવો નથી. પોતે એકલો અનુમાન કરે એવો એ નથી. આ પાંચ બોલ થયા. ૨૦ બોલ છે. અલિંગગ્રહણ એના ૨૦ બોલો છે. આહા..હા..! તો છે કેવો? પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આ છઠ્ઠો બોલ છે. એ આ બોલ છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ બોલ છે ૮૯મો. ઓલો ૨૦માં બોલનો છે છઠ્ઠો બોલ. ૧૭૨. બધી વ્યાખ્યા થઈ ગઈ છે. આ તો બધા લખાણ.

જીવ પ્રત્યક્ષ છે. વાત સાચી. એનું સ્વરૂપ જ પ્રત્યક્ષ છે. આહા..હા..! પરોક્ષ રહે એ એનો સ્વભાવ જ નથી. ભગવાન આત્મા રાગ અને મનની અપેક્ષા છોડી દઈ અને પોતાના જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ જણાય એવું એ સ્વરૂપ છે. આહા..હા..! એનો સ્વભાવ અને એનું સ્વરૂપ જ એવું છે.

‘**ભાત (પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ) છે...**’ છે તો એવો, પણ એનો વિકલ્પ જે ઉઠે છે એનો પક્ષ છોડાવે છે. પક્ષ છોડાવે છે એટલે બીજી ચીજ ત્યાં હશે એમ નહિ. કેટલાક એમ કહે છે. આહા..હા..! કાંઈક હશે. આ વેદાંત જેવું. ભગવાને કીધું એમાંથી કાંઈક અનંતુ છે, એટલે એમ કે આ બીજાઓ કહે છે એ માયલુ પણ અંદર હશે. વીતરાગ સર્વજ્ઞદેવે જે કહ્યું હતું એ સિવાય બીજે ક્યાંય સાચું છે જ નહિ. સમજાણું કાંઈ? એમ તો અહીં કહે છે ને જુઓ પ્રત્યક્ષ છે. એ પણ વિકલ્પ છે. ત્યારે પછી વિકલ્પ છોડીને બીજી ચીજ હશે અંદર. એમ નથી. આહા..હા..!

એક જીવનો પક્ષ છે કે પ્રકાશમાન વર્તમાન પ્રત્યક્ષ છે એની ભાત પ્રત્યક્ષ છે. એ રાગરહિત જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ વેદાય એવો જ એ આત્મા છે. આહા..હા..! સમ્યગ્દર્શનના કાળમાં મતિશ્રુતજ્ઞાનથી પ્રત્યક્ષ જણાય એ બીજી ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે.. મૂળ વરને બધી જાન જોડી દીધી. વર સમજાય દુલ્હાને મૂકીને જાન. એમ આત્મા શું ચીજ છે એના અનુભવ વિના સમકિતી . આ બધું જોડી દીધું. આ વ્રત ને આ તપ ને બધા મીંડા છે એકડા વિનાના. આહા..હા..!

**શ્રોતા :-** એમ કરતા કરતા થાય ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ કરતા-કરતા. અહીં તો વિકલ્પ કરતા પણ અનુભવ ન થાય પછી વળી ક્રિયાકાંડના રાગથી આત્મા જણાય એવો વસ્તુનો સ્વભાવ જ નથી ભાઈ! તને આકરું લાગે, શું થાય? વસ્તુની સ્થિતિની જાત જ એવી છે કે પોતે પ્રત્યક્ષ થઈ શકે એવી એ ચીજ છે. આહા..હા..!

પણ અહીં તો કહે છે **'જીવ 'ભાત' (પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ) છે એવો એક નયનો પક્ષ છે...'** નિશ્ચયનયવાળા એક વિકલ્પ ઉઠાવીને આવો પ્રત્યક્ષ થઈ શકું છું, પ્રત્યક્ષ છું, એવો જે વિકલ્પ, રાગનો અંશ છે એને અહીં છોડાવા માગે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એને ક્યાં જાવું પડશે? આહા..હા..! **'અને જીવ 'ભાત' નથી એવો બીજા નયનો પક્ષ છે;...'** એ વ્યવહારનયના પક્ષવાળા. અરૂપી ભગવાન તે કાંઈ પ્રત્યક્ષ થઈ શકે? પ્રત્યક્ષ તો આ રૂપી પદાર્થ પ્રત્યક્ષ થાય. એ અજ્ઞાનીઓનો વ્યવહારનયનો પક્ષ છે એનો તો અમે નિષેધ કરતા આવ્યા છે, પણ આત્મા પ્રત્યક્ષ છે એવો જે નિશ્ચયનો વિકલ્પ છે એને છોડાવીએ છીએ. આહા..હા..! નિશ્ચયનો આશ્રય કરવો એને છોડાવતા નથી, નિશ્ચયના પક્ષમાં વિકલ્પ છે એન છોડાવીએ છીએ એમ કહે છે.

**'જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે. તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે...'** આહા..હા..! શું શ્લોકો મૂક્યા છે ને પણ! એ તો જ્ઞાનપ્રકાશ સ્વરૂપ જ છે. સ્વપરપ્રકાશના સામર્થ્યવાળું તત્ત્વ ચિત્સ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે એમાં આ વિકલ્પનો અવકાશ છે નહિ. આહા..હા..! **'નિરંતર ચિત્સ્વરૂપ જીવ...'** પક્ષપાતથી રહિત થઈ ગયેલો. આહા..હા..! એ **'ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).'** લ્યો! એ ૨૦ શ્લોક કહ્યા ૨૦. ૨૦ થયા ને? ઓલા પણ ૨૦ છે અલિંગગ્રહણના. વિશેષ કહેશે હવે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૧, શનિવાર, તા. ૦૯-૧૦-૧૯૭૬, કળશ-૮૯-૯૦, પ્રવચન નં. ૧૯૬

એ ચૈતન્યસૂર્ય અથવા જિનચંદ્ર એ. વીતરાગી શીતળ સ્વરૂપનો પિંડ છે એ. જિનચંદ્ર છે આત્મા. વીતરાગી ચંદ્ર. એમાં અબદ્ધ છું એવો વિકલ્પ પણ જેમાં નથી. આહા..હા..! બદ્ધ છું એ વિકલ્પનો તો નિષેધ કરતા આવ્યા છે. પણ હું અબદ્ધ છું. છે તો અબદ્ધ.

કોઈપણ વિકલ્પની જાત હોય એનાથી તે એકસ્વરૂપ છે જ નહિ. કેમકે એ તો જ્ઞાનજ્યોત સ્વરૂપ છે. એવા વિકલ્પમાં એકમેક કેમ હોય એ ચીજ? અહીંયાં અબદ્ધના વિકલ્પનો પણ આ નિષેધ કરાવ્યો છે. ઝીણી વાતું છે.

આ લોકોને અત્યારે વાંધા આ. વ્યવહારથી નિશ્ચય થાય. નહિતર એકાંત છે એમ કહે. .. સાંભળ્યું છે કે નહિ? આહા..હા..! તારાચંદજી! વ્યવહારથી નિશ્ચય થાય. અરે.. બાપુ! પ્રભુ! ખબર નથી, ભાઈ! વ્યવહાર તો વિકલ્પ છે, શુભરાગ છે. રાગથી નિશ્ચય થાય એ વસ્તુનું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! આમાં તો એ બધી વાત છે. અબદ્ધસ્વરૂપ. છે તો અબદ્ધસ્વરૂપ જ. જ્ઞાયકસ્વભાવભાવ જિનચંદ્ર વીતરાગી શીતળ સ્વરૂપ, વીતરાગી શીતળ અકષાય સ્વરૂપ. એ છે તો અબદ્ધ, પણ એનો વિકલ્પ છે તે છોડવા જેવો છે. આહા..હા..! તો એ આત્મા પ્રાપ્ત થાય એમ કહે છે.

એમ '**મૂઢ અમૂઢ,...**' આવી ગયું છે આ બધા આપણે. ' **રાગી અરાગી, દ્વેષી અદ્વેષી, કર્તા અકર્તા, ભોક્તા અભોક્તા, જીવ અજીવ, સૂક્ષ્મ સ્થૂલ, કારણ અકારણ,...**' એમાં એક વાત રહી ગઈ હતી ખરેખર. આત્માનો સ્વભાવ એનો ગુણ અકારણકાર્ય છે. આત્માનો સ્વભાવ જ અકાર્યકારણ છે. એ રાગનું કાર્ય નથી અને રાગનું કારણ પણ નથી. આહા..હા..! આ વાત ભારે.

ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશનો પૂર છે એ ચૈતન્યસ્વભાવ, એવો પોતે રાગ છે વ્યવહાર એનું એ કારણ નથી. તેમ વ્યવહારનું એ કાર્ય નથી. એમ કહે છે. અકાર્યકારણ નામનો એનામાં એક ગુણ છે. કાર્ય કારણવખતે નહોતું લેવાણું. સમજાણું કાંઈ? આ ૪૭ શક્તિ છે. ગુણ છે ગુણ. ગુણ એટલે એનું સત્ત્વ, એનો સ્વભાવ, એનો એક સ્વભાવ એવો છે કે અકાર્યકાર્ય છે. આહા..હા..! કે જે વ્યવહારનો જે રાગ છે એનું એ સ્વરૂપ પોતે ભગવાન કારણ નથી. તેમ રાગનું કાર્ય નથી. આહા..હા..! એ તો સ્વરૂપનું કારણ અને સ્વરૂપનું કાર્ય છે. ઝીણું પડે એથી માણસને એકાંત કરીને ઉડાવી દીધું. આહા..હા..!

જ્ઞાનમતિ છે ને એ પણ એકાંત છે એમ કહે છે. આ દિલ્હીમાં નથી કામ કરતા એ. એમ કે આ ક્રિયા વ્યવહાર કરીએ છીએ એનાથી થાવું એ પણ અનેકાંત. પ્રભુ! એ તો એકાંત એ તો એકાંત છે. અહીં તો અકારણકાર્ય કહ્યું છે ને આત્મામાં. આહા..હા..! એની શક્તિ ને એનો સ્વભાવ, એનું સ્વરૂપ જ નિમિત્ત એવો જે વ્યવહાર એના કારણ તરીકે આત્મા છે નહિ, તેમ તેનાથી કાર્ય થાય એ આત્મા નથી. આહા..હા..! દેવીલાલજી! આવું છે ઝીણું બાપુ પણ એને નક્કી કરવું પડશે ને ભાઈ! અરેરે.. દુઃખી ચોર્યાસીના અવતારમાં.

જુઓને આ હાર્ટફેઈલ થાય છે. હાર્ટફેઈલ કહે છે ને શું કહે? આ ગીરધરભાઈ ગુજરી ગયા. એવો તો ઘણા હમણા આ અમરચંદભાઈને છે. એ છોકરો આવ્યો નથી. ઘણા છે. એ વાત નથી એ તો પરચીજ છે. એટલે છૂટી જ જાય. છૂટેલી જ છે. પણ એક ક્ષેત્રમાં

છે એ છૂટેલી જ છે. રાગ ને શરીર ને કર્મથી ભગવાન ચૈતન્ય સત્ત્વ વસ્તુ પદાર્થ છે એ આત્મ તત્ત્વ એ વ્યવહારનો રાગ, શરીર, કર્મથી તો છુટું જ તત્ત્વ છે એ. આહા..હા..! નાળિયેરનો જેમ ગોળો ખખડતો જેમ હોય ને ભિન્ન? કાચલીથી છૂટો પડે ત્યારે.. કાચલી કહે છે શું કહે છે? ટોપકું. આહા..હા..!

વસ્તુ છે ને. અને તે અકૃત્રિમ અણકરાયેલી સહજસ્વરૂપ છે. એવો જે ભગવાન જ્ઞાયકભાવ એ એમાં એવી એક શક્તિ છે, એનો એક ગુણ છે અથવા એ દ્રવ્યનો એ સામર્થ્ય છે, એ વસ્તુનું એ સામર્થ્ય છે કે રાગનું કારણ ન થાય અને રાગનું કાર્ય ન થાય. આહા..હા..! હવે આ. દેવીલાલજી! ૪૭ શક્તિમાં છે અકાર્યકારણ. ૧૪મી છે. ૧૪મી. છે ને ૧૪મી. અકાર્યકારણ શક્તિ. જીવતર, ચિતી, દશી, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સ્વરૂપદર્શી, સર્વજ્ઞ, સ્વચ્છ, પ્રકાશ, અસંકોચ વિકાસ અકાર્ય કારણ પરિણમ પરિણામી. અકાર્યકારણની ચૌદમી શક્તિ છે. આહા..હા..!

આત્મવસ્તુ છે એનો પોતાનો ગુણ જ એવો છે કે રાગનું કારણ ન થાય અને રાગથી કાર્ય ન થાય. આહા..હા..! સવારે એક ભાઈ હતા વયા ગયા? બેઠા હતા ને સવારે. હિન્દુસ્તાન. .. કર્યું. ગયા લાગે છે. ગયા લાગે છે. નથી લાગતા. એમ કે આજે હિન્દી કરો. ... ગુજરાતી સાદી ભાષા, બહુ એવી કાંઈ તારાચંદજી! તમે તો બહુ વાંચો છો ત્યાં ગુજરાતી. આ તો સાદી વાત છે ને પ્રભુ. પદાર્થ છે કે નહિ? ચૈતન્ય તત્ત્વ પદાર્થ છે કે નહિ? અને એ વસ્તુને પરપદાર્થની સાથે કાંઈ સંબંધ નથી. પરપદાર્થ સ્વપદાર્થના અસ્તિત્વમાં ભલે એ વિકલ્પ હોય, એ પણ શુભવિકલ્પ હોય એ પુણ્યતત્ત્વ છે, પણ ભગવાન તો જ્ઞાયકતત્ત્વ છે. આહા..હા..! એવા પુણ્યતત્ત્વથી જ્ઞાયકતત્ત્વની પ્રાપ્તિ થાય એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? અકાર્યકારણમાં આવ્યું હતું ને. આહા..હા..! શાંતિથી કામ છે આ તો બાપા. આ કાંઈ મોટી પંડિતાઈને.. આહા..હા..!

ભગવાન! તું કોણ છો? ક્યાં છો? કે હું તો એક જ્ઞાયકભાવસ્વરૂપી આત્મા છું. અનાદિ અનંત નિત્યાનંદ પ્રભુ એમાં કારણ સંસારના કોઈપણ પદાર્થનું કારણ થવું એ આત્મામાં છે જ નહિ. આહા..હા..! એમ સંસારમાં કોઈપણ પદાર્થ રાગાદિ, સંહનન આદિ જીવને એનાથી કાર્ય થાય કેવળજ્ઞાનનું કે સમ્યગ્દર્શનનું. એ છે નહિ. આવી વાત છે. અને આ જાતનું સાહિત્ય છે, સાહિત્યમાં આ વાત આવે છે. પણ એ સાહિત્ય લોકોને.. એને એકાંત લાગે છે. પ્રભુ પણ એકાંત જ છે, ભાઈ! આહા..હા..! તારા સ્વરૂપમાં પૂર્ણાનંદનું અસ્તિત્વ છે અને રાગાદિનો તો એમાં અભાવ છે. અભાવસ્વભાવરૂપ એ વસ્તુ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? વાત તો આવી છે. લોકોને સાંભળવા મળે નહિ એટલે બિચારા ક્યાં જાય? શું થાય? આહા..હા..!

**શ્રોતા :-** આત્મા અરૂપીનું કારણ રૂપીથી કેમ બને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રૂપીનું કારણ એ બને? અને રૂપીનું કાર્ય એ બને? વ્યવહારનો

વિકલ્પ જે દયા, દાન, વ્રત, દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા કે પંચમહાવ્રતના પરિણામ એ તો વિકલ્પ રાગ છે, અચેતન છે, અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એમાં જ્ઞાન નથી. આહા..હા..! પણ આ પ્રભુ તો ચૈતન્યરસ, જ્ઞાયકરસ, ચૈતન્યના પ્રકાશનું પૂર છે એ તો. આહા..હા..! ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અનાદિ અનંત એવું તત્ત્વ એ તો. એ તત્ત્વમાં કારણકાર્ય કાંઈ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

આ કારણકાર્યનો શ્લોક આવી ગયો છે. કોઈ કહે છે કે જીવ કારણ છે રાગનું. એ વાત તો ખોટી છે. એ વિકલ્પ તો વ્યવહારનો ખોટો છે, પણ કોઈ કહે કે ભાઈ રાગનું કારણ નથી. એ વાત સાચી છે. પણ એ વિકલ્પ ઉઠે કે રાગનું કારણ નથી એવી વૃત્તિ ઉઠે છે એ સ્વરૂપમાં નથી. કહો, સમજાય છે કાંઈ? આવું છે, બાપુ! ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ, પરમેશ્વર વીતરાગ તો આમ ફરમાવે છે. હવે એનાથી...

'**કાર્ય અકાર્ય,...**' છે ને? પાછું આવ્યું ને? '**કારણ અકારણ, કાર્ય અકાર્ય,...**' એક કહે છે કે રાગનું કાર્ય છે, એક કહે છે એ તો વ્યવહારથી, પણ રાગનું કાર્ય નથી એવો પણ એક વિકલ્પ છે એ એનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**ભાવ અભાવ...**' આવી ગઈ છે બધી વાત. '**એક અનેક, સાન્ત અનન્ત, નિત્ય અનિત્ય, વાચ્ય અવાચ્ય, નાના અનાના, ચેત્ય અચેત્ય, દૃશ્ય અદૃશ્ય, વેદ્ય અવેદ્ય, ભાત અભાત ઈત્યાદિ નયોના પક્ષપાત છે.**' આહા..હા..!

'**જે પુરુષ નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવક્ષાપૂર્વક...**' યથાયોગ્ય-જેવી રીતે કહેવા માગે તે રીતે '**તત્ત્વનો-વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે...**' આહા..હા..! '**તે પુરુષને ચિત્સ્વરૂપ જીવનો ચિત્સ્વરૂપે અનુભવ થાય છે.**' એ તો જ્ઞાનસ્વરૂપમાં તન્મય થાય છે, જે રાગમાં તન્મય અનાદિથી માને છે. છે નહિ. એ રાગથી ભિન્ન પડી અને ચૈતન્યની પર્યાય નિર્મળ એ ચૈતન્યના સ્વભાવમાં તન્મય થાય છે, એકમેક થાય છે. જેમ જુદી પડી ગઈ છે પર્યાય, રાગમાં એકત્વ થઈ છે અનાદિથી એ ચૈતન્યની પર્યાય જ્ઞાયકમાં એકમેક થાય છે. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..! આ વાત છે.

હવે આ વસ્તુની ખબર પણ ન મળે કે કઈ વિધિએ સમ્યગ્દર્શન થાય? અને એ સમ્યગ્દર્શન હોય તો શું હોય? હવે એ ખબર નહિ ને એમાં વ્રત ને તપ ને અપવાસ કરે એમાં માને કે મને ધર્મ છે. સ્વતંત્ર બાપુ! એરેરે..! ચોર્યાસીના અવતારમાંથી નીકળીને પરમપદની પ્રાપ્તિ કરવી એ અલૌકિક વાત છે. દુનિયા ભલે રાજી થાય બહારથી, પણ એ નહિ મળે આત્મા. સમજાણું કાંઈ? આહા..હા..! '**ચિત્સ્વરૂપ જીવનો ચિત્સ્વરૂપે...**' એ તો જ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાનસ્વરૂપે જ અનુભવાય. એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ આત્મા. આહા..હા..! આવી વાત છે.

**'જીવમાં અનેક સાધારણ ધર્મો છે...'** શું કહે છે? ભગવાન આત્મામાં બીજા દ્રવ્યોમાં છે એવા પણ પોતામાં સાધારણ ધર્મ છે. કોણ? અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ એ બધા સાધારણ ધર્મ. સાધારણ એટલે? પોતામાં પણ છે અને પરમાં પણ છે. સમજાય છે કાંઈ? **'જીવમાં અનેક સાધારણ ધર્મો છે...'** સાધારણ સમજાણું? છ નથી સાધારણ આવતા? અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ, અગુરુલઘુત્વ એવા અનંત છે હોં. છ તો સામાન્ય રીતે વર્ણવ્યા છે. પણ આત્મામાં અસાધારણ સાધારણ ધર્મો પણ અનંત છે કે જે પોતામાં પણ છે, પરમાણુમા પણ છે, આકાશમાં પણ છે. એવા અનંતધર્મો છે.

**'પરંતુ ચિત્સ્વભાવ તેનો પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે...'** ચિત્સ્વભાવ, જ્ઞાનસ્વભાવ, જાણકસ્વભાવ-જાણકસ્વભાવ તેનો એટલે ભગવાન આત્માનો પ્રગટ અનુભવગમ્ય અસાધારણ છે કે એ ચૈતન્ય સ્વભાવથી બીજામાં છે નહિ. પોતાનો જે ચૈતન્યસ્વભાવ એ બીજામાં નથી. પોતાનું અસ્તિત્વ છે એ અસ્તિત્વ બીજામાં છે, પણ આ ચૈતન્યધર્મ છે અસાધારણ છે. આહા..હા..!

**'તેને પ્રગટ અનુભવગોચર...'** એટલે કે અનુભવમાં આવી શકે એવો. આહા..હા..! વિકલ્પાદિ છે એ બધો અંધકાર છે. એમાં ચૈતન્યના સ્વભાવનો અભાવ છે. એ ચૈતન્યના સ્વભાવને પ્રાપ્ત કરાવે અંધારું પ્રકાશને એમ કેમ બને? આહા..હા..! ઝીણી વાત બહુ ભાઈ! આહા..હા..! વ્યવહારના જે વિકલ્પો છે, વ્યવહાર શ્રદ્ધા, નવતત્ત્વની, દેવ-ગુરુની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું પરલક્ષીજ્ઞાન એ બધા વિકલ્પો છે, એ તો શુભરાગ છે. એ રાગ આત્માની પ્રાપ્તિ કરાવે. જેમાં હજી ચીજ નથી એ ચીજ એને પ્રાપ્તિ કરાવે છે. અમરચંદભાઈ! આવી વાતું છે. આહા..હા..! આ તો શાંતિનો માર્ગ છે, ભાઈ!

જીવમાં અનેક બીજાના ધર્મો શક્તિઓ છે એવી શક્તિ પણ આત્મામાં અનંત છે. પરંતુ ચિત્સ્વભાવ એ અસાધારણ પોતામાં જ છે, બીજામાં છે નહિ. એ પ્રગટ અનુભવગમ્ય છે. એ જ્ઞાનગમ્ય ચૈતન્ય સ્વભાવ છે. આહા..હા..! એ રાગ ભિન્ન અને વ્યવહારભિન્ન છે નહિ. આહા..હા..! **'તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે.'** અસાધારણ જેનો સ્વભાવ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ભલે અરૂપી છે. અરૂપી છે તો ધર્માસ્તિ આદિ પણ અરૂપી છે. પણ અરૂપી વસ્તુ છે કે નહિ? છ દ્રવ્યમાં પાંચ તો અરૂપી છે. એ પુદ્‌ગલરૂપી છે. છ દ્રવ્ય ભગવાને કહ્યા, એમાં જીવ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ પાંચ તો અરૂપી છે. અને પુદ્‌ગલ આ પરમાણુ વર્ણ, રંગ, ગંધ આદિ બધા એ એક રૂપી છે, એક મૂર્ત છે.

તો કહે છે એનું સ્વરૂપ જે છે પરમાર્થ એ તો જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનસ્વરૂપ... જ્ઞાન એટલે આ ..નું જ્ઞાન એ જ્ઞાન નહિ. આહા..હા..! એનો સ્વભાવ જ જ્ઞાન છે. જેમ સાકરનો સ્વભાવ મીઠો એમ ભગવાન આત્માનો સ્વભાવ જ જ્ઞાનસ્વભાવ... જ્ઞાનસ્વરૂપ જ

છે એ. એને અસાધારણધર્મને મુખ્ય કરીને એને જીવનો સ્વભાવ કર્યો છે. આહા..હા..!

**'ઉપરના ૨૦ કળશના કથનને હવે સમેટે છે :—'** ૯૦. ૯૦ ને?

(वसन्ततिलका)

**स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-**
**मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।**
**अन्तर्बहिः समरसैकरसस्वभावं**
**स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्।।९०।।**

આહા..હા..! દિગંબર સંતોએ તત્ત્વને ઘણું જ સહેલું કરીને બતાવ્યું છે. સાદીભાષામાં સહેલું. ભાઈ! કહે છે...

**'શ્લોકાર્થ :—એ પ્રમાણે...'** **'स्वेच्छा-समुच्छलद्-अनल्प-विकल्प-जालाम्'** **'જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે...'** સ્વભાવમાં નથી એમ કહેવું છે. આહા..હા..! હું શુદ્ધ છું, અબદ્ધ છું, એક છું, પવિત્ર છું, પૂર્ણ છું એવા અનેક પ્રકારની લાગણીઓ, વૃત્તિઓ ઊઠે છે એ આપોઆપ ઊઠે એટલે કાંઈ સ્વભાવમાં નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિકલ્પની જાણ એ ગુણ નથી આત્માનો કે એમાંથી ઉત્પન્ન થાય. આહા..હા..! આવું ઝીણું તત્ત્વ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હો. તિર્યંચ છે અંતર્મુહૂર્ત નાનું શરીર હોય .. આત્મા છે ને. આહા..હા..! અસંખ્ય તિર્યંચો સમકિતી છે અઢીદ્વીપ બહાર. હજાર-હાજર યોજનના મચ્છ અને બંદર-બંદર બંદર સમજો છો? વાંદરા, સિંહ, વાઘ, હાથી, નાગ, નોર, ... અસંખ્ય સમકિતી છે અઢીદ્વીપ બહાર. આત્મા છે ને. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શાસ્ત્ર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શાસ્ત્ર-બાસ્ત્ર આત્મા ભણ્યા એ બધું ભણ્યા. ચૈતન્યસ્વરૂપ. આહા..હા..! એ વિકલ્પથી ભિન્ન પડીને ચૈતન્યમાં ઊંડે અંદર ગયા, ઉતરી ગયા બધું જાણ્યું એણે. આહા..હા..! પાંચમા ગુણસ્થાનવાળા અસંખ્ય પડ્યા છે પશુ. સિંહ, વાઘ હોં મોટા સિંહ. કેસરી સિંહ. અસંખ્ય બહાર છે. ફુલચંદજી! આવી વાત છે. આત્મા છે ને પ્રભુ! આહા..હા..! કોઈને જાતિસ્મરણ થયું છે, કોઈને એક જાતિસ્મરણ થયું નથી અને એને આત્માની જાતિનું સ્મરણ થઈ ગયું છે. આહા..હા..! એમાં પૂર્વે સાંભળેલું હોય સંતો પાસે એનો કાંઈ અનુભવ ન કર્યો હોય અને ઊપજી ગયા પશુમાં અને એકદમ અંદરમાંથી.. આહા..હા..!

કેટલાક તો મચ્છ તીર્થંકરની પ્રતિમા જેવા હોય છે અંદર. પ્રતિમા એવા મચ્છ હોં. મચ્છનું શરીર એવું હોય છે. એમાં એની દેખીને અંદરથી... આહા..હા..! અરે.. હું પણ પરમાત્મા છું. એ તીર્થંકરના જેવું પ્રતિમા જેવા મચ્છના શરીર હોય છે. અઢીદ્વીપ બહાર. દેખાય એવા.

એને દેખીને અંદરમાંથી. પૂર્વે સાંભળ્યું તો હતું .. જ્ઞાની પાસેથી. એકદમ અંદરમાં ઓહો..! હું તો એ ચૈતન્ય જ્યોતિ, ઝળહળ જ્યોતિ જ્ઞાયકભાવ. એ સિવાય હું કાંઈ ચીજ છું નહિ. આહા..હા..! વિકલ્પાદિ છે એ મારા સ્વભાવમાં અભાવસ્વરૂપે છે. આહા..હા..! ભાવસ્વરૂપે તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ તે હું છું. આખા લોકાલોક અને વિકલ્પથી માંડીને એને હું અડ્યો જ નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખોરાક તો સાદો હોય. માંસ નહિ. ફળફુલ. હજાર-હજાર યોજનના ડોડા હોય છે સમુદ્રમાં. કમળ. એ તો વીતરાગ પરમાત્માએ કહ્યું છે. હજાર-હાજર યોજનના કમળ થાય છે કમળ મોટા. એક હજાર યોજન હોં. ... એ કમળ ખાય. વનસ્પતિ એકેન્દ્રિય. સિંહ હોય એ પછી માંસ ન ખાય. આત્મજ્ઞાન થયા પછી એને ખોરાક એકેન્દ્રિયનો હોય. આહા..હા..! અને લાખો વર્ષ રહે. એ કમળ અને ફૂલના ફૂલ એવા હોય છે એનો ખોરાક લે છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

પૂજ્ય ગુરુદેવશ્ર :- શું કીધું?

**શ્રોતા :-** ભાવનો ફેર

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવનો ફેર કાંઈ નહિ. ભાવ ફેર થયો ત્યાં બધું ફરી ગયું. કાળ પણ ડગતો નથી. ત્યાં કાળ છે જ ક્યાં આત્મામાં. પંચમકાળ કે ચોથો કાળ એ તો બાહ્યચીજ છે. ભગવાન તો ત્રિકાળ સ્વરૂપ છે. આહા..હા..! અરે.. એની એક સમયની પર્યાય છે એને પણ ભગવાન પરકાળ કહે છે. ત્રિકાળી વસ્તુ છે તેને સ્વકાળ કહે છે.

કળશમાં આવે છે. ૨૫૨. ૨૫૨ ને? ૨૫૨ કળશ છે ને. ત્રણ કળશ છે. જુઓ. '**સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ,...**' ભગવાન નિર્વિકલ્પ અભેદમાત્ર વસ્તુ તે સ્વદ્રવ્ય. '**સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ.**' વસ્તુના પ્રદેશ નહિ પણ વસ્તુનો પ્રદેશ. અસંખ્ય પ્રદેશ થઈને એ સ્વક્ષેત્ર. આહા..હા..! '**સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળઅવસ્થા...**' ત્રિકાળી હોં. આહા..હા..! '**સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ; પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદકલ્પના.**' આહા..હા..! ભગવાન ચૈતન્યમૂર્તિ એકરૂપ અભેદ એમાં વિકલ્પ ઉઠાવવો કે આ દ્રવ્ય છે અને આ ગુણ છે એવો જે વિકલ્પ તે પરદ્રવ્ય છે. આહા..હા..! ૨૫૨ કળશ છે. રાજમલટીકા. એમાંથી સમયસારનાટક બનારસીદાસે બનાવ્યું છે આમાંથી. માણસને અભ્યાસ નથી. અભ્યાસ કરવો જોઈએ ભાઈ. એનું વાંચન કરવું જોઈએ, સ્વાધ્યાય કરવો. આહા..હા..! એમ ને એમ. આહા..હા..! સંતોએ તો...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હો. પણ એને... પણ જેને હજી કાંઈ ભાન નથી એને તો ભણવું

જોઈશે કે નહિ? ઘણા શલ્ય પડ્યા છે અંદર. સમજાણું કાંઈ? છતાં એ આગમના અભ્યાસમાં પરલક્ષે આત્મા નહિ પ્રાપ્ત થાય.

અહીં તો કહે છે પરદ્રવ્ય એટલે સવિકલ્પભેદ કલ્નાપ. ભાષા દેખો! ભગવાન આત્મા એકરૂપ અભેદ અનંતગુણનો પિંડ જે છે એ સ્વદ્રવ્ય, અને એમાં વિકલ્પ ઉઠાવવો કે આ ગુણ છે અને ગુણી છે એ વિકલ્પ વૃત્તિ ઉઠાવવી એનું નામ પરદ્રવ્ય ભગવાન અહીં કહે છે. આહા..હા..! **'પરક્ષેત્ર એટલે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદકલ્પનાથી...'** અસંખ્ય પ્રદેશી એકરૂપ વસ્તુ એમાં વિકલ્પ ઉઠાવવો કે આ ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી છે. આહા..હા..! એ પરક્ષેત્ર છે. ઝીણી વાત બાપુ! વીતરાગમાર્ગ બહુ અલૌકિક છે અને એના ફળો અલૌકિક છે. આહા..હા..!

જુઓ **'સ્વકાળ એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા...'** એ ત્રિકાળી વસ્તુ. વસ્તુ જે છે ત્રિકાળી એ સ્વકાળ. ત્રિકાળી નિર્મળ શુદ્ધ હોં વિકલ્પ વિનાની. આહા..હા..! એક સમયની પર્યાય વિનાની ત્રિકાળી વસ્તુ તે એનો સ્વકાળ છે. આહા..હા..! **'તે જ અવસ્થાન્તર-ભેદરૂપ કલ્પનાથી...'** એ પરકાળ છે. એક સમયની પર્યાયનો ભેદ પાડવો.. આહા..હા..! એ પરકાળ છે. ફુલચંદજી આ કોઈ દિ' સાંભળ્યું પણ નહિ હોય ત્યાં પૈસામાં આખો દિ' રળવું. ભાગ્યશાળીને તો આ વસ્તુ કાને પડે એવી વાત બાપા આ તો. ત્રણ લોકના નાથ વીતરાગની વાણી છે. આહા..હા..! તારાચંદજી!

વસ્તુ ત્રિકાળ વસ્તુ ભગવાન આનંદકંદ પ્રભુ એ સ્વકાળ છે. એનો એ સ્વકાળ છે અને એમાંથી એક સમયની પર્યાય અવસ્થાંતર ભેદ લક્ષમાં લેવો એ પરકાળ છે. એ પરકાળની સ્વકાળમાં નાસ્તિ છે. આહા..હા..! તો બીજા કાળની તો વાત શું કરવી? પાંચમો આરો અને છઠ્ઠો આરો એ ઉપરથી વાત. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! સર્વજ્ઞ ત્રિલોકનાથ દિગંબર સંત કહે છે એ જિનવર પરમાત્માનું કહેલું કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રભુ તું કોણ છો? ક્યાં છો?

વસ્તુ છે એ પદાર્થ છે એ ત્રિકાળ છે ધ્રુવ છે આહા..હા..! એને સ્વકાળ કહી અને એક સમયની પર્યાય જે છે ભેદરૂપ થઈ એને પરકાળ કહી અને એને ઉડાવી દઈને સ્વકાળમાં દૃષ્ટિ કર. આહા..હા..! અમરચંદજી! આવી વાત છે. આ તો હજી આ વ્યવહાર કરીએ એમાં થાય. પણ અહીં તો તારો પર્યાય જે છે વર્તમાન, રાગ વિનાનો પર્યાય જે છે એ પણ પરકાળ કહીને સ્વકાળમાં નથી. આહા..હા..! આવી વાત! પ્રભુ તારી બહિલાહી છે, ભાઈ! તું કોણ છો? તને ખબર નથી. અને એ સમ્યગ્દર્શનમાં તો ત્રિકાળી ચીજ છે તેની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે. વર્તમાનકાળ છે તે પરકાળ ગણીને તેનો નિષેધ કરી નાખે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચાર બોલ ઉતાર્યા. ૨૫૨ શ્લોક છે. આમાં છે આપણે. આમાં સાધારણ ઉતાર્યું છે. આ ટીકામાં બહુ છે. અને એમાંથી જ બનારસીદાસે સમયસાર નાટક આમાંથી

કાઢ્યું. રાજમલ ટીકા. આહા..હા..!

અરેરે.. હવે એ બનારસીદાસ અને ટોડરમલ જે નિશ્ચયની વાત કરી છે એથી વળી એને એમ થયું છે. અરે.. પ્રભુ શું કરે છે તું આ? લલીતપુરમાં પંડિતો ભેગા થયા બધા. એય.. ટોડરમલ અને બનારસીદાસ અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા હતા. અરેરે.. પ્રભુ શું કરે છે તું આ? તને ન બેસે એથી આમ ન કર ભાઈ! આહા..હા..! એ ટોડરમલ ને.. છાપામાં આવ્યું હતું. આ હતા ને ત્યાં? આને માર્યા હતા ને. ... શું કરે બિચારા? એના પ્રત્યે દ્વેષ કરવા જેવો નથી. ... એ ભગવાન છે, પરમાત્મા છે. વસ્તુ છે એ તો સાધર્મી દ્રવ્ય છે, પર્યાયમાં ફેર છે એ. આહા..હા..! સમજાય છે કાંઈ? એને અને આત્માને શું સંબંધ છે? પરની સાથે શું સંબંધ? આહા..હા..! ચાહે તેમ કહો, બોલે એ ભાષા પર છે. પરની સાથે આત્માને કાંઈ સંબંધ છે જ નહિ. આહા..હા..! અહીં તો પરકાળ સંબંધ.. આહા..હા..! વીતરાગીવાણી આ છે, ભાઈ! લોકોએ બહારને સ્થૂળ ગણ્યું. આ દયા પાળો, વ્રત કરો ને અપવાસ કરો. એ હો, ભલે એ છે. એ શુભભાવ છે. તે ધર્મ નથી. આહા..હા..! એ અહીં કહે છે.

**'એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે...'** શું કહે છે? ભગવાન તો જ્ઞાન અને આનંદ સ્વરૂપ પ્રભુ છે. એમાંથી આ અબદ્ધ ને શુદ્ધને એક ને એવી વૃત્તિ ઉઠએ છે એ આપોઆપ એટલે સ્વરૂપમાં નથી, એનામાં ગુણમાં નથી, એની શક્તિમાં નથી. આહા..હા..! ખરેખર તો એનો સ્વપર્યાય એ નિર્મળ છે એમાંથી વિકલ્પ ઉઠતો નથી. અદ્ધરથી ઊઠે છે કહે છે. એમ કહે છે. આહા..હા..!

**'બહુ વિકલ્પોની જાળો...'** એ જાળ છે કહે છે. આહા..હા..! એ જાળમાં ઘુંચાઈ જાય છે. પ્રભુ તો નિર્વિકલ્પ ચીજ છે ને. આ વિકલ્પની જાળ **'આપોઆપ ઊઠે છે એવી મોટી નયપક્ષકક્ષા...'** નયના પક્ષની ભૂમિ. એમ કહે છે સમજ્યા? હું અબદ્ધ છું ને એક છું ને શુદ્ધ છું ને એવો એક નયપક્ષનો ભૂમિકા. નયપક્ષની ભૂમિકા. જ્ઞાનના અંશના પક્ષની ભૂમિકા છે. એ ચૈતન્યની નિર્મળ ભૂમિકા નહિ. આહા..હા..! આવી વાત એટલે માણસને એવું લાગે. શાંતિભાઈ! આહા..હા..!

**શ્રોતા :-**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાતે પૂછયું હતું કે આવે છે ને બૈરા? કહે આવ્યા છે. છોકરા પણ આવવાના છે. એના ઓલા પંકજને પ્રેમ છે બહુ. છે જુવાન પણ એના ઘરમાં એ વધારે છે. એય..! પંકજ છે. આમ તો મોટા વેપારી છે. .. એ છોકરો ભક્તિ કરે છે. આ રસ ઘણો છે. પંકજ છે જુવાન છે પરણેલ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ લોકોને છે પણ પંકજને ઘણો. જુવાન છે છતાં આ રસ.

ઊંચી વાત સાંભળીને એને બહુ લાગ્યુ કે આહા..! આવો માર્ગ! આત્મા છે ને બાપુ! આઠ વર્ષનો બાળક કેવળજ્ઞાન પામે. એ આત્મા . એને અવસ્થા ક્યાં નડે છે? પરકાળ ક્યાં નડે છે? આહા..હા..!

ઓલામાં દાખલો આપ્યો છે ને એક? સમ્યગ્જ્ઞાન દિપીકામાં. એક દીકરો હતો એ દીકરો પરગામમાં ગયો પરદેશ. પરદેશ ગયો. પછી અહીં ઘણા વર્ષ થયા પરદેશ જતાં. એટલે એનો જે બાપ હતો છોકરાનો. એને કહ્યું કે અરેરે..! વહુ તો રાંડી. પણ ધણી તો છે. પણ અહીં નહિ ને એટલે કે વહુ રાંડી. એ કાગળ લખ્યો એના છોકરા ઉપર. કે ભાઈ તારી વહુ રાંડી છે. સમ્યગ્જ્ઞાન દિપીકામાં છે. આ ધર્મદાસ ક્ષુલ્લક. હમણા પ્રકાશ થઈ છે ને ઓલી જ્ઞાનપંચ.. એ તો ક્ષુલ્લકનું કથન છે. એ તો દાખલો આપે છે. .. એમ કહીને એ પણ એક અંશ દૃષ્ટાંત લેવા માટે. એને ઠેકાણે એ હો..હો.. કરી નાખ્યું બધું. અરે.. ભગવાન! એ સોનગઢનું ક્યાં છે એ તો ધર્મદાસ ક્ષુલ્લક બ્રહ્મચારી, જ્ઞાની હતા, ધર્માત્મા હતા. એ ૪૮માં ગુજરી ગયા, ૪૬માં એ પુસ્તક બનાવ્યું છે. સમજાણું? એ પુસ્તક તો મેં ૭૮ની સાલમાં વાંચ્યું. ૫૪ વર્ષ થયા. ભલે એમાં હતા પણ મારી તો લાઈન આ હતી ને? ૫૪ વર્ષ પહેલાં ૭૮ની સાલ સમ્યગ્જ્ઞાન દિપીકા ગામ બહાર જઈ નદીને કાંટે એકલા.. ખાલી નદી પાણી વિનાની. સવારમાં એકલા જઈને વાંચતો હતો બહાર. ૭૮ની વાત છે. હવે એમાં આ વાંધા ઉઠાવ્યા બધા. આહા..હા..!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એવો થઈ ગયો બાપા. ભાઈ! માર્ગ આવો છે, બાપુ! આહા..હા..!

અહીં તો કહે છે.. ત્યાં કીધું એ છોકરો આવ્યો પાછો અહીં ઘરે. બધા રોવું જોઈએ ને ભેગા થઈને? સનાન કાઢવું જોઈએ ને? બધા એ રોવે. એ પણ રોવા માંડ્યો ભેગો. બીજા કહે કે પણ કોણ છે આ તે? આપણે રિવાજ એવો છે ને વ્હાલામાં વ્હાલું હોય એ પાછળ રોવે. છેલ્લો રોવે. એવો ..રિવાજ. ઘરનો માણસ હોય, બાપ હોય, મોટો દિકરો હોય. એ બધા રોવે એ પણ રોવે. એટલે બધા રોવાનું બંધ થઈ ગયા એટલે આ રોવે. છે કોણ આ તે? કોણ છો ભાઈ તમે? કહે આ મારી વહુ રાંડી એ હું છું. પણ તમે બેઠા છો ને? પણ મારા દાદાની ચિઠ્ઠી આવી છે. બાપાની ચિઠ્ઠી આવી છે કે તારી વહુ રાંડી છે. એમ અહીં ચિઠ્ઠી દાદાની આવી છે જ્ઞાનાવરણીથી જ્ઞાન રોકાઈ ગયું છે. એય..! દાદાની ચિઠ્ઠીમાં લખ્યું છે આમ. જ્ઞાનાવરણીય કર્મ.. અરે.. સાંભળને હવે. એલા તું જીવતો જ્યોત બેઠો છો અને જ્ઞાનાવરણી તને રોકે? ફુલચંદજી! એ દાખલો આપ્યો હતો. સમ્યગ્જ્ઞાન દિપીકામાં ધર્મદાસ ક્ષુલ્લકે. બહુ જબ્બર ધર્મદાસ. એ વાંચેને તો કાંઈક આ બહાને ખોટું નીકળ્યું એનું. પછી સોનગઢવાળાને કહે નીકળ્યું હતું એનું. હજી દિગંબરનો ગ્રંથ છે એની પણ ખબર નથી. એ બહાને વાંચે ને. તો એને ક્યાંક મળે, સાચી સત્ય વાત. આહા..હા..!

અરે.. અમે તો ભાઈ ઘાત થઈ ગયો મારા આત્માનો. એને લઈને કર્મને લઈને. ભાઈ પણ તમે બિરાજો છો અંદર ચૈતન્ય વસ્તુ છે ને. છે એમાં ક્યાંથી ઘાત થઈ ગયો? પણ આ લખ્યું છે ને દાદાની ચિઠ્ઠીમાં. ગોમ્મટસારમાં લખ્યું છે ઘાતિકર્મ. પણ કર્મ તો જડ છે એ ઘાત કરે શું? એ તો તારી હિણીદશા પર્યાયમાં કર, દ્રવ્યમાં તો કાંઈ છે જ નહિ. દ્રવ્યમાં તો પરિપૂર્ણ ભગવાન દ્રવ્યને .. પરિપૂર્ણ બિરાજે છે. પર્યાયમાં હિણી દશા તું કરે છો ત્યારે ઘાતિકર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આવી વાત છે. અહીં તો પર્યાયબુદ્ધિ ઉડાવી દેવી છે. હીણી કરવાની દશા એ પર્યાય છે એ ઉડાવી દેવી છે. દ્રવ્યમાં તો ઘાત છે જ નહિ કાંઈ એમ કહેવું છે. સમજાણું કાંઈ?

ભગવાન દ્રવ્ય અને અનંતગુણથી બિરાજમાન શાશ્વત .. મૂર્તિ છે. આહા..હા..! શાશ્વત ચૈતન્ય વજની મૂર્તિ. એમાં તો પર્યાયનો અભાવ છે ત્યાં હીણીનો ઘાત કરે એ વસ્તુમાં ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? એમાં લખ્યું છે હોં એ. પણ આ મારા દાદાએ લખ્યું છે આ ચિઠ્ઠી. પણ તું બેઠો છો અને તારા દાદાએ તારી વહુ રાંડી એ ક્યાંથી પણ લાવ્યો તું? આહા..હા..! એમ ભગવાન ચૈતન્ય જ્યોત બિરાજે છે અંદર પૂર્ણાનંદ શક્તિ પ્રગટરૂપ વસ્તુ છે એ. આહા..હા..! એને એમ કે હું હણાઈ ગયો. ભગવાને એમ કીધું છે કર્મે હણ્યો. બાપા! એમ નથી ભાઈ! એ તો પર્યાયમાં તારી દશા હીણી તે કરી એ દશાને તો અહીં .. દેવી છે. વસ્તુમાં હીણીપણું છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાતું ભાઈ!

ભાઈ! હીણી તો દશા તે કરી પર્યાયમાં, ત્યારે ઘાતિકર્મને નિમિત્ત કહીએ. એ પરદ્રવ્ય શું કરે તને? પરદ્રવ્ય તો અડતું પણ નથી અને પર્યાય છે એ આત્માની એ કર્મને અડતી નથી. કેમકે ભિન્ન-ભિન્ન દ્રવ્ય છે એને અડે કોણ? આહા..હા..! તો અહીંયાં તો હીણી દશા તે કરી એ પણ પરદ્રવ્ય છે નિશ્ચયથી. આહા..હા..! પરકાળ કહ્યો ને? આહા..હા..! વસ્તુ તારી પ્રભુ પડી છે એમાં ઘાત કેવા? હીણપ કેવી? ઓછપ કેવી? આહા..હા..! સુકનલાલજી! આ સુકન કહેવાય છે બધા આત્માના. આહા..હા..! એ અહીં કહે છે.

એ '**નયકક્ષાને...**' .. આત્મામાં કેવી કહે છે. શું કહ્યું સમજાણું? બદ્ધ છું, મૂઢ છું એ તો કાઢી નાખ્યું, પણ અબદ્ધ છું, શુદ્ધ છું, અભેદ છું, એક છું એવો જે વિકલ્પ તે નયપક્ષની દશા છે એ તારા સ્વરૂપમાં નથી. આહા..હા..! ચૈતન્ય ભૂમિ ભગવાન, જેમાં અતીન્દ્રિય આનંદના દળ પડ્યા છે. અતીન્દ્રિય શાંતિ... શાંતિ... શાંતિ... વીતરાગતા અનંત વીતરાગતા જેમાં પડી છે. એમાં આ નયપક્ષની ભૂમિકાનો તો એમાં અભાવ છે. આહા..હા..!

'**ઓળંગી જઈને...**' હવે જોયું એ નયપક્ષીની ભૂમિને ઓળંગી જઈને. છોડ હું આવો છું એવી વૃત્તિને છોડી દે. આહા..હા..! ભગવાન આત્મામાં એ નયપક્ષની ભૂમિકાનો અભાવ છે. આહા..હા..! વ્યવહારનો તો અભાવ છે એ તો સ્થૂળ બીજી વાત છે. આહા..હા..!

શું થાય? માણસને સત્ય મળ્યું નથી એટલે લોકો પરમસત્યને બહાર આવ્યું તો એને નિશ્ચય છે, નિશ્ચયાભાસ છે, એકાંત છે એમ કરી નાખ્યુ બાપા! આહા..! બાપુ! તને સત્યની ખબર નથી. પરમસત્ય વસ્તુ છે એમાં હીણપ કેવી? અને એમાં નયપક્ષની ભૂમિકા કેવી આમાં? આહા..હા..! એનો સ્વભાવ જ એવો છે કહે છે. દૃષ્ટિને દ્રવ્ય ઉપર જોડી દે. આહા..હા..!

દ્રવ્યદૃષ્ટિ. સોગાની દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ. ભાઈને પૂછયું હતું આજે નહિ? દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ વાંચો છે કે નહિ? વાંચ્યું હતું કહે. દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ. ભાઈ! સોગાની. કામ કરી ગયા એ તો. કામ કરી ગયા. લોકોને ન ખબર પડે બહારને. કામ કરી ગયા એ તો. અલ્પકાળમાં કેવળ લેશે. મોક્ષ જશે. એવી એની તાકાત હતી. લોકોને બહારની વાત જ ગોઠે નહિ. અમને આ થયું એ કહેવાનો પણ અમને અવકાશ નથી કહે છે. કોક કહે કે મહારાજને તો કહો. ભાઈ મારો સ્વભાવ એવો નથી. હું મહારાજને કહેવા જાવ કે મને સમકિત થયું છે. આહા..હા..! એમાં આવે છે કે નહિ? દ્રવ્યદૃષ્ટિમાં આવે છે આ બોલ. યાદ ન હોય. પણ છે ને ઓલા ચોપડા આડે આ વાંચ્યો હોય પણ યાદ ન હોય. એમ આવે છે દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં. આહા..હા..!

આવી '**નયપક્ષકક્ષાને (નયપક્ષની ભૂમિને) ઓળંગી જઈને (તત્ત્વવેદી) અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ...**' આહા..હા..! શું કહે છે? એ હું અબદ્ધ છું ને એક છું શુદ્ધ એવો જે વિકલ્પ હતો એ રાગ હતો. એ રાગ આગ દાહ. રાગ અગ્નિ-દાહ. છ ઢાળામાં આવે છે. 'રાગ આગ દાહ દહે સદા, તાતેં સમામૃત સેઈએ.' આહા..હા..! હું એક શુદ્ધ છું, પરિપૂર્ણ છું, અભેદ છું એવો વિકલ્પ પણ રાગ આગ છે. એ 'રાગ આગ દાહ દહે સદા તાતૈ સમામૃત સેઈએ.' છ ઢાળામાં આવે છે. એ અહીં કહે છે જુઓ.

'**ઓળંગી જઈને અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ...**' દેખો! આહા..હા..! અંતર સ્વભાવ તો વીતરાગસ્વરૂપ છે પણ પર્યાયમાં વીતરાગસ્વરૂપ આવી ગયો વિકલ્પ છોડ્યો એટલે. સમરસભાવ આવ્યો. આહા..હા..! શું કહ્યું? ફરીને. કે આવો છું, એવી જે વૃત્તિ ઉઠતી હતી એને છોડી દઈને દૃષ્ટિને દ્રવ્ય ઉપર જોડી દીધી ત્યારે દ્રવ્યમાં તો સમતારસ પડ્યો જ છે વીતરાગભાવ. પણ પર્યાયમાં પણ સમતારસ પ્રગટ થયો. આહા..હા..! છ ઢાળામાં આવે છે. 'રાગ આગ દાહ...' રાગ પછી શુભરાગ એ દાહ છે. એ મહાવ્રતના પરિણામ એ રાગ છે અને આગ છે. લોકોને ક્યાં વીતરાગ માર્ગ શું છે એની ખબર નથી. આહા..હા..! એ આગથી શાંતિ સ્વભાવ પ્રગટ થાય. આહા..હા..!

અહીં કહે છે કે વિકલ્પજાળરૂપી જે અશાંતિ એને છોડી દઈને બાહ્ય અને અભ્યંતર સમરસ. આહા..હા..! અભ્યાંતર ભગવાન તો સમરસરૂપી છે જ, પણ વિકલ્પ છોડીને પર્યાયમાં સમરસ પ્રગટ થયો આ એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..! ભગવાનજીભાઈ! આવી વાતું છે અહીં તો. પાંચ-પચ્ચીસ લાખ, પાંચ-દસ લાખ, પચાસ હજાર ખર્ચે બહારમાં એટલે એને એમ થઈ ગયું કે ધર્મ કરીએ છીએ. આહા..હા..! મંદિર બનાવે બે-પાંચ-દસ.

ધર્મદાસ ક્ષુલ્લકે લખ્યું છે. બે-ચાર મંદિર બનાવ્યા, મેં અપવાસ કર્યા એટલા. ઘણો બધો અહંકાર ચડી ગયેલો મને. એમ લખ્યું છે. ભાઈ! એનો અહંકાર ચડી ગયેલો, પાવર ચડી ગયેલો. અમે આટલા .. કર્યા. પણ એ છોડીને જ્યારે અમે આત્માને જોયો-અનુભવ્યો. ઓહો..! એ અભિમાન બધા ઊડી ગયા. અમે આટલા અપવાસ કર્યા છે, અમે આટલા વ્રત પાળીએ છીએ, અમે જાવજીવના બ્રહ્મચર્યપાળીએ છીએ. એવા વિકલ્પના અભિમાન. આહા..હા..!

એ વિકલ્પજાળને '**ઓળંગી જઈને અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...**' સમતારૂપી એકરસ દેખો! ઓલો વિકલ્પ હતો એમાં વિકલ્પની અનેક પ્રકારની જાળ. અને સ્વભાવમાં જ્યાં એકાગ્ર થયો ત્યારે સમરસ. '**સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...**' આહા..હા..! સમતારૂપી એકરસ સ્વભાવ તો ત્રિકાળ છે, પણ અહીં તો પર્યાયમાં પ્રગટ થયો સમરસ એમ કહે છે. આહા..હા..! બાહ્ય અભ્યંતર મૂક્યું છે ને? બે શબ્દ પડ્યા છે જુઓને. '**अन्तः बहिः**' આહા..હા..! અંતરમાં તો સમરસ વીતરાગ મૂર્તિ પ્રભુ છે જ, પણ વિકલ્પ છોડીને જ્યાં પર્યાય દ્રવ્યમાં એકત્વ થઈ ત્યાં પર્યાયમાં સમરસ આવે, વીતરાગ ભાવ સમ્યગ્દર્શન એ વીતરાગભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સંતોએ કામ કેટલા કર્યા છે! એક કળશમાં કેટલું સમાડી દીધું છે! આહા..હા..! દિગંબર મુનિઓએ ગજબ કામ કર્યા છે. ક્યાંય આવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય નથી. આહા..હા..! એને તો સત્યને જાહેર કરી દીધું છે. પ્રભુ તું પરમાનંદનો નાથ વીતરાગમૂર્તિ છો તારું સ્વરૂપ, એમાં તો વિકલ્પ ઉઠે એ તો રાગ છે, આગ છે. આહા..હા..! એને છોડીને પર્યાય જે સમભાવ વીતરાગની, સમામૃતની પર્યાય થઈ એ પર્યાય દ્રવ્યમાં ભળી તો વસ્તુ તો સમરસથી ભરેલો જ છે. પર્યાયમાં સમરસ ઉછળતો આવી પર્યાય આમાં. આહા..હા..! આ એને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન ને ધર્મ કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૨, રવિવાર, તા. ૧૦-૧૦-૧૯૭૬, કળશ-૯૦-૯૧, ગાથા-૧૪૩, પ્રવચન નં. ૧૯૭

૯૦ કળશ. સમયસાર. એમાં એમ કહ્યું કે આત્મા તો ચૈતન્યસ્વરૂપ જ્ઞાનરસ છે. એમાં જે આ નયપક્ષો છે, વ્યવહારથી બંધરૂપ છે, નિશ્ચયથી અબંધરૂપ છે એવા બે ભાવ, એમાં બંધરૂપ છે એવો વ્યવહારનો પક્ષ તો પહેલેથી નિષેધ કરતા આવ્યા છીએ. એમ કહે છે. પણ આમાં હવે તો આત્મા જે વસ્તુ છે એમાં અબદ્ધ છે, શુદ્ધ છે, એક છે, અભેદ છે,

કોઈનું કારણ નથી, કારણ છે એ તો વ્યવહારનયનો પક્ષ છે, એનો તો નિષેધ કરતા આવ્યા છીએ. આત્મા રાગનું કારણ નથી અને રાગનું કાર્ય નથી. કારણ કે એ ચીજ વિકલ્પ ભિન્ન ચીજ છે. એવું જે કાર્ય નથી અને કારણ પણ નથી એવો જે પક્ષ, એવો એક જ્ઞાનના અંશનો રાગસહિતનો પક્ષ તેને અહીં છોડાવ્યું છે. સમજાય છે કાંઈ?

તેથી એ જે ભૂમિકા ઓળંગ્યો.. આહા..હા..! એકલો ચૈતન્ય જ્ઞાયકસૂર્ય અથવા જિનચંદ્ર વીતરાગી શીતળમૂર્તિ પ્રભુ છે. એમાં નયપક્ષના વિકલ્પોને ઓળંગી ગયો એ અંતરના આત્માના અનુભવમાં આવ્યો એને અંતર અને બાહ્ય બે સમરસ છે. એટલે? કે વસ્તુ છે એ પરને જાણે છે કે દેખે છે એ પણ અપેક્ષા જેમાં નથી. એ તો સ્વને દેખે અને જાણે છે એવી એ ચીજ છે. આહા..હા..! દેખનારને દેખતો-જાણનારને જાણતો વિકલ્પરહિત જ્યાં સમરસ પ્રગટ્યો, જેવો એ સમરસ સ્વભાવ છે એવો પર્યાયમાં પણ અંદર-બાહ્ય બે શબ્દ પડ્યા છે ને? આહા..હા..! અંતરમાં તો સમરસ વીતરાગસ્વરૂપ જ છે એ. પણ વિકલ્પથી રહિત થઈને એ છે એવી ચીજનો અનુભવ થયો તો અનુભવ થવામાં પણ સમરસપણું આવ્યું, જે વિકલ્પ ઉઠતો એ વિષમરસ હતો. આહા..હા..!

એથી કહ્યું **'અંતર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...'** એકરૂપ સ્વભાવ છે એમ કહે. અને વિકલ્પ જે હતો એ પક્ષમાં રાગ હતો એ વસ્તુમાં નથી. ચૈતન્ય જ્યોત જ્ઞાયકસ્વભાવ એની અંતર દૃષ્ટિ કરતાં એટલે કે જ્ઞાન જે રાગની સાથે એકમેક જે છે માન્યું છે. છે નહિ. એને એકમેક તરફનું લક્ષ છોડી દઈ અને સ્વભાવ અને સ્વભાવવાનમાં એકમેક થવું એ રમરસ પણું છે. એ સમ્યગ્દર્શન એ સમરસ છે. આહા..હા..!

છે? **'समरसैकरसस्वभावं'** આહા..હા..! ચૈતન્યબિંબ જે ભગવાન પરમવીતરાગરસ આનંદસ્વરૂપ એ હું એમ વિકલ્પ છૂટતા હું એ છું એવો જે અસ્તિત્વનો અનુભવ થવો એનું નામ સમરસ, અભ્યંતર અને બાહ્ય બેય સમરસપણે પરિણમ્યો છે એ. આહા..હા..! આવી વાત છે. એટલે લોકોને વ્યવહારથી થાય એ બહુ આકરું લાગે છે. વ્યવહારથી થાય એમ માને છે. પણ બાપુ વ્યવહાર છે એ વસ્તુમાં નથી. અહીં તો નયનો વિકલ્પ પણ વસ્તુમાં નથી. આહા..હા..! એ તો નિર્વિકલ્પ સમરસ વીતરાગમૂર્તિ ચૈતન્ય છે. એમાં એકાગ્ર થતાં સમરસ જેવો સ્વભાવ છે એવો જ પર્યાયમાં સમરસ એકરૂપ સ્વભાવ પ્રગટ થાય છે. ભેદપણ નહિ એમ કહે છે. આહા..હા..! આવું સ્વરૂપ છે.

**'એવા અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (-સ્વરૂપને) પામે છે.'** છેલ્લો શબ્દ છે ને? આહા..હા..! એ અનુભૂતિ એટલે કે વર્તમાન વિકલ્પના રહિત થઈને અનુભૂતિ સ્વરૂપ ત્રિકાળ તો છે એ વાત આવી છે ૭૩ ગાથામાં. ત્રિકાળ અનુભૂતિ સ્વરૂપ જ છે એ. પર્યાયમાં ષટ્કારકનું પરિણમન જે છે નિર્મળ, એથી એ પણ અનુભૂતિમાત્ર વસ્તુ ભિન્ન છે. એ અનુભૂતિ પર્યાય નહિ. એ અનુભૂતિસ્વરૂપ છે. અહીં એ વાત કહેવી છે કે એ અનુભૂતિસ્વરૂપ છે એ

પર્યાયમાં અનુભૂતિરૂપ થાય છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ઝીણું. આ વસ્તુ તો આ છે. જેમ પ્રાયશ્ચિતમાં કહ્યું નથી? પ્રાયશ્ચિતમાં નિયમસારમાં. પ્રાયશ્ચિત નિર્મળ વીતરાગી પર્યાય છે. પણ એ વસ્તુ પ્રાપ્યશ્ચિત સ્વરૂપ છે એમ કીધું છે ત્યાં. કે જે સ્વરૂપ છે તેવી દશા પ્રગટ થાય છે તેથી પ્રાયશ્ચિત એ રાગરહિત દશા, તો પ્રાયઃ .. ચિત્ એટલે જ્ઞાન.. પ્રાયશ્ચિત સ્વરૂપ જ છે. આહા..હા..! દેવીલાલજી! આવી વાત છે. બહારમાં એવું થઈ ગયું એકાંત છે... એકાંત છે.. એમ થઈ ગયું. સોનગઢનું નામ પડે. અરે.. ભાઈ! વસ્તુની સ્થિતિ જ એવી છે ને પ્રભુ! તું ભગવાન છો ભાઈ! એ ભગવાનમાં તો અનુભૂતિ સ્વરૂપ જ કહ્યું છે. આહા..હા..! ત્રિકાળ. એને વિકલ્પરહિત પર્યાયમાં અનુભૂતિ થાય એ કહે છે.

**'અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (-સ્વરૂપને) પામે છે.'** બીજી રીતે કહીએ તો એ અનુભૂતિસ્વરૂપ આત્મા છે એને અનુભૂતિ પામે છે. શશીભાઈ! આવી વાત છે, ભગવાન! અંદરની. બાળ-ગોપાળ પરમાત્મા બિરાજે છે અંદર. બાળ-ગોપાળ તો દેહની અવસ્થા છે. એ ક્યાં એમાં છે? આહા..હા..! સામ્યરસનો સ્વભાવ તો ત્રિકાળ એનો છે. એથી વિકલ્પની જે વિષમતા હતી એને છોડીને એમ જ કહેવાય ભાષા. અંદર ગયો ત્યારે એને છોડ્યું. એ છોડવું છે ક્યાં? પણ અંતર સ્વરૂપ ચૈતન્યમાં જાય છે એટલે ઓલા વિકલ્પ ઉત્પન્ન થતાં નથી એને છોડીને અંતર અનુભૂતિ કરે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! રતિભાઈ! આવો માર્ગ છે બાપુ એને.. આહા..હા..! જુઓને આ દુનિયા દુઃખી કેટલી છે! શારીરિક દુઃખ, માનસિક દુઃખ. શારીરિક તો આ રોગાદિ, માનસિક વિકલ્પથી. આહા..હા..! શુભ-અશુભરાગ એ માનસિક વ્યાધિ છે. એ મનનો ધર્મ છે. આત્માનો નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

સમ્યગ્જ્ઞાન દિપીકામાં તો ત્યાં સુધી કહ્યું છે કે આ સ્વરૂપ કેવું છે કે જેને પરમાત્મા પણ ન જાણે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમાત્મા આ ક્યાં તન્મય થાય છે કે આને જાણે? એમ કહે છે. આહા..હા..! પોતે ભગવાન પોતે પોતાને જાણે. એ પરમાત્મા પણ આને ન જાણે. કારણ કે પરમાત્મા ક્યાં અહીં આવી જાય છે અંદર? આહા..હા..! એવો જે ચૈતન્ય ભગવાન આત્મા એને વ્યવહારના વિકલ્પનો નિષેધ... ભાવાર્થ તો આવે છે ભાઈ! એણે ભાવાર્થમાં કહ્યું પહેલાં. ભાવાર્થ છે ને જુઓને. આ ૧૪૨ થયા પહેલાં. ૭૦ કળશનો ભાવાર્થ. ૭૦ કળશ છે ને? એનો ભાવાર્થ છે ને?

**'આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને**

**કથન કરવામાં આવ્યું છે.'** એથી એમ કહ્યું કે વ્યવહારનયના પક્ષને તો અમે છોડતા જ આવ્યા છીએ. આહા..હા..! પછી બેની સાથે વાત કરી બે. કર્તા અકર્તા, કારણ અકારણ, કાર્ય અકાર્ય બેની વાત કરી. પણ મૂળ તો વસ્તુ છે એનો વિકલ્પ જે છે શુદ્ધનો અબદ્ધનો. અહીં એ છોડાવવા માગીએ છીએ. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન તો જ્ઞાનપ્રકાશની મૂર્તિ છે. આ અબદ્ધ ને શુદ્ધ ને એક ને હું કારણ નથી ને કોઈનું કાર્ય નથી એથી રાગનું કારણથી કાર્ય થાય આત્મા એ નથી, પણ રાગનું કારણ છું એ નથી. રાગનું કાર્ય નથી તેમ રાગનું કારણ નથી. એવો જે નિશ્ચયનો વિકલ્પ છે એ પણ વિષમભાવ, દુઃખરૂપભાવ છે. આહા..હા..! આત્માના અમૃતસ્વરૂપથી વિરૂદ્ધ ઝેરરૂપ છે. એને છોડાવીને ભગવાન આનંદનો નાથ પ્રભુ એ હું છું એવું પરિણમન કર એમ કહે છે. એવો વિકલ્પ છે એ હું છું એ તો રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એના જ્ઞાનમાં નિર્ધાર તો કરે પહેલો. આહા..હા..! એનું વીર્ય ત્યાં અટકે તો ખરું કે ભાઈ રાગરહિત છું એવો જે વિકલ્પ છે એ પણ ત્યાં કાર્યગત નથી. આવી વાત છે.

કહ્યું તેથી પરમાર્થ ચિઠ્ઠીમાં. પરમાર્થ ચિઠ્ઠી છે. આગમ પદ્ધતિનો વ્યવહાર સહેલો છે. જેથી એ દયા, દાન, વ્રત, તપ આદિ. અધ્યાત્મનો વ્યવહાર તો એને ખ્યાલમાં પણ આવતો નથી. આહા..હા..! આગમપદ્ધતિનો એટલે આ વ્રત પાળવા અને ભક્તિ કરવી, પૂજા કરવી, દાન, દયા, શાસ્ત્ર શ્રવણ કરવું, શાસ્ત્ર કહેવું એવો જે આગમપદ્ધતિનો વ્યવહાર અજ્ઞાનીને સહેલો છે એટલે એ કરે છે. પણ અધ્યાત્મનો વ્યવહાર અનુભૂતિ અધ્યાત્મનો વ્યવહાર છે. આહા..હા..!

ભગવાન આત્મા અરે.. ચોર્યાસીના યોનિના કારણો, એનાથી પ્રભુ રહિત છે, આવા વિકલ્પથી રહિત છે એની વાત કરતા પછી બીજો પ્રશ્ન ક્યાં? આહા..હા..! હું એક પરિપૂર્ણ ચૈતન્ય મૂર્તિ છું એવો વિકલ્પની સાથે પણ .. ચૈતન્યને તન્મયપણું-એકપણું નથી. એથી તે એકપણું નથી માટે તે એકપણું છૂટી જાય છે. સમજાય છે કાંઈ? એ અહીં કહે છે કે અનુભૂતિ સ્વરૂપ. વ્યવહારને તો ગૌણ કરીને આવ્યા છીએ. કહ્યું ને ભાઈ? પણ આમાં બે સાથે લીધા એ તો .. બે ઓલા નિશ્ચયની સાથે લેવું છે માટે. વ્યવહારને તો ગૌણ કરતા જ આવ્યા છીએ. અભૂતાર્થ... અભૂતાર્થ... અભૂતાર્થ... આહા..હા..!

પણ નિશ્ચયનો પક્ષ છે એમાં વસ્તુમાં ક્યાં છે? એવો જે અનુભૂતિ સ્વરૂપ ભગવાન એકરૂપ સમરસપણે પરિણમે છે એ અનુભૂતિ છે. એ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્જ્ઞાન છે. એ સ્વરૂપમાં સ્થિરતાનું આચરણરૂપ દશા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાત કરીને હવે ૯૧મો કળશ કહે છે. ૯૧-૯૧ છે ને? ૯૦મો થયો.

૯૧.

(रथोद्धता)

इन्द्रजालमिदमेवमुचछलत्
पुष्कलोच्चलविकल्पवीचिभिः।
यस्य विस्फुरणमेव तत्क्षणं
कृतस्नमर.. तदस्मि चिन्महः।।९१।।

'શ્લોકાર્થ :—' 'पुष्कल-उत्-चल-विकल्प-वीचिभिः' 'પુષ્કળ, મોટા,...' 'उत्' 'उत्' શબ્દ છે ને. વિકલ્પની જાળ. આહા..હા..! અહીં તો નયના વિકલ્પની જાળને પણ જાળ કીધી છે. આહા..હા..! ઓલા વ્યવહારના શુભરાગને તો ઝેર કહ્યું છે. એમ વિષ્ટા કીધી છે ભાઈ સોગાની. સોગાનીએ વિષ્ટા કીધી ત્યાં ભડકણ આવી ગયું લોકોને. આવે છે ને પુણ્ય વિષ્ટા છે. અહીં પરમાત્મા તો કહે છે કે એ પુણ્ય તે ઝેર છે. વિષ્ટા તો હજી ભૂંડ પણ ખાય. ઝેર ખાય તો મરી જાય. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઝેર એને સવળું લાગે છે, વિષ્ટા આકરું લાગે છે. ગંધ લાગે ને ગંધ એટલે. પણ એ વિષ્ટા તો ભૂંડ વિષ્ટા ખાય અને જીવ ગાળે છે. ઝેર તો મારી નાખે છે. આહા..હા..!

એક માણસ હતો ત્યાં એ લેવું હતું ફાકી. એ ફાકી લેવા ગયા ત્યાં સોમલ પડ્યું હતું જોડે સોમલની શીશી. એમાંથી સોમન આવી ગયું. પ્રેમચંદભાઈના બનેવી ખારા-ખારા. અમરેલીવાળા નહિ? એના ખારા. બોટાદ-બોટાદ. મલુપચંદભાઈને એમ થઈ ગયું હતું. સાચી વાત. પણ ઓલા મરી ગયા તરત ભાઈ. બે શીશી પડી હતી નીચે અને ફાકી કાંઈક લેવી હશે એ હરડેની કે ગમે તે ફાકી હશે જોડે. જોડે સોમલનું હતું એટલે હરડેને ઠેકાણે સોમલની શીશી લીધી. આહા..હા..! એકદમ આંખ બંધ થઈ. દેહ છૂટી ગયો. આ પ્રેમચંદભાઈ નહિ ખારા. અમરેલી. એના બનેવી. મણિબહેનના .. એવી રીતે ગુજરી ગયા. એમાં તો રાગ .. સોમલ છે. એને હરડેની ફાકી માનીને સોમલ લે. શુભ સારો છે સારો છે એમ ને.

અહીં તો આ વિકલ્પને ઝેર કહી દીધું. આહા..હા..! જુઓને, **'પુષ્કળ, મોટા...'** 'उत्' 'उत्'નો અર્થ કર્યો. પછી 'चल' એટલે **'ચંચળ...'** આહા..હા..! અને 'विकल्प-वीचिभिः' **'વિકલ્પરૂપી તરંગોની વડે ઊઠતી.'** 'वीचिभिः' સમુહ 'उच्छलत्' એમ. **'પુષ્કળ, મોટા, ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે ઊઠતી...'** એ ચાર બોલનો અર્થ થયો. એક, બે, ત્રણ, ચાર, પાંચ અને છ. છ શબ્દ છે. આહા..હા..! ભગવાન આનંદનો નાથ એમાં વિકલ્પની સમૂહની જાળ ઉઠે છે કહે.

**'પુષ્કળ, મોટા, ચંચળ...'** આહા..હા..! હું શુદ્ધ છું ને પૂર્ણ છું ને એક છું ને અભેદ

છું, ને અબદ્ધ છું એવા પણ વિકલ્પની જાળ.. આહા..હા..! એ તો જ્ઞાયકસ્વરૂપ છે. એમાં આ જાળ ક્યાં ઊઠી? એવા '**પુષ્કળ, મોટા, ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે...**' '**वीचिभिः**' વિકલ્પ નામ '**वीचिभिः**' એટલે સમુહ. '**તરંગો વડે ઊઠતી...**' '**इदम् एवम् कृत्स्नम् इन्द्रजालम्**' '**આ સમસ્ત ઈન્દ્રજાળને...**' એટલે? એ બધા વિકલ્પ છે એ જૂઠાં છે. વસ્તુ તરીકે. વિકલ્પ તરીકે છે ઈન્દ્રજાળ કીધી. વિકલ્પ તરીકે છે, પણ સ્વભાવ તરીકે તે વિકલ્પ જૂઠાં છે. ઈન્દ્રજાળ છે ઈન્દ્રજાળ. આહા..હા..! આવું સ્વરૂપ એનું.

એના પક્ષમાં ઊભો રહે કહે છે. હું શુદ્ધ છું, એક છું, પૂર્ણ છું એવા વિકલ્પની આડમાં જે વસ્તુ છે એ પણ આત્મા નહિ. વિકલ્પની આડમાં તો રાગનો મોહ ઉઠે. આહા..હા..! એનાથી રહિત '**इदम् एवम्**' '**इदम्**' એટલે આ. '**इदम्**' '**આ...**' '**कृत्स्नम**' એટલે '**સમસ્ત ઈન્દ્રજાળને...**' '**यस्य विस्फुरणम् एव**' આહા..હા..! નીચે કહ્યું ને '**ધનુષ્ય-ટંકાર કરવો તે.**' એમ ચૈતન્યમૂર્તિ ભગવાનની જ્યાં એકાગ્રતાનો ટંકાર થયો એ વિકલ્પોની સ્ફુરણા બધી નાશ પામી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્વેતાંબરમાં આવે છે. દ્રૌપદીને લઈ ગયા છે ને બહાર. દ્રોપદીને રાજા લઈ ગયો છે ને બહાર. બીજા દેશમાં. પાંડવો પાંચ અને કૃષ્ણ છ ગયા છે લેવા. એમાં પાંડવો કહે છે કે અમે જઈએ. ક્યાં એ અને ક્યાં અમે? એમ બોલ્યા. એટલે ત્યાં એ જિતશે કા અમે જિતશું. પણ પહેલો એ જિતશે શબ્દ આવ્યો. એવી વાત છે. એટલે પાંડવો ગયા. હારિ ગયા. અહીં તો હું તો એમ લેતો હતો પાંચ ઈન્દ્રિયોથી રાગને જીતવા જાય છે ત્યાં હારી જાય છે. તે દિ' એમ પોરબંદર અર્થ કર્યો છે ૮૮માં. પાઠ આવો છે. પાંડવો સાથે જાય છે. પાંડવો શ્રીકૃષ્ણ પાસે આવે છે. કેમ પાંડવો, કેમ થયું? શું ગયા હતા? એવું કહીને ગયા હતા અમે કે કાં એ અને કાં અમે. તો એ ત્યાં થયું તમારા શુકનના શબ્દો જ જૂઠાં થયા. સાંભળો હું હવે જાવ છું એકલો. આજે હું છું એ આજે નહિ. શુકન. એ કૃષ્ણ જાય છે. લાખો-કરોડો મનુષ્ય સામે. એના રાજાના હોય છે ને સામે? આહા..હા..! એ ધનુષ્યનો ટંકાર કરે છે. એ ત્યાં આવે છે આવું. આ સ્ફુરણ આવ્યું ને. કૃષ્ણ ટંકાર કરે છે આમ. ત્યાં તો એક દેખીને જ ભાગી જાય છે અને એક ટંકાર કરે ત્યાં ભાગી જાય છે એક ત્રીજો ભાગ રહે છે અંદર એ એની મેળે ભાગી જાય. ચારિત્રનો દોષ છે એ. દર્શન-જ્ઞાન-ચારિત્ર ... આ કીધુંને અહીં જુઓને.

'**જેનું સ્ફુરણ માત્ર જ...**' ભગવાન ચૈતન્યની જ્યાં જાગૃતિ થઈ અંદર, શ્રદ્ધા અને જ્ઞાનમાં જાગ્યો એ પોતે કે અરે.. હું આત્મા, એવો શ્રી કૃષ્ણ કર્મ કૃષે તો કૃષ્ણ કહીએ, રાગ અને કર્મને નાશ કરે તે કૃષ્ણ ભગવાન આત્મા છે. આહા..હા..! એવું સ્ફુરણ માત્ર ટંકાર અંદર જાગ્યો આમ. જ્ઞાનની ધારા, જ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાનધારા પ્રગટ થઈ અનુભૂતિ એના ટંકારમાત્રથી. છે ને? '**ફરકવું,...**' જ્ઞાનની પર્યાય અંદર નિર્મળ થઈ જ્યાં વિકલ્પથી.

આ રહિત. ત્યાં '**તત્ક્ષણ ભગાડી મૂકે છે...**' વિકલ્પનો નાશ કરી દે છે. કૃષ્ણ ટંકાર થયો ત્યાં ભાગી ગઈ હતી ઓલી પ્રજા. લડવા આવી હતી રાજાને. એવું આવે છે એમાં. પછી છેવટે એ હારી જાય છે રાજા. પછી અહીં આવે છે બાયડીનો વેષ પહેરીને આવે છે. નહિતર કૃષ્ણ પાસે આવવું. સ્ત્રીનો વેષ પહેરીને આવે છે. નહિતર તો આ કૃષ્ણ છે મારે. દ્રોપદીને લઈ, કૃષ્ણ કહે છે, રાજા! તમે સ્ત્રીનો વેષ પહેરીને આવ્યા .. નહિતર મારી પાસે મારી નાખીશ હું. સ્ત્રી ઉપર હાથ ન નાખે એમ છે ને? શાસ્ત્ર છે ને? મહાપુરુષો સ્ત્રી ઉપર હાથ ન નાખે. અબળાનો વેષ પહેરીને આવ્યા ને. સમજાણું કાંઈ?

આ સબળ આત્મા જ્યાં જાગે છે ને અંદર ત્યાં. આહા..હા..! એના ટંકારના સ્ફુરણમાત્રથી વિકલ્પના ભુક્કા ઊડી જાય છે. આહા..હા..! એનું સામર્થ્ય કેટલું છે બાપુ ઘણું! અનંત પુરુષાર્થનો પિંડ છે એ તો. અનંત વીર્યનો પિંડ છે. જે કોઈ ગુણથી કહો તે તે ગુણનો એ પિંડ છે. જ્ઞાનથી કહો તો જ્ઞાનનો પિંડ છે, શ્રદ્ધાથી કહો તો શ્રદ્ધાનો પિંડ છે, આનંદથી કહો તો આનંદનો પિંડ છે, વીર્યથી કહો તો... આહા..હા..! પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... વીર્ય. એવા પૂર્ણ પુરુષાર્થથી ભરેલો ભગવાન જ્યાં અંતરમાં એકાગ્ર થાય છે, એનું સ્ફુરણમાત્ર જ્યાં થાય પર્યાયમાં. આહા..હા..! આખો આત્મા તો પર્યાયમાં ક્યાં એને કહે છે? સમજાણું કાંઈ? આવી વાતું લ્યો હવે. એમાં કરવું શું એ માથાકૂટ. આ દયા પાળવી, વ્રત પાળવા, ભક્તિ કરવી, પૂજા, મંદિરો બનાવવા, રથયાત્રા કાઢવી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ કે બની જાય તો નિષેધ કરવામાં વાંધો નથી એમ કહે છે. પણ એ તો એને કારણે બન્યા છે. ગીરધરભાઈ .. કહે, વઢવાણનું આખું સાડા ત્રણ લાખનું મંદિર અને પોતાની જવાબદારીથી. ગુજરી ગયા. ભાવના બિચારાની બહુ સારી હતી. અહીં જ રહેવા શ્રદ્ધા ને જ્ઞાનને બહુ શોભતા, વાંચન કરતા અને બહુ. ભાવ બહુ એના ઓલા હતા. ખલાસ થઈ ગયા. ઊડી ગયા. અમારા વઢવાણમાં શીરછત્ર જે આવે કોણ .. છે? કોઈ નથી. તલકશીભાઈને ઠેકાણે.. આહા..હા..! આજ એ ભાઈ કહેતા હતા પ્રેમચંદભાઈ. વઢવાણમાં .. એ એમ દુનિયામાં ચાલ્યા જ કરે છે બધું. આહા..હા..!

ભગવાન જ્યાં અગ્રેસરપણે, અગ્ર ઈશ્વરપણે જાગ્યો એ વિકલ્પના સમૂહનો નાશ થઈ જાય છે. અગ્રેસર. એમ કહે છે ને? અગ્રેસર. અગ્ર ઈશ્વર. ભગવાન મુખ્ય અગ્ર ઈશ્વર છે. એની અંતર દૃષ્ટિ થતાં.. '**જેનું સ્ફુરણ માત્ર જ...**' એક શબ્દ છે ને? '**यस्य विस्फुरणम् एव**' એમં જેના સ્ફુરણ એક જાગૃતની અવસ્થાના અંશમાં જ '**તત્ક્ષણ ભગાડી મૂકે છે.**' આહા..હા..! આવી ચીજ છે અને આ એનું સ્વરૂપ છે. મોઘું લાગે તેથી શું થાય ભાઈ? વસ્તુસ્થિતિ. જેને વિકલ્પની વૃત્તિ ઉઠે કે હું શુદ્ધ છું. ચિંત્વન.. ભાઈ કહે. આહા..હા..! એ ઘોલનથી પણ મળે એવું નથી એમ કહે છે. આહા..હા..! એ વિકલ્પનું ઘોલન છે. આવો

છું. આવો છું. આહા..હા..!

**'જેનું સ્ફુરણ માત્ર જ તત્ક્ષણ ભગાડી મૂકે છે તે ચિન્માત્ર તેજઃપુંજ હું છું.'** તે ચિન્માત્ર, જ્ઞાનમાત્ર તેજપુંજ તે હું છું. હું છું એવો વિકલ્પને. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૯૧નો શ્લોકાર્થ થયો. શ્લોકાર્થ. એનો **'ભાવાર્થ :—ચૈતન્યનો અનુભવ થતાં...'** એ ઓલું કહ્યું ને સ્ફુરણ? એ અનુભવ. **'ચૈતન્યનો અનુભવ થતાં...'** ભગવાન આત્મા અનુભૂતિમાં આવતાં **'સમસ્ત નયોના વિકલ્પરૂપી ઈંદ્રજાળ તે ક્ષણે જ વિલય પામે છે;...'** જાદુગર જેમ મોટું જે આમ બનાવે છે ઓલી ગુફામાંથી બહાર નીકળી .. સંકેલી લે એમ આ સંકેલી લે છે. આહા..હા..!

ચૈતન્યગુફામાં જે આમ બેઠો પડ્યો, વિકલ્પજાળ, બધી ઈન્દ્રજાળ છૂટી ગઈ. આહા..હા..! આવું એનું સ્વરૂપ છે. આ રીતે તે પ્રાપ્ત થાય એવો છે. બીજી રીતે પ્રાપ્ત થાય એવો નથી. આ લોકોના એ બે પક્ષ છે ને? નિમિત્તથી થાય અને વ્યવહારથી થાય એમ કહે છે. નિમિત્ત છે ખરું. એનાથી થાય નહિ, કર્તા નહિ. વ્યવહાર છે ખરો, પણ એનાથી કર્તા નહિ. આ વસ્તુની સ્થિતિ છે. વસ્તુ આવી છે હવે એને બીજી રીતે... કેટલાક એમ કહે છે કે કાનજીસ્વામી કાંઈક થોડુંક અમે ઢીલું મૂકીએ અને અમે કાંઈક આમ ઢીલું મૂકીએ. આપણે સમન્વય કરો. એય.. ચંદુભાઈ! સમન્વયનું કહે છે. આ પણ આ ભગવાન શું કહે છે? અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય દિગંબર સંતોના નાદના અવાજ તો આ છે. આહા..હા..!

ભાઈ! તને એવી મોટપ ન બેસે અને વિકલ્પથી પમાય એ તો કલંક છે. એની મોટપને, એની મોટપને હીણપ છે. સમજાણું કાંઈ? વીતરાગમૂર્તિ રાગથી પમાય, પ્રભુ એ હીણપ છે. તને એમ લાગે કે આ સહેલું છે અને આ ઠીક છે. એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જગમોહનલાલજીએ લખ્યું છે ને હમણાં કે આગમ.. એમાં લખ્યું છે. વ્યવહારથી કોઈને પમાય છે. પમાય જ એમ નહિ પણ પમાય છે કોઈને. એમ લખ્યું.

**શ્રોતા :-** કોઈમાં નંબર કોનો આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ જાણે પણ કોનો આવે? વ્યવહારથી કોઈ પામે છે એમાં અર્થ શું? બધા ન પામે પણ કોઈ પામે છે એમ અર્થ કરીને...

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ તો છોડી તો એનાથી ક્યાં પમાય? એ તો લક્ષ છોડી દીધું છે. અને વ્યવહારથી ભાષા આવે એવી. પ્રવચનસારમાં આવે છે ને છેલ્લું? આ કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય છે એવો શબ્દ છે પ્રવચનસારમાં. પણ એનો અર્થ એ કે કર્મકાંડ જે રાગ છે એનાથી છૂટી જાય છે ત્યારે જ્ઞાનકાંડ થાય છે. વ્યવહારનયના એ વચનો છે, ભાઈ! સમજાણું કાંઈ? નહિતર પૂર્વાપર વિરોધ આવશે. એકકોર એમ કહે કે **'भूदत्थमस्सिदो खलु'** ત્રિકાળી ભગવાનનો આશ્રય લે તો સમ્યક્ થાય. ત્યાં વ્યવહારની અપેક્ષા પણ ન આવી.

એટલી અપેક્ષા આવી એની ઉપક્ષા કરી એટલી અપેક્ષા આવી. લખ્યું છે ભાઈએ ફુલચંદજીએ. આહા..હા..!

વ્યવહારની ઉપક્ષા કરી અને સ્વભાવની અપેક્ષા કરી ત્યાં વ્યવહારની અપેક્ષા કરી એટલું આવ્યું લક્ષ બસ છોડ. આ અપેક્ષા થઈ છે તો ઓલી ઉપેક્ષા થઈ જાય છે. આહા..હા..! આવું સ્વરૂપ છે.

**'ચૈતન્યનો અનુભવ થતાં સમસ્ત નયોના વિકલ્પરૂપી ઈન્દ્રજાળ તે ક્ષણે જ વિલય પામે છે; એવો ચિત્પ્રકાશ હું છું.'** સમ્યગ્જ્ઞાન દિપીકામાં દાખલો આપ્યો છે કે ઘરમાં એક ચોર ગરે તો ઘરનો કૂતરો ભસે. એને દેખીને બહારના કૂતરા ભસે. સમજાય છે કાંઈ? એમ આત્મા આનંદસ્વરૂપ છે એના ભાનવાળો આનંદની વાત કરે, બીજાઓ પણ ભાન વિના એમ ને એમ વાત કરે કૂતરાની જેમ. એમ કહે છે. એમાં છે સમ્યગ્જ્ઞાન દિપીકામાં દાખલો છે કૂતરાનો. આહા..હા..!

ચૈતન્ય સ્વરૂપ ભગવાન અનુભવ થતાં સમસ્ત પક્ષનો નાશ થાય છે. ભાન થતાં નાશ થાય છે એમ. ભાનથી અહીં બોલાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાનથી, ભાનદશામાં એ વિકલ્પમાં એ આવે અને બોલાય છે એમ કહે છે. બોલવું અને વિકલ્પ એની ચીજ ક્યાં છે? આહા..હા..! પણ એમાં આ આવે છે એમ કહે છે. આહા..હા..! અને ભગવાન ચૈતન્યસ્વભાવ આ ભાનમાં આવ્યો નહિ અને વાત કરે એ તો શું ચીજ છે એ તો દૃષ્ટિમાં આવી નથી. સમજાણું કાંઈ? એ તો ઓલા બહારના કૂતરા ભસ્યા જેવું છે. આ વાત એવી છે. આહા..હા..! એ ૧૪૨ ગાથા થઈ ને? ૧૪૨ ગાથા થઈ.

હવે ૧૪૩.

**'પક્ષાતિક્રાન્તનું (પક્ષને ઓળંગી ગયેલાનું) શું સ્વરૂપ છે?'** જેના વિકલ્પ છૂટી ગયા છે એ શું ચીજ છે? પાછા આના અર્થ એમ નહિ હોં કે ભાઈ વ્યવહારનો નિષેધ છે, નિશ્ચય એનો નિષેધ કાંઈક વસ્તુ કોક બીજી જ હશે. પક્ષાતિક્રાંત પક્ષ છોડી દે તો વસ્તુ કાંઈક બીજી હશે. એમ વસ્તુ તો છે એવી જ છે અબદ્ધ ને આદિ. એનો પક્ષ છોડીને એ અનુભવ થાય એમ વાત કરે છે. આનો અર્થ કેટલાક એ કરે છે. પક્ષાતિક્રાંત નિશ્ચયથી આવો છે એ પણ છોડી દે. એ કાંઈક છે એ છે બીજું કાંઈક. એમ. શું કીધું સમજાણું?

વિકલ્પનો પક્ષ છોડી દે. વસ્તુ તો અબદ્ધ અને શુદ્ધ ચૈતન્યઘન જ છે. એનાથી કાંઈ બીજું નીકળે... આહા..હા..! એમ નથી. એનો એક અર્થ કરતા ભાઈ કીધું હતું ને ગોંડલમાં વનારસીભાઈ હતા. ..દાસ. વનારસી. એના દીકરા અહીં રહેતા ને. .. એના ઘરમાં રહેતા નીચે. ગયા છે. એ એમ કહેતા દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે. એટલે? કોઈપણ

દર્શનનો લક્ષ ન રાખવું. જૈનદર્શન એ દર્શનનો લક્ષ અને પક્ષ છોડી દેવો. એ તો જુઓને. દર્શનમોહ... આહા..હા..! એમ કે જૈનદર્શન અને આ દર્શન એમ પણ નહિ. 'દર્શનમોહ વ્યતીત થઈ...'

અરે.. એનો વિકલ્પ જૈનદર્શન એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! આત્મા જિનરાગ છે. 'જિન સોહીએ આત્મા અન્ય સોહીએ કર્મ.' આવતું નથી. સમયસારમાં આવે છે. 'જિનપદ નિજપદ એકતા ભેદભાવ નહિ કાંઈ.' આહા..હા..! 'લક્ષ થવાને તેહનો...' એ આવે છે ને? આવે છે. બીજો શ્લોક આવે છે. આત્મા જિનપદ છે. પોતે જિનપદ જ વીતરાગસ્વરૂપ જ એનું છે. તો એ કષાય.. એ વિકારવાળી વસ્તુ છે એ તો નિર્વિકારી અકષાયસ્વરૂપ જ છે. અકષાયસ્વરૂપ કહો, બીજી રીતે કહો, ચારિત્રસ્વરૂપ કહો, અકષાય ચારિત્રસ્વભાવ જ એ સ્વરૂપ છે. તો એમાંથી અકષાય ચારિત્ર પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..! વીતરાગસ્વરૂપ છે એમાંથી પર્યાય પ્રગટ થાય છે. એ વીતરાગ માર્ગ છે. એનો પણ પક્ષ છોડી દેવો એમ નહિ. સમજાણું કાંઈ? આ પક્ષાતિક્રાંતમાં એમ કહે છે કેટલાક.

હમણાં જ આવ્યું હતું ને ઓલામાં જિનેન્દ્રવર્ણી. શ્રમણસુત. વિનોબાજી તરફથી પડ્યું છે શ્રમણશ્રુત એમાં એવું આવ્યું છે કે ભગવાને અનેકાંત ઘણું કહ્યું એમાં અનંતમે ભાગે કહ્યું છે, માટે કંઈક બીજું પણ હશે, બીજામાં પણ કાંઈક છે એવું પણ એમાં હશે. .. આવા અર્થ કરે છે ભાઈ! આહા..હા..! અરેરે. ભાઈ! અહીં તો પક્ષાતિક્રાંતનો અર્થ વિકલ્પને છોડી દે એટલી વાત. જૈનદર્શન એટલે વસ્તુદર્શન છે એ તો વસ્તુ છે. સમજાણું કાંઈ?

**'પક્ષાતિક્રાંતનું શું સ્વરૂપ છે? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા હવે કહે છે :—'** ૧૪૩.

**दोण्ह वि णयाण जाणदि णवरं तु समयपडिबद्धो।**
**ण दु णयपक्खं गिण्हदि किंचि वि णयपक्खपरिहीणो।।१४३।।**

હરિગીત.

**નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,**
**નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.**

અહીંયાં તો નિશ્ચયનયના પક્ષના વિકલ્પવાળી વાત લીધી છે. નહિતર તો ૨૭૨માં તો કહ્યું કે 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' એ ત્યાં વિકલ્પવાળી... અરે.. ભગવાન! અહીં નિશ્ચયથી વિકલ્પનો પક્ષ છોડાવ્યો છે. નયનો. બાકી નિશ્ચયનય જે વાસ્તવિક છે એને આશ્રયે તો મુક્તિ થાય છે. એ વિકલ્પવાળી નય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ટીકા. પાઠ તો. '**नयपक्षपरिहीनः**' એની વ્યાખ્યા છે. પણ એની સામે અમૃતચંદ્રાચાર્ય પહેલું દૃષ્ટાંત આપે છે. કેવળીનો દૃષ્ટાંત .. સાથે નયપક્ષરહિતને સમકક્ષમાં નાખશે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ટીકા :- જેવી રીતે કેવળી ભગવાન,...**' આહા..હા..! '**વિશ્વના સાક્ષીપણાને લીધે,...**' એક બોલ. કેવળી ભગવાન વિશ્વના સાક્ષી છે. '**શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે...**' એટલે એને કાંઈ વ્યવહાર-નિશ્ચયનય છે જ નહિ. ફક્ત જ્ઞાતા તરીકે જાણે છે. '**શ્રુતજ્ઞાનના અવયવભૂત...**' છે ને? શ્રુતજ્ઞાન છે એ પ્રમાણ છે અને નય છે એ તેનો અવયવ-ભાગ છે. સમજાણું કાંઈ? શ્રુતજ્ઞાનનો અવયવ, શ્રુતજ્ઞાન, શ્રુતજ્ઞાન છે એ પ્રમાણ છે, એનો અવયવ એ નિશ્ચય અને વ્યવહાર છે. શ્રુતજ્ઞાન છે એ અવયવી છે. એનો અવયવ આ ભાગ નય ને નિશ્ચય ને વ્યવહાર બે અવયવ છે. એ '**નયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે...**' કેવળી તો જાણે છે કે શ્રુતજ્ઞાન જ નથી પછી ભેદ ક્યાં રહ્યાં ત્યાં? જાણે છે એટલું લેવું છે. શ્રુતજ્ઞાનના નયો છે એને જાણે છે એમ નહિ. ફક્ત અહીં તો જાણે છે એટલી વાત છે. સમજાણું કાંઈ?

નહિતર પાઠ તો એવો છે કે કેવળી '**શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂનપે જ કેવળ જાણે છે...**' તેને જાણે એટલે નિશ્ચય-વ્યવહાર હોય અને જાણે છે એમ નથી. આહા..હા..! આખું પ્રમાણજ્ઞાન. એ પ્રમાણ છે પણ આ તો કેવળ પ્રમાણ. ... વિકલ્પાનયા. એને જાણે છે એ બીજો બોલ થયો. એક બોલ એ થયો કે '**કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે,...**' એક બોલ. '**શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને કેવળ જ જાણે છે...**' બે બોલ.

'**નિરંતર પ્રકાશમાન,...**' એ તો કેવળજ્ઞાન તો નિરંતર પ્રકાશમાન છે, '**સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે...**' એ ત્રીજો બોલ થયો. એક એક બોલે .. મૂક્યા છે. છ બોલ છે છ. નિરંતર કેવળી ભગવાન '**પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે...**' ત્રણ. '**સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને,...**' એ ચાર. '**સદા પોતે જ વિજ્ઞાનઘન...**' થઈ ગયા છે. ચાર. '**શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' એ પાંચ. શ્રુતજ્ઞાનની ભૂમિકાને અતિક્રમી ગયા છે. આહા..હા..! જ્ઞાન જ જ્યાં નથી પછી શ્રુતજ્ઞાન નય છે ક્યાં?

'**સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી,...**' સમજાણું? એ પાંચ. '**કોઈ પણ નયપક્ષને ગ્રહતા નથી,...**' એ છ. હવે શ્રુતજ્ઞાન સાથે મેળવશે. અનુભવકાળમાં મેળવશે હવે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ અનુભવના કાળમાં કેવો છે એને કેવળી સાથે મેળવે છે. સમજાણું કાંઈ? આ શ્લોકો ઝીણા છે ભાઈ. આહા..હા..!

'તેવી રીતે...' એ દૃષ્ટાંત દીધો. '**તેવી રીતે (શ્રુતજ્ઞાની આત્મા), ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે,...**' એ પહેલાની સાથે મેળવું. '**વિશ્વના**

**સાક્ષીપણાને લીધે,...'** છે ને? પહેલો બોલ. એની સાથે અહીં મેળવ્યું છે. આહા..હા..! **'ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે,...'** વિકલ્પથી ગ્રહણ જ છે એમ નથી ત્યાં. અનુભવમાં વિકલ્પનું ગ્રહવું છે નહિ. ઉત્સાહ નિવૃત્ત છે. વિકલ્પ પ્રત્યેનો ઉત્સાહ નિવૃત્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જેમ કેવળી **'શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે...'** સમજાણું? એમ આ **'શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતાં હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે...'** બે થયા. ઓલાની સાથે બે મેળવ્યા. **'શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે...'** એટલે? અનુભવમાં એ વ્યવહારનયના નિશ્ચયનો પક્ષ વિકલ્પ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું ઝીણી. માર્ગ ઝીણો બાપા. આ તો માહાત્મ્ય પ્રભુ છે ને. ભગવત્ સ્વરૂપ જ છે એ તો. ભગવાનસ્વરૂપ છે. એના અનુભવના કાળમાં કહે છે કે વિકલ્પથી, વિકલ્પને પકડવું એ ઉત્સાહથી નિવૃત્ત થયો છે. સમજાણું કાંઈ? સામે પુસ્તક છે, શબ્દો છે. **'કેવળ જાણે જ છે...'** એ નય વિકલ્પ છે માટે જાણે એમ નહિ. જેમ ઓલા શ્રુતજ્ઞાનીને, કેવળીને વ્યવહારપક્ષનો અવયવભૂતશ્રુતજ્ઞાનને કેવળ જ જાણે છે. ત્યાં નયપક્ષ છે એને જાણે છે એમ નહિ. એમ આને કેવળજ્ઞાન એટલે પક્ષનો વિકલ્પ નથી એથી જાણે છે. આહા..હા..! આવું બાપુ એમાં ઊંડું ઉતરવું મુશ્કેલ. આ માર્ગ એવો નથી. છીછરો નથી કે બહારથી હાથ આવી જાય. આહા..હા..! બે. બે થયા ને?

પછી ઓલામાં **'કોઈ પણ નયપક્ષને ગ્રહતો નથી,...'** કેવળી. છે ને? એમ અહીંયાં **'અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે...'** એમ. **'(અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવ વડે) તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,...'** આહા..હા..! **'તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે... '** એ ત્રીજો બોલ છે. એ ત્રીજો. ઓલામાં ત્રીજો હતો ને? શું હતો ત્યાં ત્રીજો?

**'નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળજ્ઞાન વડે...'** એમ હતું ત્યાં. ત્રગડો. જેમ અહીં... આહા..હા..! **'અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા,...'** જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવ્યો ભગવાન. આહા..હા..! **'નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે...'** જ્ઞાનમાં પ્રતિબદ્ધ એકાકાર થઈ ગયો છે. આહા..હા..! **'(અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવન વડે) તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,...'** એ ચોગડો. ઓલામાં શું હતું? **'શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા**

વડે...' છે ને? એ ચોગડો છે. '**સદા પોતે જ વિજ્ઞાનઘ થયા હોઈને,...**' એ ચોગડો છે. '**શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' એ પાંચમો છે. કોણ? કેવળી. '**શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' છે ને? એ પાંચમાનો બોલ અહીં ઉતાર્યો છે. આહા..હા..!

'**પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને, શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' એ પાંચ બોલ થયો. હવે છઠ્ઠો હજી આવશે. ઝીણી વાત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૩, સોમવાર, તા. ૧૧-૧૦-૧૯૭૬, ગાથા-૧૪૩, પ્રવચન નં. ૧૯૮

'**શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો...**' '**ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે...**' બે સરખા છે એમ કહે છે આમાં. આહા..હા..! સમજાય છે કાંઈ? એક બોલ. બીજો. '**શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે...**' એટલે કે ત્યાં એને શ્રુતજ્ઞાન નથી એમ નય પણ નથી. જાણે છે એટલી વાત ત્યાં. બીજો બોલ એની સાથે આ. '**શ્રુતજ્ઞાનના અવયભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે...**' એ બીજા બોલ સાથે મેળવ્યું. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેને સરખા કર્યા.

બીજામાં કહ્યું કે જે '**ક્ષુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે...**' કોણ? કેવળી જાણે છે. અહીંયાં '**શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે...**' સમજાણું? જાણે છે બસ. વિકલ્પ નથી. અનુભવકાળમાં પ્રથમ સમ્યગ્દર્શન અનુભવના કાળમાં વ્યવહાર-નિશ્ચયના પક્ષને છે નહિ એ જાણે જ છે. આહા..હા..!

આ લોકોને એ વિરોધ છે. કુંદકુંદાચાર્યે વ્યવહારથી નિશ્ચય થાય કહેવાય છે. એ આજે આવ્યું છે. વ્યવહારથી નિશ્ચય થાય છે. ગૃહસ્થને મોક્ષનો માર્ગમાં રત છે, દાન, પૂજા, ભક્તિ, મોક્ષમાર્ગમાં રત છે એ. સમજાણું કાંઈ? કેવળજ્ઞાની વ્યવહાર નિશ્ચયના પક્ષને કેવળ જાણે

જ છે. ત્યારે અનુભવી '**શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે...**' સમજાય છે કાંઈ? આ ફરીવાર લીધું.

ત્રીજું. '**નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે...**' જાણે છે. કેવળી. નિરંતર પ્રકાશમાન સ્વભાવિક વિમળ, સકળ કેવળજ્ઞાન વડે એ ત્રીજો બોલ. અહીંયાં હવે. '**તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા,...**' ત્રીજો બોલ. આહા..હા..! ભગવાન આત્માને તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિ, જ્ઞાનની દૃષ્ટિથી ગ્રહવામાં આવેલા '**નિર્મળ નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે...**' ઓલામાં એમ હતું '**નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન...**' એમ હતું. અહીં '**નિર્મળ નિત્ય-ઉદિત; ચિન્મય સમયમથી પ્રતિબદ્ધ...**' છે અંદર અનુભવમાં. આહા..હા..! આવી વાત છે. સમજાય છે કાંઈ? કહો, દેવીલાલજી! આ બેમાં કેવળી સાથે મેળવ્યા અનુભવીને. વિકલ્પ ઉઠે એ પછી બીજી વાત છે.

અનુભવકાળમાં આનંદસ્વરૂપ ભગવાન, એના કાળમાં એની કેવી દશા! કે કેવળી જેમ શ્રુતજ્ઞાનના અવયવભૂત એને જાણે છે એમ આ પણ અવયવભૂતને જાણે છે. હવે કેવળી સદા '**નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે...**' જાણે છે. તો અહીં '**અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી...**' વર્તમાન જ્ઞાનની તીક્ષ્ણ દૃષ્ટિથી અંદર ગ્રહ્યો આત્માને. આહા..હા..! જ્ઞાનની વર્તમાન પર્યાય તીક્ષ્ણદૃષ્ટિ અંદરમાં ગ્રહ્યો. '**અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી...**' વિકલ્પ નહિ. જ્ઞાનની વર્તમાન પર્યાયમાં અતીતીક્ષ્ણ દૃષ્ટિથી ગ્રહવામાં આવેલો. આહા..હા..! શું ગ્રહવામાં આવેલો? '**નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમય...**' એ જ્ઞાનમય આત્માથી '**પ્રતિબદ્ધપણા વડે...**' આહા..હા..! એ ત્રીજો બોલ થયો. ઝીણી વાત. આ ધીમેથી ફરીને લીધા. પાંચ બોલ તો ચાલી ગયા હતા કાલે. એક રહી ગયો હતો. ડોક્ટર આવ્યા છે ને. અભ્યાસ . ભાઈ ઘણો છે હોં. કાલે ડોક્ટર નહોતા આવ્યા? બહુ અભ્યાસ ઘણો અભ્યાસ. હંમેશા ત્રણ-ચાર-ચાર કલાક વાંચે. મોટો ડોક્ટર છે. બે ભાઈઓ છે મોટો ડોક્ટર છે. મોટું દવાખાનું છે. ૫૦ હજારની પેદાશ છે દવાખાનાની. ચાર કલાક વાંચે દરરોજ. નહોતા ચંદુભાઈ બેઠા હતા. વાંચે છે. આ વસ્તુ હવે ધૂળમાં બહારમાં કરવાનું તો આ છે. આહા..હા..! અરેરે..! પાછળ પાંચ બોલ ચાલ્યા એક બોલ રહી ગયો હતો. ભાગી ગયા હતા. ત્રણ-ચાર વાગી ગયા હતા. ત્રણ બોલ થયા.

'**(અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવન વડે)...**' '**ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા...**' કીધું ને? એટલે કે '**(અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવન વડે)...**' એમ. આહા..હા..! ચોથો કેવળીમાં. 'સદા પોતે જ **વિજ્ઞાનઘન થયા હોઈને,...**' ચોથો બોલ એ છે કેવળીનો. '**સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને,...**' હવે અહીંયાં અનુભવમાં '**તે વખતે પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,...**' આટલો ફેર. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલા ચોથા

બોલમાં એમ હતું '**સદા પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,...**' અને અનુભવમાં સમ્યગ્દર્શનના અનુભવકાળમાં પ્રથમ '**પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,...**' તે વખતે. બસ એટલે ફેર. '**તે વખતે...**' આહા..હા..! સમજાય છે? એ ચાર બોલ થયા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઓલો સદાય છે અને આ તે વખતે છે. પછી વિકલ્પ ઉઠે છે ને. કેવળીને તો સદાય. આહા..હા..! આવી વાત છે ઝીણી. આહા..હા..!

આ પ્રથમ ધર્મની ભૂમિકા ઉત્પન્ન થવાના કાળની વાત છે. હવે આની તો ખબર ન મળે અને શું થાય ભાઈ! તારી દશા. આહા..હા..! અહીં તો નિશ્ચય-વ્યવહારના વિકલ્પથી પણ રહિત થયો છે. પછી વ્યવહારથી થાય એ વાત ક્યાં રહી? દેવીલાલજી! આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય વિકલ્પ હું અબદ્ધ છું કે બદ્ધ. અરે.. આ વ્યવહાર દયા, દાન છે કે નહિ એ વિકલ્પ નથી ત્યાં. આહા..હા..!

ભગવાન આત્મા તે વખતે કેવળી સદા પોતે જ વિજ્ઞાનઘન થયો છે. હવે આમાં '**તે વખતે પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,...**' એટલો ફેર. તે વખતે. આહા..હા..! આહા..હા..! અરે.. એની વાત કોના ઘરની. પ્રથમ સમ્યગ્દર્શન શુદ્ધ ઉપયોગના કાળમાં થાય છે. એની આ વાત ચાલે છે. તારાચંદજી! આવી વાત છે.

**શ્રોતા :-** વાત ક્યાંય ચાલતી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત ચાલતી નથી એટલે બિચારાને દુઃખ લાગે છે કે અમારી વાત જૂઠી પડે છે, બાપુ! તમારી વાત શું થાય? પ્રભુ! માર્ગ તો આ છે ને ભાઈ! તારા હિતની વાત પણ આ જ છે. ભગવાન વિરોધ કરવા જેવો નથી. અને વિરોધ કરે એનો પણ દ્વેષ કરવા જેવો નથી. એ તો ભગવાન છે. પર્યાયમાં ભૂલ છે, પર્યાયમાં ભૂલ છે એ સુધારશે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની અહીં વાત નથી. અનુભવના કાળની વાત છે. એ પછી ભાવાર્થમાં લેશે. એ ખુલાસો ભાવાર્થમાં લેશે. જ્યારે વિકલ્પ ઉઠે છે ત્યારે એક નયને મુખ્ય કરીને બીજી નયને ગૌણ કરીને. એમ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પક્ષાતિક્રાન્ત તો આ. પછી પછી શું થશે એ ભાવાર્થમાં આવશે. આહા..હા..! ગાથા અલૌકિક છે. આહા..હા..! છેલ્લી ૧૪૩ અને પછી ૧૪૪. આહા..હા..!

એ વિકલ્પ છે એ કર્તવ્ય જીવનું નથી એમ કહે છે. નિશ્ચયથી હું અબદ્ધ છું, શુદ્ધ છું એવો જે વિકલ્પ છે એ પણ જીવનું કર્તવ્ય નથી. આહા..હા..! કેમકે ભગવાન તો જ્ઞાનસ્વરૂપ

છે એને શુદ્ધપવિત્ર સ્વરૂપ છે, એ પવિત્રસ્વરૂપ અપવિત્રનો કર્તા કેમ થાય? ત્રિકાળી પવિત્ર... ત્રિકાળી પવિત્ર... ત્રિકાળી વિજ્ઞાનઘન... એ એક ક્ષણિક રાગનો કાર્યકર્તા કેમ થાય? એમ કહે છે. આહા..હા..! આ કોઈ વાદવિવાદની વસ્તુ નથી, પ્રભુ! આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે, ભાઈ! એમાં શું કરવું? ન ચાલતું હોય એટલે કાંઈ ભગવાનના વિરહ પડ્યા. ભગવાન જે કહી ગયા સંતો, સાચા સંતના એ વિરહ પડ્યા. એમાં આ વાત બહાર આવતા વિરોધ થાય છે. ભગવાન વસ્તુ તો આવી છે, ભાઈ! આહા..હા..! કેવળીની સાથે મેળવે છે, અનુભવના વખતના કાળમાં. આહા..હા..! ચાર થયા.

પાંચમો. '**શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' કેવળી. છે ને? શ્રુતજ્ઞાનની ભૂમિકા જે છે દશા એનાથી અતિક્રાન્તપણા વડે કેવળી. '**(અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે...**' કેવળી. હવે અહીંયાં '**શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' સમજાણું? પુસ્તક સામે છે ને. આહા..હા..! ભગવાન કેવળી એ શ્રુતજ્ઞાનની દશા-ભૂમિકા એને અતિક્રાન્તવડે કેવળી છે. ત્યારે આ અનુભવી નીચે '**શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાને અતિક્રાન્તપણા વડે...**' કહો, સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અંતર વિકલ્પ ઊઠે એ અંતર્જલ્પ. આવું છે.. આવું છે.. બહિર્જલ્પ આ વાણી આદિ. હું અબદ્ધ છું, શુદ્ધ છું, એવો અંતર વિકલ્પ ઊઠે એ અંતર્જલ્પ છે. આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બસ વિકલ્પ છૂટી ગયો. આહા..હા..!

સમસ્ત. '**શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત...**' જોયું! ભાષા શું લીધી છે? એ શ્રુતજ્ઞાનસ્વરૂપ સમસ્ત. એના ભેદ છે ને નિશ્ચય-વ્યવહારના. '**અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' પાંચ બોલ થયા કેવળી સાથે મેળવીને. આહા..હા..! અમૃતચંદ્રાચાર્યે તે ગજબ કામ કર્યા છે ને. ભાઈ! તું કોણ છો અને કેમ પમાય? એ વાત છે.

છઠ્ઠો બોલ. કેવળી. '**સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતા નથી,...**' કેવળી. એમ અહીંયાં. હવે નીચે. '**સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતો નથી,...**' એ છ બોલ થયા. તારાચંદજી! બરાબર છે ફૂલચંદજી! આહા..હા..! પ્રભુ તારે તો કરવાનું આ છે, બાપુ! આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનુભવમાં તો ક્યાં કાંઈક છે જ તે. પછી વિકલ્પ ઉઠશે એ

કહેશે ભાવાર્થમાં. ઓલાને તો સદાય છે. આને સદાય નથી. તે વખતે. એમ ભાષા લીધી છેને. આને સદાય છે એને તે વખતે છે. આહા..હા..! ગજબ કામ કર્યું છેને. આ વસ્તુસ્વરૂપને જાહેર કર્યું છે, પ્રસિદ્ધ કર્યું છે, વસ્તુ આવી જે બાપુ! બીજી રીતે ક્યાંક પક્ષમાં બંધાઈ જઈશ, ભગવાન આત્મા નહિ હાથ આવે, નહિ આવે તો સુખી નહિ થા. દુઃખના દાડા ગાળ્યા પ્રભુ તે અનંત. આહા..હા..!

જમશેદપુરની ભઠ્ઠી, એમાં જીવતો રાજકુમાર પરણીને આવ્યો હોય પરત અને અબજોપતિ રાજકુમાર હોય અને પરણીને આવ્યો હોય અને સામે કન્યા પણ કોઈ અબજોપતિ રાજાની કન્યા હોય એવા રાજકુમારને એ જમશેદપુરની ભઠ્ઠીમાં જીવતો નાખે આમ. તો કેટલી વેદના છે એને. એથી અનંતગુણી વેદના પ્રભુ નરકમાં છે. શેના અહંકાર? શેના માન? શેના બાપુ? આહા..હા..! સમજાણું કાંઈ? એવી જે વેદના એને થાય એનાથી અનંતગુણી નરકના પહેલે પાઠડે જઘન્ય દસ હજાર વર્ષની સ્થિતિમાં છે. આહા..હા..! એથી સાગરોપમન અને એથી ૩૩ સાગરોપમ. પ્રભુ એ ભૂલી ગયો. આહા..હા..! શ્રેણીકરાજા સમકિતી તીર્થંકર થવાના છે. પહેલી નરકમાં છે. આહા..હા..! પણ અંતર જે મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો નાશ થયો છે ને એટલો તો સુખ અને શાંતિ છે.

**શ્રોતા :–** મોટા ભાગના...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અધિક-અધિક. સ્વભાવના સુખની અધિકપણે ગણો તો તે સુખી છે. પણ ગૌણપણે અંદર ત્રણ કષાય છે એને. એ સંયોગનું વેદન નથી. એ ત્રણ કષાયનું વેદન છે. આહા..હા..! એ વેદન અઢી હજાર વર્ષ તો થયા. સાડી એકાશી હજાર વર્ષ રહેશે. બાપુ! વિચાર તો કર. સમકિતી જેને તીર્થંકર થવાના છે. જેને.. આહા..હા..! જેના ગર્ભમાં આવતા ઈન્દ્રો. માતાની સેવા કરશે. પ્રભુ પધારશે, માતા! આહા..હા..! એ જીવ અત્યારે નરકમાં. કેવો વિચિત્ર... મિથ્યાદષ્ટિની શું વાત કરવી? એમ કહેવું છે અહીં તો. જેની દૃષ્ટિ વિપરીત છે એના દુઃખની પરાકાષ્ઠાનું શું કહેવું? એમાંથી ઉગરવાનો આરો હોય તો આ છે. આહા..હા..!

પહેલો જ્ઞાનમાં નિર્ધાર તો કરે, ભગવાન પૂર્ણાનંદનો નાથ એની સન્મુખ જોતાં નિર્વિકલ્પતા થાય, સ્વઆશ્રયે. ભાઈએ આમાં લખ્યું છે હુકમચંદજીએ. આ ગાયું છે ને આ. ઉત્તમક્ષમા. એમ કે બહારમાં તો રાગમંદ, ક્ષમા ક્રોધ ઉઠ્યો એમ દેખાય, પણ અંદરમાં સ્વદ્રવ્યનો આશ્રય નથી માટે અનંતાનુબંધી કષાય છે. ભલે આમ રાગની મંદતા દેખાય, શાંત દેખાય, ક્ષમા કરે અહીં. કોઈ ક્રોધ કરે તો. પણ એ ક્ષમા ઉત્તમ ક્ષમા નથી. આહા..હા..! કેમકે જે ક્ષમાનો દરિયો પ્રભુ વીતરાગ, એનો આશ્રય લીધા વિના ઉત્તમક્ષમા કોઈ દિ' ઉત્પન્ન થાય જ નહિ. આહા..હા..! બહારથી બધે વિકલ્પ મંદ હોય અને કષાય મંદ લાગે પણ અંતરમાં ભગવાન ચૈતન્યસ્વભાવ, એનો આશ્રય નથી તેથી ત્યાં અનંત સંસારનો કષાય ઉભો છે, રાગની મંદતા

કાળે પણ એ ઊભું છે બધું. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે, કે કેવળીને જેમ બધા વિકલ્પને ગ્રહતો નથી, એમ આવ્યું ને? ..ના ગ્રહણથી દૂર થયા છે એ. કેવળી **'સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતો નથી,...'** એમ અનુભવી સમકિતના કાળમાં, શુદ્ધ ઉપયોગના વખતમાં **'કોઈ પણ નયપક્ષને ગ્રહતો નથી,...'** આહા..હા..! જ્યાં જ્ઞાનની પર્યાય દ્રવ્ય તરફ જ્યાં જુકી ખલાસ. કોને ગ્રહે એ? ભગવાનને ગ્રહે એ તો. વીતરાગી મૂર્તિ પ્રભુ એને ગ્રહ્યો. નિશ્ચય-વ્યવહારના પક્ષને ગ્રહતો નથી. આહા..હા..! છ બોલ થયા. આ તો વિસ્તાર કર્યો છે થોડો. ત્યારે પાંચ બોલ થયા હતા. રતનચંદજી! આ પાછા ફરીને લીધા છે. આહા..હા..!

ભગવાન એ .. અમૃતના સાગર છે. ગમે તેટલી રીતે કરો પણ એમાં કાંઈ પાર ન આવે એવી ચીજ છે. આહા..હા..! અરે.. એ કહે છે કુંદકુંદાચાર્ય વ્યવહારથી નિશ્ચય થાય અને ગૃહસ્થાશ્રમમાં પણ દાન, દયા, ભક્તિ, પૂજા એને મોક્ષમાર્ગમાં રત્ કહે છે. એમ કહે છે. ભાઈ! જ્યાં સ્વનો આશ્રય પ્રગટ્યો નથી એ વસ્તુ વિકલ્પાતીત છે એવો અનુભવ નથી, એવી દશા નથી ત્યાં આગળના જેટલા વ્રત ને ભક્તિના પરિણામ એ બધા સંસાર ખાતે છે. આહા..હા..!

સાચા સંત મુનિ ત્રણ કષાયનો જેને અભાવ છે, જેને એટલી શાંતિ પ્રગટી છે કે આહા..હા..! સર્વાર્થસિદ્ધના ક્ષાયિક સમકિતીની શાંતિ, એના કરતા પંચમગુણસ્થાનવાળો શ્રાવક જે સ્વનો આશ્રય લીધો છે એ શાંતિમાં અધિક છે. શાંત એટલે વીતરાગતા. એનાથી છઠ્ઠે ગુણસ્થાને તો શાંતિ અને વીતરાગતા ઘણી છે. આહા..હા..! એને પણ હજી પંચમહાવ્રતના વિકલ્પ આદિ ઊઠે તો કહે છે કે એ જગપંથ છે. એટલો પણ હજી સંસાર છે. આહા..હા..! અધિકાર કહ્યું હતું ને. મોક્ષ. શું કહેવાય?

... મોક્ષમાર્ગનો ૪૦મો બોલ છે. મોક્ષ અધિકાર. લ્યો એ નીકળ્યો છે. ૪૦મો. ૪૦. 'તા કારન જગપંથ ઈત, ઉત સિવ મારગ જોર' મુનિ ભાવલિંગી સંત છે. જેણે દ્રવ્યનો આશ્રય ચોથા-પાંચમા કરતા વિશેષ લીધો છે. પૂર્ણ નથી. પૂર્ણ હોય તો તો કેવળ થઈ જાય. આહા..હા..! 'કા કારણ જગપંથ..' એ પ્રમાદનો અંશ છે એ જગપંથ છે. 'ઉત સિવમારગ જોર' આ બાજુ ઠર્યો જે નિર્વિકલ્પ એ મોક્ષનો માર્ગ છે. 'પરમાદી જગકૌં ધુકૈ,...' છઠ્ઠે ગુણસ્થાને પણ પ્રમાદ એ પંચમહાવ્રતના વિકલ્પો એ બધા પ્રમાદ છે. આહા..હા..! એ 'જગકૌં ધુકૈ,...' જગ તરફ જાય છે એ. એટલો ભાવ. 'અપરમાદિ સિવ ઓર.' પ્રમાદ છોડીને અંદરમાં ઠરે તે શિવ તરફ જાય છે. આવી વાત છે, પ્રભુ! આહા..હા..! એ છ બોલ થયા. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય સરખા છે અનુભવકાળે. તે વખતે એમ લીધું છેને. તે વખતે. પછી પાછો વિકલ્પ ઉઠે ત્યારે નથી. આહા..હા..!

'**તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર,...**' આહા..હા..! અહીંયાં તો હજી કર્તાકર્મ પણ છૂટ્યું એ ભૂમિકાની વાત ચોથા ગુણસ્થાને. આહા..હા..! '**તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર,...**' વિકલ્પોથી અતિ દૂર, અતિ પર '**પરમાત્મા,...**' આહા..હા..! એ તો પરમ આત્મા, પરમસ્વરૂપનો અનુભવ. એને અહીં પરમાત્મા કીધો. સમજાણું કાંઈ? અરે.. આવી વાત, બાપુ! સત્ય છે વસ્તુનું. એના આશ્રય સિવાય પરના આશ્રયના વિકલ્પથી સ્વનો આશ્રય થાય એ દિશા ફેરની વાતું દશાફેર છે, ભાઈ! આહા..હા..!

'**તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર,...**' આ અનુભવના કાળની વાત છે. આહા..હા..! અનુભૂતિ એ પરમાત્મા થયો એમ કહે છે. આહા..હા..! કેમકે દૃષ્ટિમાં મુક્તસ્વરૂપ ભગવાન આવ્યો છે એ પરમાત્મા છે. આહા..હા..! '**જ્ઞાનાત્મા,...**' છે એનું સ્વરૂપ હવે કીધું. ઓલું પરમ-આત્મા, પરમ-આત્મા, પરમ સુખ પણ શું? શું એ? એમ કહે છે. એ તો જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! એકલો જ્ઞાનનો ગોળો પ્રભુ, ધ્રુવ જ્ઞાનનો ગોળો એમાં દૃષ્ટિ પડતાં વિકલ્પરહિત થતાં તે જ્ઞાનાત્મા છે. તે જ્ઞાનસ્વરૂપ ભગવાન છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમાત્મા પોતે છે એવી દૃષ્ટિ અને અનુભવમાં આવ્યો એમ કહે છે. આહા..હા..! પર્યાયમાં પરમાત્મા પછી થશે, પણ પરમાત્મા દૃષ્ટિમાં આવ્યો કહે છે. નિર્વિકલ્પમાં પરમાત્મા એટલે પરમાત્મા થઈ ગયો એ વખતે. એમ કહે છે. આહા..હા..!

એ જ્ઞાનાત્મા થયો. આહા..હા..! એ જ્ઞાનસ્વરૂપ થયો, જ્ઞાનસ્વરૂપ થયો, જ્યાં વિકલ્પ રહ્યો નથી. એ તો એકલો જ્ઞાનસ્વરૂપ થયો. બે બોલ. '**પ્રત્યગ્જ્યોતિ,...**' પૃથક્ જ્યોતિ. આહા..હા..! તદ્દન જુદી પૃથક્. વિકલ્પથી પૃથક્ પ્રતિભિન્નજ્યોતિ. આહા..હા..! કેટલાક એમ કહે છે કે આ સોનગઢવાળાએ સમ્યગ્દૃષ્ટિને બહુ મોંઘુ કરી નાખ્યું. અમારું સમ્યગ્દર્શન હતું દેવ-ગુરુ-શાસ્ત્ર ધર્મ. અરે.. ભગવાન! આ શું કહે છે, બાપુ! આહા..હા..! ભાઈ! સમ્યગ્દર્શન એટલે શું બાપુ! સમ્યક્ સત્યદર્શન. એ પૂર્ણ વિકલ્પ વિનાની ચીજ, એનો અનુભવ તે સમ્યગ્દર્શન, એમાં પૂર્ણ આત્મા અંતર .. એ જ્ઞાનાત્મા થયો. એ પૃથક્ ભિન્નજ્યોતિ થઈ ગઈ. આહા..હા..! વિકલ્પથી પૃથક્ ભિન્નજ્યોતિ થઈ. આહા..હા..! ગાથા બહુ ઊંચી આવી, તારાચંદજી! આહા..હા..!

'**આત્મખ્યાતિરૂપ,...**' આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. સંસ્કૃત ટીકા. તો કહે છે કે આત્મખ્યાતિ આત્મ પ્રસિદ્ધ થયો એ. જે ઓલો રાગ અને વિકલ્પ પ્રસિદ્ધ થતો.. આહા..હા..! '**આત્મખ્યાતિરૂપ,...**' આત્માની પ્રસિદ્ધિરૂપ.. આહા..હા..! પ્રસિદ્ધ થયો, પ્રભુ, વિકલ્પની આડમાં જે અપ્રસિદ્ધ હતો. આહા..હા..! એ નિર્વિકલ્પની દશામાં આત્મા પ્રસિદ્ધ થયો. વીતરાગ મૂર્તિ હું છું, અવિકારી છું, અવિકલ્પ છું, એવી આત્માની પ્રસિદ્ધિ થઈ ત્યાં. આહા..હા..! એ અનાદિથી વ્યવહાર અને રાગની પ્રસિદ્ધિ હતી, ભગવાન ત્યાં અપ્રસિદ્ધપણે .. ન કર્યો.

આહા..હા..! આવો માર્ગ આકરો. બીજી રીતે કોઈ.. સાધન.. સાધન.. એમ .. છે. વ્યવહાર સાધન.. વ્યવહાર સાધન.. ભાઈ! અહીં તો ના પાડે છે વિકલ્પ પણ સાધન નથી. નિશ્ચયનયનો પક્ષનો વિકલ્પ પણ સાધન નથી. આહા..હા..! જે જે સાધન, તે તે બાધક. સમયસાર નાટકમાં કહ્યું છે. આહા..હા..!

એ પ્રત્યગ્જ્યોતિ આત્મખ્યાતિરૂપ. આત્માની પ્રસિદ્ધિરૂપ. ઓહો..હો..! જ્ઞાનાનંદ સ્વભાવ એ હતો તે પ્રસિદ્ધ થયો જ્ઞાનાનંદ સ્વભાવી, રાગ અને વિકલ્પ સ્વભાવ એ મારું સ્વરૂપ જ નથી. આહા..હા..! જગત, જગતેશ્વર, જગત તે જગતેશ્વર ભિન્ન છે, એ રાગાદિ બધું જગત છે. આહા..હા..! વિકલ્પ છે એ પણ એક જગત છે, એનાથી જગતેશ ભગવાન ભિન્ન છે, એ આત્મખ્યાતિ પ્રસિદ્ધિ થઈ કહે. સમજાણું કાંઈ? આ તો હળવે હળવે સમજાય માટે હળવે હળવે કહેવાય છે હોં.

**'અનુભૂતિમાત્ર સમયસાર છે.'** આહા..હા..! એક તો વિકલ્પ વિનાનો અનુભવ, પૂર્ણાનંદનો નાથ સહજાત્મસ્વરૂપ, સહજાત્મસ્વરૂપ શુદ્ધ ધ્રુવ સહજાત્મ એનો અનુભવ અનુભૂતિમાત્ર. એ અનુભૂતિમાત્ર જ આત્મા છે. રાગફાગ એ આત્મા નહિ. આ વિકલ્પ છે એ આત્મા નહિ એમ કહે છે. આવી વાત છે. આહા..હા..! એ તો અનુભૂતિમાત્ર છે. ગાથામાં આવ્યું ને અજીવમાં આવ્યું ને અનુભૂતિથી ભિન્ન છે. શ્લોક ૫૦ થી ૫૫. એમ લીધું છે. દ્રવ્ય તે ભિન્ન અનુભૂતિથી ભિન્ન છે એમ. આ બાજુ ગયો છે ને.. આ બાજુ ભિન્ન છે. અધિકાર આવે છે ને ૫૦ થી ૫૫ સમયસાર.

અને તે **'સમયસાર છે.'** આહા..હા..! તે સમયનો સાર છે. દ્રવ્યકર્મથી ભિન્ન, નોકર્મથી ભિન્ન, ભાવકર્મ એવો જે વિકલ્પ છે એનાથી ભિન્ન. આહા..હા..! એ સમયસાર છે, લ્યો! આ સમયસાર આવ્યું આ. આહા..હા..! સમય એવો જે ભગવાન આત્મા એનો વિકલ્પરહિત દશા અનુભૂતિ એ સમયસાર છે. એ સમયસાર રાગમાં આવતો નથી, રાગથી જણાતો નથી. વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એવા વિકલ્પમાં એ પ્રભુ આવતો નથી. આહા..હા..! અને એ વિકલ્પમાં આવતો નથી અને વિકલ્પથી જણાય એવો નથી. આહા..હા..! ત્રણ લોકના નાથ જિનવરદેવ, પરમેશ્વર શ્રીમુખે દિવ્યધ્વનિમાં ગણધરો અને ઈન્દ્રોની વચમાં પ્રભુ આમ કહેતા હતા, એ વાત અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય આડતિયા થઈને જગતને જાહેર કરે છે. આહા..હા..!

અહીં તો દયા પાળવી, વ્રત કરે, અપવાસ કરે થઈ ગયો ધર્મ. અરે.. પ્રભુ! એ તો રાગની ક્રિયા પ્રભુ તને ખબર નથી. અહીંયાં તો એ રાગની ક્રિયા તો ક્યાંય ગઈ આઘી. આહા..હા..! સામાયિક કરી, પોષા કર્યા, પડિક્કમણા, અરે.. બાપુ તને ખબર નથી. સામાયિક ક્યારે થાય? કોને થાય? ક્યાં છે? આહા..હા..! જેને આવો આત્મા, પરમાત્મા પ્રત્યગ્જ્યોતિ સમયસાર અનુભવમાં આવ્યો છે એ આત્મા સ્વરૂપમાં ઠરે છે એનું નામ સામાયિક છે. સમતા

નામ વીતરાગતાનો જેમાં લાભ થાય. વીતરાગમૂર્તિ પ્રભુ છે એના અનુભવમાં આવ્યો, પણ વીતરાગતા પૂર્ણ પ્રગટી નથી. તેથી એ વીતરાગમૂર્તિમાં અનુભવ કરીને પછી ઠરે છે અંદરમાં. સમતા-સમતા. સામાયિક એટલે સમતાનો આયીક એટલે લાભ. વીતરાગપણાનો વિકલ્પ વિનાનો લાભ એવા સમકિતીને સામાયિક હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત આકરી પડે. સામયિક કરતા પર્યુષણમાં અમે ત્યાં. દુકાન ઉપર પાલેજ. પડિક્કમણું કરીએ. એટલે આપણને એમ થઈ જાય આપણે ધર્મ કર્યો. આઠ દિ' ના પર્યુષણ હોય ને ચાર અપવાસ કરીએ. ચોવિહારા હોં. દુકાન ઉપર બેસીએ અને હોય અપવાસ. આ તો ૬૪-૬૫ની વાત છે. સંવત્ ૧૯૬૪. દુકાન ઉપર આ બધું કરતાં. આ ધર્મ કરીએ છીએ આપણે. આહા..હા..! દુકાન બંધ કરી દીધી સાંજના. બધા પડિક્કમણા. હું પડિક્કમણું કરાવું સૌને. બધા ૧૦-૧૨ ઘર હતા. સ્થાનકવાસીના ત્યાં ૧૦-૧૨ ઘર વેપારીઓના. એ બધા આવે. પછી ગાયને બોલીએ એકાદ-બે. ભજન બોલીએ 'જુઓ રે જુઓ રે જૈનો કેવા વ્રતધારી!' એમ બોલીએ એટલે આપણને એમ કે ધર્મ થઈ ગયો. આહા..હા..! એવું આવે છે ભાઈ! આ તો તે દિ' ૬૪-૬૫ની વાત છે. આહા..હા..! અરેરે..! ધર્મ શું બાપુ! વીતરાગનો ધર્મ કેવો છે ભાઈ! આહા..હા..! ગજબ ગાથા છે ૧૪૩. વીતરાગ સર્વજ્ઞદેવ જિનવર પરમાત્મા ત્રિલોકનાથ જિનવરદેવ જિનચંદ્ર, એ આત્મા જિનચંદ્ર છે એમ બતાવે છે. આહા..હા..! વીતરાગી શીતળ શાંતસ્વરૂપ છે આહા..હા..! એમાં વિકલ્પને અવકાશ નથી. હું આવો છું એવો વિકલ્પનો રાગનો અંશ પણ જેમાં નથી. આહા..હા..! એને અહીંયાં પરમાત્મા કહે છે, જ્ઞાનાત્મા કહે છે, પહેલી વસ્તુ લીધી, પછી એનો ગુણ લીધો. જ્ઞાનાત્મા કહે છે, પ્રત્યગ્જ્યોતિ કહે છે, આત્મપ્રસિદ્ધિ કહે છે અને અનુભૂતિમાત્ર સમયસાર છે. આહા..હા..! કેટલાકે તો જિંદગીમાં સાંભળ્યું પણ ન હોય આ. જય ભગવાન. માર્ગ આવો બાપા.

ભગવાન પરમેશ્વર જિનવરદેવ કેવળજ્ઞાની પરમાત્મા સીમંધર ભગવાન બિરાજે છે, મહાવિદેહમાં તો બિરાજે છે. એમનું કહેલું આઠ દિ' સાંભળ્યું કુંદકુંદાચાર્ય. આહા..હા..! દિગંબર સંત આઠ દિ' ત્યાં ગયા. સંવત્ ૪૯. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. ભગવાનનો આ સંદેશ છે. આહા..હા..! પ્રભુ પરમાત્મા, પરમેશ્વર આવા સ્વરૂપને અનુભવને સમકિતી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ચોથા ગુણસ્થાનની વાત છે. પાંચમું શ્રાવકનું તો કાંઈ અલૌકિક વાતું બાપુ! આહા..હા..! એને તો અંદરના આનંદની રેલમછેલ વધે. અને મુનિને તો વાત શું કરવી? બાપુ! મુનિ વીતરાગી સંત. નમો લોએ સવ્વ સાહુણં. એવા જે સાધુ વીતરાગી.. આહા..હા..! એની વાતુ બાપા નમુના દેખવા મુશ્કેલ પડે. અરેરે.. શું કરીએ?

એવો ભગવાન જેને આત્મખ્યાતિ ત્રણ કષાયના અભાવથી પ્રસિદ્ધ થઈ ગયો અંદર, એને મુનિ કહીએ. અને એ મુનિ બાહ્યમાં નગ્ન હોય. અંતરમાં હજી પંચમહાવ્રતાદિના વિકલ્પ ઉઠે છે એટલો એ હજી અપરાધ છે. આહા..હા..! પુરુષાર્થ સિદ્ધિઉપાયમાં તો કહે છે

અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર, કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અપરાધ છે. આહા..હા..! અરેરે..! પ્રભુ એને ખબર નથી. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ, કારણ કે બંધાય છે ને પ્રકૃતિ? તો એ ભાવ ધર્મ નહિ, ધર્મ બંધ હોય નહિ. આહા..હા..! એ ભાવ શુભ છે, અપરાધ છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છે. સમજાણું કાંઈ? તો વિકલ્પમાત્ર અપરાધ છે કહે છે. આહા..હા..! આવું સ્વરૂપ છે. ૧૪૩ ગાથા છે.

'**ભાવાર્થ :— જેમ કેવળી ભગવાન...**' સર્વજ્ઞ જિનવર પરમેશ્વર... '**સદા નયપક્ષના સ્વરૂપના સાક્ષી (જ્ઞાતાદૃષ્ટાં) છે...**' એટલે એને નય પણ નથી અને કાંઈ નથી. તો એને જ્ઞાતાદૃષ્ટા છે એમ કહ્યું. '**તેમ શ્રુતજ્ઞાની...**' તેમ નીચે શ્રુતજ્ઞાની, ભાવશ્રુતજ્ઞાની, દ્રવ્યશાસ્ત્રનું જ્ઞાન એ નહિ. ભાવ'**શ્રુતજ્ઞાની પણ જ્યારે સમસ્ત નયપક્ષોથી રહિત થઈ...**' આહા..હા..! કેટલી ધીરજ જોઈએ! ભાવાર્થ છે ને ભાવાર્થ? આહા..હા..! આ દુનિયામાં જરી નુકસાન થાય તો કેટલું (દુઃખ) થાય? ફુલચંદભાઈ! તમારા ભાઈ સાંભળ્યું ને હમણા ભાઈનું માણેકલાલ. દોઠસો તોલા સોનું ઉપાડી ગયો એક જણો. એનો નોકર. લાખ રૂપિયાનું. માણેક.. ઓલાનો માણસ નહોતો ફીરોજાબાદ. સદામીલાલનો માણસ. મોટો કરોડપતિ. ૪૦-૫૦ લાખ તો જેણે દાનમાં આપ્યા છે. એનો માણસ હતો નેપાળના ઉદાર બહુ હતા ભાઈ. છેલ્લે હમણાં દર્શન કરવા આવ્યા હતા બધા બેંગલોર હોં. પૈસા બહુ ખર્ચે. ૪૦-૫૦ લાખ દાનમાં. મોટો કરોડપતિ જમીનને. એનો એક જ માણસ અને પૈસા જોડે બહુ રાખે. કોઈપણ માણસ આવે એને પૈસા આપે. ગરીબ માણસને. પછી ગમે તે થયું પણ એ માણસ એનો એકલો માણસ અને શેઠ એકલા. ..ભાઈ! લોહીલુહાણ... લોહીલુહાણ... આહા..હા..! આ તો તમારે કોઈ નહોતું ત્યાં કહે છે. બૈરા અહીં હતા નહિ? ચોરી થઈ ત્યારે, નહિતર તો મારી નાખે. મારી નાખે. દોઢસો તોલા સોનું, રૂપિયા કેટલા ૧૦ હજાર? રૂપિયા હતા રોકડા. ૧૦ હજાર રોકડા અને દોઢસો તોલા સોનું. ઉપાડીને ભાગી ગયો. ઘરનો નોકર. આ તો અનાદિથી છે ને બાપા! એટલામાં એને કેટલું થાય? અરર.ર..! પણ આ રાગથી દુઃખ થાય એવું એને ભાન નથી.

હું એક શુદ્ધ છું, પવિત્ર છું, પરમાત્મા છું એવો વિકલ્પ ઉઠે એ દુઃખ છે. આહા..હા..! અરે.. દુનિયામાં શું ન બને? બિચારાએ .. ગામમાં ફિરોજાબાદ મોટો વેપારી. બંગડીનો મોટો વેપારી. મોટો વેપારી. ઘણા લાખો રૂપિયા પાસે. ત્યાં અમે ગયા હતા ને એના મકાનમાં. બે દિ' જઈ આવ્યા હતા ત્યાં. હમણા આવ્યા હતા, બેંગ્લોર હતાને આવ્યા હતા બિચારા. એક ૪૧ ફૂટની બાહુબલીની પ્રતિમા લાવ્યા છે. .. ત્યાંથી. એ લેવા માટે કાંઈક ૪૧ ફૂટની પ્રતિમા મોટી. એ રેલમાં ન જાય, ગાડે ન જાય. એનું બનાવ્યું હતું રેકડી મોટી. ત્યાંથી લાવીને અને લઈ જવામાં એક લાખ રૂપિયાતો એમાં થયા. ફક્ત લાવવાના હોં. મૂર્તિના જુદા. મૂર્તિને ઊભી કરી પછી. આહા..હા..! શું થાય બાપા!

**શ્રોતા :-** ઊભી થઈ ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ઊભી થઈ ગઈ. .. અહીં કાગળ આવ્યો હતો. મહારાજ પધારો આમાં. એ એને છોકરો છે. એના ભાઈનો છોકરો. એને છોકરો નથી એટલે ગોદે લીધો. એ છોકરાની સાસુ છે અહીંની મુમુક્ષુ છે. પાકી. એટલે એણે લખ્યું. ..

અરેરે.. અહીં તો કહે છે પ્રભુ એકવાર સાંભળતો ખરો. એ ધર્મની દશા પહેલી કેમ થાય? એ આ રીતે નિર્વિકલ્પ અનુભવ થાય ત્યારે થાય એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સાક્ષી છે તેમ શ્રુતજ્ઞાની પણ જ્યારે સમસ્ત નયપક્ષોથી રહિત થઈ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવનું...**' જોયું! શુદ્ધ ચૈતન્યમાત્ર. એકલો પવિત્ર ભગવાન આત્મા એનું '**અનુભવન કરે છે...**' એનો એને અનુસરીને અનુભવન કરે છે '**ત્યારે નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતા જ છે.**' ત્યારે તે નયપક્ષનો પણ જ્ઞાતા જ છે. વિકલ્પ છે નહિ. '**એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય;...**' એકાંત માને કે અબદ્ધ જ છે, પર્યાયમાં બદ્ધ નથી, પર્યાયમાં બદ્ધ છે, નિશ્ચયથી અબદ્ધ છે એ માને નહિ, મિથ્યાત્વ છે. આહા..હા..! પર્યાયમાં અશુદ્ધતા છે એ વ્યવહારનયનો પક્ષ છે. વસ્તુ શુદ્ધ છે એમ એક નયને ન માને એ મિથ્યાદૃષ્ટિ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક જ .. બે વસ્તુ.. અનેક છે. આહા..હા..!

આત્મા રાગસહિત છે એવો એક નયનો પક્ષ છે વ્યવહારનો. એનો તો નિષેધ કરતા આવ્યા છે. પણ આત્મા રાગરહિત જ છે, વસ્તુ તો એવી છે. એને ન માને તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ભલે જૈનનો સાધુ નામ ધરાવતો હોય, કે શ્રાવક નામ ધરાવતો હોય, પણ જે શુદ્ધ પૂર્ણ પવિત્ર આનંદનો કંદ છે એવો જે એક નયનો પક્ષ છે એને ન માને તો મિથ્યાદૃષ્ટિ છે. એ જૈન નથી. આહા..હા..! શરતું બહુ. જૈન થવામાં શરતું-શરત. આહા..હા..!

'**એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય; પ્રયોજનના વશે એક નયને પ્રધાન કરી...**' જોયું! શુદ્ધ અખંડાનંદ છું એવું પ્રયોજન સિદ્ધ કરવા માટે વ્યવહારપક્ષને ગૌણ કરીને. છે ને? પ્રધાન છે ને આને? ઓલાને ગૌણ કરીને. એક નયને મુખ્ય કરીને તેનું ગ્રહણ કરે તો '**મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે;...**' વિકલ્પ છે ને એટલો? અનુભવ થયા પછી એક પક્ષ રહે કે હું શુદ્ધ છું આવો, એટલો રાગનો દોષ છે. સમજાણું કાંઈ?

'**અને જ્યારે નયપક્ષને છોડી વસ્તુસ્વરૂપને કેવળ જાણે જ ત્યારે તે વખતે...**' ત્યારે તે વખતે.. '**શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે...**' આહા..હા..! કોઈ એમ કહે છેને સમ્યગ્દર્શન સરાગી હોય અને વીતરાગી હોય અરેરે..! એ રાગ હોય એ તો દોષ છે. સમ્યગ્દર્શન તો વીતરાગભાવ તે સમ્યગ્દર્શન, વિકલ્પ વિનાની

અનુભૂતિ, એની પ્રતીતિ એ તો વીતરાગી દશા છે. '**વીતરાગ જેવો જ હોય છે એમ જાણવું.**' લ્યો! એ ૧૪૩ની વાત થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**આસો વદ-૪, મંગળવાર, તા. ૧૨-૧૦-૧૯૭૬,**
**ગાથા-૧૪૪, કળશ-૧૨, પ્રવચન નં. ૧૯૯**

સમયસાર, કળશ-૯૨. '**તે આત્મા આવો અનુભવ કરે છે એમ કળશમાં કહે છે** :--'

(स्वागता)
चित्स्वभावभरभावितभावा-
भावभावपरमार्थतयैकम्।
बन्धपद्धतिमपास्य समस्तां
चेतये सम्प्यसारमपारम्।।९२।।

ધર્મી જીવ ચૈતન્યનો અનુભવ કરે છે એ કઈ રીતે? એ કહે છે કે '**ચિત્સ્વભાવ...**' એ તો ચિત્સ્વભાવનો પૂંજ છે. આત્મા તો જ્ઞાનસ્વભાવનો પુંજ છે. એમાં સંસારના વિકલ્પ જે છે આ જે. પહેલી તો ના પાડી ને બધાને ... એ વિકલ્પથી તો એ ભિન્ન છે. ઉદયભાવના વિકલ્પથી માંડીને બધી ચીજોથી એ પ્રભુ ભિન્ન છે અંદર. આહા..હા..! એ '**ચિત્સ્વભાવના પૂંજ વડે જ...**' એટલે ત્રિકાળી પુંજ વડે '**પોતાના ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ભવાય છે—**' આહા..હા..! ત્રિકાળી જ્ઞાયક ચૈતન્ય સ્વભાવભાવરૂપ પરમાત્મા, એ વડે નવી અવસ્થા ઉત્પન્ન થાય, જૂની જાય અને ધ્રુવ. એ ત્રિકાળી સ્વભાવભાવ વડે અનુભવાય છે. ત્રિકાળી સ્વભાવભાવ વડે અનુભવાય છે—ઉત્પાદ, વ્યય અને ધ્રુવ થાય છે. આહા..હા..! આહા..હા..! સમજાણું કાંઈ?

'**પોતાના ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ભવાય છે (-કરાય છે)...**' શેનો? અનુભવ. એકલો જ્ઞાનસ્વભાવ, જેમાં રાગ પણ નથી અને જેમાં પર્યાય પણ નથી. છતાં એ જ્ઞાનપુંજ વડે કરીને તે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય થાય છે. એમ કહે છે. કોઈ રાગના વિકલ્પથી થાય છે આ એવું એનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાન ચિત્સ્વભાવ કીધો છે ને? ભર કીધો ને ભર? ચિત્સ્વભાવનો ભર છે એ તો. આ ભર નથી કહેતા ઓલા ગાડા ભરે ત્યારે ભર ભર્યો કહેવાય છે. ઘાસ ભરેને જ્યારે. ભર ભર્યો ભર. ગાડામાં .. નાખે.

એમ આ ભગવાન ચિત્પુંજનો ભર છે. ભર સમજાય છે? તમારે હિન્દીમાં ચાલે છે? ગાડું હોય ને ગાડામાં ભર ભરે ને ભર? ભર-ભર ૨૫ મણ ઘાસ. ભર ભર્યો કહેવાય એ. આહા..હા..! ચિત્ પુંજ સ્વભાવ. જ્ઞાનસ્વભાવ પુંજ વડે. આહા..હા..! એ ભર કીધો એનો. એ પુંજ છે એ. આહા..હા..! જ્ઞાનના સ્વભાવથી ભરેલો પુંજ પ્રભુ આત્મા. એ વડે પોતાના પરના નહિ હવે. વિકલ્પ કરવો અને વિકલ્પ ટાળવો એ પણ નહિ. આહા..હા..!

**'પોતાના ઉત્પાદ, વ્યય...'** નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય, પૂર્વની પર્યાય જાય અને ધ્રુવ એ પોતાના ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યને કરે છે. કર્તાકર્મ છે ખરો ને આ? સમજાણું કાંઈ? એ આત્મા ન કરે રાગને, ન કરે કોઈ દુનિયાની ચીજના કાર્યને. આહા..હા..! કરે તો આ કરે એનું સ્વરૂપ એવું છે. ચિત્સ્વભાવ-એકલો જ્ઞાનસ્વભાવ એનો ભર ભરેલો પુંજ આખો. આહા..હા..! એનો ભાવિત-ભાવ-અભાવ-ભાવ. એનાથી કરાયેલો ભાવ-અભાવ-ભાવ. ભાવ એટલે ઉત્પાદ, અભાવ એટલે વ્યય અને ભાવ એટલે ધ્રુવ. આહા..હા..! કોઈ દિ' આ સાંભળ્યું પણ ન હોય, ચોપડામાં ન મળે બધા. આહા..હા..! કેટલું ભર્યું છે એ શબ્દમાં.

ભગવાન પોતે પરમાત્મસ્વરૂપ છે, ચિત્સ્વભાવનો પિંડ છે એટલે પરમાત્મસ્વરૂપ છે. એવા ચિત્સ્વભાવના પુંજ-ભર વડે, એના વડે ઉત્પાદ, વ્યય, ધ્રુવ થાય છે. નવી નિર્મળ અવસ્થા ઉત્પન્ન થાય, પરની અવસ્થા વ્યય અને ધ્રુવ. એ ચિત્સ્વભાવના ભર વડે ભવાય છે એનાથી આ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ થાય છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ સ્વભાવનો અનુભવ કરે ત્યારે આમ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ વ્યવહારથી કરાય છે એ વાત તો કાઢી નાખી છે. હું શુદ્ધ છું, પૂર્ણ છું એવો વિકલ્પ છે એનાથી અંદર કાંઈક થાય છે એ તો કાઢી નાખ્યું છે. વિકલ્પ છે જ નહિ એમાં. આહા..હા..! આવી વાત!

ધર્મની પહેલી દશા ભગવાન વીતરાગે કહેલો વીતરાગ ધર્મ જે પહેલો સમ્યગ્દર્શન એમાં ચિત્પુંજના, ચિત્સ્વભાવના પુંજ વડે, ભર વડે, એનાથી ભવાતું, કરાતું ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એનાથી થાય છે, એનાથી હોય છે. આહા..હા..! માણસને આ સત્ય વાત આકરી પડે છે લોકોને. વ્યવહાર હોય. કાંઈક વ્યવહાર હોય તો કાંઈક ઠીક. વિસામો મળે એમ વળી કહેતા એકફેરી નહિ? ઓલા છોટાલાલ. વચમાં દૃષ્ટિ ફરી હતી ત્યારે. પાછા પછી ફરી ગયા. વાત તો સાચી આ છે. છોટાલાલ બ્રહ્મચારી હતા ને ઈંદોર. પહેલા અનુકૂળ હતું. પછી ત્યાં રોટલા ન મળ્યા એ જાણે અહીંને માનનારા થયા ત્યાં એના બ્રહ્મચર્યમાં રોટલા ન મળ્યા. એમાં જરી ફરી ગયું. પછી અહીં આવ્યા ફરીને. વાત તો આ છે, માર્ગ તો આ છે. આકરી વાત છે, બાપા! આહા..હા..!

રાગ વડે કે નિમિત્ત વડે ભવાય છે એમ તો નહિ, પણ અહીંયાં તો પર્યાય વડે ભવાય છે એમ પણ નહિ કીધું. સમજાય છે કાંઈ? અહીંયાં તો ત્રિકાળી ચિત્જ્ઞાનસ્વભાવનો ભર પડ્યો છે પુંજ, એ વડે કરીને ઉત્પાદ-વ્યય-ધ્રુવ કરાય છે. આહા..હા..! એટલે કે એ વડે

ઉત્પાદ-વ્યય અને ધ્રુવ હોય છે. આહા..હા..! ભાઈ દેવીલાલજી! આ તો .. સંભળાવ્યો. ભાષા તો સાદી છે. વસ્તુ તો છે એ છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ મિથ્યાત્વનો વ્યય થયો એ પણ હવે અહીં નથી. અહીં તો પોતાનો ચિત્સ્વભાવ જે દૃષ્ટિમાં આવ્યો છે એ ચિત્સ્વભાવનો જે પુંજ છે, ભર છે એ વડે કરીને ઉત્પાદ-વ્યય-ધ્રુવ હોય છે, કરાય છે એટલે હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો હજી સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનની વાત છે. આ ૧૪૪માં આવશે ને ભાઈ! એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. એટલે કોઈ એમ કહે કે આ ચારિત્રની વ્યાખ્યા છે એને આવું નિર્વિકલ્પ હોય, ભાઈ! ૧૪૪માં કહ્યું એ સમ્યગ્દર્શન અને જ્ઞાન. અહીં બેની જ વાત છે. ચારિત્ર છે એ તો બહુ આઘી વાત. આહા..હા..! અહીં તો ફક્ત સમ્યગ્દર્શન અને જ્ઞાન ચોથા ગુણસ્થાનનું. આહા..હા..! એમાં જ્ઞાનસ્વભાવના ભાવ વડે, પુંજ વડે.. આહા..હા..! ઘાસનું મોટું ભર ભર્યું છે એમ આ જ્ઞાનનું ભર ભર્યું છે. એવા સ્વભાવના પુંજ વડે જ. પાછું એમ. એકાંત કીધું. નિશ્ચય કીધું એમાં. વ્યવહારથી જ થાય એ વાત તો ઉડાડી દીધી. સમજાણું કાંઈ? એકાંત આમ ન હોય, એકાંત છે એમ માણસ કહે છે. વ્યવહાર અમે આ કરીએ એનાથી પણ થાય તો અનેકાંત છે એમ કહે છે, પ્રભુ તને એમ નથી હોં. તારું એવું નબળું તત્ત્વ જ નથી. આહા..હા..! કે જે રાગને લઈને થાય એવી એ નબળાઈ ચીજ જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

પ્રભુ! તું એવડો બળવાન છો કે ચિત્સ્વભાવના બળના ભર વડે કરીને તું ભાવના કર. તેના વડે ધ્રુવ, ઉત્પાદ અને વ્યય હોય છે, કરાય છે, થાય છે. ..ભાઈ! બધી ઝીણી વાતું છે બધી કાઢી હમણા ઓલા વાડામાં કાઢ્યા કેટલા વર્ષથી. આ ક્યાં હતું ત્યાં? શેઠિયા કહેવાય ત્યાં ગામમાં. પ્રભુ માર્ગ તો આવો છે. એને લોકો એમ કહે કે એકાંત છે અને નિશ્ચય, એમાં વ્યવહાર અને નિમિત્ત આવતું નથી, પ્રભુ! એમ નથી હોં. તારી શક્તિ એવી નથી. તું એવો નબળો નથી કે પરના આશ્રયે પ્રગટ થા. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આવો માર્ગ બાપા! શું થાય? ત્રણ લોકના નાથ જિનવરદેવ પરમાત્મા આમ ફરમાન કરે છે. અરેરે.. જગતને આવી વાત સાંભળવા પણ ન મળે, એ કે દિ' ધર્મ કરે અને કે દિ' એનો જન્મમરણ મટે? આહા..હા..! ચોર્યાસીના અવતાર જન્મ-મરણ કરી કરીને મરી ગયો છે, બાપા! આહા..હા..! અનંતકાળ... અનંતકાળ... અનંતકાળ... ભવમાં ગાળ્યા એટલે દુઃખમાં ગાળ્યા, અનંતકાળમાં જેટલા અનંતા ભવ કર્યા એ બધા દુઃખમાં ગાળ્યા, ભાઈ! સ્વર્ગમાં પણ દુઃખ છે. ભવ પોતે પરાધીન સ્વભાવથી વિરૂદ્ધભાવ છે. આહા..હા..! તેથી અહીં એ વાત લીધી જ નથી. વિકલ્પથી થાય અને આ થાય એ વસ્તુમાં જ નથી એમ કહે છે. વિકલ્પ તો

દુઃખ છે. આહા..હા..! આ તો ભગવાન ચિત્સ્વભાવનું પુંજ નામ આનંદનો પુંજ છે. જ્ઞાનપ્રધાનથી કથન છે ને? કારણ કે જાણનાર એ જાણે છે ને બધા ગુણોને પણ, એથી એની વાત ચિત્પ્રધાનથી લીધી છે. આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવનો ભર ભરેલો પુંજ છે. એ વડે કરીને ઉત્પાદ-વ્યય અને ધ્રુવ થાય છે. આહા..હા..! વ્યવહાર વડે કરીને ઉત્પાદ-વ્યય નિર્મળ થાય એમ છે નહિ. આહા..હા..! આવી વાત છે, ભાઈ! તારાચંદજી! આવી વાત છે, પ્રભુ! આહા..હા..! પ્રભુ તારી મોટપની તને ખબર નથી, તારા વસ્તુના સ્વભાવની માહાત્મ્યની એને ખબર નથી, અને એ માહાત્મ્ય બધું આ પુણ્યના ભાવમાં દયા, દાન, વ્રત, તપ એ બધો પુણ્યભાવ છે અને એના ફળ તરીકે આ ધૂળ મળે અનુકૂળ ચક્રવર્તી રાજ કે આ શેઠિયાઓ એ બધી પરાધિનતા આહા..હા..! એની એને મહિમા છે, એની એને મહિમા છે. આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવથી ભરેલો પ્રભુ એનો આશ્રય કરીને ઉત્પાદ-વ્યય અને ધ્રુવ થાય છે કહે છે. ધ્રુવ તો ધ્રુવપણે રહે છે પણ એનો આશ્રય કરીને કરાય છે. નવી વીતરાગી પર્યાય કરાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! એક લીટીમાં તો ગજબ કર્યું છેને. દિગંબર સંતોની કરુણા તો જુઓ. આહા..હા..! જે વસ્તુ શબ્દમાં પણ નથી, જે વસ્તુ શબ્દથી જણાય એવી નથી. આહા..હા..! એને શબ્દ દ્વારા વાત કરે છે. ત્યારે કોઈ એમ કહે કે પણ જુઓ તમે તો ના પાડો છો કે શબ્દથી જણાય નહિ, વળી આ શબ્દ શું કરવા કર્યા પાછા ત્યારે? ભગવાન! એમ ન લેવાય. પ્રભુ તારા માર્ગની શૈલી વચન દ્વારા કહેવાય, બીજી શી રીતે કહેવાય? સમજાણું કાંઈ? આહા..હા..! અનંતકાળમાં દુઃખી, ભાઈ! સાંભળ્યું ને ઓલું? એક ૯૦ માણસ મરી ગયા કહે. પ્લેન. મુંબઈથી મદ્રાસ જાતુ હતું પ્લેન. ૯૦ માણસ મરી ગયા, પછી .. બધા હોય કે થોડા બાકી કાંઈક ૯૦ એમ કહેતા હતા કોક. ૯૫? ૯૫-૯૫ બધાય? ત્યાં ને ત્યાં સળગી ગયું. આહા..હા..! બિચારા મુંબઈથી મદ્રાસ ૯૦૦ માઈલ. કોઈ કહેતું હતું કે ૪૦૦ રૂપિયાની ટીકીટ છે. તમને પૂછ્યું હતું. મુંબઈથી મદ્રાસ જવાની ૪૦૦ રૂપિયાની ટિકિટ. હવે ૪૦૦ના ભરનારા ૯૫ બેઠા હશે એ કેવા હશે? આહા..હા..!

**શ્રોતા** :- સાધન સંપન્ન.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાધન સંપન્ન. ૪૦૦ની ટિકિટ એક એક ભરીને જાતા હશે. આહા..હા..! જુઓ તો સંસાર બાપા! એવું તો અનંતવાર થયું છે. આ તો એકવાર નથી. એનું થયું એમ નથી. આનું એમ અનંતવાર થયું છે. આહા..હા..! શેઠિયાઓ બેઠા હશે બિચારા. એને વાંચવાનું આપે છે ભાઈ અંદર. ચોપાનિયા. પણ ઓલું બહાર કાઢીને એમાં ખાવાનું આપે છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ આયુષ્યની સ્થિતિ જ એટલી. લગભગ. એ તો મરતા પણ

વાર લાગે ને એમ તો થોડી. એક સાથે એક સમય તો ન હોય. કોઈ છૂટતા છૂટતા વાર લાગે. એક સમય હોય નહિ. આહા..હા..! પણ આ લસણ ને ડુંગળી લ્યો પ્યાસ. આટલી કટકી એમાંથી એક કટકીમાં અસંખ્ય શરીર અને અનંત જીવ. તેલમાં નાખે તો એકદમ. આહા..હા..! આત્માઓ છે એમાં, જીવ છે ભાઈ! લસણ ને ડુંગળીને ઘીમાં સેકે છે ને? એવું સાંભળ્યું છે. આ તેરાપંથી છે ને ભાઈ! એ લોકોને ઘીમાં તળેલા ડુંગળી એ પણ લે છે. એવું સાંભળ્યું છે. સાધુ. તેરાપંથીનું કહું છું. એ હોય નહિ, બાપુ! અનંતકાય છે. ભરે એ મૃત્યુ થઈ ગયા પછી પણ અભક્ષ્ય વસ્તુ છે. એક શરીરમાં...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બનાવ્યું પણ વર્તમાન મડદા છે અનંતકાય. આહા..હા..! એ કહે છે ભાઈ એ કહે છે. એ કહે છે. દલીલ અમારે તો પહેલેથી ચાલી આવે છે ને ૭૦ની સાલથી. આહા..હા..! અમારા ઉપર તો કાગળ આવ્યો હતો હિન્દુસ્તાનમાંથી. ૮૨માં. વઢવાણ ચોમાસું હતું ને. અમારું તો આમ પ્રસિદ્ધ નામ હતું ને કાઠિયાવાડમાં? કાનજીસ્વામી એટલે.. એટલે ત્યાંથી પત્ર આવ્યો. સાહેબ! તમે આ ખુલાસો કરો. આ બટાટા છે ને બટાટા એની ગુણ આવે છે. ગુણ સમજ્યા? સુકા બટેટા. સુકા-સુકા. એનું એમ કે શાક સાધુને ખપે કે નહિ? એવો કાગળ ૮૨માં આવ્યો હતો. કાઠિયાવાડમાં પ્રસિદ્ધ અમારું હતું ને મુખ્ય. નાની ઉંમર, જુવાન અવસ્થા. હજી ૮૨ની સાલ. અને ૩૫ વર્ષની ઉંમર હશે. પણ પ્રસિદ્ધિ બહુ હતી ને કાઠિયાવાડમાં. ક્રિયાકાંડની ઘણી સખત. ત્યાંથી પત્ર આવ્યો હિન્દુસ્તાનમાં.

કાનજીસ્વામી શું કહે છે આમાં? એ બેટાટા સૂકા ખપે કે નહિ? એ .. શી રીતે? કે જેમ આ હળદર છે ને હળદર? હળદર નથી? એ હળદર પહેલા અનંતકાય હતી. હળદર છે ને હળદર? પહેલા અનંતકાય હતી. પછી સૂકા થયા એટલે હવે .. થઈ ગઈ. એમ સુંઠ સુંઠ એ જ્યારે આદુ હતું ત્યારે અનંતકાય હતી. આ તો અમારે તો બધાય પ્રશ્ન હાલતા ઠેઠના. અને આદુની સુંઠ થાય પછી ખપે. અને હળદર સમજો છો ફુલચંદજી! હળદરની ગાંઠ. હળદરના ગાંઠીયે ગાંધી થઈ ગયા. એમ નથી કહેતા? શું કહે છે? હલદી-હલદી. એ હળદરનો ગાઠિયો તો અચેત છે. પણ મૂળ સચેત હતી ત્યારે અનંતકાય હતી, હવે અનંતકાય સૂકાય એટલે ખપે. એમ બટાટાને શેકી નાખે તો ખપે એવી વાત આવી હતી. કીધું તો ભાઈ અમે તો ના પાડીએ બાપુ. એ લેવાય નહિ. અનંતકાય છે. આહા..હા..! એક બટાટાની કટકી.. જોકે અત્યારે એમાં જરી શંકા પડી છે લોકોને. કે બટાટા કોઈ એમ કહે છે કે એ પ્રત્યેય છે એમ કહે છે. હમણાં મોટી ચર્ચા ચાલી છે. પણ એ નહિને લસણ અને ડુંગળી લ્યો. એ તો અનંતકાય જ છે. લસણ અને ડુંગળીનો રાયનો કટકા જેટલો લ્યો તો એમાં અસંખ્ય તો શરીર છે અને એક શરીરમાં સિદ્ધ ભગવાનથી અનંતગુણા જીવ છે. એમાં આ આત્મા રહ્યો છે અનંતવાર, ભાઈ એ વાત એ. એને શેકી નાખ્યા છે, તળી નાખ્યા છે. એક સાથે

અનંત જીવને. સાધારણ માણસ હોય તેલમાં નાખે, ઊંચા માણસ હોય ઘીમાં બટાટાને શેકીને એની પતરી કરીને. બટાટા હોય ને? એની પતરી પાતળી કરીને ઘીમાં શેકે, પછી ખાય. રોટલી સાથે. આહા..હા..! પ્રભુ! તું એમાં હતો હોં ત્યાં. ભાઈ! તું ભૂલી ગયો છો, બાપુ! આહા..હા..!

અહીં કહે છે કે પ્રભુ તું તો ચિત્સ્વભાવનો પુંજ છો એની તને શ્રદ્ધા પણ નથી. આહા..હા..! અને એ જાણે આ આત્મા વ્યવહાર વિકલ્પ કરીએ દયા, દાન અને શ્રદ્ધા એનાથી પમાશે એ તો મિથ્યાત્વ શલ્ય છે. એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો પોતાના સ્વભાવના પુંજ વડે જ ઉત્પાદ-વ્યય કરાય છે. આહા..હા..! કહો, શાંતિભાઈ! એ શાંતિભાઈ વાંચતા હતા બહુ ત્યાં જ્યાં. કલકત્તામાં. પણ હવે એ .. ઠરી ગઈ. આહા..હા..!

**'चित्स्वभाव-भर-भावित-भाव-अभाव-भाव'** એમ. ભાવ-અભાવ-ભાવ. ભાવ એટલે સમજાય છે? ઉત્પાદભાવ અને વ્યય અને એવો ભાવ જે .. એટલે ધ્રુવ એવા **'चित्स्वभाव-भर-भावित'** એનાથી ભવાયેલો, થયેલો. જેને જ્ઞાનસ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ છે અને વિકલ્પમાત્ર આત્માના સ્વભાવમાં નથી. એથી તો અહીં હું અબદ્ધ છું એવા વિકલ્પને પણ છોડાવી દીધો છે. આહા..હા..! ધીરાના કામ છે પ્રભુ આ તો માર્ગ, વીતરાગનો ધર્મ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે નહિતર એ વીતરાગ ધર્મ નહિ, જિનવરનો ધર્મ પ્રથમથી વીતરાગભાવથી થાય છે. એ અહીં વાત કરે છે. વિકલ્પરહિત ત્રિકાળી ચીજપુંજનો જે ભગવાન ભર છે ભરેલો ભર પુંજ એ વડે ભવાતિ થઈને, એ વડે કરીને ઉત્પાદ વ્યય કરાય છે એ નિર્મળ પર્યાય ને નિર્મળ ગુણની દશા ઉત્પન્ન કરે છે. આ એને ધર્મ અને અનુભૂતિ કહે છે. સમજાય છે કાંઈ? આવી વાત છે, બાપા! શું કરીએ? વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથનો તો આ પોકાર છે.

શ્રીમદ્ એકવાર કહેતા અરેરે..! અમારો નાદ કોણ સાંભળશે? જે આત્મા પરથી ભિન્ન છે અને કાંઈ કરતો નથી. તણખલાના બે કટકા કરવાની પણ આત્મામાં તાકાત નથી. એટલે કરી શકતો નથી. આહા..હા..! આ કર્તાકર્મ છે ને. તણખલું હોય ને તણખલું સડેલું. આમ કરવું એ આત્મા ન કરી શકે. આહા..હા..! એય..! છે? પ્રભુ એ તો એને કાળે એના સ્વકાળે એ થાય છે. આત્માથી નહિ, આંગળીથી નહિ. આહા..હા..! ચપ્પથી આમ કટકી એનાથી પણ નહિ. આવી વાત પ્રભુના ઘરની ઝીણી બહુ ભાઈ! આહા..હા..! નિમિત્ત છે એ કરતું નથી. આહા..હા..! ગીસોડા અને આ તુરિયા હોય છેને. એની ઉપરની છાલ કાઢી નાખે. એ છરીથી નીકળતી નથી કહે છે. છરી તો નિમિત્ત છે. એને તે વખતે છૂટા પડવાનો સ્વકાળ છે માટે છૂટું પાડે છે. કોણ માને? કહો, રસિકભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોય, ભલે. હોય તો છે પણ એનાથી કર્તૃત્વ નથી. એ તો વાત હમણમાં ભાઈએ નાખી છે અહીંની. ભાઈ કૈલાસચંદજીએ. નાખી છે જૈનસંદેશમાં. કારણ

કે એણે સાંભળેલું છેને અમારું. ભાઈ! સોનગઢવાળા નિમિત્ત નથી એમ નહિ, નિમિત્ત છે, નિષેધ કરતા નથી, પણ નિમિત્તથી થાય છે, પરમાં એમ નથી. એ વાત તો એમ જ છે. આહા..હા..! તારાચંદજી! આમ તો કૈલાસચંદજી વિરોધ કરે છે કેટલોક. અરે.. પ્રભુ! વ્યક્તિગત તમને વાત ન બેસે તો એકકોર રાખો, પણ તત્ત્વને તો સમજો. આહા..હા..! વ્યક્તિગતની વાત અમારી અંદરમાં હોય એ ભલે તમને ન બેસે કદાચ. છે તો એવું પ્રભુ શું કરીએ તને? આહા..હા..! પણ આ વસ્તુ છે આ તત્ત્વની તો વાત સમજ. એમાં ક્યાં વ્યક્તિગતના પ્રશ્ન ભલે? સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ કર્યો છે ને વાતને.

'**ચિત્સ્વભાવ**' એ રાગભાવ નહિ, પુણ્યભાવ નહિ, સંસારભાવ નહિ, એકલો પર્યાયભાવ પણ નહિ. આહા..હા..! એ તો ચિત્ જ્ઞાનસ્વભાવભાવ, એનો એ ભર નામ પુંજ એ વડે જ '**પુંજ વડે જ પોતાના ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય...**' પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવ ભાષા દેખી. આહા..હા..! પોતાની નિર્મળ વીતરાગી પર્યાય, ઉત્પન્ન થાય અને વીતરાગી પર્યાય પહેલાની પર્યાય નાશ થાય અને ધ્રુવપણે રહે એ ચિત્સ્વભાવના પુંજ વડે કરીને આ થાય છે. ફુલચંદજી! આવો માર્ગ છે. આહા..હા..! જેને સાંભળવા મળે નહિ. જૈન વાડામાં જન્મ્યા પણ આ સત્ય આ છે એને સાંભળવા મળે નહિ, એને બિચારાને. શું થાય? આહા..હા..!

એ ૯૦ જમા કોક કહેતું હતું કે અમે નરકમાં ગયા હોય ને બિચારા. એમાં કોઈ માંસ ખાનારા બેઠા હોય એ જોડે જુદી વાત છે. બાકી તો આર્ય માણસ બેઠા હોય એમાં બિચારા. ઘણા મરીને તો બિચારા તો ઢોરમાં જાય. આર્તધ્યાન થઈ જાય. આહા..હા..! અહીં તો મોટા શેઠિયા ૪૦૦ રૂપિયાની ટિકિટ આખી ભરી.

**શ્રોતા :-** મરવા માટે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્થિતિ પૂરી થવાની એ કાળે થાય, એમાં કોઈ ફેરફાર, કેવળી પણ ફેરફાર ન કરી શકે. જે સમયે દેહ છૂટવાનો, જે ક્ષેત્રે તે રીતે જ છૂટવાનો છે, એમાં લાખ તારા ડોક્ટર આવે, ઈંજેક્શન લગાવી દે. ધૂળેય નહિ ફરે. આહા..! એની મુદ્દત છે, એનો કાળ છે, ભગવાને જોયો છે, એ જ કાળે દેહ છૂટશે, આઘે-પાછે નહિ. આહા..હા..!

અહીં તો કહે છે કે તારી વસ્તુ છે એની ભાવના કરને, પ્રભુ! એમ કહે છે. આહા..હા..! તું પરની અને રાગની ભાવનામાં શું એમાં તને છે? એમાં તો તને દુઃખ છે, પ્રભુ! આહા..હા..! આ પહેલી લીટીમાં કેટલું ભર્યું છે જુઓ! અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતો કેવળીના કેડાયતો એણે થોડામાં ગાગરમાં સાગર ભરી દીધ છે. આહા..હા..! પ્રભુ! એ માર્ગ આવો છે, ભાઈ! તું પક્ષાપક્ષથી હા-ના પાડ એવી નથી. વસ્તુ તો આવી છે. આહા..હા..! બહુ જ .. છે.

'**એવું જેનું પરમાર્થ સ્વરૂપ હોવાથી...**' ભાષા જોઈ! એવું એટલે? આ જ્ઞાનસ્વભાવથી પુંજ ભરેલો ભર એનાથી થયેલા ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એવું જ જેનું સ્વરૂપ છે. '**એવું જેનું પરમાર્થ સ્વરૂપ હોવાથી જે એક છે...**' જેમાં વિકલ્પ પણ છે નહિ. આહા..હા..!

સ્વભાવની ભાવના થતાં એકરૂપદશા નિર્મળ પ્રગટે છે એ પર્યાય અને દ્રવ્યને એકમેક થઈ જાય છે એટલે ત્યાં ભેદ રહેતો નથી. આવી વાત છે. આહા..હા..! સમજાણું? ઓલા તો કહે ભાઈ દયા પાળો એકેન્દ્રિય, બે ઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિયા, ચૌઈન્દ્રિયા, પંચેન્દ્રિયા વિયાવચ્ચા લેશ્યા જાવ. ઈચ્છામી પડિક્કમણા ઈર્યા.. તસ્સુઉતરી કરેણ.. બિચારા કરી કરીને મરી ગયા. એય..! રસીકભાઈ! આહા..હા..!

વીતરાગ એમ કહે છે કે તારો સ્વભાવ જે ચિત્સ્વભાવ વીતરાગસ્વભાવવાળો ભાવ એનાથી ઉત્પાદ, વ્યય અને ધ્રુવ કરાય છે, થાય છે **'એવું જેનું પરમાર્થ સ્વરૂપ હોવાથી જે એક છે...'** જેને બીજાનો સંબંધ જ નથી. આહા..હા..! જેને વિકલ્પનો, શુભરાગનો પણ જેને સંબંધ નથી, એકરૂપ વસ્તુ પોતે છે. આહા..હા..! સંભળાય છે કે નહિ? હિંમતભાઈ! સંભળાય છે કે નહિ? એમ કહું છું. સમજવાનું તો ક્યા હજી બધું. મુંબઈમાં ઘુચી ગયા બીજા ધંધા પાપમાં. છોકરામાં ને આમાં ને તેમાં. એકલા પાપ. છોકરો પૈસાવાળો થયો તો ઘુચી જાય અંદરથી. આનું આ થયું ને આનું આ થયું ને આનું આ થયું. આહા..હા..!

અહીં તો કહે છે કે દયા, દાન અને વ્રત ભક્તિના પરિણામ કર તોપણ એ ધર્મ નથી. એ રાગ છે. આહા..હા..! આ ઓલા બિચારાએ નહોતું લખ્યું? નિર્મળે લખ્યું છે ને હમણાં. મેં મારા અજ્ઞાનથી પુણ્યને બાળી નાખ્યા. કર્મ તો નથી પણ મેં પુણ્યને બાળ્યા. એ બિચારા. જાણ્યું કે અહીં કાંઈ આદર થયો નહિ, અહીં કાંઈ કિંમત થઈ નહિ એની. આહા..હા..! એટલે ત્યાં સુધી લખ્યું એણે, કે મેં મારા પુણ્યને બાળ્યા, ધર્મ તો થયો નહિ, ધર્મ તો છે નહિ. પણ કષાયના ભાવે માન લેવા અજ્ઞાનપણે જે આ સંથારના માર્ગ બધા, એ મારા પુણ્ય પણ બાળ્યા નહિ. એવું લખ્યું છે. એમાં આવ્યું હતું ને ભાઈ! આહા..હા..! આહા..હા..! પ્રભુ! તું કોણ છો? તને ક્યાં છે? તને કોનાથી ધર્મ થાય? આહા..હા..!

**'એવું જેનું પરમાર્થ સ્વરૂપ હોવાથી જે એક છે એવા અપાર સમયસારને...'** આહા..હા..! કેવો છે ભગવાન આત્મા? અપાર.. અપાર.. જેનો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, શાંતિસ્વભાવ, શાંતિ એટલે ચારિત્ર. અપાર સ્વભાવ છે જેનો. આહા..હા..! **'अपारम् समयसारम्' 'અપાર સમયસારને હું,...'** ધર્મી એમ કહે છે, મુનિ એમ કહે છે અહીંયાં. આવા **'અપાર સમયસારને હું,...' 'समस्तां बन्धपद्धतिम् अपास्य' 'સમસ્ત બંધપદ્ધતિને દૂર કરીને...'** આહા..હા..! કોઈપણ વિકલ્પ હું શુદ્ધ છું, પૂર્ણ છું એવો જે વિકલ્પ-રાગ એ બંધપદ્ધતિ છે. આહા..હા..!

**'અપાર સમયસારને હું,...' 'समस्तां बन्धपद्धतिम्' 'સમસ્ત બંધપદ્ધતિને...'** હું વિકલ્પથી નિશ્ચયથી શુદ્ધ છું એવો વિકલ્પ એ બંધપદ્ધતિ છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'समस्तां बन्धपद्धतिम् अपास्य' 'દૂર કરીને અર્થાત્ કર્મના ઉદયથી થતા સર્વ ભાવોને છોડીને,...'** વિકલ્પ. **'चेतये'** હું સમયસાર અપારને **'અનુભવું છું.'** સમયસાર

અપારને અનુભવું છું. આહા..હા..! મુનિરાજ પોતે કહે છે કે હું તો આવા સમયસારને અનુભવું છું. એ મારો માર્ગ છે. પંચમહાવ્રતના વિકલ્પ અને એ કાંઈ મારું સ્વરૂપ નથી. એ તો બંધપદ્ધતિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? માનો-ન માનો પ્રભુ માર્ગ તો આ છે. એનો વિરોધ કરે. આવા સાહિત્યનો વિરોધ કરે, પ્રભુ! એ સાહિત્ય તો ભગવાનનું છે, મુનિઓનું છે આ સાહિત્ય. આહા..હા..! નાખ્યું લ્યો.

કેવળી સાથે મેળવ્યા હતા ને ..ને. છ બોલ નિર્વિકલ્પતાના. વીતરાગ જિનેશ્વર દેવ પરેશ્વર જિનવરદેવ પરમાત્મા અનંત તીર્થંકરો આ કહેવા માગે છે. આહા..હા..! ભગવાન બિરાજે છે મહાવિદેહમાં સીમંધર પરમાત્મા વીસ તીર્થંકરો બિરાજે છે. હયાતી છે. એ આ રીતે ફરમાવે છે. આહા..હા..! મુનિરાજ ત્યાં ગયા હતા. સંવત્ ૪૯ કુંદકુંદાચાર્ય નગ્નદિગંબર. એ જ માર્ગ હતો પહેલા, એ તો પછી આ નવા શ્વેતાંબર નીકળ્યા, એમાંથી સ્થાનકવાસી તો હમણાં નવા નીકળ્યા. એમાં દિગંબર સંત હતા, મુનિ ભગવાન પાસે ગયા હતા. સંવત્ ૪૯. આઠ દિ' રહ્યા હતા.

**શ્રોતા** :- શ્વેતાંબરના એક આર્જિકા પણ ગયા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પછી કલ્પના કરી નાખી છે. કુંદકુંદાચાર્યનું અનુકરણ કરીને અમારે આર્જિકા ત્યાં ગયા હતા એમ કહે છે. પ્રભુ! શું કરીએ? કોને કહેવું?

**શ્રોતા** :- શ્વેતાંબરના આટલા ફલાણા ફલાણા ગયા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોઈ ગયા નથી. કોણ જાય? દિગંબરમાં કુંદકુંદાચાર્ય. એ તો ઉમાસ્વામીની વાત આવે છે અને પૂજ્યપાદ સ્વામીની આવે છે. ત્રણની આવે છે. ત્રણની આવે છે. એ તો વીતરાગી સંતો હતા. વીતરાગભાવમાં ઝુલતા હતા મુનિઓ. જેને પંચમહાવ્રતનો વિકલ્પ પણ બંધપદ્ધતિને છોડી દે છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ત્યારે વિકલ્પ હોય છે, પણ છતાં તેને છોડીને આત્મામાં જાય છે. પ્રવચનસારમાં છે. વચમાં રાગ આવે છે, પણ એને ઓળંગીને સપ્તમ ગુણસ્થાન ધ્યાનમાં જાય છે એ વીતરાગતા છે. આહા..હા..! પ્રવચનસારમાં છે, પહેલી ગાથાઓ. પાંચ ગાથા.

'**ભાવાર્થ :—નિર્વિકલ્પ અનુભવ થતાં,....**' આહા..હા..! આત્માનો રાગરહિત અનુભવ થતાં એટલે કે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં ચોથે ગુણસ્થાને હોં હજી આ. શ્રાવક તો પાંચમે એ તો સાચા હોય, આ તો વાડાના છે એ વાડાના શ્રાવક-શ્રાવક નથી. સાચા શ્રાવક હોય એને તો આત્માનો અનુભવ સમ્યગ્દર્શન હોય. એ ઉપરાંત એને શાંતિ અંદરની, અવિકારી શાંતિ વધી હોય. આહા..હા..! મુનિની તો શું વાત કરવી!

'**નિર્વિકલ્પ અનુભવ થતાં, જેનાં કેવળજ્ઞાનાદિ ગુણોનો પાર નથી...**' જોયું! કેવળજ્ઞાન એટલે ઓલી પર્યાય કેવળ નહિ, કેવળજ્ઞાન-કેવળજ્ઞાન. એકલું જ્ઞાન, એકલું દર્શન,

એકલું સુખ, અનંત સ્વચ્છતા, પ્રભુતા એવી અનંતગુણની શક્તિઓનો પાર નથી. એવો જે ભગવાન આત્મા... આહા..હા..! ભાઈ! આવો ધર્મ! કોઈ કહે વીતરાગનો ધર્મ આવો હશે? વીતરાગ ધર્મમાં તો ભાઈ દયા પાળવી, રાતે આહાર ન કરવો, કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો. આવી વાતું તો કાંઈ આવી નહિ આમાં. અરે.. ભગવાન! સાંભળને ભાઈ! એ બધી તો રાગની મંદની ક્રિયાઓની વાત છે. એ ધર્મ નથી. આહા..હા..! વીતરાગ ધર્મ તો અંદરમાં ભાવસ્વરૂપ, વીતરાગસ્વરૂપ પ્રભુ એની ભાવના કરતા વીતરાગદશા થાય એ વીતરાગનો ધર્મ પરમેશ્વર જિનવરનો એ ધર્મ છે.

'**જેનાં કેવળજ્ઞાનાદિ ગુણોનો પાર નથી એવા સમયસારરૂપી પરમાત્મા...**' દેખો! આહા..હા..! એવો જે આ સમયસાર એવો ભગવાન આત્મા, પરમાત્માનો જ અનુભવ વર્તે છે. ત્યાં તો પરમસ્વરૂપનો અનુભવ જ વર્તે છે. આહા..હા..! કોઈ એવું કહે છે કે આ તો બધી આઠમા ગુણસ્થાનની વાત છે. એ હમણાં કહેશે ૧૪૪માં. એ કહે છે. એ સોનગઢવાળા ચોથા ગુણસ્થાનની વાત કરે છે આવી. એમ કહે છે. આવ્યું છે વાત એવી હોં. એ ૧૪૪માં ખુલાસો કરશે. કે આ તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની આ હજી વાત છે. એય..! આહા..હા..!

'**સમયસારરૂપી પરમાત્માનો અનુભવ જ વર્તે છે, 'હું અનુભવું છું' એવો પણ વિકલ્પ હોતો નથી—**' આહા..હા..! ઓલો વિકલ્પ તો નથી, પણ અનુભવું છું એ વિકલ્પ પણ નથી એમ કહે છે. આહા..હા..! એ ભેદ પડી ગયો ને? હું અનુભવું છું ભેદ પડી ગયો, વિકલ્પ ઊઠે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! ત્યાં છે આમાં તમારે આફ્રિકામાં ક્યાંય ત્યાં.

**શ્રોતા :-** આફ્રિકામાં હોય તો અહીં આવીએ જ શું કરવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોપટભાઈ એમ કહેતા હતા કે ભાઈ જો અમે ત્યાં સુખી હોત તો અહીંયાં આવીએ શું કરવા? આહા..હા..! છ-છ છોકરા છે અને બે કરોડ રૂપિયા છે એને. બે કરોડ. ધૂળેય નથી બધા દુઃખી છે બિચારા. આહા..હા..! ભિખારા છે ભિખારા રાંકા. આત્માની લક્ષ્મીની ખબર નથી અને ધૂળની લક્ષ્મીના સ્વામી થાય છે. જડના સ્વામી જડ હોય. આહા..હા..! આવો ભગવાન છે તેને હું અનુભવું છું. એવો પણ વિકલ્પ હોતો નથી. આહા..હા..! એ ૯૨ કળશ થયો લ્યો. એ ૧૪૩ ગાથા થઈ.

હવે ૧૪૪. '**પક્ષાતિક્રાંત જ સમયસાર છે એમ નિયમથી ઠરે છે—એમ હવે કહે છે :—**' હું અબદ્ધ છું, શુદ્ધ છું અને એક છું એવો પણ એક વિકલ્પ છે રાગ. એ પક્ષ છે. એને છોડી દે છે. એનું નામ સમયસાર અને એનું નામ આત્મા છે. આહા..હા..! છે? '**પક્ષાતિક્રાંત જ...**' જ મૂક્યો છે લ્યો. '**पक्षातिक्रान्त एव**' '**एव**' છે અંદર સંસ્કૃત. '**पक्षातिक्रान्त एव समयसार**' આહા..હા..!

હું બદ્ધ છું કે અબદ્ધ છું, એક છું કે અનેક છું એવો જે વિકલ્પ છે એ પણ પક્ષ

છે રાગનો. એનાથી પક્ષાતિક્રાંત આત્મા છે. એનું નામ આત્માને સમયસાર કહેવામાં આવે છે. '**એમ નિયમથી ઠરે છે—એમ હવે કહે છે :—**'

**सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं।**
**सव्वणयपक्खरहिदो भणिदो जो सोसमयसारो।।१४४।।**

જુઓ, પહેલાં જ ઉપાડ્યું પાછળ.

નીચે હરિગીત.

**સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,**
**નયપક્ષ ક્સકલ રીહત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪.**

એટલે આ કોઈ મોંઘુ કહે છે કે આ વાત તો આઠમાની અને સાતમાની છે. એનો અહીં ખુલાસો છે. સમજાણું? કેટલાક તો કહે કે એ નિર્વિકલ્પ સમકિત તો આઠમે થાય. હમણાં આવ્યું છે. છાપામાં આવ્યું છે. નિર્વિકલ્પ તો આઠમે થાય. અત્યારે છે નહિ. દિગંબર મુનિ થાય, પંચમહાવ્રત પાળે, કરતા કરતા આગળ જાય ત્યારે એને નિર્વિકલ્પ સમકિત થાય. આહા..હા..!

અહીં તો કહે છે...

**સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,**
**નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪.**

એની '**ટીકા :—જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો...**' આહા..હા..! હું શુદ્ધ છું, અભેદ છું, એક છું એવો જે વિકલ્પ ઊઠે છે રાગ, એના '**નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી...**' એ પક્ષ જેણે છોડી દીધો છે. આહા..હા..! નયપક્ષથી ખંડિત થાય છે એમ કહ્યું ને? આહા..હા..! શું કહ્યું એ? ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ જ્ઞાનસ્વરૂપ આત્મા, એમાં નયનો પક્ષ એ આત્માની શાંતિને ખંડ કરે છે, ભંગ કરે છે. આહા..હા..! કેટલી વાત કરે છે!

'**જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ...**' એનો અર્થ ખંડિત થતો હતો. વિકલ્પ કરે છે જે હું આવો છું તેવો એ તો નયપક્ષમાં શાંતિનો ખંડ કરે છે. દુઃખ થાય છે ત્યાં. આહા..હા..! એ ધર્મી જીવ જ્યારે આત્માને અનુભવે છે ત્યારે '**નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે...**' આહા..હા..! વિકલ્પ એટલે રાગ, કોઈપણ જાતનો રાગ જેને અટકી ગયો છે. આહા..હા..! આ તો સંતો કહે છે, વીતરાગ પાસેથી આવીને કહે છે. જિનવરદેવ ત્રિલોકનાથ બિરાજે છે, કેવળજ્ઞાની છે, પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. અબજોવર્ષથી છે અને અબજો વર્ષ રહેશે હજી તો. પછી મોક્ષ જશે પરમાત્મા. સીમંધર ભગવાન મહાવિદેહમાં છે. જિનવરદેવ અરિહંત નમો અરિહંતાણં. ત્યાં ગયા હતા મુનિ. આઠ દિ' રહીને આ આવ્યું. સંદેશો લાવ્યા

છે આ. આ તો મુનિ સાચા. પણ વિશેષ ત્યાં જઈને સ્પષ્ટતા ઘણી. આહા..હા..!

ત્યારે કહ્યું ને દેવચંદજીએ. દેવચંદજી આચાર્ય મુનિ થઈ ગયા છે. એણે એમ કહ્યું. દિગંબર મુનિ. દેવસેનાચાર્ય. દર્શનસારમાં એમ કહ્યું. ઓહો..! ભગવાન કુંદકુંદાચાર્ય સીમંધર ભગવાન પાસે ન ગયા હોત અને ત્યાંથી જો આવો માર્ગ ન લાવ્યા હોત તો અમે મુનિપણું કેમ પામત? મોક્ષનો માર્ગ કેમ પામત? એમ લખ્યું છે. એમાં છે પહેલું શરૂઆતમાં. આહા..હા..! આવો વીતરાગી માર્ગ સર્વજ્ઞ પરમેશ્વરનો, ભગવાન પાસે જઈને અહીં લાવ્યા. એ ન લાવ્યા હોત તો અમે આ મુનિઓ ધર્મ કેમ પામત? આહા..હા..! તે દિગંબર મુનિ હોં. એ એમ કહે છે. આહા..હા..!

**'જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી...'** કેવી શૈલી મૂકે છે! **'જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે એવો છે, તે સમયસાર છે;...'** તે આત્મા છે. આહા..હા..! જેને પુણ્યના વિકલ્પનો જે નયચક્રનો પક્ષ છે એ પણ છૂટી ગયો છે. કેમકે બંધપદ્ધતિ છે અને એ નયપક્ષ રહિત જે ખરેખર... આહા..હા..! **'વ્યાપાર અટકી ગયો છે એવો છે, તે સમયસાર છે;...'** એને આત્મા ભગવાન કહે છે. એને આત્માને જાણ્યો, એને આત્મા કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે આત્મા કેવો? કે સ્થાવર સ્થિર રહે અને .. હાલે-ચાલે એ આત્મા. આહા..હા..! એક જણે એમ કીધું વળી. એક આર્જિકા આવી હતી. કે આત્મા કેવો? કે પહેલો હોય રાતો અને પછી થાય ધોળો. આહા..હા..! આવી વાત ન મળે. શું થાય પ્રભુ! માર્ગ તો આવો છે, ભાઈ! અનંતકાળે માણસોને મળ્યું. અનંતકાળે માણસોનું મળ્યું. એમાં જો આવા ન સમજમાં આવે અને આ દૃષ્ટિ નહિ થાય તો બાપુ એવી દશા તારી છે-નરક અને નિગોદ. અનંતાભવ રખડીને મરી જઈશ. આહા..હા..! આને સમયસાર કહે છે. આહા..હા..! જે જડકર્મ, નોકર્મ-શરીર, વાણી આદિ, ભાવકર્મ—વિકલ્પ.. આહા..હા..! એનાથી રહિત છે, એના વિકલ્પથી રહિત થયો છે તે સમ્યક્ સમયસાર છે.

**'ખરેખર આ એકને જ કેવળ સમ્યગ્દર્શન...'** ભાષા દેખો લ્યો! જે વિકલ્પરહિત રાગરહિત સ્વરૂપનો અનુભવ કરે, આનંદનો અને વીતરાગપર્યાયનો એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. છે? **'ખરેખર આ એકને જ કેવળ સમ્યગ્દર્શન...'** આહા..હા..! આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા. આ તો કહે દેવ-ગુરુ-શાસ્ત્રને અમે માનીએ છીએ માટે અમને સમ્યગ્દર્શન. હવે કરો વ્રત, એ ચારિત્ર. ધૂળેય નથી. મરી જઈશ એમ ને એમ. આહા..હા..! સમજાણું કાંઈ? ગાથા બહુ સારી છે. કર્તાકર્મની છેલ્લી છે ને?

**'ખરેખર આ એકને જ...'** એકને જ એટલે આવો જે સમયસાર નિર્વિકલ્પપણે અનુભવમાં આવે એને એકને જ સમ્યગ્દર્શન નામ પમાય છે. **'વ્યાપદેશ'** છે ને? **'વ્યાપદેશ'** કહેવાય છે એમ. ઓલામાં પણ એ આવે છે ને રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં. વ્યવહાર સાથે નિશ્ચય છે તેને

સમ્યગ્દર્શન નામ અપાય છે એમ છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. એ આ 'વ્યાપદેશ' અહીં શબ્દ છે ઈ ત્યાં વાત લે છે. ટોડરમલજી શાસ્ત્રના શબ્દની વાત કરે છે. સમજાણું કાંઈ?

એ '**ખરેખર આ એકને જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે.**' એને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. શાસ્ત્રના ભણતર અને નવતત્ત્વ શીખ્યો માટે સમ્યગ્જ્ઞાન એમ નહિ એમ કહે છે. આહા..હા..! ભગવાન આત્મા ચિત્પુંજનો અનુભવ, વિકલ્પરહિત એ જ સમયસાર એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ મળે છે. આહા..હા..! કેટલી સરસ વાત છે! મુંબઈમાં એ બહુ ઝીણું ઝીણું ન કંતાય. થોડું થોડું દાખલા ને દાખલા. ગાથા તો આવી ગઈ છે. આહા..હા..!

'**એકને જ...**' 'જ' શબ્દ છે જોયું! એટલે ઓલો વ્યવહાર સમકિત-બમકિત નહિ એમ કહે છે. આહા..હા..! આવા એક સમયસાર છે. '**ખરેખર આ એકને જ કેવળ સમ્યગ્દર્શન...**' ખરેખર સમ્યગ્દર્શન એમ. સાચું સમ્યગ્દર્શન, સત્ય સમ્યગ્દર્શન નિશ્ચય સમ્યગ્દર્શન. આહા..હા..! અને નિશ્ચય સમ્યગ્જ્ઞાન. એ વિકલ્પ વિનાનો આત્મા અનુભવે એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૫, બુધવાર, તા. ૧૩-૧૦-૧૯૭૬, ગાથા-૧૪૪, પ્રવચન નં. ૨૦૦

સમયસાર. ગાથા-૧૪૪. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, પ્રથમ ધર્મની શરૂઆત કેવી હોય? અને કોને સમ્યગ્દર્શન-જ્ઞાન કહેવાય એ વાત ચાલે છે. ફરીને ટીકા. '**જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી...**' એટલે આ વસ્તુ જે છે ભગવાન આત્મા એકલો જ્ઞાનરસ જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલું તત્ત્વ અનાદિ છે. એમાં હું શુદ્ધ છું, દયા-દાનના, વ્રતના, તપના વિકલ્પો છે એ તો એમાં છે જ નહિ, પણ એમાં હું શુદ્ધ છું, પૂર્ણ પરમાત્મા છું એવો જે રાગનો વિકલ્પ એ પણ જ્ઞાનને ખંડ કરે છે. અખંડ વસ્તુને એ રાગ ખંડ કરે છે. નુકસાન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે?

'**જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી...**' એનો અર્થ કે નયપક્ષ વડે ખંડિત થતો હતો. આહા..હા..! એ તો જ્ઞાનસ્વભાવનો પિંડ અનંતજ્ઞાન જ એનું સ્વરૂપ છે. એ ખરેખર તો વિકલ્પ ઉઠે છે એ એના સ્વરૂપમાં નથી અને એ નુકસાનકારક છે. આત્મામાં અખંડ અભેદ વસ્તુ જે છે એને આ વિકલ્પ ખંડ કરે છે. અભેદનો ખંડ કરે

એટલે ભેદની દૃષ્ટિ રહેતી નથી. અખંડ વસ્તુ છે ચૈતન્યઘન એ વિકલ્પ એ અખંડને વિકલ્પ ઉઠતા અખંડને ખંડ કરે છે એટલે કે ભેદ પાડે છે એટલે કે ચૈતન્યના અખંડ અભેદમાં નુકસાન કરે છે. આહા..હા..! આ છે વાત. સમજાય છે કાંઈ? ઓલા ગયા સવારમાં? ઓલા હતા ને ભાઈ! હિન્દી-હિન્દી. ગયા લાગે છે. .. કીધું હતું ને ગયા લાગે છે પાલિતાણા.

'જે ખરેખર...' ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે એ શુદ્ધ છું, પવિત્ર છું, એ વસ્તુ બરાબર છે. પણ એનો જે વિકલ્પ ઉઠાવવો એ પણ ચૈતન્યના સ્વભાવથી તદ્દન ભિન્ન છે. ભગવાન જ્ઞાનસ્વભાવથી એ વિકલ્પ ઉઠાવવો એ પણ તદ્દન ભિન્ન છે, તદ્દન જુદી ચીજ છે. આહા..હા..! એ '**નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી...**' અંતરદૃષ્ટિ કરતા એ નયના પક્ષનો જે વિકલ્પ છે તે ખંડિત નથી. તૂટી જાય છે. વિકલ્પ ત્યાં રહેતો નથી. આહા..હા..!

'**જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે...**' આહા..હા..! એકલો જ્ઞાનસ્વભાવ, એ જ્ઞાનસ્વભાવ છું એવો એ વિકલ્પ જેમાં નથી. આહા..હા..! આવી વાત છે. એ ચૈતન્ય મહાપ્રભુ આત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદ એનું આખું એકરૂપ અભેદ અખંડ છે. એવા આત્મા ઉપર દૃષ્ટિ પડતાં એટલે જ્ઞાનની પર્યાય દ્રવ્યમાં એકત્વ થતાં '**સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે...**' આ ઝીણી વાત બહુ. અપૂર્વ વાત છે બાપુ આ તો. આહા..હા..!

'**તે સમયસાર છે;...**' તેને આત્મા કહીએ. આહા..હા..! કેમકે જે વૃત્તિ ઉઠે રાગની એ તો અણાત્મા છે. એ જડ છે, અચેતન છે, એ ચૈતન્ય સ્વભાવ જ્યાં પૂર્ણાનંદના સ્વભાવ ઉપર દૃષ્ટિ પડતાં એ વિકલ્પનો ત્યાં આગળ નાશ થઈ જાય છે. ઉત્પન્ન થતો નથી એટલે એ નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? માર્ગ ઝીણો બહુ બાપુ. આ બધું સમ્યગ્દર્શન વિના બધું આ કરવા માંડ્યું છે. આ વ્રત કરવા ને તપસ્યા કરવી ને આ કરવું. બધા એકડા વિનાના મીંડા છે.

**શ્રોતા :-** પહેલા મીંડા કરીએ પછી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મીંડા કર્યા પછી. આહા..હા..! જે એમાં નથી એની સાથે એકાગ્ર થવું એ તો મિથ્યાત્વભાવ છે. મિથ્યાદૃષ્ટિ છે. નગ્ન મુનિ થયો અનંતવાર, સાધુ પંચમહાવ્રત પાળ્યા, પણ એ બધો વિકલ્પ છે એની સાથે એકત્વબુદ્ધિ છે. આહા..હા..! એથી એ પંચમહાવ્રત અને નગ્નપણાની દશામાં અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, તો એ રાગ છે એને પાળ્યો એટલે રાખ્યો એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આવી વાત છે. આનું નામ સમયસાર છે. આહા..હા..!

જે કેવળજ્ઞાન, એકલુંજ્ઞાન સ્વરૂપ ચિદ્રૂહોમ્ એ વિકલ્પ નહિ. એ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એકલો જાણવા-દેખવાના સ્વભાવનો પિંડ ચિદ્રૂપ એનો અનુભવ થતાં એને આ વિકલ્પ જે હું આવો કે તેવો એ વૃત્તિ નાશ થઈ જાય છે. ત્યારે એ આત્મા થાય છે અને ત્યારે એને સમયસાર એટલે આત્મા કહેવાય છે. આવું છે ઝીણું.

'**ખરેખર આ એકને જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે.**' જોયું! આહા..હા..! પૂર્ણ જ્ઞાનઘનસ્વરૂપમાં એકાગ્ર થતાં જે વિકલ્પની લાગમીઓ ઉત્પન્ન થતી નથી એકલો નિર્મળાનંદ પ્રભુ અનુભવમાં આવે છે એને જ સમયસાર કહીએ અને એને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ મળે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એને હજી ચોથું ગુણસ્થાન કહેવાય છે.

**શ્રોતા :-** શરૂઆત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરૂઆત. પાંચમું શ્રાવકનું અને મુનિનું છઠ્ઠું એ તો કોઈ બીજી અલૌકિક ચીજ છે. આ તો સમ્યગ્દર્શન વિના આ વ્રત ને તપ લીધા એટલે થઈ ગયા શ્રાવક અને થઈ ગયા મુનિ. આહા..હા..! કહે છે કે એ તો અણાત્મા છે. એના આત્મા હાથ આવ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્મા '**એકને જ કેવળ સમ્યગ્દર્શન...**' કેવળ એક જ વસ્તુ પૂર્ણાનંદનો નાથ વીતરાગી પર્યાયમાં, અનુભવમાં આવ્યો એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે. આહા..હા..! કાલે કહ્યું હતું ને? બતાવ્યું હતું ને. રાતે કહ્યું હતું નહિ? રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એને સમ્યગ્દર્શન નામ પમાતું નથી. એ તો રાગ છે. આહા..હા..! આ આત્મા આવો જે વીતરાગી મૂર્તિ પ્રભુ એનો જે અંતર અનુભવ એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન મળે છે. વ્યપદેશ. આહા..હા..!

એ '**(સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદાં નથી,...**' સમયસાર એટલે આત્મા. પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છે, પરમાત્મસ્વરૂપ આત્મા છે. આહા..હા..! જેમ .. પરમાત્મા એને કોઈ વિકલ્પ અને કોઈ સંબંધ પરપદાર્થનો નથી, એવો જ આ ભગવાન આત્મા એને વિકલ્પ અને પરપદાર્થ અને પરદ્રવ્યનું કાંઈ સંબંધ નથી. એ પરદ્રવ્યને કરે કે રચે કે પરદ્રવ્યની વ્યવસ્થા કરે એ આત્મા નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ રાગ કરે રાગ. અણાત્મા. કહો નેમિદાસભાઈ! આ બધું કરતા નહિ પાંજરાપોળની મજુરીયું કરતા. શેઠ! નેમિદાસ પાંજરાપોળનું કરતા. ભેંસોને સાચવવી ને ફલાણું સાચવવું. કોણ કરે? આહા..હા..!

પરદ્રવ્યની તો કઈ પર્યાય આત્મા કરે? પણ સ્વદ્રવ્યની અંદરમાં રાગનો વિકલ્પ કરે એ પણ મિથ્યાદૃષ્ટિ છે કહે છે. આહા..હા..! કર્તાકર્મ છે ને? કેમકે પ્રભુ તો આત્મા તો જ્ઞાનસ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ છે ને એમાં વિકલ્પનો અવકાશ કેવો? આહા..હા..! એ તો છ દ્રવ્યથી ભિન્ન છે. સમ્યગ્જ્ઞાન દિપીકામાં કહ્યું છે ને? આમાં પણ કહ્યું આપણે ૪૯ ગાથામાં. છ દ્રવ્ય છે ભગવાન કેવળીએ જોયેલા. તીર્થંકરે છ દ્રવ્ય. સંખ્યાએ અનંત અને જાતિએ છ. એ છ દ્રવ્યથી પણ છ દ્રવ્ય જ્ઞેય છે, જ્ઞાનમાં જણાવાલાયક છે એ વ્યક્ત છે એનાથી જીવ ભગવાન આત્મા ભિન્ન છે. આહા..હા..! એ સાતમું છે. છમાં રહેલો પણ સાતમું છે. છથી ભિન્ન છે. આહા..હા..!

પછી જ્ઞાન સ્વઆત્માનું મનન છે ને. સમ્યગ્જ્ઞાન દિપીકામાં નથી. સ્વાત્માનું ભવન મનન.. રહેલું છે. એમ બે-ત્રણ ઠેકાણે છે. આહા..હા..! એકકોર રામ અને એકકોર ગામ.

ભગવાન અનંતકેવળીઓ અને અનંત આત્માઓ જેટલા છે જગતના અને છ દ્રવ્ય જે છે એ બધાને એક સમયની પર્યાયમાં સ્વને જાણતા જાણે, એકલું પરને જાણે એ તો મિથ્યાજ્ઞાન છે. આહા..હા..!

**શ્રોતા :-** સ્વને જાણતા પર જણાય જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો જણાય જાય છે. અંદર એ પોતાનો સ્વભાવ છે. સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ છે. એકલો પરને જાણે એ તો વસ્તુ મિથ્યા છે. કેમકે એનો જ્ઞાનસ્વભાવ જ છે એમાં પરને જાણવું, પરમાં તન્મય થઈને તો જાણતો નથી, એ સ્વભાવમાં તન્મય થઈને પોતાને જાણે ત્યારે પર જણાય જાય છે એમ વ્યવહારે કહેવાય છે. આહા..હા..! બહુ પ્રભુનો માર્ગ એવો ભાઈ છે. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન સમયસાર નામ ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ, જ્ઞાનનો સાગર એનું જે સમ્યગ્દર્શન-જ્ઞાન એ આત્માથી કાંઈ જુદી દશા નથી. આત્માથી જુદો ભાવ નથી. આહા..હા..! એટલી વાત પહેલી કરી.

હવે શરૂઆત કેમ કરવી એની વાત હજી લે છે હવે. તો એકદમ આવું થાય કે નહિ? કહે સાંભળ હવે. '**પ્રથમ,...**' તો છે ને પહેલું? સંસ્કૃતમાં છે '**પ્રથમતઃ**' '**શ્રુતજ્ઞાનના અવલંબનથી...**' પહેલું તો સર્વજ્ઞ પરમેશ્વરે જે શાસ્ત્રજ્ઞાન આગમ કહ્યું એના શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરે. હજી વિકલ્પથી કરે છે. એકદમ નિર્વિકલ્પ થવા માટે પણ વિકલ્પથી નિર્ણય કરે છે. છતાં એ વિકલ્પથી નિર્ણય કરે છે. છતાં એ વિકલ્પથી નિર્ણય કરે છે. છતાં એ વિકલ્પથી નિર્ણય કરે એ નિર્વિકલ્પતાનું કારણ નથી. આહા..હા..!

રાગમિશ્રિત વિચારથી મનના સંબંધે શાસ્ત્ર ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે શાસ્ત્ર કહ્યાં, આગમ કહ્યાં... આ ઝીણી વાત ભારે. એના '**અવલંબનથી...**' એ તો દિગંબર ધર્મમાં ભગવાને કહેલા શાસ્ત્રો એનું જ્ઞાન હોય છે. આ શ્રુતજ્ઞાન કહેવું છે ને એ ભગવાને કહેલું એમાંથી શ્રુતજ્ઞાનના અવલંબનથી '**જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને,...**' ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ જ છે, ચૈતન્યબ્રહ્મ બસ. જેમાં વિકલ્પથી માંડીને આખું જગત-લોકાલોક તદ્દન ભિન્ન છે. આહા..હા..! એવો પહેલો રાગમિશ્રિત વિચારથી નિર્ણય કરે. સમજાય છે કાંઈ?

'**શ્રુતજ્ઞાનના અવલંબનથી...**' સર્વજ્ઞે કહેલા પરમાગમ અને એના જ્ઞાનના બળથી... આહા..હા..! એનો અર્થ એ થયો કે ગુરુ જે સદ્‌ગુરુ છે એ સર્વજ્ઞમાં આગમની વાત કરે છે એને. એટલે એ સાંભળીને નિર્ણય કરે છે. આહા..હા..! નિર્ણય એ કરે છે કે આ ગુરુ તો એમ કહે છે કે જ્ઞાન તે હું. એમ સાંભળીને નિર્ણય કરે છે. આ પ્રથમ એની શરૂઆત નિર્ણય કરવાની આ છે. સમ્યગ્દર્શન પછી. આ તો હજી આંગણે ઊભો નિર્ણય કરે છે.

આહા..હા..! '**પ્રથમ,...**' તો, શરૂઆત જેને આત્માના અનુભવની કરવી છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે એણે પહેલો '**શ્રુતજ્ઞાનના આલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો...**' એટલે કે એનામાં આ દયા, દાન, વ્રતના જે વિકલ્પ છે એ એનો સ્વભાવ નથી એ તો વિભાવ-વિકાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાનસ્વભાવ આત્મા.. એ તો જાણક સ્વભાવ જ આત્મા છે. અનાદિનો એ જ છે. એનું અસ્તિત્વ જ એ છે. આવો અસ્તિત્વ છું એવો વિકલ્પ નહિ, પણ વિકલ્પથી આવો નિર્ણય કરે છે. આહા..હા..! આવી વાતું. આવું સાંભળવું મુશ્કેલ પડે હજી એને. ઓલું કહેતા હોય કે ભાઈ દયા પાળો, ઈચ્છામી પડિક્કમણા... જીવિયા વહોરવિયા તસ્સમિચ્છામી દુક્કડમ. કાંઈ છે એમાં? એ તો વિકલ્પની વાતું છે. તસ્સઉતરી કરણેણ તાઉકાએ... અપ્પાણં શું ને વોસરે શું? .. ક્યા? આહા..હા..! સિદ્ધાસિદ્ધં મમદિસંતુ. લોગ્ગસમાં એમ કહે. નહિ? સિદ્ધાસિદ્ધં મમદિસંતું.

કલકત્તામાં હતાને ક્યાં હતા તમે? કલકત્તા? આ પણ કલકત્તામાં છે હજી. સ્થાનકવાસીના અગ્રેસર હતા. ઘણા વર્ષો. આવું બધું ચાલે. અરે.. પ્રભુ સાંભળતો ખરો, બાપુ! એ બધી વિકલ્પની જાતનો રાગ છે. એ એવો આત્મા નથી એવો તો વિકલ્પ દ્વારા નિર્ણય પહેલો કર એમ કહે. આહા..હા..! સમજાણું કાંઈ? જેને સમ્યગ્દર્શન ધર્મની પહેલી ભૂમિકા, ધર્મની પહેલી શરૂઆત, ત્રણલોકના નાથના વીતરાગમાર્ગની ધર્મની શરૂઆત પહેલી કેમ કરવી? કે એણે પહેલું આ શ્રુતજ્ઞાનના બળ વડે આત્મા એકલો જ્ઞાનસ્વભાવ છે, એ કોઈનો કર્તા નથી, તેમાં રાગ નથી, તેમાં દયા, દાનના વિકલ્પ નથી. આહા..હા..! કહો, નેમિદાસભાઈ! આવી વાત છે. કલકત્તામાં અગ્રેસર હતા. તમે તો જયપુર. કલકત્તા ગયા હતા? એ સ્થાનકવાસીમાં. .. પછી સ્થાનકવાસીમાં. તમે તો દિગંબર. તમને ખબર ન હોય. સ્થાનકવાસીમાં અગ્રેસર હતા. આહા..હા..!

અહીં તો કહે છે કે પ્રભુ! પહેલા સર્વજ્ઞે કહેલાં શાસ્ત્ર એનો પહેલો નિર્ણય જોશે એને. એમ આવ્યુંને ભાઈ! ..શાસ્ત્ર .. પછી સર્વજ્ઞે કહેલા શાસ્ત્ર દ્વારા એનો નિર્ણય કરે કે હું જ્ઞાનસ્વભાવ છું. એવો વિકલ્પથી નિર્ણય કરે... આહા..હા..! રાગથી. ..ના સંગથી એકદમ વીતરાગ થઈ શકે નહિ એટલે પહેલા આંગણામાં આમ ઊભો રહીને નિર્ણય કરે કે આ હું કોણ છું? હું જેને કહેવાય છે, મેં આ છું એ શું ચીજ છે? એ તો જ્ઞાનસ્વરૂપ ચીજ છે. જાણકસ્વભાવ આત્મા, જાણકસ્વભાવ આત્મા.

એમ જ્ઞાનસ્વભાવ આત્મા, એનો નિશ્ચય કરીને '**પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે,...**' શું કીધું એ? કે આત્માનું શાસ્ત્રજ્ઞાન દ્વારા, ગુરુ દ્વારા એણે સાંભળ્યું અને એના દ્વારા એણે એમ નિર્ણય કર્યો કે આ આત્મા તો તદ્દન જ્ઞાનસ્વરૂપ છે, કોઈની દયા પાળી શકે કે કોઈને મારી શકે એ આત્મા નહિ. આહા..હા..! એમાં વિકલ્પ ઉઠે છે, વિકલ્પથી નિર્ણય કરે છે,

છતાં નિર્ણયમાં એ કરે છે કે આ વિકલ્પ વિનાની જ્ઞાનચીજ છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા હવે આ ઝીણું પડે માણસને. એથી ઓલા ચાલી નીકળતા, બાપા! આહા..હા..! પહેલો માર્ગ, બાપુ વીતરાગનો. જિનવર ત્રિલોકનાથ પરમાત્મા એના કહેલા શાસ્ત્રો અને એનાથી શાસ્ત્રથી ગુરુગમે, શાસ્ત્ર કહેનાર જોઈએને એને?

વાત તો એમ અહીં '**શ્રુતજ્ઞાનના અવલંબનથી...**' એનો અર્થ જ એ છે કે એને સમ્યગ્જ્ઞાન સંભળાવનાર ગુરુ છે એ એને સંભળાવે છે, કે જો ભાઈ આત્મા જ્ઞાનસ્વભાવ છે. એમાં નથી દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ એનામાં નથી. એ એનું સ્વરૂપ જ નથી. આહા..હા..! એમ વિકલ્પ નામ રાગ દ્વારા પ્રથમ નિર્ણય કરીને પછી. પ્રથમ કીધું ને એ? '**પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને...**' એ જ્ઞાનસ્વરૂપ છે એવો વિકલ્પ દ્વારા નિર્ણય કર્યો, પણ આત્મા પ્રસિદ્ધિ ન પામ્યો. આત્મખ્યાતિ છે ને. આત્મા પ્રસિદ્ધ ન પામ્યો, એથી '**આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે...**' આહા..હા..! આ ટીકાનું નામ જ આત્મખ્યાતિ છે. જે વિકલ્પ રાગ દ્વારા નિર્ણય કર્યો હતો કે ભગવાન આત્મા તો એકલો જ્ઞાનનો પિંડ, કેવળજ્ઞાન, કેવળજ્ઞાન, કેવળજ્ઞાન એટલે? ઓલો કેવળજ્ઞાન પર્યાય નહિ. કેવળજ્ઞાન. એકલો જ્ઞાન... એકલો જ્ઞાન.. એકલો જ્ઞાન... એવો પ્રથમ સાંભળીને વિકલ્પ દ્વારા નિર્ણય કર્યો, પછી. હવે આત્મા પ્રગટ કરવો છે. હવે એ તો નિર્ણય કર્યો હતો એ રાગમાં. એ રાગમાં હજી આત્મા પ્રસિદ્ધ પામ્યો નહોતો. સમજાય છે કાંઈ?

'**આત્માની પ્રગટ પ્રસિદ્ધિ...**' જુઓ પ્રગટપ્રસિદ્ધિ એટલે? '**જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને,...**' ત્યાં આત્માની પ્રગટ પ્રસિદ્ધિ નહોતી. અવ્યક્તપણે વિકલ્પથી નિર્ણય કર્યો. આહા..હા..! સમજાણું કાંઈ? છે ને સામે પુસ્તક? ક્યા શબ્દનો ક્યો અર્થ થાય છે? ચોપડા ઘરના મેળવે છે કે નહિ દિવાળી આવે ત્યારે? તારી પાસે લેણું આટલું અને મારી પાસે લેણું આટલું અને મારી પાસે મારામાં આટલું લેણું. ઓલો કહે પાંચ હજાર નીકળે, ઓલો કહે દસ હજાર નીકળે. મેળવો. એને ભગવાનની વાણી સાથે મેળવો તમારી શ્રદ્ધાને. આહા..હા..!

કહે છે, '**આત્માની...**' ઓલો જ્ઞાન નિર્ણય કર્યો છે ત્યાં આત્માની પ્રસિદ્ધિ થઈ નથી હજી. હજી આત્મા અનુભવમાં આવ્યો નથી. આહા..હા..! ફુલચંદજી! આવી વાતું છે. ત્યાં ૧૪૪ ગાથા ચાલી હતી ને ક્યાંક કલકત્તામાં? ક્યાં? આહા..હા..! આ મુંબઈમાં ચાલી હતી. મુંબઈમાં માણસો ઘણું માણસો. એ બધા આવવાના છે આ તેરશે. ધનતેરશે. વિનંતી માટે. અંજળ હશે ત્યાં થાશે. આહા..હા..! ભગવાન સર્વજ્ઞ પરેશ્વર, એ ભગવાનની વાણી છે ને એ શ્રુતજ્ઞાન છે, ભગવાન કેવળજ્ઞાન ન કહી શકે. સમજાણું કાંઈ? શ્રુતજ્ઞાનથી વાત કરે ભગવાન. આહા..હા..! વાણી છે ને વાણી? એ દ્રવ્યશ્રુત છે એટલે ખરેખર એ ભાવશ્રુત થવામાં નિમિત્ત છે. એથી વાણીને શ્રુત દ્વારા ભગવાન વાત કરે છે. કેવળજ્ઞાન દ્વારા વાત ન કરી શકે. આહા..હા..!

સમજાણું કાંઈ? વાણી છે અવાજ એ જડ છે. અને આત્મા અંદર ચૈતન્યમૂર્તિ ભિન્ન છે. પણ એ જડમાં દ્રવ્યશ્રુતથી વાત કરે છે એમ અહીંયાં કહેવામાં આવે છે. કેવળજ્ઞાનથી વાત કરે એ કેવળજ્ઞાનથી વાત કરી શકે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં છે એ. આ શું કહેવાય નહિ? આ શાસ્ત્ર ધવલ. ધવલમાં છે એ. ધવલ-ધવલમાં આ પાઠ છે. ભગવાન શ્રુતજ્ઞાન દ્વારા ઉપદેશ આપે છે. એ અહીં શ્રુતજ્ઞાન દ્વારા એણે સાંભળ્યું. આહા..હા..!

અહીં તો ત્યાં લઈ જવું છે. એણે સાંભળીને નિર્ણય કર્યો રાગ દ્વારા, આ ઝવેરાતની દુકાન છે અને આંગણે ઉભો-ઉભો નિર્ણય કર્યો, પણ ઝવેરાતની દુકાનમાં પેઠો નથી. એમ ભગવાન આત્મા અનંત આનંદ આદિ ઝવેરાતનો પિંડ પ્રભુ છે. એમાં એ પેઠો નથી, આત્મા પ્રસિદ્ધ થયો નથી. જ્યાં પ્રસિદ્ધ રાગમાં પ્રસિદ્ધ કર્યો કે આ આત્મા આવો એટલું. સમજાણું કાંઈ?

'**પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે,...**' એટલે આત્માની પ્રગટ ખ્યાતિ માટે, એટલે આત્મા પર્યાયમાં અનુભવાય એ રીતે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આત્માની પ્રગટ...**' એ વિકલ્પથી નિર્ણય કર્યો છે તો એ અવ્યક્તપણું છે, એ વ્યક્ત પ્રગટ અનુભવમાં આવ્યો નથી. આ તો હજી સમ્યગ્દર્શન પ્રગટ કરવાની વિધિ અને રીત આ છે. બહારના દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ, નવતત્ત્વને માનીએ માટે સમ્યગ્દર્શન છે એ જૂઠી વાત છે. નવતત્ત્વના ભેદવાળા માને એ તો..

અહીંયાં તો ભગવાન આત્મા જ્ઞાતા-સ્વભાવવાળું એ તત્ત્વ છે. ત્રણે કાળે તત્ત્વ એ જાતમાં જ રહેલું છે. આહા..હા..! ભલે નિગોદમાં હો, પણ એ તો જ્ઞાતાપણે જ રહેલું તત્ત્વ છે. સમજાણું કાંઈ? એને પ્રગટ કરવા માટે શું કરવું હવે? '**પર પદાર્થની પ્રસિદ્ધિના કારણો...**' આ ઈન્દ્રિયો જે છે એ પરપદાર્થની પ્રસિદ્ધિ કરનારા છે, ઈન્દ્રિયો દ્વારા આત્મા પ્રસિદ્ધ થાય એવો છે નહિ. આહા..હા..! કાન, આંખ, નાક, જીવ અને સ્પર્શ. એ પરપદાર્થની પ્રસિદ્ધિના કારણ છે. આહા..હા..! ગજબ વાત કરી ને.

ઈન્દ્રિયો દ્વારા વીતરાગ અને વીતરાગની વાણી અને પંચપરમેષ્ઠી એ ઈન્દ્રિય દ્વારા પરપદાર્થની પ્રસિદ્ધિ થાય છે. આહા..હા..! છે? '**પર પદાર્થની પ્રસિદ્ધિના કારણો જે ઇંદ્રિય દ્વારા અને મન દ્વારા...**' મન દ્વારા પરપદાર્થ જણાય છે. ઈન્દ્રિયો દ્વારા પરપદાર્થ જણાય છે. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર કે પંચપરમેષ્ઠી એ ઈન્દ્રિય દ્વારા પ્રસિદ્ધિ પામે એવો એ જીવ છે. આહા..હા..! આ તો આવી ગઈ ભાઈ ઓલું જે ઈન્દ્રિય જણિતા. આ બીજી રીતે વાત કરી છે. આહા..હા..!

ચૈતન્ય મહાહીરણો અંદર હીરો મોટો છે, પ્રભુ! આહા..હા..! એના પ્રસિદ્ધિ માટે એટલે પર્યાયમાં તેનો અનુભવ કરવા માટે '**પર પદાર્થ...**' પરપદાર્થ એટલે ગમે તે ચાહે. આહા..હા..! શરીર, વાણી, મન. એનાથી તો પરપદાર્થ પ્રસિદ્ધ થાય. આહા..હા..! ભગવાનની પ્રતિમાં

પણ ઈન્દ્રિય દ્વારા પ્રસિદ્ધ થાય છે. ત્રણલોકનો નાથ સર્વજ્ઞ પરેશ્વર સમવસરણમાં બિરાજતા હોય, પણ એ ઈન્દ્રિય દ્વારા પરપદાર્થની પ્રસિદ્ધિ છે. આહા..હા..!

'**ઈન્દ્રિય દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ...**' પ્રવર્તતી તે જે જ્ઞાનની અવસ્થાઓ. આહા..હા..! '**તે બધીને મર્યાદામાં લાવીને...**' આહા..હા..! ઈન્દ્રિયો દ્વારા પરપદાર્થની પ્રસિદ્ધિ છે, અહીં સ્વપદાર્થની પ્રસિદ્ધિ કરવી છે માટે ઈન્દ્રિય દ્વારા પરપદાર્થની પ્રસિદ્ધિનો બુદ્ધિ છે તેને સમેટી લે. તેને પરસન્મુખ છે તેને સ્વસન્મુખ કરી દે. આહા..હા..! આવી વાત છે.

'**બુદ્ધિઓ તે બધીને મર્યાદામાં લાવીને...**' પાંચ ઈન્દ્રિયને મન તરફના વલણવાળું જે પરપદાર્થની પ્રસિદ્ધિ, તે જ્ઞાનને ત્યાંથી રોકીને અંદરમાં મર્યાદામાં લાવીને. કારણ કે બહાર જાતી હતી તો એ મર્યાદા વિનાની છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ઈન્દ્રિય દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ...**' જ્ઞાનની પર્યાય વિકલ્પ દ્વારા, '**બધીને મર્યાદામાં લાવીને...**' આ બાજુ લાવીને, આત્મા તરફ જુકાવ કરીને. આહા..હા..! '**જેણે મતિજ્ઞાન-તત્ત્વને...**' ઈન્દ્રિય દ્વારા અને મન દ્વારા કીધું ને? એ મતિજ્ઞાનપણું લીધું છે.

એ '**મતિજ્ઞાન-તત્ત્વને...**' મતિજ્ઞાનના તત્ત્વ એટલે સ્વરૂપને '**આત્મસન્મુખ કર્યું છે...**' આહા..હા..! પાંચ ઈન્દ્રિય અને મન જે પરપદાર્થ પ્રસિદ્ધિના કારણો તેને રોકીને સ્વસન્મુખ જ્ઞાનને કર્યું. મતિજ્ઞાનને સ્વસન્મુખ કર્યું. આહા..હા..! જાણનાર તરફ મતિજ્ઞાનને વાળ્યું, જણાવાયોગ્ય જે પદાર્થ ઈન્દ્રિય અને મન દ્વારા હતા તેનાથી સમેટી લીધીને. આહા..હા..! આવી વિધિ. કહો, શાંતિભાઈ! આવો માર્ગ છે, બાપા! અરે.. નહિતરતો અવતાર ચાલ્યા જાય છે.

જેને આવું સત્ય છે એ શ્રવણમાં મળે નહિ એ બિચારા શું કરે? ક્યાં જાય? એમ ને એમ સંપ્રદાયમાં મિથ્યાત્વના પોષકમાં પડ્યા હોય ક્રિયાકાંડમાં જિંદગી ચાલી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! મતિજ્ઞાનને એટલે મતિજ્ઞાન એટલે પરતરફ જે ઈન્દ્રિય અને મન દ્વારા જતું હતું તે જ્ઞાનને આત્મસન્મુખ કર્યું. આહા..હા..! '**એવો,...**' એક વાત.

બીજી વાત. '**તથા નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતા...**' હવે વિશુદ્ધ શ્રુતજ્ઞાન વિકલ્પભેદ છે એ. અનેક પ્રકારના. '**નાના...**' એટલે અનેક પ્રકાર. '**નયપક્ષો...**' એટલે હું અબદ્ધ છું ને શુદ્ધ છું ને અભેદ છું ને એવા જે નયપક્ષો એ '**આલંબનથી થતા અનેક વિકલ્પો...**' એનાથી થતાં રાગના ભાવો બધા. એ '**વડે આકુળતા ઉત્પન્ન કરનારી...**' આહા..હા..! શ્રુતજ્ઞાનમાં પણ બદ્ધ છું એ તો બે ભાગ લીધા સાથે પણ ખરેખર તો અબદ્ધ છું ને શુદ્ધ છું ને જ્ઞાનસ્વભાવ જ હું છું એવો જે વિકલ્પ છે એ આકુળતાને ઉત્પન્ન કરનારો છે. દુઃખને ઉત્પન્ન કરનાર છે. આહા..હા..! છે?

**'નાના પ્રકારના નયપક્ષોના...'** નયનો પક્ષ, ભૂમિકા, વિકલ્પ, એના આલંબનથી થતા **'અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી...'** આહા..હા..! આ વ્રત ને તપ ને જપ ને ભક્તિ તો રાગ છે એટલે આકુળતા છે જ. આકુળતા છે એ દુઃખ છે કહે છે. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપમાં એ દુઃખ ક્યાં છે? એમ શ્રુતજ્ઞાનના વિકલ્પથી થતી આકુળતા એ પણ વસ્તુમાં ક્યાં છે? આહા..હા..!

એ **'અનેક વિકલ્પો...'** ભાષા છે? જોયું! અનેક વિકલ્પ. અનેક વૃત્તિઓ ઊઠે અંદરથી. હું પૂર્ણ છું, શુદ્ધ છું, એક છું, પરને લેપ વિનાનો છું, નિર્લેપ છું... આહા..હા..! એવી જે વિકલ્પમાં એ પણ આત્માની જાતમાં નથી. ઓલામાં આવ્યું છે ને રહસ્યપૂર્ણચિઠ્ઠીમાં. સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પનો અનુભવ. સમકિત થયા પછી પણ આ વાત છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ભાઈ આવે છે ને? આહા..હા..! ભાન થયું પણ છતાં પાછો અનુભવકાળે એને હું શુદ્ધ છું એવો વિકલ્પ ઊઠે છે, એને છોડીને અંદરમાં નિર્વિકલ્પ અનુભવ કરે એને અનુભવ અને તેને શુદ્ધ ઉપયોગ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમયસાર તો ઘરે રાખ્યું હશે ત્યાં? વાંચો છો? એ નહિ. હા ન પાડી. વાંચ્યું હશે. ભાઈ એ ઝવેરાતના ચોપડા ફેરવ્યા કરે છે ને એ. આ છોકરા પણ કરે છે હવે તો બધા. આહા..હા..! વીતરાગની વાણી તો જુઓ આ શું કહે છે? ફુલચંદજી કહેતા ૧૪૪ ગાથા અમારે આવી ભાગ્યશાળી છીએ. વાત સાચી. આહા..હા..! આવી વાત છે, પ્રભુ! આહા..હા..! ભગવાન! તું પરમાત્મા ભગવત્ સ્વરૂપ છો ને. ભગવત્ સ્વરૂપમાં આ આવો છે ને તેવો છે એવા વિકલ્પને અવકાશ ક્યાં છે? આહા..હા..! પરનું કરવું અને પોતાને કાંઈક થાય કરાવવું એ વાત તો છે જ ક્યાં? આહા..હા..! અરેરે..! શું કર્યું પ્રભુ! આ લોકો એમ કહે છે જુઓને. પરદ્રવ્યનું કર્તા ન માને એ દિગંબર નથી. આહા..હા..! અરેરે..! શું કરે છે બાપુ? ભાઈ! તને શું આ થયું?

અહીં તો ભગવાન સ્વરૂપ પરમાત્મા એને શ્રુતજ્ઞાનના નયપક્ષની વિકલ્પદશા, આનંદમાં લેવું છે ને એથી એને વિકલ્પને આકુળતા ..ગઈ છે. આહા..હા..! **'અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને...'** એ શ્રુતજ્ઞાન જે આમ વિકલ્પમાં જાતું હતું એને આ બાજુ લાવ્યા. **'શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને...'** બુદ્ધિ શબ્દે શ્રુતજ્ઞાનની દશાને. **'પણ...'** પણ કેમ કીધું? ઓલું મતિજ્ઞાનને આ બાજુ વાળ્યું છેને એટલે આને પણ, શ્રુતજ્ઞાનને આમ વાળવું. આહા..હા..!

શેરો કેમ થાય એની વિધિ હોય છેને? હલવો-હલવો, શીરો-શીરો. શીરો કહે છેને? હલવો. તો પહેલા ઘીમાં લોટ શેકે, પછી સાકર ને ગોળનું પાણી નાખે. એ એની વિધિ છે. પણ એની વિધિ કરીને બીજા કોઈ એમ કહે ત્યારે આ બધું ઘી પી જાય છે લોટ. માટે પહેલા ગોળના પાણીમાં શેકો લોટને અને પછી નાખો ઘી. શીરો નહિ થાય લુપરી થાશે. લુપરી પણ નહિ થાય, લુપરીમાં તો જાતુ-વળતું ઘી નખાય. લુપરી સમજાય છે? ફોડા ઉપર પોટીસ,

પોટીસ. એ પોટીસમાં જાતું-વળતું ઘી અમારે કાઠિયાવાડમાં એમ બોલે બાયું. જાતુ-વળતું ઘી નાખજે. એટલે શું? ઘી પડ્યા વિના રહે નહિ અને ઘી ઝાઝું પડે નહિ. જાતું-વળતું એમ કહે. આહા..હા..! કહે છે એ કર્યા વિના પહેલા લોટને શેકે ગોળમાં અને પછી નાખે તો લુપરી પણ નહિ થાય. શેરા તો શેના થતા હતા તારા? આહા..હા..! એમ ભગવાન આત્માના અનુભવ માટે આ વિકલ્પ જે છે એને છોડીને અનુભવાય છે. એ એની વિધિ છે. આહા..હા..! એને પહેલાં વ્રત પાળવા ને તપસ્યાઓ કરવી અને પછી આત્મા નિશ્ચય જણાય એ ગોળના પાણીમાં લોટ શેકવા જેવું છે. સમજાણું કાંઈ? એ શેરો નહિ થાય, ભાઈ! તારું બધું જાશે. લોટ, ઘી ને ગોળ ત્રણેય જાશે તારા. આહા..હા..!

તારે જો આત્માને અનુભવવો હોય અને સમ્યગ્દર્શન કરવું હોય તો... આહા..હા..! જેમાં ઠરવું છે ચારિત્ર એ ચીજ શું છે? ચારિત્ર એટલે કે ઠરવું, રમવું. પણ શેમાં? કઈ ચીજમાં રમવું? એ ચીજનું અનુભવ વિના ચારિત્ર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**'અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને...'** એ મર્યાદા કહેવાય. વિકલ્પ ઉઠે છે એ બુદ્ધિ અમર્યાદિત છે. બહાર જાય છે. આહા..હા..! એ બહિરાત્મબુદ્ધિ છે એ. આહા..હા..! એ વિકલ્પને પોતાનો માને તો એ બહિરાત્મા છે. એથી એ વિકલ્પ બુદ્ધિઓને મર્યાદામાં લાવીને **'શ્રુતજ્ઞાન-તત્ત્વને...'** એટલે શ્રુતજ્ઞાનનું સ્વરૂપ એને **'પણ આત્મસંમુખ કરતો,...'** આહા..હા..! જુઓ આ સમ્યગ્દર્શન પામવાની રીત, વિધિ. આહા..હા..! કહો, દેવીલાલજી! આ સંપ્રદાયમાં તો આ બધું ચાલે. સ્થાનકવાસીમાં તો એમ ચાલે આ સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો, ચોવિહાર કરો, એ બધી રાગની ક્રિયાઓ છે. દેરાવાસીમાં એ કહ્યું ભક્તિ કરો, જાત્રા કરો, સંઘ કાઢો. અરે.. ભગવાન! એ તો ક્યાંય રાગની વાતું છે, બાપુ! અહીં તો અંતરમાં હું આવો છું એવી વૃત્તિ ઊઠે છે એ પણ રાગને એ પરતરફની જુકતી શ્રુતજ્ઞાનની બુદ્ધિને અંતરમાં વાળી. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંતર વેપાર.

**'શ્રુતજ્ઞાનના...'** સ્વરૂપને. કીધું હતું ને ઓલામાં? મતિજ્ઞાનના તત્ત્વને. એમ કહ્યું હતું ને? એમ અહીં **'(-મતિજ્ઞાનના સ્વરૂપને)...'** કૌંસમાં લખ્યું છે. એમ અહીંયાં શ્રુતજ્ઞાનના સ્વરૂપને **'પણ આત્મસંમુખ કરતો,...'** આહા..હા..! કેટલો એ પુરુષાર્થ છે! **'અત્યંત વિકલ્પરહિત થઈને,...'** આહા..હા..! એ આત્માને સન્મુખ થતાં જે અનુભવ થાય, એમાં તો અત્યંત વિકલ્પરહિતપણું છે. હું આવો છું ને તેવો એ પણ વિકલ્પને પણ જ્યાં અવકાશ નથી. આહા..હા..! તો પરનું કરું આ કરું ને તે કરું. અરેરે..! શું કરે ભાઈ!

**'અત્યંત વિકલ્પરહિત થઈને, તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતા,...'** લ્યો પહેલા

કહ્યું હતું ને? આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે. પહેલા શબ્દ આવ્યો હતો. એથી અહીં લીધું છે. કે આ '**તત્કાળ નિજરસથી જ પ્રગટ થતા,...**' અંતરમાં જ્યાં દૃષ્ટિ પડી, જ્ઞાનની દશા જ્ઞાતાતરફવાળી ત્યારે '**તત્કાળ...**' તે જ ક્ષણે '**નિજ રસથી...**' આનંદરસથી, જ્ઞાનરસથી, શાંતરસથી, વીતરાગરસથી, '**પ્રગટ થતા,...**' આહા..હા..! '**આદિ-મધ્ય-અંત રહિત,...**' પ્રભુ છે કોણ અંદર કહે છે. એની આદિ ક્યાં છે? એ તો છે.. છે ને છે. એનો અંત ક્યાં છે? એનો મધ્ય ક્યાં છે? એ તો છે.. છે.. આનંદનો કંદ પ્રભુ જ્ઞાનનો પિંડ એ તો અનાદિ એમ ને એમ છે. ક્યારે નહોતો અને ક્યારે નહિ હોય? આહા..હા..!

જે ભગવાન આત્મા વિકલ્પની બુદ્ધિને છોડીને અંતરમાં લાવે છે ત્યારે તે પ્રગટ પ્રસિદ્ધિ કરતો આત્માને નિજ રસથી જ પ્રગટ થાય છે. આહા..હા..! એ વિકલ્પથી પ્રગટ થતો નથી એમ કહે છે. વ્યવહારનો જે વિકલ્પ ઉઠ્યો, એ વ્યવહાર એટલે? હું આવો છું ને શુદ્ધ છું ને પરિપૂર્ણ એવો વિકલ્પ એ પણ વ્યવહાર છે. આહા..હા..! એનાથી પ્રગટ નથી થતો. એનાથી આત્માનો અનુભવ સમ્યગ્દર્શન નથી થતું એમ કહે છે. આહા..હા..!

'**તત્કાળ નિજ રસથી...**' આત્માના આનંદરસથી, જ્ઞાનરસથી, વીતરાગ સ્વભાવથી '**રસથી જ પ્રગટ થતા,...**' એકાંત નાખ્યું જુઓ. જ નાખ્યું ત્યાં. છે? '**स्वरसत एव**' સંસ્કૃતમાં છે ભાઈ. પહેલી લીટી. '**स्वरसत एव**' સ્વરસથી જ. આહા..હા..! ભાઈ એમ એકાંત ન હોય, અનેકાંત કરો. સ્વરસથી પણ થાય અને પરરાગથી પણ થાય. આ મોટા વાંધા અત્યારે પંડિતોના આ સોનગઢને નામે વિરોધ આ. ભાઈએ લખ્યું છે ઓલાએ. લલિતપુરવાળા કોણ દરબારી? પરમેષીદાસ. એણે લખ્યું છે ભાઈ આ ..પત્ર છે કે આ બધા પત્રો અત્યારે કાનજીસ્વામીનો વિરોધ કરે છે શું છે આ તે? તમને આજે સૂઝ્યું છે? બધા પત્રોમાં એ આવે એમ કહે. વાંચવા જેવા છે કે નહિ? આ છોડી દ્યો તમે આવું લખવું. એમ કહે છે. એમ લખ્યું છે અને ઓલું લખ્યું છે વિદ્યાનંદજીનું. વિદ્યાનંદજી આમ કહે છે કે આ કાનજીસ્વામી માટે આ .. આવી ભાષા વાપરે છે લોકો એ વિદ્વાન નથી. એ નાખ્યું છે. પત્ર આવ્યો ને. વીર-વીર આવે છે ને એમાં આવે છે. બાપુ! માર્ગ આ છે, ભાઈ! તને ન બેસે માટે વિરોધ કરવો, એ વિરોધ તો પોતાનો કર્યો છે, ભાઈ! આહા..હા..! પરનો કોણ કરી શકે? પરનો કરી શકે કોણ? આહા..હા..!

અહીં તો કહે છે, ભગવાન આત્મા જ્યારે વિકલ્પને છોડી, રાગને છોડી, શ્રુતજ્ઞાન ને મતિજ્ઞાનને આમ વાળ્યુ અંદરમાં એથી '**તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતા,...**' આત્મા. જે અપ્રસિદ્ધ હતો તે ખ્યાતિ પામીને પ્રસિદ્ધ થાય છે આ આત્મા. હું આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એવો અનુભવ થતાં આત્મા પ્રગટ થાય છે. આહા..હા..! સંસ્કૃતમાં છે. પંડિતજી સંસ્કૃત છે ને. '**स्वरसत एव व्यक्तीभवन्त**' વ્યક્તિ નામ પ્રગટ. આહા..હા..! શું ટીકા છે! અમૃતરસ રેડ્યા છે.

**શ્રોતા :-** .....

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આનંદની પર્યાય. સમ્યગ્જ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું, સમ્યક્ચારિત્ર થયું. અનંતાગુણોનો અંશ વ્યક્ત થયો. પણ ત્રણની મુખ્યતા. કેમ? કે વસ્તુ જે છે અનંતગુણરૂપ એ જ્ઞાનમય એ તો અવિનાભાવી. જ્ઞાન સાથે અનંતગુણો અવિનાભાવી છે એટલે આખા દ્રવ્યની જ્યાં સન્મુખ થયું એટલે આખા દ્રવ્યના જેટલા ગુણ હતા એટલા અંશે વ્યક્ત પ્રગટ થઈ ગયા. એ પ્રગટ થયો આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! શામજીભાઈ! ત્યાં મુંબઈમાં નથી મળે એવું ત્યાં. આહા..હા..! શું ટીકા! ફુલચંદજી! ૧૪૪મી ગાથા.

'**નિજરસથી જ પ્રગટ થતા,...**' કોણ? કહેશે. એ પરમાત્મારૂપ પ્રભુ પોતે. આહા..હા..! પરમાત્મારૂપ કહેશે આગળ. '**આદિ-મધ્ય-અંત રહિત,...**' જે પ્રભુ છે.. છે.. ત્યાં વળી પહેલો નહોતો અને હવે થયો એ વસ્તુમાં ક્યાં છે? એતો પર્યાયમાં પ્રસિદ્ધિ આવી, પણ પ્રસિદ્ધિ આવી એ ચીજ જે છે એ આદિ-મધ્ય-અંતરહિત છે. આહા..હા..! અનાદિનો ભગવાન જ્ઞાન અને આનંદસ્વરૂપે જ છે. એની આદિ નથી, શરૂઆત નથી, તેનો મધ્ય નથી, તેનો અંત નથી. છે એ છે. આહા..હા..! એવો '**આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ,...**' લ્યો! આનંદસ્વરૂપ આવ્યો છે બહાર. આકુળતાની બુદ્ધિ એને છોડી દીધું છેને? શ્રુતજ્ઞાનની. એટલે અનાકુળ થયો, આનંદ આવ્યો, અતીન્દ્રિય આનંદ. આહા..હા..!

સમ્યગ્દર્શન પ્રગટ થતાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો કહે છે. અનાકુળ. '**કેવળ એક,...**' એક જ વસ્તુ. ભેદ નહિ. દ્રવ્ય અને પર્યાય એવા બે ભેદ પણ નહિ ત્યાં. આહા..હા..! '**કેવળ એક,...**' પૂર્ણ એક. એવો જે જ્ઞાયકસ્વભાવભાવ '**આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય...**' શું કીધું એ? સારા વિકલ્પથી માંડીને આખા લોકાલોક એનાથી ભિન્ન ભગવાન છે. એનાથી ઉપર ભિન્ન તરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવા શાસ્ત્રો પડ્યા છે એને વાંચવા નહિ, વિચારવા નહિ. ભગવાનની વાણી સીધી છે આ. આહા..હા..!

**શ્રોતા :-** અનુભવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું કીધું સમજાણું નહિ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભિન્ન છું એમ પણ ક્યાં છે ત્યાં? ભિન્ન છું કે અભિન્ન છું એ વિકલ્પ ક્યાં છે ત્યાં? અનુભવ કરું છું એવું પણ ક્યાં ત્યાં છે? અનુભવી જીવનો અનુભવ કરું છું, એવો પણ ત્યાં વિકલ્પ ક્યાં છે? આહા..હા..! બહુ ઝીણી વાત ભાઈ! પરમસત્ય વાત આ છે.

'**કેવળ એક, આખાય વિશ્વના...**' ભાષા શું કહે છે એ? વિકલ્પની આદિમાં જે છે વિકલ્પ એ પણ નહિ. આહા..હા..! આખો વિશ્વ. એકકોર સર્વવિકલ્પથી આખી દુનિયા લોકાલોક, આખા વિશ્વ એટલે સમસ્ત પદાર્થ '**ઉપર જાણે કે તરતો હોય...**' આહા..હા..! જેમ

તુંબડી જેમ પાણીમા તરે ઉપર. ગમે તેટલું પાણીનું દળ હોય, એમ લોકાલોકથી ભિન્ન તરતો, ભિન્ન પડતો, જુદો તરતો જાણે. આહા..હા..! તારાચંદજી! અહીં પણ ભિન્ન છે. આહા..હા..!

'**તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય,...**' હવે એની વ્યાખ્યા છે જરી ઝીણી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૬, ગુરુવાર, તા. ૧૪-૧૦-૧૯૭૬, ગાથા-૧૪૪, પ્રવચન નં. ૨૦૧

સમયસાર, ૧૪૪-ગાથા. અહીં સુધી આવ્યું છે કે આ આત્મા જે છે એમાં જે ઇન્દ્રિયોથી પરપદાર્થની પ્રસિદ્ધિના કારણો ઇન્દ્રિય છે. મતિજ્ઞાન છે ને? મતિજ્ઞાન જે છે.. અજ્ઞાન .. જ્ઞાન પહેલા મતિ એ ઇન્દ્રિયો અને મન દ્વારા પરપદાર્થની પ્રસિદ્ધિનું કારણ છે એ તરફનું મતિજ્ઞાન છોડીને. મતિજ્ઞાનનું સ્વરૂપ પરપદાર્થના પ્રસિદ્ધિના કારણો ઇન્દ્રિય અને મન એનાથી હઠીને. ઝીણી વાત છે, ભાઈ! સમ્યગ્દર્શનની વાત બહુ સૂક્ષ્મ. અત્યારે તો એ વાત ચાલતી નથી એ વિના બધી વાતું. આહા..હા..!

કહે છે કે મતિતત્ત્વને, મતિજ્ઞાનરૂપી સ્વરૂપને, સ્વરૂપને જો પાંચ ઇન્દ્રિય મન દ્વારા પરપદાર્થની પ્રસિદ્ધિમાં કામ કરતું એ મતિજ્ઞાનને મર્યાદામાં લાવવું. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એમાં મતિજ્ઞાનને અંતરમાં લાવવું. તારાચંદજી! ઝીણી વાત છે બહુ. અને શ્રુતજ્ઞાનનો જે વિકલ્પ ઊઠે છે. હું અખંડ છું, હું અભેદ છું, શુદ્ધ છું, એવો જે વિકલ્પ ઊઠે છે એ પણ આકુળતા છે અને દુઃખરૂપ છે. આહા..હા..! એનાથી પણ આત્માની પ્રાપ્તિ થતી નથી. આહા..હા..!

તો કહે છે કે શ્રુતજ્ઞાન જે પરતરફનો જુકાવવાળો વિકલ્પ હતો એને પણ અંતરમાં, મર્યાદામાં લાવવું. શ્રુતજ્ઞાન અંતર અખંડજ્ઞાન સ્વરૂપ છે એ તરફ વાળવું. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! ત્યાં સુધી આવ્યું છે ને આપણે? રહિત થઈને. '**અત્યંત વિકલ્પરહિત થઈને,...**' અંતરમાં, મતિજ્ઞાન તરફ પરસન્મુખતા છોડીને પોતાના સ્વરૂપ તરફ લાવવો અને શ્રુતજ્ઞાનનો જે વિકલ્પ ઉઠે છે. હું શુદ્ધ છું, વ્યવહારરત્નત્રયની વાત જે વિકલ્પ છે એની વાત તો ક્યાંય દૂર રહી ગઈ. આહા..હા..! આ અત્યારે તકરાર આ મોટી છે. ફૂલચંદજી! વ્યવહારથી નિશ્ચય થાય એવી વાત ચાલે છે.

અહીં તો ભગવાન ત્રિલોકનાથ જિનવરદેવ જે કહ્યું છે, સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું સોપાન-પગથિયા. પગથિયા કહે છે ને સોપાન. એ સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય? એની વાત ચાલે છે. પ્રથમ હજી સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન. આહા..હા..! કહે છે કે આત્મા

જે વસ્તુ છે એકરૂપ અખંડ. ત્યાં સુધી આપણે આવ્યું છે. એક. પછી ત્યાંથી લેવું છે અખંડ. કહે છે કે પોતાના સ્વરૂપ તરફનો જુકાવ કરીને બાહ્ય તરફના જુકાવને છોડીને... આહા..હા..! **'તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતા,...'** એવા એક ક્ષણે ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ **'તત્કાળ નિજ રસથી...'** પોતાના આનંદરસથી, પોતાની આનંદશક્તિથી પ્રગટ થયો થકો. આહા..હા..!

અત્યારે સમ્યગ્દર્શન ઉપર મોટી તકરાર. પંડિતોમાં અને આ સાધુઓમાં મોટી તકરાર છે. પ્રભુ! આ તો માર્ગ આવો છે. આહા..હા..! જો વ્યવહાર, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો વિકલ્પ રાગ સ્થૂળ છે એનાથી પ્રાપ્તિ થતી નથી, પણ અંદરમાં આત્મા તરફનો જુકાવ જે છે હું શુદ્ધ છું, એક છું, અખંડ છું, એવા રાગની વૃત્તિ વિકલ્પ છે એ પણ આકુળતા છે. એનાથી પણ આત્માની પ્રાપ્તિ નથી થતી. આહા..હા..! આવી વાત છે.

**'તત્કાળ નિજ રસથી...'** એ શું કહે છે? પોતાના નિજ સ્વભાવથી જ પ્રગટે છે. એ વિકલ્પથી તો ખંડ ખંડ થાય છે. નયપક્ષાંતિક્રાંત કહ્યું ને? વિકલ્પ જે રાગ છે હું શુદ્ધ છું, અખંડ છું, પરમાત્મા જેવો હું સિદ્ધ છું, એવો વિકલ્પ જે રાગ ઊઠે છે એ પણ દુઃખ અને આકુળતા છે. આહા..હા..! એમાં પણ આત્માની શાંતિ અથવા અખંડ પદાર્થમાં ખંડ થાય છે. આહા..હા..! એ વિકલ્પને પણ છોડીને.. આહા..હા..! તત્કાળ પોતાના સ્વભાવથી ઉત્પન્ન થાય છે. એમ કહે છે. વિકલ્પ જે છે અખંડ અભેદ-ભેદ એવા વિકલ્પ એનાથી રહિત **'તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતા,...'** આહા..હા..! સૂક્ષ્મ વાત છે. થોડી મહામુદ્દાની વાત છે. જૈનદર્શન વીતરાગ પરમેશ્વર એની મૂળ ચીજ શું છે એ ચીજ છે. આહા..હા..! કહે છે કે જે વિકલ્પથી રહિત થયો બે પ્રકાર—મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન તરફનો પરનો જુકાવ છોડીને અહીં જતો થકો તો પોતાના નિજરસથી આત્મા પ્રગટ થાય છે. પોતાની વીતરાગી શાંતિના રસથી આત્મા પ્રગટે છે એમ કહે છે. આ તો સમ્યગ્દર્શનની વાત ચાલે છે હોં હજી. આવી વાત દિગંબર સંત સિવાય ક્યાંય આ વાત છે નહિ. એનામાં એ સંપ્રદાયમાં અત્યારે એ વાત ગુમ થઈ ગઈ.

અહીંયાં તો પરમાત્મા સર્વજ્ઞદેવ કહે છે એ સંતો પોતાની વાત દુનિયાને જાહેર કરે છે કે તત્કાળ.. જ્યારે વિકલ્પ નામ વ્યવહાર જે છે એ તો વાત છોડી દે. એ રાગ છે. પણ પોતાની ચીજ જે છે, પર્યાયમાં અનેકતા, દ્રવ્યમાં એકતા એવો જે વિકલ્પ ઊઠે છે રાગવૃત્તિ. આહા..હા..! એને છોડીને, આત્મા પોતાના નિજ શાંત વીતરાગરસથી પ્રગટે છે. આવી વાત છે. તારાચંદજી!

**'તત્કાળ નિજ રસથી...'** એ વિકલ્પ તો છૂટી ગયો, પોતાનો નિજરસ નામ જ્ઞાનના આનંદના સ્વભાવરસથી પ્રગટે છે. આહા..હા..! સમજાય એટલું સમજો બાપુ આ તો ભગવાનના બાર અંગનો સાર છે. સર્વજ્ઞ પરેશ્વર જિનવરદેવ તીર્થંકર પરમાત્માએ સમ્યગ્દર્શન કેમ થાય?

અને સમ્યગ્દર્શન કોને કહેવાય? એ વાત ચાલે છે. ચારિત્ર ને એ વાત તો ક્યાંય આઘી-દૂર રહી. કહે છે કે ભગવાન આત્મા સિદ્ધસ્વરૂપી આત્મા. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આવે છે? સમયસારનાટક. 'ચેતન રૂપ અમૂરત અરૂપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.' આ સિદ્ધ સ્વરૂપી ભગવાન આત્મા જેમાં સંસારનો વિકલ્પ તો નથી પણ નયનો વિકલ્પ પણ એમાં નથી. આહા..હા..! એવું અંતરમાં વળતા નિજરસથી-પોતાના સ્વભાવથી જ આત્મા પ્રગટે છે. રાગથી, નયના વિકલ્પથી પ્રગટ થતો નથી. આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ પ્રયોજનરૂપ આ છે. એનું પ્રયોજન તો આ છે. વિકલ્પથી રહિત કરવું એ પ્રયોજન છે. આહા..હા..! સમ્યગ્દર્શન એ તો અલૌકિક ચીજ છે. જૈનદર્શન વીતરાગદર્શનમાં કહ્યું એ હોં. બીજે આ વાત છે નહિ. ક્યાંય છે નહિ. આહા..હા..!

**શ્રોતા** :- વીતરાગ શાસ્ત્રમાં જ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વીતરાગભાવ અહીં જ છે. મજા શું પડે? અહીં કહ્યું ને નિજરસથી પ્રગટે છે અહીં છે. વ્યવહારથી પ્રગટે અને વિકલ્પથી પ્રગટે એ તો બહુ કહે છે. એમ કહે છે અહીંયાં. આહા..હા..! કુંદકુંદાચાર્યની ગાથા છે, પછી હજારો, નવસો વર્ષ પછી અમૃતચંદ્રાચાર્ય મુનિ થયા. આ કુંદકુંદાચાર્ય વચ્ચે. એ અમૃતચંદ્રાચાર્ય. એની આ ટીકા છે. દિગંબર સંત.

એ એમ કહે છે. ભગવાન! તારી વર્તમાન પર્યાયમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ પરતરફ ઇન્દ્રિય તરફ વળે છે અને પરપદાર્થની પ્રસિદ્ધિ થતી, હવે સ્વપદાર્થની પ્રસિદ્ધિ કરવામાં એ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના વિકલ્પો છોડીને પોતાના સ્વભાવ સન્મુખ થાય છે તો તત્કાળ નિજરસથી આત્મા પ્રગટે છે. સમજાણું કાંઈ? વીતરાગભાવથી પ્રગટે છે એમ કહે છે. આહા..હા..! માર્ગ એવો પહેલા નિર્ણય તો કરે. એનો પક્ષ તો બાંધે. પહેલો પક્ષ તો કરે. આહા..હા..!

એ તો પોતાના નિજરસથી જ આત્મા પ્રગટે છે. એ વિકલ્પની લાગણીથી, વિકલ્પથી પણ પ્રગટ થતો નથી. કેમકે ત્યાં તો ખંડિત થાય છે એમ કહે છે. હું શુદ્ધ છું, હું અબદ્ધ છું, સિદ્ધસ્વરૂપી હું છું એવો પણ વિકલ્પ છે એ રાગ છે. એમાં તો અખંડ આત્માનો ખંડ ભેદ થાય છે.. આહા..હા..! અહીંયાં તો ભગવાન આત્મા અનંત-અનંત આનંદ જ્ઞાનસ્વભાવનો પિંડ પ્રભુ. કહેશે હમણાં. વિજ્ઞાનઘન કહેશે.

'**તત્કાળ નિજ રસથી...**' પોતાના સ્વભાવથી. વિકલ્પથી નહિ, કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ નહિ. આહા..હા..! '**નિજ રસથી જ...**' એમ શબ્દ પડ્યો છે. એકાંત છે. આહા..હા..! વ્યવહારથી નહિ, વિકલ્પ રાગથી નહિ. એ સમ્યગ્દર્શન થાય છે એમ કહે છે. આહા..હા..! અરે.. પંડિતાઈ કોઈ જુદી ચીજ છે, વસ્તુ કોઈ જુદી ચીજ છે. આહા..હા..! '**નિજ રસથી જ...**' અને '**તત્કાળ એટલું જોડી દીધું.**' સ્વસન્મુખ થયો તો તત્કાળ નિજરસથી જ પોતાની વીતરાગી શાંતિ અને પરિણતિથી જ આત્મા પ્રગટે છે. એ કેવો આત્મા પ્રગટે છે?

એ કેવો છે? હવે આત્મા કેવો છે એની વાત ચાલે છે.

**'આદિ-મધ્ય-અંત રહિત,...'** છે ચીજ એની આદિ શું? છે અનાદિથી. મધ્ય શું? એટલે વર્તમાનમાં છે અને ભૂતમાં નહોતું. એ છે. આદિ ને અંત ને મધ્યથી રહિત છે. ત્રિકાળ એકરૂપ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ. એક વાત. **'અનાકુળ,...'** છે. એ તો આનંદમય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનાકુળ આનંદસ્વરૂપ, આકુળતા એમાં છે જ નહિ. એવો આત્મા દૃષ્ટિમાં અથવા વર્તમાન જ્ઞાનની પર્યાયમાં, અનુભવમાં આવે એનું નામ સમ્યગ્દર્શન કહે છે.

**'અનાકુળ, કેવળ એક,...'** એકરૂપ. આ દ્રવ્ય છે અને આ ગુણ છે અને આ પર્યાય એવો ભેદ પણ નથી. **'કેવળ એક,...'** એક રાખો ત્યાં. એ બીજી વાત. એ કેવળ પછી સંબંધ તો અનંત વિજ્ઞાનઘન અખંડ પ્રતિભાસની સાથે સંબંધ છે એકને. વિશેષ કહે છે કે **'આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ...'** સર્વ જગત લોકાલોકથી ભિન્ન પોતાનો આત્મા ચૈતન્યમૂર્તિ તરતો નામ ભિન્ન રહેતો થકો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આખાય..'** આખાય. આખું જગત. વિકલ્પથી માંડીને આખું જગત, પાંચ દ્રવ્ય, અનંત આત્માઓ બીજા એ **'આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ...'** આખા વિશ્વ ઉપર ભિન્ન પ્રગટ થયો થકો. એ કહ્યું હતું ને આદિ-મધ્ય-અંતરહિત, અનાકુળ કેવળ એક **'તેમ અખંડ પ્રતિભાસમય,...'** જરી ઝીણી વાત છે. પોતાની જ્ઞાનની પર્યાયમાં, જ્ઞાનની અવસ્થામાં અનાકુળ એક અખંડ પ્રતિભાસ, આખો પૂર્ણ પદાર્થ જે આત્મા છે એ પર્યાયમાં પ્રતિભાસે છે, પર્યાયમાં અનુભવમાં આવે છે. પહેલાં તો પ્રતિભાસે છે એટલી વાત કરી. જ્ઞાનની વર્તમાન નિજરસથી પ્રગટ થયો તો એ જ્ઞાનની પર્યાય કેવી છે? કે જેમાં **'અનાકુળ, કેવળ એક,...'** **'અખંડ પ્રતિભાસમય,...'** આહા..હા..! જ્ઞાનની વર્તમાન પર્યાયમાં કેવળ એક અખંડ પ્રતિભાસ. જ્ઞાનની પર્યાયમાં પ્રતિભાસ અંદર. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. પણ પર્યાયમાં જ્ઞાન પરિપૂર્ણ જે દ્રવ્ય છે એનો પ્રતિભાસ થાય છે. જ્ઞાનમાં જ્ઞાન થાય છે. ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

**'આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ,...'** એ વસ્તુની વાત કરે છે. **'કેવળ એક,...'** અખંડ પ્રતિભાસમય. આહા..હા..! વિકલ્પ જે ઊઠતા હતા એ તો પોતામાં ખંડ કરતા હતા. તો વિકલ્પ છોડીને અંતરમાં ગયો તો એક અખંડ પ્રતિભાસમય. વર્તમાન જ્ઞાનની પર્યાયમાં અખંડ પ્રતિભાસ અંદર થાય છે. આખા પૂર્ણ વસ્તુનું જ્ઞાનપર્યાયમાં પ્રતિભાસે છે.

**શ્રોતા :-** પ્રતિભાસ થાય છે એનો અર્થ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ પ્રતિભાસ એટલે જ્ઞાનની પર્યાયમાં જે ચીજ છે, જ્ઞાનમાં પ્રતિભાસ. એ છે એવું ભાન થાય છે. આ પ્રતિબિંબ નથી કહેતા? પ્રતિ છાયા એમ કહે છે. આવે છે ને. એમાં પ્રતિભાસ થયો. આહા..હા..! આ ૧૪૪ વંચાણી હતી ત્યાં શાંતિભાઈ! મલાડ-મલાડ. આવતા હતા ત્યાં? એમ ઠીક.

ત્રણલોકના નાથ સર્વજ્ઞની દિવ્યધ્વનિ, પરમેશ્વરની દિવ્યધ્વનિમાં આવ્યું કે સમ્યગ્દર્શન કેમ થાય? પ્રથમ ધર્મની પહેલી સીઢી. તો કહે છે કે પરતરફના જુકાવને છોડીને સ્વસન્મુખમાં દૃષ્ટિ કરતાં એ કેવી ચીજ છે કે દૃષ્ટિમાં આવી? કે આદિ-મધ્ય-અંત રહિત છે એ વસ્તુ ભગવાન. અને '**અનાકુળ, કેવળ એક,...**' એમાં તો નાખ્યું '**આખાય વિશ્વના ઉપર તરતો હોય...**' એ કેવો? કે એક અખંડ પ્રતિભાસમય. આહા..હા..! વર્તમાન જ્ઞાનની પર્યાયમાં આખી પૂર્ણ ચીજ છે એનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? એ ચીજ પર્યાયમાં નથી આવતી. ઝીણી વાત છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિકલ્પથી નિર્ણય કરે એ તો છોડીને વાત છે અહીં તો. પહેલો વિકલ્પથી નિર્ણય કર્યો કે આવો છે હવે એ વિકલ્પ છોડીને શું થાય એની વાત છે. એ તો ખ્યાલમાં લીધું એટલું કે આટલી ચીજ બસ એટલું. પણ એ કાંઈ સાચો નિર્ણય નથી. આહા..હા..! એ તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ સિદ્ધ જેમ એકલા વિજ્ઞાનઘન છે એમ આ આત્મા વિજ્ઞાનઘન કહેશે હમણા. આહા..હા..!

કહે છે કે '**અખંડ પ્રતિભાસમય,...**' ત્યાં સુધી આવ્યું છે હજી તો. પોતાના જ્ઞાનની વર્તમાનદશા સ્વસન્મુખ વળી તો જ્ઞાનની પર્યાયમાં કેવળ એક અખંડ પ્રતિભાસે છે. પૂર્ણ દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવે છે. આહા..હા..! આ બધું. સત્ય માર્ગ એવો છે કે લોકોને સાંભળવા મળતો નથી અને બહારથી કડાકૂટી કરીને જિંદગી... આહા..હા..! એકનું તો હમણાં એવું સાંભળ્યું ત્યાં ઓલામાં મોટો માણસ હતો. આ ૯૫ મરી ગયા ને એમાં ૮૯ બહારના અને છ એના ઓલાના. કામ કરનારા. એમાં એક માણસ મોટો હતો કહે છે. ઘણા મોટો માણસ. નામ લખ્યું છે ક્યાંક. પણ એને એટલો ડર હતો કે ઘણાને કાંઈક .. માર્યા હશે. એટલે ગોળી રાખતો સાથે એક. મરવાની. એટલે ઓલા કોઈ મારવા આવે અને સાધન ન હોય તો ગોળી ખાઈને પોતે મરી જાય. આ ગજબ છે ને! ગોળી એવી કાંઈક હશે એટલે.. આમ તો બીજા કેટલાક એવા હોય છે એમાં કે ગોળી રાખે સાથે. જો સળગે તો ગોળી ખાય એટલે અસાધ્ય થઈ જાય પછી બળે તો વાંધો નહિ. આહા..હા..! ગજબ કરે છે ને. આ શું કરે છે એ? શું કરે છે? આહા..હા..!

અહીંયાં તો કહે છે કે ભગવાન આત્મા જીવતી જ્યોત અનાદિઅનંત આદિ-મધ્ય-અંતરહિત. આહા..હા..! આખા વિશ્વ ઉપર તરતો નામ ભિન્ન. આખા વિશ્વવથી એ ચૈતન્ય વસ્તુ તન્મય એક કદી થઈ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવું કેવળ અનાકુળ એક અખંડ પ્રતિભાસ. વર્તમાન જ્ઞાનની સ્વસંવેદન પર્યાયમાં આખું દ્રવ્ય અખંડ પ્રતિભાસે છે. આખા દ્રવ્યનું જ્ઞાન થાય છે. આહા..હા..! અખંડ વસ્તુ જે પરિપૂર્ણ છે એકરૂપ ત્રિકાળ, એ જ્ઞાનની પર્યાયમાં આખો પ્રતિભાસ, પ્રતિભાસ ભાસ છે એનું પ્રતિભાસ આખું જ્ઞાન એમાં આવે છે. આહા..હા..!

સમજાણું કાંઈ? આ મલાડમાં ચાલ્યું હતું ત્યાં. હતા કે નહિ? ત્યાં તો આવે ને મલાડમાં. આહા..હા..! અખંડ પ્રતિભાસમયનું ખુબ ચાલ્યું હતું ત્યાં.

ભાઈ! આત્માની પરતરફના વલણથી છૂટીને પોતાના તરફ જે જ્ઞાનપર્યાય જુકે છે તો એ જ્ઞાનપર્યાયમાં એટલી તાકાત છે આખા પદાર્થનું જ્ઞાન એમાં થાય છે. મુલચંદભાઈ! આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! અરેરે.. એને લોકો વિરોધ કરે છે. એમ કે આ નિશ્ચયથી.. વ્યવહારથી. અરે.. બાપુ વ્યવહારથી ન થાય પણ આ વિકલ્પથી ન થાય. ભગવાન! વ્યવહાર જે રાગ છે શુભની ક્રિયા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રત એ તો શુભરાગ છે. આહા..હા..! એ તો આકુળતા છે, એ દુઃખ છે. એનાથી આત્માનું સુખ પ્રાપ્ત થાય છે? અનાકુળ આનંદ? આહા..હા..!

અહીંયાં તો હું શુદ્ધ અને અખંડ અભેદ છું એવો વિકલ્પમાં નિર્ણય કર્યો એ વિકલ્પ પણ દુઃખરૂપ છે હજી. આહા..હા..! આ વિકલ્પ નામ રાગ. એ રાગને, વિકલ્પને છોડીને અખંડ વર્તમાન પર્યાયમાં ભાન થયું, ભાસ થયો, એક સમયની જ્ઞાનની પર્યાયમાં, અવસ્થામાં કેવળ એક અનાકુળ અખંડ પ્રતિભાસ થયો. આહા..હા..!

**'અનંત, વિજ્ઞાનઘન,...'** એ તો અખંડ પ્રતિભાસ રહ્યા પણ વસ્તુ શું એ? એમ. એ અનંત વિજ્ઞાનઘન એ છે. આહા..હા..! કેવળ અનાકુળ કહ્યું હતું, એક અખંડ પ્રતિભાસ. એ જ્ઞાનની વાત કરી, પણ એ જ્ઞાન કેવું છે? કે **'અનંત, વિજ્ઞાનઘન...'** આહા..હા..! જેમ શિયાળાના દિવસોમાં પહેલા ઘી થતાં ઘી. બહુ સારા ઘી. અત્યારે તો ગડબડ થઈ ગઈ. ઘી થતાં એ ઘી એવું ઘનરૂપ હોય ઘન કે જેમાં આંગળી જઈ શકે નહિ. આંગળી તો ન જાય પણ ખુરપો, ખુરપો નાખા તે વળી જાય એવું ઘી. હવે તો ગડબડ થઈ ગઈ ઘણી. ભેળસેળ.. ભેળસેળ... આહા..હા..! ધર્મમાં પણ ગડબડ થઈ ગઈ છે. આહા..હા..! એવા ઘી થતાં. એમાં આંગળી તો ન જાય પણ ખુરપો ન ઘૂસી શકે. વળી જાય. એવો ભગવાન આત્મા વિજ્ઞાનઘન છે. જેમાં હું શુદ્ધ છું એવો વિકલ્પ પણ પ્રવેશતો નથી. આહા..હા..! તારાચંદજી! એવી વાત છે.

ઓલા ગયા લાગે છે નહિ? ભાઈ ગયા લાગે છે. નેમિદાસભાઈ. ગયા લાગે છે. .. ઓલું લઈ ગયા. ક્યાંક જાત્રા કરવા. પાલિતાણા. થોડું-થોડું. શરીર નબળું. અહીં બેઠતા. પૈસા દસલાખ રૂપિયા છે અને દિકરા-દીકરી કોઈ છે નહિ. એણે ભત્રીજાનો દીકરો રાખ્યો હતો. એ મરી ગયો તો એનો દીકરો આવ્યો. ઉપાધિ લીધી માથે પાછી. ૯૧ વર્ષ થયા છે. ઘરનું મંદિર બનાવ્યું છે. આપણું દિગંબર મંદિર ઘરનું બનાવ્યું છે. ૫૦ હજાર ખર્ચીને. પૈસા-બૈસા ખુબ મકાન-બકાન, દુકાન નીચે. બધું ભાડું દેરાસરમાં ખર્ચ માટે. આહા..હા..! પહેલા કલકત્તામાં હતા. સ્થાનકવાસીમાં અગ્રેસર છે.

અહીંયાં કહે છે કે આહા..હા..! ૧૪૪ ગાથા! ગજબ વાત છે, ભાઈ!

**શ્રોતા :-** ..માં ૧૪૪ ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવી તકરાર. સાચી વાત છે. ૧૪૪ .. ભેગા ન થાય ત્યાં એમ અહીં ભેગું ન થાય રાગ સાથે. આહા..હા..! સરકાર તરફથી કાઢે છે ને. બે માણસ.. એકઠા ન થવું. નહિતર ૧૪૪ દંડ થશે. એમ આ ૧૪૪માં વિકલ્પથી આત્મા એક નથી થતો. એમ ૧૪૪મી કલમ છે ભગવાનની. આહા..હા..!

**શ્રોતા :-** સરવળો પણ ૯ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સરવાળો પણ ૯ છે એ તો હમણા કહેવાનો હતો. ૪+૪=૮+૧=૯ છે. વીતરાગભાવ છે. આહા..હા..! એ કહેવાના હતા. મારા મગજમાં હતું એ. ૧૪૪ છેને? ૧+૪=૫+૪=૯. ૯ x ૧=૯, ૯ x ૨=૧૮, ૯ x ૩=૨૭ બધામાં ૯ અંક આવે છે. ૯ x ૧=૯, ૯ x ૨=૧૮ તો ૮ અને ૧=૯, ૯ x ૩=૨૭, ૭ + ૨ =૯, ૯ x ૪=૩૬, ૬ + ૩ = ૯, ૯ x ૫ = ૪૫, ૪ + ૫ = ૯, ૯ x ૬= શું કીધું? ૫૪. ૫ + ૪ = ૯, ૯ x ૭=૬૩, ૬ + ૩ = ૯, ૯ x ૮=૭૨, ૭ + ૨ = ૯, બધો પાઠ ૯. વીતરાગભાવ ૯ છે. આહા..હા..! આ વીતરાગભાવને બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**અનંત, વિજ્ઞાનઘન,...**' આહા..હા..! એનો સ્વભાવ બતાવ્યો. ત્રિકાળી આદિ-મધ્ય-અંતરહિત અનાકુળ કેવળ એક અખંડપ્રતિભાસમય, અનંત વિજ્ઞાનઘન પ્રતિભાસ્યો. એમ કહે છે. વર્તમાન જ્ઞાનની પર્યાયમાં અખંડ વિજ્ઞાનઘન ભાસ થયો. વિજ્ઞાનઘન આત્મા છે એવો ભાસ થયો. આહા..હા..! એ '**પરમાત્મારૂપ,...**' આહા..હા..! છે? એ વિજ્ઞાનઘન પરમાત્મારૂપ જ છે. આહા..હા..! એની શક્તિ, એનો સ્વભાવ, એનું સામર્થ્ય, એનું સ્વરૂપ પરમાત્મરૂપ જ છે. આહા..હા..! સિદ્ધરૂપ કહો, પરમાત્મારૂપ કહો, એવો '**અખંડ પ્રતિભાસમય,...**' આહા..હા..! પ્રતિભાસમય પાછો અભેદ લીધો. આહા..હા..! પોતાની પર્યાયમાં પૂર્ણ અનંત વિજ્ઞાનઘન ભાસ થાય છે. આહા..હા..!

અને '**અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસારને...**' આહા..હા..! એ સમયસાર. અખંડ એક પરમાત્મરૂપ વિજ્ઞાનઘન અખંડ. એવું જે સમયસાર. સમયસાર કહો કે આત્મા કહો. આહા..હા..! '**જ્યારે આત્મા અનુભવે છે...**' એવા '**પરમાત્મારૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે...**' આહા..હા..! એ તરફનો આત્મા અનુભવ નામ દ્રવ્યનો અનુભવ, વસ્તુનો અનુભવ, અખંડ પ્રતિભાસમય અનંતવિજ્ઞાનઘન પરમાત્મરૂપ એવો આત્મા એટલે સમયસાર. એનો અનુભવ પર્યાયમાં કરે છે. આહા..હા..! પર્યાયમાં એટલો ભાસ તો થયો હતો, પણ સાથે પર્યાયમાં અનુભવ કરે છે એમ કહે છે. સાથે વેદન કરે છે. આહા..હા..! ગાથા બહુ ઊંચી છે. એક ભાઈએ કહ્યું હતું કે આજે ૧૪૪ ગાથા અમારે આવી છે. .. બરાબર છે. આહા..હા..!

**'પરમાત્મારૂપ સમયસાર...'** પરમાત્મારૂપ આત્મા. આહા..હા..! પૂર્ણ બ્રહ્મ અનંતવિજ્ઞાનઘન દ્રવ્યસ્વભાવ એવો જે સમયસાર નામ આત્મા **'જ્યારે આત્મા અનુભવે છે...'** જ્યારે આત્મા એવો અનુભવે છે. આવા સમયસારનો જ્યારે આત્મા પોતે અનુભવે છે. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું? **'અખંડ પ્રતિભાસમય અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે...'** એવો આત્મા અનુભવે છે. આહા..હા..! આત્મા આત્માને અનુભવે છે એમ કહે છે. આહા..હા..! સમયસાર એ આત્મા છે. વિજ્ઞાનઘન, અનંત વિજ્ઞાનઘન પરમાત્મારૂપ આત્મા, એ આત્મા **'જ્યારે આત્મા અનુભવે છે...'** આહા..હા..! **'તે વખતે જ...'** તે વખતે તે કાળે **'આત્મા સમ્યક્‌પણે દેખાય છે...'** એક ક્ષણમાં આત્મા સમ્યક્ એટલે શ્રદ્ધામાં જણાય છે અને દર્શનમાં જણાય છે. આહા..હા..! આવી વાત ભાઈ! આ સમ્યગ્દર્શન એટલે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા. હવે બસ વ્રત લઈ લ્યો તો થઈ જાય ચારિત્ર. બધી ઊંધી માન્યતા, શ્રદ્ધા ઊંધી. આહા..હા..! ઊલટી વાતું બધી. સમજાણું કાંઈ? જિનવરદેવ ત્રિલોકનાથ પરમાત્મા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની દશા કેવી થાય અને કોને સમ્યગ્જ્ઞાન-દર્શન કહેવું એની વાત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'તે વખતે જ...'** જ્યારે જ્યારે આત્મા પરમાત્મરૂપનું એ આત્માને આત્મા અનુભવે છે,.. આહા..હા..! પર્યાયમાં. દ્રવ્ય તો એવો એ પર્યાયમાં અનુભવે છે એ સમયે આત્મા જણાય છે અથવા એ કાળે આત્માની શ્રદ્ધા થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! થોડું પણ સત્ય છે આ. ભગવાન પરમાત્માનું કહેલું તત્ત્વ તો આ છે. વર્તમાનમાં તો ઘણી ગડબડ થઈ ગઈ. આ વાત બહાર આવતા સોનગઢની સામે વિરોધ કરે છે. પ્રભુ! વિરોધ તારો થાય છે એમાં. અહીંનો વિરોધ છે નહિ. આહા..હા..! ભગવાન એવો આત્મા છે એની તને ખબર નથી અને કેમ પ્રાપ્ત થાય એની ખબર નથી અને વિકલ્પથી રહિત નિર્વિકલ્પદશાથી આત્મા પ્રાપ્ત થાય, વ્યવહારથી નહિ. આહા..હા..! અને જ્ઞાનની પર્યાયમાં એટલી તાકાત છે કે પરિપૂર્ણ પ્રતિભાસ જ્ઞાનમાં આવે, એ સમયે અનુભવ કરતા એ આત્મા શ્રદ્ધામાં જણાય. આ આત્મા. દેખાય છે. એમ કહ્યું ને? છે ને?

**'સમ્યક્‌પણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે)...'** એ સમયે એની શ્રદ્ધા, જ્ઞાનમાં ભાસ થયો પરિપૂર્ણ, તો જ્ઞાન થયું તો શ્રદ્ધા થઈ, એમાં શ્રદ્ધા કરવામાં આવી છે. આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન છે. આ જૈનદર્શન. કહો, તારાચંદજી! ૧૪૪ ગાથા ઘણી સારી આવી ગઈ તમારી હાજરીમાં. આહા..હા..! આવો માર્ગ છે. એનું જ્ઞાન તો કરે પહેલું. આહા..હા..! ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં ત્રિલોકનાથ તીર્થંકર દેવ એમ કહેતા હતા. એ વાત અહીંયાં કહે છે અમૃતચંદ્રાચાર્ય. સમજાણું કાંઈ? સાદડીમાં ક્યાં સાંભળ્યું છે કે દિ' સાદડીમાં સમજ્યું હતું? સાદડીમાં સાદડી હતી. આ સાદડી નથી કરતા મુંબઈમાં મરી ગયા પછી. આહા..હા..!

અનંત વિજ્ઞાનઘન જ્ઞાનની પર્યાયમાં ભાસ થાય છે એવો આત્મા પોતાના આત્માને અનુભવે છે એ કાળે આત્મા કેવો છે એમ જોવામાં, શ્રદ્ધામાં આવે છે. આહા..હા..! એ સિવાય શાસ્ત્રથી વાંચે અને ભણે એ ચીજ દેખાતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કહો ..જી! આવી વાત છે. આહા..હા..! દેવીલાલજી! વાત તો બાર અંગનો .. લે. સમ્યગ્દર્શન કોને કહીએ ભાઈ! આહા..હા..!

એ પરિપૂર્ણ વસ્તુ જે અનંત આનંદ, અનંત જ્ઞાન, વિજ્ઞાનઘન પિંડ પ્રભુ, ચૈતન્યઘન.. આહા..હા..! જેને વસ્તુમાં તો ભાવબંધ અને ભાવમોક્ષની પર્યાયનો પણ ભેદ નથી. અખંડ કહ્યું ને? દ્રવ્યબંધની તો વાત છે જ નહિ જડની તો. જડ તો તદ્દન ભિન્ન છે. એનાથી કોઈ બંધાય એ તો નિમિત્ત ચીજ છે. પણ રાગમાં રોકાવું એ ભાવબંધ છે અને રાગથી રહિત થવું એ ભાવમોક્ષ છે. એ પણ પર્યાયમાં થાય છે. વસ્તુ તો ભાવબંધ અને ભાવમોક્ષથી રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ!

જિનેશ્વરદેવ તો પરમેશ્વર સર્વજ્ઞ હતા. સર્વજ્ઞ. ત્રણકાળ, ત્રણલોક જોવે એક સમયના જ્ઞાનમાં. ઓહો..હો..! એની દિવ્યધ્વનિ, એની દિવ્યધ્વનિ ૐકાર સુણી અર્થ ગણધર વિચારે. ભગવાનની વાણી તો ૐથી છૂટી છે. એવી વાણી નથી. ૐ ધ્વનિ એકાક્ષરી. વીતરાગ છેને. આ વાણી નીકળે છે તો રાગ છે તો ભેદવાળી નીકળે છે. વીતરાગ છે ત્યાં ૐ નિરક્ષરી બાવન અક્ષરમાં અગ્ર અક્ષર ૐ એ ધ્વનિ નીકળે છે. આહા..હા..! એ ધ્વનિ 'ૐકાર સુણી ધ્વનિ...' 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' ગૌતમ આદિ ગણધર સંતના નાયક ભગવાનની વાણી સાંભળીને અર્થ વિચાર કરીને શાસ્ત્ર રચે. આ શાસ્ત્રની રચનામાં આ આવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યાં મુંબઈમાં ચાલતી હતી વ્યાખ્યા. અખંડ પ્રતિભાસ. સાંભળતા હતા બિચારા. .. સાંભળતા. લોકો મુંબઈમાં તો મુમુક્ષુનો વર્ગ ચાર હજાર છે. બીજા શ્વેતાંબર પણ બહુ આવે, સ્થાનકવાસી બાયુ. પ્રેમ ખરો ને પૂર્વે આમાં હતા ને એટલે આવે બિચારા સાંભળવા. આહા..હા..! અખંડ પ્રતિભાસનો ખૂબ અર્થ કર્યો ત્યાં. આહા..હા..!

પ્રભુ! સાંભળ તો ખરો. આહા..હા..! સાંભળવાથી પણ આ ચીજ મળતી નથી. સાંભળવામાં પણ વિકલ્પ છે. વિકલ્પથી પણ પ્રાપ્ત થતો નથી એવો આત્મા છે. દિવ્યધ્વનિ અને મહામુનિઓના શાસ્ત્રોથી પણ આત્મા જણાતો નથી. પરમાત્મપ્રકાશમાં છે. બધામાં આવે છે. આહા..હા..!

અહીંયાં કહે છે કે એવા આત્માનો અનુભવ કરે છે. અનુભવે છે એવો. પોતાના પુરુષાર્થથી એમ કહે છે. આહા..હા..! એમ કરે છે ને? છેને? એવા સમયસારનું અર્થાત્ એવા પરમાત્મારૂપ આત્માનું જ્યારે આત્મા અનુભવે છે. આહા..હા..! રાગથી રહિત, વ્યવહારથી રહિત વિકલ્પની લાગણી ચિંતવનથી પણ રહિત. આહા..હા..! એવો આત્મા પોતાના આત્માને અનુભવે છે ત્યારે. છે ને? **'જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ,...'** એમ. આહા..હા..! જ્યારે

અને ત્યારે. તે કાળે. આહા..હા..! આત્મા '**આત્મા અનુભવે છે તે વખતે જ...**' એ કાળે '**આત્મા સમ્યક્‌પણે દેખાય છે...**' એ સમયે આત્મા સમ્યક્ શ્રદ્ધામાં જણાય છે. એની શ્રદ્ધા કરે છે. આહા..હા..! શ્રદ્ધા છે એ પર્યાય છે, અવસ્થા છે. પહેલા કહ્યું હતું કે અખંડ પ્રતિભાસ જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ ભાસે છે. એની શ્રદ્ધા એ પણ પર્યાય છે. પણ એ પૂર્ણ જ્ઞાનમાં આવ્યો એ જ સમયે અનુભવમાં આવ્યો, એ જ સમયે શ્રદ્ધામાં આવ્યો કે આ આત્મા. એનું નામ સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! સામે પુસ્તક છે કે નહિ? શાસ્ત્ર પડ્યું છે. આ તો વીતરાગની વાણી છે. આ તો વીતરાગની વાણીના મધ્યમાં માતા, જિનવાણી માતા. આવે છે ને ઓલામાં જૈનમાં. જિનવાણી માતા ચારે બાજુ છે દેખો. વીતરાગ પરમેશ્વરની વાણી એ માતાના અંદર બેઠીને આ વાત ચાલે છે. જિનવાણી માતા પાસે આ વાત ચાલે છે. આહા..હા..!

પોણા ચાર લાખ અક્ષર છે. ઉપર-નીચે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ. પાંચ. પાંચ પરમેશ્વર. જિનવાણી વીતરાગની વાણી છે. પોણાચાર લાખ અક્ષર છે. લોકો તો ૬૦ હજાર અક્ષર સોનામાં લખતા હતા. ૬૦ હજાર. ના પાડી ભાઈ એવું રહેવા દ્યો. અમે નાના ગામમાં.. ખોટા એટલા બધા.. પછી ૧૫ હજાર સોનામાં છે. સોનાના છે. અને ૬૦ હજાર કરવા હતા લોકોને. લોકોને તો ઘણો ઉત્સાહ. અને અઢી વર્ષ થયા. ૨૬ હજાર માણસ આવ્યા હતા મહોત્સવમાં. ૨૬ હજાર. ૨૬ લાખનું મકાન. આ મકાન ૨૬ લાખનું. અને ૧૧ લાખનો ખર્ચ થયો. આખું ગામ અને ૨૬ હજાર બધાને જમાડ્યા. રામજીભાઈએ બધું... એ પ્રમુખ તો એ છે ને મુખ્ય. આહા..હા..! ઓહો..હો..! ગાથા. ગજબ ગાથા છે.

કહે છે કે '**તે વખતે જ આત્મા...**' આમ આત્માં લક્ષમાં સાંભળે એમ નહિ. જ્યારે અનુભવાય ત્યારે આત્મા શ્રદ્ધામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કુંવરચંદજી! આવી વાત. લોકોને ન બેસે. એ તમારા ઓલા પ્રેમચંદજી છેને? એણે મોટો લેખ લખ્યો છે. સાંભળ્યું? મોટો લેખ લખ્યો છે. શું લખ્યું? વ્યવહારથી થાય છે એમ કીધું. આહા..હા..! પુણ્ય-પુણ્ય. સમકિદર્શનનું પુણ્ય છે એ સાતિશયપુણ્ય નથી, લાભકર્તા છે, માટે એનાથી.. બહુ લાંબુ લખ્યું છે બે.. કૈલાસચંદજી કોણ છે? કૈલાસચંદજીને ખોટા ઠરાવ્યા. લખ્યું છે એમાં. કહે એ ખોટી વાત છે તમારી. અભિમાન થઈ ગયું છે. ખબર છેને. આહા..હા..! કૈલાસચંદજીએ લખ્યું છે કે તમારી વાત ખોટી છે. એવી વાત છે જ નહિ. આહા..હા..! સમકિતીનું પુણ્ય એ મોક્ષમાં કારણ છે. એ છે જ નહિ. પુણ્ય તો બંધનું કારણ છે.

**શ્રોતા :-** અપરાધ કહ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અપરાધ છે. તીર્થંકરગોત્રનો ભાવ છે એ અપરાધ છે. પ્રવચન પુરુષાર્થસિદ્ધિ ઉપાય. અમૃતચંદ્રાચાર્ય. આ ટીકા અમૃતચંદ્રાચાર્યે બનાવી છે. જે ભાવે તીર્થંકરગોત્ર

બંધાય, શોડષકારણ ભાવના એ ભાવ અપરાધ છે, રાગ છે. રાગ વિના બંધન હોય, કર્મથી બંધન થાય? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ વીતરાગનો અરે.. એને સમજમાં પણ ન આવે. અરે.. એને ક્યાં જાવું? આહા..હા..!

‘**તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે.**’ ‘**તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે...**’ જેવો છે એવો પ્રતીતમાં આવે છે એમ કહે છે. ભગવાન પરિપૂર્ણ વિજ્ઞાનઘન અખંડ. આહા..હા..! એ જ સમયે શ્રદ્ધામાં જણાય છે. દૃષ્ટિમાં આવ્યું, જ્ઞાનની પર્યાયમાં ભાસ થયો એ જ સમયે શ્રદ્ધામાં આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો આપણે ૧૭-૧૮માં આવ્યું ને ૧૭-૧૮માં. જ્ઞાન થયું પછી જાણ્યું કે આ આત્મા આવો છે. પછી પ્રતીત. જાણ્યા વિનાની પ્રતીતિ કેવી? આહા..હા..! મૂળધર્મની શરૂઆત જ વીતરાગની અલૌકિક છે. અને એ સમ્યગ્દર્શન વિના જે કાંઈ કરે એ બધો સંસાર રખડવા ખાતર છે. એ વ્રત કરે ને તપ કરે ને, અપવાસ કરે ને સંથારા કરે, જાત્રા કરે, ભક્તિ બધો પુણ્યભાવ છે. સંસારમાં ભવ કરશે. ભવરહિત નહિ થાય એ. આહા..હા..! સમજાણું કાંઈ?

‘**જ્યારે આત્મા અનુભવે છે...**’ એમ આવ્યું ને? ‘**પરમાત્મારૂપ સમયસાર...**’ એટલે આત્મા એ આત્મા ‘**જ્યારે આત્મા અનુભવે છે...**’ આહા..હા..! વિકલ્પ દ્વારા ન થયો, નિર્વિકલ્પ દ્વારા આત્મા આત્માને અનુભવે છે એમ. આહા..હા..! ‘**તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે...**’ એ જ ક્ષણે જેવો આત્મા છે એવો પ્રતીતમાં, શ્રદ્ધામાં ભાસ થયા પછી પ્રતીત થાય છે. આહા..હા..!

‘**અને જણાય છે...**’ એ જ સમયે જણાય છે. ‘**તેથી...**’ બે વાત કરે છેને? સમ્યગ્દર્શન અને જ્ઞાન બે વાત. સમ્યગ્દર્શન અને સમ્યજ્ઞાન બે વાત આવે છે. ચારિત્રની વાત અહીંયાં નથી હજી. બે વાત કરી. કે ‘**તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે, અને જણાય છે...**’ એ સમયે એનું યથાર્થજ્ઞાન થાય છે. આહા..હા..! ‘**તેથી સમયસાર જ...**’ આત્મા જ ‘**સમ્યગ્દર્શન અને સમ્યજ્ઞાન છે.**’ આહા..હા..! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય મુનિઓ દિગંબર સંતોની ગજબ વાતું છે. આહા..હા..! જંગલમાં વસતા, કરુણા વિકલ્પ આવી કરુણામાં આ શાસ્ત્ર રચાયું. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. આવ્યું. બધા ગુણની, અનંતગુણની પર્યાય પ્રગટ થઈ. અલ્પ. કહ્યું ને? ‘સર્વગુણાંશ તે સમકિત.’ જેટલા ગુણ અનંત છે આત્મામાં, એવું આખા આત્માનું જ્ઞાન ભાસ્યું અને શ્રદ્ધા થઈ તો જેટલા ગુણ છે એનો વ્યક્ત એક અંશની સર્વ ગુણની દશા પ્રગટી. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં છે. ચોથે ગુણસ્થાને જ્ઞાનાદિ એક દેશ પ્રગટ્યો છે. કેવળજ્ઞાનીમાં સર્વદેશ પ્રગટ્યો છે. આહા..હા..! આવો ચૈતન્યરાજા ભગવાન સ્વરૂપે બિરાજમાન છે. આહા..હા..! એને એ સમયે શ્રદ્ધામાં આવે અને એ સમયે જણાય છે. બે બોલ છે ને?

'सम्यग्दर्शनं ज्ञानं' છે ને? 'सम्यग्दर्शनं ज्ञानं' એક સમયે એને સમ્યગ્દર્શન અને એ સમયે આત્મા જણાય છે.

**'તેથી સમયસાર જ...'** આત્મા જ **'સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.'** એ આત્મા જ સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું. આત્મા .. અનુભવ કરે છે આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન આત્મા જ છે. એ સમયસાર જ આત્મા છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન કોઈ આત્માથી ભિન્ન ચીજ નથી. વિકલ્પાદિથી ભિન્ન છે, આખાય વિશ્વથી ઉપર તરતો કહ્યો. સમજાણું કાંઈ? ઘણું સમાડ્યું છે. વિકલ્પાદિ આખા જગતથી ભિન્ન પણ સમ્યગ્દર્શન-જ્ઞાનથી તો અભિન્ન છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સમ્યગ્દર્શન-જ્ઞાન નહિ. એ એમ કહ્યુંને? પછી સમ્યગ્દર્શન-જ્ઞાન ચીજ શું છે? એ આત્મા જ છે. આત્માની પર્યાય છે ને તો આત્મા છે એમ કહે છે. છે? જુઓ, **'તેથી સમયસાર જ...'** કેમકે સમયસાર નામ આત્મા નિર્વિકલ્પદૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાનમાં ભાસ થયો તો એ સમ્યગ્દર્શન અને જ્ઞાન એ આત્મા જ છે. રાગ એ નથી. એ કાંઈ પરચીજ નથી. આહા..હા..!

**'તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.'** આહા..હા..! એટલું બધું આટલી લીટીમાં ભર્યું છે લ્યો. એટલી પંક્તિમાં. આહા..હા..! ભાગ્યશાળીને તો કાને પડે એવું છે. 'વીરલા જાણે, વીરણા સુણે તત્ત્વને...' એમ આવ્યું છે ને? 'વીરલા સુણે તત્ત્વને, વીરલા ધારે કોઈ.' આ .. છે આ. આહા..હા..! બાકી તો બધી વાતું કરે ઘણી આ.. આ... સમ્મેદશિખરના દર્શન કરે તો.. 'એકવાર વંદે જો કોઈ, નરકપશુ ન હોઈ...' એમાં શું દાળિયા થયા? એ તો શુભભાવ છે. ગતિ નર-પશુ એ વખતે ન હોય, પણ એ સમ્યગ્દર્શન નથી. આહા..હા..! સમ્મેદશિખર તો અહીં છે. એ તો બહારનો વ્યવહાર છે. એય..! ત્યાં તો એમ કહે જેટલા સમ્મેદશિખરમાં વનસ્પતિ થઈ તે પણ ભવ્ય છે. એમ. આહા..હા..! એવી વાતું કરે. એ તો પરદ્રવ્ય છે. સાક્ષાત્ ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજે છે એના દર્શન અને પૂજા કરી અનંતવાર. એ શુભભાવ છે. એ કાંઈ ધર્મ નથી. ધર્મ તો પોતાના સ્વભાવ સન્મુખ થઈને નિર્મળદશા પ્રગટ થાય એ ધર્મ છે. આહા..હા..! હોય છે, વચ્ચે શુભભાવ આવે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ ભક્તિનો, જાત્રાનો ભાવ આવે, પણ છે બંધનું કારણ. આહા..હા..! એને મોક્ષનું કારણ લગાવી દેવું તો દૃષ્ટિ મિથ્યા છે.

**શ્રોતા :-** બે પ્રકારના મિથ્યાદર્શનમાંથી એક ગ્રહિત તો ગયુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકેય ગયો નથી. આહા..હા..! કહો, આજે એક, બે, ત્રણ, ચાર. ચાલ લીટી થઈ. ચાર લીટી. પંક્તિ-પંક્તિ ચાર. બહુ સારી વાત છે. આહા..હા..! અરે.. દુનિયા. અત્યારે દુનિયા શું કરે? દુનિયા-દુનિયાને જાણે, પ્રભુ તારી ચીજ તો આ છે. એ તારે અનુભવમાં લાવવું જોઈએ. બાકી તો બધું છે એ છે. આહા..હા..!

ઓલામાં ફોટો આવ્યો છે. ઓલો મરી ગયો ને એનો. આ ૯૫માં કોક મોટો હશે એનો. સવારમાં આવ્યો હતો ફોટો. એની વહુ આવી હતી તો ફોટામાં આવી છે આમ. રોવે છે .. હાય.. હાય. અરે..! ભગવાન શું છે પણ? તારો આનંદનો નાથ તો બિરાજે છે અંદર. ત્યાં જાવું એ તારો પતિ છે આત્મા. આહા..હા..! વિશેષ વાત કરશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૭, શુક્રવાર, તા. ૧૫-૧૦-૧૯૭૬, ગાથા-૧૪૪, કળશ-૯૩, પ્રવચન નં. ૨૦૨

આ સમયસાર સિદ્ધાંત છે. ભગવાન કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં થયા. બે હજાર વર્ષ પહેલા. એ ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. ત્યાં ગયા, આઠ દિન રહ્યા ત્યાંથી આવીને શાસ્ત્ર બનાવ્યું છે. ઝીણી વાત છે, અપૂર્વ વાત છે. અનંત અનંતકાળમાં મુનિવ્રત પણ અનંતવાર ધારણ કર્યા. એ આવે છે ને છ ઢાળામાં. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાનબિન લેશ સુખ ન પાયો.' ઝીણી વાત છે. મુનિવ્રત, પંચમહાવ્ર, અઠ્યાવીશ મૂળગુણ એ અનંતવાર લીધા અને પાળ્યા નગ્નદિગંબર થઈને. પણ સમ્યગ્દર્શન શું ચીજ છે એ આત્મા જ્ઞાન પામ્યા વિના બધું નિરર્થક ગયું. સમજાણું કાંઈ? એ અહીંયાં ૧૪૪ ગાથામાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કોને કહીએ? અને ક્યા પ્રકારે ઉત્પન્ન થાય એ ગાથા ચાલે છે. ફુલચંદજી! .. આવ્યું ને? .. આવ્યા.

અહીંથી લ્યો. '**અત્યંત વિકલ્પરહિત થઈને,...**' શું કહે છે? જેને પ્રથમ ધર્મની સિઢી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રથમ ધર્મનું સોપાન એ જેને પ્રગટ કરવું હોય તો ક્યા પ્રકારે પ્રગટે? પહેલા તો એ આત્મા વિજ્ઞાનઘન ધ્રુવશાશ્વત છે. આત્મા શાશ્વત વસ્તુ નિત્ય છે. એ શાશ્વત વસ્તુમાં પરનો સંબંધ છે નહિ. શરીર, વાણી, મન આદિનો સંબંધ એ તો પરદ્રવ્ય છે. એ તો નથી, પણ અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ આવે એ શુભરાગ છે. આ કઠણ પડે જગતને. એ પણ એના આત્મામાં નથી. એનાથી તો ભિન્ન છે, પણ અહીંયાં તો વિશેષ એ વાત લીધી કે આત્મા શુદ્ધ અખંડ શાશ્વત વસ્તુ છે એવો વિકલ્પ નામ રાગની ઉત્પત્તિ કરવી એ પણ રાગ દુઃખરૂપ છે, એ જ્ઞાનના અંશમાં રાગનો પક્ષ છે. આહા..હા..! ઝીણી વાત બહુ બાપુ. અરે.. અનંતકાળથી એને આત્મજ્ઞાન શું ચીજ છે, દર્શન શું ચીજ છે એ એણે પ્રગટ કર્યું જ નથી. અને એ વિના સંસારનો-જન્મ-મરણનો અંત કદી આવતો નથી.

તો કહે છે કે અત્યંત વિકલ્પરહિત. અંદરમાં વ્યવહારનો રાગ છે એની તો અંતરમાં રુચિ છોડી દે. પણ હું શુદ્ધ છું, અભેદ છું, શાશ્વત વસ્તુ છું, નિત્યાનંદ શાશ્વત ધ્રુવ છું. છે એવો. પણ એનો વિકલ્પ જે છે કે હું આવો છું, પંડિતજી! આહા..હા..! વાત આવી ભગવાન! એ વિકલ્પથી પણ રહિત અંદર.. આહા..હા..! કહો, દેવીલાલજી! આવો માર્ગ છે, ભાઈ! દુનિયાને ખ્યાલમાં આવતો નથી એટલે બહારની પ્રવૃત્તિમાં માની બેસે. .. અંદર તત્ત્વ શું છે એની ખબર નથી.

'આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ અનંતવાર 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' અનંતવાર. એ તો રાગની ક્રિયા, દુઃખની ક્રિયા, બંધની ક્રિયા હતી. આહા..હા..! પણ આત્મજ્ઞાન જે રાગથી રહિત અંદર એનો અનુભવ એનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન એ કદી કર્યું નહિ. અને કેમ થાય? કે હું શુદ્ધ ચૈતન્ય શાશ્વત વસ્તુ, છે, છે ને છે. આ કહેશે હવે. ત્રિકાળ વસ્તુ પરથી ભિન્ન, કર્મથી જુદી, રાગથી જુદી, શરીરથી જુદી એટલે નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મથી જુદી ચીજ છે. એવો અંદર વિકલ્પથી રહિત થઈને... આહા..હા..!

**'તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતા,...'** આહા..હા..! તો ભગવાન આત્મા, વસ્તુ તો છે, પ્રગટ થયો એ પણ પર્યાયની અપેક્ષાએ વાત છે. સમજાણું કાંઈ? વસ્તુ છે તો વસ્તુ છે જ. વસ્તુ પ્રગટ થાય એમ છે નહિ. પણ વસ્તુ જે ત્રિકાળ હતી એ દૃષ્ટિમાં નહોતી. સમજાણું કાંઈ? તો અંતરમાં વિકલ્પની વૃત્તિ જે રાગ છે એને છોડીને **'તત્કાળ નિજ રસથી જ...'** પોતાના વીતરાગી પર્યાયથી જ... આહા..હા..! આવું છે કાંતિભાઈ! તમારા.. ત્યાં મરી ગયો નહિ? આહા..હા..! અનંતવાર એવું તો કર્યું છે, એક સમ્યગ્દર્શન વિના. આહા..હા..!

એ સમ્યગ્દર્શન કહે છે કે અંતર શુદ્ધ ચૈતન્યસ્વરૂપ રાગના વિકલ્પથી રહિત છે એ વિકલ્પથી રહિત અંદર થઈને નિજરસથી જ પોતાની વીતરાગી શક્તિની પર્યાયથી જ... આહા..હા..! **'પ્રગટ થતા,...'** પર્યાયમાં ભાસ થયો થકો. વસ્તુ તો એની એ છે. સમજાણું કાંઈ? દ્રવ્ય તો દ્રવ્ય છે પ્રગટ. પર્યાયમાં પ્રગટ થયું. ઝીણી વાત છે, ભગવાન! માર્ગ બહુ સૂક્ષ્મ છે, અપૂર્વ છે. લોકોને એ વાત બેસતી નથી એટલે અંતરથી નિશ્ચય સત્ય તેનો વિરોધ કરે છે. અનાદિથી છે એ કાંઈ નવી ચીજ નથી. આહા..હા..!

અહીંયાં સર્વજ્ઞ જિનેશ્વર દેવ વીતરાગ ત્રિલોકનાથ દિવ્યધ્વનિ દ્વારા એમ કહેતા હતા એ વાત દિગંબર સંત જગત પાસે જાહેર કરે છે. આહા..હા..! પ્રભુ તું ક્યારે હાથમાં આવે? તારી ચીજ તને અનુભવમાં કેમ આવે છે? આહા..હા..! એ જેટલો વિકલ્પ રાગની વૃત્તિ છે. હું શુદ્ધ છું કે બંધ છું કે અબંધ છું એવો વિકલ્પ રાગ. આહા..હા..! એને પણ છોડીને તત્કાળ નિજરસ નામ વીતરાગી પર્યાયની શક્તિથી, પર્યાયમાં ભાન થાય છે તો પ્રગટ થાય છે એમ કહેવામાં આવે છે. ફુલચંદજી! નય શબ્દ બધા ન આવે જે આવ્યું હતું એ. આહા..હા..!

આ ગાથા મુંબઈમાં બહુ ચાલી હતી. ૧૫-૧૫ હજાર માણસ. મલાડમાં. મલાડમાં ચાલી હતી આ. ઘાટકોપર આઠ વ્યાખ્યાન થયા. સાત. મલાડમાં આઠ થયા. ૩૬ વ્યાખ્યાન દાદરમાં. ૫૧ વ્યાખ્યાન થયા હતા. ઘણા માણસો. સાંભળે. સાંભળો તો ખરા ભગવાન! આહા..હા..! તારી ચીજ કેમ પમાય? એ વાત છે, ભગવાન! આહા..હા..!

અહીંયાં તો કહે છે કે ત્રિલોકનાથ જિનવર પરમેશ્વર, કે જ્યારે અંતરમાં કોઈપણ રાગનો અંશ હોય, એને દૃષ્ટિમાંથી છોડીને... આહા..હા..! અંતરમાં શુદ્ધ આત્મઘન પ્રભુ વિજ્ઞાનઘન છે, તત્ત્વ છે, આખું તત્ત્વ છે, વસ્તુતત્ત્વ જ્ઞાયકસ્વભાવ, એના '**નિજ રસથી જ...**' આહા..હા..! પોતાના અંતરમાં વીતરાગી પર્યાયરૂપી શક્તિથી જ. જ કહ્યું છે. વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી પણ થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? શું થાય? અરે.. અનંતકાળથી પરિભ્રમણ કરતા નવમી ગ્રૈવેયક અનંતવાર ઉત્પન્ન થયો, દિગંબર નગ્ન સાધુ અઠ્યાવીશ મુળગુણ પાળતો, પણ વિકલ્પરહિત આત્મા એનું સમ્યગ્દર્શન કર્યું નહિ, એ વિના જન્મ-મરણનો અંત કદી આવતો નથી. આહા..હા..!

તો '**નિજ રસથી જ...**' અહીં જ પડ્યો છે. નિજ શક્તિથી, રાગની શક્તિથી નહિ. વિકલ્પની શક્તિથી અને વિકલ્પના સામર્થ્યથી આત્મા પ્રગટ જણાય છે એમ નથી. આહા..હા..! ફુલચંદજી! '**નિજ રસથી જ...**' આહા..હા..! પોતાનો શાંત અને આનંદરસ અને જ્ઞાનરસ જે શક્તિ છે એ શક્તિની પર્યાયથી જ... આહા..હા..! પ્રગટ થાય છે. પર્યાયમાં આ દ્રવ્ય શાશ્વત છે એવો અનુભવ થાય છે. સમજાણું કાંઈ?

કેવી રીતે અનુભવાય છે? કે '**આદિ-મધ્ય-અંત રહિત,...**' છે એ તો પ્રભુ. અંતર આત્મા તો શાશ્વત વસ્તુ છે. એ રાગથી રહિત છે, પણ એક સમયની પર્યાય પૂરતી, એક સમયની દશા છે એટલો આત્મા નથી. આત્મા તો શાશ્વત છે. આહા..હા..! અનાદિ-અનંત ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ, આહા..હા..! એ આદિ-મધ્ય-અંતમાં એ કહ્યું. કે જેની આદિ નથી, જેનો અંત નથી, જેનો મધ્ય નથી, એ ધ્રુવ શાશ્વત વસ્તુ છે. આહા..હા..! પ્રથમ સમ્યગ્દર્શન થવામાં આ ચીજ છે. કહો, કાંતિભાઈ! શું થાય? અનાદિથી રખડે છે એમાં આવી ચીજ સાંભળવા મળે નહિ એ ક્યારે અંતરમાં ઉતારે? આહા..હા..!

કહે છે કે '**આદિ-મધ્ય-અંત રહિત,...**' એટલે શાશ્વત એમ કહેવું છે. શાશ્વત વસ્તુ નિત્ય ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... '**અનાકુળ,...**' એ આનંદરૂપ છે. ભગવાન અનાકુળ છે, અતીન્દ્રિય આનંદરૂપ છે. આહા..હા..! એ આત્માની ખબર ન મળે. જ્ઞાન અને આત્મદર્શન મૂકીને બધી વાત. છોડીને. વર વિનાની જાન. વર ન મળે અને જાન જોડી દીધી. એમ ભગવાન આત્મા અનાકુળ આનંદકંદ શાશ્વત વસ્તુ, એની દૃષ્ટિ વિના, એના અનુભવ વિના બધા સંસારમાં રખડે છે. સંસાર કર્યો. આહા..હા..! અનાકુળ છે.

'**કેવળ એક,...**' ઓહો..હો..! એ શાશ્વત કેવળ એકરૂપ છે. પર્યાયનો પણ ભેદ નથી.

દ્રવ્ય છે ને. સમજાણું કાંઈ? કાંતિભાઈ! આહા..હા..! કેવળ એકરૂપ પ્રભુ અંદર આત્મા. કુંદકુંદાચાર્ય જગત પાસે જાહેર કરે છે કે સમ્યગ્દર્શન કેમ પમાય? આ વિધિ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વરે કહી છે. આહા..હા..! પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ સીમંધર ભગવાન તો મહાવિદેહમાં બિરાજે છે. સાક્ષાત્ મોજુદ વીતરાગ છે. એની પાસે ગયા હતા. આઠ દિન રહ્યા હતા. ત્યાંથી આવીને આ જગતને જાહેર કરે છે. કે માલ ભગવાન આત્માનો એ આડતિયા થઈને જગતને જાહેર કરે છે. આહા..હા..!

કહે છે કે **'કેવળ એક,...'** એકરૂપ. અનંતગુણ છે, અનંત શક્તિ છે તો એ રૂપ એકરૂપ છે. આ ગુણ અને ગુણી એવો ભેદ પણ જ્યાં નથી એમ કહે છે. વિકલ્પ તો છૂટ્યો, નિજરસથી પ્રગટ થયો તો કેવો? કે આત્મા અનંત શક્તિનો પિંડ છે અનંત શક્તિ એનો ગુણ છે એવો પણ જ્યાં ભેદ નથી. એવો **'કેવળ એક,...'** કેવળ એક. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય આ છે. હજી ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે આ તો. આહા..હા..!

**'કેવળ એક,...'** એકલી ચીજ ધ્રુવ. જેમાં બંધમોક્ષની પર્યાય પણ જેમાં નથી. આહા..હા..! ૩૮ ગાથામાં કહ્યું છે ને? સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય પણ નાશવાન છે. એક સમયની દશા છેને? આહા..હા..! એનાથી પણ ભગવાન અવિનાશી તત્ત્વ ભિન્ન છે. એ એક તત્ત્વ એ. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત બાપુ. ભગવાન વીતરાગમાર્ગ અને એ વીતરાગ સિવાય બીજે ક્યાંય આ વાત છે નહિ. એ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સમ્યગ્દર્શન પામવાની રીતની પદ્ધતિ આ કહે છે. સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! માર્ગ આ. આ તો આપણે ચાલ્યુ હતું ત્યાં મલાડમાં. મુંબઈ. બહુ હજારો માણસો. મલાડ-મલાડમાં. ૧૪૪ ગાથા. ઓહો..હો..!

અંદર પ્રભુ આત્મા 'સિદ્ધ સમાન સદા પદ મેરો..' એ આવે છે કે નહિ? સમયસાર નાટક. 'ચેતન રૂપ, અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો. મોહ મહાતમ...'નો મોહ કરીને મિથ્યાદષ્ટિપણે

'મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘિયો,
જ્ઞાનકળા ઊપજી અબ મોકુ કહુ ગુણ નાટક આગમ કેરો,
તાસુ પ્રસાદ સધૈ સિવમારગ વૈદે મિટે ઘટવાસ વસેરો.'

આ શરીર માટીનો પિંડ ધૂળ. આહા..હા..! એમાં વચમાં પ્રભુ અમૃતનો પિંડ આત્મા છે. કીધું ને? **'અનાકુળ, કેવળ એક,...'** આનંદરૂપ અતીન્દ્રિય આનંદરૂપ, એકરૂપ. આહા..હા..! **'આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ...'** આહા..હા..! શું કહે છે? કે અશુભરાગાદિ જે વિકલ્પ છે એ સર્વ જગત સંસાર છે. એનાથી માંડી આખો લોકાલોક એનાથી ભિન્ન તરતો થકો, ભિન્ન પડતો થકો, ભિન્ન અનુભવમાં આવતો થકો. આહા..હા..! છે?

**'આખાય વિશ્વ...'** આખોય ત્યાં પણ એ કહ્યું. આખાય. વિકલ્પમાત્ર શુભ કે અશુભ

રાગ, એ સર્વસંપૂર્ણ જગત વિશ્વ. એ '**આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ...**' ભિન્ન પડીને જાણે ઉપર તરતો હોય. આહા..હા..! પાણીમાં જેમ તેલનું બિંદુ પડે એ ઉપર તરે છે. પાણીમાં ભળી જતું નથી. પાણી-જળ. એમ ભગવાન આત્મા રાગના વિકલ્પથી ભિન્ન અને સર્વ વિશ્વથી ભિન્ન તરતો થકો, અથવા ભિન્ન ભાસતો થકો. આહા..હા..! તારાચંદજી! આવી વાત છે, ભાઈ! શું થાય?

'**કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ...**' એ વચ્ચે પરથી અભાવ બતાવ્યો. '**તેમ અખંડ પ્રતિભાસમય,...**' આહા..હા..! વર્તમાન જ્ઞાનની સ્વસંવેદન પર્યાયમાં અખંડ એક પ્રતિભાસમય, આખું તત્ત્વ જેની પર્યાયમાં જણાય છે. સમજાણું કાંઈ? વાત બીજી ભિન્ન છે, ભગવાન! લોકોને આ સત્ય સમજમાં ન આવે એથી વિરોધ કરે સત્યનો. એ કોઈનો વિરોધ નથી કરતા. પોતાનો જ વિરોધ કરે છે. આહા..હા..! કેમકે બીજાનો આત્મા શું છે એ તો એણે જાણ્યો નથી. તો વિરોધ કોનો કરે? આહા..હા..!

અહીં તો પરમાત્મા પોતે પરમાત્મ 'જિનસોહીએ આત્મા, અન્ય સોહીએ કર્મ યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ. આહા..હા..! 'જિન સોહીએ આત્મા...' સમયસાર નાટકમાં કહ્યું ને. 'નિજપદ જિનપદ એકતા ભેદભાવ નહિ કાંઈ.' આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એવો આત્મા સર્વજ્ઞ અને જિનપદ સ્વરૂપ છે. સર્વજ્ઞ શક્તિથી પરિપૂર્ણ પડ્યો છે. આહા..હા..! એવા જે જિનસ્વરૂપ ભગવાન એ અખંડ પ્રતિભાસમય. આહા..હા..! વર્તમાન જ્ઞાનની દશામાં અખંડ નામ પૂર્ણ શાશ્વત, જેમાં પર્યાયનો ભેદ નથી. પર્યાય એને વિષય કરે પણ વિષયમાં ભેદ નથી. સમજાણું કાંઈ? ભાઈ! આવી વ્યાખ્યા હવે. ઓલું તો સહેલુંસટ હતું દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા. અરે.. ભગવાન! એ તો શુભરાગ છે, બાપુ તને ખબર નથી ભાઈ! ભગવાન તું એ રાગમાં નહિ થા. કદી રાગમાં આવ્યો જ નથી. એ તો શાશ્વત વસ્તુ રાગરહિત અનાદિથી પડી છે. આહા..હા..! અનાદિથી છે. એ તો ગુજરાતી આવી જાય થોડું. આહા..હા..!

'**અખંડ પ્રતિભાસમય,...**' કેવળ એક અનાકુળ આનંદરૂપ પ્રભુ, એવો એક અખંડ પ્રતિભાસમય. અખંડનો અર્થ ભેદ નહિ. ગુણગુણીનો ભેદ નહિ અને ગુણી દ્રવ્ય અને પર્યાયનો ભેદ નહિ જ્યાં. આહા..હા..! શાશ્વત એકરૂપ ચીજ '**અનંત વિજ્ઞાનઘન...**' શું પર્યાયમાં નિર્મળ નિજરસની પર્યાયમાં જે ભાસ થયો એ પર્યાયમાં શું ભાસ્યું? કે અનંત વિજ્ઞાનઘન. આહા..હા..! વિજ્ઞાનનો ઘન પિંડ આત્મા અનંત. એ દૃષ્ટિમાં આવ્યું. આહા..હા..! છે કે નહિ અંદર જુઓને. આ તો કુંદકુંદાચાર્ય દિગંબર સંત.

**શ્રોતા :-** આમાં તો શબ્દો જુદા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનંત વિજ્ઞાનઘન કહ્યું ને. અનંત નામ બેહદ. જેમાં પર્યાયને મર્યાદા છે, વસ્તુમાં મર્યાદા નથી. વસ્તુ તો અનંતવિજ્ઞાનઘન છે. આહા..હા..! એકલો જ્ઞાનનો ઘન

પિંડ. આહા..હા..! એ દૃષ્ટાંત નથી આવતું? પહેલાંના ઘી હતા ને ઘી? માગશર મહિનાના ઘી. શિયાળાના દિવસોમાં. બહુ ઊંચા ઘી થતાં. અત્યારે તો ગડબડ થઈ ગઈ. ભેળસેળ બહુ થઈ ગઈ. પહેલાના ઘી એવા હતા. ભેંસને ખુલ્લા કપાસિયાના.. કપાસિયાને શું કહે છે?

**શ્રોતા :-** ગુલોલા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. કપાસિયા કહે છે. એની વખારમાં પડ્યા હોય પાંચસો-હજાર મણ. ભેંસને છૂટી છોડી દેતા. કપાસિયા ખાતી હતી. એના દૂધ અને એના દહીં અને એના ઘી. એવું કઠણ હોય કે જેમાં આંગળી ઘૂસી ન શકે. આંગળી મારે તો ફાંસ વાગે છે. ઘીની ફાંસ હોં. આવું વિજ્ઞાન, એવું ઘનરૂપ ઘી હતું. જેમાં આંગળી તો ન જઈ શકે પણ ખૂરપો તો માંડ માંડ જાય. એવો ભગવાન અનંત વિજ્ઞાનઘન આત્મા છે. જેમાં વિકલ્પનો, રાગના ઘનમાં પ્રવેશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભગવાન! ભગવાન તરીકે આત્મા બોલાવે છે. ૭૨ ગાથામાં અમૃત ચંદ્રાચાર્ય ભગવાન આત્મા એમ કહે છે. આહા..હા..!

પ્રભુ! એ શુભ-અશુભભાવ જે છે એ અશુચિ છે, મેલ છે. આહા..હા..! શુભભાવ એ મેલ છે, રાગ છે, વિકાર છે. ભગવાન શુદ્ધ ચૈતન્યપિંડ છે. આહા..હા..! ૭૨ ગાથામાં ભગવાન શબ્દ લીધો છે સંસ્કૃત ટીકામાં. ૭૨ ગાથા. ૭૦ અને ૨. અશુચિ.. આહા..હા..! પુણ્ય અને પાપ બેય અશુચિ, બેય મેલ. બેય લોઢાની અને સોનાની બેડી છે. આહા..હા..! અહીંયાં તો એનાથી પણ આગળ લે છે. નય નામ જ્ઞાનનો નય અને નિક્ષેપ અને પ્રમાણનો જે વિકલ્પ ઉઠે છે, એ અભૂતાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ '**અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસાર...**' દેખો! આહા..હા..! એ આત્મા પરમાત્મારૂપ જ સમયસાર આત્મા છે. સમયસાર કહો કે આત્મા કહો. આહા..હા..! પામરને પ્રભુતા કેમ બેસે? જેની દૃષ્ટિમાં પામરતા છે, રાગની મહિમા છે, પુણ્યની મહિમા છે એવા પામરને આ પ્રભુતાની દૃષ્ટિ નથી થતી. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન આત્મા વિજ્ઞાનઘ પરમાત્મારૂપ. આહા..હા..! ભગવાન પરમ સ્વરૂપ પરમાત્મારૂપ પરમ પરિણામિક સ્વભાવભાવરૂપ છે. આહા..હા..!

એવા '**સમયસારને...**' સમયસાર નામ આત્મા. એવો સમય-આત્માનો સાર. જે પુણ્ય-પાપનો ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મ શરીર એનાથી ભિન્ન અંદર, એ '**જ્યારે આત્મા અનુભવે છે...**' એવા આત્માનો જ્યારે અનુભવ-આનંદનું વેદન કરે છે. આહા..હા..! '**તે વખતે જ આત્મા સમ્યક્‌પણે દેખાય છે...**' આહા..હા..! આ ૧૪૪ ગાથા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની છે. ચારિત્રની પછી. જ્યાં સમ્યગ્દર્શન નથી ત્યાં ચારિત્ર ક્યાંથી આવ્યું? આહા..હા..! પ્રથમ સમ્યગ્દર્શનમાં એવા પરમાત્મા અનુભવ કરે તે સમયે દેખવામાં, દેખવા નામ શ્રદ્ધામાં આવે છે. આહા..હા..! જ્ઞાનની દશામાં પૂર્ણાનંદનો નાથ અનુભવમાં આવે છે, એ સમયે એની દેખવામાં આવે છે અથવા એ સમયે શ્રદ્ધા કરવામાં આવે છે. એનું નામ સમ્યગ્દર્શન છે.

આહા..હા..! કહો, શાંતિભાઈ! નવરાશ ક્યાં છે? સંસારમાં રખડવા આડે. આહા..હા..! ધંધો ને વેપાર અને એમાં એક તો રોકાય, ધર્મને નામે તો અંદર શુભરાગમાં રોકાય. દયા, દાન, વ્રત, ભક્તિ, શુભરાગ. ભગવાન તો રાગથી રહિત ભિન્ન તત્ત્વ છે. આ તો વીતરાગમાર્ગ છે. સમજાણું કાંઈ?

**'સમયસારને જ્યારે આત્મા અનુભવે છે...'** કેવા પરમાત્માના? કે **'આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ, કેવળ એક,...'** જગતથી ભિન્ન **'એખ અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન,...'** એવો આત્મા-પરમાત્મા સમયસાર એ પોતાનો આત્મા. **'જ્યારે આત્મા અનુભવે છે...'** આહા..હા..! **'તે વખતે જ આત્મા સમ્યક્‌પણે...'** એટલે એના સાચી દૃષ્ટિ થાય છે. એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! હજી તો ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. પાંચમા અને છઠ્ઠું એ તો બાપુ શું ચીજ છે! આહા..હા..! સમજાણું કાંઈ? છે કે નહિ અંદર?

**'તે વખતે જ...'** એ સમયે જ. જ્ઞાનની પર્યાયમાં અંતરમાં ભાસ થયો પૂર્ણાનંદના નાથનો, એ સમયે સમ્યક્ રીતે જોવામાં આવે છે અથવા સમ્યક્ રીતે શ્રદ્ધામાં આવે છે. એ સમયે સમ્યક્ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'(અર્થાત્ શ્રદ્ધાય છે)...'** એ જ કાળે પૂર્ણ આનંદ અભેદ અખંડ આનંદ એકરૂપ શાશ્વત વસ્તુ, એનો અનુભવ કરે છે તો એ જ સમયે શ્રદ્ધા કરવામાં આવે છે. આહા..હા..! એ શ્રદ્ધાનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! **'અને જણાય છે...'** એ જ સમયે જણાય છે. એ સમયે શ્રદ્ધાય છે અને એ જ સમયે જ્ઞાન થાય છે. એ સમયે આત્મા જણાય છે. આહા..હા..! હુકમચંદજી! કાલે તો એક કલાક ચાલ્યું હતું. આજે અડધો કલાક પહેલું વહેલું. હજી આવશે ભાવાર્થ. આહા..હા..!

ચૈતન્યઘન, વિજ્ઞાનઘન પિંડ એવો શાશ્વત આત્મા, કોઈપણ જાતના વિકલ્પ નામ રાગથી રહિત અંદર થતાં એ વિજ્ઞાનઘન આનંદકંદનો અનુભવ, એ વસ્તુને અનુસરીને જે અનુભવ થવો એ અનુભવ કરે છે એ જ સમયે શ્રદ્ધાય છે. એ જ સમયે સમ્યક્ શ્રદ્ધા કહેવામાં આવે છે. અને એ જ સમયે જણાય છે. છે? જ્ઞાન થાય છે, જાણવામાં આવે છે. બે પાઠ છે ને પાઠ? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ જ સમયે દેખવામાં ને પ્રતીતમાં ને જ્ઞાનમાં આવે છે. આહા..હા..! અરેરે..!

**'તેથી સમયસાર જ...'** એ કારણે સમયસાર નામ ભગવાન પરમાત્મા સમયસાર સ્વરૂપ શુદ્ધ ધ્રુવ શાશ્વત એ **'સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.'** લ્યો! એ પરમાત્મસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ શાશ્વત અનાદિ અનંદ એનો અંતર અનુભવ થયો એ જ સમયે એને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું. એ સમ્યગ્દર્શન-જ્ઞાન આત્મા છે. એ આત્મા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન કોઈ બીજી ચીજ નથી. નિર્મળ સમ્યગ્દર્શન નિશ્ચય, નિર્મળ સમ્યગ્જ્ઞાન નિશ્ચય એ આત્મા જ છે. એ રાગ

છે નહિ. વ્યવહાર-બ્યવહાર છે નહિ એ. આહા..હા..! સમજાણું કાંઈ?

એનો ભાવાર્થ. એ તો ટીકા થઈ. અમૃત ચંદ્રાચાર્યે સંસ્કૃત ટીકા બનાવી. આહા..હા..! હવે એનો ભાવાર્થ. જયચંદ્ર પંડિત થયા છે એનો ભાવાર્થ કહે છે. '**આત્માને પહેલાં આગમજ્ઞાનથી જ્ઞાનસ્વરૂપ નિશ્ચય કરીને...**' પહેલાં શું કરવું એ કહે છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તો એણે પહેલા શું કરવું? કે '**આગમજ્ઞાનથી જ્ઞાનસ્વરૂપ નિશ્ચય કરીને...**' શાસ્ત્ર ભગવાનની વાણી સાંભળીને કે સંતોની વાણી સાંભળીને એવો નિર્ણય કરવો કે આ આત્મા તો જ્ઞાનસ્વરૂપ જ છે એમાં પુણ્ય ને પાપ ને કર્મ-ફર્મ છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** પહેલો વ્યવહાર આવ્યોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વિકલ્પથી નિર્ણય કરવો. વિકલ્પથી અનુભવ નથી થતો. આ તો પહેલા નિર્ણય કરવો એમ કહે છે. આવે, પણ વ્યવહારથી નિર્ણયથી સમકિત નથી થતું. એના ત્યાગથી થાય છે. આ તો પહેલા કેમ કહ્યું? કે સર્વજ્ઞ પરમેશ્વર જે આત્મા કહે છે, એ સિવાય બીજા આત્મા કહે છે, એના આત્માનું કેવો. એ નિર્ણય કરવામાં પહેલો વિકલ્પ આવ્યો.

સર્વજ્ઞ જિનેશ્વરદેવ તીર્થંકર પરમાત્મા એ આત્મા કોને કહીએ અને કેવો કહે છે એવો આગમથી પહેલા નિર્ણય કરવો. એમ કહે છે. છે તો એ વિકલ્પ. છે તો એ રાગ. રાગને પાછળ છોડીને અનુભવ કરવો. એમ કહે છે.

**શ્રોતા :-** .. ઉપચાર આવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ઉપચાર ક્યાં? પરંપરા ક્યાં છે? વિકલ્પ છોડીને કહ્યું ત્યાં? પરંપરામાં આવ્યું ક્યાં? વિકલ્પ છોડીને અનુભવ કરવો એ કહે છેને જુઓ.

'**નિશ્ચય કરીને પછી...**' જુઓ, '**ઇન્દ્રિયબુદ્ધિરૂપ મતિજ્ઞાનને જ્ઞાનમાત્રમાં જ મેળવી દઈને,...**' દેખો! એ મતિજ્ઞાન જે વિકલ્પ ઊઠે છે. મતિજ્ઞાન ઇન્દ્રિય અને મન દ્વારા પરપદાર્થની પ્રસિદ્ધિ થઈ એ તરફનો જુકાવ છોડી દે. છોડી દે કહ્યું. આહા..હા..! વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ બાપુ. આ તો જિનેશ્વર વીતરાગ ત્રિલોકનાથ જેને એકલું જ્ઞાનઘન પ્રગટ થયું. ઓહો..હો..! અનંતા સિદ્ધો બિરાજે છે એકલા આનંદરસકંદમાં. અરિહંતપદથી પણ સિદ્ધપદ તો પૂર્ણપવિત્ર છેને? અરિહંતમાં તો હજી ચાર કર્મ બાકી છે. આહા..હા..! એવો જે ભગવાન આત્મા, પહેલા વિકલ્પથી નિર્ણય કરવો.

'**પછી ઇન્દ્રિયબુદ્ધિરૂપ મતિજ્ઞાનને...**' મન અને ઇન્દ્રિય જે મતિજ્ઞાન પરતરફનું કામ કરે એને પોતાના સ્વરૂપમાં લેવું. વિકલ્પ છોડી દેવો એમ કહે છે. આહા..હા..! શું થાય? માર્ગ તો આ છે. અત્યારે તો બધી ગડબડ મોટી થઈ ગઈ છેને. ગડબડ બધી. એટલે વિરોધ થાય છે. પ્રભુ વિરોધ આ તો માર્ગ આવો છે, ભગવાન! ભગવાને કહ્યું અને તું પણ ભગવાન એવો છે. આહા..હા..! કેમ બેસે?

કહે છે કે '**ઇન્દ્રિયબુદ્ધિરૂપ મતિજ્ઞાનને જ્ઞાનમાત્રમાં...**' જ્ઞાનમાત્ર એટલે ભગવાન આત્મા, એમાં '**જ મેમળવી દઈને,...**' પરતરફનો જુકાવ છોડીને જ્ઞાનમાત્ર વિજ્ઞાનઘન તરફ મેળવી દે મતિજ્ઞાનને. મતિજ્ઞાનના સ્વરૂપને આત્મામાં મેળવી દે એમ કહે છે. આહા..હા..! આ વિધિ છે. '**તથા શ્રુતજ્ઞાનરૂપી નયોના વિકલ્પોને મટાડી...**' શ્રુતજ્ઞાનના નયનો વિકલ્પ, હું શુદ્ધ છું, હું અબદ્ધ છું, એક છું, શાશ્વત છું એવો જે શ્રુતજ્ઞાનનો વિકલ્પ રાગ આકુળતા છે... આહા..હા..! પહેલા કહ્યું હતું એમાં. શ્રુતજ્ઞાન આવ્યું હતું ને? '**નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતા અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી...**' એ ટીકામાં આવ્યું હતું પહેલા. પહેલા આવ્યું હતું. પરમ દિવસે આવ્યું હતું. આહા..હા..! આવી વાત હવે. હજી તો ગ્રાહ્ય થાવી મુશ્કેલ શું કહે છે. અરેરે..! અનંત-અનંત કાળમાં રખડી મરી ગયો છે. દુઃખી. સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નહિ એ કારણે જન્મ-મરણ મટ્યું નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે '**શ્રુતજ્ઞાનને પણ નિર્વિકલ્પ કરીને,...**' જુઓ, નયનો વિકલ્પ હતો હું શુદ્ધ છું, અભેદ છું, એવો વિકલ્પ છોડીને '**શ્રુતજ્ઞાનને પણ નિર્વિકલ્પ કરીને,...**' આહા..હા..! '**એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવો...**' જુઓ! જયચંદ્ર પંડિતે પણ એમ લીધું. '**એક અખંડ પ્રતિભાસમય...**' એ હતું ને એમાં. અનાકુળ કેવળ એક એ અખંડ પ્રતિભાસમય સાથે છે. ઓલું વચમાં કહ્યું સર્વ વિશ્વથી જુદું. ભગવાન આત્મામાં મતિશ્રુતને નિર્મળ કરીને અંતરમાં જુકાવવું. આહા..હા..! રાગના અંશને છોડીને '**નિર્વિકલ્પ કરીને એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન છે...**' આહા..હા..! જુઓ છે કે નહિ અંદર? આ સાદિભાષામાં લીધું. આહા..હા..! '**એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવો તે જ...**' જ કહ્યું છે. '**સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન..**' છે. એનું નામ '**સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એવા નામ પામે છે;...**' આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ પામે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં ટોડરમલે લીધું છે. અને નિશ્ચય સમ્યગ્દર્શન નામ ત્યારે પામે છે જ્યારે પોતાના અખંડ આત્માનો અનુભવ કરે છે ત્યારે નિશ્ચય સમ્યગ્દર્શન અને જ્ઞાન નામ પામે છે. વ્યપદેશ છેને? વ્યપદેશનું છેને? વ્યપદેશ પાઠમાં છે વ્યપદેશ. આહા..હા..!

પહેલી એની પદ્ધતિ શું છે? સમ્યગ્દર્શન, ધર્મની પહેલી સિઢી, પહેલું સોપાન, એની પદ્ધતિ શું છે એ પહેલાં જાણવું જોઈએ. એ જાણ્યા વિના સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. તો પહેલા પદ્ધતિ આ છે કે આગમથી શ્રુતજ્ઞાન સ્વરૂપ હું છું એવો નિર્ણય કરીને પછી વિકલ્પને છોડવો.. આહા..હા..! આ પદ્ધતિ છે. આહા..હા..! જેમ શીરો હોય છે ને શીરો? શું કહે છે? હલવો. પહેલા ઘીમાં લોટને શેકીને પછી ગોળનું-સાકરનું પાણી નાખવું. પહેલા સાકરના પાણીમાં લોટ શેકીને પછી ઘી નાખે તો એ શીરો નહિ બને. હલવો નહિ બને એ. પહેલા ઘીમાં લોટને શેકીને ગોળ, પાણીને સાકર નાખે તો શીરો બને. એમ સમ્યગ્દર્શનમાં

પહેલા આત્મા એમ શેકવો. આહા..હા..! સમ્યગ્દર્શનમાં તાકાત છે કે પૂર્ણાનંદની પ્રતીતિ કરી શકે. આહા..હા..! સમજાણું કાંઈ? શું થાય? અનાદિથી જગત લૂટાણું. આહા..હા..!

'**તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એવા નામ પામે છે;...**' આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે જ નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પહેલાં સામાન્ય શ્રદ્ધા અને પછી વિશેષ શ્રદ્ધા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ શ્રદ્ધાની સામાન્ય-વિશેષ છે જ નહિ. શ્રદ્ધા તો ત્રિકાળની શ્રદ્ધા કરવી એ જ છે. શ્રદ્ધા એ જ વિશેષ છે. સામાન્યની શ્રદ્ધા કરવી એ વિશેષ છે. ત્રિકાળીની શ્રદ્ધા કરવી એ પર્યાય વિશેષ છે. આકરી વાત ભાઈ! આહા..હા..! અરેરે.. હું ક્યા રખડું છું અને ક્યારે ક્યાં જાવ છું એની ખબર ન મળે. આહા..હા..! જુઓ ઓલા મરી ગયા છે કેટલાય. એક બાય તો માથા.. રોતી હતી. છાપામાં આવ્યું હતું. એનો ધણી મરી ગયો પ્લેનમાં. આ મુંબઈથી મદ્રાસ પ્લેન જાતું હતું ત્યાં ને ત્યાં બળી ગયું ઉપર. સળગી ગયું. ૮૯ આદમી હતા અને છ એના કર્તાહર્તા હતા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોટા ઘણા ઘણા હોય છે. એક બાઈ તો છોડીને... અનંતવાર થયું છે એવું પ્રભુ. એ આત્મા ઉપર એવી અનંતીવાર દશા થઈ, પણ એણે દરકાર કરી નહિ પોતાનો આત્મા શું છે? આહા..હા..! આ તો શાંતિનો માર્ગ છે, ભાઈ! આહા..હા..! જેને શાંતિ જોઈએ એ શાંતિનો સાગર આત્મા છે. કહો, શાંતિભાઈ! તમારી શાંતિ આવી આમાં. આત્મા શાંતિનો સાગર છે, અકષાયભાવ વીતરાગભાવ ભરપુર પડ્યો છે. એની સન્મુખ અનુભવ કરીને, દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. એની સન્મુખ થઈને જ્ઞાન કરવું એ સમ્યગ્જ્ઞાન છે. ત્યારે તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની શરૂઆત થાય છે. સમજાણું કાંઈ? ચારિત્ર તો પછી થાય છે. આ ચીજ થયા પછી. એ સ્વરૂપનું ભાન થયું કે આ આનંદકંદ છે જ્ઞાતા એવો અનુભવ થયો. હવે એમાં પછી લીન થવું. આનંદમાં લીન, અતીન્દ્રિય આનંદનો વિશેષ અનુભવ કરવો એનું નામ ચારિત્ર છે. પંચમહાવ્રત અને નગ્નપણું એ કોઈ ચારિત્ર નથી. આહા..હા..! પ્રભુનો માર્ગ જુદો ભાઈ! સમજાણું કાંઈ?

આવ્યું ને? '**સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કાંઈ અનુભવથી જુદાં નથી.**' જુઓ, આત્મા આનંદસ્વરૂપ વિજ્ઞાનઘન, એની પર્યાયમાં અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન કોઈ ભિન્ન ચીજ નથી. આહા..હા..! એને ભાવાર્થમાં પણ ઘણો ખુલાસો કર્યો. હવે કળશ આવે છે.

કળશ-કળશ. ૯૩. ૯૩ છેને? અમૃચતંદ્રાચાર્ય દિગંબરસંત વનવાસી આત્મધ્યાનિ આનંદમાં રહેનારા એણે આ કળશ બનાવ્યો છે.

(शार्दूलविक्रीडित)

आक्रामन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना
सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयम्।
विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किञ्चनैकोऽप्ययम्।।९३।।

આહા..હા..! આદિ-મધ્ય-અંતનું અહીં નાખ્યું શાશ્વત. .. નાખ્યું છે ને. '**ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किञ्चनैकोऽप्ययम्।**' એ ગમે તે નામ સમ્યગ્દર્શન-જ્ઞાન આપો એ બધો આત્મા છે. એ આત્માથી જુદી ચીજ છે નહિ. '**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**
**–**'

'**શ્લોકાર્થ :–**' '**नयानां पक्षैः विना**' '**નયોના પક્ષો રહિત,...**' આહા..હા..! વ્યવહાર ક્રિયાના રાગથી તો રહિત પણ જ્ઞાનના અંશમાં રાગના પક્ષથી પણ રહિત. આહા..હા..! છે? '**नयानां पक्षैः विना**' જ્ઞાનના અંશનો જે પક્ષ છે રાગનો, એનાથી રહિત. '**अचलं अविकल्पभावम्**' '**અચળ નિર્વિકલ્પભાવ...**' આત્મા. અચળ નામ કદી ચળ્યો નથી. શુદ્ધ-શુદ્ધ, ધ્રુવ-ધ્રુવ, શાશ્વત. આહા..હા..! '**અચળ નિર્વિકલ્પભાવને પામતો...**' પર્યાયમાં. હજી દ્રવ્ય, ગુણ અને પર્યાય શું નામ છે એની ખબર નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માની નિર્મળ વીતરાગી પર્યાય છે. અને મોક્ષ પણ આત્માની પર્યાય છે. ગુણ નથી. દ્રવ્ય અને ગુણ તો ત્રિકાળી શાશ્વત હોય છે. આહા..હા..! એમાં એ મિથ્યાભ્રાંતિ કે પુણ્યથી ધર્મ થાય, વ્યવહારથી નિશ્ચય થાય એવી ભ્રાંતિ એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભ્રાંતિથી રહિત ભગવાન આત્મા છે.

'**यः समयस्य सारः भाति**' '**જે સમયનો (આત્માનો) સાર પ્રકાશે છે...**' આનંદ અને જ્ઞાન પ્રકાશમાં આવે છે. આહા..હા..! '**તે આ સમયસાર (શુદ્ધ આત્મા)...**' '**निभृतैः स्वयम् आस्वाद्यमानः**' આહા..હા..! '**કે જે નિભૃત (નિશ્ચળ, આત્મલીન) પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન છે...**' વિકલ્પથી, પુણ્યથી રહિત છે એને આસ્વાદ્યમાન છે. સમજાણું કાંઈ? ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, નિભૃત નામ વિકલ્પથી-પુણ્ય-પાપથી રહિત.. આહા..હા..! '**(નિશ્ચળ, આત્મલીન) પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન છે...**' સ્વયં અનુભવાય છે. આઠ વર્ષની બાળીકા હોય તોપણ સમ્યગ્દર્શન પ્રાપ્તકાળમાં આ વિધિ છે. સમજાણું કાંઈ? અઢીદ્વીપ બહાર એવા તિર્યંચ પશુ પડ્યા છે સમકિતી. સાંભળ્યું છે. સ્વયંભૂ રમણસમુદ્ર છેલ્લો. અસંખ્ય પશુ એ આત્મજ્ઞાની. આ કહે છે એવા. આહા..હા..

.. આત્મા ક્યાં છે એ? આહા..હા..! આ માટી જડ ધૂળ છે. પુદ્ગલ છે. એ ક્યાં આત્મા છે? એ તો ભિન્ન ચીજ છે. આ વાણી છે એ જડ છે. અંદર મન છે એ જડ-પરમાણુ છે. શરીર પણ જડ છે. આહા..હા..! એ બધા અજીવ છે એનાથી ભગવાન ભિન્ન

અંદર છે. આહા..હા..! ભગવાન એટલે આત્મ, ભગવાન પરમાત્માના પરમાત્મારૂપ સમયસાર. આહા..હા..!

**'જે સમયનો (આત્માનો) સાર પ્રકાશે છે તે આ સમયસાર (શુદ્ધ આત્મા) કે જે નિભૃત (નિશ્ચળ, આત્મલીન) પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન...'** આહા..હા..! એ આત્મામાં લીન થનારો આત્મા એ દ્વારા સ્વયં આસ્વાદ્યમાન, પોતાથી અનુભવમાં આવે છે. વિકલ્પથી, વ્યવહારથી અને નિમિત્તથી અનુભવમાં આવતો નથી. આહા..હા..! છેને. .. પડ્યા છે. ચોપડા મેળવવા જોશે કે નહિ? .. મેળવે. બીજા હોય. તારી પાસે દસ હજારના ઓલા, એ તો અમારી પાસે પાંચ હજાર નીકળે છે મારા ચોપડે તો. એકબીજાના જુઓ. ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર એ તારી શ્રદ્ધામાં એમ કહે છે કે મેળવણી કર. સમજાણું કાંઈ? ઓલી શ્રદ્ધા શું છે અને આ શ્રદ્ધા શું કરે છે? આહા..હા..!

**'નિભૃત પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન છે...'** છેને? **'निभृतैः स्वयम् आस्वाद्यमानः'** આહા..હા..! ચિંતવનનો વિકલ્પ જે રાગ છે એનાથી રહિત આત્મા પુરુષાર્થ પોતે છે એ આત્મા આસ્વાદ્યમાન છે. એને આત્માના આનંદનો સ્વાદ આવે છે. આહા..હા..! સમ્યગ્દર્શન .. આત્મામાં આસ્વાદ આવે છે એમ કહે છે. અનાદિથી જે રાગનો આસ્વાદ્ય અનુભવ છે વિકારનો, આ સમ્યગ્દર્શનમાં આત્માનો આસ્વાદ્ય આવે છે. આહા..હા..! એ વળી શું? આત્માનો સ્વભાવ લેશે. સાકર નામ ગોળ નામ શેરડી-શેરડીને શું કહે છે? ગન્ના. એનો રસ કહે છે. અરે.. એ તો જડ છે ધૂળ. એ તો માટી છે. આ તો આત્મરસ આનંદ છે. ભગવાન આત્માનો અતીન્દ્રિય આનંદરસ છે એ નિભૃત પુરુષોથી આસ્વાદ્યમાન છે. આહા..હા..!

**શ્રોતા :-** અરસ સ્વભાવી આત્મા છે ને?...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વસ્વભાવ છે. પુરુષાર્થ કરે છે. સહજ પુરુષાર્થ છેને. .. પ્રગટ થાય છે. નિત્ય સ્વભાવ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સોગાનીએ છેને. દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં લીધું છે. શેરડીનો રસ પીવે છે ને ઘટ... ઘટ... ઘટ... એમ આત્માનો આસ્વાદ ઘટ.. ઘટ.. કરે છે. દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ. આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહારના સ્થાન..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારનું સ્થાન આવ્યું થોડું. આહા..હા..! દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં લીધું છે.

**શ્રોતા :-** શેરડી જેવો કે ઘેવર જેવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ ઘેવર જેવો નથી અને શેરડી જેવો પણ નથી. એ તો જડ છે. શેરડીનો રસ તો જડ-અજીવ છે, ધૂળ-માટી છે. એ બુરુ સાકરનું એ તો જડ છે, માટી

છે. અહીં તો આત્માના આનંદનો રસ એનાથી ભિન્ન છે. આહા..હા..! .. કરીને શું નાખ્યું? જુઓ, ઓલો અનુભવ કર્યો છેને આસ્વાદ માટે. અનુભવમાં ખુલાસો કર્યો. આહા..હા..!

**'સ્વયં આસ્વાદ્યમાન છે...'** આહા..હા..! **'વિજ્ઞાન જ જેનો એક રસ છે એવો ભગવાન...'** જુઓ ભાષા! વિજ્ઞાન જ જેનો એક રસ છે એવો ભગવાન આત્મા છે. આહા..હા..! એ સમ્યગ્દર્શન અને વિજ્ઞાન એક રસ છે ભગવાન, એનો આસ્વાદ આવે છે એમ કહે છે. આહા..હા..! ભાષા જુદી, ભાવ જુદા. ગ્રીક-લેટીન જેવું લાગે. ગ્રીક-લેટીન લખેને એવું. આ તો તારા ઘરની વાત છે, નાથ! તને ખબર નથી. પ્રભુ તું કેવો છે.. આહા..હા..! એની તને ખબર નથી. હવે ખબરદાર થઈને ખબર કર એમ કહે છે. આહા..હા..!

વિકલ્પથી રહિત નિર્વિકલ્પ થઈને આસ્વાદ્યમાન છે. .. આવતો નથી. વિકલ્પવાળાને આત્માનો આસ્વાદ આવતો નથી એમ કહે છે. નિભૃત, નિશ્ચળ આત્મલીન અંતરમાં. એથી આસ્વાદ્યમાન થાય છે. લ્યો. એવો વિજ્ઞાનરસ ભગવાન છે. પવિત્ર પુરાણથી છે. અનાદિનો છે એમ કહે છે. એ .. થયું છેને. અનાદિ શાશ્વત... શાશ્વત... શાશ્વત... નિશ્ચય. એનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન આદિ.. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૮, શનિવાર, તા. ૧૬-૧૦-૧૯૭૬, કળશ-૯૩, ૯૪, પ્રવચન નં. ૨૦૩

સમયસાર, ૯૩-કળશ છે.

**'શ્લોકાર્થ :-'** 'नयानां पक्षैः विना' **'નયોના પક્ષો રહિત,...'** એટલે શું કહ્યું? કે આ આત્મા જ્ઞાનાનંદ વિજ્ઞાનઘન સ્વરૂપ છે એમાં વ્યવહારના જેટલા વિકલ્પો છે—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો બાહ્ય નીકળી ગયા. એ કોઈ સાધન નથી. હવે અંદર આત્મા હું શુદ્ધ છું, પર્યાયે અશુદ્ધ છું, વસ્તુએ અબંધ છું, પર્યાયમાં રાગનો બંધ છે એવા બે નયનો પક્ષ નામ રાગ જે છે એ પણ વ્યવહારનો રાગ બંધ છું ને અનેક છું, અશુદ્ધ છું એવા વ્યવહારનો તો પક્ષ છોડાવતા આવ્યા છે. પણ અહીંયાં બે નયને સાથે લીધી છે. નહિતર વ્યવહારનો પક્ષ તો છોડાવતા આવ્યા છે. હવે તો અહીંયાં નિશ્ચયના પક્ષનો જે વિકલ્પ છે એ પણ રાગ છે એનું કાર્ય મારું અને એનો કર્તા હું એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એથી **'નયોના પક્ષો રહિત,..'** આવી વાત છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચયના પક્ષનો વિકલ્પ છોડાવ્યો છે. વસ્તુ તો છે એ છે. નિશ્ચયનય આશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. એ બીજી વાત. એ તો સ્વનો આશ્રય, પણ અહીં તો સ્વના આશ્રયમાં વિકલ્પ ઊઠે છે, રાગની વૃત્તિ ઊઠે છે એ પણ દુઃખદાયક છે અને કર્તાકર્મ અધિકાર છેને. એ પણ રાગનું કાર્ય જીવનું છે, જીવનું એ કર્મ છે અને જીવ એનો કર્તા છે એ પણ જ્ઞાન-વિજ્ઞાનઘન એ રાગનો કર્તા કેમ હોય? એ પણ મિથ્યાદૃષ્ટિ માટે એ દૃષ્ટિને છોડાવી છે. આહા..હા..!

'**નયોના પક્ષો રહિત,...**' વ્યવહારથી થાય એ વાત તો એકકોર રહી. વ્યવહાર સવારમાં આવ્યું હતું ને વ્યવહારનો નિશ્ચય થાય. એ તો બીજી અપેક્ષાથી. છઠ્ઠા ગુણસ્થાનમાં વિકલ્પ હોય છે એ ટળીને સાતમે નિર્વિકલ્પ અનુભવ થાય છે ચારિત્ર સહિત. એ અપેક્ષામાં એનાથી કહ્યું હતું પણ ખરેખર તો છઠ્ઠા ગુણસ્થાનની જે શુદ્ધિ છે તે સાતમા ગુણસ્થાનનું કારણ છે, પણ એ કારણને ન કહેતા, વિકલ્પને કારણ એ ઉપચારથી કથન કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં '**નયોના પક્ષો રહિત,...**' આહા..હા..! એ વિકલ્પ છે એ પણ દુઃખદાયક છે અને એનાથી જણાય એવો નથી. જેમ સૂર્ય પ્રકાશવડે જણાય. અંધારા વડે ન જણાય. વીજળીનો ચમત્કાર એના પ્રકાશ વડે વીજળી જણાય. ચંદ્રનો પ્રકાશ એના પ્રકાશ વડે એ ચંદ્ર જણાય, એમ ભગવાન આત્મા જ્ઞાનની નિર્મળ પર્યાયથી જણાય. સમજાય છે કાંઈ? આહા..હા..! આ વાત છે.

'**નયોના પક્ષો રહિત, અચળ નિર્વિકલ્પ...**' અચળ-ચળે નહિ એવી ચીજ છે, નિર્વિકલ્પભાવ છે ત્રિકાળી. એવા '**નિર્વિકલ્પભાવને પામતો...**' વર્તમાન પર્યાયમાં નયના પક્ષરહિત થતો અચળ અવિકલ્પ પર્યાયને પામતો. આહા..હા..! આ નિર્મળ પર્યાય છે એનાથી આત્મા પ્રાપ્ત થતો એમ કહે છે. સમજાય છે કાંઈ? પોતાનું જે જ્ઞાન એ વિજ્ઞાનઘન, એની નિર્મળ જ્ઞાનપર્યાયથી પામતો. એ વ્યવહારથી નહિ અને નયના પક્ષથી પણ નહિ. આહા..હા..! આવી વાત છે. આ વાત લોકોને એકાંત લાગે છે. એમ કે વ્યવહારથી પણ હોય, નિશ્ચયથી હોય તો એ અનેકાંત છે.

**શ્રોતા :-** એવું ગમે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગમે છે. આ તો અનાદિનું ગોત્યું છે શું એમાં નવું છે?

એ પોતે ચૈતન્યઘન છે એ ચૈતન્ય વિજ્ઞાનઘનની નિર્મળ પર્યાયથી જ્ઞેય થઈ શકે છે. એ વિકલ્પથી કે નયના પક્ષથી જાણી શકાય એવો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**અચળ નિર્વિકલ્પભાવને પામતો...**' એટલે શું? વિકલ્પરહિત થયો એટલે નિર્વિકલ્પ પર્યાયને પામતો એમ કહે છે. એ '**यः समयस्य सारः भाति**' '**જે સમયનો સાર પ્રકાશે છે...**' નિર્વિકારી દશા એ દ્વારા એ ભગવાન પ્રકાશે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ સમયનો સાર.

'**भाति**' છેને? '**यः**' તે. '**જે સમયનો સાર...**' નામ આત્માનો સાર એટલે નિર્મળદશા '**પ્રકાશે છે...**' આહા..હા..!

પર્યાયમાં વિકલ્પનો અભાવ થતાં નિર્વિકલ્પ જ્ઞાન દ્વારા ભગવાન પ્રકાશે છે. એમ છે. એ ચૈતન્યના નિર્મળ પ્રકાશ વડે પ્રકાશે છે. એ વ્યવહારથી નહિ અને વિકલ્પથી પણ નહિ, નયના પક્ષથી પણ નહિ આમ વસ્તુ છે. '**તે આ સમયસાર (શુદ્ધ આત્મા)...**' '**निभृतैः स्वयम् आस्वाद्यमानः**' '**નિભૃત...**' ચિંતારહિત, વિકલ્પરહિત પુરુષથી '(**નિશ્ચળ, આત્મલીન**)...' છે ને નિભૃત એટલે. વિકલ્પની ચિંતારહિત નિભૃત. આહા..હા..! નિશ્ચળ આત્મલીન પુરુષો વડે '**સ્વયં આસ્વાદ્યમાન છે...**' એ તો નિર્મળ આનંદ પર્યાય દ્વારા, જ્ઞાન પર્યાય દ્વારા આસ્વાદવા લાયક છે. એ વિકલ્પ દ્વારા કે વ્યવહાર દ્વારા એ આસ્વાદ્ય યોગ્ય છે નહિ. આવો નિશ્ચય.

'**નિભૃત પુરુષો વડે...**' એટલે કે ચિંતવનના વિકલ્પરહિત પુરુષો દ્વારા એમ કહે છે. આહા..હા..! ચિંતવન કરવું ને કે આવો ને તેવો છે. એવા ચિંતવનના વિકલ્પરહિત નિભૃત પુરુષો વડે એ અનુભવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ત્રણ દિ'થી આપણે ચાલે છે. આજ વળી ગુજરાતી ચાલ્યું. ગાથા.. આહા..હા..! '**પુરુષો વડે...**' એટલે આત્મા. પુરુષ શબ્દે આત્મા. સ્ત્રીનું શરીર એ કાંઈ આત્મા છે? પુરુષનું છે તે આત્મા છે એટલે અહીં પુરુષો વડે એટલે આત્મા વડે, પછી ચાહે તો એ સ્ત્રીદેહનો આત્મા હોય, દેહ ભલે એ હોય. આહા..હા..! એ પુરુષદેહનો આત્મા હોય એ જડ-અજીવ છે.

એટલે '(**નિશ્ચળ, આત્મલીન**) **પુરુષો વડે...**' અંતરમાં જ્ઞાનના પ્રકાશના ભાવ વડે તે અનુભવવામાં આવે છે. આહા..હા..! આવી વસ્તુ છે. આ હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. ૧૪૪ ગાથાની ટીકા છે ને આ? ૧૪૪માં '**सम्मद्दंसणणाणं**' એ બે શબ્દ જ ઉપાડ્યા છે. ચારિત્ર-બારિત્રની અહીં વ્યાખ્યા નથી. ૧૪૪માં '**सम्मद्दंसणणाणं**' સમ્યગ્દર્શન અને જ્ઞાન. એ રીતે સમયનો સાર પ્રકાશે છે. વસ્તુ જે છે એ નિર્વિકલ્પ પ્રકાશનો પુંજ છે. એ નિર્વિકલ્પદશા દ્વારા એ પ્રકાશે છે. અને તેનાથી તે આસ્વાદ્યમાન છે. એટલે? કે જ્ઞાનની પર્યાય દ્વારા આનંદનું વેદન થાય એ વેદન દ્વારા જણાય એવો છે. આહા..હા..! રાગ જે નયપક્ષનો રાગ છે એ દુઃખ છે. આહા..હા..! એનાથી '**निभृतैः स्वयम्**' છેને? '**સ્વયં આસ્વાદ્યમાન છે...**' એટલે જેને વિકલ્પ અને રાગની પણ અપેક્ષા નથી. આહા..હા..! સ્વયં-સ્વયં પોતાથી આસ્વાદ્યમાન છે. આહા..હા..! આવી વસ્તુ લોકોને ન બેસે. એકાંત-એકાંત કરે છેને. એમ કે વ્યવહારથી પણ થાય.

એ એક બાઈ છે ને આર્જિકા જ્ઞાનમતિ એ પણ એમ કહેતી હતી. એ એકાંત છે. નિશ્ચયથી થાય એમ પણ વ્યવહારથી થાય એમ વાત નથી એટલે એકાંત છે. પ્રભુ! તને ખબર નથી, ભાઈ! વ્યવહારથી થાય. અહીં તો હું શુદ્ધ છું, છે તો શુદ્ધ. પરિપૂર્ણ છું, અબંધ છું, એકરૂપ

છું, ચેતાવાલાયક છું, દેખાવાલાયક છું, જાણવાલાયક છું એવો જે વિકલ્પ એનાથી પણ જણાય એવો નથી એમ કહે છે. ૨૦ બોલ આવ્યા છેને? બદ્ધ અબદ્ધ, મૂઢ અમૂઢ, ચેત અચેત ૨૦ બોલ આવ્યા છે. આહા..હા..! જેમ ૧૭૨ ગાથા પ્રવચનસારમાં અલિંગગ્રહણના ૨૦ બોલ છેને. એમ આ ૨૦ બોલ છે આ. સમજાણું કાંઈ? આહા..હા..!

એ '**પુરુષો વડે...**' એટલે એવા આત્મા વડે સ્વયં આત્મા, આત્માના નિર્મળ પર્યાય દ્વારા સ્વયં આસ્વાદ્યમાન છે. જેને કોઈ વ્યવહાર અને વિકલ્પની કોઈ અપેક્ષા નથી. સમજાય છે કાંઈ? એ નિયમસારમાં બીજી ગાથામાં કહ્યું છે કે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન નિરપેક્ષ છે. જેને રાગની અપેક્ષા નથી, જેને ભેદની અપેક્ષા નથી. આહા..હા..! એમ આ સ્વયં આસ્વાદ્યમાન છે. પોતે પોતાથી જ આનંદનું વેદન કરી શકે એવો પ્રભુ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'સ્વયં...' ઉપર વજન છે અહીં. '**નિભૃત (નિશ્ચળ, આત્મલીન) પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન છે...**' આહા..હા..! '**(-આસ્વાદ લેવાય છે, અનુભવાય છે)...**' સ્વયં અનુભવાય છે. આહા..હા..! એ વિજ્ઞાન એક રસ ભગવાન. આહા..હા..! હવે એ ત્રિકાળી વસ્તુ અનુભવાય છે એ ત્રિકાળી કેવી છે એ કહે છે. વેદવામાં આવે છે એ તો પર્યાય થઈ. પણ હવે એ પર્યાયનો વિષય જે આખું દ્રવ્ય એ શું ચીજ છે? આહા..હા..!

વિજ્ઞાન એકરસ. વિશેષ જ્ઞાનનો ઘન એકરૂપ છે એ. સમજાણું કાંઈ? દ્રવ્ય. એકલો જ્ઞાન-જ્ઞાનસ્વભાવ... જ્ઞાનસ્વભાવ.. જ્ઞાનસ્વભાવ એટલે? શાસ્ત્રનું જ્ઞાન એ અહીં વાત નથી. એનો સ્વભાવ જ વિજ્ઞાનઘન છે. વિજ્ઞાન એકરસ છે, ભેદ નથી. આહા..હા..! એ વસ્તુ પોતે વિજ્ઞાન એકરસ એ ભગવાન. '**વિજ્ઞાન જ એનો એક રસ છે...**' એક જ સ્વભાવ જેનો છે. ભેદ નથી એમ કહે છે. આહા..હા..! એવો ભગવાન છે. આહા..હા..! આ સમ્યગ્દર્શનનો વિષય છે એ ભગવાન છે એમ કહે છે. આહા..હા..! સમ્યગ્દર્શનનું જે ધ્યેય છે અથવા ધ્યાનનો જે વિષય છે, ધ્યાનની છે પર્યાય, એનો જે વિષય છે ધ્યેય તે વિજ્ઞાન એક રસ ભગવાન છે. આહા..હા..!

આ તો પોતે પોતાથી જણાય એવો છે એમ કહે છે. એને કોઈ પરદ્રવ્યની અપેક્ષા નથી. નિરપેક્ષ વસ્તુ છે. સ્વયં પોતાથી જણાય એમ કહે છે. ત્યારે કોઈ એમાં કહ્યું સ્વયં એક નય થઈ. બીજો નય સાપેક્ષ આવ્યો નહિ એમાં. બીજો નય ન આવ્યો એકાંત થયું, બીજો નય ન આવ્યો ખુલાસો ભાઈએ જરી કર્યો છે. ફુલચંદજી પંડિતે. કે પરની ઉપેક્ષા કરી એટલી અપેક્ષા આવી કે નહિ એમાં? આહા..હા..! સમજાણું કાંઈ? ઉપેક્ષા કરીને અપેક્ષા અહીં કરી આ બાજુ. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી ચીજ છે. અત્યારે તો બહુ ગડબડ થઈ ગઈ છે. આહા..હા..!

આ સમ્યગ્દર્શન પામવાકાળે શું દશા હોય એનું વર્ણન છે. હજી ચોથા ગુણસ્થાનની વાત છે હોં. અને ત્યાં થયું એનું જ્ઞાન, સમ્યગ્દર્શન-જ્ઞાન બેની વાત છે. આહા..હા..! ત્રીજા ચારિત્રની

વાત નથી આમાં. એ વખતે જરી સ્વરૂપાચરણ થાય એ ચારિત્ર જે પાંચમા-છઠ્ઠાનું એ ન કહેવામાં આવે. સમજાય છે કાંઈ? એટલે? વિજ્ઞાન એકરસ જે છે ભગવાન એ પર્યાયમાં વેદાય ત્યારે દર્શન પણ છે, જ્ઞાન પણ છે, એટલું વેદાય એટલો ચારિત્રનો અંશ પણ છે. આહા..હા..! અરે.. એ તો એટલું એક ત્રણ કહ્યું, પણ આસ્વાદ્યમાનમાં જેટલા શક્તિની સંખ્યાના ગુણો છે એ બધાનો એક અંશ વ્યક્તપણે વેદવામાં આવે છે. આહા..હા..! ભારે માર્ગ, ભાઈ! 'સર્વ ગુણાંશ તે સમકિત.' સર્વગુણાંશ તે સમકિત. જેટલી સંખ્યામાં ગુણ છે એવું જે દ્રવ્ય છે એને આમ જ્ઞાન દ્વારા જણાતા આખું દ્રવ્ય જાણવામાં આવ્યું તે આખા દ્રવ્યની જેટલી શક્તિઓની સંખ્યા છે એનો એક અંશ પર્યાયમાં વ્યક્ત થઈ ગયો. કેવળજ્ઞાનમાં સર્વ વ્યક્ત પર્યાય થઈ. અહીંયાં એક દેશ વ્યક્ત થયો. એમાં એ વિજ્ઞાન એક રસ ભગવાન જાણવામાં આવે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો એ ભગવાન છે.

એ અહીં સમ્યગ્દર્શનમાં વિજ્ઞાન એક રસ એવો ભગવાન છે એમ કહે છે. સમ્યગ્દર્શનનો વિષય વિજ્ઞાન એકરસ ભગવાન છે. આહા..હા..! એ ગોઠતું નથી લોકો. અરે.. ભગવાન અત્યારે! બાપુ! એ ભગવાન તો ત્રિકાળ છે. દૃષ્ટિમાં આવે ત્યારે એને દેખવામાં.. એમ આવ્યું છેને? ૧૪૪માં આવી ગયું છે કે જે સમયે દેખવામાં આવે તે સમયે તે શ્રદ્ધવામાં આવે છે અને તે સમયે તે જ્ઞાન થાય છે. આહા..હા..! ૧૪૪ આવી ગઈ છે પહેલું. **'તે વખતે જ આત્મા સમ્યક્‌પણે દેખાય છે અને જણાય છે...'** એટલે જ્ઞાન થાય છે. આહા..હા..! તે સમયે જ્ઞાન થાય છે. આમ શાસ્ત્રજ્ઞાન ને એ જ્ઞાન નહિ. આહા..હા..! જ્ઞાતા વિજ્ઞાનરસ એક ઘન છે ભગવાન, એનું જ્યાં સન્મુખ થઈને વેદનમાં, જ્ઞાનમાં જણાણો ત્યારે તે જણાણો અને ત્યારે તે શ્રદ્ધવામાં આવ્યો. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ત્યાં બે લીધા છેને. સં દંસણ સં જ્ઞાન.

એ ત્યારે શ્રદ્ધાય છે અને ત્યારે જણાય છે એમ કીધું. આહા..હા..! એવો ભગવાન છે એ. આહા..હા..! એ પૂર્ણરૂપ છે પૂર્ણ એટલે પવિત્રરૂપ છે. ભગવાન કહીને પછી હવે એના વિશેષણ આપે છે. એ પવિત્ર છે, પ્રભુ તો પવિત્ર છે. આહા..હા..! પૂર્ણ.. પૂર્ણ... પૂર્ણ... વિજ્ઞાન એકરસ ભગવાન એ પવિત્ર છે, પુણ્ય શબ્દે અહીં પવિત્ર છે. ઓલો પુણ્ય-શુભભાવ એ અહીં વાત નથી. સમજાણું કાંઈ? એ પુણ્યભાવથી તો રહિત છે, સ્વરૂપે પવિત્ર છે. પુરાણ છે, ત્રિકાળ છે એમ કહે છે એ. જૂનો છે, શાશ્વત છે. આહા..હા..!

સમ્યગ્દર્શનનો વિષય એ શાશ્વત વસ્તુ છે. આહા..હા..! એની મોજુદગી જે છે એ તો અનાદિની છે. આહા..હા..! એની હયાતી જે ભગવાન વિજ્ઞાનરસ છે એ તો અનાદિનો હયાતીરૂપ છે. આહા..હા..! એ કોઈ નવો કરાયેલો છે કે કોઈએ કર્યો છે એવો એ નથી. આહા..હા..! 'पुराण:' છે. 'पुराण:' છે એટલે જૂનો છે. 'पुराण:'. હું પુરાણો, એ પુરાણ નહિ હોં.

આહા..હા..! 'पुराण:' નામ જુનો છે. આહા..હા..!

એક અન્યમતમાં આવે છે એ 'જૂનો ધર્મ લ્યો જાણીને રે સંતો જૂનો ધર્મ લ્યો જાણીને.' અન્યમતમાં વેદાંતમાં આ એક.. જૂનાનો અર્થ આ ધ્રુવ છે. છે, છે ને છે. એ આમાં એમ આવ્યું છે ટીકામાં આદિ-મધ્ય-અંત રહિત. એનો અર્થ અહીં પુરાણ કર્યો છે. ટીકામાં આદિ-મધ્ય-અંત રહિત આવ્યું છે એનો અર્થ કળશમાં પુરાણ કર્યો. છે. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... પ્રવાહરૂપે, પ્રવાહરૂપે એટલે? એમ છે. પર્યાયની વાત નથી આ. પ્રવાહ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એ પુરાણ અનાદિનો એવો ને એવો છે. આહા..હા..!

એ 'पुमान्' છે. એ 'પુરુષ છે;...' પુરુષાર્થસિદ્ધિમાં આવ્યું છેને? પુરુષને સેવે તે પુરુષાર્થ. પુરુષાર્થસિદ્ધિ. પુરુષ એટલે ભગવાન આત્મા. આહા..હા..! પુરુષે સેતી. પુરુષને સેતી. આત્માને સેવે તે પુરુષાર્થ તે પુરુષ છે. આહા..હા..! રાગને સેવે તે નપુંસક છે. રાગમાં નપુંસક કીધો છે. શુભરાગને પણ નપુંસક કરનારો કીધો. આહા..હા..! કેમકે વીર્યનો ગુણ જે છે અને આત્માનો સ્વભાવ એ તો શુદ્ધને રચે એ વીર્ય કહીએ. ૨૭ શક્તિમાં એ વર્ણન છે. ૨૭ શક્તિ છે ને? ૪૭-૪૭ શક્તિ. વીર્ય એને કહીએ કે જે શુદ્ધ પવિત્રની રચના કરે એને વીર્ય કહીએ. રાગને રચે એ વીર્ય નહિ, એ ગુણ નહિ. આહા..હા..!

જેને વ્યવહારરત્નત્રય કહીએ એને રચે એ પણ વીર્ય નહિ. આહા..હા..! એ તો નપુંસકતા છે. કેમ? કે નપુંસકને જેમ પુત્ર ન હોય એમ શુભભાવમાં આત્માની પ્રજા ન થાય. આહા..હા..! આવું છે. બીજા માણસને તો સંપ્રદાયના આગ્રહીને તો એવું તો લાગે કે આ શું કહે છે આવું? બાપુ! માર્ગ, નાથ! તું પણ ભગવાન છો હોં. આત્મદ્રવ્યે સાધન એ ભગવાન છે બધા. આહા..હા..! કોઈ વિરોધી છે નહિ. વેર-વિરોધ ક્યાં છે પ્રભુમાં? બધા દ્રવ્યો છે એ સાધર્મી ભગવાન છે. વિજ્ઞાન એકરસ ભગવાન છે. એની દૃષ્ટિમાં ભલે ન આવે, પણ વસ્તુ તો વસ્તુ છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ ભારે.

'पुमान्' છે. એક, બે.. વિજ્ઞાન એકરસ છે. એ ભગવાન છે. આ એક એ કીધું. વિજ્ઞાન એક રસ છે. એક. 'એવો ભગવાન છે...' બે. તો એ ભગવાન વિજ્ઞાનરસ.. અને તે પુણ્ય છે, પવિત્ર છે અને પુરાણ છે અને પુમાન છે. આહા..હા..! પાંચ વિશેષણ લખ્યા છે આમાં. ઓલા છે વિજ્ઞાન એકરસ ભગવાન એમ કીધું ને? વિજ્ઞાન એકરસ ભગવાન. આહા..હા..!

'ज्ञानं दशनर्म् अपि अयं' એ અને જે છે આ વસ્તુ એને જ્ઞાન કહો તો તે, દર્શન કહો તો તે, આનંદ કહો તો તે, પરમેશ્વર કહો તો તે. આહા..હા..! એને અનંત નામથી કહો તો તે છે. જેમ ભગવાનના અષ્ટસહસ્ર નામ છેને. ૧૦૦૮ ગુણે વર્ણવ્યા છેને. આદિપુરાણ ને બનારસીદાસે. એ બધા અનંતગુણનું ધામ ભગવાન પોતે છે કહે છે. જે ગુણેથી કહો તે ગુણેથી પરિપૂર્ણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને જ્ઞાન કહો, એને દર્શન કહો, તે

બધું આત્મા જ છે. આત્માથી કોઈ જુદી ચીજ નથી. આહા..હા..!

નિશ્ચયમાં વ્યવહારની અપેક્ષા નથી. વ્યવહાર હોય, બીજો નય છે. બીજો નય છે, નય છે તો એનો વિષય પણ છે. પણ એ નય અને નયના વિષયની નિશ્ચયમાં અપેક્ષા નથી. આહા..હા..! નિર્પેક્ષ છે. નિયમસારમાં તો...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિરપેક્ષનયા. મિથ્યા એ નિરપેક્ષનયામાં વ્યવહાર છે એનું જ્ઞાન ન માને, છે એને ન માને એની વાત છે. છે. પણ એનાથી નિશ્ચય થાય છે એમ નથી. આહા..હા..! એમ નિમિત્ત છે, નિમિત્ત વસ્તુ નથી એમ નહિ. નિમિત્ત મુર્દાબાદ, ઉપાદાન જિંદાબાદ. અરે.. ભગવાન! નિમિત્ત જીવતી ચીજ છે, પણ પરને માટે તે કર્તા નહિ. એ હમણાં ભાઈએ લખ્યું છે કૈલાસચંદજીએ કે ભાઈ સોનગઢવાળા નિમિત્તને માનતા નથી, નિષેધ કરે છે એમ નથી. પણ નિમિત્તથી કર્તા થાય એમ નથી કહેતા. એમ લખ્યું છે. નિમિત્ત નથી વસ્તુ એમ વ્યવહાર નથી. નિમિત્ત છે પણ નિમિત્ત કર્તા નથી, એમ વ્યવહાર છે પણ વ્યવહાર કારણ નથી નિશ્ચયનું. કર્તા નથી. આહા..હા..! આ વાંધા બધા બહુ. દુનિયાએ ઉપાડ્યા છે જગતે. એ તો ચીજ તો વાંધા વિનાની છે. આહા..હા..!

**'અથવા વધારે શું કહીએ?'** આહા..હા..! **'अथवा किम्'** એમ છેને? **'यत् किञ्चन अपि अयम् एकः'** **'જે કાંઈ છે તે આ એક જ છે.'** એટલે કે વિજ્ઞાનરસ ભગવાન વસ્તુ છે એને પર્યાયમાં ગમે તે નામે કહો, તો તે એક જ વસ્તુ પોતે છે. આહા..હા..! પરમેશ્વર કહો, ભગવાન કહો, વિષ્ણુ કહો, બ્રહ્માનંદ કહો, સહજાનંદ કહો. આહા..હા..! એ ચારિત્રની ખાણ કહો, ચારિત્ર છે એ સ્વરૂપ ત્રિકાળ છે, ચારિત્ર એ વીતરાગી શક્તિ છે. ચારિત્ર એક વીતરાગી શક્તિ છે એને વીતરાગી સ્વરૂપ કહો, પર્યાયથી હોં. આહા..હા..! વીતરાગી સ્વરૂપ છે. આહા..હા..!

જેની સાથે.. ૨૦૦ ગાથામાં કહ્યું છેને પ્રવચનસાર. એ જ્ઞાયક તો જ્ઞાયક જ રહ્યો છે. પણ અજ્ઞાનીએ અન્યથા અનધ્વસ કર્યો છે એવો પાઠ છે. ૨૦૦ ગાથા પ્રવચનસાર. એ તો જ્ઞાનસ્વભાવભાવ, જ્ઞાનસ્વભાવભાવ જ્ઞાયકભાવ જ્ઞાનપ્રધાનથી જ્ઞાયકભાવ, એની સાથે અવિનાભાવ અનંતગુણું છે. પણ એ જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ જ રહ્યો છે અનાદિથી. અજ્ઞાનીએ અનેરાપ્રકારે અધ્યવસિત નિર્ણય બીજો કર્યો છે એણે. કે હું અલ્પજ્ઞ છું, રાગ છું, પુણ્ય છું, અનેરા પ્રકારે એણે નિર્ણય કર્યો છે. વસ્તુ તો વસ્તુ છે. સમજાય છે કાંઈ? એ જ્યાં સ્વરૂપનો નિર્ણય થાય ત્યારે એ પૂર્ણ નજરમાં આવ્યો. દૃષ્ટિમાં ત્યારે આવ્યો. સમજાણું કાંઈ? આહા..હા..!

**'(-માત્ર જુદાં જુદાં નામથી કહેવાય છે)...'** આહા..હા..! જે કાંઈ છે તે એક જ વસ્તુ પૂર્ણાનંદ વિજ્ઞાન એક ઘન રસ. આહા..હા..! એ ધ્યાનનો વિષય છે, દૃષ્ટિનો વિષય છે, સ્વસંવેદનજ્ઞાનનું એ જ્ઞેય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો ૧૪૪ ગાથા છે.

બહુ અલૌકિક છે. '**सम्मद्दंसणणांण एसो तहदि त्ति ज्ञवरि ववदेसं।**' એને નામ કહેવામાં આવે છે ઉપદેશ. એને સમ્યગ્દર્શન જ્ઞાન નામ કહેવામાં આવે છે. આહા..હા..!

એ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં ટોડરમલે લીધું છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ કાંઈ વસ્તુ નથી. નિશ્ચય આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા અનુભવ એને સમ્યગ્દર્શન-જ્ઞાનનું નામ અપાય છે એમ શબ્દ છે ત્યાં. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં છે. એ વ્યપદેશ જે અહીં કીધો છે એને નામ કીધું છે ત્યાં. એ તો શાસ્ત્રના શબ્દોને રાખીને વાત કરી છે એણે. આમાં વ્યપદેશ છે. છે ને? ૧૪૪. '**ववदेसं**' '**सम्मद्दंसणणांण एसो तहदि त्ति ज्ञवरि ववदेसं।**' વ્યપદેશ એને નામ કહેવાય છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં ટોડરમલે એમ કહ્યું કે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન એને નામ સમ્યગ્દર્શન કહેવાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૯૩ થઈ.

હવે કહે છે કે એ જ્ઞાનથી ચ્યુત થયો હતો એ પાછો જ્ઞાનમાં આવે છે. સ્વરૂપથી ચ્યુત હતો અનાદિથી. એ સ્વરૂપમાં પાછો આવે છે હવે એ વાત સિદ્ધ કરે છે. '**આ આત્મા જ્ઞાનથી ચ્યુત થયો હતો તે જ્ઞાનમાં જ આવી મળે છે એમ હવે કહે છે :—**' એ ૯૪.

(शार्दूलविक्रीडित)

दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौघाच्च्युतो
दूरादेव विवेकनिम्नगमनान्नीतोत निजौघं बलात्।
विज्ञानैकरसस्तदेकरसिनामात्मानमात्माहरन्
आत्मन्येव सदा गतानुगततामायात्ययं तोयवत्।।९४।।

આહા..હા..!

'**શ્લોકાર્થ :— જેમ પાણી પોતાના સમૂહથી ચ્યુત થયું થકું...**' નદીનું પાણી હોય, પાણી ચાલ્યું જાતું હોય એમાંથી પાણી આમ બીજે રસ્તે ચડી જાય થોડુંક આમ. જ્યાં વન હોય, ઝાડ હોય, આમ નદીનું પૂર ચાલ્યું જતું હોય એમાંથી થોડું પાણી જરી નીચો ઢાળ આવી જાય એટલે આ બાજુ ઢળી જાય, વનમાં, ઝાડમાં. આહા..હા..! '**જેમ પાણી પોતાના સમૂહથી ચ્યુત થયું થકું...**' સમહૂ તો છે ત્રિકાળ એમ પાણીનો જથ્થો ચાલે છે. એમાંથી ચ્યુત થયું થોડો આ બાજુ ઢળી જાય. નીચો ભાગ આવી જાય ને એટલે ઢળી જાય.

'**દૂર ગહન વનમાં ભમતું હોય...**' એ પાણી દૂર ગહનવન, ઝાડમાં, બાવળ, પીપળા, લીંબડા. ઝાડ હોય એમાં દૂર જઈને.. આહા..હા..! '**ભમતું હોય તેને દૂરથી જ ઢાળવાળા માર્ગ દ્વારા...**' પાછું એ જ પાણીને દૂરથી ઢાળવાળો માર્ગ હોય, નદીનું પૂર જ્યાં હોય ત્યાં પાણી પાછું ભળી જાય. આહા..હા..! દાખલો સમજાય છે? આ પર્યાયની ભૂલ થઈ

એ કઈ રીતે થઈ એમ કહે છે. આહા..હા..!

'**દૂર ગહન વનમાં ભમતું હોય તેને દૂરથી જ ઢાળવવાળા માર્ગ દ્વારા...**' દૂરથી ઢાળવાળો નીચો માર્ગ આવ્યો એ એમ પાણી વળ્યું, વળી પાણી ભળી ગયું પાછું. પાણી એ જાતું હોય ને એમાં એ પાણી... '**પોતાના સમૂહ તરફ ફળથી વાળવામાં આવે;...**' સમૂહ તરફ બળથી વાળવામાં આવે. એનો પ્રવાહ આમ ઢાળવામાં આવે. આહા..હા..! જુઓ અહીં બળથી વાપર્યું છે આમાં પાણીમાં પણ. એ આત્મામાં વાપરશે. આહા..હા..!

'**તેવી રીતે...**' '**પોતાના સમૂહમાં આવી મળે;...**' પાણી. એ દૃષ્ટાંત થયો. દૃષ્ટાંત સમજાણો? પાણીના પૂરનો સમૂહ તો છે પણ એમાંથી કેટલોક ભાગ આમ નીચાણમાં આવીને આમ ઢળીને ગહન વનમાં ગયું. હવે એને પાછો નીચો માર્ગ મળી ગયો આમ વાળવામાં, વાળી લીધું પાણીમાં. આહા..હા..! આ દૃષ્ટાંત તો સમજાય છે કે નહિ?

હવે દૃષ્ટાંતનો સિદ્ધાંત. દૃષ્ટાંત દૃષ્ટાંત કારણે નહિ. દૃષ્ટાંત સિદ્ધાંત સમજાવવા માટે છે. એનો એક અંશ લઈને સિદ્ધાંત સમજાવવાનો છે. આહા..હા..! તેવી રીતે આ ભગવાન આત્મા.. આહા..હા..! છે? '**अयं**' આત્મા '**निज-ओघात्**' આહા..હા..! નિજ પ્રવાહ ધ્રુવ તો પડ્યો છે કહે છે. જ્ઞાનઘન, આનંદઘન, શાંતિઘન, સ્વચ્છતા ઘન, ઈશ્વરતા ઘન એ ઓઘ તો વસ્તુ પડી છે આખી. આહા..હા..! છે? '**निज-ओघात्**' પોતાના આનંદ આદિ સમૂહથી ભરેલો '**निज-ओघात् च्युतः**' ત્યાંથી ચ્યુત થયો જરી પર્યાયમાં. પ્રવાહરૂપ ધ્રુવ તો છે એમ છે. આહા..હા..! એમાંથી ચ્યુત પર્યાયથી થયો એ પ્રચુર '**પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત થયો થકો...**' છે? '**निज-ओघात्**' '**निज**' નામ '**પોતાના...**' '**ओघात्**' એટલે '**વિજ્ઞાનઘનસ્વભાવ...**' '**च्युतः**' નામ '**ચ્યુત થયો...**' આહા..હા..!

તેને દૂરથી એટલે કે એકદમ પુરુષાર્થથી '**विवेक-निम्न-गमनात्**' '**વિવેકરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા...**' નિમ્ન છેને? એને ઢાળવાળો ગણ્યો છે. સંસ્કૃત ટીકામાં એણે નિમ્નનો અર્થ ગંભીર કર્યો છે. ભાઈ! આ કળશટીકા છેને? આ કળશટીકા રાજમલ? એમાં પહેલા પુસ્તક વાંચ્યું એમાં મૂક્યું છે મેં. નિમ્ન એટલે ગંભીર. આહા..હા..! વિવેકરૂપી ગંભીર માર્ગ દ્વારા. આહા..હા..! એ જ્ઞાનનો સમૂહ ભગવાન વિજ્ઞાન '**ओघं**' એ જરી રાગમાં અંદર ચાલ્યો ગયો છે પર્યાય રાગમાં. એ નીચો માર્ગ હલકો. એને હવે '**विवेक-निम्न-गमनात्**' ભેદજ્ઞાનરૂપી ગંભીર માર્ગ દ્વારા. આહા..હા..! એમ લેવું ત્યાં. સમજાય છે કાંઈ? '**विवेक-निम्न-गमनात्**' વિવેકરૂપી ગંભીર માર્ગ દ્વારા નિર્વિકલ્પ ભેદજ્ઞાન ગંભીર છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ફૂલચંદજી! આ ૧૪૪ ગાથા. આહા..હા..!

'**પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ...**' આહા..હા..! ચ્યુત થયો હતો. એમાં એમ નથી કહ્યું કે કર્મને કારણે ચ્યુત થયો હતો. પંડિતજી! '**निज-ओघ बलात्**' '**विकल्प-जाल-गहने दूरं भ्राम्यन**' તેને '**दुरात्**' '**તેને દૂરથી જ વિવેકરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા...**' આહા..હા..!

**'निज-ओघात् च्युतः'** ત્યાં એમ નથી કહ્યું કે દર્શનમોહના ઉદયને લઈને ચ્યુત થયો છે. સમજાણું કાંઈ? એ તો વાત પણ કરી નથી. એ તો નિમિત્ત છે. આહા..હા..! **'निज-ओघात् च्युतः'** એ ત્યાં મૂક્યું હતું. હવે આ બાજુમાં. આ બાજુમાં બળ લે છે હવે. ત્યાં પણ પોતાના ઊંધા પુરુષાર્થથી જ ચ્યુત થયો હતો. કર્મથી નહિ. મોટા વાંધા અત્યારે આ કર્મના. કર્મને લઈને થાય, કર્મને લઈને થાય.

હમણાં લેખ આવ્યો હતો બે-ત્રણ-ચાર-છ મહિના પહેલાં. ઓલા શ્રુતસાગર છેને ઈંદોરમાં ત્યાં નહિ? શ્રુતસાગર, ધર્મસાગરમાંથી નીકળીને જુદા પડ્યા. ઈંદોરમાં છે ઈંદરોમાં. નહિ?

**શ્રોતા :-** રાજસ્થાનમાં નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના. ના. ઈંદોરમાં છેને શ્રુતસાગર. એ ધર્મસાગરમાંથી નીકળેલા. ઈંદોરમાં હમણાં સાંભળ્યું છે. ત્યાં પહેલાં વિરોધ કરતા અહીંનો. પછી માણસ કેટલાક ગયા કે ભાઈ તમે આમ કરશો તો નામ.. વિરોધ કરતા અહીંનો. ઝઘડો ઉઠશે. પછી બંધ કર્યું. શ્રુતસાગર-શ્રુતસાગર ઈંદોરમાં છે અને એણે આ ઓલા મખનલાલજી નહિ? કલંક ચોપડી નથી છાપી? એ છ મગાવી છે. એ આવ્યું છાપામાં. એની પહેલા એક લખેલું હતું. કર્મથી થાય, કર્મથીત થાય. એ શ્રુતસાગર એમ આવ્યા.. એ છે ઈંદરોમાં અત્યારે. એનાથી થાય. કર્મથી જ ભ્રષ્ટ થાય. નથી માનતા એ જૂઠાં છે એ કહે. અરે.. કર્મ પરદ્રવ્ય છે એનાથી ભ્રષ્ટ થશે?

ખરેખર તો પરદ્રવ્ય અને આત્માની પર્યાયને અડી જ નથી. જડની ઉદયની પર્યાય અને આની પર્યાયને અડતી જ નથી-સ્પર્શતી નથી. એકબીજામાં અભાવ છે. આહા..હા..! સમજાય છે? મોટો આ વાંધો છે કર્મનો જ્યાં-ત્યાં. એ તો પોતે **'निज-ओघात् च्युतः'** થતો. તે **'दुरात्'** નામ પોતાના બળથી **'विवेक-निम्न-गमनात्'** આહા..હા..! **'વિવેકરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા...'** **'निज-ओघं बलात्'** ભાષા છે જોયું! આવ્યું ત્યાં. **'निज-ओघं बलात् नीतः'** **'પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળથી વાળવામાં આવ્યો;...'** જોયું! આહા..હા..! પોતાના પુરુષાર્થથી. કર્મ કાંઈક માર્ગ આપ્યો માટે આ વળવામાં આવ્યું એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાઈ દર્શનમોહ મંદ પડ્યો અથવા એનો રસ ઘટ્યો માટે આત્મા તરફ સમકિત થયું એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'निज-ओघं बलात् नीतः'** **'પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ...'** જે ઓલામાં હતું ને **'निज-ओघात् च्युतः'** એ **'निज-ओघं बलात् नीतः'** **'च्युतः'** એ **'नीतः'** આહા..હા..! એ પોતે જ ભગવાન આત્મા રાગના વલણમાં જે ગયો હતો ભ્રષ્ટ થઈને, પોતાના ઊલટા પુરુષાર્થથી, એને જ રાગથી વલણ છોડી, વિવેક.. નિજબળથી આત્માને આત્મામાં વાળ્યો, જે આત્માની નિર્મળ પર્યાય દ્વારા આત્માને અહીં વાળ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? **'निज-ओघं बलात् नीतः'** **'नीतः'** **'नीतः'** એટલે વાળવામાં આવ્યો, દોરવામાં આવ્યો. **'नीतः'**

છે ને શબ્દ? ત્યાં 'नीतः' ધાતુ છેને. દોરી જવું, લઈ જવું. એ પોતે જ પોતાના બળથી પોતે પોતામાં દોરાઈ ગયો. આહા..હા..! સમજાય છે કાંઈ? આ મુદ્દાની રકમની વાત છે. આહા..હા..! વનમાં દૂર વિકલ્પજાળરૂપી વનમાં દૂર ભમતો. જોયું! ઓલું પાણી જેમ વનમાં જાતું ને એમ આ '**પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં દૂર ભમતો...**' વિકલ્પજાળું અનેક પ્રકારની આહા..હા..! ઈન્દ્રજાળ. એને સંકેલી નાખી. આહા..હા..!

'निज–ओघं बलात् नीतः' 'निज–ओघात् च्युतः' એનાથી 'निज–ओघं बलात् नीतः' ભાષા તો જુઓ. વિજ્ઞાનરસ એવો જે ભગવાન આત્મા પોતાના સ્વરૂપથી ચ્યુત થઈને રાગમાં ભમતો હતો, અનેક વિકલ્પની જાળ, અસંખ્ય પ્રકારના વિકલ્પો સૂક્ષ્મપણે અનંત વિકલ્પ. આહા..હા..! એ નિર્વિકલ્પ વિજ્ઞાનઘનથી ભ્રષ્ટ થયો હતો. આહા..હા..! પોતે જ ભ્રષ્ટ થયો હતો, એ પોતે જ દૂરથી પાછો વાળ્યો. આહા..હા..! એટલે કે રાગમાં ભળ્યા વિના. એમ. દૂરથી એટલે સમજાય છે? રાગમાં ભળ્યા વિના, રાગમાં જોડાણા વિના આમ જોડી દીધો. આહા..હા..! 'निज–ओघं बलात् नीतः' 'निज' નામ પોતાના 'ओघं' નામ '**વિજ્ઞાનઘનસ્વભાવ...**' 'बलात्' નામ '**બળથી...**' પુરુષાર્થથી. 'नीतः' નામ દોરીને '**વાળવામાં આવ્યો;...**' આહા..હા..! સમજાણું કાંઈ? એવી શબ્દમાં ઘણી ગંભીરતા પડી છે. કળશટીકા તો ગજબ વાત છે. આહા..હા..! દેરાસર માથે કળશ ચઢાવેને એમ ટીકામાંથી કળશ કર્યા પાછા. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય.

'तद्–एक–रसिनाम्' ઓલામાં હતુંને. 'भूरि–विकल्प–जाल–गहने दूरं भ्राम्यन्' એમ હતું. 'भूरि' એટલે ઘણા વિકલ્પજાળ. હવે અહીંયાં છૂટ્યો ત્યારે 'तद्–एक–रसिनाम्' આહા..હા..! સમજાણું કાંઈ? વિકલ્પની જાળો ઘણી હતી ત્યાં ભમતો, હવે આ બાજુ ઢળતા એક વિજ્ઞાનઘનમાં આવી ગયો. આહા..હા..! '**પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળથી વાળ્યો;...**' 'तद्–एक–रसिनाम्' '**કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા પુરુષોને...**' આહા..હા..! નિજરસના રસીલા પુરુષોને. વિજ્ઞાનઘન જે આનંદઘન પ્રભુ.. આહા..હા..! એના રસીલા પુરુષોને 'विज्ञान–एक–रसः आत्मा' જે એક વિજ્ઞાન રસવાળો જ અનુભવાય છે. આહા..હા..! જે એક વિજ્ઞાનરસવાળો વિજ્ઞાન રસકંદ. જોયું! રસ એટલે સ્વભાવ એનો. '**વિજ્ઞાનરસવાળો...**' વિજ્ઞાન શક્તિવાળો જ એકલી વિજ્ઞાન શક્તિવાળું તત્ત્વ એ. આહા..હા..! અરે..! એના ઘરની વાતું સાંભળવા મળે નહિ એ નિજમાં ક્યારે જાય? કરવાનું તો આ છે. બાકી બહારની સંપદા તો આપદા છે. અંદરની સંપદા એ આનંદ છે. આહા..હા..! બહારની લક્ષ્મી કરોડ-અબજ એ બધું આપદામાં નિમિત્ત છે. આપદા છે. ભગવાન આત્માની સંપદા તે આપદા વિનાની આનંદની સંપદા છે. આહા..હા..! એથી કહ્યું ને '**વિજ્ઞાનરસવાળો અનુભવાય છે...**' એ આનંદના રસવાળો જ્ઞાનીને અનુભવાય એવો તે આત્મા. આહા..હા..! શું કળશ છેને.

'आत्मानम् आत्मनि एव आहरन्' આહા..હા..! '**આત્માને આત્મામાં જ ખેંચતો**

**થકો...'** આત્માને આત્મામાં જ એટલે નિર્મળ પર્યાય દ્વારા આત્મામાં વાળતો થકો. આહા..હા..! દ્રવ્યને દ્રવ્ય તરફ વાળતો એમ નહિ. આત્માને એટલે નિર્મળ પર્યાયને આત્મામાં જ ખેંચતો થકો.. આહા..હા..! સમજાણું કાંઈ? જે વિકલ્પ અને રાગ હતો તે અણાત્મા હતો. આ તો આત્માની પર્યાય દ્વારા આત્મામાં વાળતો. આહા..હા..! એક એક કળશ કેટલો છે જુઓને! એવા તો કેટલા કળશ છે? ૨૭૮. ૨૭૮ છે ને કળશ? આહા..હા..! કહો, દેવીલાલજી!

**'आत्मानम् आत्मनि एव आहरन्'** દેખો! **'આત્માને આત્મામાં જ...'** પ્રવાહરૂપ થઈને આ બાજુ ઢળતો. આહા..હા..! નિર્વિકલ્પ પર્યાય દ્વારા આત્મામાં પરિણમતો થકો. પ્રવાહરૂપ થઈને. જેમ ઓલું પાણી પ્રવાહરૂપ ભળતું હતું ને? એમ આ પરિણતિ નિર્મળ થઈને દ્રવ્યમાં ભળી ગઈ. આહા..હા..! **'(અર્થાત્ જ્ઞાન જ્ઞાનને ખેંચતું થકું...'** એટલે? જેમ નદીમાં ઓલું પાણી ગયું એટલે નદીમાં ખેંચાઈ ગયું પાણી. એમ આત્માના અંદર નિર્વિકલ્પદશાથી ગયો તો એ આત્મા આત્માને ખેંચ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો સમયસાર છે. આ કાંઈ વાર્તા-કથા નથી. આહા..હા..! દ્રવ્યાનુયોગનું સ્વરૂપ ઝીણું બહુ છે, ભાઈ!

**'આત્માને આત્મામાં જ વાળતો...'** આહા..હા..! પ્રવાહરૂપ થઈને એટલે નિર્મળ પરિણતિ દ્વારા. નિર્મળ પરિણતિ દ્વારા આત્મામાં ગયો. આત્મા ધ્રુવ છે તેમાં ગયો એમ કહે છે. સમજાણું કાંઈ? **'सदा गतानुगताम् आयाति'** આહા..હા..! **'સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં...'** **'गतानुगताम्'** એટલે અનાદિ છે એમ. વિજ્ઞાનઘનસ્વરૂપ અનાદિ છે એ સદા વિજ્ઞાનઘનસ્વભાવ **'गतानुगताम्'** એમ ને એમ છે, છે **'गतानुगताम्'** વિજ્ઞાનઘનય આહા..હા..! એવા **'વિજ્ઞાનસ્વભાવમાં આવી મળે છે.'** **'आयाति'** **'आयाति'** એટલે **'આવી મળે છે.'** નિર્મળ પરિણતિ આત્માની આત્મામાં ભળી જાય છે. જે પર્યાયમાં રાગમાં ભળી જતી હતી એ પર્યાય નિર્મળ આત્મામાં ભળી ગઈ, આ એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..! કહો, સમજાય છે? નેમિદાસભાઈ! સંભળાય છે બરાબર? કાન બરાબર છે? શરીર મોળું છે. આહા..હા..!

**'સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે.'** હવે જોયું! આહા..હા..! એ ક્ષણે મળ્યો માટે એટલો જ નહિ હવે કહે છે. સદા વિજ્ઞાનઘનસ્વભાવ જે પડ્યો. ગતાનુગત-અનુગત એમ ને એમ છે... છે... છે... સદા. એમાં આવી મળે છે પરિણતિ. આહા..હા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પરિણતિનો પ્રવાહ સદા ગતાનુગતિ જે ધ્રુવ વસ્તુ એમ ને એમ છે... છે... છે... છે... ત્યાં આવીને મળે છે. આ એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. ચારિત્રની વ્યાખ્યા નથી આ. હજી તો ચોથા ગુણસ્થાનની દર્શન અને જ્ઞાનની વ્યાખ્યા છે. આહા..હા..! ઝીણી પડે, સૂક્ષ્મ પડે પણ માર્ગ તો પ્રભુ આ છે. અહીં તો હેરાન થઈને મરી ગયો છે અનાદિથી. એના દુઃખોનું વર્ણન જુઓને સાંભળ્યુંને નહિ ભાઈ ઓલું મુંબઈમાં. એક બીજા પણ કહેતા હતા. શાંતક્રુઝ ક્યાંક કીધું ને કોકે?

શ્રોતા :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ વળી કોક કહેતું હતું ચંદુભાઈ. ત્યાં પડ્યું ઉપરથી તો નીચે છોકરાઓ સેંકડો. આહા..હા..! અંદર માણસ નહોતા પણ પડ્યું ત્યાં એ સાંતાક્રુઝ. હેં હિંમતભાઈ! તમારુ સાંતાક્રુઝ એ? તમારે શું કહેવાય? એ પણ સાંતાક્રુઝ. આહા..હા..! અહીં ૯૫ માણસ બળી ગયા, ત્યાં છોકરાઓ બિચારા નીચે રહતા હશે તો પડ્યું માથે. આહા..હા..! એવી દશાઓ અનંતવાર થઈ છે, ભાઈ! એની નહિ. પણ દરેક આત્માની એવી પૂર્વે અનંત વેદનમાં ગયો છે દુઃખમાં હવે પાછો વળ. અને જ્યાં છે ત્યાં જા. એ રાગમાં તું નથી, પરમાં તું નથી. આહા..હા..! એ આવીને મળ અંદર, ભળી જા. એનું નામ મોક્ષનો માર્ગ, દર્શન અને જ્ઞાન છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૯, રવિવાર, તા. ૧૭-૧૦-૧૯૭૬, કળશ-૯૪ થી ૯૬, પ્રવચન નં. ૨૦૪

સમયસાર, ૯૪-કળશ છે. એનો ભાવાર્થ. પહેલા દૃષ્ટાંત આપે છે '**જેમ જળ, જળના નિવાસમાંથી કોઈ માર્ગે બહાર નીકળી વનમાં અનેક જગ્યાએ ભમે; પછી કોઈ ઢાળવાળા માર્ગ દ્વારા, જેમ હતું તેમ પોતાના નિવાસસ્થાનમાં આવી મળે;...**' એ દૃષ્ટાંત થયો. જેમ પાણીનો સમૂહ છે સમૂહ એમાંથી જાણે જળ, કોઈ ઢાળમાર્ગમાં જઈને વનમાં જાય છે. પછી કોઈ માર્ગ એવો મળ્યો નીચાણવાળો કે પાણીના સમુહમાં મળી ગયું. '**તેવી રીતે આત્મા...**' પોતાનો ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવને છોડીને જે પુણ્ય ને પાપ, દયા-દાન, વ્રત-ભક્તિ, કામ-ક્રોધનો વિકલ્પ જે છે એ રાગને પોતાનો માને છે તો સ્વરૂપથી ચ્યુત થાય છે. જેમ પાણીના સમુહથી પાણી દૂર થઈને જંગલમાં ભમે છે એમ ભગવાન આત્મા પોતના શુદ્ધ ચૈતન્યસ્વરૂપની શ્રદ્ધા છોડીને જે પુણ્ય અને પાપનો રાગ છે એ પોતાનો છે, એવો મિથ્યાદૃષ્ટિ જીવ વિકલ્પમાં ભમે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

રાગ મારો છે, રાગ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો હોય કે ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયનો હોય, પણ એ રાગ છે, એ સ્વરૂપ મારો રાગ છે એવી માન્યતાવાળો ભાવ પોતાના સ્વરૂપથી ચ્યુત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે. ભગવાન આત્મા તો ચૈતન્યઘન છે. એમાં રાગ કે વિકલ્પ એવી કોઈ ચીજ છે નહિ. આહા..હા..! પોતાનો જ્ઞાનઘન શુભરાગ મારો છે એવી માન્યતાવાળો મિથ્યાદૃષ્ટિ સ્વરૂપથી ચ્યુત થયો.

આહા..હા..! આવી વાત છે. અને એ મિથ્યાદૃષ્ટિને લઈને વિકલ્પની જાળમાં વારંવાર વિકલ્પ કરે છે. હું આ કરું, હું આમ કરું, પરની દયા પાળુ, પરને મારું, પરને સહાય કરું એવા અનેક પ્રકારના વિકલ્પ નામ રાગની જાળ ઉત્પન્ન કરીને એમાં પરિભ્રમણ કરે છે. આહા..હા..! શાંતિભાઈ! આવો માર્ગ છે.

'**મિથ્યાત્વના માર્ગે...**' કહ્યુંને? '**આત્મા પણ મિથ્યાત્વના માર્ગે...**' અર્થાત્ '**સ્વભાવથી બહાર નીકળી...**' પોતાનો સ્વભાવ તો જ્ઞાન-દર્શન-આનંદસ્વભાવ છે. એનાથી બહાર નીકળી એનો અર્થ જે એમાં નથી એવા પુણ્ય-પાપ આદિનો ભાવ એ મારો છે એ બહિર્ આત્મા છે. બહિર્ આત્મા નામ જે ચીજ એમાં નથી એને પોતાનો માને એ બહિર્ આત્મા મિથ્યાદૃષ્ટિ છે. એ વિકલ્પમાં મિથ્યાદૃષ્ટિ રાગ, પોતાનો છે એમ માનીને અનેક પ્રકારના રાગનો કર્તા થાય છે. આહા..હા..! છે?

જેમ પાણીના સમૂહમાંથી પાણી નીકળીને વનમાં ભમે છે પછી કોઈ ઢાળવાળો માર્ગ મળે અને પાણી ચાલ્યું જાય એમ ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ ચૈતન્યજ્યોત વિજ્ઞાનઘન એ સ્વભાવથી રાગ વિકલ્પ મારો છે તો સ્વભાવથી ચ્યુત થયો. આહા..હા..! ફુલચંદજી! આવો ઝીણો માર્ગ છે. આહા..હા..! સ્વરૂપ વિજ્ઞાનઘન, આનંદકંદ જ્ઞાતા-દૃષ્ટાસ્વરૂપ પોતાનું છે. એને છોડીને જે એમાં નથી એવો શુભભાવ એ મારો છે, એમ માનીને મિથ્યાદૃષ્ટિ શુભભાવમાં રખડે છે, પરિભ્રમણ કરે છે. શુભરૂપી વિકલ્પજાળ વનમાં જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ ઝીણો છે, ભાઈ!

'**તેવી રીતે...**' એટલે પાણીના દૃષ્ટાંતથી '**આત્મા પણ મિથ્યાત્વના માર્ગે...**' અર્થાત્ એ પુણ્ય અને પાપનો રાગ મારો છે એવા માર્ગે '**સ્વભાવથી બહાર નીકળી...**' આહા..હા..! '**વિકલ્પોના વનમાં ભ્રમણ કરતો થકો...**' શુભ-અશુભ વિકલ્પની વૃત્તિની ચિંતા જાળમાં ભ્રમણ કરે છે. આહા..હા..! માર્ગ મિથ્યાદૃષ્ટિનો શું માર્ગ છે અને સમ્યગ્દૃષ્ટિનો શું માર્ગ છે એ ચાલે છે.

'**વનમાં ભ્રમણ કરતો થકો કોઈ ભેદજ્ઞાનરૂપી ઢાળવાળા માર્ગ...**' આહા..હા..! જ્યારે એમાં એવું ભેદજ્ઞાન થયું કે રાગ હું નથી, હું તો વિજ્ઞાનઘન ચૈતન્ય છું, એવા રાગથી ભેદજ્ઞાન વિવેક કરીને. સમજાણું કાંઈ? આહા..હા..! '**કોઈ ભેદજ્ઞાનરૂપી ઢાળવાળા માર્ગ...**' ગંભીર માર્ગ. એમ આવ્યું હતું ને '**निम्न**' '**निम्न-गमनात्**' '**निम्न**' એટલે ગંભીર છે. એમને જરી નિમ્ન નામ ઢાળવાળો માર્ગ કર્યો છે ઢાળ. ખરેખર ગંભીર છે.

ભગવાન આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ એ પોતાની ચીજની દૃષ્ટિ છોડીને અનાદિથી જે રાગાદિ વિકલ્પ છે—શુભ હો કે અશુભ હો એ પુણ્યતત્ત્વ ને પાપતત્ત્વ છે. એ ચૈતન્ય તત્ત્વ નથી. સમજાણું કાંઈ? એ ચૈતન્ય તત્ત્વને પુણ્ય-પાપ તત્ત્વવાળો માનીને મિથ્યાદૃષ્ટિ વિકલ્પની જાળમાં ભ્રમણ કરે છે. આહા..હા..! પોતાના ઘરમાં જાતો નથી અને ઘરમાંથી ચ્યુત થાય છે. આહા..હા..!

પછી '**ભેદજ્ઞાનરૂપી ઢાળવાળા...**' પણ અંદરમાં વિકલ્પ જે ઊઠે છે એનાથી ભેદ કર્યો, વિવેક કર્યો એ રાગ હું નહિ. હું તો ચૈતન્યસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ, શુદ્ધ વિજ્ઞાનઘન એ હું છું. એવા રાગથી ભિન્ન વિવેક-ભેદજ્ઞાન કરીને, વિવેક નામ ભેદજ્ઞાન કરીને એ ઢાળવાળા નામ ગંભીર '**માર્ગ દ્વારા પોતે જ પોતાને ખેંચતો...**' પાછળ પોતાની નિર્મળ પર્યાય દ્વારા અંદરમાં જતો થકો, પોતાના પુરુષાર્થથી અંદરમાં જાય છે. આહા..હા..! જેમ પાણી પાણીને ખેંચીને અંદરમાં જાય છે એમ પોતાના રાગથી ભિન્ન પોતાને જાણીને સમ્યગ્દૃષ્ટિ જીવ એ પુણ્યના પરિણામ પણ મારી ચીજ નથી એવું પરથી ભેદજ્ઞાન કરીને પોતાના પુરુષાર્થથી અંતરમાં ગતિ કરે છે. એ રાગથી નહિ. એમ કહે છે. એ કહે છે ને. '**પોતે જ પોતાને ખેંચતો...**' નિર્મળ જ્ઞાનની પર્યાય રાગથી ભિન્ન થઈ એ જ્ઞાનની પર્યાયને અંદરમાં જોડે છે. આહા..હા..! આવો માર્ગ!

**શ્રોતા :-** એ વાત તો આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે તો એ વિકલ્પને જાણે છે, કર્તા નહિ. એ તો વાત ચાલે છે. એ કર્તા નથી.

'કરે કર્મ સોહી કરતારા જો જાને સો જાણનહારા. જાણે સો કર્તા નહિ હોઈ કર્તા સો જાણે...' એ પછીની ગાથામાં આવશે. પાછળ ગાથા છેને? એમાં આવશે. આહા..હા..! સૂક્ષ્મ વાત છે, ભગવાન! વીતરાગમાર્ગ જૈન પરમેશ્વર જિનેન્દ્રદેવ કેવળજ્ઞાની પરમાત્માએ મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિના લક્ષણ બાંધ્યા. આહા..હા..! કહ્યું?

'**આત્મા પણ મિથ્યાત્વના માર્ગે...**' ભાષા તો જુઓ! ઓહો..હો..! મિથ્યાત્વનો માર્ગ. એનો અર્થ? જે રાગ છે, શુભ-અશુભ બેય એ પોતાનું સ્વરૂપ નથી. એ વિકાર સ્વરૂપ ખરેખર પુદ્‌ગલનું છે. આહા..હા..! એને પોતાનું સ્વરૂપ માનીને વિકલ્પની જાળમાં પરિભ્રમણ કરે છે, વિકલ્પની જાળમાં રહે છે એમ કહે છે. એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અને સમ્યગ્દૃષ્ટિ પોતાનો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ એ શુભરાગના વિકલ્પથી ભિન્ન છે, વિવેક કરીને, ભેદ કરીને પરથી પૃથક્ કરીને.. છે? '**ભેદજ્ઞાનરૂપી ઢાળવાળા માર્ગ...**' અંદરમાં જવાનો માર્ગ. એ વિકલ્પ છે એ પરતરફમાં જાય છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આવો માર્ગ છે, બાપા! પ્રભુનો માર્ગ એવો છે.

આ વ્રતના વિકલ્પ ને ભક્તિના વિકલ્પ ને જાત્રાના વિકલ્પ એ બધો શુભરાગ છે. તો સ્વરૂપથી ચ્યુત થઈને રાગને પોતાનો માનીને મિથ્યાદૃષ્ટિ રાગમાં રોકાઈ જાય છે. આહા..હા..! અને રાગની જાળમાં એનું પરિણમન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી શરૂઆત કરનારા, ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું સોપાન એ રાગથી ભેદજ્ઞાન કરીને.. આહા..હા..! આ વાત છે, ભાઈ! એ વિકલ્પ જે શુભ છે એનાથી પોતાનો આત્મા ભેદ કરીને ભિન્ન છે. એવો સમ્યગ્દૃષ્ટિ થઈને પોતાના સ્વરૂપમાં પરિણતિ કરે છે. રાગની નહિ

કરીને પોતાના સ્વરૂપની પરણતિ પર્યાય કરે છે. આહા..હા..! પહેલાં તો હજી શું કહે છે એ .. થવા. માર્ગ એવો ભાઈ! સમજાણું કાંઈ?

'**પોતે જ પોતાને ખેંચતો...**' એ શું કહે છે? કે વિકલ્પથી ભિન્ન પડ્યોને તો વિકલ્પથી પોતામાં આવ્યો એમ નથી. એ વિકલ્પથી ભિન્ન પડીને પોતાની પર્યાયથી અંદરમાં આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? '**પોતાના વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે.**' આહા..હા..! રાગની જાળમાં રોકાતો હતો એ મિથ્યાદૃષ્ટિ અનાદિકાળનો ચારગતિમાં રખડે છે અને જ્યાં-ત્યાં શરીર મારું, શરીરની ક્રિયા મારી, વાણીની ક્રિયા મારી, હું પરને જીવાડું, પરને મારું છું, પરને હું સુખી કરી શકું છું, પરને દુઃખી કરું છું, એવો મિથ્યાદૃષ્ટિ વિકલ્પની જાળમાં રોકાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ ધર્મી એ રાગથી પોતાના સ્વભાવને રાગ પુણ્યતત્ત્વ છે, એક પાપતત્ત્વ છે અશુભ અને શુભ એ પુણ્ય તત્ત્વ છે. એ બેયથી પોતાનો આત્મા ભિન્ન છે. આહા..હા..! શુભાશુભભાવથી. ઝીણી વાત, ભગવાન! જિનવરદેવ, એમાં પણ આ દિગંબર સંતોનો માર્ગ. આહા..હા..! અલૌકિક છે. કદી એણે સાંભળવાની અંદર રુચિમાં લીધો નથી. રુચિથી સાંભળ્યું જ નથી. આહા..હા..!

'**પોતે જ પોતાને...**' ભાષા દેખો શું કહે છે એ? પાઠમાં આવ્યું હતું. '**आत्मानम्**' એ સ્વયં શબ્દ નહોતો. '**आत्मानम् आत्मनि**' એમ. આત્માને આત્મામાં ખેંચતો થકો. '**निज-ओघं बलात्**' પોતાના પુરુષાર્થથી. આહા..હા..! '**ओघं**' નામ વિજ્ઞાનઘનસ્વરૂપ ભગવાન, એમાં પોતાના પુરુષાર્થથી અંદર પરિણમન કરે છે. એમ કહે છે. અજ્ઞાની વિકલ્પનું પરિણમન કરે છે. જ્ઞાની નિર્વિકલ્પ પરિણતિનું પરિણમન કરે છે. એ કહે છે. આહા..હા..! ઝીણું લાગે, સૂક્ષ્મ લાગે શું થાય ભાઈ! જન્મ-મરણના અંતની વાત છે આ તો. જે ભાવે ભવ મળે એ ભાવને પોતાનો માનવો એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે.**' લ્યો! એ ૯૪નો ભાવાર્થ થયો.

હવે ૯૫. કળશ છેને ૯૫. અમૃતચંદ્રાચાર્ય હજાર વર્ષ પહેલા દિગંબર મુનિ થયા એની આ ટીકા છે અને બે હજાર વર્ષ પહેલા કુંદકુંદાચાર્ય. દિગંબર મુનિ સંવત્ ૪૯માં ભગવાન પાસે ગયા હતા. સીમંધર પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે તીર્થંકર, ત્યાં બિરાજે છે તીર્થંકર. ત્યાં ગયા હતા. ત્યાં આઠ દિવસ રહ્યા ત્યાથી આવીને શાસ્ત્ર બનાવ્યું. અને આ ટીકા છે એ અમૃતચંદ્રાચાર્યની. પછી હજાર વર્ષ પછી દિગંબરમુનિ અમૃતચંદ્રાચાર્ય એ બાજુ છે. એ બાજુ અમૃતચંદ્રાચાર્ય છેને? ફોટો છેને? મોટો ફોટો નથી? સામે. આ કુંદકુંદાચાર્ય છે અંદર વચ્ચે. આ નિયમસારના કર્તા પદ્મપ્રભમલધારિદેવ. ત્રણ ત્રણ છે. એ અમૃતચંદ્રાચાર્ય હજાર વર્ષ પહેલા દિગંબર સંત થયા. એની આ ટીકા છે. સમજાણું કાંઈ?

એ કહે છે કે

(अनुष्टुभ्)
विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम्।
न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति।।९५।।

આહા..હા..! એનો અર્થ નીચે.

'**શ્લોકાર્થ :— વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે...**' વિકલ્પ જે રાગ ઊઠે છે રાગ, એનો કરનાર કેવળ કર્તા છે. બીજો કોઈ કર્તા છે નહિ. આહા..હા..! બહુ સૂક્ષ્મ વાત ભાઈ! આ તો લોકોએ બહારથી વ્રત ને તપ ને અપવાસ ને ભક્તિ ને પૂજામાં ધર્મ મનાવી લીધો છેને. એ અહીંયાં કહે છે કે એ વિકલ્પને કર્તા માનવો એ તો મિથ્યાદષ્ટિ છે. અવો ભાવ આવે, પણ એ ભાવનું ભેદજ્ઞાન કરીને એ જાણનાર થાય છે એ જ્ઞાતા અને એ ધર્મી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**विकल्पकः परं कर्ता**' '**परं कर्ता**' નામ '**કેવળ કર્તા...**' એમ લીધો છે પરમનો અર્થ. એ રાગનો કર્તા એ જ કર્તા છે. પરનો કર્તા તો છે જ નહિ. આત્મા શરીર, વાણી, મન કે પરની દયા પાળી શકે, હિંસા કરે એ તો કરી શકતો જ નથી ત્રણકાળમાં. કેમકે પરદ્રવ્યની પર્યાયનો કર્તા તો આત્મા છે નહિ. એની વાત તો અહીં નથી. અહીં કર્તા અજ્ઞાનપણે થાય છે તો વિકલ્પનો કર્તા થાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે...**' આહા..હા..! એ ચિંતાના વિકલ્પની જાળ મારી છે, એમ કરનાર જ એનો કર્તા છે. કર્મનો કર્તા થાય છે એમ પણ નથી એમ કહે છે. એ શું કહ્યું? કે ભાઈ દર્શનમોહનો ઉદય આવ્યો તો રાગનો કર્તા થયો. એ ના પાડે છે. અહીં તો '**વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે...**' બીજો કોઈ કર્તા છે નહિ. આહા..હા..! કર્મ પણ કર્તા નથી, કર્મનો કર્તા નથી, કર્મ રાગનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેવળ નામ એકલો રાગનો કર્તા થાય છે એ જીવ સ્વયં અજ્ઞાનપણે કર્તા થાય છે. આહા..હા..! ઝીણી વાત પડે એટલે લોકોને પછી લાગે હોં બિચારાને. ઘણાને તો દુઃખ લાગે છે કે આ. ભાઈ! માર્ગ તો આ છે. બાપુ જન્મ-મરણરહિત થવાના માર્ગ તો આ છે, ભાઈ! વીતરાગમાર્ગ તો વીતરાગ પર્યાયથી ઉત્પન્ન થાય છે. વીતરાગ માર્ગ કોઈ રાગથી ઉત્પન્ન થાય તો એ વીતરાગમાર્ગ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં '**विकल्पकः परं कर्ता**' રાગનો કરવાવાળો જ એકલો કર્તા. કેવળ નામ એકલો કર્તા એમ કહે છે. આહા..હા..! જે રાગ ઉત્પન્ન થાય છે એનો કર્તા એ એક જ કર્તા છે, અને '**विकल्पः केवलम् कर्म**' એ રાગ કેવળ નામ એકલું એનું કર્મ છે. વિકલ્પના કર્તાનો વિકલ્પ જ કર્મ છે. સમજાણું કાંઈ? અત્યારે તો ત્યાં સુધી કહે છે કે પરદ્રવ્યને કર્તા ન માને તો દિગંબર નહિ ત્યાં સુધી કહે છે. અરે.. ભગવાન! શાસ્ત્ર સાંભળતો ખરો, પ્રભુ! આહા..હા..! એમ કહે છે લ્યો. લલીતપુરમાં એમ કહે છે. કે પરને દ્રવ્યનો કર્તા ન માને

એ દિગંબર જ નથી. અરે.. પ્રભુ! ત્યારે શ્વેતાંબર છે એ? શ્વેતાંબર પણ ના પાડે છે. આહા..હા..!

શ્વેતાંબરમાં યશોવિજય છે એ પણ એમ કહે છે 'હું કર્તા પરભાવનો એમ જિમ જિમ જાણે તિમ તિમ અજ્ઞાની પડે નિજકર્મને ગાણે આત્મતત્ત્વ વિચારીએ...' આ શબ્દ છે યશોવિજયના. છે તો શ્વેતાંબર પણ થોડું અહીંનું વાંચ્યું હતું ને અધ્યાત્મ. તો અધ્યાત્મસાર પુસ્તક બનાવ્યું છે. એણે અધ્યાત્મસાર. આપણા પુસ્તક વાંચીને. એમાં એક શ્લોક છે કે 'હું કર્તા પરભાવનો...' એ રાગનો હું કર્તા છું જ્યાં સુધી જાણે 'મૈં કર્તા પરભાવકા...' એમ જેમ જેમ જાણે તેમ તેમ રાગના કર્મને ઘાણે આત્મા પડે. એને કર્મ બંધન થાય છે. આહા..હા..! આ વાત શું થાય, ભાઈ!

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર જિનેન્દ્રદેવનો આ હુકમ છે. પરમાત્મા પરમેશ્વર સાક્ષાત્ બિરાજે છે મહાવિદેહમાં પરમાત્મા તીર્થંકર. નમો અરિહંતાણં પદમાં બિરાજે છે. જેની વાણી નીકળે છે દિવ્યધ્વનિ. તો ત્યાં આગળ ગયા હતા ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર સંત. આઠ દિ' ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે ભગવાન આત્મા વિજ્ઞાનઘન હોવાથી જ્યાં સુધી એ રાગનો કર્તા થાય છે તો એકલો કર્તા થાય છે. બીજાને કારણ કર્તા થાય એમ છે નહિ અને એ રાગ જ કેવળ એનું કાર્ય છે. અજ્ઞાનીનું રાગ જ એક કાર્ય છે. પરનું કાર્ય નહિ, પોતાનું કાર્ય નહિ. આહા..હા..! શશીભાઈ! કહો, આવી વાત છે. આહા..હા..! આવું સ્વરૂપ જ છે. એવું સ્વરૂપ જ છે. ભગવાન ત્રિલોકનાથ કહે છે એવું સ્વરૂપ જ છે. પણ એનું એને ખ્યાલ નથી, જ્ઞાન નથી, ભાન નથી. અનાદિકાળનો મૂઢ થઈને ચાર ગતિમાં રખડે છે. આહા..હા..!

આ સાંતાક્રુઝમાં થયું ને ભાઈ હિંમતભાઈ તમારે ઓલું પડ્યુંને? એ સાંતાક્રુઝ. આ સાંતાનો કુંજ ભગવાન છે આત્મા. એમાં રાગને પોતાનો માનવો એને ભ્રષ્ટ કરી દે છે. અમેરિકામાં પણ પડ્યું. કોઈ ઉત્તર અમેરિકા કહે છે? દક્ષિણમાં. ત્યાં આગળ સાંતાક્રુઝ છે કોઈ સ્થાન હશે. આ પણ સાંતાક્રુજ છે હિંમતભાઈ રહે છે એ સાંતાક્રુજ છે. ત્યાં પડ્યું. ૯૫ માણસ મરી ગયા પ્લેનમાં ભસ્મ થઈને અને એ અમેરિકામાં સાંતાક્રુજ છે. મેં તો સાંતાક્રુઝમાંથી એવું કાઢ્યું કે સાંતા કુંજ આત્મા છે. એમાંથી નીકળીને રાગને પોતાનો માને એ ભસ્મ થઈ જાય છે. હિંમતભાઈ! આહા..હા..!

એ અહીં કહે છે, ભગવાન આત્મા 'જિનપદ સોહીએ આત્મા, અન્ય સોહીએ કર્મ. ભગવાન આત્મા તો જિનસ્વરૂપી વીતરાગ સ્વરૂપી પ્રભુ આત્મા વર્તમાનમાં છે. આહા..હા..! જો વીતરાગસ્વરૂપ ન હોય તો વીતરાગતા પ્રગટ ક્યાંથી થશે? બહારથી આવે છે કોઈ ચીજ? સમજાણું કાંઈ? આહા..હા..! જે કોઈ અનંતજ્ઞાન, અનંત આનંદ પ્રગટ્યો એમ કહેવામાં આવે છે અને છે પણ એ આવ્યું ક્યાંથી? એ અંદર ભંડાર છે, ભગવાન! તને ખબર નથી, અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... એટલે ચારિત્ર, એટલે વીતરાગત.

આહા..હા..! એ વીતરાગતાના સ્વભાવમાંથી નીકળીને જે કેવળ કર્મ રાગને કર્તા માને અને કેવળ રાગ જ એનું કર્મ છે એ આત્માની શાંતિ બળે છે, જલે છે. સમજાણું કાંઈ? કહો, ભોગીભાઈ! આવો માર્ગ છે. ભોગીભાઈ આવ્યા છે ભાઈ ઘાટકોપરના. પહેલા પણ આવ્યા હતા.

**શ્રોતા :-** આપને આમંત્રણ દેવા આવ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો આવ્યા છે. ત્યાં કર્તાહર્તા એ છેને. ઘાટકોપર પ્રમુખ છેને. મેં કહ્યું હતું એમને લોકોની લાગણી હોય પણ કીધું કર્તાહર્તા તો તમે છો ને, પ્રમુખ તો એ છે. આહા..હા..!

અહીં પ્રમુખ, પ્ર-મુખ તો ભગવાન વિજ્ઞાનઘન છે. એને છોડીને રાગનો કર્તા થાય અને એ રાગ જ એનું કાર્ય, બસ. રાગનો કર્તા થાય છે એ રાગ એનું કાર્ય છે. એ મિથ્યાદૃષ્ટિનું છે. આહા..હા..! ચાહે તો સાધુ થઈને.. આવ્યું ને એ છ ઢાળામાં. 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' છ ઢાળામાં આવે છે.

'મુનિ વ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો,
પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.'

એમાં શું આવ્યું? કે મુનિવ્રત જે પંચમહાવ્રત છે, અઠ્યાવીશુ મૂળગુણ છે એ રાગ છે. રાગનો કર્તા થઈને એ મુનિવ્રત નામ ધારણ કર્યા પણ એ વસ્તુ નથી. આહા..હા..! આત્મજ્ઞાન ન થયું. એ રાગથી મહાવ્રતાદિની ક્રિયા રાગ છે એનાથી ભિન્ન મારી ચીજ છે એવું આત્મજ્ઞાન ન થયું. તો 'આતમ જ્ઞાન બિલ લેશ સુખ ન પાયા.' અંશે પણ આનંદ મળ્યો નહિ. પંચમહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણ તો દુઃખરૂપ છે એમ કહ્યું. એમ કહ્યું ને? 'લેશ સુખ ન પાયા.' એનો અર્થ શું? દુઃખ. આહા..હા..! કઠણ બહુ કઠણ માર્ગ, ભાઈ! વીતરાગ જિનેશ્વરનો માર્ગ અને એ સિવાય માર્ગ બીજે ક્યાંય છે નહિ. વીતરાગ સિવાય સત્યતા ક્યાંય છે નહિ કોઈ માર્ગમાં. પણ માર્ગ દુર્લભ. અલભ્ય નહિ પણ દુર્લભ ખરો. આહા..હા..!

**શ્રોતા :-** સુલભ કર્યું આપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંતોએ માર્ગ સહેલો કરી દીધો છે. એમ લીધું છે. આહા..હા..! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, નેમિચંદ સિદ્ધાંત ચક્રવર્તી, પૂજ્યપાદ સ્વામી, દિગંબરસંતો માર્ગને ઘણો સહેલો કરી દીધો છે. આહા..હા..! એની અંદરમાં દૃષ્ટિ કરવી જોઈએ. સમજાણું કાંઈ?

કહે છે કે એ રાગ જે છે એ આત્માનો સ્વભાવ નથી, રાગને મારો માને એ બહિર્ આત્મા છે. બહિર્ નામ એમાં જે નહિ એને માનવું એનું નામ બહિર્ આત્મા, એનું નામ મિથ્યાદૃષ્ટિ. એનું નામ અસત્યદૃષ્ટિ, સત્યદૃષ્ટિ નહિ. તો કેવળ રાગનો કર્તા એકલો કર્તા છે. કર્મ કર્તા છે કે બીજો કર્તા છે અને કાળલબ્ધિ પાકી નહિ માટે જરી કાળ છે એમ પણ નથી. સમજાણું કાંઈ? અને ક્રમબદ્ધ આવવાનું હતું માટે બીજો કર્તા છે એમ પણ નથી.

આહા..હા..! એ રાગને કરનાર કર્તા એકલો, રાગ એનું કાર્ય. છે?

'**(બીજાં કોઈ કર્તા-કર્મ નથી;) જે જીવ વિકલ્પસહિત છે...**' આહા..હા..! જે જીવ જ્ઞાનસહિત છે એમ નથી. પણ જે જીવ રાગસહિત છે, વિકલ્પસહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેનું કર્તાકર્મપણું કદી નાશ પામતું નથી.**' શું કહે છે? '**જે જીવ વિકલ્પસહિત છે...**' અર્થાત્ હું જ્ઞાનસહિત, આનંદસહિત છું એવી દૃષ્ટિ છોડીને રાગસહિત છું એવી દૃષ્ટિ થઈ તો એ વિકલ્પસહિત છે '**તેનું કર્તાકર્મપણું કદી નાશ પામતું નથી.**' એ વિકલ્પના સહિતવાળા વિકલ્પનો કર્તા અને વિકલ્પ એનું કર્મ, આ અનાદિથી ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સમજાય એવુ છે. ઓલું વ્યવહાર પરંપરા મોક્ષનું કારણ છે એ તો રાગ છે. એ તો ઉપચારથી કથન છે. એ .. આવ્યું ને? કે વ્યવહાર કરતા કરતા કોઈને નિશ્ચય થઈ જશે. એમ આવ્યું ને જગમોહનલાલજીએ લખ્યું છે આગમપંથમાં. નિયમ તો ન રહ્યો. કોઈને પણ રાગને કરનારને નિશ્ચય સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા..! જ્યારે એ રાગથી ભિન્ન કરે છે ત્યારે તો દૃષ્ટિ ફરી ગઈ તો એ રાગથી થાય એમ તો છે નહિ.

**શ્રોતા :-** ભેદજ્ઞાન થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદજ્ઞાનથી થયું. જેનાથી ભેદ કરવો એનાથી એ થાય? ન્યાય સમજાય છે?

**શ્રોતા :-** એનાથી તો ભિન્ન કરવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભિન્ન કરવું છે. એનાથી થાય? આહા..હા..! પ્રભુ! માર્ગ તો આવો છે હોં. આહા..હા..! ભલે એને જરી દુર્લભ લાગે પણ માણસ એની શ્રદ્ધા તો કરે, શ્રદ્ધા તો કરે પહેલી. આહા..હા..! ભગવાન આત્મા રાગથી પ્રાપ્ત કદી વ્યવહારથી નિશ્ચય થતો નથી.

'**કર્તાકર્મપણું કદી નાશ પામતું નથી.**' શું કહે છે? કે જે પ્રાણી આનંદ અને જ્ઞાનસહિત છે એવા આત્માને છોડીને વિકલ્પસહિત છે, રાગસહિત છે, હું રાગસહિત છું એમ માને છે એનું કર્તાકર્મપણું કદી નાશ પામતું નથી. સમજાણું કાંઈ? આવું કામ. આ મોટા કામ કેટલાય કરે છે જુઓ માણસ. વેપાર કરે, પૈસા મેળવે, એય.. શાંતિભાઈ! ઝવેરાતની દુકાને બેસીને કેટલીય વાતું નહિ કરતા હોય? હીરા આમ છે ને આનું આમ છે ને આનું આમ છે લ્યો એ બધું એવું હોય ત્યારે પૈસા પેદા થતા હશે ને? ધૂળેય નહિ. એ તો પુણ્યને લઈને થાય છે.

**શ્રોતા :-** મહેનત કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મહેનત કરે રાગની, મોહની. હું કરું છું એવા મિથ્યાત્વની. આહા..હા..!

**શ્રોતા :-** બધા વેપારીનું એવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધા વેપારીનું એ. વળી એક વેપારીનો તો દાખલો આપ્યો ભાઈનો

તો નજીક. ભગવાનજીભાઈ! અહીં તો દૃષ્ટાંત લીધું. હું એનો કર્તા એવી વેપારની ક્રિયા કરે છે દુકાનમાં એનો હું કર્તા છું, વ્યવસ્થિત વ્યવસ્થા કરું છું હું. પરપદાર્થની વ્યવસ્થિત રીતે વ્યવસ્થા મારી હાજરીમાં હું કરું છું. તારાચંદજી! લ્યો આ તારાચંદજી હુશિયાર. એને બે હજારનો પગાર હતો. કામ કરતા હતા તો હુશિયાર હશે ત્યારે આપતા હશેને.

**શ્રોતા :-** વ્યવસ્થિત વ્યવસ્થા કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવસ્થિ. આહા..હા..! વ્યવસ્થિત વ્યવસ્થા તો દ્રવ્યની પોતાની પર્યાય વ્યવસ્થાનો કર્તા તો દ્રવ્ય છે. એની વ્યવસ્થિત... વ્યવસ્થિત... વ્યવસ્થિત.. વિશેષ અવસ્થા, એની અવસ્થા થાય છે એ તો દ્રવ્ય છે. બીજા એની વ્યવસ્થિત અવસ્થા કરે એમ ત્રણકાળમાં છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** હુશિયાર માણસ એને..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હુશિયાર માણસની હુશિયારીનો અર્થ, જ્ઞાનનો ક્ષયોપશમ એ તો એની પર્યાયમાં રહ્યો. એ પરમાં ક્યાં ઘૂસી જાય છે તે કે પરનું કરે એ.

**શ્રોતા :-** કર્તા ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. પગાર કોણ દે છે? એ તો એ પૈસા પરમાણુ આવવાના હોય એ આવે છે. જેની પાસે આવવાના હોય આવે, કોઈ દેતું-લેતું નથી. એમ નથી સાંભળ્યું? ખાનારનું નામ પરમાણુમાં નામ પડ્યું છે. દાણે દાણેપર. એનું નામ લખ્યું છે અંદર? એમ નહિ. જે પરમાણુ આવવાના હોય એ આવે, નહિ આવવના હોય એ નહિ આવે, એવી ચીજ ભગવાને જોઈ છે. આહા..હા..! શાંતિભાઈ! તમારે મોટું ત્યાં હોંગકોંગમાં. ઓલો છોકરો બહુ રળે છે. આહા..હા..! કોણ કરે છે? બાપુ! એ તો અહીં કહે છે કે જે રાગનો કર્તા છે અજ્ઞાની સ્વરૂપને છોડીને પોતાના સ્વભાવનું સામર્થ્યપણું જે જ્ઞાતા-દૃષ્ટા છે એને છોડીને રાગનો કર્તા થાય એ સ્વયં એકલો કર્તા થાય છે. એમાં કોઈ બીજાની ચીજ છે, એ કર્તા થાય છે તો બે કારણથી કર્તા થાય છે એમ નહિ એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? એક નિમિત્ત પણ કર્તા અને રાગના કર્તાવાળો એ પણ કર્તા. આહા..હા..! કેટલી સ્પષ્ટતા છે! માર્ગ તો આવો છે, ભગવાન! આહા..હા..! છગનલાલજી!

અરે.. સત્ય વાત તો પરમાત્મા જિનવરદેવ ત્રિલોકનાથ એમ ફરમાવે છે. એ વાત સાંભળવા ન મળે અને ક્યારે સુધરે? અને ક્યારે એ કર્તાપણું છોડે? આહા..હા..!

કહે છે કે અજ્ઞાની પોતાનો સ્વભાવ અનંત જ્ઞાન, અનંત આનંદ જેની શક્તિ અને સામર્થ્ય છે અને એમાં કર્તાકર્મ નામની શક્તિ પણ અનાદિની છે. શેમાં? આત્મામાં. તો એ કર્તાકર્મ શક્તિ છે એ પોતાની નિર્મળ પર્યાયની કર્તા અને નિર્મળ પર્યાય એનું કર્મ, એ એનું કર્તાકર્મ છે. સમજાણું કાંઈ? જે કર્તા નામ એટલે કર્મ-કર્મ એટલે કાર્ય શક્તિ અંદર. ત્રિકાળ જેવો જ્ઞાનાનંદ આનંદ સ્વભાવ છે એમ કર્તાકર્મ બે સ્વભાવ છે, તો એ કર્તાકર્મ સ્વભાવનું કાર્ય

શું? કે નિર્મળ પરિણતિનો કર્તા અને નિર્મળ પરિણામનું કાર્ય એ એનું કાર્ય અને કર્તા છે. આહા..હા..!

શક્તિનું વર્ણન કર્યું છે ને ૪૭ શક્તિનું જ્યાં. એ ૪૭ શક્તિ સમયસારમાં છેલ્લે. ત્યાં એમ લીધું છે કે અશુદ્ધતા તો એ શક્તિમાં લીધી જ નથી. શક્તિના વર્ણનમાં શુદ્ધતા ઉત્પન્ન થાય છે અને અક્રમે ગુણ-શક્તિ. અક્રમમાં દ્રવ્યની અનંત શક્તિ એક ક્રમ એક સાથે અને નિર્મળ પર્યાય ક્રમે ક્રમે, તો ક્રમ-અક્રમ નિર્મળ ગુણ લીધો છે. અશુદ્ધતા લીધી જ નથી. ૪૭ શક્તિના વર્ણનમાં અશુદ્ધતા લીધી જ નથી. કેમકે શક્તિ અશુદ્ધપણે પરિણમે એ શક્તિ જ નથી. આહા..હા..! વાત એવી છે. ત્યાં એવો પાઠ લીધો છે. ક્રમ અને ક્રમસર, અક્રમ એવી શક્તિ જે આત્મામાં અનંત છે એ અક્રમ સાથે છે અને ક્રમસર પર્યાય ઉત્પન્ન થાય એ નિર્મળ છે. કેમકે શુદ્ધ છે એનું પરિણમન નિર્મળ છે, રાગ એનું કર્તવ્ય નથી અને રાગ એનું પરિણમન નથી. આહા..હા..! એને રાગ હોય છે, પણ રાગનું રાગસંબંધી જ્ઞાન પોતામાં પોતાથી ઉત્પન્ન થાય છે. રાગ છે તો રાગનું જ્ઞાન થયું એમ પણ નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! રાગ આવે જ્ઞાનીને, પણ જ્ઞાનીને આવે એમ કહેવું એ વ્યવહાર છે. ખરેખર જ્ઞાનીને રાગનું જ્ઞાન પોતાનું જ્ઞાન અને રાગનું જ્ઞાન એવી પર્યાયમાં સ્વપરપ્રકાશક એ સમયમાં ક્રમબદ્ધની ઉત્પત્તિ એવી જ્ઞાનની થાય છે, એ રાગ છે માટે રાગનું જ્ઞાન થયું એમ પણ નથી. આહા..હા..!

**શ્રોતા** :- સ્વયં પરિણમે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એની પોતાની સ્વયં શક્તિનું કાર્ય જ એવું છે. આહા..હા..! બહુ ઝીણી વાતું બાપુ આ વીતરાગમાર્ગ જિનેશ્વરનો માર્ગ, જન્મ-મરણના અંત લાવવાની વાત છે અહીં તો. જેમાં સ્વર્ગ મળે, પછી આ ધૂળના શેઠિયા થાય, કરોડપતિ અને અબજપતિ એ બધા દુઃખી છે દુઃખી. તમને બધાને સુખી કહે પૈસાવાળાને. ઓલો છોકરો ત્યાં રળે છે નાનો એટલે મોટા પૈસા કેટલા રળતો હશે! હોંગકોંગ. હોંગકોંગ શું કહેવાય એ? હોંગકોંગ દેશમાં રહે છે નાનો છોકરો. બહુ પૈસા. ધૂળમાં પણ નથી. પૈસામાં તો સુખ નથી, પણ પૈસાને પોતાના માનવા એ પણ મિથ્યાત્વભાવ છે. પૈસા જડ છે એને પોતાના માનવા, અહીં તો રાગને પોતાનો માનવો એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! કેમકે તત્ત્વ રાગતત્ત્વ તો આસ્રવ તત્ત્વ છે, ભગવાન આત્મા તો આસ્રવતત્ત્વ છે જ નહિ. આહા..હા..! અને લક્ષ્મી શરીર આદિ તો અજીવતત્ત્વ છે. એ અજીવ તત્ત્વ અને આસ્રવતત્ત્વ મારા છે એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની મિથ્યાત્વનો કર્તા થાય એ. અને મિથ્યાત્વ એનું કાર્ય છે. આહા..હા..! દુનિયાએ વ્યવસ્થાએ કામ કર્યું અને એનું કાર્ય છે, એની હાજરીમાં વ્યવસ્થિત કામ થયું. હિંમતભાઈ! નહિ? લોઢાનો વેપાર ત્યાં હિંમતભાઈ મોટા ભાઈ ત્યાં ઊભા હોય તો.. એમ કહે લ્યો. એક રખડે છે બેંગલોર અને એક છે મદ્રાસ ને બે છે અહીં. પાંચ છેને. એક તો આવતો

નથી. અને ઓળખતા પણ નથી બહુ. આહા..હા..! અરે.. માર્ગ બાપા! અરે.. આવું મનુષ્યપણું માંડ મળ્યું. એમાં ત્રણલોકના નાથ જિનેન્દ્રના સંપ્રદાયમાં જન્મ થયો, હવે એને આ ચીજ સમજમાં ન આવે પ્રભુ! બહુ દુર્લભ છે એ નિષ્ફળ જશે. આહા..હા..!

અહીં તો એ કહે છે, ભાઈ! આહા..હા..! ગજબ કરી છે વાત. અહીંયાં તો એમ કહે ને. '**વિકલ્પ જ કેવળ કર્તા છે...**' એટલે રાગના કર્તા બે નહિ. કે કર્મનું નિમિત્ત છે એ કર્તા અને આત્મા અજ્ઞાની રાગનો કર્તા એમ બે કર્તા નહિ કર્તા એક જ છે. આહા..હા..! અને વિકલ્પ કેવળ એકલું કાર્ય એનું છે. એ કાર્યના કારણ બે નહિ. અષ્ટસહસ્રીમાં તો એમ આવે છે, બે કારણનું કાર્ય છે. એમ આવે છે. એ તો પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. એ નાખે છે, બધા નાખે છે. એમાં આવ્યું બધું. શું કહેવાય? ખાણિયા ચર્ચા. ખાણિયા ચર્ચા. એમાં આ વાત આવી છે. ફુલચંદજીએ બધું લીધું છે. આહા..હા..!

કહે છે બહુ વાત સરસ છે. અલૌકિક વાત છે, બાપા! ભગવાન કહે છે કે તું ભગવાન છો ને પ્રભુ! ભગવાનને ભગ છે ને ભગ? એ લક્ષ્મી છે લક્ષ્મી. ભગનો અર્થ લક્ષ્મી. જ્ઞાન-દર્શન-આનંદ લક્ષ્મીવાન આત્મા છે. અથવા ભગ નામ યોનિ એમાં ન અવતરે એ ભગવાન છે. સમજાણું કાંઈ? ભગ નામ યોનિમાં ન અવતરે એનું નામ ભગવાન છે. આહા..હા..! ચોર્યાસીના અવતારનું કારણ રાગ છે અને રાગનો કર્તા થાય એ યોનિમાં ઉત્પન્ન થાય છે. આહા..હા..! વાત એવી છે. ભારે આવો માર્ગ કહે છે, પણ આને કાંઈક બીજો સરળ માર્ગ હશે કે નહિ? આ પણ સરળ છે. આ ક્રિયા જે રાગની મારી છે એ મિથ્યાદૃષ્ટિની ક્રિયા છે અને એને ભિન્ન કરીને જે ચીજ પોતાની છે એ તરફની દૃષ્ટિ કરીને, પોતાની સંપદા જે છે.. આ ધૂળની સંપદા એ તો આપદા છે. સમજાણું કાંઈ? આ પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ રૂપિયા એ તો ધૂળની સંપદા છે, માટી છે, પૂદ્‌ગલ છે. એ સંપદા આપદાનું નિમિત્ત છે. ભગવાનની સંપદા પોતાની સંપદા આનંદ જ્ઞાન છે એ શાંતિનું કારણ સંપદા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત એટલે પછી સોનગઢવાળ આમ કહે છે. ભગવાન કહે છે કે સોનગઢવાળા? તારાચંદજી! સોનગઢવાળા વ્યવહાર ઉથાપી નાખે છે, પણ આ ભગવાન શું કહે છે આ? આહા..હા..!

'**ભાવાર્થ :—જ્યાં સુધી વિકલ્પભાવ છે...**' અર્થાત્ જ્યાં સુધી રાગનો ભાવ મારો છે એવો ભાવ છે '**ત્યાં સુધી કર્તાકર્મભાવ છે;...**' ત્યાં સુધી રાગનો કર્તા અને રાગ એનું કર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં, બહુ થોડામાં ગંભીર ગાગરમાં સાગર ભરી દીધો છે. '**જ્યારે વિકલ્પનો અભાવ થાય...**' જુઓ, રાગથી ભિન્ન થઈને મારી ચીજ તો જ્ઞાનસ્વરૂપ છે, હું તો જ્ઞાતાદૃષ્ટા છું. એવો વિવેક રાગથી વિવેક કરે છે તો વિવેકથી ધર્મ થાય છે. ભેદજ્ઞાનથી ધર્મ થાય છે. વિવેક કહો કે ભેદજ્ઞાન કહો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્યારે વિકલ્પનો અભાવ થાય...**' આહા..હા..! રાગનો ભાવ મારો નથી, એવો વિકલ્પથી ભેદજ્ઞાન જ્યારે થાય છે, '**ત્યારે કર્તાકર્મભાવનો પણ અભાવ થાય છે.**' તો રાગનો હું કર્તા અને રાગ મારું કાર્ય એનો અભાવ થઈ જાય છે. મારી જ્ઞાતાની પર્યાયનો હું કર્તા અને એ જ્ઞાતાની પર્યાય મારું કાર્ય. આહા..હા..! ઝીણી વાત બહુ બાપુ! એ ૯૫ થઈ.

'**હવે કરે છે તે કરે જ છે, જે જાણે છે તે જાણે જ છે—એમ હવે કહે છે :—**' હમણાં કહ્યું હતું ને એ? 'કરે કર્મ સોહી કરતારા.' એ આ. આ શ્લોકની સમયસાર નાટકમાં આ શબ્દ છે આ શ્લોકના. ૯૬નો.

(रथोद्धता)

यः करोति स करोति केवलं
यस्तु वेत्ति स तु वेत्ति केवलम्।
यः करोति न हि वेत्ति स क्वचित्
यस्तु वेत्ति न करोति स क्वचित्।।९६।।

આહા..હા..! કેટલી સરળ ભાષા!

'**શ્લોકાર્થ :—**' '**यः करोतिसः केवलं करोति**' '**જે કરે છે તે કેવળ કરે જ છે...**' આહા..હા..! 'કરે કર્મ સો હી કરતારા...' એ આ શબ્દનો અર્થ છે. રાગનો કર્તા એ એક જ કર્તા છે. આહા..હા..! '**જે કરે છે તે કેવળ કરે જ છે...**' રાગ મારો છે એ તો કર્તા જ છે અજ્ઞાની. '**અને...**' '**यः वेत्ति सः तु केवलम् वेत्ति**' '**वेत्ति**' નામ જાણે છે. જે જાણનાર એ હું છું, રાગને પણ જાણનાર, મને જાણનાર સહજસ્વભાવ મારો સ્વપરપ્રકાશક છે એવો જે જાણે એ માત્ર જાણે જ છે. જુઓ જ છે. કથંચિત્ જાણે છે તો જાણે અને કથંચિત્ રાગનો કર્તા એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! ધર્મ કોઈ ચીજ એવી છે. આહા..હા..!

આ તો ઓલા હરિજન હોય ને હરિજન? એ દાદા! એક બીડી આપજો બીડી. ધર્મ થશે. હરિજન હોય છેને. બીડી-બીડી. ધર્મ.. ભારે ધર્મ ભાઈ! અને બીડીના બે-ચાર ભુંગળા પકડાવી દીધા હોય ક્યાંક પડ્યા હોય ને, તો એ દાદા! એક દિવાસળી આપજો દિવાસળી. ધર્મ થશે. લ્યો દિવાસળીમાં ધર્મ. અહીં કહે છે કે પરની દયા પાળવી એ હરિજન જેવું છે. સમજાણું કાંઈ? પાંચ-પચાર હજાર દીધા અને દાન દીધા એ ધર્મ છે. એ ધર્મ એ હરિજન જેવા છે. એ તો રાગ છે. દાનમાં રાગની મંદતા એ તો રાગ છે. રાગનો કર્તા.. તારાચંદજી!

લ્યો આ શેઠિયાઓ છે બધા ફુલચંદજીને એ બધા. એ પૈસા આપે દાનમાં એટલે ધર્મ થઈ જતો હશે એમ છે? આહા..હા..! પ્રભુ! સાંભળતો ખરો. દિગંબર ધર્મ એ જૈનધર્મ. એ જૈનધર્મ જિનેશ્વર કહે છે. એ જિનેશ્વરનો માર્ગ આ છે. દિગંબર સંતો કહે છે એ જિનેશ્વરનો માર્ગ છે. આહા..હા..!

'જે કરે છે તે કેવળ કરે જ છે...' એક જ કર્તા છે, એકલો કર્તા છે. કર્તા પણ છે અને જાણે પણ છે. એમ કહે છે. એમ બે નહિ. શું કહે છે સમજાણું? રાગનો કર્તા છે તો એકલો કર્તા છે. જાણનારો રહે અને કર્તા રહે એમ બે હોતા નથી. આહા..હા..! બહુ માર્ગ આવો, ભોગીભાઈ! તમારે ત્યાં દયા પાળે ઈચ્છામી ઈરિયા.. મિચ્છામી દુક્કડમ ત્યાં ધર્મ થઈ જશે લ્યો. તસ્સુઉતરી કરણે.. તાવકા.. અપ્પાણં. પાઠ છે સામાયિકનો. ભાઈ એ બધી વિકલ્પની વાતું બાપા તને ખબર નથી, ભાઈ! તું તો વિજ્ઞાનઘન છોને.

જગતથી જગતેશ તદ્દન ભિન્ન છે. જગતથી જગતેશ-જગતનો ઈશ્વર પોતે આત્મા જાણનાર છે. રાગથી માંડીને આખું લોકાલોક એ જગત. પ્રભુ જગતેશ છે. એનો તો એ ભગવાન જાણનાર-દેખનાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કહો, દેવીલાલજી! આવી વાતું બહુ ઝીણી એટલે માણસને પણ માર્ગ આવો છે, ભાઈ! જિનેશ્વર દેવ વીતરાગ પરમાત્મા દિવ્યધ્વનિમાં આવ્યો. એ કુંદકુંદાચાર્ય જાહેર કરે છે. એ આડતિયા. જેમ આડતિયા માલ વેચે છેને. જેમ આડતિયા કોઈનો માલ વેચે છને. એમ આ તો આડતિયા વચ્ચે છે. સર્વજ્ઞ ભગવાન એમ કહે છે. એમ અમે કહીએ છીએ. આહા..હા..!

નામ આપે છેને? બંધ અધિકારમાં બહુ આપે. જિનવરદેવ એમ કહે છે કે પરને જીવાડે, આયુષ્ય દઈ શકે છે. જિનવર તો ના પાડે છે. હું પરને જીવાડી શકું તો એને આયુષ્ય દે છે? જીવાડી શકે છે? કેમ? પરને મારી શકે, તો પરના આયુષ્યનો તું નાશ કરે છે? આહા..હા..! કહો, મુલચંદજી! આવું સ્વરૂપ છે. ચોરી તો આવી અનંતવાર કરી છે એણે. રાગ પોતાનો નથી એને પોતાનો માનવો એ ચોર છે. લ્યો તમારા ભાઈની યાદ આવી. હમણા એના નાના ભાઈ છે માલેકલાલ. મુંબઈમાં. એનો એક નોકર હતો એ લાખ રૂપિયાનું સોની લઈ ગયો. દોઢસો તોલા સોનું ઉપાડી ગયો અને દસ હજાર રૂપિયા રોકડા હતા એ પણ લઈ ગયા. છોટાભાઈ માણેકલાલ છે ને? માણેકલાલ. એ ચોરી નહિ, બાપુ ચોરી તો આ છે.

પોતાના સ્વભાવમાં નથી એવી ચીજને પોતાની માનવી એ મોટો ચોર છે. કોઈની ચીજ મારી છે એ ચોર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ હશે વીતરાગનો? કહો, ભોગીભાઈ! આ બધા વર્ષમાં સાંભળ્યું હતું કોઈ દિ' ત્યાં? એ બધા સ્થાનકવાસીના શેઠિયા કહેવાય છે. હવે અહીં થયા છે પ્રમુખ. આહા..હા..! પ્રભુ! તું સાંભળ તો ખરો નાથ.

જે કોઈ કહે છે કે 'જે કરે છે તે કેવળ કરે જ છે...' આહા..હા..! જે વિકલ્પ છે, રાગ છે એનો કર્તા થાય તો જ્ઞાતા થઈને કર્તા થાય છે એમ નથી. કર્તાશીલનો સ્વભાવ અને જ્ઞાતા શીલનો સ્વભાવ એક સાથે રહે એમ છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'જે કરે છે તે કેવળ કરે જ છે...' કેવળ કરે જ છે. એમ છેને? 'यः करोतिसः केवलं करोति' એકલો કરનાર. આહા..હા..! વચમાં જ્ઞાતા પણ થોડો રહ્યો,

કાંઈક રાગનો કર્તા બે છે નહિ. એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી. મ્યાન એક અને તલવાર બે એમાં રહે એમ રાગનો કર્તા પણ થાય અને રાગનો જ્ઞાતા પણ થાય એમ રહી શકે નહિ. ભગવાનજીભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કર્તા થાય છે ત્યાં સુધી એનો રાગ છે. કર્તા નથી તો રાગ પોતાનો નથી એ તો પુદ્‌ગલનો છે પોતાનો જ્ઞાતા છે. છે જ નહિ ને. એમાં છે નહિ. એ તો પુદ્‌ગલ છે.

એ જયપુરમાં આવ્યા હતા ને મનોહરલાલ વરણી. અમે ઉતર્યા હતા ને પૂનમચંદ ગોદિકાને ત્યાં. એ આવ્યા હતા. એણે આ પ્રશ્ન કર્યો હતો એણે. કે આ પુદ્‌ગલના પરિણામ કેમ કહ્યું રાગનું. કહ્યું એ પુદ્‌ગલ પોતાનું સ્વરૂપ જ નથી. નિમિત્તથી ઉત્પન્ન થયું માટે એમ કહ્યું. છોડવાલાયક છે. પોતાને રાખવા લાયક નથી. પુદ્‌ગલ પરિણામ કહ્યા તો પુદ્‌ગલ કહ્યા. ૭૫ ગાથામાં. પુદ્‌ગલ જ છે ચૈતન્ય નથી. આહા..હા..! વિજ્ઞાનઘન ભગવાન એનાથી વિરૂદ્ધભાવ, આ ચૈતન્ય છે તો એ અચેતન પુદ્‌ગલ છે. અજીવ છે એમ કહ્યું. જીવ અધિકારમાં તો શુભરાગ છે એ અજીવ છે, અશુચિ છે, જડ છે, દુઃખ છે. એમ કહ્યું છે એ ૭૨ ગાથામાં. ભગવાન આત્મા ચૈતન્યવિજ્ઞાનઘન છે, ચૈતન્ય છે. દુઃખનું કારણ પણ નથી, રાગનું કારણ પણ નથી. રાગનું કાર્ય નથી. અર્થાત્ વ્યવહાર રાગ છે તો સમ્યગ્દર્શન થયું એ કાર્ય પણ નહિ અને આત્મા રાગનો કર્તા-કારણ પણ નથી. આહા..હા..! અકાર્યકારણ શક્તિ આત્મામાં એક છે. કે જે રાગનો કર્તા પણ નહિ અને રાગનું કાર્ય પણ નહિ. આહા..હા..! વ્યવહારથી નિશ્ચય થાય એ તો રાગનું કાર્ય થયું. અરે.. ભગવાન! બહુ પણ. એવો માર્ગ કરી નાખ્યો છે.

**'અને જે જાણે છે તે કેવળ જાણે જ છે;...'** સમ્યગ્દૃષ્ટિ રાગથી ભિન્ન પોતાના જ્ઞાતાસ્વભાવને જોયો, અનુભવ્યો તો એ તો જાણનાર એકલો જાણે છે. જાણે પણ છે અને કર્તા પણ છે. એમ નથી. જેમ એ કર્તા પણ છે અને જાણે છે એમ પણ નથી, એમ અહીં જાણે પણ અને કરે પણ છે એમ પણ નથી. આહા..હા..!

**શ્રોતા :-** બેય બાજુથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય બાજુથી. વાત એવી છે, ભાઈ! આહા..હા..! ભગવાન ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ તો એમ ફરમાવે છે. એની ખબર પણ નથી જેને એ ક્યાં જશે અને શું થશે?

**'જે કરે છે તે કદી જાણતો નથી...'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ રાગને જાણે છે, રાગને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. રાગ સંબંધી પોતાનું જ્ઞાન છે એને જાણે છે. સમજાણું કાંઈ? તો **'જાણે છે તે કદી કરતો નથી.'** એવી ચીજ એકમાં બે નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ-૧૦, સોમવાર, તા. ૧૮-૧૦-૧૯૭૬, કળશ-૯૬-૯૭, પ્રવચન નં. ૨૦૫**

આ સમયસાર. ૯૬ કળશનો ભાવાર્થ. એક લીટીમાં બધું સમાડી દીધું છે.

'**કર્તા છે તે જ્ઞાતા નથી...**' શું કહે છે? કે જે આ આત્મા તો વિજ્ઞાન ચૈતન્યસ્વરૂપ, એની દૃષ્ટિ છોડીને જે કાંઈ શુભ-અશુભભાવ રાગ એનો રચનારો, કર્તા થાય એ જ્ઞાતા ન રહી શકે. '**કર્તા છે તે જ્ઞાતા નથી અને જ્ઞાતા છે તે કર્તા નથી.**' બેમાં ઘણું સમાડી દીધું છે. અહીંયાં તો અશુદ્ધતાની વાત છે. અંદર અશુદ્ધ પરિણામ. કેમકે ભગવાન પોતે શુદ્ધસ્વરૂપ છે, જિનસ્વરૂપ છે. એની જેને દૃષ્ટિ નથી એ અશુદ્ધ પરિણામનો કર્તા થાય છે. અને અશુદ્ધ પરિણામ એનું કાર્ય થાય છે. એ કાર્યમાં બીજાનો અધિકાર નથી એમ કહે છે. અજ્ઞાની અશુદ્ધતા જ એ કાર્યનું કારણ છે. બીજું કોઈ કર્મ કારણ થાય નહિ.

**શ્રોતા :-** બે કારણ કહ્યાને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બે કારણ તો પરમાણુ જ્ઞાન બતાવવા માટે કીધું છે. કારણ તો યથાર્થ એક જ છે. જેમ કહ્યુંને મોક્ષમાર્ગ બે નિરૂપણ છે. માર્ગ કહો કે કારણ કહો કે ઉપાય કહો, એ કારણ નિરૂપણ બે પ્રકારે છે. વાસ્તવિક કારણ તો એક જ છે. આહા..હા..! બીજું કારણ તો નિમિત્ત દેખીને, સહચર દેખીને, આરોપથી કથન છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બે કારણ કહ્યા એ તો પ્રમાણનું જ્ઞાન કરાવવા. એમ કહ્યું છેને બધાએ? બધાય કહે છે એમાંથી લખે છે અપૂર્વમાં. આ દ્રવ્યની વ્યવસ્થા સ્વભાવ એવો છે કે બે કારણ છે. આવે છે કે નહિ સંમતભદ્રાચાર્યનું. દ્રવ્યસ્વભાવં એનો અર્થ કે એ પર્યાય નિમિત્ત છે. બીજી ચીજ નિમિત્ત છે, પણ એ નિમિત્ત કર્તા નથી. ત્યાં આગળ મોટી ભૂલ થાય છે.

અહીંયાં કહે છે કે જે કર્તા છે.. શેનો? રાગનો. કેમકે રાગ છે એ સ્વભાવમાં, સ્વરૂપમાં નથી. અને એ બહિર્ભાવ છે. એ બહિર્ભાવનો જે કર્તા થાય છે એ જ્ઞાતા નહિ રહી શકે. એ રાગથી ભિન્ન પડીને જાણવામાં, જાણપણામાં રહેવું એ કર્તા નહિ રહી શકે. સમજાય છે કાંઈ? આજ તો ગુજરાતી આવ્યું છે. કાલે તો બધા હિન્દી હતા ને.

'**કર્તા છે...**' એટલે કે રાગનો રચનાર જે છે એ રાગના જ્ઞાતાપણે રહી શકે નહિ. અને જે '**જ્ઞાતા છે...**' જ્ઞાનસ્વરૂપ છું એવું ભાન છે એ રાગનો કર્તા બનતો નથી. જ્ઞાતા તે કર્તા નથી. આ તો ટૂંકી વાર્તા છે. ફુલચંદજી! આહા..હા..! કેમકે આત્માનું મૂળસ્વરૂપ અને

આત્મા એ રાગ-દ્વેષાદિના પરિણામ એ આત્માનો ધર્મ નથી, ખરેખર તો એ મનનો ધર્મ છે. મન વિકલ્પ. આહા..હા..!

**શ્રોતા :-** મન તો નિમિત્ત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ મન ભાવનિમિત્ત, ભાવમનની વાત છે અહીંયાં. દ્રવ્યમન જડ. ભાવમનનો એ ધર્મ છે પુણ્ય-પાપ. આત્માનો નહિ. સંકલ્પ-વિકલ્પ એ બધી વિકૃત અવસ્થા જે ભાવમન એનું એ કાર્ય છે. એને ઠેકાણે એ મારું કાર્ય છે, એમ કર્તા થઈને, રચના કરીને માને છે તે રાગથી ભિન્ન પોતાનું જ્ઞાનસ્વરૂપ એ જ્ઞાતાપણે રહી શકતો નથી. આહા..હા..!

બહિર્વસ્તુ છે તે અંતરમાં માને છે તે અંતર વસ્તુનો જ્ઞાતા રહી શકતો નથી. એમ વાત સીધી છે. આહા..હા..! અને જે જ્ઞાતા છે, જે અંતઃતત્ત્વનો જાણનાર છે, હું તો શુદ્ધ ચૈતન્યઘન છું. તે રાગનો કર્તા બની શકતો નથી. એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી. આહા..હા..! આવી વાત છે. ઝીણું પડે બહુ પણ શું થાય માર્ગ આ છે ત્યાં.

હવે ક્રિયાની વાત કરે છે. એ કર્તાકર્મની વ્યાખ્યા કરી, હવે ક્રિયાની વ્યાખ્યા. '**એવી જ રીતે કરવારૂપ ક્રિયા અને જાણવારૂપ ક્રિયા બન્ને ભિન્ન છે એમ હવે કહે છે :—**' ૯૭માં.

(इन्द्रवज्रा)

ज्ञप्ति करोतौ न हि भासतेऽन्तः
ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः।
ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने
ज्ञाता न कर्तेति ततः स्थितं च।।९७।।

'શ્લોકાર્થ :—' '**करोतौ अन्तः ज्ञप्तिः न हि भासते**' '**કરવારૂપ ક્રિયાની અંદરમાં જાણવારૂપ ક્રિયા ભાસતી નથી...**' શું કહે છે? જે રાગના પરિણામની ક્રિયા કરે છે તેને જાણપણારૂપ સ્વભાવ મારો છે તે એને ભાસતો નથી. છે? '**કરવારૂપ ક્રિયાની અંદરમાં જાણવારૂપ ક્રિયા ભાસતી નથી...**' એટલે? કે શુભરાગની મારી છે એવું જેને થાય એ જ્ઞાતાપણાની ક્રિયાને કરી શકતો નથી. આ ક્રિયા. અત્યારે આ જડની ક્રિયામાં નથી. એ જડની ક્રિયાનું પછી લેશે. કર્તાકર્મણી. ૯૮માં. પુદ્ગલનો કર્તા આત્મા નથી અને આત્માનો કર્તા પુદ્ગલ નથી. એ પછી વાત લેશે. અહીં તો અત્યારે અશુદ્ધતા અને આત્મા બે વચ્ચેની વાત છે. આહા..હા..!

'**करोतौ**' જ્યાં રાગને કરું છું એવી જે જ્યાં અંતરમાં ભાસન છે ત્યાં જાણવારૂપ ક્રિયા છે નહિ એટલે ભાસતી નથી. આવી વાત છે ઝીણી. બહુ ઝીણું. કહો, નવરંગભાઈ! હવે આમાં ક્યાં પાણીનું જોવું ને ક્યાં રહ્યું? એ તો .. આહા..હા..! આવી વસ્તુસ્થિતિ છે, ભાઈ! એને એના જ્ઞાનમાં નિર્ધાર તો કરે. આહા..હા..! કે જ્યાં રાગની રચના નિશ્ચયથી

એ વાત છે કે શુભરાગ હોય એને પણ હું કરું છું એ ક્રિયામાં નપુંસકતા છે. એ આત્માના વીર્યનું કાર્ય નહિ. આહા..હા..!

આત્મામાં વીર્ય નામનો એક ગુણ છે એનું કાર્ય તો શુદ્ધ જ્ઞાતાપણાની, શુદ્ધપણાની રચના કરવી તે એનું કાર્ય છે. આહા..હા..! દેવીદાસભાઈ! આવું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? માખણ માર્ગનો બહુ જુદી જાત છે ભાઈ. કહે છે કે અહીં ઓલા કર્તાકર્મની હતી વાત. આ ક્રિયાની વાત છે. પરિણમે-બદલે-બદલે એ. રાગની ક્રિયાની અંદરમાં જાણવાની ક્રિયા હોતી નથી. ભાસતી નથી એટલે ત્યાં હોતી નથી. સમજાણું કાંઈ? રાગની ક્રિયા કરવાના કાળમાં હું જ્ઞાતા છું તે જ્ઞાનની દશા ત્યાં હોતી નથી. હોતી નથી તેથી ભાસતી નથી. આહા..હા..! તારાચંદજી! આવું આકરું લાગે માણસને હોં. આ બધા વ્યવહાર વ્રત ને તપ ને કરે છે ને એ સાધન નથી ભગવાન એમાં નુકસાન છે, પ્રભુ! આ તો તારા હિતની વાત છે ભાઈ! તારા અનાદરની વાત નથી. આહા..હા..!

એકકોર વિજ્ઞાનઘન ભગવાન, એનો આદર છોડી અને જે વીર્ય એનું છે એ રાગમાં જોડાઈ જાય, રાગની રચના કરે તે કાળે શુદ્ધની રચના એવી જ્ઞાનની ક્રિયા ત્યાં હોતી નથી એથી ભાસતી નથી. સમજાણું કાંઈ? આવો માર્ગ. અહીંયાં હવે બહારમાં વ્રત ને તપ ને પૂજા ને ભક્તિમાં ધર્મ મનાવી દીધો. એને ભારે આકરું લાગે. કાં એને વ્યવહાર સાધન કીધું. નિશ્ચયનું વ્યવહાર સાધન. એ તો સવારમાં કહ્યું હતું. પંડિતજી સવારમાં ત્યાં કહ્યું હતું. વાત કરી છે. કે બાર, તેર, ચૌદ તો દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણની સાથેની વાત લેશે. એકલું સમકિત નિશ્ચય અને વ્યવહાર એમ નહિ. ત્રણેય સાથે છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર એવા નિશ્ચયના કાળમાં જે વ્યવહાર છે તેનું વર્ણન તે ત્રણ પ્રકારનો વ્યવહાર. વ્યવહારદર્શન, વ્યવહારજ્ઞાન અને વ્યવહાર. અહીંયાં ચોથા ગુણસ્થાનમાં જે નિશ્ચય અને વ્યવહાર એ વાત નથી. સમજાણું કાંઈ? આહા..હા..! છઠ્ઠા ગુણસ્થાનના વ્યવહારની વાત છે આ.

અહીંયાં તો પહેલા ગુણસ્થાનની વાત છે આ. કે જ્યાં જ્ઞાતા-વસ્તુ વિજ્ઞાનઘન ત્રિકાળી શાશ્વત વસ્તુ એની જ્ઞાનક્રિયા થવી જોઈએ એ છે નહિ અને એના બદલામાં રાગની ક્રિયા ભાસે ત્યાં જ્ઞાનની ક્રિયા હોતી નથી, હોતી નથી એટલે ભાસતી નથી. હોય તો ભાસે ને. આહા..હા..! સમજાય છે કાંતિલાલભાઈ! આહા..હા..! આવી વાત છે.

**'કરવારૂપ ક્રિયાની...'** રાગના પરિણમનની ક્રિયાના કર્તાપણાના ભાવમાં જ્ઞાતાપણાનું જ્ઞાનપણું રાગનું જ્ઞાન અને સમ્યગ્જ્ઞાન એવું જે પરિણમન તે હોતું નથી તેથી તે ભાસતું નથી. બરાબર છે? અને **'ज्ञप्तौ अन्तः करोतिः न भासते'** **'જાણવારૂપ ક્રિયાની અંદરમાં...'** જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એવું જે ભાન થઈને જ્ઞાનરૂપે પરિણમન થવું, શ્રદ્ધારૂપે, શાંતિરૂપે, આનંદરૂપે, વીતરાગપણે એ જ્ઞાનની ક્રિયા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

એ **'જાણવારૂપ ક્રિયાની અંદર...'** એ જાણવાની એટલે? જ્ઞાતાપણાના જાણવાની

ક્રિયામાં, શ્રદ્ધાની ક્રિયા, શાંતિની ક્રિયા, આનંદની, વીર્યની વગેરે એવી જાણવાની ક્રિયાના કાળમાં '**કરવારૂપ ક્રિયા ભાસતી નથી;...**' એટલે? કે તે વખતે રાગનો કર્તા અને એવી ક્રિયા એ વખતે હોતી નથી, હોતી નથી એટલે ભાસતી નથી. આહા..હા..! આવો માર્ગ છે. જે આ વ્યવહારથી નિશ્ચય થાય એ તો આરોપથી કથન છે.

એ ભાઈએ કહ્યું છેને? ધર્મદાસ ક્ષુલ્લકે. હાથીના બહારના દાંત બીજા અને અંદર બીજા. ભાઈએ કહ્યું છેને? એમ કે જૈન અને વૈષ્ણવને આ બધામાં તો ઘણા નામ આપ્યા છે. એ બધાએ જે કાંઈ વાતું કરી છે શાસ્ત્રમાં એ હાથીના દાંત બીજા છે. ચાવવાના બીજા અને દેખાડવાના બીજા. ઓલા દેખાવના બહાર હોય ને? હાથીને બહાર બે હોય મોટા. કેમકે વ્યવહારના કથનો આવે તો શું કરે? એમ કહ્યું છે મૂળ તો. વ્યવહારથી થાય એવું કથન આવે છેને? એ હાથીના દાંત બહારની વાતું છે એમ કહે છે. આહા..હા..! અંદરના ચાવવના જુદા હોય હાથીના. એ ચાવવાના નાના-નાના હોય. આ મોટા લાંબા હોય. આહા..હા..!

અહીં કહે છે કે જે કાંઈ જ્ઞાનસ્વરૂપ જે ભગવાન આત્મા, એના સ્વભાવ સન્મુખ દૃષ્ટિ થઈને જે જ્ઞાનનું, શ્રદ્ધાનું, શાંતિનું પરિણમન ભાસે ત્યાં રાગની ક્રિયા કરું છું તે હોતું નથી તેથી તે રાગની ક્રિયા ભાસતી નથી. આહા..હા..! લ્યો શાંતિભાઈ! આહા..હા..! એ પ્લેનમાં .. કહ્યું હતું ને સાંજે? .. પ્લેન ઉડાડતા. ઉડાડતા નહિ અભિમાન કરતા હતા. આહા..હા..! કોણ કરે, બાપુ! એ તો પરની જડની. અહીં તો હજી અશુદ્ધતાની ક્રિયાની વાત ચાલે છે. અશુદ્ધતાના ક્રિયાકાળમાં શુદ્ધતા છું એવું જ્ઞાનનું પરિણમન હોતું નથી. એથી તેને શુદ્ધતાના પરિણામની ક્રિયા ભાસતી નથી અને શુદ્ધતાના પરિણમનના કાળમાં અશુદ્ધતા રચું છું એવી ક્રિયા હોતી નથી. માટે તે ભાસતી નથી. ફુલચંદજી! માર્ગ આવો છે, ભાઈ! આહા..હા..! અરે.. લોકોને ક્યાં દોરી નાખ્યા છે બિચારાને. શું માર્ગ છે એની ખબર પણ નથી. હજી ખબર નથી ત્યાં ક્યાં જશે? ... માણસ છે. આહા..હા..! કહો, કુંવરચંદજી! ... .. વ્યાખ્યામાં તો .. થયું. પછી તોફાન કર્યું. આવા કાળ છે.. અરે.. ભગવાન!

અહીંયાં તો કહે છે '**જાણવારૂપ ક્રિયાની અંદરમાં...**' એટલે કે હું એ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ મારો છે એવી સમ્યગ્દર્શનની ક્રિયા જે જાણવાની ક્રિયા, જે શ્રદ્ધવાની ક્રિયા એ ક્રિયાના ભાસમાં એ રાગની ક્રિયા પણ મારી છે, હું કરું છું એવું હોતું નથી તેથી ભાસતું નથી. તારાચંદજી! આહા..હા..! ભરત ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રી. છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ, ૪૮ હજાર પાટણ, ૭૨ હજાર નગર. એ ૭૨ હજાર નગર પાલિકા બેમાંથી એક શબ્દ છે. એ છતાં કર્તા નહિ. આવે છે ભજનમાં? 'ભરત ઘરમાં વૈરાગી..' આહા..હા..! 'ભરતજી ઘરમાં વૈરાગી...' ઘરમાં એટલે આત્મામાં છેને... આહા..હા..! એ બહારમાં-ઘરમાં દેખાય છે, પણ એ બહારથી ઉદાસ છે. આહા..હા..!

નાળિયેરમાં જેમ કાચલીથી જુદો પડ્યો ગોળો. છે ભલે ત્યાં અંદર, પણ છે જુદો. ખખડે-

એ ખખડે એ જુદો છે. એમ જ્યાં રાગની ક્રિયા નથી, એનાથી આત્મા જાણનાર-દેખનાર છું એવી જાણવાની ક્રિયા છે ત્યાં રાગની ક્રિયા હોત નથી એટલે ભાસતી નથી. અહીં તો રાગ જે થાય છેને એને છતાં પોતાની છે એમ ભાસતી નથી. એ રાગને પણ જાણવાની જે ક્રિયા છે તે મારી છે એમ ભાસે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લેશે અર્થમાં. ભાઈ! ચોથે ગુણસ્થાને શું સમજવું? આટલી બધી તમે વાત કરો છોને. એ ચોથે ગુણસ્થાને એમ જ છે.

પુરુષાર્થની કમીને લઈને અશુદ્ધતા જે થાય છે તેની રચના મારી છે એમ સમકિતી માનતો નથી. આહા..હા..! કેમકે એ વખતે રાગનું રચવું થતું નથી. જ્ઞાનનું રચવું થાય છે એથી તેને રાગની ક્રિયા હોતી નથી. આહા..હા..! એનો એ સ્વામી નથી. શું કીધું? ભાસતી નથી એમ કહેતા રાગ થાય છે એનો એ સ્વામી નથી. સ્વામી એનું જાણવું અને પોતાને જાણવું એવા પરિણામનો એ સ્વામી છે. સ્વસ્વામી સંબંધ છે. સ્વસ્વામી સંબંધ નામનો આત્મામાં એક ગુણ છે. ૪૭ શક્તિની છેલ્લી શક્તિ. સ્વસ્વામી સંબંધ. તો સ્વમાં દ્રવ્ય શુદ્ધ, ગુણશુદ્ધ અને પર્યાય શુદ્ધ એ સ્વ અને એ સ્વનો હું સ્વામી, અશુદ્ધતાનો સ્વામી નહિ. આહા..હા..!

અશુદ્ધતા કોઈ ગુણ નથી એ ગુણરૂપ અશુદ્ધતા થાય, એ તો પર્યાયમાં પરને લક્ષે પરાધિનપણે પરવસ્તુમાં થાય ત્યારે પર કરાવે છે એમ નહિ. નિમિત્તનો આશ્રય કરે છે તેથી અશુદ્ધતા થાય છે. પણ એકલી અશુદ્ધતા જે થાય છે એ અજ્ઞાની એને અશુદ્ધતાનો ક્રિયાનો કરનાર ભાસે છે. અને જ્ઞાનીને ધર્માત્માને એ રાગનું પરિણમન હોવા છતાં એ ક્રિયા મારી છે તેમ ભાસતી નથી. એનો હું જાણનાર અને મારો જાણનાર એવા જ્ઞાનની પરિણતિ એની રચના હોવાથી તે ભાસે છે. આહા..હા..! આવો માર્ગ છે. પછી લોકોને ન બેસે એટલે વિરોધ કરે. પંડિતજીને સમાધાન કરવા માટે બધું લખવું પડે. એ જ્ઞાનદિપીકા આમ લખી છે. કાલે વંચાઈ ગયું હતું. આપણે તો સાંભળ્યું હતું. આહા..હા..!

કાલે પંડિતજીએ કહ્યું કે અત્યારે જ્ઞાનદિપીકા જો લાખ છાપે ને તો ખપી જાશે. કહ્યું હતું ને? એનું કારણ કહ્યું હતું? કેમકે આ બહાર વાત ચાલી છેને એટલે કોઈને જોવાનું મન કરે. સારું જોવાનું મન કરે તો. વાંચે તો ખરા. એક દૃષ્ટાંત આપ્યો એનો સિદ્ધાંત વાંચતા નથી અને એના .. આખું જ્ઞાનદિપીકામાં જ્ઞાનનું પ્રધાનપણું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**ज्ञप्तौ अन्तः करोतिः न भासते**' '**જાણવારૂપ ક્રિયાની અંદરમાં કરવારૂપ ક્રિયા ભાસતી નથી;...**' હોય છેને પરિણમન ચોથે. પણ એ પોતાની નથી, એનો સ્વામી નથી. એથી જાણવાની ક્રિયામાં અશુદ્ધતાની ક્રિયા ભાસતી નથી. આહા..હા..! અશુદ્ધતાની ક્રિયાનું જ્ઞાન ભાસે છે. સમજાય છે કાંઈ? કેમકે જ્ઞાનનો એવો સ્વભાવ છે કે જે પ્રકારનો ત્યાં રાગ-દ્વેષ આદિ વિષય-વાસના ઉત્પન્ન થશે તે કાળે તેનું જ જ્ઞાન ઉત્પન્ન સાથે થશે. રાગને લઈને નહિ. એ જ્ઞાન સ્વપરપ્રકાશક સ્વભાવને લઈને સ્વજ્ઞાન ઉપર દૃષ્ટિ હોવાથી એને

સ્વપરપ્રકાશકની પરિણતિ સ્વતઃ ઊભી થશે. એથી અહીં કહે છે કે જ્ઞાનની પરિણતિ ભાસવામાં અશુદ્ધતા ભાસતી નથી.

**'માટે જ્ઞપ્તિક્રિયા અને કરોતિ ક્રિયા બન્ને ભિન્ન છે;...'** આહા..હા..! બે જુદી છે. મતિજ્ઞાનની પ્રધાનતાથી વાત છે. બાકી આખું દ્રવ્ય જે શુદ્ધ છે, એની દૃષ્ટિ હોવાથી આખું દ્રવ્ય શુદ્ધપણે જ્ઞાનીને શુદ્ધપણે જ પરિણમન હોય છે, અશુદ્ધ પરિણમનની અહીંયાં ગણતરી ગણી જ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! એ નીચે અર્થનો કળશ. અહીં કહે છે કે કરોતિ ક્રિયા એટલે રાગને કરવું અને જાણનારને જાણવાને ક્રિયા. આહા..હા..! દેખનારને દેખવાની ક્રિયા, જાણનારને જાણવાની ક્રિયા એમાં રાગની ક્રિયા બે ભિન્ન-ભિન્ન છે. જે અજ્ઞાનીને રાગની ક્રિયા છે ત્યાં જ્ઞાનની ક્રિયા નથી, જ્ઞાનીને જ્ઞાનની ક્રિયા છે ત્યાં રાગની ક્રિયા નથી. બંને ભિન્ન છે. છે?

**'च ततः इति स्थितं' 'અને તેથી એમ ઠર્યું...' 'स्थितं'** એટલે એ જ નિર્ધાર થયો. **'ज्ञाता कर्ता न'** આહા..હા..! **'જે જ્ઞાતા છે તે કર્તા નથી.'** સમ્યગ્દૃષ્ટિ જ્ઞાતાસ્વભાવનો જાણનાર છે. આહા..હા..! હું તો ત્રિકાળી જ્ઞાતા ધ્રુવ શાશ્વત ચીજ જ છું. સમજાય છે કાંઈ? એવા ત્રિકાળી જ્ઞાતા-દૃષ્ટાના ભાનમાં વર્તમાનમાં કૃત્રિમ અશુદ્ધ ક્રિયા એને હોતી નથી એથી બે ભિન્ન-ભિન્ન છે એટલે એક સાથે હોતી નથી. જુઓ અહીંયાં ચોથે ગુણસ્થાને પણ અશુદ્ધ ક્રિયા હોવા છતાં તેનો જ્ઞાતા છે તેમ રાખીને તેનો સ્વામી નથી માટે અહીં એક જ ક્રિયા કીધી છે. જાણવાની અને શ્રદ્ધવાની બે. આહા..હા..!

ઓલામાં આવે છેને કર્મધારા અને જ્ઞાનધારા. એ કળશ આવે છે. પુણ્ય-પાપ અધિકાર. જ્ઞાનની ધારા જ્ઞાનપણે પરિણમે છે, રાગની ધારા રાગપણે પરિણમે છે. છતાં બે સાથે છે. ત્યાં તો એમ સિદ્ધ કર્યું છે પુણ્ય-પાપમાં. કર્મધારા અને જ્ઞાનધારા બે સાથે છે. જ્ઞાનધારા એ ધર્મ છે એ સંવર-નિર્જરાનું કારણ છે, રાગધારા કર્મધારા એ બંધનું કારણ છે. .. એ અહીંયાં વાત નથી લેવી. સમજાણું કાંઈ?

અહીં તો એકલી જ્ઞાનધારા તે જ્ઞાનધારા તે જ્ઞાનીની છે બસ. આહા..હા..! એ રાગ હોવા છતાં તે સંબંધીનું, તે જ ક્ષણે પોતાથી ઉત્પન્ન થતું પરપ્રકાશકનો પોતાનો સ્વભાવ હોવાથી જે સમયે દ્વેષ ઉત્પન્ન થાય તે જ સમયે તે દ્વેષનું જ્ઞાન, સમય તો એક જ છે, કાળ એક છે, ભાવ ભિન્ન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! એને આ રાગ થયો માટે જાણવું એમ નથી. એ રાગના કાળે જ્ઞાનની ક્રિયા સ્વને-પરને જાણવાની સ્વતઃ તે પ્રકારની જ થાય છે. સમજાય છે કાંઈ? એથી જ્ઞાનીને જ્ઞાન ભાસે છે એમ આવ્યું છે. ૭૫ ગાથામાં. એ જ્ઞાનમાં રાગ નિમિત્ત છે એમ કહ્યું છે. આત્મા રાગમાં નિમિત્ત છે એમ નહિ. આહા..હા..! કર્તા-કર્મ અધિકાર ૭૫-૭૬-૭૭. સમજાણું કાંઈ?

અથવા ૧૦૦મી ગાથામાં આવ્યું કે પરની જે ક્રિયાકાળે પરની ક્રિયા થાય છે એ તો

એના ક્રિયાકાળ છે માટે જડની પરિણતિ થાય છે પરના.. હવે એમાં નિમિત્ત કોણ? નિમિત્ત કર્તા નથી એનો, પણ નિમિત્ત કહેવાય કોને? કે જેને જોગને રાગનો કર્તા થાય એ યોગને રાગનો કર્તા થનારો અજ્ઞાની તે પરની ક્રિયાના કાળમાં એનો યોગ અને રાગ પરમાં નિમિત્ત કર્તા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે જ્ઞાનીની એમાં ને એમાં વાત લીધી છે. કે જ્ઞાની છે એને જોગ ને રાગનું કર્તાપણું નથી. તેથી તેના સ્વપરપ્રકાશક જ્ઞાનમાં તે રાગ અને જે નિમિત્ત છે એ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. આમ નહિ. સમજાય છે કાંઈ? એ ૧૦૦મી ગાથા ચાલેલી છે.

**શ્રોતા :–** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિમિત્તનો અર્થ? કે ઉપાદાન તો પોતાથી થયું ત્યાં. એ રાગનું જે જ્ઞાન થાય છે એ રાગથી થયું નથી. એ પોતાથી ત્યાં સ્વપરપ્રકાશના સામર્થ્યમાં તે કાળને કારણે તે જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. તે જ્ઞાનમાં રાગને નિમિત્ત કહેવામાં આવે છે. ઉપાદાન તો અહીં પોતાથી થયું છે.

**શ્રોતા :–** રાગનું કારણ હોય ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાગને કારણે નહિ. રાગ નિમિત્ત પર છે. ઉપાદાનની પર્યાય જે થઈ છે એ રાગને કારણે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? જાણવા-દેખવાનો જેનો સ્વભાવ છે એ જાણવા-દેખવારૂપે જે પરિણમે છે એ પરિણમનમાં જ્ઞાનીને રાગ ને પરથી અહીં નિમિત્ત કહેવામાં આવે છે. આ બાજુ નિમિત્ત કહેવામાં આવે છે. અજ્ઞાનીને યોગ અને રાગનો કર્તા હોવાથી, પરની ક્રિયાકાળમાં, ક્રિયા તો એના કાળે થઈ છે. એ યોગ અને રાગનો કર્તા થનાર તે અજ્ઞાની એનો યોગ અને રાગ તેને પરમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે. સ્પષ્ટ છે, ચોખ્ખી વાત છે.

‘**જે જ્ઞાતા છે તે કર્તા નથી.**’ જ્ઞાતાનું જ્ઞાનરૂપ પરિણમન થયું એ કાળે એને રાગાદિ હોય છે ચોથે ગુણસ્થાને ત્રણ કષાયનો રાગ ઊભો છે, પાંચમે બેનો હોય, છઠ્ઠે એકનો હોય છે. છતાં. તેના પોતાના જ્ઞાનના પરિણમનમાં તે રાગ નિમિત્ત કહેવામાં આવે છે આ બાજુ. નિમિત્ત કહેવાય એટલે કે નિમિત્ત કર્તા નહિ. તે કાળે જે સ્વપરપ્રકાશક જ્ઞાન ઉત્પન્ન થયું, તેમાં એ નિમિત્ત રાગ આ સ્વપરપ્રકાશકના જ્ઞાનની ઉત્પત્તિમાં કર્તા નહિ. આહા..હા..! દેવીલાલજી! સમજાય છે કાંઈ? આવું ઝીણું ભારે ભાઈ! માણસને મારગડા...

**શ્રોતા :–** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા .. પણ જે જ્ઞાનની પર્યાયનો કાળ જેટલો છે એટલું તેને સામે નિમિત્ત હોય છે એટલું. કેવળજ્ઞાનીના જ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે. અને લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે. સર્વવિશુદ્ધમાં આવે છે, પાછળ સમયસારમાં. આહા..હા..! નિમિત્ત છે એટલે શું?

**શ્રોતા :-** નિમિત્ત વિના કામ થાય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વાંધા માટે તો આ સ્પષ્ટીકરણ થાય છે.

કે લોકાલોક છે માટે લોકાલોકનું જ્ઞાન થયું અહીં? લોકાલોક છે માટે અહીં લોકાલોકનું જ્ઞાન થયું? બિલકુલ નહિ. લોકાલોકનું જ્ઞાન તો પોતાની પર્યાયના કાળે પોતાથી, સ્વતઃ થયું છે. એમાં લોકાલોક તો નિમિત્ત છે. ઉપાદાન તો પોતાનો સ્વપરપ્રકાશક જ્ઞાન પોતાથી થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને લોકાલોક છે એને કેવળજ્ઞાન નિમિત્ત છે. એનો અર્થ શું? કેવળજ્ઞાનને લઈને લોકાલોક છે? આહા..હા..! એ તો એને કારણે છે, લોકાલોક પોતાને કારણે છે. તેને કેવળજ્ઞાન નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! નિમિત્તનો અર્થ એ કેવળજ્ઞાન લોકાલોકને કરતું નથી. તેમ લોકાલોક અહીં જ્ઞાનના પરિણમનને કરતું નથી. આહા..હા..! એ અહીં કહે છે.

'**જે જ્ઞાતા છે તે કર્તા નથી.**' સર્વજ્ઞ પણ જ્ઞાતા છે. એ લોકાલોકનું કરતા નથી. રાગનું કરતા નથી. આહા..હા..! અને લોકાલોક છે તે અહીં સ્વપરપ્રકાશક કેવળજ્ઞાન પોતાથી થયું છે તેમાં લોકાલોક કર્તા નથી, નિમિત્ત છે. નિમિત્ત જુદી વસ્તુ છે અને કર્તા જુદી ચીજ છે. એ તો ભાઈએ હમણાં લખ્યું છે જૈનસંદેશમાં. કૈલાસચંદજીએ. આમ લખ્યું છે કે સોનગઢવાળા નિમિત્તનો નિષેધ નથી કરતા પણ નિમિત્ત કર્તા નથી એમ કહે છે. એ શબ્દ આટલો પડ્યો છે. જૈનસંદેશમાં. ભલે એમે ગમે તે લીધું હોય પણ વાત એ બરાબર છે. સિદ્ધાંત બરાબર છે. નિમિત્ત નિષેધ નથી કરતા. એવું છે જૈનસંદેશમાં. નિમિત્ત કર્તાની ના પાડે છે. એટલે વાત એમ જ છે.

કેવળજ્ઞાન એમાં લોકાલોક નિમિત્ત છે એનો અર્થ શું થયો? લોકાલોક છે માટે કેવળજ્ઞાન થયું છે? કર્તા થયો. આહા..હા..! અને કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત છે એટલે શું? લોકાલોક છે એ કેવળજ્ઞાનની પર્યાયને લઈને લોકાલોક છે? આહા..હા..! નિમિત્ત જુદી ચીજ છે અને નિમિત્ત કર્તા પરનું કરે એ મોટો ફેર છે. ઊગમણો-આથમણો ફેર છે. ઊગમણો-આથમણો કહે છે? પૂર્વ-પશ્ચિમ. સમજાણું કાંઈ? આહા..હા..! '**જ્ઞાતા છે તે કર્તા નથી.**'

'**ભાવાર્થ :—'હું પરદ્રવ્યને કરું છું'...**' રાગને આદિ. '**એમ જ્યારે આત્મા પરિણમે છે...**' એ રાગ એ પરદ્રવ્ય છે નિશ્ચયથી તો. આહા..હા..! '**ત્યારે તો કર્તાભાવરૂપ પરિણમન ક્રિયા કરતો હોવાથી અર્થાત્ કરોતિક્રિયા કરતો હોવાથી કર્તા જ છે...**' એ કરનારો જ છે રાગનો. રચનારો જ છે. આહા..હા..! '**અને જ્યારે હું પરદ્રવ્યને જાણું છું.**' જ્યારે જ્યારે સ્વપરપ્રકાશમાં સ્વને જાણતા પરને પણ પરની હયાતીને મારા સામર્થ્યથી મારામાં જાણું છું. આહા..હા..! એમ પરિણમે છે. આવી વાતું.

'**ત્યારે જ્ઞાતાભાવે પરિણમતો હોવાથી...**' જાણવાના ભાવે થતો હોવાથી, પરિણમતો એટલે થતો હોવાથી '**અર્થાત્ જ્ઞપ્તિ ક્રિયા કરતો હોવાથી...**' જાણવાની ક્રિયા, સ્વને અને

પરને પોતાના સામર્થ્યથી જાણવાની ક્રિયાએ પરિણમતો થકો... આહા..હા..! '**જ્ઞાતા જ છે.**' આહા..હા..! એક એક શ્લોકમાં કેટલું રહસ્ય ગૂઢતા ભરી છે. અમૃત ચંદ્રાચાર્યની ટીકા ઘણી ગંભીર... ઘણી ગંભીર. ઊંડા ઊંડા રહસ્યને ખોલનારી છે. ટીકા સ્પષ્ટ કરે છે.

**શ્રોતા :-** .. રાગનો પણ જ્ઞાતા જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગનો જ્ઞાતા જ છે. એ જ્ઞાતા રાગનો કહેવો એ વ્યવહાર છે. રાગનું જે જ્ઞાન પોતાથી થયું તેનો એ જાણનાર છે. આહા..હા..! કેમકે રાગમાં તન્મય થતો નથી અને જ્ઞાનની પર્યાયમાં તો તન્મય થાય છે. રાગ સંબંધીનું જ્ઞાન, પોતા સંબંધીનું જ્ઞાન એ તો તન્મય છે. લોકાલોકને કેવળી જાણે છે એ તો વ્યવહાર છે. કારણ કે લોકાલોક પરદ્રવ્ય છે એ પરદ્રવ્યમાં તન્મય થઈને જાણતો નથી. આહા..હા..! એ અસદ્ભુત વ્યવહારનયથી લોકાલોકના જાણનાર એમ કહેવામાં આવે છે. ગજબ વાતું છેને. અસદ્ભુત વ્યવહારનય. અસદ્ભુત જૂઠી નયે કહેવામાં આવે છે આ એમ કહે છે. આહા..હા..! એ પ્રશ્ન કીધો હતો ને અમારે ત્યાં. ૮૩માં ઉઠ્યો હતો પ્રશ્ન. દામનગરમાં. ૮૩ની સાલમાં હીરજીભાઈ હતા ને એ આ પાઠશાળામાં દિગંબરનો અભ્યાસ પહેલો. સ્થાનકવાસી હતા. જામનગર. મોટી ઉંમરે ગુજરી ગયા. ૯૨-૯૩ વર્ષે. પણ એને દિગંબરનો અભ્યાસ પહેલો. આ કાઠિયાવાડમાં .. એ પછી આવેલા ત્યાં જામનગર. ચોમાસું હતું દામોદર શેઠ હતા. ગુજરી ગયા દામોદર શેઠ હતા. એ બેને ચર્ચા ચાલી ઉપર. હું નીચે હતો. એ ઉપર મેડી ઉપર.

શેઠ કહે લોકાલોક છે તો કેવળજ્ઞાન પર્યાય થાય છે. આ કહે કે કેવળજ્ઞાનની પર્યાય થાય છે એ લોકાલોકને નહિ. એ ચર્ચા ૮૩ની વાત છે. .. ૩૨. ૪૯ વર્ષની વાત. ઉપર ચાલી. પછી નીચે ઉતર્યા. પછી એ વાત પૂછ્યું. કીધું ભાઈ! એમ નથી. લોકાલોક છે માટે કેવળજ્ઞાનની પર્યાય થઈ છે એમ નથી. લોકાલોક તો અનાદિના છે અને કેવળજ્ઞાન કેમ થયું નહિ? લોકાલોકને લઈને જો જ્ઞાન હોય તો લોકાલોક તો અનાદિના છે જ. માટે એને લઈને નથી. કેવળજ્ઞાન પોતાની પર્યાયના સામર્થ્યથી પર્યાય થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ૪૯ વર્ષ પહેલાની. પંડિતજીના જન્મ પહેલાની વાત છે. આહા..હા..! મોટી ચર્ચા ચાલી હતી. બાપુ! એમ નથી, ભાઈ! લોકાલોક છે માટે લોકાલોકનું જ્ઞાન થાય છે એમ નથી. એ જ્ઞાનગુણના પર્યાયનું સામર્થ્ય એટલું છે માટે ત્યાં થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે, '**અહીં કોઈ પૂછે છે કે અવિરત-સમ્યગ્દષ્ટિ આદિને જ્યાં સુધી ચારિત્રમોહનો ઉદય છે...**' રાગ તો છે. સમ્યગ્દષ્ટિને પાંચમે ગુણસ્થાને, ચોથે ગુણસ્થાને, છઠ્ઠે ગુણસ્થાને રાગ તો છે. અને તમે કહો છો કે એકલા જ્ઞાતાની ક્રિયા, જ્ઞાતાની ક્રિયા આ શી રીતે તમારે મેળ ખાશે? '**ત્યાં સુધી તે કષાયરૂપે પરિણમે છે...**' જ્ઞાની પણ રાગરૂપે દ્વેષરૂપે પરિણમન થાય છે. લડાઈ કરવા જાય ત્યાં દ્વેષ થાય છે. એ વ્યક્તિને લઈને નહિ, પણ પોતાના પરિણામમાં એટલી કમજોરીને લઈને પોતે લડાઈ કરતો હોય. લાખો હાથી

હોય અને લાખો .. આમ. હાથીઓના .. તૂટીને .. જુદા પડતા હોય રાજાઓ. .. છે. લોહી આમ પડ્યા હોય. સમકિતી હોય. આ લડાઈ આમાં બાહુબલીજી ને ભરત. એ રયતે કહ્યું તમે બે કરો અમારે રહેવા દ્યો. મફતના મરી જશો. ... આહા..હા..!

એ ક્રિયાના રાગમાં ઊભો ભલે દ્વેષ, એ કહે છે. **'તો તેનો કર્તા કહેવાય કે નહિ?'** શિષ્યે પ્રશ્ન કર્યો છે. એને રાગ થાય છે, દ્વેષ થાય છે, જ્ઞાનીને વિષયની વાસના પણ થાય છે. આહા..હા..! તો એને કર્તા કહેવાય કે નહિ? આ પ્રશ્ન છે. આહા..હા..! છન્નું હજારી સ્ત્રીના ભોગનો રાગ પણ છે. આહા..હા..! ચારિત્ર નથી ને. સમજાણું કાંઈ?

**'તો તેને કર્તા કહેવાય કે નહિ? તેનું સમાધાન :—અવિરત-સમ્યગ્દૃષ્ટિ વગેરેને...'** વગેરે એટલા પાંચમાં-છઠ્ઠા વગેરે. વગેરે એટલે મિથ્યાદૃષ્ટિ નહિ. આહા..હા..! **'અવિરતિ-સમ્યગ્દૃષ્ટિ વગેરેને...'** છેને? **'શ્રદ્ધા-જ્ઞાનમાં પરદ્રવ્યના સ્વામીપણારૂપ કર્તાપણાનો અભિપ્રાય નથી;...'** રાગને કરું એનો અભિપ્રાય નથી. આહા..હા..! છતાં પરિણમન છે. કરવાલાયક છે એવી દૃષ્ટિએ કર્તા નથી, પણ ૪૭ નયનું આવ્યું છે કે જ્ઞાની પણ ગણધર હોય તે પણ જેટલું પરિણમન છે રાગનું એનો કર્તા એ જ છું એમ જ્ઞાનનયથી જાણે છે. અહીં એ વાત નથી. અહીં દૃષ્ટિપ્રધાન કથન છે. એથી રાગનું પરિણમન છે તેને એ જાણે જ છે. એ પરિણમન મારામાં છે, એમ અત્યારે નથી. અને જ્ઞાનનયથી જ્યારે જોવે ત્યારે એ પરિણમન મારામાં પર્યાયમાં છે, પર્યાયમાં છે. આ દ્રવ્યદૃષ્ટિપ્રધાન કથનમાં કર્તાપણું નથી. આહા..હા..!

**શ્રોતા :-** એકમાં છે ને એકમાં નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કઈ અપેક્ષા છે જાણવું જોઈએને એને? એકલો કર્તા ના પાડે અને ૪૭ નયમાં છે. અમૃતચંદ્રાચાર્યે કહ્યું નહિ બીજા કળશમાં. કે **'कल्माषितायाः'** અનાદિ જે **'कल्माषितायाः'** અમારી પર્યાય કલ્માશિત છે. અમે દ્રવ્યથી તો શુદ્ધ છીએ. પણ પર્યાયમાં કલ્માશિત છે. **'कल्माषित'** એટલે દુઃખ છે, પર્યાય છે. આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને કલ્માશિત છે. એ અમારી ટીકા કરવાના કાળમાં એનો નાશ થઈ ગયો એમ થઈ ગયું.

પાઠ એમ છે ટીકા એવ. ટીકાથી નાશ થશે. પણ ટીકાથી તો વિકલ્પ છે. આહા..હા..! પણ ટીકાના કાળમાં અમારું જોર અંદર છે. સ્વભાવ ઉપર જોરના કાળમાં ટીકાના કાળમાં, સ્વભાવને જોરને કારણે એ કલુષિતા નાશ થઈ ગઈ. સમજાણું કાંઈ? સમજાય છે કાંઈ? આવી વાતું ભારે ભાઈ! આહા..હા..! દેવીલાલજી!

**'પરદ્રવ્યના સ્વામીપણારૂપ કર્તાપણાનો અભિપ્રાય નથી;...'** જોયું! અભિપ્રાય નથી, આશય નથી, રુચિ નથી, દૃષ્ટિ નથી. આહા..હા..! **'કષાયરૂપ પરિણમન છે તે ઉદયની બળજોરીથી છે;...'** એનો અર્થ કઈ અપેક્ષાએ? રુચિ નથી ને થાય છે એટલી અપેક્ષાએ બળજોરી નિમિત્તને કીધી છે. છે તો બળ પોતાનું ઉલટું, પોતાની નબળાઈને લઈને.. ૪૭

નયમાં તો કહ્યું કે અનંતનયનો .. આત્માનો છે એ રાગનું પરિણમન પણ ધર્મ આત્માનો છે. એ નય આત્મામાં છે. પરને લઈને નહિ, પરની જોરાવરીને લઈને નહિ. આવી વાત છે. આ તો દૃષ્ટિપ્રધાન કથન છે એટલે પરિણમન રુચિ નથી, છતાં થાય તેથી પરના નિમિત્તે બળજોરીનું કથન છે. એક કળશમાં એમ કે બળજોરીને ના પાડે અને બીજા કળશમાં એમ કહે .. પોતાથી જ થાય છે, પરથી નહિ. કઈ અપેક્ષાનું કથન?

દૃષ્ટિના વિષયની અંદરની અપેક્ષા ચાલતી હોય ત્યારે તો રાગનું પરિણમન પોતે કરે છે એમ નહિ. એને રુચિ નથી, રુચતું નથી, રાગનું થવું એ પોષાતુ નથી. પોષાતુ નથી સમજ્યા? પોષાતું નથી. આમ વાણિયા માલ લેવા ન જાય? પોષાતુ નથી. ત્રણ રૂપિયાનું મણ લેવા જાય અને અહીં અઢી રૂપિયે ખપે તો એ પોષાય માલ? ત્રણ રૂપિયાનું લેવા જાય અને સાડા ત્રણ મળતા હોય તો તો માલ પોસાય છે ભાઈ અમારે લાવો. કેમ પંડિતજી! પોષાવું જોઈએને. એમ જ્ઞાનીને રાગ પોષાતો નથી. એ અપેક્ષાએ બળજોરીથી થાય એમ કહેવામાં આવે છે. આહા..હા..! અરેરે.. વીતરાગનો માર્ગ કઈ રીતે છે, એ રીતે જાણવો જોઈએ બાપુ! આહા..હા..! સ્વતંત્ર છે. નિમિત્તની બળજોરી કેવી ત્યાં?

અહીં દૃષ્ટિની પ્રધાનતાના કથનમાં રાગની રુચિ નથી, અભિપ્રાય નથી તેથી થાય છે તેથી નિમિત્તને બળજોરી એમ આરોપથી કથન કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં ખુલાસો કર્યો છે બળજોરીનો? ઓલામાં ચિદ્‌વિલાસ. ચિદ્‌વિલાસમાં નીચે કર્યો છે. બળજોરીનું આવે છે. નેમીચંદ પાટણી. આમાં કર્યું છેને? હા, હિન્દી. હિન્દી સમયસાર છેને. આ ગુજરાતી છે. એમાં જ કર્યો છેને. હિન્દી સમયસારમાં હશે જુઓ. આ બાજુ છે. સમ્યગ્દૃષ્ટિની રુચિ સર્વદા શુદ્ધા દ્રવ્ય પ્રત્યે હોય છે. એને કદી રાગદ્વેષભાવની રુચિ નથી. એને જે રાગદ્વેષાદિ ભાવ થાય છે એ ભાવ પોતાની સ્વયંની નિર્બળતાથી છે. છે તો નિર્બળતાથી. તથા તેના પોતાના અપરાધથી થાય છે. એ પણ રુચિપૂર્વક નથી થતું એ .. ભાવની ભવ્યતાથી થતો ભાવ કહેવામાં આવે છે. ભાષા આ છે. સત્ય તો આ છે. માટે એમ ન સમજવું કે જડ દ્રવ્યકર્મ આત્મા ઉપર લેશમાત્ર જોર કરી શકે છે. પરંતુ એમ સમજવું વિકારીભાવો હોવા છતાં સમ્યગ્દૃષ્ટિ મહાત્માની શુદ્ધાત્મા દૃષ્ટિ રુચિમાં કિંચિત્ કમી નથી. રુચિમાં કમી નથી. માત્ર ચારિત્ર આદિ સંબંધી નિર્બળતા એવો આશય બતાવવા માટે કહ્યું છે. જ્યાં જ્યાં કર્મની બળવત્તા, કર્મની .. દૃષ્ટિ ત્યાં એમ આશય લેવો. બીજામાં એમ કહ્યું. ચિદ્‌વિલાસમાં ખુલાસો કર્યો છે. નેમિચંદ પાટણી પુસ્તક પડ્યું હતું ને એક? એકકોર બળજોરીથી કહેવું અને એકકોર કહે ના. ના. કઈ અપેક્ષા છે? રુચિ નથીને. આહા..હા..!

નોખાલીમાં ન કીધું? નોખાલી. દેશ નોખાલી. નોખાલી દેશમાં ગાંધીને જાવું પડ્યું હતું. મુસલમાને બહુ તોફાન કર્યા હતા. હિન્દુ લોકોને માતા ને દીકરો, બહેન અને ભાઈ બેયને નગ્ન કરીને મુસલમાન જોર કરતા હતા ભોગ માટે. આહા..હા..! આંસુની ધારા ચાલી જાય.

અર..ર..! આ શું થાય છે? માતા નગ્ન ૪૦ વર્ષની, ૨૦ વર્ષનો દીકરો નગ્ન. બહેન ૨૦ વર્ષની, ૨૨ વર્ષની. એને નગ્ન કરીને બે મુસલમાન.. છે રુચિ? આહા..હા..! એ વખતે અરેરે..! આ જમીન જગ્યા દે તો સમાઈ જઈએ. પણ આ અમને શોભતું નથી. સમજાણું કાંઈ? એમ સમ્યગ્દૃષ્ટિને રાગ આવે, પણ એની રુચિ નથી. રુચિ નથી. અરેરે..! આહા..હા..!

અને તાવની દવા લે છે તો એ તાવ આવો આવે દવા લઈએ એમ રુચિ છે? એની ભાવના ભાવે છે? આ જુઓ ભાવ આવે. લોકો જોવા આવે, વૈદ દવા આપે. ડોક્ટર આવે. રુચિ નથી. પણ નબળાઈને લઈને એ આવે. એમ અહીંયાં કહે છે પોષાણ નથી. '**તેનો તે જ્ઞાતા છે; તેથી અજ્ઞાન સંબંધી કર્તાપણું તેને નથી.**' આહા..હા..! અસ્થિરતાનું કર્તાનું પરિણમન છે એ ૪૭ નયે જણાવી દીધું. કર્તા અને ભોક્તા પણ આત્મા છે. ત્યાં તો એમ કહ્યું. રાગનું અંશે પણ પરિણમન ગણધર અને મુનિને છે તો તેટલું પરિણમન છે એમ જ્ઞાન જાણે છે. પરને લઈને છે એમ નથી. અને ભોક્તા પણ રાગનો છે એ મારે લઈને છે. આમ એકકોર કહે દ્રવ્યના દૃષ્ટિનું આવે ત્યારે એને શુદ્ધ જ પરિણમન સમકિત લેવાય. એના બદલે એમ દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે તેથી દૃષ્ટિ .. પરિણમન જ છે એમ કહેવાય છે. પણ અશુદ્ધ પરિણમન છે એને હજી, પણ તેની એને રુચિ નથી. જ્ઞાન એને જાણે છે મારી નબળાઈથી આ પરિણમન મારામાં છે. રાગનો ભોક્તા પણ છે. ભોગવવા લાયક છે એ અપેક્ષાથી નહિ. પણ જેટલું પરિણમન છે એટલો ભોક્તા છે. આહા..હા..! અને ધર્માત્મા શ્રુતનયથી આત્માને જાણવા એમ કહ્યું છે ત્યાં ૪૭ નયમાં. પ્રવચનસાર. બધું આવી ગયું છે ખુલાસો.

અહીં એ કહ્યું. '**તેથી અજ્ઞાન સંબંધી કર્તાપણું તેને નથી. નિમિત્તની બળજોરીથી થતાં પરિણમનનું ફળ કિંચિત્ હોય છે...**' એટલે પુરુષાર્થની કમજોરીને લઈને તે રાગ જે થાય છે એનું ફળ તીવ્ર કર્મમાં રસ અને સ્થિતિ પડે એવું હોતું નથી. આહા..હા..! નિર્જરા અધિકારમાં આવે છે. અલ્પસ્થિતિ હોય છે એને કર્મધારાને લઈને, પણ એનો સ્વામી નથી માટે એનું કર્તવ્ય નથી એમ કહેવામાં આવે છે.

'**ફળ કિંચિત્ હોય છે તે સંસારનું કારણ નથી.**' અનંત સંસારનું કારણ નથી એમ કહેવું છે. એકાદ-બે ભવ હોય તો થાય, એ પણ ખરેખર તો જ્ઞાતાનું જ્ઞેય છે. ભવ અને ભવનો ભાવ એ જ્ઞાતાનું જ્ઞેય છે. આહા..હા..! કેમકે એ સ્વરૂપ તો ચૈતન્ય પ્રકાશ સ્વપરપ્રકાશ બંધ છે. એમાં કોઈ રાગ છે કે .. તો છે નહિ. આહા..હા..!

'**જેમ વૃક્ષની જડ કાપ્યા પછી...**' મૂળ કાપ્યું વૃક્ષ. પછી ડાળા-પાંખડા રહે પણ કેટલી મુદ્દત એ? પંદર દિ'માં સુકાઈ જાય એ બધું. '**વૃક્ષની જડ કાપ્યા પછી તે વૃક્ષ કિંચિત્ કાળ રહે અથવા ન રહે—**' તરત જ સુકાઈ જાય કોઈવાર. કોઈ પંદર દિ' પાંદડા રહે. '**ક્ષણે ક્ષણે તેનો નાશ જ થતો જાય છે, તેમ અહીં સમજવું.**' આહા..હા..!

આ પણ વાંધા આવ્યા હતાને? દિપચંદ શેઠિયાની સાથે. કે જુઓ સમ્યગ્દષ્ટિને રાગ અને દુ:ખ છે જ નહિ. નિહાલચંદભાઈ કહે છે કે જ્ઞાનીને શુભભાવ પણ ભઠ્ઠી જેવો લાગે છે. એમ નથી એ કહે છે. મોટો વાંધો ઉઠ્યો હતો મોટો. એને અને આ કલકત્તામાં.. દિલ્હીના જ્ઞાનચંદજી અને જયકુમાર એ બધા એ પક્ષમાં ચડી ગયા.

અહીં તો કહે છે કે છઠ્ઠા ગુણસ્થાને પણ કલ્માષિત ભાવ દુ:ખરૂપ રાગ છે. એ દુ:ખનું વેદન પણ છે, આનંદનું વેદન છે સાથે જેટલો રાગ એને દુ:ખનું વેદન છે. એમ જ્ઞાન પોતાને બરાબર જાણે છે. દુ:ખનું બિલકુલ વેદન નથી. એ તો સર્વ આનંદ કેવળીને હોય પૂર્ણાનંદ. પૂર્ણ દુ:ખનું વેદન મિથ્યાદષ્ટિને, પૂર્ણ આનંદનું વેદન કેવળીને. સાધકજીવને તો આનંદ અને દુ:ખ બેયનું સાથે વેદન છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવા વાત છે. મોટા વાંધા ઉઠ્યા હતા. છેવટે પ્રશ્ન આવ્યો હતો ખરો. મારા માટે તમે જે માનો છો.. એ શેઠિયાનો પત્ર આવ્યો. પણ સાથે ઓલો ખુલાસો નહિ. મારે માટે તમે માનો છો એના કરતાં મારામાં દોષ વધારે છે. પત્ર આવ્યો હતો. ઓલો ખુલાસો નહિ પણ જે આ જ્ઞાનીને દુ:ખ છે, મારા જ્ઞાનથી વિરૂદ્ધ હતું એ. એ ખુલાસો ન આવ્યો. આ તો વાત ભાઈ અંતરની. જેટલી જેમ છે તેમ બધે એ રીતે સમજે. આડુ અવળું કરે એ કાંઈ માર્ગ નથી. આહા..હા..! અને જ્યાં જ્યાં આવે, કળશમાં આવે સમ્યગ્દષ્ટિનું પરિણમન શુદ્ધ જ હોય. એમ જ આવે લ્યો. કળશમાં એમ આવે. એ કઈ અપેક્ષાએ? દષ્ટિ અને દષ્ટિના વિષયમાં પરિણમનમાં તો શુદ્ધ જ હોય એ અપેક્ષાએ.

**શ્રોતા :-** અશુદ્ધ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અશુદ્ધનો સ્વામી નથી અને અશુદ્ધતા છે એનું અહીં જ્ઞાન છે માટે અશુદ્ધતા નથી એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! છતાં .. અમૃતચંદ્રાચાર્યનો. દષ્ટિ તો દ્રવ્ય તો શુદ્ધ છું, પણ મારી પર્યાય અનાદિથી હોં. પર્યાય અનાદિથી પાછી. એ અશુદ્ધતા કાંઈ નવી નથી. સમકિત થયું, મુનિપણું થયું છતાં એ અશુદ્ધતા તો અનાદિની છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ અનાદિની મને કલ્માષિત છે એ આ ત્રિકાળ કરતા નાશ થઈ ગયો. એનો અર્થ કે ટીકાના કાળે મારું જોર દ્રવ્ય ઉપર વર્તશે, અશુદ્ધતા ટળી જશે. હવે એનો અર્થ પાછો આમ કરે. ઓલામાં આવે છેને જ્ઞાતા..

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વંદે તદ્ગુણ લબ્ધયે. એ એનો .. છે. તેમને વંદન કરવાથી એમના ગુણ છે એ મને મળશે. આહા..હા..! વિશેષ વાત કરશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૧૧, મંગળવાર, તા. ૧૯-૧૦-૧૯૭૬, કળશ-૯૮-૯૯, પ્રવચન નં. ૨૦૬

સમયસાર, ગાથા સળંગ, શ્લોક-૯૮. ૯૭ શ્લોક થઈ ગયા છે.

(शार्दूलविक्रीडित)

कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि
द्वन्द्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः।
ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति-
र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किम्।।९८।।

કહે છે કે '**कर्ता कर्मणि**' મિથ્યાત્વના પરિણામનો કર્તા અજ્ઞાની પરિણામ વિકલ્પ એ મારા છે એવો જે મિથ્યાત્વભાવ એ મિથ્યાત્વભાવરૂપે પરિણમેલ આત્મા એ '**કર્તા નક્કી કર્મમાં નથી,...**' એ કાંઈ જડકર્મમાં એ કર્તા નથી. સમજાય છે કાંઈ? મિથ્યાત્વના પરિણામનો કર્તા જીવ. અત્યારે એ વાત લેવી છે. મિથ્યાત્વ કરે છે એ અજ્ઞાનભાવ છે, પણ મિથ્યાત્વના પરિણામનો કર્તા જીવ એ જડકર્મના અંદર અસ્તિ એની નાસ્તિ છે. મિથ્યાત્વના પરિણમનનો કર્તા જીવ, તે જીવના પરિણામની જડકર્મમમાં નાસ્તિ છે. કહો, સમજાય છે?

'**કર્તા નક્કી કર્મમાં નથી, અને કર્મ છે તે પણ નક્કી કર્તામાં નથી—**' અને જડકર્મ ને જ્ઞાનાવરણાદિની પુદ્ગલની જે પર્યાય એ મિથ્યાત્વ પરિણમન જીવમાં એ કર્મ નથી. સમજાય છે કાંઈ? પછી કહેશે આગળ જ્ઞા.. કર્મ કર્તા પરનો નથી એથી એ જ્ઞાતા છે, એવી દૃષ્ટિ એની ધર્મીની થઈ જાય છે. આહા..હા..! ધર્મીની દૃષ્ટિ જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ બ્રહ્મ, આનંદકંદ, એ સ્વશક્તિના સામર્થ્યને જાણતો અશુદ્ધપણે પણ પરિણમતો નથી. પણ અહીં તો હજી પહેલું એ લેવું છે અશુદ્ધ મિથ્યાત્વપણે પરિણમનાર જીવ એ જડકર્મની પર્યાયમાં આ નથી. અને કર્મની પર્યાયમાં મિથ્યાત્વ પરિણમન જીવ એ કર્મની પર્યાય અહીં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કર્તા નક્કી કર્મમમાં નથી, અને કર્મ છે તે પણ નક્કી કર્તામાં નથી—એમ જો બન્નેનો પરસ્પર નિષેધ કરવામાં આવે છે...**' આહા..હા..! '**तदा कर्तृकर्मस्थितिः का**' '**તો કર્તાકર્મસ્થિત શી?**' તો આત્મા અશુદ્ધ પરિણામને કરે, પણ કર્મને જડને ન કરે અને જડ જડની પર્યાયને કરે એ જડની પર્યાય મિથ્યાત્વના પરિણામને ન કરે. સમજાય છે કાંઈ? એવી રીતે છો તો પછી કર્તાકર્મ ક્યાં રહ્યું? કે આત્મા કર્તા છે અને કર્મ પર્યાયનું કાર્ય છે. સમજાય છે કાંઈ આ વાત ઝીણી છે. અને કર્મ પર્યાય કર્તા છે અને જીવના મિથ્યાત્વ

પરિણામ તેનું કર્મ નામ કાર્ય છે એમ પણ નથી. એકબીજામાં તો અભાવ છે. કહો, દેવીલાલજી! સમજાય છે કાંઈ આમાં? શરીર, વાણી, મનની ક્રિયાનો કર્તા તો આત્મા અજ્ઞાનભાવે પણ નથી. અને અજ્ઞાનભાવે કર્મની પર્યાયનો કર્તા નથી એમ કહેવું છે. સમજાય છે કાંઈ? ક્યાં ભાઈ ગયા? પ્રવિણભાઈ. નહિ આવ્યા હોય. ઠીક. સમજાય છે કાંઈ?

આ રીતે જ્યારે પરસ્પર દ્વંદ્વ છે, ભિન્ન છે તો પછી કર્તાકર્મની મર્યાદા ક્યાં રહી? કે આત્મા મિથ્યાત્વને પણ કરે અને કર્મની જ્ઞાનાવરણાદિ જડની પર્યાયને કરે અને જડની પર્યાય જડને કરે અને જડની પર્યાય જીવના મિથ્યાત્વને કરે, એવું પરસ્પર દ્વંદ્વ જ્યાં ભિન્ન છે આ ક્યાં રહ્યું હવે? સમજાય છે કાંઈ? આહા..હા..!

'**(અર્થાત્ જીવ-પુદ્ગલને કર્તાકર્મપણું ન જ હોઈ શકે.)**' છે? બે જ્યાં ભિન્ન ચીજ છે ત્યાં કર્તાકર્મ ક્યાંથી હોઈ શકે? આહા..હા..! દુનિયા માને છે. કરે શું ધૂળ? ભ્રમણા છે. આહા..હા..! તન-મન-ધન-વચન એ ચીજ પરપુદ્ગલ છે. તન-મન-ધન-વચન એ ત્રણ તો અહીં રહ્યા તન-મન અને વચન અને ધને જરી જુદું રહ્યું થોડું. એનો એ પર્યાયનો કર્તા આત્મા નથી. લક્ષ્મીને લાવે કે લક્ષ્મીને આપી શકે એ આત્માનું કાર્ય નથી. આહા..હા..! કે લક્ષ્મીને રાખે એ આત્માનું કાર્ય નથી. એનું કાર્ય તો અજ્ઞાનમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું કાર્ય છે. તો પછી જ્યારે મિથ્યાત્વ અને અશુદ્ધ પરિણામનો કર્તા જ્યારે પોતે તો એનું કર્મ અશુદ્ધ પરિણમન પોતાનું, એમાં એ કર્તા પોતે અને જડકર્મ એનું કર્મ એમ કોઈ રીતે હોઈ શકે નહિ. બરાબર છે? અને જડકર્મની પર્યાય કર્તા અને જીવના મિથ્યાત્વ પરિણામ એનું કર્મ ભિન્ન ચીજ દ્વંદ્વ છે ત્યાં બેમાં કર્તાકર્મ કેમ સંભવે? આહા..હા..! સમજાય છે કાંઈ?

'**ज्ञाता ज्ञातरि,**' હવે ફેરવી નાખ્યું પાછું. અશુદ્ધ પરિણામ લીધા હતા. હવે તો જ્યારે અશુદ્ધ પરનો કર્તા નથી, એમ જ્યારે નિર્ણય થયો અને પર મારા વિકારનો પણ કર્તા નથી એમ નિર્ણય થયો તો વિકારની પર્યાય પણ મારામાં નથી. સમજાય છે કાંઈ? આ લોકોની મોટી તકરાર છેને કે વ્યવહારથી નિશ્ચય થાય. આ તકરાર મોટી અત્યારે પંડિતો વચમાં. વ્યવહાર તો રાગ છે એ તો વિકલ્પ છે. એનાથી સમ્યગ્દર્શન કેમ થાય? એ તો જ્ઞાનની પર્યાયથી જ્ઞાતા જણાય, કાંઈ રાગની પર્યાયથી જ્ઞાતા જણાય એવું તો સ્વરૂપ નથી. ફુલચંદજી!

**શ્રોતા :-** પરંપરા છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરંપરા એમ હોય તો વ્યવહારના વચન છે પરંપરા. આહા..હા..! આકરી વાત. બધા એ જ જૈનદર્શન આવ્યું છે, ખુબ લખ્યું છે બધું. એ લોકો વાણીને પરસ્ત્રી સમાન કહે છે, એમ નથી, બાપુ! પરસ્ત્રી એટલે સ્ત્રી જેમ પર છે, એમ વાણી પર છે એમ પરસ્ત્રી એમ હોય? એ ભાઈએ નાખ્યું સોગાનીએ. સોગાનીએ નાખ્યું છેને? આહા..હા..! અરે.. પ્રભુ! આચાર્યો એમ કહે છે કે જેમ સ્ત્રી આ દ્રવ્યથી પરદ્રવ્ય છે એમ વાણી અને સર્વજ્ઞદેવ પણ આ દ્રવ્યથી પરદ્રવ્ય છે. અને પરદ્રવ્યમાં બુદ્ધિ જાય ત્યાં શાસ્ત્રમાં બુદ્ધિ

જાય તો વ્યભિચારિણી કીધી છે. લોકોએ સાંભળ્યું નથી.

અને વાણી અને વીતરાગ સર્વજ્ઞને ૩૧ ગાથામાં તો ઇન્દ્રિયનો વિષય કહીને ઇન્દ્રિય કીધી છે. ૩૧ ગાથામાં. આ મૂળ વાત એ છે. તત્ત્વના શાસ્ત્રો જે છે અધ્યાત્મના એનું વાંચન નહિ અને એથી કાંઈ કાંઈ ગડબડ ઉઠાવી જગતે. આહા..હા..!

અહીંયાં તો પરદ્રવ્ય ઉપર લક્ષ જાય તોપણ શાસ્ત્રમાં બુદ્ધિ જાય તો વ્યભિચારણી. પદ્મનંદિ પંચવિંશતિમાં કહ્યું છે. શાસ્ત્રમાં બુદ્ધિ જાય એ શાસ્ત્રમાં જાળ-જાળ કીધો છે. પરદ્રવ્યમાં વિકલ્પ છેને, ભલે શુભ હો. તારાચંદજી! આવી વાત છે. આ પણ આ વાત મૂકે, પુણ્યને વિષ્ટા કીધી એ મૂકે. અને જ્ઞાનપ્રજ્ઞાનપન હવે છે શું કહેવાય? સમ્યગ્જ્ઞાન દિપીકાનું એ મૂક્યું પાછું. આ લોકો આમ કહે છે. પણ કોનું છે? કાંઈ ખબર જ નથી.

આચાર્ય પોતે કહે છે કે અમે તારાથી પરદ્રવ્ય છીએ, અમારા ઉપર લક્ષ જતાં તને રાગ જ થશે. અને રાગ તે વ્યભિચાર છે, વિકાર છે. આહા..હા..! આવી વાત લોકોએ સાંભળી નથી એટલે એને એવું લાગે. ભાઈ! જન્મ-મરણરહિત થવાની માર્ગની દશા આ છે. બાપુ! તારું સ્વરૂપ તો જ્ઞાનઘન છે. આહા..હા..! તું તો ચૈતન્યસ્વરૂપ છો. અવિભાગ આવે છેને આમાં? પછીના કળશમાં આવશે. આહા..હા..! **'चित्-शक्तीनां निकर-भरतः'** પછી આવશે. પછીના ઓલામાં આવશે. આ કળશ પછી.

આત્મા એક સમયની પર્યાયમાં જે ભૂલ છે એ દૃષ્ટિ છોડી દ્યો તો એ વસ્તુ તો જ્ઞાનનો પિંડ ચિદ્‌ઘન ચિદ્રૂપો અહં. અન્યમતમાં કહેવાય છેને? શિવોહં... શિવોહં... શિવોહં... તો શિવોહં આ આત્મા છે. નિરૂપદ્રવ્યરહિત-રાગનો ઉપદ્રવ્ય પણ જેમાં નથી. જે વ્યવહાર છે, વિકલ્પ છે એ ઉપદ્રવ્ય છે, દુઃખ છે, આકુળતા છે. આહા..હા..! ભગવાન આત્મા શિવહોં નિરૂપદ્રવ્ય નમોત્થુણંમા આવે છે. શિવમયો.. નથી આવતું? અર્થ તો એ અર્થની પણ ખબર ન હોય. એમ ને એમ હાંકે રાખે ગાડા. શિવં અયણં અરોયં.. શિવરૂપ છો પ્રભુ આપ. સિદ્ધ ભગવાનને કહે છે. શિવ એટલે આ શંકર એ નહિ. રાગ અને પુણ્ય-પાપના ઉપદ્રવરહિત પ્રભુ આપ છો. તો આત્મા પણ એ રાગ અને પુણ્ય-પાપના ઉપદ્રવરહિત જ ભગવાન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

અને ઓલું તો એ જ્ઞાનદિપીકાની વાત છે. હવે એ પણ નાખી ભેગી અહીંના નામે. સોનગઢવાળા આમ કરે છે માટે એ દિગંબર ધર્મથી વિરૂદ્ધ છે. ઓહો..! પ્રભુ! શું કરે છે, ભાઈ! દિગંબર ધર્મ કોણ? દિગંબર કોઈ પક્ષ છે? આત્મા વીતરાગી સ્વરૂપ છે ત્રિકાળી જ્ઞાનઘન. ભગવત્ સ્વરૂપ છે એની દૃષ્ટિ કરવી એ દિગંબર ધર્મની સમકિતદશા છે. એ જૈનદર્શન છે. આહા..હા..! એ સ્વરૂપ જે ચિદ્‌ઘન આત્મા જ્ઞાનપિંડ છે એ સમજણનો તો પિંડ છે. જેમ રૂનો, કપાસનું ધોકડું હોય છેને ધોકડું? શું કહે છે? ગાંઠ મોટી. એમ આ પણ જ્ઞાનની ગાંઠ મોટી છે. આનંદઘન છે. આહા..હા..! પણ એ સમ્યગ્દર્શનનો વિષય છે એને જોયો ન હોય,

જાણ્યો નથી એથી એને એમ લાગે છે કે આ બધો આત્મા કરે નહિ, આ નથી કરતો? આહા..હા..!

પરનો કર્તા ન માને એ દિગંબર નથી. પ્રભુ! આવું ક્યાંથી કાઢ્યું તે ભાઈ? અહીં ઓલા લૂગડાસહિત છેને એ સાધુ નથી. એથી એને લૂગડારહિત દિગંબરને સાધુ મનાવીને અહીં સાધુ નથી માટે શ્વેતાંબર છે એમ કહે. અરે.. ભગવાન! પ્રભુ એમ નથી. અમે સાધુ નથી. અમે એમ ક્યાં કહીએ છીએ કે અમે મુનિ છીએ. સાધુ તો જેને અંતર ત્રણ કષાયનો નાશ થયો હોય, જેની નગ્નદશા થઈ હોય, જેને વસ્ત્રનો કટકો પણ લેવાની વૃત્તિ ન હોય, જેને માટે કરેલો આહાર-પાણી લેવાનો પ્રાણ જાય તો પણ વૃત્તિ ન હોય, એ જંગલમાં વસતા હોય એને મુનિ કહેવામાં આવે છે. આહા..હા..! આ તો સમ્યગ્દર્શન શું છે. એને વિષય શું છે? એ વાત અહીં તો છે. તારાચંદજી! પ્રથમ ભૂમિકાની વાત છે અહીં તો.

અહીં કહે છે કે જ્યારે '**કર્તા નક્કી કર્મમાં નથી,...**' એટલે જીવ મિથ્યાત્વનો કર્તા હોય, આમાં એ છે પહેલું. ૯૮. તો ભ્રમણા કરે. હું જ્ઞાનસ્વરૂપ છું એમ છોડી દઈને વિકલ્પ અને રાગનો કર્તા છું, રાગ મારું કર્મ નામ કર્તવ્ય છે એમ ભ્રમણા કરે. પણ ભ્રમણા કર્તા થઈને કરે, માટે જડની-કર્મની પર્યાય આત્મા કરે એ આત્માનું કર્મ છે જ નહિ. આહા..હા..! એટલે કર્તામાં કર્મ નથી અને કર્મમાં કર્તા નથી. એટલે જે મિથ્યાત્વનો કર્તા છે એવું જે કર્મ જડનું જડકર્મ એ અહીંયાં મિથ્યાત્વના કર્તામાં આ નથી. આહા..હા..! ઝીણું બહુ બાપુ!

હવે કહે છે એ તો આગળ છોડી દીધું કે '**ज्ञाता ज्ञातरि, कर्म सदा कर्मणि**' આહા..હા..! એમ જ્યારે પરના કર્તાપણાની બુદ્ધિ ગઈ ત્યારે સ્વચૈતન્ય જ્ઞાયક છું એ દૃષ્ટિ થઈ. સમજાય છે કાંઈ? આહા..હા..! અરે.. ક્યાં એને કરવું છે? જાવું છે? આહા..હા..! જુઓને ક્ષણમાં ચાલ્યા જાય છે દેહ. આહા..હા..! સાંભળ્યુંને ભાઈ! પન્નાલાલ આવ્યા હતા બિચારા ઉલ્લાસબેન. હમણા હજી બહેનને વધાવે છે, ફોટામાં છે બધું. આહાર વહોરાવે તે ફોટામાં છે. એમના ઘરે આહાર કરે. એક ક્ષણમાં ઊડી ગયા લ્યો. આહા..હા..!

પણ એ દેહ ક્યાં એનો હતો? આ તો માટી-જડ-ધૂળ છે. આહા..હા..! એને આત્મા રાખી શકતો નથી. આ પન્નાલાલ. હમણા આવ્યા હતાને. ગજરાજજીના દિકરા. આપણે ઉલ્લાસબેન છેને એનો તાર આવ્યો છે ગુજરી ગયા. પન્નાલાલની વહુ. અહીં હતાને. આહા..હા..! અહીં નિરોગ શરીર હતું. ફોટામાં આવ્યા છેને બહેનના. એમાં આવ્યું છે. બાપુ! શરીર આ તો માટી સપના જેવું છે. આહા..હા..! આંખ ઉઘાડીને સપનું નથી એમ જ્યાં દેહ છૂટ્યો. છે જ નહિ કાંઈ એ ભગવાન ચિદાનંદ મૂર્તિ છે એ તો. આહા..હા..! અરેરે.. ક્ષણમાં કાંઈ આ બેસી જાય અંદર. પસીનો એકદમ થવા માંડે અને લોહી છે એ ચોસલામાં.. થઈ રહ્યું એક શ્વાસ ન લેવાય એને હાર્ટફેઈલ કહે છે.

પહેલા જૂની રૂઢીમાં હાડકા ભીંસાતા એમ કહેતા. પહેલાં નાની ઉંમરમાં એવું સાંભળતા.

છાતીના પાટિયા ભીંસાય છે એમ કહે. હવે આ હાર્ટફેઈલની ભાષા આવી. પહેલાં આપણે કાઠિયાવાડમાં જૂની આ ભાષા હતી કે હાડકા નામ શું કહેવાય? પાટિય ભીંસાય છે. એટલે શું ઓલું શ્વાસ ન લઈ શકે. લોહી છે એ જામી જાય બરફની પેઠે. પસીનો એકદમ નીકળે બહાર, મુંઝવણ થઈને ચોસલાની જેમ... એ શ્વાસ ન લઈ શકે. એટલી મુંઝવણ હોય એને. ઊડી જાય ફડાક દઈને. એ તો સ્થિતિ હોય તે સમયે તે થવાનું છે. એમાં લાખ વૈદ્ય ઉતરે મોટા ડોક્ટર અને કરોડ ખર્ચે તો રહી જાય એક સમય વધારે, એ ત્રણકાળમાં બને એવું નથી. આહા..હા..!

અહીં કહે છે કે હવે તું જ્યાં સુધી એ સ્થિતિ ન થઈ ત્યાં સુધી સમજી લેને બાપુ! સમજાણું કાંઈ? દુનિયા માને, ન માને એની સાથે સંબંધ નથી. આ ચીજ કોઈ જુદી છે તત્ત્વની. અહીં તો જ્ઞાતા કીધુંને? ભગવાન આત્મા તો જાણકસ્વભાવ જ્ઞાતા છે. વિકલ્પથી રાગ શુભથી માંડીને આખું જગત, એ જગતથી જગતેશ તદ્દન જુદો છે. આહા..હા..! એમ જિનવર કહે છે પણ અહીં તને સમજાય એવું નથી. એમ કહે છે. આહા..હા..!

જે આ વિકલ્પ છે એ શુભ હો ભલે. પણ એ પણ અચેતન રાગ છે એ કાંઈ આત્માની ચીજ નથી અને એ અચેતન રાગ ચેતનનું જ્ઞાન કરાવે એવી તાકાત અચેતનમાં ન હોય. આહા..હા..! એટલે વ્યવહાર છે તે નિશ્ચયને પમાડે તે તાકાત વ્યવહારમાં નથી એમ કહે છે. આહા..હા..! શું થાય? પ્રભુના વિરહ પડ્યા અને તત્ત્વજ્ઞાનના અવધિ જ્ઞાની કે મનઃપર્યયજ્ઞાની રહ્યા નહિ અને ફક્ત શ્રુતજ્ઞાનને આધારે, ભાવશ્રુતને આધારે દશા રહેવાની. હવે એને આ બીજાને સમજવું, સમજાવવું એ વિકલ્પ છે. આહા..હા..!

કહે છે, **'ज्ञाता ज्ञातरि,' 'જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે...'** ભાષા દેખો! પહેલું ઓલું કર્તામાં અશુદ્ધ પરિણમન હતું ભાઈ! કર્તાકર્મમમાં અશુદ્ધ પરિણમન લીધું પહેલું કે અશુદ્ધ... કળશટીકામાં એ લીધું છે, કર્તા કર્મમમાં નથી, કર્મ કર્તામાં નથી એટલે કે આત્મા અજ્ઞાનભાવે મિથ્યાત્વનો કર્તા છે તે કર્તામાં જડની કર્મની.. નથી. જડની અવસ્થારૂપી કર્મ એમાં નથી અને જડની કર્મની અવસ્થાનું કર્મ કર્તાનું નથી અને કર્તાનું એ કર્મ નથી અને એ કર્મનું આ મિથ્યાત્વ પરિણામ તે પણ કર્મ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? હવે તો ત્યાંથી ઉડાવી દીધી વાત.

છઠ્ઠી ગાથામાં એમ કહ્યું ને કે પરદ્રવ્યની પર્યાય ઉપરથી લક્ષ છોડ્યું એટલે સ્વદ્રવ્યમાં જાય છે. પછી કહે છે કે રાગનો કર્તા તો આમ જાય છે. એટલે અહીં જ્યાં પરદ્રવ્યનો કર્તા હું નથી એવો કાંઈ સંબંધ જ નથી એમ જ્યાં અંદરમાં નિર્ણય આવ્યો એટલે એ લક્ષ એકદમ દ્રવ્ય ઉપર ગયું. સમજાણું કાંઈ? અરે.. આવી વાતું હવે.

ઓલું કાંઈક દયા પાળવી, વ્રત કરવા કે અપવાસ કરવા એ સમજાય. દાન કરવાનું કહે પાંચ-પચાસ હજાર આપો જાવ, પણ એમાં ધૂળમાં ધર્મ ક્યાં હતો ત્યાં? તારા દાન કરોડ

આપને. રાગની મંદતા હોય તો પુણ્ય થાય, પુણ્ય થાય એ પણ રાગ છે. જન્મ-મરણ રહિત થવાનો એ ઉપાય નથી બાપુ! આહા..હા..! આ ચોર્યાસીના અવતાર કરી કરીને દુઃખી છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ સ્વભાવ જે આત્મા જ્ઞાતા છે. છેને જ્ઞાતા? તે '**સદા જ્ઞાતામાં જ છે...**' એ રાગના ભાવમાં પણ નથી. આહા..હા..! એ જ્ઞાતા જડકર્મમાં તો નથી. પણ જ્ઞાતા એના રાગના મિથ્યાત્વભાવમાં પણ નથી. આહા..હા..! આવી દૃષ્ટિ અંતરની થવી એનું નામ સમ્યગ્દર્શન ધર્મની શરૂઆત છે. જન્મમરણના અંતની વાતું બાપા છે અહીં તો. આહા..હા..! આખી ધૂળધાણી. અબજોપતિ અનંતવાર થયો, ભિખારાની પેઠે ચળવળ કરીને મરી ગયો. આહા..હા..!

બ્રહ્મદત ચક્રવર્તી લ્યોને. આહા..હા..! ૭૦૦ વર્ષનું આયુષ્ય. છન્નું હજાર તો સ્ત્રી, છન્નું કરોડ પાયદળ. સાતસો વર્ષમાં ચક્રવર્તીપદ તો કાંઈ જન્મથી હોય નહિ કાંઈ. અમુક વખત ભોગવ્યું. આહા..હા..! એ સાતસો વર્ષના જે શ્વાસ થાય એક શ્વાસનું એનું ફળ એને સાતમી નરકમાં ૩૩ સાગરમાં કેટલા લાખ કીધું? ક્યાં ગયા ધનજીભાઈ? ૧૧ લાખ, ૫૬ હજાર પલ્યોપમ હોં. આ વાત લોકોને બેસે નહિ કઠણ. એક શ્વાસમાં એણે જે કાંઈ ચક્રવર્તીપદ સન્મુખમાં એને રાગનો જે અનુભવ થયો અશુભનો... આહા..હા..! એના ફળ તરીકે સાતમી નરકે ગયો, હીરાના ઢોલીયા હતા. ઢોલીયાને શું કહેવાય? પલંગ. હિરાના પલંગ. અને માથે પંખા ફરે, હજાર દેવ સેવા કરે, ચૌદ હજાર દેવ સેવા. આહા..હા..! એમાં એક હજાર દેવ તો એની રાણીની સેવા કરે. એ સ્થિતિમાં કુરુમતિ.. કુરુમતિ... રાણીનું નામ. હજાર દેવ સેવા કરે મોટી રાણીની. છન્નું હજારમાં. એના ઉપર એને પ્રેમ થયો. કુરુમતિ. દુઃખી છે એટલે રાડ નાખી. આહા..હા..! એ ત્યાંથી નીચે સાતમી નરકે. એક ક્ષણમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ફરી ગયા. આહા..હા..!

અરે.. પ્રભુ તું ક્યાં છો? અને કઈ રીતે તારી દશા છે? ભગવાન! તે જાણી નથી, ભાઈ! આહા..હા..! એના એક શ્વાસમાં એટલા લાખ પલ્યોપમ હોં. એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવા ૧૧ લાખ પલ્યોપમ એક શ્વાસના. કારણ કે તીવ્ર પિડા, વિકાર કરેલો. ઓહો..! ભગવાન જ્ઞાતા સ્વભાવનો અનાદર, અશાતના કરી અને પુણ્ય-પાપના ભાવનો આદર અને સત્કાર કરીને પિડાઈ ગયો એમાં. આહા..હા..! એના ફળમાં એક શ્વાસમાં ૧૧ લાખ આદિ પલ્યોપમનું દુઃખ હજી તો થોડા વર્ષ થયા છે. ૮૫ હજાર વર્ષ. બ્રહ્મદત્ત છેને? હજી તો કેટલા અબજો વર્ષ. હજી તો પલ્યોપમ પણ ગયો નથી. પલ્યોપમનો અસંખ્ય ભાગ પણ ગયો નથી. આહા..હા..!

અરે.. જેમ કેવળજ્ઞાનનું અસ્તિત્વ સ્વીકારે એમ જગતમાં ૩૩ સાગરવાળો નારકીનું દુઃખનો અંદર ખ્યાલ આવે અને સ્વીકારે, આવું અસ્તિત્વ છે જગતમાં. આહા..હા..! સમજાય છે કાંઈ? જેમ સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાનથી અનંત આનંદમાં સુખી છે એમ નારકીના જીવો

અનંત દુઃખમાં દુઃખી છે. આહા..હા..! આ જ્ઞાતારા પણ એમ જાણ્યું કે હું તો જ્ઞાન સ્વરૂપ છું. ચિદ્રૂપોહં ત્રિકાળ શાશ્વત હું તો જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવવાળો જ હું આત્મા છું. મારામાં રાગ પણ વિકલ્પ, દયા, દાન, વ્રત છે એ પણ વિકલ્પ છે. એ રાગ મારામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અંતરનો માર્ગ ઝીણો એટલે લોકોને એવું લાગે એને કાંઈક કાંઈક વ્યવહારથી થાય, પણ બાપુ વ્યવહાર છે એ તો રાગ છે, દુઃખ છે. એનાથી ભગવાન અનાકુળ આનંદ કેમ પમાય? એ તો આનંદની દશા અને જ્ઞાનની દશાથી પમાય, એના સ્વભાવના પર્યાયથી પમાય. રાગની પર્યાયથી પમાય નહિ. આહા..હા..! આવું સ્વરૂપ જ છે સર્વજ્ઞ ભગવાન તીર્થંકર દેવ ત્રિલોકનાથ જિનેશ્વર પરમાત્મા એ રીતે ફરમાવી રહ્યા છે. આહા..હા..! ભગવાને જે જોયું તે જાણ્યું અને તે કહ્યું છે. આહા..હા..! ભાઈ! તું કોણ છો? તું જડની પર્યાયનો પરનો કર્તા તો નથી, પણ તારા પરિણામ મિથ્યાત્વના થયા માટે તું કર્મનો કર્તા છો એ પણ નથી. આહા..હા..! ભગવાન! તું તો જ્ઞાતા છોને. સ્ત્રી-પુરુષ-નપુંસક લિંગ એ સ્વરૂપમાં નથી. મનુષ્ય, તિર્યંચ, દેવ, ગતિ એ સ્વરૂપમાં નથી અને તે ગતિના કારણો શુભાશુભભાવ એ પણ સ્વરૂપમાં નથી. આહા..હા..!

એવો જે જ્ઞાતા. છે? **'સદા જ્ઞાતામાં જ છે...'** દેખો! એ જ્ઞાતા તો જ્ઞાતામાં જ સદાય છે એ કદી રાગમાં અને પરમાં આવ્યો નથી. માન્યું ભલે હોય કે રાગમાં હું છું, રાગ મારું કર્તવ્ય છે, એ માન્યતા કરી હોય છતાં રાગમાં આવ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ૨૦૦ ગાથામાં કહ્યું છેને પ્રવચનસાર. એ તો જ્ઞાયક તે જ્ઞાયક જ રહ્યો છે. એ ચૈતન્યરસ, ચૈતન્યસ્વભાવ, ચૈતન્યરૂપ ચિદ્રૂપોહં. એ ચિદ્રૂપસ્વભાવ શાશ્વત વસ્તુ તે હું છું. એમ જ્યાં અંતરદૃષ્ટિમાં અનુભવમાં આવે ત્યારે કહે છે જ્ઞાતા તો જ્ઞાતા જ ત્રિકાળ રહેલો છે. એ કોઈ દિ' રાગમાં અને વ્યવહારમાં આવ્યો નથી. આહા..હા..! વ્યવહાર તો મનનો ધર્મ છે, રાગ-ચિંતા-વિકલ્પો. આહા..હા..!

એ મનથી પણ રહિત છે, તનથી પણ રહિત છે, વચનથી રહિત છે, ધનથી રહિત છે, આત્મામાં મગ્ન છે. આહા..હા..! આકરું ભારે પણ. આ બહારની બધી જંજાળ એમાંથી દૃષ્ટિને ખસેડવી, અહીં તો કહે છે કે વિકલ્પ જે ઊઠે છેને શુભ, એનાથી દૃષ્ટિને ઉઠાવી લે. કેમકે એ વિકલ્પસ્વરૂપમાં નથી. જો તારું સ્વરૂપ છે એવી તારે શ્રદ્ધા અને પ્રતીત કરવી હોય તો તું વિકલ્પ ઉપર દૃષ્ટિ ઉઠાવી લે. કારણ કે એમાં વિકલ્પ છે નહિ. એ તો જ્ઞાતા છે કીધું ને? આહા..હા..! સમજાય છે? ભાષા તો સાદી છે. ભાવ ભલે ઊંચા હોય પણ વસ્તુ તો આવી છે. સંપ્રદાયમાં આ બધા ગોટા ઉઠ્યાને એટલે અહીંની વાત એને એવી લાગી કે એય..! એકાંત છે... એકાંત છે... પ્રભુ! તારા સુખની વાત છે, તારા હીતની વાત છે, બાપુ! આહા..હા..! એ ભગવાન વિકલ્પથી, વ્યવહારથી જણાય એવો નથી. કારણ કે રાગ

અચેતન, અંધકાર છે એ અંધકારથી પ્રકાશ જણાય? સૂરજના પ્રકાશને અને રાત્રીના અંધકારને કેટલો ફેર છે? અમાસની રાત્રીનો અંધકાર અને સૂરજનો પ્રકાશ એવો રાગ અને સ્વભાવને અંતર છે એટલું. આહા..હા..! આવો .. છે. આહા..હા..!

એ તો ચૈતન્ય જ્યોતિ ઝળહળ કીધું ને? **'જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે...'** આ શબ્દમાં કેટલુંય છે. આહા..હા..! એ જાણનાર.. જાણનાર.. જાણનારમાં જ છે. જાણનાર પરને જાણે એમાં એ નથી. આહા..હા..! જાણનાર પોતાને જાણે એમાં એ પોતે છે. આહા..હા..! અરે..! અહીં સુધી જેને જાવું છે એને કેટલી તૈયારી જોઈશે! આહા..હા..! **'જ્ઞાતા સદા જ્ઞાતા...'** સદા જ્ઞાતા. ત્રિકાળ જ્ઞાતા છે. આહા..હા..! એ જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા કદી રાગમાં આવ્યો નથી, તો રાગમાં આવ્યો નથી તો રાગથી જીવને લાભ થાય, બાપુ! જીવ એવો છે નહિ. આહા..હા..! રાગ ઉપરથી દૃષ્ટિ ઉઠાવ. જ્યાં પડ્યો છે ભગવાન પૂર્ણાનંદ ભગવત્‌સ્વરૂપ છે તું. આહા..હા..! તેમાં દૃષ્ટિ દે તો જ્ઞાતા સદા જ્ઞાતા જ રહ્યો છે. આહા..હા..! છે?

**'અને કર્મ સદા કર્મમમાં જ છે...'** કર્મ કર્મમાં જડમાં, રાગે રાગમાં. આહા..હા..! સમજાય છે કાંઈ? પહેલું જડમાં આત્મા નથી અને આત્માના અશુદ્ધ પરિણામમાં જડ નથી. એટલું સિદ્ધ કરીને ઉઠાવી નાખ્યું પાછું. ભગવાન આત્મા ચિદ્રૂપ, જ્ઞાનસ્વરૂપ, ચિદ્‌ઘન, આનંદકંદ, આનંદનો ઈશ્વરનો સ્વભાવથી ભરેલો ભગવાન છે. એ અપરિમિત છે, એના સ્વભાવની શક્તિ અપરિમિત છે, મર્યાદા નથી. એવો એ જ્ઞાતા સદા જ્ઞાતા જ છે. એવી અંતરમાં દૃષ્ટિ થવી. આહા..હા..! એને પ્રથમ ધર્મની શરૂઆત સમ્યગ્દર્શન કહે છે. હવે આ થયા વિના એકદમ એમ કે આત્મા આત્મા તમે વાતું કરો છો. પણ મુનિપણું અને ચારિત્ર લ્યો તો ખબર પડે. ત્યારે સાચું કહેવાય. એ આવ્યું છે આમાં. અરે.. બાપા! મુનિપણું કોને કહેવું, ભાઈ! ધન્ય અવતાર છે. મુનિપણું હોય એ તો ધન્ય અવતાર છે, જેને અંતરના અતીન્દ્રિય આનંદની છોળું ઉઠી છે. આહા..હા..! જેને પંચમહાવ્રતનો વિકલ્પ ઉઠે છે એ દુઃખદાયક લાગે છે. જેની શાંતિમાં પરની દયા પાળવાનો ભાવ પણ જેની શાંતિમાં હિંસા કરે છે. આહા..હા..! એવું જે સ્વરૂપ એ તો **'જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે અને કર્મ સદા કર્મમાં જ છે...'** જડમાં જડ અને રાગમાં રાગ. આત્મામાં એ રાગ અને કર્મ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'इति वस्तुस्थितिः व्यक्ता'** ભાષા દેખો! **'इति'** વસ્તુની મર્યાદા પ્રગટ છે. આહા..હા..! આ રીતે ભગવાન આત્મા જ્ઞાતામાં છે એ વસ્તુની સ્થિતિ પ્રગટ છે. રાગ ને કર્મ. કર્મમમાં છે એ પણ વસ્તુની સ્થિતિ પ્રગટ છે. આહા..હા..! ઓલો વ્યવહારને સાધન કહ્યું છેને એ કોઈ ઠેકાણે એટલે ભાઈ સાધન તો આરોપિત છે, પ્રભુ! નહિતર તો વિરોધ થાય, પૂર્વાપર વિરોધ થાય. એકકોર કહે કે સમ્યગ્દર્શન પામવામાં પરની કોઈ અપેક્ષા છે જ નહિ. વ્યવહારની અપેક્ષા નથી એકકોર એમ કહે ત્યાં બીજી કોર એમ કહે વ્યવહારથી પામે એ તો વિરોધ

થયો. પૂર્વાપર વિરોધ થયો. એવા વીતરાગના વચન હોય? આહા..હા..!

**'એવી વસ્તુસ્થિતિ...'** છે? એ પ્રમાણે વસ્તુની મર્યાદા વ્યક્ત નામ પ્રગટ છે. જ્ઞાતા જ્ઞાતાપણે છે, રાગ ને કર્મ રાગ ને કર્મપણે છે. એમ બે વસ્તુની સ્થિતિ પ્રગટ છે. **'तथापि बत' 'તોપણ અરે!' 'बत'** એ ખેદ કર્યો છે. **'તોપણ અરે!'** આવી સ્થિતિ હોવા છતાં પ્રભુ **'नेपथ्ये एषः मोहः किम् रभसा नानटीति'** અરે.. પંથ વિનાના માર્ગમાં **'मोहः किम् रभसा नानटीति'** આહા..હા..! **'નેપથ્ય...'** એ પંથ નથી રાગનો એના વિનાનો રાગ છે એમાં. **'મોહ કેમ અત્યંત જોરથી નાચી રહ્યો છે?'** આહા..હા..! જે પંથ વિનાનો નિપથ્ય માર્ગ છે એમાં નાચી રહ્યો છે. આહા..હા..! જ્યાં હોય ત્યાં અભિમાન, રાગ મેં કર્યો, પુણ્ય મેં કર્યા એનું અભિમાન, એનું ગર્વ. આહા..હા..! અરેરે..! આ મોહ કેમ નાચી રહ્યો છે? આચાર્ય ખેદ કરે છે.

અરે..! **'નેપથ્યમાં આ મોહ કેમ અત્યંત જોરથી નાચી રહ્યો છે?' 'नेपथ्ये एषः मोहः किम् रभसा'** જોરથી. **'नानटीति'** નાચી (રહ્યો છે). આહા..હા..! હું રાગનો કર્તા, કર્મનો હું કર્તા, શરીર, વાણી, મનની ક્રિયાનો કર્તા એ તો વળી બહુ સ્થૂળ થઈ ગયું, પણ જે પ્રમાણે વીતરાગના સ્વભાવથી વિરૂદ્ધ થઈને પરિણામ કર્યા એ પરિણામ પ્રમાણે ત્યાં કર્મની સ્થિતિ બંધાય. છતાં તેનું તે કાર્ય મિથ્યાત્વનું નથી. અશુદ્ધ પરિણામનું એ જડકર્મનું કાર્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'(એમ આચાર્યને ખેદ અને આશ્ચર્ય થાય છે.)'** છેને? આહા..હા..! અરે.. આ શું થયું પ્રભુ? તું તો ભગવત્ સ્વરૂપ છોને. આહા..! આ શું થયું આ તે? જ્ઞાતાસ્વરૂપ પ્રભુ તું છોને, ભગવંતસ્વરૂપ છો. એ પામરતામાં કેમ નાચી રહ્યો છે તું એમ કહે. રાગાદિભાવ, પુણ્યાદિ, દયા, દાન આદિ વિકલ્પ છે. તારી પ્રભુતાને છોડીને પામરતામાં કેમ રાચી રહ્યો છે? આહા..હા..! સમજાણું કાંઈ?

જગતના પ્રવાહથી વાત બીજી છેને એથી લોકોને એવું થઈ જાય. સોનગઢે નવો પંથ કાઢ્યો. એમ કહે. નવો પંથ નથી બાપુ આ તો અનાદિનો વીતરાગમાર્ગ છે. હતો નહિ એટલે તમને નવો લાગે. અનાદિ અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંત મહા દિગંબર મુનિઓ આ રીતે કહેતા આવ્યા છે અને જગતને સમજાવતા આવ્યા છે. આહા..હા..! માર્ગ આ છે, ભાઈ! તું અંદર પરમાત્મસ્વરૂપનો મોટો સરોવર દરિયો છો. પરમ આત્મ, પરમસ્વરૂપ.. પરમસ્વરૂપ... પરમસ્વરૂપ.. એ જ્ઞાનપરમસ્વરૂપ.. આનંદ પરમસ્વરૂપ... શાંતિ પરમસ્વરૂપ વીતરાગતા એવા સ્વરૂપનો તું સાગર છો. એ ભગવાન આમાં મોહનો કેમ નાચી રહ્યો છે? જે એમાં નથી એ પર્યાયમાં નાચ કેમ થઈ ગયો છે? આહા..હા..! આવું પરિણમન ક્યાંથી ઉઠ્યું? સમજાણું કાંઈ? **'(એમ આચાર્યને ખેદ અને આશ્ચર્ય થાય છે.)'**

**'ભાવાર્થ :—કર્મ તો પુદ્ગલ છે, તેનો કર્તા જીવને કહેવામાં આવે તે અસત્ય**

છે.' એ વાત અહીં લેવી છે હોં જડની. '**તે બન્નેને અત્યંત ભેદ છે, જીવ પુદ્ગલમાં નથી અને પુદ્ગલ જીવમાં નથી;...**' આહા..હા..! '**તો પછી તેમને કર્તાકર્મભાવ કેમ હોઈ શકે?**' આત્મા કર્તા અને જડકર્મ તેનું કાર્ય અને જડકર્મ કર્તા અને તેનો મિથ્યાત્વભાવ તેનું કાર્ય કેમ હોઈ શકે? આ પણ મોટો ફેર છેને. કર્મને લઈને થાય, કર્મને લઈને વિકાર થાય, બસ આ મોટું અત્યારે..

**શ્રોતા** :- જૈન...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જૈનમાં. હા જૈનમાં એ વાત જ છે નહિ. એ વાત ખોટી ઠરાવી. કર્મ નિમિત્તથી થાય... કર્મ નિમિત્તથી થાય.. એવું શાસ્ત્રમાં આવે. એનો અર્થ શું? નિમિત્તથી થાય એનો અર્થ કે એને આશ્રયે થાય. એનાથી થાય એમ નહિ. એના આશ્રયે થાય. આહા..હા..!

'**પુદ્ગલ જીવમાં નથી; તો પછી તેમને કર્તાકર્મભાવ કેમ હોઈ શકે? માટે જીવ તો જ્ઞાતા છે તે જ્ઞાતા જ છે,...**' જોયું! પહેલું તો આખું જડમાં આત્મા નહિ અને આત્મામાં જડ નહિ એટલી વાત લીધી. પણ એમાં પાછું આ કાઢ્યું. '**જીવ તો જ્ઞાતા છે તે જ્ઞાતા જ છે, પુદ્ગલકર્મનો કર્તા નથી; પુદ્ગલકર્મ છે તે પુદ્ગલ જ છે, જ્ઞાતાનું કર્મ નથી.**' આત્માનું એ કાર્ય નથી.

'**આચાર્યે ખેદપૂર્વક કહ્યું છે કે—આમ પ્રગટ ભિન્ન દ્રવ્યો છે...**' આહા..હા..! જુઓ અહીં તો કર્મના પર્યાયને કર્તા નથી, પરદ્રવ્યનો કર્તા નથી એટલું સિદ્ધ કરવું છે. અને આ લોકો એવું કહે છે કે પરદ્રવ્યનો કર્તા ન માને એ શ્વેતાંબર છે. અરે..! ભગવાન! પણ એ પાછા દિગંબર સંપ્રદાયવાળા સાંભળનારા પણ વિચાર કરતા નથી. બાપુ! શ્વેતાંબર પણ એમ કહે છે. એમ નથી કહેતા એ. ભલે એને યશોવિજય. 'હું કર્તા પરભાવનો એ જેમ જેમ જાણે, તેમ તેમ અજ્ઞાની પડે નિજકર્મને ઘાણે.' આહા..હા..! કર્મની ઘાણીમાં પીલાશે. રાગનો કર્તા જ્યાં હું માને છે. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી જ્ઞાતા રાગના વિકારને કરે, માને, 'હું કર્તા પરભાવનો એમ જિમ જિમ જાણે, તે અજ્ઞાની પડે નિજ કર્મને ઘાણે.' રાગનો કર્તા એ મિથ્યાદષ્ટિ પોતાના ઘાણમાં પિલાય છે. આહા..હા..!

શ્વેતાંબર પણ એમ કહે છે. એ તો શ્વેતાંબરની બીજી શૈલી છે. આહા..હા..! સ્ત્રીની મુક્તિ માને, પ્રશસ્ત એ સાધુપણું માને, કેવળીને આહાર માને એ બધી જૂઠી વાત છે. એ બધું કલ્પિત છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પહેલે સમયે જ્ઞાન, બીજે સમયે એ બધી વાતું કલ્પિત બધી.

ભગવાન આનંદનો નાથ પ્રભુ જ્યાં જાગ્યો અને જેની પૂર્ણદશા કેવળ અને કેવળજ્ઞાન દર્શન થયું એ તો એક સમયમાં એક સમયમાં દર્શન. એની તો અદ્ભુતતા છે એક સમયનું જ્ઞાન ભિન્ન-ભિન્ન જાણે અને એક સમયનું તે વખતનું દર્શન ભિન્ન વિના એકલી સત્તાને દેખે.

અદ્‌ભુત વાત છે કહે, બાપા! આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે શ્વેતાંબર એમ કહે છે કે એક સમયમાં જ્ઞાન અને બીજે સમયે દર્શન, ત્રીજે સમયે જ્ઞાન. એમ કહે છે. વસ્તુનું સ્વરૂપ એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? દિગંબર સંતો કેવળીના કેડાયતો એ કહે છે કે એક સમયે જ્ઞાન અને એક સમયે દર્શન બેનું ભેગું છે. આહા..હા..! અરે.. કોને પણ એ પડી છે અંદર કે આ શું છે? આ પડ્યા છીએ વાડામાં તો હવે ધર્મ કેમ થાય? એ અધર્મ કેમ ટળે? એની દરકાર એની મુંઝવણ થાય છે ત્યાં. આહા..હા..!

એક બાર મહિના ખાટલો ચાલે રોગનો તો એ મુંઝાઈ જાય છે માણસ. એને એમ થાય કે ઘરમાં છ મહિનાથી ખાટલો ખાલી થાતો નથી. એક પછી એક ખાટલે પડે જ છે. એક બાયડી ઊઠે ત્યાં છોડી પડે અને છોડી ઊઠે ત્યાં વહુ પડે અને વહુ ઊઠે ત્યાં છોકરો પડે. એમ કહે છેને? માંદા. આહા..હા..! ત્યાં મુંઝાઈ જાય છે છ મહિના. બાપુ! આ અનંતકાળથી મરી ગયો છે, ભાઈ! તને આત્માના સુખના વિરહ પડ્યા અને એના વિરહમાં દુઃખના વેદનમાં તું આવી ગયો, બાપુ! એની તને વેદના નથી થતી. એની મુંઝવણ? આહા..હા..!

ક્ષણમાં દેહ ઊડી જાય છે. આહા..હા..! હજી પરમ દિ' ફોટા જોયા છે. બહેનના આવ્યા છેને? ઓલા લાવ્યા છે ભાઈ કાંતિભાઈના છોકરો લાવ્યો છે પાલિતાણાથી. એ બતાવતો હતો રામજીભાઈને. કાંતિભાઈને. એમાં ફોટા છેને? આહા..હા..! થઈ રહ્યું. દ્રવ્ય ફરી ગયું, ક્ષેત્ર ભિન્ન આખું. બાપુ! કોનો ત્યાં હતો? કોનો ત્યાં હતો? શેમાં તું હતો? આહા..હા..! તું તો તારા સ્વરૂપમાં છો. આહા..હા..! રાગમાં ને મકાનમાં ને ધણીમાં ને સાસરામાં આવ્યો નહોતો એ તો ક્યાંય. આહા..હા..! પણ મોહની જાળ મારી નાખે માણસને. આહા..હા..!

એ જ કીધું ને અહીં. જ્ઞાતા હોવા છતાં મોહ કેમ નાચી રહ્યો છે? એમ કહે છે. અરે.. ભૂલ ભૂલામણીમાં ભગવાન કેમ ભુલાઈ ગયો છે? ભુલભુલામણી નથી હોતી? બગીચામાં થાયને? મહેંદી. અમારે વડોદરા થયું હતું એક ફેરી. ૬૩ની સાલ છે. ૬૩. સંવત્ ૧૯૬૩. કેસ ચાલ્યો હતો ને એક અફીણનો. સવા મહિનો ચાલ્યો હતો. પાલેજથી વડોદરા જતા. પોલીસ સાથે વાંધો ઊઠ્યો. સાતસોનો ખર્ચ થયો હતો. તો એમાં જ્યારે નવરા હોય ને ત્યારે ગયા હતા એક ભુલભુલામણી છે. વડોદરા-વડોદરા. બગીચો છે. એ અંદર ગર્યા ને નીકળવું મુશ્કેલ પડે. નીકળવું ક્યાં? પછી એના માણસને પૂછ્યું કે ભાઈ તારે લેવું હોય લે પણ અમને બતાવ હવે ક્યાંથી નીકળવું? આ મહેંદીના હોય ને આમ આડાઅવળા આમ કરી કરીને એવા કરેલા હોય. એ અજાણ્યા માણસ નીકળી શકે નહિ. આહા..હા..! ૬૩ની વાત છે. ૧૭ વર્ષની ઉંમર હતી ત્યારે મોટો કેસ ચાલતો હતો. વડોદરામાં. આહા..હા..! એથી ભુલભુલામણી તો આ ભ્રમણાની છે જ્ઞાનીને.

**શ્રોતા :-** ગુરુ વગર કોણ કાઢે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ગુરુ બતાવે એ. બતાવે પણ ચાલવું તો, જવું છે કોને? આહા..હા..!

**'જ્ઞાતાનું કર્મ નથી.'** અત્યારે ખેદ કર્યો છે ભિન્ન દ્રવ્ય. **'હું કર્તા છું અને આ પુદ્ગલ મારું કર્મ છે એવો અજ્ઞાનીનો આ મોહ (-અજ્ઞાન) કેમ નાચે છે?'** આહા..હા..! ૯૮ થઈ ગયું.

**'અથવા જો મોહ નાચે છે તો ભલે નાચો; તથાપિ વસ્તુસ્વરૂપ તો જેવું છે તેવું જ છે—એમ હવે કહે છે :—'** આહા..હા..! ૯૯.

(मन्दाक्रान्ता)

कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव
ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोऽपि।
ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमन्तरस्तथोच्चै-
श्चिच्छक्तीनां निकरभरतोऽत्यन्तगम्भीरमेतत्।।९९।।

આહા..હા..! ચિત્શક્તિનો નિકરનો ભર ભર્યો છે મોટો. આહા..હા..! ભર આવ્યું હતું આપણે. આ ભર નથી ભરતા? ખડનું ભર ભરે મોટું ગાડું. એમ આ જ્ઞાનના સમૂહનો ભર છે. આહા..હા..! મોટો ઢગલો છે. ખેતરમાં ઘાસ ભરે ને એને ભર ભર્યું કહેવાય. ભર ભરે. ૨૫-૨૫ મણ, ૩૦ મણ, ૪૦ મણ. આ હમણા કરે છે આ. શીંગુ નીકળેને શીંગુ. શીંગના દાણાને શું કહે છે?

**શ્રોતા :-** મુંગફલી

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા મુગફલી. ગાડા નીકળે છે હમણા. ૩૦-૩૦, ૪૦ મણ મોટા. મોટા. એ ભર ભર્યું કહેવાય. આ એમ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનો નિકર નામ સમૂહનો ભર છે. આહા..હા..!

**'શ્લોકાર્થ :—અચળ, વ્યક્ત...'** છે. આહા..હા..! કેવો છે પ્રભુ અંદર? ચળે નહિ એવી નિત્યધાતુ છે. આહા..હા..! નિત્ય ચૈતન્યધાતુ. એ ચળે શી રીતે? નિત્ય છે એ ચળે ક્યાં? આહા..હા..! વ્યક્ત છે, પ્રગટ છે. ચૈતન્યધાતુ એવો ભગવાન આત્મા તો અંદર પ્રગટ છે. એ તો પર્યાયની અપેક્ષાએ એને અવ્યક્ત કહ્યો, પણ વસ્તુ અપેક્ષાએ તો વ્યક્ત પ્રગટ છે. પર્યાય તો દ્રવ્યના ઉપર તરતી છે, તરે છે. એ પર્યાય દ્રવ્યમાં પેસતી નથી. આહા..હા..! આ શું કહે છે આ? શરીર, વાણી, મન તો એમાં જતું નથી. દયા, દાનના વિકલ્પો પણ એમાં પેસતા નથી, પણ વર્તમાન દયા, દાનને જાણનારી જે પર્યાય છે એ પણ દ્રવ્યમાં પેસતી નથી. આહા..હા..! આવો માર્ગ એટલે જરી જીવને..

**'चित्-शक्तीनां निकर-भरतः अत्यन्त- गम्भीरम्'** આટલા શબ્દ વાપર્યા છે. આહા..હા..! ભગવાન આત્મા **'ચિત્શક્તિઓના (-જ્ઞાનના અવિભાગપરિચ્છેદોના)...'** એ શક્તિ કીધીને?

એનો ભર '**સમૂહના ભારથી...**' '**निकर**'નો અર્થ સમૂહ કર્યો. '**ચિત્શક્તિઓના...**' '**निकर**' '**સમૂહ...**' એનો '**भरतः**' '**ભારથી અત્યંત ગંભીર...**' અત્યંત ગંભીર. આહા..હા..! જેના જ્ઞાન અને આનંદના સ્વભાવનું શું કહેવું? કહે છે. જેની શક્તિ અને જેનો સ્વભાવ અને જેનું સત્ત્વ છે, સત્‌નું એ સત્વ છે તેની હદ અને મર્યાદા શું હોય? અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એવું જ્ઞાન. અનંત-અનંત એવું દર્શન, અનંત-અનંત એવી શાંતિ, સ્વચ્છતા અને આનંદ. આહા..હા..!

એવી '**ચિત્શક્તિઓના સમૂહના ભારથી અત્યંત ગંભીર...**' ભગવાન છે. આહા..હા..! આ ગુમડા નથી થતાં ગંભીર? ઊંડા-ઊંડા ફોડા-ફોડા. ગંભીર થાય. મટે નહિ. ગંભીર અંદર સડો-સડો. એમ આ તો સડા વિનાની ચીજ અત્યંત ગંભીર. આહા..હા..! તાજી ચીજ અંદર છે. જ્ઞાન-દર્શન-આનંદથી ભરેલો ભગવાન અત્યંત ગંભીર '**चित्-शक्तीनां निकर-भरतः**' અત્યંત ગંભીર. આહા..હા..!

ચિત્શક્તિ લીધીને? સ્વભાવ છેને. ગુણ કહો, શક્તિ કહો, ગુણ કહો. જ્ઞાનગુણ. જ્ઞાન સ્વભાવનો એવા ગુણનો સમૂહ, એનો ભર, ભર. ભર એટલે ભાર. એનાથી અત્યંત ગંભીર છે. આહા..હા..! જેની ઊંડપ, શક્તિની ઊંડપનો પાર નથી, જેની શક્તિના સત્ત્વના પરિમિત નથી, અપરિમિત છે. આહા..હા..! એવો આત્મા છે એ સાંભળ્યું નથી એણે. આત્મા રાગ કરે એ આત્મા, પરની દયા, પાળે અને મારે એ આત્મા. અરે.. ભગવાન!

**શ્રોતા :-** હાલે-ચાલે એ આત્મા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હાલે-ચાલે એ આત્મા. લ્યો. સ્થાવર એ સ્થિર. હાલે-ચાલે એ ત્રસ્ત.

એ આ તો આત્મા તો પ્રભુ એને કહે છે. અત્યંત કીધુંને? '**ચિત્શક્તિઓના...**' '**निकर-भरतः**' '**અત્યંત ગંભીર...**' એમ ચિત્શક્તિનું પ્રધાનપણે લીધું છે. એમ આનંદ શક્તિના સમૂહથી ભરત અત્યંત ગંભીર. એમ સમ્યગ્દર્શન પર્યાય નહિ. દર્શન જે શ્રદ્ધાના, શક્તિના સમૂહથી ભરેલો અત્યંત ગંભીર. આહા..હા..! ભગવાન જેની પરિમિતતા હદ નથી એની શક્તિની કહે છે. સંખ્યાએ તો અનંત છે, પણ એક એક શક્તિના સ્વભાવનો અંત નથી. આહા..હા..! એ દેખનારાને દેખ. એ જોનારાને જો. તારું કલ્યાણ થશે. આહા..હા..! ભાષા સમજવી કઠણ પડે પહેલી તો. ઓલું એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયાનું સહેલુંસટ્ટ હતું લ્યો... તસ્સ મિચ્છામી દુક્કડમ જાવ. તાવકાયે ઠાણેણં.. જાણેણં. અપ્પાણં વોસરે.. સિદ્ધાસિદ્ધિં મમદિસંતુ લોગ્ગસનું. આહા..હા..!

હે સિદ્ધ ભગવાન! મને સિદ્ધપદ દેખાડો. એટલે કે તારું સિદ્ધપદ છે એને તું જો. એમ. આહા..હા..! પ્રતિઘાત આવે છેને. ભગવાન! તમે પૂર્ણ છો. સામો પડઘો પડે. ભગવાન તમે પૂર્ણ છો. પ્રતિઘાત નથી? એને પડઘા કહે છે. પ્રતિઘા એટલે જે છે એનું આમ આવે.

પડઘા અમારી ગુજરાતી ભાષામાં પડઘો કહે છે પડઘો. આ મકાનનો પડઘો પડે છેને? અહીં નથી પડતો. ત્યાં પડઘો પડે છે ઘાટકોપર. એટલે લોકો બીજું ત્યાં નથી રાખ્યું. એ વિચાર કરતા હતા બીજે કરવું છે ઘાટકોપર. ત્યાં પડઘો પડે છે અને ..

અહીં પ્રતિઘાત. પ્રતિછાયા, પ્રતિઘાત, પ્રતિબિંબ. આવે છેને? સામે અગ્નિ હોય તો એનું પ્રતિબિંબ છે એનું પ્રતિબિંબ આમાં પડે એ અગ્નિનું. એ અરીસાની અવસ્થા છે. એ કાંઈ અગ્નિ નથી ત્યાં. એમ લોકાલોકનું જ્ઞાન થાય એ કાંઈ લોકાલોક નથી. અહીં તો જ્ઞાનસ્વભાવ છે ઉજળો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(-જ્ઞાનના અવિભાગપ્રતિચ્છેદોના)...**' અવિભાગ પ્રતિચ્છેદ એટલે શું? સમજાણું? જ્ઞાનસ્વભાવ છેને એમાંથી એટલી શક્તિઓ છે કે જેના શક્તિનો ભાગ પાડવા જાય, અવિભાગ-પછી ભાગ ન પડે એવો છેલ્લો જે અંશ એને અવિભાગ અંશ કહે છે. એવા અનંતા અવિભાગનો અંશનો પિંડ છે જ્ઞાન. આહા..હા..! '**ચિત્શક્તિઓના સમૂહ...**' થી ભરેલો '**एतत् ज्ञानज्योतिः**' એવી '**આ જ્ઞાનજ્યોતિ...**' છે. ભગવાન આત્મા ચૈતન્યજ્યોત છે. આહા..હા..! એ '**અંતરંગમાં...**' '**उच्चै**' એટલે '**ઉગ્રપણે...**' આહા..હા..! આ જ્ઞાનજ્યોતિ ભગવાન આત્મા અંતરંગમાં '**ઉગ્રપણે...**' '**तथा ज्वलितम्**' '**એવી રીતે જાજ્વલ્યમાન થઈ કે—**' આહા..હા..! '**यथा कर्ता कर्ता न भवति**' '**આત્મા અજ્ઞાનમાં કર્તા થતો હતો તે હવે કર્તા થતો નથી...**' અજ્ઞાનમાં રાગનો અને પરનો કર્તા માનતો હતો... આહા..હા..! એ જ્યાં જ્ઞાનસ્વરૂપી આત્મા એવું ભાન થયું. કરતા કરતા થયો નથી. આહા..હા..!

'**અને અજ્ઞાનના નિમિત્તે પુદ્ગલ કર્મરૂપ થતું હતું તે કર્મરૂપ થતું નથી;...**' હવે ત્યાં પુદ્ગલ થતું નથી. અહીં કર્તા થતું નથી, ત્યાં પુદ્ગલ થતું નથી. આહા..હા..! '**વળી જ્ઞાન જ્ઞાનરૂપ જ રહે છે અને પુદ્ગલ પુદ્ગલરૂપ જ રહે છે.**' એકલો ભગવાન ચિદ્ઘન છે એ ચિદ્ઘન રહે છે અને કર્મ પુદ્ગલ પુદ્ગલરૂપે થઈ જાય છે એનું નામ બેથી જુદાં પડ્યાનું ભેદજ્ઞાન અને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૧૨, બુધવાર, તા. ૨૦-૧૦-૧૯૭૬, કળશ-૯૯-૧૦૦, પ્રવચન નં. ૨૦૭

સમયસાર. ૯૯નો ભાવાર્થ છે. ૯૯ કળશ છેને?

**'ભાવાર્થ :— આત્મા જ્ઞાની થાય ત્યારે જ્ઞાન તો જ્ઞાનરૂપ જ પરિણમે છે,...'** એટલે શું કહ્યું? કે અનાદિથી અશુદ્ધ ચિંતવનમાં રોકાઈ ગયો છે. કર્મથી નહિ. અશુદ્ધ ચિંતવન. એમાં છેને અનુભવપ્રકાશમાં ભાઈ! અશુદ્ધ ચિંતવન તને ગળે પડી ગયું. ભગવાન શુદ્ધ ચૈતન્યઘન છે એને અશુદ્ધ નામ પુણ્ય અને પાપના વિકલ્પના ચિંતવનમાં રોકાણો એથી એ પરિભ્રમણ કરે છે. સમજાય છે કાંઈ? એ અશુદ્ધ ચિંતવનને શુદ્ધ સ્વભાવની સન્મુખ થઈને જેણે એ અશુદ્ધ ચિંતવન નાશ કર્યું અને એના સ્થાનમાં શુદ્ધ પરિણમન પ્રગટ કર્યું, એને અહીંયાં જ્ઞાની અથવા ધર્મી કહેવાય છે. સમજાય છે કાંઈ?

પોતે અનાદિ વિજ્ઞાનઘન અને આનંદકંદ હોવા છતાં. કર્મના સંયોગ સંબંધમાં કર્મને લઈને નહિ. પણ એના સંબંધમાં અશુદ્ધપણાના ભાવમાં જ્ઞાનની પર્યાયને ત્યાં રોકી રહી છે. એ સંસારનું કારણ. એ રખડવાનું, ચાર ગતિમાં રખડવાનું કારણ. ચાહે તો શુભનું ચિંતવન હો, કે અશુભનું ચિંતવન હોય, બેય આકુળતા અને દુઃખનું .. છે. એ દુઃખનું વેદન છે. એનાથી દૃષ્ટિ જે અશુદ્ધ ચિંતવનમાં હતી એ દૃષ્ટિની પર્યાયને અંતરમાં વાળતા આનંદઘન ભગવાન આત્માનું જ્યાં ભાન થતાં એનું પરિણમન આનંદનું અને જ્ઞાનનું થઈ જાય છે. આવી વાત છે. કર્મને લઈને એ રખડે છે એ વાત પણ જૂઠી અને કર્મ મંદ પડે તો આત્માને ધર્મનો અવકાશ થાય એ વાત પણ જૂઠી.

અજ્ઞાની હતો એ જ્ઞાની થાય. એમ થયો ને એનો અર્થ? આહા..હા..! જે વસ્તુ છે એના ઉપર દૃષ્ટિ નહોતી અને જે વસ્તુમાં નથી એવા પુણ્યના પરિણામમાં કે પાપના પરિણામમાં અશુદ્ધનું ચિંતવન કરતા ત્યાં રોકાઈ ગયો એ સંસાર છે. એ ચોર્યાસીલાખના અવતારનું એ કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાની થાય એટલે પરિણતિને દ્રવ્ય તરફ વાળે જે પરિણતિને રાગતરફ વાળેલી હતી. આહા..હા..! આવી વાત ઝીણી છે.

ત્યાં તો ત્યાં સુધી કહ્યું અનુભવપ્રકાશમાં તો કે કહેવામાત્ર ન રાખવી. આહા..હા..! જે પોતાની જ્ઞાનની પર્યાય છે એ રાગમાં ભલે શુભમાં હોય તોપણ એ અશુદ્ધતામાં જ રોકાયેલ છે. હવે એને એ લોકો એમ કહે છે, કર્મથી અશુદ્ધતા થાય, એક વાત. અને એ શુભભાવથી પાછું સમ્યગ્દર્શન થાય. આહા..હા..! આ મોટો વાંધો છે. સમજાય છે કાંઈ? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' આવે છેને.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અધિકાઈ નામ હું જ છું એમ એનો અર્થ. અધિકનો અર્થ? ૩૧ ગાથામાં નથી કહ્યું? ઈન્દ્રિયના અધિક છું એટલે જુદો છું. એટલે પૂરો છું એમ પાછો એનો અર્થ થાય છે.

ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવથી રાગના ભાવ અને ઈન્દ્રિયના ભાવથી અધિક છે એટલે જુદો છે અને અધિક છે એટલે પૂરો છે. આહા..હા..! ૩૧ ગાથા. આહા..હા..! આવી વાતું છે, બાપુ! એ શુભભાવ હો એને ઈન્દ્રિયનો વિષય કીધો. સવારમાં નહોતું આવ્યું? દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા. છ દ્રવ્યની શ્રદ્ધા એ તો વ્યવહાર સમકિત છે. એ વ્યવહાર છે એ તો. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહે છે એનાથી થાતું જ નથી. એનાથી થાય એ કહેવું એમ પણ નથી. એનાથી એનો અભાવ કરે તો થાય. વ્યવહારનું લક્ષ પર ઉપર છે. એ સ્વ ઉપર લક્ષ કરે ત્યારે પરનું લક્ષ છૂટી જાય છે. માટે પરના લક્ષે થયું એમ નથી. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? એ '**જ્ઞાની થાય...**' છે એમ કીધું. એમ નથી કે કર્મને લઈને એ ખસે ત્યારે જ્ઞાની થાય છે.

**શ્રોતા :-** બે કારણ .. હોય જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણ એક જ છે. બીજું કારણ તો આરોપિત જ્ઞાન જાણવા માટે વાત છે. એ કહેશે અહીં. નીચે કહેશે. ત્રીજી લીટીમાં. જ્ઞાની થાય છે એટલે આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એવું જ્યાં રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાનથી જ્ઞાન થાય છે એનો કરણ.. આ અનુભવપ્રકાશમાં એમ લીધું કે કર્તા વિના પરનો કર્તા થઈને પોતાનું કાર્ય ન કરે. એટલે કર્તા એમાં .. છે. કરણ વિના પરના સાધન કરીને રખડે છે. કરણ પોતાનું, કરણ સાધન અંદર છે. એને એ રીતે લીધું. આ મકાન થયું ત્યારે. અસ્તિત્વ વિના સત્તા ન હોય અને નાસ્તિ વિના પરનો અભાવ નહિ હોય. કહ્યું હતું અનુભવપ્રકાશમાં. આહા..હા..!

એમ અહીંયાં સ્વતંત્ર ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન એવો એનો સ્વભાવ જ છે. પરની એમાં નાસ્તિ છે. વિકારના ભાવની અસ્તિસ્વભાવમાં નાસ્તિ છે. એ નાસ્તિ ન હોય તો પરરૂપ થઈ જાય. સમજાય છે કાંઈ? અસ્તિ ન હોય તો પોતાની હયાતી ન રહેત. આહા..હા..! અહીં એમ કહેવું છે કે આત્મા જ્ઞાન થાય છે એટલે એ પુરુષાર્થથી થાય એમ કહેવું છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કાળલબ્ધિ એને કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાળલબ્ધિ ત્યારે કહેવાય છે. કાળલબ્ધિનું જ્ઞાન પણ ત્યારે થાય છે. એવી વાત છે. ..માં આવ્યું કે કાળલબ્ધિ થાય એ એમાં કાળલબ્ધિનું જ્ઞાન ક્યાં આવ્યું?

અંદરમાં સ્વભાવ તરફ સન્મુખ થતાં પર્યાયને સ્વજ્ઞેય તરફનું જ્ઞાન કરતા એ .. કારણો સમવાયના ભેગા છે. તે કાળે જે થવાનું હતું એનું જ્ઞાન થયું. તે કાળે ભવિષ્યમાં ભાવ થવાનો હતો એનું જ્ઞાન થયું. એ જ કાળે સ્વભાવનું પણ કારણ છે, અને પુરુષાર્થનું પણ કારણ છે, તે જ કાળે નિમિત્તનો એટલો ત્યાં અભાવ થયો છે. સમજાણું કાંઈ?

એ '**જ્ઞાની થાય ત્યારે જ્ઞાન તો જ્ઞાનરૂપ...**' આત્મા થાય છે ત્યારે આત્મારૂપ પરિણમે છે એમ કહેવું છે. આત્મા આનંદસ્વરૂપ છે એનું જ્યાં ભાન થાય છે. આહા..હા..! ત્યારે તો આત્મા આત્મારૂપે જ પરિણમે છે. જ્ઞાનરૂપે એટલે આત્મારૂપ એમ. શુદ્ધ આત્મપણે એનું પરિણમન છે. આહા..હા..! '**પુદ્‌ગલકર્મનો કર્તા થતું નથી;...**' આત્મા આત્માપણે પરિણમે એ પુદ્‌ગલનો કર્તા જ્યાં રાગનો કર્તા થતો નથી તો પુદ્‌ગલનો કર્તા થતો નથી. આહા..હા..! આવી વાત ઝીણી એટલે લોકોને વાદવિવાદે ચડાવી દે. સાધારણ માણસ, અભ્યાસ ન મળે. માંડ કલાક-બે કલાક વખત મળે. સવારે કલાક અને સાંજે કલાક. બાકી સાત-આઠ કલાક ઉંઘમાં જાય, બે કલાક ખાવામાં જાય. આહા..હા..! બે-ત્રણ કલાક બાયડી-છોકરા સાથે વાતચીત ને રમતુંમાં જાય. આહા..હા..! અરર..! એક કલાક સાંભળવાનું મળે તો એમાં સાંભળવામાં .. કહેનારો જે હોય એ સામું માને અને ચાલ્યો જાય થઈ રહ્યું. વિચાર કરવાનો અવકાશ જ નથી.

અહીં કહે છે કે જ્યારે આત્મા આત્માપણે પરિણમે છે... આહા..હા..! ત્યારે કર્મનો કર્તા થતો નથી એટલે કર્મ કર્મપણે પણ થતું નથી. એમ કહે છે. આહા..હા..!

'**વળી પુદ્‌ગલ પુદ્‌ગલ જ રહે છે,...**' એટલે '**કર્મરૂપે પરિણમતું નથી.**' પણ પુદ્‌ગલ પુદ્‌ગલરૂપે રહે છે. આહા..હા..! '**કર્મરૂપે પરિણમતું નથી.**' જોયું! '**આમ યથાર્થ જ્ઞાન થયે બન્ને દ્રવ્યના પરિણામને...**' જુઓ હવે આવ્યું. '**બન્ને દ્રવ્યના પરિણામને નિમિત્તનૈમિત્તિક ભાવ થતો નથી.**' એટલે? જ્યાં શુદ્ધ પરિણામ થયા જીવના, એટલે કર્મને નિમિત્ત થતો એવો અશુદ્ધ પરિણામથી, તેથી કર્મના નિમિત્તે થતો અશુદ્ધ એ પણ નથી અને અશુદ્ધ પરિણામનું નિમિત્ત પામીને કર્મ કર્મપણે થતો એ પણ નથી. આહા..હા..! નિમિત્તનૈમિત્તિકભાવ એક સ્વતંત્ર વસ્તુ છે. નિમિત્તથી થાય છે એમ નથી. સમજાય છે કાંઈ?

અહીંયાં તો અશુદ્ધ પરિણામ જે હતા એ નવા કર્મને નિમિત્ત હતા. અને જૂના કર્મ છે એ વિકારને નિમિત્ત હતા. શું કહ્યું સમજાણું? જૂના કર્મ જે છે એ વિકારમાં નિમિત્ત હતા. નિમિત્ત એટલે એનાથી થયા નથી. થયા છે પોતાથી. એમાં જૂના કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. અને અશુદ્ધ પરિણામ કરતો ત્યારે નવા કર્મ તો એને કારણે બંધાતા એમાં અશુદ્ધ પરિણામ નિમિત્ત કહેવામાં આવતું. અશુદ્ધ પરિણામને લઈને ત્યાં કર્મ થયું છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ગંભીર ઝીણી વાતું, બાપા! અરે..! ભાઈ! રખડીને રહ્યો, દુઃખી થઈ ગયો. આહા..હા..! સુખનો શ્વાસ નથી લીધો એણે. આનંદ સ્વરૂપ ભગવાન છે

અંદર. અરે.. એમાં એણે નજર નાખી નથી. અનુભવ પ્રકાશમાં કહ્યું છેને? નોકર્મ દીઠાં, કર્મ દીઠાં-ભાવકર્મ દીઠાં. ત્રણ દીઠાં લીધું છેને. નોકર્મ શરીરમાં ગોતવા જાય તો એ આત્મા નથી. કર્મ જડ છે એમાં ગોતવા જાય તો આત્મા નથી. ભાવકર્મ દયા, દાનના વિકલ્પને રાગમાં ગોતવા જાય તો ત્યાં આત્મા નથી. .. વાત છે. બહુ ખુશી બતાવી બિચારાએ હોં. ત્યાં વાંચતા લાગે છે. લંડનમાં વાંચે છે એ સાંભળ્યું. પ્રેમચંદભાઈ છે. નાના પુસ્તક.. જામનગરના આસપાસના ગામ એટલું લખ્યું, પણ કયું ગામ એ નથી લખ્યું. આહા..હા..! ફુલસ્કેપ છ અડધા આખા લખેલા છે.

અહીંયાં કહે છે કે આહા..હા..! પ્રભુ એકવાર સાંભળને. જ્યારે જૂનું કર્મ નિમિત્ત થઈને અશુદ્ધ પરિણામ પોતાથી થતાં ત્યારે એને નિમિત્ત કહેવાતું અને જ્યારે અશુદ્ધ પરિણામ હતાં ત્યારે નવા કર્મ બંધાતા તેમાં અશુદ્ધ પરિણામ નિમિત્ત કહેવાતું. એ બેય .. ગયું. આહા..હા..! શુદ્ધ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનું પરિણમન કરતા અને અશુદ્ધ પરિણામ જે નવાને નિમિત્ત થતું એ ગયું એટલે નવું કર્મ થયું નહિ. અને જૂના કર્મના નિમિત્તે અશુદ્ધ પરિણમન એ શુદ્ધ પરિણમન થયું ત્યાં જૂના કર્મને નિમિત્ત અશુદ્ધ હતું એ રહ્યું નહિ. આહા..હા..! નિમિત્તનો અર્થ કે એ ચીજ હતી અને થતું ત્યારે બધાને નિમિત્ત કહેવામાં આવ્યું. આ નિમિત્તનૈમિત્તિકભાવ થતો નથી એમ કહ્યું. સમજાણું કાંઈ?

'**આવું જ્ઞાન સમ્યગ્દષ્ટિને હોય છે.**' આહા..હા..! જ્યાં સત્યદષ્ટિ, સત્‌સ્વરૂપ જે ભગવાન સત્‌સ્વરૂપ છે, એની દષ્ટિ થઈ તે સમ્યગ્દષ્ટિ છે. એને પર્યાયબુદ્ધિ કે રાગબુદ્ધિ કે નિમિત્તબુદ્ધિ રહેતી નથી.

'**ટીકા :—આ પ્રમાણે જીવ અને અજીવ કર્તાકર્મનો વેશ છોડીને...**' એટલે કે નવા કર્મને અશુદ્ધ પરિણામ નિમિત્ત હતું એ છૂટી ગયું. જૂના કર્મ અશુદ્ધ પરિણામને નિમિત્ત હતું એ છૂટી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? '**બહાર નીકળી ગયા.**' દેહ છૂટા પડી ગયા. આત્મા આત્માપણે રહ્યો, કર્મ પુદ્‌ગલપણે થયું. આહા..હા..!

ભાવાર્થ. ભાઈ આ તો ધર્મકથા છે. આ કાંઈ ઓલી વિકથા .. પછી .. ગયા એ બધી વાતું છે. એમ આ કર્મમાં ભક્તિ કરવી, પૂજા કરવી, મંદિર કરવા, ગજરથ .. હવે એવી વાતું તો બધી.. અરે.. કોણ કરે, ભાઈ! એ તો એ ક્રિયાકાળે ક્રિયા થાય. એમાં ઓલાનો ભાવ હોય શુભ નિમિત્ત એને કહવાય. એથી નિમિત્ત કહેવાય પણ એથી શુભભાવથી થયું છે એ બાજુનું કે આ મંદિરને. એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અને મંદિર અને પ્રતિમા કે સર્વજ્ઞ ભગવાન શુભભાવ કરે એને નિમિત્ત કહેવાય. એનો અર્થ? એ નિમિત્તથી એ ભાવ થયા નથી. ભાવ તો કરનારે શુભભાવ કર્યો છે. પુણ્યબંધનું કારણ છે. અબંધ સ્વરૂપી ભગવાનને પુણ્યબંધનું કારણ એ તો સંસાર છે કહે છે. આહા..હા..!

'**ભાવાર્થ :—જીવ અને અજીવ બન્ને કર્તા-કર્મનો વેશ ધારણ કરી એક થઈને**

**રંગભૂમિમાં દાખલ થયા હતા.'** જાણે કે આત્મા કર્તા અને કર્મ એનું કર્મ. કર્મ એટલે કાર્ય. કર્મ કર્તા અને શુભ-અશુભભાવ એનું કાર્ય. એમ એક વેશ પહેરીને જાણે આવ્યા હોય. **'સમ્યગ્દષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ દેખનારું છે તેણે જ્યારે તેમનાં જુદાં જુદાં લક્ષણથી જાણી લુધું કે તેઓ એક નથી...'** જ્ઞાનના લક્ષણે જણાતો ભગવાન અને અશુદ્ધતાને લક્ષણે જણાતો વિકાર બેય તદ્દન ભિન્ન છે. આહા..હા..! આવી વાતું છે. બેયના લક્ષણ.. આવે છેને ત્યાં આપણે નહિ સર્વવિશુદ્ધ. બંધ લક્ષણ અને ચૈતન્યલક્ષણ. રાગાદિનું બંધ લક્ષણ છે. બંધને રાગાદિ લક્ષણ છે, ભગવાનનું જ્ઞાનલક્ષણ છે. જાણનાર પોતે જ્ઞાનલક્ષણથી જ્ઞાતાને જાણ્યો ત્યારે રાગલક્ષણ બંધનું છે તેમ તેના જ્ઞાનમાં આવ્યું. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'રંગભૂમિમાં દાખલ થયા હતા.'** બેય. **'સમ્યગ્દષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ દેખનારું છે તેણે જ્યારે તેમનાં જુદાં જુદાં લક્ષણથી એમ જાણી લીધું કે તેઓ એક નથી...'** જ્ઞાનના લક્ષણે લક્ષિત પ્રભુ રાગના લક્ષણે બંધ બેય એક નથી. આહા..હા..! આવું જ્ઞાન કરવું. **'પણ બે છે, ત્યારે તેઓ વેશ દૂર કરી રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા.'** દૃષ્ટાંત આપે છે. **'બહુરૂપીનું એવું પ્રવર્તન હોય છે...'** આ બહુરૂપી આવે છેને આ શું કહેવાય એ? બહુરૂપીને શું કહે? ભાંડ-ભાંડ. આ ભાંડ નથી આવતા વેશ ..

એક ઠેકાણે ભાંડ આવ્યો વેશ પહેરીને સ્ટેશનનો મોટો માસ્તર હોય એવો. આમ તો સામે દુકાન હતી. સામે ભીંત દેખાતી હતી. ત્યાં કાંઈ માલ-બાલ નહોતો અને શેઠ બેઠેલા ગાદી ઉપર. આટલા તમારા ડબા આવ્યા છે લાવો. ફલાણું. લાવો પાછા. લોકો કહે છે .. આવી ગયો છે બીજો વેશ લઈને. એને ખબર તો હતી કે સામે ભીંત અહીં દુકાન પણ ક્યાં છે અને માલ પણ નથી. ઓલો જાણે કે આ તો કાલે આવ્યો હતો માસ્તરનું રૂપ લઈને. ભાંડ થઈને આવ્યો છે આ. જાણી લીધું કે અરે.. તમે તો કાલે આવ્યા હતા એ. છોડી દીધા. આહા..હા..!

**'બહુરૂપીનું એવું પ્રવર્તન હોય છે કે દેખનાર જ્યાં સુધી ઓળખે નહિ ત્યાં સુધી ચેષ્ટા કર્યા કરે,...'** આહા..હા..! **'પરંતુ જ્યારે યથાર્થ ઓળખી લે ત્યારે નિજ રૂપ પ્રગટ કરી ચેષ્ટા કરવી છોડી દે. તેવી રીતે અહીં પણ જાણવું.'** આહા..હા..! અશુદ્ધપણાનો ભેખ ધારણ કરતો ત્યારે કર્મ થતું અને અશુદ્ધપણાનું ધારણ કરતો ત્યારે કર્મ એને નિમિત્ત થતું એ છૂટી ગયું. આહા..હા..! ભેખ મોક્ષનો થઈ ગયો હવે. એ પણ એક ભેખ છે. ભેખ કીધું છેને? મોક્ષને ભેખ કીધો છેને. દ્રવ્ય તો છે એ છે. આહા..હા..! એટલે રાગનો ભેખ હતો એ છૂટીને મોક્ષનો, નિર્મળ પર્યાયનો ભેખ થઈ ગયો. બે છૂટા પડી ગયા.

એના ગાયનમાં કર્યું છે ગીતમાં.

**જીવ અનાદિ અજ્ઞાન વસાય વિકાર ઉપાય બણૈ કરતા સો,**

**તાકરિ બંધન આન તણું ફલ લે સુખ દુઃખ ભવાશ્રમવાસો;**
**જ્ઞાન ભયે કરતા ન બને તબ બંધ ન હોય ખુલૈ પરપાસો,**
**આતમમાંહિ સદા સુવિલાસ કરૈ સિવ પાય રહૈ નિતિ થાસો.**

આખું કર્તાકર્મનું ચાર પદમાં સમાડી દીધું છે.

'**જીવ અનાદિ અજ્ઞાન વસાય...**' જુઓ, કર્મને લઈને થાય એમ નથી લીધું એણે. બીજા પુસ્તકમાં આવે પણ એ તો નિમિત્તનું કથન છે. એ નિમિત્તના કથન છે, બાપુ! નિમિત્તથી જ્ઞાન રોકાય એ વાત સાચી નથી. આહા..હા..! '**જીવ અનાદિ અજ્ઞાન વસાય...**' જુઓને ભાષા લીધી છે. પંડિતજીએ આવી લીધી છે. '**અનાદિ અજ્ઞાન વસાય...**' કર્મને કારણે છે એમ ક્યાં કીધું છે?

'**જીવ અનાદિ અજ્ઞાન વસાય...**' પોતાને ચિત્તના ભાન વિના એ તો જ્ઞાતા-દૃષ્ટા આનંદનો કંદ પ્રભુ છે એના ભાન વિના પોતાના અજ્ઞાનને વશે. એમ કીધું. કર્મને વશે વિકાર થાય છે એમ નથી કીધું. આ બધા ઘણાનો આ તકરાર છે અત્યારે. કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને. કોઈને ન થાય પણ કોઈને થાય. એ અનેકાંત કરો. એ અનેકાંત કહે છે એને. એ તો કરે એને નિમિત્ત કહેવાય. ન કરે એને નિમિત્ત પણ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જીવ અનાદિ અજ્ઞાન...**' નિગોદથી માંડીને અજ્ઞાનપણે... આહા..હા..! કેટલો કાળ ગયો! ઓહો..હો..! અનંત આદિ ન મળે જ્યાં. પહેલા હતો કે નહિ, પહેલાં પહલો કે દિ' કહેવો એને? અનાદિથી અજ્ઞાન તો છે એનું. એ શુદ્ધ પણ અનાદિથી છે. દ્રવ્ય અને ગુણ શુદ્ધ પણ અનાદિથી છે અને અજ્ઞાન પણ અનાદિથી છે. એ કર્મને કારણે અજ્ઞાન છે અને શુદ્ધ માટે પર્યાય પણ શુદ્ધ જ છે. એમ નથી.

એ પ્રશ્ન ચાલ્યો હતો છ દિ' સુધી અહીં. ચિદાનંદજી હતાને. કે દ્રવ્ય-ગુણ શુદ્ધ છે તો પર્યાય અશુદ્ધ થઈ કેમ? પર્યાય અશુદ્ધ કર્મને લઈને થાય, એ સિવાય બીજો કોઈ... ચિદાનંદજી હતાને. ક્ષુલ્લક હતા. હાથ ઓલો હતોને. હાથ ઓલો હતો ઠુંઠો. ચિદાનંદજી ..માં આવ્યા હતા. ક્ષુલ્લક હતા. બે ચોમાસા રહ્યા. પછી તો એને તો વાત ઓહો..હો..! આ વાત તો સાંભળવા મળી નથી ક્યાંય. ક્ષુલ્લક થઈ ગયા પણ. બે ચોમાસા રહ્યા હતા. ઓલા ચોમાસામાં બે ક્ષુલ્લક હતા. ચિદાનંદજી અને નેમિસાગર સાધુ મહારાષ્ટ્રના. બેય ક્ષુલ્લક હતા. પછી એક ચોમાસામાં નેમિચંદ વયા ગયા. સાધુ. નેમિસાગર. એ ત્યાં આવ્યા. ત્યાં શું કહેવાય? અતંરિક્ષ-અંતરિક્ષ. અંતરિક્ષ ગયા હતાને? ત્યાં માણસ બહુ પાંચ-પાંચ હજાર. શાહુજી આવ્યા હતા. ત્યારે બિચારા પચાસ માઈલ છેટેથી સાંભળવા આવ્યા હતા. બુદ્ધિ નહિ પણ એને બિચારાને .. સાધુ થઈ ગયા. અંદર મને કહેવા આવ્યા હતા અહીં ક્ષુલ્લક હતા ત્યારે. મહારાજ ઓલો તાવ-બાવ આવ્યોને પગચંપી કરાવતા. .. અમને .. આપી દીધું પણ અમને તો કાંઈ.

આહા..હા..! હવે એ પાછા ક્ષુલ્લકના સાધુ થઈ ગયા. .. બિચારા સાંભળવા આવ્યા હતા હોં. ત્યાં અંતરિક્ષ સાંભળવા. સાંભળ્યું. શાહુજી બેઠા હતા. મોટી સભા હતી પાંચ હજાર માણસ. શાહુજીને એમ થયું કે આ મહારાજ છેને એટલે કાંઈક સ્વામીજી વાત કરે છે એમાંથી કાંઈક ફેરવશે એની શ્રદ્ધામાં. કારણ કે એ તો મોટા કહેવાયને મુનિ એટલે તો. એટલે એની પાસે ગયા વ્યાખ્યાન થયા પછી. મહારાજ આ કેમ છે આ વાત? એટલે બધા ૧૦૦-૨૦૦ માણસ ભેગા થઈ ગયા સાંભળવા. ઓલા કહે સ્વામીજી કહે છે એ અક્ષરે અક્ષર સત્ય છે. શાહુજી તો... અક્ષરે અક્ષર વાત સત્ય છે. એમાં કાંઈ ફેરફાર છે નહિ. એ સાધુ છે માટે એમાં ફેરફાર લાવવામાં માનીએ છીએ એમ નથી. એમ બિચારા નરમ. મધ્યસ્થ થઈ જવું બાપુ એ તો. ભલે ગમે તેટલા કાળથી માન્યું હોય પણ જ્યારે સત્ય વાત કાને પડે ત્યારે તો એને જરી ફેરવી નાખવું જોઈએને? આહા..હા..!

અહીં તો કહે છે '**અનાદિ અજ્ઞાન વસાય...**' અજ્ઞાનને વશે. એમ કીધુંને? કર્મને વશે નહિ. સિદ્ધાંતમાં તો કર્મને વસે કહ્યું હતું. એ સ્વતંત્ર કર્મને વશે થાય છે. શાસ્ત્રમાં એમ આવે .. આત્મા કર્મથી વિકાર કરે નહિ, કર્મને વશ પડીને કરે છે. પોતે વશ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ૪૭ નયમાં એ આવ્યું ને? પ્રવચનસારમાં એમ ધાયમાતા પાસે બાળકને જેમ પરાણે ધવરાવે છે એમ એ પોતે પરવશ થાય છે. પરવશ એને કર્મ કરે છે (એમ નથી), દેવીલાલજી! ૪૭ નયમાં આવે છે. ઈશ્વરનય, અનિશ્વરનય. આહા..હા..!

એ '**અજ્ઞાન વસાય વિકાર ઉપાય...**' આહા..હા..! પોતે પોતાના આનંદ અને જ્ઞાયકસ્વભાવને ભૂલી અને રાગના વિકલ્પમાં એકાકાર થઈને તો અજ્ઞાનપણે વશ થઈ ગયો. આહા..હા..! એનાથી '**વિકાર ઉપાય...**' વિકારને ઊપજાવે અજ્ઞાની. '**બણૈ કરતા સો,...**' એ કર્તા થાય છે. અજ્ઞાનપણે રાગને ઉત્પન્ન કરીને રાગનો કર્તા થાય છે. તેથી કર્મનો કર્તા જડનો છે એમ અજ્ઞાનથી માને છે.

'**તાકરિ બંધન આન તણૂં ફલ...**' આહા..હા..! એ અજ્ઞાનને વશે વિકાર ઊપજાવે તેથી કર્તા થાય છે '**તાકરિ બંધન આન તણૂં...**' એનું બંધન થાય છે. આહા..હા..! એનું ફળ '**લે સુખ દુઃખ ભવાશ્રમવાસો;...**' આહા..હા..! એ પુણ્ય-પાપના બંધન થાય છે અજ્ઞાનવશ. એને કરીને તેનું ફળ સુખદુઃખ સંસારનું હોં. સંસારના સ્વર્ગાદિના શેઠના સુખ છે અને નરકના પશુના દુઃખે એ આ પુણ્ય-પાપને આધિન થઈને સુખદુઃખ ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? '**ભવાશ્રમ...**' દેખો! ભવનો આશ્રમવાસો. એનું આશ્રમ ભવ થઈ ગયું રહેવાનું. આહા..હા..!

'**જ્ઞાન ભયે કરતા ન બને...**' રાગનો એ કર્તા નહિ તો કર્મનો કર્તા તો ક્યાં રહ્યો? સમ્યગ્દર્શન અને જ્ઞાન થતાં એ રાગનો પણ કર્તા નથી, કેમકે રાગ વિકલ્પ છે, સ્વભાવ ત્રિકાળ અવિકલ્પ છે. તો અવિકલ્પ વિકલ્પને કેમ કરે? આહા..હા..! એ '**જ્ઞાન ભયે કરતા**

**ન બને તબ બંધ ન હોય ખુલૈ પરપાસો,...'** એને બંધન હોય નહિ, પણ પરબંધનનો છે એ ભાગ ખુલી જાય. રાગાદિનું બંધન એ પણ ખૂલી જાય, છૂટી જાય. આહા..હા..!

'**આતમમાંહિ સદા સુવિલાસ કરૈ...**' આહા..હા..! આત્મા રાગથી રહિત થઈ સમ્યગ્દર્શન પામે છે, ત્યારે ઓલામાં કહ્યું છે કે ભાઈ એણે સગાઈ કરી. આનંદઘનજી પણ કહે છે કે સગાઈ કરી. પણ આમાં આપણે આવશે. અનુભવપ્રકાશ. સગાઈ કરી હવે એને મોક્ષ થઈ જવનો એને. સમજાણું કાંઈ? લગન કરેને પછી? સગાઈ કર્યા પછી લગન કરે, વિવાહ કરે. એમ જેને આત્મજ્ઞાન થયું, રાગથી ભિન્ન પડ્યો આત્મા, એવા જ્ઞાનરૂપી જ્યાં સગાઈ કરી એને મોક્ષરૂપી વિવાહ થવાના.. થવાના... થવાના... આહા..હા..!

એ '**આતમમાંહિ સદા સુવિલાસ કરૈ...**' આહા..હા..! રાગથી ભિન્ન પડી આત્મજ્ઞાન થયું. ક્રમે ક્રમે વીતરાગતા થઈને બંધન રાગનું છૂટી ગયું. એથી '**આતમમાંહિ સદા સુવિલાસ કરૈ...**' આત્મામાં સદા આનંદનો વિલાસ કરે. આહા..હા..! એનું નામ મોક્ષ. '**સિવ પાય...**' સિવ એટલે મોક્ષ. '**સિવ પાય રહૈ નિતિ થાસો.**' ત્યાં કાયમ રહે. મોક્ષની દશામાં સાદિ અનંત રહે. લ્યો બહુ ટૂંકામાં બેય વાત કરી. આ કર્તાકર્મની (કુલ) ગાથા ૭૬ છે. આ ૭૬ને ચાર પદમાં સમાડી દીધો સાર. એ અધિકાર પૂરો થયો.

'**આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં કર્તાકર્મનો પ્રરૂપક બીજો અંક સમાપ્ત થયો.**' હવે આ આ ધનતેરસ આવી અને આ પુણ્ય-પાપનું આવ્યું બધું.

**પુણ્ય-પાપ બન્ને કરમ, બંધરૂપ દૂર્ માની;**
**શુદ્ધાત્મા જેણે લહ્યો, નમું ચરણ હિત જાણી.**

એ જયચંદ પંડિતે બનાવ્યો છે બોલ. '**પુણ્ય-પાપ બન્ને કરમ,...**' છે. ત્યારે કેટલાક કહે છે કે એ તો કર્મના પુણ્ય અને પાપનું કહ્યું છે. એમાં શુભ-અશુભભાવનું ક્યાં કર્યું છે? વળી એમ કહે છે આમાં. તેથી ટીકાકાર એનો ખુલાસો કરશે. ચાર બોલથી ખુલાસો કરશે. ઓલા એમ કહે છે રતનચંદજી કે પુણ્ય કર્મને માટે નિષેધ કર્યો છે. પણ શુભભાવનો નિષેધ ક્યાં છે? એવો અર્થ કરે છે. કર્મ શબ્દ પડ્યો છેને? '**પુણ્ય-પાપ બન્ને કરમ,...**' છે જડ.

'**બંધરૂપ દૂર્ માની;...**' પણ એ અશુદ્ધતા છે એ બંધરૂપ છે એને જાણી, '**શુદ્ધાત્મા જેણે લહ્યો,...**' જેણે પુણ્ય-પાપના બંધનને છેદીને શુદ્ધાત્મા જેમે ગ્રહણ કર્યો અંદર. આહા..હા..! '**નમું ચરણ હિત જાણી.**' તેના ચરણકમળમાં હું નમસ્કાર કરું છું મારા હિતને જાણીને. એમ કહે છે. પુણ્ય-પાપ અધિકાર ત્રીજો.

'**પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે એક જ કર્મ બે પાત્રરૂપ થઈને પુણ્ય-પાપરૂપે પ્રવેશ કરે છે.''** '**જેમ નૃત્યુના અખાડામાં...**' આ નાચવાનો અખાડો હોય છેને. નાટક-

નાટક. **'એક જ પુરુષ પોતાને બે રૂપે બતાવી નાચતો હોય તેને યથાર્થ જાણનાર ઓળખી લે છે...'** તેને યથાર્થ જાણનાર ઓળખી લે છે. એને એક જ જાણે છે. અમારે પાલેજમાં એમ થયું હતું. ત્યાં મુસલમાનનું જોર બહુ ને વોરાનું. તો નાટકમાં મફત કેટલાક ગરી ગયા હતા અને તોફાન થયું હતું. એમાં એનો જે અધિકાર હતોને મૂળ એ પીંગળાનો વેશ પહેરતો હતો અંદર. ભર્તૃહરી અને પીંગળાનું નાટક હતું. પીંગળાનો વેશ પહેરતો હતો તો એમાંથી આ તકરાર થઈ તો એમ ને એમ પીંગળાનો વેશ લઈને વયા આવ્યો બહાર.

પહેલો ત્યાં ઈન્દ્ર થઈને આવ્યો, પછી પીંગળા થઈને આવવું હતું તો એ વેશ પહેરતો હતો ત્યાં તકરાર થઈ મોટી. કેમકે વોરાનું જોર બહુ. પરાણ ઘૂસતા અંદર પૈસા દીધા વગર. લોકો કહે અરે.. આ તો એનો અગ્રેસર છે આ. શું કહેવાય એ? મેનેજર. મેનેજર ઓલા કપડા પહેરેલાં, ..માં નાખેલા, માથુ ઉઘાડું, સ્ત્રીનું પહેરેલું, તકરાર થઈ તો બહાર આવ્યા ત્યારે અમે જોયું હતું. નાટક જોવા ગયા હતા ત્યારે. એનો એ પાછો ઈન્દ્ર થાય, ભર્તૃહરિ થાય. આહા..હા..!

એમ એકનો એક વેશ પહેરીને, કર્મનો વેશ પહેરીને અનાદિથી.. આત્મા.. છેને? **'તેવી રીતે જોકે કર્મ એક જ છે તોપણ પુણ્ય-પાપના ભેદે...'** એની વાત કહે છે. પુણ્ય અને પાપ એક જ વસ્તુ છે, પણ પુણ્યનું રૂપ અને પાપનું બેરૂપ લઈને આવે ત્યારે એને બે અજ્ઞાની માને છે. એને પુણ્ય અને પાપ બે એક જ છે એમ જ્ઞાની જાણી લે છે. ચાહે તો પુણ્ય હોય કે ચાહે તો પાપ હોય. ચાહે તો શેઠાઈ હોય કે ચાહે તો નારકી હોય. આહા..હા..! ફળ તરીકે. બેય એક જ છે. બેય સરખા છે. ચાર ગતિમાં નરકગતિ, સ્વર્ગ ગતિ એ દુઃખરૂપ બેય ગતિ છે. આહા..હા..!

પુણ્ય અને પાપનો બેય એકનો એક આત્મા પુણ્યનો વેશ લઈને આવે, પાપનો લઈને આવે એટલે અજ્ઞાનીને બે ભિન્ન પડી જાય છે. કે આ પુણ્ય એ સારું અને પાપ એ ખરાબ. એને એક જ જાણે છે. જ્ઞાની એક જ જાણી લે છે. પુણ્ય હોય કે પાપ હોય, શેઠાઈનો વેશ હોય કે સાતમી નરકનો હોય, બેય ભેખ પુણ્ય-પાપના ફળ છે. એમાં કાંઈ આત્મા છે નહિ. આહા..હા..! લ્યો આ શેઠાઈ મળે ને પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડના. અને એક ભિખારી બિચારો સો વાર માગે ત્યારે એક કોળિયો મળે. બેય સરખા છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માગે શું, શેઠ માગે પર પાસે. રાગ પાસે માગે છે કે તું મને દે. પુણ્યના ..માંથી માગે છે. એમાંથી સુખ થાય. સુખી થઈએ.

એક જણો કહેતો ઘણા વર્ષ પહેલાં બોટાદ. ૯૯ની સાલમાં. ..નો એક હતો. ક્યાં .. નહિ. અરે.. કાંઈક આ પુણ્ય કરશે તો આ સ્વર્ગના સુખ મળશે અને પછી મોક્ષ થાશે એને. સલોત હતો સલોત. આ પાટા બાંધેને હાડકાના. દશાશ્રીમાળી હતો. એનો બાપ મરી ગયો,

એક છોકરો પણ હતો. એ સાંભળવા આવ્યો હતો તો આમ બોલતો હતો. રાતે. પુણ્ય કરશે તો દેવના સુખ મળશે અને પછી દેવના સુખ મળશે તો પછી .. મોક્ષ જાશે. વિશાશ્રીમાળી હતા. નાગરપર. બોટાદથી બે ગાવ છે. નાગરપર છે. ત્યાં તો બધા અમે ફરેલાને બધે ઠેકાણે. ગામોગામ બધે. આહા..હા..!

અહીં કહે છે કે '**કર્મ એક જ છે...**' ચાહે તો પુણ્યભાવ હોય કે ચાહે તો પાપભાવ હોય, ચાહે તો પુણ્યકર્મ બંધન હોય, ચાહે તો પાપબંધન હોય, વસ્તુ એક જ છે. આહા..હા..! તારાચંદજી!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તોપણ શું છે? વિકલ્પ રાગ છે. બાહ્યનો રાગ છે ક્ષમા. અંતરની ક્ષમા નથી. ઉત્તમક્ષમા જે કઈએ દસલક્ષણી પર્વ. ઉત્તમક્ષમા એ તો સમ્યગ્દર્શન ચારિત્ર હોય ત્યારે ક્ષમા કહેવાય છે. હવે એવી ક્ષમા તો અનંતવાર કરી છે. ચામડા ઉપર ખાર છાંટ્યા તો ક્રોધ કર્યો નથી. છતાં એ ક્ષમા નથી એ તો મિથ્યાત્વભાવનો રાગ છે. આહા..હા..!

'**જોકે કર્મ એક જ છે તોપણ તે પુણ્ય-પાપના ભેદે બે પ્રકારનાં રૂપ કરી નાચે છે...**' એકનું એક કર્મ છે એમ કહે છે. વસ્તુ તો એકની એક છે. જેમ એકનો એક પુરુષ કીધું ને પીંગળા થાય અને વળી ભર્તૃહરિ થાય. એમ એકનું એક કર્મ પુણ્યરૂપે થાય અને પાપરૂપ થાય. '**તેને, સમ્યગ્દષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ છે તે એકરૂપ જાણી લે છે.**' ચાહે તો પુણ્યભાવ હોય કે ચાહે તો પાપભાવ હોય, ચાહે તો પુણ્યના ફળ સ્વર્ગ હોય કે ચાહે તો પાપના ફળ નરક હોય, જ્ઞાની બેયને એકસરખા માને છે. આહા..હા..!

કહ્યું નહોતું રાત્રે નહોતું આવ્યું? 'ચક્રવર્તીની સંપદા ઈન્દ્રસરીખા ભોગ. કાળ વિટ સબ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક.' કાગડાની વિષ્ટા. કાગડાની વિષ્ટા તો એનું ખાતર પણ ન થાય. આ જે ભૂંડ અને માણસની વિષ્ટાનું ખાતર, ખાતર સમજો છો ખાતર? ખાધ-ખાધ. કાગડાની વિષ્ટા માને. આહા..હા..! એ લોકોને આકરું લાગે. મંદિરમાં લખ્યું છે ત્યાં. કાગડાની વિષ્ટા. કાગની વિષ્ટા જેમ સમ્યગ્દષ્ટિ પુણ્યના ફળને ચક્રવર્તીની સંપદા કે ઈન્દ્રની સંપદા કાગના વિષ્ટ જેમ માને છે. આહા..હા..!

એ કહે છે '**સમ્યગ્દષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ છે તે એકરૂપ જાણી લે છે.**' ભલે પુણ્યનો વેશ પહેરીને આવ્યો હોય શેઠિયો થઈને, એક સાતમી નરકનો વેષ લઈને આવ્યો હોય, બેય સરખા છે. આહા..હા..! જ્યાં આત્મજ્ઞાન નથી, જ્યાં આત્મદર્શન નથી, ત્યાં બેય. ચીજ એક પ્રકારે છે. આહા..હા..!

'**તે જ્ઞાનના મહિમાનું કાવ્ય આ અધિકારની શરૂઆતમાં ટીકાકાર આચાર્ય કહે છે :—**' અમૃતચંદ્રાચાર્ય કહે છે હવે. અમૃતચંદ્રાચાર્ય.

तदथ कर्म शुभाशुभभेदतो
द्वितयतां गतमैक्यमुपानयन्।
ग्लपितनिर्भरमोहरजा अयं
स्वयमुदेत्यवबोधसुधाप्लवः।।१००।।

'**શ્લોકાર્થ :— હવે** (કર્તાકર્મ અધિકાર પછી), **શુભ અને અશુભના ભેદને લીધે બે-પણાને પામેલા તે કર્મને...**' આહા..હા..! સમ્યગ્જ્ઞાન બે પણાને પામલાને એકપણે જાણી લે છે. આહા..હા..! '**એકરૂપ કરતો...**' આહા..હા..! ચાહે તો તીર્થંકરપણાના ભાવે તીર્થંકરપણું બંધાય શુભથી, પણ એ બંધન છે, એ પણ શુભભાવ. આહા..હા..! બંધન છે. '**द्वितयतां गतम् तत् कर्म**' '**બે-પણાને પામેલા તે કર્મને...**' શુભ-અશુભ ભેદને લીધે '**એકરૂપ કરતો,...**' ધર્મીજીવ જ્ઞાની બેયને એકરૂપે માનતો. આહા..હા..!

'**જેણે અત્યંત મોહરજને દૂર કરી છે...**' મોહરજ શબ્દ પડ્યો છે તે મોહનો ભાવ છે. મિથ્યાત્વનો ભાવ જેણે દૂર કર્યો છે. ત્યાં પણ આવ્યું હતુંને ૧૬૦માં નહિ? .. સર્વદર્શી અને સર્વજ્ઞાની ભગવાન. ૧૬૦ ગાથામાં છે. સવારે કહ્યું હતું. ભગવાન સર્વજ્ઞ અને સર્વદર્શી છે. આત્માનું સ્વરૂપ તો સર્વજ્ઞ અને સર્વદર્શી જ છે. એનો એ ગુણ છે, એની એ શક્તિ છે, એનું સામર્થ્ય છે, એનો ભાવ છે, એનો સ્વભાવ છે. આહા..હા..! એવું હોવા છતાં પર્યાયમાં નિજ અપરાધને લઈને, છે શબ્દ રજ ત્યાં. પણ એનો અર્થ કર્યો છે. પોતાના અપરાધથી પુરુષાર્થથી, ઊંધા પુરુષાર્થથી. આહા..હા..! અજ્ઞાનપણાને ઉત્પન્ન કરી...આહા..હા..! અને પુણ્ય-પાપ બેયમાં ભેદ માને છે. એ પુણ્ય પણ ઠીક અને પાપ પણ ઠીક. આહા..હા..!

.. તુલસીદાસે તો એમ કહ્યું છે. 'સુખને માથે શીલા પડો હરિ હૃદય સે જાય.' પુણ્યના ફળ શેઠાઈ પૈસા બધું મળે તો હરિ હૃદય સે જાય. 'બલિહારી દુઃખકી જ્યાં નિત્ય નિત્ય સમજાય.' દુઃખને કારણે ત્યાં હરિ... હરિ... હરિ... ભગવાન... ભગવાન... ભગવાન...

**શ્રોતા :-** વેદાંત?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા વેદાંત. પણ અહીં તો બેય ખોટું છે કહે છે. સમજાણું કાંઈ? પાપના ફળ સાતમી નરકમાં પણ સમકિત પામે છે અને સુખના ફળ તરીકે નવમી ગ્રૈવેયક જાય ત્યાં મિથ્યાદૃષ્ટિ જૈનનો સાધુ થઈને મિથ્યાદૃષ્ટિ રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! ભિન્ન અને અપૂર્વ વાત છે ને એટલે માણસને જરી આકરું લાગે.

'**અત્યંત મોહરજને...**' એટલે મોહભાવને દૂર કર્યો છે. '**अयं अवबोध-सुधाप्लवः**' એવું આ પ્રત્યક્ષ અનુભવગોચર જ્ઞાન... આહા..હા..! જે સમ્યગ્દર્શન અને જ્ઞાન થવામાં પરની કોઈ અપેક્ષા નથી. એમ કહે છે દેખો! '**આ** (પ્રત્યક્ષ-અનુભવગોચર) **જ્ઞાન-સુધાંશુ** (સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા) **સ્વયં ઉદય પામે છે.**' આહા..હા..! ચૈતન્યસ્વભાવ શીતળ... શીતળ... શીતળ... ચંદ્રની ઉપમા આપીને. વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન. આહા..હા..!

એ મોહને દૂર કરી પ્રત્યક્ષ અનુભવગમ્ય. આહા..હા..! જ્ઞાન જ્ઞાનને વેદે છે. જે જ્ઞાન રાગને વેદતું હતું. આહા..હા..! એ રાગથી પુણ્ય અને પાપના ભાવને એકરૂપે જાણી, હું અબંધ સ્વરૂપી ભગવાન આત્મા છું એવા અબંધ પરિણામને ઉત્પન્ન કરતો... આહા..હા..! એ પ્રત્યક્ષ અનુભવગમ્ય કરતો આત્માને... આહા..હા..!

'**જ્ઞાન-સુધાંશું...**' આ જ્ઞાન સુધા '**(સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા)...**' આહા..હા..! જુઓ ચંદ્રની ઉપમા આપી શીતળતાની. શાંતિ છે. પુણ્ય-પાપનો ભાવ તે અશાંતિ છે. ભાવ હોં. બેય અશાંતિ છે. જ્ઞાનસુધા એ શાંતિ છે. આહા..હા..! જ્ઞાનસ્વભાવ એવો ભગવાન સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવ એ '**સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા સ્વયં ઉદય પામે છે.**' જોયું? સ્વયં ઉદય પામે છે એ ભાષા છે. એને વ્યવહારરત્નત્રય હોય તો સુધાશું પ્રગટ થાય છે એમ નથી. છે? કળશટીક અને ગાથાટીક આવી વાત છે. આહા..હા..!

હોય ભલે એની સાથે સંબંધ નથી. એનાથી એને લઈને થયું નથી કાંઈ. વ્યવહારરત્નત્રય નિમિત્ત છે. નિમિત્ત કહેવાય છે, પણ બાહ્યનું નિમિત્ત કહે છે નિમિત્ત કરતો નથી, એમ વ્યવહાર નિમિત્ત છે એ કાંઈ કરતો નથી. આહા..હા..! બહુ ભાઈ આ તો મધ્યસ્થ થઈને સત્યને શોધવું હોય એની વાત છે. ચંદુભાઈ! આહા..હા..! એનો પક્ષ તો કરે પહેલો. માર્ગ તો આ છે. તો એનું લક્ષ થઈને દક્ષ થશે, પણ જ્યાં પક્ષ પણ નથી જ્યાં ઊંધે રસ્તે પડ્યો છે એને શું થાય? બાપુ! પણ અહીં ભગવાન તારા હિતની વાતું છે ને, ભાઈ! આહા..હા..! પુણ્ય-પાપના કારણે અથવા પુણ્યના પરિણામને લઈને સમ્યગ્જ્ઞાન થાય એવું એનું સ્વરૂપ જ નથી એમ કહે છે. જોયું!

'**अयं अवबोध-सुधाप्लवः स्वयम् उदेति**' આહા..હા..! આમ ભાષા તો કરી છે. એ વ્યવહારરત્નત્રયના આશ્રય અને અવલંબન લઈને આ સમ્યગ્જ્ઞાન થાય છે. શીતળ ચંદ્રમા ભગવાન આત્મા પ્રગટ થાય છે શાંતિથી એ સ્વયં પ્રગટ થાય છે. એને રાગની મંદતાની પણ અપેક્ષા છે નહિ. આહા..હા..! છે કે નહિ એમાં? રસીકભાઈ! ક્યાં ગયા મોટાભાઈ? કહો, સમજાણું કાંઈ? આહા..હા..! આવું છે.

એક કળશે પણ કેટલો ખુલાસો કર્યો છે! ગજબ કરે છે. આહા..હા..! સંતોએ જગતને કરુણા કરી છે જગતને. ભાઈ! તું દુઃખના ડુંગરમાં ઘેરાઈ ગયો છે, પ્રભુ! પુણ્ય-પાપના ભાવ પ્રભુ બેય દુઃખ છે. બેય આકુળતા છે. સ્વભાવથી વિરૂદ્ધભાવ છે. એવા વિરૂદ્ધભાવને એકરૂપે જેણે માન્યો. આહા..હા..! એવો જે આત્મા, પોતાથી પૃથક્ થઈને આહા..હા..! '**(સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા) સ્વયં ઉદય પામે છે.**' આહા..હા..! ટીકા તો જુઓ. જેને વ્યવહારની અપેક્ષા નથી. એમ આવ્યું કે નહિ ભાઈ પંડિતજી! આ સ્વયં ઉદેતિ શું છે? અરે.. ભગવાન! પ્રભુ તારું બળ એટલું છે. સ્વરૂપની દૃષ્ટિ જ્ઞાન અનુભવમાં પરની કોઈ અપેક્ષા છે જ નહિ એમ કહે છે. આહા..હા..! વસ્તુ છે ત્યાં નજર કરતાં એ નજરને અંદરમાં બહારની કોઈ અપેક્ષા

છે જ નહિ. આહા..હા..!

એક કળશમાં તો પુણ્ય-પાપને સરખા કીધા, પુણ્ય-પાપને સરખા માનનારો સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમાં સ્વયં ઉદય પામે છે. આહા..હા..! જેને વ્યવહારરત્નત્રયનો શુભરાગ પણ જેને સુધાપ્વલ ચંદ્રને પ્રગટ થવામાં તેનો સાર અને મદદ છે નહિ. આહા..હા..! કહો, પંડિતજી! શ્લોક છે, સંસ્કૃત છે.

**શ્રોતા :-** વ્યવહારને રોગ

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ રોગ છે. રોગ વ્યવહાર સંસાર જ છે. પુણ્ય દાખલ કરે .. આવશેને હમણાં. જે સંસારમાં દાખલ કરે એ પુણ્યને ભલું કેમ કહેવાય? એ દુઃખના ડુંગરે ભવભ્રમણ કરાવે. આહા..હા..!

જુઓને. પાંચ પાંડવો શેત્રુંજય ધ્યાનમાં ઊભા હતા. આહા..હા..! મહાયોદ્ધા ભીમ અને અર્જુનને. ધર્મરાજા ને સહદેવ ને નકુલ. અંદરમાં આનંદના રટણમાં ચાલ્યા ગયા અંદર. હવે ત્રણ તો મોક્ષ ગયા અંદર. ધર્મરાજા, અર્જુન અને ભીમ. બે જે મુનિ હતા એ પણ સાધર્મી .. પણ એને અને એક માના ઉત્પન્ન થયેલા અને સાધર્મી. પણ ઓલા લોઢાના કડા પહેરાવ્યાને અગ્નિના. પોતાને પહેરાવ્યા અને એને પહેરાવ્યા. પણ આ મારાથી વૃદ્ધ છે, મોટા છે. અરે.. એને કેમ હશે? એવો એક વિકલ્પ શુભ આવ્યો. એ શુભને લઈને ૩૩ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું સર્વાર્થસિદ્ધનું. ૩૩ સાગર કેવળજ્ઞાન દૂર થઈ ગયું. લોકો ક્યાં વિચારે છે માણસ. આહા..હા..! ઓલા અનંત આનંદને ભોગવે તરત અહીંથી મોક્ષ. આહા..હા..! અને અનંત આનંદ દૂર પડી ગયું. આહા..હા..! સ્વર્ગમાં ગયા. કાયક્લેશ. સ્વર્ગમાં ક્લેશ છે ત્યાં. અશુભભાવ છે. આહા..હા..!

૩૩ સાગર કોને કહીએ? એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજવર્ષ. ૩૩ સાગરે ગયા છે બ્રહ્મદત્ત્ નીચે. નારકી. ૩૩ સાગરે ગયા છે સહદેવ-નકુલ સર્વાર્થસિદ્ધિમાં, પણ એને ૩૩ સાગર સુધી ત્યાં અશુભભાવ થયો છે. આહા..હા..! ક્લેશ છે. સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, સ્વરૂપાચરણ છે. આહા..હા..! પણ આટલા ક્લેશમાં એને રહેવું પડશે. આહા..હા..! હજી તો અત્યારે ૩૩ સાગર. હજી તો થોડા વર્ષ ગયા. માથે બિરાજે છે સ્વર્ગમાં. એમ ત્યાંથી પણ હજી માતાના પેટમાં આવશે. સવા નવ મહિના ઊંધે મસ્તકે. આહા..હા..! એના શુભભાવમાં આ?

એ શુભ અને અશુભ બેય બંધનનું કારણ છે. બંધનની અપેક્ષાએ બેય સરખા ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા પુણ્ય અને પાપના બે ભાવ અને બે બંધન અને એના ફળ. ચાર બોલ લેશે. એ બધાને એકરૂપ માનીને આત્મા આનંદકંદ પ્રભુ છે. એ પરની અપેક્ષા છોડી દઈને ચૈતન્ય જ્ઞાયક આનંદની અપેક્ષામાં જેને રાગની મંદતા અને વ્યવહારરત્નત્રયની કોઈ અપેક્ષા છે નહિ. આહા..હા..!

કોઈ એમ કહે કે નિશ્ચયનય તો પર અપેક્ષારહિત થઈ ગઈ નય. નિરપેક્ષા નયા મિથ્યા. ચંદુભાઈ! પણ આપણે .. એકબીજાને. બે નય. એકલી નય માને તો મિથ્યા છે. પણ એમાં આવી ગયું ને, બાપુ! કે જેણે અત્યંત મોહ દૂર કર્યો છે. એટલે કે રાગનો પક્ષ છોડી દીધો છે. એટલી અપેક્ષા આવી ગઈ કે નહિ? સમજાણું કે નહિ? ભાઈએ કર્યો છે ને કળશ? ફૂલચંદજીએ કર્યો છે.

નિશ્ચયમાં આવ્યો છે ત્યારે એકલો નિશ્ચય છે? પણ એ નિશ્ચયમાં એ વ્યવહારની ઉપેક્ષા કરી એટલી અપેક્ષા આવી ગઈ કે નહિ? વ્યવહારની ઉપેક્ષા કરી એટલી અપેક્ષા આવી ગઈ કે નહિ? આહા..હા..! અહીં તો '**સ્વયં ઉદય પામે છે.**' એના ઉપર જોર છે. આહા..હા..! એનો ભાવાર્થ લેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**આસો વદ-૧૩, ગુરુવાર, તા. ૨૧-૧૦-૧૯૭૬,**
**કળશ-૧૦૦-૧૦૧, ગાથા-૧૪૫**
**પ્રવચન નં. ૨૦૮**

સમયસાર, પુણ્ય-પાપ અધિકારનો પહેલો કળશ, એનો ભાવાર્થ.

'**ભાવાર્થ :—અજ્ઞાનથી એક જ કર્મ...**' પહેલું આવ્યું હતું ને એક જ પુરુષ બેરૂપે બતાવે નાચીને. એમ કર્મ એક જ રૂપ છે. પુણ્ય હોય કે પાપ હોય. બેય બંધનું કારણ છે, બેય દુઃખરૂપ છે. બેય એક જ જાત છે.

**શ્રોતા :-** ફળમાં ફેર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફળમાં પણ એક જ છે. સંયોગ આપે છે. પુણ્યમાં સ્વર્ગાદિ આપે, પાપમાં નરકાદિ. બધું દુઃખરૂપ છે. એ કહેશે. ..માં પક્ષપાતથી બે ભાગ પાડશે.

અહીં તો '**અજ્ઞાનથી એક જ કર્મ બે પ્રકારનું દેખાતું હતું...**' ચાહે તો પુણ્ય હોય કે પાપ હોય બંધનમાં. એના કારણરૂપે શુભભાવ હોય કે અશુભભાવ હોય. બેય એક જ પ્રકાર છે. બંધનનું કારણ છે. એમાં કોઈ મોક્ષને માટે છે નહિ. ધર્મનું કારણ એમાં નથી એમ કહે છે. આહા..હા..! '**તેને જ્ઞાને એક પ્રકારનું બતાવ્યું.**' બે એક જ પ્રકાર છે. પુણ્ય અને પાપના ભાવ બેય બંધના કારણ છે. ભગવાન આત્મા અબંધ સ્વભાવી વસ્તુ, એના

સ્વભાવના જ્ઞાન દ્વારા બેય કર્મ એક પ્રકારનું છે તેમ બતાવ્યું છે. કહો, આ તો બહુ સહેલું છે. સવારનું જરી અટપટું લાગ્યું કોકને.

**'જ્ઞાનમાં મોહરૂપી રજ લાગી રહી હતી તે દૂર કરવામાં આવી...'** એટલે કે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એને મોહની ભાવની દશા એને લઈને બે પ્રકારના કર્મ બંધાતા હતા એને જ્ઞાનીએ એક રીતે બતાવ્યું છે. **'ત્યારે યથાર્થ જ્ઞાન થયું;...'** એને દૂર કરવામાં આવ્યું. શુભ-અશુભભાવ નહિ. તેનું બંધન થાય એ પણ નહિ, એનું ફળ આવે બહારમાં એ પણ નહિ. આહા..હા..!

**'જેમ ચંદ્રને વાદળાં તથા ધુમ્મસનું પટલ આડું આવે...'** ચંદ્રને. ધુમ્મસ આવે ને ધુમ્મસ. એ વાદળ આવે. **'ત્યારે યથાર્થ પ્રકાશ થતો નથી પરંતુ આવરણ દૂર થતાં ચંદ્ર યથાર્થ પ્રકાશે છે,...'** તેમ ભગવાન આત્માને પુણ્ય-પાપના ભાવથી બંધન થાય છે એ વાદળા છે અને પુણ્ય-પાપ પોતે પડળ અને આવરણનું કારણ છે. આહા..હા..! એને અહીંયાં દૂર કરીને શુભાશુભભાવને દૂર કરી એને જ્ઞાનની નિર્મળ પર્યાય દ્વારા આત્માનો પ્રકાશ કરીને, આત્મા ચંદ્રની પેઠે પ્રકાશે છે. શાંત... શાંત... શાંત... પુણ્ય અને પાપ બેય ભાવ અશાંત છે. આહા..હા..! આવી વાત આકરી પડે લોકોને. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો પણ રાગ એ પણ અશાંત છે, આકુળતા છે. એનાથી રહિત ભગવાન આત્મા શુદ્ધજ્ઞાનઘન એને નિર્મળ ચૈતન્યની પર્યાયની પરિણતિ દ્વારા પકડવો કે એનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. આહા..હા..! એમ અહીંયાં કહે છે એ. એની પેઠે જાણ.

**'હવે પુણ્ય-પાપના સ્વરૂપના દૃષ્ટાંતરૂપ કાવ્ય કહે છે :—'** દાખલો આપીને પુણ્ય-પાપને સમજાવે છે.

(मन्दाक्रान्ता)

एको दूरात्त्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना-
दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तथैव।
द्वावप्येतौ युगपदुदरान्निर्गतौ शूद्रिकायाः
शूद्रौ साक्षादपि च चरतो जातिभेदभ्रमेण।।१०१।।

**'શ્લોકાર્થ :— (શૂદ્રાણીના એકીસાથે જન્મેલા બે પુત્રો...'** હતી તો ચંડાળણી, પણ એને પેટે બે પુત્ર જન્મ્યા. **'એક બ્રાહ્મણને ત્યાં ઊછર્યો અને બીજો શૂદ્રના ઘેર જ રહ્યો.) એક તો 'હું બ્રાહ્મણ છું' એમ બ્રાહ્મણત્વના અભિમાનને લીધે...'** આહા..હા..! છે તો ચંડાળણીનો દીકરો એ. પણ બ્રાહ્મણને ત્યાં ગયો એટલે એને એમ થઈ ગયું અમે તો બ્રાહ્મણ છીએ. અમારે મદિરા ખપે નહિ, આ ખપે નહિ, ફલાણું ખપે નહિ. આહા..હા..! ...

**'એમ બ્રાહ્મણત્વના અભિમાનને લીધે મદિરાને દૂરથી જ છોડે છે અર્થાત્ સ્પર્શતો**

પણ **નથી; બીજો 'હું પોતે શૂદ્ર છું'...'** હું તો શૂદ્ર છું. મારે તો મદિરાથી સ્નાન કરું, મદિરા પીવ એ મારે તો ખપે છે. **'હું પોતે શૂદ્ર છું એમ માનીને મદિરાથી જ નિત્ય સ્નાન કરે છે...'** સ્નાન કરે એટલે હાથ-પગ બધા .. હોય તોપણ એને કાંઈ વાંધો નથી. આહા..હા..! **'તેને પવિત્ર ગણે છે. આ બન્ને પુત્રો શૂદ્રાણીના ઉદરથી એકીસાથે જન્મ્યા છે તેથી (પરમાર્થે) બન્ને સાક્ષાત્ શૂદ્ર છે,...'** બ્રાહ્મણને ત્યાં ગયો પણ છે તો શૂદ્ર. ચંડાળણીના પુત્ર છે. આ તો દૃષ્ટાંત છે હોં હજી.

**'તોપણ જાતિભેદના ભ્રમ સહિત તેઓ પ્રવર્તે છે—આચરણ કરે છે. (આ પ્રમાણે પુણ્ય-પાપનું પણ જાણવું.)'** બહુ ખુલાસો આમાં નથી કર્યો. કળશટીકામાં ઘણો ખુલાસો કર્યો છે. એમ કર્યો છે કે ત્યાં આ દયા, દાન, વ્રત, બ્રહ્મચર્ય એ પાળનાર પ્રાણી છે તો વિભાવની પરિણતિ પણ એને એમ અમારે ખપે નહિ, અમારે એ ખપે નહિ, અમારે એ ખપે નહિ. અમારે વિષય ખપે નહિ, હિંસા કરવી ખપે નહિ. અમે તો દયાના પાળનારા, વ્રતના પાળનારા. એ પણ પાળનારા પણ વિભાવની પરિણતિ છે એ. બ્રાહ્મણ થઈને એમ માને કે અમે તો.. છે તો ચંડાણળીનો પુત્ર. અમારે આ ખપે નહિ. એમ આ વિભાવ પરિણતિ શુભ છે એના અભિમાનીઓ એને એમ કહે અમારે આ ખપે નહિ, જુઓ આ ખપે નહિ, અમે તો વ્રત પાળનારા છીએ.

**શ્રોતા :-** અશુભ ખપે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અશુભ ખપે નહિ, આ ફલાણું નહિ, હિંસા નહિ, જૂઠું નહિ. પણ એ તારી દયા અને વ્રત એ બધા એક જ જાતના પરિણામ છે. આહા..હા..! વિભાવ વિકાર પરિણામ છે. આહા..હા..! આ બહુ ખુલાસો કર્યો છે. આમાં છેને?

**'હું બ્રાહ્મણ એવો સંસ્કાર, તેના પક્ષપાતથી. ભાવાર્થ આમ છે કે—શૂદ્રાણીના પેટે ઊપજ્યો છું એવા મર્મને જાણતો નથી,...'** **'તેવી રીતે કોઈ જીવ શુભોપયોગી થતો થકો—'** શુભ ઉપયોગ. **'યતિક્રિયામાં મગ્ન થતો થકો—'** સાધુની ક્રિયા, વ્રત ને દયા, દાન અને એમાં મગ્ન છે. **'શુદ્ધોપયોગને જાણતો નથી,...'** એ શુભ-અશુભથી રહિત આત્મા શુદ્ધ છે એનો વેપાર અને ઉપયોગને જાણતો નથી. **'કેવળ યતિક્રિયામાં મગ્ન છે,...'** એ સાધુની ક્રિયા જે વ્રત ને દયા ને દાન, અઠ્યાવીશ મૂળગુણ એ બધો શુભોપયોગ છે, ચંડાળણીના પેટના એટલે વિભાવથી ઉત્પન્ન થયેલી દશા છે. એય.. બલુભાઈ! આ તમારા ઓલા અપવાસ ગયા ને? વર્ષીતપ ને પારણા અને અપવાસ એ શુભભાવમાં ગયા ચંડાળણીના પુત્રમાં. અમારે આહાર ખપે નહિ, આજે અમારે અપવાસ છે, પણ છે તો શુભભાવ. એ બંધનું કારણ છે.

એ **'અમને વિષયકષાયસામગ્રી નિષિદ્ધ છે...'** આમાં વિસ્તાર કર્યો છે. **'અમને વિષયકષાયસામગ્રી નિષિદ્ધ છે...'** જો ઓલો બ્રાહ્મણ માનનારો હોયને, અમારે મદિરા

નિષેધ છે. પણ આ શુભભાવનો કરનારો અમારે વિષય અને કષાય સામગ્રી નિષેધ છે. એમ જાણીને '**હું તો મુનિશ્વર, અમને વિષયકષાયસામગ્રી નિષિદ્ધ છે એમ જાણીને વિષયકષાયસામગ્રી છોડે છે, પોતાને ધન્યપણું માને છે, મોક્ષમાર્ગ માને છે, પરંતુ વિચાર કરતા એવો જીવ મિથ્યાદષ્ટિ છે,...**' અત્યારે આ આકરું પડે જગતને. આહા..હા..! જુઓ અમે કાંઈ હિંસા કરીએ છીએ? અમે વિષય સેવીએ છીએ? વિષય કષાય સ્ત્રી, કુટુંબ, પરિવાર અમે બધું છોડ્યું છે. આહા..હા..!

ખરેખર પરવસ્તુનો ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહિ. આત્મામાં ત્યાગ-ઉપાદાન.. આવે છે ને. ત્યાગ-ઉપાદાન-શૂન્યત્વશક્તિ. આત્મામાં પરનું ગ્રહણ ત્યાગ હોય તો ગ્રહણ ત્યાગ લાગ્યા વગર રહે, કોઈ દિ' છૂટે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આત્મામાં પરવસ્તુનો ત્યાગ અને પરવસ્તુનું ગ્રહણ એનાથી શૂન્ય જીવ છે. એને ઠેકાણે એમ માને કે મેં આ છોડ્યું.. મેં આ છોડ્યું... એ મિથ્યા અભિપ્રાય છે. આહા..હા..! આકરી વાતું બહુ. સમજાણું કાંઈ?

'**કર્મબંધને કરે છે, કાંઈ ભલાપણું તો નથી.**' આહા..હા..! શુભભાવ કરે એને ભલાપણું કામ છે નહિ. આહા..હા..! આ લોકો તો એ કહે છે વ્રત અને શુભાદિ ટાળશે તો પછી હળવે-હળવે નિશ્ચય થાશે. હવે અહીં તો કહે છે કે શુભભાવથી તો બંધ થાશે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિર્મળ છે જ નહિ એ મલિન જ છે. નિર્મળ તો શુભાશુભભાવરહિત ચૈતન્યસ્વભાવનો ઉપયોગ પરિણતિ કરે ત્યારે તે નિર્મળ થાય. આહા..! એવી વાત છે. કહો, સમજાણું કાંઈ? કહો, પંડિતજી! આવી વાત છે, આકરી છે, ભાઈ!

**શ્રોતા :-**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુની સ્થિતિ જ એવી છે. કુંદકુંદાચાર્ય કાંઈ ઘરનું કહે છે? વસ્તુ જ પોતે શુદ્ધ ચૈતન્યઘન છે, એના ઉપયોગના પરિણામ કરે તે શુદ્ધ છે. બાકી પરદ્રવ્યના લક્ષે જેટલા પરિણામ થાય એ બધા શુભ-અશુભભાવ બંધનું કારણ છે.

લ્યો અહીં કીધુંને કે અમારે ખપે નહિ. બ્રાહ્મણ છેને? છે તો ચંડાળણીનો પુત્ર પણ બ્રાહ્મણને ત્યાં ઊછર્યો એટલે અમારે આ ખપે નહિ.. અમારે આ ખપે નહિ.. એમ શુભભાવના પાળનારા.. છેને? '**યતિક્રિયામાં મગ્ન છે...**' જુઓ ઓલામાં કહ્યું છે. પહેલામાં કહ્યું છે. પહેલાં કળશમાં છે. '**દયા, વ્રત, તપ, શીલ, સંયમ આદિથી માંડીને જેટલી છે શુભ ક્રિયા અને શુભ ક્રિયાને અનુસાર છે તે-રૂપ જે શુભોપયોગપરિણામ તથા તે પરિણામોના નિમિત્તથી બંધાય છે જે શાતાકર્મ આદિથી માંડીને પુણ્યરૂપ પુદ્‌ગલપિંડ, તે ભલાં છે,...**' એમ અજ્ઞાની માને છે. બંધનની અપેક્ષાએ તો બેય સરખા છે. વ્યવહારની અપેક્ષાએ અશુદ્ધથી શુદ્ધ ફેર છે. પણ નિશ્ચયના બંધની અપેક્ષાએ તો બે એક જ જાત

છે. આહા..હા..! આવું આકરું લાગે માણસને. અત્યારે તો એ ક્રિયાકાંડ વ્રત ને આ એ બસ એ ધર્મ. અને અપવાસ કરવો, વ્રત કરવા, ભક્તિ કરવી, તપ ને ત્યાગ. આહા..હા..!

અહીં તો કહે છે કે એ તપને ત્યાગ કરનારાઓ કદાચિત્ શુભોપયોગ હોય, તો અમારે આ ખપે નહિ... ખપે નહિ.. એમ માનીને છે તો એ શુભપયોગ વિકાર. પણ આ અમારે ખપે નહિ હિંસા કરવી એમ માનીને શુભોપયોગનું અભિમાન કરે છે. મિથ્યાદૃષ્ટિ છે. કહો, નવરંગભાઈ! ફૂલચંદભાઈ! આ વ્રત ને તપ તમારા બધા એ તો તમારે ન હોય. આ બલુભાઈએ વર્ષીતપ કર્યા હતા. .. છે. એને ત્યાં આહાર કર્યો આપણે. એના પિતાશ્રી જીવતા તે દિ' ચીમનભાઈ. હતા બેઠા હતા. પણ એ તો રાગ મંદ હોય તો મંદ કર્યો હોય તો શુભ છે અને મિથ્યાત્વ સાથે છે કે અમે આ ધર્મ કરીએ છીએ અને તપસ્યા કરીએ છીએ અને અમે શુભ નિર્જરા કરીએ છીએ.

'**દયા, વ્રત, તપ શીલ, સંયમ...**' એ બધી શુભક્રિયા શુભ પરિણામ છે. આહા..હા..! એ જડની ક્રિયા કીધી અને એને અનુસારે થતાં શુભ પરિણામ કર્યા. અને એનું બંધન થતાં પુણ્ય છે, એનું ફળ થતાં સ્વર્ગાદી મળે બધું બંધનનું ફળ છે. આહા..હા..! અનુભવપ્રકાશમાં તો કહ્યું છે કે ત્યાગ-ઉપાદાન શક્તિ એવી છે કે જો એ શક્તિ ન હોય તો ત્યાગ-ઉપાદાન થયા જ કરે. પરનો ત્યાગ અને પરનું ગ્રહણ, પરનો ત્યાગ અને પરનું ગ્રહણ. પણ એ પરનો ત્યાગ અને પરના ગ્રહણરહિત એનું સ્વરૂપ જ છે. કોઈ દિ' પરને ગ્રહ્યું નથી અને પરને કોઈ દિ' છોડતો નથી. આહા..હા..! અજ્ઞાનભાવે રાગને ગ્રહ્યો છે, પર્યાયમાં માન્યતાથી હોં! અને જ્ઞાનભાવે તેને છોડે છે એનો અર્થ એ કે સ્વભાવની દૃષ્ટિમાં રહે છે ત્યારે તેને ઉત્પન્ન થતાં નથી એથી એ છોડો છે એમ કહેવામાં આવે છે. આવી વાત છે.

જન્મ-મરણરહિત થવાનો માર્ગ બાપુ ઝીણો છે. ચોર્યાસીના અવતાર અનાદિના કરી રહ્યો છે એ દુઃખી છે.. દુઃખી છે. એ પૈસાવાળા લાખો-કરોડોપતિ દેખાય, અબજોપતિ દેખાય, શરીર સુંદર દેખાય એ તો બધી જડની સામગ્રી છે. આહા..હા..! સ્મશાનમાં જેમ હાડકા હોય અને એને લઈને શું કહે છે ફાસફૂસ? છોકરાઓ એમ જાણે કે ભૂતડાં છે આ ભૂતડાં થાય છે. ભૂતડાં નથી એ ફાસફૂસ થાય ત્યાં એ હાડકામાંથી. એમ આ જડના હાડકામાંથી ફાસફૂસ દેખાય છે બધું. આહા..હા..! એ પૈસા ને મહેલ ને મકાન ને સ્ત્રી-કુટુંબ ને શરીરની સુંદરતા બધા સ્મરશાનના ફાસફુસ છે. કાંતિભાઈ! તમારે તો આમ છોકરા હિરા-માણેકના ધંધા. પૈસા-મકાન મોટા. સુખી હશે કે નહિ બધા? બાપા તો અહીંયાં પડ્યા રહે છે. આહા..હા..! આ લાલજીભાઈના છોકરા માટે કેટલા .. છતાં એકલા રોટલા ઘડી .. અહીં રહે છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ એણે શું કર્યું દીકરાએ? આહા..હા..! એ વિષયકષાયની સામગ્રી જે છે ચાહે તો અનુકૂળ હોય તોપણ એ બધું હેય છે. આહા..હા..! હેયનો અર્થ ત્યાગવાયોગ્ય

છે એમ નહિ. એનો તો ત્યાગ જ છે. તો એના તરફનું લક્ષ છે એ છોડવા જેવું છે એટલું. આહા..હા..! સમજાણું કાંઈ? આકરી વાત છે ભાઈ!

'**ભાવાર્થ :— પુણ્ય-પાપ બન્ને વિભાવપરિણતિથી ઊપજ્યાં હોવાથી...**' ચાહે તો દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એ ભાવ હોય કે ચાહે તો હિંસા, જૂઠ્ઠું, ચોરી, વિષય, ભોગ, ભાવ હોય બંને વિભાવ નામ વિકારની અવસ્તાથી ઊપજ્યાં હોવાથી '**બન્ને બંધરૂપ જ છે.**' આહા..હા..! આ લોકોને આકરું લાગે અને લોકો એમ લાગે છે કે આ સોનગઢથી કાઢ્યું છે. આ શું કોનું છે આ?

**શ્રોતા :-** સોનગઢથી નીકળે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુસ્તક એમ કે આ ખુલાસો અહીં કર્યો બધો એણે એમ. અંદર છે એનો ખુલાસો થાય છે. જયચંદ્ર પંડિતે કર્યો. આણે ન કર્યો? રાજમલે તો ત્યાં સુધી કર્યું, કે જેમ ચંડાળણીના પેટથી ઉત્પન્ન થયેલો બ્રાહ્મણ અમારે મદિરા ખપે નહિ, બાયડી ખપે નહિ, ઢીંકણું ખપે નહિ, એમ આ અજ્ઞાની શુભભાવળા અમારે સ્ત્રી ખપે નહિ, ભોગ ખપે નહિ, વિગેરે.. વિગેરે.. પૈસા ખપે નહિ, છોકરા ખપે નહિ. એવો બધો ત્યાગ એ જાતનો છે. છે તો શુભભાવ તારો રાગ છે. આહા..હા..! કહો, બલુભાઈ! આવી વાતું ઝીણી બહુ બાપુ! આહા..હા..!

'**પુણ્ય-પાપ બન્ને વિભાવ પરિણતિથી ઊપજ્યાં હોવાથી...**' એ કાંઈ સ્વભાવભાવની દૃષ્ટિ નથી. ચૈતન્ય પ્રભુ આનંદકંદ એની એ પરિણતિ નથી. એ તો વિકારની દશા બેય છે શુભ-અશુભ. આહા..હા..! ત્યારે હવે ઓલા લોકો એ કહે છે કે શુભ કરતાં-કરતાં શુદ્ધ થશે. આહા..હા..! શું થાય? હવે આવા લેખો પંડિતો ..માંડ્યા હવે કહે નહિ, શુભ કરતા કરતા, વ્યવહાર કરતા કરતા શ્રદ્ધા. વ્યવહાર શ્રદ્ધા હોં. અને વ્યવહાર શાસ્ત્ર જ્ઞાન, વ્યવહાર વ્રત નિયમ. આહા..હા..! એવા .. આવે છે. આહા..હા..!

ભગવાન એ દૃષ્ટિ, દૃષ્ટિમાં શલ્ય છે મિથ્યાત્વનું. સમજાય છે કાંઈ? ઓલું .. આવ્યું નહોતું આપણે આમાં. સ્વયં ઉદય પામે છે. એનો ટીકામાં અર્થ કર્યો છે. અધ્યાત્મ તરંગિણીમાં. પરની નિરપેક્ષ અપેક્ષા. પરની પણ જેને અપેક્ષા નથી. સમ્યગ્દર્શન થવામાં મોક્ષમાર્ગ, પરની કોઈ અપેક્ષા છે જ નહિ. કર્મ નિરપેક્ષ છે એમ શબ્દ પડ્યો છે. આહા..હા..! આ સ્વયં.. કીધું હતુંને?

ધર્મની દૃષ્ટિ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ આત્માને આશ્રયે પ્રગટે છે એને કોઈ વ્યવહાર હોય તો પ્રગટે એમ છે નહિ. આહા..હા..! આવી વાત ભારે આકરી પડે લોકોને. શું થાય બાપુ? રખડી મરી ગયો છે. 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો.' મુનિવ્રત એ કેવા. અત્યારે તો એ છે જ નહિ. જેને માટે ખાર છાંટે અને ક્રોધ ન કરે અને પંચમહાવ્રત નિરતિચાર, એને માટે આહાર કરીને લે પ્રાણ જાય તો ન લે ચોકા કરીને. એવી તો જેની વ્યવહાર

ક્રિયા એવી ક્રિયાઓ અનંતવાર પાળી. અને ગ્રૈવેયકે ગયો. પણ આતમજ્ઞાન બિન આનંદ ન આવ્યો. આહા..હા..!

શુભ-અશુભભાવથી રહિત શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. ચંદ્ર જેમ શીતળ અને સફેદ એમ નિર્મળ અને શાંતિના સ્વભાવથી ભરેલો પ્રભુ છે. એનો જે ઉપયોગ થાય એનું નામ શુભોપયોગ કહેવાય. એ ધર્મ. બાકી શુભ અને અશુભ બેય વિભાવની દશા છે. જુઓ શુભને વિભાવની દશા કીધી. દયા, વ્રત, શીલ, સંયમ, મુનિધર્મ જે વ્યવહાર કહેવાય એ બધો વ્યવહાર શુભભાવ છે. એ આત્મામાં નથી.

યતિ. ..આવ્યુંને ઓલા અલિંગગ્રહણમાં નહિ? યતિનો બાહ્યાચાર સ્વભાવમાં નથી. જુઓ એમાં આવ્યું છે. અલિંગગ્રહણમાં. મુનિનો જેટલો બાહ્યાચાર વ્રત ને નિયમ ને તપ ને ભક્તિ ને પૂજાને ભાવ એ યતિ આચાર આત્માના અંતરમાં નથી. આહા..હા..! આ તો બહુ સાદી ભાષા છે. આહા..હા..! ભાવલિંગી જે નિર્વિકલ્પ છે એ પરમાત્મપ્રકાશમાં આવી ગયું છે. જે આત્માને આશ્રયે થાય, નિર્વિકલ્પ આત્માની વીતરાગ સમકિતી, વીતરાગી જ્ઞાન અને વીતરાગ ચારિત્ર એ ત્રણેય પણ આત્માનું સ્વરૂપ નથી એ તો પર્યાયમાં આવે છે. આહા..હા..!

મોક્ષનો સાચો માર્ગ એ પણ વસ્તુનું સ્વરૂપ નથી. એ તો પર્યાયનો ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાવલિંગ પણ આત્માનું નથી એમ કહ્યું ત્યાં તો. યતિનું દ્રવ્યલિંગ છે એ તો આત્મામાં છે જ નહિ. જેટલી ક્રિયા વ્યવહારની કહેવાય એ તો આત્મામાં છે જ નહિ. પણ દ્રવ્યસ્વરૂપ જે ભગવાન આત્મા એમાં ભાવલિંગની જે ક્રિયા અંદર વીતરાગી પર્યાય આનંદની દશા એ તો પર્યાય છે. આહા..હા..! એ દ્રવ્યમાં એ નથી. આહા..હા..! આવી વાત. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! તારે કલ્યાણ કરવું છે કે નહિ, બાપુ! રખડીને મરે છે, ભાઈ! આહા..હા..!

એ જ્ઞાનની નજરું તે કરી નહિ, એ જ્ઞાનસ્વરૂપી .. તો ભગવાન ભંડાર છે. પર્યાયમાં ભેલ ન હોય, અવસ્થામાં ન આવે, પણ એ અંદર શક્તિ ગુપ્ત ભંડાર, અનંત જ્ઞાન, અનંત આનંદનો ભંડાર છે. એને જ્ઞાનની પરિણતિ વડે ખોલ. આહા..હા..! એ શુભરાગથી નહિ ખુલે. ત્યાં તો .. પડશે એને. આહા..હા..! શુભરાગના ભાવથી તો નિધાન નહિ ખીલે પણ .. મારે તો અબંધ થશે. આહા..હા..! ઝીણી વાતું બાપુ આવી. માને જગત જેમ માનવું હોય, સ્વતંત્ર છે. અનાદિથી રખડે છે.

**'પુણ્ય-પાપ બન્ને વિભાવપરિણતિથી ઊપજ્યાં હોવાથી બન્ને બંધરૂપ જ છે.'** બંધરૂપ જ છે એમ કહ્યું છે. **'વ્યવહારદૃષ્ટિએ ભ્રમને લીધે...'** વ્યવહારદૃષ્ટિ એટલે મિથ્યાદૃષ્ટિને લઈને. જોયું! **'વ્યવહાર દૃષ્ટિએ ભ્રમને લીધે તેમની પ્રવૃત્તિ જુદી જુદી ભાસવાથી,...'** પણ ઓલો ગૃહસ્થાશ્રમમાં વિષય સેવે, કષાય સેવે, રાજ કરતો હોય અને આ રાજપાટ છોડીને, ત્યાગીને બેઠો હોય, પણ બહારની પ્રવૃત્તિમાં ફેર પડ્યો તો કાંઈક ફેર હશે કે નહિ

અંદરમાં? એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? આહા..હા..! બાપુ! જ્યાં અંદર દૃષ્ટિ ફરી નથી. જેને દૃષ્ટિમાં દોલત આત્માની હાથ આવી નથી. આહા..હા..! ચૈતન્ય ભંડાર આનંદનો નાથ પ્રભુ, સર્વજ્ઞ સર્વદર્શી પ્રભુ છે. આહા..હા..! એ દૃષ્ટિ હાથ આવી નથી ત્યાં સુધી એના શુભાશુભભાવ બંધના કારણ છે. આહા..હા..! સંસારનું કારણ છે. પુણ્યથી સંસાર મળશે અને પાપથી સંસાર મળશે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સારું અને ખરાબ—એમ બે પ્રકારે તેઓ દેખાય છે.'** કઈ રીતે? **'વ્યવહારદૃષ્ટિએ ભ્રમને લીધે...'** એમ. છેને? આહા..હા..! **'તેમની પ્રવૃત્તિ જુદી જુદી ભાસવાથી,..'** એક ગૃહસ્થાશ્રમમાં, બાયડી, છોકરા, કુટુંબ, વિષય, ભોગ, લડાઈ ધંધા કરતો હોય, અને એકકોર લડાઈ બંધ કરી, દુકાન બંધ કરી, બાયડી-છોકરા છોડીને સાધુ થયો, નગ્ન થયો એ તો પણ જાણે એકલી પ્રવૃત્તિમાં ભેદ દેખે છે અજ્ઞાની. પણ એ પ્રવૃત્તિ બધી એની શુભની છે અને ઓલાની અશુભ છે. બેય બંધનું કારણ છે. આહા..હા..!

**શ્રોતા :-** બેય સંસારમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય સંસાર છે. આહા..હા..!

સમયસાર નાટકમાં તો ત્યાં સુધી કીધું. કે મુનિ છે, સાચા ભાવલિંગી, અનુભવી આનંદના ઉછાળા જેને માને છે. પ્રચુર સ્વસંવેદન છે. એવા સંતને પણ જે પંચમહાવ્રતનો વિકલ્પ ઉઠે એ જગપંથ છે. આહા..હા..! બતાવ્યું હતું ને સમયસારમાં. ચારેય શુભયોગ છે. એ મોક્ષ. ફુલચંદજી! તમે આવ્યા નહિ બતાવ્યું હોય. ત્યાં કહ્યું છે.

'તા કારન જગપંથ ઈત,...' જેટલો છઠ્ઠે ગુણસ્થાને પ્રમાદ પંચમહાવ્રતના પરિણામ એ બધા પ્રમાદ છે. રાગ છેને? જગપંથ છે એ. આહા..હા..! 'તા કારન જગપંથ ઈત, ઉત સિવ મારગ જોર.' અંતર આનંદના નાથમાં જ્યાં રમે છે એ શિવમાર્ગ છે. એવો સંસાર આટલો મુનિને પણ. આહા..હા..! સાચા મુનિને. એકલા વ્રત-બ્રત પાળે છે ને એ .. માને છે સમ્યગ્દૃષ્ટિ નથી એની તો વાત નથી. પ્રરૂપણા જેની એવી છે કે આ વ્રત ને તપ ને આ ત્યાગ કરો એ ધર્મ છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ જૈન સાધુ નથી અને જૈનને એ માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો અનુભવી છે. પ્રચુર આનંદનું સંવેદન છે. સં નામ પ્રત્યક્ષ-પ્રત્યક્ષ વેદનમાં છે આત્મા. આહા..હા..! એવા જીવને પણ જેટલો છઠ્ઠે ગુણસ્થાને શુભભાવ થાય, અઠ્યાવીશ મૂળગુણ પંચમહાવ્રતાદિનો વિકલ્પ જગપંથ છે. આહા..હા..! જેવું કુંદકુંદાચાર્યે કહ્યું એવું એમણે કહ્યું છે. પણ એ લોકો હવે અત્યારે એમ કહે છે કે ટોડરમલ અને બનારસીદાસ અધ્યાત્મની ભાંગ પીને નાચતા હતા. અરે.. પ્રભુ! ભાઈ તને લોકો માનશે.

**શ્રોતા :-** અધ્યાત્મની ભાંગ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે.. અધ્યાત્મની ભાંગ હોય? આહા..હા..! એમ કે દૃષ્ટિ સ્વભાવની

.. વાત અને વાતું કરવી બધી કરવી ખોટી એમ. આહા..હા..! બેય જણા. ટોડરમલ અને બનારસીદાસ બેનું ઉડાવી દીધું. સમયસારનાટક ઉડાવ્યું. પણ આવી ભાષા ન ગોઠે એને.

અરે.. પ્રભુ! શું થાય ભાઈ! સર્વજ્ઞ વીતરાગદેવ પરમેશ્વરે તો એમ કહ્યું છેને? આ કોણ કહે છે? કુંદકુંદાચાર્ય કહે છે, અમૃતચંદ્રાચાર્ય કહે છે, કેવળી કહે છે એ કહ્યું છે. આહા..હા..! વ્યવહાર દષ્ટિએ પુણ્ય તે ઠીક, શુભભાવ, દયા, દાન, વ્રત, ઠીક અને અવ્રત આદિ ઠીક નહિ એમ '**તેમની પ્રવૃત્તિ જુદી જુદી ભાસવાથી, સારું અને ખરાબ—એમ બે પ્રકારે તેઓ દેખાય છે. પરમાર્થદષ્ટિએ તો તેમને એકરૂપ જ,...**' છે. શુભ-અશુભ એ કર્મ જ છે, પુણ્ય-પાપના ભાવ એ કર્મ છે, બંધનું કારણ છે, દુઃખરૂપ છે. આહા..હા..! છે? '**બંધરૂપ જ, ખરાબ જ જાણે છે.**' આહા..હા..!

ઓલા કળશમાં નથી? હેય છે એટલું નથી પણ નિંદાવા. એમ કહ્યું નહોતું? ત્યજવા લાયક છે. શેમાં? પુણ્ય-પાપમાં? કળશ બતાવ્યો હતો પહેલાં. બંધરૂપ છે એ નથી આવતું? બંધનું કારણ છે. બંધથી વિપરીતભાવવાળું છે. એ એમાં જ આવે છેને? ૧૦૮ કળશ? એ આમાં છે ક્યાંક. પુણ્ય-પાપમાં જ આવે છે. જુઓ.

'**અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી.**' એમ કોઈ કહે. ૧૦૮ કળશ. આમાં જ આવશે આગળ. '**ઉત્તર આમ છે કે—વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે,...**' કળશ ટીકા ... એ '**વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે,...**' એવા ત્રણ શબ્દો વાપર્યા છે. ૧૦૮ કળશ. આમાં આવશે આગળ. આહા..હા..! '**તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે...**' જેમ વિષયકષાય નિષેધ છે એમ શુભક્રિયા ચારિત્ર એનાથી પણ નિષિદ્ધ જ છે. આહા..હા..! અરેરે..! એને આત્મસ્વરૂપ શું છે એ મોહથી ઢંકાઈ ગયો. મહાભંડાર આનંદનો પ્રભુ છે એની પરિણતિ જ્ઞાનની પરિણતિથી જણાય એવો છે. પહેલાં તો પરોક્ષજ્ઞાન, પ્રત્યક્ષ તો પછી થાશે. વેદનમાં પ્રત્યક્ષ થાય, પણ એ વસ્તુ આમ દેખાય નહિ જ્ઞાનમાં. એ પરોક્ષ જ્ઞાન એની પ્રત્યક્ષની ભાવના કરતા કરતા પરોક્ષ કેવળજ્ઞાન થઈ જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અનુભવ કરતાં-કરતાં. વ્યવહારની ક્રિયા કરતાં-કરતાં પ્રકાશ થઈ જાય છે એમ છે નહિ. આહા..હા..!

'**હવે શુભાશુભ કર્મના સ્વભાવનું વર્ણન ગાથામાં કરે છે :—**' ૧૪૫-ગાથા.

कम्ममसुहं कुसीलं सुहकम्मं चावि जाणह सुसीलं।
कह तं होदि सुसीलं जं संसारं पवेसेदि।।१४५।।

આહા..હા..! આ કુંદકુંદાચાર્ય કહે છે.

**છે કર્મ અશુભ કુશીલ ને જાણો સુશીલ શુભકર્મને!**
**તે કેમ હોય સુશીલ જે સંસારમાં દાખલ કરે? ૧૪૫.**

એ શુભકર્મ છે એ સંસારમાં દાખલ કરનાર છે. ત્યારે કેટલાક કહે છે કે એ શુભકર્મને આમાં કહ્યું છે. પણ અહીં તો ટીકામાં શુભકર્મનું કારણ શુભભાવ એ સંસારમાં દાખલ કરે એની વાત છે. આહા..હા..! માણસોને સ્વાધ્યાય નહિ, અધ્યાત્મ શાસ્ત્ર જે સત્યને સિદ્ધ કરે છે. આહા..હા..! અભ્યાસ નહિ એટલે ગોટા ઊઠ્યા મોટા.

૧૪૫-ગાથા. હવે 'ટીકા :—**કોઈ કર્મને શુભ જીવપરિણામ નિમિત્ત** હોવાથી...' અજ્ઞાનીનો વ્યવહારનયવાળાનો અજ્ઞાનીનો પક્ષ છે કે '**કોઈ કર્મને શુભ જીવપરિણામ નિમિત્ત...**' પુણ્ય બંધાય છે એમાં શુભ પરિણામ નિમિત્ત છે. પુણ્ય બંધાય છે એમાં શુભ પરિણામ નિમિત્ત છે '**અને કોઈ કર્મને અશુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી કર્મના કારણમાં ભેદ-તફાવત છે. (અર્થાત્ કારણ જુદાં જુદાં છે);...**' એમ અજ્ઞાનીનો પક્ષ છે. શું કીધું એ? અજ્ઞાની એમ કહે છે, કર્મના પક્ષવાળો કે એક પુણ્ય એવું છે કે શુભ બંધાય છે અને એક પાપ એવું છે કે અશુભ બંધાય છે. તો કર્મના બંધનમાં, જીવના પરિણામમાં ફેર છે. પુણ્ય બંધનમાં શુભ પરિણામ નિમિત્ત છે, પાપમાં અશુભ નિમિત્ત છે. તો બેના પરિણામમાં નિમિત્તમાં ફેર છે. સમજાણું કાંઈ? એક વાત.

બીજી. '**કોઈ કર્મ શુભ પુદ્ગલપરિણામમય...**' જડ. બંધાયેલું એ. પહેલાં એના નિમિત્ત કીધું કે પુણ્ય બંધનને શુભ પરિણામ નિમિત્ત છે, પાપબંધનને અશુભ નિમિત્ત છે, બેમાં ફેર છે એમ કહે. શુભ-અશુભ પરિણામ નિમિત્ત છે એવો બે ફેર છે એમ અજ્ઞાનીની દલીલ છે. બીજી વાત. '**કોઈ કર્મ શુભ પુદ્ગલપરિણામમય...**' બંધન છે જડની વાત છે '**અને કોઈ કર્મ અશુભ પુદ્ગલપરિણામમય હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ છે;...**' એક શાતાવેદનીય બંધાય, એકમાં અશાતાવેદનીય બંધાય. કર્મમાં પણ ફેર છે. એમ અજ્ઞાનીની દલીલ વ્યવહારપક્ષની છે. આહા..હા..!

'**કોઈ કર્મનો શુભ ફળરૂપે...**' સ્વર્ગની ગતિ મળે, રાજા થાય, ઉચ્ચ આયુષ્ય બંધાય, ઉચ્ચ ગોત્રમાં આવે. આહા..હા..! એનું ફળ એવું આવે. '**કોઈ કર્મનો શુભ ફળરૂપે ને કોઈ કર્મનો અશુભ ફળરૂપે વિપાક થતો હોવાથી કર્મના અનુભવમાં (-સ્વાદમાં) ભેદ છે;...**' એના ફળરૂપે અનુભવ થાય એમાં ફેર છે. એક રાજા થાય અને એક નારકી થાય. ફળમાં ફેર છે. પુણ્ય કરે તો રાજા થાય, પાપ તરીકે નરકમાં જાય ફેર છે કે નહિ ફળમાં? આહા..હા..! બેય સરખા છે એ પછી કહેશે.

અહીં તો એની દલીલ છે કે એક તો પુણ્યબંધનમાં જીવના પરિણામ શુભનિમિત્ત છે એટલો ફેર, પાપ બંધનમાં અશુભ પરિણામ એટલો ફેર, અને એક પુણ્ય બંધાય છે અને એકમાં પાપ થાય છે એ કર્મમાં ફેર અને એક પુણ્યના ફળ સ્વર્ગાદિ મળે છે, પાપના ફળમાં

નરકાદિ ફળમાં ફેર. સમજાણું કાંઈ? ..ભાઈ! એ અજ્ઞાની કહે છે કે ફેર છે. વાત એક જ છે સાંભળને હવે. આહા..હા..!

**શ્રોતા :-** ગરીબ થાય તોપણ બેય સરખા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય સરખા. ગરીબ થાય તોપણ હતો કે દિ' આત્મા? આહા..હા..! ગરીબ એ દુઃખી દિન થઈને, પૈસાવાળો દુઃખી અભિમાન કરીને દુઃખી છે. પૈસા જડ છે એનો સ્વામી થાય છે કે મારા એ મહામૂઢ જીવ છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળ કમાય છે? પૈસા તો જડ-માટી છે, એ પુદ્ગલ છે, અજીવ છે, ધૂળ છે, મૂર્ત છે, રૂપી છે. એ આત્માના ક્યાંથી થયા? આહા..હા..! જેનો પુણ્યભાવ પણ જ્યાં આત્માનો નથી ત્યાં એના ફળમાં પૈસા આત્માના ક્યાંથી આવ્યા? આહા..હા..! આકરી વાત ભારે. અપૂર્વ વાત છે બાપુ આ તો વીતરાગમાર્ગ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો .. કરતા હતા. એની મેળે થયા. રામજીભાઈ ધ્યાન રાખતા હતા એમ કહેતા હતા લોકો. એની મેળાયે થવાનું હોય એ થયા વિના રહે જ નહિ. જે સમયે એ પરમાણુની પર્યાય આ પ્રમાણે થવાની તે એનો જન્મક્ષણ છે. એ પર્યાયનો ઉત્પત્તિકાળ છે એ બીજાથી આ થયું છે એ વાતમાં એકેય દોકડો સાચો નથી. આહા..હા..! મોટું ૨૬ લાખનું મકાન રાજદરબાર જેવું છે. આહા..હા..! અને આ તો ટીકા કરે છે કે રાજદરબાર જેવા મકાનમાં રહેવું, .. ૫૦-૫૦ હજારની મોટરમાં ચાલવું. અરે.. ભગવાન! બાપુ! .. આહા..હા..! સાંભળવું તો હજી એને. ભાઈ! એ તો બાહ્યની સામગ્રી છે. એને લઈને આત્માને કાંઈ સંબંધ છે નહિ.

છ ખંડનો રાજા ભરત છન્નું હજાર સ્ત્રી. આહા..હા..! એ સોની ચર્ચા કરતા હતા. ભરત ચક્રવર્તી નીકળ્યા. અંધારપટમાં જોવા. સોની કહે, ભરત કહે છે કે અમે ધર્મી-જ્ઞાની પણ કેટલું આ કરે છે! આ છન્નું હજાર સ્ત્રી છે, અમારે તો એક જ સ્ત્રી છે, બે પણ નથી. આને તો છન્નું હજાર છે. અને કહે અમે જ્ઞાની છીએ અને ધર્મી છીએ. આહા..હા..! અમારી પાસે લાખ-બે લાખ પણ નથી અને એની પાસે અબજો રૂપિયા એક દિવસની પેદાશ છે. અને કહે અમે ધર્મી છીએ. પછી બોલાવે છે દિવસે. આવો આવો સોની મહાજન આવો. ગામ આજે શણગાર્યું છે જુઓ હોં. વેશયા નાચે છે. તેલનો કટોરો આપ્યો મોટો. કળશો આપે તો તો આમ આપે. છાલિયું.-છાલિયું છેને. જુઓ આ તેલ ભરેલું છે. એ લઈને તમે આખા ગામમાં ફરો. એક તેલનું ટીપું પડશે તો જોડે પોલીસ છે તલવાર વડે માથુ કાપી નાખશે. ગામ શણગારેલું ને બધું કરેલું. ગયા, લઈને ફરીને આવ્યા. કેમ? કેવું ગામ છે? મને તો કાંઈ ખબર પણ નથી. આ ટીપું પડે તો મરી જઈશું. તમારા ગામમાં છીએ, બાપુ

એ રીતે અમે રાજમાં છીએ, ભાઈ તમને ખબર નથી. અમે રાજમાં અને પુણ્યના ફળમાં છીએ તો એ રીતે છીએ. આહા..હા..! અમે અમારા શાંતિમાંથી ન નીકળીએ. આહા..હા..! સમજાણું કાંઈ? એ ત્રણ બોલ કીધા.

'**કોઈ કર્મ શુભ (સારા) એવા મોક્ષમાર્ગને આશ્રિત હોવાથી...**' હજી અજ્ઞાનીની દલીલ છે. શુભભાવ તો મોક્ષના માર્ગમાંથી થાય છે. આહા..હા..! '**અને કોઈ કર્મ અશુભ (ખરાબ) એવા બંધમાર્ગને આશ્રિત હોવાથી કર્મના આશ્રયમાં ભેદ છે. માટે—જોકે (પરમાર્થે) કર્મ એક જ છે તોપણ—કેટલાકનો એવો પક્ષ છે કે કોઈ કર્મ શુભ છે અને કોઈ કર્મ અશુભ છે. પરંતુ તે (પક્ષ) પ્રતિપક્ષ સહિત છે.**' તે પક્ષ એનાથી વિરૂદ્ધવાળા પક્ષથી સહિત છે. '**તે પ્રતિપક્ષ (અર્થાત્ વ્યવહારપક્ષનો નિષેધ કરનાર નિશ્ચયપક્ષ) આ પ્રમાણે છે :—**' આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે જુઓ.

'**શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી...**' તે કીધું કે કર્મબંઓધનમાં, પુણ્યબંધનમાં જીવના પરિણામ નિમિત્ત શુભના પુણ્યમાં અને પાપમાં અશુભ જીવના પરિણામ નિમિત્ત માટે જીવના પરિણામમાં ફેર છે. ત્યાં એમ કીધું. તો અમે કહીએ છીએ કે '**શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી...**' એ આત્માનું જ્ઞાન એમાં છે જ નહિ. અજ્ઞાન નામ જ્ઞાનનો જેમાં અભાવ છે. આહા..હા..! મિથ્યાત્વનો એમ નહિ હોં. અજ્ઞાનમય એટલે એમાં જ્ઞાનનો અંશ નથી. શુભ હો કે અશુભ હો. આહા..હા..!

ત્યાં કીધું કે પુણ્યના બંધનમાં જીવના શુભ પરિણામ નિમિત્ત છે અને પાપબંધનમાં જીવના અશુભ પરિણામ નિમિત્ત છે. બે પરિણામમાં ફેર છે. અમે કહીએ છીએ કે બેય પરિણામ અજ્ઞાન છે. આહા..હા..! કેમકે એમાં ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી એમાં આવ્યો નથી એકેય અંશ. શુભ-અશુભભાવ અશુચિ છે, જડ છે, દુઃખનું કારણ છે. એ આત્માના આનંદનું કારણ નથી એમ કહ્યું ત્યાં તો ૭૨ ગાથામાં. ૭૨. આવી ગઈ છે.

'**કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે;...**' ભાષા સમજાય છે આમાં કાંઈ? શુભભાવ કે એ ક્રમ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એમાં જડતા છે, એમાં આત્માની ચૈતન્યતા નથી. આહા..હા..! માણસ સાધરણ બિચારાને અભ્યાસ પણ ન હોય અને માંડ નવરો થાતો હોય નહિ દુનિયાના ધર્મ પાપ આડે. આખો દિ' બાયડી છોકરાને સાચવવા ને આ કરવા ને આ ધંધા ને મરી ગયો. એમાં હું કોણ છું અને આ શું થાય છે એ વિચારવાનો વખત પણ ક્યાં છે? આહા..હા..!

અહીં કહે છે એ જે શુભ-અશુભ પરિણામ બંધમાં નિમિત્ત છે, બે પરિણામ ભિન્ન એમ જે કહ્યું હતું એનો ઉત્તર અમારો એ છે કે શુભ અને અશુભ પરિણામ બેય અજ્ઞાન છે. જેમ અહીંયાં જ્ઞાનસ્વરૂપનો અભાવ છે એટલે ચૈતન્યની જાગૃતિનો જેમાં અભાવ છે, એ આંધળા-આંધળા છે બેય. કહો, બલુભાઈ! શુભભાવ આંધળો છે, અજ્ઞાન છે એમ કહે છે.

વર્ષીતપ કર્યો એટલે જાણે નિર્જરા થઈ ગઈ એમ હશે.

**શ્રોતા :-** .. કહેતા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહેતા હતા. ભાષા પણ ફરી ગઈ બધી. આહાર વખતે. આહા..હા..!

ભાઈ! વૃત્તિઓ જે ઊઠે છે, ચાહે તો પંચમહાવ્રતની હોય, દયાની હોય, વ્રતની હોય, ભક્તિની, તપની એ રાગ છે અને રાગ છે તે અજ્ઞાન છે. અજ્ઞાન એટલે ચૈતન્યમાં સ્વભાવનો એમાં અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અજ્ઞાનમય હોવાથી...**' ભાષા જોઈ! અજ્ઞાન છે એટલું નથી કહ્યું. અજ્ઞાનમય છે. આહા..હા..! શુભ અને અશુભ બેય જડમય, જડ છે, અજીવ છે. આહા..હા..! જીવ અધિકારમાં એને અજીવ કીધો છે, આમાં એને અજ્ઞાન કીધો છે. શુભભાવ એ વ્રતનો, અપવાસનો, ભક્તિનો, પૂજાનો, દયાનો, દાનનો એ શુભભાવ અને અશુભભાવ બંને અજ્ઞાન છે. એ ચૈતન્યના વિલાસનો જેમાં અભાવ છે. આહા..હા..! ચૈતન્યની જાગૃતિ જે છે એનું તો આ અંધારું છે. આહા..હા..! આવી વાત. સમજાય છે કાંઈ?

'**જીવપરિણામ...**' ક્યા જીવપરિણામ? શુભ અને અશુભ. છેને? '**શુભ કે અશુભ જીવપરિણામ...**' જીવના પરિણામ. જડની ક્રિયા નહિ. આહા..હા..! શુભ અને અશુભ જીવના પરિણામ. '**કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે.**' બંને એક છે. ચાહે તો વ્રતનો રાગ હોય કે ચાહે તો અવ્રતનો રાગ હોય બેય એક જાતના અજ્ઞાન છે. આહા..હા..! આવી વાત આકરી પડે. શું કરે પણ પ્રભુ. અરે.. અનાદિથી જન્મ-મરણના ધોકા ખાય છે ને મરી ગયો બાપુ. તને ખબર નથી. આહા..હા..!

નરકની પિડા એટલી પિડાનો અહીં કણ લાવે આટલો અહીં, સો-.. યોજનના મનુષ્યો ઠંડીમાં મરી જાય. આટલો કણ અહીં આવે ત્યાં. પ્રભુ ત્યાં તું અનંતવાર રહ્યો, ભાઈ! તું ભૂલી ગયો, બાપુ અત્યારે જરી માંડ શરીર ઠીક મળ્યું ને બાયડી, છોકરા, કાંઈક પૈસા, મકાન હજીરા. મકાન મોટા હજીરા. આહા..હા..! છોકરો સારો થયો, હજાર-બે હજારના પગારવાળો થયો તો ખુશી ખુશી થયો લ્યો. સુજાનમલજી. ત્યાં જાય બાપુજી-બાપુજી કરે કહેતા હતા લ્યો. આહા..હા..! ધૂળેય નથી સુખ ત્યાં. ભાઈ એ તો બધી સામગ્રી સ્મશાનની છે. એ શુભના ફળ એ પણ ઝેર છે. આહા..હા..! ઝેર વૃક્ષના ફળ નથી કીધા? ૧૪૮ પ્રકૃતિ ઝેરના ફળ છે. આહા..હા..! ગજબ વાત છે, બાપુ! અમૃતનો નાથ ભગવાન. એની દૃષ્ટિમાં આનંદ આવ્યા વિના એ જગતમાં રખ્યા વિના રહેશે નહિ. આહા..હા..! બહારના એવા વ્રત ને તપ ને કરીને મરી ગયો અનંતવાર. આહા..હા..!

અહીં તો કેવળ. ભાષા કેટલી છે! '**શુભ કે અશુભ જીવપરિણામ...**' એ જડની ક્રિયા નહિ. જીવના પરિણામ એ '**કેવળ અજ્ઞાનમય...**' એકલા અજ્ઞાનમય આમ એકલા અજ્ઞાનમય એમાં જરીએ આત્માનો અંશ નથી અંદર. આહા..હા..! એના ઘરમાં, બાપુ તારા ઘરમાં એ ચીજ નથી. તારું ઘર તો પવિત્રથી ભરેલું છે. આહા..હા..! એ શુભ-અશુભ પરિણામ તો

બધા અશુચિ છે, જડ છે, અજીવ છે, કેવળ અજ્ઞાનમય છે. આહા..હા..! ભાઈ! તેને છોડ દૃષ્ટિમાંથી એમ કહે છે. તને જો આત્મા પ્રાપ્ત કરવો હોય અને સુખી થવું હોય તો એ બેય પરિણામને છોડી અને શુદ્ધ આત્માની દૃષ્ટિ કર. આહા..હા..! ત્યાં તને સુખ મળશે. સમજાણું કાંઈ?

એ '**કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે;...**' શુભ-અશુભમાં ફેર નથી. છે કે નહિ એમાં? એક જ છે. '**તે એક હોવાથી કર્મના કારણમાં ભેદ નથી;...**' કર્મનું કારણ અજ્ઞાન એક જ છે. આહા..હા..! '**માટે કર્મ એક જ છે. શુભ કે અશુભ પુદ્‌ગલપરિણામ કેવળ પુદ્‌ગલમય હોવાથી...**' ચાહે તો શાતા બંધાય કે અશાતા બંધાય, યશકીર્તિ બંધાય કે અયશકીર્તિ બંધાય... આહા..હા..! એ '**પુદ્‌ગલપરિણામ કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે;...**' આહા..હા..! શાતાવેદનીય બંધાય એ પણ પુદ્‌ગલના પરિણામ છે, અશાતા બંધાય એ પુદ્‌ગલ જડના બંધાય છે. આહા..હા..!

'**તે એક હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ નથી;...**' ઓલો કહે કે કર્મના સ્વભાવમાં ફેર છે—એકમાં પુણ્ય અને એકમાં પાપ, એકમાં શાતા અને એકમાં અશાતા. એ શાતા અને અશાતા બેય કર્મ પુદ્‌ગલના પરિણામ છે. માટે કર્મના સ્વભાવમાં પણ ભેદ નથી '**માટે કર્મ એક જ છે.**' હવે '**શુભ કે અશુભ ફળરૂપે થતો વિપાક...**' શુભનું ફળ અને અશુભનું ફળ '**કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે;...**' શુભના ફળથી આ ધૂળ મળે પૈસા આદિ કે સ્વર્ગ મળે એ બધું પુદ્‌ગલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? રામજીભાઈ નથી આવ્યા નહિ? ... ગયા. .. આવે છે ને આપણે બેસે છે. કરોડપતિ છે. કણબી છે કરોડપતિ. ૩૫ લાખનું તો એક કરાવ્યું છે ત્યાં શું કહેવાય? સિનેમા-સિનેમા. ૩૫ લાખનું. .. રામજીભાઈ. આવે છે. નરમ. પટેલ તો ઘણા છે. મુંબઈમાં છે. આ તો આત્માની વાત છે એમાં ક્યાં પટેલ છે .. આત્મા છે જ ક્યાં? આહા..હા..! આત્મા રાગવાળો નથી ત્યાં વળી નાતવાળો અને જાતવાળો ક્યાંથી આવ્યો?

'**વિપાક કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે;...**' આ પુણ્યનું ફળ પુદ્‌ગલ મળે અને પાપનું ફળ પણ પુદ્‌ગલ. '**તે એક હોવાથી કર્મના અનુભવમાં (-સ્વાદમાં) ભેદ નથી;...**' ફળમાં ભેદ છે એમ કે વેદનમાં ત્યાં. એ બેય સ્વાદ દુઃખનો છે. આહા..હા..! '**માટે કર્મ એક જ છે.**' હવે એક આમાં ફેર છે જરી. '**શુભ (સારો) એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી...**' જોયું! આત્માનો આનંદસ્વરૂપ ભગવાન એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર, એવો જે મોક્ષમાર્ગ એને અહીં શુભ કીધો છે. પુણ્ય-પાપને શુભ-અશુભ નહિ. આને જ શુભ કીધો છે. આહા..હા..! એ જરી .. ફેર કરે છેને.

પાઠમાં એમ છે ખરુંને? '**शुभाशुभौ मोक्षबन्धमार्गौ तु प्रत्येकं केवलजीवपुद्‌गलमयत्वादनैकौ,**' એકકોર અજ્ઞાન કીધો શુભભાવને એ વળી જીવમય શુભભાવ

હોય? આહા..હા..! શું કીધું? કે '**શુભ (સારો) એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વીતરાગી પર્યાય જીવમય છે. અને એના હોવાથી તે શુભ કહેવામાં આવે છે. આહા..હા..!

'**અને અશુભ (ખરાબ) એવો બંધમાર્ગ તો કેવળ પુદ્ગલમય હોવાથી...**' લ્યો! '**તેઓ અનેક (-જુદાં જુદાં, બે) છે; તેઓ અનેક હોવા છતાં કર્મ તો કેવળ પુદ્ગલમય એવા બંધમાર્ગને જ આશ્રિત હોવાથી...**' શુભ મોક્ષના માર્ગને આશ્રિત થાય એમ તું જે કહે છે એમ છે નહિ. એ શુભ બંધમાર્ગને આશ્રિત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવો જે શુભભાવ કેવળ બંધમાર્ગને આશ્રિત, એનાથી સમ્યગ્દર્શન નિશ્ચય થાય એ ક્યાંથી આવ્યું?

**શ્રોતા :-** વ્યવહાર કારણ

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વ્યવહાર કારણ તો આરોપિત કારણ છે. આરોપિત સાધન, આરોપિત કારણ, આરોપિત ભાવ કહ્યો છે. આહા..હા..!

'**બંધમાર્ગને જ આશ્રિત હોવાથી કર્મના આશ્રયમાં ભેદ નથી; માટે કર્મ એક જ છે.**' ભાવાર્થ વિશેષ કહેશે લ્યો...

---

## આસો વદ-૧૪, શુક્રવાર, તા. ૨૨-૧૦-૧૯૭૬, ગાથા-૧૪૫, પ્રવચન નં. ૨૦૯

સમજાણું કાંઈ? એવો જે આત્મા. જેમકે એક જ્ઞાનગુણ છે એમાં અસ્તિત્વ ગુણ જુદો છે, છતાં જ્ઞાન છે એવું અસ્તિત્વ એમાં છે. અસ્તિત્વગુણ સિવાય. સમજાય છે કાંઈ? એવું જે આખું અનંતગુણનું એકરૂપ. એ પ્રશ્ન કર્યો હતો ને કોઈક ભાઈ. કે આ કર્તાકર્મ ને ક્રિયા છે છ કારક એ છ કારક છે એ કર્તા નામની જે નિર્મળ પર્યાય ગુણની થાય એ પર્યાયમાં ષટ્કારક એક પર્યાયમાં છે. સમજાણું કાંઈ? એ કર્તામાં કર્મપણ શક્તિ છે, કર્મ શક્તિ છે, સંપ્રદાન છે એનું રૂપ. શક્તિ ભિન્ન છે. એ શક્તિ એમાં ન હોય, પણ એ શક્તિનું રૂપ અસ્તિત્વ આદિ એનું પોતાનું સ્વરૂપ છે એટલું એ એક એક ગુણ અને એક એક પર્યાયમાં, અનંતગુણનું અસ્તિત્વનું રૂપ એમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવો જે ભગવાન આત્મા એ સમ્યગ્દર્શનના કાળે જ પ્રતીતમાં આવે. સમજાણું કાંઈ?

અને એ સમ્યગ્દર્શનના કાળે જે જ્ઞાન થાય તે જ્ઞાનમાં તે જણાય તે કાળે. એ વિના સાધારણ શાસ્ત્રથી વાંચ્યું ને ધાર્યું હોય એ કાંઈ જ્ઞાન નથી. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! એ વસ્તુ છે એ ધર્મની શરૂઆત થનારને આ બધા પુણ્ય-પાપના વિકલ્પો એમાં હોતા નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ? એ વિકલ્પો હો પણ એ ભિન્ન છે. એ વસ્તુમાં નથી. વસ્તુના દ્રવ્યમાં નથી, ગુણમાં નથી, એની પર્યાયમાં પણ નથી. આહા..હા..! એવો જે ભગવાન આત્મા એક સમયમાં અનંતગુણનું એક એક ગુણનું અનંતરૂપ એવો અનંતગુણનો પિંડ ક્યારે પ્રતીતમાં આવે? કે જ્યારે રાગ આ પુણ્ય અને પાપના બેય વિકલ્પોને ભિન્ન કરીને, કારણ કે આ બેય વિકલ્પ એ કર્મ છે ને વિકાર છે. એમાંથી ખરેખર તો પુણ્યનો વિકલ્પ ભિન્ન કરીને જાણે ત્યારે પુણ્યને-શુભભાવને વ્યવહાર કહેવામાં આવે છે. અને તે વ્યવહારથી થાય એમ નથી પાછો વાત આ મોટી અત્યારે વાંધા ઊઠ્યા છેને? સમજાણું કાંઈ?

વ્યવહાર તરીકે રાગની મંદતા એ હો, એ નિમિત્ત તરીકે હોય, પણ નિમિત્ત ત્યાં કાર્યગત થાય પરમાં, તો એ નિમિત્ત તરીકે ન રહે. સમજાય છે કાંઈ? જેમ નિમિત્ત તરીકે નિમિત્ત છે બીજી ચીજ, પણ એ નિમિત્ત છે એ પરનું કાર્ય કરે તો એ નિમિત્ત ન કહેવાય એ તો. ત્યારે કહે નિમિત્ત છેને? છે તે કોણે ના પાડી? એનાથી પરનું કાર્ય ન થાય. એમ આ રાગની મંદતાનો પુણ્યનો ભાવ એ નિશ્ચય સમ્યગ્દર્શમાં કાર્યકારણ ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** નિમિત્તનું કાર્યક્ષેત્ર તો ખરું ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તનું કાર્યક્ષેત્ર પોતામાં રહેવું, બીજી ચીજની અનુકૂળતારૂપે એનું નામ નિમિત્ત. પણ અનુકૂળતા એટલું કાંઠે રહેવું. અનુકૂળ. નદીનો પ્રવાહ જેમ ચાલ્યો જાય છે તેમ કાંઠે એ કાંઠે હોય એટલું, પણ કાંઠાને લઈને નદી ચાલે છે અંદર. એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુભભાવ. અહીં કહેશે એ. હો. પણ એ કોઈ આત્માના સમ્યગ્દર્શનને મદદ કરે, કેમકે એ તો કર્મ છે એ અકર્મ એવી આત્મચીજની પરિણતિમાં, શ્રદ્ધા-જ્ઞાનમાં એ મદદ-કર્મ કેમ કરે? સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** કેમ કરે એવો પ્રશ્ન ઊઠે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેમ કરે એટલે કરે જ નહિ એનો અર્થ એ. કેમ કરે. આહા..હા..! વાંધો આ બધા અત્યારના પંડિતો કેટલાક છે. કેટલાક છે. બસ કેટલાક તો અનુકૂળ થઈ ગયા છે. કેટલાકે વાંધો ઉઠાવ્યો છે. વ્યવહારથી થાય, નિશ્ચયથી થાય એમ માનનારા વ્યવહારથી ન થાય એમ માનનારા એકાંત છે. એમ કહે છે. એમ નથી.

અહીં તો પુણ્યના ભાવ એ કહે છે જુઓ, '**કોઈ કર્મ તો અરહંતાદિમાં ભક્તિ-અનુરાગ,...**' હો. અરહંતાદિમાં એટલે પંચપરમેષ્ઠીમાં. પ્રેમ હોય, રાગ હોય, પણ એ કર્મ છે, એ રાગ છે એ દુઃખરૂપ છે. એ આનંદની દશા પ્રગટ કરવામાં દુઃખની દશા સહાયક

નિમિત્ત છે, પણ સહાયક નથી. આહા..હા..!

**શ્રોતા :-** નિમિત્ત સોહાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહેવાય છે. સોહાયનો અર્થ સાથે છે. સહાયક એટલે મદદ કરે છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાત છે.

અરહંત. પંચપરમેષ્ઠીનો ભક્તિનો અનુરાગ એ પરદ્રવ્ય છે. પંચપરમેષ્ઠી પરદ્રવ્ય છે. આહા..હા..! એમાં જે પ્રેમ છે એ શુભરાગ છે.

**શ્રોતા :-** રાગ  એ તો પોતાની પર્યાય જીવની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય ખરેખર એની છે જ નહિ એ.

એ તો પહેલા કીધુંને કે વિભાવ ચંડાળણીના બે પુત્ર છે એ. વિભાવરૂપી દશાના પુણ્ય અને પાપ બે પુત્ર છે. ચંડાળણીના બે પુત્ર છે. એક પુત્ર બ્રાહ્મણમને ત્યાં રહ્યો એટલે એણે કે આ મને ખપે નહિ, આ મારે ખપે નહિ, એમ એક વ્યવહાર ક્રિયામાં આવ્યો શુભભાવમાં, એ કહે અમારે ખપે નહિ..  આ ખપે નહિ.. આ ખપે નહિ.. એમાં રહી ગયો એ. છે તો ચંડાળણી વિભાવ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! એક મદિરાપાનમાં સ્નાન કરે એ આવી ગયુંને? સ્નાન કરે એટલે હાથ-પગ એવા હોય તો .. એને કાંઈ વાંધો નથી એમ. એમ પાપના કરનારા ગૃહસ્થો મિથ્યાદષ્ટિ અમારે ખપે, હિંસા, જૂઠું, વિષય, ભોગ બધું અમારે શું છે. એ ચંડાળણીનો ચંડાળ છે ઓલો ચંડાળણીનો બ્રાહ્મણ કહેવામાત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહ્યું જુઓ, 'અરહંતાદિ...' એટલે પાંચ પરમેશ્વર. કે સાધર્મી જીવ એની ભક્તિનો અનુરાગ એ રાગ છે, શુભરાગ છે, એ આત્મસ્વભાવ નહિ. એ આત્માના સ્વભાવના શ્રદ્ધા ને જ્ઞાન કરવામાં એની સહાયકાત નહિ. છતાં શાસ્ત્રમાં આવે એવું. વ્યવહારથી નિશ્ચય ઉત્પન્ન થાય, વ્યવહારથી નિશ્ચય ઉત્પન્ન થાય. એવા પણ શબ્દો આવે છે જયસેનાચાર્યની ટીકામાં. એ ઉત્પન્ન થાય એટલે એ છે એમ એને સિદ્ધ કરવું હતું. સમજાણું કાંઈ? એ વ્યવહારનયનું વચન છે.

પંચપરમેષ્ઠીની ભક્તિ. આહા..હા..! સાચા હોં. ખોટાની વાત નથી. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, એ પંચપરમેષ્ઠીની ભક્તિનો અનુરાગ એ રાગ છે. શુભરાગ છે. એ બંધનું કારણ છે. એ અબંધ સ્વરૂપી ભગવાનને સમ્યગ્દર્શનમાં મદદ કરનાર નથી. સમ્યગ્દર્શન અબંધ પરિણામ છે, અબંધ સ્વભાવના અબંધ પરિણામ છે. શું કહ્યું એ? ભગવાન આત્મા અબંધ સ્વભાવ છે. '**जो पस्सदि अप्पाणं**' આવ્યું ને ૧૪-૧૫ '**जो पस्सदि अप्पाणं अबद्ध**' '**अबद्ध**' નામ એ નાસ્તિથી વાત કરી. અને સ્થિતિ કહી તે મુક્તસ્વરૂપ જ છે એ. આહા..હા..!

ભગવાન મુક્તસ્વરૂપ એની અનુભવની દષ્ટિ કરવી આ એનું નામ જૈનશાસન છે. રાગ છે એ જૈનશાસન નથી, અહીં વીતરાગ શાસન લેવું છેને? આહા..હા..! સમજાય છે કાંઈ?

અનુરાગ. '**જીવો પ્રત્યે અનુકંપાના પરિણામ,...**' જુઓ, એ શુભરાગ છે. શ્વેતાંબરમાં તો એ આવે છે કે અનુકંપાના ભાવથી સંસાર પરિત કર્યો, મેઘકુમારે હાથીના ભવમાં. એય.. બલુભાઈ! ત્યાં ક્યાં ભાન હતું? સામે કહેતા હોય જય નારાયણ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! મેઘકુમારે હાથીના ભવમાં સસલાની દયા પાળી. એથી બધા જીવને અનુકંપા થઈ માટે પરિત સંસાર કર્યો. સંસારને તોડી નાખ્યો. એ વાત બિલકુલ જૂઠી છે. અહીં જીવની અનુકંપા એ તો રાગ છે. આહા..હા..! શુભરાગ છે, બંધનું કારણ છે, સમકિતનું કારણ એ છે નહિ. આહા..હા..! ત્યારે આવે છે ને સમ્યગ્દર્શનના લક્ષણમાં સં, સંવેગ, નિર્વેગ, અનુકંપા અને અવસ્થા. એ અનુકંપા અરાગી-વીતરાગી અનુકંપા છે. આ અનુકંપા શુભરાગની છે. આહા..હા..! ઝીણી વાતું બહુ બાપુ! પ્રભુ એવો છેને.

ઓલામાં દાખલો નથી આપ્યો અનુભવપ્રકાશમાં? કે એક ચાંપો હતો ભરવાડ. ભૂલી ગયો કે ચાંપો છું કે નહિ? એટલે ઘરમાં બાયડી સૂતી હશે તો બારણું ખખડાવ્યું કે ચાંપો છે અહીં? ત્યારે અંદરથી બાયડી કહે છે કે કોણ પણ તમે છો અત્યારે? હેં હું ચાંપો! એમ અહીં કહે કે આત્મા છે ક્યાંય? પણ છે છે એ કોણ જાણે છે? એ જાણનારો જાણે છે એ આત્મા છે. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા, ત્યાં ત્યાં આત્મા ત્યાં ત્યાં જ્ઞાન. અનુભવપ્રકાશમાં એમ લીધું છે. જ્યાં જ્યાં જ્ઞાન, ત્યાં ત્યાં આત્મા એવો દઢભાવ તે સમ્યક્. એમ લીધું છે ત્યાં. કેમકે એ આત્મા જ્ઞાનમય છે. એ સવારમાં આવ્યું હતું. જ્ઞાનમય છે, એ જ્ઞાનમય છે તે એ જ્ઞાનની સમ્યક પરિણતિ દ્વારા જ્ઞાનમય જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સવારમાં આવ્યું હતું કે આનંદસ્વરૂપ છે, પણ એ આનંદસ્વરૂપ જણાય ક્યારે? એને જાણ એમ કીધું. જાણ એટલે કે આનંદની પરિણતિ દ્વારા એને જાણ, એ આનંદ છે ત્રિકાળી પણ આનંદની પરિણતિ દ્વારા એ જણાય છે. આહા..હા..! આનંદ છે, પરમાનંદસ્વભાવ છે એમ કીધું. પરમાનંદ સ્વભાવ. પણ પરમાનંદ સ્વભાવની અસ્તિ, એની પર્યાયમાં પરમ આનંદના પરિણમન વિના આમાં અસ્તિ છે એ પ્રતીતમાં ક્યાંથી આવી? સમજાણું કાંઈ? જેનો નમૂનો આવ્યો નહિ એ આખી ચીજ આવી છે એ પ્રતીતમાં કેમ એને આવે? સમજાય છે કાંઈ? સ્વરૂપચંદભાઈ! આ સ્વરૂપની વાત આવે છે આ.

એટલે અહીં કહે છે અનુકંપા એ શુભરાગ છે. એ આત્માનો સ્વભાવ નથી. એના દ્વારા નિશ્ચય પમાય નહિ. આ વાંધા છે ને મોટા? કે આવો વ્યવહાર હોય તો એને નિશ્ચય પામશે. એવો વ્યવહાર તો અનંતવાર ગયો, નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે પુણ્ય 'મુનિવ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' કેમકે એ અનુકંપા મહાવ્રતના પરિણામ પણ દુ:ખરૂપ છે. આહા..હા..! ભગવાન એ દુ:ખના પરિણામથી સુખરૂપની પ્રાપ્તિ

થાય એમ નથી. એના આનંદની પરિણતિ દ્વારા સુખરૂપની પ્રાપ્તિ થાય. આહા..હા..! ભગવાનજીભાઈ! આવો માર્ગ છે, બાપા! આહા..હા..! જન્મ-મરણના આ ચોર્યાસીના અવતાર ભાઈ! કરી કરીને હોથા નીકળી ગયા છે. કાંઈકનું કાંઈક માન્યું. સ્વપદને પરપદથી માન્યું કે આ રાગથી તે હું છું. આ રાગથી મને લાભ થાય એ પરપદ છે એનાથી નિજપદ માન્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અનુકંપા એ શુભરાગ છે. '**મંદકષાયથી ચિત્તની ઉજ્જ્વળતા...**' એ પણ શુભરાગ છે. મંદકષાયથી ચિત્તની ઉજ્જ્વળતા. શ્રવણ કરવું, કહેવું એમાં એ મંદકષાયનો રાગ છે. આહા..હા..! છદ્મસ્થને હોં. '**ઈત્યાદિ શુભ પરિણામોના નિમિત્તે કર્મ થાય છે...**' '**કોઈ કર્મ...**' એમ શબ્દ છે ને પહેલો શબ્દ? કર્મ એટલે નવું બંધન થાય છેને એમાં જીવના શુભ પરિણામનું નિમિત્ત છે. ઓલો પક્ષકાર કહે છે. '**અને કોઈ કર્મ...**' તો આવું છે કે જેમાં ચિત્તના પરિણામ શુભ તે નિમિત્ત છે. એમ. સમજાય છે કાંઈ?

'**કોઈ કર્મ તીવ્ર ક્રોધાદિક અશુભ લેશ્યા,...**' તીવ્ર ક્રોધ, માન, માયા, લોભ, અશુભ લેશ્યા '**નિર્દયપણું, વિષયાસક્તિ, દેવ-ગુરુ આદિ પૂજ્યપુરુષો પ્રત્યે વિનયભાવે ન પ્રવર્તવું ઈત્યાદિ અશુભ પરિણામોના નિમિત્તથી થાય છે;...**' એમ કહેવું છે. સમજાણું કાંઈ? પાઠમાં કર્મ છે એથી કેટલાક એવો અર્થ કરે છે આ ગાથાનો કે કર્મ જ લેવું. શુભ-અશુભ પરિણામ ન લેવા. સમજાણું કાંઈ? એ રતનચંદજી છેને મુખત્યાર એ અર્થ કરે છે આમાં. પણ ટીકામાં તો ચારેય વાત લીધી અમૃતચંદ્રાચાર્યે. શુભ કર્મ કીધું, પણ શુભકર્મના કારણો, શુભકર્મનું ફળ અને બંધને આશ્રયે શુભભાવ થાય છે, મોક્ષમાર્ગને આશ્રયે નહિ એવા ચાર બોલ લીધા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ઈત્યાદિ અશુભ પરિણામોના નિમિત્તથી...**' શું નિમિત્તથી? અશુભ કર્મ થાય છે. અશુભકર્મના બંધનમાં જીવના અશુભ પરિણામ નિમિત્ત છે અને શુભકર્મના બંધનમાં જીવના શુભ પરિણામ નિમિત્ત છે, માટે પરિણામમાં ફેર છે એમ કહે છે. શિષ્યનો પ્રશ્ન છે આ શંકાકારનો ભેદપક્ષવાળાનો. કે આવો ફેર છેને. સમજાણું કાંઈ? આહા..હા..!

'**આમ હેતુનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે.**' છેને? હેતુ એટલે પરિણામ. જીવના શુભ પરિણામ અને જીવના અશુભ પરિણામ હેતુ થયો એ. હવે? '**શુભ અને અશુભ એવા બે ભેદ છે. શાતાવેદનીય,...**' એક શાતાવેદનીય બંધાય છે. એક '**શુભ-આયુ,...**' બંધાય છે. આહા..હા..! એક '**શુભનામ...**' બંધાય છે, એક '**શુભગોત્ર--એ કર્મોના પરિણામ (-પ્રકૃતિ વગેરે-)માં તથા ચાર ઘાતિકર્મો, અશાતાવેદનીય, અશુભ-આયુ, અશુભનામ, અશુભગોત્ર—એ કર્મોના પરિણામ (-પ્રકૃતિ વગેરેમાં-)માં ભેદ છે;...**' એમ અજ્ઞાની ભેદવાળાનો પક્ષ છે.

એક ઉચ્ચ આયુષ્ય બંધાય, યશોકીર્તિ બંધાય, એકમાં અયશોકીર્તિ બંધાય, એકમાં શાતા

બંધાય, એકમાં અશાતા બંધાય, ફેર છે કે નહિ બંધનના ભાવમાં? બંધનના પરિણામના નિમિત્તમાં ફેર છે એમ કર્મની બંધનની સ્થિતિમાં ફેર છે. એક શાતા બંધાય કે જાણે પૈસાના ઢગલા મળે, એક અશાતા બંધાય સાતમી નરક મળે. કર્મમાં ફેર નથી?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે.. ફેર નથી એમ કહેશે. આ તો ભેદવાળાનો પક્ષ છે એમ કહે છે. ફેર કેવો? બધો એક જ છે સંસાર. આહા..હા..! ચાહે તો શાતા બંધાય, ચાહે તો અશાતા બંધાય એ પુદ્ગલના પરિણામ છે. એમાં વળી એક શાતા અને અશાતા એવા ભેદ ક્યાં હતા? એ તો બેય પુદ્ગલના પરિણામ છે. જેમ બંધનમાં શુભ-અશુભ પરિણામ પણ એ આગળ કહેશે. તું ભેદવાળા કહે છો. અમે તો એમ કહીએ છીએ કે શુભ અને અશુભ પરિણામ બેય અજ્ઞાન છે.

એ આત્મા આનંદસ્વરૂપ ભગવાન એના એ પરિણામ ક્યાં છે? એ તો અજ્ઞાન છે. એટલે જ્ઞાનનો એમાં અભાવ છે. શુભભાવમાં પણ જ્ઞાનમૂર્તિ ચૈતન્યના અંશનો, કીરણનો પણ જેમાં અભાવ છે, અંધકાર છે. આહા..હા..! એવા શુભ-અશુભમાં તું ભેદ પાડે છો અમે તો કહીએ છીએ કે બેય અજ્ઞાન છે લે. ઓલાએ ભેદ પાડ્યો કે પ્રકૃતિમાં ફેર છે એનો ખુલાસો પછી કરશે. બે વાત થઈ?

**'આમ સ્વભાવનો ભેદ હોવાથી કર્મના શુભ ને અશુભ એવા બે ભેદ છે.'** કર્મના શુભ-અશુભ એવા બે ભેદ છે. કર્મના બે ભેદ એમ. અજ્ઞાની કહે છે હોં. **'કોઈ કર્મના ફળનો અનુભવ સુખરૂપ છે...'** સ્વર્ગ મળે, આ કરોડોપતિ ધૂળના શેઠિયા થાય. એક પુણ્યના ફળમાં એમ થાય લ્યો. એય..! **'અને કોઈ કર્મના ફળનો અનુભવ દુઃખરૂપ છે;...'** નારકીમાં જાય, નિગોદમાં જાય, સાતમી નરકમાં સડે. આહા..હા..! ૩૩-૩૩ સાગર. એ કર્મના ફળમાં ફેર નથી કહે છે. એક કર્મના ફળમાં સ્વર્ગ મળે અને એક કર્મના ફળમાં નરક મળે. માટે કર્મના ફળમાં ફેર છે એમ ભેદ પક્ષનો પક્ષ છે. **'આમ અનુભવનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે.'**

હવે ચોથો. **'કોઈ કર્મ મોક્ષમાર્ગને આશ્રિત છે...'** અજ્ઞાનીની દલીલ છે. મોક્ષમાર્ગના પ્રસંગમાં શુભભાવ થાય છે. માટે મોક્ષમાર્ગને આશ્રયે શુભભાવ છે. **'(અર્થાત્ મોક્ષમાર્ગમાં બંધાય છે) અને કોઈ કર્મ બંદમાર્ગના આશ્રયે છે; આમ આશ્રયનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે. આ પ્રમાણે હેતુ,...'** શુભાશુભ પરિણામ. **'સ્વભાવ,...'** પુદ્ગલ **'અનુભવ,...'** એનું ફળ **'અને આશ્રય—'** શુભ મોક્ષના માર્ગનો આશ્રય છે, બંધના માર્ગનો નહિ એમ દલીલ કરી છે ભેદવાળાએ. **'એ ચાર પ્રકારે કર્મમાં ભેદ હોવાથી કોઈ કર્મ શુભ છે અને કોઈ અશુભ છે એમ કેટલાકનો પક્ષ છે.'** કહો, સમજાણું આમાં? આ તો સહેલીભાષા છે આ કાંઈ.

'**હવે એ ભેદપક્ષનો નિષેધ કરવામાં આવે છે :—જીવના શુભ અને અશુભ પરિણામ...**' તું બે કહે છો. નવા બંધનમાં જીવના પરિણામની જાત બે કહે છો. એક શુભ છે અને એક અશુભ છે. અમે કહીએ છીએ કે '**બન્ને અજ્ઞાનમય છે...**' આહા..હા..! એ જ્ઞાનનું કીરણ ક્યાં છે? એ તો અંધકાર છે. આહા..હા..! શુભભાવ તો અજ્ઞાન છે. ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. એ અજ્ઞાન પરિણામમાં તું બે ભેદ પાડે છો તો અમે તો ના પાડીએ કે બેય અજ્ઞાન છે. એમાં એક કાંઈ જ્ઞાનની ઓછપ અને એક અજ્ઞાન એવા બે ભેદ નથી. શુભમાં કાંઈક અજ્ઞાન ઓછું અને અશુભમાં વધારે એવું કાંઈ અમે કહેતા નથી. બેય અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ નિર્મળનો કાગળ આવ્યો હતોને. અહીં. એમાં એણે લખ્યું હતું કે અરેરે.. મેં તો પુણ્યને બાળી નાખ્યા. ધર્મ તો હતો નહિ મારી પાસે. કાગળ આવ્યો હતો ને. મેં તો પાપ બાંધીને અજ્ઞાનમયે કષાયભાવે હઠ કરીને પુણ્યને બાળી નાખ્યા. ધર્મ તો હતો જ ક્યાં ત્યાં? ચારિત્ર-ફારિત્ર ક્યાં હતા? એ તો આ બધા ચાલી નીકળ્યા હતા. એણે લખ્યું છે બિચારાએ હોં. કે મેં તો પુણ્યને બાળી નાખ્યા. ધર્મની વાત તો છે જ નહિ. ધર્મ તો હતો જ ક્યાં? આહા..હા..! પણ ઓલી બહારની ક્રિયા ને ઉઘાડે પગે ચાલે, બે વાતું કરે અહીંની એટલે બાયુ-બાયુ ફીદા થઈ ગઈ. તમારી બાને બધા. ચોખ્ખો કાગળ આવ્યો હતો. હું અજ્ઞાની, મેં કષાય કર્યો, મેં હઠ કર્યો, મેં પાપ કરીને પુણ્ય બાળ્યા. ધર્મ તો મારી પાસે ચારિત્ર હતું નહિ. ક્યાંય ચારિત્ર નહિ. ચારિત્ર હતું ક્યાં? આ લોકોએ ચડાવી દીધું પાંચમે ગુણસ્થાને.

વળી એક બાઈ કહે કે ભાઈ નિશ્ચયથી ભલે પાંચમું પણ વ્યવહારે તો પાંચમું છે કે નહિ? વળી એક બાઈએ એમ કહ્યું. એ બધું કાને આવ્યું છે. કાંઈ ભાન ન મળે. આહા..હા..! એવો અનાદિનો ક્રિયાકાંડનો પક્ષ એ પક્ષમાં પડેલા એ તો થઈ રહ્યું. આહા..હા..! અહીં કહે છે કે શુભ અને અશુભ બેય અજ્ઞાન છે. ધર્મ નથી. આહા..હા..! ધર્મ છે. અજ્ઞાન કીધુને? જ્ઞાન છે તે ધર્મ છે અને અજ્ઞાન છે તે અધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, આ સામાયિક કરવું, પોષા કરે ને પડિક્કમણા કરે, કરે છેને બધા? એ રાગની મંદતાનો શુભભાવ છે, ધર્મ-બર્મ નથી. આહા..હા..! પુણ્યભાવ છે એને અહીં ભગવાન અજ્ઞાન કહે છે. ચારું ચૈતન્યસ્વરૂપ છે એનાથી વિરૂદ્ધભાવ છે. તું જાગૃત ચૈતન્યજ્યોતિ ચિદાનંદ પ્રભુ છો. અને શુભાશુભભાવ તારા ચૈતન્યના સ્વભાવથી વિપરીતભાવ છે માટે એને અમે અજ્ઞાન કહીએ છીએ. શુભભાવને અજ્ઞાન? મિથ્યાત્વ નહિ હોં. શુભભાવ એ મિથ્યાત્વ છે એમ નહિ. અહીં એ પ્રશ્ન નથી. અજ્ઞાન છે.

શુભભાવને ધર્મ માને એ મિથ્યાત્વ છે, પણ શુભભાવ પોતે શું છે? એ મિથ્યા નથી. શુભભાવ પોતે અજ્ઞાન છે. આહા..હા..! પાછો એનો અર્થ એવો ન લેવો કે શુભભાવ એ મિથ્યાત્વ છે. એમ નહિ. શુભભાવથી ધર્મ માને તો મિથ્યાત્વ છે, શુભભાવ પોતે અજ્ઞાન

છે, મિથ્યાત્વ નથી. સમજાણું કાંઈ? ચૈતન્યના સ્વભાવથી વિરૂદ્ધભાવ હોવાથી, ભગવાન ત્રિલોકનાથે તેને અજ્ઞાન કહ્યું છે. કેટલાક એમ અહીં કહે છેને જુઓ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરે એને મિથ્યાત્વ કહે છે. એમ નથી. એમ કહ્યું જ નથી અને એમ છે જ નહિ. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરે તો એ શુભરાગ છે અને એનાથી ધર્મ માને તો મિથ્યાત્વ છે. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરે તો મિથ્યાત્વ છે એમ નથી. અરે.. આહા..હા..! સમજાણું કાંઈ? એક ન્યાયમાં બધો આખો આંતરો પડી જાય છે મોટો. એ શું થાય? વસ્તુ આ સ્થિતિ. બહુ વિરૂદ્ધ એમાં એવું સ્પષ્ટીકરણ થતું જાય છે. માર્ગ છે એમ છે, બાપુ! આહા..હા..! અનંત સંતો, અનંત તીર્થંકરોએ આ કહ્યું છે અને એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. જે પોતે વિકલ્પથી તન્મય ત્રણ કાળમાં થયું નથી દ્રવ્ય. શુભરાગ કે અશુભરાગ મય પર્યાયમાં થયો નથી, માન્યું છે. આહા..હા..!

હું શુદ્ધ છું અને અશુદ્ધ છું એવું માન્યું છે, પણ એ શુભ-અશુભરૂપ થયો નથી. આહા..હા..! એ તો છઠ્ઠી ગાથામાં કહ્યુંને ભાઈ! છઠ્ઠી. જ્ઞાયકભાવ તે શુભાશુભભાવપણે થયો નથી, કેમકે શુભાશુભપણે થાય તો જડ કહેવાય. ત્યાં જુઓ અજ્ઞાનીની વાત લીધી. છઠ્ઠી ગાથા. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' ત્યાં આગળ એમ લીધું છે કે શુભ અને અશુભ બે ભાવ એ જ્ઞાયકભાવમાં નથી. માટે તેને પ્રમત્ત-અપ્રમત્ત લાગુ પડતું નથી. કેમકે શુભ-અશુભભાવરૂપે જો થાય તો આત્મા જડ થઈ જાય. ભાઈ! આ જે અજ્ઞાન કીધુંને? ત્યાં એ વાત છે.

છઠ્ઠી ગાથા. કૌંસમાં નાખ્યું છે કે ભાઈએ. પંડિતજીએ. કે આ સ્વભાવરૂપ તો આત્મા જ્ઞાયક ચૈતન્યરસ છેને. ચિદ્ઘન છેને. ચિદાનંદ સ્વરૂપ છે. જ્ઞાનનો પિંડ છે એ શુભાશુભભાવ શુભપણે જો થાય તો શુભ તો રાગ છે, અજ્ઞાન છે, જડ છે, અચેતન છે, અજીવ છે. આહા..હા..! જ્ઞાયકસ્વભાવ તે અજીવપણે થાય તો જડ થઈ જાય. જડ કેમ થાય? પ્રભુ તો જ્ઞાયક છેને ત્રિકાળ? આહા..હા..! સમજાણું કાંઈ? એથી શુભાશુભપણે થયો નથી, માટે તેને પ્રમત્ત-અપ્રમત્ત ભેદ લાગુ પડતા નથી. એમ. આહા..હા..! એ તો જ્ઞાયકભાવ છે-જ્ઞાયકભાવ છે. જ્ઞાયકભાવ સ્વભાવભાવ, અસ્તિભાવ.. અરૂપી મૂર્ત વિનાની ચીજ પણ પૂર્ણ સ્વભાવથી ભરેલી અરૂપી મહાપદાર્થ છે. ચેતન મહાપ્રભુ છે. આહા..હા..! ભગવત્ સ્વરૂપ છે. આહા..હા..! એ તો ભગવત્ સ્વરૂપ ચૈતન્ય છે એની એને ખબર નથી. ખબર નથી એટલે ભગવત્ સ્વરૂપ ભગવત્ થશે ક્યાંથી? જો ભગવત્સ્વરૂપ ન હોય તો ભગવત્ સ્વરૂપ પર્યાયમાં આવશે ક્યાંથી? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો આ બેયને અજ્ઞાન કહ્યા એ છઠ્ઠી સાથે મેળવ્યું. કે શુભ અને અશુભ બે ભાવ, બાપુ આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ! આ દુનિયાની બહારની તેજીમાં અંજાઈને મરી ગયો છે અનાદિથી. પુણ્યના ફળ શરીર, સુંદર ને પૈસા ને બાયડી-છોકરા ને આ ને આ.

એ બધા સ્મશાન ફાસફુસ હાડકાનાં હોય ને ચમક એ બધા ચમકદાર છે, ભાઈ! આહા..હા..! એમાં મુંઝાઈ ગયો છે. આહા..હા..! પાંચ-પચાસ લાખ પૈસા મળે, શરીર સુંદર હોય ને બાયડી ઠીક હોય, છોકરા ઠીક થાય. આહા..હા..! શું છે પ્રભુ તને આ? તું ક્યાં છો ત્યાં? એ શુભભાવમાં પણ તું નથી, તો એના ફળ તરીકે સંયોગમાં ક્યાંથી તું આવ્યો? આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્યાં હોય ત્યાં અનુકૂળ.. દેખીને રાજીપો બતાવે. પ્રતિકુળ દેખીને ખીજાય એટલે દ્વેષ થાય એમ.

**શ્રોતા :-** પ્રતિકૂળ કરીને ક્રોધ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્રોધ થાય, ખીજાય. આહા..! અરે.. ભગવાન પણ શું છે ત્યાં? પ્રતિકુળ-અનુકૂળ કોઈ ચીજ જ નથી. એ તો જ્ઞાનના જ્ઞેય છે. એકરૂપે છે એના બે ભાગ પાડવા એ જ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચાહે તો સ્વર્ગનું હો, ચાહે તો નરકનું એ ફળ બે એક જ પ્રકારે પુદ્ગલનું ફળ છે. એમાં ભેદ પાડવો કે આ સ્વર્ગનું ઠીક છે અને નરકનું અઠીક છે એ વસ્તુમાં ભેદ નથી કાંઈ. આહા..હા..!

અહીં કહે છે.. એમાં બહારની અનુકૂળતા કાંઈક હોય ઠીક, બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, ઇન્દ્રિયો જરીક ઠીક હોય. આહા..હા..! આયુષ્ય લાંબુ હોય. માણસ કેટલાક કહે છે, ૭૦ વર્ષથી કોઈ દિ' સુંઠ ચોપડી નથી માથે. એવું આપણે કાઠિયાવાડમાં કહેવાય છે. દરબાર! કહે છેને? ૭૦ વર્ષથી આપણને કોઈ દિ' રોગ આવ્યો નથી. સુંઠ ચોપડી નથી એમ કહે. પણ એથી શું થયું? પણ એમને તો હજી મોઢું પણ સરખું નથી. ઓલું તો મોઢું સરખું હોય, બધું આમ સુંદર હોય, રૂપાળુ હોય, અને ૮૦-૮૦-૯૦ વર્ષ થયા હોય તોપણ ઇન્દ્રિયો સુંદર, પણ એ તો જડની ક્રિયા. સમજાણું કાંઈ? એમાં આ ઠીક છે એવું ક્યાં આવ્યું ત્યાં? કેમકે એ તો અજ્ઞાન છે, અજ્ઞાનનું એ ફળ છે. એ શુભનું ફળ એ અનુકૂળતા, અશુભનું પ્રતિકુળ એ તો અજ્ઞાનનું ફળ છે. આહા..હા..! કહો, અશોકભાઈ! આ બધા પૈસાવાળાને કાંતિભાઈને બેઠા છે જોડે. આહા..હા..!

ભાઈ! તને શેમાં ખેંચાણ થાય છે? તારા અજ્ઞાનભાવથી મળેલી ચીજો અજ્ઞાન પુદ્ગલ છે અને એનું ફળ પણ પુદ્ગલ છે. આહા..હા..! એમાં તને ભેદ લાગીને એક પક્ષમાં ચડી જાય છે કે આ અનુકૂળ છે, ભ્રમ છે. આહા..હા..! નિરોગતા હોય તો ઠીક, સ્વધર્મ સાધન કરી શકાય એ વાત પણ જૂઠી છે. સમજાણું કાંઈ? ઉપદેશ એવો આવે શાસ્ત્રમાં. જ્યાં સુધી જીર્ણતા શરીરમાં થઈ નથી, રોગ આવ્યો નથી, ઇન્દ્રિયો હીણી પડી નથી ત્યાં કરી લેજે. એ તો પ્રમાદ ટાળવા માટે વાત કરી. પણ રોગની અવસ્થામાં ન થાય એવું સાતમી નરકનો નારકી બાપુ એનો વિચાર કરે તો ખબર પડે. જેને જન્મથી સોળ રોગ અને જેને જન્મથી શ્વાસ-દમ આ કેન્સર તો જન્મથી જેને શરીરમાં અને એની પિડા. ત્યાં શીત પિડા છે. શીતનો એક કણ જો લાવે અહીં મનુષ્યક્ષેત્રમાં તો દસ યોજનના માણસો ઠંડીમાં મરી જાય. એટલો

તો કણમાં. એવા કણની એવા એક શીતમાં ૩૩ સાગર ગાળ્યા. આહા..હા..!

એક ઊંઘ ન આવે ચાર પહોર ત્યાં માથા ચડી જાય. એને ૩૩ સાગર ઊંઘ નહિ. આહા..હા..! એ શું છે, બાપુ! એ બધા અજ્ઞાનના ફળ છે એમ કહેવું છે. અશુભ છે એ અજ્ઞાન છે અને શુભ છે એ અજ્ઞાન છે. જ્ઞાનનું ફળ તો શાંતિ ને આનંદ એ જ્ઞાનનું ફળ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આત્મા આનંદ સ્વરૂપ છે, પ્રભુ, એના ફળ તરીકે એની દૃષ્ટિ કરીને એને વીતરાગ પરિણતિ વડે વીતરાગપણાની પ્રતીત કરી, સમ્યક્ શ્રદ્ધાના નિર્વિકલ્પ વડે નિર્વિકલ્પની પ્રતીતિ કરી એ તો આનંદ આવ્યો ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્માના જ્ઞાનનું ફળ તો આનંદ છે. એના ફળમાં સમ્યગ્જ્ઞાન, સમ્યક્ આનંદ અને વીતરાગતા છે... આહા..હા..! અને આ શુભાશુભનું ફળ આ બધું અજ્ઞાનનું ફળ છે કહે છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! એય.. શાંતિભાઈ! આ શું બધા પૈસાવાળા કેવા હશે? આહા..હા..!

'**તેથી કર્મનો હેતુ એક અજ્ઞાન જ છે;...**' ભાષા દેખો! જે કર્મબંધન થાય એનો હેતુ અજ્ઞાન છે. આહા..હા..! તીર્થંકરગોત્ર બંધાય એ શુભભાવ અજ્ઞાન છે. એમ આવ્યું કે નહિ? એય..! એવી વાત છે, પ્રભુ!

**શ્રોતા :-** અજ્ઞાન એટલે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નહિ. અજ્ઞાન એટલે એમાં જ્ઞાનનો અંશ નહિ એ તો પહેલેથી કહ્યું હતું કે આ અજ્ઞાન એટલે મિથ્યાત્વ નહિ. એ તો પહેલાં કહ્યું હતું. એમાં ચૈતન્યસ્વરૂપ ભગવાન પ્રકાશનો પુંજ, ચૈતન્યના પ્રકાશનો પુંજ છે આખો. એનો એક અંશ પણ એ રાગમાં નથી, માટે તેને અજ્ઞાન કહેવામાં આવે છે. એનાથી ધર્મ માને તો મિથ્યાત્વ છે. એ પોતે રાગ છે એ મિથ્યાત્વ નથી. અજ્ઞાન છે. અજ્ઞાન અને મિથ્યાત્વમાં બેમાં ફેર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં ચૈતન્ય સ્વરૂપનો અંશ નથી. તેથી અજ્ઞાન છે, અજીવ છે, એ કર્મના બંધનના હેતુ પણ એક અજ્ઞાન જ છે. આહા..હા..! ગજબ વાત છેને? તીર્થંકરગોત્ર બાંધે એ શુભભાવ અને શુભભાવ તે અજ્ઞાન છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ છે, અપરાધ છે.

પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું અમૃતચંદ્રાચાર્યે કે આ તીર્થંકરગોત્ર બંધાય છેને સાચા સંત ને સમકિતીને. એ શું છે? ભાવ એ શું છે? કહે એ અપરાધ છે. આહા..હા..! બાપુ! આત્મા રાગરહિત સ્વરૂપ છે એમાં આ રાગથી અપરાધ છે. એને અહીંયાં અજ્ઞાન કહ્યું છે. આહા..હા..! બંધાય એના ભાવ ધર્મ ન હોય, ધર્મથી બંધાય તો પછી છૂટે કઈ રીતે? સમજાણું કાંઈ?

કહ્યું હતું એક ફેરી આ ૮૫ના પોષ મહિનો હતો લગભગ. બોટાદ. આ વાત કરી હતી ત્યાં. સભા મોટી સભા ત્યાં તો ભરાય ને. સાડા ત્રણસો ઘર ને બધા શેઠિયાઓ ઘણા પૈસાવાળા. સ્થાનકવાસીનું જોર ત્યાં. દેરાવાસીના દોઢસો ઘર. આના ત્રણસો, સાડાત્રણસો.

મોટી સભા. ૮૫ની વાત છે. કીધું ભાઈ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ધર્મ નહિ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના અજ્ઞાન નહોતું કહ્યું ધર્મ નહિ એટલે બીજી રીતે કહ્યું અધર્મ છે. કે ધર્મથી બંધન ન થાય અને બંધન જે ભાવે થાય તે ધર્મ નહિ. શોડષકારણ ભાવના, ભાવના ભાયે. આવે છેને. સોળ તીર્થંકર. એ તો ભાવપાહુડમાં તો એ વાત લીધી છે. સમકિતી શુભભાવ થાય, તીર્થંકરગોત્ર બાંધે એ વાત લીધી છે. સમજાણું? એની ભાવના કરવી, ત્યાં વ્યવહારનયની અપેક્ષાએ લીધી છે વાત. સમજાણું કાંઈ? ૨૫ ભાવના અને બધી બહુ ઓલી છે ભાવપાહુડમાં વ્યવહારના ઘણા બોલ છે. વ્યવહાર હોય છે એને જણાવ્યો છે ત્યાં. સમજાણું કાંઈ? પણ એ વ્યવહાર છે એ બધો અજ્ઞાન છે. બંધનું કારણ છે, અબંધ સ્વરૂપ ભગવાન આત્મા.. આહા..હા..! મુક્તસ્વરૂપ જ છે.

શ્રીમદ્‌માં નથી આવતું કે દિગંબરના આચાર્યોએ આત્માનો મોક્ષ થાય એમ માન્યું નથી. આવે છેને ભાઈ! આહા..હા..! મોક્ષ જણાય, સમજાય છે. ઓહો..હો..! આ તો મોક્ષસ્વરૂપ જ છે. રાગથી મુક્ત થઈને મુક્તસ્વરૂપની પ્રતીતિ કરી ત્યારે.. આ તો મુક્તસ્વરૂપ જ છે. મોક્ષ થાય એ તો પર્યાયની અપેક્ષાની વાત છે. વસ્તુ બંધમોક્ષમાં છે જ નહિ. પર્યાયમાં હોં. વસ્તુ તો મુક્ત જ છે. એવો મુક્તસ્વભાવ તે શુભભાવમાં આવતો નથી, માટે તેને બંધભાવ અને અજ્ઞાનભાવ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? લ્યો.

**'શુભ અને અશુભ પુદ્‌ગલપરિણામો બન્ને પુદ્‌ગલમય જ છે...'** લ્યો! શાતા હોય કે અશાતા બંધાય એમ કહે છે. બેય પુદ્‌ગલ છે. સમજાણું? પહેલું શું કીધું હતું? ઓલા પરિણામનું કીધું હતું. જે બંધનમાં પરિણામમાં ફેર છે એમ કહેતો હતો એને કીધું ફેર નથી બે અજ્ઞાન છે. હવે જે પરિણામથી બંધાણા એમાં ઓલો કહે કે કોઈ શાતા બંધાણી અને કોઈ અશાતા. તો અહીં એનો ખુલાસો કરે છે. કે એક પુદ્‌ગલ પરિણામ છે બેય. કર્મનો સ્વભાવ એ પુદ્‌ગલનો જ સ્વભાવ છે. એમાં શાતા બંધાય કે અશાતા બંધાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો પુદ્‌ગલ સ્વભાવ છે. પરમાણુની પર્યાય છે પુદ્‌ગલની. જેને ઝેરના ઝાડ કહ્યા છે. સમયસાર. ૧૪૮ પ્રકૃતિ. ઝેરના ઝાડ. એ ઝેરઝાડ છે. એના ફળ ઝેર છે. આહા..હા..! બંધનની પ્રકૃતિ ઝેરના ઝાડ, એ પુદ્‌ગલ છે એમ કહે છે એ ભગવાન અમૃતનું સ્વરૂપ નથી. ભગવાન આત્મા તો અમૃતસ્વરૂપ છે જ્યારે બંધન જે રજકણો પુદ્‌ગલ છે એ તો ઝેરસ્વરૂપ છે. શુભભાવ ઝેર સ્વરૂપ છે તો એનાથી બંધન થયું એ ઝેરસ્વરૂપ છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! વ્યવહારવાળાના પક્ષને આકરું બહુ લાગે છે અત્યારે. એમ કે આટલું કરીએ છીએ.. આટલું કરીએ છીએ. શું કરે છે ધૂળ? સાંભળને. નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે જે શુભ પરિણામ હતા એવા તો અત્યારે તો કોઈને હોય જ નહિ. સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ

જ્ઞાન બિન આનંદ ન પાયો.' સુખ ન પાયો તો શું અર્થ થયો? દુઃખ છે. અઠ્યાવીશ મુળગુણ પંચમહાવ્રતના પરિણામ એ દુઃખ છે, સુખ નથી. આહા..હા..! આ વાત બેસવી. દેવીલાલજી! વીતરાગનો માર્ગ કઠણ.. કઠણ... કઠણ... આહા..હા..!

પકડાય ગયો છેને. ઓલો દાખલો નથી આપ્યો? વાંદરો અંદર બોર હતાને, ઘડો હતો ટૂંકા ઓલા શું કહેવાય મોઢું. સાંકડા મોઢાનો ઘડો. ઘટ સમજ્યાને? એમાં બોર હતા સારા બોર. બોર સમજો છો? બૈર. હાથ તો નાખ્યો અંદર પણ મુઠો ભર્યો નીકળે નહિ, પકડ્યો છે કોકે. વ્યંતર ભૂતડું લાગે છે કોકે પકડ્યો. એમ અજ્ઞાની રાગને પકડીને હું છૂટી શકતો નથી, હું છૂટી શકતો નથી. પકડ્યો છે પોતે. સમજાણું કાંઈ? દાખલો આપ્યો છેને ભાઈએ. વાંદરાનો આપ્યો છે. પોપટનો આપ્યો છે. ઓલો પોપટ હોય ને દોરી હોય ને દોરી? દોરીમાં પીતળની ઓલી હોય ભૂંગળીયું. એમાં બેસે જ્યાં પોપટ આમ તો ભુંગળી વળી જાય. વળી જાય એટલે આમ. હાય... હાય... એ પકડ્યો મને. પણ તે પકડ્યો છે. ત્યાં છોડ તો એમ ને એમ ઊડી જઈશ. સમજાણું કાંઈ? એમ રાગના ભાવને પકડ્યો છે અજ્ઞાનભાવે. આહા..હા..! એથી ઊડી શકતો નથી. ઊડી એટલે બહાર નીકળી શકતો નથી. કહો, બલુભાઈ! આહા..હા..!

પુદ્‌ગલપરિણામ છે. એ તું બે ભેદ પાડે છો કે એકમાં શાતા અને એકમાં અશાતા. બેય પુદ્‌ગલ છે લે. એકમાં ઉચ્ચ આયુષ્ય અને એકમાં નીચ આયુષ્ય બેય પુદ્‌ગલ છે કહે. એમાં ભેદ ક્યાંથી લાવ્યો પુદ્‌ગલ પરિણામ. આહા..! બે થયા.

ત્રીજું. '**સુખરૂપ અને દુઃખરૂપ અનુભવ બન્ને પુદ્‌ગલમય જ છે...**' આહા..હા..! એ સ્વર્ગના સુખને અને પૈસાવાળાના સુખ બધા પુદ્‌ગલમય છે. રાગમય, પુદ્‌ગલમય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સુખરૂપ અને દુઃખરૂપ અનુભવ...**' સ્વર્ગના સુખનો અનુભવ અને નરકના દુઃખનો અનુભવ, એ બન્ને પુદ્‌ગલ જ છે. આહા..હા..! '**તેથી કર્મનો અનુભવ એક પુદ્‌ગલમય જ છે; માટે કર્મ એક જ છે.**' ત્રણ થયા.

ચોથો હવે. એણે કહ્યું હતું કે શુભભાવ મોક્ષમાર્ગને આશ્રયે અથવા મોક્ષમાર્ગમાં. મોક્ષમાર્ગ થાય છે ત્યારે શુભ સારો થાય છે. એવો એણે પક્ષ કર્યો હતો. અને એમ છેને? પાઠ. શુભ એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય છે. જુઓ એને શુભ કીધો છે. મોક્ષમાર્ગ જે શુદ્ધ છે એને અહીંયાં શુભ કીધો છે. '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' જે દ્રવ્યને આશ્રયે શુદ્ધ દ્રવ્યગુણને અવલંબે શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એને ત્યાં એ જીવમય કહ્યા છે. એને શુભ કીધો છે. એને શુભ કીધો છે. આહા..હા..! શુભાશુભ પરિણામ અને એનાથી બંધન એને શુભ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં જરી અર્થ ફેર કરે છે. ફુલચંદજી અર્થ ફેર કરે છે. એમ કે બંધમાર્ગને મોક્ષમાર્ગને આશ્રયથી શુભભાવ થાય છે. એવો અર્થ કરે છે. પાઠ આવો છેને. '**शुभाशुभौ मोक्षबन्धमार्गौ**' કઈ અપેક્ષાએ કીધું? '**शुभाशुभा**' ઓલો મોક્ષ આવ્યોને પહેલો સંસ્કૃતમાં '**शुभाशुभौ मोक्षबन्ध**' પણ એમ નહિ. શુભ મોક્ષને

આશ્રયે, અશુભ બંધને આશ્રયે એમ નથી. '**केवलजीवपुद्गलमयत्वादनैकौ**,' આહા..હા..! શું કીધું એ?

'**મોક્ષમાર્ગ તો કેવળ જીવના પરિણામમય જ છે...**' જુઓ, શું કીધું એ? જે ભાવે બંધ થાય એ જીવના પરિણામ નહિ. આહા..હા..! કીધું? '**મોક્ષમાર્ગ તો કેવળ જીવના પરિણામમય જ છે...**' આહા..હા..! એને જીવના પરિણામ કહ્યા. શુદ્ધ ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા તે શ્રદ્ધા-ગુણ ને શ્રદ્ધા દ્વારા શ્રદ્ધયો, જ્ઞાનગુણને જ્ઞાન પરિણતિ દ્વારા જાણ્યો, સ્થિરતાગુણને સ્થિરતા દ્વારા રમણ કરીને માન્યો. એ જીવના પરિણામ છે. ઓલા શુભાશુભભાવ અજીવ છે, અજ્ઞાન છે. આ જીવના પરિણામ છે.

**શ્રોતા :-** પુદ્ગલ પરિણામ કીધા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ શુભ કીધા એને. મોક્ષનો માર્ગ એ શુભ. બાકી શુભાશુભ પરિણામ બધા અશુભ. આહા..હા..! દેવજીભાઈ! આવી વાતું છે ઝીણી બાપુ! અરે.. નરક અને નિગોદના ભવ બાપા. એણે વિચાર્યું છે કે દિ'? કેટલી દુઃખી! અહીં કેટલો દુઃખી અત્યારે છે? આહા..હા..! એને આનંદની ખબર નથી એટલે દુઃખને કોની સાથે મેળવે? કે હું દુઃખી છું. આહા..હા..! દુઃખી છે બિચારા રાજાઓ, શેઠિયાઓ, અબજોપતિ, કરોડોપતિ દુઃખીઓ બિચારા દુઃખી છે. બિચારા ભિખારી છે. અંતરની લક્ષ્મીની ખબર નથી અને બહારમાં ગોતે છે. આહા..હા..! મૃગની દૂંટીમાં કસ્તુરી અને એની ગંધ બહારમાં આવતા બહારમાં ગોતે છે કે આ ગંધ બહારમાંથી આવે છે. મૃગલા-મૃગલા હરણિયા. એની નાભીમાં કસ્તુરી. છતાં એ કસ્તુરીની ગંધ આવતા બહારમાં જાણે હશે કસ્તુરી ત્યાં ગોતવા જાય છે. એમ ભગવાન આત્માના અંતરમાં આનંદ છે. એ આનંદની છાયા બહારમાં ગોતવા જાય છે. પૈસામાંથી, બાયડીમાંથી, છોકરામાંથી, રાગમાંથી, ભોગમાંથી, મૂઢ છો. આહા..હા..! મૃગલા જેવો છો. 'મનુષ્યા સ્વરૂપેને મૃગા ચરન્તી.' મનુષ્યના સ્વરૂપે મૃગલા જેવો છે, ભાઈ! આહા..હા..!

કહે છે, '**મોક્ષમાર્ગ તો કેવળ જીવના પરિણામમય જ છે...**' એટલે ઓલા શુભ-અશુભભાવ જીવના પરિણામ નથી એમ કીધું. એને પુદ્ગલના પરિણામ કીધા. સમજાણું કાંઈ? આહા..હા..! ઘણી ગંભીરતાથી વાત કરી છે. આહા..હા..! '**કેવળ જીવના...**' એકાંત જીવના એમ કીધું. આહા..હા..! જેને નિયમસારમાં મોક્ષના માર્ગના પરિણામને પરદ્રવ્ય કીધા છે. એ બીજી અપેક્ષા. જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય આવતી નથી એમ મોક્ષમાર્ગની પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. નવી પર્યાય આવવાનું ભંડાર દ્રવ્ય છે, સ્વદ્રવ્યને દ્રવ્ય કહ્યું, પરિણામને પરદ્રવ્ય કહ્યું, આ અહીં પરિણામને જીવના કીધા. આહા..હા..! અને તત્ત્વાર્થસૂત્રમાં શુભાશુભભાવને જીવનું તત્ત્વ કહ્યું છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. એ પાંચેય ભાવ જીવતત્ત્વ એમ કીધું છે. કઈ અપેક્ષા?

આહા..હા..! આવે છેને દસ લક્ષણી પર્વમાં. તત્ત્વાર્થસૂત્ર વંચાય છે એમાં. બીજા અધ્યાયમાં પહેલા સૂત્રમાં પાંચેયભાવને જીવતત્ત્વ. એ અશુભભાવ...

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. કઈ અપેક્ષાથી ત્યાં કહ્યું કે જીવના પરિણામમાં થાય માટે જીવ તત્ત્વ, અહીં કહે છે કે એ પરિણામ છે એ અજ્ઞાન રાગ-દ્વેષ માટે જીવતત્ત્વ નહિ.

કુંદકુંદચાર્ય ગુરુ અને ઉમાસ્વામી શિષ્ય. શિષ્ય કહે છે કે પરિણામ જીવના છે, આ કહે છે કે નહિ. એ વ્યવહારનો ગ્રંથ, પર્યાયનયનો ગ્રંથ છે. સમજાણું કાંઈ? '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' એ પર્યાયનયનું કથન છે. નિશ્ચયનયનું નહિ. નિશ્ચયનું દ્રવ્ય આશ્રયે જે થાય એ એક જ મોક્ષમાર્ગ છે. આહા..હા..! ત્રિકાળી ભગવાનને આશ્રયે થાય, અખંડ દ્રવ્યાર્થિક એ દ્રવ્યાર્થિકનો વિષય છે, અભેદથી એ કથન છે. અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે અહીં જીવના પરિણામ કહ્યા એનાથી મોક્ષમાર્ગ જે કહ્યો એ પર્યાયનયે કથન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલું આમાં યાદ રાખવું?

એ વાત આપણે આવી ગઈ હતી એકફેરી. ૨૪૨ ગાથા છેને પ્રવચનસાર, એમાં કહ્યું છે કે ભાઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે પરિણામ છે એ પરિણામને અહીંયાં અમે પર્યાયનયે કહીએ છીએ અને અભેદ એકલા આત્માથી થાય એને અમે દ્રવ્યાર્થિકનયે કહીએ છીએ. સમજાણું કાંઈ? ૧૬મી ગાથાની ટીકામાં તો એમ કહ્યું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે નિશ્ચય પરિણામ છે એ પર્યાય છે માટે મેચક છે, માટે મલિન છે માટે વ્યવહાર છે. આહા..હા..! નિર્મળ હોં. આહા..હા..!

અને અભેદ ચીજ એક છે એટલે એ અમેચક છે. આહા..હા..! એ નિર્મળ છે. શૈલી તો જુઓ! ક્યાં કેમ કહ્યું એની ખબર વિના એકાંત ખેંચી જાય. પ્રવિણભાઈ! નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયને મેચક કહ્યો છે. મેલો કહ્યો છે. મેલો કહેવાનો વ્યવહાર છે. અહીં કળશટીકામાં એમ છે. કળશટીકામાં એમ છે. ઓલામાં મચક કહ્યો છે. ત્યારે સમ્યગ્જ્ઞાન ધર્મદાસ ક્ષુલ્લકે તેને અશુદ્ધ કીધા છે. મોક્ષના પરિણામ એ મેચક-ભેદ છે માટે અશુદ્ધ છે. ત્રિકાળનો આશ્રય તે.. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ આ. અનેકાંત છે પણ એમાં હોય એની વાત અનેકાંત હોયને? એમાં ન હોય એનું અનેકાંત શી રીતે થાય? આહા..હા..!

'**મોક્ષમાર્ગ તો કેવળ જીવના પરિણામમય...**' ભાષા છે? '**જીવના પરિણામમય...**' અભેદ પરિણામ છે. '**અને બંધમાર્ગ કેવળ પુદ્‌ગલના પરિણામમય જ છે...**' આહા..હા..! '**તેથી કર્મનો આશ્રય કેવળ બંધમાર્ગ જ છે (અર્થાત્ કર્મ એક બંધમાર્ગના આશ્રયે થાય છે. મોક્ષમાર્ગમાં થતા નથી); માટે કર્મ એક જ છે.**' આહા..હા..! '**એ પ્રમાણ કર્મના શુભાશુભ ભેદના પક્ષને ગૌણ કરી...**' ભાષા છે. છેને? ગૌણ કરીને કહ્યું, ભેદ છે ખરો, પણ એકલો અભેદની દૃષ્ટિ કરાવવા ભેદને ગૌણ કરીને કહ્યું છે. ભેદનું જ્ઞાન કરવા

માટે તો છે. સમજાણું કાંઈ?

'**તેનો નિષેધ કર્યો;** કારણ કે **અહીં અભેદપક્ષ પ્રધાન છે,...**' દૃષ્ટિના વિષયમાં પુણ્ય-પાપ પક્ષ છે નહિ. એથી '**અહીં અભેદપક્ષ પ્રધાન છે, અને અભેદપક્ષથી જોવામાં આવે તો કર્મ એક જ છે—બે નથી.**' કર્મના ભેદ અને અભેદની અપેક્ષાએ વાત છે. કર્મને અભેદ કીધુ એ ભેદને ગૌણ કરીને કીધું છે. બાકી ભેદ છે ખરો. એમ કરીને એનો નિષેધ કરીને સ્વભાવનો આશ્રય બતાવ્યો છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૧૫, શનિવાર, તા. ૨૩-૧૦-૧૯૭૬, કળશ-૧૦૨, ગાથા-૧૪૬ પ્રવચન નં. ૨૧૦

સમયસાર. ૧૦૨ કળશ. '**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—**'

(उपजाति)

हेतुस्वभावानुभवाश्रयाणां
सदाप्यभेदान्न हि कर्मभेदः।
तद्बन्धमार्गाश्रितमेकमिष्टं
स्वं समस्तं खलु बन्धहेतुः।।१०२।।

આ મોટો અત્યારે આ વાંધો છે એનો ખુલાસો છે. મોટા પંડિતોની વચ્ચે એમ કે આ વ્યવહાર છે શુભ જે વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ શુભભાવ એનાથી શુદ્ધતા થશે. કારણ કે અશુભભાવથી તો શુદ્ધતા ન થાય. પણ શુભભાવને કાળે શુભભાવથી શુદ્ધતા થાય એમ કહે છે. અહીં કહે છે કે અશુભભાવથી શુદ્ધતા થાય નહિ એ બરાબર છે, પણ શુભભાવથી શુભભાવને વખતે શુદ્ધતા થાય એમ નથી. છેલ્લો શુભભાવ હોય છે, એના આખા વાંધા છે. કેમકે છેલ્લો શુભભાવ હોય છે સમકિત પામતા. એમ કહે છે. શું કીધું?

એ અહીં કહે છે કે '**હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રય...**' પુણ્ય-પાપના પરિણામ બંધનમાં હેતુ છે એ એક પ્રકારના છે. શુભ પરિણામ હો બંધનમાં નિમિત્ત કે અશુભ હોય, બેય એક અજ્ઞાન અને અશુદ્ધ છે. ઓલા અજ્ઞાનીનું કહ્યું હતુંને પરિણામમાં ભેદ છે. એ

શુભ પરિણામ પુણ્યમાં નિમિત્ત છે બંધનમાં અને અશુભ પરિણામ પાપમાં નિમિત્ત છે. તો એટલો ફેર છે કે નહિ? તો અહીં કહે છે કે શુભ-અશુભ પરિણામ બેય અજ્ઞાન અને અશુદ્ધરૂપ છે. અને એ અશુદ્ધ અને અજ્ઞાન છે એ બંધનું કારણ છે. આહા..હા..!

એનો અત્યારે મોટો.. હમણા એક કોક વિદ્યાસાગર. જુવાન સાધુ થયો છે. એમણે અહીંની વિરૂદ્ધ કર્યું લલીતપુરમાં, ગોહાટીમાં, ઓલા પાણીમાં ઓલા એક ગામમાં. ભીલનું છે ને શિખરચંદ એની વિરૂદ્ધમાં. અહીંના સાહિત્ય છે એ પાણીમાં નાખી દીધા જુલુસ કાઢીને. એનો વિરોધ છે. પણ પાછું એવું લખ્યું છે કે બેયે એકાંત ન કરવું. ભગવાનનો માર્ગ અનેકાંત છે. લલીતપુરની વાતને વખોડી નાખી છે. એ તો શેઠે પોતે શાહુજીએ બહુ ગળગળા થઈને વિરોધ કર્યો. આવું ન હોય. એમાં પણ લખ્યું છે કે ભાઈ કુંદકુંદાચાર્યનું સાહિત્ય કોઈપણ સંસ્થાથી છપાયેલું હોય, કોઈપણ સંસ્થા એમ શબ્દ છે. તો તે અવર્ણ કરવા યોગ્ય નથી. વાત એ લોકોને એવું થઈ ગયું ઓલો વ્યવહાર છે એનાથી કહેતા નથી, માટે એ સાહિત્ય એકાંત છે. અરે.. શું થાય?

અહીં તો એ કહ્યું કે હેતુમાં જે શુભ-અશુભ પરિણામમાં બંધનમાં ફેર માને છો તો અમે તો કહીએ બેય અશુદ્ધ અને બંધના જ કારણ છે. આહા..હા..! એ શુભભાવ કોઈ આત્માના સમ્યગ્દર્શનને પામવામાં મદદ કરે એવો વસ્તુનો સ્વભાવ હોય એ મદદ કરે, આ તો શુભ-અશુભભાવ સ્વભાવ નથી. એનું સાધન સ્વભાવસાધન થાય, પણ વિભાવ સાધન થાય? પણ પંચાસ્તિકાયમાં એવું આવે છેને એ દલીલ કરે. ભિન્ન સાધ્યસાધનભાવ કહ્યા છે. વ્યવહાર, પંચાસ્તિકાયમાં કહ્યું છે કે નહિ? ત્યાં તો ભિન્ન સાધનની વ્યાખ્યા આરોપથી કથન કર્યું છે. નિશ્ચય જ્યાં આત્માની દૃષ્ટિ અને અનુભવ છે ત્યાં આગળ શુભભાવ કઈ જાતનો હોય એને સાધનનો આરોપ કરીને કથન કર્યું છે. જેમકે નિશ્ચય સમ્યગ્દર્શનના કાળમાં દેવ, ગુરુ અને શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એને સમકિત કહ્યું છે. એ છે તો રાગ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ એ તો છે રાગ, છતાં એને વ્યવહાર સમકિત કહ્યું. એ સમકિતની પર્યાય છે? એ તો ચારિત્રદોષની ઊલટી પર્યાય. ફક્ત સહચર-સાચું દેખી નિમિત્તને દેખીને ઉપચારથી મોક્ષમાર્ગનો આરોપ કર્યો છે. હવે આટલા શબ્દોથી ન પકડે તો તેને આખો વાંદો ઊઠે. સમજાણું કાંઈ? વસ્તુ આવી છે. આહા..હા..! એણે લખ્યું છે ભાઈ વિદ્યાનંદે કે ગામોગામ બે પડી ગયા છે. સાધુ છે. જુવાન સાધુ છે. જુવાન થયો છે. બેયજણાએ અનેકાંત કરવું, એકાંત છોડી દેવું.

**શ્રોતા :-** બધુંય એકાંત છે એમ થયું ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો અર્થ બે શબ્દ નથી લીધા પણ અનેકાંત માર્ગ માટે એકાંત ન રાખવો જોઈએ એમ. એમ કહ્યું. અહીં તો કહે છે, બાપુ! શુભ અને અશુભભાવ બેય બંધનો હેતુ, બંધનું કારણ અશુદ્ધભાવ છે. આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સ્વથી વિમુખનો ભાવ છે. સ્વસન્મુખનો ભાવ તો શુદ્ધ હોય. આહા..હા..! અને વ્યવહાર છે ખરો, પણ વ્યવહારથી સમ્યગ્દર્શન અને નિશ્ચય થાય એમ નથી. એમ નિમિત્ત છે ખરું. કાલે તો આવશે હજી ધર્માસ્તિ, અધર્માસ્તિને સહાયક કારણ કહેશે. સહાયક કારણ. આહા..હા..! એ નિમિત્તનું કથન, નિમિત્ત છે એ વસ્તુને સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં તો ત્યાં સુધી આવે કે કાળદ્રવ્ય ન હોય તો પરિણમન પરદ્રવ્યમાં નહિ થાય. લાલચંદભાઈ! એ આવે છે. એ તો નિમિત્ત સિદ્ધ કરવું છે. પરિણમન તો એનો દરેકનો સ્વભાવ છે. પરિણમન થયા વિના રહે. પરિણમનની ધારા ચાલે જ છે અનાદિથી. આહા..હા..! પણ ત્યાં કાળદ્રવ્ય એક બીજી ચીજ છે એને નિમિત્ત સિદ્ધ કરવું હોય ત્યારે એ કાળદ્રવ્ય વિના પરિણમન ન થાય, પરિણમન વિના દ્રવ્ય ન રહે એમ પણ સિદ્ધ થાય. આહા..હા..! સમજાય છે? એનો અર્થ એવો નથી કે કાળદ્રવ્ય છે માટે અહીં પરિણમન પરમાં થાય છે. પરિણમન તો એનો સ્વતઃસ્વભાવ છે. આહા..હા..! પણ બીજી ચીજ છે એ નિમિત્તનું જ્ઞાન એણે કરવું જોઈએ. નિમિત્તથી થાય એમ નહિ, પણ નિમિત્ત છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું કહ્યું?

**શ્રોતા** :- એકાદ ..નિમિત્તથી થાય તો શું વાંધો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિમિત્તથી ત્રણકાળમાં ન થાય. એનું કારણ છેને. એ તો વાત કરી સવારમાં જરી.

કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય ષટ્કારકના પરિણમનથી સ્વતઃસિદ્ધ તે કાળમાં જન્મનો ઉત્પત્તિકાળમાં થાય છે. ભાઈ! આહા..હા..! જ્યારે વિકારની પરિણતિ જે સ્વભાવ નથી, દ્રવ્ય અને ગુણ કોઈ ગુણ નથી કે વિકાર થાય. એથી પર્યાયમાં નિમિત્તને આધિન વિકાર થાય એ પણ નિમિત્તની અપેક્ષા રાખીને આ થાતું નથી એમ કહે છે. એ પણ કર્તા, એક સમયની વિકારી પર્યાય તે કર્તા, એ જ પર્યાય તેનું કાર્ય, એ જ પર્યાય તેનું સાધન, એ જ પર્યાય રાખી, એ પર્યાયથી થઈ, એ પર્યાયને આધારે થઈ. આહા..હા..!

એ તો ચર્ચા વર્ણીજી સાથે મોટી થઈ હતી તે દિ'. કેટલા વર્ષ થયા? ૧૩. ૧૩ થયા. ૧૯ વર્ષ થયા. કેટલા થયા? ૧૯ વર્ષ થયા. મોટી ચર્ચા ચાલી હતી. પંચાસ્તિકાયમાં ૬૨ ગાથા. વિકારના પરિણામમાં પર્યાય પોતે ષટ્કારકરૂપે એક સમયમાં કર્તા, કર્મ, કરણ એક સમયમાં છે. આહા..હા..! તે એક એક પર્યાયના, વિકારના. જેને પાઠમાં એ છે કે બીજા અન્ય કારકોની જરૂર નથી, અન્ય કારકોની અપેક્ષા નથી. એવો પાઠ છે ૬૨ ગાથા. આહા..હા..! એનું કારણ છે કે પંચાસ્તિકાય છે ત્યાં અસ્તિપણું સિદ્ધ કરવું છે. અસ્તિપણું. એનો અંશ જે વિકાર છે પણ એનો અસ્તિત્વ એનામાં છેને? એ કાંઈ પરને લઈને નથી. અહીં અસ્તિકાય

સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

અને જ્યાં કર્તાકર્મનો અધિકાર સમ્યગ્દર્શનનો લે ત્યારે એમ લે કે કર્તાકર્મ છે અને એનું કર્તા કર્મ છે અને એનું કર્મ વિકારી પરિણામ છે. એ સમ્યગ્દર્શનના સ્વભાવના અપેક્ષાએ વાત કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એ નિર્મળ છે અને એનો વિષય પરિપૂર્ણ અખંડ નિર્મળ છે. એથી એને આશ્રયે કોઈ અશુદ્ધતા થાય એમ નથી. એથી અશુદ્ધતાનું જે નિમિત્ત છે તેમાં અશુદ્ધતાનું કાર્ય એને નાખ્યું. કેમકે કાઢી નાખવું છે માટે. ૭૫-૭૬. કે કર્મ વ્યાપક છે અને વિકારી પર્યાય એ કર્મનું વ્યાપ્ય છે. આહા..હા..!

**શ્રોતા :-** અન્ય સહાયક પર્યાય એમ કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એમ કહ્યું ત્યાં. તેને ભિન્ન કરી નાખવું છે.

અહીં કહ્યું કે ષટ્કારક પોતાથી થાય પંચાસ્તિકાયમાં એમ કહ્યું. અસ્તિકાય સિદ્ધ કરવું છે. અને ત્યાં એમ કહ્યું કે જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી એવા જે જ્ઞાની એને દ્રવ્ય સ્વભાવ વ્યાપક થઈને સ્વભાવની પર્યાય વ્યાપ્ય થાય, પણ વિભાવની પર્યાય વ્યાપ્ય થાય એવું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? વસ્તુ છે શુદ્ધ ચિદ્ઘન. એ શુદ્ધ પોતે વ્યાપક-પ્રસરીને-ફેલાઈને શુદ્ધતાના અવસ્થાની વ્યાપ્ય અવસ્થા થાય. એ અપેક્ષા સિદ્ધ કરવા ત્યાં આગળ વિકારના પરિણામ તે શુદ્ધના વ્યાપ્ય નથી. આહા..હા..! આવી વાતું હવે એ માણસને આટલી બધી પહોંચે નહિ એટલે પછી છેતરાય. પહોંચે. એને બિચારાને એ સુખનો તો અભિલાષી છે, પણ એને અંદર ઘડ બેસતી નથી. પરિચય નથી એટલે બિચારાને. એ પણ આત્મા છે. એ સુખ માટે બિચારા મંથન તો કરે છેને. પણ એની પદ્ધતિની રીત ખ્યાલમાં આવતી નથી. આહા..હા..!

અને વિપરીત માન્યતાથી જે ભાવ કરે એનું ફળ એને વર્તમાન દુઃખ અને પછી દુઃખ છે એટલે એવા જીવોનો અનાદર અને તિરસ્કાર તો હોય નહિ. 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, કોઈ શુષ્કજ્ઞાનમાં...' આવ્યું છેને. 'માને માર્ગ મોક્ષનો કરુણા ઊપજે જોઈ.' અરે.. પ્રભુ! શું કરે છે? ભાઈ! તને વર્તમાનમાં ઠીક લાગશે, પણ વર્તમાનમાં એ દુઃખ છે વિપરીત શ્રદ્ધા, શુભભાવથી સમકિત થાય એ વિપરીત શ્રદ્ધા વર્તમાન દુઃખરૂપ છે અને એના ફળ તરીકે ભવિષ્યમાં દુઃખની પરંપરા ધારાવાહી ચાલશે, ભાઈ! એમાં તું પિડાઈ જઈશ, એ તને .. નહિ લાગે એ વખતે. આહા..હા..!

અહીં એ આચાર્ય મહારાજ કહે છે. ભગવાન! કર્મના બંધનના હેતુમાં બેય પરિણામ એક જાતના અશુદ્ધ છે. એટલે બંધનના કારણમાં એ જાય છે. મોક્ષના માર્ગના કારણમાં એ આવતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? **'હેતુ, સ્વભાવ,...'** અને પુદ્ગલમાં શાતા બંધાય કે અશાતા બંધાય છે તો એ પુદ્ગલનો સ્વભાવ. એમાં ભેદ ક્યાંથી આવ્યો? શાતા બંધાય કે અશાતા બંધાય. ત્યારે કોઈ એમ કહે કે પણ તીર્થંકર પ્રકૃતિ બંધાય છે એને પણ

પરંપરા મોક્ષનું કારણ કહ્યું છે જયસેનાચાર્યની ટીકામાં. પણ ભાઈ! એનો અર્થ શું? કેમકે જે તીર્થંકર પ્રકૃતિ બંધાણી, શુભભાવથી. એ શુભભાવનો નાશ કરશે ત્યારે તો એ પ્રકૃતિનો ઉદય આવશે. તેરમે ગુણસ્થાને ઉદય આવે છે. ત્યારે શુભભાવ જેનાથી બંધાણો એ ભાવનો નાશ કરશે ત્યારે તો એ પ્રકૃતિની સત્તાનો ઉદય આવશે. કેવળજ્ઞાન થાય ત્યારે પ્રકૃતિનો ઉદય આવશે. હવે શું કર્યું એણે? સમજાણું કાંઈ? આહા..હા..! ફુલચંદજી! આવી વાત છે, બાપુ!

આ બહારની અનુકૂળતામાં બધી એમાં એ માને જાણે કે...આહા..હા..! ભૂતાવળ છે બધી. આહા..હા..! ભૂતાવળમાં બધા ભડકા છે, બાપુ! તને ખબર નથી. બહારની અનુકૂળતા અને ચમત્કાર, બાહ્યના શરીર, આબરૂ, પૈસા, મકાન.. આહા..હા..! ભાઈ! એ તો પરચીજ છે. એણે કહ્યું છેને ભાઈ એમાં? અનુભવપ્રકાશમાં. કે શ્રદ્ધા-ગુણ વિપરીત કેમ થયો? કે જેટલી ચીજ પર છે એને પોતાની માની માનીને શ્રદ્ધા ગુણ તો નિર્મળ છે પણ પરિણતિ એની વિપરીત કરી નાખી એણે. શુભથી મને લાભ થાય, શુભ મને ઠીક પડે, પરવસ્તુ મને મદદ કરે એવી એક એક ગુણની વિપરીતતા વર્ણવી છેને? જ્ઞાનગુણ હીણો કેમ થયો? કે શુભજ્ઞાનગુણની દૃષ્ટિ છોડી દીધી અને જ્ઞાને જે પરવસ્તુ તેમાં વ્યાપીને કામ લીધું તે જ્ઞાન હીણું પરિણમી ગયું પર્યાયમાં.

એમ શ્રદ્ધામાં, શ્રદ્ધા જે વસ્તુ છે એ તો શ્રદ્ધા ત્રિકાળી શક્તિનો ગુણ છે એ તો. પણ એનું પરિણમનમાં વિપરીત કેમ થયું? કે પોતાને પરરૂપે માન્યું અને પરને પોતારૂપે એવી અનંત ચીજો છે. આહા..હા..! એક એક અનુકૂળ ચીજમાં સુખબુદ્ધિએ માન્યું અને પ્રતિકુળમાં દુઃખબુદ્ધિએ પોતાનું માન્યું એમ થયુંને? આહા..હા..! એવી અનંતી ચીજને સ્વપરિણામથી છોડી દઈને પરપરિણામ એ અનુકૂળ મને ઠીક છે, નિરોગતા હોય તો કાંઈક ઠીક પડે, સરોગતા હોય તો ઠીક ન પડે. સમજાણું કાંઈ? એમ અનુકૂળ ચીજના પરિણામમાં પોતાની મિથ્યા શ્રદ્ધા વાપરી નાખી. સમજાણું કાંઈ? આહા..હા..!

કેમકે જે ચીજ છે એ તો જ્ઞેય છે, પરચીજ કોઈ અનુકૂળ-પ્રતિકૂળ એવા ભેદ નથી. ચાહે તો સમવસરણ હોય ને ચાહે તો સાતમી નરક હોય. જ્ઞેય છે. જ્ઞાનનું જ્ઞેય છે. એક જ પ્રકાર છે એના બે ભેદ પાડવા... આહા..હા..! પાણીનો પ્રવાહ જે ચાલતો હોય એમાં વચ્ચે આ શું કહેવાય નાળા આવે ને નાળા? ખંડ પડી જાય. પાણીનો પુર એકરૂપે ચાલતો હોય તો ત્રણ-ચાર નાળા હોય તો એવા ખંડ પડિ જાય. આહા..હા..! એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપે અનંત જ્ઞેયને જાણવાનું એક જ રૂપ છે એનું. પણ એને નાળામાં ભેદ પાડી નાખ્યા. જેમ નાળામાં પાણીના ભેદ પડી ગયું જુદું-જુદું. એક પાણી આમ ચાલ્યું, એક આમ ચાલ્યું અને એક આમ ચાલ્યું. એમ અનુકૂળતામાં મને ઠીક છે. આહા..હા..! એમાં એનો રાજીપો છે. એ મિથ્યાત્વભાવ છે. પર તો જ્ઞેય છે એમાં અનુકૂળ અને પ્રતિકૂળ શું ચીજ? સમજાણું કાંઈ? બલુભાઈ! આહા..હા..! આવી વાતું છે.

એ અહીં કહે છે, બાપુ! તો કહે શાતાવેદનીય બંધાણુંને? અને અશાતા બંધાણુંને? યશોકીર્તિ બંધાણીને? અયશોકીર્તિ બંધાણુંને? ઊંચું આયુષ્ય બંધાણુંને? નીચું આયુષ્ય બંધાણુંને? પણ એ બંધાણું એ બંધાણું એક જ સ્વભાવ પુદ્‌ગલનો છે. ઓલા પરિણામમાં પણ ભેદ નથી તેમ પુદ્‌ગલમાં ભેદ નથી. એક જ પ્રકાર છે. આહા..હા..! બે.

**'અનુભવ...'** ઓલા કહે પુદ્‌ગલના ભેદમાં અનુભવ, સ્વર્ગમાં જાય તો સુખ મળે, નરકમાં જાય તો દુઃખ મળે. આહા..હા..! અનુભવમાં ફેર છે અજ્ઞાની કહે છે. બાપુ! બેય ગતિમાં અનુભવ દુઃખનો જ છે. એના ફળમાં ફેર નથી. અનુભવ એક જ જાતનો છે.. આહા..હા..! છતાં ક્યાંક એમ પણ કહે 'જરા જાવ ન પિલ્લઈ જાવ ઈન્દ્રિયા ન...' 'જરા જાવ ન પિલ્લઈ રોગ ન થાય, જાવ ઈન્દ્રિયા ...' એવું આવે છે. શ્વેતાંબરમાં પણ આવે છે અને આપણે મોક્ષ અધિકારમાં પણ આવે છે.

જ્યાં સુધી ઈન્દ્રિયો હીણી ન પડે, વ્યાધિ શરીરમાં ન થાય, ઈન્દ્રિયો હીણી પડે નહિ ત્યાં સુધી કરી લેજે. ત્યાં તો પાછુ એમ ક્યું. હવે એનો અર્થ એવો થયો કે હીણી ઈન્દ્રિયને જરા અવસ્થામાં ન થઈ શકે. એ તો એક પુરુષાર્થની ઉગ્રતા કરવા માટે કથન કર્યું છે. સમજાણું કાંઈ? રોગે ઘેરાઈ જાઈશ પછી પ્રભુ તને નહિ સૂઝ પડે. સમજાણું કાંઈ? વૃદ્ધાવસ્થા આવશે.. આહા..હા..!

જુઓને. આ અમારે સવારે જોવા ગયા હતા ભાઈને. નવીન-નવીન. દામોદરભાઈનો. ૨૫ વર્ષની યુવાન અવસ્થા. બિચારા આવ્યા છે. આખું શરીર. બેસાડ્યા જરી ત્યાં... આહા..હા..! આ જુઓ જડની દશા. છોકરો નરમ બહુ છે હોં. એના ભાવ સમજણના ઓલાના બહુ સારા છે. ક્યાં ગયા દામોદરભાઈ? એના માટે ગયો હતો. એ જરી બોલ્યો હતો એ મને વિચાર આવી ગયો હતો. કે વર્ષ બેસતા સુધી નહિ રહું. એમ બોલી ગયો હતો જરી. એને બહુ ઓલું થઈ ગયો હશે એટલે બિચારો બોલ્યો હશે. એટલે મેં કીધું વર્ષ બેસતા પહેલાં હું જઈ આવું. પછી ભલે શું થાય એ જુદું. આ તો એક બોલી ગયો હતોને જરી. બોલ્યો હતો ને દામોદરભાઈ! ખબર છે. એ શબ્દ પડ્યો હતો એટલે વિચાર થયો કે ભાઈ.. છોકરો બહુ નરમ છે. ત્યાં ઈંદોરમાં શિક્ષણ શિબિર ચાલી ત્યાં ભણાવવા ગયો હતો. ઈંદોરમાં. પણ પછી એકદમ બિચારને વ્યાધિ થઈ ગઈ. આહા..! અત્યારે તો બે .. જડ છે, બાપા! આહા..હા..! એની પર્યાય કેમ થઈ બાપુ તારે આધિન નથી. તેની પ્રતિકુળ નથી. એટલે જ્ઞાનનું જ્ઞેય છે. આહા..હા..!

અહીં કહે છે કે એ પુદ્‌ગલના ફળ આવે, સ્વર્ગમાં સુખ મળે. બાપુ! એ પણ ત્યાં દુઃખ જ છે. ચાર ગતિ પરાધિન છે. પંચાસ્તિકાયમાં આવે છે પહેલી ગાથાઓમાં. ચારેય ગતિ પરાધિન છે. સ્વર્ગમાં પરાધિનદશા દુઃખ છે. સમજાણું કાંઈ? ત્યાં તો એમ પણ કહ્યું છે. વિષયો અકિંચિત્કર છે, પ્રભુ! તું દુઃખ માને છો. વિષયોએ તને દુઃખ ઊપજાવ્યું છે એમ

નથી. વિષયો અકિંચિત્કર છે. છે? પ્રવચનસારમાં ભાઈ! અકિંચિત્કર કીધા. આહા..હા..! શરીરની આ ચામડી રૂપાળી અને ભોગને કાળે આમ ઠીક લાગે બાપુ! એ વિષયો અકિંચિત્કર છે તને દુઃખ ઊપજાવવા. આહા..હા..! તેમ સુખ ઊપજાવવા તારી માન્યતામાં એ વિષયો તો અકિંચિત્કર છે. તારી માન્યતાએ ઘર ઘાલ્યા છે. આહા..હા..! શાંતિભાઈ! આહા..હા..!

ત્યાં તો ભાઈ નિમિત્તને અકિંચિત્કર કહ્યું. એ નિમિત્ત છે કે નહિ એ? શું કીધું સમજાણું? પાંચેય ઇન્દ્રિયના વિષયો.. આહા..હા..! આમ નિંદાના શબ્દો, પ્રશંસાના શબ્દો, રૂપ અને કુરૂપ, સુગંધ અને દુર્ગંધ, માઠો સ્પર્શ અને સુંવાળો સ્પર્શ બેય તો એને... આહા..હા..! અકિંચિત્કર કહ્યું. એ આત્માને રાગ ઉપજાવવા માટે કિંચિત્કર નથી. આહા..હા..! ઊડાવી દીધું કે નહિ ત્યાં? ભાઈ! નિમિત્તને ઊડાવી દીધું. હોય, નિમિત્ત હોય, પણ એ તને રાગ ઊપજાવે છે અનુકૂળતા વખતે અને પ્રતિકુળતા વખતે એ વિષયો તને દ્વેષ ઊપજાવે છે એમ નથી. સમજાણું કાંઈ?

તું તે વખતે.. એ તો આવી ગયુંને કે વિકારનું પરિણમન ષટ્કારક, પોતાથી થાય છે. એમાં કર્મના કારકની અપેક્ષા નથી તો પછી આ બહારના સામગ્રી નિમિત્તરૂપ છે એની અપેક્ષા એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એથી અહીં કહે છે કે કર્મના ફળમાં કાંઈ ફેર નથી. તને ફેર લાગે છે એ ભ્રમ છે કે ઓલાથી સ્વર્ગ મળે અને ઓલાથી નરક મળે, બેય દુઃખરૂપ દશા છે. આહા..હા..!

**શ્રોતા :-** નરકથી ભય લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નરકથી ભય લાગે છે શેનો? દુઃખની પ્રતિકુળતા ગોઠતી નથી અને ત્યાં અનુકૂળતા ગોઠે છે એ માન્યતા ફેર છે.

યોગસારમાં તો એમ કહ્યું ચાર ગતિના ભયથી ડરીને. છે? યોગસારમાં. 'ભવ ભયથી ડરી ચિત્...' એના ભવમાં ક્યો ભવ રાખ્યો? ચારેય ગતિના ભવના ભયથી ડરીને ચિત્. મુલચંદભાઈ! એકલા નરકનું એમ નહિ. તો તો એને દ્વેષ થયો. અને ઓલામાં ઠીક એ રાગ થયો. પણ ચારેય ગતિમાં.. પોતે આચાર્ય કહે છે યોગીન્દ્રિદેવ. હું ભવના ભયથી ડરીને ચિત્તની શુદ્ધિ માટે આ વાક્ય કરું છું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કુંદકુંદાચાર્ય કહે પ્રવચનની પ્રેરણાથી મેં આ પ્રવચનસાર, પંચાસ્તિકાય બનાવ્યું છે. એ મારો વિકલ્પ ત્યાં દોરાતો હતો. નિયમસારમાં કહ્યું છેને કે મારું મન પદ્મમલધારીદેવ, વારંવાર એ તરફ ઢળતું હતું આની ટીકા થાય, આનું સ્પષ્ટીકરણ થાય. વારંવાર મન થાતું હતું. એથી આ ટીકા થઈ ગઈ તો વિકલ્પ... આહા..હા..! સમજાય છે કાંઈ? છતાં એ વિકલ્પ નિમિત્ત હતું માટે ટીકા થઈ છે, એ વિકલ્પ ટીકાની આ છની પરિણતિમાં અકિંચિત્કર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે ફળમાં ફેર નથી. ચોથો 'આશ્રય...' અજ્ઞાનીનો પક્ષ છે કે મોક્ષમાર્ગના

સ્થાનમાં શુભ આવે છે. બંધના માર્ગમાં નહિ. એવો એણે આશ્રયનો ભેદ કર્યો હતો. મોક્ષમાર્ગને આશ્રયે. જુઓ તીર્થંકર પ્રકૃતિ ક્યાં બંધાય? આહારક શરીર ક્યાં બંધાય? સર્વાર્થસિદ્ધનું આયુષ્ય પણ ક્યાં બંધાય? એ સમકિતના મોક્ષમાર્ગમાં બંધાય. મિથ્યાદષ્ટિને ન હોય એ. સમજાણું કાંઈ? એવો એનો એક પક્ષ છે. એ પક્ષને અહીં ઉડાવ્યો છે. કે મોક્ષમાર્ગને લઈને એ શુભભાવ છે અને એને લઈને થયું, તો ત્યારે સમકિતીને તીર્થંકરગોત્ર બાંધે, અજ્ઞાની ન બાંધે. એટલો મોક્ષમાર્ગમાં ફેર ન પડ્યો શુભભાવમાં? ચંદુભાઈ! ના. ના, ભાઈ કાંઈ ફેર નથી પડ્યો. બાપુ! બંધના શુભભાવ અને અશુભ બેય બંધને આશ્રયે છે, મોક્ષના માર્ગને આશ્રયે નથી. આહા..હા..! શું થાય પણ માણસને જે વાત રુચિ ગઈ છેને એ રૂપે આત્મા થઈ ગયો એ તો. હવે એને કેમ ખસવું ગોઠે આત્મામાંથી? આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યક્ પરિણમ્યો ત્યારે આત્મા સમ્યક્પણે થઈ ગયો એ આત્મા થઈ ગયો એ. આહા..હા..! અને મિથ્યાપણે પરિણમ્યો ત્યારે મિથ્યા એ રીતે આત્મા જ થઈ ગયો. એ આત્મા થયો એને હું આત્મા છું. એને કેમ ગોઠે ફેરવવું? આહા..હા..! સમજાણું કાંઈ?

**'એ ચારનો (અર્થાત્ એ ચાર પ્રકારે) સદાય અભેદ હોવાથી કર્મમાં નિશ્ચયથી ભેદન થી;...'** અર્થમાં જરી ગૌણ લીધું છે. અર્થમાં કર્મના શુભાશુભ ભેદના પક્ષને ગૌણ કરી એમ કહ્યું હતું. માથે નહિ? પહેલું વંચાઈ ગયું. લીટી માથે છે. ગૌણ કરીને. જે છે ખરો, કર્મમાં પુણ્ય-પાપ પ્રકાર ભેદ છે ખરો. ભાઈ! ભેદ છે ખરો.

**શ્રોતા** :- વ્યવહાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્યવહારે છે. આહા..હા..!

પણ તેને અહીંયાં ગૌણ કરીને એકલો અભેદમાં નાખ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે..! જુઓને આહા..! માણસની આમ જુવાન અવસ્થા. ૨૫ વર્ષની જીવનભાઈને છેને. આહા..હા..! મા-બાપ બિચારા સેવા કરે. અરેરે...! એ એને થઈ ગયું કે હું મરી જઈશ હવે. જુવાન અવસ્થા છે. ૨૫ વર્ષની. કેટલા વર્ષથી છે? ૩-૪ વર્ષથી?

**શ્રોતા** :- ૬-૭ વર્ષથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ૬-૭ વર્ષથી.

લોકોને એમ કે વસ્તુ છેને, જોવાને અવકાશ લેતો નથી. પરનું જોવામાં રોકાઈને સ્વને જોવામાં પ્રમાદ કર્યો એણે. સ્વને જોયામાં પ્રમાદ કર્યો અને પરને જોવામાં પુરુષાર્થ કર્યો. આહા..હા..! પણ એ પરને જાણનાર પણ હું છું કે નહિ? પરને જાણવું એમ તું કહે, પણ જાણનારો કોણ છે? એ તું છો. એ જાણવું જે કહેવું છે પરનું એ તો બીજી અપેક્ષા થઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એ સ્ત્રી જોઈ, આ જોયું.. આ જોયું... આ જોયું... અને જોવામાં પાછો ભેદ પાડ્યો. ૫૦ દુકાન હોય એક હારમાં. એ ૫૦ને જાણે છે કે આ તો આત્માનો સ્વભાવ તો એક જાણવું એ છે, પણ એની દુકાન, આ મારી દુકાન એ ભેદ

ક્યાંથી પાડ્યો? આહા..હા..!

**શ્રોતા :-** એ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકત્વબુદ્ધિએ ભેદ પાડ્યો. આહા..હા..! એમ ૫૦ છોકરા ઊભા હોય, એમાં એનો પોતાનો છોકરો હોય દસમે નંબરે. આમ નજર પડે ૫૦ છે તો ખરેખર તો જ્ઞેય તરીકે જાણે છે. એ આ અમારો. એ ક્યાંથી આવ્યું? મારો એમાં ક્યાં? સમજાણું કાંઈ? એ તો એક સાથે જેમ એકને જોવે એમ ૫૦ને જોતો હતો. એમ ૫૦માં આ આવ્યો ત્યારે મારો એ તો તે ભ્રમણા ઊભી કરી. એ તો જ્ઞેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ૫૦ બાયડી ઊભી હોય એમાંથી એની ઊભી હોય તો કહે આ મારી. ક્યાંથી આવ્યું આ મારું પણ? આહા..હા..!

જ્ઞાનીને તો એ બધું જ્ઞેય તરીકે છે. મારા તરીકે નહિ. આહા..હા..! અજ્ઞાનીને મારા તરીકેનું પરિણમન કરીને મિથ્યાત્વને સેવે છે. અને એ માર્ગ પણ બંધને આશ્રયે છે. સમજાણું કાંઈ? અને શુભભાવ પણ બંધને કારણે અહીં કહેવું છે. એ તો અશુભ છે માટે બંધને આશ્રયે છે, અને સુભ છે માટે મોક્ષમાર્ગને આશ્રયે છે એમ નથી.

એ કહે છો જોયું! '**કર્મમાં નિશ્ચયથી ભેદ નથી; માટે સમસ્ત કર્મ પોતે નિશ્ચયથી બંધમાર્ગને આશ્રિત હોવાથી...**' આહા..હા..! બંધમાર્ગને આશ્રિત હોવાથી. આશ્રિતનો અર્થ કે શુભ-અશુભભાવ પોતે બંધરૂપ છે. સમજાણું? કહેશેને આગળ કે મુક્તસ્વરૂપ હોય એ મુક્તનું કારણ થાય. પણ જે બંધરૂપ પોતે છે એ મોક્ષનું કારણ કેમ થાય? એ તો બંધરૂપ છે, પોતે બંધરૂપ છે. છેને એમાં? આહા..હા..! એ તો બંધની શ્રેણીનો ભાગ છે. એ મુક્તિના માર્ગનું કારણ કેમ થાય? મુક્ત છે તે મુક્તિનો સ્વભાવ હોય તે મુક્તિનું કારણ થાય. તો મુક્તસ્વભાવ તો મુક્તસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રીમદ્દે નથી કહ્યું? કે દિગંબર આચાર્યોએ એવું માન્યું છે કે જીવનો મોક્ષ થતો નથી. આહા..હા..! સમજાય છે. માન્યું હતું કે હું રાગમાં-બંધમાં છું. એવી માન્યતા. થયો નથી. રાગરૂપે થયો નથી. આહા..હા..! ભલે એકત્વપણે માને, પણ એ જ્ઞાયક છે એ એકત્વપણે થયો નથી. આહા..હા..! એ ૨૦૦ ગાથામાં આવ્યું છે પ્રવચનસારની. કે જ્ઞાયક તો જ્ઞાયક જ રહ્યો છે. છેને? છેલ્લું છે. ૨૦૦ ગાથામાં. આહા..હા..! એની માન્યતાએ ત્યાં ફેર પાડ્યો છે કે આ રાગ મારો, આ રાગ તારો અને આ મારી ચીજ ને આ તારી ચીજ. આહા..હા..! એવો મિથ્યાત્વ ભ્રમ માન્યતા ઊભી કરી છે. એ સમજાણું કે આ તો વસ્તુ છે એ તો જ્ઞાયક છે. એ બંધનમાં કેમ આવે? એ બંધ-મુક્તિ વસ્તુમાં ક્યાં છે?

એ આવે છેને દ્રવ્યસંગ્રહમાં આવે છે, આમાં પણ આવે છે, કે બંધાયેલાને છૂટવું કહેવું એ તો ઠીક છે, પણ નથી બંધાયેલા એને છૂટવું કહેવું એ તો ગાળ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો '**કર્મ એક જ માનવામાં આવ્યું છે—એકજ માનવું યોગ્ય છે.**'

આહા..હા..!

'**હવે, (શુભ-અશુભ) બન્ને કર્મો અવિશેષપણે (કાંઈ તફાવત વિના) બંધનાં કારણ છે એમ સિદ્ધ કરે છે :—**' ૧૪૬. ઉપર છે. '**अथोभयं कर्माविशेषेण बन्धहेतुं साधयति–**' સંસ્કૃત ટીકા છે.

**सोवण्णियं पि णियलं बंधदि कालायसं पि जह पुरिसं।**
**बंधदि एवं जीवं सुहमसुहं वा कदं कम्मं।।१४६।।**

'**कदं कम्मं**' કરાયેલું કર્મ. થયેલું નહિ.

**જ્યમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને,**
**એવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને. ૧૪૬.**

કરાયેલું કર્મબંધન થાય, જાણેલું કર્મબંધન ન થાય. આહા..હા..! શુભ અને અશુભ કર્તા થઈને કરે છે. આહા..હા..! 'કૃત' શબ્દ પડ્યો છેને અંદર? એ .. છે એમાં. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ જ ચૈતન્યબિંબ ત્રિકાળ, એકલો જ્ઞાનસાગર જ પ્રભુ છે, એમાં રાગનું કરાયેલું શુભ કે અશુભ, કરાયેલું કર્મ તે એને બંધનું કારણ છે. પણ જ્ઞાતા થઈને જાણેલો જે ભાવ એ તો જાણવાનું જ્ઞેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કહીને આચાર્યે એમ કહ્યું છે કે કૃતકર્મ એટલે અજ્ઞાનીએ રાગને પોતાનું કરીને માને છે અને તેથી તે કૃતકર્મ રાગને કરે છે. તે કરે છે તેનું કર્મબંધનું કારણ છે. પણ જે જાણે છે... આહા..હા..!

૧૨મી ગાથામાં કહ્યું ને વ્યવહાર આવે છે, હોય છે. ત્યારે ઓલા કહે કે ઉપદેશ કરવો વ્યવહારનો. એમ નથી, પ્રભુ! વ્યવહાર જે હોય છે એને જાણવો. એ કરાયેલું નથી પણ જાણેલી ચીજ છે. આહા..હા..! જ્યાં કરાયેલો ભાવ છે તે બંધનું કારણ છે. એથી કહ્યુંને કૃત. '**सुहमसुहं वा कदं कम्मं**' શુભભાવ પણ કરાયેલો છે તે બંધનું કારણ છે. અને શુભાશુભભાવ છે ખરો, પણ વસ્તુને જાણતા, તેને જાણતા એને જાણતા કરાયેલું નહિ. આહા..હા..! એ જાણેલો પ્રયોજનવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? થોડો થોડામાં ફેર ઘણો છે. એ માણસને એમ લાગે કે બાપુ! આહા..હા..!

'**ટીકા :—**' શબ્દાર્થમાં એ છે. '**કરેલું કર્મ જીવને (અવિશેષપણે) બાંધે છે.**' શબ્દાર્થમાં હોં. '**જેમ સુવર્ણની અને લોખંડની બેડી કાંઈ પણ તફાવત વિના પુરુષને બાંધે છે...**' સોનાની બેડી હોય કે લોઢાની હોય પુરુષને બાંધે છે. લોઢાની કરતા સોનામાં તોલ હોય વધારે. વધારે ભાર હોય. પગમાં. સારી લાગે.. આહા..હા..! એક દાખલો આવે છે કે એક વહુ હતી. શું કહેવાય દહીંનું માણખ આમ કાઢે. કાઢતા-કાઢતા એક સોનાની ઓલી કરેલી જરી. સાંકળી. એમાં એક અહીં ચગદું હોય તો શેર નાખ્યો લોઢાનો. ઉપર સોનું અને અંદર લોઢાનું શેર. લોઢાનું શેર-શેર. પછી આમ આમ કરે ત્યારે અથડાયને એ વખતે.. એની સાસુ કહે, બેટા પણ અંદર હમણા છોડી દ્યોને આ કરવું છે ત્યાં સુધી. પણ એને ઓલું

સોનાની છેને એમ માને છેને. આમ આમ કરેને અથડાય આ છાતી સાથે. પણ ખુશી થાય. આ કરેલું કર્મ. જો જ્યાં સુધી આપણે આ દહીં શું કહેવાય આ? વલોવવું. વલોવા વખતે તો છોડી દ્યો. પણ પહેરેલી હોય ને ચગદું હોય ને મોટું? તો એ ચગદામાં શેર નાખેલો લોઢાનો. ઓલામાં તો આવે કથામાં તો પાંચશેરી આવે છે અને ઉપર સોનાનું ઓલું. આમ.. આહા..હા..! તાણતા પણ એને એમ કે સોનાની મેં ઓલી પહેરી છે, ઓલી અથડાય આમ આમ એનું કાંઈ નહિ. આહા..હા..!

એમ અજ્ઞાનપણે અનુકૂળ એને અથડાય છે દુઃખરૂપે. કહે હમણા તો છોડી દે અનુકૂળતા. કહે ના એ અમને અનુકૂળ. આહા..હા..! છાતી સાથે અથડાય છે તોપણ ખુશી માને છે. આહા..હા..!

અહીં કહે છે કે '**સુવર્ણ અને લોખંડની બેડી કાંઈ પણ તફાવત વિના...**' ભાષા શું છે જોયું! ઓલું કરેલો શબ્દનો અર્થ અહીં નાખ્યો છે, ભાઈ! આમ શબ્દ બીજો નથી લીધો. પણ કૃત-કર્મનો અર્થ અહીં કાંઈ પણ તફાવત નથી એમાં નાખ્યો છે. શું કીધું સમજાણું કાંઈ? પાઠમાં જે કૃત કર્મ છેને? એનું કરાયેલું એમ શબ્દ નથી પડ્યો ટીકામાં. પણ અહીં કીધો એ '**કાંઈ પણ તફાવત વિના...**' બેય કરાયેલું છે એમાં કાંઈ તફાવત છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો અશુભ કરાયેલું હોય ભાવ અને કાં તો શુભ કરાયેલો ભાવ એ બેમાં કાંઈ ફેર નથી. કર્તાબુદ્ધિમાં કાંઈ ફેર નથી. આહા..હા..! માર્ગ બાપુ એવો છે સૂક્ષ્મ. એમાં સમયસાર અને એનું વાચ્ય એ અલૌકિક છે. આ તો વાચક છે. એ વાચક આમાં કાંઈ આત્મા નથી અને આત્મામાં આ વાચક શબ્દો નથી. સમજાણું કાંઈ? પણ એ વાચ્યને બતાવનારો વાચક એ કેવા વાચક અને ક્યા વાચ્યને બતાવે છે એટલી વાત છે.

અહીં કરાયેલું કર્મ જે આચાર્યે નાખ્યું, ટીકાકારે કાંઈપણ ફેર નથી એનો અર્થ કે કરાયેલું બેયનો એક છે. સમજાણું કાંઈ? કાંઈ કરાયેલું નથી એની ભાષા બીજી નથી આવી. ચંદુભાઈ! આહા..હા..! એનો અર્થ અહીં નાખ્યો કે જે શુભભાવ કરે છે, શુભભાવ કરે છે. એને અશુભ કરે છે. કર્તાપણામાં કાંઈ ફેર નથી. જ્ઞાનીને જાણવામાં ફેર નથી. આહા..હા..! ચાહે તો શુભ હોય કે અશુભ હોય. આહા..હા..! એને જાણવામાં ફેર નથી કે આ શુભને જાણવું એ ઠીક અને અશુભને જાણવું એ ઠીક. આહા..હા..! એ પણ શુભને ક્યાં જાણે છે? શુભના કાળમાં પોતાનો સ્વપરપ્રકાશક પર્યાય થાય છે જે પ્રકારનો રાગ છે તે જ પ્રકારનો તે સમયે પરપ્રકાશક જ્ઞાનમાં પર્યાય થાય છે. સ્વપ્રકાશક થયો છે. આહા..હા..! સ્વપ્રકાશક થયો છે તેથી તે કાળે તે જ પ્રકારનો જે રાગ હોય એ જ પ્રકારનું અહીં જ્ઞાન થાય. એ રાગને લઈને નહિ. પોતાની સ્વપરપ્રકાશક પર્યાયના સામર્થ્યને લઈને એનું જ્ઞાન થાય છે. એ રાગ છે માટે પરપ્રકાશકની પર્યાય ઉત્પન્ન થઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

જેમ રાગના કરવામાં ફેર નથી શુભ-અશુભવાળાને એમ અહીંયાં શુભ-અશુભને જાણતો

નથી. પોતે એના સંબંધીનું પોતાનું જ્ઞાન તેને જાણે, તે વખતે તે ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગમાર્ગ બાપુ! કેવળી પરમેશ્વર કોને કહે? જેની એક પર્યાયમાં લોકાલોકમાં અનંતા કેવળીઓ જણાય. આહા..હા..! એ શું છે? ભાઈ!

એ કહ્યું હતું ને ૭૨ની સાલમાં અમારે ચર્ચા ચાલી હતી મોટી. કેવળીએ દીઠું એમ થાશે એમાં આપણે શું કરીએ? મોટી ચર્ચા ૭૨ના ફાગણ મહિનામાં. ૬૦ વર્ષ થયા. કીધું ભાઈ જુઓ તમે બોલો છો એ વસ્તુની સ્થિતિ નથી. કેમ? કે કેવળીએ દીઠું થાશે એમાં કેવળી છે પહેલી એના અસ્તિત્વની શ્રદ્ધા આવી. એને દીઠું એ થશે એ ને? તો પણ કેવળી છે કોણ? જેની એક સમયમાં અનંતા કેવળીઓ જાણે, એવી પર્યાયનું અસ્તિત્વ જગતમાં અસ્તિ છે... આહા..હા..! એ છે એ માનવા જાય છે ત્યાં એને સમ્યગ્દર્શન થઈ જાય છે. આહા..હા..! ત્યાં એને ભવ નથી. સમ્યગ્દર્શન થઈ જાય એટલી વ્યાખ્યા એ વખતે નહોતી, પણ એ વખતે આટલી હતી. આ જગતમાં સર્વજ્ઞ છે. એક સમયની સત્તામાં ત્રણકાળની સત્તાઓ તેને અડ્યા વિના અને તે છે માટે થયું એમ નથી. આહા..હા..! આવી કેવળજ્ઞાનનું અસ્તિત્વ જગતમાં છે, એ અસ્તિત્વનો સ્વીકાર કરનારને ભવ હોઈ શકે નહિ. આમ કહ્યું હતું.

આ તો ૬૦ વર્ષ થયા. ૭૨ની સાલ. એ આ ૮૦મી ગાથાની શૈલીનો જ આવ્યો હતો પણ તે દિ' તો પ્રવચનસાર વાંચ્યું નહોતું. ૮૦, ૮૧, ૮૨ આવે છેને? **'जो जाणदि अरहंतं' 'सो जाणदि अप्पाणं'** આહા..હા..! એમ ન ચાલે કીધું ભાઈ. એમ તમે બોલો એમ મનાય નહિ. કેવળીએ દીઠું એમાં તો કેવળજ્ઞાનનો પહેલો સ્વીકાર સત્તા થઈ ગઈ, પછી દીઠું પછી. સમજાય છે? આહા..હા..! એક સમયને 'ક' બોલે એમાં અસંખ્ય સમય જાય, ભગવાન એનો એક સમયમાં કેવળજ્ઞાની એની સમયની સત્તાના સ્વીકારમાં કેટલું સામર્થ્ય છે? કેનું સામર્થ્ય છે એમાં? કે અનંતા કેવળીને જાણે, એવી એક સમયની અસ્તિત્વ મોજુદગી જગતમાં છે એ પર્યાયને લક્ષે એની પ્રતીત નહિ આવે. એ વખતે એટલી બધી નહોતી ભાષા, પણ એને જેણે પ્રતીત કરી એમે એને ભવ ભગવાને દીઠા ન હોય કીધું. આપણને બીજી વાત બેસતી નથી બાપા કીધું. આ સંપ્રદાય કહેતા હોય, ગુરુ કહેતા હોય, પણ આપણને વાત બેસતી નથી. સમજાણું કાંઈ? ૬૦ વર્ષની વાત છે. આ તો થઈ ગયો હજી ૩૨નો છેલ્લો દિ' છે. અને એ તો ફાગણ મહિનો હતો ૭૨નો. આહા..હા..!

ભાઈ! જેણે સર્વજ્ઞ, ભગવાન સર્વજ્ઞ સ્વભાવી છે. ભગવાન આવ્યું નહિ? ૧૬૦ ગાથા પુણ્ય-પાપમાં. તે સર્વ જ્ઞાની, સર્વદર્શી પણ નિજ આસ્વાદને. ભગવાન તો સર્વજ્ઞ સર્વદર્શી સ્વરૂપ જ છે એનું. ત્રિકાળ સ્વરૂપ છે. સર્વદર્શી સર્વજ્ઞાની. એ ૬૦ ભાઈ ૬૦ આવી ગયું છેને? હવે આવશે. ૧૬૦. ટીકા છે ૧૬૦. **'જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને સામાન્ય-વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે...'** પાઠમાં શું છે જુઓ. પાઠ આ છે. **'सो सव्वणाणदरिसी'** ભગવાન આત્મા તો સર્વજ્ઞદર્શી છે. આહા..હા..! સર્વજ્ઞાનદર્શી. સર્વજ્ઞ

અને સર્વદર્શી એમ. સમજાણું કાંઈ?

સ્વભાવથી સર્વજ્ઞ અને સર્વદર્શી પણ '**कम्मरएण णियेणावच्छण्णो**' ત્યાં આગળ એ લોકો કહે કે જુઓ, કર્મરૂપી રજથી ઢંકાયેલો છે. કીધું એમ નથી. અર્થ વાંચો. અર્થ વાંચો કીધું. '**सो सव्वणाणदरिसी**' '**એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય, અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી...**' એ જીવનધર પંડિત હતા ને શેઠ હતા ને આ ચર્ચા. બંસીધરજી હતા. આ ગાથા ચાલતી હતી. '**कम्मरएण णियेणावच्छण्णो**' એટલે કર્મના રસથી ઢાંકેલા છે. એ નથી.

અહીં તો '**પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે લેપાયું-**' ભાષા છે? ચંદુભાઈ! અપરાધથી એ કર્મમળ છે. ભાવકર્મ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**એવા કર્મમળ વડે લેપાયું-વ્યાપ્ત થયું-હોવાથી જ, બંધ-અવસ્થામાં સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે...**' જોયું! પાઠમાં શું છે? '**संसारसमावण्णो ण विजाणदि सव्वदो सव्वं**' એ સર્વથા સર્વ પ્રકારે જાણવા લાયક આત્મા એને જાણતો નથી. એટલે સર્વ પ્રકારે જ્ઞેયને જાણતો નથી. આહા..હા..! સર્વથા સર્વપ્રકારે જાણનાર એવો પ્રભુ પુરુષાર્થના અપરાધને લઈને, આવો સર્વજ્ઞ સર્વદર્શી પ્રભુ એને નથી જાણતો બાકી બધાને નથી જાણતો. '**कम्मरएण**'નો અર્થ આ કર્યો. આહા..હા..!

ઓલા ગોમ્મટસારમાં એવું આવે ને જ્ઞાનાવરણી, પણ એ તો નિમિત્તના કથન છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ચર્ચા થઈ હતી ને વર્ણીજી સાથે મોટી. એનું છેને રેકોર્ડિંગ. એમાં એ ઉતાર્યું છે એણે. અમે ત્યાંથી નીકળ્યા અને પછી પ્રશ્ન કર્યો ભાઈએ. રતન. છેને આના. એણે પ્રશ્ન કર્યો કાનજીસ્વામી એમ કહે છે, જ્ઞાનની કમીબેસી કર્મથી થતી નથી. પોતાની યોગ્યતાને કારણે થાય છે. કેમ મહારાજ એ ઠીક છે? શું ઠીક છે? અગ્યાર અંગનો ધરનાર એ કહે તો ઠીક નહિ. રેકોર્ડિંગ છે. છપાઈ ગયા હજારો પુસ્તક.

પ્રશ્ન :- રેકોર્ડિંગમાં ઉતરી ગયેલું છે. શ્રી રતનચંદજી મુખ્યત્યાર સરાહનપુર, પ્રશ્ન-કાનજીસ્વામી એમ કહે છે કે, મહારાજ જ્ઞાનાવરણાદિ કર્મ કાંઈ કરતા નથી. પોતાની યોગ્યતાથી જ્ઞાનમાં કમીબેસી થાય છે. ૧૩ની સાલની વાત છે. મહારાજ! જ્ઞાનમાં કમી થાય છે એ પોતાને કારણે થાય છે, પોતાની યોગ્યતાથી થાય છે. કાનજીસ્વામી એમ કહે છે જ્ઞાનાવરણાદિ કર્મ કાંઈ કરતા નથી. મહારાજ શું એ ઠીક છે? એ વાંધા અહીંથી ઉઠેલા.

ઉત્તર :- ક્ષુલ્લકવર્ણી મહારાજ. શું ઠીક છે! આપ જ સમજો કેમ ઠીક છે? એ ઠીક નથી. જ્ઞાનાવરણી કરતા નથી એ ઠીક નહિ. કરે છે એને. આહા..હા..! આ વાંધા અહીં. સમજાણું કાંઈ? નિમિત્ત કરતું નથી એમ નહિ. કરે છે. 'ઠીક નહિ કોઈભી કહે ચાહે તો હમતો કહતે હૈં કિ અંગધારીભી કહે,..' કાનજીસ્વામી તો ક્યાં છે અંગધારી અત્યારે. 'અંગધારીભીક હે તો ઠીક નહીં.' આહા..હા..! આવી વાત છે લ્યો. હજારો પુસ્તક છપાઈ ગયા છે અને એ

વાત પછી આ બધા બહાર મૂકે છે. એ માન્યતા હતી ને. માન્યતા હતી. જે માન્યું એ જ તો આત્મા થઈ ગયો. આહા..હા..! અને આબરૂ મોટી હતી. ૨૦૦ પંડિત એમને માનતા. પંડિતો પણ એને લઈને ઊભા થયેલા અને કરોડોરૂપિયા પાઠશાળાઓ આદિ. પંડિતો પોષાણ, ભાષાઓ થઈ બધી બધી .. લોકોને. પણ આ વસ્તુસ્થિતિ ન હોય એમાં શું થાય? બાપુ! આહા..હા..!

પરદ્રવ્ય આત્માને હીણું કરે એ વાત સાચી નથી. નિમિત્ત છે ખરું. જ્ઞાનાવરણી કર્મ છે ખરું, પણ જ્ઞાનને હીણું કરે એ કર્તા થઈને એ વસ્તુ નથી. ફુલચંદજી! આવી વાત છે. આહા..હા..!

**શ્રોતા :-** પોતા પોતાનો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પોતે પોતાનો અપરાધ ન કીધું આ? પોતાના પુરુષાર્થના અપરાધથી. એ તો ગાથા. 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' અને શ્રીમદ્દે પણ કહ્યું છેને. તું તારા અપરાધથી રખડ્યો એવું આચાર્ય મહારાજ કહે છે. તારો અપરાધ એ કે પરને પોતાનું માનવું અને પોતાનું ભૂલી જવું. કર્મની વાત નથી લીધી ત્યાં કાંઈ. એ બોટાદમાં છે .. મેડી ઉપર. સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં આવે છેને. તું તારા અપરાધે રખડ્યો છો, તારા દોષે તું રખડ્યો છો. તને તારા દોષે તને ગતિ દુઃખ. તારો દોષ એ કે પરને પોતાનું માનવું અને પોતાને ભૂલી જવું. એટલી ટૂંકી ભાષા. કોણ કરે અપરાધ? અપરાધ પોતે કરે. એ અપરાધનું ષટ્‌કારકનું પરિણમન પોતાનું પોતાને કારણે છે. કર્મની અપેક્ષા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહ્યું, '**પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે લેપાયું-વ્યાપ્ત થયું-હોવાથી જ, બંધ અવસ્થામાં સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને...**' ભાષા છે? પોતાને નથી જાણતો એ. '**અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને નહિ જાણતું થકું.**' એમ ભાષા. સર્વથા સર્વપ્રકારે પરને જાણતો નથી એમ નહિ. પોતે સર્વદર્શી છે તે પર્યાયના અપરાધને લઈને, પોતે સર્વજ્ઞ સર્વદર્શી છે એવા પોતાને જાણતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! આ તો શબ્દે-શબ્દે. આહા..હા..!

આપણે તો અહીં ચાલે છે આ સોનાની બેડી. છેને? '**બંધનપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી,...**' એ કૃતનો અર્થ અહીં કાંઈપણ ફેર નથી એમ નાખી દીધો. '**તેવી રીતે શુભ અને અશુભ કર્મ કાંઈ પણ તફાવત વિના...**' કરાયેલું કર્મમાં કાંઈ તફાવત વિના '**(-જીવને) બાંધે છે કારણ કે બંધપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી.**' બેય બંધનું કારણ છે શુભ-અશુભ. મોક્ષના કારણના માર્ગમાં એ બિલકુલ ચીજ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ-૧, રવિવાર, તા. ૨૪-૧૦-૧૯૭૬,**
**કળશ-૧૦૨, ગાથા-૧૪૭**
**પ્રવચન નં. ૨૧૧**

સમયસાર, પુણ્ય-પાપ અધિકાર, ૧૪૭-ગાથા. 'હવે બન્ને કર્મોનો નિષેધ કરે છે :-
'

तम्हा दु कुसीलेहि य रागं मा कुणह मा व संसग्गं।
साहीणो हि विणासो कुसीलसंसग्गरायेण।।१४७।।

હરિગીત.

તેથી કરો નહિ રાગ કે સંસર્ગ એ કુશીલો તણો,
છે કુશીલના સંસર્ગ-રાગે નાશ સ્વાધીનતા તણો. ૧૪૭.

'ટીકા :—**જેમ કુશીલ (ખરાબ) એવી મનોરમ અને અમનોરમ હાથણીરૂપ કૂટણી સાથે રાગ અને સંસર્ગ (હાથીને) બંધના કારણ થાય છે...**' મનોરમ અને અનમોરમ હાથણી. એવી કૂટણી. હાથીના ઓલામાં નાખે છેને? ખાડામાં હાથીને રાખી. ખાડો-ખાડો કરીને એમાં હાથણી રાખે અને પછી હાથણી ઓલા હાથીને દોરીને ત્યાં જાય અને એમાં પાડે નીચે ત્યાં બંધાય જાય.

એમ કહે છે બંધના કારણ '**તેવી રીતે કુશીલ એવાં શુભ અને અશુભ...**' આહા..હા..! આવી વાત છે. ચાહે તો શુભભાવ હો કે અશુભ બેય કૂટણી હાથણીના જેવા બંધનનું કારણ છે. આહા..હા..! આ લોકના હાથીનું. શુભ અને અશુભભાવ બેય કુશીલ છે. એ જીવનો સ્વભાવ નથી, એ જીવની શુદ્ધ પરિણતિ નથી. અને શુભાશુભભાવરહિત ચિદ્ઘન આત્માના આનંદના રસના સ્વાદમાં એ શુભ-અશુભભાવ છે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદરસ સ્વરૂપ એના અનુભવમાં આનંદનો અનુભવ હોય છે. આનંદનું સેવન હોય છે. આહા..હા..! એ સેવનમાં શુભાશુભભાવ એ કુશીલ છે. અને એ આત્માના આનંદરસના સેવન સિવાય મોક્ષમાર્ગ છે નહિ. આહા..હા..! શાંતરસ કહો, આનંદરસ કહો, એ શુભાશુભભાવ છે એ કુશીલ છે અને સ્વભાવની દૃષ્ટિનું જ્ઞાન અને રમણતા એ સુશીલ છે. આહા..હા..! એ આત્માના આનંદ અને જ્ઞાનસ્વભાવની અનુભવ થઈને પ્રતીતિ એનું જ્ઞાન અને એમાં રમણતા એ આત્માના આનંદને શાંતસ્વભાવની પરિણતિ છે. ચંદુભાઈ! આવું છે. આહા..હા..! લોકોને આકરું પડે.

અહીં તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ભગવાનનું સ્મરણ, પંચપરમેષ્ઠીનું સ્મરણ એને શુભભાવ કહીને કુશીલ કહ્યો છે. આહા..હા..! આકરી વાત લોકોને થાય. સોનગઢનું એવું લાગે. આ સોનગઢનું છે કે આ ભગવાનનું છે? આહા..હા..! શુભાશુભભાવ તો સેવીને શુભાશુભ ગતિ વિભાવની ગતિ એવી અનંતવાર કરી. આહા..હા..! એ કોઈ અપૂર્વ કે નવીન વાત નથી. આહા..હા..! શુભભાવ ચાહે તો પંચપરમેષ્ઠીના સ્મરણનો હોય, અરે.. આત્મા અનંતગુણ સંપન્ન છે એના ગુણના સ્તવનનો વિકલ્પ હોય, આહા..હા..! ગુણસ્તવન આવ્યું હતુંને? પરમાત્મપ્રકાશક. ગુણસ્ત્વન અને વસ્તુસ્વન બેય વિકલ્પ છે. આહા..હા..!

અહીં તો શું કહેવું છે? કે ભગવાન અરિહંત અને સિદ્ધનું સ્તવન એ તો વિકલ્પ છે, રાગ છે, કુશીલ છે. ગજબ વાત બાપા! એય.. નવરંગભાઈ! ભગવાન આનંદ અને જ્ઞાન ચિદ્દ્ઘન સચ્ચિદાનંદ પ્રભુ એ સત્ છે, ૐ તત્ સત્ પરમાત્મા. ૐ તત્-તે પરમાત્મસ્વરૂપ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ૐ એવું સ્વરૂપ એ આત્માનું છે. ૐ બે પ્રકારે છે. એક આત્મિક એક શાબ્દિક. એ આ. 'જિનાદેશ જાતા...' બનારસીદાસની સ્તુતિ આપણે લખી છેને ૯૫માં. ૐ સ્થાપ્યોને જ્યારે અંદર. ૯૫ના ફાગણમાં. ત્યારે બનારસી વિલાસમાંથી એ શબ્દ કાઢ્યો છે. .. ચોમાસું આવ્યું એના પહેલાં આ છપાવી છે હમણાં ત્યાં.

અહીં મારે તો એમ કહેવું છે ૐ તત્ સત્ પરમાત્મા એક ભાવ છે અને એક વાચક છે. ૐકાર શબ્દ વિશદ વાકે ઉભરયું એક આત્મિક એક પુદ્ગલકો. ૐ એવું પરમાત્મસ્વરૂપ જ પોતેનું છે ભાવ. પંચપરમેષ્ઠીનું રૂપ એ પોતાનું સ્વરૂપ જ છે અનાદિથી. એને ભાવ ૐકાર કહીએ અને એ ગુણના સ્તવનનો વિકલ્પ ઊઠે. ભગવાનના સ્તવનનો તો વિકલ્પ ઉઠે એ તો શુભ છે. આહા..હા..! પણ અનંતગુણ છું, શુદ્ધ છું, અબદ્ધ છું એ બધું કર્તાકર્મમાં આવી ગયું છે. કર્તાકર્મમમાં બદ્ધ છું, વિકારી છું, રાગી છું એવા વ્યવહારનયનો તો પક્ષ છોડાવતા આવ્યા છીએ. એ ઉપરાંત અત્યારે તો ભગવાન આત્મા શુદ્ધ પરમાત્માસ્વરૂપ છે એવો જે એક વિકલ્પ અને રાગ એ પણ એક નયનો પક્ષ છે. એ પણ એક દુઃખરૂપ છે. આહા..હા..! આકરું ભારે કામ છે.

એથી અહીં ૐકારના બે અર્થ લીધા—એક વસ્તુ સ્વરૂપ જ ૐકાર છે અને એક વિકલ્પથી ઊઠવું કે ૐ... ૐ... ૐ... ૐ... એવો શબ્દ વિકલ્પ એ પૌદ્ગલિક છે. સમજાણું કાંઈ? એ કાંઈ ૐકાર છે. 'ૐકાર શબ્દ વિષયાદિકે વિષદવિષાદ ઉભયરૂપ એક આત્મિકભાવ એક પુદ્ગલકો શુદ્ધતા સ્વભાવ લિયે ઉઠો રાય ચિદાનંદ.' ભાવ ૐકાર. અખંડાનંદ પ્રભુ, શુદ્ધતા સ્વભાવ લિયે ઉઠ્યો રાય ચિદાનંદ આત્મરાજા. શુભભાવમાંથી જાગૃત થયો. 'ઊઠ્યો રાય ચિદાનંદ.' આહા..હા..! એ આનંદના રસિલામાં આનંદ જે આવ્યો એ ભાવ ૐકારનું એ પરિણામ ફળ છે. આહા..હા..! જેમાં શુભાશુભભાવને પણ અવકાશ નથી.

આ અત્યારે આકરું પડે છેને. બીજે ઘણે ઠેકાણે એવું આવે. વ્યવહારથી ભિન્ન-સાધ્ય

સાધન છે. તો ભિન્ન સાધનને સાધ્યનું સાધન કીધું. એમ નથી. એ તો સાધન તો અંદર રાગથી ભિન્ન, આત્માના સ્વાદના અનુભવનો ભાવ એ ભાવ છે, પણ જોડે વિકલ્પ છે એ ભૂમિકામાં એને વ્યવહાર સાધનનો આરોપ આપ્યો છે. એ સાધન છે નહિ. આ તકરાર વાંધા મોટા. પંડિતો વચ્ચે. કેટલાય પંડિત હોં. સાધુ પણ અત્યારે.. આવ્યું હતું ને વિદ્યાનંત. એકાંત છે... એકાંત છે... કારણ કે કોઈપણ મહાવ્રત ભગવાનનું સ્મરણ ભક્તિ એવી જે વિકલ્પની જાત એનાથી આત્માને લાભ થાય એમ તો કહેતા નથી. સમજાણું કાંઈ?

અહીં તો 'શુદ્ધતા સ્વભાવ લિયે ઊઠ્યો રાય ચિદાનંદ. સહજાનંદ ચિદાનંદ ભુપાલકી રાજધાની' 'ચિદાનંદ ભુપાલકી રાજધાની..' ત્યાં તો વાણીને કહ્યું છે. વાણી. પણ 'ચિદાનંદ ભુપાલકી રાજધાની' એ તો એનો સ્વભાવ છે, જ્ઞાનાનંદ એનો સ્વભાવ છે. એનો અનુભવ કરતાં જે આનંદનો રસીલો સ્વાદ આવે એ આત્માનું સેવન છે. એને સુશીલ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં ઘણા શબ્દો તે દિ' છપાયું હતું.

અહીં કહે છે કે જેમ હાથણી બહારમાં મનોરમ હોય કે અમનોરમ-કુટણી હોય એને ખાડામાં નાખવા લઈ જવાવાળી બેય ખરાબ છે. '**તેવી રીતે કુશીલ એવાં શુભ અને અશુભ કર્મ...**' કર્મ નામ કાર્ય, પરિણામ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ તો અતીન્દ્રિય આનંદનુ અને અતીન્દ્રિય જ્ઞાનનો ખજાનો છે, એ તો પરમાત્મા નિર્મળાનંદ પ્રભુ છે, એનો અનુભવ થવો એ 'અનુભવ માર્ગ મોક્ષનો...' આ શુભભાવ નહિ. આ નિષેધે કરી આકરું લાગે છે. આચાર્ય શું કહે છે? 'અનુભવ રત્નચિંતામણી...' આ કુશીલ છે, શુભભાવ. ત્યારે શુભભાવરહિત ભગવાન આત્માનું સેવન એ અનુભવ એ 'અનુભવ રત્ન ચિતાંમણી, અનુભવ હૈ રસકુંપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' 'અનુભવ માર્ગ મોક્ષનો..' એમ કહ્યું છે. આ શુભભાવ મોક્ષનો માર્ગ છે કે મોક્ષના માર્ગનું આ શુભભાવ કારણ છે એમ છે નહિ. આહા..હા..! આવી વાત છે આકરી.

આવે, જ્ઞાનીને પણ વચમાં અશુભથી બચવા ભક્તિ, સ્મરણ એ તો આવ્યું હતું ને આપણે? ભરત અને સગર. એમાં આવ્યું હતું સમકિતીઓ ગુણ સ્તવન કરે, વસ્તુ સ્તવન કરે, મુનિઓ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત એને દાન કરે એવો શુભભાવ હોય છે, એ શુભભાવનો રાગ છે એની સાથે સ્વભાવનો અનુભવ છે તે તેને એને સરાગની અપેક્ષાએ, રાગની અપેક્ષાએ સરાગ સમકિત કહીએ છીએ. આહા..હા..! રાગના સંબંધે એમ શબ્દ છે ત્યાં. સમજાણું કાંઈ? પણ એકલો જ્યાં રાગ છે અને આત્મા અનુભવ જ નથી એને તો વ્યવહાર પણ લાગુ પડતો નથી. આહા..હા..!

અહીંયાં તો '**કુશીલ એવા શુભ અને અશુભ કર્મ...**' આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવ કુશીલ છે. અરર..! છતાં એ લોકો કહે છે તમે એમ માનો છો છતાં કરો છો એમ. આ મોટા મંદિર, ૨૫-૨૬-૨૬ લાખના. લોકોને ખેંચવા માટે. કહે,

માણસો કહે એમ એને લાગે એમ કહેને. નિમિત્તનો નિષેધ કરો છો અને નિમિત્ત દ્વારા લોકોને ધર્મ સમજાવો છો. તમારી કહેણી અને કથનીમાં ફેર છે. લાલભાઈ! એમ કહે માણસ કહેને. આવો વ્યવહાર ૨૬-૨૬ લાખના મકાન. આ જુઓ તો લોકો પોણા ચાર લાખ અક્ષર ને આમ જોવે તો બારી-બારીદીઠ કાંઈક ચિતરામણી. બારણાદીઠ અને બારી દીઠ. નીચે બારણા હોય અને ઉપર બારી હોય બધા દીઠ ભિન્ન-ભિન્ન ચિતરામણો, મોટો બંગલો લાગે કોઈ ધર્મનો. આરસપહાણ એકલો આરસપહાણ. બાપુ! એ તો એને કારણે બને અને ધર્મીને પણ શુભરાગ આવે, પણ એ શુભરાગ હેય છે. કુશીલ છે. પણ એ આવ્યા વિના રહે નહિ. એ પોતે ધર્મ નથી. ત્યારે કહે ધર્મ નથી તો કરો છો શું કરવા? અશુભથી બચવા શુભભાવ આવે. અરે.. વાંધા આકરા.

વ્યવહારચારિત્રને તો વ્યવહાર પંચમહાવ્રત, અઠ્યાવીશ મુળગુણ સાધુના, મુનિનો જે વ્યવહાર ધર્મ છે એ બધાને અણાત્મા કહ્યો છે. આત્મા નહિ એ. અલિંગગ્રહણમાં એમ કહ્યું છે. યતિનો બાહ્યાચાર તે સ્વરૂપમાં છે નહિ. બાહ્ય એટલે આ શુભભાવ આદિ હોં. આહા..હા..! મુનિનો ધર્મ જે અઠ્યાવીશ મૂળગુણ, પંચમહાવ્રત, પાંચ સમિતિ-ગુપ્તિ વ્યવહાર એ અંતર સ્વરૂપમાં છે નહિ. અલિંગગ્રહણમાં છે. સમજાણું કાંઈ? ૨૦ બોલ છેને એમાંથી ૧૬મો છે. ૧૭મો. ૧૮, ૯૧, ૨૦ પછી. ૧૭મો બોલ છે. પછી ૧૭મો તો ઓલો ગુણભેદનો વિશેષ જેને સ્પર્શ નથી. અર્થાવબોધ એવો જે ગુણ તેને સ્પર્શતો નથી આત્મા. અર્થાવબોધ એવો જે પર્યાય વિશેષ તેને સ્પર્શતો નથી. પછી છઠ્ઠો તો એ કીધો પ્રત્યભી જ્ઞાનનું કારણ એવો જે અર્થાવબોધ સામાન્ય તે પર્યાયને સ્પર્શતો નથી. પર્યાય એને સ્પર્શતી નથી. આહા..હા..! એ પોતે સામાન્ય છે તે વિશેષને સ્પર્શતો નથી. આહા..હા..! એ વિશેષ કોણ? કે શુભ-અશુભ વિકલ્પથી રહિત નિર્વિકલ્પ શાંતિ, નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાન અને શાંતિ ચારિત્ર અંશે એ એને અહીંયાં મોક્ષનો માર્ગ કહી અને વ્યવહારનો નિષેધ કર્યો છે. સમજાણું કાંઈ?

એ વ્યવહાર ચારિત્ર છે એ એમાં નથી અને અહીં નિષેધ કર્યો છેને એ એનો ખુલાસો છે એ આમાં કહ્યું હતું કળશટીકામાં. ૧૦૮ કળશ છે. આમાં જ છે. આમાં ૧૦૮ હોં. '**मोक्षहेतुतिरोधाना**' છે પાછળ. ૧૦૮. '**અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી...**' અર્થમાં ત્યાં એટલુંબધું નથી. '**તેમ વર્જવાયોગ્ય પણ નથી.**' એમ કોઈ કહે. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! પંચમહાવ્રતના પરિણામ, પાંચ સમિતિ, ગુપ્તિ મુનિનો જે વ્યવહાર ધર્મ એ કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય નથી. એમ કોઈ કહે, એમ કોઈ કહે. '**ઉત્તર આમ છે કે—વર્જવાયોગ્ય છે,...**' આહા..હા..! આકરું, ભારે આકરું. સમ્યગ્દર્શન વિના નિશ્ચય, પાછું નિશ્ચય માટે શું કાઢ્યું છે લોકોએ? કે નિશ્ચય સમકિતીને ખબર પડે નહિ માટે એનું જોર શું કરવા દ્યો છો તમે? ખબર પડે નહિ એ જ બતાવે છે કે મિથ્યાદૃષ્ટિ છો તું. આહા..હા..! એમ કે એની ખબર પડે નહિ

માટે વ્યવહારથી જ કામ બધું લેવાનું છે. પ્રવિણભાઈ! એમ સામી દલીલ આવે છે આમાં.

અહીં કહે છે કે '**વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે;...**' ત્રણ શબ્દો વાપર્યા છે. ૧૦૮ કળશ. આ કળશટીકા છેને. આહા..હા..! આ પુણ્ય-પાપના અધિકારની ગાથા છે. કળશ. ઝીણું ભાઈ આ પ્રભુ મોટો આહા..હા..! તે પરમાં રાચી અને પરના પ્રેમમાં ફસીને ભરમાઈ ગયો છે એ. સમજાણું કાંઈ? એમાં એની.. આમાં કીધું છેને ઓલા અનુભવપ્રકાશમાં કે તારી શક્તિ ઘણી અને વિદ્યાની શક્તિ નાની. વિદ્યા તારો સ્વભાવ એની શક્તિ ઘણી અને અજ્ઞાનની શક્તિ થોડી છે, અજ્ઞાન પોતાનું એની શક્તિ થોડી છે, પણ તે અશુદ્ધ ચિંતવન કરીને ગળે પડી ગયો એ. એ જ મારી ચીજ છે. તારી શુદ્ધતા તો બડી પણ તારી અશુદ્ધતા પણ બડી. આહા..હા..!

શુભરાગના પ્રેમમાં ફસીને જેમ હાથણીમાં હાથી ફસાઈ ગયો છે એમ એ શુભરાગમાં ફસીને... આહા..હા..! ભારે આકરું કામ. ભગવાન સાક્ષાત્ ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય, એની પણ સાક્ષાત્ ભક્તિ એ પણ શુભરાગ અને કુશીલ છે. વળી તમે આમ કહો અને વળી કહે છે કે મંદિર કેટલાય બને. કાઠિવાડમાં નહોતું દિગંબરનું મંદિર તો કેટલાય બન્યા. ભાઈ કોણ બનાવે બાપુ! એ તો પુદ્ગલના ક્રમમાં તે કાળે તે એની ઉત્પત્તિનો કાળ હોય તેથી બને છે. બહુ તો તે વખતે શુભભાવ હોય, પણ એ શુભભાવ ધર્મ છે કે ધર્મનું કારણ છે એમ નથી. આહા..હા..! એ અહીં કહે છે.

'**કુશીલ એવા શુભ અને અશુભ કર્મ...**' આમાંથી કર્મ એટલે ઓલું બંધાયેલું કર્મ લે છે, પણ શુભાશુભ કર્મ એને જ કહ્યું છે. આગળ આવે છેને. આમાં આવે છે આગળ. સામાયિકનો પાઠ. એકસો કેટલામાં? બાવન? ૧૫૩. ૧૫૩ ગાથા. અહીં તો ઓલો કર્મ શબ્દ પડ્યો છે એ શું કર્મ લેવું? જડનું લેવું કે આ વ્રતાદિના પરિણામનું લેવું. ૧૫૩ છે? '**જ્ઞાન જ મોક્ષનો હેતુ છે;...**' ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપનું વેદન, નિર્વિકલ્પ વેદન, રાગ વિનાનો ભગવાન સ્વભાવ એ સ્વભાવનું વેદન, શાંતિનું વેદન એક જ મોક્ષનો માર્ગ છે. છે? છેને પહેલી લીટી?

'**કારણ કે તેના અભાવમાં, પોતે જ અજ્ઞાનરૂપ થયેલા અજ્ઞાનીઓને અંતરંગમાં વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મો...**' ભાષા છે? શુભ કર્મો એટલે કાર્ય પરિણામ તે. સમજાણું કાંઈ? શુભકર્મો એટલે ઓલા પરમાણુ બંધાય એ નહિ. આને જ શુભભાવ કર્મ કીધું છે. આહા..હા..! '**વ્રત, નિયમ, શીલ, તપ...**' તપમાં તો બારેય પ્રકાર આવ્યા. ધ્યાન પણ આવ્યું જરી. વિકલ્પથી ધ્યાન કરેને આમ. એ પણ શુભ કર્મ છે. ધ્યાનનું અત્યારે વળી લાગ્યું છે. ધ્યાન કરાવવું. શું પણ ધ્યાન કોને? જેને હજી સમ્યગ્દર્શન નથી એને ધ્યાન એમાં ઠરવું એ ક્યાંથી આવે? સમજાણું કાંઈ? ચીજ જે છે એ દૃષ્ટિમાં, વેદનમાં, અનુભવમાં એ ચીજ તો આવી નથી. તો એ ચીજમાં ઠરવું એવું ધ્યાન પછી ક્યાંથી હોય એને? ધ્યાન

તો ઠરવું છે. સમજાણું કાંઈ?

વળી અત્યારે એ ચાલ્યું. અધ્યાત્મની વાતું સોનગઢવાળા કરે છે તો આપણે હવે ધ્યાન ચલાવો. આહા..હા..! હમણાં આવ્યું છે ફોટામાં. ધ્યાન કરવા બધા બેસે. એ તો વ્યવહાર તપના ભેદ આવે છે ધ્યાનનો. એ વ્યવહાર ધ્યાન છે, એ તો વિકલ્પ છે એ તો રાગ છે. આહા..હા..! એ તો શુભકર્મ છે. શુભકર્મ એટલે શુભકાર્ય. સમજાણું કાંઈ? અરેરે.. જન્મ-મરણના ચોર્યાસીના અવતારમાં પરને પોતાનો માની સ્વના સ્વભાવનું માહાત્મ્ય ભૂલી ભગવાન સ્વરૂપે પ્રભુ છે આનંદનો નાથ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે, સત્ છે, જ્ઞાન અને આનંદના સ્વભાવવાળું તત્ત્વ. એની રમતું છોડીને રાગની રમતમાં ગયો. આહા..હા..!

ઓલા રાણપરમાં છેને કિલ્લો છેને રાણપરમાં. સાડાચારસો વર્ષ પહેલાનો. રાણાનો કિલ્લો છે. એ રાણો રમતો હતો આમ. રમતો હતો. ગામ છે ત્યાં. ભૂલી ગયા નામ. કિનારા-કિનારા. રમતો હતો એમાં દુશ્મન આવ્યો લડાઈ કરવા. એટલે બારોટે કહ્યું રાણા રમતું મેલ કટક આવ્યું કિનારે. એ રાણા રમતું મેલ કટક આવ્યું કિનારે. આ કિનારે આવ્યું બધું અને તું રમતમાં બેઠો. આહા..હા..! એમ અહીં પરમાત્મા કહે છે કે રાણા! રાજા! રમતું મેલ રાગની. તારું રાજ સંભાળવું હોય તો એ રમત છોડી દે. આહા..હા..! આ બનેલું છે ત્યાં હોં. સાડા ચારસો વર્ષ પહેલાં. ગઢ મોટો જૂનો છે. રાણીઓ રહેતી ત્યાં.

એ પછી એને બન્યું હતું એવું કે લડાઈ કરવા ગયો સામે અને કહી ગયો કે જો મારી ધજા હોય ઊંચી શું કહેવાય? માથે મોટો ધજા ધ્વજદંડ મોટો. એ જો હેઠે પડે તો સમજવું કે હું મરી ગયો, હારી ગયો. કુદરતી એવું થયું કે કોકે દંડ પાડી નાખ્યો. અહીં રાણીઓ. એને ઘણી રાણીઓ રાજા મોટો હતો. રાજા મરી ગયો. એટલે કૂવો હતો તો એક પછી એક કૂવો છે અત્યારે ત્યાં. એક પછી એક કૂવામાં મરી ગઈ. ત્યાં તો રાજા જીવતો હતો પણ ઓલું પાડ્યું ત્યાં કોકે એવું બની ગયું. આહા..હા..! એમ રાજની રમતમાં રાગમાં ચડ્યો એનો ધજારો તોડી નાખ્યો આત્માનો એણે. આહા..હા..! પરિણતિ ઊંધી થઈ ગઈ. આહા..હા..!

ભગવાન આત્મા નિજઘરની રમતુંમાં રમતા જેને શુભ અને અશુભભાવ કુશીલપણે જણાય છે. આહા..હા..! આકરું કામ ભાઈ દુર્લભ છે. દુર્લભ કરીને માન્યું છે. છે તો સત્ પોતે જ. પોતે જ ભગવાન છે, પૂર્ણાનંદનો નાથ છે. આહા..હા..! રાગની રમતના પ્રેમમાં ભૂલી ગયો એ આત્માને અને એમાં શુભનો ભાવ.. આહા..હા..! શું કર્યું જાણે અમે. વ્રત પાળ્યા અને તપસ્યા એય.. બલુભાઈ! એણે કરી હતી ને લાંઘણું? વર્ષીતપ કર્યો હતો. બાબુભાઈ! હતા કે નહિ તે દિ' ત્યાં તમે? પારણામાં નહોતા? લાંઘણું છે એ તો બધી. આહા..હા..!

ત્રણલોકના નાથ જિનવરદેવ ઈન્દ્ર અને ગણધરની સમક્ષમાં કહેતા તે વાત આ છે. કુંદકુંદાચાર્ય અમૃતચંદ્રાચાર્ય ભગવાનની વાણી ફરમાવે છે, ભગવાન! તારું તો પરમેશ્વરપદ છેને? એ પરમેશ્વરપદમાં શુભભાવનો અવકાશ ક્યાં છે? આહા..હા..! આવે, હો પણ એ વસ્તુમાં નથી

કાંઈ. એને અત્યારે સાધન તરીકે માની અને વ્યવહાર કરતા કરતા કોઈ નિશ્ચયને પામશે. આમ કહે છે. આહા..હા..! તમારા ગામમાં ચોમસું છેને નિર્મળસાગર. છેને ખબર. આજે છાપામાં આવેલું. એ બધું ક્રિયાકાંડી. આહા..હા..! અરેરે.. શું થાય બિચારા એની વાત નહિ હોં. આ તો વસ્તુની સ્થિતિ એવી છે.

અહીં કહે છે કે શુભભાવ અને અશુભ કર્મ સાથે. કર્મ એટલે કયું? ઓલું રાગ. એનો રાગ અને સંસર્ગ બંધના કારણ હોવાથી. આહા..હા..! એ શુભભાવ જે ભક્તિ પરમાત્માનો, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો. એ તો એકકોર રહ્યો, પંચમહાવ્રતનો એકકોર, પણ અહીં તો ગુણસ્તવનનો ભેદ પડ્યો. આહા..હા..! આવા ગુણ છે અને આવો હું છું એવો જે વિકલ્પ છે '**એવાં શુભ અને અશુભ કર્મ સાથે રાગ અને સંસર્ગ બંધના કારણ...**' છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાછા એ લોકો એમ કહે કે મારા કહે કાંઈક અને કરે કાંઈક. પાછા કરે મોટા મોટા મંદિરો. એય.. બાબુભાઈ!

અમદાવાદમાં બનાવ્યું છેને એ લોકોએ નહિ મોટું. શું કહેવાય? ખાડિયા. મોટું મંદિર બનાવ્યું છે બે માથે અને નીચે. આહા..હા..! ભાઈ એ તો એને કાળે હોય છે. પુદ્ગલના પરાવર્તનના નિજક્ષણે તે પર્યાય થવાને કાળે તે થાય છે. ભગવાન કોઈનું કર્યું થાય છે એમ છે નહિ. એનું તો કર્યું નહિ પણ અહીં શુભનું કર્મ પણ સંસર્ગ અને રાગ કરે તો રખડવાના કારણ છે. આહા..હા..! કહો, શશિભાઈ!

તેનું શુભ અને અશુભ કર્મ સાથે. કર્મ એટલે કીધું હોં ઓલા કાર્ય, પરિણામ. વ્રતના, તપના, શીલના... આહા..હા..! બ્રહ્મચર્ય જાવજીવનું બાળબ્રહ્મચારીના પરિણામ, પણ એ બધું શુભભાવ છે. આહા..હા..! પરલક્ષી છેને. બ્રહ્માનંદ પ્રભુ આત્માના આનંદના એ અંતરના ઘરની રમતું વિના એને મોક્ષમાર્ગ થાય નહિ અને એને મોક્ષ થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ સમજાવતા આવડે માટે એનું જ્ઞાન સમ્યક્ છે. એની સાથે સંબંધ નથી. એય..! અને સમજાવતા ન આવડે માટે સમ્યગ્જ્ઞાન નથી એમ નથી. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે શુભભાવનો વિકલ્પ છે સમજાવવામાં આવતો.. આહા..હા..! એને પણ જેનો પ્રેમ છે અને રાગ સંબંધ છે જોયું! રાગ અને સંસર્ગ. આહા..હા..! એનો પરિચય વારંવાર કરવો. સમજાણું કાંઈ? આમાં અર્થ કાંઈક બીજો કર્યો છે ભાઈએ. જયસેનાચાર્ય. રાગ અને સંસર્ગ. મનથી અને વાણીથી એવો અર્થ કર્યો છે. જયસેનાચાર્યનો. આ ટીકાનો અર્થ છે. ખ્યાલ આવ્યો ત્યારે મારા મગજમાં. અત્યારે વાંચ્યું તો ક્યાં છે? છે અહીં?

... બે વ્યાખ્યા જુદી પાડી. રાગ અને સંસર્ગ બે શબ્દ પડ્યા છેને? એટલે બે જુદાં પાડ્યા. શુદ્ધાત્મભાવના. ૪૭. ... શુભાશુભકર્મ એટલે પરિણામ લેવા. .. મનમાં પણ વિકલ્પ પ્રેમનો .. આહા..હા..! અને બહિ... વચન-વ્યવહાર પણ ભૂલીશ નહિ. વચન અને કાયથી સંસર્ગ ન કરીશ, ચિત્થી પ્રેમ ન કરીશ મનમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ

છે. ભગવાન નિર્લેપ ચીજ છેને. એ તો રાગના વિકલ્પથીરહિત વસ્તુ છે. એવી ચીજનો પ્રેમ છોડીને ચિત્તમાં રાગનો કરીશ નહિ ચિત્તમાં, બહિર્ અંગમાં વચન અને કાયા એ પરિચય કર્યો. પરિચય કરીશ નહિ એટલે વારંવાર એની પ્રરૂપણા અને કહેવું એમ કરીશ નહિ. એય..! સમજાણું કાંઈ?

પરમેશ્વરપદ પોતે ગુપ્તપણું પડ્યું છે. એને તું વ્યવહારના રાગથી પ્રગટ કરવા માગે છો, એ નહિ પ્રગટ થાય ભાઈ! શક્તિરૂપે પરમાત્મા ગુપ્ત છે એ ઢંકાણો નથી. ગુપ્ત શક્તિ છે એ ઢંકાણી જ નથી. એ તો પર્યાયમાં નિમિત્તનો સંબંધ રાગનો છે અને આવરણ એટલે ભાવનું આવરણ છે એને. રાગનો પ્રેમ છે એ ભાવ આવરણ છે. દ્રવ્ય આવરણ નહિ કાંઈ એ તો નિમિત્ત જડ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ચિત્તમાં પણ રાગ એનો મનમાં પણ ઊંડે રાગ. આહા..હા..! .. ન કર તું. આહા..હા..! જેમ કુશીલ જન .. આવે છેને? છેને? પછીની ગાથામાં આવે છેને? '**कुच्छियसीलं जणं वियाणित्ता**' આ કુશળીયો છે આ જીવ. સંસર્ગ ન કરીશ. સજ્જનોએ પોતાના નૈતિક જીવનને માટે પણ કુશીલ એવા પરના વિષયમાં સંસર્ગ... આહા..હા..! સજ્જનો નૈતિક જીવનવાળાએ પણ કુશીલ પુરુષોનો સંગ ન કરવો. એમ જેને લોકોત્તર જીવન ગાળવું છે. આહા..હા..! એવા સત્જનો. ઓલું સજ્જન સાધારણ છે. આ સજ્જનમાં જ ડબલ છે. સત્જન છે. આહા..હા..!

ભગવાન આનંદનો નાથ પ્રભુ એવા સત્ના જીવનને જીવે જીવવું છે એવા રાગના જેમ એ કુશીલ પુરુષોનો સંસર્ગ ન કરવો, એમ આ રાગનો સંસર્ગ ન કરીશ ભાઈ રાગ ન કરીશ. આહા..હા..! ઘણું જ મર્મવાળું છે. પણ બાપુ એને .. આ થાય, શું થાય? પ્રભુ તારા હીતની વાત છે. હું તો એમ કહું છું એ વાત. આ તો આપણા હિતની વાત છેને. આપણા એટલે આત્મા એમ. જેને આત્મા કહીએ તે આપણો છે. એનું આત્મા કહીએ એ આપણો છે. શક્તિ કીધુંને. એય..! આહા..હા..!

ભગવાન! આ તો આપણા હિતની વાત છેને. આપણો એટલે આપણા પોતાનો આત્મા એમ. એમ તારો પણ આત્મા તેને આત્માના હિતની વાત એમ છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા અને આ બધું. ઓલું તો સમજાય વર્ષીતપ કર્યું હોય તો કેટલું લાગે. બલુભાઈ! આહા..હા..! ગૃહસ્થ માણસ, પુરુષ માણસ, દવાખાના ચાલે અને ફલાણું-ઢીંકણું અને એ વર્ષીતપ કર્યા. હવે આહા..હા..! સગાવ્હાલા ખુશી થાય. આ સગાં સમકિતદર્શન ખુશી ન થાય આમાં. એ વ્યવહારની ક્રિયામાં એ ખુશી.. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

**શ્રોતા** :-..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ છે જને. અનાદિથી કરે જ છેને. એમાં નવું ક્યાં એ કર્યું?

આહા..હા..!

ઓલામાં દાખલો આપ્યો છે એક અનુભવપ્રકાશમાં કે અગ્નિ મોઢામાં પેસતી હતી અગ્નિની જાળ એ ખુશી થાતો હતો, બીજો ઓલવવા માગતો હતો એના ઉપર દ્વેષ કર્યો. અગ્નિની જ્વાળા પેસતી હતી મોઢામાં. એટલે ઓહો..! અગ્નિની જ્વાલા. બીજો ઓલવવા માગે ઓલાના મોઢામાં ન પેસે નારાજ થાય. એમ કષાયની અગ્નિ સેવતો હતો એને કોઈ ના પાડે કે ભાઈ આ રહેવા દે તું આ. એના ઉપર દ્વેષ કરે. બરાબર છે?

શુભરાગની અગ્નિ એમાં આવતી હતી અને એમાં ખુશી થાતો હતો. બીજા કહે એમ બાપુ રહેવા દે ભાઈ શુભરાગ.. આવા. ભગવાન! તારા હિતની વાત છે, પ્રભુને. અરે.. તારી પ્રભુતાની તને ખબર નથીને નાથ! તું પરમેશ્વરસ્વરૂપે બિરાજમાન છો અંદર. આહા..હા..! નિજપદ તો પરમેશ્વર છે. એ રાગની પામરતા એ એનું પદ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આપણે તો આ કાઢવું છે આ રાગ અને સંસર્ગ. જુઓ.

અશુભ... કેમ? આહા..હા..! જુઓ અહીંયાં. '**કુશીલ એવાં શુભ અને અશુભ કર્મ સાથે રાગ અને સંસર્ગ બંધના કારણ હોવાથી,..**' અહીં પાઠમાં શુ છે? '**साहीणो हि विणासो**' ત્રીજું પદ છે. સ્વાધિનતાનો વિનાશ થાય છે, ભાઈ! એટલે એનો અર્થ અહીં કર્યો એટલો કે એ '**બંધના કારણ હોવાથી, શુભાશુભ કર્મો સાથે રાગ અને સંસર્ગનો નિષેધ કરવામાં આવે છે.**' બંધનું કારણ છે એમાં સ્વાધીનતાનો નાશ થાય છે. પાઠ, પાઠ આ છે. શું કીધું સમજાણું?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાઠમાં સ્વાધીનતાનો એનો અર્થ આ કર્યો ત્યાં. બંધના કારણ છે. એ સ્વાધીનતા જે અશુદ્ધ અબંધસ્વરૂપ છે એમાં રાગ બંધના કારણ એ પરાધીન છે. ચંદુભાઈ! સમજાણું કાંઈ આમાં? આહા..હા..! સ્વાધીનતાનો નાશ થાય છે. આહા..હા..! ભગવાન તારું સ્વાધીનપણું પરમેશ્વરપદ છે, એમાં શુભરાગના પ્રેમમાં તારા સ્વાધીનતાનો નાશ થાય છે. આહા..હા..! વાણી તો જુઓ સંતોની. જાગીને જોઉં તો જગત દિસે નહિ. અજ્ઞાનમાં અટપટા ખેલ દિખે. આહા..હા..! જેમાં રાગ નથી, વિકલ્પ નથી, આખું જગત નથી. જગદીશમાં જગત નથી અને જગતમાં જગદીશ નથી. આહા..હા..! પ્રેમચંદભાઈ! આવી વાતું છે. ઓલી ભક્તિવાળાને આકરું લાગે. એ ત્યાં ગયા હતાને જ્યારે અગાસમાં. સાંભળ્યું. વાત નિશ્ચય બરાબર પણ એનું સાધન. એમ પૂછ્યું રાતે. એ જાણે કે આ ભક્તિ કરીએ અને ગાણા ગાઈએ અને વાંચીએ એ બધું સાધન છે. ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહેવું હતું '**साहीणो हि विणासो कुसीलसंसग्गरायेण**' છેને? કુશીલના સાધનથી.. હરિગીતમાં તો આવ્યું છે. '**રાગે નાશ સ્વાધીનતા તણો.**' છેને? પણ આમાં આ કહ્યું. બંધ થાય. એ તો થયેલો. અબંધ સ્વરૂપ ભગવાન આત્મા '**जो पस्सदि अप्पाणं**

**अबद्धपुट्ठं**' એવી જે સમ્યગ્દર્શન અને જ્ઞાન એ જૈનશાસન છે. રાગ એ કોઈ જૈનશાસન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ આકરો. એને પહેલી રુચિમાં તો લે ભગવાન. એ અનુભવના રસના સ્વાદ વિના એ માર્ગની શરૂઆત થતી નથી. આ તો રાગનો રસ છે. આહા..હા..! રાગનો સ્વાદ છે, આકુળતા છે, સ્વાધીનતાનો એમાં નાશ છે. આહા..હા..! કહો, શિવલાલભાઈ! આ બાપ તમારા બહુ જાતા ત્યાં અગાસ ત્યાં. એણે એકફેરી કહ્યું હતું. ૧૦ની સાલમાં. .. પ્રશ્ન કર્યો હતો.

મહારાજ! દેવ-ગુરુ-શાસ્ત્ર તો શુદ્ધ છે. એ શુદ્ધ પણ પર કહેવાય? એવો પ્રશ્ન કર્યો હતો. ૨૨ વર્ષ પહેલાની વાત છે. ૧૦ની સાલ. મ્યુનિસિપાલિટીના મકાનમાં વ્યાખ્યાન ચાલતા હતા. આ પ્રશ્ન કર્યો હતો. દેવ-ગુરુ-શાસ્ત્ર એ તો શુદ્ધ છે. શુદ્ધ એ પરદ્રવ્ય કહેવાય? પર કહેવાય? એણે ઘણાવર્ષો ગાળેલા અગાસમાં. લલ્લુજી. કારણ કે ત્યાં વાત જ એ બધી. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરતા કરતા કલ્યાણ થઈ ગયું. એને પકડો. પ્રેમચંદભાઈ! માર્ગ નથી નાથ!

આ તો પરદ્રવ્યનો તો વિરહ છે સાક્ષાત્ ચીજનો. પ્રતિમા અને વાણી રહી છે. હવે એને આશ્રયે થાય એ તો રાગ છે. આહા..હા..! પદ્મનંદિ પંચવિંશતિમાં તો ત્યાં સુધી કહ્યું છે. કહ્યું હતું એક ફેરી પંડિતને. ઉજ્જૈનના પંડિત નહિ ઉજ્જૈનના? .. કુમાર. ..કુમાર શેઠી અત્યારે એને અભિનંદન આપે છેને, લૌકિકમાં સુધારાના બહુ કરે. એને અભિનંદ આપે છે. છાપામાં આવ્યું હતું. ઉજ્જૈનમાં. એ અહીં આવ્યા ત્યારે કહ્યું હતું બાપુ! આ બુદ્ધિ જે શાસ્ત્રમાં જાય એને વ્યભિચારિણી કીધી છે. એટલે કે શુભરાગ છે એ વ્યભિચાર છે. આહા..હા..! એટલે? કે પરસ્ત્રીનો સંસર્ગ કરે અને એ કરે તો એ વ્યભિચાર છે એમ પરભાવનો સંસર્ગ કરે એ વ્યભિચાર છે. આહા..હા..! સંયોગનું જેમ સંયોગમાં મૈથુન છે એમ રાગના સંયોગમાં એ મૈથુન છે. આહા..હા..! ઝીણી વાતું બાપુ! ભગવાન! આ તો મોક્ષનો માર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ? જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન હોય, ત્યાં સુધી એ ભાવ આવે, હોય, પણ એ ધર્મને મોક્ષનું કારણ છે એમ નહિ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરંપરા એ નહિ. એ તો પરંપરા તો અત્યારે સાક્ષાત્ ઉઘડ્યું છે એટલું સાક્ષાત્ છે અને આ ટાળશે ત્યારે પછી ટાળશે માટે પરંપરા કીધું છે. આહા..હા..! રાગ તે કાંઈ વીતરાગતાનું કારણ હોય? આહા..હા..! અનર્થનું કારણ કહ્યું છે. બાર ભાવના છેને કુંદકુંદાચાર્યની. બાર ભાવનાનું પુસ્તક છે આપણે પાડ્યું હતું બહાર. રવિભાઈ ભાયાણી તરફથી છપાવ્યું છે. એમાં તો રાગને પરંપરા અનર્થનું કારણ કહ્યું છે.

અને ૭૪ ગાથામાં લ્યો આની. તો શુભરાગને વર્તમાન દુઃખનું કારણ અને ભવિષ્યમાં દુઃખનું કારણ કહ્યું છે. એટલે શું? આહા..હા..! છેને? .. કારણ છ બોલ છે. ૭૪માં. ૭૨માં ત્રણ બોલ છે. ૭૪માં છ બોલ છે. એ છઠ્ઠો બોલ એ છે કે શુભભાવ દુઃખનું કારણ, વર્તમાન

દુઃખ અને ભવિષ્યમાં દુઃખનું કારણ, એટલે? શુભભાવથી જે પુણ્ય બંધાશે અને પુણ્યને કારણે જે સાંભળવાનું મળશે સંયોગ આદિ ત્યાં તને રાગ થાશે, દુઃખનું કારણ. આહા..હા..! કહો, ૭૪મી ગાથામાં. આવી ગયું છે બધા વ્યાખ્યાનો થઈ ગયા છે. .. ભવિષ્યમાં પણ દુઃખનું જ કારણ છે. કેમ? કે એનાથી બંધાશે પુણ્યબંધન, એનો એ હેતુ છે શુભ અને બંધનના ઉદયકાળે એને સંયોગ જે મળશે, ચાહે તો સંયોગ અનુકૂળ મળે ભગવાન અને ભગવાનની વાણી, છતાં ત્યાં લક્ષ જશે એટલે રાગ જ થાશે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**રાગ અને સંસર્ગ...**' એ સ્વાધિનતાનો નાશ કરે છે એટલે અબંધ પરિણામમાં બંધભાવ એને નુકસાન કરે, સ્વાધિન પરાધીન થઈ જાય છે. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન જે રાગ વિનાનો ભાવ એ સ્વાધીનતાની ઉત્પત્તિ કરે છે. આહા..હા..! અને આ રાગ પરાધીનતા કરીને શાંતિનો, સ્વાધીનતાનો નાશ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું બધું સ્વરૂપ.

**શ્રોતા :-** કરવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ કરવું આ વસ્તું. રાગથી ભિન્ન પાડીને આત્માનું સેવન કરવું એ કરવું. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! વસ્તુ તો એ દુર્લભ છે, પણ અલભ્ય નથી. લભ્ય થઈ શકે નહિ એવી નથી. વસ્તુનું સ્વરૂપ છે ત્યાં પોતે ભગવાન પરમાત્મા આનંદ છે એની સામું જોવું છે. જ્યાં છે એના સામું જોવું છે. જ્યાં એ નથી એની સામું જોવું છોડી દેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. એટલે માણસ ક્રોધ કરે, આનું સાહિત્ય આવું છે, બાપુ! ભાઈ! એ જૈનવાણીનું સાહિત્ય છે ભાઈ! એનો અનાદર ન થાય. લોકોએ તો પક્ષ તો કર્યો છે ઘણાએ હોં. કહે જિનવાણી કહેવાય. ભલે ગમે તે સંસ્થાથી છપાણું હોય. સમજાણું કાંઈ? એને તોડવી, ફોડવી એ કાંઈ હોય નહિ. એ તો દર્શનમોહના કારણ છે. દર્શનમોહનું બંધાય એનું એ કારણ છે. દેવ, ગુરુ અને વાણી એનો અનાદર મહામોહનીય કર્મ બંધાય બાપુ! તને અત્યારે લોકોમાં ઠીક લાગશે કે આણે બહુ સારું કર્યું. સમજાણું કાંઈ?

અહીં તો વાંચન સત્યનું કરવું એ શુભભાવ છે, એને ઠેકાણે સત્યની વાણી જે છે એનો અનાદર કરીને... આહા..હા..! શું થાય! અનાદિ જીવની ટેવ છે એ ટેવમાં ટેવાઈ ગયો છે. આવ્યું છેને ચોથી ગાથામાં નહિ '**सुदपरिचिदाणुभूदा**' એ રાગને સાંભળ્યો છે, રાગને પરિચય કર્યો છે અને રાગનો અનુભવ કર્યો છે. આહા..હા..! શુભરાગ હોં એ. અશુભની તો વાત જ શી કરવી? આહા..હા..! '**सुदपरिचिदाणुभूदा**' રાગને એણે સાંભળ્યો ભગવાન રાગરહિત તે સાંભળ્યો નથી. પછી કહ્યું છેને? '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।**' કામ નામ ઈચ્છા અને ભોગ નામ ભોગવવું. કર્તા અને ભોક્તા. રાગનું કરવું અને રાગનું ભોગવવું.. આહા..હા..! એવી વાત તો તે અનંતવાર સાંભળી છે. તું ટેવાઈ ગયો છો, પરિચયમાં આવી ગયો છે અને અનુભૂતિ એના અનુભવ-વેદનમાં. ત્યારે ત્યાં પ્રશ્ન થાય કે ત્યાં તો બધા જીવને માટે કીધું છે. એકેન્દ્રિયને ક્યાં હજી નીકળ્યા નથીને? નિત્યનિગોદના

જીવ હજી બહાર આવ્યા નથી એને શ્રુત પરિચિત અનુભૂત કેમ લાગુ પડે? લાગુ જ પડે. રાગની એકતાના અનુભવમાં છે એ.. આહા..હા..! નિગોદના જીવ અનંત... અનંત... અનંત.. ઓહો..! એક શરીરમાં ઠસોઠસ અનંત આત્માઓ, જેની શક્તિમાં પરમાત્મસ્વરૂપ. આહા..હા..! શક્તિ એટલે જેનું સામર્થ્ય. આહા..હા..! એવા પરમાત્મા અનંતા જીવો પર્યાયબુદ્ધિએ નિગોદમાં પડ્યા છે. આહા..હા..!

અહીંયાં કહે છે કે એ બધી પરાધિનતાને કારણે છે. કર્મને કારણે નહિ. કર્મને કારણે ત્યાં રહ્યા છે એમ પણ નહિ. રાગના પ્રેમ અને પરાધિનતાને કારણે ત્યાં રહ્યા છે. ગોમ્મટસારમાં છેને. .. ભાવકલંક પ્રચુરા. નિગોદવાન.. એમ નથી કહ્યું કર્મનું જોર માટે નથી મુકતા નિગોદવાસ. આહા..હા..! ભાવકલંક પ્રચુરા. ગોમ્મટસારમાં છે. એ વિકારની મિથ્યાત્વબુદ્ધિ, એની શ્રદ્ધા એમાં એ કલંક છે એ પ્રચુર છે એને. એને લઈને નિગોદવાસન ન મુચંતિ. નિગોદનું સ્થળ તેને તે છોડતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અનંતા જીવો તો એટલા એવા પડ્યા છે કે હજી નિગોદનો .. ત્રણે કાળમાં નહિ છોડે. આહા..હા..!

અહીંયાં પોતાના અશુદ્ધની પરિણતિને પોતાની માનીને વેદાઈ રહ્યો છે એથી તે ત્યાંથી નીકળતો નથી. સમજાણું કાંઈ? મિથ્યાત્વનું સેવન છે. આહા..હા..! અહીં કહે છે એ સંસર્ગ તે સ્વાધીનતાનો નાશ હોવાથી બંધના કારણો હોવાથી. આહા..હા..! બંધના કારણ કહો કે સ્વાધીનતાનો નાશ કહો. પાઠમાં છે.

**'શુભાશુભ કર્મો સાથે રાગ અને સંસર્ગનો નિષેધ કરવામાં આવ્યો છે.'** સર્વજ્ઞોએ ત્રિલોકનાથ અને સંતોએ જ્યાં જ્યાં રાગ શુભ છે તેનો નિષેધ કરવામાં આવ્યો છે. આહા..હા..! એક ગાથામાં કેટલું ભર્યું છે જુઓને! આહા..હા..!

**'હવે, બન્ને કર્મ નિષેધવાયોગ્ય છે એ વાતનું ભગવાન કુંદકુંદાચાર્ય પોતે જ દૃષ્ટાંતથી સમર્થન કરે છે :—'** હવે કુંદકુંદાચાર્યનો દાખલો આપીને સિદ્ધ કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૩, સોમવાર, તા. ૨૫-૧૦-૧૯૭૬, ગાથા-૧૪૮-૧૪૯, પ્રવચન નં. ૨૧૨

સમયસાર, ૧૪૮-૧૪૯ બે ગાથા. **'હવે, બન્ને કર્મ નિષેધવાયોગ્ય છે એ વાતનું ભગવાન કુંદકુંદાચાર્ય પોતે જ દૃષ્ટાંતથી સમર્થન કરે છે :—'**

जह णाम को वि पुरिसो कुच्छियसीलं जणं वियाणित्ता।
वज्जेदि तेण समयं संसग्गं रागकरणं च।।१४८।।
एमेव कम्मपयडीसीलसहावं च कुच्छिदं णादुं।
वज्जंति परिहरंति य तस्संसग्गं सहावरदा।।१४९।।
જેવી રીતે કો પુરુષ કુત્સિતશીલ જનને જાણીને,
સંસર્ગ તેની સાથ તેમ જ રાગ કરવો પરિતજે; ૧૪૮.
એમ જ કરમપ્રકૃતિશીલસ્વભાવ કુત્સિત જાણીને,
નિજ ભાવમાં રત રાગ ને સંસર્ગ તેનો પરિહરે. ૧૪૯.

એની '**ટીકા :—જેમ કોઈ કુશળ વન-હસ્તી...**' ડાહ્યો વનમાં રહેલો હાથી '**પોતાના બંધને માટે સમીપ આવતી સુંદર મુખવાળી મનોરમ કે અમનોરમ હાથણીરૂપી કૂટણીને પરમાર્થે બૂરી જાણીને તેની સાથે રાગ અને સંસર્ગ કરતો નથી,...**' એ તો દૃષ્ટાંત છે દૃષ્ટાંત. '**તેવી રીતે આત્મા અરાગી જ્ઞાની થયો થકો...**' આહા..હા..! શુભરાગથી ભિન્ન પડીને, અરાગી જ્ઞાની થયો થકો એમ છે શબ્દ. વિકલ્પમાત્ર રાગ સ્વરૂપ છે, દુઃખસ્વરૂપ છે એથી રાગરહિત શુદ્ધ ચૈતન્ય વસ્તુ અનાકુળ આનંદસ્વરૂપ, એની દૃષ્ટિવાળો અરાગી જ્ઞાની. ભાષા એવી લીધી છે.

ધર્મી અરાગી હોય છે, જેને રાગની રુચિ હોય તે ધર્મી નહિ. આહા..હા..! જેને શુભરાગ દયા, દાન, ભક્તિ, વ્રત, તપના વિકલ્પ એ ગુણી અને ગુણના ભેદનો પણ વિકલ્પ, એનો જેને પ્રેમ અને રુચિ છે એ અજ્ઞાની છે. આહા..હા..! આવી વાત છે. માટે આત્મા અરાગી થયો થકો. અરાગી તો તેરમે થાય, અગ્યારમે, બારમે. એમ નથી. અહીં તો સમ્યગ્દર્શનમાં રાગની સર્વ રાગની રુચિ છૂટી જાય છે. આહા..હા..! હવે જે રાગથી ધર્મ મનાવે અને માને એ તો પ્રત્યક્ષ મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. આહા..હા..! આવી વાત છે, ઝીણી.

**શ્રોતા :-** દાખલો આપો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દાખલો આપીને તો ના પાડે છે કે એવું ન કરવું એમ. આજે કાગળ એવો આવ્યો છે. કાગળ એટલે છાપું. આત્મસંદેશમાં. ઓલો નરેન્દ્ર છેને સોલાપુરવાળો નહિ? પહેલા આ લખ્યું હતું .. ફાડ્યું ત્યારે એનો વિરોધ. આમાં એમ લખ્યું છે. એમકે આપણે અસંયમીઓએ સંયમીઓની ટીકા ન કરવી. સંયમીઓ છે. એ દ્રવ્યલિંગી છે કે ભાવલિંગી એના જવાબદાર તો એ છે. તમારે શું છે? એમ એ કહે છે. છે તો મધ્યસ્થ માણસ. પણ આ ફેરી જરી આખું... પણ વાત એવી છે કે જેની પ્રરૂપણા કે આ દયા, દાન, વ્રત, તપથી ધર્મ થાય છે એવી પ્રરૂપણા કરે એ શ્રદ્ધા જ મિથ્યાત્વ છે. આ તો વીતરાગમાર્ગ છે. એથી રાગથી ધર્મ માને અને રાગથી લાભ માને એવી જેની પ્રરૂપણા છે. એ તો બાહ્યથી તદ્દન. આગમની યથાર્થ દૃષ્ટિથી એ વિરૂદ્ધ છે. આવી વાત છે પણ ભાઈ! શું કરે?

કહ્યું હતુંને એક ફેરી? માર્ગ તો આવો છે, બાપુ! દુઃખ લાગે તો ક્ષમા કરજો ભાઈ! એમ કહ્યું હતું. શું કરીએ? શું કરીએ બાપા ભાઈ! રાગનો વિકલ્પમાત્ર જે પરતરફના વલણવાણી દશા ભગવાન એને ધર્મ માને અને એનાથી લાભ માને એ તો રાગી મિથ્યાદૃષ્ટિ છે. આની સામે આવ્યુંને ભાઈ અરાગી-જ્ઞાની. આહા..હા..! માર્ગ આવો છે, ભાઈ! અરાગી જ્ઞાની ભાષા તો જુઓ, આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ તે અરાગી છે. આહા..હા..! રાગમાં જેને રુચિ નથી, રાગનો જેને પ્રેમ નથી, આસક્તિ છે. પણ તેની રુચિ નથી.

'**તેવી રીતે આત્મા અરાગી જ્ઞાની થયો થકો...**' ભાષા શું છે એ? કે પુરુષાર્થથી થયો થકો એમ છે. કોઈ દર્શનમોહે માર્ગ આપ્યો માટે જ્ઞાની થયો એમ નથી. આહા..હા..! કેટલી .. છે! એ લોકો એમ કહે નહિ, કર્મને લઈને આ થાય, કર્મને લઈને આ થાય, કર્મને લઈને ભૂલ્યો છે બિચારા જીવો.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને ક્યાં ખબર? અપરાધ બાપુ તું કર અને કર્મને માથે નાખ. આહા..હા..!

ધર્મીની ઓળખાણ અને પિછાણ બાહ્યલક્ષણથી એ છે કે, અંતરલક્ષણ તો એ પોતે અનુભવે છે. સમજાણું કાંઈ? પણ બાહ્યથી એક રાગનો પ્રેમ નથી તેથી રાગને ધર્મ મનાવતો નથી, ધર્મ માનતો નથી, રાગને ધર્મ માનતા હોય તેને અનુમોદતા નથી. વાત તો આવી છે, પ્રભુ! આ કાંઈ કોઈ વ્યક્તિગતનો માર્ગ નથી. આ તો અનાદિ વીતરાગમાર્ગ છે. આહા..હા..!

'**આત્મા અરાગી જ્ઞાની થયો થકો...**' આહા..હા..! એ રાગ માત્ર તે વસ્તુ, પરતરફના લક્ષણવાળી વસ્તુ એ મારા સ્વતરફના લક્ષમાં એનો સંબંધ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને જેને માટે ચોકા કરીને, આહાર કરીને લે એ તો વ્યવહાર વિરોધ છે, નિશ્ચય તો એકકોર રહ્યો. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એટલે કાંઈ ઝેર પીવાતા હશે? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ? એને માટે કરેલો ઉદ્દેશીક આહાર છે.

એ પ્રશ્ન થયો હતો મોટો. જયપુરમાં. વર્ણીજીના ભગત વર્ણી મનોહરલાલજી. વર્ણી છેને ક્ષુલ્લક છે. એણે પ્રશ્ન કર્યો ત્યાં પૂનમચંદ ગોદિકાને ત્યાં આવ્યા હતા. બે પ્રશ્ન કર્યા હતા. ત્યારે તો હજી અમારા ઉપર મધ્યસ્થ હતા, પછી એને ભીંડમાં જરી વિરોધ કર્યો એણે. ત્યારે આવ્યા હતા ખાસ મળવા અને ખાસ પ્રશ્ન કરવા. બે પ્રશ્ન કર્યા. વાંચેલું છે, ભણેલ છે. એમ કે આ ચૈતન્યના પરિણામ જે પુણ્ય-પાપ છે એને પુદ્ગલના કેમ કહ્યા? આ પ્રશ્ન. નિશ્ચયથી ચૈતન્યના પરિણામ તો ચૈતન્યની જાતના હોય, જ્ઞાતા-દૃષ્ટા સમ્યગ્દર્શન શાંતિ એ ચૈતન્યના પરિણામ, આ પરિણામ તો નિમિત્તને વશ થઈને થયેલા છે તેથી તે પુદ્ગલના પરિણામ અથવા એને પુદ્ગલ જ કીધા છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુદ્‌ગલ કીધા છે. પરિણામ પણ છોડી દીધું છે ૭૫માં. એ વસ્તુ જ ક્યાં છે એના ઘરમાં, એના દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં એ ચીજ ક્યાં છે? આહા..હા..! અરાગી-જ્ઞાની થયો થકો કહ્યુંને? પર્યાયમાં અરાગીપણું આવ્યું છે. આહા..હા..! તારાચંદજી! આવી વાત છે, ભાઈ! શું થાય? માર્ગ પરમાત્માના વિરહમાં બીજું કેમ થાય?

બીજો પ્રશ્ન કર્યો ઉદ્દેશિક આહારનું સમાધાન જો થાય તો બહુ સંપ થઈ જાય. આશય કહેવાનો તો એ કે ગૃહસ્થો કરે છે અને લે એમાં એને ઉદ્દેશિક શું? એવો જો ખુલાસો થઈ જાય. ભાઈ! પ્રભુના વિરહ પડ્યા, વીતરાગના વિરહમાં એને માટે કરેલો ઉદ્દેશિક નથી એમ કેમ કહેવાય ભાઈ! એમ કહ્યું હતું હોં. પ્રભુના વિરહ છે, વીતરાગના ભરતમાં વિરહ પડ્યા, એનાથી ઊલટો માર્ગ કેમ કહેવાય ભાઈ! ચોખ્ખો એને માટે બનાવે અને ખબર છે કે આ મારે માટે બનાવ્યું છે ઉદ્દેશિક છે. મેં તો શાંતિથી, ધીરજથી કહ્યું હતું. શાંતિથી ભાઈ! હું તો દ્રવ્યલિંગી ક્ષુલ્લક પણ માનતો નથી કોઈને કીધું. પોતે ક્ષુલ્લક. છતાં એ તો મેં તો શાંતિથી કહ્યું. બાપુ! વસ્તુનું સ્વરૂપ એવું નથી. કોઈ વ્યક્તિપ્રત્યે મારો આક્ષેપ નથી. ભગવાન આત્મા છે, ભાઈ! ભૂલ પડી છે તો એક સમયની છે. એ સમયની ભૂલ ભગવાન પોતાની સંભાળ કરીને ટાળશે. આહા..હા..!

પણ જે ભૂલ છે તેને ભૂલ બરાબર જાણવી જોઈએ. ઉદ્દેશિક એણે કરાવ્યો નથી, કર્યું નથી માટે ઉદ્દેશિક નથી એમ નથી. એને માટે કરીને સવારથી સાંજ બધા પાણી લાવે, .. કરે, આ લાવે, કેરી લાવે, રસ લાવે, મોસંબીને ફલાણું, રોટલી બનાવે, પાણી કૂવાના ખેંચીને ટાઢા હોય એને ઊના કરાવે. હવે આવો માર્ગ, બાપુ! મારે આ ન હોય.

અહીં કહે છે કે જ્ઞાની.. આહા..હા..! એ તો સ્થિરતાની વાત થઈ. ઉદ્દેશિક આહાર ન લે એ તો સ્થિરતા છે, એમાં વસ્તુનું સ્વરૂપ એવું છે, પણ અહીં એ રાગમાં એ રાગ છે લેવાનો. લે છે એને માટે રાગ છે અને માને છે કે આ નિર્દોષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ નથી બાપુ એવો. એ પ્રશ્ન કહ્યું હતું ને ૬૯ સાલમાં ગુરુને પૂછ્યું હતું મેં. ૬૯. ૭૦ની સાલ. દીક્ષામાં પછી ૬૯માં પૂછ્યું હતું રાણપુર. કીધું મહારાજ! આ સાધુ માટે અપાસરો કર્યો હોય તો એને નવકોટીમાં કઈ કોટી તૂટે? નવ કોટી છેને? મન, વચન અને કાયા, કરણ, કારણ અને અનુમોદન. નવ-નવ પ્રકાર છે. નવ-નવ કોટીએ ત્યાગ હોય છે મુનિને. આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર કે એને માટે કરેલો... વસ્ત્ર પાત્ર તો એને હોય જ નહિ. પણ એ વખતે તો આ હતુંને બધું બહારનું એટલે. સમજાણું કાંઈ?

એને માટે કરેલો એ વાપરે તો એને.. એ જવાબ મને બીજો આપ્યો એમણે. તમારા ભાઈ ખુશાલભાઈ છે એણે તમારા માટે મકાન બનાવ્યું અને તમે વાપરો તો એમાં શું અનુમોદન આવ્યું? પછી એણે કીધું ન કહેવું. પાઠ મોઢે હતો મને એ વખતે. દશવૈકાલિકનું આઠમું અધ્યયન. કે એને માટે કરેલો આહાર લે તો એ અનુમોદન છે. નવકોટીમાં અનુમોદન કોટી તૂટે છે.

નવ કોટી રહેતી નથી. આહા..હા..! આ તો ૬૯ની વાત છે, નવરંગભાઈ! આહા..હા..! એ તો અમારે હીરાજી મહારાજ એમ કે આ દીક્ષા દેવાની તૈયારી. આમ જો ચોખ્ખું.. એ ચોખ્ખુ કહેશે એમ નહિ, પણ ભદ્રીક હતા એટલે એમ કે એમાં શું પોતે કર્યો હોય એમાં વાપરવું એમાં દોષ શું એમ. અને અનુમોદન છે. લીધું એનો અર્થ જ એનું અનુમોદન છે. આહા..હા..!

અહીંયાં કહે છે કે જેને રાગ નથી અને રાગની રુચિ નથી. આહા..હા..! રાગ હોવ છતાં રાગની રુચિ નથી. એવો '**આત્મા અરાગી જ્ઞાની થયો થકો...**' થયો થકો ભાષા છે જોયું! એ પુરુષાર્થથી થયો થકો. કર્મે માર્ગ આપ્યો અને થયો એમ નહિ. આહા..હા..! '**અરાગી જ્ઞાની થયો થકો...**' આહા..હા..! ભાષા તો જુઓ ટીકા! હું એક રાગસ્વરૂપ નહિ, રાગ તે વિભાવ ને વિકાર તે સંયોગી ચીજ છે, સંયોગીભાવ છે. એનો હું જાણનાર-દેખનાર છું. સંયોગીભાવ આવે છેને આપણે કર્તાકર્મમાં. ૬૯-૭૦. સંયોગીભાવ છે એ સ્વભાવભાવ નથી. સંયોગે ઉત્પન્ન થયેલો તે સંયોગીભાવ છે. એ સંયોગીભાવ મારી ચીજ નથી. આહા..હા..! એવી જેણે જ્ઞાનદષ્ટિ પ્રગટ કરી છે. એવો જે આત્મા અરાગી જ્ઞાની થયો થકો. પાછું એમ છે. આહા..હા..! પુરુષાર્થથી થયો થકો. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે.

'**પોતાના બંધને માટે સમીપ આવતી (ઉદયમાં આવતી) મનોરમ કે અમનોરમ (શુભ કે અશુભ)—**' પ્રકૃતિ. આહા..હા..! એટલે કર્મનો ઉદય આવે અને શુભભાવ થાય, ઉદય આવે અને અશુભ થાય એ સમીપ આવી કહેવાય. આહા..હા..! એ શુભભાવનું ફળ જેપ્રકૃતિ એને ભાષા લીધી છે. પણ ભાવ તો શુભ અને અશુભભાવ થાય. એને '**પરમાર્થે બૂરી જાણીને...**' આહા..હા..! છે ખરી. છે? '**બધીયે કર્મપ્રકૃતિ...**' ભાષા લીધી છે. એથી પંડિતો એમ કહે છે કે એ તો કર્મની વાતું છે, શુભાશુભભાવની નહિ. એથી તો ૧૫૩માં કહ્યું. કાલે બતાવ્યું હતુંને? વ્રત, તપ, શીલ, સંયમ એ બધું પુણ્ય-કર્મ છે. કર્મ છે, રાગરૂપી કર્તવ્ય છે, જડકર્મ ભિન્ન છે. એવો જે ભાવ કર્મનું નિમિત્ત જે કર્મપ્રકૃતિ એને ઉદયમાં આવીને અહીં શુભાશુભભાવ થાય એને પરમાર્થે બૂરી જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરને નહિ. શુભાશુભભાવ થાય એને. ઉદય આવીને આમ શુભભાવ થાય. આમ કીધુંને?

'**પોતાના બંધને માટે સમીપ આવતી...**' એમ કીધું જોયું! '**(ઉદયમાં આવતી)...**' ઉદયમાં આવતી એટલે કે એમાં રાગ થાય છે ત્યાં ઉદયમાં આવ્યો એમ. એના સમીપમાં આવતી રાગ... આહા..હા..! '**મનોરમ કે અમનોરમ (શુભ કે અશુભભાવ)—બધીયે કર્મપ્રકૃતિને પરમાર્થે બૂરી જાણીને...**'

**શ્રોતા :-** પરપદાર્થને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પરપદાર્થ નહિ, પરપદાર્થના કારણરૂપભાવની. એ તો તેથી કહ્યું પ્રકૃતિ લિધી છે નામ. એ તો પહેલી ગાથામાં પણ એ હતું ૧૪૫. ૧૪૫માં હતુંને? કર્મ શબ્દ છે. કર્મ છે એ પછી કર્મના અર્થ ચાર કર્યા. કે એક તો પરમાણુ જે બંધાય છે એનું નિમિત્ત જે શુભાશુભ એ પણ કર્મ, એનાથી બંધાતી પ્રકૃતિ બેય પુદ્‌ગલ સ્વભાવ, એના ફળ તરીકે મળે એ બધું પુદ્‌ગલ અને એ શુભભાવ બંધને આશ્રયે થાય, મોક્ષના માર્ગને આશ્રયે ન થાય. એ ચાર બોલ લીધા હતા. હેતુ, સ્વભાવ, ફળ અને આશ્રય. આહા..હા..! અરે! ભાઈ! માર્ગ છે એમ એને, એને હજી બાહ્ય વ્યવહારથી ન રુચે. આહા..હા..! માર્ગ એવો બાપુ આકરો છે, ભાઈ! સંતોએ સહેલો કરી દીધો છે. અનુભવપ્રકાશમાં કહ્યું છે સંતોએ આંટીઘૂંટી કાઢીને સહેલો કરી નાખ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનુભવપ્રકાશમાં.

**શ્રોતા** :- ..આંટી-ઘૂંટી

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આંટી-ઘૂંટી છે આ પુણ્યને ધર્મ માને, પુણ્ય મારું છે એ બધી આંટીઘૂંટી છે. આહા..હા..!

અનાદિથી રાગનું પ્રેમ છેને સંસર્ગ. નવમી ગ્રૈવેયકે જૈન સાધુ થયો, દિગંબર અઠ્યાવીશ મૂળગુણ, પંચમહાવ્રત, મહાપુરુષો પાળે તે મહાવ્રત એમ શબ્દ આવે શાસ્ત્રમાં. પણ એ તો સમકિતસહિતની વાત છે. આ તો એકલા સ્વરૂપની દૃષ્ટિના ભાન વિના પંચમહાવ્રતના પરિણામ જે અચારિત્ર છે એને ચારિત્ર માનીને પાળે છે, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(શુભ કે અશુભ)—બધીયે કર્મપ્રકૃતિને પરમાર્થે બૂરી જાણીને...**' ઉદયમાં આવતી એમ. સમીપમાં આવતી એટલે ઉદયમાં આવતી. ઉદય આવે એટલે .. થાય એ સમીપ થયું એમ. પણ એને પોતે બૂરી જાણીને. ભાવ થાય છે ખરો, અભાવ થાય તો વીતરાગ થઈ જાય. એટલે ભાવ છે એને બૂરી જાણીને. એમ કહ્યુંને? છે એને બૂરી જાણી કે નથી એને જાણે? ઓલો અશુભભાવ છે, પણ એને બૂરી જાણીને એમાં એકત્વ થતો નથી. આહા..હા..! આવી વાતું ભાઈ ઝીણી. સમજાણું કાંઈ?

'**બધીયે કર્મપ્રકૃતિને પરમાર્થે બૂરી જાણીને...**' પરમાર્થે બૂરી જાણીને અને વ્યવહારે જાણીને કહે તો એમાંથી? એ જુદી વસ્તુ છે. શુભને વ્યવહારે ઠીક કહેવાય અને અશુભ એ તો વ્યવહારે ઠીક કહેવાય બેમાં. બંધનની અપેક્ષાએ તો બેય અઠીક છે. સમજાણું કાંઈ? '**તેની સાથે રાગ...**' એટલે કે શુભાશુભભાવ પ્રત્યેનો ચિત્તમાં પણ રાગ '**તથા સંસર્ગ...**' વાણી દ્વારા એની પ્રશંસા અને કાયા દ્વારા એનો સંસર્ગ એટલે ઠીક છે એમ હાથને ચેષ્ટા થાય એવો ભાવ ન કરે એ. આહા..હા..! ભાવ ન કરે હોં. આવું ઝીણું લ્યો. જન્મ-મરણના ચોર્યાસીના અંત લાવવા બાપુ એ તો કંઈ અલૌકિક માર્ગ છે કે નહિ? અનાદિના ચોર્યાસીના અવતાર કરી કરીને થાક નથી લાગ્યો એને. આહા..હા..!

કોઈપણ ભવ કરવો સ્વર્ગનો પણ એ દુઃખરૂપ છે. તેથી કહ્યું હતુંને ભવભયથી ચિત્ત.

ભવના ભયથી ડરી જાય જે. સ્વર્ગ કે નર્ક એ પ્રશ્ન નહિ. ભવના ભયથી ડરીને સ્વરૂપના અનુભવમાં આવી જાય. આહા..હા..! ભગવાન આનંદનો નિધાન, આનંદની ખાણ છે, આહા..હા..! જેના આનંદના અરાગી જ્ઞાનના સ્વાદમાં જેને ઇન્દ્રિના ઇન્દ્રાસનો પણ સડેલા મીંદડા અને કૂતરા જેવા લાગે. આહા..હા..! એવું જે અરાગી જ્ઞાનીપણું. આહા..હા..! એમાં એ બેયને બૂરી જાણી **'તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી.'** ચિત્તમાં પ્રેમ કરતો નથી અને વાણી, શરીરથી એની અનુમોદના કે ભાષા કરતો નથી. આહા..હા..!

**'ભાવાર્થ :— હાથીને પકડવા હાથણી રાખવામાં આવે છે; હાથી કામાંધ થયો થકો...'** હાથી કામમાં-વિષયવાસનામાં આંધળો થયો થકો. **'તે હાથણીરૂપી કૂટણી સાથે રાગ તથા સંસર્ગ કરે છે...'** કૂટણી છે. ચાહે તો ખાડમાં નાખે કે ચાહે તો વશ કરે એને. **'તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી;...'** આહા..હા..! **'રાગ તથા સંસર્ગ કરે છે તેથી પકડાઈ જઈને પરાધીન થઈને...'** આહા..હા..! પરાધીન થઈ જાય છે પછી. ખાડા હોયને મોટા ખાડા? એમાં ઉપર વાંસ નાખે અને પછી કપડા પાથર્યા હાથણી મોઢા આગળ દોડેને અને હાથણી ખસી જાય અને ઓલો પાછળ દોડે એ પડે એમાં નીચે. એને પછી પકડે. આહા..હા..! દોડમાં એટલી દોડ કરે કે ઓલી હાથણી છે એ ખસી જાય આમ અને પાછળ પડે તો ઓલા ખાડામાં પડે, એને પછી પકડે. આહા..હા..! એમ અનાદિનો અજ્ઞાની, પુણ્યના પરિણામના પ્રેમમાં-ખાડમાં પડે છે. આહા..હા..! પકડાઈ જાય છે, પરાધીન થઈ જાય છે. આહા..હા..!

**'તેથી પકડાઈ જઈને પરાધીન થઈને દુઃખ ભોગવે છે, અને જો ચતુર હાથતી હોય તો તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી;...'** એ હાથણીની અનુકૂળતાની ભાષા ગળગળ કરે એવી એમાં એ લલચાતો નથી. આહા..હા..! **'તેવી રીતે અજ્ઞાની જીવ કર્મપ્રકૃતિને સારી સમજીને...'** આમ ભાષા તો કર્મપ્રકૃતિ લીધી છે, પણ એનું કારણ જે છે એને પણ ભેગું લેવું.

**શ્રોતા :-** ભાવ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવ.. આહા..હા..!

**'તેની સાથે રાગ તથા સંસર્ગ કરે છે તેથી બંધમાં પડી પરાધીન થઈને સંસારનાં દુઃખ ભોગવે છે,...'** અને હાથી ચતુર હોય એ કરતો નથી. **'તેવી રીતે અજ્ઞાની જીવ કર્મપ્રકૃતિને સારી સમજીને તેની સાથે રાગ...'** શુભભાવ, મનોરમ, અશુભભાવ અમનોરમ. એમ બેય પરપ્રકૃતિનો સ્વભાવ છે. એ ચૈતન્યનો સ્વભાવ નથી. આહા..હા..! **'બંધમાં પડી પરાધીન થઈને સંસારના દુઃખ ભોગવે છે,..'** સંસારી પ્રાણી. આહા..હા..! રાગની રુચિના પ્રેમમાં પડ્યો, ભલે શુભ હો, મિથ્યાત્વથી બંધાઈ, પરાધીન થઈ. આહા..હા..! નરક અને નિગોદના દુઃખને ભોગવે છે.

**'અને જો જ્ઞાની હોય તો તેની સાથે રાગ તથા સંસર્ગ કદી કરતો નથી.'** આહા..હા..! ચાહે તો શુભભાવ હોય અને એનું નિમિત્ત કર્મ છે, એની સાથે પ્રેમ કરતો નથી. આહા..હા..! રાગ કરતો નથી, સંસર્ગ કરતો નથી, વાણી દ્વારા પણ એ શુભભાવ સારો છે એમ દૃષ્ટિની અપેક્ષાએ કરતો નથી. વ્યવહારથી એમ કહે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરતા, કોઈ બીજું કરતા ઠીક એ તો વ્યવહારનો પ્રશ્ન છે. સમજાણું કાંઈ? પણ નિશ્ચયમાં તો એ એકેય બેમાંથી એકેય વાત સારી નથી. આહા..હા..! હવે આ તો આખો દિ' સંસારના કામમાં ઓતપ્રોત. શાંતિભાઈ! ઝવેરાતની દુકાને. આ તો દાખલો. જેને જે ધંધો હોય એ આખો દિ'. વકીલને વકીલાતનું. સલાહ લેવા આવે પાછા ઘરે. રામજીભાઈની ઘરે સલાહ લેવા આવે. એના પૈસા હોય કલાકના અમુક. આહા..હા..! એમાં રોકાઈ-રોકાઈ, હવે એમાં આ આત્મા ક્યાં... આહા..હા..! એ વિકલ્પની પાછળ આખો ભગવાન નિર્વિકલ્પ ચૈતન્યરસ છે. એ અનાકુળ આનંદનો કંદ છે. એની ઉપર એની દૃષ્ટિ જવી અને રાગને બૂરું જાણવું એ જ્ઞાનીનું કર્તવ્ય છે. આહા..હા..! ધર્મીનું એ કર્તવ્ય છે. રાગ એ એનું કર્તવ્ય નથી. રાગને જાણવું એ એનું કર્તવ્ય છે. સમજાણું કાંઈ? આવી વાતું.

ઓલું તો કહે ભાઈ જાત્રા કરો, ભક્તિ કરો, સમ્મેદ શિખર 'એકવાર વંદે જો કોઈ નરક પશુ ન હોઈ.' આવે છે કે નહિ? નરક પશુ ન હોય એમાં દાળિયા શું થયા? વર્તમાન કદાચ શુભભાવ એવો હોય તો સ્વર્ગમાં જાય બચી જાશે. નરક અને નિગોદ. ભવ ઘટ્યા વિના, નાશ કર્યા વિના ભવભ્રમણ .. કે દિ' હતું? સમ્મેદ શિખરની જાત્રા કરે તો ભવ ઘટે. આ કહે કે શેત્રુંજયની ૯૯ જાત્રા કરે તો...

**શ્રોતા :-** શેત્રુંજયનું માહાત્મ્ય

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેત્રુંજયનું માહાત્મ્ય પણ લખ્યું છે. આહા..હા..! ધૂળેય નથી. શેત્રુંજયની લાખ કરે નહિ જાત્રા. ત્રણલોકના નાથના સમવસરણમાં જાત્રા કરી અનંતવાર. સાક્ષાત્ દિવ્ય ધ્વનિ સાંભળી, પૂજા કરી, સોનાના મણિરત્નના કળશે. આહા..હા..! શુભભાવ છે એ તો. એ કાંઈ ધર્મ નથી. એ કાંઈ ધર્મ નથી. આકરું બહુ કામ. સમજાણું કાંઈ?

એનો અર્થ એવો નથી કે શુભભાવને છોડીને અશુભ કરવું એમ નથી. પણ શુભભાવ છે તેની રુચિ છોડવી. સમજાણું કાંઈ? કે આ મને ઠીક કરીએ છીએ, છે અધર્મ અને ઠીક કરીએ છીએ. એ વિપરીત માન્યતા છે. એ મિથ્યાત્વનું શલ્ય છે. આહા..હા..! એ..

**'હવે, બન્ને કર્મો બંધના કારણ છે અને નિષેધવાયોગ્ય છે એમ આગમથી સિદ્ધ કરે છે :—'** આગમથી સિદ્ધ કરે છે. આગમ એમ કહે છે એમ સિદ્ધ કરે છે. સર્વજ્ઞ કુંદકુંદાચાર્ય મહારાજ આગમ એમ કહે છે એમ કરીને સિદ્ધ કરે છે. આહા..હા..! હવે આગમનું આ કથન છે. હવે ઓલા કહે કે આગમનું વ્યવહારે લાભ થાય એ કથન છે.

रत्तो बंधदि कम्मं मुच्चदि जीवो विरागसंपत्तो।
एसो जिणोवदेसो तम्हा कम्मेसु मा रज्ज।।१५०।।

દેખો! આ જિનનો ઉપદેશ છે એમ કુંદકુંદાચાર્યને કહેવું પડે છે. અમે કહીએ છીએ એમ નહિ. આહા..હા..! કુંદકુંદાચાર્ય સાક્ષાત્ કહે તોપણ યથાર્થ છે, પણ આ જિનનો ઉપદેશ આમ છે એમ ભાષા આ કરી.

**જીવ રકત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,**
**એ જિન તણો ઉપદેશ; તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦.**

આ કર્મ-કર્મ શબ્દ આવ્યો ને એટલે ઓલા જડકર્મ નાખ્યા છે.

'**ટીકા :— રક્ત અર્થાત્ રાગી અવશ્ય કર્મ બાંધે...**' આહા..હા..! એટલે? અહીંયાં રાગનો પ્રેમ છે તેને અહીં રાગી કહ્યો છે. એકલો રાગ આસક્તિનો છે એની અહીં વાત નથી લીધી. સમજાણું કાંઈ? રક્ત-રાગી અવશ્ય કર્મ બાંધે. એ રાગના ફાસલે ફસી ગયો. આહા..હા..! એને ઉપદેશ દેતા આવડે, કહેતા આવડે, ધારણા કાંઈક થઈ હોય એમાં જે કાંઈ શુભરાગ હોય એમાં ફસાઈ જાય છે. આહા..હા..!

એ '**રાગી અવશ્ય કર્મ બાંધે...**' ઓલામાં તો કહ્યું જ્ઞાની અરાગી હોય, અજ્ઞાની રાગી હોય, રાગમાં રત હોય, રત એટલે એકાગ્ર હોય એમ કહેવું છે. આહા..હા..! જ્ઞાની રાગમાં રત ન હોય, આસક્તિ હોય એ રક્ત નથી. આહા..હા..! અજ્ઞાની રાગમાં રત છે. પ્રભુ વીતરાગમૂર્તિ ચૈતન્ય એની તો એને નજર પડી નથી, એનું એને જ્ઞાન નથી. એવો વીતરાગમૂર્તિ જિનપદસ્વરૂપ તેનો સ્વીકાર નથી, એને તો આ રાગનો સ્વીકાર છે. ક્યાંક તો એને અસ્તિત્વ માનવું પડશેને. રાગરહિત ભગવાન છે એનું અસ્તિત્વ જાણવામાં આવ્યું નથી. આત્મા રાગરહતિ છે એનું હોવાપણું જ રાગરહિતપણે છે, એવા તત્ત્વને રાગરહિતપણે જાણ્યું નથી એને રાગમાં હું છું એ માન્યા વિના એને બીજો ઉપાય જ નથી. એટલે રાગમાં રત કીધો.

'**રાગી અવશ્ય કર્મ બાંધે...**' આમ તો રાગી દસમા ગુણસ્થાન સુધી રાગ છે. સમજાણું કાંઈ? એ રાગ નહિ. રત, રાગી રાગના રસમાં પ્રેમ છે જેને. આહા..હા..! ધર્મીને રાગ આવે, પણ ત્યાં રુચિ પોસાતી નથી, પોસાણ નથી, પોસાતો નથી છતાં આવે. પોસાય છે આત્મા. આહા..હા..! એ જિન ભગવાનનો ઉપદેશ છે. '**વિરક્ત અર્થાત્ વિરાગી જ કર્મથી છૂટે...**' આહા..હા..! વિરાગીનો અર્થ આ વૈરાગ્ય જે આ કરે સાધારણ એમ નહિ. વિરાગીની વ્યાખ્યા પુણ્ય-પાપના પ્રેમથી છૂટીને સ્વભાવનું ભાન થયું એ રાગથી વૈરાગ્ય થયો છે એને વૈરાગી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**વિરક્ત અર્થાત્ વિરાગી જ કર્મથી છૂટે...**' એ વિરક્ત એટલે આ બાયડી-છોકરા છોડી અને દુકાન છોડીને બીજો ધંધો માંડ્યો આ, માટે એ વૈરાગી અને વિરક્ત છે એમ નથી. આહા..હા..! અંદરમાં રાગની રુચિથી છૂટી ગયો છે. બેય બંધના કારણ છે એમ જાણે

છે અને રાગની રુચિ છૂટી ગઈ છે. આહા..હા..! અને ભગવાન આનંદનો નાથ વીતરાગી પ્રભુ એની જેને દૃષ્ટિ થઈ છે. રુચિ થઈ, દૃષ્ટિ થઈ, અનુભવ થયો. આહા..હા..!

**'એવું જે આગમ વચન છે...'** જોયું ભાષા! જિનોપદેશ કીધુંને પાઠમાં. પાઠમાં જિનોપદેશ હતું. ટીકામાં આગમ લીધું. ઉપદેશ છેને? ઉપદેશ. જિન ઉપદેશ, ઉપદેશ એટલે શાસ્ત્ર, વાણી અને વાણીમાંથી શાસ્ત્ર રચાણા. એટલે **'એવું જે આ આગમવચન છે...'** શું આગમ વચન? કે રાગમાં એકાગ્રવાળો જ કર્મને બાંધે. રાગની એકતા તૂટી છે તે કર્મ બાંધતો નથી. એ વૈરાગી છે. આહા..હા..! દૃષ્ટિની અપેક્ષાએ વાત છેને અત્યારે? નહિતર જ્ઞાની વૈરાગી હોવા છતાં જેટલો રાગ છે એટલું એને બંધન છે. દસમા ગુણસ્થાન સુધી બંધન છે. પણ અહીં એ દૃષ્ટિનો વિષય બતાવીને એને રાગની રુચિ નથી માટે તેને પુણ્ય-પાપ હોવા છતાં તેને વૈરાગી કહેવામાં આવ્યો છે. આહા..હા..!

**'વિરાગી જ કર્મથી છૂટે...'** એનો અર્થ એવો નથી કે આ સાધુ થાય ને બધું છોડે એ વૈરાગી છે. બહાર પંચમહાવ્રત પાળે ને એ વૈરાગી છે. રાગથી જેને છૂટીને સ્વભાવનો અનુભવ દૃષ્ટિ થઈ છે એ રાગ અને પુણ્ય-પાપના બેય ભાવથી વૈરાગ્ય પામે છે. પાપના પરિણામથી વૈરાગ્ય પામ્યો અને પુણ્યના પરિણામમાં પ્રેમમાં પડ્યો એમ નહિ. આહા..હા..! **'એવું જે આ આગમવચન...'** શું કહ્યું એ? ભગવાનની વાણીમાં આગમમાં આમ આવ્યું છે કે રાગની એકત્વબુદ્ધિવાળો જ કર્મ બંધાય. રાગની એકતા નથી તે વૈરાગી કર્મથી બંધાતો નથી. એમ કોણ કહે છે? કે જિનનો ઉપદેશ એમ કહે છે. આહા..હા..! વીતરાગનો આવો ઉપદેશ છે. આહા..હા..!

ત્યારે એ લોકો એમ કહે છે કે જે અશુભરાગમાં રચ્યાપચ્યા છે એને શુભરાગનું તો કહો કરવાનું. હવે એ ક્યાં નવી ચીજ હતી કરવાની? એ તો કરે જ છે અનાદિથી. શુભાશુભભાવ તો નિગોદના જીવ કરે છે પછી તું પંચેન્દ્રિય કરે એમાં શું? નિગોદના જીવ... આહા..હા..! જે અનંતે કાળે હજી ત્રસ્ત નહિ થાય, માણસ તો ક્યાંથી થાય? ઈયળ નહિ થાય. આહા..હા..! એવા અનંત નિગોદના જીવો ત્રસ્તપણું નહિ પામે, એ પણ ત્યાં આગળ શુભાશુભભાવ થાય છેને. એને શુભભાવ થાય છે. ઘડીકમાં શુભ, ઘડીકમાં અશુભ એમ ધારાવાહી. ત્યાં એને નથી દાન ને પૂજા ને ભક્તિ ને મંદિર કરવું એવું કાંઈ છે નહિ. પણ એ તો કર્મધારાનો સ્વભાવ જ એવો છે. શુભ અને અશુભ... શુભ અને અશુભ થાય.. એ શુભભાવને નિગોદના જીવ પણ કરે છે. આહા..હા..! એથી શું થયું? ત્યારે એમ કહે છે કે એ શુભભાવથી પુણ્ય બંધાણું અને એનાથી મનુષ્ય થયો ત્યારે ધર્મ સાંભળવાનું મળ્યુંને એને? એમ કહે છે. ભાઈ! સાંભળ્યું અનંતવાર સાંભળને હવે. પણ રાગનો પ્રેમ છૂટ્યા વિના તારું સાંભળવું બધું નિરર્થક ગયું. આહા..હા..!

કેમકે શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગતા છે. ૭૨ ગાથામાં આવ્યુંને? પંચાસ્તિકાય. વીતરાગતા

છે શાસ્ત્રનું તાત્પર્ય. એ સાંભળીને રાગની રુચિ છોડીને વીતરાગદષ્ટિ તો કરી નહિ. સાંભળવાનું અને વાંચવાનું અને જ્ઞાનનું તાત્પર્ય તો આ છે. આહા..હા..! ચાહે તો અનુયોગ, કરણાનુયોગ, ચરણાનુંયોગ હોય, દ્રવ્યાનુયોગ હોય, કથાનુયોગ દરેકનું તાત્પર્ય તો વીતરાગતા છેને. એ નિમિત્તની ઉપેક્ષા કરી અને સ્વભાવની અપેક્ષા જ્યાં કરવી એ બધું એનું તાત્પર્ય કર્યું નહિ. વાણી સાંભળી એમાં તને શું લાભ થયો? સમજાણું કાંઈ? બહુ ઝીણો માર્ગ દરબાર! આવો માર્ગ છે. પ્રભુ પોતે અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે એ વીતરાગસ્વરૂપ છે એ તો. વીતરાગસ્વરૂપ કહો કે ચારિત્ર સ્વરૂપ કહો કે અકષાયસ્વરૂપ કહો. એ તો ચારિત્રસ્વરૂપ છે. આહા..હા..! કષાયના વિકૃતની ગંધ કેવી ત્યાં? શુભ કે અશુભની ગંધ એ તો શુભ-અશુભ તો આસ્રવ છે, શુભ-અશુભ તો ભાવબંધ છે. ભગવાન તો અબંધ છે અણાસ્રવી છે, અનાકુળ છે. આહા..હા..! એમાં જે આ પુણ્ય અને પાપનો ભાવ બેય દુઃખરૂપ અને આસ્રવ છે.

અહીં કહે છે કે આગમનું એ વચન છે કે બેય ભાવો બંધના કારણ છે. આહા..હા..! '**તે, સામાન્યપણે રાગીપણાના નિમિત્તપણાને લીધે શુભ અને અશુભ બન્ને કર્મને અવિશેષપણે બંધના કારણ તરીકે...**' આહા..હા..! કહે છે કે સામાન્યપણે રાગીપણાના નિમિત્તપણાને લઈને, રાગીપણાને કારણે એમ. ચાહે તો શુભ હો કે અશુભ હોય એનો પ્રેમ છે એને કારણે. નિમિત્તપણાને કારણે એટલે? રાગીપણાના કારણે એમ. શુભરાગ હો કે અશુભ રાગ હો, એના કારણે '**શુભ અને અશુભ બન્ને કર્મને અવિશેષપણે...**' પુણ્ય અને પાપના બેય ભાવને અવિશેષ નામ સામાન્યપણે અવિશેષ નામ બે ભિન્નતા ન કરીને, અવિશેષ નામ પુણ્ય-પાપથી નહિ એમ વિશેષ ન કરતા. આહા..હા..!

'**અવિશેષપણે બંધનાં કારણ તરીકે સિદ્ધ કરે છે...**' કોણ? આગમવચન. એ જિનેશ્વરની વાણી આ સિદ્ધ કરે છે કે પુણ્ય અને પાપના બેય ભાવ સામાન્યપણે બંધનું કારણ હોવાને લીધે '**બંધના કારણ તરીકે સિદ્ધ કરે છે તેથી બન્ને કર્મને નિષેધે છે.**' આગમના વચનો પુણ્ય-પાપના બેય ભાવનો નિષેધ કરે છે. આહા..હા..! આગમ આમ કહે છે. આહા..હા..! એકકોર આગમ આમ કહે અને એકકોર આગમ પાછા પુણ્યથી વ્યવહારથી સાધન થઈને સાધ્ય થાય.

**શ્રોતા :-** શાસ્ત્રમાં કહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહ્યું છે તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે. જયસેનાચાર્યમાં .. આવે ટીકામાં તો. વ્યવહારથી નિશ્ચય થાય.. વ્યવહારથી નિશ્ચય થાય... પરમાત્મપ્રકાશમાં આવે ઉત્પન્ન થાય, પરમાત્મપ્રકાશનું આવ્યું બતાવ્યું છે સવારમાં. વ્યવહાર.. નિશ્ચય થાય. આહા..હા..! એ તો વ્યવહારનયના કથન છે. વ્યવહારરત્નત્રય નિશ્ચયવાળાને કેવું હોય એ બતાવવા. નિશ્ચય વિના તો વ્યવહાર હોતો જ નથી. એ તો કહ્યું નહિ ૪૧૩ ગાથામાં. વ્યવહાર મૂઢ કહ્યો. અનાદિ રૂઢ, વ્યવહાર મૂઢ, નિશ્ચય અનારૂઢ. નિશ્ચયમાં આરૂઢ નથી તેનો વ્યવહાર

વ્યવહારમ મૂઢ છે. અને જ્ઞાની તે વ્યવહારનો જાણનાર છે. એમ કહે છે. જ્યારે નિશ્ચય થયો કે રાગ વિનાનું મારું સ્વરૂપ છે ત્યારે રાગને એ જાણે છે, જાણે છે. તેથી જ્ઞાની થયો જાણવાને લાયક છે. આહા..હા..!

ઓલાને મૂઢ કીધો. કેમકે સમ્યગ્દર્શન નથી, જ્ઞાન નથી એટલે વ્યવહારમાં મૂઢ છે એ તો અને સમકિતી વ્યવહારનો જાણનાર છે. એને વ્યવહાર હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો જિનોપદેશ આમ છે એમ મારું કહેવું છે. ભગવાન કુંદકુંદાચાર્યે વજન આપ્યું છે. આગમ એમ કહે છે. અમે કહીએ છીએ એમ નહિ. આગમ ભગવાનની વાણી એમ કહે છે. આહા..હા..! કે રાગના રુચિવાળા બંધાય છે. રાગની રુચિવાળા વૈરાગી બંધાતા નથી, એવું આગમનું જિનવચનનું વાણી-વાણી છે. આહા..હા..! તો આ રીતે આગમના વચનને ન સમજે અને પુણ્યથી ધર્મ થાય, કરતા કરતા એ આગમનું વચન ક્યાં છે? આહા..હા..! એ તો સ્વચ્છંદીનું વચન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ત્રણલોકના નાથ આગમની વાણીમાં એમ કહે છે કે બેય ભાવ-શુભ અને અશુભ બેય બંધના કારણ છે, માટે તે નિષેધ કરવા લાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીરોના માર્ગ છે, બાપા! આ કાયરના કામ નથી. શ્રીમદ્‌માં આવે છેને. 'વચનામૃત વીતરાગના પરમશાંત રસમૂળ' વીતરાગના વચનો શાંતરસ, વીતરાગી ભાવ પચાવે તે એનું મૂળ છે. આહા..હા..! 'પણ ઔષધ જે ભવરોગના...' એ વીતરાગની વાણી ઔષધ ભવરોગનું ઔષધ છે. 'પણ કાયરને પ્રતિકુળ...' વીર્ય હીન શુભભાવના પ્રેમીને નપુંસક કહ્યા છે. આહા..હા..! હીજડા છે એને ધર્મની પ્રજા નહિ થાય. આહા..હા..! જેમ પાવૈયાને પ્રજા ન હોય, એમ શુભભાવના પ્રેમી નપુંસકોને ધર્મની પ્રજા ન હોય.

**શ્રોતા :-** કડક લાગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કડક લાગે. એ કહ્યું છે વીર્યમાં. વીર્યશક્તિનું જ્યાં વર્ણન કર્યું છેને ૪૭માં. એ વીર્યનો અર્થ એ સ્વરૂપની રચના કરે તે વીર્ય. સ્વરૂપની રચના કરે તે વીર્ય. આહા..હા..! રાગની રચના કરે તે વીર્ય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મામાં વીર્ય નામનો ગુણ છે એક અનાદિ અનંતબળ નામનો. એ બળનું કાર્ય શું? શુદ્ધતા નિર્મળતા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એવી નિર્મળતાને રચે તેને વીર્ય કહીએ. રાગને રચે તેને નપુંસક કહીએ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

આ હીજડા હોતા નથી પાવૈયા? રામજીભાઈની હતી એ શેરી. પાવૈયાની શેરીમાં રહેતા એ. ઘણા પ્રકારના. અમારી દુકાન ઉપર આવતાને. દુકાન ઉપર પાવૈયા અમે જોયા છે. દુકાન ઉપર આવે ને લેવા. બે-ચાર આવે તે દિ' મુસલમાન હતા પાવૈયા એ. દુકાન ઉપર. એ પૈસો-બૈસો ન લે. બે આના-ચાર આના હોય. આવ્યા હતા એકફેરી. થોડીવાર લગાડી તો કપડું ઊંચુ કરે, નાગા થાય. શરમાઈ જાય પછી ઓલો વેપારી એટલે ભાઈ લઈ જાવ જા.

પણ હીજડાને શું પડી છે? આહા..હા..!

એમ અહીં કહે છે કે જેને શુભભાવની રચનામાં વીર્ય રોકાણું એ હીજડાઓને શરમ ક્યાં છે? પંકજભાઈ! આવી વાતું છે. આહા..હા..!

**શ્રોતા** :- અમારે શું સમજવું આમાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પુરુષાર્થથી આત્માની રચના કરવી, રાગની નહિ એમ કહે છે. એમ સમજવું. સમજાણું કાંઈ?

આત્મબળ એવું છે કે જે પુરુષાર્થથી સ્વરૂપની શાંતિ અને શ્રદ્ધાને રચે. આહા..હા..! એ શુદ્ધતાને રચે તેને બળ કહીએ. એને બળવાન આત્મા કહીએ. આહા..હા..! તારાચંદભાઈ! આવી વાતું છે, ભાઈ! આહા..હા..! રાગને એકલાને રચે અને શુદ્ધતાને ભૂલી જાય છે.. આહા..હા..! જાણનારો હું છું રાગનો એમ ભૂલીને રાગ કરે છે. આહા..હા..! એ જિનનો ઉપદેશ એ છે, એ બંધના કારણ બેય છે. અરે.. વીતરાગ એમ કહે અને બીજા એમ કહે કે ના, ના, એ પુણ્ય પણ એક સાધન થાય. વ્યવહાર પણ સાધન થાય, વીતરાગની વાણીમાં અહીં નિશ્ચયથી આવ્યું છે પણ બીજે આવ્યું છેકે નહિ? ભિન્ન સાધ્ય-સાધન આવ્યું છેકે નહિ? બાપુ! એ સાધનનો આરોપ કર્યો છે ભાઈ!

જેમ સમ્યગ્દર્શનમાં સ્વરૂપની નિર્મળ દૃષ્ટિ છે તે સમ્યક્ છે, સાથમાં રાગ રહ્યો છે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો, એવા રાગને સાથે ગણીને, નિમિત્ત ગણીને, ઉપચારથી, વ્યવહાર સમકિતનો આરોપ આપ્યો છે. રાગ એ સમકિત છે? દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એ તો રાગ છે. ચારિત્રનો દોષ છે. પણ સાથે હોય છે સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં સાથે હોય છે એમ સહચર ગણી, નિમિત્ત ગણી, ઉપાદાનનો ત્યાં આરોપ આપ્યો છે. આહા..હા..! કે વ્યવહાર સમકિત છે. છે તો બંધનું કારણ. એને મોક્ષનો માર્ગ વ્યવહારે કહ્યો. જુઓ, એનો અર્થ શું છે? એમ નથી.

એ આવે છે ને ભાઈ મોક્ષમાર્ગ પ્રકાશકમાં. એમ નથી નિમિત્ત આદિની અપેક્ષાએ. નિમિત્ત આદિ એટલે ભેદ. નિમિત્ત ભેદ આદિની અપેક્ષાએ તેનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! આવું બધું યાદ રહે કેદી અને ક્યાં દરકાર નહિ.

**શ્રોતા** :- યાદ નથી રહેતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દરકાર નથી. પૈસાનું કેમ યાદ રહે છે? આ હમણા માણેકલાલનું ગયું ને સાંભળ્યુંને? એ બધું યાદ હોય કે નહિ? એક લાખનું સોનું હતું કહે છે. દોઢસો તોલા અને દસ હજાર રોકડા. એનો માણસ નોકર ઉપાડી ગયો. માણેકલાલ એના ભાઈના. ..માં છે. ઘરેથી નહિ? ઘરેથી. દોઢસો તોલા સોનું. એ તો મારી નાખ્યોને બિચારાને. આહા..હા..! ફિરોજાબાદ સદામીલાલ કરોડોપતિ. ૪૦-૪૦ લાખના તો જેણે દાન કરેલા. ૨૦-૨૦ લાખનું તો એક મંદિર બનાવ્યું છે. અને કોઈપણ આવે માણસ, પૈસા રાખે જોડે. પેદાશ મોટી.

બંગડીનો મોટો વેપારી. ફીરોજાબાદનો મોટો. અને એના માણસે બોલાવીને મારી નાખ્યો એકલા બોલાવાની. લોહી... લોહી... લોહી... લોહી... આ કરોડોપતિ ૪૦-૪૦ લાખના દાન. શું કરે, બાપુ? ભાઈ આ. લખાણ આવ્યું હતું ગામનું. ફીરોજાબાદની નગરી વિધવા થઈ. ધણી ગુજરી ગયો. આહા..હા..! એ પણ એ થવાને કાણે થયું છે. ઓલું તો નિમિત્ત છે. એ દેહની સ્થિતિ છૂટવાનો જ કાળ હતો અને એ રીતે જ છૂટવાનો હતો. આહા..હા..! આવી સ્થિતિ પણ અનંતવાર થઈ ગઈ છે, ભાઈ! એ જાણે કે હું તો વાત સાંભળું છું કોકની. એ કોકને થયું. પણ પ્રભુ તું પણ અનંતવાર એવી સ્થિતિમાં આવી ગયો છે, ભાઈ! તને ખબર નથી. અત્યારે જરી શરીર ઠીક અને ક્યાંક પાંચ-પચાસ લાખ પૈસા હોય અને આબરૂ ઠીક હોય, બાયડી-છોકરા સારા હોય, મરી ગયો છો એમાં સાંભળને. આહા..હા..!

જેને રાગની રુચિ તેને આત્માની રુચિ નહિ તો આત્માને મારી નાખ્યો એણે. એમ કહે છે. જીવનું સ્વરૂપ તો અનંતજ્ઞાન, અનંત શાંતિ... આહા..હા..! એની હયાતીનો પ્રેમ નહિ અને જે બાહ્ય રાગ છે એની હયાતીમાં નથી, તેનો જેને પ્રેમ, તેને ભગવાન આત્મા પ્રત્યે દ્વેષ છે. આહા..હા..! વાતું આવી છે. આનંદઘનજીએ કહ્યું છેને 'દ્વેષ અરોચકભાવ.' ભગવાન પૂર્ણાનંદનો નાથ જેને રુચતો નથી અને જેને રાગ રુચિ છે એને દ્વેષ છે. પરમાત્મ સ્વરૂપ પ્રત્યે એને અરુચિ એટલે દ્વેષ છે. આહા..હા..! એણે પડખું ફેરવી નાખ્યું. સ્વભાવનો પ્રેમ જોઈએ એને ઠેકાણે રાગના પ્રેમમાં પડખું ફેરવી નાખ્યું. આહા..હા..! આવી વાતું છે. ભગવાનની વાણીમાં એમ આવ્યું કહે છે. કેટલા થયા? સાડા ત્રણ આમાં કેમ ફેર છે? બંધ થઈ ગઈ. એ સિદ્ધ કરીને કર્મને નિષેધે છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

પ્રકાશક
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર
સોનગઢ